

શ્રી અરવિન્દ

ગીતા નિબંધો

શ્રી અરવિન્દ આશ્રમ
પૉંડિચેરી

GITA NIBANDHO

Translation by Ambalal Purani
of
ESSAYS ON THE GITA by Sri Aurobindo

અંબાલાલ પુરાણી
(અનુવાદક)

પ્રથમ આવૃત્તિ : ભાગ-૧ : ૧૯૨૨, ૧૯૫૧
ભાગ-૨ : ૧૯૫૨
સંયુક્ત આવૃત્તિ : ૧૯૭૦
પુનર્મુદ્રણ : ૧૯૯૫, ૧૯૯૭

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પૉંડિચેરી ૧૯૯૭

પ્રકાશક : શ્રી અરવિન્દ આશ્રમ પબ્લિકેશન ડિપાર્ટમેન્ટ
પૉંડિચેરી - ૬૦૫૦૦૨
મુદ્રક : શ્રી અરવિન્દ આશ્રમ પ્રેસ, પૉંડિચેરી - ૬૦૫૦૦૨

અનુક્રમ

ભાગ પહેલો

પ્રકરણ		પૃષ્ઠ
૧	ગીતા પાસે આપણી માગણી અને જરૂરિયાત	૧
૨	દિવ્ય ગુરુ	૧૧
૩	માનવ શિષ્ય	૨૦
૪	ગીતાના બોધનો મર્મ	૩૨
૫	કુરુક્ષેત્ર	૪૫
૬	મનુષ્ય અને જીવન-સંગ્રામ	૫૫
૭	આર્ય યોદ્ધાનો ધર્મ	૬૭
૮	સાંખ્ય અને યોગ	૮૦
૯	સાંખ્ય, યોગ અને વેદાંત	૯૬
૧૦	બુદ્ધિયોગ	૧૧૦
૧૧	કર્મ અને યજ્ઞ	૧૨૪
૧૨	યજ્ઞનું રહસ્ય	૧૩૪
૧૩	યજ્ઞનો અધિપતિ	૧૪૬
૧૪	દિવ્ય કર્મનો સિદ્ધાંત	૧૫૭
૧૫	અવતારની શક્યતા અને તેનો હેતુ	૧૭૦
૧૬	અવતાર થવાની પ્રક્રિયા	૧૮૭
૧૭	દિવ્ય જન્મ અને દિવ્ય કર્મ	૨૦૧
૧૮	દિવ્ય કર્મોનો કરનાર	૨૧૨
૧૯	સમતા	૨૨૫
૨૦	સમતા અને જ્ઞાન	૨૪૦
૨૧	પ્રકૃતિની નિયતિ	૨૫૪
૨૨	પ્રકૃતિના ગુણોથી પર : ત્રિગુણાતીત	૨૭૦
૨૩	નિર્વાણ અને જગતમાં કર્મો	૨૮૧
૨૪	કર્મયોગનો સાર	૨૯૭

ભાગ બીજો

ખંડ પહેલો : કર્મ, ભક્તિ અને જ્ઞાનનો સમન્વય

પ્રકરણ		પૃષ્ઠ
૧	બે પ્રકૃતિઓ	૩૧૩
૨	ભક્તિ અને જ્ઞાનનો સમન્વય	૩૩૦
૩	પરમ ઈશ્વર	૩૪૩
૪	ઉત્તમ રહસ્ય	૩૫૮
૫	દિવ્ય સત્ય અને તેનો માર્ગ	૩૭૦
૬	કર્મ, ભક્તિ અને જ્ઞાન	૩૮૪
૭	ગીતાની પરમ વાણી	૪૦૨
૮	પ્રભુની વિભૂતિ — આવિર્ભાવ શક્તિ	૪૨૪
૯	વિભૂતિવાદ	૪૩૬
૧૦	વિશ્વરૂપદર્શન કાલ-સંહારક	૪૪૯
૧૧	વિશ્વરૂપદર્શન : સ્વરૂપની બે બાજુ	૪૬૨
૧૨	ગીતાનો માર્ગ અને ભક્ત	૪૭૨

ખંડ બીજો : પરમ રહસ્ય

૧૩	ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ	૪૮૯
૧૪	ગુણાતીત	૫૦૩
૧૫	ત્રણ પુરુષો	૫૨૦
૧૬	આધ્યાત્મિક કર્મની પરિપૂર્ણતા	૫૩૬
૧૭	દેવ અને અસુર	૫૫૧
૧૮	ગુણ, શ્રદ્ધા અને કર્મ	૫૬૬
૧૯	ગુણ, મન અને કાર્યો	૫૮૪
૨૦	સ્વભાવ અને સ્વધર્મ	૧૯૮
૨૧	પરમ રહસ્ય પ્રત્યે	૬૧૯
૨૨	પરમ રહસ્ય	૬૩૪
૨૩	ગીતાના અર્થનું હાર્દ	૬૬૦
૨૪	ગીતાનો સંદેશ	૬૭૨

ભાગ પહેલો

પ્રકરણ પહેલું

ગીતા પાસે આપણી માગણી અને જરૂરિયાત

જગતમાં ઈશ્વરપ્રેરિત અને માનવરચિત શાસ્ત્રો, પ્રભુના દિવ્ય પ્રકાશવાળાં અને અર્ધ દિવ્ય એવાં દર્શનો, ધર્મો તથા મીમાંસાઓ, સંપ્રદાયો, શાખાઓ અને પદ્ધતિઓ વિપુલ પ્રમાણમાં છે. અર્ધદગ્ધ અને અજ્ઞાની લોકો તીવ્ર આવેશપૂર્વક તથા અનન્ય ભાવે એ બધાં પ્રત્યે આસક્ત બને છે. અને એ લોકો એમ જ માને છે કે આ કે તે, અમુક એક શાસ્ત્ર જ ઈશ્વરપ્રેરિત સનાતન સંદેશ રજૂ કરે છે અને બાકીનાં બધાં ઢોંગી કે બહુબહુ તો, અપૂર્ણ પ્રેરણાવાળાં છે. અથવા તો તેઓ એમ માને છે કે અમુક એક મીમાંસા જ માનવીની તર્કનિષ્ઠ બુદ્ધિશક્તિની આખરી અભિવ્યક્તિ છે, તથા અન્ય મીમાંસાઓ કે દર્શનો કેવળ ભૂલો છે, યા તો એમનામાં જે આંશિક સત્ય રજૂ થયું છે તેને લઈને જ તે પેલા એકમાત્ર સત્ય સાથે કાંઈક અંશે સંબંધમાં રહેલ છે, તથા તેટલે અંશે અસત્ય બનતાં તે બચી ગયાં છે.

ભૌતિક શાસ્ત્રોની શોધખોળોને પણ આજકાલ એક સંપ્રદાયનું ઉચ્ચ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને એને નામે ધર્મ તથા આધ્યાત્મિકતાને અજ્ઞાન અને વહેમ તરીકે ગણી કાઢીને તેમનો નિષેધ કરવામાં આવે છે તથા મીમાંસાને મિથ્યા, અસત્ ચળકાટ, યાને ગપ ગણી કાઢવામાં આવે છે. આ બધી ધમાંધ, એકતરફી પલ્લિવતામાં અને નિરર્થક ઝઘડાઓમાં ડાહ્યા લોકો પણ ભાગ લેતા જણાય છે, જાણે કે એમની જ્ઞાનજ્યોતિની સાથે કોઈ અંધકારનો સેનાની દૂત ભળી ગયો હોય નહિ, અને બુદ્ધિના 'અહં'નાં વાદળાંઓએ યા તો આધ્યાત્મિક અભિમાને, એમની જ્યોતિને ઢાંકી દીધી હોય નહિ ! અત્યારે માનવજાતિ જરા વધારે નમ્ર અને ડાહી બનવાને તત્પર થઈ લાગે છે; ઈશ્વરને નામે, તેના સત્યને નામે, આપણા માનવબંધુઓને આપણે કાપી નાખતા નથી; અથવા તો કપાળેકપાળે જુદી મતિ મળી આવે છે તેથી માણસો આજે કાપાકાપી કરતા નથી. આપણો પડોશી આપણાથી જુદા અભિપ્રાયોવાળો અને જુદા વિચારનો છે એ પાપ કે ધૃષ્ટતાને માટે તેને આપણે થાપ આપતા નથી, અને ઉતારી પાડતા નથી. આજે તો સત્ય સર્વવ્યાપી છે એમ માનવાને પણ આપણે તૈયાર છીએ, તથા સત્ય આપણો ઇજારો નથી એમ પણ આપણે સમજવા લાગ્યા છીએ. ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ

કરીને તેઓ આપણને કયાં મદદ કરી શકે તેમ છે તેની આપણે તપાસ કરીએ છીએ; અને આપણે જેને ભૂલ ગણીએ તેની કેવળ નિંદા કરવા માટે, અથવા તો તેને ઉતારી પાડવા માટે જ આપણે તેમનો અભ્યાસ આજે કરતા નથી. છતાં પણ આપણા અંતરમાં એવો ભાવ રહી જવાનો સંભવ તો છે કે આપણે જેને સત્ય માનીએ છીએ તે જ એકમાત્ર અને સર્વોત્તમ જ્ઞાન છે, અને બીજા ધર્મો અને દર્શનો તેને પામી શકયાં નથી, અથવા તો તદ્દન અપૂર્ણપણે જ પામ્યાં અને સમજ્યાં છે; એટલે તેઓ સત્યની ગૌણ અને ઊતરતા પ્રકારની બાજુનો જ ઉલ્લેખ કરે છે, અથવા તો અબૂઝ માણસો આપણે જે સત્યના શિખર ઉપર ઊભા છીએ ત્યાં છેવટે પહોંચી શકે તેને માટે તૈયારી કરવા પૂરતું એ જ્ઞાન ઉપયોગી થઈ શકે છે. આપણે જેની પ્રશંસા કરતા હોઈશું તે પુસ્તકનો કે શાસ્ત્રનો એકેએક શબ્દ વેદવાકય પ્રમાણે આપણા પોતાના કે બીજાઓના મન ઉપર ઠસાવવાને આપણે ચૂકતા નથી, અને આપણે એવો આગ્રહ રાખીએ છીએ કે એમાંનું સઘળું, સદાકાળ માટે સનાતન સત્ય તરીકે સ્વીકારવું જોઈએ અને એનો જરેજર અંશ, એની રેખા અને વિરામચિહ્ન પણ સમૃદ્ધ દિવ્ય પ્રેરણાનો જ એક ભાગ છે.

તેથી કરીને, વેદ, ઉપનિષદ કે ગીતા જેવા પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસ કરતી વેળાએ તેમના પ્રત્યે આપણે કેવી દૃષ્ટિથી જોઈએ છીએ તેનો અને એ શાસ્ત્રોમાંથી માનવજાતિને પોતાના ભાવિમાં લાભ થાય એવું શું મેળવવાની આપણે આશા રાખીએ છીએ તેનો નિર્દેશ કરવો જરૂરી બને છે. સૌથી પ્રથમ એ તો વગર શંકાની બાબત છે કે જેની આપણે શોધ કરીએ છીએ તે એક એવું સનાતન સત્ય છે જેમાંથી બીજાં બધાં સત્યો ઉદ્‌ભવે છે, અને જેની જ્યોતિ વડે અન્ય સત્યો તેમનું યોગ્ય સ્થાન, સમજૂતી તથા જ્ઞાનની યોજના સાથેનો પોતાનો સંબંધ પ્રાપ્ત કરે છે. પણ એ સત્ય એવું છે તેટલા માટે જ તેને એક જ અફર વ્યાખ્યામાં, એક જ મીમાંસામાં, કે એક જ ધર્મશાસ્ત્રમાં પૂરી શકાય તેવું નથી; તે કોઈ એક જ ગુરુ, પેગંબર, મીમાંસક કે અવતાર મારફત,—તેની સંપૂર્ણતામાં, યા તો એનાં સર્વ પાસાંઓ સહિત અને સદાને માટે વ્યકત થઈ શકે તેવું પણ નથી. વળી આપણને એવું પણ આવશ્યક જણાયું નથી કે એ સત્ય એક છે એવું દૃષ્ટિબિંદુ સ્વીકારતાં અન્ય મીમાંસાઓમાં રહેલા સત્યનો આપણે અસહિષ્ણુપણે બહિષ્કાર કરવો જોઈએ. કારણ કે જ્યારે આપણે કોઈ પણ વસ્તુનો આવેશપૂર્વક ઇન્કાર કરીએ છીએ ત્યારે એનો અર્થ માત્ર એટલો જ થાય છે કે આપણે તેની કદર કરી શકતા નથી, અને તેને બરાબર સમજાવી શકતા નથી. બીજું, એ સત્ય એક અને શાશ્વત છે તોપણ તે કાળના પ્રવાહમાં અને માનવના મન દ્વારા પોતાની જાતને વ્યકત કરે છે. તેટલા માટે દરેક શાસ્ત્રમાં બે ભાગ તો જરૂર હોવા જોઈએ : તેનો એક ભાગ કામચલાઉ, તાત્કાલિક ઉપયોગનો, એટલે કે તે દેશ, કાળ અને સંજોગોને

અનુસરનારો; અને બીજો સનાતન, અવિનાશી, સર્વ સમયે અને સર્વ સ્થળે લાગુ પડી શકે તેવો,—શાશ્વત. વળી, એ સત્યના આવિર્ભાવમાં, એટલે વાચારૂપે થતી તેની અભિવ્યક્તિમાં પણ, તેને જે સ્વરૂપ આપવામાં આવ્યું હોય છે તેમાં, તેની પદ્ધતિ અને વ્યવસ્થામાં, એના બૌદ્ધિક અને તાત્ત્વિક ઢાળમાં, એમાં વપરાયેલાં ચોક્કસ વાક્યોમાં પણ કાળને પરિણામે ફેરફાર થતો જ રહે છે, અને એમાં એની એ શક્તિ સદાને માટે ટકી રહેતી નથી; કારણ કે માનવની બુદ્ધિ સદા પોતાનું પરિવર્તન કર્યા કરતી હોય છે; આખો વખત તે પૃથક્કરણ અને સમન્વય કરતી જ રહે છે. એટલે એના પૃથક્કરણના વિભાગોને તેણે બદલ્યા કરવા પડે છે, અને પોતાના સમન્વયને પણ ફરીફરીને ઘટાવવો પડે છે. પ્રાચીન પ્રતીકોને અને વાણીને બુદ્ધિ છોડતી જાય છે અને નવાં પ્રતીકોને અને નવી વાણીને તે સ્વીકારતી જાય છે. અથવા તો, એની એ પ્રાચીન વસ્તુઓનો પ્રયોગ કરે છે તો પણ તેનો અર્થ, અથવા તો, કાંઈ નહિ તો એમાં રહેલું તત્ત્વ અને વાતાવરણ એટલું બધું બદલી નાખે છે કે એ જાતના પ્રાચીન પુસ્તકને સમકાલીન લોકો જે અર્થમાં સમજતા હશે તે જ અર્થમાં આપણે તેને આજે સમજીએ છીએ એમ સંપૂર્ણ ખાતરીપૂર્વક કહી શકીશું નહિ. એવા પુસ્તકોમાં સંપૂર્ણપણે સ્થાયી મૂલ્ય તો તે વસ્તુઓનું છે જે વૈશ્વિક કે સર્વદેશીય હોવા ઉપરાંત અનુભૂતિમાં ઉતારેલી છે, જે જીવનમાં પ્રત્યક્ષ કરાયેલી છે, તથા બુદ્ધિ કરતાં કોઈ ઉચ્ચ શક્તિની દૃષ્ટિ વડે જોવામાં આવેલી છે, એટલે કે જેનું ક્રાંત દર્શન થયેલું છે.

એટલે ગીતાનો તે સમયના માણસો કેવો તાત્ત્વિક અર્થ કરતા હશે એ ચોક્કસપણે જાણવું શક્ય હોય તો પણ મને તે ઓછું ઉપયોગી લાગે છે. ગીતા ઉપર જે જુદીજુદી મૌલિક ટીકાઓ અને ભાષ્યો લખાયાં છે અને હજી પણ લખાયે જાય છે તે ઉપરથી એ સિદ્ધ થાય છે કે ગીતાનો મૂળ અર્થ નક્કી કરવો સંભવિત નથી. કારણ કે એ બધાં પ્રત્યેક બીજા સાથે વિસંવાદી હોવાની હકીકત પૂરતાં જ એકમત છે. પ્રત્યેક ટીકાકારને, પ્રત્યેક મીમાંસકને, ગીતામાં એની પોતાની દર્શનપદ્ધતિ અને ધાર્મિક વિચારતત્ત્વની ઝાંખી થશે. અને વધારેમાં વધારે કાળજીપૂર્વકની અને નિઃસ્વાર્થ તટસ્થ પંડિતાઈ, તથા હિંદના તત્ત્વજ્ઞાનના ઐતિહાસિક વિકાસનો વધારેમાં વધારે પ્રતિભાશાળી 'સિદ્ધાંત' પણ આપણને અનિવાર્ય એવી ભૂલ કરતાં બચાવી શકશે નહિ. પરંતુ મીમાંસાનાં વિશિષ્ટ સ્વરૂપોને બાજુ પર મૂકીને ગીતામાં રહેલાં જીવંત સત્યોની શોધ આપણે કરીશું તો આપણને લાભ થવાનો સંભવ છે; એમાંથી આપણને, અથવા તો સમગ્ર સંસારને, આજે સહાય કરી શકે એવી વસ્તુઓને આપણે જુદી પાડી શકીએ છીએ. એ પ્રમાણે કરીને એમાંથી આજકાલના માનસને વધારે અનુકૂળ અને અત્યારની માનવજાતિની જરૂરને પૂરી પાડવામાં સહાયભૂત થાય એવાં તત્ત્વોને સૌથી વધારે જીવંત અને સ્વાભાવિક સ્વરૂપમાં રજૂ

કરવાં એ કાર્ય આપણે માટે વધારે લાભદાયક થઈ પડશે. અલબત્ત, એવો પ્રયત્ન કરવામાં ઘણી વાર આપણી પોતાની વ્યક્તિતા, અને આપણે જે વિચારોમાં અત્યારે જીવીએ છીએ તેમાંથી ઉદ્‌ભવતી ભૂલોનો મોટો ભાગ સત્યની જોડે ભેળવી દેવાનો — આપણી પૂર્વના મહાપુરુષોએ કર્યું છે તેવું કરવાનો — ભય જરૂર રહેલો છે. પરંતુ આ મહાન શાસ્ત્રની અંદર જે આધ્યાત્મિક રહસ્ય રહેલું છે તેના તત્ત્વની સાથે આપણે આપણા અંતરને એકતાર કરી દઈ શકીએ, વળી વિશેષમાં આપણે એના આદર્શ અનુસાર જીવન ગાળવાનો પ્રયત્ન કર્યો હશે, તો જેટલું સત્ય સ્વીકારવાને આપણે અધિકારી હોઈશું તેટલું આપણને તેમાંથી મળી રહેશે. તથા સાથેસાથે જેટલી આધ્યાત્મિક અસર, અને પ્રત્યક્ષ સહાય પણ, અંગત દૃષ્ટિએ, આપણને મળે એવી આશા આપણે રાખીશું તેટલી અંગત સહાય પણ આપણને મળી રહેશે. આખરે, એ શાસ્ત્રો રચાયાં હતાં તે માનવને એ પ્રકારની વ્યવહારુ મદદ આપવા માટે જ. બાકીનું બધું પંડિતાઈભરી ચર્ચા, અથવા તો ધાર્મિક માન્યતાઓ માત્ર છે. જે શાસ્ત્રો, જે ધર્મો, અથવા તો જે દર્શનો ઉપર જણાવ્યા પ્રમાણે ફરીફરીને નવપલ્લવિત કરી શકાય છે, જેમને ફરીથી જીવનમાં પ્રત્યક્ષ કરી શકાય છે, જેમનામાં રહેલ સ્થાયી સત્યનું તત્ત્વ નવાનવા આકારમાં સતત રજૂ કરી શકાય તેવું હોય છે અને વિકાસ પામતી માનવજાતિના આધ્યાત્મિક અનુભવમાં, તેના આંતરિક વિચારમાં વિકસિત કરી શકાય તેવું હોય છે તે જ માનવજાતિને માટે જીવંત અગત્યનું બની રહે છે. બાકીનાં બધાં ભૂતકાળના મહાન સાક્ષી તરીકે, અથવા તો અસલની યાદગીરી તરીકે હયાતી ભોગવ્યા કરે છે; પરંતુ તેમનામાં ભાવિને માટે પ્રત્યક્ષ શક્તિ કે પ્રાણવંત પ્રેરકબળ હોતાં નથી.

ગીતામાં સમકાલીન — તે સ્થળનાં અને કાળનાં — તત્ત્વો ઘણાં જ ઓછાં છે. અને એનો આત્મા એવો તો વ્યાપક અને ગંભીર છે કે તેમાં જે થોડું સમકાલીન તત્ત્વ આવી રહેલું છે તેને પણ સહેલાઈથી સર્વકાલીન કરી શકાય છે. એ પ્રમાણે કરવાથી ગીતાના અર્થમાં જરા પણ હાનિ કે એના શબ્દ પર જુલમ થતો નથી. એ સમકાલીન તત્ત્વોને ભૂતકાળમાં હતાં તે કરતાં વધારે વિશાળ ક્ષેત્રમાં લાગુ કરવાથી ગીતાના ઉપદેશની ગંભીરતા, સત્ય અને શક્તિ ઊલટાં વધતાં જણાય છે. ઘણી વાર તો એ સમકાલીન તત્ત્વોનો વધારે વિશાળ અને વ્યાપક અર્થ ગીતા પોતે જ સૂચવે છે. એટલે કે મૂળમાં જે વિચાર તે દેશકાળ પૂરતો અથવા તો મર્યાદિત હોય છે તેને વધારે વ્યાપક સ્વરૂપ આપવાની શક્યતા ગીતા જ આપણને સૂચવે છે. ઉદાહરણ તરીકે ગીતામાં પ્રાચીન હિંદની યજ્ઞભાવના અને તેની વિધિનું વર્ણન આવે છે ત્યાં યજ્ઞ એટલે દેવો અને માનવો વચ્ચે આપ-લે અથવા તો વિનિમય એમ ગીતા કહે છે. યજ્ઞની એ ભાવના અને એ વિચાર હિંદમાં સૈકાઓ થયાં લુપ્ત થઈ ગયેલો છે, અને સામાન્ય માણસને માટે એ જીવના અત્યારે વાસ્તવિક રહી નથી;

પરંતુ ગીતામાં 'યજ્ઞ'નો એવો તો સૂક્ષ્મ, આલંકારિક અને પ્રતીકાત્મક અર્થ કરવામાં આવ્યો છે અને દેવતાઓની વિભાવના પણ એવી તો તાત્ત્વિક અને વ્યાપક છે, એટલી તો ઓછી સ્થાનિક તત્ત્વો કે પુરાણો ઉપર આધાર રાખનારી છે કે આપણે તેમનો સહેલાઈથી સ્વીકાર કરી શકીએ તેમ છીએ. એટલે કે માનસશાસ્ત્રની એક હકીકતના ઉલ્લેખ તરીકે, તથા પ્રકૃતિના એક સામાન્ય નિયમ તરીકે આપણે તેનો સ્વીકાર કરી શકીએ છીએ અને યજ્ઞની એ વિભાવનાને પ્રાણ અને પ્રાણ વચ્ચેના વિનિમયરૂપે, નૈતિક યજ્ઞરૂપે, તથા આત્મસમર્પણના યજ્ઞરૂપે વિશાળ અર્થમાં આપણે વર્ણવી શકીએ છીએ. અને એમ કરીને એ વસ્તુઓને આપણે વધારે વિશાળ અને વધારે ગહન બનાવી શકીએ છીએ તથા એમની અંદર વધારે આધ્યાત્મિક રહસ્ય અને કોઈ ગંભીર દૂરગામી સત્યની જ્યોતિનાં દર્શન પણ કરી શકીએ છીએ. તે જ પ્રમાણે શાસ્ત્રનિયત કર્મ, ચાતુર્વર્ણ્ય તથા ચારે વર્ણોના પારસ્પરિક સંબંધ, અથવા તો શૂદ્રોનો અને સ્ત્રીઓનો આધ્યાત્મિક અનધિકાર વગેરે પહેલી નજરે આપણને તત્કાલીન, એટલે કે ગીતાના દેશકાળને માટે ઉપયુક્ત લાગે છે. પરંતુ એમનો અર્થ અક્ષરશઃ અને મર્યાદિત જ કરવામાં આવે તો ગીતાનો ઉપદેશ પણ એટલા પ્રમાણમાં સંકુચિત બને છે, એની સાર્વદેશિકતા અને આધ્યાત્મિક ગહનતા ખંડિત થાય છે, અને દુનિયા સમગ્રને માટેની તેની વાસ્તવિકતાને પણ તે મર્યાદિત કરે છે. પરંતુ બાહ્ય રૂપોની પાછળ જે આત્મા અને જે ભાવનાઓ રહેલી છે તેમના પ્રત્યે જ આપણે દૃષ્ટિ કરીશું, અને તે જમાનામાં વપરાયેલાં રૂપથી અને નામથી આપણી દૃષ્ટિને મર્યાદિત થવા દઈશું નહિ તો આપણને જણાશે કે ગીતાના બાહ્ય સંજોગોમાં પણ ગંભીર અને સાચો અર્થ રહેલો છે અને એની પાછળની ભાવના તાત્ત્વિક, આધ્યાત્મિક અને વિશ્વવ્યાપી છે. પ્રકૃતિને વશ એવા અસંસ્કૃત માનવના અહંપ્રધાન કર્મને બદલે માનવજાતિએ પોતાને માટે સ્વેચ્છાથી સ્વીકારેલો અને કામનાતૃપ્તિમાં જ જીવનનો હેતુ અને પોરસ જોતા વલણને નિયંત્રણમાં લાવતો કર્મ કરવાનો નિયમ એ જ શાસ્ત્ર છે એવું ગીતા માને છે. આપણે એ પણ જોઈએ છીએ કે ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા એક આધ્યાત્મિક સત્યનું જ સ્થૂલમાં પ્રત્યક્ષ સ્વરૂપ છે અને એ સત્ય તેના બાહ્ય સ્વરૂપથી સ્વતંત્ર છે. ચાતુર્વર્ણ્યનો આધાર વ્યક્તિના કર્મ ઉપર રહેલો છે. એ કર્મ તેના સ્વધર્મ અનુસાર હોય તો વ્યક્તિને માટે તે સાચું કર્મ કહેવાય. સ્વધર્મ એટલે વ્યક્તિના સ્વભાવ અનુસાર કરવામાં આવેલું કર્મ. વ્યક્તિમાં રહેલો તેનો સ્વભાવ જ તેના પોતાના સહજ ગુણો અને સ્વધર્મ પ્રમાણે જીવનમાં વ્યક્તિના વિકાસની દિશા અને ક્ષેત્રનો નિર્દેશ કરે છે. જે વસ્તુઓ સૌથી વધારે અંશમાં તે દેશ અને કાળની છે તેમના વિષે ગીતા આવું વિશાળ દૃષ્ટિબિંદુ સ્વીકારે છે તે ઉપર આધાર રાખીને, એ જ સિદ્ધાંતનું પાલન કરીને, જે કાંઈ આપણને તે દેશ અને કાળનું તત્ત્વ લાગે તેનામાં આપણે

સર્વસામાન્ય, સર્વદેશ અને સર્વ કાળનું વધારે ઊંડું સત્ય શોધવાનો પ્રયત્ન કરીશું તો આપણે ભૂલ નહિ કરીએ. કારણ કે આપણને હમેશાં જણાશે કે, ગીતાના વિચારના પટમાં એ ગહન સત્ય અને સિદ્ધાંત હમેશાં સ્પષ્ટ ભાષામાં નહિ તો પણ અધ્યાહાર તો રહેલા જ હોય છે.

તત્ત્વજ્ઞાનના વિચારો અથવા સમકાલીન ધાર્મિક સિદ્ધાંતો જેમના વિષે ગીતા ઉલ્લેખ કરે છે, અથવા તો, જેમના પારિભાષિક શબ્દો ગીતા વાપરે છે ખરી, પરંતુ જેમનો અર્થ ગીતા પોતાની વ્યાપક વિશાળ દૃષ્ટિએ જ ગ્રહણ કરે છે તે બધા પ્રત્યે આપણે પણ એવી વ્યાપક દૃષ્ટિ જ રાખીશું. ઉદાહરણ તરીકે, ગીતામાં જ્યાંજ્યાં 'સાંખ્ય' અને 'યોગ' શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે ત્યાંત્યાં ગીતામાં પ્રતિપાદિત એક પુરુષનો સ્વીકાર કરનાર, વેદાંતના દર્શનથી રંગાયેલા સાંખ્યનો, પુરુષનું અનેકપણું અને એક પ્રકૃતિ જેમાં સ્વીકારવામાં આવી છે તેવા નિરીશ્વરવાદી સાંખ્ય સાથે શો સંબંધ છે તેની ચર્ચા કરવાને — આપણા હેતુની મર્યાદાની બહાર જઈને — આપણે રોકાઈશું નહિ. અથવા તો ગીતામાં વર્ણવેલા બહુશાખાવાળા, ભવ્ય તથા સૂક્ષ્મ, ગમે ત્યાં આચરણમાં મૂકી શકાય એવા યોગનો શાસ્ત્રીય પદ્ધતિએ બરાબર ગોઠવાયેલા, પગલેપગલે આગળ વધનારા પાતંજલ યોગ સાથે શો સંબંધ છે તેની ચર્ચા પણ આપણે કરીશું નહિ. ગીતામાં 'સાંખ્ય' અને 'યોગ' બન્નેને વેદાંતનાં એક જ સત્યનાં એક જ બિન્દુમાં જુદીજુદી દિશાઓથી આવી એકત્ર થતા, એક જ સત્યને જઈ મળતા માર્ગો તરીકે ગણવામાં આવે છે, અથવા તો, વેદાંતના સત્યનો સાક્ષાત્કાર કરવા માટેના બે સમાંતર માર્ગો છે : એમાંનો એક તત્ત્વજ્ઞાન પર અવલંબે છે અને પૃથક્કરણાત્મક છે, જ્યારે બીજો સહજ જ્ઞાન પર પ્રતિષ્ઠિત, ભક્તિપ્રધાન, વ્યવહારુ અને સમન્વયાત્મક હોઈ અનુભૂતિ દ્વારા જ્ઞાનને પહોંચે છે. એના આ ઉપદેશમાં સાંખ્ય અને યોગ વચ્ચે ગીતા કોઈ પ્રકારનો ભેદ કે પૃથક્પણું સ્વીકારતી નથી. ગીતાનો ગ્રંથ અમુક ધાર્મિક મત કે સંપ્રદાયનું પરિણામ છે એ દૃષ્ટિએ આપણે તેને જોઈશું પણ નહિ. એનો આરંભ જમે તેનાથી થયો હોય, એનો ઉપદેશ સર્વસામાન્ય અને સર્વજન માટેનો છે.

ગીતાનો તત્ત્વવાદ અથવા મીમાંસાની પદ્ધતિ, ગીતામાં રજૂ થયેલ સત્યોનો અનુક્રમ, એ કાંઈ ગીતાનો સૌથી વધારે અગત્યનો, સૌથી વધારે પ્રાણવાન, સૌથી વધારે ગંભીર કે ચિરસ્થાયી બોધ નથી. પરંતુ ગીતાના વિચારોની પાછળ જે વસ્તુ આવી રહેલી છે, એના મુખ્ય વિચારોમાં જે ધ્વનિ અને જે સૂક્ષ્મતા રહેલાં છે, તેમની ગૂંથણીમાં એક પ્રકારનો સંકુલ સંવાદ, જટિલતામાંથી ઉપજાવેલો સંવાદ, આપણને જણાય છે,—એ વિવિધ વિચારોનો ગીતાએ સાધેલો સમન્વય સદા મૂલ્યવાન હોઈ સાચો છે. કારણ કે એ વિચારો કાંઈ તત્ત્વ-પ્રધાન બુદ્ધિવાળા કોઈ મીમાંસકના જ્ઞાનજ્યોતિવાળા વિચારો નથી, અથવા તો

તાત્ત્વિક બુદ્ધિવાળા માણસે કરેલાં ધ્યાન ખેંચે તેવાં અનુમાનો કે વાદો નથી, પરંતુ આધ્યાત્મિક સાક્ષાત્કારને પરિણામે પ્રાપ્ત થયેલાં સનાતન સત્યો છે. એ સત્યોનો આપણી પોતાની ચેતનાની ઊંચામાં ઊંચી શક્યતાઓ તરીકે આપણે પણ સાક્ષાત્કાર કરી શકીએ છીએ. જીવનનાં રહસ્યનો ગંભીર અને ખરો જિજ્ઞાસુ એ સત્યોની કદી અવગણના નહિ કરી શકે. ગીતાની પોતાની ચોક્કસ મીમાંસા ગમે તે હોય પરંતુ એટલું તો નક્કી જ છે કે અમુક એક પંથ કે સંપ્રદાયને ટેકો આપવા માટે તે રચાયેલી નથી, અથવા તો એક જ પ્રકારના યોગને પ્રાધાન્ય આપવા માટે પણ ગીતાની પદ્ધતિ રચાયેલી નથી. ગીતાની ભાષા, તેના વિચારોની ઘટના, તેમાં આવતો વિચારોનો અદ્‌ભુત સમન્વય એ વગેરેથી આપણી ખાતરી થાય છે કે એ માનસ કોઈ એક પંથના કે સંપ્રદાયના ગુરુનું, અથવા તો, પૃથક્કરણની પદ્ધતિનો તર્કવાદ કરીને સત્યની એક જ બાજુને કાપીને અન્ય સર્વેથી જુદી પાડનાર કેવળ મીમાંસકનું માનસ નથી. પરંતુ એમાં વિશાળ સમુદ્રનાં મોજાંઓ પેઠે ઊંચેનીચે જતી, ચારે બાજુ ફરી વળતી વિચારશ્રેણીઓ જણાય છે, જેથી ગીતા રચનાર બુદ્ધિની સમન્વય કરવાની અદ્‌ભુત શક્તિ અને તેનો સમૃદ્ધ સાક્ષાત્કાર પ્રગટ થાય છે. હિંદની આધ્યાત્મિકતામાં જેમ જ્ઞાનની અને ધાર્મિક સાક્ષાત્કારોની એકદેશીય અને એકાગ્ર એવી માનવ-પ્રકૃતિના એકએક કરણને લઈને એક જ માર્ગ પકડી રાખી તેના પર સંપૂર્ણ એકાગ્રતા કરી છેવટના પરિણામ સુધી તેને પહોંચાડનારી પ્રક્રિયાઓ રહેલી છે તે જ પ્રમાણે મહાન સમન્વયોના સર્જનમાં પણ આર્યસંસ્કૃતિ સમૃદ્ધ છે. ગીતા એ એવા એક મહાન આધ્યાત્મિક સમન્વયનું દૃષ્ટાંત છે. ગીતા સમગ્રમાંથી ટુકડા જુદા પાડતી નથી, પરંતુ તેમનો મેળ મેળવી આપે છે, સમાધાન કરી આપે છે, સમન્વય અને એકીકરણ કરે છે.

ગીતામાં કેવલાદ્વૈતવાદ અભિપ્રેત નથી, જોકે એક શુદ્ધ, અવ્યય અને અક્ષર આત્મામાં આખા બ્રહ્માંડની પ્રતિષ્ઠા તે જુએ છે. ગીતામાં માયાવાદ નથી, જોકે ત્રિગુણાત્મક માયા જે સૃષ્ટિમાં સર્વવ્યાપી છે તેનો તે ઉલ્લેખ કરે છે. ગીતામાં વિશિષ્ટાદ્વૈતવાદ પણ પ્રધાનપદે નથી, અને છતાં, એક, સનાતન બ્રહ્મમાં તેની સનાતન દૈવી પ્રકૃતિનો જીવ તરીકે આવિર્ભાવ તે સ્વીકારે છે અને એની દિવ્ય પ્રકૃતિ જગતમાં જીવરૂપે વ્યક્ત થાય છે એમ ગીતા પ્રતિપાદિત કરે છે. તથા ઊંચામાં ઊંચો આધ્યાત્મિક અનુભવ એકાંત લયને નહિ પરંતુ પ્રભુમાં જીવન ધારણ કરવાને તે ગણે છે અને તેને 'સમાધિ' એવું નામ આપે છે. વળી ગીતામાં સાંખ્ય મત પણ પ્રતિપાદિત થતો નથી, અને છતાં વ્યક્ત જગતની સમજૂતી પુરુષ અને પ્રકૃતિના દ્વૈતનો સ્વીકાર કરીને તે આપે છે. વૈષ્ણવ મત પણ ગીતાનો મુખ્ય વિષય નથી.

છતાં, પુરાણો અનુસાર વિષ્ણુના અવતાર રૂપ મનાતા શ્રીકૃષ્ણને ગીતા પુરુષોત્તમ સ્વરૂપ ગણે છે, અને નિરપેક્ષ, વાચાતીત, નિરંજન એવા પરબ્રહ્મ અને પુરુષોત્તમ પ્રભુમાં કશો મૌલિક ભેદ ગીતા જોતી નથી. તેમ પરબ્રહ્મને સર્વ પ્રાણીઓના સુહૃદ એટલે મિત્રરૂપ પુરુષોત્તમથી ઉચ્ચ કોટિનો ગણતી નથી. ઉપનિષદનો પ્રાચીન સમન્વય જેમ પોતાની વિરાટ વિશાળતાને બાધા રૂપ નીવડે એવા બુદ્ધિના પ્રત્યેક અણનમ, અક્કડ ધડતરને દૂર રાખે છે, તે જ પ્રમાણે ગીતા પણ પોતાના બૌદ્ધિક અને આધ્યાત્મિક સમન્વયને બાધ કરે એવી બધી વસ્તુઓને દૂર મૂકે છે. પ્રસ્થાનત્રયીના ભાષ્યકારોએ ગીતાને વેદાંત મત ઉપરના પ્રમાણ ગ્રંથોમાંનો એક ગણીને મતમતાંતરો સામે હુમલાઓ કરવાનું અને હુમલાઓથી બચાવ કરવાનું એક સાધન ગણી કાઢયું. તેમનાથી ગીતાનો પોતાનો ઉદ્દેશ તદ્દન ઊલટો જ હતો. તાર્કિક વાદવિવાદ અને શબ્દના ઝઘડા કરવાનું સાધન ગીતા નથી. એ ગ્રંથ આધ્યાત્મિક જ્ઞાનનું અને અનુભવોનું વિશાળ પ્રવેશદ્વાર છે. અને આપણી દૃષ્ટિ આગળ જે દર્શન તે રજૂ કરે છે તે આધ્યાત્મિક સૃષ્ટિના સર્વ પ્રદેશોને પોતાનામાં સમાવે છે. તે નકશો દોરીને સ્પષ્ટ રેખાઓ બતાવે છે ખરી, પરંતુ આપણી દૃષ્ટિને બંધનમાં રાખે એવી ભીંતો કે વાડો તે ઊભી કરતી નથી.

હિંદના વિચારધારાના લાંબા ઇતિહાસના ગાળામાં ગીતા ઉપરાંત પણ બીજા સમન્વયો, — સંસ્કૃતિનાં તત્ત્વોનું એકીકરણ કરવાના પ્રયાસો, — થયેલા છે. ઋગ્વેદનો સમય એવા સમન્વયનો પ્રથમ યુગ છે. એમાં માનવનું ચિત્તંત્ર ઉચ્ચમાં ઉચ્ચ ઉડ્ડયન કરે છે, અને વિશાળમાં વિશાળ ક્ષેત્રમાં પ્રવાસ કરીને આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરે છે, અને તેમાં દિવ્ય જ્ઞાન, શક્તિ અને આનંદની અનુભૂતિ ઉપરાંત ભૌતિક વિશ્વના પ્રતીકોની પાછળ રહેલા રહસ્યને શોધવાના પ્રયાસ દ્વારા સ્થૂળ ઇન્દ્રિયો અને બહિર્મુખ મનને માટે અગોચર એવી ચેતનાની ભૂમિકાઓમાં રહેલી વિશ્વશક્તિઓના, એટલે કે દેવોના સાક્ષાત્કારને પણ પ્રાપ્ત કરે છે. એ સમન્વયની સૌથી ઉચ્ચ વસ્તુ, એનો કળશ, વેદકાળના ઋષિઓની અનુભૂતિ હતી. એ અનુભૂતિ કોઈ દિવ્ય, પરાત્પર, આનંદમય તત્ત્વની હતી જેમાં માનવનો બુદ્ધિ પામતો, વિકાસ સાધતો આત્મા અને વિશ્વના દેવોની સનાતન દિવ્ય પૂર્ણતા એ બન્ને સંપૂર્ણ મિલન પામે છે, સંપૂર્ણપણે એકરસ થઈ રહે છે અને એકબીજાની સાર્થકતા પ્રાપ્ત કરે છે. ઉપનિષદનો યુગ આધ્યાત્મિક સમન્વયનો બીજો યુગ હતો. વેદના ઋષિઓને ઉચ્ચમાં ઉચ્ચ સાક્ષાત્કાર, એટલે કે અદ્વૈતનો જે સાક્ષાત્કાર થયો હતો તેનો સ્વીકાર કરીને ઉપનિષદના ઋષિઓ પોતાના ઉચ્ચ અને ગહન સમન્વયનો આરંભ કરે છે. આધ્યાત્મિક જિજ્ઞાસાના મહાન, સફળ

નીવડેલ યુગમાં સનાતન બ્રહ્મ વિષે મુકત અને પ્રેરણાવાળા જ્ઞાનીઓએ જે કાંઈ જ્ઞાન મેળવ્યું હતું, જે કાંત દર્શન કરેલું હતું તે સઘળી અનુભૂતિઓનો સમન્વય ઉપનિષદો કરે છે. ઉપનિષદના સમન્વયના પાયા ઉપર ગીતા પોતાના સમન્વયનો આરંભ કરે છે. વેદાંતનો સમન્વય અને તેના મૌલિક વિચારોનો સ્વીકાર કરીને ભકિત, જ્ઞાન અને કર્મ ત્રણ મહાન શકિતઓની એક જુદી જ સંવાદી પદ્ધતિ સર્જે છે, અને એનો આશ્રય લઈને માનવનો આત્મા સીધેસીધો શાશ્વતની સમીપ પહોંચી શકે છે, અને તેમાં પોતાની જાતને ભૂંસી જઈને લય પમાડી શકે છે. એક બીજો સમન્વય પણ હિંદમાં થયેલો છે જેને આપણે તાંત્રિક સમન્વય કહી શકીએ. એ સમન્વય આધ્યાત્મિક દૃષ્ટિએ આગલા સમન્વયોના જેટલો ગહન ને સૂક્ષ્મ નહિ હોય છતાં ગીતાના સમન્વય કરતાં તે વધારે સમર્થ અને સાહસયુકત છે. કારણ કે આધ્યાત્મિક માર્ગમાં આવતા અંતરાયોને પકડીને તેમને વધારે સમૃદ્ધ આધ્યાત્મિક વિજય મેળવવાના સાધન તરીકે તે વાપરે છે અને પ્રભુની લીલાના ક્ષેત્ર તરીકે સમગ્ર જીવનનો સ્વીકાર કરવામાં તે આપણને સહાય કરે છે. વળી, કેટલીક દિશાઓમાં તંત્રમાર્ગ વધારે સદ્ય ફલદાયી પણ નીવડે છે; કારણ કે જ્ઞાન, કર્મ અને ભકિતનાં પરિણામો સાથેસાથે રાજયોગ અને હઠયોગનાં ફળ પણ તે અપાવે છે. એટલે કે શરીરનાં ચક્રો અને માનસિક પ્રકિયાઓનો આશ્રય લઈને ચેતનાની સઘળી ભૂમિકાઓ ઉપર સાધકની ચેતનાને દિવ્ય જીવન પ્રત્યે ખુલ્લી કરી આપે છે. જ્યારે એ બાબતોનો ગીતા એક ગૌણ ઈશારા રૂપે અને ઉપરછલ્લી રીતે જ ઉલ્લેખ કરે છે. વધારામાં, માનવની દિવ્ય પૂર્ણતાની શકયતાનો ખ્યાલ, જે વેદના ઋષિઓને હતો, પરંતુ વચલા યુગોમાં જે પાછળ પડી ભુલાઈ ગયો હતો તેનો તંત્રમાં દૃઢપણે સ્વીકાર થયેલો છે. માનવની દિવ્ય પૂર્ણતાનો એ આદર્શ માનવના વિચાર, અનુભવ અને અભીપ્સાના ભાવિ સમન્વયમાં ઘણું વિશાળ ક્ષેત્ર રોકશે એમાં જરા પણ શંકા નથી.

ભાવિના દિવસને ઉંબરે ઊભેલા આપણે વિકાસના કોઈ એવા નવયુગની ઉષામાં છીએ જ્યારે કોઈ નવીન અને વધારે વિશાળ સમન્વય થવો આવશ્યક છે. અત્યારે અંતરમાંથી આપણને સાદ થાય છે તે વેદાંતના ત્રણ મુખ્ય દર્શનોમાંના કોઈ એકના યા તો તંત્રના જુનવાણી અનુયાયી થવા માટેનો સાદ નથી. અથવા તો ભૂતકાળના કોઈ આસ્તિક ધર્મને વળગી રહેવાની, યા તો, ગીતાના ઉપદેશની વાડમાં દૃઢપણે સ્થાપન થવાની માગણી આપણી પાસે કરવામાં આવે છે એવું પણ નથી. એમ કરીશું તો આપણી જાતને આપણે મર્યાદિત કરીશું, અને આપણું આધ્યાત્મિક જીવન રચવાનો પ્રયત્ન આપણે પોતાની જીવન અને તેની શકયતાઓમાંથી કરવાને બદલે ભૂતકાલીન મનુષ્યોના જીવનમાંથી તથા

તેમનાં જ્ઞાન અને પ્રકૃતિના આધારે કરેલો ગણાશે. આપણે ભૂતકાળની ઉષાઓના નહિ પરંતુ ભાવિ મધ્યાહ્નનનાં સંતાનો છીએ. આપણા પોતાના અંતરમાં તદ્દન નવાં જ તત્ત્વો, ચારે બાજુથી વિપુલ પ્રમાણમાં વહેતાં આવી રહ્યાં છે, આપણે હિંદના ને જગતના ધર્મોની અસરોને, ભાવનાઓને તથા બુદ્ધધર્મના ફસીને શોધાયેલા અર્થને આત્મસાત્ કરવાનો છે, જીવનમાં ઘટાવવાનો છે. એટલું જ નહિ, પરંતુ આધુનિક જ્ઞાન અને જિજ્ઞાસાને પરિણામે અને જે કાંઈ મર્યાદિત છતાં સમર્થ એવી શોધો થયેલી છે તેમની પણ આપણે પૂરેપૂરી નોંધ લેવાની છે. અને એનાથી યે વધારે પેલી તરફ દૃષ્ટિ નાખીને જે સુદૂર ભુલાઈ ગએલો અને જેને આપણે મરેલો ધારતા હતા તે ભૂતકાળ, માનવજાતિની ચેતનામાંથી લુપ્તપ્રાય થયેલાં એવાં ઘણાં જ્યોતિર્મય રહસ્યો સહિત વિસ્મૃતિના પડદા પાછળથી આપણી સમક્ષ આવીને પ્રગટ થઈ રહ્યો છે. તેને પણ આપણે જોવો પડશે. આ બધી પરિસ્થિતિ એક નવીન, ને ખૂબ સમૃદ્ધ અને ઘણા વિશાળ એવા સમન્વયની આગાહી આપી રહી છે. માનવજાતિને અત્યાર સુધી મળેલા લાભોના તાજ અને પોતાની વિશાળતામાં સૌનો સમાવેશ કરી શકે એવો સમન્વય એ ભાવિની બૌદ્ધિક અને આધ્યાત્મિક આવશ્યકતા છે. ભૂતકાળના સમન્વયો જેમ તેમનાથી પૂર્વેના સમન્વયોના પાયાથી શરૂઆત કરે છે તેમ ભાવિમાં થનાર એ સમન્વયે દૃઢ ભૂમિકામાં પ્રતિષ્ઠિત થવા માટે ભૂતકાળના આધ્યાત્મિક વિચારોના સાક્ષાત્કારોના સમુદાયથી શરૂઆત કરવાની રહેશે. અને આ બાબતમાં ગીતા સૌથી અગ્રસ્થાને છે.

એટલે, ગીતાનો અભ્યાસ કરવામાં આપણો હેતુ કેવળ પંડિતાઈ વડે, કે શબ્દાર્થ અને તાર્કિક ઝીણવટ અને આંટીઘૂંટી વડે એના વિચારને જાણવાનો નથી. અથવા તો, ગીતાના તત્ત્વજ્ઞાનનું દાર્શનિક વાદોના ઈતિહાસમાં સ્થાન ક્રમબદ્ધ રીતે ગોઠવી આપવું એ પણ આપણો ઉદ્દેશ નથી. વળી, પૃથક્કરણ-વાળી તર્કપદ્ધતિની દૃષ્ટિએ પણ આપણે ગીતાને જોઈશું નહિ. આપણે ગીતા પાસે જઈએ છીએ તે આપણને એમાંથી મદદ મળે, પ્રકાશ મળે એટલા માટે જઈએ છીએ. અને આપણો ઉદ્દેશ તેનો મૂળનો અને જીવંત છે તે સંદેશ છૂટો પાડવાનો છે. અર્થાત્ માનવજાતિએ પોતાની પૂર્ણતા અને ઊંચામાં ઊંચી આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવી હોય તો જે વસ્તુ હાંસલ કરવી તેને માટે આવશ્યક છે તે, ભાવિને માટે ઉપયોગી તત્ત્વ ગીતામાંથી છૂટું પાડી આપવાનો આપણો ઉદ્દેશ છે.

પ્રકરણ બીજું

દિવ્ય ગુરુ

જગતનાં બધાં ધર્મપુસ્તકોમાં ગીતા જુદી પડે છે. ક્રાઇસ્ટ, મહમદ અથવા તો બુદ્ધ જેવી કોઈ અસાધારણ સર્જક વ્યક્તિના આધ્યાત્મિક જીવનના પરિણામ તરીકે ગીતા રચાઈ નથી. અથવા તો, વેદ અને ઉપનિષદની પેઠે શુદ્ધ આધ્યાત્મિક સંશોધન અને તપના યુગના પરિણામ રૂપ પણ તે નથી. હિંદના પ્રાચીન જીવનના મહાકાવ્યમાં આવતા દેશના મહાન વિગ્રહમાં તથા મહા માનવોની અને તેમનાં પરાક્રમોની પુરાણકથામાંના એક પ્રસંગ તરીકે ગીતા આપણને મળી છે. એ મહાયુદ્ધના એક મહારથીના અંતરમાં કટોકટીની પરિસ્થિતિ ઊભી થઈ હતી તેમાં એ ગ્રંથનું બીજ રહેલું છે. એ મહારથીની સામે એના જીવનનો મોટામાં મોટો પ્રસંગ આવીને ઊભો હતો. એણે એક બાજુ ભીષણ, ઉગ્ર અને લોહી નીગળતું યુદ્ધ કરવાનું હતું. તે વખતે તે એક વિષમ સ્થિતિમાં આવી પડયો : કાં તો એણે એ યુદ્ધમાંથી સંપૂર્ણપણે નિવૃત્ત થઈ જવું જોઈએ, અથવા તો એના અનિવાર્ય પરિણામને એ યુદ્ધ પહોંચે ત્યાં સુધી એણે લડી લેવું જોઈએ. અધુનિક ટીકાકારો એમ ધારે છે કે ગીતા પાછળથી લખાઈ છે અને તેના લેખકે તેને મહાભારતમાં દાખલ કરી દીધી લાગે છે, જેથી એ મહાકાવ્યની લોકપ્રિયતા અને પ્રમાણભૂતપણું બન્ને એને પ્રાપ્ત થાય. એ ધારણા ખરી કે ખોટી હોય એનું કાંઈ મહત્ત્વ નથી. એ માન્યતાની વિરુદ્ધમાં સમર્થ પુરાવાઓ પડયા છે એમ મને લાગે છે. અને એના સમર્થનમાં ગીતાની અંદરની અને બહારની જે સાબિતીઓ છે તે ઘણી જ ક્ષુદ્ર અને અપૂરતી છે. પરંતુ એ અનુમાન સાચું હોય તો પણ આ હકીકત તો રહે છે જ કે ગીતાના લેખકે પોતાના ગ્રંથને એક મહાકાવ્યના વિશાળ પટમાં છૂટો ન પડી શકે એ રીતે વણી લેવાનો પ્રયાસ કર્યો છે. એટલું જ નહિ પરંતુ પોતાના ગ્રંથમાં વારેવારે જે પરિસ્થિતિમાંથી એનો બોધ ઉદ્‌ભવે છે તેના ઉપર આપણું ધ્યાન તે દોર્યા જ કરે છે; અને પ્રધાનપણે ગ્રંથના છેડામાં નહિ પરંતુ ગંભીરમાં ગંભીર તાત્ત્વિક ચર્ચા ચાલતી હોય છે તેમાં પણ લેખક એના પ્રત્યે આપણું ધ્યાન ખેંચે છે. આપણે લેખકનો આ આગ્રહ સ્વીકારી લેવો જોઈએ, અને ગીતામાં ગુરુ તથા શિષ્યના માનસમાં એ યુદ્ધની પરિસ્થિતિ વારેવારે જાગ્રત રહે છે તેને પણ આપણે પૂરેપૂરી અગત્ય આપવી જોઈએ. એટલે, ગીતાના બોધને સામાન્ય

આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનના, યા તો નીતિના સિદ્ધાંતના બોધ તરીકે આપણે ગણી લેવાનો નથી. પરંતુ નીતિ અને આધ્યાત્મિકતાને જીવનમાં કટોકટીના પ્રસંગમાં લાગુ કરવાના, વ્યવહારમાં ઉતારવાના પ્રયત્ન તરીકે ગણવાનો છે. એ કટોકટીનો પ્રસંગ શું સૂચવે છે, તે શેનું પ્રતીક બને છે, કુરુક્ષેત્રના સંગ્રામમાં શો અર્થ રહેલો છે, અર્જુનના અંતરમાં એની શી અસર થાય છે, એ પ્રશ્નો, ગીતાના વિચારતત્ત્વના કેન્દ્રમાં રહેલું સત્ય જાણવું હોય તો, આપણે પ્રથમ વિચારવા જોઈએ.

એટલું તો સ્પષ્ટ છે કે ગહનમાં ગહન બોધથી ભરેલ મહાન શાસ્ત્રની રચના જીવનના સામાન્ય પ્રસંગોની આજુબાજુ થઈ શકે નહિ, કારણ કે એમ કરતાં ગહન સૂચનો અને જોખમભરેલી મુશ્કેલીઓનું સૂચન બહારના પ્રસંગની પાછળ જાગ્રત કરી શકાતું નથી. એવા રોજના બનાવોનું શાસન કરવા માટે આચાર અને વિચારનાં રોજનાં સામાન્ય ધોરણો પૂરતાં હોય છે. ગીતામાં આવતી ત્રણ બાબતો આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણી જ અર્થસૂચક અને લગભગ પ્રતીકના જેવી છે, આ ઉપરાંત એ આધ્યાત્મિક જીવનના ગહનમાં ગહન સંબંધોના ને પ્રશ્નોના તથા માનવ-જીવનના મૂળમાં રહેલાં તત્ત્વોના ખાસ નમૂના જેવી બાબતો પણ છે. આ બાબતો છે ગીતાના ગુરુનું દિવ્ય વ્યક્તિત્વ, શિષ્ય સાથે એમનો વિશિષ્ટ પ્રકારનો સંબંધ અને ઉપદેશનો પ્રસંગ. ગીતામાં ગુરુ તરીકે માનવમાં અવતરેલા પ્રભુ પોતે, શ્રીકૃષ્ણ છે. શિષ્ય પોતાના યુગનો પ્રથમ, આપણી આધુનિક ભાષામાં, યુગનો પ્રતિનિધિ પુરુષ છે, અવતારનો મિત્ર અને પ્રસંગ માટે પ્રભુએ પસંદ કરેલ મુખ્ય નાયક છે. એ સંગ્રામનો ગુપ્ત હેતુ એમાં ભાગ લઈ રહેલાં પાત્રોથી પણ અજ્ઞાત છે. અવતારરૂપ પ્રભુને જ તેના હેતુનું જ્ઞાન છે; અને પોતાના અગાધ જ્ઞાનસંપત્તિવાળા મનમાંથી, પડદા પાછળ રહીને તે એ કાર્યની દોરીનું સંચાલન કરે છે. વળી ગીતાના ઉપદેશનો પ્રસંગ સંગ્રામમાં ઉપસ્થિત થયેલ ઉગ્ર કટોકટીની ઘટના છે, જેમાં એ ક્રિયામાં રહેલ અંધ હિંસા, દુઃખ અને નૈતિક મુશ્કેલી એ જમાનાના પ્રતિનિધિરૂપ અર્જુનના મનમાં જાણે કોઈ ક્રાંતદર્શન એને થયું હોય તેમ પ્રત્યક્ષ થાય છે, અને એના અંતરમાં જગતમાં પ્રભુ હોવાનો શો અર્થ છે, માનવ-જીવનનો અને માનવ-કર્મનો શો ઉદ્દેશ છે, તેની દિશા કઈ છે, એ ગહન પ્રશ્ન ઉપસ્થિત કરી આપે છે.

અવતાર વાસ્તવિક છે એવી માન્યતા હિંદમાં તો ઘણા પ્રાચીન સમયથી દૃઢપણે સ્વીકારાયેલી છે. અવતાર એટલે નામ અને રૂપમાં પ્રભુનું અવતરવું, માનવતામાં પ્રભુનું પ્રાકટય. યુરોપના માનસના ઉપર અવતારની માન્યતા દૃઢરૂપે કદી પણ સ્થાપિત થઈ શકી નથી, કારણ કે ખ્રિસ્તી ધર્મના બાહ્ય સ્વરૂપની એક માન્યતા તરીકે એને ત્યાંના જનસમાજ આગળ મૂકવામાં આવી છે; અને

એનાં મૂળ બુદ્ધિમાં, જનસમાજની સામાન્ય ચેતનામાં કે જીવન પ્રત્યેના વલણમાં ઊંડાં ઊતર્યાં નથી. પરંતુ હિંદમાં તો વેદાંતના દર્શનની વિચારસરણીના સ્વાભાવિક પરિણામ તરીકે આખી પ્રજાના માનસમાં એ સિદ્ધાંત દૃઢમૂળ થયો છે. સમગ્ર જીવન પ્રભુનો જ આવિર્ભાવ છે, કારણ કે પ્રભુ સિવાય બીજી સત્-તા જગતમાં છે જ નહિ. એટલે, જગતમાં જે કાંઈ છે તે સર્વ કાં તો પ્રભુની વાસ્તવિકતામાંથી રચાયેલ છે અથવા તેનો આભાસ છે. આમ પ્રત્યેક ચેતનવંત પ્રાણી થોડે અંશે, અથવા તો એક રીતનો, અનંતનો નામ અને રૂપની દેખીતી મર્યાદામાં થયેલો અવતાર છે એમ કહી શકાય. પરંતુ એ અવતાર ઢંકાયેલો છે. પ્રભુના 'પર ભાવ'માં અને મર્યાદિત દશામાં આત્માના અજ્ઞાન વડે સંપૂર્ણપણે, કે થોડે અંશે, ઢંકાયેલી ચેતનામાં થતા તેના આવિર્ભાવની ચડતી-ઊતરતી શ્રેણીઓ રહેલી છે. માનવમાં જે દેહી અર્થાત્ દેહને ધારણ કરવાવાળો છે તે પ્રભુ રૂપી દિવ્ય અગ્નિનો તણખો છે. અને માનવમાં રહેલો એ આત્મા પોતાના દિવ્ય સ્વરૂપના અજ્ઞાનમાંથી આત્મ સત્-તા પ્રત્યે જ્યારે વિકાસ પામે છે ત્યારે તેનામાં આત્મજ્ઞાન જાગ્રત થાય છે. વિશ્વનાં અસંખ્ય સ્વરૂપોની અંદર પોતાની જાતને પ્રગટ કરી રહેલો પ્રભુ સામાન્ય રીતે તો પોતાની શક્તિઓ વડે, પોતાના ઐશ્વર્યનાં સ્વરૂપોમાં પ્રગટ થાય છે. એટલે કે, જ્ઞાન, પ્રેમ, આનંદ વગેરે પોતાની દિવ્ય શક્તિઓમાં ને તેમની વિવિધ માત્રામાં, વિભૂતિ-રૂપે, પોતાની દિવ્યતાના જુદાજુદા અંશોમાં અને સ્વરૂપોમાં તે અવતરે છે. પરંતુ જ્યારે પ્રભુની દિવ્ય ચેતના અને દિવ્ય શક્તિ માનવરૂપનો ને માનવની કાર્ય કરવાની પદ્ધતિનો સ્વીકાર કરીને તેમને ધારણ કરે છે, એટલે કે પોતાની શક્તિઓ, ગુણો કે પરિમાણથી નહિ, પોતાના અંશો વડે કે બાહ્ય સ્વરૂપો વડે નહિ, પરંતુ પોતાના સનાતન આત્મજ્ઞાનમાંથી જ્યારે પ્રભુ માનવનાં રૂપ અને કર્મનો સ્વીકાર કરે છે ત્યારે અવતાર થઈ શકે. જ્યારે અજન્મા પોતાની જાતને અજન્મા જાણતો છતાં મનોમય પ્રાણીના ઘાટમાં અને દેહમાં ઊતરીને જન્મ લેવાનો દેખાવ કરે અને એ કરણોમાં પોતે કાર્ય પણ કરે ત્યારે પાર્થિવ પરિસ્થિતિમાં એ આવિર્ભાવ ઊંચામાં ઊંચો દિવ્યતાનો આવિર્ભાવ હોય છે. પ્રભુનું એ પૂર્ણ અને સચેતન અવતરણ એ ખરો અવતાર ગણી શકાય.

વેદાંતના વૈષ્ણવ દર્શનમાં આ અવતારની ભાવના ઉપર ઘણો ભાર દેવામાં આવ્યો છે તથા એમાં માનવના અંતરમાં રહેલ પ્રભુનો તથા પ્રભુમાં રહેલ માનવ જોડેનો સંબંધ એમ બેવડા સ્વરૂપ તરીકે નર-નારાયણના રૂપકમાં પ્રગટ થાય છે. ઇતિહાસની દૃષ્ટિએ જોતાં એ નર-નારાયણનો સંપ્રદાય ગીતાના જ જેવા સિદ્ધાંતવાળી એક ધાર્મિક પ્રવૃત્તિનો એક પ્રકાર હતો. નર એટલે માનવનો આત્મા, એ પ્રભુનો, એટલે નારાયણનો સનાતન સખારૂપ છે. પરંતુ

એને જ્યારે પ્રભુ સાથેની પોતાની મૈત્રીનું ભાન થાય છે, અને ગીતાની ભાષામાં કહીએ તો જ્યારે તે પ્રભુમાં પોતાનું જીવન ધારણ કરવાનો આરંભ કરે છે ત્યારે તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે. નારાયણ એટલે પરમાત્મા આપણી માનવજાતિમાં હમેશાં રહેલા છે, એ જ માનવના ગૂઢ નેતા છે, મિત્ર છે, સહાયક છે. સર્વભૂતોનાં અંતરમાં રહેલો ઈશ્વર તે એ જ છે. જ્યારે માનવના હૃદયની ગુહામાં રહેલા ઈશ્વરની આડે આવી રહેલો અજ્ઞાનનો પડદો દૂર થઈ જાય છે અને માનવ સીધેસીધો પ્રભુ સાથે આલાપ કરે છે, પ્રભુનો દિવ્ય સાદ સાંભળે છે, તેની દિવ્ય જ્ઞાનજ્યોતિને પ્રાપ્ત કરે છે, પ્રભુની શક્તિની પ્રેરણા અનુસાર કર્મ કરે છે, ત્યારે દેહધારી માનવ અજ અને શાશ્વતની પરમ ઉન્નત સ્થિતિને પ્રાપ્ત કરવાને લાયક થાય છે, પ્રભુમાં પોતાની ચેતનાને સતત ધારણ કરવાને, તથા પ્રભુમાં પોતાની સમગ્ર ચેતનાને સમર્પણ કરી દેવાને, એટલે ગીતા જેને ઉત્તમમાં ઉત્તમ રહસ્ય કહે છે તે પ્રમાણે વર્તવાને તે શક્તિમાન થાય છે. પ્રત્યેક માનવમાં હમેશાં રહેલ આ સનાતન દિવ્ય ચેતના, માનવની અંદર વસતો આ પ્રભુ, સંપૂર્ણપણે કે થોડે અંશે, માનવચેતનાને પોતાના વશમાં લે અને પ્રત્યક્ષ માનવદેહમાં રહીને જગતનો નેતા, ગુરુ અને માર્ગદર્શક બને; અર્થાત્ માનવતામાં રહેનાર માનવીઓની પેઠે કોઈ દિવ્ય વિજ્ઞાનની શક્તિને, જ્ઞાન-જ્યોતિને કે પ્રેમને પોતાના અંતરમાં કાર્ય કરતી અને પોતાને દોરતી અનુભવે એવી રીતે નહિ, પરંતુ પ્રભુના દિવ્ય જ્ઞાનકોશમાંથી સીધેસીધી કેન્દ્રસ્થ શક્તિ એના અંતરમાં સર્વદા કાર્ય કરતી સંપત્તિમાંથી પ્રગટ થાય ત્યારે અવતાર થયો ગણાય. પ્રત્યેક અંતરમાં રહેલી પ્રભુતા એ માનવમાં થયેલો સનાતન અવતાર છે; માનવમાં તેનો આવિર્ભાવ બાહ્ય જગતમાં તેનો સંકેત અને તેમાં થતો તેનો વિકાસ છે.

આ પ્રમાણે જ્યારે આપણે અવતારના તત્ત્વને સમજીએ છીએ ત્યારે ગીતામાં જે મૂળગત ઉપદેશ, જે આપણો અત્યારનો વિષય છે તેને માટે, અથવા તો, સામાન્ય રીતે આધ્યાત્મિક જીવન માટે, અવતારના બાહ્ય સ્વરૂપની અગત્ય કેવળ ગૌણ બને છે. પુરોષમાં ક્રાઈસ્ટ ઐતિહાસિક પુરુષ છે કે નહિ તે વિષે જે ઉદ્દામ ચર્ચાઓ થયેલી છે તે આધ્યાત્મિક વૃત્તિવાળા હિંદુને તો મોટે ભાગે વખતનો દુરુપયોગ જ લાગે. એવી ચર્ચાને તે ઈતિહાસની દૃષ્ટિએ ઘણી અગત્યની ગણે, પરંતુ એને ધાર્મિક અગત્ય તો બિલકુલ નહિ આપે. કરણ કે આખરે જોવા જઓ તો જોસફ નામના સુતારને જીસસ નામે કોઈ પુત્ર નઝારેથમાં કે બેથલેહેમમાં જન્મ્યો હતો કે નહિ, તેણે પોતાનું જીવન કેમ ગાળ્યું અને કેવો ઉપદેશ આપ્યો તથા સાચા કે ખોટા, બનાવટી દેશદ્રોહના આરોપસર તેને મારી નાખવામાં આવ્યો હતો કે નહિ, એ બધા પ્રશ્નોની

એટલી બધી શી અગત્ય છે ? જ્યાં સુધી આપણે આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા આપણા અંતરમાં રહેલા ક્રાઇસ્ટને જાણી શકીએ છીએ, એના ઉપદેશના પ્રકાશમાં ઉન્નત જીવન જીવી શકીએ છીએ, અને માનવ માટેનું પ્રાયશ્ચિત્ત — ક્રુસ પર ચડાવવાની ક્રિયા એ તે પ્રાયશ્ચિત્તનું પ્રતીક છે તે — કરીને પ્રકૃતિના નિયમની ધૂંસરીમાંથી આપણે છૂટી જઈ પ્રભુ સાથે એક થઈ શકીએ છીએ ત્યાં સુધી એ પ્રશ્નો એટલા બધા અગત્યના નથી. આપણી અંદરની આધ્યાત્મિક સત્-તામાં માનવરૂપ થયેલ પ્રભુ ક્રાઇસ્ટ જીવન ધારણ કરી શકે તેમ છે તો પછી મેરીનો પુત્ર સ્થૂલ રૂપે જીવ્યો હતો કે નહિ, એણે દુઃખ સહન કરેલું હતું કે નહિ, અને જુડિયામાં તે મરણ પામ્યો હતો કે નહિ એ જાણવાનું શું મહત્ત્વ છે ? એ જ પ્રમાણે શ્રીકૃષ્ણ આપણે માટે પ્રભુનો સનાતન અવતાર છે, ઇતિહાસમાં થઈ ગયેલ ગુરુ તથા માનવનો નેતા માત્ર નથી.

ગીતાના વિચારનું રહસ્ય સમજવા માટે અર્જુનના ગુરુ તરીકે કુરુક્ષેત્રના મેદાન ઉપર મહાભારતમાં આવતા શ્રીકૃષ્ણના અવતાર સ્વરૂપનો ફક્ત આધ્યાત્મિક અર્થ આપણે ધ્યાનમાં રાખવો જરૂરનો છે. ઇતિહાસના શ્રીકૃષ્ણ અલબત્ત થયા હતા. એમના નામનો પ્રથમ ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદમાં આવે છે. ત્યાં તો શ્રીકૃષ્ણ બ્રહ્મજ્ઞાનીઓમાં એક પ્રખ્યાત વ્યક્તિ હતા એમ જણાય છે, અને તે એટલે સુધી કે એમના વ્યક્તિત્વના અને જીવનના સંજોગોનો પરિચય આપવા માટે 'દેવકીના પુત્ર' એટલા વર્ણન પરથી કયી વ્યક્તિનો ઉલ્લેખ છે તે લોકો સમજી લેતા એટલા સુવિખ્યાત તે હતા. વળી એ જ ઉપનિષદમાં ધૃતરાષ્ટ્ર વિચિત્રવીર્યનો પુત્ર હતો એવો ઉલ્લેખ પણ આવે છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્ર અને શ્રીકૃષ્ણ એ બન્નેને આગળ પડતો ભાગ લેનારા સમકાલીન નેતાઓ તરીકે વર્ણવ્યા છે તે ઉપરથી આપણે એવું અનુમાન પ્રામાણિકપણે તારવી શકીએ કે એ બન્ને હકીકતમાં પણ સમકાલીન હોવા જોઈએ. મહાભારતમાં આવતાં પાત્રો મોટા ભાગે ઇતિહાસમાં થઈ ગયેલાં પાત્રો છે અને કુરુક્ષેત્રનો સંગ્રામ ઇતિહાસમાં બનેલી ઘટના છે જેની સ્મૃતિની છાપ હિંદની પ્રજાના માનસ પર દૃઢપણે પડેલી રહી છે. વળી શ્રીકૃષ્ણ અને અર્જુન એ બે મહાન વ્યક્તિઓની પૂજા ક્રિસ્ચિયન શક શરૂ થયો તે પહેલાં હિંદમાં પ્રચલિત હતી એ પણ આપણે જાણીએ છીએ. અને એ બન્ને ધાર્મિક અને દાર્શનિક પરંપરાના આદ્ય પ્રવર્તક, જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણેની એકતા દર્શાવનાર હતા એ પણ આપણે જાણીએ છીએ. એ ધાર્મિક અને દાર્શનિક પરંપરાના સંબંધને લઈને એ બન્નેની પૂજા પ્રચલિત હતી. અને કદાચ ગીતાએ પોતાના સમન્વયનાં તત્ત્વોમાંનાં ઘણાં એ પરંપરામાંથી પણ લેવાં કર્યાં હોય એ પણ શક્ય છે. વળી જ્ઞાન, કર્મ અને ભક્તિના એના સમન્વયનો પાયો એને એમાંથી જ

મળી આવ્યો હોય એ પણ સંભવિત છે. માનવ તરીકે શ્રીકૃષ્ણ એ સંપ્રદાયના સંસ્થાપક, પુનરુદ્ધારક અથવા તો, કાંઈ નહિ તો, એ પરંપરાના આદિ ઉપદેશકોમાંના એક હોય એ પણ સંભવિત છે. ગીતાનું બાહ્ય સ્વરૂપ વધારે આધુનિક છે છતાં શ્રીકૃષ્ણે આપેલા ઉપદેશનું જ તે પરિણામ હોય એ પણ સંભવિત લાગે છે. અને તેથી ગીતા જે ઉપદેશ આપે છે તેનો ઇતિહાસના શ્રીકૃષ્ણ, અર્જુન અને મહાભારતના કુરુક્ષેત્ર જોડેનો સંબંધ કેવળ કલ્પનાથી ઉપજાવેલી પરિસ્થિતિ કરતાં કાંઈક વધારે ઊંડો હોય એ પણ શક્ય છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ ઇતિહાસમાં થયેલા પુરુષ અને અવતાર બન્ને તરીકે વર્ણવાયા છે. એટલે મહાભારતની જૂની વાર્તાએ ને કવિતાએ, અથવા તો પુરાણકથાએ એનું અત્યારનું સ્વરૂપ લીધું ત્યારે શ્રીકૃષ્ણની ભક્તિ, પૂજા ને એમનું અવતારત્વ જનસમાજમાં સારી રીતે સ્થાપન થઈ ગયેલું હોવું જોઈએ. આ ઘટના ઈ. સ. પૂર્વે પાંચમીથી પહેલી સદી સુધીમાં બનેલી હોવી જોઈએ. વળી શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થા વૃંદાવનમાં પસાર થઈ હતી એવી સૂચના પણ મહાભારતમાં રહેલી છે. તેના પરથી પુરાણોએ એક સમર્થ આધ્યાત્મિક પ્રતીકનો વિકાસ કર્યો છે અને તેણે આખા હિંદના ધાર્મિક માનસ પર ઘણી જ ઊંડી અસર કરી છે. હરિવંશમાં પણ શ્રીકૃષ્ણનું ચરિત્ર આપવામાં આવ્યું છે. એ દંતકથાઓથી ભરેલું છે અને તેનો આધાર પાછળનાં પુરાણોએ લીધો હોય એમ લાગે છે.

પરંતુ એ બધું ઇતિહાસની દૃષ્ટિએ ઘણું જ ઉપયોગી હોવા છતાં અત્યારના આપણા હેતુ માટે તદ્દન નિરુપયોગી છે. અત્યારે તો આપણે ગીતામાં શ્રીકૃષ્ણ દિવ્ય ગુરુ તરીકે રજૂ થાય છે તેની જ સાથે સંબંધ છે, અને માનવના અંતરમાં આધ્યાત્મિક પ્રકાશ પ્રાપ્ત કરવાની ક્રિયામાં એ ગુરુ જે દિવ્ય શક્તિના પ્રતિનિધિ રૂપ છે તેની સાથે આપણે લેવાદેવા છે. માનવરૂપમાં પ્રભુનો અવતાર થવાની શક્યતા ગીતા સ્વીકારે છે; કારણ કે ગીતામાં પ્રભુ પોતે સતત, ફરીફરીને માનવમાં થતા રહેલા પોતાના અવતારનો ઉલ્લેખ કરે છે.* અજ અને શાશ્વત એવા પ્રભુ પોતાની માયાનો આશ્રય લઈને, એટલે પોતાની અનંત ચેતનામાં રહેલી દેખીતાં સાંત રૂપોમાં પોતાનો પ્રકાશ કરવાની શક્તિ વડે,- પોતાનો આવિર્ભાવ કરે છે. અને એમ કરીને આપણે જેને જન્મ કહીએ છીએ તેની શરતો સ્વીકારે છે. પરંતુ આ વસ્તુ ઉપર ગીતા એટલો બધો ભાર મૂકતી નથી. એ વિશ્વથી પર રહેલ પરાત્પર, વિશ્વરૂપ બનેલ અને

---

*૧ बहूनि मे व्यतीतानि जन्मानि। (૪-૫)
૨ संभवामि युगे युगे। (૪-૮)

માનવના અંતરમાં રહેલ પ્રભુના ઉપર વધારે ઝોક આપે છે. ગીતામાં જે અવતારનો ઉલ્લેખ છે તે વિશ્વ સર્વનું આદિમૂળ છે, અને સર્વના શાસક મહેશ્વર રૂપ છે, અને તે માનવના અંતરમાં ગુપ્ત રહેલ પ્રભુ પણ છે. ગીતા કહે છે કે આસુરી તપ કરનારાઓ પોતાની અંદર રહેલા પ્રભુને દુઃખ આપે છે, અથવા તો, માનુષી તનુનો આશ્રય લેનાર પ્રભુનો જે લોકો તિરસ્કાર કરે છે તેમને પાપ લાગે છે, અથવા તો જાજ્વલ્યમાન જ્ઞાનદીપકથી આપણા અજ્ઞાનનો નાશ કરનાર પ્રભુ છે એમ કહે છે ત્યારે તે માનવના અંતરમાં રહેલા પ્રભુનો નિર્દેશ કરે છે. એટલે ગીતામાં જે અવતાર વિષે ઉલ્લેખ છે તે શાશ્વત અવતાર છે, માનવના અંતરમાં રહેલ પ્રભુ છે, માનવના અંતરમાં નિરંતર વાસ કરી રહેલી દિવ્ય ચેતના જ સ્થૂલ રૂપ ધારણ કરીને માનવના આત્માને અહીં સંબોધન કરતી જણાય છે. એ અવતાર જ અર્જુનને જીવનનો અર્થ અને દિવ્ય કર્મનું રહસ્ય બતાવે છે, તે માનવને દિવ્ય જ્ઞાનની જ્યોતિ આપે છે, અને જ્યારે જીવનની દુઃખદાયક અગમ્યતાની સામે તે આવીને ઊભો રહે છે ત્યારે જીવનના સ્વામી તરીકે તેને દોરે છે, તથા શ્રદ્ધાને જાગ્રત કરનારી અભય વાણી ઉચ્ચારે છે. હિંદની ધાર્મિક ચેતના આ અવતારતત્ત્વને, આ દિવ્યતાને કોઈ પણ સ્વરૂપે પોતાની સમીપ લાવવાને હમેશાં પ્રયત્નશીલ રહેલી છે. પછી એ પ્રયત્ન મંદિરમાં પધરાવેલી માનવના જેવી કોઈ મૂર્તિના પ્રતીકમાં પ્રગટ થાય છે કે અવતારી પુરુષની પૂજામાં અથવા જેની દ્વારા જગદ્‌ગુરુ પ્રભુનો સાદ સંભળાય છે એવા માનવગુરુ પ્રત્યેની ભક્તિમાં પ્રગટ થાય છે, એ ગૌણ બાબત છે. આ બધાનો આશ્રય લઈને પોતાનામાં રહેલ અંતરના સાદ પ્રત્યે તે જાગ્રત થવા માગે છે, અરૂપના રૂપની આડે રહેલો અંતરપટ દૂર કરવા માગે છે, તથા દિવ્ય શક્તિ, પ્રેમ અને જ્ઞાનના મૂર્ત સ્વરૂપને તે પ્રત્યક્ષ કરવા માગે છે.

બીજું એ પણ છે કે માનવરૂપે શ્રીકૃષ્ણ મહાભારતના યુદ્ધના મહાન પ્રસંગની પાછળ ઊભા રહે છે. પોતે મહારથી તરીકે આગળ આવતા નથી પણ ગુપ્ત કેન્દ્ર તરીકે, છૂપા નેતા તરીકે પડદા પાછળ રહે છે. આ એમનું કર્મ લાક્ષણિક અને લગભગ પ્રતીકના જેવું છે. મહાભારતનો પ્રસંગ સકળ માનવ-સમુદાયો અને રાષ્ટ્રોના કાર્યનો પ્રસંગ છે. પોતાને અંગત રીતે કશો લાભ થવાનો નથી, એવા કેટલાક લોકો એ પ્રયત્નમાં અને એની ફળપ્રાપ્તિમાં મદદ કરવાને આવ્યા છે. શ્રીકૃષ્ણ એ લોકોના નેતા છે. જ્યારે બીજા કેટલાક એના વિરોધી તરીકે પણ આવ્યા છે. એમને માટે શ્રીકૃષ્ણ એક વિરોધી છે, એમની બાજીઓ ધૂળમાં મેળવનાર, એમનો સંહાર કરાવનારા છે, અને એમાંના કેટલાકને મન તો શ્રીકૃષ્ણ સર્વ પ્રકારના અનિષ્ટને ઉત્તેજન આપનાર, પોતાની

જૂની સઘળી વ્યવસ્થાનો અને પરિચિત જગતનો વિનાશ કરનાર, પોતે સ્વીકારેલાં શ્રેય અને સદ્‌ગુણનાં સ્થાપિત ધોરણોને ઊલટાવી નાખનાર વ્યક્તિ છે. એ સંગ્રામમાં ભેગા થયેલામાંના કેટલાક જે ફલસિદ્ધિ થવાની છે તેના પ્રતિનિધિ રૂપ છે. એમને માટે શ્રીકૃષ્ણ મંત્રી છે, સહાયક છે, સુહૃદ છે, મિત્ર છે. જ્યાં જ્યાં યુદ્ધની ક્રિયા એની સ્વાભાવિક ગતિએ ચાલે છે, યા તો એ કાર્યમાં ભાગ લેનારાઓને જ્યાં દુશ્મનોને હાથે ખમવાનું હોય છે, તથા પોતાનો આત્મસંયમ કેળવાય એટલા ખાતર એમને મુશ્કેલીઓમાંથી પસાર થવાનું હોય છે, ત્યાં ત્યાં કુરુક્ષેત્રમાં આપણને અવતારની હાજરી દેખાતી નથી, અથવા દેખાય છે તો પ્રસંગાનુસાર સહાય અને દિલાસો આપવા પૂરતી જ દેખાય છે. પરંતુ કોઈ કટોકટીનો પ્રસંગ આવતાં તુરત જ આપણને અવતારનો હાથ દેખાય છે; પણ તે એવી સૂક્ષ્મ રીતે કાર્ય કરતો હોય છે કે બધાં પાત્રો પોતાની જાતને એ પ્રસંગના નાયક તરીકે ગણે છે. અવતારનો નિકટનો મિત્ર, એનું મુખ્ય કરણ અર્જુન પણ પોતે અવતારનું કરણ છે એ વાત જાણતો નથી, અને આખરે એ કબૂલ કરે છે કે પોતાના દિવ્ય મિત્રને તેણે આખો વખત પિછાન્યો જ ન હતો. અર્જુને અત્યાર સુધી શ્રીકૃષ્ણ પાસેથી જ્ઞાનપ્રેરિત સલાહ લીધી છે, એની સહાય પણ લીધી છે, એના પર પોતે પ્રેમ રાખ્યો છે અને એનો પ્રેમ ચાખ્યો છે, અને એની દિવ્યતાને જાણ્યા વગર જ અર્જુને એની આશ્ચર્યપ્રેરિત ભક્તિ પણ કરી છે; પરંતુ બીજાઓની પેઠે એને પણ એની પોતાની અહંતા વડે શ્રીકૃષ્ણે દોર્યો છે. વળી એને જે સલાહ, સહાય ને દોરવણી આપવામાં આવ્યાં છે તે પોતાના અજ્ઞાનની ભાષામાં અને અજ્ઞાનમાં કાર્ય કરતા વિચારો મારફત જ અર્જુને ઝીલ્યાં છે. કુરુક્ષેત્રના મેદાન ઉપર જ્યારે ભીષણ પરિણામને માટે બધી પરિસ્થિતિ છેક તૈયાર થઈ જાય છે અને આખરે અવતાર પોતે એક યોદ્ધા તરીકે નહિ પરંતુ સંગ્રામનું ભાવિ જેની સાથે જોડાયેલું છે તે રથના સારથિ તરીકે દેખાય છે ત્યાં સુધી અવતારે પોતે, જેમને કરણ તરીકે પસંદ કરેલા છે તેમને, પણ પોતાની જાત પ્રગટ કરી નથી.

આ રીતે શ્રીકૃષ્ણનું ઉદાહરણ પ્રભુના જગત સાથેના વ્યવહારનું એક સારામાં સારું પ્રતીક થઈ રહે છે. પ્રભુ આપણને જીવનમાં દોરે છે તે પણ આપણા અહં ને અજ્ઞાન દ્વારા દોરે છે. આપણે એમ માનીએ છીએ કે આપણે જ કર્મના કર્તા છીએ, ફળના સાચા કારણરૂપ પણ આપણે જ છીએ એવું અભિમાન પણ આપણે સેવીએ છીએ. વળી આપણને કર્મમાં પ્રેરનાર વસ્તુ કોઈ અસ્પષ્ટ ચીજ તરીકે જોઈએ છીએ, અથવા તો જ્ઞાન, અભીપ્સા શક્તિ કે એવા કોઈ તત્ત્વના, કોઈ જ્યોતિના, કે શક્તિના પ્રવાહને આપણે પ્રેરણા આપનાર માનીએ છીએ. કોઈ માનુષી અને પાર્થિવ વસ્તુને આપણી પ્રેરણાના

આદ્ય સૃષ્ટા તરીકે ગણીએ છીએ. એ વસ્તુ પોતે શું છે તે જાણ્યા વિના આપણે તેને ભજીએ છીએ અને જ્યારે સમજ પાકે છે ત્યારે આપણી આગળ એક પડદો આવી રહેલો છે એમ આપણને લાગે છે. જે કાર્યમાં આ દિવ્ય અવતાર ભાગ લે છે તે ખરું જોતાં, માનવના જીવન જેટલું વિશાળ છે; એમાં તેના કેવળ અંતરના સૂક્ષ્મ જીવનનો જ નહિ, પરંતુ અજ્ઞાનથી ઢંકાયેલી જગતની સમગ્ર ગતિનો સમાવેશ થાય છે. એ ગતિને આપણી અર્ધપ્રકાશિત બુદ્ધિ વડે જેમ-જેમ તે આપણી આગળ ખુલ્લી થતી જાય છે, તેમતેમ જ આપણે ઝાંખી રીતે જોઈ શકીએ છીએ. ગીતાની ખાસ ખૂબી એ છે કે એના ઉપદેશનો આરંભ યુદ્ધ જેવા કર્મના પ્રસંગમાં રહેલો છે, તથા જે કર્મયોગની તે સામર્થ્ય અને આગ્રહપૂર્વક વ્યાખ્યા કરે છે તેને પોતાના ઉપદેશમાં પણ તે મુખ્ય સ્થાને મૂકે છે, અને આગળ તરી આવે એવી રીતે રજૂ કરે છે. કર્મનો આવો આગ્રહ બીજા કોઈ પણ હિંદુ શાસ્ત્રમાં આપણને જોવા મળતો નથી. કેવળ ગીતામાં જ નહિ પરંતુ મહાભારતમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે શ્રીકૃષ્ણ કર્મની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. પરંતુ અહીં ગીતામાં તેઓ કર્મનું રહસ્ય તથા આપણા કર્મની પાછળ રહેલ પ્રભુને તે પ્રગટ કરે છે.

અર્જુન અને શ્રીકૃષ્ણની પ્રતીક રૂપ મૈત્રી હિંદની વિચારધારામાં ઇન્દ્ર અને કુત્સ એક રથમાં બેસીને સ્વર્ગ પ્રત્યે ગતિ કરે છે એ વેદના રૂપકમાં તથા એક જ વૃક્ષ ઉપર બેઠેલાં બે પક્ષીઓની ઉપમા દ્વારા ઉપનિષદમાં દર્શાવવામાં આવી છે. નર-નારાયણ નામના ઋષિઓની જોડી જ્ઞાનને માટે સદા સાથે તપસ્યા કરે છે એ રૂપકના ભાવમાં પણ એ સંબંધનો ઉલ્લેખ થયેલો છે. એ ત્રણેયમાં માનવ અને પ્રભુ વચ્ચેની એ મૈત્રી દ્વારા દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો વિચાર મુખ્ય છે. ગીતા કહે છે તેમ સર્વ કર્મ આખરે જ્ઞાનમાં પરિસમાપ્તિને પામે છે. અહીં ગીતામાં કહેલો કર્મયોગ એ જ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે માનવને દોરે છે, અને તેમાં દિવ્ય જ્ઞાતારૂપે પ્રભુ પોતે રજૂ થાય છે. અર્જુન અને કૃષ્ણ, એક માનવ અને બીજા પ્રભુ, બન્ને એકસાથે ગીતામાં ઉપસ્થિત થયેલા છે તે ધ્યાન કરવાની શાંત પર્ણકુટિમાં રહેલા ઋષિઓ તરીકે નહિ, પરંતુ એક તુમુલ, કોલાહલથી ભરપૂર સંગ્રામના મેદાન પર છોડવેલ બાણોની વૃષ્ટિ વચ્ચે રથમાં બેઠેલા મહારથી અને તેના સારથિ તરીકે. આમ, ગીતાના ગુરુ માનવમાં રહેલા પોતાને કેવળ જ્ઞાનમય રૂપમાં પ્રગટ કરનાર પ્રભુ જ નથી; એ એવો પ્રભુ છે જે આપણા સમગ્ર કર્મમય જીવનનું સંચાલન કરે છે, જેને માટે અને જેના વડે આપણી સમગ્ર માનવજાતિ જીવે છે, ઝૂઝે છે અને પરિશ્રમ કરે છે, જેના પ્રત્યે સમગ્ર માનવજીવન ગતિ અને પ્રગતિ કરી રહેલું છે, આ પ્રભુ જ સર્વ યજ્ઞ અને કર્મનો ઈશ છે, માનવપ્રજાઓનો સખા છે.

પ્રકરણ ત્રીજું

માનવ શિષ્ય

ગીતાના દિવ્ય ગુરુ એ પ્રભુનો સનાતન અવતાર છે; એ માનવચેતનામાં અવતરેલ ઈશ્વર અને ભૂતમાત્રના હૃદયમાં રહેનાર પ્રભુ પણ છે. એ પ્રભુ જ અવિદ્યાના પડદા પાછળ રહીને આપણા વિચારોને, કર્મને, હૃદયની જિજ્ઞાસાને દોરી રહેલો છે. આપણા અંતરમાં જેમ તે કર્મ કરે છે તેવી જ રીતે પોતાની અંદર એણે જે વિશ્વ પ્રગટ કર્યું છે તેનાં સઘળાં દૃશ્ય અને ઇન્દ્રિય-ગ્રાહ્ય રૂપોને, શક્તિઓને તથા વૃત્તિઓને પણ તે પડદા પાછળ રહીને જ દોરતો હોય છે. કોઈ ઊર્ધ્વ વસ્તુ પ્રત્યે જવાના આપણા સઘળા પ્રયત્નોની, તથા આપણી જિજ્ઞાસાની બધી ધમાલ અને કલેશ જ્યારે આપણે એ જવનિકાને છેદીને તેની પાછળ રહેલ એ સાચા આત્માને પ્રાપ્ત કરીએ, જ્યારે આપણા પોતાના સાચા સ્વામીની અંદર આપણા સમગ્ર સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકીએ, તથા આપણા પોતાપણાને પ્રભુરૂપ એકમાત્ર અને સાચી વ્યક્તિતામાં અર્પણ કરી દઈ શકીએ ત્યારે આપોઆપ શાંત થઈ જાય છે અને કૃતાર્થતાને પણ પામે છે. જે બહુ શાખાઓમાં વહેંચાઈ ગયેલી અને એક બિંદુમાં પાછી એકત્ર થતી એવી આપણી માનસિક પ્રવૃત્તિઓને પ્રભુની વિશાળ જ્યોતિમાં વિલીન કરી દઈ શકીએ, આપણી રખડતી, ભૂલી પડેલી ને ધમપછાડા કરતી સંકલ્પશક્તિને પ્રભુની વિશાળ, પ્રકાશિત ને અવિભક્ત સંકલ્પશક્તિમાં અર્પણ કરી દઈ શકીએ, તથા આપણી વિભક્ત અને બહિર્મુખ કામનાઓનો અને ભાવોનો ત્યાગ કરી દઈ સ્વયંભૂ આનંદની વિશાળતામાં એ સર્વને સંતોષ પ્રાપ્ત કરાવી શકીએ તો એ કૃતાર્થતાને પામી શકીએ. જગતના બીજા જે ઊંચામાં ઊંચા ઉપદેશો આપણે જાણીએ છીએ તે સઘળા આ જગદ્‌ગુરુના સનાતન જ્ઞાનનું જ પ્રતિબિંબ છે, તેનો જ અંશ છે. આપણા અંતરાત્માની સૂક્ષ્મ કર્ણેન્દ્રિય અંતરમાં રહેલા એ જગદ્‌ગુરુના સાદ પ્રત્યે જાગ્રત થવી જોઈએ.

કુરુક્ષેત્રના રણમેદાન પર દીક્ષા લેનાર જગદ્‌ગુરુનો શિષ્ય અર્જુન ઉપર જે વિચારો જણાવ્યા તેની જ પ્રતિકૃતિ જેવો છે. અર્જુન જાણે જીવનના રણક્ષેત્રમાં સદા-ઝૂઝી રહેલા માનવ-આત્માનું પ્રતીક છે, જેને હજી સુધી જ્ઞાન પ્રાપ્ત થયું નથી છતાં માનવજાતિની અંદર રહીને જગત સમસ્તને દોરી રહેલ, તેનું સંચાલન કરનાર, પ્રભુની નિકટતા અને મૈત્રીને લઈને, તથા પોતે

જીવનમાં જે કાર્યો કરેલાં છે તેમને લઈને, હવે જ્ઞાનપ્રાપ્તિને માટે તે અધિકારી બન્યો છે. ગીતાના કેટલાક ભાષ્યકારો કુરુક્ષેત્રના યુદ્ધપ્રસંગને જ કેવળ નહિ, પરંતુ સમગ્ર મહાભારતને એક રૂપક બનાવી તેનો એકમાત્ર અર્થ આધ્યાત્મિક છે એમ કહે છે. અને બાહ્ય માનવજીવન કે કર્મ સાથે એને કશી લેવાદેવા નથી, પરંતુ અંતરાત્માનું આધ્યાત્મિક યુદ્ધ, — આપણી અંદર આત્માને વશ કરવાને મથી રહેલી પાપપુણ્યની વૃત્તિઓ વચ્ચેનું યુદ્ધ — દર્શાવવાનો તેનો ઉદ્દેશ છે, એમ તેઓ કહે છે. ગીતામાં કહેલો કુરુક્ષેત્રનો સંગ્રામ પણ એવું જ આધ્યાત્મિક યુદ્ધ છે એમ તેઓ માને છે. પરંતુ મહાભારતનું સામાન્ય સ્વરૂપ અને તેની ભાષા જોતાં એ અનુમાન આપણને સાચું લાગતું નથી, અને જો આપણે એનો આગ્રહ રાખીશું તો ગીતાની સીધીસાદી તત્ત્વજ્ઞાનની ભાષા તદ્દન બાલીશ અને સતત કૃત્રિમતાવાળી રહસ્યમયતામાં જઈ પડશે. વેદની ભાષા અને પુરાણોનો પણ થોડો ભાગ સ્પષ્ટપણે પ્રતીકાત્મક છે. એમાં રૂપકો પુષ્કળ આવે છે, અને જીવનના પડદા પાછળ રહેલાં ગૂઢ તત્ત્વોને મૂર્તિમંત કરનારાં રૂપકોનો એમાં પ્રયોગ થયેલો છે. પરંતુ ગીતાની ભાષા તદ્દન સ્પષ્ટ અને સીધી છે તથા માનવજીવનમાં આવતી મહાન નૈતિક અને આધ્યાત્મિક મુશ્કેલીઓનો ઉકેલ દર્શાવવાનો તે પ્રયત્ન કરે છે. ગીતાની સ્પષ્ટ ભાષા અને અર્થને બાજુ પર મૂકી દઈને આપણા મનના તરંગોને અનુસરીને માની લીધેલો અર્થ કરવા માટે તેના પર જુલમ કરવાથી કશો અર્થ સરશે નહિ. પરંતુ એ દૃષ્ટિબિંદુમાં આટલું સત્ય રહેલું છે કે ગીતાના તત્ત્વના ઉપદેશની પરિસ્થિતિ પોતે એક પ્રતીક નથી તોપણ લાક્ષણિક તો છે, અને ગીતા જેવા મહાન ગ્રન્થની પરિસ્થિતિ એવી હોય એ સ્વાભાવિક પણ લાગે છે, ખાસ કરીને એના ઉપદેશ સાથે એ પરિસ્થિતિનો સંબંધ હોય તો. અર્જુન જીવન-સંગ્રામમાં, અને માનવની તથા પ્રજાઓની પ્રભુપ્રેરિત પ્રવૃત્તિમાં વ્યસ્ત માનવ-પ્રતિનિધિ છે, એ આપણે આગળ જોયું છે. કર્મમય જીવનમાં રત થઈ ગયેલ માનવ-આત્માનો પ્રતિનિધિ અર્જુન ગીતામાં જીવનના તીવ્રમાં તીવ્ર અને ઉગ્ર કટોકટીના પ્રસંગ મારફત માનવજીવનની સમસ્યાનો સામનો કરે છે અને ત્યાં એને જણાય છે કે માનવજીવન અને આધ્યાત્મિક અવસ્થા, અરે, જીવન અને નીતિમય પૂર્ણતાનો આદર્શ એ બે વચ્ચે પણ દેખીતો વિસંવાદ છે.

અવતારરૂપ શ્રીકૃષ્ણ જે રથના સારથિ છે તે રથમાં બેઠેલો યોદ્ધો અર્જુન છે. વેદમાં પણ માનવ-આત્મા અને પ્રભુ એક જ રથમાં બેસીને ઊર્ધ્વ માર્ગના લક્ષ પ્રત્યે યાત્રા કરે છે એવું વર્ણન આવે છે. ત્યાં આગળ તે શુદ્ધ રૂપક અને પ્રતીક છે એ સ્પષ્ટ છે. ત્યાં પ્રભુ ઇન્દ્ર રૂપે વર્ણવાયો છે. તે જ્ઞાન-જ્યોતિવાળા સ્વર્ લોકનો અને અમૃતનો સ્વામી છે. પ્રભુની એ જ્ઞાનશક્તિ

માનવ-જિજ્ઞાસુને અવિદ્યા, અસત્ય, અંધકાર અને મૃત્યુની મર્યાદાઓ સામેના યુદ્ધમાં સહાય કરવા માટે નીચે અવતરે છે. આ સંગ્રામ માનવનાં એ આધ્યાત્મિક રિપુઓની સામે કરવાનો હોય છે; કારણ કે માનવની ચેતનામાં રહેલા ઊર્ધ્વ લોકો પ્રત્યે પ્રગતિ કરતાં એ સઘળાં તેને બાધા કરે છે. બૃહત્ જ્યોતિર્મય સ્વર્ લોકને પ્રાપ્ત કરવો એ આ યાત્રાનો ઉદ્દેશ છે. એ સ્વર્ લોકનો સ્વામી ઇન્દ્ર છે. માનવનો આત્મા કુત્સ છે. તે દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છતો જિજ્ઞાસુ, સાધક છે. એ કુત્સ અર્જુનનો પુત્ર અર્જુની એટલે શ્વેત છે, પવિત્ર છે. એ સાત્ત્વિક જ્યોતિર્મય પ્રકૃતિવાળો આત્મા છે. અને જ્યારે એ બન્નેનો રથ ઇન્દ્રને ધામે પહોંચે છે ત્યારે માનવ કુત્સ પોતાના દિવ્યસખા, ઇન્દ્રદેવને એટલો બધો મળતો બની ગયો છે, એટલો બધો સમાનરૂપ થઈ ગયો છે, કે એ બેમાંથી ખરા ઇન્દ્રને ઇન્દ્ર-પત્ની શચિ જ ઓળખી શકે છે, કારણ કે શચિ ઋતચિત્ છે, સત્ય ચેતનાવાળી છે. આ રૂપકમાં માનવના અંતર-જીવનના વિકાસની વાત રહેલી છે. પોતાના અંતરમાં જ્ઞાનના પ્રકાશની વૃદ્ધિ કરતાંકરતાં આખરે માનવ સનાતન પ્રભુના જેવો દિવ્ય બની રહે છે એવો એ રૂપકનો અર્થ છે. પરંતુ ગીતાનો આરંભ કર્મથી થાય છે, અને અર્જુન કર્મવીર છે, જ્ઞાની કે જિજ્ઞાસુ નથી. એ એક લડવૈયો છે, મનીષી કે ઋષિ નથી.

શરૂઆતથી તે છેવટ સુધી ગીતામાં શિષ્યનું શીલ, તેની વૃત્તિ ઉપર જણાવી તેવી જ રહે છે, અર્જુનનો સ્વભાવ અને તેનો અધિકાર શરૂઆતમાં જ જણાઈ આવે છે. જે કામ કરવા પોતે પ્રવૃત્ત થયો છે તેના સ્વરૂપ વિશે એ જે રીતે જાગ્રત બને છે તે રીતમાં જ એનું શીલ પ્રગટ થાય છે. પોતે કોઈ મહાન કતલના ઘોર કાર્યમાં હથિયાર બની રહ્યો છે એમ તેને લાગે છે. એ પ્રસંગે એના મનમાં જે જાતના વિચારો ઊભરાય છે, તથા લડાઈના ઘોર કર્મમાંથી જે રીતે ધૃણા પામીને તે પાછો ફરી જાય છે, પરાઙ્મુખ થાય છે તેમાં આપણને અર્જુનની ઓળખાણ મળી રહે છે. એના વિચારો કે એનું દૃષ્ટિબિંદુ એક તત્ત્વજ્ઞાનીનું, ઊંડું ચિંતન કરનાર વિચારકનું કે આધ્યાત્મિક વલણવાળા ધાર્મિક માણસનું પણ નથી. એના બધા વિચારો એક વ્યવહારુ, સામાન્ય લાગણીપ્રધાન નીતિમાન અને બુદ્ધિશીલ માણસના છે જેને ગંભીર ચિંતનનો અભ્યાસ નથી, જીવનના પ્રશ્નોમાં ઊંડા ઊતરવાની જેને ટેવ નથી એવા માણસના એ વિચારો છે. અર્જુન એક એવી વ્યક્તિ છે જેને ઉચ્ચ, પરંતુ નિશ્ચિત થઈ ચૂકેલા વિચારો, આદર્શો અને વર્તનનાં ધારાધોરણોને અનુસરવાનો અભ્યાસ પડી ગયો છે. જીવનની બધી તડકીછાંયડીઓમાં અને મુશ્કેલીઓમાં અમુક નિયમ સ્વીકારીને વિશ્વાસપૂર્વક વર્તન કરવાની એને ટેવ પડેલી છે. કુરુક્ષેત્રના મેદાન પર આવતાં એને પ્રતીત થાય છે કે એનાં બધાં ધારાધોરણો અને મૂલ્યો હાલી

ગયાં છે, એમાંનાં કોઈ એને કામ આપે એવાં રહ્યાં નથી. આમ થતાં એક ઝટકે એનો પોતાના ઉપરનો અને જીવન ઉપરનો એનો વિશ્વાસ ઊડી જાય છે. અર્જુનને માટે જે કટોકટીનો પ્રસંગ ઉપસ્થિત થયો છે તે આ પ્રકારનો છે.

ગીતાની ભાષામાં કહીએ તો અર્જુન પ્રકૃતિના ત્રણ ગુણોને વશ, બીજા સાધારણ માણસ પેઠે જીવનમાં પોતાને પ્રાપ્ત થયેલા ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારનો પ્રશ્ન કર્યા વગર કર્મ કરનાર એક વ્યક્તિ છે. એનું નામ 'અર્જુન' એટલે 'શ્વેત' એ અર્થમાં સાર્થક છે કે એણે અત્યાર સુધી પોતાના જીવનને શુદ્ધ સાત્ત્વિક રાખ્યું છે. એટલે કે એણે જીવનને ઉચ્ચ અને પવિત્ર આદર્શોથી નિયત કરેલું છે, તથા જીવનમાં એ પોતે જે ઉદાત્તમાં ઉદાત્ત અને ઊંચામાં ઊંચું ધોરણ જાણી શક્યો છે તેના વડે એણે પોતાની બધી પ્રકૃતિના ઉપર સંયમ રાખ્યો છે. અર્જુનના અંતરમાં આસુરી વૃત્તિઓ નથી. એ પોતાના આવેશોનો ગુલામ નથી. નાનપણથી ઉગ્ર શમ અને સંયમ પાળવાની એને કેળવણી મળેલી છે. અત્યાર સુધી પોતાની ફરજ તે કડક રીતે બજાવતો આવ્યો છે તથા પોતાના કુલના અને સમાજના સારામાં સારા સિદ્ધાંતો, નીતિ અને ધર્મ પ્રમાણે તે હમેશાં વર્તન કરતો રહ્યો છે. બીજા સામાન્ય માણસોની પેઠે અર્જુન પણ અહંકારી છે. પણ એનો અહંકાર વધારે શુદ્ધ એટલે કે સાત્ત્વિક છે. અર્જુન સંપૂર્ણપણે કે મોટેભાગે પોતાના સ્વાર્થ, કામનાઓ અને આવેગોથી કર્મમાં પ્રેરાતો નથી, પરંતુ નીતિના નિયમો, સમાજ તથા બીજા લોકોના હકની પણ એ દરકાર રાખે છે. અત્યાર સુધી તેણે શાસ્ત્ર પ્રમાણે, એટલે કે નીતિના અને સમાજની ઉન્નતિના ધોરણ અનુસાર, પોતાનું જીવન ગાળ્યું છે અને એની મદદ વડે પોતાનો માર્ગ એણે કાપ્યો છે. એના મનમાં જે ગડમથલ હવે થાય છે તે પોતાના જીવનના ધોરણ વિષે, ધર્મના ધોરણ વિષેની છે. આર્યાવર્તમાં આચારના એક વિશિષ્ટ ધોરણને ધર્મ કહેવામાં આવે છે અને ધર્મ સામાજિક, નીતિવિષયક ને ધાર્મિક નિયમોનું એકસામટું બનેલું ધોરણ દરેક વ્યક્તિને આપે છે. જીવનના જે જે ક્ષેત્રમાં અને વ્યવસાયમાં માણસ રોકાયેલો હોય તે તે ક્ષેત્ર ને કાર્ય માટે, તે તે વર્ણ માટે, આચારનો એક નિશ્ચિત નિયમ એ ધર્મ આપે છે. અર્જુન ક્ષત્રિય છે, તે આત્મસંયમી, ઉદાર, ઉદાત્ત, ધર્મરક્ષક રાજકુમાર છે, આર્યલોકના નેતા છે. ક્ષત્રિયના ધર્મનું અનુસરણ કરીને પોતાના ધર્મ વિષે, પોતાની ફરજ વિષે સદા જાગ્રત રહીને તેણે અત્યાર સુધી પોતાની પ્રગતિ સાધી છે. અને હવે કુરુક્ષેત્રના રણમેદાન પર એને ઔચિત્યનું જ્ઞાન થાય છે કે એનો એ ધર્મ આખરે એને એક અસાધારણ ભીષણ કતલ કરનાર બનાવી રહ્યો છે, એ લડાઈએ એક રાક્ષસી કુટુંબકલહનું રૂપ ધારણ કર્યું છે. અને એમાં આર્યાવર્તની બધી સુસંસ્કૃત જાતિઓનો સમાવેશ થઈ ગયો છે. એટલે એ કલહને પરિણામે સમગ્ર આર્ય-

જાતિઓનાં માનવરત્નોનો વિનાશ નિમિત થયો લાગે છે. અને છેવટે એ આખી આર્યસંસ્કૃતિ પોતે વિનાશ પામી જાય અને સમાજમાં સઘળે અરાજકતા પ્રવર્તે તોપણ આશ્ચર્ય નહીં.

વ્યવહારમાં ઊતરી શકે તે જ સત્ય એવું માનનારા મનુષ્યોમાનો અર્જુન એક છે તેનો બીજો પુરાવો એ છે કે પોતાના કર્મનો શો અર્થ છે એ પ્રશ્નનું જ્ઞાન એને પોતાની ઇન્દ્રિયોની લાગણીઓમાં થયેલા પ્રતિકાર્ય વડે થાય છે, વિચાર કે ચિંતનને પરિણામે એને જ્ઞાન થતું નથી. એણે પોતાના મિત્ર અને સારથિ શ્રીકૃષ્ણને બન્ને લશ્કરોની વચ્ચે પોતાનો રથ રાખવાને કહ્યું હતું[૧] તે કોઈ ગહન વિચાર માટે નહિ, પરંતુ યુદ્ધ કરવાની ઇચ્છાથી આવેલા સર્વ લોકોને પોતે જોઈ શકે એટલા માટે જ હતું.[૨] અર્જુન અભિમાનપૂર્વક જાહેર કરે છે કે અધર્મની બાજુના જે હજારો પક્ષકારો અહીં આવ્યા છે તથા જેમની સાથે મારે યુદ્ધમાં ઊતરવાનું છે, જેમને મારે જીતવાના છે, અથવા જેમને આ યુદ્ધના મુદ્દિને મારે મારવાના છે તેમને પોતે જોવા માગે છે. કારણ કે એને લાગે છે કે એ રીતે જ ધર્મનો જય થશે.[૩] પણ જ્યારે તે સામે ઊભેલા લશ્કર તરફ પોતાની નજર ફેરવે છે ત્યારે એના મન આગળ વિદ્યુત્‌ના ચમકારા પેઠે ગૃહકલહ, કુટુંબવિનાશ એ શું છે તે સ્પષ્ટ થાય છે. એણે જોયું કે એ યુદ્ધમાં એક જાતિના જ નહિ, એક વંશના જ નહિ પરંતુ એક જ કુટુંબનાં અને ઘરનાં માણસો સામસામી બાજુએ લડવાને સજ્જ થઈને ઊભેલાં છે. જે જે વ્યક્તિઓને સામાજિક માણસ સૌથી વધારે પ્રિય અને પવિત્ર ગણે છે તે તે બધાને એણે શત્રુ તરીકે જોવાના છે અને હણવાના છે. પૂજિત આચાર્યો ને ગુરુઓ, જૂના મિત્રો અને એક વખત સાથે હથિયાર સજીને લડેલા સહયોદ્ધા, સખાઓ, વડીલો અને દાદાઓ, જેઓ એના પિતાને સ્થાને ગણી શકાય એવા એમાં રહેલા છે. બીજા જેઓ એના પુત્ર સમા કે પ્રપૌત્ર સમા છે, એ સઘળા બંધુઓ અને કુટુંબીજનો સાથેના સામાજિક અને અંગત સંબંધને એણે તલવારની ધાર વડે કાપવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે એમ તેને જણાયું. આનો અર્થ એવો નથી કે આ બાબતની એને પહેલેથી માહિતી ન હતી. એવું તો હતું જ નહિ; પરંતુ પોતે જેને ધર્મયુદ્ધ ગણતો

---

૧ सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत । (१. २१)

૨ यावदेतान्निरीक्ष्येऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रण समुद्यमे ।। (१. २२)

૩ योत्स्यमानानवेक्ष्येऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ।। (१. २३)

હતો તે શું છે એનો ખ્યાલ કુરુક્ષેત્રના મેદાન પર એના મનમાં જેવો તાદૃશ્ય થયો તેવો થયો ન હતો. એના પોતાના હક્ક અને પોતાને કૌરવો તરફથી થયેલા અન્યાયની ધૂન એના મન પર સવાર થઈ હતી. વળી જીવન કેમ ગાળવું એના સિદ્ધાંતો પણ એની પાસે હતા. ધર્મને ખાતર યુદ્ધ કરવાની, ન્યાય અને ધર્મના રક્ષણ માટે લડવાની, અન્યાય, જુલમ અને અધર્મને જમીનદોસ્ત કરવાની ક્ષત્રિયની ફરજ છે તે એ જાણતો હતો. એટલે કે આ કુરુક્ષેત્રના સંગ્રામની બાબત એણે બહુ ઊંડો વિચાર કર્યો ન હતો. અથવા તો પોતાના હૃદયની કે પ્રાણની લાગણીઓને એણે ઝીણવટથી તપાસી ન હતી. એટલે જ્યારે એના સારથિ કુરુક્ષેત્રનું દૃશ્ય બતાવે છે, અને એ દૃશ્યનો પૂરો અર્થ એની ઇન્દ્રિયોને હલાવી નાખે એ પ્રકારે પ્રત્યક્ષ થાય છે ત્યારે એની ઇન્દ્રિયો, પ્રાણ અને લાગણીના કેન્દ્રમાં એક આઘાત પેઠે આ વસ્તુ એને વાગે છે.

આ આઘાતનું તાત્કાલિક અને પહેલું પરિણામ એક પ્રકારની ઇન્દ્રિયોના ઉગ્ર પ્રતિકાર્યની થાને ધૃણાની લાગણી રૂપે આવે છે. લડાઈના ક્રૂર કર્મ પ્રત્યે તથા જગતના ક્ષણિક પદાર્થો પ્રત્યે તિરસ્કાર અને ઉદાસીનતા અર્જુનના મનમાં થઈ આવે છે. પરિણામે યુદ્ધના કાર્ય પ્રત્યે, એના સ્થૂલ હેતુઓ પ્રત્યે, અને સમગ્ર જીવન પ્રત્યે એને ધૃણા ઉત્પન્ન થાય છે. અહંપ્રધાન માનવજાતિ જે પ્રાણમય ઉદ્દેશોને, એટલે કે સુખભોગને અનુસરે છે તેમનો અર્જુન ઇન્કાર કરે છે. ક્ષત્રિયના જીવનના જે ઉદ્દેશો છે—વિજય, રાજ્ય, સત્તા, લક્ષ્મી અને માનવ પર અધિકાર ભોગવવો—એ બધાંનો પણ તે ત્યાગ કરી દે છે, એ સઘળાં પ્રત્યે પણ તે ઉદાસીન થઈ જાય છે. કહેવાતા ન્યાય માટેના એ ધર્મયુદ્ધનું વ્યવહારુ સ્વરૂપ જ્યારે જોવા જઈએ ત્યારે આખરે તો એ જ ને કે હું અર્જુન મારા પોતાના, મારા ભાઈઓના અને પોતાના પક્ષના સ્વાર્થને માટે લડું છું, એટલે કે મિલ્કત, ભોગ અને રાજ્ય માટે અમે લડીએ છીએ? પરંતુ આવી આકરી કિંમત આપીને એ વસ્તુઓ પ્રાપ્ત કરવા જેવી અર્જુનને નથી લાગતી; કારણ કે એ વસ્તુઓમાં પોતાનામાં કાંઈ મૂલ્ય રહેલું છે એવું તો મુદ્દલે નથી. સામાજિક અને પ્રજકીય ધર્મનાં ધોરણોને ટકાવી રાખવાના સાધન રૂપે એ બધી વસ્તુઓનું મૂલ્ય રહેલું છે અને પોતાના સગોત્ર અને સગાંઓનો વિનાશ કરવાને પોતે તત્પર થયો હોવાથી એ હેતુઓ જ વિનાશ પામવાના છે. આ વિચારમાળા પછી અર્જુનના અંતરમાં લાગણીઓનો ઉછાળો શરૂ થાય છે. આ લોકો જેમને માટે આપણે સુખભોગની કામના કરીએ છીએ તે, આપણા જ 'સ્વજન' છે એમને હણીને પૃથ્વીનું રાજ્ય મળે, અથવા તો ત્રિલોક સમસ્તનું રાજ્ય મળે તોપણ એ કાર્ય કરવાને કોણ સંમત થાય? એવું ઘોર પાપકર્મ કર્યા પછી જીવનમાં સુખ પણ શું રહે? શો આનંદ રહે?

શો સંતોષ મળી શકે? આખી વસ્તુ મહાન પાતક રૂપ છે. આમ ધૃણાની લાગણીની પાછળ નીતિની ભાવના જાગ્રત થઈને તેને ટેકો આપે છે. આવું યુદ્ધ પોતે જ એક પાપકર્મ છે, એ પ્રમાણે પરસ્પર વિનાશમાં ન ધર્મ હોઈ શકે, ન ન્યાય સંભવે. તેમાં પણ જેમને મારવાના છે તે લોકો પૂજ્ય ગુરુજનો અને વડીલો છે, જેમના વિના જીવવું પણ નિરર્થક લાગે એવા નિકટના એ સગાઓ છે. આ પવિત્ર પૂજ્યભાવનો ધ્વંસ કરીને લડવું, આ પવિત્ર લાગણીઓનો ઉચ્છેદ કરવો એમાં પુણ્ય તો કયાંથી જ હોય? એ તો ઘોર પાપ જ છે. કબૂલ, કે આ પરિસ્થિતિમાં પહેલો ગુનો, કહો આક્રમણ, પહેલું પાપ, જે કહો તે, સામી બાજુએથી શરૂ થયું છે. અર્થાત્, કૌરવો લોભના અને સ્વાર્થના ભોગ બન્યા છે. એને લઈને આ કુરુક્ષેત્રના સંગ્રામની પરિસ્થિતિ ઊભી થઈ છે. પરંતુ સંગ્રામ જેવા પાપી હથિયાર વડે એમનો સામનો કરવો એ કાર્ય જ પાપ છે, ગુનો છે. અને અમારું પાંડવોનું આ પાપ કૌરવોના કરતાં વધારે ઘોર છે કારણ કે એમનાં મન તો લોભ અને સ્વાર્થથી અંધ થયેલાં છે. એમનો ગુનો અજાણતાં—અજ્ઞાનમાં થાય છે, પરંતુ અમે પાંડવો તો સમજણ ને જ્ઞાનપૂર્વક આ કુળક્ષયનું અને મિત્રદ્રોહનું પાપ આચરી રહ્યા છીએ.[૪] અને તે પણ શેને માટે? કુળધર્મની, સમાજના અને પ્રજાના ધર્મની રક્ષા કરવા માટે? પરંતુ આ સંગ્રામમાં તો સઘળા ધર્મો નાશ પામવાના છે, કુટુંબ પોતે જ વિનાશ પામશે, નીતિનો લોપ થશે, વર્ણસંકર દોષ કુળમાં પ્રવેશ કરશે અને સનાતન જાતિધર્મ અને કુલધર્મ બન્ને વિનાશ પામશે. આખી પ્રજાની ખાનાખરાબી, અધોગતિ થશે, મહાન પ્રણાલીઓનો લોપ થશે. આ મહા પાપના આચરનાર એવા અમને જીવતાં નીતિમાં પતન, અને મરણ પછી નરક રૂપ એ પરિણામો જ મળશે. આવા ઘોર કુળસંગ્રામનાં એ જ પરિણામ હોઈ શકે. એટલે, દેવતાઓએ કટોકટીના પ્રસંગ માટે આપેલું દિવ્ય ધનુષ ફેંકી દઈને અર્જુન કહે છે: 'અશસ્ત્ર અને અહિંસક એવા મને ધૃતરાષ્ટ્રના પુત્રો મને હણે એ મારે માટે વધારે શ્રેયસ્કર છે, વધારે કલ્યાણ કરનારું છે. (૧.૪૬)[૫] હું યુદ્ધ નહિ કરું.' (૨.૯)

---

૪ यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ।। (१. ३८)

૫ कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ।। (१. ४०)
अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ।। (१. ४१)

અર્જુનના મનમાં થયેલો આ ઉત્પાત ચોખ્ખું બતાવી આપે છે કે એ કોઈ તત્ત્વજ્ઞાની કે વિચારકના મનની પ્રશ્નપરંપરા નથી. જીવનનું બહારનું સ્વરૂપ જોઈને તેનાથી ધૃણા પામીને માનવની દૃષ્ટિ સત્ય પ્રાપ્તિ માટે અંતર્મુખ બને છે, તેવા પ્રકારની આ પ્રવૃત્તિ નથી. જીવન એટલે શું? જીવનના કપરા કોયડાનો શો ઉકેલ હશે? જીવનની ગૂંચવણમાંથી છુટકારો કેવી રીતે થાય? એ પ્રશ્નો અહીં ઉપસ્થિત થતા નથી. અર્જુનની સ્થિતિ તો જીવનમાં અત્યાર સુધી કર્મ અને તેનાં પ્રચલિત ધોરણોનું સંતોષપૂર્વક અનુસરણ કરનાર વ્યવહારુ માણસના મનમાં નાડીઓનો, લાગણીઓનો અને નીતિની ભાવનાનો બળવો જાગે અને એનું માનસ ભીષણ અવ્યવસ્થામાં જઈ પડે, એનાં બધાં ધોરણો અને મૂલ્યો પરસ્પર વિરોધી થઈ પડે અને એને પોતાને ઊભા રહેવાની નૈતિક જગા પણ રહે નહિ; આચાર માટે, વર્તન માટે કોઈ ટેકો પણ રહે નહિ, ધર્મ રહે નહિ એવી એ સ્થિતિ છે. કર્મ તરફના ઝોકવાળી પ્રકૃતિવાળા માણસને માટે એ સૌથી વધારે કપરી સ્થિતિ છે, મોટી નિષ્ફળતા છે. અર્જુનના માનસમાં થયેલું બંડ, એના અંતરની આંધી એકદમ મૌલિક અને સાદી છે. ઇન્દ્રિયોની લાગણીઓ ઉશ્કેરાઈ છે, અને એના નાડીયંત્રમાં ધૃણા, દયા, આત્મભર્ત્સના, તિરસ્કારની લાગણી ઊભરાય છે, પ્રાણમાં કર્મ પરથી અને જીવનના સ્વીકૃત ઉદ્દેશ પરથી આકર્ષણ અને શ્રદ્ધા બન્ને ઊડી જાય છે. હૃદયમાં સામાજિક માનવની લાગણીઓનું પ્રતિકાર્ય થયું છે: એટલે કે એક બાજુ ફરજની કડક માગણી અને સામી બાજુએ પ્રેમ, પૂજ્યભાવ, સૌને સુખ અને સંતોષ મળે એવી ભાવના એ બે વચ્ચેનો વિરોધ રહેલો છે. ઉપરાંત પાપની સામાન્ય લાગણી, નરકનો ભય અને 'રુધિરથી ખરડાયેલા' ભોગોનો અસ્વીકાર વગેરે પણ આવીને ઉપસ્થિત થઈ ગયેલ છે. એટલે કે સ્થિતિ એ થઈ છે કે કર્મના અમુક ધોરણનું અનુસરણ કરતાં કર્મનો ઉદ્દેશ જ તેનાથી વિનાશ પામે છે! આખી પરિસ્થિતિનું એકંદર પરિણામ એ આવે છે કે અર્જુન પોતાના અંતરમાં આધ્યાત્મિક ધોરણનું દેવાળું અનુભવે છે. જ્યારે અર્જુન કહે છે કે એની વિચારશક્તિ માત્ર નહિ, પણ એની સમગ્ર ચેતના, એનું હૃદય, એના પ્રાણ વગેરે પણ ભ્રમિત થઈ ગયાં છે અને કોઈ પ્રકારનો ધર્મ એને દેખાતો નથી, કર્મ કરવાના આધાર રૂપ કોઈ નિયમ એને જડતો નથી ત્યારે એની સ્થિતિ

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ।। (१. ४३)
यदि मामप्रतीकारं अशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्राः रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ।। (१. ४६)

આપણે સ્પષ્ટપણે સમજી શકીએ છીએ. આ નિરાધારતાને લઈને અર્જુન શિષ્યભાવે શ્રીકૃષ્ણને શરણે જાય છે. શ્રીકૃષ્ણને એ કહે છે : 'મારો ધર્મ, જે મેં ગુમાવ્યો છે તે ધર્મ, કર્મમાં પ્રવૃત્ત થવાનો નિયમ, જેના પર વિશ્વાસ મૂકીને હું ચાલી શકું એવો આચારનો માર્ગ મને આપો.' શ્રીકૃષ્ણ પાસે તે જીવનનું રહસ્ય શું છે? આ જગતનું સત્ય શું છે? જીવનનો અર્થ અને તેનો હેતુ શો છે? એ પ્રશ્નો તે પૂછતો નથી, પણ 'ધર્મ'ને માટે એ માગણી કરે છે.

અને છતાં જે રહસ્ય જાણવાની માગણી અર્જુને કરી નથી તે રહસ્ય જ, — અથવા તો, ઉચ્ચ આધ્યાત્મિક જીવન પ્રત્યે તેને દોરવા માટે તેનું જેટલું જ્ઞાન આવશ્યક છે તેટલું, — શ્રીકૃષ્ણ પોતાના શિષ્યને આપે છે, કારણ કે એક પરમ ધર્મ સિવાયના બીજા બધા ધર્મોનો અર્જુન પરિત્યાગ કરે એવું શ્રીકૃષ્ણ ઇચ્છે છે. એ ધર્મ એટલે પ્રભુની દિવ્ય ચેતનામાં પોતાની ચેતના રાખવાનો અને તેમાંથી જ સર્વ કર્મો કરવાનો વિશાળ અને અસીમ ધર્મ છે. આમ હોવાથી વ્યવહારનાં સામાન્ય ધોરણોની સામે અર્જુનના મનમાં જે બળવો ઊઠ્યો છે તે સમૂળો અને સંપૂર્ણ છે એની ખાતરી કરીને શ્રીકૃષ્ણ એને આત્માની અવસ્થા વિષે વિસ્તારપૂર્વક બોધ આપે છે. એ બોધનો કર્મના બાહ્ય નિયમ કે ધર્મ સાથે કશો સંબંધ નથી. શ્રીકૃષ્ણ અર્જુનને આત્માની સમતાવાળા થવાનું કહે છે, તેને કર્મના ફળની ઇચ્છાનો ત્યાગ કરવાનો બોધ આપે છે, પાપ અને પુણ્યના માનસિક વિચારોથી પર થવાની જરૂર તથા સમાધિમાં મનને સ્થિર રાખીને યોગયુક્ત કર્મો કરવાની આવશ્યકતા તેને સમજાવે છે. ટૂંકામાં, પ્રભુની અંદર પોતાની ચેતનાની દૃઢ પ્રતિષ્ઠા કરીને એણે વર્તવું જોઈએ એવો બોધ તેને આપે છે. પણ અર્જુનને એનાથી સંતોષ થતો નથી. એ જાણવા માગે છે કે આત્માની એ અવસ્થાની માણસના કર્મના ઉપર કેવી અસર થશે? એની વાણી, એની ગતિ, ક્રિયા પર કેવી અસર થશે? એવો માણસ કેવી રીતે ઊઠશે, બેસશે, બોલશે, ચાલશે? એના ઉત્તરમાં શ્રીકૃષ્ણે પોતે જે વિચારો આત્માની અવસ્થા વિષે પહેલાં રજૂ કર્યા છે તેમનો જ વિસ્તાર કરે છે, કર્મ વિષે કાંઈ જ કહેતા નથી. પોતાની બુદ્ધિને નિષ્કામ સમતાની સ્થિતિમાં દૃઢતાપૂર્વક સ્થિર કરવી એ જ મુખ્ય વસ્તુ છે. એ સાંભળીને અર્જુન અધીરો થઈ બોલી ઊઠે છે — કારણ કે એને જોઈએ છીએ તે કર્મનો નિયમ એને એમાં દેખાતો નથી એટલું જ નહિ, પરંતુ એને તો ઊલટો કર્મનો અભાવ એમાં દેખાય છે. કર્મ કરવા કરતાં એવી સ્થિર બુદ્ધિ વધારે મહાન છે એમ તું માનતો હોય તો મને આ ઘોર કર્મ કરવામાં શા માટે પ્રેરે છે? અનિશ્ચિત અને દ્વિઅર્થી ગોળગોળ વાણી વડે તું મારા મનમાં ભ્રમ ઉત્પન્ન કરે છે; એટલે એક વસ્તુનો નિશ્ચય કરીને મને કહે જેથી મારું શ્રેય

હું સાધી શકું.' (૩.૧-૨)[૬] અહીં સ્પષ્ટ જણાય છે કે આ એક વ્યવહારનું સત્ય જાણવાને આતુર માણસની વાણી છે, એને બૌદ્ધિક કે તાત્ત્વિક સત્યની કે આંતર જીવનની કશી કિંમત નથી, સિવાય કે ધર્મ માટેની એની માગણીને તે સંતોષ આપે એવું હોય; એટલે કે, એને જીવનમાં વર્તન કરવાનો એક નિયમ આપે અથવા તો, જરૂર હોય તો, જગતનો ત્યાગ કરવાનો આદેશ આપે એવું જ્ઞાન કે આંતર જીવનની એ માગણી કરે છે. કારણ કે એવો આદેશ પણ એક નિશ્ચિત કર્મરૂપ છે. અને અર્જુન એવા નિશ્ચિત કર્મને સમજી શકે છે. પણ જગતમાં રહેવું, કર્મ કરવાનું ચાલુ રાખવું અને છતાં એનાથી પર રહેવું, એ તો 'વ્યામિશ્ર' વાક્ય છે, ભ્રમ પેદા કરનારી સલાહ છે. એનો અર્થ સમજવા જેટલી ધીરજ પણ અર્જુનમાં નથી.

અર્જુનના બાકીના પ્રશ્નો અને વાક્યો પણ ઉપર જણાવી એવી પ્રકૃતિમાંથી ઉદ્‌ભવે છે. જ્યારે શ્રીકૃષ્ણ એને કહે છે કે એક વાર આત્માની અવસ્થા સ્થિરપણે સ્થાપન થઈ એટલે પછી કર્મના બાહ્ય સ્વરૂપમાં ફેર થવો જ જોઈએ એવું નથી, અર્જુન પોતાના સ્વભાવ પ્રમાણે કર્મ કર્યે જઈ શકે છે. પોતાની પ્રકૃતિ અનુસાર, સ્વભાવથી નિયત થયેલું કર્મ ખામીવાળું હોય, તો પણ સ્વધર્મ હોવાથી પરધર્મના કરતાં ઉત્તમ છે માટે તે પ્રમાણે જ આચરણ કરવું જોઈએ. જ્યારે અર્જુનને એ પ્રમાણે કહેવામાં આવે છે ત્યારે એ ગૂંચવણમાં પડી જાય છે. પ્રકૃતિ! સ્વભાવ!! ખરું, પણ આ કુરુક્ષેત્રના સંગ્રામના કાર્યમાં પાપની લાગણી થાય છે તેનું શું? અને એ લાગણી સમગ્ર પ્રકૃતિમાં વ્યાપીને તેને ભરી દે છે તેનું શું? તમે કહો છો તે પ્રકૃતિ જ માણસને તેની ઇચ્છા વિરુદ્ધ બળાત્કારે પાપમાં અને ગુનામાં પ્રેરતી નથી? અને જ્યારે શ્રીકૃષ્ણ જાહેર કરે છે કે પ્રાચીન કાળમાં કહેલો અને ત્યાર પછી લુપ્ત થયેલો, પૂર્વ કાળમાં વિવસ્વાનને કહેલો યોગ પોતે અત્યારે અર્જુન આગળ પ્રગટ કરી રહ્યા છે ત્યારે તો અર્જુનની વ્યવહારુ બુદ્ધિ ભ્રમિત જ થઈ જાય છે. એટલે શ્રીકૃષ્ણ પાસે એ સમજૂતી માગે છે તેના જવાબમાં ઘણી વાર ટાંકવામાં આવતો અવતારવાદ વિષેનો પ્રખ્યાત શ્લોક એને મળે છે. એમાં અવતારવાદ અને તેનાં—જગત માટેનાં—કાર્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ સાંભળીને અર્જુન ફરીને સમજી શકતો નથી અને ઊલટો ગૂંચવણમાં

---

૬ જ્યાયસી ચેત્કર્મણસ્તે મતા બુદ્ધિર્જનાર્દન ।
તત્કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ ।। (૩. ૧)
વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિ મોહયસીવ મે ।
તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્ ।। (૩. ૨)

પડી જાય છે. કારણ કે શ્રીકૃષ્ણનો બોધ કર્મ અને કર્મનો સંન્યાસ બન્નેનું સમાધાન કરનારો લાગે છે અને તેથી ફરીને અર્જુન એક નિશ્ચિત સલાહ માટે, ચોક્કસ નિર્ણય માટે માગણી કરે છે. જે ઉત્તમ અને શ્રેયસ્કર હોય તે નક્કી કરીને કહેવાનું તે શ્રીકૃષ્ણને કહે છે, ગોળગોળ 'વ્યામિશ્ર' વાક્ય નહિ. શ્રીકૃષ્ણ અર્જુનને કેવા પ્રકારનો યોગ કરવાની આજ્ઞા કરી રહ્યા છે એની બરાબર સમજણ જ્યારે અર્જુનને પડે છે, ત્યારે મનોમય સંકલ્પશક્તિ, અંગત પસંદગી અને કામનાઓની પ્રેરણાથી કર્મ કરવાને ટેવાયેલો એનો સ્વભાવ મુશ્કેલીના ખ્યાલથી ગભરાઈ સ્તબ્ધ થઈ જાય છે અને પૂછે છે કે સાધના કરવામાં નિષ્ફળ જનાર માણસની શી સ્થિતિ થાય છે? એક બાજુથી માનવજીવન એટલે વિચાર, ભાવ વગેરેથી પ્રેરાતું સામાન્ય જીવન એ ત્યાગી દે છે અને બીજી બાજુ બ્રાહ્મી સ્થિતિને એ પ્રાપ્ત કરી શકતો નથી; આમ છિન્નભિન્ન થયેલાં વાદળાં જેવો એ સમૂળા વિનાશને તો પામતો નથી? (૬-૩૮)[૭]

જ્યારે અર્જુનની બધી શંકાઓનું ને ગૂંચવણોનું નિરાકરણ શ્રીકૃષ્ણ કરી આપે છે અને જ્યારે એને માલૂમ પડે છે કે પ્રભુ એ જ એનો એક-માત્ર નિયમ હોવો જોઈએ ત્યારે પણ અર્જુન ફરીને પાછી મૂળ વસ્તુ, જે ઈશ્વર છે, તેના પ્રત્યે, ભાવિ કર્મના એ નિયમ પ્રત્યે પોતાને લઈ જઈ શકે એ પ્રકારના ચોક્કસ અને સ્પષ્ટ જ્ઞાન માટે માગણી કરે છે. એ પૂછે છે કે જીવનના સામાન્ય અનુભવો કરનારી આપણી ચેતનાથી પ્રભુની ચેતના કઈ રીતે જુદી પાડીને જાણી શકાય તેમ છે? એ મહાન વિશ્વશક્તિના એવા મોટા આવિર્ભાવો કયા કયા છે અને એની વિભૂતિઓ કઈ કઈ છે જેમનું ધ્યાન કરીને હું એમને ઓળખી શકું? અને એનો સાક્ષાત્કાર કરી શકું? માનવનાં મન અને દેહના પડદા પાછળ રહીને અત્યારે પણ જે દિવ્ય વસ્તુ એની સાથે વાત કરી રહી છે તે દિવ્યતાના વિશ્વરૂપનાં અત્યારે પણ દર્શન ન કરી શકાય? એવો પ્રશ્ન પણ તે કરે છે. છેવટના એના પ્રશ્નોમાં કર્મનો સ્થૂલ ત્યાગ અને સૂક્ષ્મ સંન્યાસ કરવાની આજ્ઞા એ બે વચ્ચેના ભેદને સ્પષ્ટપણે તે જાણવા માગે છે. પુરુષ અને પ્રકૃતિના, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને પણ તે જાણવા માગે છે, કારણ કે પ્રભુની દિવ્ય ઇચ્છાની—સંકલ્પશક્તિની—પ્રેરણા પ્રમાણે નિષ્કામ કર્મ કરવાં હોય એવા અભ્યાસ માટે એ જ્ઞાન આવશ્યક છે. આખરે પ્રકૃતિના ત્રણ ગુણો વ્યવહારમાં કેવી રીતે કાર્ય કરે છે અને તેનાં પરિણામ શાં શાં આવે છે એ વિષે પણ અર્જુન સ્પષ્ટ સમજૂતી માગે છે

---

૭ कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति । (૬. ૩૮)

કારણ કે શ્રીકૃષ્ણે તેને ત્રણે ગુણોથી પર થવાનો આદેશ આપ્યો છે.

ગીતાનો દિવ્ય ઉપદેશ આ પ્રકારના શિષ્યને આપવામાં આવ્યો છે. અહંતાપ્રધાન કર્મોના આચરણમાં એક એવો કટોકટીનો પ્રસંગ આવે છે જ્યારે સઘળાં માનસિક, નીતિનાં અને લાગણીનાં મૂલ્યો જેનાથી માનવનું સામાન્ય અહંતાપ્રધાન જીવન પ્રેરાતું હોય છે તે જમીનદોસ્ત થઈ જાય છે અને ચારે બાજુ શૂન્યતા, નીતિનું દેવાળું પ્રગટે છે. અંતરના વિકાસની એ ક્ષણે ગુરુ શિષ્યને પોતાના હાથમાં લે છે. શિષ્યના નિમ્ન પ્રકૃતિને વશ જીવનમાંથી તેણે શિષ્યને ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કરાવવાનું છે, અજ્ઞાનભરી કર્મની આસક્તિમાંથી કર્મથી પર, છતાં કર્મને પ્રગટ કરી શકે તથા તેને વ્યવસ્થિત પણ કરી શકે, એવી એક સ્થિતિમાં તેને લઈ જવાનો છે, અહંમાંથી અને મન, પ્રાણ તથા દેહમાં મર્યાદિત જીવનમાંથી આરોહણ કરાવીને એને ઊર્ધ્વ, દિવ્ય પ્રકૃતિમાં લઈ જવાનો છે. અર્થાત્ મનથી પર એવી પ્રભુની ચેતનામાં એને આરોહણ કરાવવાનું છે. અને સાથેસાથે શિષ્યે જેની માગણી કરી છે તે વસ્તુ, જીવનનો અને કર્મનો નવો જ ધર્મ, કોઈ નવીન નિયમ, અર્થાત્ સામાન્ય માનવ-જીવનને દોરનાર અપૂર્ણ અને અપર્યાપ્ત નિયમ જેમાં અંત વગરના વિરોધો, વિસંવાદો, ગૂંચવણો અને મિથ્યા માયારૂપ વાસ્તવિકતાઓ આવી રહેલી છે તેને ઠેકાણે—એક ઉચ્ચ ધર્મ એણે આપવાનો છે. એ મહાન ધર્મની સહાયથી માનવનો આત્મા કર્મનાં બંધનમાંથી મુક્ત રહી શકે છે અને છતાં, કર્મ કરવાને સમર્થ તથા દિવ્ય ચેતનાની વિશાળ મુક્તિ ભોગવતો છતાં, વિજય પ્રાપ્ત કરવાને પણ મુક્ત રહે છે. કારણ કે કર્મ તો કરવાં આવશ્યક છે, ફરજિયાત છે. જગતનું ચક્ર ચાલુ રહેવું જોઈએ અને જે કર્મ કરવાને માનવનો આત્મા અહીં આવ્યો છે તેમાંથી અજ્ઞાનવશ થઈને એણે નિવૃત્ત થવું જોઈએ નહિ. ગીતાના ઉપદેશની દિશા આ ત્રણ હેતુઓને સાર્થક કરવા પ્રત્યે એના વિશાળમાં વિશાળ ચક્રાવામાં પણ ગતિ કરતી જણાશે.

પ્રકરણ ચોથું

ગીતાના બોધનો મર્મ

ગીતાના દિવ્ય ગુરુ વિષે આપણે કાંઈક જાણીએ છીએ, એના માનવ શિષ્ય અર્જુનને પણ આપણે જોયો છે. હવે ગીતાના સિદ્ધાંતનો સ્પષ્ટ વિચાર આપણે કરવાનો બાકી છે. સ્પષ્ટ વિચાર એટલે ગીતાના પોતાના મૂળ સિદ્ધાંતને, તેના બોધના હાર્દને યથાસ્થિત રજૂ કરે એવો વિચાર એમ સમજવાનું છે. કારણ કે ગીતામાં જે વિચારતત્ત્વ રહેલું છે તે વિપુલ અને અનેકદેશીય છે, તથા આધ્યાત્મિક જીવનની જુદીજુદી બાજુઓની એની પકડ સમન્વય સાધનારી રહેલી છે, અને એની દલીલોનો પ્રવાહ ગતિમાન હોઈ જેમજેમ તે આગળ વધતો જાય છે તેમતેમ તે વધારે ને વધારે વિશાળ બનતો જાય છે. આ કારણોને લઈને પક્ષપાતી બુદ્ધિ બીજાં શાસ્ત્રો કરતાં ગીતાની એકતરફી – એટલે ખોટી, રજૂઆત વધારે સહેલાઈથી કરી શકે તેમ છે. એક હકીકત, એક શબ્દ યા તો એક વિચારને અજાણ્યે અથવા તો અર્ધ જ્ઞાનમાં પકડી લેવો, અને પોતાના પૂર્વગ્રહ, માનીતા સિદ્ધાંત કે માન્યતાને તેને અનુકૂળ બનાવી લેવો તદ્દન સહેલું છે. આ પ્રકારની વિચારણામાં ભૂલો થવાનું એક સબળ મૂળ રહેલું છે એવું હિંદના તર્કશાસ્ત્રમાં સ્વીકારવામાં આવેલું છે. અને એ ભૂલ એવા પ્રકારની છે કે તેનાથી પ્રામાણિક અને જાગ્રત હૃદયનો ચિંતક પણ ભાગ્યે જ મુક્ત રહી શકે છે. આ બાબતમાં માનવની બુદ્ધિ એવી મર્યાદિત છે કે તે સદા જાગ્રત રહીને પોતાના કાર્યના ઉપર છૂપી-પોલીસની પેઠે પહેરો રાખી શકતી નથી. બુદ્ધિનો સ્વભાવ જ એવો છે કે તે એકતરફી અધૂરા નિર્ણયને, વિચારને કે સિદ્ધાંતને પકડી લે છે, પોતે તેની પક્ષકાર બને છે, અને પછીથી સર્વ સત્યનાં દ્વાર ખોલવા માટે એને ચાવી તરીકે વાપરે છે. પોતાનાં કાર્યોમાં રહેલી આ આવશ્યક અને પોતાને ગમતી નિર્બળતા પકડાઈ ન જાય તે માટે બેવડું રૂપ ધારણ કરવાની બુદ્ધિમાં શક્તિ રહેલી છે. ગીતાના અર્થ કરવામાં ઉપર જણાવી તેવી ભૂલ થવાનો સંભવ ખાસ કરીને વધારે રહેલો છે. કારણ કે, એના તત્ત્વની એકાદ બાજુ લઈને, અથવા તો, એના વિશિષ્ટ અને મુખ્ય શ્લોકોને પસંદ કરીને તેમના પર ભાર મૂકી બાકી અઢારે અધ્યાયોને પાછળ રાખી, એમનો ઉપદેશ ગૌણ છે, મુખ્ય સત્યનું અંગ છે એમ સાબિત કરવું અને આપણી માન્યતા કે સિદ્ધાંતના ટેકારૂપે એમને બનાવી લેવા એ સહેલું છે.

ઉદાહરણ તરીકે, ગીતાના ભાષ્યકારોમાં કેટલાક એવા છે જેઓ એમ કહે છે કે ગીતા આપણને કર્મ કરવાની નહિ પરંતુ કર્મનો અને જગતનો પણ ત્યાગ કરવાની સાધના શીખવે છે. શાસ્ત્રે નિયત કરેલાં કર્મો ઉદાસીનતાપૂર્વક કરવાં, અથવા તો જે કાંઈ કામો આપણી આગળ કરવાનાં આવી પડે તેમને ઉદાસીન ભાવે કરવાં એ કેવળ સાધન છે, અને આખરે તો જીવન અને કર્મનો ત્યાગ એ જ ગીતાનું સાધ્ય છે; અર્થાત્, એના ઉપદેશનો એકમાત્ર અને વાસ્તવિક ઉદ્દેશ છે અને ગીતામાંથી ઘણા શ્લોકો ટાંકીને અને ગીતાની દલીલો પર વિશિષ્ટ પ્રકારનો ભાર આપવાથી ઉપર જણાવેલા નિર્ણયને સાચો ઠરાવવાનું કામ સહેલું છે. ખાસ કરીને 'સંન્યાસ' શબ્દનો જે ખાસ અર્થ ગીતા કરે છે, તેના પ્રત્યે આપણે આંખ મીંચીએ તો પછી એવો અર્થ વધારે સહેલાઈથી તારવી શકાય. પણ નિષ્પક્ષપાતપણે ગીતા વાંચનાર કોઈ પણ માણસ એવો નિર્ણય નહિ કરી શકે કે ગીતામાં એ સિદ્ધાંત એકલો જ બોધવામાં આવ્યો છે. કારણ કે ગીતાના આરંભથી માંડીને અંત સુધી ફરીફરીને 'અકર્મણ્ય રહેવા કરતાં કર્મ કરવું વધારે શ્રેયસ્કર છે' તથા 'સાચો અને અંતરનો સંન્યાસ કામનાઓનો ત્યાગ કરવામાં અને સમતાની પ્રાપ્તિ કરવામાં રહેલો છે', 'સર્વ કર્મો પુરુષોત્તમરૂપ પ્રભુને સમર્પણ કરવાં જોઈએ' એવાં વિધાનો આવ્યાં કરે છે.

કેટલાક લોકો ગીતાનો સમગ્ર સિદ્ધાંત ભક્તિ હોય એ રીતે એને ઘટાવે છે, અને અદ્વૈતવાદને પુષ્ટિ આપે એવા જે ભાગો ગીતામાં છે તેમને ગૌણ સ્થાન આપે છે. સર્વમાં વ્યાપી રહેલ એક આત્માની નીરવ સત્-તાને જે ઉચ્ચ સ્થાન ગીતા આપે છે તેને પણ તેઓ ગૌણ ગણે છે. હકીકતમાં, ભક્તિના તત્ત્વ ઉપર ગીતામાં ભાર મૂકવામાં આવેલો છે પણ ખરો. ઈશ્વર અને પુરુષ એ બેને દિવ્ય પ્રભુતાનાં સ્વરૂપો તરીકે સ્વીકારવાનો આગ્રહ ગીતામાં કરેલો છે અને ક્ષર અને અક્ષર એ બન્નેથી પર એવા પુરુષોત્તમ સ્વરૂપનું વિધાન ગીતા કરે છે. એ પુરુષોત્તમ જગત સાથેના સંબંધમાં આપણે જેને ઈશ્વર કહીએ છીએ તે જ છે. આ વિધાનોને લગતા ભાગો ગીતાના બોધનાં આગળ પડતાં અને જીવંત તત્ત્વો છે. પરંતુ એ પુરુષોત્તમ પોતે જ આત્મા પણ છે અને સર્વ જ્ઞાન એનામાં સમાપ્તિને પામે છે, અને સર્વ યજ્ઞોનો અને સર્વ કર્મોનો ભોક્તા પણ એ જ પુરુષોત્તમ છે. તથા સર્વ કર્મો આખરે આપણને એના પ્રત્યે જ દોરી જનારાં છે. ભક્તના હૃદયનો પ્રેમ પણ તેને જ અર્પણ કરવામાં આવે છે. ગીતા આ બધાં તત્ત્વો વચ્ચે સંપૂર્ણ સમતુલા જાળવે છે. ઘડીમાં જ્ઞાન, ઘડીમાં કર્મ ને ઘડીમાં ભક્તિના ઉપર તે ભાર મૂકે છે. પરંતુ ગીતા એ પ્રમાણે કરે છે તે ચાલુ વિચારની ગતિને પોષણ આપવા

ખાતર કરે છે. એથી કાંઈ એમ ન કહેવાય કે ગીતા એમાંના કોઈ એકને બીજાઓના કરતાં નિરપેક્ષપણે પસંદગી આપે છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેની શક્તિઓ જેમાં પરસ્પર મળે છે, પૂર્ણતાને પામે છે, ને એકરૂપ થઈ રહે છે, તે પુરુષોત્તમ છે.

પરંતુ આજના જમાનામાં આધુનિક માનસે ગીતાનો સ્વીકાર કરવા માંડ્યો અને તેનો અભ્યાસ શરૂ કર્યો ત્યારથી ગીતામાં રહેલાં જ્ઞાન અને ભક્તિનાં તત્ત્વોને ગૌણ ગણવાનું, અને કર્મના ઉપર ગીતા જે સતત ભાર મૂકે છે તેનો લાભ લઈને ગીતા એટલે તો કર્મયોગનું જ શાસ્ત્ર એ પ્રમાણે માનવાનું વલણ વધારે આગળ પડતું થતું ગયું છે. અને ગીતા એટલે કર્મનો માર્ગ દર્શાવનાર જ્યોતિ, ગીતા એટલે કર્મનું શાસ્ત્ર એમ મનાવા લાગ્યું છે. વળી, એ નિઃસંશય પણ છે કે ગીતા કર્મયોગનું શાસ્ત્ર છે. પરંતુ તે એવાં કર્મોનું શાસ્ત્ર છે જેની પરિસમાપ્તિ જ્ઞાનમાં, એટલે આધ્યાત્મિક સાક્ષાત્કારમાં અને સમતામાં આવે છે. એ કર્મો ભક્તિથી પ્રેરાયેલાં એટલે કે સચેતન અને સજાગપણે પોતાની સમગ્ર જાતને પ્રભુને અર્પણ કરવાની ભાવનામાંથી જન્મેલાં એવાં કર્મો છે. પ્રથમ તો સાધક પોતાની જાતને પ્રભુના હાથમાં કરણ તરીકે સમર્પિત કરે છે, પછીથી પુરુષોત્તમની ચેતના સાથે એકતા પ્રાપ્ત કરવા માટે અર્પે છે. આમ આધુનિક માનસ જે અર્થમાં 'કર્મ' શબ્દ સમજે છે તેવાં કર્મોનું શાસ્ત્ર ગીતા નથી. એટલે કે અહંકેન્દ્રિત, કે પરોપકારી, વ્યક્તિગત કે સામાજિક કે માનવસેવા કરવાના હેતુઓથી કે આદર્શોથી નિયત થતાં કર્મો તે કાંઈ ગીતા કહે છે તેવાં કર્મો નથી. અને છતાં આજકાલના ગીતાના ટીકાકારો એમાં એ જ અર્થ ઘટાવવા માગે છે. ઘણા પ્રમાણભૂત માણસો આપણને કહે છે કે હિંદની મીમાંસામાં અને આધ્યાત્મિકતામાં સંન્યાસની, ત્યાગની અને નિવૃત્તિપરાયણતાની વૃત્તિ વધારે પડતી સામાન્ય થઈ પડી હતી તેનો વિરોધ ગીતા કરે છે અને પોતાના અસંદિગ્ધ સૂરમાં માનવની આગળ કર્મનું શાસ્ત્ર જાહેર કરે છે, કામનારહિત થઈને સામાજિક ફરજો બજાવવાનો બોધ ગીતા આપે છે. એટલું જ નહિ પરંતુ ગીતા આજકાલનો સમાજસેવાનો આદર્શ જાહેર કરે છે એમ પણ કહેવામાં આવે છે. આ બધાનો હું એ જ ઉત્તર આપી શકું તેમ છું કે તદ્દન ખુલ્લી રીતે જોતાં અને છેક સપાટી ઉપર નજર નાખતાં પણ ગીતા એવા પ્રકારનો ઉપદેશ બિલકુલ આપતી નથી એમ જણાશે. એવી સમજૂતી તો આજકાલના માનસનું અસત્ય દર્શન છે, એટલે કે પ્રાચીન શાસ્ત્રમાં આજનું માનસ પોતાનું પ્રતિબિંબ જુએ છે. યુરોપિયન માનસ, અથવા તો યુરોપીય બનેલું માનસ, પોતાની બુદ્ધિને એક પ્રાચીન અને સંપૂર્ણપણે હિંદી શાસ્ત્રમાં પરોવીને તેમાંથી પોતાને ફાવતો અર્થ કાઢે છે. ગીતા શીખવે છે તે કર્મ

સામાન્ય કર્મો નથી પણ દિવ્ય કર્મો છે. ગીતા સામાજિક ફરજો બજાવવાને બોધ આપતી નથી; પરંતુ ફરજનાં,—ધર્મનાં સર્વ ધોરણોનો ત્યાગ કરી દેવાનું કહે છે, જેથી કરીને તદ્દન નિઃસ્વાર્થપણે પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિનો અમલ આપણી પ્રકૃતિ દ્વારા આપણા જીવનમાં કરી શકાય. એટલે સમાજસેવા કરવાનો નહિ પણ ઉત્તમોત્તમ માનવનાં, ઈશ્વરને પ્રાપ્ત થયેલ નરોત્તમે, પોતાના અહંપ્રધાન વ્યક્તિત્વથી મુકત બનીને, જગતને ખાતર, માનવ અને પ્રકૃતિની પાછળ રહેલ પ્રભુને અર્પણ કરેલાં હોય, એવાં કર્મો કરવાનો બોધ ગીતા આપે છે.

અર્થાત્, ગીતા વ્યવહારુ નીતિનું શાસ્ત્ર નથી, પરંતુ આધ્યાત્મિક જીવનનો ગ્રંથ છે. આજકાલનું માનસ, એટલે યુરોપિયન માનસ અને તે પણ આરંભમાં એમાં જે ગ્રીક અને રોમન સંસ્કૃતિની તાત્ત્વિક આદર્શ-શીલતાથી છૂટું પડેલું માનસ છે; એટલું જ નહિ પરંતુ એ યુરોપિયન માનસમાંથી મધ્યયુગના ખ્રિસ્તી ધર્મનો ભકિતભાવ પણ બાતલ થઈ ગયો છે. આ વસ્તુઓને ઠેકાણે આજકાલના યુરોપિયન માનસે વ્યવહારુ આદર્શશીલતા, અને સમાજસેવા, સમષ્ટિભકિત, દેશભકિત, માનવજાતિની સેવા વગેરે મૂક્યાં છે. આધુનિક માનસે ઈશ્વરનો તો કાંકરો જ કાઢી નાખ્યો છે. અથવા તો કેવળ રવિવારના ઉપયોગ માટે જ રાખ્યો છે! એને ઠેકાણે એણે માનવને દેવ તરીકે ઊભો કર્યો છે, અને સમાજને પ્રત્યક્ષ દેવમૂર્તિ તરીકે સ્થાપન કરી છે. આધુનિક માનસ ઊંચામાં ઊંચું નિશાન તાકે છે ત્યારે તે નીતિને વ્યવહારમાં ઉતારવા માટે, અમુક સામાજિક ગુણો પ્રાપ્ત કરવા માટે, પરોપકાર કરવા માટે યા તો માનવજાતિની સેવા કરવા માટે પ્રયત્ન કરનારું હોય છે. અને એ બધી વસ્તુઓ સારી પણ છે. વળી વર્તમાનકાળને માટે એ વસ્તુઓની જરૂર પણ રહેલી છે, અને પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિઓનું એ એક અંગ પણ છે. કારણ કે એવું ન હોત તો આજની માનવજાતિમાં એ વસ્તુઓ આટલી બધી સમર્થ અને આગળ પડતી થાત નહીં. વળી, દિવ્ય માનવ, એટલે કે જે માનવ બ્રહ્મચેતનામાં જીવન ધારણ કરે છે, જે પોતાનું સમગ્ર જીવન પ્રભુમાં જીવે છે તેનાં કર્મોમાં એ બધી આધુનિક વસ્તુઓ ન જ પ્રગટ થાય એવું પણ નથી. જો યુગધર્મ એ વસ્તુઓમાં સમાતો હોય, જમાનાનો ઊંચામાં ઊંચો આદર્શ એ વસ્તુઓમાં પ્રગટ થતો હશે તો એવો આધ્યાત્મિક પુરુષ પણ એમનો સ્વીકાર કરશે. એટલે કે એનાથી વધારે ઉચ્ચ પ્રકારનો કોઈ ધર્મ સ્થાપન કરવાનો નહિ હોય, કોઈ વધારે મૌલિક રૂપાંતર માનવમાં કરવાની જરૂર નહિ હોય તો એ વસ્તુઓ પોતાના કર્મમાં તે પ્રગટ કરશે. કારણ કે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે તેમ એવો પુરુષ બીજા સાધારણ લોકોને વર્તનનું ધોરણ પૂરું પાડનાર શ્રેષ્ઠ પુરુષ હોય છે. અને હકીકતમાં,

શ્રીકૃષ્ણ અર્જુનને તે જમાનાના ઊંચામાં ઊંચા આદર્શ અને સંસ્કાર પ્રમાણે વર્તવાનો અને કર્મ કરવાનો આગ્રહ કરે છે. એવું આચરણ જ્ઞાનસહિત એટલે આચરણની પાછળ રહેલ તત્ત્વોના જ્ઞાનસહિત કરવાનું છે, સામાન્ય માણસો પેઠે દેખાદેખી કરવાનું નથી. અર્જુને ફક્ત બાહ્ય નિયમ અને ધર્મનું અનુસરણ કરવાનું નથી.

પરંતુ અહીં મુદ્દો એ છે કે અર્વાચીન માનસે પોતાની વ્યવહારુ, ક્રિયા-સર્જક શક્તિમાંથી બે મુખ્ય વસ્તુઓને દેશવટો આપ્યો છે: એક તો ઈશ્વરને, યાને શાશ્વત સત્યને અને બીજું આધ્યાત્મિકતાને. ગીતામાં તો આ બે વસ્તુઓ મૌલિક છે અને સમગ્રની ચાવી જેવી છે. આજકાલના લોકોનું માનસ, કેવળ માનવજાતિમાં જીવે છે, અને માનવોનું માનસિક જીવન એ જ આખરી સત્ય છે એમ માને છે; જ્યારે ગીતા આપણને કહે છે કે આપણે પ્રભુમય જીવન ગાળવું જોઈએ અને પ્રભુમાં પણ જગતને ખાતર જીવવું જોઈએ એવો આગ્રહ તે કરે છે. આજકાલના લોક એમના પ્રાણમાં, હૃદયમાં અને બુદ્ધિમાં પોતાનું જીવન ધારણ કરે છે. પરંતુ ગીતા આપણને આત્મામાં જીવન ગાળવાનું કહે છે. આધુનિક માનવ ક્ષરમાં, એટલે કે સર્વભૂતોમાં જીવે છે, ગીતા આપણને અક્ષરમાં—અવિકારી શાશ્વતમાં અને પુરુષોત્તમમાં જીવન ધારણ કરવાનો આગ્રહ કરે છે. આધુનિક માનસ કાળની વિકારી ગતિમાં જીવવા મથે છે, ગીતા શાશ્વતમાં જીવન જીવવાને સાદ કરે છે. અગર જોકે આજ-કાલના માણસો એ આધ્યાત્મિક વસ્તુઓની અસ્પષ્ટપણે કાંઈક કાંઈક ઝાંખી કરતા થયા છે ખરા, તો પણ તે એ વસ્તુઓને માનવની અને સમાજની સેવામાં ઉપયોગી બનાવવાના હેતુથી, જાણે કે આધ્યાત્મિકતા અને ઈશ્વર માનવના ઉપયોગ માટે ન હોય ! ઈશ્વર અને આધ્યાત્મિકતા બન્ને વસ્તુઓ એમના પોતાના સ્વયંભૂ હક્ક વડે હસ્તીમાં છે,—અન્ય કોઈ વસ્તુના ઉપાંગ તરીકે નથી. માનવના જીવનવ્યવહારમાં તો જે વસ્તુ અધો ભૂમિકાની છે તેણે પોતાનાથી વધારે ઊર્ધ્વ ભૂમિકાની વસ્તુ માટે જીવવાનું હોય છે. એમ કરવાથી ઊર્ધ્વમાં રહેલી વસ્તુ નિમ્નને ખાતર આપણામાં પ્રગટ થઈ શકે છે અને અધો વસ્તુને ઊર્ધ્વ પ્રત્યે ખેંચી પણ લઈ શકે છે.

એટલે આજકાલના માનસ પ્રમાણે ગીતાનો અર્થ ઘટાવવો અને અના-સક્તપણે પોતાની ફરજ બજાવવી એ જીવનનો ઊંચામાં ઊંચો સર્વસંપૂર્ણ નિયમ છે એવો બોધ ગીતામાંથી પરાણે તારવી કાઢવો એ એક પ્રચલિત ભૂલ છે. ગીતા જે પરિસ્થિતિનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે તેના વિષે થોડોક જ વિચાર કરીશું તો આપણી ખાતરી થશે કે ગીતાનો ઉપદેશ એવો હોઈ શકે નહીં. કારણ કે ગીતાનો ઉપદેશ આપવાની પરિસ્થિતિ જેમાંથી ઉત્પન્ન થાય છે,

જેને લઈને અર્જુન પોતે શિષ્ય બને છે અને શ્રીકૃષ્ણનો ગુરુ તરીકે આશ્રય લેવાની એને ફરજ પડે છે, તે પરિસ્થિતિ પોતે જ એવી છે કે એમાં ફરજના જુદાજુદા ખ્યાલો પરસ્પર અથડામણમાં આવે છે, જેના પરિણામે માનવના મને ઊભાં કરેલાં બુદ્ધિનાં અને નીતિનાં ધોરણોની આખી ઈમારત જમીન-દોસ્ત થઈ જાય છે. જીવનમાં તો સામાન્ય રીતે સંઘર્ષ, કલહ ઘણી વાર ઉપસ્થિત થયા કરતો જ હોય છે. ઉદાહરણ તરીકે કુટુંબ પ્રત્યેની ફરજ અને દેશ પ્રત્યેની ફરજ, યા તો કોઈ મહાન આદર્શનો સાદ એ બેની વચ્ચે, યા તો દેશનો વ્યક્તિના ઉપર દાવો અને માનવજાતિના કલ્યાણની, યા તો કોઈ નૈતિક કે ધાર્મિક સિદ્ધાંતની માગણી એમની વચ્ચે ખેંચાખેંચના પ્રસંગો જીવનમાં ઊભા થયા જ કરતા હોય છે. વળી એવી બહારની ન હોય તો ગૌતમ બુદ્ધના જીવનમાં થઈ હતી એવી કોઈ અંતરની કટોકટીની પરિસ્થિતિ પણ ઉત્પન્ન થાય, જેમાં સઘળી ફરજોનો ત્યાગ કરવો પ્રાપ્ત થાય. એ બધી ફરજોને પગતળે કચરી નાખીને, બાજુ પર ફેંકી દઈને અંતરમાં જાગ્રત થયેલ પ્રભુના સાદનું અનુસરણ વ્યક્તિને કરવું પડે. હું નથી ધારતો કે એવી અંતરની પરિસ્થિતિનો ઉકેલ ગીતા ગૌતમ બુદ્ધને એની પત્ની અને પિતા પાસે પાછા જવાની અને કપિલવસ્તુનું રાજ્ય કરવાની સલાહ આપીને લાવત; અથવા તો રામકૃષ્ણ પરમહંસને ગામઠી નિશાળના પંડિત (મહેતાજી) થવાની તથા અનાસકતપણે નાનાં બાળકોને પાઠો ભણાવવાની સલાહ ગીતા આપત; અથવા તો વિવેકાનંદને પોતાના કુટુંબનો નિર્વાહ કરવાની અને એને માટે અનાસકતપણે દાકતર કે વકીલ કે પત્રકાર થવાની સલાહ આપત. ફરજ અના-સકતપણે અદા કરવી જોઈએ એવો ગીતાનો ઉપદેશ નથી, પણ દિવ્ય જીવન પ્રાપ્ત કરવું જોઈએ, દિવ્ય જીવનનું અનુસરણ કરવું જોઈએ એવો બોધ ગીતા આપે છે. ગીતા આપણને સર્વ ધર્મોનો પરિત્યાગ કરવાનો અને પ્રભુમાં જ શરણ લેવાનો ઉપદેશ આપે છે. અને બુદ્ધની, રામકૃષ્ણની કે વિવેકાનંદની દિવ્ય પ્રવૃત્તિ ગીતાના ઉપદેશની સાથે બરાબર બંધબેસતી છે જ. વળી, ગીતા અકર્મ કરતાં કર્મને વધારે પસંદ કરે છે તો પણ કર્મનો સંન્યાસ પણ ગીતામાં કહેલો છે. કર્મના સંન્યાસને પ્રભુપ્રાપ્તિના એક માર્ગ તરીકે ગીતા સ્વીકારે છે. પ્રભુની પ્રાપ્તિ કેવળ કર્મનો — જીવનનો અને સઘળી ફરજોનો ત્યાગ કરવાથી જ થઈ શકતી હોય અને અંતરમાં એને માટે સાદ થતો હોય તો એ બધી વસ્તુઓ ભલે ખાડામાં પડે, એનો બીજો કશો ઈલાજ જ નથી. પ્રભુનો આદેશ અનિવાર્ય છે, એની સામે બીજી કોઈ ગણતરી મૂકી શકાય જ નહીં.

પરંતુ ગીતામાં બીજી એક વધારાની મુશ્કેલી પણ રહેલી છે. તે એ કે અર્જુને જે કર્મ કરવાનું છે તે એવા પ્રકારનું છે કે એનાથી એની નીતિની

ભાવના ધૂણા પામીને પાછી પડે છે. તમે એમ કહો છો કે યુદ્ધ કરવું એ અર્જુનની ફરજ છે, પણ એ ફરજ પોતે જ અત્યારે અર્જુનને મન એક ભયંકર પાપરૂપ બની ગઈ છે તેનું શું? એવી સ્થિતિમાં એણે પોતાની લડવાની ફરજ નિઃસ્વાર્થપણે, અનાસકત થઈને બજાવવી જોઈએ એમ કહેવાથી એને શી સહાય મળે તેમ છે? અથવા તો એ રીતે એની મુશ્કેલીનો ઉકેલ કેવી રીતે આવી શકે છે? પોતાની ખરી ફરજ શી છે એ તો અર્જુન જાણવા માગે છે, એટલે કે પોતાનાં સગાંવહાલાંનો, જાતિનો અને દેશનો વિનાશ કરવો, એ બધાંને કાપી નાખવાં, એ મારી ફરજ શી રીતે થઈ શકે એ તો અર્જુન જાણવા માગે છે. એને એમ કહેવામાં આવે કે તું જે યુદ્ધ કરી રહ્યો છે તે ધર્મને ખાતરનું છે, આ યુદ્ધમાં તારો પક્ષ ન્યાયની બાજુમાં ઊભેલો છે, તો એ દલીલ પણ એને સંતોષ આપી શકતી નથી. કારણ કે પોતાની રાજ્ય માટેની, રાજ્યના ભાગ માટેની માગણી વાજબી છે તેટલા ઉપર મદાર બાંધીને પોતાની સમસ્ત પ્રજાનો જેમાં ભાવિ વિનાશ થવાનો છે એવી નિર્દય ખૂનામરકીનો આશ્રય લેવો એ મુદ્દલે યોગ્ય ઠરતું નથી. એટલે કે એણે આસકિત વિના વર્તવું જોઈએ, એનો અર્થ એવો થઈ શકે ખરો કે પાપ કર્મ હોય કે પુણ્યનું કર્મ હોય યા તો એનાં પરિણામ ગમે તેવાં આવવાનાં હોય તેમના પ્રત્યે બેદરકાર બનીને જ્યાં સુધી ક્ષત્રિય તરીકે અર્જુન પોતાની લડવાની ફરજ અદા કરે છે ત્યાં સુધી કશો વાંધો નથી? એ પ્રકારનો ઉપદેશ કોઈ રાજકીય સંસ્થા આપે, અથવા તો કોઈ મુત્સદ્દી કે કાયદાશાસ્ત્રી હોય તે, કે નીતિનો લાભ લેનારાઓ આપે; પણ જીવન અને કર્મના પ્રશ્નો છેક મૂળમાંથી ઉકેલવા મથનાર એક મહાન ધાર્મિક, નૈતિક અને મીમાંસક શાસ્ત્રનો એવો ઉપદેશ હોઈ શકે નહીં. અને જીવનના સૌથી વધારે મુશ્કેલીથી ભરેલા નીતિના અને આધ્યાત્મિકતાના કોયડાઓ વિષે ગીતાને એટલું જ કહેવાનું હોય તો આપણે એને જગતનાં મહાન શાસ્ત્રોની હારમાંથી બાતલ કરવું જોઈએ અને રાજકારણ અને નૈતિક કર્મમીમાંસાના આપણા પુસ્તકાલયમાં એને સ્થાન આપવું જોઈએ.

ઉપનિષદોની પેઠે ગીતા પણ સમત્વ પ્રાપ્ત કરવાનો બોધ આપે છે. એ સમતા પાપ અને પુણ્યથી, શુભ અને અશુભથી, પર હોય છે. પણ એ તો બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવાના એક અંગ તરીકે તથા જે માણસ યોગને માર્ગે હોય અને જે એ પરમ નિયમને આચારમાં ઉતારી શકે તેને માટે છે. સામાન્ય માનવને માટે એ નિયમ નથી. સામાન્ય માનવને માટે સારા અને નરસા, શુભ અને અશુભ પ્રત્યે ઉદાસીનતા કેળવવાનો બોધ ગીતા આપતી નથી. કારણ કે એવા સિદ્ધાંતનું અનુસરણ કરવાનાં પરિણામો ઘણાં જ હાનિકારક આવે. એવાઓને માટે તો ગીતા કહે છે કે જેઓ પાપકર્મ આચરે

છે તેઓ પ્રભુને પ્રાપ્ત કરી શકતા નથી. એટલે જો અર્જુન માનવજીવનના ધોરણનું સારામાં સારી રીતે પાલન કરવાને ઇચ્છતો હોય તો એ જેને પાપ ગણતો હોય તેવું, નરકમાં લઈ જનારું, કર્મ અનાસકતપણે આચરવાનો નિયમ એને કશી મદદ નહિ કરી શકે; — (ભલે આપણે કહીએ કે યોદ્ધા તરીકે લડવાનું પાપ કરવું એની ફરજ છે તોપણ). એનું અંતર જે કર્મનો તિરસ્કાર કરે છે તે કર્મનું આચરણ કરતાં તો એણે અટકવું જ જોઈએ, એમ કરવાથી હજારો ફરજના ટુકડા થતા હોય તો ભલે થાય.

આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે જીવનના વ્યવહારમાં ફરજનો વિચાર સામાજિક માનસના ઉપર આધાર રાખે છે. આપણે એ શબ્દને વિશાળ અર્થમાં વાપરીને આત્મા પ્રત્યેની આપણી ફરજ વિષે બોલી શકીએ છીએ. અથવા તો ધારીએ તો કહી શકીએ કે સઘળાનો ત્યાગ કરવો એ બુદ્ધની ફરજ હતી, અથવા તો ગુફામાં નિષ્ક્રિય થઈને બેસવું એ સંન્યાસીની ફરજ છે. પણ એ તો શબ્દની રમત કહેવાય. ફરજ એ એક સાપેક્ષ શબ્દ છે, અને બીજાઓ સાથેના આપણા સંબંધ ઉપર તેનો આધાર રહેલો છે. બાળકોનું પોષણ કરવું અને તેમને કેળવણી આપવી એ પિતાની ફરજ છે એમ કહી શકાય. પોતાના અસીલને કેસ જિતાડવા માટે સઘળા પ્રયત્નો કરવા એ વકીલની ફરજ છે, પછી ભલે એ ગુનેગાર છે એમ પોતે જાણતો હોય, અને પોતે કરે છે તે બચાવ નરદમ જૂઠાણું છે એમ પણ પોતે સમજતો હોય. સિપાહીની ફરજ છે કે જ્યારે હુકમ થાય ત્યારે બંદૂકમાંથી ગોળી છોડવી અને લડવું. પછી તે પોતાનાં સગાંને કે દેશભાઈઓને મારતો હોય તેનું કાંઈ જ નહિ. ન્યાયાધીશની ફરજ છે કે ગુનેગારને સજા કરવી અને ખૂનીને ફાંસીએ લટકાવવો. અને જ્યાં સુધી એ સંબંધો અને એનાં પરિણામો સ્વીકારવામાં આવે ત્યાં સુધી ફરજનો ખ્યાલ તદ્દન સ્પષ્ટ રહે છે. વ્યવહારમાં એવી ફરજ એક સ્વાભાવિક વસ્તુ બની રહે છે અને કોઈ વાર તો એમાં આબરૂ અને મોભાનો ખ્યાલ પણ માણસને પ્રેરે છે. કેટલીક વાર ધર્મના કે નીતિના નિરપેક્ષ સિદ્ધાંતને માનવનો ફરજનો ખ્યાલ બાજુ પર મૂકે છે. પણ ધારો કે માનવની અંતરની દૃષ્ટિમાં ફેર થયો અને વકીલને લાગે કે જૂઠાણું એ કેવળ પાપ છે અને ન્યાયાધીશના મનમાં દૃઢ પ્રતીતિ જાગે કે ફાંસી દેવી એ માનવજાતિ સામે ગુનો કરવા બરાબર છે, તથા યુદ્ધના મેદાન પર લડવાની જેની ફરજ છે તે યોદ્ધાને — આજકાલ લડાઈનો અંતરથી વિરોધ કરનાર પેઠે શા તો ટૉલ્સ્ટૉયની પેઠે, લાગી આવે કે કોઈ પણ સંજોગોમાં માનવજીવનનો નાશ કરવો એ માનવનું માંસ ભક્ષણ કરવાની પેઠે જ કદી વિહિત હોઈ શકે જ નહિ, તો શું થાય? આવા સંજોગોમાં તો ફરજના સાપેક્ષ આદર્શ કરતાં નીતિનો નિયમ વધારે ઊંચો હોવાથી એનો જ સ્વીકાર

થવો જોઈએ. એવો નિયમ કોઈ સામાજિક સંબંધના ઉપર કે ફરજના કોઈ ખ્યાલ ઉપર પ્રતિષ્ઠિત નથી એ તો દેખીતું છે. એવા નિયમનો આધાર માનવમાં જાગ્રત થયેલા અંત:કરણના ઉપર રહેલો હોય છે.

હકીકતમાં, જગતમાં વર્તનના યા ને આચારના બે જુદા જુદા નિયમો રહેલા છે; તેમાંનો દરેક પોતાની ભૂમિકા પૂરતો સાચો છે, વિહિત છે. એક બાહ્ય અવસ્થાના ઉપર મુખ્યત્વે આધાર રાખનારો નિયમ. બીજો બાહ્ય અવસ્થાથી સ્વતંત્ર એવો વિચાર અને અંત:કરણની હસ્તી ઉપર આધાર રાખનારો નિયમ. ગીતા આપણને એવું નથી શીખવતી કે આપણે ઊર્ધ્વ ભૂમિકાના નિયમને અધો ભૂમિકાના નિયમ કરતાં ઓછું ગણવો જોઈએ, યા તો માનવના અંતરમાં જાગ્રત થતી નીતિની ભાવનાનું એની ફરજની વેદી ઉપર એણે બલિદાન આપવું જોઈએ. ગીતા આપણને વધારે ઊર્ધ્વમાં આરોહણ કરવાને, નહિ કે નીચે ઊતરવાને, સાદ કરે છે. માનવની જે બે ભૂમિકાઓ વચ્ચે કલહ જાગ્રત થાય છે તેમનાથી ઊંચે જવાનું, પર થવાનું ગીતા આપણને કહે છે. રૂઢિપ્રધાન વ્યવહારની ભૂમિકા અને શુદ્ધ નીતિની ભૂમિકા એ બન્નેથી પર શુદ્ધ બ્રાહ્મી સ્થિતિમાં આરોહણ કરવાની જરૂર ગીતા બતાવે છે; સામાજિક ફરજના ખ્યાલને ઠેકાણે પ્રભુના દિવ્ય આદેશને અનુસરવાનું તે કહે છે. બહારના નિયમની ગુલામીને ઠેકાણે કર્મના જટિલ સિદ્ધાંતથી મુકત એવી અંતરાત્માની સ્વતંત્રતામાંથી ઊપજતો આત્મનિર્ણયનો સિદ્ધાંત ગીતા સ્થાપન કરે છે. કર્મ પરત્વે ગીતાના ઉપદેશનો આ સાર છે તે આપણે જોઈશું. અર્થાત્ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવી, કર્મથી મુકત એવા આત્માનો સાક્ષાત્કાર કરવો, તથા આપણી પ્રકૃતિ જે કર્મો કરે તેમનો નિર્ણય અંતરમાં રહેલ પ્રભુ કરે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી આવશ્યક છે, એમ ગીતા કહે છે.

બીજા મહાગ્રંથોની પેઠે, આપણે ગીતાને બરાબર સમજવી હોય તો સમગ્રરૂપે તેનો અભ્યાસ કરવો જોઈએ, તથા એની દલીલો પણ ક્રમેક્રમે જે રીતનો વિકાસ સાધતી આગળ વધે છે તે રીતે તેને જોવી જોઈએ. પરંતુ ગીતાના બોધનો સારં ફરજ બજાવવી એવો છે એમ પહેલવહેલું જોર કરનાર બંકિમચંદ્રથી માંડીને આજદિન સુધીના લગભગ બધાય ટીકાકારો ગીતાના પહેલા ત્રણ કે ચાર અધ્યાયો ઉપર જ ભાર દેતા જણાય છે. અને એમાં પણ સમતાના ખ્યાલ ઉપર, 'કર્તવ્યં કર્મ' એ વાકયના ઉપર — જેનો અર્થ કરવું જોઈએ તે કર્મ અર્થાત્ ફરજ એવો કરવામાં આવે છે, — તથા **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** — એ શ્લોકાર્ધ ઉપર વિશેષ ભાર મૂકે છે. એ શ્લોકાર્ધને ગીતાના મહાવાકય તરીકે ગણીને અઢાર અધ્યાયના બાકીના ઉચ્ચ તત્ત્વદર્શનવાળા ભાગોને ગૌણસ્થાને મૂકવામાં આવે છે, — ફકત વિશ્વરૂપદર્શનવાળા અગીઆરમા અધ્યાયને અપવાદ તરીકે ગણવામાં

આવે છે. આધુનિક માનસ આ પ્રમાણે અર્થ કરે એ સ્વાભાવિક છે. કારણ કે મીમાંસાની સૂક્ષ્મ કોટિઓ, દૂર સુદૂર લાગતી આધ્યાત્મિક અભીપ્સા જેવી વસ્તુઓ પ્રત્યે આધુનિક લોકોનું માનસ અધીર હોય છે; ગઈ કાલ સુધી તો હતું. આજકાલના લોકનું મન કોઈ હિસાબે કામે લાગી જવાને ઉત્સુક છે. અને અર્જુનની પેઠે એને પણ કામ લાગે એવો વ્યવહારુ નિયમ, એક ધર્મ, જોઈએ છે. પરંતુ ગીતા જેવા મહાગ્રંથના અભ્યાસ માટે એ પદ્ધતિ ખોટી છે.

ગીતા જે સમતા પ્રાપ્ત કરવાનો બોધ આપે છે તે કેવળ નિઃસ્વાર્થતા કે અનાસક્તિ માત્ર નથી. ગીતામાં પોતાના ઉપદેશનો પાયો અને ચણતર તૈયાર કર્યા પછીથી શ્રીકૃષ્ણ અર્જુનને આ પ્રમાણે પોતાની છેવટની મહાન આજ્ઞા આપે છે : 'ઊભો થા, શત્રુઓનો વિનાશ કર, સમૃદ્ધ રાજ્ય ભોગવ.' એ આજ્ઞામાં જરા પણ બાંધછોડ કરવાની વૃત્તિ વગરની, નિરપેક્ષ, પરોપકાર-વૃત્તિનો યા તો શ્વેત વિરાગી ત્યાગવૃત્તિનો રણકો આપણને મુદ્દલે સંભળાતો નથી. એ સમતા કેવળ અંતરની સ્થિતિ છે, સમતુલાવાળી ને વિશાળ એવી અંતઃકરણની અવસ્થા છે અને આત્માની મુક્તિનો પાયો એવી સમતામાં રહેલો છે. સમતાની એ સ્થિતિ પ્રાપ્ત કરીને તથા આત્માની મુક્તિમાં પ્રતિષ્ઠિત થઈને આપણે 'કર્તવ્ય-કર્મ' કરવાનું છે. 'કર્તવ્ય-કર્મ' એ શબ્દોનો પ્રયોગ ગીતા ઘણા વિશાળ અર્થમાં કરે છે. એમાં સર્વ કર્મોનો સમાવેશ ગીતા કરે છે. અર્થાત્ એમાં સામાજિક ફરજનો અને નીતિની આવશ્યકતાનો સમાવેશ થઈ શકે છે. પરંતુ એનો પોતાનો અર્થ તો ઘણો જ વિશાળ રહે છે. કયું કર્મ કરવું જોઈએ, કર્તવ્ય-કર્મ કયું છે એનો નિર્ણય વ્યક્તિની પસંદગી વડે કરવાનો હોતો નથી. વળી ફક્ત કર્મ કરવાના અધિકારનો સ્વીકાર ને ફળના ઉપરના અધિકારનો ઇન્કાર-વાળો શ્લોકાર્ધ ગીતાનું મહાવાક્ય નથી. એ તો યોગના પર્વત ઉપર આરોહણ કરવાની શરૂઆત કરનાર શિષ્યની અવસ્થાનું શાસન કરનાર પ્રાથમિક વાક્ય માત્ર છે. ગીતાના આગળના ભાગોમાં જ્યારે વધારે ઉચ્ચ અવસ્થાઓની પ્રાપ્તિનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે એ વાક્યનું સ્થાન બીજાં જ વાક્યો લે છે. આગળ જતાં ગીતા તો ભાર દઈને વિધાન કરે છે કે માનવ પોતાનાં કર્મનો કર્તા છે જ નહીં, કર્મ કરનાર તો પ્રકૃતિ છે. માનવની મારફત ત્રણ ગુણોવાળી પ્રકૃતિની મહાન શક્તિ જ કર્મ કરતી હોય છે. આ રીતે કર્મ તે પોતે કરતો નથી એ સત્ય માનવે શીખવાનું છે. અર્થાત્, કર્મના અધિકારનો ખ્યાલ ત્યાં સુધી જ સાચો હોય છે જ્યાં સુધી માનવ 'હું કર્તા છું' એવો ખોટો ખ્યાલ સેવતો હોય છે. જેમ ફળની આસક્તિ સાથે કર્મના કર્તા હોવાનો ખ્યાલ પણ છોડવાનો છે. આમ, કર્મ કરવાનો અધિકાર પણ જતો રહેશે. સર્વ પ્રકારની વ્યવહારલક્ષી અહંતાનો, પછી તે ફળની કામનામાં રહેલી હોય કે કર્મ કરવાના

અધિકારમાં રહેલી હોય, ત્યાર પછી અંત આવી જાય છે.

પરંતુ પ્રકૃતિની નિયતિ જ સર્વસ્વ છે એવો કાંઈ ગીતાનો અંતિમ બોધ નથી. સંકલ્પ-શક્તિની સમતા અને કર્મનાં ફળની કામનાનો ત્યાગ એ બે તો મન, ચિત્ત અને બુદ્ધિ વગેરે કરણો સહિત પ્રભુની ચેતનામાં પ્રવેશ કરવા માટેના અને તેનામાં જીવન ધારણ કરવા માટેના ઉપાયો છે. અને ગીતા સ્પષ્ટતાપૂર્વક કહે છે કે જ્યાં સુધી સાધક એ પ્રમાણે પ્રભુની દિવ્ય ચેતનામાં પોતાના જીવનને ધારણ કરી શકતો નથી, યા તો એ વધારે ઉચ્ચ અવસ્થામાં ધીમેધીમે પોતાનો વિકાસ સાધવાને વાંછતો નથી ત્યાં સુધી એ ઉપાયોનો આશ્રય તેણે લેવાનો રહે છે. અને એ પ્રભુ, જેના વિષે શ્રીકૃષ્ણ કહે છે કે 'હું પોતે પુરુષોત્તમ છું' તે કોણ છે? નિષ્કર્મ અને અકર્તા એવા આત્માની સ્થિતિથી પર રહેલો એવો પુરુષોત્તમ એ જ પ્રભુ છે. સાથે સાથે કર્મ કરનાર ક્ષર પ્રકૃતિથી પર તે રહેલો છે. આત્માના અસ્તિત્વનો એ પાયો છે. પ્રકૃતિનો એ શાસક છે, સ્વામી છે. વિશ્વ સઘળું એનો જ આવિર્ભાવ છે. માનવની અત્યારની અજ્ઞાનવશ સ્થિતિમાં પણ તેના અંતરમાં ગુપ્ત રહીને પ્રકૃતિનાં કાર્યોનું શાસન એ પ્રભુ જ કરી રહ્યો છે. એ પુરુષોત્તમ છે જેણે કુરુક્ષેત્રના મેદાન પર જીવતા ઊભેલા સૈન્યને આગળથી મારી રાખેલું છે અને કુરુક્ષેત્રના સંગ્રામના મહાન વિનાશમાં અર્જુનનો પોતાના કરણ તરીકે, નિમિત્ત તરીકે ઉપયોગ કરનાર પણ એ પુરુષોત્તમ છે. પ્રકૃતિ તો એ પુરુષોત્તમની ક્રિયાસાધક શક્તિ છે. સાધકે એ પ્રકૃતિથી અને એના ત્રણ ગુણોથી પર થવાનું છે. એણે ત્રિગુણાતીત થવાનું છે. એણે પોતાનાં કર્મો એ પ્રકૃતિને સમર્પણ કરવાનાં નથી. એ કર્મો ઉપર ખરું જોતાં એનો પોતાનો અધિકાર પણ નથી; પરંતુ એણે એ કર્મો પુરુષોત્તમને સમર્પણ કરવાનાં છે. પોતાનાં મન, બુદ્ધિ, હૃદય અને સંકલ્પ સર્વે પ્રભુને સમર્પિત કરીને, આત્મજ્ઞાન સહિત, પ્રભુના જ્ઞાન સહિત, અને વિશ્વના જ્ઞાન સાથે, સંપૂર્ણ સમતાપૂર્વક, સંપૂર્ણ ભક્તિપૂર્વક, પોતાનું નિરપેક્ષ આત્મ-સમર્પણ એણે પ્રભુને કરવાનું છે. સર્વ પ્રકારના યજ્ઞ અને તપનો ભોક્તા એ પ્રભુ જ હોય છે. પોતાની સંકલ્પશક્તિ પ્રભુની ઇચ્છા સાથે એક કરીને રહેતાં પ્રભુ સાથે અદ્વૈત પ્રાપ્ત થાય છે. ત્યાર પછીથી પ્રભુની ઇચ્છા કયું કર્મ કરવાનું છે તેનો નિર્ણય અને તેનો આરંભ સાધકમાં કરશે. દિવ્ય ગુરુ ગીતામાં પોતાના શિષ્યને જે ઉકેલ આપે છે તે આ છે.

ગીતાનો પરમ બોધ, ગીતાનું મહાવાક્ય કયું છે તે આપણે શોધવા જવું પડે તેમ નથી. કારણ કે ગીતા પોતે પોતાના છેવટના ભાગના ઉદ્‌ગારોમાં એની જાહેરાત કરે છે, એના શબ્દો ક્રમેક્રમે ચડતા જતા સ્વરના તારસૂરરૂપે આપણે સાંભળી શકીએ છીએ :

तमव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।। ६२
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।।
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।

(અ. ૧૮, શ્લોક ૬૨, ૬૫, ૬૬)

"તારા હૃદયમાં બિરાજેલા પ્રભુને તું સર્વભાવે શરણે જા. તેની કૃપાથી તું પરમ શાંતિ અને શાશ્વત સ્થિતિને પ્રાપ્ત કરશે. સર્વ જ્ઞાનમાં ગુહ્ય એવું આ જ્ઞાન મેં તને આપ્યું છે. હજી એનાથી પણ વધારે ગુહ્ય એવું જ્ઞાન હવે તને આપું છું, તે મારી પરમ વાચા સાંભળ. કારણ કે તું મને ઘણો પ્રિય છે તેથી તારા હિતનું હું તને કહીશ. મારામાં જેનું મન સતત રત છે એવો થા, મારો ભક્ત થા. સર્વ કર્મો યજ્ઞરૂપે મને અર્પણ કર, મને નમસ્કાર કર, નિશ્ચયપૂર્વક હું તને વચન આપું છું કે તું મને જ પ્રાપ્ત કરશે, કારણ કે તું મને પ્રિય છે. બધા ધર્મોનો ત્યાગ કરી દઈને મારે એકલાને શરણે તું આવ, હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ, શોક કર મા."

ગીતામાં જે તર્કસરણી આપવામાં આવી છે એમાં કર્મનો આરંભ માનવની સામાન્ય ભૂમિકામાંથી થાય છે અને ધીમે ધીમે એ કર્મ પ્રભુની દિવ્ય ભૂમિકા સુધી પહોંચે છે. એ ગતિના ત્રણ મહાન તબક્કાઓ રહેલા છે એવું આપણે જોઈ શકીએ છીએ. એ તબક્કાઓ સર કરતાં નિમ્ન ભૂમિકામાં રહેલું બંધન છૂટી જાય છે અને માનવનો આત્મા પોતાનાં કર્મોમાં એક વધારે ઊર્ધ્વ અને દિવ્ય નિયમનું પાલન કરતો મુક્તિમાં આરોહણ કરે છે. પ્રથમ તબક્કામાં કામનાનો ત્યાગ કરીને સંપૂર્ણ સમતાયુક્ત બનીને કર્મોના કર્તા તરીકે માનવ કર્મ કરે છે. આ કર્મો યજ્ઞ રૂપે, એટલે કે યજ્ઞમાં અપાતી આહુતિ રૂપે પ્રભુને અર્પણ કરવાનાં હોય છે. એ યજ્ઞનો ભોક્તા પરમ પુરુષોત્તમ પરમાત્મા જ હોય છે. પરંતુ સાધકને પોતાની અંદર તેનો સાક્ષાત્કાર હજી સુધી થયો નથી હોતો. આ પહેલું પગલું ગણાય. બીજામાં કર્મના ફળની ઇચ્છા માત્ર નહિ પરંતુ 'હું કર્તા છું' એવા કર્તાભાવનો ત્યાગ કરવાનો હોય છે કારણ કે આત્મા સર્વરૂપ છે, સર્વમાં સમાન ભાવે રહેલો છે, તે અકર્તા છે, અક્ષર છે અને જે સઘળાં કર્મો વિશ્વમાં થાય છે તે સર્વત્ર કાર્ય કરી રહેલી પ્રકૃતિનાં કર્મો છે. એ પ્રકૃતિ અસમાન, વિકારી, ક્ષર છે. ત્રીજું પગલું, પ્રભુનું પુરુષોત્તમ તરીકે દર્શન કરવામાં તથા એ પુરુષોત્તમ સમગ્ર પ્રકૃતિનું શાસન કરે છે એવી અનુભૂતિ પ્રાપ્ત કરવામાં સમાયેલું છે. પ્રકૃતિમાં આવિર્ભાવ

પામતો જીવ તે એ પુરુષોત્તમનો અંશ છે. અને પ્રકૃતિથી પર રહીને એ પુરુષોત્તમ જ કર્મનું સંચાલન કરે છે. માનવે એ પુરુષોત્તમને પોતાની પ્રેમભક્તિ અર્પવાની છે અને કર્મરૂપી યજ્ઞ એને અનુલક્ષીને કરવાનો છે. આપણી સમગ્ર અંતરની અને બહારની ચેતના, આપણું સમગ્ર જીવન એ પુરુષોત્તમને આપણે સમર્પિત કરવાનું છે. આપણી ચેતનાને ઊર્ધ્વ ગતિ કરાવીને એની દિવ્ય ચેતનામાં લઈ જવાની છે અને તેનામાં એને સ્થાપિત કરવાની છે. એ પ્રમાણે કરવાથી માનવનો આત્મા પુરુષોત્તમની દિવ્ય પરાત્પરતામાં ભાગીદાર બની શકે છે. અને કર્મોનાં બંધનથી પર રહીને, સંપૂર્ણ આધ્યાત્મિક મુક્તિ સહિત કર્મો પણ કરી શકે છે.

પ્રથમ પગલું કર્મયોગ છે જેમાં સ્વાર્થ રહિત થઈને સર્વ કર્મો પ્રભુને યજ્ઞની આહુતિરૂપે અર્પણ કરવાનાં હોય છે. બીજું પગલું જ્ઞાનયોગનું બનેલું છે, તેમાં આત્મસાક્ષાત્કારનો, એટલે કે આત્માના સ્વરૂપના તથા જગતના એટલે પ્રકૃતિના જ્ઞાનનો સમાવેશ થાય છે. પણ આ ગીતાના જ્ઞાનયોગની સાધના કરતાં કર્મનો યજ્ઞ બંધ કરવો પડતો નથી. એમાં કર્મ અને જ્ઞાન એકબીજામાં મળે છે પણ લય પામી જતાં નથી. ત્રીજું પગલું ભક્તિયોગનું છે. એમાં માનવ પોતાની અંદર પુરુષોત્તમ રૂપ પ્રભુની ખોજ કરે છે. આમાં ભક્તિ ઉપર ઐક છે પણ તેથી જ્ઞાનયોગ ગૌણ બનતો નથી પરંતુ ઉન્નત બને છે, જીવંત થાય છે અને સંપૂર્ણ કળાએ પહોંચે છે, અને સાથે સાથે કર્મનો યજ્ઞ પણ ચાલુ રહે છે. કર્મ અને જ્ઞાનની બે દળવાળી સાધનામાં ભક્તિ ઉમેરાઈને કર્મ, જ્ઞાન અને ભક્તિનો ત્રિમાર્ગ બને છે અને ગીતામાં યજ્ઞનું પરમ ફળ સાધક પાસે મૂકવામાં આવ્યું છે તે, એટલે કે પ્રભુ સાથેનું અદ્વૈત, પ્રભુ સાથે સંપૂર્ણ યોગ, તથા પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે સાધર્મ્ય ગતિ પણ તેને પ્રાપ્ત થાય છે.

પ્રકરણ પાંચમું

કુરુક્ષેત્ર

ગીતાના ગુરુએ આપણને ત્રિમાર્ગ બતાવ્યો. એ ત્રિમાર્ગ એટલે માનવની સંકલ્પશક્તિ, ભાવશક્તિ અને બુદ્ધિશક્તિ એ ત્રણેને પરાત્પર પુરુષોત્તમ પ્રત્યે આરોહણ કરાવીને સર્વ કર્મ, ભક્તિ અને જ્ઞાનનો જે એકમાત્ર અને પરમ આશ્રય છે, એકમાત્ર પ્રાપ્તવ્ય છે, તે પુરુષોત્તમમાં લઈ જવી, અને એનામાં એ ત્રણેની પ્રતિષ્ઠા કરવી. પરંતુ એ ત્રિમાર્ગની ગતિ આપણે બરાબર જોઈ શકીએ તે પહેલાં ગીતાનો ઉપદેશ જે પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવે છે તેનો આપણે ફરીથી એક વાર વિચાર કરી લેવો જોઈએ. પણ હવે એ પરિસ્થિતિને આપણે માનવજીવનના એક પ્રતીક તરીકે તથા સમગ્ર વિશ્વ-જીવનના એક અંગ તરીકે, અર્થાત્ એના વિશાળમાં વિશાળ સ્વરૂપમાં વિચારીશું. કારણ કે આમ તો અર્જુનનો એ ઉપદેશ સાથેનો સંબંધ ફક્ત એની પોતાની અંગત પરિસ્થિતિ પૂરતો, એના અંતરમાં જાગેલા વિસંવાદને લગતો છે. પોતે કર્મનો કયો નિયમ અનુસરવો એ જાણવા પૂરતો એનો પ્રશ્ન છે. પરંતુ આપણે આગળ જોઈ ગયા તેમ, અર્જુન જે ખાસ પ્રશ્નો ઉપસ્થિત કરે છે અને જે રીતે એ પ્રશ્નો મૂકે છે, તે ખરું જોતાં સમગ્ર માનવજીવનનો અને માનવકર્મનો આખો જ પ્રશ્ન ઉપસ્થિત કરે જ છે. આ જગત શું છે ? જગત શા માટે છે ? અને જગત જેવું છે તેવું આપણે સ્વીકારીએ તો સંસારનું જીવન અને આધ્યાત્મિક જીવન એ બંનેનો મેળ કેવી રીતે બેસાડી શકાય ? ગીતાના દિવ્ય ગુરુ આ બધા મહાન અને ગહન પ્રશ્નોના ઉકેલ આપવાનો આગ્રહ કરે છે, એવા ઉકેલની જરૂર પર ખાસ ભાર મૂકે છે. અર્થાત્ અર્જુનને કર્મ કરવાનો આદેશ તે આપે છે પરંતુ તેના પાયામાં એ મુશ્કેલીભર્યા પ્રશ્નોનો ઉકેલ લાવવાનો આગ્રહ તે કરે છે. આમ અર્જુનનું હવે પછીનું કર્મ ચેતનાની એક નવી જ ભૂમિકામાંથી, મુક્તિ આપનાર જ્ઞાનની જ્યોતિમાંથી પ્રગટ થવું જોઈએ.

તો પછી, જે માણસને જગત જેવું છે તેવું સ્વીકારવું પ્રાપ્ત થાય છે, જેને એ જગતમાં કર્મ કરવાનાં હોય છે તથા જેને સાથેસાથે પોતાના અંતરમાં આધ્યાત્મિક જીવન ગાળવાની આ સ્પૃહા પણ જાગ્રત હોય છે તેને કઈ જાતની મુશ્કેલી નડે છે ? જીવનની એવી કઈ બાજુ છે, જીવનનું એવું કયું પાસું છે જે

માનવના જાગ્રત થયેલા મનને હચમચાવી મૂકે છે અને વિશ્વ જેવું છે તેવું જોવાની ફરજ પડતાં ગીતાના પહેલા અધ્યાયનું સાર્થક નામ 'અર્જુન વિષાદ' છે તેવો વિષાદ અને નિરુત્સાહ માનવને થઈ આવે છે ? જગતનું એ દૃશ્ય કયું છે જે જોઈને માનવની પોતાની નીતિમત્તાની અને પોતે સાચો છે એ માન્યતાની ભ્રમણાનો પડદો ચિરાઈ જાય છે અને પોતાના અંતરાત્મામાં માનવ કોઈ વધારે ઊંચા પ્રકારનું સમાધાન પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી એની સ્થિતિ એવી ને એવી જ રહે છે ? વિશ્વનું એ દૃશ્ય સ્થૂલ રૂપે આપણી સામે કુરુક્ષેત્રના સંગ્રામના વિનાશના રૂપમાં મૂર્તિમંત થઈને ઊભું છે. અને આધ્યાત્મિક દૃષ્ટિએ સકળ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર, પ્રભુના કાલસ્વરૂપમાં આપણને એ સત્ય દેખાય છે. પોતે ઉત્પન્ન કરેલા લોકમાત્રનો સંહાર કરવાને, માનવોનું ભક્ષણ કરવાને એ કાલ પ્રવૃત્ત થયેલ છે. આ દર્શન એટલે સર્વ પ્રાણીના ઈશ્વરનું સર્જક તરીકેનું જ નહિ પરંતુ સાથેસાથે વિશ્વના સંહારક તરીકેનું પણ દર્શન છે. એના વિષે પ્રાચીન દર્શન એક નિર્દય ઉપમા આપીને કહે છે : 'ઋષિઓ અને વીર પુરુષો એનો આહાર છે અને મૃત્યુ એના આહારનો મસાલો છે, ચટણી છે.' આ બન્ને સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપમાં જે સત્યનું દર્શન થાય છે તે એક જ સત્ય છે. પ્રથમમાં સત્ય આડકતરી રીતે અને અસ્પષ્ટપણે જીવનની એક વિશિષ્ટ ઘટનામાં આપણે જોઈએ છીએ. બીજામાં એનું એ દર્શન સીધેસીધું અંતરાત્માનાં ચક્ષુને થાય છે. એ સત્યનું બહારનું સ્વરૂપ જોતાં આપણને વિશ્વજીવન અને માનવજીવન એ બે વસ્તુઓ દેખાય છે અને એ બંને સંઘર્ષ અને વિનાશ વડે પોતાની પ્રગતિ સાધતાં જણાય છે. અંદરથી એ સત્યને જોતાં આપણને જણાય છે કે વિશ્વાત્મા અસીમ સર્જન અને પ્રચંડ વિનાશ એ બન્ને મારફત પોતાની કોઈ સાર્થકતા સાધી રહેલો છે. જીવન એટલે સંગ્રામ અને મૃત્યુનું ક્ષેત્ર. એનું જ નામ કુરુક્ષેત્ર. પ્રભુ એટલે વિનાશક રુદ્ર. કુરુક્ષેત્રના મેદાન પર ઊભા રહીને અર્જુન જે દૃશ્ય જુવે છે તે આ.

હેરેક્લીટસ નામનો ગ્રીક મીમાંસક કહે છે : 'યુદ્ધ સર્વનો પિતા છે,' 'યુદ્ધ સૌનો રાજા છે, સમ્રાટ છે.' અને એ ગ્રીક મીમાંસકનાં બીજાં ઘણાં સૂત્રો પેઠે આ સૂત્રો પણ કોઈ ગહન સત્યનો નિર્દેશ કરે છે. ભૌતિક કે અન્ય પ્રકારની અજ્ઞાત શક્તિઓના સંઘર્ષમાંથી આ જગત પોતે નહિ તો જગતમાં જે કાંઈ છે તે સઘળું જન્મતું દેખાય છે. શક્તિઓ, વૃત્તિઓ, સિદ્ધાંતો, તત્ત્વો અને પ્રાણીઓ પરસ્પર ઝઘડે છે અને એવા કલહને પરિણામે વિશ્વમાં સઘળી વસ્તુઓ પ્રગતિ કરતી જણાય છે. વિશ્વવ્યાપી એ વિરાટ સંગ્રામમાં નવીનવી વસ્તુઓ સર્જાય છે, જૂની વસ્તુઓ વિનાશ પામે છે. અને એ રીતે સર્જન—વિનાશ કરતું આ વિશ્વ કઈ દિશામાં જઈ રહ્યું છે તે આપણે

જાણતા નથી. કેટલાક કહે છે કે આ વિશ્વ કોઈ આખરી આત્મવિનાશ પ્રત્યે જઈ રહ્યું છે. બીજા કેટલાક એમ કહે છે કે અંત વગરની, નિરર્થક એવી ઘટમાળ જેવી યુગચક્રોની ગતિમાં એ ગોળગોળ ફર્યા જ કરવાનું છે. વધારેમાં વધારે આશાવાદી નિર્ણય એ છે કે વિશ્વની ગતિનું એ ચક્ર ક્રમેક્રમે પ્રગતિ સાધતું આગળ ધપ્યું જ જાય છે અને અનેક પ્રકારનાં સંકટો, યાતનાઓ અને અવ્યવસ્થામાં થઈને વધુ ઊર્ધ્વ પ્રકારની કોઈ દિવ્ય સાર્થકતાની વધારે ને વધારે સમીપ જઈ રહેલું છે. એ ગમે તે હોય, પરંતુ એટલું તો નક્કી છે કે આ જગતમાં વિનાશ વિનાનું સર્જન થતું જોવામાં આવતું નથી. એટલું જ નહિ પરંતુ પરસ્પર વિરોધી, સામસામે ખેંચી રહેલી એવી શક્તિઓ વિના સંવાદ યા સુમેળ પણ દેખાતો નથી. એ સંવાદિતા કેટકેટલા પ્રત્યક્ષ અને શક્ય એવા વિસંવાદોને પરિણામે જન્મે છે. વળી જીવનને સતત ટકાવી રાખવું હોય તો એને સતત જીવન વડે નભાવવું પડે છે, અન્ય જીવનનું ભક્ષણ કરવાથી જ તે ટકી શકે છે. આપણા સ્થૂલ દેહમાં રહેલું જીવન પણ સતત મરણ અને પુનર્જન્મ પામવાની ક્રિયા કરતું હોય છે. કામરૂપી આપણી નગરી ઘેરો ઘાલેલા શહેરના જેવી છે. બહારની વિરોધી શક્તિઓ એના પર હુમલાઓ કરતી હોય છે, અને રક્ષણ કરનારી શક્તિઓ તેનો બચાવ કરતી હોય છે. એ પ્રમાણે પરસ્પર વિનાશ કરવો એ તે શક્તિઓનો ધર્મ છે. માનવદેહનું આ સંગ્રામમય જીવન આપણા સમગ્ર અસ્તિત્વનો, જીવનમાત્રનો એક નમૂનો છે. વિશ્વના આદિ કાળથી જાણે આજ્ઞા ન થઈ હોય કે 'તારા બંધુઓ સાથે, તારી પરિસ્થિતિ સામે યુદ્ધ કર્યા વિના, તું કદી વિજય નહિ મેળવી શકે. લડાઈ વગર, સંગ્રામ વગર, અન્ય જીવોનું ભક્ષણ કર્યા વગર તું જીવી પણ શકશે નહિ, તારું જીવન પણ નહિ ટકાવી શકે. મેં જે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તેનો પહેલો નિયમ આ છે : ઉત્પત્તિ અને સ્થિતિ સંહાર વડે જ ટકશે !'

વિશ્વનું નિરીક્ષણ કરીને જેટલે સુધી પોતાની દૃષ્ટિ જઈ શકે તેટલે સુધી જોઈને પ્રાચીન મીમાંસકોએ ઉપર જણાવેલા ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનાં તત્ત્વનો પોતાના શરૂઆતના બિંદુ તરીકે સ્વીકાર કર્યો હતો. પ્રાચીન ઉપનિષદોએ એ સિદ્ધાંતને સ્પષ્ટપણે જોયો અને જાણ્યો હતો, અને જરા પણ બાંધછોડ જેમાં થઈ ન શકે એવી સંપૂર્ણતાપૂર્વક અને એવા સ્પષ્ટ શબ્દસમૂહમાં એને પ્રગટ કર્યો છે કે એમાં કૃત્રિમ, મધ જેવી મીઠી સમજૂતીને, કે સત્યને ડૂબકાં ખવડાવનાર આશાવાદી તત્ત્વને કશું સ્થાન જ રહેતું નથી. ઉપનિષદના દૃષ્ટાઓએ કહ્યું છે : 'ક્ષુધા મૃત્યુ રૂપ છે, એ જ સૃષ્ટિનો સર્જક છે, એ જ આ જગતનો સ્વામી છે.' અને વિશ્વસમસ્તના પ્રાણમય જીવનને એમણે અશ્વમેધ યજ્ઞમાં હોમવામાં આવતા અશ્વની ઉપમા આપી છે. વળી પાર્થિવ

તત્ત્વને એમણે સામાન્ય રીતે આહાર માટે વપરાતી વસ્તુ 'અન્ન'નું નામ આપ્યું છે. અને નામની સમજૂતી આપતાં એમણે કહ્યું છે કે અમે એને 'અન્ન' કહીએ છીએ કારણ કે (અદ્=ભક્ષણ કરવું) એનું ભક્ષણ કરવામાં આવે છે. માનવ અન્નને ખાય છે અને અન્ન માનવનું ભક્ષણ કરી જાય છે : ભક્ષ કરનાર ભક્ષક ભક્ષણ કરતાં કરતાં જ પોતે ખવાય છે, ભક્ષાય છે. પાર્થિવ જગતનો એવો નિયમ હોય એમ લાગે છે. ડારવિનના મતવાળાઓએ એ જ નિયમ ફરીને અત્યારના જમાનામાં શોધી કાઢ્યો છે. ડારવિનના ઉત્ક્રાંતિ-વાદનો મુખ્ય નિયમ 'જીવન માટેનો સંગ્રામ' એ જ સત્ય પ્રગટ કરે છે. આજ-કાલનાં ભૌતિકશાસ્ત્રોએ પ્રાચીન સત્યને ફરીને નવા શબ્દોમાં રજૂ કર્યું છે. ખરું જોતાં હેરેક્લીટસ અને ઉપનિષદનાં સૂત્રોમાં એ સત્ય વધારે સમર્થ, વધારે વિશાળ અને ચોક્કસ રૂપમાં રજૂ થયેલું છે.

સંગ્રામને જીવનના એક અંગ તરીકે અને યોદ્ધાને આદર્શ માનવ તરીકે સ્વીકારવાનો જર્મન તત્ત્વવેત્તા નિટ્સે આગ્રહ કરે છે. નિટ્સે કહે છે કે વિકા-સની આરંભદશામાં માનવ ઊંટના જેવો ભલે હોય, હવે પછી તે બાળક જેવો (નિર્દોષ) થવાનો હોય તે પણ ભલે, પરંતુ તેણે પૂર્ણતા પ્રાપ્ત કરવી હશે તો તેણે સિંહ જેવા બનવું જોઈશે. એના આ વિચારને આજકાલ ઘણો ઉતારી પાડવામાં આવે છે, એની વિરુદ્ધ પણ ઘણું ઘણું કહેવાય છે તથા નિટ્સેએ એ વિચારમાંથી જે નીતિના ને બીજા વ્યવહારુ નિર્ણયો તારવ્યા છે તેનાથી આપણે ખૂબ જુદા પડીએ એ પણ શક્ય છે. પરંતુ તે છતાં એના વિચારતત્ત્વની પાછળ આપણાથી નકારી ન શકાય એવું એક સત્ય આવી રહેલું છે. અને સામાન્ય રીતે જે સત્યને આપણે નજર આગળથી સંતાડવા ઇચ્છીએ એવા એક સત્યની એ આપણને યાદ દેવડાવે છે એમાં તો શંકા નથી. એ વિચાર આપણને એ સત્યની યાદ આપે છે તે એક રીતે સારું છે. એનું પ્રથમ કારણ એ છે કે એ સત્યનું દર્શન કરવાથી પ્રત્યેક સમર્થ આત્માના ઉપર બળપ્રદ અસર થાય છે. અને તેથી અતિ મધુર અને પોચટ એવી મીમાંસા, ધર્મ કે નીતિમાંથી જન્મતી લાગણીપ્રધાનતાથી તે આપણને બચાવી લે છે. એ લાગણીવેડાવાળી દૃષ્ટિને સમગ્ર પ્રકૃતિ પ્રેમના આવિર્ભાવ તરીકે, પ્રેમસ્વરૂપે જોવી ગમે છે, જીવનસમસ્ત તેને સૌંદર્ય અને શિવમય જેવું ગમે છે. પરંતુ જીવનના બહુરૂપીના વેશરૂપ મૃત્યુ પ્રત્યે એને ઘૃણા થાય છે. એવા માનવો પ્રભુને શિવ તરીકે ભજે છે પણ રુદ્ર તરીકે એ જ પ્રભુને ભજવાની ના પાડે છે. મૃત્યુ અને વિનાશની બનેલી એ વાસ્તવિકતા પ્રત્યે આપણે દૃષ્ટિ કરવી આવશ્યક છે, એનું બીજું કારણ એ છે કે જે આપણામાં જીવન જેવું છે તેવું, સીધું સીધું જોવાની શક્તિ, તેના પ્રત્યે સીધી નજર માંડી શકે એટલી

પ્રામાણિકતા અને હિમત આપણે નહિ પ્રાપ્ત કર્યાં હોય તો જીવનના વિસંવાદો અને વિરોધોનો અસરકારક ઉપાય આપણે કદી શોધી શકવાના નથી. પ્રથમ તો આપણે જીવન અને જગત શી ચીજ છે તે જેવું જોઈએ, ત્યાર પછી તે જેવાં હોવાં જોઈએ એમાં એમનું રૂપાંતર સિદ્ધ કરવાના પ્રયત્નો આપણે વધારે સારી રીતે કરી શકીશું. જીવનના આ વિનાશ ને મૃત્યુના ધૃણા ઉપજાવે એવા સ્વરૂપમાં જો આખરી સંવાદનું કોઈ રહસ્ય છુપાઈ રહ્યું હશે તો તેની અવગણના કરવાથી કે એના પ્રત્યે ઠાંકપિછોડો કરવાથી આપણે તે રહસ્ય ગુમાવી બેસીશું. તથા જીવનના કોયડાનો ઉકેલ લાવવામાં આપણી લાગણીને ખંપાળવા જતાં એ કોયડાનાં વાસ્તવિક તત્ત્વો પ્રત્યે આપણે નજર નહિ કરીએ. અને એને લઈને આપણા સઘળા પ્રયત્નો નિષ્ફળ જશે. વળી જો વિનાશ અને મૃત્યુ આપણા શત્રુ જ હોય અને આખરે આપણે તેમને મારી હઠાવવાના જ હોય, એમને પગતળે કચડવાના હોય, જીવનના ક્ષેત્રની બહાર ફેંકી દેવાના હોય, કે એમનો સમૂળો છેદ ઉડાવી દેવાનો હોય, તોપણ એનામાં જે તાકાત રહેલી છે તેની અવગણના કરવાથી, યા તો જીવન ઉપરની એની પકડની શકિતને પૂરેપૂરી નહિ પિછાનવાથી, અથવા તો માનવના ભૂતકાળમાં એ કેટલી દૃઢપણે પ્રતિષ્ઠિત છે, અને જીવનનાં અત્યારનાં સક્રિય તત્ત્વોમાં એ કેટલી બળવાન છે, એ હકીકતને અવગણવાથી આપણને કશો જ લાભ થશે નહીં.

સંગ્રામ અને વિનાશ આપણા જીવનના કેવળ પાર્થિવ સ્વરૂપમાં વ્યાપી રહેલ વિશ્વનિયમ છે એટલું જ નથી, પણ આપણા માનસિક અને નૈતિક જીવનમાં પણ એ નિયમ પ્રવર્તે છે. એ તો દેખીતું સત્ય છે, કે માનવના માનસિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે જીવનનાં પ્રત્યક્ષ ક્ષેત્રોમાં આપણે સંગ્રામ વગર, કસાકસી વગર સાચી પ્રગતિ પ્રત્યે ડગલું પણ ભરી શકતા નથી : જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે વસ્તુઓ અત્યારે છે, અને ત્યાં પોતાનું જીવન ટકાવી રહેલી છે, તથા જે વસ્તુઓ જીવનમાં પ્રવેશ કરવા માગે છે, જીવન ધારણ કરવા મથી રહેલી છે, તથા એ બન્નેની પાછળ આવી રહેલ કોઈ પરમ તત્ત્વ જે હોય, એ ત્રણેની વચ્ચે સંઘર્ષ થયા વિના કશી પ્રગતિ સાધી શકાતી નથી. અત્યારે માનવ જેવો છે તથા વસ્તુસ્થિતિ જે પ્રકારની પ્રવર્તે છે તે જોતાં તો પ્રગતિ કરવી, વિકાસ પામવો અને સાથે સાથે જે અહિંસાને આપણી આગળ વર્તનના સૌથી ઊંચા અને સારામાં સારા ધોરણ તરીકે મૂકવામાં આવે છે તેનું સાચી રીતે અને નિર્ભેળપણે પાલન કરવું એ અસંભવિત છે. કોઈ એમ કહેશે કે "અમે તો કેવળ આત્મબળનો જ પ્રયોગ કરીશું અને સ્થૂળ હિંસાનો આશ્રય લઈને બચાવ કરવા ખાતર પણ કોઈ પ્રકારની હિંસા કદી નહિ કરીએ." વારુ, પરંતુ જ્યાં સુધી તમારું આત્મબળ અસરકારક બને નહિ, ત્યાં સુધી તો

માનવોમાં અને પ્રજાઓમાં રહેલી આસુરી શક્તિ, આજે વિશ્વયુદ્ધમાં આપણે જોઈ રહ્યા છીએ તેમ, બધાને પગતળે કચરે છે, ભાંગફોડ કરે છે, ખૂનામરકી કરે છે, બાળે છે, ભ્રષ્ટ કરે છે. અને એ ભયંકર કાર્ય તે કેવી રીતે કરે છે ? નિરાંતે, નિશ્ચિતપણે, વગર બાધાએ. આમ કેવળ અહિંસાનો આક્રોશ લઈને પણ બીજાઓ હિંસા વડે જીવનનો જેટલો વિનાશ કરે છે તેટલો જ કદાચ તમે થવા દીધો છે એમ બને; છતાં એમ કહી શકાય કે તમે એક એવા આદર્શની જગતમાં પ્રતિષ્ઠા કરી છે જે આજે નહિ તો એક દિવસ ભાવિમાં વધારે સારી પરિસ્થિતિ પ્રત્યે જગતને લઈ જશે. પરંતુ એ આશ્વાસન પણ સંપૂર્ણપણે સાચું નથી નીવડતું, કારણ કે આત્મબળ પણ જ્યારે અસરકારક બને છે ત્યારે તે પણ વિનાશ કરે છે. જે લોકોએ આત્મબળનો પ્રયોગ પોતાની આંખો ઉઘાડી રાખીને કર્યો છે તેઓ જ જાણી શકે છે કે આત્મબળ તલવાર અને તોપ કરતાં કેટલું બધું કારમું અને વિનાશકારક હોઈ શકે છે. અને જેઓ પોતાના સ્થૂલ કર્મના બાહ્ય સ્વરૂપથી અને તેનાં તાત્કાલિક પરિણામથી પોતાની દૃષ્ટિને મર્યાદિત કરતા નથી તેઓ જ જાણી શકે છે કે આત્મબળના પ્રયોગોની પાછળથી થતી અસરો કેટલી બધી પ્રચંડ હોય છે અને એને લઈને આખરે કેટલું બધું વિનાશ પામી જાય છે. અને સાથે સાથે વિનાશ પામનાર વસ્તુના ઉપર આધાર રાખનાર જીવન પણ વિનાશને પામે છે. અનિષ્ટના ઉપર જે જીવી રહ્યું હોય છે તેના મોટા ભાગનો વિનાશ કર્યા વિના અનિષ્ટનો પોતાનો નાશ થઈ શકતો નથી. અને આપણે પોતે, અંગત હિસાબે, હિંસા કરવાના દુઃખદ અનુભવથી બચી ગયા તેથી કરીને જે વિનાશ થાય છે, તે વિનાશ તરીકે ઓછો ઠરતો નથી.

જ્યારે જ્યારે આપણે આત્મબળનો પ્રયોગ કરીએ છીએ, ત્યારે ત્યારે આપણા પ્રતિપક્ષી સામે કર્મનું પ્રચંડ બળ આપણે ઊભું કરીએ છીએ. અને એ કર્મના બળની પાછળથી જે ગતિ ઉત્પન્ન થાય છે તેને અટકાવવાનું સામર્થ્ય આપણામાં હોતું નથી. વિશ્વામિત્ર રાજાના સૈન્યની હિંસા સામે વશિષ્ઠ ઋષિ આત્મબળ વાપરે છે. અને હૂણ, શક અને પલ્લવ લોકોનાં ધાડાંઓ વિશ્વામિત્રની સેના પર હુમલાઓ કરે છે. હિંસા અને જુલમ સહન કરી લેનાર આધ્યાત્મિક માણસની ખુદ શાંતિ અને નિષ્ક્રિયતા વિશ્વમાં કાર્ય કરી રહેલી પ્રચંડ શક્તિઓને જાગ્રત કરે છે, અને તે શક્તિઓ વેર લે છે. એવે પ્રસંગે પાપના પ્રતિનિધિ લોકોને મારફાડ કરવા દેવી અને એ લોકો પોતાના ઉપર આપણી કલ્પનામાં પણ કરવા ન ઈચ્છીએ એવી જાતનો વિનાશ નોતરી લે, તેના કરતાં તો શારીરિક બળ વડે એમનો સામનો કરવો એ કદાચ વધારે દયાળુ કાર્ય પણ હોઈ શકે. જગતમાં કલહ અને વિનાશના નિયમનો અંત લાવવા માટે આપણા પોતાના હાથ હિંસાથી ખરડાયેલા ન હોય, અને આપણા આત્માને ડાઘ લાગ્યો ન હોય

એટલું પૂરતું નથી. માનવજાતિમાં એનું જે મૂળ રહેલું છે તે માનવજાતિમાંથી દૂર થઈ જવું જોઈએ. આમ છે તો પછી પાપનો સામનો કરવાને નારાજ કે અશકત એવી કેવળ જડતા કે નિષ્ક્રિયતા તો એ નિયમને ક્યાંથી જ દૂર કરી શકે? આખરે જોવા જઈએ તો જડતા અને તમોગુણ, કલહનાં રાજસિક તત્ત્વ કરતાં તો ઘણી વધારે હાનિ કરે છે. કારણ કે રજોગુણ પોતે વિનાશ કરે છે તેના કરતાં વધારે સરજી આપે છે. એટલે, જ્યાં સુધી આ પ્રશ્ન વ્યકિત-ગત કર્મનો ગણીએ ત્યાં સુધી સંગ્રામમાંથી અને એના અનિવાર્ય સહગામી પરિણામરૂપ સ્થૂળ વિનાશ કરવામાંથી નિવૃત્ત થઈ જવાને પરિણામે વ્યકિતના નૈતિક જીવનની ઉન્નતિ થઈ શકે, પરંતુ પ્રાણીઓના સંહારક કાળને તો તે જેમનો તેમ રહેવા જ દે છે.

ઉપર જણાવ્યો તે મુદ્દા ઉપરાંત માનવજાતિનો અત્યાર સુધીનો આખોય ઈતિહાસ પણ જગતમાં યુદ્ધ અને કલહના નિયમની સતત વ્યાપકતાની અને અમોઘ ચીવટતાની સાક્ષી પૂરે છે. એ ઉગ્ર તત્ત્વની ઉગ્રતાને ઓછી કરવા માટે જીવનનાં બીજાં તત્ત્વો ઉપર વધારે ભાર દેવાનો પ્રયત્ન આપણે કરીએ એ સ્વાભાવિક છે. યુદ્ધ અને વિનાશ કાંઈ સર્વસ્વ નથી. જીવનમાં એક બાજુ કુસંપ અને કલહની શકિતઓ કાર્ય કરે છે, તો બીજી બાજુએ સહકાર અને પરસ્પર સહાયનાં બળો પણ રહેલાં છે. જીવનમાં અહં-પ્રધાન આત્મપ્રતિષ્ઠાન છે, તો સામા પલ્લામાં પ્રેમની શકિત પણ રહેલી છે. બીજાઓને પોતાના સ્વાર્થને માટે હોમી દેવાની વૃત્તિ માનવમાં રહેલી છે, તો પોતાની જાતને બીજાઓને ખાતર સમર્પી દેવાની ભાવના પણ માનવમાં દેખાય છે. પરંતુ એ સંરક્ષક તત્ત્વો પણ વ્યવહારમાં કેવી રીતે કામ કરે છે તે જોઈશું તો એનાં વિરોધી વિનાશક તત્ત્વોમાં રહેલી શકિતની આપણે અવગણના નહિ કરી શકીએ, તેમ તેના પર ઢોળ પણ નહિ ચડાવી શકીએ. સહકારનું તત્ત્વ કાંઈ એકબીજાને મદદ કરવા માટે જ વપરાયેલું છે એવું નથી; એનો ઉપયોગ રક્ષણ તેમજ આક્રમણ કરવા માટે પણ થતો રહ્યો છે. જીવનના સંગ્રામમાં બીજાઓના હુમલાથી પોતાનું રક્ષણ કરવા માટે, અથવા તો, આપણા આક્રમણનો વિરોધ કરનારા સામે પણ સહકારનો પ્રયોગ થયેલો છે. સહકાર પોતે પણ સંગ્રામ, અહં અને જીવનની સામે જીવનને ટકાવી રાખવાના કાર્યનો સેવક બન્યો છે. પ્રેમ પોતે પણ મૃત્યુને આમંત્રણ કરનાર એક શકિત બની રહેલી જણાશે. ખાસ કરીને માનવનો અહં જે રીતે સ્વીકારે છે તે રીતે કલ્યાણ માટેનો તેનો પ્રેમ અને પ્રભુનો પ્રેમ ઘણાં સંઘર્ષ, કલહ, ખૂનામરકી અને વિનાશ માટે જવાબદાર થયેલો છે. સ્વાર્પણ એ ઘણી મહાન અને ઉદાત્ત વસ્તુ છે. પરંતુ જ્યારે તે સૌથી વધારે ઊર્ધ્વ ગતિને સાધે છે ત્યારે મૃત્યુને

વરીને જીવન પ્રાપ્ત કરવાના નિયમની તે સાક્ષી પૂરે છે અને કોઈ અદૃશ્ય શક્તિ પોતાની વેદી ઉપર ઈષ્ટ કર્મ સાધવા માટે આહુતિ આપવાની માગણી કરતી આવી રહેલી છે એનો પણ એ પુરાવો છે.

વળી એવા આત્માર્પણની પાછળથી ઉત્પન્ન થતી અસરો પ્રત્યે આપણે નજર કરીશું તો સહજ અને સુલભ આશાવાદ આપણને એથી પણ ઓછો શક્ય લાગશે. દેશભક્તોના જ તરફ નજર કરો. પોતાનો દેશ સ્વતંત્ર થાય એટલા માટે દેશભક્તો જાન કુરબાન કરે છે અને થોડા દાયકાઓ પછી કુરબાનીની અને દુઃખો સહન કરવાની કિંમતનો બદલો કર્મનો સ્વામી પ્રભુ આપે છે ત્યારે એ દેશ પર ફરીને નજર કરો. હવે એ જ પ્રજા પોતે જુલમગાર બને છે, અને બીજી પોતાનાથી નબળી પ્રજાઓને જીતીને તેમની સમૃદ્ધિનું શોષણ કરે છે, વસાહતો જમાવે છે અને આક્રમણ કરીને રાજ્યોને પરાધીન બનાવે છે, તેમના પર સામ્રાજ્ય સ્થાપે છે અને પોતે જીવે એટલા ખાતર બીજાઓને ભોગે છે. એ જ પ્રમાણે ખ્રિસ્તી ધર્મના શહીદો હજારોની સંખ્યામાં પોતાનાં બલિદાન આપે છે અને વિધર્મી રોમન સામ્રાજ્યની રાજશક્તિ સામે પોતાની આત્મશક્તિ અજમાવે છે, જેથી કરીને ક્રાઈસ્ટનો વિજય થાય અને ખ્રિસ્તી ધર્મ વ્યાપક બને, સર્વત્ર પ્રચાર પામે. એમનું આત્મબળ સફળ તો થાય છે, ખ્રિસ્તી ધર્મનો પ્રચાર પણ થાય છે, પણ માનવજીવન પર ક્રાઈસ્ટનો વિજય સ્થપાતો નથી. વિજયી થયેલો એ ધર્મ મારકણો અને બીજાઓના પર સરસાઈ કરનારો પંથ બની જાય છે. અને જે ધર્મને અને જે સામ્રાજયને પોતે ઊથલાવી નાખે છે તેના કરતાં પણ વધારે ક્રૂર અને ધર્માંધ પોતે બને છે અને અનેક માનવોના ઉપર અત્યાચારો અને જુલમો ગુજારે છે. વધારે શું કામ ? સાક્ષાત્ ધર્મના પંથો એકબીજા સાથે ઝઘડાઓ અને ઉગ્ર યુદ્ધો કરીને દરેક પોતે આગળ વધવા, જીવવા અને જગતના ઉપર કાબૂ મેળવવા પ્રયત્ન કરી રહેલા છે !

આ બધા ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે એ સંહાર અને યુદ્ધનું તત્ત્વ જીવનનું એક તત્ત્વ છે. અને કદાચ આદિ તત્ત્વ છે. અને એના ઉપર કેવી રીતે વિજય મેળવવો એનું રહસ્ય આપણે હજી સુધી જાણતા નથી. એનું કારણ એ છે કે કાં તો એ પોતે ખરેખર અજેય છે, અથવા તો, આપણે હજી સુધી તેના પ્રત્યે સમર્થ અને નિષ્પક્ષપાત દૃષ્ટિએ જોયું નથી, એટલે શાંતિથી અને પ્રામાણિકપણે તે શું છે એ આપણે જોઈ શક્યા નથી. જો આપણો ઉદ્દેશ જીવનના ગૂંચવણભર્યા કોયડાઓનો ઉકેલ લાવવાનો હોય, પછી તે ઉકેલ ગમે તે હોય તેનું રહસ્ય જાણવાનો હોય, તો આપણે જીવન પ્રત્યે સ્થિર દૃષ્ટિ માંડીને વગર ગભરાયે તેને જોતાં શીખવું જોઈએ. જીવન પ્રત્યે દૃષ્ટિ કરવી એટલે ઈશ્વરના મુખ પ્રત્યે દૃષ્ટિ કરવા બરાબર છે. કારણ કે ઈશ્વરને અને

જીવનને આપણે જુદાં પાડી શકીશું નહિ. અથવા તો જગતના નિયમોની જવાબદારી આપણે જગતના કર્તાથી, યા તો જે જગતરૂપ બની રહેલો છે તેનાથી, જુદો પાડીને બીજા કોઈના પર નાખી શકીશું નહિ. અહીં પણ આપણે સામાન્ય રીતે દ્વિઅર્થી વાક્યોમાં અને ઢાંકપિછોડો કરવામાં આનંદ લઈએ છીએ. આપણે પ્રેમનો અને દયાનો ઈશ્વર કલ્પીએ છીએ. આપણા નીતિના, ન્યાયના, સદ્‌ગુણના, ધર્મના વગેરે વિચારો અનુસાર આપણે શુભ યાને કલ્યાણ સ્વરૂપ, ન્યાયપરાયણ, સદ્‌ગુણી અને ધર્માત્મા ઈશ્વર ઊભો કરીએ છીએ. અને આપણે એમ પણ કહીએ છીએ કે બાકીનું બધું જે કાંઈ જગતમાં છે તે ઈશ્વર નથી, ઈશ્વરનું ૧ નથી. એ તો કોઈ આસુરી શક્તિનું કાર્ય છે. પ્રભુએ પોતાની વિરોધી એવી શક્તિને કોઈ અગમ્ય કારણે તેની સેતાની યોજનાને, રાક્ષસી માયાને, કે સંકલ્પને પાર પડવા દીધા લાગે છે. અથવા તો અહિંમન જેવી કોઈ અંધકારની એટલે કે અજ્ઞાનની શક્તિ કલ્યાણ-કારી અહુરમઝદની સામે થઈને એ વસ્તુઓને ઉત્પન્ન કરવામાં ફાવી જાય છે. અથવા તો એમ પણ માનવામાં આવે છે કે એ બધો પાપી અને સ્વાર્થી માનવનો જ વાંક છે. મૂળ તો આ જગત પ્રભુએ સંપૂર્ણ બનાવ્યું હતું તેને માનવે જ બગાડી મૂકયું છે, અવનતિએ પહોંચાડયું છે. કેમ જાણે કે મૃત્યુનો અને પરસ્પર ભક્ષણનો જે નિયમ પ્રાણી-જગતમાં પ્રવર્તે છે તે પણ માનવનો બનાવેલો ન હોય! હિંદુ ધર્મની પેઠે જરા યે શોભ કે સંકોચ વગર, આ અજ્ઞાત વિશ્વશક્તિ એક જ છે, એક જ ત્રિમૂર્તિ છે, એ સત્ય સ્વીકારવાની હિંમત થોડા જ થોડા ધર્મોએ બતાવી છે. હિંદુ ધર્મ તો હિંમતપૂર્વક સ્વીકારે છે કે એ અજ્ઞાત શક્તિ પણ દિવ્ય છે, અને જગતમાં જે શક્તિ કાર્ય કરી રહેલી છે તે સર્વ મંગલદાયી દુર્ગા છે એટલું જ નહિ, પરંતુ કરાલકાલી, રક્તથી નીગળતું સંહાર-તાંડવ કરનાર કાલી પણ તે જ છે. અને તે કહે છે, 'આ પણ માતા જ છે, એને પણ પ્રભુ રૂપે જ જાણ. અને તારામાં સામર્થ્ય હોય તો એની પણ પૂજા કર.' અને એ ઘટના અર્થસૂચક પણ છે કે જે ધર્મમાં આવી નીડર પ્રામાણિકતા અને અજબ હિંમત છે એણે જ જગતમાં ગહન અને વ્યાપક એવું આધ્યાત્મિક જીવન ઉત્પન્ન કરવામાં એવી સફળતા મેળવી છે જેનો જોટો જગતમાં નથી. કારણ કે સત્ય એ જ સાચા આધ્યાત્મિક જીવનનો પાયો છે અને હિંમત એ તેનો આત્મા છે. तस्य सत्यं आयतनम् ।

ઉપર જણાવી તે બધી દલીલો ઉપરથી કહેવાનો આશય એ નથી કે વિનાશ અને સંહાર એ જ જીવનનું સર્વસ્વ છે. અથવા તો એમ પણ નથી કે એકતા અને સંવાદ યુદ્ધ અને કજિયા કરતાં વધારે મહાન કે ચડિયાતાં તત્ત્વો નથી. અથવા તો પ્રેમ મૃત્યુ કરતાં વધારે દિવ્ય આવિર્ભાવ નથી. વળી પશુબળને

દૂર કરીને તેને ઠેકાણે આત્મબળ વાપરવા માટે, અથવા તો, યુદ્ધને ઠેકાણે શાંતિ અને ભક્ષણને બદલે પ્રેમ, અહંતાને સ્થાને સર્વમયતા અને મૃત્યુને બદલે અમરતા પ્રગટાવવા આપણે પ્રયત્ન ન કરવો જોઈએ. પ્રભુ કેવળ રુદ્ર સ્વરૂપ નથી, તે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર રૂપે વિશ્વની ત્રિમૂર્તિ છે. તે પ્રાણીમાત્રનો સખા છે, એટલું જ નહિ પરંતુ પુરુષોત્તમ સ્વરૂપે તે પરાત્પર છે. ઉગ્રતાવાળી કાલી પોતે જ આપણી સર્વ મંગળમયી માતા છે. કુરુક્ષેત્રનો પ્રભુ પોતે જ રથનો દોરનાર સારથિ છે. માનવ-આત્માનો તે દિવ્ય સખા છે. પ્રાણીઓના હૃદયનું આકર્ષણ કરનાર અવતાર શ્રીકૃષ્ણ છે. જીવનનો ઘોર સંગ્રામ અને કલહો તથા અવ્યવસ્થામાંથી તે આપણને ગમે ત્યાં દોરી જતો હોય, તથા આપણા અંતરનું ગમે ત ઉદ્દેશ્ય કે દેવતા પ્રત્યે આકર્ષણ કરતો હોય તોપણ, આપણે જાણીએ છીએ કે એ બધાં અવતારનાં સ્વરૂપો જેના પર આપણે આટલો બધો ભાર મૂકીએ છીએ તેમનાથી પર એવી, આપણને અત્યાર સુધી પ્રાપ્ત નહિ થયેલી એવી, કોઈ દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિની ભૂમિકા પ્રત્યે જ તે આપણને લઈ જઈ રહ્યો છે. પરંતુ તે આપણને ક્યાં લઈ જાય છે, કેવી રીતે લઈ જાય છે, કેવા પ્રકારની પરાત્પરતામાં તે લઈ જાય છે, તથા કઈ શરતે તે આપણને દોરે છે એ સઘળું આપણે શોધી કાઢવાનું છે.

એ બધું જાણવું હોય તો તે માટેનું પ્રથમ પગલું એ છે કે આપણે જીવન જેવું છે તેવું બરાબર જોવું જોઈએ, અને શરૂઆતમાં અત્યારની ઘડીએ પ્રભુનું કાર્ય આપણને જેવું દેખાય તેવું જોવું અને તેનું સાચું મૂલ્ય આંકવું જોઈએ. ત્યાર પછી જ તેનો અંતિમ આદર્શ અને એ આદર્શને સિદ્ધ કરવાનો માર્ગ વધારે સારી રીતે આપોઆપ દેખાવા લાગશે. કુરુક્ષેત્રને તો આપણે સ્વીકારવું જોઈએ. અમર જીવન પ્રાપ્ત કરવાનો માર્ગ આપણે શોધી શકીએ તે પહેલાં મરણ વડે જીવન પ્રાપ્ત કરવાના નિયમને આપણે તાબે થતાં શીખવાનું છે. આપણી દૃષ્ટિ આપણે ખુલ્લી રાખવાની છે, અને અર્જુન કરતાં પણ ઓછાં આશ્ચર્ય પામેલાં નેત્રો વડે કાળ અને સંહારરૂપ પ્રભુના સ્વરૂપનું આપણે દર્શન કરવાનું છે, તથા વિશ્વસમસ્તના સંહારક પ્રભુનો ઇન્કાર કરવાનો નથી, તેનો તિરસ્કાર કે તેના પ્રત્યે ધૃણા પણ કરવાની નથી.

પ્રકરણ છઠું

મનુષ્ય અને જીવન-સંગ્રામ

ગીતાના ઉપદેશમાં રહેલી સર્વદેશીય ઉદારતાની બરાબર કદર કરવી હોય તો જગતમાં આવિર્ભાવ પામેલી પ્રકૃતિ વિષે અને જગતના સર્જનમાં પ્રગટ થતી પ્રક્રિયા વિષે ગીતા જે દૃષ્ટિબિંદુ સ્વીકારે છે તથા જે હિમતભર્યું નિરૂપણ કરે છે તેનો આપણે બુદ્ધિ વડે સ્વીકાર કરવો જોઈએ. કુરુક્ષેત્રના વિજયી રથનો દિવ્ય સારથિ એક બાજુથી જોતાં વિશ્વસમસ્તના સ્વામી તરીકે, સર્વ પ્રાણીઓના મિત્ર તરીકે, સર્વજ્ઞ નેતા તરીકે દેખા દે છે, તો બીજી બાજુએ એ પોતે જ સંહારક કાલ છે, — लोकक्षयकृत् प्रवृद्धः — લોકોનો ક્ષય કરવા માટે ઉદ્યુકત થયેલો કાલ છે, એમ પણ તે આપણને બતાવે છે. હિંદુ ધર્મમાં જે વિશાળ ઉદારતા રહેલી છે તેને અનુસરીને ગીતા પણ જાહેર કરે છે કે એ સંહારક, કાલ-સ્વરૂપ પણ પ્રભુનું જ છે. જગતના મહાન કોયડાના ઉકેલની મુશ્કેલીમાંથી છટકવા માટે ગીતા કોઈ છટકબારીનો ઉપયોગ કરતી નથી. આ પ્રકારનું વિધાન કરવા માટે અસાધારણ શ્રદ્ધાની જરૂર રહે છે. કારણ કે નાસ્તિક, જડવાદીની પેઠે વિશ્વને પાશવિ અને ઉદાસીન એવી શકિતની યાંત્રિક ક્રિયા તરીકે આપણે ન ગણતા હોઈએ, અથવા તો સાંખ્ય-મતની પેઠે એ જડ શકિતની — પ્રકૃતિની — લીલા નિષ્ક્રિય પુરુષમાં પ્રતિબિંબિત થઈ છે એવું આપણે ન માનતા હોઈએ તો મહાન અને મુશ્કેલીથી સાધ્ય થઈ શકે એવી શ્રદ્ધાથી જ આપણે આરંભ કરવો પડશે. વળી, આ વિશ્વ ઉદાસીન અને અવિકારી એવી કોઈ અનિર્વચનીય વિશ્વાતીત વાસ્તવિકતામાંથી સપાટી ઉપરની ચેતનામાં ઉત્પન્ન થયેલું સ્વપ્ન કે દુઃસ્વપ્ન માત્ર છે એમ આપણે ન માનતા હોઈએ, જે સ્વપ્નથી પરાત્પર પોતે તો નિર્લિપ્ત જ રહે છે, અને જેમાં પોતે કશો ભાગ ભજવતો જ નથી — તોપણ આપણે ભારે શ્રદ્ધાથી આરંભ કરવો પડશે. કારણ કે આપણે જે પ્રભુનો ઉલ્લેખ કર્યો છે, તે સર્વ-વ્યાપી, સર્વજ્ઞ અને સર્વશકિતમાન એવી એક સત્-તા છે. અને છતાં, તે વિશ્વથી અતીત એવી પરાત્પર, સનાતન સત્-તા પણ છે. એ જ આ જગતનો આવિર્ભાવ કરે છે. તથા આ જગતમાં એ પોતે જ આવિર્ભાવને પામી રહેલો છે. અને છતાં એની પોતાની સર્જન કરનારી શકિતનો કે પ્રકૃતિનો એ ગુલામ નથી, પણ શાસક છે, ઈશ છે. આ વિશ્વની યોજનામાં, કે

તેના સંચાલનના કાર્યમાં એ પ્રભુ પોતાનાં સર્જેલ પ્રાણીઓથી, પછી તે માનવ હોય કે રાક્ષસ હોય, કદી હારી જતો નથી. પોતાની સૃષ્ટિના કે પોતાના આવિર્ભાવના કોઈ પણ અંગની જવાબદારી પોતે સર્જેલી કે પ્રગટ કરેલી, એવી કોઈ વસ્તુના ઉપર ઢોળી દઈને પોતાની જાતને સાચા ઠરાવવાની કે પોતાની શુદ્ધ સત્તા પ્રગટ કરવાની પ્રભુને જરૂર પડતી નથી. માનવ પોતાની જાતને જગતની અંદર આવી રહેલી જુએ છે. એ જગત બહારથી જોતાં સંગ્રામે ચડેલી શક્તિઓના મેદાન જેવું જણાય છે. અસંખ્ય, અંધકારગ્રસ્ત શક્તિઓ પરસ્પર અવ્યવસ્થિતપણે એમાં ઝઘડતી જણાય છે. એવા જગતમાં જીવન ટકી રહે છે તે સતત વિકાર પામીને અને મરણને વશ થઈને, અને જીવનની ચારે બાજુઓથી દુઃખ, શોક, પાપ અને મૃત્યુનો ભય તેને ઘેરી વળેલો જણાય છે. બહારથી આવા જણાતા જગતની અંદર એક સર્વવ્યાપક સત્ય આવી રહેલું છે એમ માનવે જોવાનું છે, સમજવાનું છે, તથા આ વિકટ કોયડાનું નિરાકરણ હોવું જ જોઈએ એવી દૃઢ શ્રદ્ધાયુક્ત ખાતરી પણ એણે પોતાના અંતરમાં રાખવાની છે. અત્યારે માનવ જે અજ્ઞાનમાં જીવી રહ્યો છે તેનાથી ઊલી તરફ, જીવનના સર્વ વિરોધોનો એક સંવાદમાં મેળ કરી આપી શકે એવું જ્ઞાન પણ રહેલું છે એવી શ્રદ્ધા માનવે કેળવવાની છે. ટૂંકમાં, એણે સેન્ટ પૉલના જેવી અડગ શ્રદ્ધા પોતાના અંતરમાં પ્રગટાવીને પ્રભુને કહી શકવું જોઈએ: 'તું મને કાપી નાખશે તો પણ હું તો તારામાં વિશ્વાસ રાખીશ.' માનવની સર્વ પ્રકારની ભાવાત્મક અને સક્રિય વિચારણામાં અથવા તો માન્યતામાં, પછી તે એક ઈશ્વર વિષે આસ્તિક, સઘળું દેવમય માનનારી, કે નાસ્તિક હોય, તે દરેકમાં ઓછા વધતા પ્રમાણમાં, પ્રગટ કે અપ્રગટ રીતે એવી જ કોઈ શ્રદ્ધા રહેલી જણાશે. એ દરેક દૃષ્ટિ કથાકનો સ્વીકાર કરે છે, તથા કથાકમાં શ્રદ્ધા રાખે છે. જીવનના કલહોને અને વિસંવાદોને તે સ્વીકારે છે. તથા ઈશ્વરમાં, કોઈ ઉચ્ચ તત્ત્વમાં, વિરાટ સત્તામાં, કે પ્રકૃતિમાં એ શ્રદ્ધા રાખે છે. અર્થાત્ એવું કોઈ તત્ત્વ આપણને જીવનના વિરોધો અને વિસંવાદોથી પર થવાની, એમનો પરાજય કરવાની થા તો એમનો સંવાદ થાને સમાધાન સાધવાની શક્તિ આપશે એવી શ્રદ્ધા તે રાખે છે. કદાચ એ બધાથી પર થવાની, એમને જીતવાની અને સંવાદી બનાવવાની, એમ ત્રણે શક્તિઓ તે ઊર્ધ્વ તત્ત્વ આપણને આપશે. અથવા તો એમના પર જીત મેળવીને અને એમાંથી પર થઈને એમની વચ્ચે સંવાદ સાધવાની શક્તિ કદાચ આપણને તે આપશે.

એ તો જીવનની પેલી તરફ રહેલા ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાની વાત થઈ. આ બાજુ માનવજીવનનું વ્યવહારુ સ્વરૂપ જોઈશું તો ત્યાં આપણે કલહ અને

સંગ્રામનું તત્ત્વ માન્ય કરવું પડશે. તથા કુરુક્ષેત્ર જેવા કોઈ મહાન કટોકટીના પ્રસંગને તે પ્રાપ્ત થાય છે એ વસ્તુનો આપણે સ્વીકાર કરવો પડશે. આપણે આગળ જોઈ ગયા છીએ કે પોતાના કાર્યક્ષેત્રના ચોકઠા તરીકે ગીતા માનવ-જાતિના ઇતિહાસમાં સમયે સમયે આવતી કટોકટીની અને ક્રાંતિનો કે પરિવર્તનની પરિસ્થિતિનો સ્વીકાર કરે છે. એવી પરિસ્થિતિમાં મહાન શક્તિઓ સંગ્રામના મેદાનમાં સામસામી એકઠી થાય છે, અને પ્રચંડ વિનાશ તથા મહાન નવસર્જન કરે છે. એવો વિનાશ અને નવસર્જન બુદ્ધિના ક્ષેત્રમાં, સમાજમાં, નીતિના ધોરણોમાં, ધર્મમાં અને રાજકારણમાં સધાય છે. માનવજાતિની અત્યારની માનસિક અને સામાજિક સ્થિતિ જોતાં, અત્યારને તબક્કે, એવો વિનાશ અને નવસર્જન સામાન્ય રીતે ઉગ્ર વિરોધનું, મહાન વિગ્રહનું કે ક્રાંતિનું સ્વરૂપ ધારણ કરે છે, અને ઘણા ઉગ્ર અને પ્રચંડ સ્થૂલ વિનાશ અને પરિવર્તનને પરિણામે એ વસ્તુઓ સધાય છે. માનવજાતિની સમુત્ક્રાંતિ સાધવા માટે પ્રકૃતિમાં અત્યારે એવી ભીષણ પરિસ્થિતિની આવશ્યકતા રહેલી છે. ગીતા એવી આવશ્યકતાનો સ્વીકાર કરીને આરંભ કરે છે. અને વધારામાં ગીતા એ કલહનું નૈતિક સ્વરૂપ, એટલે કે ધર્મ અને અધર્મનાં તત્ત્વો વચ્ચેના આંતરકલહનું સ્વરૂપ, યા તો શિવ યાને મંગલ અને તેનો વિરોધ કરનાર શક્તિઓ વચ્ચેનો સૂક્ષ્મ ઝઘડો માત્ર સ્વીકારે છે એવું નથી. એના સ્થૂલ શારીરિક હિંસાનાં અથવા તો કલહનાં બીજ ઉગ્ર સ્વરૂપને પણ ગીતા આવશ્યક તરીકે સ્વીકારે છે. આપણે એ યાદ રાખવાનું છે કે જે સમયે ગીતા રચાઈ હતી ત્યારે માનવની પ્રકૃતિના એક અંગ તરીકે યુદ્ધ અત્યારે છે તેના કરતાં પણ વધારે જરૂરી વસ્તુ હતી. અને જીવનમાંથી એને સદંતર દૂર કરી દેવાનો ખ્યાલ સુધ્ધાં તે સમયે શેખચલ્લીના જેવો ગણાત. વિશ્વશાંતિ અને કલ્યાણની ભાવનાનો આદર્શ અને માનવ માનવ વચ્ચે એવી પરસ્પર કલ્યાણની શુભ વાંછના કે ક્રામના ન હોય તો સાચી અને હમેશની વિશ્વશાંતિ અશક્ય જ છે. જીવન પર માનવ પોતાની પકડ પ્રકૃતિના વિકાસમાં ઇતિહાસના યુગો દરમ્યાન કદી પણ જમાવી શક્યો નથી, એનું કારણ એ છે કે નીતિની દૃષ્ટિએ, સમાજના બંધારણની દૃષ્ટિએ, તથા આધ્યાત્મિક દૃષ્ટિએ, માનવજાતિ એ આદર્શને માટે તૈયાર ન હતી. અને ક્રમેક્રમે, ઉન્નતિની સીડી ચડી રહેલી પ્રકૃતિની સમતુલા એટલા મહાન આરોહણ માટે તૈયાર ન હતી. એને માટે તે સમયે એ તૈયારી કરી શકે એમ પણ ન હતું. અને અત્યારે પણ આપણે કાંઈ બહુ આગળ નીકળી ગયા છીએ એવું નથી. પરસ્પર ઝઘડતા સ્વાર્થો વચ્ચે એક પ્રકારની આપણે કે બાંધછોડની યોજના ઘડવા ઉપરાંત આજે પણ આપણે બહુ આગળ વધ્યા નથી. એવી પ્રજાકીય સ્વાર્થોની બાંધછોડની કોઈ યોજના અમલમાં આવે તો

યુદ્ધનાં સૌથી ખરાબ સ્વરૂપો વારેવારે પ્રગટ ન થાય, અથવા તો ઓછામાં ઓછાં પ્રગટે, એટલી જ સંભાવના આપણે સાધી શકયા છીએ. અને વિશ્વ-શાંતિની સ્થાપના પ્રત્યે એ નાનું સરખું પગલું ભરવા માટે, પોતાની પ્રકૃતિના અત્યારના બંધારણને લઈને, માનવજાતિને ઇતિહાસમાં અદ્વિતીય એવા ઘોર વિનાશકારી, રાક્ષસી યુદ્ધનો પ્રયોગ કરવાની ફરજ પડી છે. જગદ્‌વ્યાપી એક યુદ્ધ, પ્રજા-પ્રજાઓ વચ્ચે વેરઝેરથી ઊભરાતું યુદ્ધ, એ આધુનિક માનવે શોધી કાઢેલો વિશ્વશાંતિનું સ્થાપન કરવા માટેનો સીધેસીધો માર્ગ અને વિજયી ઉપાય છે! માનવના રાષ્ટ્રીય સ્વાર્થોની બાંધછોડ કરનાર યોજનાનું બંધારણ પણ શેના ઉપર રચાયેલું છે? માનવની પ્રકૃતિમાં થયેલા કોઈ સમૂળા આંતર પરિવર્તન ઉપર નહિ, પરંતુ એની બુદ્ધિના વિચારો, આર્થિક સગવડો, લડાઈમાં જીવનના પ્રચંડ વિનાશ થવાને પરિણામે જાગેલી પ્રાણની અને લાગણીઓની ધૃણા ઉપર લડાઈની ભયંકરતાઓ, અને અગવડોના અનુભવ ઉપર, રાજકીય પક્ષોની પરસ્પર બાંધછોડ ઉપર એની સ્થાપના કરવામાં આવી છે. આમ હોવાથી એનો પાયો અતિ દૃઢ છે તથા એનું આયુષ્ય ઘણું લાંબું છે એવી ખાતરી આપણને પડતી નથી. એક દિવસ આવશે, આપણે એમ પણ કહીશું કે એવો દિવસ નક્કી આવવો જોઈએ જ્યારે માનવ આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક દૃષ્ટિએ વિશ્વશાંતિને માટે લાયક થશે; પરંતુ તે સમય આવે ત્યાં સુધી તો સંગ્રામનું તત્ત્વ અને યોદ્ધા તરીકે માનવની પ્રકૃતિનો અને તેના ધર્મનો આપણે સ્વીકાર કરવાનો છે, અને વ્યવહારુ મીમાંસા અને ધર્મ વડે તેની સમજૂતી આપવાની છે. દૂરના ભાવિમાં જીવન કેવું થવાનું છે કે થશે તે નહિ, પરંતુ અત્યારે તે જેવું છે તેવું જીવન ગીતા સ્વીકારે છે, અને પ્રશ્ન કરે છે: માનવની સામાન્ય પ્રવૃત્તિના જ એક અંશ રૂપ આ કાર્યનો અર્થાત્ યોદ્ધાના ધર્મનો આધ્યાત્મિક જીવન સાથે મેળ કેવી રીતે મેળવી શકાય તેમ છે?

આમ ગીતા એક યોદ્ધાને, કર્મમાં પ્રવૃત્ત થયેલા એક કર્મવીરને સંબોધાયેલી છે. એટલે કે જીવનમાં યુદ્ધ કરવું અને રક્ષા કરવી એ એની ફરજ સ્હેલી છે. યુદ્ધ કરવાની ફરજ, રાજ્ય કરવાના એક અંગ તરીકે, ક્ષત્રિયના ઉપર આવી પડે છે; કારણ કે પ્રાચીન કાળમાં ક્ષત્રિય સિવાયના બીજા વર્ગોને પોતાનું રક્ષણ કરવાની ફરજમાંથી મુક્ત રાખવામાં આવતા હતા. એવા લોકો પોતાનું રક્ષણ કરવાને અશક્ત હોય છે. એવા લોકોનું બળવાન અને જુલમી લોકોથી રક્ષણ કરવું એ ક્ષત્રિયની ફરજ છે. વળી જેમ નિર્બળ અને પીડિત લોકોનું રક્ષણ કરવું એ ક્ષત્રિયની ફરજ છે તેમ ધર્મનાં અને ન્યાયનાં ધોરણોને સાચવવાં એ પણ ક્ષત્રિયની ફરજ ગણાતી. એટલે એવાં ધર્મ અને ન્યાયનાં ધોરણોને ખાતર પણ ક્ષત્રિયને યુદ્ધ કરવું પડતું. હિંદમાં ક્ષત્રિયનો જે આદર્શ

સ્વીકારાયો છે તેમાં આ બધા વિચારોને, એટલે કે સામાજિક અને વ્યવહારુ વિચારો, નૈતિક અને વિનમ્ર વીરતા વગેરેને સ્થાન રહેલું છે. ક્ષત્રિય એટલે જે માણસ સ્વધર્મ કરીને યોદ્ધો હોય, શાસક હોય તે ક્ષત્રિયની પ્રકૃતિમાં પારકાનું રક્ષણ અને રાજત્વ રહેલાં છે. ગીતામાં જે વિચારો સામાન્ય અને સર્વ-સ્વીકાર્ય રહેલા છે તે આપણે માટે સૌથી વધારે અગત્યના છે એ ખરું; તે છતાં જે વિશિષ્ટ પ્રકારની આર્ય સંસ્કૃતિ અને જે સામાજિક સંગઠનમાંથી ગીતા ઉદ્‌ભવે છે તેમાંથી પણ ગીતાને અમુક રંગ અને અમુક વલણ મળેલાં છે. એ બધાને આપણે આપણી ગણતરીમાંથી સમૂળગાં બાતલ કરવાં ન જોઈએ. એ પ્રાચીન હિંદની સમાજરચનાના વિચારો કરતાં જુદા પડે છે. આજકાલનું માનસ પ્રત્યેક વ્યક્તિને ચિંતન કરનાર, મજૂર, ઉત્પાદક અને સિપાહી એ પ્રમાણે ચારે વસ્તુઓની એકસામટી બનેલી ગણે છે. અને અત્યારના સમાજની વ્યવસ્થાનું વલણ એવું છે કે એ ચારે જુદાજુદા પ્રકારની પ્રવૃત્તિઓની દરેક વ્યક્તિ પાસેથી એકસામટી માગણી કરવામાં આવે છે. એટલે કે દરેક માણસ પાસેથી સમાજના બૌદ્ધિક, આર્થિક અને લશ્કરી જીવનને લગતી જરૂર ઉપર કશું જ ધ્યાન આપવામાં આવતું નથી. પ્રાચીન આર્ય સંસ્કૃતિમાં વ્યક્તિની વૃત્તિ, તેની પ્રકૃતિ અને સ્વભાવ ઉપર વધારે ભાર દેવામાં આવતો હતો. અને વ્યક્તિમાં જે ગુણ આગળ પડતો હોય તેનો આશ્રય લઈને એનો વર્ગ, એનો ધર્મ અને સમાજમાં એનું સ્થાન નક્કી કરવામાં આવતું હતું. વળી આર્ય સંસ્કૃતિમાં માનવને મુખ્યત્વે સામાજિક પ્રાણી તરીકે, અથવા તો માનવના સામાજિક જીવનની પૂર્ણતાને જીવનના ઊંચામાં ઊંચા ધ્યેય તરીકે ગણવામાં આવતું નહિ. આર્ય સંસ્કૃતિ માનવને એક આધ્યાત્મિક સત્-તા તરીકે ગણતી. અલબત્ત, હિંદની સંસ્કૃતિ એ પણ સ્વીકારતી કે માનવની આધ્યાત્મિક પ્રકૃતિનું બંધારણ હજી પૂરેપૂરું સિદ્ધ થયું નથી, પરંતુ થવામાં છે, તે વિકાસ પામી રહ્યું છે. અને માનવનું સામાજિક જીવન, એના જીવનના નીતિના નિયમો, પ્રકૃતિની ખાસ ક્રિયા અને સ્વધર્મ એ સઘળાં એના આધ્યાત્મિક દેહના વિકાસ માટેના ઉપાયો અને સહાયકો ગણાતાં. ૧. ચિંતન અને જ્ઞાન, ૨. યુદ્ધ અને રાજ્યવ્યવસ્થા, ૩. પેદાશ અને વિનિમય, ૪. મજૂરી અને સેવા, — એ ચારે કાળજીપૂર્વક જુદા પાડેલા સમાજના ધર્મો હતા. દરેક માણસને તેના સ્વાભાવિક ગુણધર્મ પ્રમાણે એને વર્ણ પ્રાપ્ત થતો; અને એનો આશ્રય લઈને પ્રત્યેક વ્યક્તિ પોતાના આધ્યાત્મિક વિકાસ અને પૂર્ણતા પ્રત્યે ગતિ કરી શકતી. ઉન્નતિને માટે આ સાચો ઉપાય ગણાતો.

માનવ-પ્રવૃત્તિના મુખ્ય વિભાગોમાં, તેનાં સર્વે કાર્યોમાં, બધી વ્યક્તિઓની જવાબદારી રહેલી છે એવા આપણા આજકાલના વિચારમાં કેટલાક ફાયદાઓ

રહેલા છે. એનાથી સમાજ વધારે સંગઠિત થાય છે, એકતા સાધે છે અને સામાજિક જીવનની વિપુલતા અને સમૃદ્ધિ પ્રગટાવી શકે છે, તથા વ્યક્તિનો સર્વદેશીય તેમજ સર્વાંગીણ વિકાસ પણ એ પદ્ધતિમાં, વધારે સારા પ્રમાણમાં સધાય છે. આમ હોવાથી અંત વગરના વિભાગો અને વર્ગોથી, તથા અતિશય નિષ્ણાતપણાને લઈને આવતી ખામીઓથી થતી હાનિને તે અટકાવે છે. પરંતુ એ આધુનિક વિચારના પોતાના ગેરલાભો પણ રહેલા છે. અને કેટલીક દિશામાં એનો પ્રયોગ અક્ષરશઃ કરવાથી ઘણાં જ વિચિત્ર અને આપત્તિજનક પરિણામો પણ આવેલાં છે. હમણાં થયેલા વિશ્વયુદ્ધમાં એ વિચારનો જે રીતે અમલ થયો છે, તેમાં એ ખામીઓ સ્પષ્ટપણે બહાર આવેલી જણાય છે. સમસ્ત પ્રજા જેને લઈને વ્યક્તિ જીવે છે અને સામાજિક જીવનના લાભો મેળવે છે તેને માટે લડવાની, તેનું રક્ષણ કરવાની પ્રત્યેક વ્યક્તિની ફરજ છે એ ખ્યાલમાંથી એવી યોજના અત્યારે ખડી કરવામાં આવી છે જેમાં પ્રજાસમસ્તના પુરુષ-વર્ગને લોહીથી ખરડાયેલી ખાઈઓમાં મરવા કે મારવા માટે ફરજિયાત મોકલી દેવામાં આવે છે. પરિણામે, વિચારકો, કલાકારો, મીમાંસકો, વેપારીઓ, ધર્મગુરુઓ, કારીગરો એમ બધાને પોતપોતાના સ્વાભાવિક ધર્મો અને પરિસ્થિતિમાંથી વિખૂટા પાડીને, સમગ્ર સામાજિક જીવનને અસ્તવ્યસ્ત કરી નાખવામાં આવે છે. બુદ્ધિના તથા અંતરના અવાજને ગૂંગળાવી નાખવામાં આવે છે અને સરકારના પગારદાર ધર્મગુરુઓ જેમનો ધર્મ શાંતિનો અને પ્રેમનો ઉપદેશ આપવાનો છે તેમને પણ પોતાના ધર્મનો ઇન્કાર કરીને ખાટકી બનવું પડે છે અને માનવ-બંધુઓનો નાશ કરવાની એમને ફરજ પાડવામાં આવે છે. વળી સમગ્ર દેશના ઉપર લશ્કરી રાજ્યવ્યવસ્થાની સ્થાપના થાય છે. અને માનવોના અંતઃકરણ અને તેમની પ્રકૃતિના ઉપર જુલમ ગુજારવામાં આવે છે. એટલું જ નથી, પ્રજાકીય રક્ષણને ગાંડપણની હદ સુધી લઈ જવામાં આવે છે ને એ પ્રયત્ન રાષ્ટ્રીય આપઘાત જેવો નીવડવાનો સંભવ પણ ઉપસ્થિત થાય છે.

આર્ય સંસ્કૃતિમાં પ્રજાકીય યુદ્ધના પરિણામો અને તેની ભયંકર વિનાશકતા જેમ બને તેમ ઓછી થાય એ એક મુખ્ય ઉદ્દેશ તરીકે રાખવામાં આવતો હતો. આ હેતુથી પ્રેરાઈને એણે લડાઈ કરવાની ફરજ સમસ્ત પ્રજાના નાના વર્ગમાં મર્યાદિત કરીને પ્રજાનો જે વર્ગ જન્મે, સ્વભાવે, તથા પ્રણાલીને લઈને યુદ્ધનું કાર્ય કરવાની ખાસ યોગ્યતાવાળો હતો, તેને એ કાર્ય સોંપ્યું હતું. અને યુદ્ધની એ ફરજ અદા કરતાં એ વર્ગ પોતાનો આત્મવિકાસ કરવાની તક મેળવી લેતો. કારણ કે ક્ષત્રિયનો ધર્મ બજાવતાં એનામાં વીરતા, વ્યવસ્થાશક્તિ, સહાયક વૃત્તિ, ઉદાત્તતા, પરોપકાર જેવા આવશ્યક ગુણો જેની ખિલવણીને માટે ક્ષત્રિયનું ઉચ્ચ આદર્શવાળું જીવન પૂરતું ક્ષેત્ર અને તકો

આપે છે તે આપોઆપ ખીલી નીકળતા. સમાજના બાકીના બધા વર્ગોને હિંસા કરવાની, લડવાની ફરજમાંથી દરેક રીતે બચાવી લેવામાં આવતા; એમના જીવનમાં ને વ્યવસાયોમાં ઓછામાં ઓછી દખલ કરવામાં આવતી. આ પ્રમાણે માનવમાં રહેલી લડાયક વૃત્તિને મર્યાદિત ક્ષેત્ર મળી જતું અને તેથી આખી પ્રજાના જીવનને ઓછામાં ઓછી હાનિ થતી. બીજી બાજુએ એ લડાયક અને વિનાશક વૃત્તિને પોતાને ઉચ્ચ નૈતિક આદર્શના શાસનતળે, તથા શક્ય તેટલા દયા અને પરોપકારના પ્રત્યેક નિયમને વશ વર્તવાની ફરજ પાડવામાં આવતી. આથી જે લોકો ક્ષત્રિય ધર્મનો આશ્રય લેતા તેમની પણ એ ધર્મ ઉન્નતિ કરતો. એમને પશુ જેવા બનાવવાને બદલે તેમને ઉચ્ચ જીવન પ્રત્યે લઈ જતો. આપણે એ યાદ રાખવાનું છે કે ગીતા જ્યારે જ્યારે યુદ્ધનો ઉલ્લેખ કરે છે ત્યારે ત્યારે તે ઉપર જણાવી તેવી શરતોવાળા ક્ષત્રિયના યુદ્ધને સ્વીકારે છે એ ખરું છે. પરંતુ યુદ્ધને તે એવે પ્રકારે મર્યાદિત અને નિયત કરે છે કે જીવનની બીજી પ્રવૃત્તિઓની પેઠે એ પણ માનવના નૈતિક અને આધ્યાત્મિક વિકાસનું પોષક બની શકે. એવી આધ્યાત્મિક ઉન્નતિ સાધવી એ આર્ય સંસ્કૃતિમાં માનવજીવનનો ઉદ્દેશ્ય ગણાતો. આમ અમુક મર્યાદાઓમાં રહીને કરેલું યુદ્ધ વ્યક્તિગત રૂપે માનવના સ્થૂલ દેહનો વિનાશ કરતું, પરંતુ એમના આંતર જીવનનું ઘડતર કરનારું નીવડતું, તથા પ્રજાસમસ્તનો નૈતિક વિકાસ સાધનારું પણ થતું. ભૂતકાળમાં એ પ્રમાણે જ્યારે જ્યારે કોઈ ઉચ્ચ આદર્શનો સ્વીકાર કરીને યુદ્ધ કરવામાં આવેલું હતું, જેમ યુરોપમાં સામંતી ટેક અને દાક્ષિણ્યના હિંદમાં ક્ષત્રિયના અને જપાનમાં સામુરાઈના આદર્શમાં થયું હતું, ત્યારે ત્યારે તેણે માનવજાતિની ઉન્નતિ સાધવામાં સહાય કરેલી છે એ હકીકતનો ઇન્કાર તો શાંતિવાદના ધર્માંધ ઉપાસકો જ કરી શકે. જ્યારે યુદ્ધનું કાર્ય સિદ્ધ થઈ ગયું હોય ત્યારે એ ભલે દૂર થઈ જાય. કારણ કે એની ઉપયોગિતા દૂર થઈ ગયા પછી પણ જો ચાલુ રહેવાનો આગ્રહ એ રાખશે તો તેમાંથી સઘળી આદર્શમયતા અને રચનાત્મક અંગો દૂર થઈ ગયેલાં જણાશે અને હિંસાની કેવળ પાશવતા જ તે બની રહેશે. અને માનવનું પ્રગતિમાન માનસ એને દૂર કર્યા વિના રહેશે નહિ. પરંતુ માનવજાતિના ક્રમવિકાસમાં એણે કરેલી માનવજાતિની સેવાનો, બુદ્ધિપ્રધાન દૃષ્ટિબિંદુથી જોતાં, આપણે સ્વીકાર તો કરવો જ જોઈએ.

લડાઈની સ્થૂળ ઘટના, ખરું જોતાં, જીવનમાં વ્યાપી રહેલા એક સામાન્ય તત્ત્વનું જ વિશિષ્ટ અને બાહ્ય સ્વરૂપમાત્ર છે. અને માનવ તરીકે ક્ષત્રિય પણ પૂર્ણતાએ પહોંચવા માટે આવશ્યક એવા સામન્ય ગુણોનું બાહ્ય અને વિશિષ્ટ સ્વરૂપ પ્રગટ કરે છે. આપણા અંતરના ને બહારના જીવનમાં ધર્મણ

અને કલહનું જે તત્ત્વ રહેલું છે તેનો આવિર્ભાવ, તેનો નમૂનો સ્થૂલ યુદ્ધ બની રહે છે. જગત એવું છે અને એની અંદર પ્રવર્તી રહેલી કાર્યપદ્ધતિ એવી છે કે એમાં શક્તિઓ પરસ્પર મળે છે, બાથંબાથા કરે છે, અને એક-બીજાનો વિનાશ કરીને આગળ વધે છે. એમ પ્રગતિ કરતાં વારેવારે બદલાયા કરતી એવી બાંધછોડ તે કરતું રહે છે, જે તેમની સંવાદ સાધવાની ક્રિયાના વિકાસની દ્યોતક છે અને અત્યાર સુધી અપ્રગટ રહેલી એકતાની કોઈ શક્યતા સિદ્ધ કરવાની, અને એના ઉપર રચાયેલી સંપૂર્ણ સંવાદિતા પ્રગટાવવાની તે આશા રાખે છે. ક્ષત્રિય એટલે માનવજાતિમાં રહેલી યુદ્ધ કરવાની વૃત્તિનો આવિર્ભાવ, એને પોતાનામાં મૂર્ત કરનાર વ્યક્તિ. ક્ષત્રિય વિશ્વપ્રકૃતિમાં આવી રહેલાં યુદ્ધનાં તત્ત્વનો સ્વીકાર કરે છે અને પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરે છે. એવો યોદ્ધો શરીરોનો અને રૂપોનો વિનાશ કરતાં ધૂણા પામીને પાછો પડતો નથી, એ સાચું છે. તે છતાં એ વિનાશ દ્વારા કોઈ ધર્મનો, ન્યાયનો, કોઈ સિદ્ધાંતનો નિયમ કે ધોરણ તે જગતમાં સ્થાપન કરવા મથે છે, એનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરે છે. ભાવિમાં જે સંવાદ, જે સુમેળ સ્થાપવાનો છે તેના પાયારૂપ જ એ નિયમ કે એ ધર્મ હોય છે. વિશ્વશક્તિના વિનાશક સ્વરૂપનો, અને તેને મૂર્ત કરનાર યુદ્ધની ઘટનાનો ગીતા સ્વીકાર કરે છે. અને તેથી ગીતાનો ઉપદેશ કર્મના ક્ષેત્રમાં ઉતારનાર ક્ષત્રિયને, એટલે કે યોદ્ધાને, સંબોધાયેલો છે. અને એ યુદ્ધ એટલે માનવમાં રહેલી અંતરની અને બહારની શાંતિ માટેની, અહિંસા માટેની ઊંચામાં ઊંચી અભીપ્સાનો તીવમાં તીવ્ર વિરોધ એમ સમજવાનું છે. અને એ કર્મવીર ક્ષત્રિય એટલે એક એવી વ્યક્તિ જેને માટે ઊંચામાં ઊંચા આત્મસંયમ અને આત્મપ્રાપ્તિનો સદંતર વિરોધ કરે એવું લડાઈનું કર્મ આવશ્યક અને ફરજિયાત બને છે. આ તીવ્ર વિરોધમાંથી કોઈ ઉકેલ શોધવાનો પ્રયત્ન ગીતા કરે છે, અને તે એક એવું બિંદુ શોધવા માગે છે જેમાં આ બધાં વિરોધી તત્ત્વો ભેગાં થઈ શકે, તથા સંવાદ અને પરાત્પરતા પ્રાપ્ત કરવાનો પ્રથમ આવશ્યક પાયો મળી રહે.

સામાન્ય રીતે જીવન-સંગ્રામમાં માનવ પોતાની પ્રકૃતિમાં જે ગુણ આગળ પડતો હોય છે તેને અનુસરીને વર્તે છે. સાંખ્યમત પ્રમાણે વિશ્વશક્તિ ત્રણ ગુણોમાં વહેંચાયેલી ગણાય છે. અને જગતની શક્તિઓનું એ પૃથક્કરણ ગીતા કબૂલ રાખે છે. એ ત્રણ પ્રકારની વિશ્વશક્તિઓ માનવપ્રકૃતિમાં પણ ત્રિગુણાત્મક થાય છે. પ્રથમ સમતા, જ્ઞાન અને સંતોષની વૃત્તિ આવે છે એને સત્ત્વ-ગુણ કહે છે. બીજો ગુણ આવેશ, રાગ, લાગણીઓના ઊભરાવાળો અને કર્મમાં પ્રેરનારો એટલે કે રજોગુણ છે. છેવટનો અજ્ઞાન અને પ્રમાદ લાવનારો તમોગુણ છે. જ્યારે માનવમાં તમોગુણ આગળ પડતો હોય છે ત્યારે પોતાની આજુબાજુ

ચારે બાજુ ગોળગોળ ફરતી અને પોતાના પર ચારે બાજુથી ધસી આવતી વિશ્વશક્તિઓના હુમલાઓ અને આઘાતોનો તે સામનો કરતો નથી; એટલે કે એ બધાં સામે બાથ ભીડતો નથી, પરંતુ પોતે એમને વશ થાય છે, પરાજય પામે છે, એમના પ્રવાહમાં ખેંચાઈ જાય છે, એમનાં કાર્યને પરિણામે દુ:ખી થાય છે, અથવા તો પરવશ બને છે, અથવા તો સૌથી વધારે તે એટલું જ કરી શકે છે કે બીજા એકાદ ગુણની મદદ લઈને, ગમે તે પ્રકારે પોતાનું જીવન જેટલો વખતં ટકાવી શકાય તેટલો વખત ટકાવી રાખવા પ્રયત્ન કરે છે, અને પોતાની આજુબાજુ રોજિંદા, વ્યવહારુ, વિચારનું અને કર્મોનું એક એવું નિયમિત વર્તુળ ગોઠવી દે છે કે જાણે પોતે કોઈ નિર્જીવ સંચો ન હોય ! એ પ્રકારે પોતાની આજુબાજુ વર્તુળ ગોઠવવાથી પોતે તદ્દન નિર્ભય બને છે એમ તે માને છે, અને જીવનસંગ્રામમાં એનાથી વધારે પ્રમાણમાં ભાગ લેવાની ઇચ્છાનો સ્વીકાર કરવાની ફરજથી મુક્ત રહેવા માગે છે. પોતાના અંતરમાં વધુ પ્રયત્ન કરવાની કે આત્મસંયમ વડે ઉચ્ચ આદર્શો સાધવાની જરૂર અને એવા પ્રયત્નને પરિણામે વધારે ક્લેશની જરૂર તે સ્વીકારવા માગતો નથી, અને પોતાના યાંત્રિક જીવનના ચીલામાં તે પોતાના દિવસો ગુજારે છે. રજોગુણવાળો માણસ જીવનસંગ્રામમાં ઝુકાવે છે, અને સંગ્રામમાં ભાગ લેનારાં બધાં બળોનો પોતાની અહંતાને સંતોષવા માટે તથા બીજાઓ ઉપર પોતાનું આધિપત્ય જમાવવા માટે ઉપયોગ કરવા તે પ્રયત્ન કરે છે. અર્થાત્ તે પદાર્થોનો નાશ કરવા, તેમના પર વિજય મેળવવા અને તેમને ભોગવવા મથે છે. પરંતુ એ બધું કાર્ય સ્વાર્થ અને અહંતાને માટે તે કરે છે. અથવા તો સત્ત્વગુણના થોડા અંશની મદદ લઈને એવો રાજસિક માણસ એ બાહ્યસંગ્રામને પોતાના આંતર વિકાસ, આનંદ અને સંયમનું એક સાધન બનાવી લે છે. એવો માણસ જીવનસંગ્રામમાં સંગ્રામને ખાતર આનંદ લઈ શકે છે. એની પ્રકૃતિને જીવનસંગ્રામમાં આનંદ પડે છે, કારણ કે રજોગુણી આવેશને લઈને પોતાનામાં કાર્ય કરતી શક્તિઓને તે અનુભવી શકે છે અને શક્તિઓના કાર્યનો એ અનુભવ એને આનંદ આપે છે. જ્યારે માનવમાં સત્ત્વગુણ આગળ પડતો હોય છે ત્યારે જીવનસંગ્રામમાં પણ તે કોઈ નિયમ, ધર્મ, સિદ્ધાંત, સમતુલા, શાંતિ, તૃપ્તિ વગેરે તત્ત્વોની શોધ કરે છે. શુદ્ધ સાત્ત્વિક પ્રકૃતિવાળો માણસ ઉપર જણાવેલી સમતા શાંતિ વગેરેની તેમને પોતાને ખાતર ખોજ કરે છે. અને ઘણી વાર તો તે પોતાના અંતરમાં જ એ સઘળાં તત્ત્વોની શોધ કરે છે. પરંતુ એવા માણસો સામાન્ય રીતે અંતરથી અનાસક્ત રહે છે, યા તો, જીવનસંગ્રામનો ઇન્કાર કરે છે, અથવા તો કર્મનો સંપૂર્ણપણે ત્યાગ કરે છે, અને જગતમાં કાર્ય કરી રહેલી વિશ્વપ્રકૃતિથી પોતે દૂર રહેવાનો પ્રયત્ન

કરે છે. પરંતુ એવા સત્ત્વગુણી માણસમાં જો રજોગુણનું મિશ્રણ હોય છે તો જીવનના ઉપર અને એમાં પ્રવર્તતી અવ્યવસ્થા ઉપર તે પોતાની અંતરની સમતા અને સંવાદનો અધ્યારોપ કરવા પ્રયત્ન કરે છે. શાંતિ, પ્રેમ અને સુમેળનાં તત્ત્વોનો સંગ્રામ, કલહ અને વિસંવાદનાં તત્ત્વો ઉપર વિજય સ્થાપન કરવાને એ મથે છે. જગતમાં જીવનસંગ્રામ પ્રત્યે જેટલાં વલણો અને જેટલી વૃત્તિઓ માનવ ધારણ કરી શકે તેમ છે તે બધી ઉપર જણાવેલા ગુણોમાંના એકાદના પ્રાધાન્યને આભારી હોય છે, અથવા તો, એ ત્રણે ગુણોની વચ્ચે સમતોલપણું સ્થાપન કરવાના પ્રયત્નમાંથી ઉત્પન્ન થતી હોય છે.

પરંતુ અંતરની એવી અવસ્થા આવે છે જ્યારે માનવનું મન આ આખાય કોયડામાંથી, પ્રકૃતિના ત્રણે ગુણો એનો જે ઉકેલ આપે છે તેનાથી, અસંતુષ્ટ થઈને પાછું પડે છે. અને પ્રકૃતિથી પર, અથવા તેનાથી કોઈ જુદું જ અવલંબન શોધવા તે મથે છે. એટલે કે પ્રકૃતિના ગુણોના ક્ષેત્રથી બહાર તથા ગુણોથી રહિત, એવી કોઈ વસ્તુમાં તે મુક્તિ શોધે છે. એ વસ્તુ ગુણવર્જિત હોઈ, સર્વ પ્રકારની પ્રવૃત્તિથી પણ પર હોય છે, એવી કોઈ વસ્તુમાં તે મુક્તિની ખોજ કરે છે. અથવા તો ત્રણે ગુણોથી પર ગુણાતીત એવા કોઈ તત્ત્વ પ્રત્યે, એ ત્રણેના સ્વામી પ્રત્યે તે નજર કરે છે. પ્રકૃતિથી પર રહેલી એવી સત્-તા, કર્મ કરવાને શક્તિમાન હોય છે છતાં પોતાનાં કર્મથી અનાસક્ત અને અપરા-ભૂત રહે છે. એ નિર્ગુણ અથવા તો ત્રિગુણાતીત હોય છે. પ્રકૃતિથી પર એવું અવલંબન શોધતી વ્યક્તિ એક પ્રકારની સંપૂર્ણ નિરપેક્ષ, શાંતિને માટે ઝંખતી હોય છે, — અનિર્બાધ જીવન માટે, અથવા તો સર્વથી પર એવા પ્રકારની સ્થિરતા માટે, કે ઉચ્ચતર જીવન માટે તલસતી હોય છે. પહેલું વલણ સ્વીકારવાનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે વ્યક્તિ જગતનો સંન્યાસ કરવા તરફ પ્રેરાય છે. બીજું વલણ સ્વીકારનાર માણસ અધિકાંશે પ્રકૃતિની માગણીઓથી, કર્મ અને તેના પ્રતિકર્મના વંટોળિયાથી પોતે પર થઈ જાય છે. સમતા, સર્વ પ્રકારના આવેગોનો અને કામનાઓનો અંતરથી સંન્યાસ એ તેનો મૌલિક સિદ્ધાંત છે. અર્જુન જુએ છે કે એની જીવનભરની ક્ષાત્র પ્રવૃત્તિને અંતે કુરુક્ષેત્રના સંગ્રામની અને તેમાં થનાર સંહારની મહાન આપત્તિ ઉપસ્થિત થયેલી છે. એટલે સૌથી પહેલી ધૂણાની લાગણી અર્જુનના અંતરમાં થઈ આવે છે. પરિ-ણામે, અત્યાર સુધી એની સધ'ગી પ્રવૃત્તિના ટેકારૂપે રહેલો કર્મ કરવાનો સિદ્ધાંત એની આગળથી સરી જાય છે. અને એને એમ લાગે છે કે નિષ્કર્મ અવસ્થા, — જીવનનો, અને તેના આપણી ઉપરના દાવાનો ઇન્કાર — એ જ એનો એક-માત્ર ઉકેલ છે. પરંતુ દિવ્ય ગુરુ એને જીવનનો અને કર્મનો સ્થૂલ સંન્યાસ કરવાનું ન કહેતાં અંતરની ચેતનાની એક વધારે ઊર્ધ્વ સ્થિતિ પ્રાપ્ત કરવાનો

ઉપદેશ આપે છે.

અર્જુન ક્ષત્રિય યોદ્ધો છે, અને પોતાના રાજસિક કાર્યોનું સત્ત્વ ગુણના ઉચ્ચ આદર્શો વડે તે શાસન કરતો આવ્યો છે. કુરુક્ષેત્રના મેદાનમાં જ્યારે તે આગળ વધે છે ત્યારે વીર યોદ્ધાને છાજે એવી ઉત્સાહ અને હર્ષની લાગણીઓ તેના અંતરમાં ઊભરાય છે. એ દિવસ તેને મન એક સુદિન છે. વળી પોતે ધર્મયુદ્ધ કરવા બહાર પડ્યો છે એવો ગૌરવભર્યો આત્મવિશ્વાસ પણ તેના અંતરમાં રહેલો છે. પોતાના વેગવાન રથમાં બેસીને વિજયશંખનો ધ્વનિ કરતો શત્રુઓનાં હૃદયોને કંપાવતો તે સૈન્યની આગળ આવે છે કારણ કે દુર્બુદ્ધિ અને અધર્મી કૌરવોનો પક્ષ લઈને પોતાની સામે લડવાને કોણ કોણ આવીને ઊભા છે તે સર્વેને અર્જુન જોવા ઇચ્છે છે. જ્યારે એના અંતરમાં રહેલા આત્મવિશ્વાસના ટુકડા થઈ ગયા, જ્યારે જીવનના સામાન્ય રૂઢિપ્રધાન નીતિમય ધોરણમાંથી એનું મન હઠી ગયું ત્યારે એના રજોગુણની અંદર તમોગુણનું પૂર ચડી આવ્યું. અને એને પરિણામે આશ્ચર્ય, શોક, ઘૃણા, વિસ્મય, વિષાદ, મૂઢતા વગેરે લાગણીઓનો અનુભવ એને થયો. આથી અર્જુન જડતા અને અજ્ઞાનમાં પૂરે-પૂરો જઈ પડ્યો. તમોગુણના એવા એક ધુમચ્છને પરિણામે અર્જુન સંન્યાસ-વૃત્તિ તરફ વળે છે. ક્ષત્રિયના આ વિષમ ધર્મ કરતાં તો ભિક્ષુકનું જીવન વધારે સારું, યુદ્ધનું આ ઘોર કર્મ જેને પરિણામે અવ્યવસ્થિત ખૂનામરકી અને વિનાશ થવાનો છે, આ કીર્તિ અને રાજસત્તા પ્રાપ્ત કરવાનું શીખવનાર ક્ષાત્ર ધર્મ જ વિનાશ અને રક્તપાત વગર આચરણમાં મુકાય તેવો નથી, એનું અનુસરણ કરીને લોહી-નીગળતા વિજયો અને ભોગો ભોગવવા કરતાં તો સંન્યાસીનું જીવન વધારે સારું. ધર્મ અને ન્યાયને માટે આ લડાઈ કરવામાં આવે છે, અને એ યુદ્ધ પોતે જ સર્વ ધર્મનું અને સર્વ પ્રકારના ન્યાયનું ઉલ્લંઘન કરે છે, એમનો વિરોધ કરે છે. અને સામાજિક જીવનમાં ધર્મની સ્થાપના કરવા માટે આ યુદ્ધ કરવું પ્રાપ્ત થાય છે એમ કહેવાય છે, પરંતુ એ ઉપાય પોતે જ એના પરિણામરૂપે સમાજ જેનો બને છે તે સઘળાં તત્ત્વોનો વિનાશ કરી નાખશે !

સંન્યાસ એટલે જીવનનો, કર્મનો અને પ્રકૃતિના ત્રણે — સત્ત્વ, રજ અને તમ — ગુણોનો ત્યાગ; પરંતુ એવા ત્યાગ પ્રત્યે પણ પ્રકૃતિના કોઈ એક ગુણ દ્વારા જ માનવને ગતિ કરવી પડે છે. સંન્યાસ પ્રત્યે પ્રેરનાર વસ્તુ તમોગુણ હોઈ શકે : એટલે કે ભીરુતા, ભય, તિરસ્કાર, અશક્તિ, ઘૃણા, જીવન અને જગત પ્રત્યે તિરસ્કાર એવી સ્થિતિમાંથી સંન્યાસ ઉત્પન્ન થાય. અથવા તો, એ પ્રેરકવૃત્તિ રજોગુણવાળી પરંતુ તમસના તરફ લઈ જનારી પણ હોઈ શકે. એવી મિશ્ર વૃત્તિવાળા માનવમાં લડાઈના કાર્યમાં રહેલી કડાકૂટનો ત્રાસ, શોક, નિરાશા તથા સંગ્રામ જેવી મિથ્યા પ્રવૃત્તિ, જેમાં દુઃખો અને સનાતન અસંતોષ રહેલાં

છે તેની જવાબદારી સ્વીકારવાનો ઇન્કાર વગેરે વસ્તુઓ આગળ પડતી હોય છે. અથવા સત્ત્વગુણ પ્રત્યે લઈ જનાર રજોગુણની વૃત્તિમાંથી પણ સંન્યાસની પ્રેરણા મળે. એટલે કે એવો માણસ જીવન જે કાંઈ આપી શકે તેમ છે તેનાથી પર રહેલ એવું કોઈ સત્ય પ્રાપ્ત કરવાને, કોઈ વધારે ઉચ્ચ અવસ્થાને મેળવવાને, અને સર્વ બંધનોને વટાવીને, સર્વ મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને જીવનને પોતાના પગતળે કચડી નાખવાને ઉત્સુક એવી કોઈ અંતરની શક્તિથી પ્રેરાય છે. અથવા તો સત્ત્વગુણમાંથી પણ સંન્યાસવૃત્તિ પ્રગટે : એવા માણસને જીવનના મિથ્યાત્વનું બુદ્ધિ વડે સ્પષ્ટ જ્ઞાન થાય છે, તથા સતત ગોળગોળ ઘટમાળ પેઠે ફર્યા કરતા જગતના એટલે સંસારના કોઈ વાસ્તવિક ઉદ્દેશનો કે એની ગતિની સકારણતાનો એને અભાવ જ જણાય છે. અથવા તો, કાલાતીત, અનંત, નીરવ, નામરૂપથી પર એવી કોઈ અનિર્વચનીય પરાત્પર શાંતિનો એને આધ્યાત્મિક સાક્ષાત્કાર થાય છે. અર્જુનમાં જે ધૂણા ઉત્પન્ન થઈ છે તે સત્ત્વમિશ્રિત રજોગુણવાળી માણસની પ્રકૃતિમાં તમોગુણનો ધુમ્મો થવાને પરિણામે કર્મ પ્રત્યે જે તિરસ્કાર જન્મે તે જાતની છે. ગુરુ એ વૃત્તિને અનુમોદન આપીને સંન્યાસજીવનમાં રહેલી શાંતિ અને શુદ્ધિમાં, અભાવાત્મક પદ્ધતિએ, પ્રવેશ કરાવવા માટે એનો ઉપયોગ કરે એ શક્ય છે, અથવા તો એને એકદમ વિશુદ્ધ કરી નાખીને સાત્ત્વિક સંન્યાસવૃત્તિ વડે લભ્ય વિરલ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રત્યે એને આરોહણ કરાવે એમ પણ બને. પરંતુ હકીકતમાં શ્રીકૃષ્ણ એ બેમાંનું એકે કરતા નથી. તમોગુણની ધૂણાને તથા સંન્યાસની વૃત્તિને તે ઉત્તેજન આપતા નથી. અને કર્મ કરવાની આજ્ઞા આપે છે, અને તે પણ યુદ્ધના ભીષણ ઉગ્ર કર્મને ચાલુ રાખવાની આજ્ઞા આપે છે. પણ સાથેસાથે એક બીજા પ્રકારના સંન્યાસ પ્રત્યે, અંતરના સંન્યાસ પ્રત્યે શિષ્યનું ધ્યાન ખેંચે છે. અર્જુનની સામે જે કોયડો રહેલો છે તેનો ઉકેલ એ આંતરસંન્યાસમાં રહેલો છે, એમાં જ વિશ્વપ્રકૃતિથી પર રહેલી એવી આત્માની સ્થિતિ પ્રાપ્ત કરવાનો અને છતાં, સ્થિર, આત્મપ્રતિષ્ઠિત કર્મો જગતમાં કરતા રહેવાનો માર્ગ રહેલો છે. સ્થૂલ ત્યાગ નહિ પરંતુ અંતરની તપસ્યા, અંતરનો સંન્યાસ પ્રાપ્ત કરવો જોઈએ એવો ગીતાનો ઉપદેશ છે.

પ્રકરણ સાતમું

આર્ય યોદ્ધાનો ધર્મ

અર્જુનના અંતરમાં જે આવેશપૂર્ણ પ્રશ્નો, હિંસાના કાર્યની જે ઘૃણા, શોકની અને પાપકર્મની જે લાગણી, શૂન્ય અને ઉજજડ થનાર પોતાના જીવન વિષે જે વિષાદ, પાપકર્મનાં થનારાં અનિષ્ટ પરિણામોનો એનો વર્તારો, એ બધા વિષેના શરૂઆતના એના ઉદ્‌ગારોનો દિવ્ય ગુરુ તરફથી સખ્ત શબ્દોમાં અને ઠપકારૂપે એને ઉત્તર મળે છે. શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ઉત્તરમાં એને કહે છે: "આ બધો તારી બુદ્ધિનો ભ્રમ છે, આ તને થયેલો મોહ છે, તારા હૃદયની દુર્બળતા છે, બાયલાપણું છે, ક્ષત્રિયની અને યોદ્ધાની વીરતામાંથી થયેલું પતન છે. એ બધું પૃથાના પુત્રને છાજતું નથી. ધર્મયુદ્ધના અગ્રણી અને તેની આશા જેવા નેતાએ આવે કટોકટીના અને સંકટપૂર્ણ પ્રસંગે યુદ્ધનો ત્યાગ કરી દેવો ઉચિત નથી. હૃદયની અને ઇન્દ્રિયોની આવેલી ઓચિંતી સ્તબ્ધતા બુદ્ધિના ભ્રમને, કે સંકલ્પશક્તિ હ્રાસને લઈને પોતાના હાથમાંથી દિવ્ય અસ્ત્રને ફેંકી દેવું અને પ્રભુએ સોંપેલા કાર્યનો ઇન્કાર કરવો, એટલા બધા વિવશ થઈ જવું એ આર્ય યોદ્ધાનો માર્ગ ન જ ગણાય. એવી માનસિક અવસ્થા સ્વર્ગમાંથી આવેલી કે સ્વર્ગ પ્રત્યે લઈ જનારી નથી. અને આ પાર્થિવ જીવનમાં તો એવી વૃત્તિને પરિણામે બળ, શૌર્ય અને ઉદાત્ત કર્મોના આચરણને પરિણામે મળનારી કીર્તિનો તું ત્યાગ કરે છે. આ પ્રકારની દયા-ભાવના અને નિર્બળતાનો ત્યાગ કરીને ઊભો થા અને તારા શત્રુઓનો નાશ કર."

એ ઉત્તર એક વીર પુરુષ બીજા વીર પુરુષને આપે એવો ઉત્તર છે, એમ આપણે સ્વીકારીશું. પરંતુ આધ્યાત્મિકતાના ગુરુ જેની પાસેથી આપણે નમ્રતા, સાધુતા અને આત્મત્યાગની વૃત્તિને ઉત્તેજન મળવાની, સંસારના સ્વાર્થી હેતુઓમાંથી નિવૃત્તિ અને સામાન્ય જીવનનો ત્યાગ કરવાની વૃત્તિને પ્રોત્સાહન મળવાની આશા રાખીએ એવા દિવ્ય ગુરુનો આ ઉત્તર? ગીતા તો ભારપૂર્વક કહે છે કે અર્જુન અનાર્ય એવી હૃદયની દુર્બળતામાં સરી પડ્યો છે, કારણ કે એના અંતરમાં ખોટી દયાની લાગણીનો ઊભરો આવ્યો છે. પરંતુ આપણને પ્રશ્ન થાય છે કે એવી દયા એ 'નિર્બળતા' હોય તો એ શું દિવ્ય પ્રકારની નિર્બળતા નથી? અને એવી દયાનો આવો કઠણ ઠપકાભર્યો

ઉત્તર ? કે પછી, ગીતા કોઈ યુદ્ધનો અને વીરતાભર્યા કર્મોનો પ્રચાર કરનાર, જર્મન તત્ત્વવેત્તા નિત્સેના જેમ શક્તિની અને ઉદ્ધત બળની પૂજા કરનાર શાસ્ત્ર છે ? યહૂદી અને અસલી ટ્યુટન પ્રજાઓ પેઠે દયાને એક નિર્બળતા ગણનાર, કઠણ હૈયાના થવાની હિમાયત કરનાર, અને પ્રાચીન નૉર્વેનો વીર પોતાને કઠણ લાગણીશૂન્ય હૈયું આપવા માટે પ્રભુનો આભાર માનતો હતો તેના જેવી વિચારસરણીવાળું પુસ્તક ગીતા છે? પરંતુ એ સાચું હોવાનો સંભવ નથી, કારણ કે ગીતાનો ઉપદેશ આર્ય સંસ્કૃતિમાંથી ઉદ્‌ભવે છે અને હિંદનું માનસ તો પ્રભુની દિવ્ય પ્રકૃતિના એક દૈવી ગુણ તરીકે, — દૈવી સંપત્તિ તરીકે — દયાને ગણે છે. આગળ આવનાર ગીતાના એક અધ્યાયમાં શ્રીકૃષ્ણ પોતે માનવે પ્રાપ્ત કરવાની દૈવી સંપત્તિના ગુણો ગણાવતાં ભૂતદયા, નમ્રતા, અક્રોધ, અહિંસા વગેરે ગુણોને, અભય, ઉદાત્તતા અને વીરતા વગેરે ગુણોની સાથે જ મૂકે છે. પરુષતા, કઠોરતા, ઉગ્રતા, દુશ્મનોનો સંહાર કરવામાં આનંદ લેવો, ધન ભેગું કરવામાં સંતોષ માનવો, અન્યાયથી પ્રાપ્ત કરેલા ભોગો ભોગવવા, એ વગેરેને શ્રીકૃષ્ણ આસુરી સંપત્તિમાં ગણાવે છે. એ ગુણો ઉગ્ર રાક્ષસી પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. એ આસુરી પ્રકૃતિ જગતમાં અને માનવના અંતરમાં રહેલા પ્રભુનો ઇન્કાર કરે છે અને કામનાને પોતાના ઈશ્વર તરીકે પૂજે છે આમ જોતાં આપણને લાગે છે કે અર્જુનની આ નિર્બળતાને અને દયાને ઠપકો ન મળવો જોઈએ.

"આવા વિષમ કટોકટીને પ્રસંગે આ શોક, આત્માને કલંક લગાડનાર આ અંધકાર તારામાં કયાંથી આવ્યો ?" એવો પ્રશ્ન શ્રીકૃષ્ણ અર્જુનને પૂછે છે, એ પ્રશ્ન જ અર્જુન પોતાના ક્ષાત્રધર્મમાંથી કયાં કારણોને લઈને ચલિત થયો છે તેના પ્રત્યે આપણું ધ્યાન દોરી આપે છે. એક પ્રકારની દિવ્ય પ્રભુતામાંથી આવતી કરુણા છે જે આપણી અંદર ઊર્ધ્વમાંથી ઊતરી આવે છે. પરંતુ જે માણસની પ્રકૃતિમાં એ દિવ્ય કરુણા હાજર નથી, જેનું બંધારણ એને માટે થયેલું નથી, તે પોતે એવી દિવ્ય કરુણાવાળા છે એવો ડોળ કરે, પોતે એવો લોકોત્તર માનવ હોય એ પ્રમાણે વર્તે એ તો મૂર્ખાઈ છે, ઉદ્ધતાઈ છે. કારણ કે લોકોત્તર માનવ માને અતિમાનવ તો તે જ વ્યક્તિ થઈ શકે જે પ્રભુની દિવ્ય પ્રકૃતિને સૌથી વધારે પ્રમાણમાં પોતાની અંદર વ્યક્ત કરી શકે. એ જાતની દિવ્ય કરુણા તો એવી હોય છે કે તે યુદ્ધના કાર્યને અને કલહને પણ પ્રેમભરી અને જ્ઞાનથી પ્રકાશિત દૃષ્ટિ વડે જોઈ શકે છે. માનવના બળને અને અશક્તિને, એનાં પુણ્યને અને પાપને, સુખને અને દુઃખને, જ્ઞાનને અને અજ્ઞાનને, ડહાપણને અને મૂર્ખાઈને, એની અભીપ્સાને અને નિષ્ફળતાઓને એવી કરુણા સ્થિર સામર્થ્યપૂર્વક જોઈ શકે છે અને એ બધીય સ્થિતિમાં

સહાય આપવા તથા દુઃખ દૂર કરવા તથા દિલાસો આપવા પોતે એમાં પ્રવેશ કરી શકે છે. સાધુ અને પરોપકારી જનમાં એ દિવ્ય કરુણા પ્રેમની અથવા તો દયાની વિશાળતા રૂપે પ્રગટ થાય છે, ચિતક અને વીર પુરુષમાં તે સહાયકારક જ્ઞાન અને સામર્થ્યનું રૂપ ધારણ કરે છે, આર્ય યોદ્ધામાં પણ એ દિવ્ય કરુણા રહેલી હોય છે. એ દિવ્ય કરુણા જ એની વિનીત વીરતાનો આત્મા હોય છે, જે સૂકા ઘાસના તણખલાને તોડતી નથી પરંતુ નિર્બળ, અસહાય, જુલમના ભોગ બનેલાંને, ઘાયલ થયેલાંને અને પડેલાંને રમે છે, અને છતાં બળવાન જુલમગારને કે દુર્ધર પીડાકારીને મારી હઠાવે છે તે પણ એ દિવ્ય કરુણા છે. અલબત્ત, એ કરુણા વિનાશ કરે છે પણ તે તિરસ્કારથી કે કોપથી પ્રેરાઈને નહિ, કારણ કે એ ગુણો દિવ્ય સંપત્તિના નથી. 'પાપીના પ્રત્યે પ્રભુનો કોપ, દુષ્ટ લોકો પ્રત્યે પ્રભુનો તિરસ્કાર' વગેરે ખ્યાલો ખરું જોતાં, અર્ધવિકસિત, અર્ધપ્રકાશિત એવા ધર્મોની આખ્યાયિકાઓ છે. સનાતન કાળ સુધી ભોગવવાના નરકની કલ્પના છે તેના જેવા જ એ ખ્યાલો પણ છે. પરંતુ પ્રાચીન હિંદની આધ્યાત્મિકતાએ તો સ્પષ્ટ જોયું હતું કે એ વિનાશ કરનારી કરુણામાં, પોતાના બળથી ખોટે માર્ગે જઈ રહેલા અને પાપને લઈને મરણને નોતરી રહેલા રાક્ષસને માટે એના અન્યાયનો ભોગ બનનારા અને એનાથી બચાવવાના લોકો પ્રત્યે હોય છે તેના જેટલાં જ પ્રેમ અને દયા રહેલાં હોય છે.

પણ અર્જુનના અંતરમાં દયાની જે લાગણી થઈ આવી છે અને જે એની પાસે એના ધર્મનો અને જીવનના કાર્યનો ઇન્કાર કરાવી રહી છે તે કાંઈ દિવ્ય કરુણા નથી. એ લાગણી સાચી દયાની નથી પણ એક અશક્તિ છે, એમાં હૃદયની દુર્બળતા રહેલી છે. પોતાના કાર્યને પરિણામે અવશ્ય થનાર માનસિક દુઃખની લાગણી પ્રત્યે અર્જુનને ધૃણા થઈ આવે છે તેનું એ પરિણામ છે. 'મારી ઇન્દ્રિયોને તપ્ત કરનાર આ વિષાદ મારામાંથી કેવી રીતે દૂર થશે ? શેનાથી દૂર થશે ?' એવો પ્રશ્ન અર્જુન કરે છે. એવી પોતાના ઉપર ઊપજતી દયાની લાગણી સૌથી અધમ અને અનાર્ય લાગણી છે. એવા માણસમાં બીજા માટેની દયાની લાગણી હોય છે તે પણ એક પ્રકારનું 'સ્વ'નું લાલન માત્ર હોય છે. ખરું જોતાં, અર્જુનનું નાડીમંત્ર સ્થૂળ હિંસાના કાર્યથી પાછું પડે છે, તેમાંથી એ લાગણી જન્મે છે; તથા ધૃતરાષ્ટ્રના પુત્રો સ્વજનો છે, એમના વિના જીવન શૂન્ય થઈ જશે, તેટલા માટે એમનો વિનાશ કરતાં અહં-કેન્દ્રિત લાગણીઓ હૃદયમાં થઈ આવે છે અને એ ધૃણા ઉપજાવે છે. આ જાતની દયા એ તો મનની અને ઇન્દ્રિયોની એક નિર્બળતા છે. જે માણસોની ચેતના અધો ભૂમિકામાં મર્યાદિત છે તેમને માટે એ જાતની દયા કદાચ લાભ-દાયક હોઈ શકે. કારણ કે એવા કઠણ અને ક્રૂર પ્રકૃતિના લોકોએ પોતાનાં

સ્થૂળ કર્મોમાં પ્રગટતી કઠણ પ્રકારની અહંતાને નમ્ર પ્રકારની અહંતાથી દૂર કરવાની હોય છે. એવા લોકોએ પોતાનામાં રહેલા સત્ત્વગુણને મદદ આપવા માટે તમોગુણને પોતાની અંદર લાવવો પડે છે જેથી કરીને એમનામાં રહેલા રાજસિક આવેગનું સામર્થ્ય અને અતિશયતા દાબમાં રહે. પરંતુ અર્જુન જેવા વિકાસ પામેલા આર્ય માટે એ માર્ગ નથી. એનો વિકાસ એ પ્રકારની નિર્બળતા વડે થવાનો નથી. પરંતુ એક શક્તિથી ઉચ્ચ શક્તિ પ્રત્યે એણે ઊંચે ને ઊંચે ચડવાનું છે. અર્જુન દિવ્યતાનો અધિકારી માનવ છે. તે ભાવિમાં થનાર મહાપુરુષ છે, યુગવીર છે. દેવતાઓએ એને એટલા માટે તો પસંદ કર્યો છે. જીવનમાં કરવાનું એક કાર્ય એને સોંપવામાં આવેલું છે, એના રથમાં, એની પાસે જ પ્રભુ રહેલા છે, એના હાથમાં દિવ્ય ગાંડીવ ધનુ છે, અધર્મના પક્ષકારો, પ્રભુની દિવ્ય દોરવણીના વિરોધીઓ એની સામે આવીને રણક્ષેત્રમાં ઊભેલા છે. પોતાની લાગણી કે આવેશને વશ થઈને પોતે શું કરવું કે શું ન કરવું એ નક્કી કરવાનો એને અધિકાર નથી, અથવા તો જે વિનાશ આવશ્યક બન્યો છે તેમાંથી પોતાના અહંકારી હૃદયની અને બુદ્ધિની માગણીને વશ થઈને પાછા પડવું, યા તો પોતાનો ધર્મ બજાવવાનો ના પાડવી, કારણ કે એને લઈને જીવનમાં શોક અને શૂન્યતા વ્યાપશે, અથવા તો, જે હજારો લોકો વિનાશ પામવાના છે તેમની ગેરહાજરીમાં પોતાના યુદ્ધનું જે પાર્થિવ પરિણામ વિજય રૂપે પોતાને મળશે તે મૂલ્યહીન, નિરર્થક બની જાય છે તેથી લડવું નથી વગેરે નિર્ણયો કરવાનો અધિકાર અર્જુનને નથી. કારણ કે એ બધાં કારણો અર્જુનની ઉચ્ચ પ્રકૃતિનું નિર્બળતામાં પતન થયું છે તેનાં જ સૂચકો છે. પોતાનું કર્તવ્ય-કર્મ શું છે તેના જ ઉપર એણે દૃષ્ટિ રાખવાની છે. પોતાની ક્ષાત્ર પ્રકૃતિમાં થઈને પ્રભુનો જે આદેશ પોતાનામાં જાગે છે તેને જ એણે સાંભળવાનો છે. એણે કેવળ જગત માટે લાગણી રાખવાની છે. કારણ કે માનવજાતિનું ભાવિ એને સાદ કરી રહ્યું છે, પ્રભુના નિશ્ચિત દૂત તરીકે માનવજાતિની પ્રગતિની કૂચમાં એણે સહાય કરવાની જરૂર છે અને એની પ્રગતિના માર્ગમાં જે કળાં વિરોધી દળો આવી રહેલાં છે તેમને હઠાવીને માનવજાતિનો માર્ગ એણે મોકળો કરવાનો છે.

શ્રીકૃષ્ણને ઉત્તર આપતાં અર્જુન સ્વીકારે છે કે તેમનો ઠપકો સાચો છે, સકારણ છે. અને એમનો વિરોધ કરવા છતાં પોતાની નિર્બળતા એ કબૂલ કરે છે છતાં યુદ્ધ કરવાના એમના આદેશનો પોતે ઈન્કાર કરે છે. અર્જુનને પોતાની નિર્બળતાનું ભાન છે, છતાં એ તેને વશ થાય છે. એને પોતાને પણ લાગે છે કે એનામાંથી સાચા ક્ષાત્રભાવને એના હૃદયની દુર્બળતાએ જ હાંકી કાઢયો છે. એ જાણે છે કે ખરું-ખોટું પારખવાની પોતાની શક્તિ ભ્રમિત થઈ

ગઈ છે. આમ હોવાથી તે પોતાના મિત્રને ગુરુ તરીકે સ્વીકારે છે. અત્યાર સુધી એની ધર્મની ભાવનાને એની લાગણીઓનો અને બુદ્ધિનો જે ટેકો હતો તે જમીનદોસ્ત થઈ ગયો હોવાથી કર્મ કરવા માટે કોઈ નવો જ પાયો તેને મળે નહિ ત્યાં સુધી એની અસલની ક્ષત્રિય ધર્મની ભાવનાના દૃષ્ટિબિંદુ પર આધાર રાખનારી કોઈ પણ આજ્ઞા કે આદેશ અર્જુન સ્વીકારી શકે એવું રહ્યું નથી. એવી માનસિક અવસ્થામાં પોતે કર્મ કરવાનો જે ઇન્કાર કર્યો છે તેને અર્જુન સાચો ઠરાવવા મથે છે. અને એને માટે પોતાના નાડીયંત્રમાં અને સંસ્કાર ગ્રહણ કરનાર પિંડમાં હિંસા, અને તેને પરિણામે મળનારા રુધિરવાળા ભોગો પ્રત્યે જાગ્રત થયેલી ધૃણાને તે આગળ કરે છે. વળી પોતાના કર્મને અંગે થનારી હૃદયમાં શૂન્યતાની અને શોકની લાગણીને પણ તે રજૂ કરે છે. પોતાની રૂઢિપ્રધાન નીતિની ભાવનાને થયેલો આઘાત, એટલે કે ભીષ્મ અને દ્રોણ જેવા ગુરુજનોને મારવાની આવશ્યકતાને લઈને નીતિની ભાવનાને થયેલો આઘાત, તે અનુભવે છે. વળી આ ભયંકર અને ઉગ્ર યુદ્ધનું કાર્ય એને સોંપવામાં આવેલું છે તે બજાવતાં કેવળ પાપ જ થવાનું છે, કશું જ ક્ષેમ થવાનું નથી એવી પ્રતીતિ એની બુદ્ધિને થઈ છે તે પણ એ શ્રીકૃષ્ણ આગળ મૂકે છે. એટલે અર્જુનનો તો નિશ્ચય થઈ ચૂકયો છે કે પોતાના જૂના હેતુઓ અને વિચારોનો આક્રોશ લઈને તો પોતે હવે યુદ્ધ કરશે જ નહીં. આ પ્રમાણે પોતાની દલીલો, જે અર્જુનને જબરી અને ઉત્તર ન આપી શકાય એવી લાગે છે તે, મૂકીને તે શાંતિપૂર્વક શ્રીકૃષ્ણના ઉત્તરની પ્રતીક્ષા કરતો ઊભો રહે છે. અર્જુનની પ્રકૃતિના આ અહં-કેન્દ્રિત આગ્રહોને અને માગણીઓને શ્રીકૃષ્ણ સૌથી પહેલાં તો જમીનદોસ્ત કરે છે અને એમ કરીને અહંના સર્વ હેતુઓથી પર આવી રહેલા મહાન આધ્યાત્મિક નિયમની સ્થાપના માટેની ભૂમિકા તૈયાર કરે છે.

શ્રીકૃષ્ણનો ઉત્તર બેવડી દિશામાં ગતિ કરે છે : એક ટૂંકો ઉત્તર અર્જુન જેમાં ઊછરેલો છે તે આર્યસંસ્કૃતિના ઊંચામાં ઊંચા આદર્શના ઉપર આધાર રાખીને આપેલો, અને બીજો વધારે વિશાળ અને ગહન આધ્યાત્મિક જ્ઞાનના ઉપર આધાર રાખનારો. એ આધ્યાત્મિક જ્ઞાન વડે જીવનના ગહન સત્યનાં દ્વાર ખૂલી જાય છે અને અહીંથી જ ગીતાના ખરા બોધનો આરંભ થાય છે. પહેલા ઉત્તરના મૂળમાં હિંદુ સમાજના પાયામાં રહેલા સામાજિક ધર્મના અને કીર્તિના તથા વેદાંત દર્શનના કેટલાક તાત્ત્વિક અને નૈતિક વિચારો રહેલા છે. અર્જુને યુદ્ધ કરવાની ના કહી તે બૌદ્ધિક અને નૈતિક દલીલોના ઉપર આધાર રાખીને. પરંતુ હકીકતમાં, એણે પોતાની અજ્ઞાની અને અશુદ્ધ લાગણીઓના તોફાનને દેખીતા તર્કવાદની ભાષાનો અંચળો જ પહેરાવેલો છે. એણે શરીરના

જીવન અને મરણ વિષે એવી રીતે ઉલ્લેખ કર્યો છે કે જાણે શરીર જ માનવનું આખરી સત્ય હોય. પરંતુ ધીર અને જ્ઞાની પુરુષ શારીરિક મરણ અને જીવનમાં કોઈ એવી આખરી વાસ્તવિકતા જોતા નથી. પોતાના મિત્રો અને સગાંઓનાં શારીરિક મરણ માટે અર્જુનને જે શોક થાય છે તે એવા પ્રકારનો છે કે તેને જીવનના સાચા જ્ઞાનનો કે આધ્યાત્મિક સત્યનો, બન્નેમાંથી કોઈનો ય આધાર નથી. જ્ઞાની પુરુષો જીવતાઓને કે મુવાઓને કોઈને ય માટે શોક કરતા નથી, કારણ કે તેઓ જાણે છે કે દુઃખ અને મૃત્યુ એ તો આત્માની પ્રગતિની યાત્રામાં કેવળ આગંતુક ઘટનાઓ છે, સ્થાયી સત્ય નથી. સાચી વસ્તુ આત્મા છે, નહિ કે શરીર. જે રાજાઓ સજ્જ થઈને કુરુક્ષેત્રના મેદાનમાં અહીં ઊભેલા છે અને જેમના નજીક દેખાતા મૃત્યુ માટે અર્જુન શોક કરી રહ્યો છે તે બધા રાજાઓ ભૂતકાળમાં જીવતા હતા અને ફરી પાછા ભાવિમાં માનવદેહમાં જીવન ધારણ કરવાના છે. કારણ કે સ્થૂલ શરીરમાં જેમ બાળપણ, જુવાની અને ઘડપણની અવસ્થાઓમાં થઈને આત્મા પસાર થાય છે તેવી રીતે એક દેહમાંથી તે બીજામાં જાય છે. સ્થિર અને જ્ઞાની પુરુષ, ધીર, એટલે કે જીવનને સ્થિર દૃષ્ટિએ જોનાર પુરુષ, જે પોતાની લાગણીઓથી અને સંસ્કારોથી પોતાની જાતને ક્ષુબ્ધ થવા દેતો નથી કે અંધ થઈ જતો નથી તે આવા બહારના સ્થૂલ દેખાવથી છેતરાઈ જતો નથી. પોતાના સ્થૂલ શરીરના, કે નાડીઓના કે હૃદયના ધબકારાને તે પોતાની નિર્ણય કરનારી શક્તિ પર હુમલો કરવા દેતો નથી. અથવા તો, પોતાના જ્ઞાનનો વિરોધ કરવા દેતો નથી. શરીર અને ઇન્દ્રિયોના જીવનની દેખીતી ઘટનાઓથી પેલી તરફ, તેમનાથી પર, સાચી વાસ્તવિકતા પ્રત્યે એ દૃષ્ટિ કરે છે અને અજ્ઞાનવશ પ્રકૃતિમાં જે લાગણીવશ અને સ્થૂલ કામનાઓ રહેલી હોય છે તેમનાથી તે ઉપર થઈ જાય છે, અને માનવ જીવનના એકમાત્ર અને સાચા ઉદ્દેશ પ્રત્યે તે ગતિ કરે છે.

એ અંતિમ વાસ્તવિકતા કઈ છે? જીવનનો એ ઊંચામાં ઊંચો ઉદ્દેશ કયો છે? તે આ પ્રમાણે છે: જગતના કાળચક્રમાં માનવનાં જીવન અને મરણ ઘટમાળની પેઠે ફરીફરીને આવે છે અને તે એની પ્રગતિની લાંબી રેખા આંકે છે. એ ઘટનાઓનો આધાર લઈને માનવ આત્મા અમરતા પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને તૈયાર કરે છે, અધિકારી બનાવે છે. એ અમૃતત્વ માટે કેવી રીતે તૈયારી કરવાની છે? કયો માણસ એ અમૃતત્વને માટે લાયક ગણાય? જે માણસ હું કેવળ શારીરિક જીવન છું એવા ભાવથી પર થઈ શકે તે. વળી જે માણસ જગતના બાહ્યસ્પર્શો અને માત્રાસ્પર્શોનાં પ્રથમ સ્વરૂપને, અથવા તો દેહભાવમાં બંધાયેલો માણસ સ્વીકારે છે તેવી અસરને, જેવી ને તેવી સ્વીકારતો

નથી તે માણસ અમૃતત્વને માટે લાયક બને છે. એવો માણસ પોતાની જાતને તથા સૌ માનવોને આત્મા તરીકે જુએ છે અને જાણે છે. અને પોતે આત્મામાં, નહિ કે દેહમાં, જીવન ધારણ કરે છે તથા બીજાઓને પણ એ પ્રમાણે જ ગણે છે અને આત્મા તરીકે એમની સાથે વર્તે છે. અમરપણાનો અર્થ મરણ પછી જીવતાં રહેવું એવો થતો નથી, કારણ કે મનોમય ચેતનવાળા પ્રત્યેક પ્રાણીને એવી અમરતા મળી ગયેલી હોય છે; અમરતા એટલે જીવન અને મૃત્યુથી પર થઈ જવું તે. અમરતા એટલે ચેતનાનું એક પ્રકારનું એવું આરોહણ જેના વડે પોતે મનની શક્તિવાળા દેહમાં જીવન ધારણ કરનાર એક પ્રાણી છે એવી મર્યાદિત ચેતનાવસ્થામાંથી નીકળી જઈને માનવ પોતાની જાતને એક આત્મા તરીકે અનુભવે છે, અને આત્માની અંદર પોતાનું જીવન ધારણ કરે છે. જે માણસ પોતાની લાગણીઓને વશ હોય છે, જે ઇન્દ્રિયોના માત્રારપર્શોનો ગુલામ છે, ક્ષણિક ભાવોથી આવિષ્ટ થાય છે, તે અમરતા માટે લાયક થઈ શકતો નથી. એ વસ્તુઓ પર વિજય મેળવી શકાય ત્યાં સુધી એમને તિતિક્ષા-પૂર્વક સહી લેવા જોઈએ. મુક્ત થયેલા માનવને એ વસ્તુઓ દુઃખ આપી શકતી નથી. જગતમાં બનતી સર્વ પ્રકારની સ્થૂલ ઘટનાઓને, હર્ષ આપનારી કે શોકદાયક, સર્વેને જ્ઞાનપૂર્ણ અને સ્થિર સમતા વડે સ્વીકારી શકે છે (જેમ આપણી અંદર રહેલ શાંત ગૂઢ શાશ્વત અંતરાત્મા કરી શકે છે.) તે માણસ અમૃતત્વને માટે લાયક થાય છે. અર્જુનની પેઠે શોક અને ઘૃણાથી અશાંત થઈ જનાર માણસ એને માટે લાયક નથી. કર્તવ્યના પ્રગતિ કરાવનાર માર્ગમાંથી એ વસ્તુઓથી ચલિત થવું, દુર્બળતા હોવી, દુઃખ સહન કરવાની અશક્તિ હોવી, શરીરના વિનાશ જેવા નજીવા સંજોગો પ્રત્યે ઘૃણા થવી, એ આર્ય પુરુષને ન છાજે એવું અજ્ઞાન છે; અમરતા પ્રત્યે, સ્થિર શક્તિ વડે આરોહણ કરતા આર્ય યોદ્ધાનો એ માર્ગ નથી.

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે મૃત્યુ જેવી કોઈ વસ્તુ જ નથી, કારણ કે મરણ તો માત્ર શરીરનું જ હોય છે, અને માણસ એટલે કાંઈ એનું શરીર નથી. જે વસ્તુ ખરેખર અસ્તિત્વમાં છે તે કદી નાશ પામતી નથી, તેનો અભાવ કદી થતો નથી. એમ બને કે જે રૂપદ્વારા એ વસ્તુ આપણને દેખા દે છે તે રૂપને બદલે. જે વસ્તુ અ-સત્ છે તે સત્ થઈ શકતી નથી, તે અસ્તિત્વમાં આવી શકતી નથી. આત્મા 'સત્' હોઈ 'છે', એટલે એની સત્તાનો અંત આવી શકતો નથી. આ 'છે' અને 'નથી'નો — સત્ અને અસત્ — નો વિરોધ, જે 'છે' અને જે કાંઈ 'બને છે' એ બે વચ્ચેની સમતુલા એ આ જગતનું આપણને મન વડે થતું દર્શન છે. એ વિરોધનું સમાધાન મનમાં નથી પરંતુ અવિનાશી આત્મા જ એકમાત્ર સત્ છે અને એણે જ આ સઘળું

વિશ્વ પોતે વિસ્તારેલું છે, એવા સાક્ષાત્કારમાં એ વિરોધનું સમાધાન આપણને મળે છે. દેહો સઘળા નાશવંત છે, પરંતુ એ શરીરોનો ધારણ કરનાર દેહી પોતે અનંત છે, અસીમ છે, સનાતન છે. જેમ જીર્ણ થઈ ગયેલાં કપડાંઓનો ત્યાગ કરીને માણસ નવાં વસ્ત્રો ધારણ કરે છે તે પ્રમાણે જૂના જીર્ણ દેહોને છોડીને આત્મા નવાનવા દેહોને ધારણ કરે છે. આમાં શોક કરવાનું, ધૃણા કે સંકોચ પામવાનું શું છે? એ આત્મા કાંઈ જન્મનાં બંધનમાં આવ્યો નથી, એ તો અજ છે. એ કાંઈ મરણ પામતો નથી. આત્મા કાંઈ એવી વસ્તુ નથી જે એક જીવનમાં આવે છે અને પછીથી અલોપ થઈ જાય છે, યા તો વિનાશ પામે છે. વળી એ ફરીથી જીવનમાં નહિ પ્રગટ થાય એમ પણ નથી. એ નિત્ય છે, શાશ્વત છે, હણાતા શરીરમાં રહેલો એ પોતે હણાતો નથી. એ અમર આત્માને કોણ છેદી શકે તેમ છે? શસ્ત્રો એને નથી છેદી શકતાં, અગ્નિ એને નથી બાળી શકતો, પાણી એને નથી પલાળી શકતું, વાયુ એને સૂકવી શકતો નથી. એ આત્મા નિત્ય છે, અચળ છે, સર્વગત છે. એ સનાતન છે. શરીર પેઠે તે આવિર્ભાવ પામતો નથી પણ સર્વ પ્રકારના આવિર્ભાવથી પર રહેલો છે. વિચાર વડે એનું પૃથક્કરણ થઈ શકતું નથી, સઘળી માનસિક ચેતના કરતાં એ વધારે મહાન છે, પ્રાણ અને તેનાં કરણો, ઇંદ્રિયો અને તેના વિષયોની પેઠે આત્મા વિકારી નથી. શરીર, પ્રાણ અને મનના સર્વ વિકારોથી, ફેરફારોથી તે સદા પર છે, અને છતાં એ બધાં કરણો જે વસ્તુને પ્રગટ કરવા મથે છે તે એ આત્મા છે.

પરંતુ આપણા જીવનમાં પ્રગટ થઈ રહેલ વસ્તુ 'આત્મા' જેવી કોઈ મહાન કે પરાત્પર સત્-તા ન હોય, મૃત્યુથી ખરેખર જ અસ્પર્શ્ય આત્મા જેવી કોઈ વસ્તુ જ ન હોય, અને માનવનો આત્મા સાચે જ જન્મ-મરણના ફેરામાં પરવશપણે જકડાયો હોય તો પણ મરણને માટે શોક કરવાનું કારણ રહેતું નથી. કારણ કે આત્માના આવિર્ભાવની એ અનિવાર્ય પરિસ્થિતિ ગણાવી જોઈએ. કોઈ અસત્ એવી નહિ પરંતુ આપણી ચેતનાને માટે અવ્યક્ત એવી અવસ્થામાંથી માનવ જન્મમાં આવે છે અને જન્મમાંથી એ અવ્યક્ત અવસ્થામાં પાછા જવું એનું નામ મરણ છે. માંદગીના બિછાના પર કે યુદ્ધના મેદાનમાં થતા મૃત્યુ વિષે તથા તેની ભયંકરતા વિષે માનવનું સ્થૂલ મન અને ઇંદ્રિયો જે શોક કરે છે તે નાડીમંત્રનું અજ્ઞાનમાંથી ઉદ્ભવતું તોફાન માત્ર હોય છે, એ શોક જેને માટે ન કરવો જોઈએ તેને માટેનો નિરર્થક શોક છે, અજ્ઞાની શોક છે. કારણ કે જે મરણ પામે છે તે કાંઈ અસ્તિત્વની બહાર જતા રહેતા નથી, અથવા તો એમની સ્થિતિમાં દુ:ખકર કે ભયંકર એવો કોઈ પલટો થઈ જતો નથી. તેઓ જ્યારે જીવનમાં હતા ત્યારે પણ મૃત્યુની પેલે પાર જ

હતા. અને એમની મૃત્યુ પછીની પરિસ્થિતિમાં તેઓ જીવનમાં હતા તે કરતાં વધારે દુ:ખી નથી. ખરું જોતાં તો સૌથી પ્રથમ જે સત્ય જણાવ્યું તે જ આખરી સત્ય છે; સર્વ કાંઈ એ આત્મા જ છે, એ આત્મા એક અને અદ્વિતીય છે, એ દિવ્ય વસ્તુ છે. એને એક આશ્ચર્ય તરીકે કોઈ જુએ, કોઈ આશ્ચર્ય તરીકે એના વિષે બોલે અને સાંભળે પરંતુ એનું એવું દર્શન અને શ્રવણ થયા પછી પણ કોઈ પણ માનવ-બુદ્ધિએ એ નિરપેક્ષને સંપૂર્ણપણે જાણ્યું નથી. આ જગતના બહારના દેખાવથી ઢંકાઈ ગયેલી વસ્તુ એ આત્મા છે, અને એ જ શરીરનો સ્વામી છે, પ્રભુ છે. જીવનસમગ્ર એની છાયા માત્ર છે. સ્થૂલમાં આવિર્ભાવ પામવો અને એમાંથી પાછા જતા રહેવું એ એના આવિર્ભાવના ગૌણ પ્રકારો માત્ર છે. જ્યારે આપણી જાતને એ આત્મા તરીકે જાણીએ છીએ ત્યાર પછી આપણે મારનાર કે મરનાર છીએ એમ કહેવું અર્થ વગરનું થઈ પડે છે. એક જ વસ્તુ અંતિમ સત્ય રૂપે રહેલી છે, તેની અંદર આપણે જીવન ધારણ કરવાનું છે. એ એક વસ્તુ એટલે સનાતન શાશ્વત બ્રહ્મ જ માનવમાં તેના આત્મા રૂપે અભિવ્યકત થાય છે. યુગચક્રોમાં થતી એની યાત્રામાં જીવન અને મરણ એ એની પ્રગતિનાં નિશાન જેવાં છે અને આ પાર્થિવ જગતથી પર રહેલ દિવ્ય ચેતનાના પ્રદેશની પ્રાપ્તિ એ તેની યાત્રાનું અંતિમ ધામ છે. જીવનમાં પ્રાપ્ત થતી પરિસ્થિતિ સુખ કે દુ:ખ, જય કે પરાજય, એ આપણી પ્રગતિ માટેનાં સાધન માત્ર છે, અને આત્માનું અસલ રહેઠાણ અમરતા એ તેની યાત્રાનું પરમ ધામ છે.

એટલે ગુરુ અર્જુનને કહે છે: 'હે ભરતપુત્ર, આ મિથ્યા શોક, વિહ્વળતા અને ધૂણાનો ત્યાગ કરીને તું યુદ્ધ કર.' પણ ગુરુનો આ નિર્ણય કેવી રીતે ફલિત થાય છે? અત્યાર સુધી જે ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવ્યું છે તેને પરિણામે આત્માની અને મનની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત થાય, લાગણી-ઓના બુમરાણથી તથા ઈન્દ્રિયોના મોહથી વ્યકિત પર થઈ જઈ શકે. એટલે કે સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત કરનાર માણસ શોક અને દુ:ખથી મુકત બને, એનાથી મરણનો ભય ટળી જાય, તથા મરણ પામનાર માટે થતી શોકની લાગણી દૂર થઈ જાય એ શકય છે. વળી આપણને પ્રતીતિ થાય કે મરણ પામનાર માટે શોક કરવો ઉચિત નથી, કારણ કે એ લોકો અન્ય ચેતનાવસ્થામાં ગયેલા છે. આમ જીવનના સૌથી વધારે ક્રૂર હુમલાઓ સામે અક્ષોભ, સ્થિર રહીને તેમના પ્રત્યે નજર માંડવાની શકિત આત્મજ્ઞાન આપણને આપી શકે, જેથી શરીરનું મરણ આપણને એક નજીવી બાબત લાગે, તથા આત્મજ્ઞાનને પરિણામે જીવનના સંજોગો વિષેના આપણા વિચારોમાં વિશાળતા પ્રાપ્ત કરી શકાય, અને જીવનસમગ્રને આપણે એક જ બ્રહ્મના આવિર્ભાવ તરીકે જોઈ શકીએ,

તથા જીવનના સર્વ સંજોગોને આપણા આત્માની ઉન્નતિના ઉપયોગી સાધન તરીકે સમજીએ, ને આખરે આપણી જાતનો અમર આત્મા તરીકે સાક્ષાત્કાર કરી શકીએ એ બધુંય શક્ય છે. પરંતુ આવા આધ્યાત્મિક જ્ઞાનમાંથી અર્જુન પાસે જે કાર્ય કરવાની, કુરુક્ષેત્રના સંગ્રામમાં કતલ કરવાની જે માગણી ગુરુ તરફથી કરવામાં આવે છે તે શી રીતે ફલિત થાય છે ? એનો ઉત્તર એ છે કે અર્જુનને જે માર્ગે યાત્રા કરવાની છે તે માર્ગે એ કાર્ય આવશ્યક છે,— એને માટે જરૂરી છે. એના પોતાના સ્વધર્મની જે આવશ્યકતા છે તેમાં એ કાર્ય અનિવાર્ય બને છે. એની સામાજિક ફરજ, એના સમગ્ર જીવનમાં સક્રિય થયેલો નિયમ, એની પોતાની ઊંડામાં ઊંડી સત્-તાનો નિયમ એ કાર્યની માગણી કરી રહ્યો છે. આ જગતમાં, આ સ્થૂલ પાર્થિવ વિશ્વમાં આત્માનો જે આવિર્ભાવ થઈ રહેલો છે તે અંતરના કેવળ આધ્યાત્મિક વિકાસનું ચક્ર છે એવું નથી. પરંતુ તે એક એવું ક્ષેત્ર છે જેમાં જીવનના બાહ્ય સંજોગોનો પોતાની પરિસ્થિતિ તરીકે અને અંતરનો વિકાસ સાધવાના એક પ્રસંગ તરીકે સ્વીકાર કરવો પ્રાપ્ત થાય છે. એ જગત પરસ્પર સહાય કરવાનું તથા ઝઘડવાનું ક્ષેત્ર છે. જગત એવું છે કે જરા પણ અગવડ આવ્યા વિના, આરામપૂર્વક, કેવળ આનંદની સ્થિતિમાં થઈને આપણને પ્રગતિ કરવા દેતું નથી. આપણી પ્રગતિનું એકેએક પગલું વીરતાભર્યા પ્રયત્ન વડે, સામસામાં લડતાં બળોની ખેંચાખેંચી દ્વારા સાધવું પડે છે. એ પ્રમાણે અંતરના અને બહારના સંગ્રામની પરિસ્થિતિનો, સ્થૂલ હિંસાવાળું યુદ્ધ કરવા સુધીનો જે વ્યક્તિ સ્વીકાર કરે છે તે ક્ષત્રિય છે, વીર પુરુષ છે. યુદ્ધ, સામર્થ્ય, ઉદાત્તતા, હિંમત, સાહસ, વગેરે ગુણો એની પ્રકૃતિમાં હોય છે જ. અને ધર્મનું તથા ન્યાયનું રક્ષણ, યુદ્ધની આવશ્યકતાનો જરા પણ આનાકાની કર્યા કે ડગ્યા વગર સ્વીકાર એ એવા માણસોની ફરજ અને ધર્મ છે. કારણ કે આ જગતમાં સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય, રક્ષણ કરનાર અને જુલમ કરનાર શક્તિઓ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા જ કરતું હોય છે. અને એ યુદ્ધ જ્યારે સ્થૂલ ભૂમિકા ઉપર આવી પડે છે ત્યારે જેણે પોતાના હાથમાં ધર્મનો ધ્વજ ધારણ કરેલો છે એ વીર પુરુષ પોતાને કરવાનું કામ ભીષણ છે, ક્રૂરતાવાળું છે, એવા વિચારથી કંપે એ યોગ્ય નથી. એણે પોતાના અનુયાયીઓનો અને સાથે લડનારા સૈનિકોનો ત્યાગ કરવો જોઈએ નહીં, પોતાના મહાન ઉદ્દેશ પ્રત્યે તેણે દ્રોહી બનવું જોઈએ નહીં. એણે સત્યના અને ન્યાયના ઝંડાનો એ રીતે ત્યાગ ન કરવો જોઈએ કે તે ધૂળમાં રગદોળાય. વળી જે વિનાશ થવો નિર્માણ થયો છે તે ઘણા મોટા પાયા ઉપર થનાર છે, તેને લઈને પોતાનામાં જાગ્રત થયેલી ધૃણા અને પોતાને થયેલી નિર્બળ દયાની લાગણીના ઊભરામાં ખેંચાઈ જઈને અન્યાયી અને જુલમી

લોકો પોતાના લોહીથી ખરડાયેલા પગ તળે એ ઝંડાને કચડે એવી સ્થિતિમાં તેનો ત્યાગ કરવો ન જોઈએ. અર્જુનનું પુણ્ય, એનું શ્રેય, એનો ધર્મ યુદ્ધ કરવામાં રહેલો છે, નહિ કે યુદ્ધમાંથી વિરત થવામાં. આ પરિસ્થિતિમાં કતલ કરવી એ નહિ, પણ કતલ ન કરવી એ પાપ બને છે.

ઉપરનો ઉત્તર આપ્યા પછી અર્જુન પોતાના સ્વજનોના મરણને લઈને જીવનમાં વ્યાપી જનાર શૂન્યતા — એટલે કે જીવનના કારણની તથા ઉદ્દેશ-હીનતાની શૂન્યતા — નો જે શોક અનુભવી રહ્યો છે તેનો ઉત્તર આપવા માટે ગુરુ થોડો વિષયાંતર કરે છે. પ્રશ્ન એ છે કે ક્ષત્રિયના જીવનનો સાચો ઉદ્દેશ શો છે ? એનું સાચું સુખ શેમાં રહેલું છે ? ભોગ-વિલાસમાં અને કુટુંબ-સુખમાં નથી, મિત્રો અને સ્વજનો સાથે આરામમાં અને સુખચેનમાં કે શાંતિમાં દિવસો ગાળવા એ કાંઈ ક્ષત્રિયના જીવનનો ઉદ્દેશ નથી. એના જીવનનો સાચો ઉદ્દેશ તો ધર્મને માટે યુદ્ધ કરવાનો છે, તથા પોતાનું જીવન સમર્પણ કરી દઈ શકે એવા કોઈ મહાન આદર્શને, કોઈ મહાન કાર્યને શોધી કાઢવું એ તેના જીવનનો ઉદ્દેશ છે. અથવા સંગ્રામમાં વિજય મળે તો વીર પુરુષને ઉચિત કીર્તિ અને રાજમુકુટને ધારણ કરવાં એમાં એના સુખની અવધિ રહેલી છે. ક્ષત્રિયના જીવનમાં ધર્મયુદ્ધ કરવાનો પ્રસંગ આવે એના કરતાં બીજું કોઈ વધારે મોટું શ્રેય નથી. એટલે જ્યારે અર્જુનને મળ્યું છે એવું ધર્મયુદ્ધ આપોઆપ આવી મળે ત્યારે તો જાણે સ્વર્ગ પોતાનું દ્વાર ખોલીને ક્ષત્રિય આગળ આવ્યું ગણાય. એવું થાય ત્યારે ક્ષત્રિય ખૂબ સુખી થાય છે. 'તું જો આ ધર્મયુદ્ધ કરીશ નહિ તો સ્વધર્મ, કીર્તિ અને પુણ્યનો તું ત્યાગ કરશે, અને તું પાપનો ભાગીદાર થઈશ. સંગ્રામ કરવાની ના પાડવાથી તારી અપકીર્તિ થશે, અને ભયથી અને નિર્બળતાથી તું રણમાંથી નાસી ગયો એવી તારી નિંદા લોકો કરશે. તારા જેવા ક્ષત્રિયને માટે એવી અપકીર્તિ કરતાં કઈ વસ્તુ વધારે દુઃખકારક હોઈ શકે ?–પોતાની કીર્તિનો અને માનનો અભાવ, સમર્થ અને વીર પુરુષનું જે અગ્રસ્થાન તે ગુમાવવું એ મરણ કરતાં તો કયાંયે વધારે મોટી હાનિ છે. સંગ્રામ, વીરતા, સામર્થ્ય, પ્રભુત્વ, વીર પુરુષ તરીકેની કીર્તિ, સંગ્રામમાં લડતાં ખપી જવાય તો સ્વર્ગની પ્રાપ્તિ, એ ક્ષત્રિય જીવનનો આદર્શ છે. આ મહાન આદર્શને હલકો પાડવો, પોતાની આબરૂને કલંક લાગવા દેવું, વીર પુરુષોમાંના એક અનુપમ વીર હોવા છતાં પોતાના નામને નિર્બળતાનો બટ્ટો લાગવા દેવો, બાયલાપણાનું તોફાન મુકવા દેવું અને આ રીતે માનવજાતિનાં નૈતિક ધોરણને નીચું પડવા દેવું એ તો તારા પોતાના અંતરાત્મા પ્રત્યે, તથા જગતની જરૂરિયાત પ્રત્યે, પોતાના નેતા પાસે અને રાજા પાસે સહાય માટે માનવજાતિ સાદ કરી રહી છે તેના પ્રત્યે, બેવફા થવું

જ ગણાય. હણાશે તો તું સ્વર્ગને પ્રાપ્ત કરશે, વિજયી થશે તો પૃથ્વીનો ભોગ કરશે, માટે હે કુંતીપુત્ર, યુદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કરીને ઊભો થા.'

વીરતાને જાગ્રત કરનાર આ અનુરોધ પહેલાં શ્રીકૃષ્ણે અર્જુનના સામાજિક ધર્મ અને આદર્શ પર આધાર રાખીને જે આદેશ આપ્યો હતો તેના કરતાં, તથા ભવિષ્યનાં પ્રકરણોમાં આવનારી ગાઢ આધ્યાત્મિકતા કરતાં કાંઈક નીચી ભૂમિકાનો આશ્રય લેતો જણાય છે. કારણ કે ઉપર જે શ્લોકનું અવતરણ આપ્યું છે તેની પછીના જ શ્લોકમાં ગુરુ અર્જુનને સુખ અને દુઃખ, લાભ અને હાનિ, જય અને પરાજય વગેરે દ્વંદ્વો પ્રત્યે પોતાના અંતરમાં સમતા કેળવીને પછી, યુદ્ધ કરવાનું કહે છે. એ જ ગીતાનો સાચો બોધ છે. પરંતુ હિંદની સંસ્કૃતિમાં માનવના નૈતિક અને આધ્યાત્મિક જીવનની ઉન્નતિ સાધવા માટે ક્રમેક્રમે ચઢતા ઊતરતી યોજનાની બનાવટ જરૂર હમેશાં સ્વીકારવામાં આવેલી છે. અહીં ક્ષત્રિયનો આદર્શ, ચાતુર્વર્ણનો આદર્શ એના સામાજિક સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો છે, પાછળથી એમાં જે આધ્યાત્મિક રહસ્ય મૂકવામાં આવ્યું છે તે અહીં પ્રગટ કરવામાં આવ્યું નથી. જો તું સુખ અને દુઃખના અનુભવનો આગ્રહ કરતો હોય, અને કર્મના ફળની કામનાને કર્મના ઉદ્દેશ્ય તરીકે સ્વીકારતો હોય તો તને મારો ઉત્તર આ પ્રમાણે છે. આત્માનું અને વિશ્વનું આધ્યાત્મિક જ્ઞાન કઈ દિશામાં માર્ગદર્શન કરે છે તે મેં તને કહેલું જ છે. અહીં હું તારી સામાજિક ફરજ અને ક્ષત્રિય વર્ણના આદર્શનું ધોરણ તને કઈ દિશામાં દોરે છે તે જણાવું છું—'स्वधर्मं अपि चावेक्ष्य'. ગમે તે દૃષ્ટિએ તું વિચાર કરશે તો પણ પરિણામ એક જ આવે છે. પરંતુ જો તને તારી સામાજિક ફરજથી અને ક્ષત્રિય વર્ણના આદર્શથી સંતોષ ન થતો હોય, તને એમ લાગતું હોય કે એ બન્ને તને પાપમાં અને શોકમાં દોરી રહ્યાં છે તો હું તને અધમ નહિ પણ ઊંચા દૃષ્ટિબિંદુનો સ્વીકાર કરવાનો આદેશ આપું છું. સર્વ પ્રકારની અહંતાને તારામાંથી દૂર કરી દે, સુખ અને દુઃખ પ્રત્યે ઉદાસીન થઈ જા, લાભ અને હાનિ જેવાં ઐહિક પરિણામો પ્રત્યે સમત્વયુક્ત થઈ જા, પ્રભુની આજ્ઞાથી જે મહાન કાર્યની, જે મહાન આદર્શની સેવા તારે કરવાની છે, જે ધર્મની સેવા તારે બજાવવાની છે, તેના પ્રત્યે તું નજર કર. 'એ રીતે તને પાપ નહિ લાગે.' આ પ્રમાણે પોતાના અંતરમાં થયેલા શોકનું કતલના કાર્યની ઘૃણાનું, પોતાને થતી પાપની લાગણીનું, પોતાનાં કર્મનાં દુઃખકારી પરિણામનું જે બહાનું અર્જુને આપ્યું હતું તેનો ઉત્તર ઉચ્ચમાં ઉચ્ચ જ્ઞાનની દૃષ્ટિએ તથા સમાજના અને જમાનાના ઊંચામાં ઊંચા નૈતિક આદર્શ પ્રમાણે અપાયો છે.

આર્ય યોદ્ધાનો ધર્મ તેને કહે છે : "ઈશ્વરને ઓળખ, તારા આત્માનો

સાક્ષાત્કાર કર, માનવને સહાય કર; ધર્મની રક્ષા કર, જીવનરૂપી સંગ્રામમાં યુદ્ધ કરવાનું તારું કર્તવ્ય બય, નિર્બળતા કે સંદિગ્ધતા વિના બજાવ. તું શાશ્વત, અવિનાશી આત્મા છે, તારો આત્મા અહીં આ જગતમાં અમરતા પ્રત્યે ઊર્ધ્વમાં યાત્રા કરી રહ્યો છે; જીવન અને મરણ કોઈ ચીજ નથી. શોક, ધા, દુઃખ કશી વિસાતમાં નથી, કારણ કે એ વસ્તુઓ પર તારે વિજય મેળવવાનો છે, એમનાથી તારે પર થવાનું છે. તારા પોતાના સુખ પ્રત્યે, તારા અંગત લાભ પ્રત્યે નહિ પરંતુ તારાથી ઊર્ધ્વમાં અને તારી આજુબાજુ દૃષ્ટિ રાખ, ઊંચે આત્માના જ્યોતિર્મય પ્રદેશ પ્રત્યે, અને આજુબાજુ જગતમાં ચાલી રહેલા સંગ્રામ પ્રત્યે, જેમાં સારું-નરસું, પ્રગતિ અને પીછેહઠ, સામસામે દારુણ યુદ્ધમાં પરોવાયેલાં છે. માનવજાતિ તને પોકારે છે, એના સમર્થ નેતા તરીકે, વીર યોદ્ધા તરીકે સહાય માટે તને પોકારી રહી છે; માટે તેને સહાય કર, યુદ્ધ કર. વિનાશ કરવાથી જગતની પ્રગતિ થતી હોય તો વિનાશ કર, પરંતુ જેનો વિનાશ કરે તેનો દ્વેષ ન કર, તેમ તારે હાથે જે વિનાશ પામે તેને માટે શોક ન કર. સર્વત્ર એક જ આત્મા રહેલો છે તેને જાણ. સઘળા આત્મા સ્વરૂપે અમર છે એ સત્યનો સાક્ષાત્કાર કર, શરીર તો માટી છે એ સમજી લે. તારું કર્તવ્ય છે તે સ્થિરભાવે, દૃઢતાપૂર્વક, સમતાપૂર્વક કર્યે જા; યુદ્ધ કર અને એમાં વીરને છાજે એવી વીર ગતિને પ્રાપ્ત કર. અથવા તો સામર્થ્યપૂર્વક વિજય મેળવ, કારણ કે પ્રભુ તરફથી અને તારી પોતાની પ્રકૃતિ તરફથી એ કાર્ય તને સોંપાયેલું છે."

પ્રકરણ આઠમું

સાંખ્ય અને યોગ

અર્જુનની મુશ્કેલીઓનો જે પહેલો અને ટૂંકો ઉત્તર શ્રીકૃષ્ણ આપે છે તે પૂરો થતાંની સાથે સાંખ્ય અને યોગનો ભેદ ગીતા સ્પષ્ટ કરે છે. એ ભેદ સમગ્ર ગીતાની સમજૂતી માટે ઘણો જ અગત્યનો છે અને અર્જુનની મુશ્કેલીઓના આધ્યાત્મિક ઉકેલની ચાવી જેવો છે. "આ બુદ્ધિ — વસ્તુઓનું બુદ્ધિજન્ય અને સંકલ્પજન્ય જ્ઞાન — સાંખ્યમત અનુસાર મેં તને જણાવી, હવે યોગમાં જે બુદ્ધિ રહેલી છે તે તું સાંભળ, કારણ કે એ બુદ્ધિ વડે તું યોગમાં યુક્ત થયેલો હશે તો, હે પૃથાના પુત્ર, તું કર્મનાં બંધનનો ત્યાગ કરી શકશે." (૨—૩૯) આ એ શ્લોકોનો અનુવાદ અક્ષરશઃ કરેલો છે જેમાં સાંખ્ય અને યોગ વચ્ચેનો ભેદ ગીતા રજૂ કરે છે.

મૂળમાં તો ગીતા વેદાંતનો ગ્રંથ છે. વેદાંતના પ્રમાણભૂત પ્રસ્થાન ત્રયમાંનું એક પુસ્તક ગીતા છે. અને આમ જોતાં, વેદની પેઠે ગીતા અપૌરુષેય ગણાતી નથી. એટલે કે મોટે ભાગે ગીતાની પદ્ધતિ બુદ્ધિપ્રધાન, તર્કની કોટિઓનો આશ્રય લેનારી અને મીમાંસાત્મક છે, અને મનથી ઊંચેના કોઈ કરણનો આશ્રય લઈને કોઈ ઋષિ કે દૃષ્ટાને એનું સત્ય સીધેસીધું કાંતદર્શન રૂપે પ્રત્યક્ષ થયેલું નથી તો પણ ગીતા પ્રત્યે હિંદની પ્રજામાં એટલો બધો આદરભાવ છે કે એને તેરમા ઉપનિષદ તરીકે ગણવામાં આવે છે. આમ વેદાંતનો મુખ્ય ગ્રંથ હોવા છતાં ગીતાની વિચારસરણીમાં પહેલેથી છેલ્લે સુધી સાંખ્ય અને યોગના વિચારોનો પૂરેપૂરો અને ઊંડો પાસ લાગેલો જણાય છે. એ પ્રકારનો પાસ લાગેલો હોવાથી ગીતાનું તત્ત્વજ્ઞાન એક પ્રકારના વિશિષ્ટ સમન્વયવાળું બને છે. ગીતાનો મુખ્ય ઝોક તો યોગસાધનાનો વ્યવહારુ માર્ગ બતાવવા ઉપર રહે છે, અને તત્ત્વજ્ઞાનના વિચારોને તો જ્યારે જ્યારે એને પોતાની યોગની વ્યવહારુ પદ્ધતિની સમજૂતી આપવાની જરૂર જણાય છે ત્યારે ત્યારે જ તે વચમાં લાવે છે. વળી ગીતા કેવળ વેદાંતમાં જે જ્ઞાનનું સ્વરૂપ સ્વીકારાયું છે તેનું જ પ્રતિપાદન કરે છે એવું પણ નથી. એ તો જ્ઞાન અને ભક્તિ બન્નેનો પાયો કર્મના ઉપર રચે છે. તેમ કર્મને એના શિખર તરીકે જ્ઞાનમાં આરોહણ કરાવે છે, કર્મના જીવંત કેન્દ્ર તરીકે, — કર્મના હૃદય તરીકે તે ભક્તિને વ્યાપક બનાવે છે. વળી ગીતાની યોગસાધના સાંખ્યદર્શનની પૃથક્કરણની પદ્ધતિને પોતાના પાયા

તરીકે સ્વીકારે છે, એને આરંભ કરવાના બિંદુ તરીકે લે છે, તથા પોતાની પદ્ધતિમાં અને મીમાંસામાં સાંખ્યનાં તત્ત્વોનો ઘણા વિશાળ પ્રમાણમાં ગીતા સમાવેશ કરી લે છે; છતાં ગીતા પોતે, એટલે કે ગીતાનો ભવ્ય સમન્વય, સાંખ્યથી તો ક્યાંયે આગળ નીકળી જાય છે, સાંખ્યનાં કેટલાંક વિશિષ્ટ વલણોનો ગીતા અસ્વીકાર કરે છે અને સાંખ્યની પૃથક્કરણની પદ્ધતિ વડે મળતા નિમ્ન-પ્રકૃતિના જ્ઞાનને વેદાંતના ઉચ્ચ અને સમન્વયાત્મક સત્ય સાથે સુમેળ સાધી લે છે.

ગીતા કહે છે તે સાંખ્ય અને યોગ બન્ને શી વસ્તુઓ છે ? એ તો નક્કી છે કે ઈશ્વરકૃષ્ણની કારિકામાં જે 'સાંખ્ય'ની રજૂઆત થઈ છે, અને પતંજલિનાં સૂત્રોમાં જે 'યોગ'નું નિરૂપણ થયું છે એનો ઉલ્લેખ ગીતા કરતી નથી. ગીતાનું સાંખ્ય તે કારિકાનું સાંખ્ય નથી, એટલે કે સામાન્ય રીતે 'સાંખ્ય' જે અર્થમાં સમજવામાં આવે છે તે એ નથી. કારણ કે સાંખ્યની પેઠે ગીતા કોઈ સ્થળે પુરુષના અનેકત્વનો મૌલિક સત્ય તરીકે સ્વીકાર કરતી નથી. ઊલટું, સાંખ્યદર્શન જેનો ભારપૂર્વક ઈન્કાર કરે છે તે એકમેવાદ્વિતીયતત્ત્વને આત્મા તરીકે એટલે કે પુરુષ તરીકે, ગીતા સ્વીકારે છે. એટલું જ નહિ પરંતુ એને ગીતા ઈશ્વર અથવા તો પુરુષોત્તમ તરીકે આ વિશ્વનું આદિ-કારણ પણ ગણે છે. આપણા વર્તમાન ભેદ પ્રમાણે જોતાં પરાપૂર્વથી ચાલી આવેલું સાંખ્યદર્શન નિરીશ્વરવાદી છે, જ્યારે ગીતાનું સાંખ્ય આસ્તિક છે, તે ઈશ્વરવાદનો, સર્વેશ્વરવાદનો તથા અદ્વૈતવાદનો એમ ત્રણેનો સ્વીકાર કરે છે, અને એ ત્રણે વચ્ચે સૂક્ષ્મ રીતે પોતે સમાધાન કરી આપે છે.

એ જ પ્રમાણે ગીતામાં જે યોગ છે તે પતંજલિનો રાજયોગ નથી. રાજયોગ આત્મલક્ષી છે, 'સ્વ'ના ઉપર આધાર રાખનારી અંતરવિકાસની એક સાધના છે. રાજયોગ એક રીતે મર્યાદિત છે, એની પદ્ધતિમાં અક્ષર નિશ્ચિત-પણું રહેલું છે, ક્રમવાર; કડક અનુક્રમના પગલામાં ગોઠવાયેલી એની સાધનાની સીડી છે. રાજયોગની પદ્ધતિમાં મનને ક્રમેક્રમે, શાંત, નિસ્પંદ કરવાનું હોય છે, અને આખરે તે સમાધિમાં લય પામી જાય છે. એમ થતાં સામાન્ય માનવતાની મર્યાદાઓનું ઉલ્લંઘન થઈ વ્યક્તિ એનાથી પર થઈ જાય છે. એનાં પરિણામ રૂપે ઐહિક અને શાશ્વત એવાં પરિણામો પણ આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. એ સમાધિલયનું ઐહિક પરિણામ એ આવે છે કે વ્યક્તિના જ્ઞાનનો અને એની શક્તિનો ઘણો વિસ્તાર થાય છે, વિશાળ ક્ષેત્રમાં એ શક્તિઓનું પ્રભુત્વ સ્થાપન થાય છે. વળી એનું શાશ્વત પરિણામ પ્રભુ સાથેના યોગ રૂપે વ્યક્તિને મળે છે. પરંતુ ગીતાની યોગપદ્ધતિ ઘણી વિશાળ, નમનીય, અનેક શાખાવાળી છે અને તે પોતાનામાં અનેક તત્ત્વોનો સમાવેશ કરી લે છે. અને એ વિવિધ

તત્ત્વો એક પ્રકારના સ્વાભાવિક અને જીવંત સમાધાનને પામે છે. ગીતામાં જે અનેક તત્ત્વોનો સમન્વય થયો છે, તેમાં રાજયોગ (પતંજલિનો) તો ફક્ત એક તત્ત્વ છે, અને તે પણ સૌથી અગત્યનું કે જીવંત તત્ત્વ નથી. ગીતાની યોગસાધના, પતંજલિના રાજયોગ પેઠે, કોઈ શાસ્ત્રીય અને કડક ગણાય એવા ચડતી-ઊતરતી શ્રેણીના ક્રમનો સ્વીકાર કરતી નથી, પરંતુ એક પ્રકારની સ્વાભાવિક આત્મવિકાસની ક્રિયારૂપ બની રહે છે. આત્માનું સ્વરૂપ, તેની સ્થિતિ અને તેના ધર્મ તથા કાર્ય પરત્વે થોડાક સિદ્ધાંતોનો સ્વીકાર કરીને માનવની ચેતનાનું પુનર્ગઠન, એક પ્રકારનું રૂપાંતર, કહો કે ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કે નવજન્મ પ્રાપ્ત થાય એ દિશામાં ગીતાની યોગસાધના પ્રયત્ન કરે છે. એટલે કે નિમ્ન-પ્રકૃતિમાંથી દિવ્યપ્રકૃતિમાં માનવનું રૂપાંતર કરાવવું એ તેનો ઉદ્દેશ છે. આમ હોવાથી ગીતાનો સમાધિનો ખ્યાલ યોગમાં આવતા સમાધિના ખ્યાલ કરતાં જુદો છે. વળી ચિત્તશુદ્ધિ અને એકાગ્રતા કરવામાં સહાય થાય તેટલા પૂરતું કર્મને પતંજલિ પોતાના રાજયોગમાં સાધનાની શરૂઆતની અવસ્થા માટે ઉપયોગી ગણે છે. ગીતા તો કર્મને પોતાની યોગસાધનાના વિશિષ્ટ લક્ષણ તરીકે સ્વીકારે છે. પતંજલિ માટે કર્મ પ્રારંભિક છે, ગીતામાં કર્મ યોગસાધનાનો સ્થાયી પાયો છે. જ્યારે રાજયોગ સિદ્ધ થાય ત્યારે કર્મને બાજુ પર મૂકી દેવાનાં હોય છે, અથવા તો સાધનાના ઉપાય તરીકે એમનું કાર્ય પૂરું થયેલું ગણાય છે, ત્યારે ગીતાને માટે કર્મ એ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક અવસ્થાને પ્રાપ્ત કરવાનું સાધન છે, એટલું જ નહિ પરંતુ સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત થયા પછી પણ કર્મ તો ચાલુ જ રહે છે.

પરિચિત શબ્દોના પારિભાષિક અર્થના કરતાં વધારે વિશાળ અર્થમાં પ્રયોગ કરવામાં આવે છે તેને લઈને વિચારમાં ગૂંચવણ ઊભી થવાનો સંભવ હોય છે. એનાથી આપણી જાતને બચાવવા માટે ઉપર સાંખ્ય અને યોગ વિષે કરેલો પ્રસ્તાવ ખાસ અગત્યનો છે. અને છતાં સાંખ્ય અને યોગની પદ્ધતિમાં જે કંઈ મૌલિક છે, એમની અંદર જે વસ્તુ ઉદાર, વિશાળ અને સર્વ સ્થિતિમાં સર્વ માટે વાસ્તવિક છે તેનો ગીતા સ્વીકાર કરી લે છે, જોકે એના પ્રતિપક્ષી દર્શનો પેઠે ગીતા પોતાની વિચારણાને એનાથી મર્યાદિત થવા દેતી નથી. ગીતામાં જે સાંખ્ય છે તે ઉદાર છે, વેદાંત ઉપર પ્રતિષ્ઠિત છે, એટલે કે ઉપનિષદના મહાન વેદાંતિક સમન્વયમાં આપણને એના પ્રથમ સિદ્ધાંતોમાં અને પુરાણોમાં પાછળથી થયેલા એના વિકાસમાં તે જેવું જોવા મળે છે તેવું તે ગીતામાં છે. ગીતાનો યોગનો ખ્યાલ એ આત્માને શોધવા માટે અથવા તો, ઈશ્વર સાથે એકતા કરવા માટે એવા આત્માનુશાસન અને આંતરિક પરિવર્તનનો એક વિશાળ ખ્યાલ છે જેનો રાજયોગ એક

વિશિષ્ટ પ્રકાર, પ્રયોગ માત્ર છે. ગીતા તો ભારપૂર્વક જણાવે છે કે સાંખ્ય અને યોગ એ બન્ને ભિન્ન નથી. એટલે કે એ બે એકબીજાની વિરોધી, અને પરસ્પર વિસંવાદી પદ્ધતિઓ નથી, પરંતુ એ બન્નેના સિદ્ધાંત અને ઉદ્દેશ એક જ છે. એ બેમાં જે ભેદ છે તે પદ્ધતિનો અને આરંભના પ્રસ્થાનનો છે. સાંખ્ય પણ યોગ જ છે, પણ એ જ્ઞાનથી શરૂઆત કરે છે. અર્થાત્ બુદ્ધિ વડે સત્યાસત્ય વિવેકથી તથા જીવનના મૂળમાં રહેલાં તત્ત્વોનું પૃથક્કરણ કરીને તે આરંભ કરે છે અને સત્યનું દર્શન કરીને તથા તેની પ્રાપ્તિ વડે તે પોતાનું લક્ષ્ય સાધે છે. યોગ કર્મથી આરંભ કરે છે, એનું મુખ્ય સાધન કર્મયોગ છે. પરંતુ ગીતાના સમગ્ર ઉપદેશ ઉપરથી અને પાછળથી ગીતા જે વ્યાખ્યા આપે છે તે ઉપરથી એટલું નક્કી છે કે ગીતા "કર્મ" શબ્દને ઘણા જ વિશાળ અર્થમાં વાપરે છે. અને યોગનો અર્થ પણ પોતાની અને બાહ્ય સર્વે ક્રિયાઓને નિઃસ્વાર્થપણે સંપૂર્ણ ભક્તિપૂર્વક પ્રભુના ચરણમાં યજ્ઞરૂપે સમર્પણ કરવી એવો ગીતા કરે છે. સર્વ યજ્ઞ અને તપનો ભોક્તા અને સ્વામી ઈશ્વર પોતે જ છે, એ સત્યનું દર્શન જ્ઞાનયોગ કરાવે છે, જ્યારે એ સત્યને જીવનમાં ઉતારવાનું કાર્ય યોગ સાધે છે. એ યોગસાધનાની સક્રિય શક્તિ તરીકે જ્ઞાનપ્રકાશિત ભક્તિપૂર્ણ આત્મા રહેલો હોય છે, અથવા તો જ્ઞાન પામ્યા જેને સર્વોચ્ચ તથ્ય તરીકે ગણે છે તેવા પુરુષોત્તમ પ્રત્યે સ્થિર કે ભાવપૂર્ણ સમર્પણ કરનાર આત્મા એ યોગસાધનામાં સક્રિય બળ તરીકે રહેલો છે.

પરંતુ સાંખ્યમાં જે સત્યોનો સમાવેશ થાય છે તે ક્યાં છે? સાંખ્ય દર્શનનું નામ એની પૃથક્કરણની પદ્ધતિ ઉપરથી પડ્યું છે. સાંખ્ય એટલે પૃથક્કરણ, સંખ્યા-ગણતરી. સામાન્ય રીતે માનવનું મન તત્ત્વોના સંજોગો અને સંજોગોનાં પરિણામો જ માત્ર જુએ છે તથા તે તત્ત્વોમાંનાં કેટલાંકને છૂટાં પાડીને, દરેકનું પોતાનું સ્વરૂપ બતાવી આપણા અસ્તિત્વનાં મૂળ તત્ત્વો નક્કી કરી આપનારી પદ્ધતિ સાંખ્ય છે. એનો ઉદ્દેશ સમન્વય કરવાનો મુદ્દલે હતો નહીં. મૂળ સાંખ્યદર્શન દ્વૈતવાદી છે, અને સાંખ્યનું દ્વૈત વેદાંતનાં કેટલાક દ્વૈતવાદી ગણાતાં પણ જેમનું દ્વૈત ખરું જોતાં સાપેક્ષ છે એમના જેવું દ્વૈત છે. સાંખ્યનું દ્વૈત નિરપેક્ષ દ્વૈત છે, એમાં જરા પણ બાંધછોડ વગરનું આખરી દ્વૈત સ્વીકારાય છે. સાંખ્ય આપણને વિશ્વની સમજૂતી આપે છે તે એક, અદ્વૈત, વસ્તુ વડે નહિ પણ બે મૂળ તત્ત્વોનો સ્વીકાર કરીને. એ બે મૂળ તત્ત્વોના પરસ્પર કાર્ય પ્રતિકાર્યને પરિણામે આ વિશ્વ ઉત્પન્ન થાય છે. એમાંનું એક પુરુષ જે નિષ્ક્રિય છે, બીજું પ્રકૃતિ તે ક્રિયાત્મક છે. પુરુષ એટલે આત્માનું તત્ત્વ, પણ તે સામાન્ય કે લૌકિક અર્થમાં સમજીએ છીએ તે અર્થમાં નહિ, પરંતુ એ પુરુષ શુદ્ધ ચિન્મય સત્-તા છે, એ ગતિશૂન્ય, સ્થિર, અક્ષર, અવ્યય અને સ્વપ્રકાશ છે.

પ્રકૃતિ એ સર્વ પ્રકારની શક્તિ અને એની વિવિધ પ્રક્રિયાઓ છે. પુરુષ અકર્તા છે, પરંતુ તે પોતાની અંદર પ્રકૃતિ અને તેની પ્રક્રિયાઓના કાર્યોને પ્રતિબિંબિત કરે છે; પ્રકૃતિ જડ છે, પરંતુ પુરુષમાં પ્રતિબિંબિત થતાં એની ક્રિયાઓ સચેતન હોય એવી દેખાય છે. આ રીતે સૃષ્ટિ, સ્થિતિ અને લય, જન્મ અને મરણ, ચેતન અને અચેતન, ઈન્દ્રિય-સંસ્કારનું જ્ઞાન અને મન વડે મેળવેલું જ્ઞાન, કર્મ અને અકર્મ, સુખ અને દુઃખ એ બધાને પ્રકૃતિને વશ થઈને રહેલો હોવાથી પુરુષ પોતાનાં ગણે છે; ખરું જોતાં, એ વસ્તુઓ પુરુષની હોતી જ નથી, પરંતુ પ્રકૃતિની ગતિને — ક્રિયાને જ આભારી હોય છે.

એ પ્રકૃતિ ત્રણ ગુણોની એટલે કે શક્તિના ત્રણ મૌલિક પ્રકારોની બનેલી છે. સત્ત્વ ગુણ બુદ્ધિનું બીજ છે અને વિશ્વશક્તિનાં કાર્યોનું સંરક્ષણ તે કરે છે, તેમને નભાવે છે, ટકાવે છે. રજસ્, શક્તિ અને ક્રિયાનું મૂળ છે, તે પ્રકૃતિનાં કાર્યોને સર્જે છે. તમસ્ એ જડતાનું અને અચેતનાનું બીજ છે, એમાં સત્ત્વ અને રજસ્ બન્નેનો ઇન્કાર રહેલો છે, એ બન્ને જે સર્જે છે ને રક્ષે છે તેનો તમોગુણ લય કરી નાખે છે. જ્યારે પ્રકૃતિની શક્તિના આ ત્રણ ગુણો સમતુલામાં હોય છે ત્યારે સઘળું આખામાં નિષ્ક્રિય સ્થિતિમાં હોય છે, ત્યારે ગતિ, કર્મ કે સૃષ્ટિ કશું જ થતું નથી; અને તેથી સચેતન, અક્ષર-સ્વરૂપના પ્રકાશમય સ્વરૂપમાં પ્રતિબિંબિત થનાર કોઈ વસ્તુ પણ હોતી નથી. પરંતુ જ્યારે એ સમતુલાનો ભંગ થાય છે ત્યારે ત્રણે ગુણો અસમાન સ્થિતિમાં જઈ પડે છે. એ અવસ્થામાં પ્રકૃતિના ત્રણે ગુણો એકબીજા ઉપર અને સામ-સામાં પ્રતિક્રાર્યો કરે છે અને સતત સર્જન, સ્થિતિ અને લયની વિશ્વઘટનાને પ્રગટ કરનારી બંધનકારક અવસ્થા શરૂ થાય છે. જ્યાં સુધી પુરુષ પોતાના સનાતન શુદ્ધ સ્વરૂપને તમોગ્રસ્ત કરનાર પ્રકૃતિના ક્ષોભને પોતાની અંદર પ્રતિ-ફલિત કરવાની અનુમતિ આપે છે, ત્યાં સુધી તે ચાલુ રહે છે. અલબત્ત, પુરુષ એ ક્રિયાનો પ્રકૃતિના ઉપર અધ્યારોપ કરતો હોય છે. પરંતુ જ્યારે પુરુષ પોતાની અનુમતિ પાછી ખેંચી લે છે ત્યારે પ્રકૃતિના ગુણો પણ સમતુલાને પ્રાપ્ત કરે છે. અને પુરુષ પોતાની સનાતન, અક્રિય, અવિકારી સ્થિતિને પાછો પ્રાપ્ત કરે છે. આ રીતે જોતાં, અનુમતિ આપવાની કે અનુમતિ પાછી ખેંચી લેવાની એકમાત્ર સત્તા પુરુષમાં હોય એમ આપણને લાગે છે. પોતાની અંદર પ્રકૃતિને પ્રતિબિંબિત કરવાને કારણે પુરુષ પ્રકૃતિનો તટસ્થપણે જોનાર સાક્ષી, એની ક્રિયા-ઓને અનુમતિ આપનાર અનુમન્તા બને છે. પરંતુ તે પ્રકૃતિનો શાસક કે ઈશ્વર નથી. વળી પુરુષ જે અનુમતિ આપે છે તે પણ નિષ્ક્રિય હોય છે અને એ અનુમતિ પાછી ખેંચી લે છે એ પણ એક પ્રકારની અક્રિયતા જ હોય છે. સર્વ પ્રકારની પ્રવૃત્તિ, પછી તે અંતરની હોય કે બહારની હોય, 'સ્વ'ને લગતી

હોય કે પદાર્થને લગતી હોય, પુરુષને માટે વિજાતીય છે, એના સ્વરૂપની વિસંવાદી છે. પુરુષમાં સક્રિય સંકલ્પ કે સક્રિય બુદ્ધિ સંભવતી નથી. એટલે પુરુષ એકલો આ વિશ્વનું કારણ હોઈ શકતો નથી. એટલે બીજા એક તત્ત્વની આવશ્યકતા રહે છે. સચેતન પુરુષ, જ્ઞાનપ્રકાશવાળો પુરુષ એકલો નહિ પરંતુ પુરુષ અને પ્રકૃતિ બન્ને મળીને આ વિશ્વનું કારણ બને છે. એમાંનું પુરુષ નિષ્ક્રિય છે અને પ્રકૃતિ સક્રિય છે. સાંખ્યદર્શન વિશ્વના અસ્તિત્વની સમજૂતી આ રીતે આપે છે.

આપણા અંત:કરણમાં જે સચેતન બુદ્ધિ અને સજાગ સંકલ્પશક્તિ રહેલાં છે તેને આપણે સામાન્ય રીતે પ્રકૃતિનાં કાર્ય તરીકે નહિ પરંતુ પુરુષનાં કાર્ય તરીકે અનુભવીએ છીએ, એવો આપણી સત્-તાનો ઘણો મોટો આ ભાગ તે ક્યાંથી આવે છે? સાંખ્યદર્શન પ્રમાણે આપણી બુદ્ધિ અને સંકલ્પશક્તિ સંપૂર્ણપણે જડ એવી પ્રકૃતિનાં જ અંગો છે, એ પુરુષની ક્રિયા કે પુરુષનું લક્ષણ નથી. આ વિશ્વ-પ્રકૃતિના મૂળમાં જે ચોવીસ અચેતન તત્ત્વો છે તેમાંનું જ એક બુદ્ધિ છે. જગત ઉત્પન્ન કરવાની ક્રિયામાં પોતાના ત્રણ ગુણો સહિત અવ્યક્ત અને અચિત્ મૂળ પદાર્થ રૂપ પ્રકૃતિ પોતે હોય છે. એમાંથી ક્રમેક્રમે જડ તત્ત્વના પંચ મહાભૂતોની ઉત્પત્તિ થાય છે. એ પંચ ભૂત એટલે મૂળ શક્તિની,—આદિ અચિત્ પ્રકૃતિની, જડ તત્ત્વના પાયા રૂપ પાંચ અવસ્થાઓ. આપણે યાદ રાખવાનું છે કે સાંખ્યમાં દ્રવ્ય અને શક્તિ બેને એક જ ગણવામાં આવે છે. એ ભૂતોનાં પાંચ નામો પાંચ સ્થૂલ પદાર્થો ઉપરથી પાડવામાં આવ્યાં છે: આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી. પરંતુ આપણે ધ્યાનમાં રાખવાનું છે કે આજકાલનાં ભૌતિક શાસ્ત્રો જે અર્થમાં 'તત્ત્વો' સમજે છે તે અર્થમાં એ પાંચ 'તત્ત્વો' આપણે સમજવાનાં નથી. ખરું જોતાં, જડ શક્તિની એ પાંચ સૂક્ષ્મ અવસ્થાઓ છે, અને આપણા પાર્થિવ જગતમાં એમાંનું એક પણ તત્ત્વ એની વિશુદ્ધ અવસ્થામાં મળી આવતું નથી. જગતમાં જે પદાર્થો છે તે બધાય આ પાંચ તત્ત્વોના સંયોગને પરિણામે ઉત્પન્ન થાય છે. વળી એ મૂળ તત્ત્વોમાંનું પ્રત્યેક પદાર્થના પાંચ ગુણોમાંના એકએકનું આશ્રયસ્થાન છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ ગુણો વડે ઇન્દ્રિયો પર આધાર રાખનારું મન બહારના પદાર્થો વિષે સચેતન બને છે, તેમને જાણે છે. આમ આદ્યા, અચિત્ પ્રકૃતિમાંથી ઉપજેલા પાંચ ગુણોને — જેના વડે પદાર્થનું જ્ઞાન આપણું મન પ્રાપ્ત કરે છે—લઈને આ વિશ્વનું વસ્તુનિષ્ઠ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.

સચેતન વિશ્વપ્રકૃતિમાં, બીજાં તેર તત્ત્વો સાંખ્ય ઉમેરે છે: બુદ્ધિ અથવા મહત્, અહંકાર, મન અને દસ ઇન્દ્રિયો — પાંચ કર્મની અને પાંચ જ્ઞાનની.

અસલ ઇંદ્રિય મન છે, અને સર્વ પદાર્થોનું જ્ઞાન એ જ મેળવે છે, એ જ બહારના પદાર્થો વિષે સભાન થાય છે અને એમના અંગે પ્રત્યાઘાતો આપે છે. મનમાં બે પ્રકારની ક્રિયાઓ થાય છે : જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક. એટલે કે બહારના પદાર્થોનો સ્પર્શ ઇંદ્રિયો કરે છે તેના સંસ્કારને મન જાણે છે અને એ સંસ્કારમાંથી તે પદાર્થનું જ્ઞાન મેળવે છે. આ રીતે વિશ્વ વિષેનો ખ્યાલ તે બાંધે છે તથા સક્રિય પ્રાણશક્તિ રૂપે પોતાના બાહ્યસ્પર્શો પ્રત્યેના પ્રતિકાર્યોનો અમલ પણ મન કરે છે. બહારના સ્પર્શોનો સ્વીકાર કરવાનું મનનું કાર્ય પ્રત્યેક ઇન્દ્રિયમાં વિશિષ્ટ સ્વરૂપ ધારણ કરે છે : શ્રવણ, સ્પર્શ, દૃષ્ટિ, સ્વાદ અને ઘ્રાણ યાને ગંધ એ પાંચે ઇન્દ્રિયો પદાર્થના પાંચ ગુણોને પોત-પોતાના ઉદ્દેશ તરીકે લઈને પ્રાણના કેટલાક આવશ્યક ધર્મોને વિશિષ્ટ સ્વરૂપ પાંચ સક્રિય ઇન્દ્રિયોની મદદ લઈને આપે છે : વાચા, ગતિ, ગ્રહણ, ત્યાગ અને સર્જન એ પાંચ કાર્યો કર્મેન્દ્રિયો—(કંઠ, પાદ, હસ્ત, પાયુ, ઉપસ્થ) બજાવે છે. સાચું-ખોટું પારખનારી બુદ્ધિ એકીવખતે જ્ઞાનની અને સંકલ્પની શક્તિ હોય છે. આપણી પ્રકૃતિનો જે ભાગ વિવેકનું અને વસ્તુઓમાં સંવાદ શોધવાનું કાર્ય કરે છે તે બુદ્ધિ છે. અહંકાર એ બુદ્ધિમાં રહેલું આત્મલક્ષી તત્ત્વ છે જેને લઈને પ્રકૃતિની સાથે અને તેની ક્રિયાઓ સાથે પુરુષ પોતાની એકતા કરવાને પ્રેરાય છે. પરંતુ પ્રકૃતિનાં અચિત્, વસ્તુનિષ્ઠ તત્ત્વો, પંચ મહાભૂતો અને તેમની ક્રિયાઓ જેમ જડ છે, યંત્રવત્ થતી હોય છે તેમ આ આત્મનિષ્ઠ જણાતાં તત્ત્વો પણ જડ છે, યંત્રવત્ કાર્ય કરે છે, અચિત્ શક્તિનો જ એક ભાગ છે. આપણને પ્રશ્ન થાય કે બુદ્ધિ અને સંકલ્પ જેવાં તત્ત્વો અચિત્નું કાર્ય કેવી રીતે બની શકે ? એ તત્ત્વો પોતે પણ જડ કેવી રીતે હોઈ શકે ? પણ આપણે યાદ રાખવાનું છે, આજકાલનું આપણું ભૌતિક શાસ્ત્ર પણ એ જ નિર્ણય પર આવેલું છે. અણુ-પરમાણુનાં જડ કાર્યોમાં પણ એવી એક શક્તિ કાર્ય કરી રહેલી છે જેને આપણે અચેતન સંકલ્પ તરીકે જ વર્ણવી શકીએ. અને પ્રકૃતિનાં સર્વે કાર્યોમાં એ સર્વવ્યાપી સંકલ્પશક્તિ અચિત્ રૂપે રહીને બુદ્ધિનાં સઘળાં કાર્યો બજાવે છે. આપણે જેને માનસિક સંકલ્પ કહીએ છીએ તે મૂળમાં તો અચેતન શક્તિ જ હોય છે. જડ પદાર્થોના બનેલા વિશ્વની સઘળી ક્રિયા-પ્રક્રિયાઓને એ શક્તિ જ અવચેતન રહીને એકબીજાથી છૂટાં પાડે છે, એમની વચ્ચે વિવેક કરે છે, એમને પરસ્પર મેળમાં લાવે છે. આપણું આજનું ભૌતિકશાસ્ત્ર એમ સિદ્ધ કરવા માગે છે કે આપણું સચેતન મન પણ અચિત્માં થતા યંત્રવત્ કાર્યનું જ પરિણામ અને રૂપાંતર છે. આજકાલનું ભૌતિકશાસ્ત્ર જે વસ્તુને અંધકારમાં રહેવા દે છે તેની સમજૂતી સાંખ્ય આપણને આપે છે. જડ વસ્તુની યંત્રવત્ થતી ક્રિયા સચેતનનો યાને ચેતનાનો આભાસ

કેવી રીતે ધારણ કરે છે ? એ પ્રશ્નનો ઉત્તર સાંખ્ય આપે છે : એ કહે છે કે પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડે છે તેથી એ ભ્રમાણે બને છે. પુરુષ ચેતનવાન છે, એની ચેતનાનો પ્રકાશ જડ શક્તિમાં, અચિત્ પ્રકૃતિની ક્રિયાઓમાં, અધ્યારોપિત થાય છે. આ રીતે પ્રકૃતિને સાક્ષી તરીકે જોતો તટસ્થ પુરુષ પોતાનું સાક્ષીપણું ભૂલી જઈને પ્રકૃતિમાં થતા વિચારોને પોતાના ગણે છે, અને પોતે જ સંકલ્પ-વિકલ્પ કરે છે, લાગણીઓ અનુભવે છે અને કર્મ કરે છે એમ માનવા લાગે છે. ખરું જોતાં, આખો સમય વિચારનો, સંકલ્પ-વિકલ્પનો, લાગણીની સઘળી પ્રવૃત્તિ પ્રકૃતિ અને એના ત્રણ ગુણો જ કરતા હોય છે. પુરુષ તો કાંઈ જ કરતો નથી. પ્રકૃતિ અને એનાં કાર્યોમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે પહેલું પગથિયું એ છે કે પુરુષને ઉત્પન્ન થયેલો આ ભ્રમ એણે દૂર કરવો જોઈએ.

જીવનમાં એવી ઘણી વસ્તુઓની જરૂર છે જેનો ખુલાસો સાંખ્યદર્શન આપણને બિલકુલ આપતું નથી, અથવા આપે છે તો સંતોષકારક નથી. પરંતુ સઘળાં પ્રાચીન દર્શનોનો સામાન્ય અને મહાન ઉદ્દેશ સિદ્ધ કરવાનો, એટલે કે વિશ્વપ્રકૃતિના બંધનમાંથી આત્માની મુક્તિ મેળવવાનો પાયો તરીકે આ વિશ્વમાં ચાલી રહેલી પ્રક્રિયાઓના મૂળમાં જે તત્ત્વો છે તેમની બુદ્ધિમાં ઊતરી શકે એવી સમજૂતી આપણે મેળવવી હોય તો સાંખ્યદર્શનની આ વિશ્વની સમજૂતી, અને મુક્તિ મેળવવાને એણે બતાવ્યો છે તે માર્ગ બીજા કોઈ પણ દર્શનના જેટલો જ સારો અને પરિણામજનક છે એમ આપણે સ્વીકારવું જોઈએ. શરૂઆતમાં તો આપણે એ નથી સમજી શકતા કે પ્રકૃતિ એક છે પરંતુ પુરુષ અનેક છે એવું વિધાન કરીને સાંખ્યદર્શન પોતાના દ્વૈતમાં એક પ્રકારનું અનેકત્વ શા માટે લઈ આવે છે ? આપણને લાગે છે કે એક પુરુષ અને એક પ્રકૃતિ એમ બે તત્ત્વોના અસ્તિત્વનો સ્વીકાર કરવાથી આ વિશ્વની ઉત્પત્તિ અને સંચાલન સારી રીતે સમજાવી શકાય તેમ છે. પરંતુ સાંખ્યદર્શને પૃથક્કરણની જે અફર અને કડક પદ્ધતિનો આશ્રય લીધો હતો તેને પરિણામે વિશ્વનાં તત્ત્વોમાં અનેકત્વ આવ્યા વિના રહે તેમ ન હતું. પુરુષના અનેકત્વનું પહેલું કારણ તો એ છે કે સચેતન હોય એવાં અનેક પ્રાણીઓને આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. અને એમાંનું પ્રત્યેક એક જ જગતને પોતપોતાની નિરનિરાળી દૃષ્ટિએ જુએ છે. વળી પ્રત્યેકને આ જગતનો જે આત્મનિષ્ઠ અનુભવ અને પદાર્થનિષ્ઠ અનુભવ જુદોજુદો હોય છે. વળી બહારના સંસ્કારોને ગ્રહણ કરવાનાં અને ક્રિયા કરવાનાં કરણો એકસરખાં, એક જ પ્રકારનાં હોય છે, તોપણ પ્રત્યેકનો જગત સાથેનો વ્યવહાર જુદોજુદો હોય છે. હવે સર્વમાં એક જ પુરુષ હોય તો પ્રત્યેકના અંતરમાં જે વર્તનની સ્વતંત્રતા અને

જુદાપણું આપણે જોઈએ છીએ તે હોત નહીં. એવું હોત તો બધા જ આ વિશ્વને એકસરખું જોઈ શકત, અને એ વિશ્વ વિષેનો પ્રત્યેકનો સ્વાનુભવ અને પદાર્થસ્વરૂપનો અનુભવ પણ એક જ પ્રકારનો રહેત. પ્રકૃતિ એક છે એટલા માટે બધા પુરુષો એક જ જગતને જુએ છે, કારણ કે સર્વત્ર પ્રકૃતિનાં તત્ત્વો એક જ છે, એ સર્વત્ર અંતરના અને બહારના અનુભવની પાછળ રહેલાં સામાન્ય તત્ત્વો સર્વ માનવો માટે એકસરખાં જ હોય છે. પરંતુ જગતના સ્વાનુભવમાં અનંત પ્રકારના ભેદો—દૃષ્ટિના, દૃષ્ટિબિંદુના, વૃત્તિના, અનુભવના અને અનુભવ માંથી નિવૃત્ત થવાના આપણે જોઈએ છીએ તે બધા કાંઈ પ્રકૃતિમાં બનતી ક્રિયાઓના ભેદો નથી. કારણ કે પ્રકૃતિ તો એક જ રહે છે. એ ભેદો સાક્ષીરૂપ ચૈતન્યના ભેદો છે. અને એ અનેક પ્રકારના અનુભવોની સમજૂતી, આપણે સાક્ષીઓ અનેક છે—પુરુષો અનેક છે એમ સ્વીકારીએ તો જ મળી શકે તેમ છે. નહિ તો, એ ભેદ બિલકુલ સમજી શકાય તેવો નથી જ. આપણે એમ કહીએ કે ભેદવાળો અહંભાવ એની પૂરતી સમજૂતી આપણને આપે છે પરંતુ અહંભાવ પ્રકૃતિનું સર્વમાં સામાન્ય એવું એક તત્ત્વ છે, એમાં વિકાર થતો નથી. અહંભાવ પોતે તો પ્રકૃતિ સાથે એકતા કરવાને પુરુષને પ્રેરે છે અને એ તેનું મુખ્ય કાર્ય છે. અને પુરુષ જો એક જ હોત તો બધાં જ પ્રાણીઓ એક, પરસ્પર જોડાયેલાં અને એમની અહંપ્રધાન ચેતનામાં પણ એકસરખાં જ હોત. એમની પ્રકૃતિનાં કરણો અને એમના અવયવો, રૂપો અને સંયોગો વિગતમાં ગમે તેટલાં જુદાં જણાય તો પણ, આત્માની દૃષ્ટિમાં અને સ્વાનુભવમાં કશો ખાસ ફેર પડત નહિ. એ ભેદ કેવળ પ્રકૃતિમાં રહેલો હોય તો એનાથી કેન્દ્રનો આટલો બધો ભેદ પડી ન જાય, એટલે કે દ્રષ્ટાનાં આટલાં બધાં દૃષ્ટિબિંદુઓ ઉપસ્થિત ન થઈ શક્યાં હોય. અને એક જ પુરુષમાં, એક જ સાક્ષીમાં આદિથી અંત સુધી પોતાનો અનુભવ જુદો છે, કેવળ અંગત છે એવું જ્ઞાન થાત નહીં. આ પ્રમાણે પ્રાચીન જ્ઞાનમાર્ગવાળું વેદાંત, જેમાંથી સાંખ્યનો ઉદય થયો છે, તેનાથી એને જુદું પાડતાં પુરુષનું અનેકત્વ તર્કની દૃષ્ટિએ, સાંખ્યમત પ્રમાણે, આવશ્યક બને છે. જગત અને તેમાં રહેલી શક્તિની પ્રક્રિયાઓને એક પ્રકૃતિ અને એક પુરુષના પરસ્પર વ્યવહાર વડે સમજાવી શકાય, પરંતુ સચેતન પ્રાણીઓની જે અનેકતા રહેલી છે તેની સમજૂતી આપણને એમાંથી મળતી નથી.

બીજી પણ એક એટલી જ જબરી મુશ્કેલી રહે છે. બીજાં દર્શનોની પેઠે સાંખ્ય પણ મુક્તિની પ્રાપ્તિને પોતાનો ઉદ્દેશ ગણે છે. આગળ એ મોક્ષ શેમાં રહેલો છે તે પણ આપણે જણાવ્યું છે. પુરુષના આનંદ માટે પ્રકૃતિ આ વિશ્વમાં ક્રિયાઓ કરી રહી છે, પ્રવૃત્તિનું જે મહાચક્ર ચલાવી રહી છે, તેમાંથી પોતાની

અનુમતિ પુરુષ પાછી ખેંચી લે એમાં એનો મોક્ષ રહેલો છે. પરંતુ આખરે જોવા જઈએ તો એ પણ વાણીનો જ એક પ્રકાર, કેવળ શબ્દજાળ જ નીવડે છે. તત્ત્વતઃ જેમાં પુરુષ પોતે તો કેવળ નિષ્ક્રિય છે, અકર્તા છે, એટલે પ્રકૃતિને અનુમતિ આપવાનું કે અનુમતિ પાછી ખેંચી લેવાનું કામ સાચી રીતે પુરુષમાં સંભવતું જ નથી. એ ક્રિયાઓ પ્રકૃતિની પોતાની જ હોવી જોઈએ. વિચાર કરીશું તો આપણને જણાશે કે એક ક્રિયા તરીકે બુદ્ધિમાં જે વિવેક અને સંકલ્પ કરનાર તત્ત્વ કાર્ય કરતું હોય છે તેને જ ઉલટાવવાની, કે તેના પાછા ફરવાની એ ક્રિયા છે. બધા વખત બુદ્ધિ પોતાની અંદર ઈન્દ્રિયોના સંસ્કારો સ્વીકારનાર સ્થૂલ મનની ક્રિયાને અને સંસ્કારોને ઝીલ્યા કરતી હોય છે, વિશ્વશક્તિની ક્રિયાઓ અને પ્રક્રિયાઓ વચ્ચે વિવેક કરવાનું અને તેમને પરસ્પર સાંકળવાનું કાર્ય કરવામાં બુદ્ધિ આખો વખત રોકાયેલી રહે છે. તથા અહંભાવની મદદ લઈને પોતાનાં વિચાર, સંસ્કાર, કર્મો જેવાં કાર્યો સાથે સાક્ષીપુરુષની એકતા કરાવે છે, સાક્ષીપુરુષને એકતા કરવાને પ્રેરે છે. વસ્તુઓમાં વિવેક કરતાં કરતાં અને અંતર્મુખ થતાં આખરે બુદ્ધિને કડવો અને તીવ્ર અનુભવ થાય છે કે પુરુષની આ એકતા એક ભ્રમ માત્ર છે. આખરે પુરુષ અને પ્રકૃતિ એ બે વચ્ચેનો ભેદ વિવેકશક્તિ વડે બુદ્ધિ જ કરતી હોય છે. બુદ્ધિ અનુભવે છે કે આ બધું ત્રણ ગુણોની સમતુલામાં થયેલા ક્ષોભનું પરિણામ છે. બુદ્ધિ પોતે જ્ઞાન તેમજ સંકલ્પાત્મક, બન્ને સ્વરૂપની હોવાથી એ અસત્ જેને તે અત્યાર સુધી ટેકો આપતી હતી, તેમાંથી પોતે પાછી ફરે છે. અને પુરુષ બંધનથી મુક્ત થયેલો હોવાથી વિશ્વની લીલામાં મનને જે રસ હોય છે તેનાથી પુરુષ વિરક્ત થઈ જાય છે. એનું આખરી પરિણામ એ આવે છે કે પ્રકૃતિ પુરુષમાં પોતાનું પ્રતિબિંબ નાખવાની શક્તિ ગુમાવે છે અને બુદ્ધિ ઉદાસીન થઈ ગયેલી હોવાથી પ્રકૃતિની ક્રિયાઓને અનુમતિ આપતી બંધ થાય છે. આમ થાય તો પ્રકૃતિના ત્રણે ગુણો શાંત અને સમતોલ થાય જ, વિશ્વની લીલા પણ બંધ પડે, અને પુરુષ પોતાની આત્મની સ્થિતિને પાછો પ્રાપ્ત કરે. પરંતુ એક જ પુરુષ હોય તો વિવેક કરનાર આ બુદ્ધિતત્ત્વની પીછેહઠ થતાં સમસ્ત વિશ્વની ક્રિયાઓનો લય થઈ જાય. પરંતુ હકીકતમાં આપણે જોઈએ છીએ કે એ પ્રમાણે બનતું નથી. અસંખ્ય કોટિ માનવોમાંથી ઘણાં જ થોડાં માણસો મોક્ષને પ્રાપ્ત કરે છે, અથવા તો મુક્તિ પ્રત્યે પ્રગતિ કરે છે, બાકીના લોકોને એ મુક્તિની કશી અસર થતી નથી, તથા વિશ્વની લીલા મુક્તાત્માઓના ઈન્કારથી જરા પણ અસર પામ્યા વિના, બંધનમાં પડેલા પુરુષો સાથે જરા પણ ફેરફાર વિના પોતાનું કાર્ય ચાલુ રાખે છે. આ હકીકત પણ પુરુષો અનેક છે એ સિદ્ધાંતનો સ્વીકાર કરવાથી જ

સમજાવી શકાય તેવી છે. વેદાંતના અદ્વૈતવાદનું દૃષ્ટિબિંદુ સ્વીકારીને એ હકીકતની પૂરેપૂરી તર્કસમર્થિત સમજૂતી આપવી હોય તો તે માયાવાદ વડે આપી શકાય તેમ છે. પરંતુ માયાવાદમાં તો આખી વસ્તુ જ સ્વપ્નવત્ બની જાય છે, એમાં તો બંધન અને મુક્તિ બન્ને અવાસ્તવિકતામાં જ પ્રવર્તતા સંજોગો ગણાય, એ બન્ને માયાની ઉત્પન્ન કરેલી વ્યવહારુ ભ્રમણાઓ જ હોઈ શકે. ખરું જોતાં, કોઈ બંધનમાં નથી, અને કોઈ મુક્ત પણ નથી. સાંખ્યદર્શન વાસ્તવવાદી છે એટલે જીવન એક ભ્રમ છે, સ્વપ્ન છે, માયા છે એવો માયાવાદ તે સ્વીકારતું નથી. એ નિરાકરણનો એ સ્વીકાર કરી શકે તેમ નથી. અહીં પણ આપણે જોઈ શકીએ છીએ કે સાંખ્યદર્શન જીવનનું જે પૃથક્કરણ કરે છે અને તેમાંથી જે સિદ્ધાંત પ્રાપ્ત થાય છે તે પ્રમાણે તો પુરુષોની અનેકતા અનિવાર્ય નિર્ણય તરીકે ફલિત થાય છે.

ગીતા સાંખ્યના પૃથક્કરણથી આરંભ કરે છે, અને યોગના નિરૂપણમાં પણ સંપૂર્ણપણે સાંખ્યના વિચારો ગીતા સ્વીકારે છે એમ આપણને લાગે છે. ગીતા પ્રકૃતિનો, તેના ત્રણ ગુણોનો તથા સાંખ્યનાં ચોવીસ તત્ત્વોનો સ્વીકાર કરે છે. સર્વ કર્મો પ્રકૃતિ કરે છે, અને પુરુષ અકર્તા છે, એ વસ્તુ પણ ગીતા સ્વીકારે છે. વિશ્વમાં સચેતન પ્રાણીઓની અનેકતા પણ ગીતા કબૂલ રાખે છે તથા મોક્ષપ્રાપ્તિને માટે પુરુષ અને પ્રકૃતિની એકતા થવાના કારણ રૂપ અહંતાનો લય તથા બુદ્ધિનું વિવેકાત્મક કાર્ય, પ્રકૃતિના ત્રણ ગુણોથી પર થઈ જવાની આવશ્યકતા વગેરે પણ ગીતા સ્વીકારે છે. અર્જુનને શરૂઆતમાં જે યોગ કરવાનો બોધ ગીતા આપે છે, તેને તે 'બુદ્ધિયોગ' કહે છે. પરંતુ આ સઘળા સ્વીકાર સાથે ગીતામાં અને સાંખ્યમાં એક ઘણો જ મહત્ત્વનો ભેદ રહેલો છે, અને તે સૌથી અગત્યનો છે. ગીતા ફક્ત એક જ પુરુષનું અસ્તિત્વ સ્વીકારે છે. પુરુષનું બહુત્વ ગીતા સ્વીકારતી નથી, કારણ કે ગીતામાં જે મુક્ત ચિન્મય, નિષ્કર્મ, નિત્ય, અક્ષર પુરુષ સ્વીકારાયેલો છે તે, એક નાનકડી વિગત સિવાય, સાંખ્યદર્શનમાં આવતા સનાતન, અકર્તા, નિષ્ક્રિય, અવ્યય પુરુષનું જ જાણે વેદાંતની ભાષામાં કરેલું વર્ણન લાગે છે. સાંખ્યમાં પુરુષનું બહુત્વ છે જ્યારે ગીતામાં પુરુષ એક છે. આને લઈને જે મુશ્કેલી પુરુષનું બહુત્વ સ્વીકારીને સાંખ્ય દૂર રાખી શકે છે તે ગીતાને માટે એક નવી ગૂંચવણ ઊભી કરી આપે છે, અને નવો જ ઉકેલ શોધવાની એને ફરજ પાડે છે. પોતાના વેદાંતમિશ્રિત સાંખ્યમતમાં વેદાંતના યોગમાર્ગના સિદ્ધાંતોને લાવીને ગીતા આ મુશ્કેલીનું નિરાકરણ લાવી આપે છે.

સૌથી પહેલું અને નવું તત્ત્વ જે ગીતા સ્વીકારે છે તે પુરુષ વિષેનો એનો નવો ખ્યાલ છે. પ્રકૃતિ પોતાની બધી પ્રવૃત્તિ પુરુષના આનંદને ખાતર

કરી રહી છે. પરંતુ એ આનંદ કેવી રીતે નિર્મિત થાય છે? સાંખ્યદર્શનના કડક પૃથક્કરણ પ્રમાણે તો નીરવ પુરુષની અક્રિય અનુમતિ વડે બુદ્ધિ અને અહંના કાર્યને પુરુષ સાક્ષીરૂપે ટેકો આપે છે તેથી પ્રકૃતિની ક્રિયાઓ ચાલે છે. એનો એ બુદ્ધિ અને અહં પોતાના કાર્યમાંથી, પોતાની પ્રવૃત્તિમાંથી પાછાં પડે છે, નિવૃત્ત થાય છે, તેને પણ એનો એ પુરુષ (પાછાં પડવાની) અનુમતિ આપે છે. એ અનુમતિ પણ અક્રિયાત્મક હોય છે. આમ સાંખ્યમત પ્રમાણે પુરુષ સાક્ષી છે, અનુમતિ આપનાર અનુમન્તા છે, અને પોતાનામાં પ્રકૃતિનાં કાર્યોને પ્રતિબિંબિત કરીને એ તેનો ભર્તા પણ બને છે. એનાથી વધારે તે કશું નથી. પરંતુ ગીતામાં પુરુષને પ્રકૃતિનો ઈશ્વર, શાસક ગણવામાં આવે છે. બુદ્ધિની ક્રિયા પ્રકૃતિની ક્રિયા છે એ ખરું, પરંતુ એનો ઉદ્‌ભવ અને એની શક્તિ સચેતન એવા આત્મામાંથી આવે છે. પુરુષ યાને આત્મા એ જ પ્રકૃતિનો ઈશ્વર છે. સંકલ્પશક્તિમાં જે જ્ઞાનનો ઉદય થાય છે તે પ્રકૃતિનું કાર્ય હોય છે તોપણ બુદ્ધિના પોતાનામાં જે જ્ઞાન પ્રગટે છે તેનું મૂળ અને તેનો પ્રકાશ પુરુષમાં રહેલો છે. અર્થાત્ ગીતા પ્રમાણે પુરુષ કેવળ સાક્ષી નથી પણ પ્રકૃતિનો જ્ઞાતા અને ઈશ પણ છે. પ્રકૃતિનાં સર્વે કાર્યોનું આદિ કારણ પુરુષ છે અને એ કાર્યોમાંથી તે નિવૃત્ત થઈ જાય છે, તેનું કારણ પણ પુરુષ જ છે. પ્રાચીન સાંખ્યમાં પુરુષ અને પ્રકૃતિનું દ્વંદ્વ આ વિશ્વરચનાનું કારણ ગણાય છે. ગીતાના સમન્વયાત્મક સાંખ્યમાં પુરુષ પોતાની પ્રકૃતિને લઈને વિશ્વની ઉત્પત્તિનું કારણ બને છે. આમ આપણે જોઈ શકીશું કે પ્રણાલીગત સાંખ્યમતથી અને એની કડક પદ્ધતિથી આપણે કેટલા દૂર નીકળી ગયા છીએ.

પરંતુ ગીતાએ જે અવ્યય, અક્ષર, અક્રિય, નિત્યમુક્ત એવા આત્માનો સ્વીકાર આરંભમાં કર્યો છે, તેનું શું? એ તો સર્વ વિકારોથી મુક્ત છે, અથવા તો વિકારોમાં પોતે ભાગ લેતો નથી. એ અવિકાર્ય છે, અજ અને અમર છે, એ અવ્યક્ત છે, બ્રહ્મ છે અને છતાં એના વડે જ 'सर्वमिदं ततम्,' 'આ બધું વિશ્વ એણે વિસ્તાર્યું છે.' આમ હોવાથી આપણને એમ લાગે છે કે એ અક્ષર-ભાવની અંદર ઈશ્વરભાવ પણ રહેલો છે. એ ભલે અક્રિય હોય છતાં એ જ સર્વ કર્મ અને ગતિનું કારણ છે. પણ એ કેવી રીતે બની શકે? અને વધારામાં આ ચેતન વિશ્વમાં પુરુષોનું અનેકત્વ આવી રહેલું છે તેનું શું? એ બધા પુરુષો કાંઈ 'ઈશ' હોય એમ લાગતું નથી, ઊલટું એ તો 'અનીશ' લાગે છે. કારણ કે એ બધા જ પ્રકૃતિના ત્રણ ગુણોના કાર્યને વશ છે, અહંભાવના ભ્રમના ભોગ બનેલા છે, અને ગીતા એ બધાં એક જ આત્માનાં જુદાં જુદાં સ્વરૂપો છે એમ કહે છે. એ સાચું હોય તો આ તિરોધાન દશા, આ બંધનની અવસ્થા અને ભ્રમ કેવી રીતે આવ્યાં? કે પછી પુરુષ અકર્તા રહે છે એ

સાંખ્યના સિદ્ધાંતનો સ્વીકાર કર્યા વિના આપણો છૂટકો નથી એમ માનવું? અને પુરુષોનું બહુત્વ આવ્યું ક્યાંથી? અથવા તો એ કેવી રીતે બને છે કે એક મન અને દેહમાં રહેલો આત્મા મુક્તિને પ્રાપ્ત કરે છે જ્યારે બીજા દેહોમાં એનો એ આત્મા બંધનના ભ્રમમાં પડી રહે છે? આ મુશ્કેલીઓનું નિરાકરણ કર્યા વિના ચાલી શકે તેમ નથી.

એ બધા પ્રશ્નોનું નિરાકરણ આગળના અધ્યાયોમાં ગીતા કરે છે. અને એ નિરાકરણ લાવતાં પુરુષ અને પ્રકૃતિનું પૃથક્કરણ કરીને વેદાંત-યોગનાં કેટલાંક નવાં તત્ત્વો ગીતા સાંખ્યમાં ઉમેરે છે. પરંતુ એ તત્ત્વો પ્રણાલીગત સાંખ્યમતની બહારનાં છે. એમાં ગીતા ત્રણ પુરુષનું વિધાન કરે છે, અથવા ખરું જોતાં પુરુષની ત્રણ ભૂમિકાનો ઉલ્લેખ કરે છે. સાંખ્યના સિદ્ધાંતોનો ઉલ્લેખ ઉપનિષદોમાં જ્યાં જ્યાં થયેલો જોવામાં આવે છે ત્યાં ત્યાં ફક્ત બે પુરુષોનો ઉલ્લેખ જોવા મળે છે. એક ઉપનિષદમાં કહ્યું છે – એક અજન્મા ત્રણ રંગવાળો છે. સનાતન શક્તિનું તત્ત્વ, પ્રકૃતિ રૂપે પોતાના ત્રણ ગુણો સહિત હમેશાં વિશ્વની ઉત્પત્તિ કર્યા કરે છે તેનું એ રૂપક છે. બે અજ પુરુષો છે, એમાંનો એક પ્રકૃતિમાં આસક્ત થાય છે અને તેનો ભોગ કરે છે, જ્યારે બીજો પુરુષ પ્રકૃતિનો ત્યાગ કરે છે કારણ કે એણે સર્વ ભોગો ભોગવેલા છે. બીજા એક મંત્રમાં બે પુરુષોનું વર્ણન એક જ વૃક્ષ ઉપર બેઠેલાં બે પંખીઓના રૂપકમાં આપેલું છે. એ બે સયુજ, સાથે જોડાયેલા છે, સખા છે. એમાંનું એક પંખી વૃક્ષના ફળનો સ્વાદ લે છે, પ્રકૃતિમાં રહેલો પુરુષ જગતનો ભોગ કરે છે તેનું એ રૂપક છે. જ્યારે બીજું પંખી ખાતું નથી, વૃક્ષના ફળનો ભોગ કરતું નથી, પરંતુ પોતાના સખાને જોઈ રહે છે. આ નીરવ સાક્ષી પુરુષ છે, ભોગમાંથી નિવૃત્ત છે, અનાસક્ત છે. જ્યારે પહેલા પંખીની દૃષ્ટિ પોતાના શાંત બેઠેલા સખાના ઉપર પડે છે અને એ જાણે છે કે આ બધું વિશ્વ એનો મહિમા છે, ત્યાર પછી એ પોતે શોકમાંથી મુક્ત બને છે. આ બે મંત્રોમાં રજૂ થયેલું દૃષ્ટિબિંદુ જુદું જુદું છે, છતાં બન્નેમાં અમુક સમાન અર્થસૂચન રહેલું છે. બેમાંનું એક પંખી તે નીરવ, મુક્ત આત્મા છે જેનામાંથી આ બધું વિશ્વ વિસ્તરેલું છે. એ નીરવ પુરુષ પોતે વિસ્તારેલા વિશ્વને જુવે છે ખરો, પરંતુ પોતે એનાથી તટસ્થ રહે છે. બીજું પંખી તે પ્રકૃતિમાં સમીપથી રહેલો પુરુષ છે. પહેલો મંત્ર એમ સૂચવે છે કે એ બન્ને એક જ સચેતન સત્-તાની જુદીજુદી અવસ્થાઓ છે, એક બદ્ધ અને બીજો મુક્ત. બીજો જે અજ પુરુષ છે તે પ્રકૃતિનો ભોગ કરવા નીચે ઊતર્યો હતો પણ એમાંથી નિવૃત્ત થઈને તે પાછો ફર્યો છે. બીજા 'દ્વાસુપર્ણા' મંત્રમાં કેટલીક વસ્તુઓ એવી છે જે પહેલામાંથી આપણને મળતી નથી. એમાં આપણને જણાય છે કે અદ્વૈતની ઊર્ધ્વ ભૂમિકામાં આત્મા નિત્યમુક્ત છે, અક્રિય છે,

અનાસક્ત છે. જોકે એનું અધોભૂમિકામાં રહેલું એક સ્વરૂપ પ્રાણીઓનું અનેકત્વ ધારણ કરે છે, પ્રકૃતિમાં ઊતરે છે, અને કોઈ વિશિષ્ટ વ્યક્તિરૂપ પ્રાણીમાં (માનવમાં) પ્રકૃતિથી નિવૃત્ત થઈને પોતાના મૂળ સ્વરૂપ પ્રત્યે પાછું ફરે છે. આ પ્રમાણે એક સચેતન આત્માની બેવડી અવસ્થા સ્વીકારવાથી આ પ્રશ્નના નિરાકરણની ચાવી હાથ લાગે છે. પરંતુ એક આત્મા અનેક શી રીતે બને છે એ વસ્તુ હજી પણ અસ્પષ્ટ, અંધકારગ્રસ્ત રહે છે.

ઉપનિષદના બીજા ભાગોમાં સૂચન રૂપે રહેલા વિચારને ખીલવીને ગીતા પુરુષની બે સ્થિતિમાં એક વધારાની સ્થિતિ ઉમેરે છે, એ 'પરમ' યાને 'ઉત્તમ' પુરુષની. આ સમગ્ર વિશ્વ એ પુરુષોત્તમનો -- ઉત્તમ પુરુષનો -- જ મહિમા છે. આમ ક્ષર, અક્ષર અને ઉત્તમ એમ ત્રણ પ્રકારના પુરુષો છે. ક્ષર એટલે વિકારી, ગતિમાન સ્વરૂપ. એ પ્રકૃતિરૂપ છે, સ્વભાવ છે, આત્માનું બહુ રૂપે, વિવિધરૂપે થવું તે એ ક્ષર છે. ક્ષર પુરુષ એટલે દિવ્ય સત્-તાની અનેકતા; એ પુરુષ વિવિધ છે, અનેક રૂપ છે, તે પ્રકૃતિથી છૂટો નથી પણ પ્રકૃતિની અંદર રહેલો છે. અક્ષર, અવિકારી પુરુષ તે નીરવ, અક્રિય આત્મા છે. અક્ષર એટલે દિવ્ય — સત્-તાની એકતા — એ પ્રકૃતિનો સાક્ષી છે, પરંતુ પ્રકૃતિથી લેપાતો નથી, પ્રકૃતિની ગતિમાં બંધાતો નથી. અક્ષર એટલે પ્રકૃતિથી અને તેનાં કાર્યોથી મુક્ત, અક્રિય પુરુષ. ઉત્તમ પુરુષ તે ઈશ્વર છે, પરબ્રહ્મ છે. તે જ પરમાત્મા છે. એ પુરુષોત્તમ પોતાની અંદર અક્ષરની એકતા અને ક્ષરની અનેકતા બન્નેને એકીવખતે ધારણ કરે છે. પોતાની દિવ્ય શક્તિની વિશાળ ગતિ એને ક્રિયા વડે, પોતાના સંકલ્પ વડે તે જગતમાં પોતાનો આવિર્ભાવ કરે છે અને છતાં એક વપુ મહાન પ્રશાંતિ અને અક્રિયતાને પોતાની અંદર તે ધારણ કરે છે જેને લઈને પોતાના વિશ્વથી તે પર રહે છે. અને છતાં પુરુષોત્તમ તરીકે પ્રકૃતિ પ્રત્યે તટસ્થતા અને અતડાપણાથી તેમ પ્રકૃતિ પ્રત્યેની આસક્તિ એ બન્નેથી તે પર છે. આ પુરુષોત્તમતત્ત્વ ઉપનિષદમાં અધ્યાહાર રહેલું છે, ગીતા તેને છૂટું પાડીને નિશ્ચિત પ્રકારે બહાર લાવે છે. હિંદની ધાર્મિક ચેતનાના પાછળથી થયેલા વિકાસમાં એ તત્ત્વની અસર ઘણી જ સચોટ થયેલી છે. જે ઉત્તમ પ્રકારનો ભક્તિયોગ પાછળથી વિકાસ પામ્યો, અને જે જે કેવલાદ્વૈતવાદની કડક વ્યાખ્યાઓથી પર થઈ જવાનો દાવો કરે છે તેનો પાયો આપણને આ પુરુષોત્તમતત્ત્વમાં જોવા મળે છે.

પણ ભક્તિપ્રધાન પુરાણોમાં જે તત્ત્વજ્ઞાન રજૂ થાય છે તેના પાયામાં પણ પુરુષોત્તમનો સ્વીકાર રહેલો છે. પુરુષના સ્વરૂપમાં જેમ ગીતા નવું તત્ત્વ ઉમેરે છે તેમ સાંખ્યમાં પ્રકૃતિનું જે સ્વરૂપ રજૂ થાય છે તેનાથી પણ ગીતા સંતોષ માનતી નથી. સાંખ્યના નિરૂપણમાં કેવળ

અહંભાવને સ્થાન મળે છે, પરંતુ અનેક રૂપ થનાર, બહુત્વને ધારણ કરનાર પુરુષ જે પ્રકૃતિનો ભાગ નથી, છતાં જે પ્રકૃતિમાં રહેલો છે તેને સાંખ્યમાં સ્થાન નથી. ગીતા તો જાહેર કરે છે કે પોતાની પરા પ્રકૃતિ વડે પુરુષોત્તમ પોતે જ જીવ બને છે. સાંખ્ય પેઠે વિશ્વપ્રકૃતિમાં કેવળ ચોવીસ તત્ત્વો જ કાર્ય કરી રહેલાં છે એમ માનીએ તો એ કેવી રીતે બને? શ્રીકૃષ્ણ કહે છે સાંખ્યનું પૃથક્કરણ બરાબર છે. ત્રણ ગુણમયી વિશ્વપ્રકૃતિ જેને આપણે જોઈએ છીએ તેનાં કાર્યો વિષે સાંખ્યનું નિરૂપણ તદ્દન સાચું છે. અને વિશ્વના બાહ્ય સ્વરૂપમાં પુરુષ અને પ્રકૃતિ વચ્ચે જે સંબંધ આરોપવામાં આવે છે તે પણ બરાબર છે, અને પ્રકૃતિ સાથે એકતા કરી, એમાં મગ્ન થઈ જવા માટે અને એમાંથી છૂટા પડવા માટે એ સંબંધ વ્યવહારમાં ઘણો ઉપયોગી પણ છે. પરંતુ આ તો નીચેની, અધોભૂમિકાની પ્રકૃતિ છે; એ તો ત્રિગુણમયી, અવિદ્યા પ્રકૃતિ છે, તે અચિત્ છે, દેખાવ પૂરતી સાચી છે. પણ એનાથી ઊર્ધ્વમાં, એક પરા, વિદ્યાશક્તિ છે જે દિવ્ય છે. એ પરા પ્રકૃતિ પોતે જીવરૂપ બનેલી છે. નીચેની અવિદ્યા પ્રકૃતિમાં પ્રત્યેક પ્રાણી અહંરૂપે દેખાય છે, પરંતુ ઊર્ધ્વની દિવ્ય પ્રકૃતિમાં તેની સાચી દિવ્ય વ્યક્તિતા રહેલી છે. અર્થાત્ જગતમાં પ્રગટનું અનેકત્વ એ એકમેવાદ્વિતીયની દિવ્ય પ્રકૃતિનો એક અંશ છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે આ વ્યક્તિગત આત્મા, હું પોતે જ છું, વિશ્વમાં વ્યક્ત થતો એ મારો પોતાનો જ અંશ છે — મમૈવાંશ છે, — એનામાં મારી સઘળી દિવ્ય સંપત્તિ રહેલી છે. એ સાક્ષી છે, અનુમન્તા છે, ભર્તા છે, જ્ઞાતા છે, ઈશ્વર છે. એ નિમ્ન પ્રકૃતિમાં અવતરે છે અને એનાં કર્મથી પોતે બંધાયેલો છે એમ માને છે, એવી એકતા કરવાને પરિણામે તે અધો પ્રકૃતિનો ભોગ લઈ શકે છે. પોતાની જાતને પ્રકૃતિમાંથી એ પાછી ખેંચી લઈ શકે છે અને પોતે અકિય છે, સર્વ કર્મોથી મુક્ત છે એવો સાક્ષાત્કાર પણ તે, જરૂર કરી શકે છે. પ્રકૃતિના ત્રણે ગુણોથી એ પર જઈ શકે છે, કર્મનાં બંધનમાંથી મુક્ત થઈને પણ તે કર્મ કરી શકે છે — કર્મને પોતાનામાં — જેમ હું પ્રભુરૂપે કરું છું તેમ — થવા દઈ શકે છે. તથા પુરુષોત્તમની ભક્તિ વડે, પુરુષોત્તમ સાથે એકતા કરીને એની દિવ્ય પ્રકૃતિનો આનંદ પણ તે સંપૂર્ણપણે લઈ શકે છે.

આ પ્રમાણે પોતાની વિચારણામાં વિશ્વપ્રકૃતિની બહારથી દેખાતી પ્રક્રિયાઓના પૃથક્કરણમાં — સાંખ્ય પેઠે — ગીતા મર્યાદિત થઈ રહેતી નથી, પરંતુ પરા પ્રકૃતિના ગૂઢ રહસ્યમાં, ઉત્તમ રહસ્યમાં તે પ્રવેશ કરે છે અને એ રીતે વેદાંત, સાંખ્ય અને યોગના, જ્ઞાન, કર્મ અને ભક્તિના — વિશાળ સમન્વયનો પાયો તે તૈયાર કરે છે. જો સાંખ્યનો સ્વીકાર તેના અસલ સ્વરૂપમાં કરવામાં આવે તો મુક્તિ અને કર્મ બન્ને એકબીજાનાં વિરોધી જ રહે અને એમનો

મેળ મળવો અશકય જ બને. કેવલાદ્વૈત મતનો એકલાનો સ્વીકાર કરવામાં આવે તો યોગના અંગ તરીકે કર્મોને નિત્ય ચાલુ રાખવાં, બ્રહ્મજ્ઞાન, મુકિત અને અદ્વૈત પ્રાપ્ત કર્યા પછી પણ ભકિતયોગ ચાલુ રાખવો અશકય લાગે છે, અથવા તો, તર્કથી વિરુદ્ધ, એક પ્રકારનું વિચિત્ર કાર્ય તો બને છે. ગીતામાં જે સમન્વયાત્મક સાંખ્યનું પ્રતિપાદન થયું છે તે એ સઘળી મુશ્કેલીઓનો ઉકેલ લાવી દે છે, અને ગીતાની યોગપદ્ધતિ એ બધી બાધાઓ ઉપર વિજય મેળવે છે.

પ્રકરણ નવમું

સાંખ્ય, યોગ અને વેદાંત

ગીતાના પહેલા છ અધ્યાયોનો સમગ્ર ઉદ્દેશ સાંખ્યની અને યોગની, — બે સામાન્ય રીતે એકબીજાથી જુદી જ અને પરસ્પર વિરોધી પણ ગણાતી, પદ્ધતિઓનો વેદાંત-દર્શનના સત્યના વિશાળ ચોકઠામાં ઘટાવી લેવાનો છે. એ ઉદ્દેશ પાર પાડવાને માટે ગીતા સાંખ્યથી આરંભ કરે છે ખરી, પણ છેક શરૂઆતથી એમાં યોગના વિચારો અને પદ્ધતિઓની વ્યાપક અસર ક્રમેક્રમે વધતી જતી જણાય છે. આમ ધીમેધીમે સાંખ્યનાં તત્ત્વોનું યોગના આદર્શ વડે રૂપાંતર થતું જાય છે. એ જમાનાના ધાર્મિક માનસને એ બે દર્શન-પદ્ધતિઓ વચ્ચેનો વ્યવહારુ ભેદ આ મુદ્દાઓ પરત્વે લાગતો હોય એમ જણાય છે; પ્રથમ, તો એ કે સાંખ્યનો આરંભ જ્ઞાન વડે, બુદ્ધિયોગ વડે થતો, જ્યારે યોગનો આરંભ કર્મથી અને સક્રિય ચેતનાના રૂપાંતર વડે થતો. બીજું, પહેલા ભેદમાંથી આપોઆપ ફલિત થતું સત્ય એ હતું કે સાંખ્યના અભ્યાસના પરિણામે સંપૂર્ણ અક્રિયતા અને કર્મનો સંન્યાસ થઈ જતો, જ્યારે યોગમાં અંતરમાંથી કામનાઓનો સંન્યાસ (ત્યાગ) કરવો પૂરતો ગણાતો. યોગમાં કર્મ કરવા માટે 'સ્વ'નું જે તત્ત્વ આવશ્યક છે તેની શુદ્ધિ કરવા ઉપર, અને સર્વ કર્મોને ઈશ્વરાભિમુખ કરવા તરફ, એટલે કે દિવ્ય ચેતના અને મુક્તિની પ્રાપ્તિ પ્રત્યે વાળવા ઉપર, વધારે ઝોક દેવામાં આવતો. અને છતાં એ બન્નેનો ઉદ્દેશ એક છે — જન્મ-મરણથી પર થઈ જવું, આ જગતના પાર્થિવ જીવનથી ઊર્ધ્વમાં આરોહણ કરવું, તથા માનવના આત્માનો પ્રભુ સાથે યોગ કરવો. ગીતામાં એ બે વચ્ચે ભેદ કરવામાં આવ્યો છે તે આ પ્રકારનો છે.

એ પ્રકારના પરસ્પર વિરોધી દર્શનો વચ્ચેનો સમન્વય સમજવામાં અર્જુનને મુશ્કેલી લાગે છે. તે ઉપરથી ગીતાના સમયમાં સાધારણ માણસના માનસમાં એ બે વચ્ચે કેટલી મોટી જુદી પાડનારી વાડો આવી રહી હશે તેનો આપણને કંઈક ખ્યાલ આવે છે. શ્રીકૃષ્ણ કર્મ અને બુદ્ધિયોગ એ બેના સમાધાનથી શરૂઆત કરે છે. એ કહે છે કે બુદ્ધિયોગ, કેવળ સ્થૂલ કર્મ કરતાં તો કયાંયે ચડિયાતો છે. (૨.૪૯) જ્યારે બુદ્ધિયોગમાં સ્થિર થઈને કર્મ કરવામાં આવે છે ત્યારે તે કર્મસાધનાને માટે — કર્મયોગને — માટે સ્વીકાર્ય બની શકે છે. એટલે કે, જ્યારે માનવ એની સામાન્ય માનસિક અવસ્થામાંથી અને

કામનાઓમાંથી જ્ઞાન વડે ઊર્ધ્વમાં ગતિ કરે તથા સર્વ કામનાઓથી મુકત એવી શુદ્ધ અને સમતાવાળી બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કરે ત્યારે તેમાંથી નીપજેલાં કર્મો સ્વીકાર્ય બને છે. આમ હોવા છતાં શ્રીકૃષ્ણ એમ પણ કહે છે કે કર્મ પણ મુક્તિ પ્રાપ્ત કરવાનું સાધન છે, પરંતુ તે કર્મ એટલે જ્ઞાનથી વિશુદ્ધ થયેલાં કર્મ એમ સમજવાનું છે. પરંતુ અર્જુનનું મન પોતાના જમાનાના પ્રચલિત વિચારો, અભિપ્રાયો અને સંસ્કારોની અસર તળે હોવાથી,— તથા શ્રીકૃષ્ણ પોતાના નવા વેદાંતમાર્ગીય સાંખ્યના વિચારો પર ભાર મૂકે છે તેથી એનું મન ભુલાવામાં પડી જાય છે. કારણ કે શ્રીકૃષ્ણ અહીં અર્જુનને ઇન્દ્રિયોનો સંયમ કરવાની અગત્ય વિષે પણ કહે છે, માનસિક પ્રવૃત્તિમાંથી પુરુષ સ્થિતિના સાક્ષિત્વમાં પોતાની જાતને પાછી ખેંચી લેવાની જરૂર જણાવે છે. વળી બ્રાહ્મી સ્થિતિમાં આરોહણ કરવું આવશ્યક છે, સામાન્ય અધોમુખ વ્યકિતતાનો અક્ષરમાં સંપૂર્ણ લય કરી દેવો જોઈએ એમ પણ કહે છે. આ બધાં, પ્રથમ નજરે જોતાં, સાંખ્યનાં તત્ત્વો છે. એમાં યોગનાં જે ખાસ તત્ત્વો છે તે ગૌણ છે, અને ઘણાંખરાં તો હજી વ્યકત કરવામાં આવ્યાં પણ નથી. આથી કરીને અર્જુન ગૂંચવાડામાં પડી જાય છે અને પૂછે છે : 'હે જનાર્દન ! જો તમે કર્મના કરતાં બુદ્ધિયોગને જ ક્રોષ્ઠ ગણતા હો તો પછી મને આ યુદ્ધરૂપી ઘોર કર્મમાં શા માટે પ્રેરો છો ? અનિશ્ચિત અને બે તત્ત્વોનાં મિશ્રણવાળાં વાક્યોથી મારી બુદ્ધિને તમે મોહમાં નાખી દો છો, માટે એક જ વાતનો નિશ્ચય કરીને કહો જેથી હું શ્રેયને પ્રાપ્ત કરી શકું.' (૩.૧)

અર્જુનના આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીકૃષ્ણ કબૂલ કરે છે કે સાંખ્યનો માર્ગ જ્ઞાનનો અને સંન્યાસનો છે, જ્યારે યોગનો માર્ગ કર્મપ્રધાન છે. પરંતુ સાથેસાથે એમ પણ કહે છે કે યોગ સિવાય, યજ્ઞરૂપે, કર્મો કર્યા વિના સંન્યાસ અસંભવિત છે. એટલે કે સમતાપૂર્વક ફળની કામનાનો પરિત્યાગ કરીને, તથા પ્રકૃતિ જ સર્વ કર્મો કરે છે, નહિ કે પુરુષ, એવા જ્ઞાન સાથે કર્મ કર્યા વિના સંન્યાસ સિદ્ધ કરવો અશકય છે. પણ પાછા તુરત ઉમેરે છે કે જ્ઞાનનો યજ્ઞ સૌથી ઉત્તમ છે, તથા સર્વ કર્મની પરિસમાપ્તિ જ્ઞાનમાં આવે છે, તથા જ્ઞાનરૂપી અગ્નિ વડે સઘળાં કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. એટલે જે માણસે આત્માની પ્રાપ્તિ કરી છે, જે આત્મવાન છે, તે યોગ વડે કર્મનો સંન્યાસ કરી શકે છે અને કર્મનાં બંધનથી મુકત થઈ જાય છે. આ પ્રકારના ઉપદેશથી અર્જુન ફરીને ગૂંચવણમાં પડી જાય છે. એક બાજુ, કામનારહિત થઈને કર્મો કરવાં એ યોગમાર્ગનો સિદ્ધાંત છે, બીજી બાજુ, કર્મનો ત્યાગ, કર્મનો સંન્યાસ કરવો એ સાંખ્યનો સિદ્ધાંત છે. એ બન્નેને શ્રીકૃષ્ણ એક-બીજાની સાથે એકીવખતે રજૂ કરે છે, બન્નેનું પ્રતિપાદન કરે છે, જાણે કે

એ બન્ને એક જ માર્ગનાં અંગો ન હોય ! અને છતાં એ બે વિરોધી દેખાતી પદ્ધતિઓ વચ્ચે સમન્વય કેવી રીતે શક્ય છે તે અર્જુન સમજી શકતો નથી. અલબત્ત, શ્રીકૃષ્ણે એ બે વચ્ચે એક પ્રકારનું સમાધાન કરેલું છે ખરું. ઉદાહરણ તરીકે, 'બાહ્ય અકર્મમાં કર્મ રહેલું છે એમ જોવું, અને દેખાતા કર્મમાં સાચું અકર્મ રહેલું છે એમ જાણવું. (૪.૧૮) કારણ કે પોતે કર્તા છે એ આત્માનો ભ્રમ ટળી ગયો છે, અને પોતાનાં કર્મો સર્વ યજ્ઞના અને તપના ભોક્તા પ્રભુના હાથમાં એણે સમર્પણ કરેલાં છે.' એ પ્રમાણે શ્રીકૃષ્ણે કહેલું છે. પરંતુ અર્જુનની વ્યવહારુ બુદ્ધિ માટે એ સમાધાન અતિ સૂક્ષ્મ છે, કથા ખાસ ભેદ વગરનું, અને લગભગ કોયડા જેવી લાગતી વિરોધી વાણીમાં — શબ્દજાળ જેવું, અર્જુનને લાગે છે. અર્જુનને એ વાક્યોનો અર્થ બરાબર સમજાયો જ નથી. એટલે એ સમાધાન પાછળ જે ગહન અર્થ અને જે સત્ય રહેલાં છે તે એના મનમાં ઊતરતાં જ નથી, તેથી એ ફરીથી પૂછે છે: 'હે કૃષ્ણ, તમે કર્મનો સંન્યાસ કરવાનું કહો છો અને વળી પાછા કર્મયોગ કરવાનું પણ કહો છો. એ બેમાંથી કયો માર્ગ વધારે શ્રેયસ્કર છે તે સુનિશ્ચિત-પણે મને જણાવો.' (૫.૧)

આ પ્રશ્નનો ઉત્તર ઘણો અગત્યનો છે, કારણ કે સાંખ્ય અને યોગ એ બે વચ્ચેના ભેદને તે બહુ જ સ્પષ્ટતાપૂર્વક દર્શાવી આપે છે, તથા સાથેસાથે એ બે વચ્ચેના સમન્વયની દિશા પણ બતાવે છે, જોકે એનો પૂરેપૂરો વિકાસ અહીં કરી બતાવાતો નથી. 'સંન્યાસ અને કર્મયોગ બન્ને મોક્ષપ્રાપ્તિ કરાવે એવા છે, પણ એ બેમાંથી કર્મના સંન્યાસ કરતાં કર્મયોગ વધારે ઉત્તમ છે, વિશેષ હિતકારક છે.' (૫.૨) 'જે માણસ દ્વેષ કરતો નથી, તથા કામનાઓથી રહિત છે તેને, કર્મ કરતો હોય તોપણ નિત્ય સંન્યાસી જ જાણવો. કારણ કે દ્વંદ્વના બંધનથી મુક્ત એવો તે કર્મનાં બંધનમાંથી પણ સહેલાઈથી મુક્ત થાય છે.' (૫.૩) 'સાંખ્ય ને યોગ બન્ને એકબીજાથી જુદા છે એવું બોલનારાં બાળકો છે, અજ્ઞાની છે. જ્ઞાનીઓ એમ નથી માનતા. એ બેમાંથી ગમે તે એકનું સમ્યક્‌પણે બરાબર અનુસરણ કરનારને બન્નેનું ફળ પ્રાપ્ત થાય છે. કારણ કે એમાંના એકના સમગ્ર ભાવમાં બીજાનો સમાવેશ થઈ જાય .છે' (૫.૪) 'જે સ્થિતિ સાંખ્યના અનુયાયીઓ પ્રાપ્ત કરે છે તેને યોગીઓ પણ પ્રાપ્ત થાય છે. જે સાંખ્ય અને યોગને એક તરીકે જુએ છે તે જ ખરેખર જુએ છે.' (૫.૫) 'પરંતુ યોગ વિના સંન્યાસ સાધવો કઠણ છે, જે મુનિ યોગમાં મુક્ત થયેલો છે તે બ્રહ્મને સત્વર પ્રાપ્ત કરે છે.' (૫.૬) 'એવા મુક્ત મુનિનો આત્મા સર્વ ભૂતોના આત્મસ્વરૂપ થાય છે અને એવો યોગી કર્મ કરતો હોય છે છતાં લેપાતો નથી.' (૫.૭) કારણ કે એ જાણે છે કે કર્મનો કર્તા એ

પોતે નથી, કર્મ તો પ્રકૃતિનાં છે. અને એ જ્ઞાન વડે કર્મનાં બંધનમાંથી તે મુક્ત રહે છે. એવા માણસે સાચો કર્મનો સંન્યાસ કરેલો હોય છે, કારણ કે એ કોઈ પ્રકારનું કર્મ કરતો નથી, જોકે એની મારફત કર્મ થયાં જતાં હોય છે. એવો માનવ આત્મસ્વરૂપ થયો છે, એ બ્રહ્મરૂપ થયેલો છે, સર્વ સત્-માત્રને તે પોતાના આત્માના, 'થયેલાં સ્વરૂપો' તરીકે જુએ છે. એવા માણસનું પોતાપણું પણ એ વિરાટ બ્રહ્મનું જ એક સ્વરૂપ છે, અને એનાં સઘળાં કર્મો વિરાટ પ્રકૃતિ એની વિશિષ્ટ વ્યક્તિગત પ્રકૃતિ દ્વારા કરતી હોય છે. આમ એનાં પોતાનાં કર્મો પણ વિરાટ પ્રકૃતિની પ્રવૃત્તિનો જ એક ભાગ છે એમ તે અનુભવે છે. પરંતુ ગીતાનો સઘળો ઉપદેશ આટલામાં સમાઈ જાય છે એવું નથી. કારણ કે અત્યાર સુધી કેવળ અક્ષર બ્રહ્મનો યાને અક્ષર પુરુષનો, તથા વિશ્વસંચાલનને માટે જવાબદાર એવી પ્રકૃતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હજી સુધી ઈશ્વરનો, ઉત્તમ પુરુષનો, ખ્યાલ સ્પષ્ટપણે વ્યક્ત થયો નથી. હજી સુધી જાણે કર્મ અને જ્ઞાનનો સમન્વય થાય છે પરંતુ અમુક અંશે સૂચન કરવા ઉપરાંત વધારે પ્રમાણમાં ભક્તિનું પરમ તત્ત્વ હજી દેખાતું નથી. ભક્તિનું એ તત્ત્વ ગીતામાં આગળ જતાં ઘણું અગત્યનું બને છે. અત્યાર સુધી તો એક નિષ્ક્રિય પુરુષ અને અપરા પ્રકૃતિ એ બે તત્ત્વોનો જ ઉલ્લેખ થયો છે. ત્રણ પુરુષોનો ભેદ અને બેવડી પ્રકૃતિનો ઉલ્લેખ હજી થયો નથી. ખરું છે કે અત્યાર સુધીના અધ્યાયોમાં પણ ગીતા ઈશ્વરનો ઉલ્લેખ કરે છે ખરી, પરંતુ આત્મા સાથે, પ્રકૃતિ સાથે એ ઈશ્વરનો શો સંબંધ છે તે હજી સુધી સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.—આ અતિ અગત્યનાં તત્ત્વોનો નિશ્ચિત રૂપે પ્રવેશ કરાવ્યા સિવાય, એ તત્ત્વોને સ્પષ્ટપણે વ્યક્ત કર્યા સિવાય પોતાના સમન્વયને જેટલે સુધી લઈ જઈ શકાય તેટલે સુધી, પહેલા છ અધ્યાયોમાં ગીતા લઈ જાય છે. જ્યારે એ તત્ત્વો આ સમન્વયમાં પ્રવેશ પામશે ત્યારે શરૂઆતમાં સાધેલું આ સમાધાન દૂર નહિ કરવું પડે, પણ એમાં ફેરફાર થઈ જશે અને એ સમન્વય એને વધારે વિશાળ બનાવશે.

શ્રીકૃષ્ણ કહે છે કે બે પ્રકારની નિષ્ઠા, દૃઢ અનુશીલનની પદ્ધતિ, પ્રાચીન કાળમાં મેં કહેલી છે જેમનો આશ્રય લઈને માનવ બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે: 'સાંખ્યોની જ્ઞાનયોગ વડે, અને યોગીઓની કર્મયોગ વડે.' (૩.૩) અહીં સાંખ્યનું જ્ઞાનયોગ સાથે અને યોગનું કર્મયોગ સાથે જે ઐક્ય ગીતા સ્વીકારે છે તે ઘણું સૂચક છે કારણ કે એ બતાવે છે કે ગીતાની રચના થયા પછી વેદાંતના સ્વીકારની દિશામાં હિંદની મીમાંસાનો જે વિકાસ થયો છે તેને પરિણામે અત્યારે જે વિચારો આપણે સ્વાભાવિક ગણીને સ્વીકારીએ છીએ તેનાથી તદ્દન જુદા જ વિચારો ગીતાના સમયમાં પ્રચલિત હોવા જોઈએ. એ

વિકાસને પરિણામે વેદાંતનાં બીજાં દર્શનો મુક્તિ પ્રાપ્ત કરવાની વ્યવહારુ પદ્ધતિ તરીકે પ્રચારમાંથી નીકળી ગયાં લાગે છે. અહીં ગીતા જે ભાષાનો પ્રયોગ કરે છે તે જોતાં તો આપણને એમ લાગે છે કે એ વખતે જ્ઞાનમાર્ગનું અનુસરણ કરનારા સામાન્ય રીતે સાંખ્યની પદ્ધતિનો આશ્રય લેતા હશે. પાછળથી જ્યારે બૌદ્ધમતનો પ્રચાર થયો ત્યારે તેનાથી સાંખ્યદર્શન ઢંકાઈ ગયું હશે એમ લાગે છે. બૌદ્ધમત પણ સાંખ્યના જેવો જ નિરીશ્વરવાદી અને અદ્વૈત વિરોધી હતો. વિશ્વમાં કાર્ય કરી રહેલી શક્તિનાં પરિણામો અનિત્ય છે, તેથી જગત ક્ષણિક છે એના ઉપર બૌદ્ધમતે ઘણો ભાર મૂક્યો છે. વિશ્વની એ શક્તિને બૌદ્ધમતમાં સાંખ્ય પેઠે પ્રકૃતિ તરીકે નહિ પરંતુ કર્મના નિયમ તરીકે સ્વીકારવામાં આવી છે, કારણ કે બૌદ્ધો વેદાંતના બ્રહ્મનો કે સાંખ્યના અક્રિય પુરુષનો, બેમાંથી એકેનો સ્વીકાર કરતા નથી. વિવેક કરનાર બુદ્ધિ વડે જગતની ક્ષણિકતાનો,—તેની અનિત્યતાનો સાક્ષાત્કાર કરવો એ બૌદ્ધોની મુક્તિ —નિર્વાણ—પ્રાપ્ત કરવાની પદ્ધતિ હતી. પછીથી જ્યારે બૌદ્ધમતની સામે આર્ય માનસમાં પ્રતિકાર્ય શરૂ થયું ત્યારે પ્રાચીન સાંખ્યના તત્ત્વને એણે ફરીથી જાગ્રત કર્યું જણાતું નથી. પરંતુ શંકરે વેદાંતનું જે સ્વરૂપ પ્રચારમાં મૂકયું હતું તેનો એણે સ્વીકાર કર્યો. બૌદ્ધોની અનિત્યતાને ઠેકાણે એને જ મળતો માયાનો ખ્યાલ શંકરે મૂક્યો. અને બૌદ્ધોના અનિર્વચનીય નિર્વાણ તથા અભાવાત્મક શૂન્યને બદલે એના વિરોધી છતાં એ જ પ્રકારના, અનિર્વચનીય બ્રહ્મને, વર્ણનાતીત ભાવાત્મક નિરપેક્ષ કેવલને એણે મૂકયો. એ નિરપેક્ષ બ્રહ્મમાં — પેલા અસત્‌ના નિર્વાણની પેઠે — સર્વ લક્ષણો, સર્વ કર્મ તથા પ્રકૃતિનો લય થઈ જાય છે, કારણ કે એ પરાત્પર પરબ્રહ્મમાં એ વસ્તુઓની હસ્તી ત્રણે કાળમાં હતી જ નહીં ! એ બધાં તો માનવ મનની ભ્રમણા માત્ર છે, માયા છે. આજે જ્યારે આપણે જ્ઞાનયોગનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે સામાન્ય રીતે આ કેવલાદ્વૈત જેમાં જીવનને માયા ગણીને તેનો ત્યાગ કરી દેવાનો હોય છે તે શંકરના સિદ્ધાંત પર રચાયેલું વેદાંતદર્શન આપણે સમજીએ છીએ. પરંતુ ગીતાના સમયમાં વેદાંત-દર્શનના મહામંત્ર તરીકે 'માયા' હજી પ્રચારમાં આવી ન હતી. અને માયાનો જે અર્થ પોતાની જ્ઞાનપ્રકાશિત શૈલી અને વિશિષ્ટતા સહિત શંકરે કર્યો છે તેવો ગીતાના યુગમાં સ્પષ્ટપણે પ્રચલિત ન હતો. કારણ કે ગીતામાં 'માયા'નો પ્રયોગ ઘણો જ થોડા પ્રમાણમાં થયેલો છે, જ્યારે 'પ્રકૃતિ' વિષે ઘણું કહેવાયું છે. અને કેટલીક વાર તો 'માયા' શબ્દ 'પ્રકૃતિ'ના પર્યાય તરીકે પણ વપરાયો છે, ત્યાં પણ ત્રણ ગુણોવાળી અધો ભૂમિકાની પ્રકૃતિને 'માયા' કહી છે, ગીતાના ઉપદેશમાં સર્વથા ભ્રમાત્મક — અસત્ માયા નહિ, પરંતુ 'પ્રકૃતિ' આ વિશ્વની સત્-તાનું આદિ કારણ ગણાય છે.

સાંખ્ય અને યોગ એ બે વચ્ચે તાત્ત્વિક અને તાર્કિક ભેદો ગમે તે હોય તોપણ એ બેની વચ્ચે ગીતા જે વ્યવહાર પૂરતો ભેદ પાડે છે તે અત્યારે વેદાંતના જ્ઞાનયોગ અને કર્મયોગ વચ્ચે જે ભેદ પ્રચલિત છે તેનો તે જ છે, અને એ ભેદનાં વ્યવહારુ પરિણામો પણ એનાં એ જ છે. વેદાંતના જ્ઞાનયોગ-ની પેઠે સાંખ્ય પણ બુદ્ધિથી શરૂઆત કરે છે. એ બુદ્ધિ વિચારને પરિણામે આત્માના અસલ સ્વરૂપ અને પ્રકૃતિનાં કાર્યો જોડે એકતા અને આસક્તિને લઈને આત્મા ઉપર થયેલો અધ્યારોપ એ બેની વચ્ચે વિવેક કરી શકે છે. સાંખ્યનો આ ઉપાય વેદાંતમાર્ગીય જ્ઞાનયોગની પદ્ધતિના જેવો જ છે. એ જ્ઞાનયોગમાં પણ વિચારનો આશ્રય લઈને વિવેક એટલે આત્માના સત્યસ્વરૂપ અને મનના ભ્રમને લઈને વિશ્વરૂપી માયાનો એના પર થયેલો અધ્યારોપ, જેને લઈને માયા સાથે અહંની એકતા અને આસક્તિ પેદા થાય છે, એ બે વચ્ચે રહેલા ભેદનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક હોય છે. વેદાંતની જ્ઞાનપદ્ધતિમાં આત્મા પોતાના અદ્વૈતની સનાતન વાસ્તવિક અવસ્થાને પ્રાપ્ત કરે છે એટલે માયાનો લય થઈ જાય છે. સાંખ્યના જ્ઞાનયોગમાં પ્રકૃતિના ત્રણે ગુણો શાંત પડી જવાને પરિણામે પુરુષ પોતાની સનાતન અક્રિય અવસ્થાને પાછો પ્રાપ્ત કરે છે, અને એને પરિણામે વિશ્વની ક્રિયા બંધ પડી જાય છે. માયાવાદી વેદાંતનો બ્રહ્મ નીરવ, અવ્યય, અક્ષર અને નિષ્ક્રિય હોય છે, તો સાંખ્યનો પુરુષ પણ એવો જ છે. આથી કરીને બંનેની પદ્ધતિમાં જીવનનો અને કર્મનો સંન્યાસ એટલે કે ત્યાગ, મોક્ષ-પ્રાપ્તિને માટે એક જરૂરી પગથિયું ગણાય છે. પરંતુ ગીતા જે યોગનું પ્રતિપાદન કરે છે તેની સાધના માટે વેદાંતના કર્મયોગની પેઠે કર્મનો સ્વીકાર કેવળ પ્રાથમિક અવસ્થામાં, —ચિત્તશુદ્ધિ વગેરેને માટે —આવશ્યક છે એવું નથી. એ યોગમાં તો કર્મ પોતે જ મોક્ષનું સાધન ગણાય છે એ ગીતા પુષ્કળ આગ્રહ અને સામર્થ્યપૂર્વક વ્યક્ત કરે છે. પરંતુ કમનસીબે ગીતાનો એ આગ્રહ બૌદ્ધમતની* પ્રચંડ ભરતી સામે હિંદમાં સફળ થઈ શક્યો નહીં. અને પાછળથી સંન્યાસમાર્ગીય માયાવાદની અસરને લઈને તથા જગતનો ત્યાગ કરનારા ભક્તો અને સંતોના ઉત્સાહભર્યા વૈરાગ્યની અસરને લઈને પણ ગીતાનો

---

*ગીતાએ પણ મહાયાન બૌદ્ધમતના ઉપર ઘણી અસર કરી છે. ગીતાના કેટલાક ભાગો જેવા ને તેવા મહાયાન સૂત્રોમાં લેવાયા છે. એટલે મૂળમાં શાંતિપ્રિય, જ્ઞાની અને ત્યાગી એવા બે બૌદ્ધમતને ધ્યાન અને ભક્તિપ્રધાન તથા દયા અને સહાનુભૂતિનાં કર્મોનો માર્ગ બતાવવામાં ગીતાએ ભાગ ભજવ્યો હોય એ સંભવિત લાગે છે. એ મહાયાન બૌદ્ધમતે સમસ્ત એશિયાખંડ ઉપર પોતાની સમર્થ અસર પાડી છે.

એ બોધ બાજુ પર મુકાઈ ગયો. અત્યારના હિંદના માનસ ઉપર ગીતામાં કર્મ ઉપરનો જે આગ્રહ છે તેની સાચી અને નંદુરસ્ત અસર હમણાં જ થવા માંડી છે. સંન્યાસ અનિવાર્ય છે એમ તો ગીતા પણ સ્વીકારે છે. પણ સાચો સંન્યાસ અંતરમાંથી કામનાઓનો અને અહંનો ત્યાગ કરવામાં રહેલો છે એમ તે કહે છે. એવા અંતરના સંન્યાસ વગર સ્થૂલ કર્મોનો ત્યાગ કેવળ નિરર્થક-નિષ્ફળ નીવડે છે. અને અંતરમાં એવો સંન્યાસ થયો હોય તો બાહ્ય સંન્યાસ આવશ્યક બનતો નથી. અલબત્ત, બાહ્ય સંન્યાસનો નિષેધ નથી. જ્ઞાન પ્રાપ્ત કરવું એ મૂળ વસ્તુ છે, કારણ કે મુક્તિને માટે જ્ઞાન કરતાં વધારે સમર્થ કોઈ શક્તિ નથી. પણ ગીતા કહે છે કે જ્ઞાનયુક્ત કર્મો પણ કરવાં આવશ્યક છે. કર્મ અને જ્ઞાનની એકતા સાધવાથી માનવનો આત્મા ચૈતન્યની અક્રિય અને શાંત સ્થિતિમાં જ બ્રાહ્મી સ્થિતિને પામે છે એટલું જ નહિ પરંતુ કર્મ કરવા છતાં, અને કર્મની રસાકસી અને ઉત્કટ પરિસ્થિતિ વચ્ચે પણ, બ્રાહ્મી સ્થિતિમાં અર્થાત્ સમાધિમાં, રહી શકે છે. ભક્તિ સૌથી અગત્યની વસ્તુ છે. પરંતુ ભક્તિ સહિત કર્મો પણ એટલાં જ અગત્યનાં છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણેના સમન્વય વડે માનવનો આત્મા ઈશ્વરની પરમ ચેતનામાં આરોહણ કરી શકે છે, અને પુરુષોત્તમની સ્થિતિમાં રહી શકે છે. એ પુરુષોત્તમમાં સનાતન બ્રાહ્મી શાંતિ અને વિરાટની સનાતન ક્રિયા બન્નેનો આશ્રય રહેલો છે. પુરુષોત્તમ એ બન્નેનો ઈશ છે, સ્વામી છે. ગીતાનો સમન્વય તે આ છે.

સાંખ્યનો જ્ઞાનયોગ અને વેદાંતનો કર્મયોગ એ બે વચ્ચે રહેલા ભેદોનો સમન્વય કરવા ઉપરાંત વેદાંતદર્શનમાં પોતાનામાં એક પ્રકારનો વિરોધ રહેલો છે જેનું સમાધાન ગીતાએ કરવાનું રહે છે. હિંદની આધ્યાત્મિક સંસ્કૃતિની પુનર્ઘટનામાં એ તત્ત્વને સુધારીને એકરસ કરી લેવાનું છે. એ વિરોધ તે જ્ઞાનકાંડ અને કર્મકાંડ વચ્ચે રહેલો વિરોધ છે. કર્મકાંડ એટલે જે મૂળ દર્શનમાંથી પૂર્વ મીમાંસા અને 'વેદવાદ' ઉત્પન્ન થયાં તે. અને જ્ઞાનકાંડ એટલે ઉત્તર મીમાંસા જેને 'બ્રહ્મવાદ' પણ કહેવામાં આવે છે. પૂર્વ મીમાંસાના અનુયાયીઓ વેદમાં કહેલા યજ્ઞયાગાદિ અને ઋચાઓમાં વ્યક્ત થયેલી પ્રણાલી પ્રમાણે જીવન ગાળવામાં ધર્મની પરાકાષ્ઠા માનતા હતા. ઉત્તર મીમાંસાવાળા કર્મકાંડની સઘળી વિધિઓને ધર્મનું ઊતરતા પ્રકારનું સ્વરૂપ માનતા હતા અને એ સઘળાંને બાજુ પર મૂકીને ઉપનિષદમાં જે બ્રહ્મજ્ઞાનની મીમાંસા પ્રતિપાદિત થયેલી છે તેના ઉપર ભાર દેતા હતા. વેદવાદરત લોકોની વ્યવહારલક્ષી બુદ્ધિને આર્ય ઋષિઓનો ધર્મ એટલે વેદવિહિત યજ્ઞયાજ્ઞની ચોક્કસ નિયમોને અનુસરનારી કર્મકાંડની પ્રણાલી. એનું અનુષ્ઠાન કરીને ઐહિક સુખની કામનાઓ ધન, ધાન્ય, પશુ, પુત્ર, વિજય વગેરેની પ્રાપ્તિ વડે તૃપ્ત કરવી અને

સ્વર્ગનાં સુખોનો મરણ પછી ઉપભોગ કરવો એ તેમનો આદર્શ હતો. ઉત્તર મીમાંસાના એટલે કે બ્રહ્મવાદના આદર્શ પ્રમાણે પૂર્વ મીમાંસા આધ્યાત્મિક જીવન માટે કેવળ પ્રાથમિક તૈયારી જેવી ગણાતી. એના મત પ્રમાણે માનવ-જીવનનો સાચો પુરુષાર્થ, બ્રહ્મપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવામાં તથા એમાં રહેલું સાચું અમરત્વ પ્રાપ્ત કરવામાં રહેલો છે. એ સાચું બ્રહ્મપ્રાપ્તિનું અમરપણું આ જગતના અધોમુખ, અધોગામી ભોગો કરતાં, અથવા તો અન્ય કોઈ સ્વર્ગમાં મળતા ભોગો કરતાં તો ક્યાં યે વધારે ઊંચા પ્રકારનું અને અનિર્વચનીય હોય છે. વેદના સાચા અને અસલના ગહન અર્થ ગમે તે હોય પરંતુ જ્ઞાનકાંડ અને કર્મકાંડ વચ્ચેનો આ ભેદ હિંદમાં ઘણાં વર્ષોથી સ્વીકારાયેલો છે અને એ ભેદનો ઉકેલ લાવવાની ગીતાની ફરજ છે.

જ્ઞાનકાંડ અને કર્મકાંડના સમન્વયનો આરંભ કરતાં પહેલાં શ્રીકૃષ્ણ "વેદવાદ"ની સમર્થ ટીકા અને લગભગ ઉગ્ર ગણાય એવી નિંદા અને અનાદર કરે છે. "આ પ્રકારની પુષ્પિતા વાચા વિવેકશક્તિ વગરના લોકો હોય છે તેઓ જ બોલે છે. એ લોકો વેદવાદમાં રત થયેલા હોઈ વૈદિક કર્મકાંડ સિવાય બીજું કાંઈ છે જ નહિ એવું માને છે અને કહે છે. એ લોકો કામનાઓથી ભરેલા, અને સ્વર્ગ-પ્રાપ્તિને વાંછનારા હોય છે. જન્મ ધારણ કરીને કરેલાં કર્મોનાં ફળ એ અનેક પ્રકારની ખાસ વિધિઓવાળો કર્મકાંડનો માર્ગ આપે છે, પણ એનો ઉદ્દેશ ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવવાનો છે. (૨.૪૨-૪૩) આ ઉપરથી આપણને લાગે છે કે ગીતા જાણે વેદના ઉપર હુમલો કરે છે. ગીતાના કાળમાં વેદ આર્ય સંસ્કૃતિમાંથી બાજુ પર મુકાઈ ગયા હોય એમ લાગે છે. અને છતાં વેદના પ્રત્યે હિંદના માનસમાં અપાર આદરભક્તિ રહેલી છે જેથી વેદ પ્રમાણભૂત, પવિત્ર અને અપૌરુષેય ગણાય છે. હિંદનાં સર્વે દર્શનો અને ધર્મો વેદને દિવ્ય મૂળમાંથી ઉદ્ભવેલા, અપૌરુષેય, ક્રાંતદર્શન તરીકે પ્રમાણભૂત ગણે છે. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે વેદનો વિષય ત્રણ ગુણોના કાર્ય વિષેનો છે, પરંતુ હે અર્જુન, તું એ ત્રણે ગુણોથી પર થઈ જા. (૨.૪૫) 'વેદ' શબ્દને તેના વિશાળ અર્થમાં લઈએ તો એમાં ઉપનિષદોનો પણ સમાવેશ થાય છે. અહીં ગીતાના પ્રયોગમાં ઉપનિષદોનો સમાવેશ થયેલો લાગે છે, કારણ કે આગળના અધ્યાયમાં 'શ્રુતિ' શબ્દ વપરાયો છે. ગીતા કહે છે કે જે માણસ જ્ઞાની છે તેને માટે 'વેદો' આવશ્યક નથી : "ચારે બાજુએ પાણીનું પૂર આવ્યું હોય એવે સમયે કૂવાનો માણસને જેટલો ખપ હોય છે તેટલો ઉપયોગ જે બ્રાહ્મણને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેને માટે વેદનો છે." (૨.૪૬) વળી એટલું જ નથી, શાસ્ત્રો આધ્યાત્મિક પ્રગતિમાં બાધા રૂપ પણ થઈ શકે છે, કારણ કે પરસ્પરવિરોધી અર્થ વડે તથા જુદાજુદા પ્રકારની ટીકાઓ અને

ભાખ્યો વડે શાસ્ત્રના શબ્દો માનવની બુદ્ધિને ભ્રમમાં નાખી દે છે. બુદ્ધિની પ્રતીતિ અને એકાગ્રતા અંતરના જ્ઞાનપ્રકાશ વડે જ પ્રાપ્ત થઈ શકે છે. "જ્યારે તારી બુદ્ધિ આ મોહરૂપી કાદવને ઓળંગી જશે ત્યારે અત્યાર સુધીમાં પ્રગટ થયેલાં અને ભાવિમાં પ્રગટ થનારાં શાસ્ત્રો પ્રત્યે તું નિર્વેદને પામશે—गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च—જ્યારે શ્રુતિથી વિપ્રતિપન્ન થયેલી, મૂંઝાઈ ગયેલી તારી બુદ્ધિ સમાધિમાં અચળ—સ્થિર થઈ જશે ત્યારે તું યોગને પ્રાપ્ત કરશે." (૨.૫૨-૫૩) આ બધાં અવતરણો પ્રણાલિકાપૂજક ધાર્મિક માનસની વ્યાખ્યાઓને એટલાં બધાં દુર્ભવનારાં છે કે સ્વાભાવિક રીતે જ ગીતાના મૂળ પાઠોને મારીમચડીને જુદો અર્થ એમાંથી તારવવાની સગવડિયા અને અનિવાર્ય એવી માનવમનની શક્તિનો પ્રયોગ થયો છે. પરંતુ એ પાઠોનો અર્થ સીધો સાદો છે, અને પહેલેથી છેલ્લે સુધી સુસંગત છે. વળી, ગીતામાં આગળ જે શ્લોકો આવે છે તે પણ આ વિચારને ટેકો આપે છે, એના દૃષ્ટિબિંદુ પર ભાર મૂકે છે. એક જગ્યાએ જ્ઞાનીના જ્ઞાનને વેદ અને ઉપનિષદની પેલી તરફ જનાર—પાર કરી જનાર તરીકે વર્ણવવામાં આવ્યું છે—शब्द ब्रह्मातिवर्तते. (૬.૪૪)

આ બધાનો ભાવાર્થ શો નીકળે છે તે આપણે જોઈએ. કારણ કે ગીતા જેવું સમન્વય સાધનાર અને ઉદાર દૃષ્ટિબિંદુવાળું દર્શન વેદ જેવા આર્ય-સંસ્કૃતિના ઉપયોગી અંગને કેવળ અભ્યવાત્મક અને ભંજક-વૃત્તિથી જુએ એમ તો ન જ બની શકે. કર્મ વડે મુક્તિ પ્રાપ્ત કરવાનો યોગનો અને જ્ઞાન વડે મુક્તિ પ્રાપ્ત કરવાનો સાંખ્યનો સિદ્ધાંત એ બંને વચ્ચે ગીતાને સમન્વય સાધવાનો છે, કર્મને અને જ્ઞાનને એકરૂપ અને એકરસ બનાવવાનાં છે. સાથેસાથે, સાંખ્ય અને યોગમાં રહેલા પુરુષ-પ્રકૃતિના વિચારને પ્રચલિત વેદાંતના બ્રહ્મવાદ સાથે ઘટાવવાનો છે. વેદાંતમાં ઉપનિષદના પુરુષ, દેવ, ઈશ્વર વગેરેના ખ્યાલો રહેલા છે તે સઘળા એના બ્રહ્મના સર્વગ્રાહી ખ્યાલમાં વિલીન થઈ રહે છે. અવિકારી બ્રહ્મ-તત્ત્વના ખ્યાલથી ઠંકાઈ ગયેલો અને યોગમાં સ્વીકારાયેલો ઈશ્વરનો ખ્યાલ પણ ગીતાને બહાર લાવવાનો છે. વળી ગીતાને પોતાના તરફથી નવો ખ્યાલ પણ ઉમેરવાનો છે. એ વસ્તુ તે પોતાના સમન્વયના મુકુટ જેવા પુરુષોત્તમ-તત્ત્વનું નિરૂપણ છે. પુરુષના ત્રણ પ્રકારોનું વર્ગીકરણ પણ ગીતા હજી આપવાની છે. એ પ્રકારના વર્ગીકરણ માટે ઉપનિષદોમાં સ્પષ્ટ અને નિઃસંદેહ પ્રમાણ મળી આવતું નથી, જોકે બીજરૂપે એ વિચાર ઉપનિષદોમાં રહેલો છે. પુરુષોત્તમ સહિત ત્રણ પ્રકારના પુરુષોનો ઉલ્લેખ,—ઉપનિષદોમાં બે જ પુરુષોનો સ્પષ્ટપણે સ્વીકાર થયેલો છે તેથી—પહેલી નજરે શ્રુતિથી વિરુદ્ધ જતો પણ લાગે છે. કર્મ અને જ્ઞાનનો સમન્વય સાધતાં ગીતાને યોગ અને

સાંખ્ય એ બેની વચ્ચે રહેલા વિરોધને શમાવવાનો છે એટલું જ નહિ, પરંતુ કર્મકાંડ અને જ્ઞાનકાંડના વિરોધનો ઉકેલ પણ લાવવાનો છે. અહીં 'કર્મ' અને 'જ્ઞાન' શબ્દોના અર્થ — અને તેથી એમની વચ્ચેનો વિરોધ પણ 'સાંખ્ય' અને 'યોગ' વચ્ચેના વિરોધ જેવો — એક જ પ્રકારનો નથી. આપણે એ પણ જોઈ શકીએ છીએ કે જુદાજુદા દર્શનો વચ્ચે આટઆટલા વિરોધો અને મતભેદો હોવા છતાં એ બધાં દર્શનો વેદ અને ઉપનિષદના એક જ પાઠના ઉપર પોતાની પદ્ધતિઓ રચે છે! એટલે, ગીતા માનવની બુદ્ધિને "શ્રુતિ વિપ્રતિપન્ન",— "અનેક શ્રુતિઓને લઈને સંભ્રમમાં પડી ગયેલી અને જુદીજુદી દિશા તરફ ખેંચાતી" કહે છે તે આશ્ચર્યકારક નથી. આજે પણ હિંદના પંડિતો અને મીમાંસકો પ્રાચીન ગ્રંથોના અર્થ નક્કી કરવામાં કેટકેટલાં વાગ્યુદ્ધો કરે છે, અને એક જ મૂળ શાસ્ત્રના પાઠમાંથી કેટકેટલા જુદા અર્થો અને નિર્ણયો ફલિત કરી બતાવે છે! એવી સ્થિતિમાં બુદ્ધિ ઉદાસીન થઈ જાય, અને નિર્વેદ પામી જાય એમાં જરા પણ નવાઈ નથી, અને નવું કે જૂનું કોઈ પણ શાસ્ત્ર સાંભળવાની અનિચ્છા દર્શાવે અને પોતાના અંતરના ગહન ઊંડાણમાં ઊતરીને સત્યનો સીધેસીધો સાક્ષાત્કાર મેળવવાનો પ્રયાસ કરે એમાં આશ્ચર્ય પણ નથી.

પહેલા છ અધ્યાયોમાં ગીતા કર્મ અને જ્ઞાનના સમન્વયનો, તથા સાંખ્ય, યોગ અને વેદાંતના સમન્વયનો પાયો તૈયાર કરે છે. પરંતુ શરૂઆતમાં ગીતા જુએ છે કે વેદાંતની પરિભાષામાં 'કર્મ' શબ્દનો એક ખાસ અર્થ રહેલો છે: 'કર્મ' એટલે વેદવિહિત યજ્ઞયાગાદિ કર્મકાંડ, — અથવા તો, યજ્ઞયાગાદિ ઉપરાંત ગૃહ્યસૂત્રાદિ સ્મૃતિઓ પ્રમાણે જીવનની યોજના, જેમાં કર્મકાંડની વિધિઓ એ જ ધાર્મિક જીવનનો સાર ગણાય છે તે. આમ 'કર્મ' એટલે ધાર્મિક ક્રિયાકાંડ એમ વેદાંતવાદીઓ સમજતા. એમાં યજ્ઞયાગાદિ વિધિઓના બહુ જ સંભાળપૂર્વક નિશ્ચિત થયેલા અનુક્રમનો તથા ચોક્કસ અને અટપટી, ક્રિયાઓના અનુષ્ઠાનનો સમાવેશ થતો. (ક્રિયાવિશેષ બહુલામ્) પરંતુ યોગમાં 'કર્મ' શબ્દનો અર્થ ઘણો વિશાળ થાય છે. ગીતા કર્મના આ વિશાળ અર્થ ઉપર ભાર મૂકે છે. આધ્યાત્મિક કર્મમાં, — સર્વકર્માર્પણનો — સર્વ કર્મોનો સમાવેશ કરવો જોઈએ એમ ગીતા કહે છે. વળી સાવેસાવે બૌદ્ધમતની પેઠે ગીતા યજ્ઞના ખ્યાલનો સમૂળો ઇન્કાર કરતી નથી. ગીતા યજ્ઞની ભાવનાને વધારે ઉન્નત બનાવે છે, એને વધારે વ્યાપક અર્થમાં જોએ છે. ગીતા કહે છે કે યજ્ઞ કરવો એ માનવજીવનનો સૌથી અગત્યનો ભાગ છે, એટલું જ નહિ પરંતુ સમસ્ત જીવન યજ્ઞરૂપ છે, સર્વ કર્મો યજ્ઞનાં હુત-દ્રવ્ય બની શકે છે. જીવનદૃષ્ટિ એ યજ્ઞ અજ્ઞાની લોકો વગર જાણે કરે છે, અને કેટલાક અધમ કોટિના માણસો એ યજ્ઞ તેના યોગ્ય અનુક્રમ વગર,

અવિધિપૂર્વક કરે છે. જીવનસમસ્તને ટકાવી રાખવાની શરત યજ્ઞનું અનુષ્ઠાન છે, જીવનસમસ્ત યજ્ઞરૂપ છે. યજ્ઞરૂપી સનાતન સખા સહિત પ્રજાપતિએ પ્રજાઓને ઉત્પન્ન કરી. પરંતુ વેદવાદી લોકો જે યજ્ઞ કરે છે તે તો કામનાઓને જ આહુતિરૂપ હોય છે, કારણ કે ઐહિક ફળની પ્રાપ્તિ માટે તે કરવામાં આવે છે. સ્વર્ગમાં મળનારા ભોગો પ્રત્યે, સ્વર્ગની અમરતા અને સાપેક્ષ મુક્તિ પ્રત્યે, એટલે કે વધારે વિશાળ પ્રકારની કામનાના સંતોષ માટે એ યજ્ઞ કરવામાં આવે છે. યજ્ઞ વિષેની આ દૃષ્ટિ ગીતાનો સમન્વય સ્વીકારી શકે તેમ નથી. કારણ કે ગીતાની આખી પદ્ધતિનો આરંભ કામનાના ત્યાગથી થાય છે. માનવે ઉન્નતિ કરવા માટે કામનાનો ત્યાગ કરવાનો છે, અને આત્માના શત્રુ તરીકે એનો વિનાશ કરવાનો છે. વેદવિહિત યજ્ઞોની અસરનો ગીતા અસ્વીકાર કરતી નથી. ગીતા સ્વીકારે છે કે યજ્ઞ વડે આ જગતના ભોગો અને પરલોકમાં સ્વર્ગ મળી શકે. શ્રીકૃષ્ણ કહે છે કે હું પોતે જ એ બધા યજ્ઞોનો સ્વીકાર કરું છું, એ બધા યજ્ઞો ખરું જોતાં, મને જ અર્પણ થયેલા હોય છે; અને દેવતાઓના રૂપમાં હું જ માણસોને યજ્ઞનાં ફળ આપું છું, કારણ કે માણસો એને માટે માગણી કરે છે, એ કામના લઈને મારી સમીપ આવે છે. પણ એ માર્ગ સાચો નથી. અને સ્વર્ગની કામનામાં કાંઈ સાચી મુક્તિ કે માનવજીવનની કૃતાર્થતા રહેલી નથી. અજ્ઞાની લોકો એ પ્રમાણે દેવતાઓના રૂપોની ઉપાસના કરે છે ત્યારે તેઓ મારી જ ભક્તિ કરતા હોય છે તે એ લોકો જાણતા નથી. એ લોકો એક જ પ્રભુને,—એકમેવાદ્વિતીય પ્રભુને ભજતા હોય છે અને દેવતાઓને માટે તેઓ જે યજ્ઞો કરે છે તેમનો સ્વીકાર પણ એ પ્રભુ જ કરતો હોય છે. ખરું જોતાં યજ્ઞ પ્રભુને જ અર્પણ થવો જોઈએ. અને સાચો યજ્ઞ જીવનની સઘળી શક્તિઓ અને પ્રવૃત્તિઓ પ્રભુને સમર્પણ કરવાનો યજ્ઞ છે. એ આધ્યાત્મિક યજ્ઞ કામનારહિત થઈને ભક્તિભાવપૂર્વક, પ્રભુપ્રીત્યર્થે — લોકકલ્યાણ ખાતર કરવાનો હોય છે. વેદવાદની નિંદા કરવાનું, કે એના વિષે સખ્ત ટીકા કરવાનું કારણ એ છે કે યજ્ઞની ભાવનામાં રહેલું ઉપર જણાવેલું સત્ય તે ઢાંકી દે છે, અને માણસોને વિધિ અને કર્મકાંડના ગૂંચળામાં ગૂંચવી નાખે છે અને ત્રણ ગુણોના કાર્યના બંધનમાં માણસોને ફસાયેલા રાખે છે. પણ યજ્ઞના કેન્દ્રમાં રહેલી ભાવનાનો ગીતા વિનાશ થવા દેતી નથી. ગીતા એનું રૂપાંતર કરી નાખે છે, એને શુદ્ધ અને ઉન્નત કરે છે. અને એના સાચા આધ્યાત્મિક અનુભવોનો એક ભાગ બનાવી લે છે, અને તે મુક્તિ પ્રાપ્ત કરવાની એક પદ્ધતિ બની જાય છે.

વેદાંતમાં જ્ઞાનનો જે ખ્યાલ રહેલો છે એમાં એ પ્રકારની મુશ્કેલી નડતી નથી, એટલે ગીતા એના વિચારને એકીવખતે પૂરેપૂરો સ્વીકારી લે છે. અને છઠ્ઠે

અધ્યાયોમાં સાંખ્યોના શાંત, અક્ષર, પરંતુ બહુત્વવાળા પુરુષને ઠેકાણે વેદાંતીઓના શાંત, અક્ષર, વિશ્વમાં સર્વત્ર વ્યાપકરૂપે રહેલા એકમેવાદ્વિતીય બ્રહ્મને મૂકે છે. વળી આ છએ અધ્યાયોમાં બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિને મોક્ષ મેળવવાનું સૌથી વધારે અગત્યનું અને અનિવાર્ય સાધન ગણે છે, એટલે જ્ઞાનીના આવશ્યક કાર્ય તરીકે નિષ્કામ કર્મ કરવા ઉપર ગીતા ભાર મૂકે છે તોપણ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ મોક્ષ મેળવવા માટે અનિવાર્ય ગણે છે. નિર્વૈયક્તિક બ્રહ્મની અનંત સમતામાં અહંનો નિર્વાણ કરી નાખવો મુક્તિને માટે આવશ્યક છે. પ્રકૃતિનાં કાર્યો સાથેની પોતાની એકતામાંથી જ્યારે પુરુષ પોતાની જાતને પાછી ખેંચી લઈને અસલ, અક્રિય, અક્ષર પુરુષની અવસ્થામાં પ્રવેશ કરે છે એ અનુભૂતિ અને અહંના નિર્વાણની ક્રિયા બન્નેને ગીતા એક જ ગણે છે. કેટલાંક ઉપનિષદોમાં[1] વેદાંતની અને સાંખ્યની પરિભાષાનો સંયોગ થયેલો જોવામાં આવે છે તેની પેઠે ગીતા પણ એ બન્નેનો સંયોગ કરીને એકરસ બનાવી દે છે. વેદાંતદર્શનની વિચારણામાં જે ખામી રહેલી છે તેને હવે દૂર કરવાની રહે છે. આપણે અનુમાન કરી શકીએ છીએ કે ઉપનિષદમાં જે આસ્તિકતાનાં બીજ રહેલાં છે, એ બીજો પાછળથી વિકાસ પામેલા વૈષ્ણવદર્શનમાં કેવળ આગળપડતાં જ નહિ પણ સર્વશ્રેષ્ઠ અને અનિવાર્ય બનેલાં છે, અને તે વેદાંતદર્શનમાં, એટલે કે ગીતાના સમયના વેદાંતમાં, વિકાસને પામ્યાં ન હતાં એમ લાગે છે. આપણે એ પણ સ્વીકારી શકીશું કે પ્રણાલિકાના વેદાંતદર્શનના મૂળમાં એનું વલણ સર્વેશ્વરવાદી[2] અને એના ઉચ્ચ શિખર પર જતાં એકેશ્વરવાદી હતું. એ વેદાંતના આખરી શિખર પર એકમેવાદ્વિતીય એવું બ્રહ્મ હતું, એના પાયામાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા વગેરે દેવતાઓ બ્રહ્મના જ અંશ રૂપ અને બ્રહ્મમાં લય પામી જનારા હતા. એમાં પરબ્રહ્મ પોતે જ ઈશ્વર, પુરુષ ને દેવરૂપ — સ્વીકારાતો હતો — પણ જાણે પરબ્રહ્મ પોતાની ઉચ્ચ, શુદ્ધ સ્થિતિમાંથી નીચે પડયા હોય એવો તે દેવો રૂપે લાગતો. જે બ્રહ્મવાદ પ્રચારમાં હતો તે પ્રમાણે એ બધા દેવતાઓ અને ઈશ્વર પણ જાણે બ્રહ્મની ગૌણ કે ઊતરતા પ્રકારની કળા હોય એમ લાગે છે.[3] એ બધાં નામોની પાછળ, એ બધાં નામોના મૂળમાં, રહેલી

---

૧. ખાસ કરીને શ્વેતાશ્વતર ઉપનિષદમાં

૨. સર્વેશ્વરવાદનું સૂત્ર એ છે કે ઈશ્વર અને સર્વ બન્ને એક જ છે. એકેશ્વરવાદી એમાં ઉમેરે છે ઈશ્વર અથવા તો બ્રહ્મ એકમાત્ર સત્ છે, ને વિશ્વ કેવળ માયા અથવા તો દૃશ્ય રૂપ છે, અથવા તો ઈશ્વરનો વાસ્તવિક પરંતુ આંશિક આવિર્ભાવ છે.

૩. આ વિધાન જરા શંકાસ્પદ છે; પણ આપણે સ્વીકારીશું કે એ દિશામાં જબરું વલણ હતું અને શંકરનું દર્શન એ વલણનું ઊંચામાં ઊંચું શિખર હતું.

અસલ સમતાને ગીતા સ્થાપન કરવા માગે છે. એટલે કે જે વિચારોનું એ નામો સૂચન કરે છે તેમની વચ્ચે પણ ગીતા સમાનતા સ્થાપવા માગે છે. ગીતા પોતે તો એનાથી પણ એક ડગલું આગળ જવા માગે છે. બ્રહ્મ પુરુષ છે એમ કહેવામાં આવેલું છે, તે એની ઊંચામાં ઊંચી સ્થિતિમાં સમજવાનું છે; કોઈ અધમ કે ઊતરતી સ્થિતિમા નહીં. એ પુરુષ સાથે જોડાયેલી પ્રકૃતિ જ બ્રહ્મની માયા છે. આમ કરવાથી વેદાંત અને સાંખ્ય એ બન્નેનો સમન્વય પૂરેપૂરો થઈ જાય છે અને એ જ પુરુષને ઈશ્વર તરીકે, પ્રકૃતિના પણ શાસક પ્રભુ તરીકે સ્વીકારવાથી વેદાંત, અને સાંખ્ય સાથે યોગનો પણ પૂરેપૂરો સમન્વય થઈ શકે છે. પરંતુ ગીતા ઈશ્વરને પુરુષોત્તમ તરીકે સ્થાપન કરે છે. એ પુરુષોત્તમ ગીતાના દર્શન પ્રમાણે પ્રશાંત અને અક્ષર બ્રહ્મના કરતાં વધારે ઊર્ધ્વ અવસ્થા છે. અક્ષરમાં અહંનો નિર્વાણ કરવાની ક્રિયા વિષે આગળ કહેવામાં આવ્યું છે તે, આ દર્શન પ્રમાણે, પુરુષોત્તમ સાથે અંતે એકતા સાધવામાં એક આવશ્યક આરંભની ક્રિયા બની રહે છે. કારણ કે ગીતા આ પુરુષોત્તમને જ પરબ્રહ્મ ગણે છે. અહીં વેદ અને ઉપનિષદોના પ્રમાણભૂત ભાષ્યકારોના ઉપદેશ અને અનુમાનોથી ગીતા હિમતપૂર્વક જુદી પડે છે અને એ બધાથી આગળ નીકળી જાય છે અને પોતા તરફથી નવું જ તત્ત્વ ઉમેરે છે. અલબત્ત, એ તત્ત્વ અને એ બોધ ગીતાએ પોતે વેદ અને ઉપનિષદોમાંથી જ વિકસાવ્યાં છે. પરંતુ તે વેદાંતીઓના* સામાન્ય અર્થના અને ઉપદેશના ચોકઠામાં બંધબેસતાં થઈ શકે તેવાં નથી લાગતાં. ખરું જોતાં, શાસ્ત્રના શબ્દોનો એવો વિશાળ અને મુક્ત અર્થ કરવાની છૂટ લેવામાં ન આવે તો, — દર્શનોની જુદીજુદી, પરસ્પર વિરોધી પદ્ધતિઓ અને પ્રચલિત ભાષ્યોની રીતિ જોતાં, ગીતાના જેવો વિશાળ સમન્વય સાધવાનું કાર્ય અશક્ય જ થઈ પડત.

આગળના અધ્યાયોમાં ગીતા વેદ અને ઉપનિષદ વિષે ઘણો સારો અભિપ્રાય આપે છે. એ શાસ્ત્રો દિવ્ય છે, શબ્દબ્રહ્મરૂપ છે. શ્રીકૃષ્ણ પોતે કહે છે કે હું વેદનો જ્ઞાતા છું, વેદાંતનો કર્તા છું,—વેદવિદ્—વેદાંતકૃત્ છું. વેદો વડે જાણવાનો વિષય ઈશ્વર પોતે છે. सर्वैः वेदैः अहमेव वेद्यः અહીં ગીતા જે ભાષાનો પ્રયોગ કરે છે તે ઉપરથી એમ લાગે કે વેદ એટલે જાણે જ્ઞાનપ્રાપ્તિનું શાસ્ત્ર છે, અને 'વેદ'

---

*વાસ્તવમાં પુરુષોત્તમનો ખ્યાલ, ભલે ગીતા કરતાં કંઈક વધારે છૂટીછવાઈ રીતે હોય, પણ પ્રથમથી જ ઉપનિષદોમાં પ્રસ્તુત થયેલો છે. ગીતાની જેમ ત્યાં પણ પરમ બ્રહ્મ કે પરમ પુરુષનું વર્ણન નિર્ગુણ અને સગુણ બ્રહ્મના વિરોધને પોતાની અંદર સમાવી લે એ રીતે કરવામાં આવ્યું છે. આપણી બુદ્ધિને પરસ્પરવિરોધી ભાસતા આ રૂપોમાંથી કોઈ એકને વર્જ્ય કરતાં કેવળ બાકીનું એક તે છે એમ કહી શકાય નહીં.

શબ્દને એ વિશાળ અર્થમાં સમજવો જરૂરનો છે. પોતાની પરમ અવસ્થામાંથી — અવ્યક્ત અક્ષરથી અને વ્યક્ત ક્ષરથી પર રહીને — પુરુષોત્તમ વિશ્વના રૂપમાં અને વેદના રૂપમાં પોતાની જાતને પ્રગટ કરે છે, વિસ્તારે છે. અને છતાં શાસ્ત્રના શબ્દો બંધનમાં નાખે છે, બુદ્ધિને ભ્રમમાં નાખી દે છે. ખ્રિસ્તીધર્મના સંતોમાંના એકે પોતાના શિષ્યને સાવચેતીભરી શિખામણ આપી હતી : 'કેવળ શબ્દ મારે છે, જ્યારે શબ્દની પાછળ રહેલો અર્થરૂપ આત્મા તાર છે.' વળી, આત્મવિકાસની એક એવી ભૂમિકા આવે છે જેની પેલી તરફ શાસ્ત્રની ઉપયોગિતા પણ રહેતી નથી. માનવના અંતરમાં પ્રભુ રહેલો છે તે જ સર્વ જ્ઞાનનું સાચું મૂળ છે. શ્રીકૃષ્ણ કહે છે : 'હું સર્વ માનવોના અંતરમાં રહેલો છું અને મારામાંથી જ્ઞાન પ્રગટે છે.' માનવના અંતરમાં રહેલા એ જ્ઞાનસ્વરૂપ પ્રભુનું જ શબ્દસ્વરૂપ વેદ છે, — કોઈ પણ શાસ્ત્ર છે. સ્વયંભૂ સત્યનું શબ્દસ્વરૂપ શબ્દબ્રહ્મ છે. વેદ પણ કહે છે કે 'મંત્રની ઉત્પત્તિ હૃદયમાંથી થાય છે, હૃદયની ગુહામાં રહેલા સત્યના ધામમાંથી મંત્ર જન્મે છે.' એવી અસલ ભૂમિમાંથી જન્મ તે સાચો, પ્રમાણભૂત મંત્ર છે. અને છતાં સત્ય પોતે અનંત છે! એટલે જે શબ્દમાં, જે શાસ્ત્રમાં એ પ્રગટ થાય છે તેનાથી હમેશાં તે વધારે મહાન રહે છે. વળી કોઈ પણ શાસ્ત્રને વિષે આપણે એમ નહિ કહી શકીએ કે એ જ સર્વાંગસંપૂર્ણ છે, સ્વયંપર્યાપ્ત છે, અને હવે બીજું કોઈ સત્ય પ્રગટ થઈ શકે તેમ નથી. વેદવાદીઓ કહેતા, नान्यदस्ति—'એનાથી વધારે બીજું કાંઈ નથી' એ બરાબર નથી. ગીતાનો આ સિદ્ધાંત મુક્તિદાયક છે, માનવનું રક્ષણ કરનારો છે. અને જગતનાં સર્વે શાસ્ત્રોને એ સિદ્ધાંત લાગુ કરવો જોઈએ. અત્યાર સુધીમાં થયેલાં બધાં જ શાસ્ત્રો લો — બાઇબલ, કુરાન, ચીનનાં શાસ્ત્રો, વેદ, ઉપનિષદ, પુરાણો, તંત્રો અને ગીતા પોતે પણ લો — અને છતાં આપણે એમ નહિ કહી શકીએ કે એનાથી વધુ કાંઈ જ નથી, સત્ય એટલામાં મર્યાદિત થઈ ગયું છે. અથવા તો આપણે એમ પણ નહિ કહી શકીએ કે આપણી બુદ્ધિ જે સત્યને જોઈ શકતી નથી તે સત્ય છે જ નહીં. એ પ્રકારનો વિચાર સાંપ્રદાયિક માનસનો, અથવા તો, સર્વમાંથી કાંઈક સારું પસંદ કરનાર મધુકરવૃત્તિવાળા ધાર્મિક માનસનો બનાવટી એકતા વિષેનો વિચાર હોઈ શકે. મુક્ત બુદ્ધિની અને પ્રભુના સાક્ષાત્કારને પ્રાપ્ત થયેલા આત્માની સત્યની શોધ પ્રગટ કરનાર એ વિચાર નથી. પૂર્વશ્રુત હોય કે અશ્રુત, માનવના અંતરમાં જાગ્રત થતી જ્યોતિથી પ્રકાશિત અંતર વડે તે જેનું દર્શન કરે, અથવા તો, સર્વ જ્ઞાનનો દાતા, સનાતન વેદનો જાણકાર ઈશ્વર તરફથી અંતરમાં જે શ્રુતિ સંભળાય, તે જ સત્ય છે.

પ્રકરણ દસમું

બુદ્ધિયોગ

છેલ્લાં બે પ્રકરણોમાં મારે ન છૂટકે તત્ત્વજ્ઞાનના નીરસ પ્રદેશમાં ઊતરવાની અને વાંચનારને મારી સાથે ઘસડવાની ફરજ પડી હતી, અને છતાં તે છણાવટ ઘણી જ અપૂર્ણ, ઉપરઉપરથી અને સંક્ષિપ્ત રીતે કરી છે. પણ એમ કરવું આવશ્યક હતું. પોતાના દર્શનના નિરૂપણમાં ગીતા વિકાસની એક ખાસ દિશાનું અનુસરણ કરે છે ખરી, પરંતુ શરૂઆતમાં તો પોતાના સત્યનું મર્યાદિત સ્વરૂપ જ આપણી આગળ રજૂ કરે છે; એના એ આરંભના નિરૂપણમાં એના આખરી અને ગહન સત્યનાં તો કવળ ગર્ભિત સૂચનો જ આપણને જોવા મળે છે. ત્યાર પછી, પોતાનાં સૂચનો અને ઇંગિતોને ગીતા ફરીથી હાથ પર લે છે અને એમનો અર્થ સ્ફુટ કરીને બતાવે છે, અને એમ કરતાંકરતાં છેક છેવટે પોતાના મહાન સૂચનને તે વ્યક્ત કરે છે અને એ જ એનું પરમ રહસ્ય છે. પણ એ આખરી પરમ સત્ય વિષે પણ ગીતા વિસ્તારપૂર્વક નિરૂપણ કરતી નથી, પરંતુ એને જીવનમાં ઉતારવા માટે બાકી રાખે છે. ગીતા પછીના યુગોમાં ભક્તિનાં, સમર્પણનાં અને આનંદનાં જે મહાન આંદોલનો પ્રગટ થયાં તેમાં ગીતાએ પ્રગટ કરેલા એ રહસ્યને હિંદની આધ્યાત્મિકતાએ જીવનમાં જીવવાનો—ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. આપણે જોઈ શકીએ છીએ કે ગીતાની દૃષ્ટિ હમેશાં સમન્વયના ઉપર ઠરેલી હોય છે, અને એના પ્રત્યેક વિચારનો સૂર આપણા અંતરને પગલે પગલે એના અંતિમ તાર સૂર માટે તૈયાર કરતો હોય છે.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે અત્યાર સુધી મેં તને 'સાંખ્ય'માં આવતો બુદ્ધિયોગ એટલે કે 'સ્વ'ને મોક્ષ આપનાર બુદ્ધિનો યોગ કહ્યો છે. હવે હું તને યોગથી પ્રાપ્ત થતી બીજી એક અવસ્થા વિષે કહીશ. અત્યારે તને તારાં કર્મનાં પરિણામો પ્રત્યે ઘૃણા થાય છે, તારાં કર્મોનાં મળે છે તેનાથી જુદાં જ પ્રકારનાં ફળોની તું કામના કરી રહ્યો છે, અને તને એ મનફાવતું ફળ મળતું નથી તેથી તું જીવનના સત્ય માર્ગથી દૂર જવાની ઇચ્છા કરી રહ્યો છે. પરંતુ આ કર્મોનો અને તેમનાં પરિણામોનો વિચાર કરવો, ઇચ્છાઓ અને કામનાને તૃપ્ત કરવાના હેતુથી જ કર્મ કરવાં, ફળની કામનાથી પ્રેરાઈને કર્મ કરવાં, એ બધું અજ્ઞાનનું બંધન છે. કારણ કે કર્મ શું છે તે અર્જુન જાણતો નથી, કર્મના આદિ મૂળની એને ખબર નથી, કર્મોની સાચી પ્રક્રિયા પણ તે જાણતો નથી, તેમની ઉચ્ચ પ્રકારની ઉપયોગિતાની પણ એને ખબર નથી.

"મારો યોગ તને સર્વ કર્મોનાં બંધનમાંથી છોડાવશે" —**कर्मबंधं प्रहास्यसि** । શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, તું અત્યારે ઘણી વસ્તુઓથી ભય પામી રહ્યો છે,– તને પાપનો ભય છે, થનાર દુઃખનો ડર છે, ઈશ્વરનો અને આ જગતનો તને ભય છે, આ લોકનો અને પરલોકનો તને ભય છે તને તારો પોતાનો ભય લાગે છે. આર્ય યોદ્ધા, જગતની આશાના કિરણ જેવા તને અત્યારે શેનો ભય નથી? પણ એ ભય એકલા અર્જુનને જ લાગે છે એવું નથી. એ સર્વ પ્રકારના ભય માનવ-જાતિને પણ ચારે બાજુથી ઘેરી રહેલા છે,– આ લોકમાં અને પરલોકમાં માનવ-જાતિને પાપ અને દુઃખનો ભય છે, આ જગતના સાચા સ્વરૂપનું અજ્ઞાન હોવાથી એને જગતનો ભય લાગે છે, ઈશ્વરના સત્ય સ્વરૂપનું દર્શન એને થયું નથી એટલે એનો પણ એને ડર લાગે છે, આ જગતમાં ઈશ્વરનો હેતુ રહેલો છે તેને તે જાણતો નથી એટલે જગતથી પણ તે ડરે છે. એ ભયમાંથી શ્રીકૃષ્ણ કહે છે કે મારો યોગ તને મુક્ત કરશે, અને એનું સ્વલ્પ અનુસરણ પણ મહાભયથી તને તારી લેશે. એક વાર એ માર્ગે તું યાત્રાનો આરંભ કરશે એટલે તને જણાશે કે એક પણ પગલું નિરર્થક જતું નથી, પ્રત્યેક પગલે પ્રગતિ જ થશે. અને તને એ પણ જણાશે કે આ યોગની સાધનામાં આવનાર કોઈ પણ અંતરાય તારી પ્રગતિને અટકાવી શકે નહીં. આ વચનો તો અસાધારણ હિમતભર્યાં, અડગ અને કેવળ નિશ્ચયવાળી ખાતરી આપનારાં વચનો કહેવાય! માનવનું સર્વ પ્રકારના ભયથી ત્રાસેલું,– ભયભીત અને શંકાશીલ મન, પોતાના માર્ગમાં આવી રહેલી બાધાઓને જોઈને તથા પડતું અને આખડતું એ માર્ગે ચાલવાનો પ્રયાસ કરતાં શ્રીકૃષ્ણનાં એ વચના પર ખાતરીભર્યો સંપૂર્ણ વિશ્વાસ મૂકવાની હિમત ન કરે તો એમાં આશ્ચર્ય નથી. પરંતુ આરંભમાં આપેલા એ વચન સાથે ગીતાના અંતમાં કહેલા શબ્દો પણ વિચારીશું ત્યારે એ વચનમાં જે વિશાળ અને સંપૂર્ણ સત્ય રહેલું છે તે આપણે સમજી શકીશું. છેવટના ભાગમાં શ્રીકૃષ્ણ કહે છે: "સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને તું મારા એકલાને શરણે આવ; હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક મા કર."[1]

માનવને સંબોધાયેલા એ ગંભીર અને હૃદયને હલાવી નાખે એવા પ્રભુના સંદેશાની સાથે ગીતા પોતાના નિરૂપણનો આરંભ કરતી નથી, સંદેશ તો માનવના અંતરના આત્મા માટે બંધબેસતો છે. પરંતુ ગીતા આરંભ કરે છે આરંભનાં આવશ્યક પોતાના પ્રકાશનાં થોડાં કિરણોથી. ગીતા શરૂઆતમાં જે સંદેશ આપે છે તે માનવની બુદ્ધિને માટેનો છે. એટલે આપણને શરૂઆતમાં એમ લાગે છે કે જાણે માનવઆત્માનો સખા અને પ્રિયજન નહિ, પરંતુ તેનો નેતા અને ગુરુ બોલે છે.

---

१ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।। (१८-६६)

આત્માના સત્ય સ્વરૂપનું, જગતના સાચા સ્વરૂપનું તથા પોતાના કર્મના મૂળનું જે અજ્ઞાન શિષ્યમાં રહેલું છે તેને દૂર કરવા માટે એ નેતા અને ગુરુ તેને આરંભમાં બોધ આપે છે. માણસ અજ્ઞાનમાંથી કર્મ કરે છે, તે ખોટી — અજ્ઞાનભરી — બુદ્ધિ, અને પરિણામે ખોટી સંકલ્પશક્તિ વડે કર્મમાં પ્રેરાય છે અને તેથી પોતાનાં કર્મ વડે બંધાય છે, અથવા તો બંધાયેલો હોય એમ દેખાય છે. પરંતુ મુક્ત આત્માને કર્મો કદી પણ બંધનકર્તા થઈ શકતાં નથી. બુદ્ધિ ભ્રમવાળી એટલે કે અજ્ઞાની હોય છે તેથી ભય અને તૃષ્ણા, ક્રોધ અને શોક તથા ક્ષણિક આનંદ વગેરે ઊપજે છે. પરંતુ બુદ્ધિ એવી અજ્ઞાનભરેલી ન હોય તો સંપૂર્ણ મુક્તિ અને સ્થિર આનંદ સહિત કર્મો કરવાં શક્ય છે. એવાં કર્મો કરવા માટે ગીતામાં અર્જુનને બુદ્ધિયોગનો અભ્યાસ કરવાની આજ્ઞા કરવામાં આવી છે. સત્યમાં પ્રતિષ્ઠિત થયેલી બુદ્ધિમાંથી અને તેથી સત્ય સંકલ્પપૂર્વક કર્મ કરવાં એનું નામ બુદ્ધિયોગ છે.

ગીતા કહે છે કે માનવમાં બે પ્રકારની બુદ્ધિ છે: પહેલી એકાગ્ર, સ્થિર, એક જ પ્રકારની, કેવળ સત્યની પ્રાપ્તિ પ્રત્યે વળેલી જેનું મુખ્ય લક્ષણ એકાગ્રતા અને એકનિષ્ઠા છે, એ બુદ્ધિ વ્યવસાયાત્મિકા હોય છે. બીજા પ્રકારની બુદ્ધિમાં એક જ સંકલ્પ હોતો નથી, તે એકાગ્ર કે એકનિષ્ઠ પણ હોતી નથી. પરંતુ અનેક સંકલ્પો અને વિકલ્પોમાં, અનેક શાખાઓમાં વહેંચાઈ ગયેલી હોય છે, એને અવ્યવસાયાત્મિકા કહેવાય છે; અર્થાત્, એ બુદ્ધિ જીવનમાંથી અને સંજોગોમાંથી કામનાઓને સંતોષ આપનારા જે જે પદાર્થો અને પ્રસંગો હોય છે તેમની પાછળ આમથી તેમ દોડાદોડ કરતી હોય છે. અહીં ગીતા 'બુદ્ધિ' શબ્દ વાપરે છે તેનો જે સામાન્ય અર્થ થાય છે તે લેવાનો નથી. સામાન્ય રીતે તો 'બુદ્ધિ' એટલે 'સમજણ' યા 'ગ્રહણ કરનારી માનસિક શક્તિ' એવો અર્થ થાય છે. પરંતુ અહીં એનો પ્રયોગ વધારે વિશાળ અને તાત્ત્વિક અર્થમાં કરેલો છે: 'બુદ્ધિ' અહીં વિવેક કરનાર, સાચું ખોટું પારખનાર, જ્ઞાનશક્તિ તથા સાચેસાચે કર્મ કરવાનો નિર્ણય કરનાર, નિશ્ચયાત્મિકા માનસિક સંકલ્પશક્તિ એ બન્નેના સામટા અર્થમાં વપરાયો છે. માનવના વિચારની દિશાનો, અને તેમના ઉપયોગનો, તથા તેના કર્મની દિશાનો અને કર્મોના ઉપયોગ વિષેનો નિર્ણય કરનાર શક્તિ તે બુદ્ધિ. વિચાર કરવો, બુદ્ધિ વડે વિવેક કરવો, નિર્ણય કરવો, ઇન્દ્રિયોના સંસ્કાર વડે મળેલા જ્ઞાનમાંથી પસંદગી કરવી, કોઈ પણ ઉદ્દેશનો નિર્ણય કરવો એ સર્વ બુદ્ધિના કાર્યપ્રદેશમાં આવે છે. આગળ બુદ્ધિના બે પ્રકારો બતાવ્યા છે, તેમાંથી પહેલા પ્રકારની બુદ્ધિનું લક્ષણ એ છે કે એમાં જ્ઞાતાના મનની એકાગ્રતા હોય છે એટલું જ નહિ, પરંતુ નિર્ણય કરનાર અને કરેલા નિર્ણયને વળગી રહેનાર સંકલ્પશક્તિની પણ એમાં એકાગ્રતા હોય છે. પરંતુ બીજા પ્રકારની બુદ્ધિ એકાગ્રતા વગરની હોય છે; એ બુદ્ધિના વિચારો અને સંસ્કારો અનેક શાખામાં વહેંચાઈ ગયેલા હોય છે. એ પ્રકારનો નિશ્ચયાત્મકતાનો અભાવ, એવી બુદ્ધિનું

લક્ષણ હોય છે. વળી એવી બુદ્ધિમાં હેતુઓ અને કામનાઓ અનેક શાખામાં વહેંચાઈ ગયેલાં હોય છે અને એ વિભક્ત સ્થિતિ એમાં વધારે પ્રમાણમાં હોવાથી એવી બુદ્ધિની સંકલ્પશક્તિ પણ અવ્યવસાયી બની જાય છે, એટલે કે અસ્થિર, ચંચળ હોય છે. આ રીતે જ્ઞાન અને સંકલ્પ એ બે બુદ્ધિનાં કાર્યો છે. જ્ઞાની પુરુષમાં વ્યવસાયાત્મિકા બુદ્ધિ હોય છે. તે સ્થિર અને અંતરના જ્ઞાનમાં એકાગ્ર થયેલી હોય છે. બીજા પ્રકારની અવ્યવસાયી બુદ્ધિ અનેક શાખાઓમાં, અનેક પ્રકારે વહેંચાઈ ગયેલી, ઘણી વસ્તુઓ પ્રત્યે એકીવખતે આકર્ષાયેલી, અને જે એક વસ્તુ સૌથી વધારે આવશ્યક છે તેના વિષે જ બેદરકાર હોય છે. એ બુદ્ધિ અશાંત, ચારે બાજુ દોડતા આપણા મનની ક્રિયાને વશ હોય છે. બાહ્યજીવન, કર્મો અને તેનાં પરિણામોમાં એ મન વહેંચાઈ ગયેલું હોય છે. "બુદ્ધિના યોગ કરતાં કર્મ તો ઘણાં અધમ ગણાય. એટલે બુદ્ધિનું શરણ તું લે; જે માણસો કર્મોના ફળની કામનાને પોતાના વિચારો અને કર્મોનો હેતુ બનાવે છે તેઓ કૃપણ છે, દીન છે." (૨-૪૯)૨

અહીં આપણે સાંખ્યદર્શનમાં આપેલી માનસશાસ્ત્રની જે વ્યવસ્થા ગીતા સ્વીકારે છે તે ફરીને યાદ કરવાની જરૂર છે. એમાં એક બાજુ પુરુષ છે, જે સ્થિર, અકર્તા, અક્ષર અને એક છે, – એ પુરુષ ઉત્ક્રાંતિને પામતો નથી, – અવિકારી રહે છે. બીજી બાજુ પ્રકૃતિ એટલે કે કુદરતની શક્તિ છે. ચેતનવાળા પુરુષની ગેર-હાજરીમાં એ પ્રકૃતિ જડ છે અને પુરુષચેતનના સામીપ્યને એટલે કે સંપર્કને લઈને જ તે સક્રિય બને છે. એ પ્રકૃતિ એકત્વવાળી નથી, પરંતુ અનિર્ણિત અચિત દશામાં હોય છે. પ્રકૃતિના ત્રણ ગુણો છે અને ઉત્ક્રાંતિ અને તિરોધાનભાવ પ્રકૃતિમાં જ થયાં કરે છે. પુરુષ અને પ્રકૃતિના સંબંધને લઈને સ્વાનુભવ લેનાર જ્ઞાતા અને અનુભવની સામગ્રીરૂપ પદાર્થ, — એટલે જ્ઞેય, — એમ આપણી અનુભૂતિની બે શાખાઓ જન્મે છે. આપણે જેને સ્વાનુભવનું તત્ત્વ કહીએ છીએ તે પહેલું સમુત્ક્રાંતિને પામે છે, કારણ કે ચૈતન્ય જ આખી લીલાનું આદિકારણ છે, અને જડ એવી પ્રકૃતિ વિશ્વનું ગૌણ અને સાપેક્ષ કારણ છે. અને છતાં, જ્ઞાતાને સ્વાનુભવ મેળવવાનાં કરણો પુરુષ નહિ, પરંતુ પ્રકૃતિ પૂરાં પાડે છે. એ કરણોમાંનું પહેલું બુદ્ધિ છે, પ્રકૃતિની શક્તિઓમાંથી વિવેકાત્મક અને નિર્ણયાત્મક જે કરણ ઉત્ક્રાંતિને પામે છે તે બુદ્ધિ છે. બુદ્ધિ રૂપી એ પ્રકૃતિના કરણની જ એક શક્તિ અહંબુદ્ધિ છે. એ અહંભાવ પોતાની જાતને અન્ય સર્વથી છૂટો પાડે છે. ત્યાર પછી બુદ્ધિની શક્તિઓમાંથી, એક પ્રકારની ગૌણ ઉત્ક્રાંતિ તરીકે વસ્તુઓની ભિન્નતાને પારખનાર શક્તિરૂપે મન પ્રગટ થાય છે. એનાથી આગળ ઉત્ક્રાંતિની ત્રીજી રેખામાં

---

૨ દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનંજય ।
બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ।। ૨-૪૯

પોતપોતાના ખાસ ધર્મોવાળી ઇન્દ્રિયો આવે છે, એ ઇન્દ્રિયો દસ છે : પાંચ જ્ઞાનની ઇન્દ્રિયો અને પાંચ કર્મની. એનાથી આગળ વધતાં દરેક જ્ઞાનેન્દ્રિયની શક્તિના — એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધના — સંસ્કારો પોતપોતાનું મૂલ્ય મનના ઉપર ઠસાવવા પ્રયત્નો કરે છે તે સંસ્કારો આપે છે. આપણને વસ્તુઓનો અમુક પ્રકારનો જે સ્વાનુભવ થાય છે તે આ ઇન્દ્રિયોના સંસ્કારોને આભારી હોય છે. અને સ્વાનુભવ લેનાર જ્ઞાતા જે પદાર્થોનો અનુભવ કરે છે તે પદાર્થોના પાયા તરીકે ઇન્દ્રિયવડે ગ્રાહ્ય બને છે તે પદાર્થતત્ત્વની પાંચ અવસ્થાઓ જેને પ્રાચીન તત્ત્વજ્ઞાનમાં પાંચ તત્ત્વો, અથવા પંચભૂતો કહેવામાં આવે છે તે — આવી રહેલી છે. ખરું જોતાં, એ પાંચ તત્ત્વો યાને પંચભૂત પ્રકૃતિ — શક્તિની જ પાંચ અવસ્થાઓ છે. એમના વિવિધ સંયોગોને પરિણામે અસંખ્ય પદાર્થો બને છે.

ઉપર જણાવેલાં પ્રકૃતિની શક્તિનાં તત્ત્વો, કરણો અને તેમનાં કાર્યો પુરુષની વિશુદ્ધ ચેતનામાં પ્રતિબિંબિત થાય છે, અને આપણી અશુદ્ધ સ્વાનુભવતાની— જ્ઞાતાની — અસ્મિતાનો સંભાર બની રહે છે. સ્વાનુભવ કરનારી આપણી શક્તિ અશુદ્ધ હોય છે, કારણ કે બહારના જગતમાંથી આપણી ઇન્દ્રિયોના ઉપર પડતા સંસ્કારો પ્રત્યે સ્વાનુભવમાંથી જે પ્રતિકાર્ય થાય છે તેના ઉપર એનું કાર્ય આધાર રાખે છે. સર્વ પ્રકારના નિર્ણયો જે બુદ્ધિ કરે છે તે અચિત્ વસ્તુના પ્રચંડ સમૂહમાંથી પોતાના બધા પદાર્થોને તથા તેમના સંયોગોને યંત્રની પેઠે જ પૃથક્ કરતી હોય છે. પરંતુ આપણી અંદર એ જ બુદ્ધિ જ્ઞાનશક્તિનું અને સંકલ્પશક્તિનું રૂપ ધારણ કરે છે. મન પણ એક અચેતન શક્તિ જ છે. અને સમગ્ર પ્રકૃતિમાં જે વિવેકાત્મક કાર્ય બુદ્ધિની શક્તિ કરે છે તેના પદાર્થને લગતા કાર્ય-પ્રતિકાર્યને મન ગ્રહણ કરે છે અને પદાર્થો પ્રત્યેના પોતાના આકર્ષણને લઈને મન તે પદાર્થોને પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. મનનાં પ્રતિકાર્યો ઇન્દ્રિયગ્રાહ્ય સંસ્કારો રૂપે તથા કામના-રૂપે પ્રગટ થાય છે. ખરું જોતાં, મન એ અધોપતનને પ્રાપ્ત થયેલું એવું બુદ્ધિ અને સંકલ્પશક્તિનું જ સ્વરૂપ છે. આમ એ શક્તિ ઇન્દ્રિયોના સંસ્કારને વશ એવું મનસ્ — બને છે, અને સંસ્કારપ્રધાન, લાગણીપ્રધાન એવા, ઇચ્છા, આશા, લાલસા, રાગ, આવેગ વગેરે સંકલ્પશક્તિના વિકારોનું રૂપ તે ધારણ કરે છે. ઇન્દ્રિયો આ મનનાં કરણો છે : ઇન્દ્રિયોવડે મળતા જ્ઞાનના પાંચ પ્રકારો, અને કર્મેન્દ્રિયોના કાર્યના પાંચ પ્રકારો એમ બંને મળીને સ્વાનુભવનિષ્ઠ અને પદાર્થનિષ્ઠ એ બે વચ્ચે આવજા કરનાર દૂત તરીકે ઇન્દ્રિયો કાર્ય કરે છે. બાકીનું બધું (જગત) આપણી ચેતનાને માટે ઇન્દ્રિયોના વિષયરૂપ ક્ષેત્ર હોય છે.

ઉપર ક્રમવિકાસનો જે ક્રમ આપણે જોયો તે સ્થૂળમાં જે ઉત્ક્રાંતિ થઈ છે તેના અનુક્રમથી ઊલટો દેખાય છે. પરંતુ આપણે એ યાદ રાખવાનું છે કે સાંખ્ય-દર્શન પ્રમાણે તો બુદ્ધિ પણ અચેતન પ્રકૃતિની એક જડ ક્રિયા છે. આ અર્થમાં

જોઈશું તો જણાશે કે આણુ-પરમાણુની અંદર પણ એક પ્રકારની અચેતન સંકલ્પશક્તિ અને બુદ્ધિ કર્મ કરી રહેલી છે એ કથન સાચું લાગે છે. વળી, ઇન્દ્રિયોના સંસ્કાર, લાગણી, સ્મૃતિ, તથા આઘાત-પ્રત્યાઘાત કરવાની શક્તિ વગેરે વનસ્પતિમાં પણ રહેલાં જણાય છે, પરંતુ ત્યાં એ ગ્રામ્ય અને અચિત્ પદાર્થનાં બનેલાં દેખાય છે, અને પ્રકૃતિની શક્તિની એ જ અચિત્ શક્તિઓ પ્રાણીઓની અને માનવની અંદર સ્વાનુભવતાનું રૂપ ધારણ કરે છે એ પણ આપણે જોઈએ છીએ. એ રીતે સાંખ્યની યોજના આપણાં ભૌતિક શાસ્ત્રોએ પ્રકૃતિનું અવલોકન કરીને જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેની સાથે બંધબેસતી લાગે છે. હવે પ્રકૃતિમાંથી પુરુષ પ્રત્યે જવા માટે અસલ પ્રકૃતિની ઉત્ક્રાંતિમાં જે ક્રમ હતો તેને ઉલટાવવો જરૂરી થઈ પડે છે, અને તેથી જ ઉપનિષદો અને એને અનુસરીને ગીતા પણ આપણા સ્વાનુભવની શક્તિઓનો ચડતા-ઊતરતી અનુક્રમ લગભગ ઉપનિષદના શબ્દોમાં જ નોંધે છે : "ઇન્દ્રિયો પોતે એમના વિષયોથી પર છે, ઇન્દ્રિયોથી પર મન રહેલું છે, અને મનથી બુદ્ધિ પર હોય છે, અને બુદ્ધિથી પેલે પાર છે તે એ છે."૩ —'તે' એટલે સચેતન પુરુષ યાને આત્મા. ગીતા કહે છે કે આપણે એ પુરુષને જાણવાનો છે, આપણા સ્વાનુભવના એ પરમ કારણને જાણવાનું છે, અને બુદ્ધિ વડે એના વિષે સચેતન થવાનું છે. આપણી સંકલ્પશક્તિને આપણે એ આત્માની અંદર સ્થિર કરવાની છે. એ પ્રમાણે અધો પ્રકૃતિમાં રહેલા સ્વાનુભવતાવાળા આત્માનું આ ઊર્ધ્વમાં રહેલા સચેતન 'આત્મા' વડે દૃઢ સંસ્તંભન કરવાથી અને એને શાંત કરવાથી આપણે આપણી શાંતિના અને સંયમના અશાંત અને સદા જાગ્રત શત્રુ રૂપ કામનાનો વિનાશ કરી શકીશું.

બુદ્ધિના કાર્યની બે શક્યતાઓ દેખીતી અને સ્પષ્ટ છે : એક પ્રકૃતિની નીચેની ભૂમિકા પ્રત્યે વળેલી અને બહિર્મુખતાવાળી અને બીજી ઊર્ધ્વમાં અને અંતર પ્રત્યે વળેલી. પહેલા પ્રકારની બુદ્ધિ ઇન્દ્રિયોના બાહ્ય સ્પર્શોના અને સંકલ્પ-શક્તિના ચારે બાજુ વહેંચાઈ ગયેલા કાર્યમાં લીન થઈ જાય છે; એ કાર્ય તે ત્રિગુણમયી પ્રકૃતિનું કાર્ય છે. બીજા પ્રકારની બુદ્ધિ પ્રકૃતિની અશાંતિને જરા પણ વશ થતી નથી, —અને નીરવ આત્માની સ્થિર શાંતિ, સમતા અને અવિકારી શુદ્ધિ પ્રત્યે ગતિ કરે છે. પહેલા પ્રકારના કાર્યમાં સ્વાનુભવ કરનાર સત્-તા એટલે પુરુષ ઇન્દ્રિયોના પદાર્થોને વશ વર્તે છે, અને પદાર્થોના બાહ્ય સ્પર્શોમાં જ જીવે છે. અને એ જીવન એટલે કામનાઓનું બનેલું જીવન. પોતાના વિષયોથી ઉત્તેજિત થયેલી ઇન્દ્રિયો ઘણી વાર ઉગ્ર ક્ષોભ ઉત્પન્ન કરે છે, બહિર્મુખતાવાળી ક્રિયાઓ

---

૩ इन्द्रियाणि पराण्याहुः इन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ।। (૩-૪૨)

પણ તે ઉપજાવે છે અને પદાર્થનું સ્થૂલ દૃષ્ટિએ ગ્રહણ કરવાને અને એનો ભોગ કરવા માટે સમર્થ, કે કોઈ વાર દુર્દમ્ય, વૃત્તિ ઉપજાવે છે અને પોતાના વંટોળિયામાં જેમ પાણીમાં તરતી નાવને વાયુ બળાત્કારે ખેંચી જાય છે તેવી રીતે એ વૃત્તિ મનને ઘસડી જાય છે. એ પ્રમાણે બાહ્ય પદાર્થોના સંસર્ગથી જાગ્રત થયેલી લાગણીઓ, આવેગો, લાલસાઓ અને વાસનાઓ વગેરેના વેગને વશ થયેલું મન પોતાના વેગથી વિવેકબુદ્ધિને પોતાની સાથે ઘસડી જાય છે અને એને પરિણામે બુદ્ધિ પોતાની સ્થિર વિવેકશક્તિ અને સંયમ ગુમાવી બેસે છે. આમ બુદ્ધિ અધોમુખ પ્રકૃતિના તરફ વળેલી હોય તો તે પ્રકૃતિના ત્રણ ગુણોની અવ્યવસ્થિત ક્રિયાને વશ થાય છે. અને બુદ્ધિ જ્યારે એવી અધોગામી અને અધોદૃષ્ટિવાળી હોય છે ત્યારે આત્મા પણ એકબીજામાં સદા ગૂંચવાઈ ગયેલા, પરસ્પર ઝઘડતા અને લપટાયલા એવા પ્રકૃતિના ત્રણ ગુણોની ક્રિયાનો, — દાસ થઈ જાય છે, તથા અસત્ય, ઈન્દ્રિયોને વશ એવા બહિર્મુખ જીવનને, અને શોક, ક્રોધ, આસક્તિ તથા આવેગોની ગુલામીને પણ તે વશ થાય છે. સામાન્ય માનવનું — એટલે કે જ્ઞાન વગરના અને શિસ્ત વગરના માનવનું ક્ષુબ્ધ જીવન આ પ્રકારનું જ હોય છે. જે લોકો ઈન્દ્રિયોના ઉપભોગોને, વેદવાદીઓની પેઠે, પોતાના કર્મના હેતુ તરીકે સ્વીકારે છે, અને ઈન્દ્રિયોના ભોગોની સાર્થકતાને આત્માને, ઊંચામાં ઊંચો આદર્શ ગણે છે તે લોકો આડે રસ્તે લઈ જનારા ભોમિયાઓ છે. પદાર્થોથી સંપૂર્ણપણે છૂટો એવો આત્માનો — સ્વાનુભવતાનો — સ્વયંભૂ આનંદ પ્રાપ્ત કરવો એ આપણો સાચો ઉદ્દેશ છે. અને આપણી શાંતિનો અને મુક્તિનો ઊર્ધ્વ ચેતનામાં રહેલો વિશાળતાવાળો પાયો છે.

એટલા માટે સંપૂર્ણ વ્યવસાયપૂર્વક, એટલે સ્થિર એકાગ્રતા અને નિષ્ઠા સહિત, — બુદ્ધિ ઊર્ધ્વમાં સ્થાપન થાય અને અંતર પ્રત્યે વળે એવી પસંદગી આપણે કરવાની છે. પુરુષના સ્થિર આત્મજ્ઞાનની અંદર બુદ્ધિને આપણે દૃઢપણે સ્થાપન કરવી જોઈએ. એમ કરવા માટેનું પહેલું અને દેખીતું — સુવિદિત — પગલું એ છે કે સર્વે અનિષ્ટોના અને દુઃખોના મૂળરૂપ કામનાનો આપણે ત્યાગ કરવો. કામનાનો ત્યાગ કરવા માટે કામનાનું જે કારણ છે, — એટલે કે, ઈન્દ્રિયો પોતાના વિષયોના પદાર્થો પ્રત્યે અંતરમાંથી બહાર ધસીને એમને પકડવા અને ભોગવવા માટે પ્રયત્ન કરે છે — તેને આપણે અટકાવી દેવું જોઈએ. જ્યારે જ્યારે એ પ્રમાણે ઈન્દ્રિયો પોતાના ભોગના પદાર્થો પ્રત્યે આકર્ષાય ત્યારે ત્યારે આપણે તેમને, જેમ કાચબો પોતાનાં અંગોને સંકોડીને અંદર લઈ લે છે તે પ્રમાણે, પાછી ખેંચી લેવી જોઈએ. વિષયોના પદાર્થોમાંથી ઈન્દ્રિયોને એમના મૂળ શાંત મનની અંદર, એવા શાંત મનને બુદ્ધિમાં અને શાંત બુદ્ધિને આત્મામાં અને આત્મજ્ઞાનમાં આપણે ખેંચી લેવી જોઈએ, ત્યાં સ્થિર થઈને પછી ત્યાંથી પ્રકૃતિનાં કર્મોને થતાં જોયાં કરવાં જોઈએ, — તેમને વશ થઈને નહીં, અથવા તો એ પ્રકારનું બહિર્મુખ જીવન જે

કાંઈ આપી શકે તેવા કોઈ પણ પદાર્થ માટે જરા પણ કામના કર્યા વગર એમના પ્રત્યે તટસ્થ થઈને પ્રકૃતિનાં કાર્યોને જોવાં જોઈએ.

ઉપર જે બોધ આપ્યો તે ઉપરથી અર્જુનના મનમાં એવી ગેરસમજૂતી થવાનો સંભવ છે કે શ્રીકૃષ્ણ એને બાહ્ય ત્યાગ કરવાનો, — તથા ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપી રહ્યા છે. એ સંભવિત ગેરસમજૂતી દૂર કરવા માટે શ્રીકૃષ્ણ એકદમ ઉમેરે છે કે હું તને સાંખ્યદર્શનના સંન્યાસનો, — અથવા તો વૈરાગ્યપ્રધાન ત્યાગવૃત્તિવાળા સંન્યાસીઓની પેઠે, અપવાસ વગેરે શારીરિક દમન કે તપ કરવાનો બોધ આપવા માગતો નથી. હું જે તપ કહું છું, હું જે ત્યાગ કહું છું તે અંતરનો છે, — એટલે કે અંતરની વૃત્તિઓને બહારના પદાર્થોમાંથી ખેંચી લેવામાં એ ત્યાગ રહેલો છે. હું તને કામનાનો ત્યાગ કરવાનું કહું છું. દેહધારી આત્માએ પોતાના સામાન્ય ધર્મો બજાવવા માટે પણ સ્થૂલ દેહને આહાર વડે નભાવવાનો હોય છે. આહારનો ત્યાગ કરવાથી તો ફક્ત ઈન્દ્રિયોનો તેના વિષયના પદાર્થો સાથેનો સંબંધ અટકે છે. પણ એ પદાર્થો પ્રત્યે મનનું આકર્ષણ જોને લઈને એ સંબંધ હાનિકારક બને છે તે અંતરનો સંબંધ કાંઈ એનાથી બંધ પડતો નથી. પદાર્થમાં ઈન્દ્રિયને જે 'રસ' હોય છે તે કાંઈ એનાથી દૂર થઈ જતો નથી. એ 'રસ'-માં રાગ અને દ્વેષ — પસંદગી અને નાપસંદગી — બન્નેનો સમાવેશ થાય છે. ખરું જોતાં, ઈન્દ્રિયો અને પદાર્થો વચ્ચે જે સંબંધ થાય તેને એ પ્રમાણે રસ — નીરસતાવાળું — કોઈ પણ પ્રકારનું પ્રતિકાર્ય કર્યા વિના જ અનુભવવાની શક્તિ આત્માએ પ્રાપ્ત કરવી જોઈએ. એમ ન થાય તો વસ્તુઓનો સંબંધ બંધ પડે, એ સંબંધની નિવૃત્તિ થાય, — ગીતા કહે છે તેમ 'विषया: विनिवर्तन्ते' (૨.૫૯) — 'ઈન્દ્રિયોના વિષયોની નિવૃત્તિ થઈ જાય', પરંતુ મનની, —એ પદાર્થોમાં મનને જે 'રસ' પડે છે તે રસની, —નિવૃત્તિ થતી નથી. પરંતુ વાસ્તવમાં, ઈન્દ્રિયો મનની દાસ છે, સ્વાનુભવ કરનારી ચેતનાને વશ હોય છે. એટલે ઇન્દ્રિય-પદાર્થના સંબંધના અનુભવમાંથી રસ જતો રહે, યા તો અટકે, ત્યારે તે સંયમની અને પ્રભુત્વની સાચી નિશાની ગણી શકાય. પરંતુ એવો ઈન્દ્રિયો અને પદાર્થોનો કામનારહિત સંબંધ, એટલે કે ઈન્દ્રિયોથી પર રહીને કરેલો ઈન્દ્રિયોનો ઉપયોગ શક્ય છે ખરો? 'હા, એવો ઉપયોગ શક્ય છે' 'परं दृष्ट्वा' (૨.૫૯) -- 'ઊર્ધ્વમાં રહેલા આત્માના દર્શન દ્વારા એની સાથે યોગમાં રહીને જીવન ધારણ કરવાથી, — સ્વાનુભવ કરનાર સમગ્ર અંત:કરણનો તે એક—આત્મા—સાથે યોગ કરવાથી, બુદ્ધિયોગ વડે એ કાર્ય થઈ શકે છે. કારણ કે તે એક આત્મા જે સર્વમાં વ્યાપીને રહેલો છે, તે પોતાના આત્માનંદમાં સ્થિર હોય છે, તૃપ્ત હોય છે, — એ આનંદ દ્વંદ્વથી મુક્ત હોવાને કારણે ઇન્દ્રિયોના આનંદનું અને ધૃણાનું —બન્નેનું—સ્થાન લઈ શકે છે. એક વાર એ પરને આપણી અંદર આપણે જોઈ શકીએ, અને આપણા મનને અને

સંકલ્પને એના પર એકાગ્ર કરીએ, સ્થિર કરીએ તો બુદ્ધિયોગ થાય. મોક્ષ પ્રાપ્ત કરવાનો આ સાચો રસ્તો છે.

ખરું છે કે એવો આત્મસંયમ પ્રાપ્ત કરવો એ ઘણું મુશ્કેલ છે. જે માણસોમાં થોડીઘણી પણ બુદ્ધિની જાગ્રતિ થયેલી હોય છે તેઓ એટલું તો જાણે છે કે પોતે થોડેઘણો સંયમ પાળવો જોઈએ. અને ઈન્દ્રિયોને વશ કરવી જોઈએ એવો બોધ આપવો એ તો આજકાલ અતિ સામાન્ય વસ્તુ છે. પરંતુ સામાન્ય રીતે એ સલાહ અપૂર્ણપણે અપાય છે અને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં, આચરણમાં મૂકવામાં આવે છે, કારણ કે એ કાર્ય મુશ્કેલ છે. વિશુદ્ધ જ્ઞાનદૃષ્ટિવાળો જ્ઞાની અને સાધુ પુરુષ જેના અંતરાત્મામાં જ્ઞાનનો પ્રકાશ હોય છે, જે જ્ઞાની છે, વિવેકશક્તિવાળો છે, તથા આત્મસંયમ મેળવવા માટે જે ખરેખર પ્રયત્નવાન હોય છે તેની ઈન્દ્રિયો પણ ઓચિંતો ધસારો કરીને એના મનને પોતાના વેગમાં ઘસડી લઈ જાય છે; કારણ કે માનવનું મન સ્વાભાવિક રીતે ઈન્દ્રિયો પ્રત્યે આકર્ષાયેલું રહે છે. ઇન્દ્રિયના પદાર્થો પ્રત્યે મન એક પ્રકારની અંતરની રસવૃત્તિથી જુવે છે અને એના પર દૃઢ એકાગ્રતા કરે છે અને તે એટલે સુધી કે બુદ્ધિને તથા સંકલ્પશક્તિને પણ એમાં તલ્લીન કરી દે છે. એ પ્રકારે રસવાળી તલ્લીનતા થવાથી એના પ્રત્યે મનમાં આસક્તિ ઊપજે છે, આસક્તિમાંથી કામના જન્મે છે, અને કામનાને લઈને દુ:ખ, શોક, અને જ્યારે કામનાને સંતોષ મળતો નથી ત્યારે ક્રોધ, યા તો ભોગોમાં નિષ્ફળતા મળે છે ત્યારે વિરોધી વૃત્તિ સ્વાભાવિક રીતે જ ઉદ્‌ભવે છે. એવી લાગણીઓના વેગમાં આત્માનું વિસ્મરણ થઈ જાય છે, — માનવને મોહ થાય છે, અજ્ઞાન વ્યાપે છે. આમ રાગ કે આવેગ ઉત્પન્ન થવાને લઈને આત્મા ઢંકાઈ જાય છે, અને બુદ્ધિ અને સંકલ્પશક્તિ પોતાની જ્ઞાનદૃષ્ટિ વડે જોવાનું ભૂલી જાય છે. અને તેથી શાંત, સાક્ષી પુરુષમાં સ્થિર થવાનું બની શકતું નથી, પોતાના સત્ય સ્વરૂપની સ્મૃતિમાંથી પતન થઈ જાય છે અને એને પરિણામે બુદ્ધિની શક્તિ તમોગ્રસ્ત થઈ જાય છે, અને વિનાશને પણ પામે છે. કારણ કે એટલા વખત પૂરતો આપણો આત્મા જાણે કે છે જ નહિ એવું આપણને લાગે છે અને વાસનાના વેગવાળાં વાદળોમાં તે ઢંકાઈ જાય છે. તે વખત પૂરતા આપણે પોતે એ આવેશમય જ બની જઈએ છીએ, — ક્રોધ, શોક કે રોગ થઈ જઈએ છીએ, — અને આત્માનું, — આપણામાં રહેલા પુરુષનું, બુદ્ધિનું કે સંકલ્પનું કશાનું ય ભાન આપણને રહેતું નથી. આવી સ્થિતિ થતી સર્વ પ્રકારે અટકાવવી જોઈએ, અને બધી ઈન્દ્રિયોને પૂરેપૂરી સંયમમાં લાવવી જોઈએ, કારણ કે એ પ્રમાણે ઈન્દ્રિયો પર સંપૂર્ણ સંયમ સ્થાપન કરવામાં આવે તો જ બુદ્ધિ શાંત અને સ્થિર પોતાના યોગ્ય સ્થાનમાં દૃઢપણે સ્થાપન થઈ શકે.

ઉપર બુદ્ધિને પોતાની અસલ પ્રતિષ્ઠામાં સ્થિર કરવાનું કાર્ય કહ્યું તે બુદ્ધિના

પોતાના પ્રયત્ન વડે જ, — એટલે કે કેવળ માનસિક નિયંત્રણ કે સંયમ વડે જે સાધી શકાય તેવું નથી. એ કાર્ય સાધવા માટે બુદ્ધિથી પર રહેલી કોઈ વસ્તુ જેની અંદર સ્થિરતા અને પ્રભુતા સ્વયંભૂ હોય એની સાથે એકતા કરવામાં આવે તો જ થઈ શકે. એ પ્રકારના કોઈ ઊર્ધ્વ તત્ત્વ સાથે યોગ કરવા માટે, — એટલે કે એવી કોઈ વસ્તુ સાથે યોગ કરવામાં સફળતા મેળવવા માટે સાધકે એ પરમની જ ભક્તિ, અને તત્પરાયણતા પ્રાપ્ત કરવાં જોઈએ, એને જ સાધકે પોતાની જાતને સમર્પણ કરી દેવી જોઈએ. 'મત્પરઃ', 'એણે મને સમર્પિત' થઈ જવું જોઈએ એમ શ્રી કૃષ્ણ કહે છે. કારણ કે મુક્તિનો આપનાર તો આપણી અંદર જ રહેલો છે, પણ તે 'સ્વ' આપણાં મન, બુદ્ધિ, સંકલ્પ વગેરેથી જુદો છે. એ વસ્તુઓ તો આપણા 'સ્વ'નાં કરણો છે. ગીતામાં આપણને આખરે કહેવામાં આવશે કે સર્વની અંદર રહેલા એ પ્રભુમાં આપણે શરણ લેવાનું છે. એ પ્રમાણે થઈ શકે તેટલા માટે પ્રથમ તો પ્રભુ જ આપણા જીવનનો મુખ્ય ઉદ્દેશ બની રહેવો જોઈએ, અને પ્રભુની સાથે આપણો સંબંધ ચાલુ રાખવો જોઈએ. ગીતામાં યુક્ત આસીત મત્પરઃ (૨.૬૧)— "સાધકે મારી સાથે યોગમાં દૃઢપણે સ્થાપન થઈને સંપૂર્ણપણે મને અર્પિત થઈ જવું જોઈએ" એમ જે કહેવામાં આવ્યું છે એનો અર્થ સમર્પણ કરવું એવો જ થાય છે. પરંતુ ગીતાની પદ્ધતિ પ્રમાણે આ તો એ સમર્પણ-તત્ત્વની પહેલી સૂચના માત્ર છે. "યુક્ત આસીત મત્પરઃ" એ ત્રણ શબ્દોમાં જાણે કે ગીતાના રહસ્યનું બીજ આખું રજૂ થાય છે અને આગળ જતાં એ બીજનો વિકાસ થવાનો છે.

એ પ્રમાણે જો પ્રભુને સમર્પણ થઈ શકે તો પછી ઇન્દ્રિયોના વિષયોના પદાર્થોમાં વિચરવું, એ પદાર્થોની વચ્ચે રહેવું, એમના સંપર્કમાં પણ રહેવું, એમના પ્રત્યે કાર્ય કરવું અને છતાં સ્વાનુભવ કરનાર આત્માના નિગ્રહમાં ઇન્દ્રિયોને રાખવી એ વસ્તુ શક્ય બને છે. એટલે કે સ્વાનુભવ કરનાર આત્મા એ પદાર્થોનાં, કે એમના સંયોગનાં પ્રતિક્રાર્યને વશ ન થાય, પરંતુ પરમાત્માને આધીન રહે, એ પ્રમાણે થવું શક્ય બને છે. ત્યાર પછી સર્વ પ્રકારનાં પ્રતિક્રાર્યોથી મુક્ત થઈને ઇન્દ્રિયો પોતે પણ સર્વ પ્રકારના દ્વંદ્વોથી મુક્ત થઈ જશે અને સ્થિરતા, શાંતિ, આત્મપ્રસાદ વગેરે આત્માનાં તત્ત્વો ઇન્દ્રિયોમાં પણ સ્થાપન થશે. આત્માની અંદર રહેલો એ પ્રસાદ અને પ્રશાંતિ તેના આનંદનું મૂળ છે; એવા પ્રશાંત આત્માને કોઈ પણ પ્રકારનો શોક સ્પર્શ જ કરી શકતો નથી, અને એવા માણસની બુદ્ધિ આત્માની સ્વયંભૂ શાંતિમાં સ્થિરપણે સ્થાપિત થઈ જાય છે. આને પરિણામે સર્વ દુઃખોનો નાશ થઈ જાય છે. બુદ્ધિની એ પ્રકારની આત્મામાં અને આત્મજ્ઞાનમાં સ્થિર, નિષ્કામ અને દુઃખથી મુક્ત એવી નિષ્ઠાને ગીતા "સમાધિ"નું નામ આપે છે.

પોતાની આજુબાજુના પદાર્થો અને પરિસ્થિતિના ભાનનો સંપૂર્ણપણે લોપ થઈ જવો, પોતાની માનસિક અને શારીરિક ચેતનાનું લુપ્ત થઈ જવું, એવી

અવસ્થાની પ્રાપ્તિ જેમાંથી શરીરનો કોઈ ભાગ બાળવામાં આવે યા તો તેને કઠોર આઘાત કરવામાં આવે તો પણ ચેતના પાછી આવે નહિ—(અને સમાધિનો સામાન્ય ખ્યાલ એવો જ હોય છે)—એને ગીતા સમાધિનું લક્ષણ ગણતી નથી. એવી શરીરની અચેતનાવસ્થા, સાચી અંતરની સમાધિની એક વિશેષ પ્રકારની ઉત્કટ અવસ્થા ગણી શકાય, પણ એનું મૌલિક લક્ષણ નહીં. સમાધિનું ખરું લક્ષણ, સમાધિ પ્રાપ્ત થયાની સાચી કસોટી સર્વ કામનાઓનો પરિત્યાગ છે. કામનાઓ મનના ઉપર હુમલો કરી જ ન શકે એવી દુર્જેય માનસિક સ્થિતિની પ્રાપ્તિ, જે અંતરની અવસ્થામાંથી એ પ્રકારની મુક્તિ જન્મે છે તેની પ્રાપ્તિ, પોતાના જ ઉપર એકાગ્ર એવા આત્માનો આનંદ, પ્રશાંત અને સમત્વવાળી બુદ્ધિ, તથા જીવન-સંગ્રામમાં રહેલાં રાગદ્વેષ વગેર દ્વંદ્વોથી પર એવી સ્થિર સમતાની પ્રાપ્તિ એ બધાં સાચી સમાધિનાં લક્ષણો છે. એવી સમાધિને પ્રાપ્ત થયેલા માણસની ચેતના બાહ્ય દૃષ્ટિએ કાર્ય કરતી હોય છે તોપણ તે અંતરમાં જ એકાગ્ર અને આકર્ષિત રહે છે. એવા માણસની દૃષ્ટિ બહારની વસ્તુઓ તરફ હોય છે તોપણ તે આત્માના ઉપર જ એકાગ્ર હોય છે. બીજા લોકોને એવા સમાધિસ્થ માણસની ચેતના સંસારની ઘટમાળમાં રોકાયેલી, પરોવાયેલી અને તલ્લીન થઈ ગયેલી જણાય ત્યારે પણ તે સંપૂર્ણપણે પ્રભુના તરફ જ દોરાયેલી હોય છે. આવી સ્થિતિ સાધારણ માણસથી એકદમ સમજી શકાય તેવી નથી. એવા માણસના માનસને રજૂ કરતો અર્જુન અહીં શ્રીકૃષ્ણને આ મહાન સમાધિ વિષેની કોઈ બાહ્ય, સ્થૂળ નિશાની આપવા માટે માગણી કરે છે. એ પૂછે છે: "એવો માણસ કેવી રીતે બોલે છે, કેવી રીતે ચાલે છે, કેવી રીતે બેસે છે?"[૪] પરંતુ ખરું જોતાં એ સમાધિની એવી કોઈ બાહ્ય નિશાની આપી શકાય તેમ નથી. અને શ્રીકૃષ્ણ એવાં કોઈ સ્થૂળ લક્ષણો આપવાનો પ્રયત્ન પણ કરતા નથી. કારણ કે એ સમાધિ પ્રાપ્ત થઈ છે તેનાં સર્વે ચિહ્નો અંતરનાં જ હોઈ શકે, અને એની પ્રાપ્તિ થતાં પહેલાં અનેક વિરોધી આંતરિક શક્તિઓને સાધકે જીતવાની હોય છે. મુક્ત થયેલા આત્માની એક મોટી નિશાની સમતા છે. અને એ સમતા પ્રાપ્ત થઈ છે તેની સૌથી વધારે જાણી શકાય એવી બધી નિશાનીઓ કેવળ અંતરમાં જ રહેલી છે. "જેનું મન દુઃખમાં જરા પણ ઉદ્વેગને પામતું નથી, જેનામાં સુખને માટે કામના રહી નથી, જેના અંતરમાંથી રાગ, ભય અને ક્રોધ દૂર થઈ ગયાં છે એવા મુનિની બુદ્ધિ સ્થિર થયેલી ગણાય."[૫] એવો માણસ પ્રકૃતિનાં ત્રણે

---

૪ स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ।। (૨-૫૪)

૫ दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ।। (૨-૫૬)

ગુણોનાં કાર્યથી પર, દ્વંદ્વથી મુકત, અને સદા પોતાના વિશુદ્ધ સત્ત્વમાં સ્થિત થયેલો હોય છે. એ પોતાના યોગક્ષેમની ચિંતાથી પર, આત્મવાન થયેલો હોય છે. એવા મુકત થયેલા આત્માને કોનો 'યોગ' અને કોનો 'ક્ષેમ' હોઈ શકે? એક વાર આપણે 'આત્મવાન' થઈએ ત્યાર પછી આપણે 'સર્વ'ને પ્રાપ્ત કરનાર, સર્વના ધારક બનીએ છીએ.

અને છતાં એવો સમાધિસ્થ માણસ કામમાંથી, એકાએક કાર્ય કરતો, અટકી જતો નથી, પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ જતો નથી. અહીં જ ગીતાની ખૂબી અને સામર્થ્ય રહેલાં છે: ગીતા નિશ્ચલ, નિષ્ક્રિય આત્મસ્થતાનો સ્વીકાર કરે છે, પ્રકૃતિથી પુરુષ યાને આત્મા જુદો છે, ઊર્ધ્વમાં છે એ પણ સ્વીકારે છે, તથા મુકત થયેલા આત્માને માટે સામાન્ય પ્રકૃતિનું જે કાર્ય હોય છે તે તદ્દન અર્થહીન બની રહે છે એમ પણ ગીતા કહે છે, છતાં કર્મને ચાલુ રાખવાની જરૂરનું તે સમર્થન કરે છે એટલું જ નહિ, પરંતુ કર્મ કરવાં એ મુકત આત્માની ફરજ છે એવો ગીતા આદેશ આપે છે. એમ કહીને કેવળ અકર્મણ્યતાના અને ત્યાગના માર્ગની મહાન ખામી-ઓને તે દૂર રાખે છે. આજની મીમાંસાઓને આપણે એ ખામીઓમાંથી મુકત થવા માટે પ્રયત્ન કરતી જોઈએ છીએ. 'કર્મ કરવાનો તારો અધિકાર છે, એનાં ફળમાં તારો અધિકાર બિલકુલ નથી. કર્મનાં ફળ મેળવવાની કામનાને તારી પ્રવૃત્તિનો હેતુ ન બનાવ; તેમ અકર્મ પ્રત્યે પણ આસકત ન થા.'[૬] એટલે, ગીતા જે જાતનાં કર્મ કરવાનો આદેશ આપે છે તે કર્મો વેદવાદી લોકો કામનાને વશ થઈને કરે છે તેવાં કર્મો નથી. અથવા તો વ્યવહારુ કે રજોગુણી માણસનું અશાંત અને સમર્થ માનસ સતત પ્રવૃત્તિમય રહેવાની માગણી કરે છે તેવી માગણીના પ્રત્યુત્તર રૂપે કરવામાં આવતાં કર્મો પણ નથી. 'યોગમાં સ્થિર થઈને તું તારાં કર્મો કર; અંતરમાંથી આસકિતનો ત્યાગ કરીને, લાભ-હાનિ, જય-પરાજય વગેરે પ્રત્યે સમતાવાળો થઈને કર્મો કર; કારણ એવી સમતા એ જ યોગ છે.'[૭] માનવ જે કર્મો કરે છે તે સઘળાં સાપેક્ષ શુભ યાને શિવ અને સાપેક્ષ એવા અશુભ વચ્ચેની પસંદગીમાંથી જ જન્મે છે, પાપના ભયમાંથી અને પુણ્ય કરવાના મુશ્કેલ પ્રયત્નમાંથી કર્મ જન્મે છે. પરંતુ જે આત્મા મુકત થયેલો હોય છે તે પોતાની બુદ્ધિને અને સંકલ્પશકિતને પ્રભુની સાથે યુકત રાખે છે. એટલે અહીં, આ પાર્થિવ જગતમાં પણ, એવો આત્મા શુભ અને અશુભ, પાપ અને પુણ્ય વગેરે દ્વંદ્વોથી પર થઈ

---

૬ कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।। (૨-૪૭)

૭ योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्धयसिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते ।। (૨-૪૮)

જાય છે. એટલે કે એવો માણસ પાપ અને પુણ્યથી પર રહેલા એવા એક નિયમને પ્રાપ્ત કરે છે અને આત્મજ્ઞાનની સંપૂર્ણ મુક્તિમાં તે વસે છે. કેટલાકને પ્રશ્ન થશે કે એવાં કામનારહિત કર્મોમાં દૃઢતાનો, સફળતાનો, સહેતુકતાનો, અથવા તો વિશાળ કે સમર્થ સર્જકશક્તિનો અભાવ તો નહિ હોય? એના ઉત્તરમાં ગીતા કહે છે કે 'ના, એવું નથી.' યોગમાં સ્થિર થઈને કરેલું કર્મ ઊંચામાં ઊંચું હોય છે એટલું જ નહિ, પરંતુ સૌથી વધારે જ્ઞાનવાળું, અને ડહાપણભરેલું પણ હોય છે, અને સંસારના સામાન્ય હેતુને માટે પણ તે સૌથી વધારે સમર્થ અને અસરકારક હોય છે, કારણ કે એવાં કર્મોની અંદર સર્વ જ્ઞાન અને શક્તિના સ્વામી પ્રભુનાં જ્ઞાન અને શક્તિ વ્યાપેલાં હોય છે. 'કર્મમાં એ પ્રકારની કુશળતા યોગ છે.' પરંતુ પ્રશ્ન થશે કે જે જે કર્મ જીવનાભિમુખ હોય છે તે યોગીના સર્વમાન્ય ઉદ્દેશથી તો તેને દૂર ને દૂર જ લઈ જાય છે. એટલે કે આ દુઃખ અને ક્લેશમય એવા માનવ-જન્મમાં રહેલાં અજ્ઞાનનાં બંધનોમાંથી છુટકારો મેળવવાને બદલે તેને ઊલટો અજ્ઞાનનાં બંધનમાં જ રાખે છે. તેનું શું? ગીતા ઉત્તર આપે છે કે એમ થતું નથી. જે યોગીઓ કર્મનાં ફળની કામનાનો ત્યાગ કરીને, પ્રભુ સાથે એકતામાં રહીને કર્મો કરે છે તેઓ જન્મનાં બંધનથી મુક્ત થઈ જાય છે, અને ચેતનાની એવી પૂર્ણતાવાળી સ્થિતિને પ્રાપ્ત કરે છે, જેમાં આ દુઃખી સંસારના માનસિક અને પ્રાણમય જીવન સાથે જડેલાં આધિ અને ઉપાધિઓ એને લાગી શકતાં નથી.

એ સ્થિતિ યોગી જે પ્રાપ્ત કરે છે તે બ્રાહ્મી સ્થિતિ છે, એટલે કે બ્રહ્મની અંદર તે દૃઢ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. જે લોકોની દૃષ્ટિ પાર્થિવતા ઉપર બદ્ધ થયેલી છે તેમની દૃષ્ટિ, અનુભૂતિ, જ્ઞાન, મૂલ્યો સઘળું એ બ્રાહ્મી સ્થિતિમાં જતાં પલટાઈ જાય છે. દ્વંદ્વને વશ એવા સામાન્ય માનવો માટે જે દિવસ છે, એમની જાગ્રત અવસ્થા છે, જ્ઞાનમય પ્રકાશવાળી ચેતનાની સ્થિતિ છે તે એવા બ્રાહ્મી સ્થિતિવાળા યોગીને મન 'નિશા' હોય છે. એને સામાન્ય માનવ-ચેતનાની એ સ્થિતિ જાણે રાત્રિ હોય એવી અશાંત નિદ્રાની, આત્માના અંધકારવાળી અવસ્થા જણાય છે. ઊર્ધ્વ ભૂમિકામાં રહેલી ચેતનાની દિવ્ય અવસ્થા જે સામાન્ય લોકો માટે 'નિશા' છે, જેમાં એને સર્વ પ્રકારનાં જ્ઞાન અને સંકલ્પનો અભાવ દેખાય છે તે દિવ્ય અવસ્થા સંયમી યોગીને માટે દિવસ હોય છે, જેમાં જ્ઞાન, શક્તિ તથા સત્ય જાગ્રત હોય છે, એને માટે એ પ્રકાશમય સ્થિતિ હોય છે.[૮] સામાન્ય માણસો ડહોળાયેલા કાદવવાળાં ખાબોચિયાં જેવાં હોય છે જેમાં કામનાની જરા લહેર આવતાં અશાંતિ, ક્ષોભ ઉત્પન્ન થાય છે. પરંતુ બ્રાહ્મી સ્થિતિમાં રહેનાર યોગી ચેતનાના

---

૮ या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ।। (૨-૬૯)

વિશાળ મહાસાગર રૂપ હોય છે, જેમાં પાણીના પ્રવાહો આવ્યા જ કરતા હોય છે છતાં એવા આત્માની વિશાળ પ્રતિષ્ઠા અચલ રહે છે. વિશ્વસમસ્તની સઘળી કામનાઓ નદીઓ જેમ સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમ તેની અંદર પ્રવેશ કર્યા જ કરતી હોય છે અને છતાં એને પોતાને કોઈ કામના હોતી નથી, અથવા તો, એનામાં અશાંતિ કે ક્ષોભ ઉત્પન્ન થતો નથી.[૯] આમ થવાનું કારણ એ છે કે સામાન્ય માણસો 'અહં'ની ક્લેશકારક 'હું અને મારું' એવી લાગણીથી ભરેલા હોય છે જ્યારે એ મુનિ સર્વમાં એક રૂપે રહેલા 'આત્મા' સાથે પોતાની એકતા કરીને રહે છે, એટલે એની અંદર 'હું' ને 'મારું' હોતાં નથી. બીજા માણસોની પેઠે એ પણ કર્મ કરતો હોય છે પરંતુ એણે પોતાની સઘળી કામનાઓનો અને વાસનાઓનો ત્યાગ કરી દીધો હોય છે. એણે પરમ શાંતિને પ્રાપ્ત કરી લીધી હોય છે અને સ્થૂલ વસ્તુઓના બહારના દેખાવથી તે છેતરાતો નથી. એક, અદ્વિતીય એવા સનાતન બ્રહ્મમાં એણે પોતાના 'અહં'નો નિર્વાણ કરી દીધો હોય છે, એટલે પ્રભુ સાથે તે સદા યોગમાં જ રહે છે, તેની સાથેની એકતામાં જ જીવે છે અને અંતકાળે એ એકતામાં સ્થિર થઈને બ્રહ્મની અંદર પોતાને સંપૂર્ણ નિર્વાણ તે કરી દઈ શકે છે. આ નિર્વાણ એટલે બૌદ્ધ લોકોમાં સત્‌માત્રના સંપૂર્ણ વિલોપનનો, નિર્વાણ સમજવાનો નથી. પરંતુ આ નિર્વાણમાં માનવનું એક જુદું જ અને મહાન વ્યક્તિસ્વરૂપ પ્રગટ થાય છે અને તે એક વિશાળ, અનંત અને અપૌરુષેય સેત્‌-તામાં લય પામી જાય છે.

ઉપર પ્રમાણે વેદાંત, સાંખ્ય અને યોગ એ ત્રણે માર્ગોના સમન્વયના ઉપર ગીતા પોતાના ઉપદેશની દૃઢ પ્રતિષ્ઠા કરે છે. હજી એ સમન્વય સર્વગ્રાહી અને સર્વાંગપૂર્ણ બન્યો નથી, પરંતુ જ્ઞાન અને કર્મની અનિવાર્ય એવી વ્યવહારુ એકતા એમાં આવી જાય છે તથા પ્રેમ અને ભક્તિના સર્વોપરિ તત્ત્વની પૂર્ણતાની પણ એ સમન્વયમાં અમૂલ્ય સૂચના રહેલી છે.

પ્રકરણ અગિયારમું

કર્મ અને યજ્ઞ

બુદ્ધિયોગ અને એના અભ્યાસને પરિણામે પ્રાપ્ત થતી બ્રાહ્મી સ્થિતિ એ બે વસ્તુઓ ગીતાના બીજા અધ્યાયના અંતનો ઘણો મોટો ભાગ રોકે છે. અને એ ભાગમાં ગીતાના ઉપદેશનાં મુખ્ય મુખ્ય બીજો આવી રહેલાં જણાશે: નિષ્કામ કર્મ, સમતા, બાહ્ય ત્યાગનો અસ્વીકાર, પ્રભુ પ્રત્યે ભક્તિ વગેરે એમાં રહેલાં છે. પરંતુ એ બધાં તત્ત્વો થોડા પ્રમાણમાં છે,—પૂરતાં સ્પષ્ટ રીતે રજૂ થયેલાં નથી. માનવની પ્રવૃત્તિનો સામાન્ય હેતુ કામના હોય છે, તેમાંથી તથા સામાન્ય પ્રકૃતિમાં રહેલા આવેગપૂર્ણ અને અજ્ઞાનથી ભરેલા વિચારો અને સંકલ્પો ઇન્દ્રિયોના વિષયોને સંતોષવાની પાછળ દોડી રહેલા હોય છે તેમાંથી, અને અશાંત, બહુ શાખાવાળા સંકલ્પો અને વિકલ્પોવાળી માનવ-ચેતનાની સામાન્ય સ્થિતિમાંથી પોતાની સંકલ્પશક્તિને પાછી ખેંચી લઈને નિષ્કામ, સ્થિર અદ્વૈતવાળી અને આવેગરહિત પ્રસાદવાળી બ્રાહ્મી સ્થિતિ ઉપર તેને એકાગ્ર કરવા ઉપર ગીતા ભાર મૂકે છે. આટલું તો અર્જુન સમજ્યો છે. આ બધી વિચારસરણી એને પરિચિત છે. આધ્યાત્મિકતાના ચાલુ ઉપદેશનો સાર પણ એવો જ છે: ગીતાનો બોધ અહીં જ્ઞાનનો માર્ગ લેવાની સૂચના કરે છે, અને જીવનના અને કર્મના ત્યાગને એ પૂર્ણતા પ્રાપ્ત કરવાના માર્ગ તરીકે વર્ણવે છે, ઇન્દ્રિયો અને કામનાઓ તથા કર્મમાંથી માનવની બુદ્ધિ પોતે જ પાછી ફરે, અને પોતે પરાત્પર પ્રત્યે વળે, એકમેવાદ્વિતીય એવા પ્રભુને જ વાંછે, અકર્મ પુરુષ ચેતના પ્રત્યે, અને લક્ષણ વગરના બ્રહ્મ પ્રત્યે તે ગતિ કરે, એ જ સાચા જ્ઞાનનું સનાતન બીજ છે. આ બોધમાં કર્મ કરવા માટે જરા પણ અવકાશ નથી, કારણ કે કર્મ તો અજ્ઞાન હોય ત્યાં સુધી જ સંભવે. કર્મ તો જાણે જ્ઞાનથી તદ્દન વિરોધી વસ્તુ લાગે છે. કર્મોનું બીજ ઇચ્છા છે અને એનું ફળ અજ્ઞાનનું બંધન છે. એમાં મોક્ષ ક્યાંથી હોય? પ્રાચીન પ્રણાલીની જ્ઞાનમાર્ગની મીમાંસાનો પણ એ જ સિદ્ધાંત છે. અને આગળ શ્રીકૃષ્ણ કહે છે કે કર્મ કરવાં એ બુદ્ધિયોગ કરતાં તો ક્યાં ય ઊતરતી વસ્તુ છે—દૂરેણ હિ અવરં કર્મ બુદ્ધિયોગાત્—અને છતાં અહીં યોગના આવશ્યક અંગ તરીકે કર્મો ચાલુ રાખવાનો ગીતા આગ્રહ કરે છે. આમ ગીતાના આ ઉપદેશમાં એક પ્રકારનો મૂળનો જ વિસંવાદ રહેલો છે. વળી એટલું જ નથી. જ્ઞાન પ્રાપ્ત થયા પછી થોડા સમય માટે કોઈ એકાદ પ્રકારની પ્રવૃત્તિ, ઓછામાં ઓછી અને નિર્દોષ હોય એવી, અલબત્ત, ચાલુ રાખી

શકાય. પરંતુ અહીં અર્જુનને જે કાર્ય કરવાનું છે તે તો જ્ઞાનાવસ્થા સાથે, બ્રહ્મજ્ઞાનીના આત્મપ્રસાદ સાથે, એની સ્થિર, નિષ્ક્રિય શાંતિ સાથે સંપૂર્ણપણે વિસંવાદી છે. એ કામ દારુણ છે, રાક્ષસી છે, લોહીનીગળતો એક કલહ છે, ક્રૂરતાભર્યું યુદ્ધ છે, પ્રચંડ વિનાશ છે! અને છતાં અર્જુનને એ જ કર્મ કરવાનો આદેશ આપવામાં આવે છે. અંતરની શાંતિ, અને નિષ્કામ સમતા તથા બ્રાહ્મી સ્થિતિ વડે એ યુદ્ધને ઠરાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ જ એક અણઉકલ્યો ભારે વિરોધ ગીતામાં રહેલો છે. અર્જુન પોતે જ ફરિયાદ કરે છે કે તમે તો મને વિરોધાવાળો અને ભ્રમ ઉપજાવનારો સિદ્ધાંત શીખવી રહ્યા છો, સ્પષ્ટ, એક જ પગથીવાળો, નિશ્ચિત માર્ગ, જેનો આશ્રય લઈને માનવ-બુદ્ધિ સીધી ગતિમાં ચાલીને પરમ શ્રેયને પ્રાપ્ત કરી શકે એવો માર્ગ બતાવો. અર્જુનના આ પ્રશ્નના ઉત્તર રૂપે ગીતા પોતાનો ભાવાત્મક ને આશાર્થક એવો કર્મયોગનો સિદ્ધાંત વધારે સ્પષ્ટપણે રજૂ કરે છે.

શરૂઆતમાં માણસો આ જગતમાં જેમનો છૂટોછૂટો આશ્રય લઈ પ્રત્યેકના ઉપર એકાગ્રતા કરી શકે તેમ છે એવા મોક્ષપ્રાપ્તિના બે માર્ગો, જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ વચ્ચે રહેલા ભેદને શ્રીકૃષ્ણ સ્પષ્ટ કરે છે. એકમાં, એટલે કર્મયોગમાં સામાન્ય રીતે, કર્મનો ત્યાગ કરવો એ મોક્ષપ્રાપ્તિમાં બાધારૂપ મનાય છે, જ્યારે બીજામાં, એટલે જ્ઞાનયોગમાં, કર્મને મુક્તિનું સાધન માનવામાં આવે છે. અહીં એ બન્નેનો મેળ કરવા ઉપર, તથા જે વિચારોમાં એ બે વચ્ચે ભેદ રહેલો છે તેમનું સમાધાન કે સમન્વય કરવા ઉપર શ્રીકૃષ્ણ બિલકુલ ભાર દેતા નથી. પરંતુ આરંભમાં એમ સિદ્ધ કરે છે કે સાંખ્યનો ત્યાગ, એટલે કે સ્થૂલ સંન્યાસ, એ જ કાંઈ જ્ઞાનપ્રાપ્તિનો એક જ માર્ગ નથી, અથવા તો, સર્વોત્તમ માર્ગ પણ નથી. પુરુષે નૈષ્કર્મ્યની સ્થિતિ પ્રાપ્ત કરવાની છે એ સાચું છે, કારણ કે કર્મ તો પ્રકૃતિ કરે છે અને પુરુષે તો સર્વ પ્રવૃત્તિઓથી પર થઈ જવું જોઈએ, અને મુક્ત આત્મપ્રસાદની અવસ્થાન પ્રાપ્ત કરીને પ્રકૃતિનાં કર્મોને એ પુરુષની સ્થિરતામાંથી સાક્ષી રૂપે નિહાળવાં જોઈએ, પુરુષે તો પ્રકૃતિનાં કર્મોથી તદ્દન અનાસક્ત અને નિર્લિપ્ત રહેવું જોઈએ. એવી સ્થિતિ તે આત્માનું સાચું નૈષ્કર્મ્ય છે, નહિ કે પ્રકૃતિનાં કર્મોનો અંત લાવવો તે. આત્માની એ નિષ્કર્મ અવસ્થા પ્રાપ્ત થઈ શકે અને ભોગવી શકાય એમ માનવું એ ભૂલ છે. કેવળ સ્થૂલ સંન્યાસ એને માટે પૂરતો નથી એટલું જ નહિ, મુક્તિ માટેનું યોગ્ય સાધન પણ એવો સંન્યાસ નથી. 'કર્મના અનારંભથી કાંઈ માણસ નિષ્કર્મ અવસ્થાને પ્રાપ્ત કરી લેતો નથી, તેમ સ્થૂલ સંન્યાસ વડે તે પૂર્ણતાને—સિદ્ધિને—પ્રાપ્ત કરતો નથી.'—સિદ્ધિ એટલે યોગસાધના દ્વારા પ્રાપ્ત થતી જીવનના હેતુની સાર્થકતા, ચરિતાર્થતા.

તો પછી, સ્થૂલ સંન્યાસ મોક્ષ મેળવવા માટે એક આવશ્યક અનિવાર્ય ઉપાય ગણાય કે નહિ એ પ્રશ્ન છે. કારણ કે પ્રકૃતિનાં કર્મો જો ચાલુ જ રહે તો આત્મા

એમના વડે લેપાયા વિના, એમનામાં આસકત થયા વિના રહી જ કેવી રીતે શકે ? હું લડું, યુદ્ધ કરું, અને છતાં આત્મામાં એમ ધારું યા તો એમ અનભવું કે હું વ્યકિત તરીકે લડતો નથી, અથવા તો લડતાં લડતાં વિજયને માટે કામના ન કરું, યા તો પરાજયથી નિર્લિપ્ત રહું એ બની જ કેવી રીતે શકે ? સાંખ્યદર્શનનો બોધ તો એ છે કે પ્રકૃતિનાં કર્મોને જે માણસની બુદ્ધિ સ્વીકારે છે, એમનામાં ભાગ લે છે તે માણસ અહંકાર, અજ્ઞાન અને કામનાની જાળમાં બંધાય છે અને તેથી કર્મ કરવા પ્રત્યે આકર્ષાય છે. ઊલટપક્ષે, જો બુદ્ધિ પ્રકૃતિમાંથી છૂટી પડે તો પછી કામનાનો અને અજ્ઞાનનો પણ અંત આવે, અને એમનો અંત આવે એટલે કર્મ આપોઆપ બંધ જ પડે. એટલા માટે, જીવનનો અને કર્મનો ત્યાગ કરી દેવો એ મુકિત પ્રાપ્ત કરવા માટેની સાધનાનું એક આવશ્યક અંગ છે, ન ટાળી શકાય એવો સંજોગ છે, અનિવાર્ય આખરી ઉપાય છે. પ્રચલિત બુદ્ધિવાદનો આ વિરોધ આવશે એમ આગળથી જ સમજી લઈને શ્રીકૃષ્ણ એનો પ્રતિવાદ રજૂ કરે છે. કારણ કે જોકે અર્જુન આ દલીલ સ્પષ્ટ શબ્દોમાં કરતો નથી તે છતાં આગળ જતાં એ જે પ્રશ્નો પૂછે છે તે ઉપરથી એના મનમાં એ દલીલો હતી એટલું તો સ્પષ્ટ થાય છે. શ્રીકૃષ્ણ એના ઉત્તરમાં કહે છે કે એવો ત્યાગ કરવો અનિવાર્ય નથી. એટલું જ નહિ પરંતુ કોઈ એવો સંપૂર્ણ ત્યાગ કરવા માગે તોપણ શકય નથી. 'કારણ કે જગતમાં કોઈ પણ વસ્તુ એક ક્ષણ માટે પણ અકર્મવાન રહી જ શકતી નથી, પ્રકૃતિમાંથી જન્મેલા ગુણોને લઈને કર્મ કરવાની — અવશ્યપણે કર્મ કરવાની, સૌને ફરજ પડે છે.' વિરાટમાં ચાલી રહેલા મહાન વૈશ્વિક કર્મનું ભાન અને વિશ્વશકિતની શાશ્વત પ્રવૃત્તિમયતા અને તેના સામર્થ્ય વિષેનું જ્ઞાન એ ગીતાનું એક લાક્ષણિક તત્ત્વ છે. પાછળથી એ જ વસ્તુના ઉપર તાંત્રિક શાકતોએ ઘણો ભાર મૂકયો છે. અને તે એટલે સુધી કે તેમણે પ્રકૃતિને, એટલે કે શકિતને, પુરુષ કરતાં પણ વધારે ઊંચી ગણી છે. અહીં એ વિશ્વશકિત તરફથી સતત થયા કરતી શાશ્વત પ્રવૃત્તિનો સૂર ગૌણ છે તોપણ ગીતાની વિચારણામાં રહેલાં આસ્તિકતાનાં અને ભકિતનાં તત્ત્વો સાથે એ સૂરને આપણે વિચારીશું. તો વેદાંતની પ્રાચીન પ્રણાલીના નિવૃત્તિ-પરાયણ જ્ઞાનમાર્ગમાં કર્મયોગનું તત્ત્વ દાખલ કરીને એનું રૂપાંતર કરવા માટે એ તત્ત્વ પૂરતું સમર્થ છે એમ આપણે જોઈ શકીશું. પ્રકૃતિના બનેલા અને બનાવેલા આ જગતમાં દેહ ધારણ કરવાવાળો માણસ એક ક્ષણ માટે પણ કર્મમાંથી અટકી જઈ શકતો નથી. એનું અહીં શારીરિક જીવનનું નભાવવું એ જ એક કર્મ છે, આખું વિશ્વ ઈશ્વરનું કર્મ છે, કેવળ જીવતા રહેવું એ પણ પ્રભુની જ એક ક્રિયા છે.

આપણું શરીર એટલે કે આપણો સ્થૂલ દેહ, એનો નિર્વાહ એ પણ એક 'યાત્રા' છે — 'શરીરયાત્રા' છે. અને એ યાત્રા પણ કર્મ વિના થઈ શકે તેવી નથી. કોઈ માણસ પોતાના શરીરને નિર્વાહ વિનાનું, તદ્દન ખાલી રાખી શકે, અને બધો

વખત એક ઝાડની પેઠે સ્થિર ઊભો જ રહે, અથવા તો, પથ્થરની પેઠે નિશ્ચેષ્ટ, અચેતન થઈને બેસે, તોપણ વનસ્પતિની કે જડ પદાર્થની એ જડતા એને પ્રકૃતિના પંજામાંથી બચાવી શકશે નહીં, પ્રકૃતિનાં કાર્યોમાંથી તે મુક્ત નહિ થઈ જાય. કારણ કે 'કર્મ' શબ્દમાં કાંઈ સ્થૂલ ક્રિયાઓનો જ સમાવેશ થાય છે એવું નથી. આપણું માનસિક જીવન પણ એક મહાન અને જટિલ કર્મ છે, સ્થૂલ શરીર કરતાં અશાંત શક્તિનું એ માનસિક કાર્ય તો વધારે મહાન અને વધારે અગત્યનું હોય છે, કારણ કે સ્વાનુભવતાવાળું એ સૂક્ષ્મ જીવન સ્થૂલનું કારણ અને તેનું નિર્માતા હોય છે. જો આપણે સ્થૂલમાં પ્રગટ થતાં એ સૂક્ષ્મ શક્તિનાં પરિણામોનો નિગ્રહ કરીએ, પરંતુ એનું જે કારણભૂત સ્વાનુભવવાળી અંતરની પ્રવૃત્તિ છે તેને ચાલુ રાખીએ તો આપણને કશો લાભ થયો ન જ ગણાય. ઇન્દ્રિયોની આગળ આવતા પદાર્થો તો ફક્ત આપણા બંધન માટેના પ્રસંગો માત્ર છે, બંધનનું ખરું કારણ તો એમને માટેનો આપણા મનનો આગ્રહ છે. એક માણસ પોતાની કર્મેન્દ્રિયોને સંયમમાં રાખે, એમની સ્વાભાવિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરે, પરંતુ એનું મન આખો વખત એ વિષયોનું સ્મરણ કરતું હોય, એમના પ્રત્યે એની આસક્તિ ચાલુ રહે તો તેણે કશું પ્રાપ્ત કર્યું ન ગણાય. એવો માણસ સંયમના ખોટા ખ્યાલથી ભ્રમમાં પડેલો જ ગણાય, એ સંયમનો હેતુ, અથવા તો, એનું સત્ય સમજ્યો નથી, અથવા તો સ્વાનુભવવાળા અંતરના જીવનનાં પ્રાથમિક તત્ત્વોને પણ એ જાણતો નથી. આમ હોવાથી આત્મસંયમની એની બધી પદ્ધતિ ખોટી અને નિરર્થક — મિથ્યાચાર* — બને છે. શરીરનાં કર્મો — મનનાં કર્મો પણ — પોતે જોવા જઈએ તો કાંઈ જ નથી — અર્થાત્ એ પોતે થઈને બંધન રૂપ નથી અને બંધનના કારણ રૂપ પણ નથી. મુખ્ય વસ્તુ તે પ્રકૃતિની પ્રચંડ શક્તિ છે અને મનના, પ્રાણના અને શરીરના ક્ષેત્રોમાં એ મહાન વૈશ્વિક શક્તિ પોતાની લીલા કર્યા વિના રહેતી નથી. પ્રકૃતિમાં જે વસ્તુ જોખમકારક છે તે એના ત્રણ ગુણોનું સામર્થ્ય છે. એ ગુણોનું કાર્ય બુદ્ધિને ભ્રમમાં નાખી દે છે, અવ્યવસ્થા ઉપજાવે છે, અને એમ કરીને આત્માને ઢાંકી દે છે. આગળ જતાં આપણે ગીતામાં જોઈશું કે આ વસ્તુમાં કર્મની મોટામાં મોટી મુશ્કેલી રહેલી છે, અને એમાં મુક્તિની મૌલિક ચાવી રહેલી છે. પ્રકૃતિના ત્રણ ગુણો જે

---

* મિથ્યાચાર: મિથ્યાચાર એટલે દંભ કરનારો—દંભી—એવો અર્થ અહીં મને બરાબર લાગતો નથી. જે માણસ પોતાના ઉપર આટલું બધું કઠણ અને સખત દમન કે કષ્ટ વહોરે તેને દંભી કેવી રીતે ગણાય? પરંતુ એ ભ્રમમાં પડેલો છે, ભૂલનો ભોગ થઈ પડેલો છે, 'વિમૂઢાત્મા' છે અને એનો 'આચાર' એટલે આત્મ-સંયમની વિધિવિધાનવાળી યંત્ર જેવી પદ્ધતિઓનું અનુસરણ મિથ્યા છે, નિષ્ફળ છે. ગીતાનો ભાવાર્થ આ જ લાગે છે.

ભ્રમ અને અંધકાર ઉત્પન્ન કરે છે તેનાથી મુકત થઈ જઓ તો પછી, કર્મ ચાલુ રહી શકે છે,—નેમ તે ચાલુ રહેવું પણ જોઈએ, અને એવું કર્મ વિશાળમાં વિશાળ અને ભીષણ કર્મ પણ હોઈ શકે છે, —એનાથી કશી જ અસર થતી નથી. કારણ કે પુરુષને એમાંનું કશું જ સ્પર્શ કરી શકતું નથી. કારણ કે, એને નૈષ્કર્મ્ય પ્રાપ્ત થયું હોય છે.

પરંતુ અત્યારે ગીતા એ વિશાળ મુદ્દો લઈને ચર્ચાનો આરંભ કરતી નથી. માનવના બંધનનું ઉપાદાનકારણ મન છે તેથી, અને સંપૂર્ણપણે અકર્મસ્થિતિ પ્રાપ્ત કરવી અશકય છે તેથી, તર્કસંમત અને આવશ્યક એવો સાચો માર્ગ એ છે કે સ્વાનુભવનાં અને બાહ્ય અનુભવનાં કરણોને સંયમપૂર્વક કર્મમાં યોજવાં. બુદ્ધિના કરણ તરીકે મને ઈન્દ્રિયોને પોતાના કાબૂમાં લાવવી જોઈએ, અને ત્યાર પછી કર્મેન્દ્રિયોને પોતાના ધર્મોમાં નિયુકત કરવી જોઈએ. પરંતુ એ કર્મ પણ યોગ તરીકે કરવું જોઈએ. પરંતુ પ્રશ્ન થશે કે આ જાતના આત્મસંયમનું રહસ્ય શું છે? યોગ તરીકે કરવામાં આવેલું કર્મ, અથવા તો કર્મયોગ, એટલે શું? એ રહસ્ય અનાસકિત છે; એટલે કે ઈન્દ્રિયોના પદાર્થોમાં મન વડે આસકત થયા વિના, અને કર્મોનાં ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મો કરવાં તે. સંપૂર્ણ અકર્મણ્યતા નહિ, કારણ કે એ પ્રમાણે અકર્મ રહેવા પ્રયત્ન કરવો એ ભૂલ છે, ભ્રમ છે, આત્મવંચના છે, અશકયતા છે; પરંતુ પૂર્ણ અને મુકત એવું, ઈન્દ્રિયોને, આવેગોને વશ થયા વિના કરેલું નિષ્કામ અને અનાસકત કર્મ એ પૂર્ણતા પ્રાપ્ત કરવાનું પહેલું રહસ્ય છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે 'नियतं कुरु *कर्म त्वम्'—એ પ્રમાણે આત્મ સંયત થઈને તું કર્મ કર. આગળ મેં તને કહ્યું હતું કે જ્ઞાન અથવા તો બુદ્ધિ કર્મ કરતાં શ્રેષ્ઠ છે, જ્યાયસી

---

* नियतं कर्म—જે અર્થ સામાન્ય રીતે લેવામાં આવે છે તેનો હું સ્વીકાર કરી શકતો નથી. વૈદિક કર્મો—યજ્ઞયાગાદિ, નિત્ય કર્મોના જેવો જ એનો અર્થ ઘટાવવામાં આવે છે. 'નિયત' શબ્દ આગલા શ્લોકમાં 'નિયમ્ય' વપરાયો છે તેના અનુસંધાનમાં લેવાનો છે. ત્યાં શ્રીકૃષ્ણ કહે છે કે કર્મેન્દ્રિયોનો મનથી સંયમ કરીને કર્મયોગનો આરંભ કરે છે તે વધારે ઉત્તમ છે—मनसा नियम्य आरभते कर्मयोगम्. અને ત્યાર પછી તુરત જ એ વિધાન ઉપરથી એક પ્રકારની આજ્ઞા કે આદેશ આપે છે જેમાં એનો સાર આવી જાય છે અને જે એક નિયમનું પણ રૂપ ધારણ કરી શકે છે: 'नियतं कुरु कर्म त्वम्'—'તું સંયત કરેલાં — નિયમમાં સંયત કરેલાં એવાં — કર્મો કર.' અહીં 'नियतं' શબ્દ 'नियम्य'નો ભાવ લઈ લે છે, અને कुरु कर्म શબ્દો आरभते कर्मનો વિચાર લે છે. એટલે વિધિવિહિત, શાસ્ત્રના નિયમથી નિયત થયેલાં કર્મો નિષ્કામભાવે કરવાં એવો અર્થ નથી, પરંતુ મુકત થયેલી બુદ્ધિ વડે નિયત થયેલાં કર્મો નિષ્કામભાવે કરવાં, એવો ગીતાનો ભાવાર્થ છે.

कर्मणो बुद्धिः — પરંતુ મારો કહેવાનો ભાવાર્થ 'કર્મ કરતાં અકર્મ શ્રેષ્ઠ છે' એવો ન હતો. સત્ય તો એનાથી ઊલટું જ છે; **कर्म ज्यायो अकर्मणः** 'અકર્મ કરતાં કર્મ વધારે મહાન છે.' કારણ કે જ્ઞાનનો અર્થ કર્મનો સંન્યાસ કરવો એવો થતો નથી. જ્ઞાનનો અર્થ 'સમતા' અને કામના પ્રત્યે તથા ઇન્દ્રિયોના પદાર્થો પ્રત્યે અનાસક્તિ છે, —એનો અર્થ ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરનારી બુદ્ધિની આત્મામાં, પ્રકૃતિનાં નિમ્ન કરણોથી મુકત એવી સ્થિતિમાં પ્રતિષ્ઠા કરવી તે. વળી મનનાં તથા ઇન્દ્રિયોનાં અને શરીરનાં સઘળાં કર્મોને આત્મજ્ઞાનની શકિત વડે, આધ્યાત્મિક સાક્ષાત્કારના અહૈતુક આનંદ વડ, નિયત કરવાં એનો પણ 'જ્ઞાન'માં સમાવેશ થાય છે. આ પ્રમાણે બુદ્ધિયોગનો વિપાક કર્મયોગમાં આવે છે: આત્માને મુકિત અપાવનાર બુદ્ધિનો યોગ નિષ્કામ કર્મોના યોગમાં પરિણમે છે. નિષ્કામ કર્મની આવશ્યકતાનો બોધ ગીતા આ પ્રમાણે આપે છે અને એ બોધને સાંખ્યના જ્ઞાનમાર્ગ સાથે તથા કર્મયોગના અભ્યાસ સાથે ઘટાવી લે છે — અને એ બન્નેના બાહ્ય નિયમોનો અને વિધિઓનો તથા પ્રણાલીઓનો ઇન્કાર કરે છે.

અહીં એક મુશ્કેલી તો ઉકલ્યા વગરની જ રહી જાય છે. માનવનાં સઘળાં કર્મોનો સામાન્ય હેતુ કામના યાને ઇચ્છા હોય છે અને આત્મા કામનાથી મુકત થઈ જાય, કામના રહિત બને, તો પછીથી કર્મ કરવામાં, કર્મ કરવાં ચાલુ રાખવામાં કોઈ પ્રકારની તર્કસંગતિ રહેતી જ નથી. સ્થૂલ શરીરને ટકાવી રાખવા માટે આપણને અમુક કર્મો કરવાની ફરજ પડે એ જુદી વાત છે, પણ એવાં કર્મો પણ શરીરની ઇચ્છાને પરવશ થઈને જ આપણે કરવાં પડે છે. જો આપણે પૂર્ણતા પ્રાપ્ત કરવી હોય તો એનો પણ ત્યાગ જ કરવો જોઈએ. એ પ્રમાણે થઈ શકે તેમ નથી એમ સ્વીકારતાં પણ આ મુશ્કેલીનો એકમાત્ર ઉકેલ એ જણાય છે કે બહારના કોઈ ધોરણને અનુસરીને આપણે કર્મ કરવાનો આપણા અંતરમાંથી ઉપજાવેલો ન હોય એવો કોઈ નિયમ સ્થાપન કરવો જોઈએ. એવો નિયમ વેદની આજ્ઞાને અનુસરીને કરવાનાં નિત્ય-નૈમિત્તિક કર્મોમાં અને સમાજને લગતા વિશ્વદેવ જેવી વિધિમાં આપણને મળી આવે છે. મુમુક્ષુએ પણ એ કર્મો કરવાં જોઈએ કારણ કે એ કર્મો શાસ્ત્રવિહિત છે. એમાં એનો કશો અંગત ઉદ્દેશ કે હેતુ હોતો નથી, — એ કર્મોમાં એને સ્વાનુભવનો રસ પણ હોતો નથી. એટલે એ શાસ્ત્રવિહિત કર્મો પણ એવો સાધક સંપૂર્ણ ઉદાસીનતાપૂર્વક કરે છે, એ કર્મો કરવામાં એની પોતાની પ્રકૃતિ નહિ પરંતુ શાસ્ત્રની આજ્ઞા પ્રેરે છે. પરંતુ કર્મયોગનો સિદ્ધાંત એવો છે કે કર્મ કરવામાં વ્યકિતની બહારનું — શાસ્ત્ર કે એવું-કોઈ તત્ત્વ નહિ, પરંતુ 'સ્વ'ની અંદર રહેલું કોઈ તત્ત્વ હોવું જોઈએ. મુકત આત્માનું કર્મ પણ 'સ્વભાવ-નિયત'—એની પોતાની અસલ પ્રકૃતિને અનુસાર હોવું જોઈએ. એમ પોતાના સ્વભાવમાંથી કર્મની પ્રેરણા થવાની હોય તો તે એકમાત્ર વસ્તુ કામના યાને ઇચ્છા છે, યા તો, દેહની વાસના,

હૃદયની લાગણી, અથવા તો મનનો ઉચ્ચ કે અધમ ઉદ્દેશ કે આદર્શ — એમાંની કોઈ પ્રકૃતિના ગુણોને આધીન એવી વસ્તુ જ કર્મોની પ્રેરક બની શકે. આ પ્રમાણે કરવા માટે ગીતામાં જે 'નિયત કર્મ' એવા શબ્દો છે તેનો વેદવિહિત નિત્ય કર્મો એવો અર્થ લઈએ, અને 'કર્તવ્યં કર્મ' શબ્દોને આર્ય-સંસ્કૃતિની સામાજિક ફરજોના, કર્મકાંડના, યજ્ઞના, અર્થમાં ઘટાવીએ અને એ પ્રમાણે નિયત થયેલી સામાજિક ફરજની નિઃસ્વાર્થ અને કોઈ પણ પ્રકારના પોતાના અંગત હેતુ વગર બજાવણી એવા અર્થમાં લઈએ તો આ શ્લોકોનો કાંઈક અર્થ બેસે. ગીતામાં નિષ્કામ કર્મના જે સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેનો ઘણી વાર આવો જ અર્થ કરવામાં આવે છે. પરંતુ મને એમ લાગે છે કે ગીતાનો ઉપદેશ એટલો બધો અસંસ્કૃત અને સંકુચિત નથી, એટલો સરળ પણ નથી, એટલો સામયિક અને ઐહિક વસ્તુઓને લગતો પણ નથી. ગીતાનો ઉપદેશ વિશાળ છે, મુક્ત છે, સૂક્ષ્મ છે, ગંભીર છે.— એનો ઉપદેશ સર્વ કર્મો અને સર્વ માનવો માટે છે, એક જ યુગને માટે કે એક જ દેશને માટે નથી. આ વસ્તુ સાચી હોવાનું ખાસ કારણ એ છે કે ગીતા પોતે વારંવાર બાહ્ય સ્વરૂપોને, સ્થૂલ વિગતોને, આગ્રહી માન્યતાઓને દૂર મૂકી દઈને હમેશાં મૂળ તત્ત્વો પ્રત્યે દૃષ્ટિ કરે છે, અને આપણી પ્રકૃતિની અને પુરુષની મોટામાં મોટી મૌલિક ઘટનાઓને તે હમેશાં ધ્યાનમાં રાખે છે. ગીતા મહાન, વિશાળ, તાત્ત્વિક સત્ય અને વ્યવહારુ આધ્યાત્મિકતાનો એક મહાન ગ્રંથ છે, ફરજિયાત એવી ધાર્મિક અને સાંપ્રદાયિક માન્યતાઓ — અમુક અનુક્રમમાં ગોઠવાઈ ગયેલી માન્યતાવાળો એ ગ્રંથ નથી.

ખરી મુશ્કેલી આ છે: આપણી માનવ-પ્રકૃતિ અત્યારે જેવી છે તેવી સ્વીકારતાં, અને સામાન્ય રીતે કર્મ કરવામાં પ્રેરનાર વસ્તુ કામનાઓ હોય છે એ જોતાં, ખરેખરું કામના રહિત, નિષ્કામ કર્મ કરવું શક્ય છે ખરું ? કારણ કે સામાન્ય રીતે જે કર્મોને આપણે નિઃસ્વાર્થી ગણીએ છીએ તે ખરું જોતાં નિષ્કામ હોતાં નથી. એમાં તો ફક્ત વ્યક્તિના સંકુચિત, ક્ષુદ્ર સ્વાર્થને ઠેકાણે વધારે વિશાળ કામનાઓ રહેલી હોય છે. એ વિશાળ કામનાઓ અપૌરુષેય જેવી, વ્યક્તિતાથી પર, પુણ્યરૂપ દેખાય છે, દેશની કે માનવજાતિની હોય એવી લાગે છે. વળી શ્રીકૃષ્ણ આગ્રહ-પૂર્વક કહે છે તેમ બધાં જ કર્મો પ્રકૃતિના ગુણો જ કરતા હોય છે — આપણી પ્રકૃતિ જ કર્મો કરતી હોય છે. શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કર્મ કરતાં પણ આપણે આપણી પ્રકૃતિને અનુસરીને જ કર્મ કરીશું. ઘણી વાર તો શાસ્ત્રનિયત કર્મ આપણી કામનાઓને, પૂર્વગ્રહોને, આવેગોને, યા તો, આપણી અંગત, રાષ્ટ્રીય કે સંપ્રદાયની મિથ્યાભિમાનની લાગણીને, લાગણીવેડાને, કે એના રાગદ્વેષોને ઢાંકવાનો પડદો જ માત્ર હોય છે. પરંતુ એવું ન હોય તોપણ, એટલે કે જ્યારે એ વસ્તુ શુદ્ધમાં શુદ્ધ હોય છે ત્યારે પણ, એવા નિયમ પ્રમાણે આચરણ કરવામાં આપણે આપણી

પ્રકૃતિની પસંદગીને જ અનુસરીએ છીએ. પરંતુ ધારો કે આપણી પ્રકૃતિનું બંધારણ જ જુદું હોત, અને આપણી બુદ્ધિના ઉપર પ્રકૃતિના ગુણો જુદી જ રીતે કાર્ય કરતા હોત તો આપણે શાસ્ત્રનો સ્વીકાર ન પણ કરત, પરંતુ આપણી મરજી પ્રમાણે, આપણી બુદ્ધિના વિચારો પ્રમાણે આપણે જીવન ગાળતા હોત, અથવા તો સમાજના નિયમોનો ભંગ કરીને તેમાંથી બહાર જતા રહેત અને એકાંતવાસી માણસની કે સંન્યાસીની જિંદગી પસંદ કરત. આપણી બહારની કોઈ પણ વસ્તુની આજ્ઞા કે આદેશ પ્રમાણે વર્તન કરીને આપણે વ્યક્તિતાના બંધનમાંથી મુક્તિ મેળવી શકીશું નહિ, કારણ કે આપણે આપણી જાતની બહાર જઈ શકતા નથી. બંધનમાંથી મુક્તિ મેળવવા માટે આપણી અંદર રહેલ ઊંચામાં ઊંચા તત્ત્વમાં, આપણા મુક્ત આત્મામાં આપણે આરોહણ કરવું જોઈએ, સર્વમાં એકરૂપે રહેલા મુક્ત આત્માને આપણે પ્રાપ્ત કરવો જોઈએ, એ આત્મા સર્વમાં એક હોવાથી એને પોતાનો અંગત હોય એવો સ્વાર્થ હોતો નથી. આનો અર્થ આપણી અંદર રહેલી પ્રભુની દિવ્ય ચેતનામાં આરોહણ કરવું, એ પ્રભુ વિશ્વાતીત, વિશ્વથી પર, પરાત્પર છે, અને પરાત્પર હોવાથી પોતાનાં વિશ્વનાં કર્મોથી અથવા તો, પોતાનાં અંગત કર્મોથી એ બંધાતો નથી. ગીતા આપણને આ વસ્તુ શીખવે છે, અને નિષ્કામતા એ તો આ હેતુ પાર પાડવા માટેનું એક સાધન માત્ર છે, એ કંઈ યોગનું સાધ્ય નથી, અંતિમ ઉદ્દેશ્ય નથી. આપણે કબૂલ કરીશું એ ખરું છે. પરંતુ પ્રશ્ન રહે છે કે એ નિષ્કામતાની સ્થિતિ લાવવી કેવી રીતે ? એના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છે કે 'સઘળાં કર્મો યજ્ઞ ખાતર, યજ્ઞમાં અપાતી આહુતિ રૂપે, કરવાનો અભ્યાસ પાડીને.' યજ્ઞ સિવાય બીજા હેતુને ખાતર કર્મ કરવાથી આ લોકમાં કર્મનું બંધન પ્રાપ્ત થાય છે. માટે 'હે કુંતીપુત્ર, તું યજ્ઞને ખાતર કર્મ કર — સર્વ પ્રકારની આસક્તિથી મુક્ત થઈને યજ્ઞને ખાતર કર્મ કર.' — આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે સઘળાં કર્મો — નહિ કે કેવળ યજ્ઞયાગાદિ યા તો સામાજિક ધર્મનાં કર્મો જ — એ પ્રમાણે યજ્ઞની ભાવના વડે કરી શકાય છે. કોઈ પણ કર્મ પછી તે સંકુચિત કે વિશાળ એવી અહં-બુદ્ધિમાંથી, યા તો પ્રભુને ખાતર યજ્ઞરૂપે, કરી શકાય છે. આ સઘળી સચેતન સૃષ્ટિ, પ્રકૃતિની સઘળી ક્રિયાઓ કેવળ પ્રભુને ખાતર જ અસ્તિત્વમાં રહે છે. પ્રભુમાંથી તેમનો ઉદય થયો છે, પ્રભુ વડે તેઓ ટકી રહેલ છે, પ્રભુ પ્રત્યે તે ગતિ કરી રહેલ છે. — આખરે, તેઓ પ્રભુને પહોંચે છે. પરંતુ જ્યાં સુધી આપણે અહંબુદ્ધિને વશ હોઈએ છીએ ત્યાં સુધી આપણે એ સત્યને જોઈ કે જાણી શકતા નથી, અથવા તો એના પ્રમાણે કર્મ કરી શકતા નથી, — પરંતુ અહંના સંતોષને ખાતર, અને અહંભાવથી પ્રેરિત થઈને જ આપણે કર્મ કરીએ છીએ, એટલે કે યજ્ઞ કરવાની ભાવના સિવાય જ આપણે કર્મ કરીએ છીએ.—*યજ્ઞાર્થાત્ કર્મણોઽન્યત્ર.* આપણા બંધનની ગાંઠ 'અહં' છે. અહંનો વિચાર કર્યા વિના ઈશ્વર-પ્રીત્યર્થે કર્મો

કરવાથી, આપણે અહંની એ ગાંઠને ઢીલી કરીએ છીએ અને છેવટે મુક્તિને પામીએ છીએ.

પ્રથમ તો વેદમાં પ્રથમ રજૂ થયેલી યજ્ઞની ભાવનાને અને ભાષાને લઈને પ્રચલિત શબ્દોમાં યજ્ઞના નિયમને ગીતા સમજાવે છે. આ પ્રમાણે કરવામાં ગીતાનો એક ખાસ ઉદ્દેશ રહેલો છે. આપણે આગળ જોયું છે કે સંન્યાસ અને કર્મ એ બે વચ્ચેનાં વિરોધનાં બે સ્વરૂપો છે : એક છે સાંખ્ય અને યોગ-પદ્ધતિ વચ્ચેનો વિરોધ, જેનું સમાધાન ગીતાએ કરી આપ્યું છે, અને બીજો છે વેદવાદ યાને કર્મકાંડ અને વેદાંત વચ્ચેનો વિરોધ, જેનું સમાધાન શ્રીકૃષ્ણને કરવાનું હજી બાકી રહેલું છે. પહેલા વિરોધમાં સામાન્ય સિદ્ધાંતોની વિચારણા આવે છે અને ત્યાં કર્મનો ખ્યાલ ઘણો જ વિશાળ અને સર્વમાન્ય છે. દિવ્યતાની એક ભૂમિકા, જે એક અક્ષર અને અક્રિય પુરુષની ભૂમિકા છે, એ પુરુષ જે સર્વનો આત્મા છે તેના સ્વીકારથી સાંખ્યદર્શનનો આરંભ થાય છે. આ પુરુષ સર્વમાં રહેલા અંતરાત્માનું સાચું સ્વરૂપ છે એમ સાંખ્ય માને છે. એ દર્શનમાં પુરુષની અક્રિયતા અને પ્રકૃતિની ક્રિયાત્મકતા વચ્ચે વિરોધ રહેલો છે. એટલે, તર્ક પ્રમાણે સાંખ્યદર્શન તો પૂર્ણતાની અવસ્થામાં સર્વ કર્મોનો અંત કે નિર્વાણ આવે એ જ યોગ્ય ગણાય. હવે, સર્વના શાસક પ્રભુનો, યાને ઈશ્વરનો સ્વીકાર કરીને યોગદર્શન પોતાની વિચારણાનો આરંભ કરે છે. પ્રકૃતિનાં સઘળાં કર્મોનો શાસક એ ઈશ્વર છે, અને તેથી પ્રકૃતિનાં બધાં કાર્યોથી ઈશ્વર પર છે. આમ હોવાથી એ માર્ગનો અંતિમ પરિપાક કર્મનો અંત લાવવામાં નહિ, પરંતુ કર્મો કરવા છતાં આત્માની એ કર્મોથી નિર્લિપ્ત એવી શ્રેષ્ઠ અવસ્થા પ્રાપ્ત કરવામાં, તથા કર્મો કરવા છતાં, અને કર્મોની વચ્ચે આત્માની મુક્તિ અનુભવવામાં રહેલો છે. વેદવાદ અને વેદાંત એ બેના વિરોધમાં 'કર્મો' એટલે વૈદિક કર્મકાંડનાં કર્મો અને એવાં બીજાં વિધિપ્રધાન-કર્મો એવો અર્થ થાય છે. બીજાં કર્મો મોક્ષ માટે ઉપયોગનાં નહિ હોવાથી એમને બાતલ રાખવામાં આવે છે, પૂર્વ મીમાંસકોના વેદવાદમાં એ કર્મોનો સાધન તરીકે ઉપયોગ વિહિત છે, જ્યારે ઉત્તર મીમાંસા એટલે વેદાંત ઉપનિષદોના ઉપર પોતાનો પાયો રચીને યજ્ઞ વગેરે કર્મોને, એટલે કર્મની ઉપાસનાને, અજ્ઞાની માણસો માટે આરંભની દશા તરીકે સ્વીકારે છે; પરંતુ મોક્ષને માટે એ કર્મોથી પર થઈ જવું જોઈએ, — એમનો ઇન્કાર કરવો જોઈએ એમ ભારપૂર્વક માને છે, કારણ કે મુમુક્ષુને તે બાધારૂપ છે. વેદવાદ પ્રમાણે તો દેવતાઓની ઉપાસના પણ વિહિત છે, યજ્ઞ વગેરે કર્મો પણ આવશ્યક છે, અને મોક્ષને માટે એ સઘળું સહાયકારક મનાય છે. વેદાંતદર્શન દેવતાઓને કેવળ માનસિક અને ભૌતિક જગતની વિશ્વશક્તિઓ તરીકે સ્વીકારે છે, પણ તેમને મોક્ષના વિરોધી ગણે છે. ઉપનિષદમાં કહ્યું છે કે માણસો તો દેવતાઓનાં પશુ છે, એ દેવો માનવને જ્ઞાન થાય, તે મુક્ત બને એમ ઇચ્છતા નથી. વેદાંતમાં પ્રભુ એટલે

અક્ષર-બ્રહ્મ, અને એની પ્રાપ્તિ કર્મોથી કે યજ્ઞથી નહિ પરંતુ જ્ઞાન વડે જ થઈ શકે એવો સિદ્ધાંત છે. કર્મો તો કેવળ ભૌતિક પરિણામો જ લાવી આપે, ઊતરતા પ્રકારના સ્વર્ગની પ્રાપ્તિ પણ તે કરાવી શકે; પણ મોક્ષ પ્રાપ્ત કરાવી શકે નહિ, ને એટલે એમનો તો ત્યાગ થવો જોઈએ.

વેદ અને વેદાંતના વિરોધનો તોડ ગીતા આ રીતે લાવે છે : બધા દેવો એક જ દેવનાં, એક જ ઈશ્વરનાં જુદાંજુદાં સ્વરૂપો છે એવો ગીતાનો આગ્રહ છે. એ દેવાધિદેવ, એ ઈશ્વર, યાગનો અને ભક્તિનો, યજ્ઞનો અને તપસ્યાનો ભોક્તા છે. દેવોને અર્પણ કરેલો યજ્ઞ ભૌતિક ફળો અને સ્વર્ગનાં નાશવંત સુખો આપે છે તે ખરું, પરંતુ એનો સાચો ભોક્તા તો ઈશ્વર જ છે. વળી એ પણ સાચું છે કે ઈશ્વરને જે યજ્ઞ અર્પણ કરવામાં આવે છે તે એ દેવોના યજ્ઞનાં પરિણામોથી ઘણા ઊંચા પ્રકારનાં ફળ આપે છે, તે મુક્તિ પણ આપે છે કારણ કે ઈશ્વર અને અક્ષર-બ્રહ્મ એ બન્ને એક જ સત્-તા છે. અને જે કોઈ માણસ એમાંના એકને માટે પ્રયત્ન કરે છે તે, હકીકતમાં, એક દિવ્ય ચેતના પ્રત્યે, એક દિવ્ય સત્ પ્રત્યે પ્રયાણ કરી રહ્યો હોય છે. સર્વ કર્મો જ્યારે પોતાની સાર્થકતા પ્રાપ્ત કરે છે ત્યારે એની પૂર્ણતા જ્ઞાનમાં પરિણમે છે. सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते. આમ કર્મો જ્ઞાનપ્રાપ્તિમાં બાધક નથી પણ સહાયક છે, જ્ઞાન પ્રત્યે લઈ જનાર માર્ગ છે. આમ યજ્ઞના અર્થનું વિસ્તારપૂર્વક વિવેચન કરીને વેદ અને વેદાંત વચ્ચેના વિરોધનું સમાધાન ગીતા કરી આપે છે. ખરું જોતાં, સાંખ્ય અને યોગ વચ્ચેના વિરોધનું જ એ વેદ-વેદાંત વચ્ચેનો વિરોધ એક મર્યાદિત સ્વરૂપ છે. વેદવાદ એ યોગમાર્ગનું એક ખાસ અને સંકુચિત સ્વરૂપ છે. વેદાંતવાદીઓનો સિદ્ધાંત સાંખ્યોને મળતો આવે છે કારણ કે એ બન્ને દર્શનોમાં પ્રકૃતિની વિવેક કરનારી, અને તેથી ભેદ કરનારી, શક્તિઓમાંથી — અહં, મન, ઇન્દ્રિયો વગેરેમાંથી,— અને સ્વાનુભવનાં અને વસ્તુનિષ્ઠ એવાં બન્ને તત્ત્વોમાંથી,બુદ્ધિ પાછી ફરે – પરાઙ્મુખ થાય,– અને અનિર્દેશ્ય અને અવ્યય એવા અક્ષરમાં–બ્રહ્મમાં–લય પામે એ મુક્તિનો માર્ગ ગણાય છે. આ સમાધાન દૃષ્ટિ આગળ રાખીને શ્રીકૃષ્ણ યજ્ઞ વિષેનો પોતાનો સિદ્ધાંત રજૂ કરે છે; પરંતુ બધો વખત 'યજ્ઞ'નો જે મર્યાદિત અર્થ વેદમાં કરવામાં આવે છે તેના પર પોતાની નજર રાખતા નથી. પરંતુ યજ્ઞને તેના વધારે વિશાળ અને સર્વમાન્ય એવા અર્થમાં સ્વીકારે છે. એ પ્રમાણે સંકુચિત અને રૂઢિપ્રધાન વિચારોને વિશાળ બનાવી લેવા, અને એમનામાં વધારે વિશાળ સત્યનો — જે સત્યને તેઓ સંકુચિત કરતા હોય છે તેનો — સમાવેશ કરવો એ ગીતાની હમેશની પદ્ધતિ રહેલી છે.

યજ્ઞનું રહસ્ય

ગીતામાં યજ્ઞનો સિદ્ધાંત બે જુદેજુદે ઠેકાણે આપવામાં આવ્યો છે: ત્રીજા અધ્યાયમાં અને ચોથા અધ્યાયમાં. એમાં ત્રીજા અધ્યાયની ભાષા ધ્યાનમાં લઈએ તો આપણને એમ જ લાગે કે અહીં વેદવિહિત યજ્ઞ વિષે જ શ્રીકૃષ્ણ બોલી રહ્યા છે. પણ ચોથામાં યજ્ઞને વિશાળ તત્ત્વજ્ઞાનવાળા એક પ્રતીક તરીકે તેઓ સમજાવે છે, અને એથી 'યજ્ઞ' શબ્દનો સાદો અર્થ જ ફરી જાય છે અને તે એક ઉચ્ચ માનસિક અને આધ્યાત્મિક સત્યનું રૂપ ધારણ કરે છે. "પ્રજાપતિ બ્રહ્માએ યજ્ઞની સાથે પ્રજાઓ ઉત્પન્ન કરીને કહ્યું: 'આ યજ્ઞથી તમે (યજ્ઞનાં ફળને અને પ્રજાને) જન્મ આપશો.' એ યજ્ઞ તમારી કામનાઓ પૂરી પાડનાર કામધેનુ થાઓ. એનાથી દેવોને તમે પોષો અને દેવો (એના બદલામાં) તમારું પોષણ કરો; એ પ્રમાણે પરસ્પર પોષતા તમે પરમ કલ્યાણને પ્રાપ્ત કરશો. યજ્ઞથી પોષિત અને તુષ્ટ થયેલા દેવતાઓ તમને ઇષ્ટ ભોગોનું દાન કરશે; તેમણે આપેલા એ દાનોનો દેવોને અર્પણ કર્યા વિના જે માણસ ઉપભોગ કરે છે તેને ચોર જ સમજવો. જે સાધુપુરુષો યજ્ઞમાંથી અવશેષ રહેલું અમૃત ખાય છે તેઓ સર્વ પાપમાંથી મુક્ત થઈ જાય છે. પરંતુ જેઓ પોતાને જ માટે રાંધે છે તેઓ પાપી છે અને તેઓ પાપનું જ ભક્ષણ કરે છે. તેઓ ખાય છે તે અન્ન પણ પાપ રૂપ છે. પ્રાણીઓ અન્નમાંથી જન્મે છે, અને વરસાદને લઈને અન્ન પાકે છે, યજ્ઞ વડે વરસાદની ઉત્પત્તિ થાય છે, અને યજ્ઞ કર્મમાંથી ઉદ્‌ભવે છે. કર્મને બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું તું જાણ; અને બ્રહ્મ અક્ષરમાંથી જન્મે છે. માટે સર્વવ્યાપી બ્રહ્મ યજ્ઞમાં સ્થાપિત થયો છે. જે મનુષ્ય આ જગતમાં ઉપર જણાવ્યા પ્રમાણેની ચક્રગતિને અનુસરતો નથી તે પાપી છે, તે ઇન્દ્રિયોના સુખમાં રચીપચી રહેનારો છે, હે પાર્થ, એ માણસનું જીવવું વૃથા છે." (૩. ૧૦-૧૬) આ પ્રમાણે યજ્ઞની જરૂરનું પ્રતિપાદન કરીને આધ્યાત્મિક માણસ કર્મ કરતાં શ્રેષ્ઠ છે, એમ ગીતા આપણને કહે છે. આ શ્લોકો પહેલી નજરે યજ્ઞયાગની પ્રણાલિકાનું સમર્થન કરે છે એવું આપણને લાગે છે. એમને કયા અર્થમાં લેવાના છે તે આપણે આગળ જતાં જોઈશું. "જે માણસનો આનંદ આત્માની અંદર જ રહેલો છે, તથા જે માણસ આત્માના આનંદથી જ પરિતૃપ્ત છે, જે આત્માની અંદર જ સંતોષ માને છે તેને કાંઈ પણ કરવાપણું રહેતું નથી. એવા માણસને

કર્મમાં પ્રવૃત્ત થઈને અથવા તેમાંથી નિવૃત્ત બનીને સાધવાનો હોય એવો કોઈ હેતુ હોતો નથી. કોઈ પણ હેતુ પ્રાપ્ત કરવા માટે આ બધા પ્રાણીઓ ઉપર એને આધાર રાખવો પડતો નથી."-(૩. ૧૭-૧૮)

અહીં બે આદર્શો આપણે જોઈએ છીએ : એક વેદનો અને બીજો વેદાંતનો. બન્ને એકબીજાની સામે તીવ્ર વિરોધ અને ભેદ સહિત ઊભા છે. જગતમાં ભોગો પ્રાપ્ત કરવાનો સક્રિય આદર્શ એક બાજુ છે, એમાં યજ્ઞ વડે સ્વર્ગનું શ્રેષ્ઠ સુખ પણ મેળવી શકાય છે, તથા માનવની શક્તિઓ અને દેવતાઓ વચ્ચે પરસ્પર વિનિમય થાય છે. બીજી તરફ મુક્ત આત્માનો વધારે કઠણ અને કઠોર આદર્શ રહેલો છે. જે માનવ પોતાના આત્મામાં મુક્ત છે, સ્વતંત્ર છે, તેને ભોગો સાથે કે, માનવના અહં-કેન્દ્રિત કર્મો સાથે કશી લેવાદેવા હોતી જ નથી. એવો માણસ તો આત્માની પરમ શાંતિમાં રહે છે, અને બ્રહ્મના સ્થિર આનંદમાં તેનો આનંદ રહેલો છે. હવે પછીના જે શ્લોકો આવે છે તે આ બે સામસામા છેડાઓ વચ્ચે સમાધાન કરવાની ભૂમિકા તૈયાર કરે છે. ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા પ્રત્યે અભિમુખ થતાં માનવે અકર્મ થઈ જવું એવું કાંઈ જ્ઞાનનું ખરું રહસ્ય નથી, પરંતુ સત્યની પ્રાપ્તિ પહેલાં અને તેની પ્રાપ્તિ થયા પછીથી નિષ્કામ કર્મનું આચરણ કરવું એ સાચી વસ્તુ છે. મુક્ત થયેલા આત્માને કર્મ કરીને મેળવવાનું હોય એવું કાંઈ જ હોતું નથી, તેમ અકર્મ રહીને મેળવવાનું હોય એવું પણ કાંઈ નથી. અને કોઈ વ્યક્તિગત હેતુ સાધવા માટે સાધારણ માણસ પેઠે એણે એ બે વચ્ચે પસંદગી કરવાની હોતી નથી. "તેથી અનાસકત રહીને જે કર્મ તારે કરવાનું છે તે તું કર; — એ કર્મ પણ લોકસંગ્રહને ખાતર કરવાનું છે એમ પણ બીજા જ શ્લોકમાં સ્પષ્ટ કરવામાં આવે છે — કારણ કે અનાસકત રહીને કર્મ કરતાં માનવ ઊંચામાં ઊંચી સ્થિતિને પ્રાપ્ત કરે છે. જનક વગેરે કર્મ વડે જ પૂર્ણતાને પામ્યા હતા." (૩. ૧૯-૨૦) વળી એ પણ ખરું છે કે કર્મ અને યજ્ઞ પરમ શ્રેયને પ્રાપ્ત કરવાનાં સાધન છે—श्रेयः परमवाप्स्यथ—(૩, ૧૧). પરંતુ કર્મો ત્રણ પ્રકારનાં છે : ૧. યજ્ઞની ભાવના વગર, અંગત સુખભોગને ખાતર કરવામાં આવતાં સ્વાર્થી અને અહંપ્રધાન કર્મો, જે જીવનના સાચા નિયમને કે ઉદ્દેશને પ્રાપ્ત કરી શકતાં નથી. એવાં કર્મ કરનાર માણસ—मोघं पार्थ स जीवति (૩. ૧૬). ૨. બીજા પ્રકારનાં કર્મ સકામ કર્મો છે જે યજ્ઞની ભાવનાપૂર્વક અને યજ્ઞના ફળની કામના સહિત એટલે તેના વડે મળતા ભોગો માટે કરવામાં આવતાં કર્મો. યજ્ઞની ભાવનાપૂર્વક કરવામાં આવેલાં હોઈ આ કર્મો એટલે અંશે સમર્પિત થયેલાં, શુદ્ધ થયેલાં હોય છે. ૩. ત્રીજા પ્રકારનાં કર્મો તે સંપૂર્ણપણે નિષ્કામ થઈને કોઈ પણ પ્રકારની આસકિત વગર કરેલાં કર્મો છે. આ છેવટના પ્રકારનાં

કર્મો માનવના આત્માને ઊંચામાં ઊંચી સ્થિતિ અપાવે છે—પરમ્ આપ્નોતિ પુરુષઃ (૩. ૧૯).

'અહીં જે ઉપદેશ આપવામાં આવ્યો છે તેનો અર્થ અને સાર જે ત્રણ શબ્દો — 'યજ્ઞ', 'કર્મ' અને 'બ્રહ્મ' — નો પ્રયોગ થયો છે તેના અર્થ કરવા ઉપર આધાર રાખે છે. જો 'યજ્ઞ'નો અર્થ વૈદિક ક્રિયાકાંડમાંનો જ યજ્ઞ હોય,—'કર્મ' જેમાંથી યજ્ઞ ઉત્પન્ન થાય છે તે વૈદિક વિધિનું કર્મ જ હોય, અને જે 'બ્રહ્મ'-માંથી કર્મ ઉદ્‌ભવે છે તે બ્રહ્મનો અર્થ 'શબ્દબ્રહ્મ' એટલે કે વેદની વાણી એટલો જ લઈએ તો વેદવાદીઓની માન્યતાઓને ગીતા સ્વીકારે છે એમ જ કહેવું પડે. અને તો પછી, એમાં કાંઈ જ ઉમેરવાનું રહેતું નથી. યજ્ઞયાગ વગેરે વૈદિક ક્રિયાઓ વડે પ્રજા, ધન અને સ્થૂળ ભોગોના પદાર્થો મળી શકે છે, એવા ભોગો પ્રાપ્ત કરવા માટે યજ્ઞ વગેરે ક્રિયાઓ યોગ્ય સાધન ગણાય છે. યજ્ઞનકાર્યને પરિણામે આકાશમાંથી વરસાદ આવે છે, અને વરસાદને લઈને લોકોની સંપત્તિ અને પ્રજાતંતુ બંનેનું રક્ષણ થાય છે. જીવન એટલે માનવ અને દેવતાઓ વચ્ચે આપલેની ક્રિયા. જીવનમાં દેવતાઓએ આપેલી ભેટ માનવ પાછો યજ્ઞવિધિ વડે દેવતાઓને અર્પણ કરે છે અને એ રીતે એમને તૃપ્ત કરે છે. એના બદલામાં વળી પાછી દેવતાઓ તરફથી માનવને વિવિધ પ્રકારની સંપત્તિ મળે છે; અને મળેલી સંપત્તિ સુરક્ષિત રહે છે, અને માનવ સર્વ રીતે પોષણ પામે છે. આમ માનવનાં સઘળાં કર્મો સાથે યજ્ઞની ભાવના સંકળાવી જોઈએ, અને સર્વ કર્મો યજ્ઞ તરીકે કરવાં જોઈએ. જે કામ એ પ્રમાણે યજ્ઞ તરીકે કરવામાં આવતું નથી તે શાપિત છે, અને યજ્ઞમાં અર્પણ કર્યા વિના ભોગવેલા ભોગો પાપરૂપ છે. જીવનનું ઊંચામાં ઊંચું ધ્યેય મોક્ષ છે તે પણ યજ્ઞ કરીને મેળવવાનો છે. માનવે યજ્ઞનો કદી પણ ત્યાગ કરવો જોઈએ નહીં. મુમુક્ષુએ પણ યજ્ઞની ક્રિયા ચાલુ રાખવી જોઈએ, અલબત્ત, અનાસકત રહીને. એવા વૈધ યજ્ઞનું અનુષ્ઠાન કરવાથી જનકાદિ સાધકો મુક્તિને પ્રાપ્ત કરી શકયા હતા.

એટલું તો સ્પષ્ટ છે કે ગીતાનો ઉપદેશ ઉપર જણાવ્યો તેવો હોઈ શકે નહીં, કારણ કે ગીતાના બાકીના ભાગનો જે બોધ છે તેનાથી એ તદ્‌ન વિરોધી છે. ચોથા અધ્યાયમાં 'યજ્ઞ' શબ્દના ઉપર જ્ઞાનનો પ્રકાશ નાખનારો જે અર્થ આપવામાં આવ્યો છે તે બાતલ રાખતાં પણ આ શ્લોકોમાં પણ 'યજ્ઞ' વગેરે શબ્દનો વપરાશ વિશાળ અર્થ લેવાની આછી સૂચના આપણને મળી આવે છે. ઉ.ત. અહીં કહેવામાં આવ્યું છે કે 'યજ્ઞ કર્મમાંથી ઉદ્‌ભવે છે.' (૩-૧૫) અને 'કર્મ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે.' (૩-૧૫) 'બ્રહ્મ અક્ષરમાંથી; તેથી કરીને, સર્વત્ર વ્યાપેલું બ્રહ્મ સર્વગતં બ્રહ્મ—સદા યજ્ઞમાં પ્રતિષ્ઠિત થયેલું જાણ.' (૩-૧૫)

અહીં તસ્માત્—'તેથી કરીને'ના પ્રયોગની સાર્થકતા અને 'બ્રહ્મ' શબ્દનો ફરીફરીને કરેલો પ્રયોગ ધ્યાન ખેંચે છે. કારણ કે તેનાથી એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે જે બ્રહ્મમાંથી સર્વ કર્મોનો ઉદય થાય છે તેને પ્રચલિત 'વેદ' એવા અર્થમાં સમજવાનું નથી. અહીં 'બ્રહ્મ'નો પ્રતીક તરીકે અર્થ લેવાનો છે. સર્જન કરનાર પ્રેરણાત્મક શબ્દ બ્રહ્મ એ જ સર્વમાં વ્યાપી રહેલ બ્રહ્મ છે. એ બ્રહ્મ સર્વ-ભૂતેષુ — સર્વ પ્રાણીઓમાં વ્યાપી રહેલું છે. 'વેદ' એટલે ઈશ્વર વિષેનું દિવ્ય જ્ઞાન. 'સર્વ પ્રકારનાં આધ્યાત્મિક જ્ઞાનનાં પુસ્તકો વડે જેને જાણવાનો છે તે હું પોતે છું'—વેદેષુ વેદ્યઃ—એવું આગળના અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે. પરંતુ એ જ્ઞાન એટલે પ્રકૃતિની અંદર રહેલા તેના ત્રણ ગુણોના કાર્યમાં રહેલા બ્રહ્મનું જ્ઞાન એમ સમજવાનું છે. ત્રૈગુણ્યવિષયા વેદાઃ । પ્રકૃતિનાં કાર્યોમાં રહેલા ઈશ્વરનો યાને બ્રહ્મનો જન્મ અવિકારી — અક્ષર પુરુષમાંથી થાય છે. એ અક્ષર પ્રકૃતિના સર્વ ગુણોથી, કર્મોથી, આકારોથી સર્વ પ્રકારે પર રહેલો છે — એ નિસ્ત્રૈગુણ્ય—ત્રણે ગુણોથી રહિત છે. બ્રહ્મ પોતે તો એક જ છે પરંતુ બે સ્વરૂપોમાં, પોતાનો આવિર્ભાવ કરે છે : એક અક્ષર બ્રહ્મ અને બીજું કર્તા અને સૃષ્ટા પ્રભુ. અક્રિય અને સર્વવ્યાપી આત્મા રૂપે તે સઘળે છે, તે જ પ્રમાણે વસ્તુઓમાં -- જર જીવનમાં થતાં સર્વ કર્મોનો સર્વત્ર કાર્ય કરી રહેલો કર્તા, પણ તે જ છે. એકમાં, પુરુષ પોતાના સ્વરૂપમાં સ્થિર થયેલો હોય છે; બીજામાં, તે જ પુરુષ પ્રકૃતિમાં સક્રિય બને છે. એ અક્ષર છે, એ જ ક્ષર છે. દિવ્યતાનાં એ બંને પાસા-ઓનો આશ્રય લઈને પરાત્પર પુરુષોત્તમ વિશ્વમાં પોતાનો આવિર્ભાવ કરે છે. સર્વે ગુણોથી પર એવા અક્ષર પુરુષોત્તમ એ જ તેની શાંતિ, આત્માધિકાર અને સમતાની અવસ્થાનો દ્યોતક છે,—સમં બ્રહ્મ છે. એમાંથી જ પ્રકૃતિના ગુણોમાં એનો આવિર્ભાવ અને એનાં વૈશ્વિક કાર્યો થાય છે. પ્રકૃતિમાં કાર્ય કરી રહેલા પુરુષમાંથી, ગુણોમાં પ્રગટ થયેલા આ બ્રહ્મમાંથી,* વિશ્વશક્તિનાં કર્મો, માનવમાં

---

* અહીં આપેલા આ શ્લોકનો અર્થ બરાબર છે, તે ૧૮મા અધ્યાયના આરંભના શ્લોકોથી પણ પ્રમાણિત બને છે. ત્યાં વિશ્વનાં તત્ત્વોની ગણત્રીમાં અક્ષર, (સ્વભાવ) કર્મ, ક્ષરભાવ, પુરુષ, અધિયજ્ઞ વગેરેનો સમાવેશ થયો છે. અક્ષર તે અવિકારી બ્રહ્મ છે, આત્મતત્ત્વ છે; સ્વભાવ એટલે અધ્યાત્મ — અધ્યાત્મ એટલે મૂળ પુરુષમાં રહેલું તત્ત્વ જે પ્રકૃતિ તરીકે સક્રિય બને છે તે,—આવિર્ભાવ કરવાનો 'સ્વ'નો પ્રકાર,—એ અક્ષરમાંથી પ્રગટ થાય છે; કર્મ એમાંથી ઉદ્ભવે છે અને 'વિસર્ગ' છે—એ વિસર્ગ સર્વ પ્રાણીપદાર્થોને તથા વિકારી સર્વ સત્-તાઓના રૂપોને સર્જે છે; એટલે કે સર્વ પ્રકારનાં જર પ્રાણીઓ, કે જર ભાવો, તે કર્મનું પરિણામ છે,—સ્વભાવમાંથી,—મૂળ પ્રકૃતિમાંથી,—ઊપજતો જર

તેમજ સર્વભૂતોમાં જન્મે છે. એ કર્મમાંથી યજ્ઞનો સિદ્ધાંત ફલિત થાય છે. દેવો અને માનવ વચ્ચે ભૌતિક આપલે થાય છે તે પણ એ યજ્ઞના સિદ્ધાંત પ્રમાણે થાય છે. ઉદાહરણ તરીકે, વરસાદ અને તેનું પરિણામ અન્ન બંનેનો આધાર યજ્ઞના ઉપર રહેલો છે. માનવોના જન્મનો આધાર અન્નના ઉપર છે. અસલ સ્વરૂપમાં જોવા જઈએ તો પ્રકૃતિનું સઘળું કાર્ય યજ્ઞસ્વરૂપનું જ છે. વિશ્વપ્રકૃતિના એ મહાન યજ્ઞનો ભોક્તા, સર્વ યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વભૂત મહેશ્વર એવો પુરુષોત્તમ પોતે જ છે. એ સર્વમાં વ્યાપી રહેલું બ્રહ્મ યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે એમ જાણવું એ વેદનું સાચું જ્ઞાન છે.

પરંતુ એ દેવાધિદેવને, એ પુરુષોત્તમને તેની ઓછી દિવ્યતાવાળા દેવતાઓના રૂપમાં પણ માનવ જાણી શકે છે. દેવતાઓ એટલે પ્રભુની દિવ્ય પ્રકૃતિ સહિત કાર્ય કરનારી એની પોતાની મર્યાદિત સત્તાઓ, મર્યાદિત શક્તિઓ. વિશ્વમાં કાર્ય કરતી પ્રભુની એ દેવી શક્તિઓ, એટલે કે દેવો, અને માનવનો આત્મા એ બેની વચ્ચે સદા આપલે થયા જ કરતી હોય છે: દેવો અને માનવો પરસ્પર આપલે કરે છે, સહાય કરે છે, પરસ્પર પોષે છે, પરસ્પર શક્તિઓની, ઐશ્વર્યની વૃદ્ધિ કરે છે, પરસ્પર તૃપ્તિ આપે છે. એવી આપલે વડે માનવનો આત્મા પરમ શ્રેયનો અધિકારી બની શકે છે. વિશ્વ-જીવનમાં કાર્ય કરતા દેવોનો સ્વીકાર કરનાર માનવી એ વસ્તુ સ્વીકારે છે કે એનું પોતાનું જીવન વિરાટ પ્રકૃતિમાં થઈ રહેલા દિવ્ય કાર્યનો જ, વિશ્વયજ્ઞનો જ એક ભાગ છે. એટલે કે માનવનું જીવન અતડું, અટૂલું નથી, જેનું સંવર્ધન અને પાલન કેવળ પોતાને જ ખાતર કરવાનું હોય. પોતાને જીવનમાં જે ભોગો અને પોતાની કામનાની તૃપ્તિના જે ઇષ્ટ પદાર્થો માનવને મળે છે, તેમને તે યજ્ઞના ફળ તરીકે, વિશ્વસમસ્તમાં કાર્ય કરી રહેલા દેવોએ આપેલા દાન તરીકે તે ગણે છે. ત્યાર પછી અહંતાની પાપમય એકલવાયી તૃપ્તિને ખાતર, પોતાના જ બળ ઉપર આધાર રાખીને, કોઈ પણ પ્રકારનો બદલો કે કૃતજ્ઞતા વગર પ્રાપ્ત કરવાની ન હોય એ રીતે એ ભોગોની અને પદાર્થોની પાછળ દોડવાનું માનવ મૂકી દે છે. જીવનયજ્ઞની આ ભાવના જેમજેમ માનવમાં વૃદ્ધિ પામતી જાય છે તેમતેમ તે પોતાની કામનાઓને ગૌણ બનાવતો જાય છે, અને જીવનના અને કર્મના નિયમ તરીકે યજ્ઞભાવનાનું પાલન કરીને તે સંતોષ માને છે. અને

ભાવ વિકારી સ્વરૂપો છે. પુરુષ તે આત્મા પોતે—આવિર્ભાવની અંદર રહેલું દિવ્ય તત્ત્વ—અધિદૈવત,—એની હાજરીને લઈને કર્મની પ્રક્રિયા અંતરમાં રહેલા પ્રભુને યજ્ઞરૂપે અર્પણ થઈ શકે છે. અધિયજ્ઞ એટલે પ્રભુની ગૂઢ રહેલ સન્નિધિ —જે યજ્ઞનો સ્વીકાર કરે છે.

એ યજ્ઞમાંથી જે કંઈ અવશેષ રૂપે પોતાને મળે તેનાથી સંતોષ પામે છે. પોતાનું જીવન અને વિશ્વજીવન એ બે વચ્ચેના મહાન અને કલ્યાણકારક વિનિમયરૂપી યજ્ઞમાં પોતાનું હોય છે એવું બધું જ તે છૂટથી અર્પણ કરી દે છે. જે માણસ યજ્ઞભાવ-પ્રેરિત કર્મના આ આદિ નિયમથી વિરુદ્ધ વર્તે છે, અને કેવળ પોતાને જ ખાતર કર્મોનું અને ભોગોનું અનુસરણ કરે છે તે માણસનું જીવન વૃથા જાય છે, નિષ્ફળ નીવડે છે. જીવનનો સાચો અર્થ, ઉદ્દેશ અને ઉપયોગ, તથા આત્માનો ઊર્ધ્વ પ્રત્યેનો વિકાસ, તેને પ્રાપ્ત થતો નથી. એની ગતિ પરમ શ્રેયના માર્ગથી દૂર હોય છે. એ પરમ શ્રેય તો એને ત્યારે પ્રાપ્ત થાય જ્યારે માનવ દેવતાઓને ખાતર યજ્ઞ કરવાનું મૂકી દઈને સર્વવ્યાપી એકમેવા-દ્વિતીય એવા પ્રભુનું યજન કરે,— યજ્ઞમાં એ ઈશ્વર પોતે પ્રતિષ્ઠિત છે અને દેવતાઓ એ ઈશ્વરનાં જ અવર પ્રકારનાં — ગૌણ પ્રકારનાં —સ્વરૂપો અને સત્તાઓ છે. વળી, પોતાની અંદર કામનાઓને ઉત્પન્ન કરનાર, અને ભોગો ભોગવનાર ક્ષુદ્ર 'અહં' હોય છે તેનો ત્યાગ કરી દઈને, માનવ 'હું કર્તા છું' એવી બુદ્ધિનો પણ ત્યાગ કરે છે, અને સર્વ કર્મોની કરનાર જે એક સાચી શક્તિ પ્રકૃતિ છે તેને સર્વ કર્મો અર્પે છે, અને પોતે કર્મોનો ભોક્તા છે એ ભાવને, ઊર્ધ્વમાં રહેલ વિશ્વાત્મા જે પ્રકૃતિનાં કર્મોનો સાચો ભોક્તા છે તે દિવ્ય વૈશ્વિક પુરુષને અર્પણ કરે છે. ત્યારે માનવ પરમ શ્રેયને પ્રાપ્ત કરે છે. પોતાના અંગત ભોગોમાં કે ઈન્દ્રિયોની વાસનાની તૃપ્તિમાં નહિ, પરંતુ પોતાના આત્મામાં તેને કેવળ સંતોષ, પૂર્ણ તૃપ્તિ અને શુદ્ધ આનંદ મળી રહે છે. કર્મ કે અકર્મ વડે એને પોતાને કશું જ પ્રાપ્ત કરવાનું હોતું નથી. કોઈ પણ પદાર્થ માટે એવો માણસ દેવતાઓ ઉપર કે માનવના ઉપર આધાર રાખતો નથી. કથામાંથી કોઈ રીતનો લાભ મેળવવા એ વાંછતો નથી, કારણ કે આત્માનો આનંદ એને માટે પૂર્ણ અને પર્યાપ્ત હોય છે. પરંતુ એ કર્મ કરવાં ચાલુ રાખે છે તે કેવળ પ્રભુ-પ્રીત્યર્થે હોય છે, શુદ્ધ યજ્ઞ તરીકે તે કર્મો કરે છે, આસક્તિ કે કામનાથી મુક્ત થઈને તે કર્મ કરે છે. આ રીતે એ માણસ સંપૂર્ણ સમતાને પ્રાપ્ત કરે છે; અને પ્રકૃતિના ગુણોમાંથી મુક્ત થાય છે, — નિસ્ત્રૈગુણ્ય બને છે. એનાં કર્મો થયા કરતાં હોય છે ત્યારે પણ એવા માણસનો અંતરાત્મા પ્રકૃતિની અસલામત એવી સ્થિતિમાં નહિ, પરંતુ અક્ષરબ્રહ્મની શાંતિમાં પોતાની પ્રતિષ્ઠા પામે છે. આ પ્રમાણે એને માટે યજ્ઞની ક્રિયા પુરુષોત્તમને અને પરમ મોક્ષને પામવાનો માર્ગ બની રહે છે.

યજ્ઞ સંબંધી આ શ્લોકોનો ઉપર જણાવ્યો તે જ અર્થ છે એ એની આગળ આવતા શ્લોકોમાં જે વસ્તુ ગીતા કહે છે તેથી સમર્થિત થાય છે. એમાં કર્મ કરવાનો ઉદ્દેશ લોકસંગ્રહ છે, પ્રકૃતિ જ સર્વ કર્મોનો એકમાત્ર

કર્તા છે, અને દિવ્ય પુરુષ ઈશ્વર જ કર્મોનો ભર્તા છે અને કર્મ કરતાં કરતાં પણ એ પ્રભુને જ અર્પણ કરવાં જોઈએ એવું વિધાન કરવામાં આવ્યું છે. આ પ્રમાણે અંતરથી સર્વ કર્મોને સમર્પણ કરી દેવાં અને છતાં બાહ્ય રીતે કર્મો કર્યે જવાં એ આ યજ્ઞની પરાકાષ્ઠા છે. વળી, આવા સક્રિય અંતરના યજ્ઞનું જે કાંઈ ફળ મળે તે નિષ્કામ અને સમતાવાળા મનથી સ્વીકારવું એ જ કર્મનાં બંધનમાંથી મુક્તિ છે એમ ગીતા કહે છે, તેથી આપણે કરેલા યજ્ઞના અર્થને પુષ્ટિ મળે છે. "જે કાંઈ લાભ આપોઆપ પ્રાપ્ત થાય, તેનાથી જે માણસ સંતોષ માને છે, જય-પરાજયમાં જે સમાન છે, તે કર્મ કરતો છતાં બંધાતો નથી* જ્યારે મુક્ત થયેલો આત્મા આસક્તિથી રહિત થઈને યજ્ઞને ખાતર કર્મ કરે છે ત્યારે એનાં બધાં ય કર્મો લય પામી જાય છે." આ શ્લોકો આપણે ફરીથી વિચારવા પડશે. એની પછીના શ્લોકોમાં ગીતાની પરિભાષામાં 'યજ્ઞ' શબ્દનો શો અર્થ થાય છે એ બાબતનું તદ્દન સ્પષ્ટ અને વિગતવાર અર્થઘટન આવે છે, જેથી 'યજ્ઞ' શબ્દ પ્રતીક તરીકે વપરાયો છે, અને ગીતા જે યજ્ઞ કરવાનું કહે છે તે આંતરિક અને આધ્યાત્મિક યજ્ઞ છે એ વિષે જરા પણ શંકાને સ્થાન રહેતું નથી. વેદની પ્રાચીન પ્રણાલીમાં ઋચાઓનો બેવડો અર્થ હતો : એક સ્થૂળ અને બીજો આધ્યાત્મિક — એક યજ્ઞની બાહ્ય ક્રિયાઓને લગતો હતો, બીજો યજ્ઞની બધી પરિસ્થિતિનો આંતરિક અર્થ હતો. પરંતુ વેદના મર્મજ્ઞ દૃષ્ટાઓનો ચોક્કસ, વિસ્મયકારી એવો આંતરસત્તાવિષયક પ્રતીકવાદ ગીતાના સમય સુધીમાં તો કયારનો યે ભુલાઈ ગયો હતો. અહીં ગીતામાં વેદની એ યજ્ઞભાવનાનું સ્થાન એક વધારે વિશાળ, સર્વમાન્ય અને દાર્શનિક તત્ત્વોવાળી, અને પાછળથી પ્રચલિત થયેલા વેદાંતનાં અને યોગનાં તત્ત્વોને રજૂ કરનારી એક નવી જ પ્રતીકની પદ્ધતિનું રૂપ લેતી જણાય છે. આ 'યજ્ઞ'નો 'અગ્નિ' એ કાંઈ ભૌતિક અગ્નિ નથી, પણ 'બ્રહ્માગ્નિ' છે; અથવા તો, બ્રહ્મ પ્રત્યે ગતિ કરતી ચેતનાની ઊર્ધ્વગામી અગ્નિશિખા છે, — એ 'અગ્નિ' અંતરનો છે, જેને વેદમાં યજ્ઞનો 'પુરોહિત' કહેવામાં આવ્યો છે. સાધકે એ અંતરના અગ્નિમાં આહુતિઓ અર્પણ કરવાની છે. એ અગ્નિનાં જુદાંજુદાં સ્વરૂપો હોય છે : એ આત્મસંયમનો અગ્નિ છે જેમાં ઇન્દ્રિયોને હોમવાની છે; અથવા તો વિશુદ્ધ ઇન્દ્રિયોની ક્રિયાનો એ અગ્નિ છે, જેમાં પદાર્થોને અર્પણ

---

* यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ।।
गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ।।—(४,२२-२३)

કરવાના હોય છે. અથવા તો રાજયોગ અને હઠયોગમાં જે પ્રાણનો સંયમ કરવો સામાન્ય છે, તે પ્રાણની સંચિત કરેલી શક્તિ એ આ અગ્નિ છે. અથવા તો પરમ યજ્ઞની શિખારૂપ એ જ્ઞાનાગ્નિ છે. યજ્ઞ કરીને પછીથી જે અવશેષ રહે તેનો આહાર કરવો એ અમૃતનું ભોજન છે, એમ ગીતા કહે છે. અહીં આપણને વેદની પ્રતીકાત્મક પ્રણાલીનો કાંઈક અંશ જોવા મળે છે. વેદમાં સોમરસ એ અમૃતનું સ્થૂળ પ્રતીક છે અને એ સોમ એટલે યજ્ઞના ફળ તરીકે પ્રાપ્ત થતા દિવ્ય આનંદની મસ્તીરૂપ અમરતા આપનારો આનંદ છે. એ સોમરસ દેવતાઓને અર્પણ કરવામાં આવે છે અને માનવ એનું પાન કરે છે. આ આધ્યાત્મિક યજ્ઞમાં અર્પણ કરવાનું 'હવિ' માનવની શક્તિનું કોઈ પણ સ્થૂળ કે સૂક્ષ્મ કાર્ય હોઈ શકે છે,—પોતાના શારીરિક યા તો માનસિક કાર્ય તરીકે માનવ દેવતાઓને કે પ્રભુને, યા તો સર્વગત આત્માને કે વિરાટની શક્તિઓને, યા તો પોતાની અંદર રહેલા દિવ્ય આત્માને, માનવજાતિના આત્માને અને ભૂતમાત્રમાં રહેલા બ્રહ્મને અર્પણ કરે છે, તે સઘળું આ યજ્ઞનું હવિ બની શકે છે.

યજ્ઞની એક વિશાળ અને સર્વગ્રાહી વ્યાખ્યા સાથે આ વિગતવાર સમજૂતીની રજૂઆત થાય છે. એ વ્યાખ્યામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે યજ્ઞની ક્રિયા, એની શક્તિઓ અને એનાં સાધનો, એનો હોતા યજમાન અને પ્રતિગ્રહિતા ઇષ્ટદેવ, એનો ઉદ્દેશ અને લક્ષ્ય એ સઘળું એકમેવાદ્વિતીય બ્રહ્મ પોતે જ છે. "યજ્ઞમાં અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મરૂપ છે, હુતદ્રવ્ય પણ બ્રહ્મ છે, આહુતિ આપનાર બ્રહ્મ છે, એ આહુતિ બ્રહ્મરૂપી અગ્નિમાં અપાય છે; અને એ બ્રહ્મકર્મની સમાધિ વડે અંતે પ્રાપ્ત કરવાની વસ્તુ બ્રહ્મ પોતે જ છે."[૧] મુક્ત આત્માએ યજ્ઞરૂપે કર્મો કરવાનાં કહ્યાં છે તે અહીં જણાવેલા જ્ઞાનપૂર્વક કરવાનાં છે. વેદાંતનાં પ્રખ્યાત મહાવાક્યોમાં એ જ્ઞાન પ્રગટ થયેલું છે: સોઽહમ્—'તે હું છું,' સર્વં ખલ્વિદં બ્રહ્મ—'આ સઘળું ખરેખર બ્રહ્મ છે.' અયમાત્મા બ્રહ્મ—'આ આત્મા બ્રહ્મ છે.' એ જ્ઞાન એટલે સંપૂર્ણ અદ્વૈતનું—બ્રહ્મની એકતાનું જ્ઞાન. એ બ્રહ્મ એક છે, અને તે જ કર્તા, કર્મ અને કર્મનો ઉદ્દેશ્ય છે; જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન તે બ્રહ્મ જ છે. કર્મનો કર્તા પોતાનું કર્મ જે વિશ્વશક્તિની અંદર હોમે છે તે વૈશ્વિક શક્તિ પોતે દિવ્ય છે—ઈશ્વરની છે. એ સમર્પણ કરનાર વ્યક્તિની શક્તિ પણ દિવ્ય જ છે—બ્રહ્મની જ છે. જે કાંઈ વસ્તુ આ

---

૧ બ્રહ્મા૫ર્ણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મસમાધિના ।। ૪,૨૪

યજ્ઞમાં અર્પણ કરવામાં આવે છે તે પણ પ્રભુનું જ કોઈ સ્વરૂપ છે; એ હુતદ્રવ્યનો દાતા, યજમાન પણ માનવના અંતરમાં રહેલો પ્રભુ પોતે જ છે; સમર્પણની ક્રિયા, — યજ્ઞની વિધિ પણ — ક્રિયારૂપે ગતિમાન — સક્રિય — પ્રભુ જ છે. જે માણસને આ જ્ઞાન થયું છે, જે એ જ્ઞાનમાં જીવે છે, અને એમાં જ રહીને કાર્ય કરે છે, તેને કોઈ કર્મ બંધનકારક થઈ શકતું નથી. અંગત અર્થમાં એનું પોતાનું, અહંકારપૂર્વક પોતાનું હોય એવું કોઈ કર્મ 'એનું' હોતું જ નથી. કેવળ દિવ્ય પુરુષ—બ્રહ્મ—પોતાની દિવ્ય પ્રકૃતિ દ્વારા એના પોતાના દિવ્ય સ્વરૂપમાં જ કાર્ય કરતો હોય છે, પોતાના જાગ્રત વિશ્વશક્તિના અગ્નિમાં તે સઘળું અર્પણ કરતો હોય છે, અને એ પ્રમાણે પ્રભુ પ્રત્યે ઊર્ધ્વગામી એવાં કર્મો કરવામાં એનો ઉદ્દેશ દિવ્ય સત્ અને દિવ્ય ચેતના સાથે યોગમાં યુક્ત થયેલા પોતાના આત્મામાં એ પ્રભુનું જ્ઞાન અને એનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવાં, એટલો જ હોય છે. એ પ્રમાણે પ્રભુ સાથેની પોતાની એકતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું, અને સર્વને પોતાના અદ્વૈતમાં લય કરનાર એ દિવ્ય ચેતનામાં રહીને કર્મો કરવાં એટલે જ મુક્ત થવું.

પરંતુ યોગીઓમાં બધા જ આ જ્ઞાનને પ્રાપ્ત કરે છે એવું નથી. 'કેટલાક યોગીઓ દેવતાઓને અર્પણ થયેલા યજ્ઞનું અનુષ્ઠાન કરે છે; બીજાઓ બ્રહ્માગ્નિની અંદર યજ્ઞ વડે યજ્ઞને પોતાને અર્પણ કરે છે.'[૨] દેવોનું અનુષ્ઠાન કરનારા યોગીઓ ઈશ્વરની તેનાં જુદાંજુદાં રૂપોમાં અને શક્તિઓમાં ધારણા કરે છે, અને જુદીજુદી રીતે વિધિ, આચાર અને જુદા ધર્મો વડે, અથવા તો, નિશ્ચિત વિધિ, સંયમ અને સમર્પિત કર્મો વડે એને શોધે છે. પરંતુ જે યોગીઓ બ્રહ્મની અંદર આહુતિ અર્પણ કરે છે, યજ્ઞ કરવાની સાદી હકીકત જાણે છે કે સઘળાં કર્મો ઈશ્વરને જ અર્પણ કરવાં જોઈએ, તેમને માટે પ્રભુની અદ્વૈત ભાવનારી ચેતનામાં અને દિવ્ય શક્તિમાં પોતાની સઘળી ક્રિયાઓ હોમવી એ એક જ સાધન હોય છે, એ એક જ ધર્મને તેઓ અનુસરે છે. આ અંતરનો યજ્ઞ કરવાનાં સાધનો જુદાજુદા પ્રકારનાં હોઈ શકે છે. હુતદ્રવ્ય પણ અનેક પ્રકારનાં હોઈ શકે છે. આત્મસંયમનો અને તપસ્યાનો માનસ યજ્ઞ છે, એને પરિણામે વધારે ઉચ્ચ પ્રકારની આત્મપ્રાપ્તિ અને આત્મજ્ઞાન આવે છે. 'કેટલાક લોકો સંયમના અગ્નિમાં પોતાની ઈન્દ્રિયોને હોમે છે, બીજા કેટલાક ઈન્દ્રિયોના અગ્નિમાં પદાર્થોની આહુતિ આપે છે. જ્ઞાનથી પ્રદીપ્ત થયેલા આત્મસંયમ રૂપી યોગના અગ્નિમાં કેટલાક લોકો ઈન્દ્રિયોનાં સર્વે કર્મો અને

---

૨ દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।
બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ।। (૪,૨૫)

પ્રાણશક્તિની સઘળી ક્રિયાઓની આહુતિ આપે છે.'[૩] આનો અર્થ એ થાય છે કે એવી સાધના, યાને એવી તપસ્યા શક્ય છે જેમાં ઇન્દ્રિયોના ઉપર સંસ્કાર ઉત્પન્ન કરનાર પદાર્થોનો સાધક સ્વીકાર કરે, પરંતુ પોતાના મનને ઇન્દ્રિયોની એ પ્રવૃત્તિથી અશાંત કે ક્ષુબ્ધ થવા ન દે, અથવા તો એની અસર મન પર પડવા ન દે. અહીં ઇન્દ્રિયો પોતે જ યજ્ઞની વિશુદ્ધ અગ્નિશિખા બને છે. એવા પ્રકારની સાધના પણ શક્ય છે, જેમાં ઇન્દ્રિયોને તદ્દન શાંત કરી દેવામાં આવે છે, જેથી કરીને બહિર્મુખ મનની પ્રવૃત્તિના પડદા પાછળ રહેલો સ્થિર અને શાંત આત્મા પ્રગટ થઈ શકે. એવી સાધના પણ છે જેમાં આત્મજ્ઞાન થયા પછી ઇન્દ્રિયોના સંસ્કારનાં અને પ્રાણશક્તિનાં સર્વ કર્મોને એક પ્રશાંત અને સ્થિર આત્મા સ્વીકારે છે. જેમ પ્રભુને સમર્પિત ભક્ત, સર્વ પ્રકારનું સમર્પણ કરીને પોતાના ઇષ્ટદેવની ભક્તિ કરે છે તેમ, આવો યજ્ઞ કરનાર યજમાનની આહુતિનું હુતદ્રવ્ય કોઈ સ્થૂળ વસ્તુ પણ હોઈ શકે છે. આ અંતરનો યજ્ઞ તપોયજ્ઞ પણ હોઈ શકે જેમાં સાધક પોતાની સર્વ શક્તિઓને કોઈ ઉચ્ચ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા તરફ દોરે છે, અથવા તો, રાજયોગી અને હઠયોગી જેનો અભ્યાસ કરે છે તે પ્રાણાયામનો યોગ હોઈ શકે છે. આ બધા પ્રકારના યજ્ઞોનું ફળ માનવની પ્રકૃતિની વિશુદ્ધિ છે, આ સર્વ યજ્ઞો પરમ પુરુષોત્તમને પામવાના માર્ગો છે.

યજ્ઞનાં આ બધાં જુજવાં સ્વરૂપોમાં એક તત્ત્વ સામાન્ય છે અને તે આવશ્યક તથા રક્ષક તત્ત્વ છે. આ બધા યજ્ઞોમાં માનવે પોતાની અધોગામી પ્રકૃતિની ક્રિયાઓને ગૌણ બનાવવાની હોય છે, કામનાઓની પકડ ઢીલી કરવાની હોય છે, તથા એને ઠેકાણે વધારે ઉચ્ચ પ્રકારની કોઈ ઊર્ધ્વ શક્તિ સ્થાપન કરવાની હોય છે. વળી કેવળ અહંને સંતોષનારા ભોગોનો ત્યાગ કરીને તેને ઠેકાણે યજ્ઞ કરવાથી, એટલે કે આત્મસમર્પણથી, આત્મપ્રભુત્વથી, પોતાની અધોગામી વાસનાઓનો, કોઈ વધારે ઉચ્ચ અને મહાન હેતુને ખાતર ત્યાગ કરવાથી મળતો દિવ્ય આનંદ સ્થાપન કરવાનો છે. 'જે લોકો યજ્ઞમાંથી અવશિષ્ટ રહેલ અમૃતનો ભોગ કરે છે તેઓ સનાતન બ્રહ્મને પ્રાપ્ત કરે છે.' (૪.૩૧) આમ યજ્ઞ કરવો એ આ જગતનો નિયમ છે, અને યજ્ઞ કર્યા સિવાય કશું જ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. અહીં આ જગતમાં સંયમ, પ્રભુત્વ કે પરલોકમાં સ્વર્ગની પ્રાપ્તિ,

---

૩ श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इन्द्रियाग्निषु जुह्वति ।।
सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ।। (૪,૨૬-૨૭)

કશું જ યજ્ઞ કર્યા વિના મળતું નથી. 'જે માણસ યજ્ઞ કરતો નથી તેને માટે આ લોક નથી, તો પછી પરલોક તો હોય જ કેવી રીતે ?' (૪.૩૧) એટલે આ બધા યજ્ઞો અને યજ્ઞના એવા બીજા પ્રકારો બ્રહ્મના મુખમાં વિસ્તરી રહ્યા છે.' (૪.૩૨) બ્રહ્મનું મુખ તે સઘળી આહુતિઓનો સ્વીકાર કરનાર અગ્નિ જ છે. એ બધા યજ્ઞો એક જ પરમ બ્રહ્મ સત્-તા જે સક્રિય છે તેનાં જ સાધનો છે, તેનાં જ રૂપો છે. એ યજ્ઞો બ્રહ્મનાં સાધનો એ અર્થમાં છે, એમનો—યજ્ઞનો—આકાર લઈને માનવનું કર્મ જે પરમ પુરુષના બાહ્ય કાર્યનો—કર્મનો—જ એક અંશ છે તે બ્રહ્મને અર્પણ થઈ શકે છે. બ્રહ્મની દિવ્ય સત્-તા સાથે માનવનો અંતરાત્મા એક હોય છે. યજ્ઞનાં એ 'સર્વ રૂપો કર્મમાંથી ઉદ્ભવે છે.' વિશ્વના વિરાટ કર્મ રૂપે પોતાનો આવિર્ભાવ કરનાર પ્રભુની વિરાટ શક્તિમાંથી સઘળાં કર્મો ઉદ્ભવે છે અને તેના વડે નિયત થાય છે. વિશ્વમાં કર્મ કરતી એ દિવ્ય વિરાટ શક્તિ, સમગ્ર વિશ્વની સઘળી ક્રિયાઓનો એક અને પરમ દિવ્ય પરમેશ્વરને અર્પણ થઈ રહેલો, ક્રમેક્રમે પ્રગતિવાન, એવો એક યજ્ઞ જ કરે છે. માનવના પૂરતી એ વિશ્વયજ્ઞની ચરમ અવસ્થા એના આત્મજ્ઞાનમાં અને પ્રભુની યા ને બ્રહ્મની પ્રાપ્તિમાં રહેલી છે. 'આ જ્ઞાન વડે તું મુક્ત બનશે.' (૪.૩૨)

ઉપર જણાવેલા બધા યજ્ઞોની શ્રેણીમાં ચડતાઊતરતી અવસ્થા જણાય છે. એમાં સ્થૂલ દ્રવ્યોનો યજ્ઞ છેક છેલ્લો અને જ્ઞાનનો યજ્ઞ સૌથી ઉત્તમ ગણાય છે. જ્ઞાન એટલે જેમાં યજ્ઞનાં સર્વે કર્મોની સાર્થકતા આવે તે સ્થિતિ. અલબત્ત, એ જ્ઞાન તે કોઈ પ્રકારનું અપરા વિદ્યાનું જ્ઞાન નથી સમજવાનું, પણ ઊંચામાં ઊંચું જ્ઞાન, એટલે કે આત્માનું જ્ઞાન, અને ઈશ્વરનું જ્ઞાન. એ પ્રકારનું પરા વિદ્યાનું જ્ઞાન આપણને, જે લોકોએ જીવનનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે તેમની પાસેથી મળી શકે છે. એ જ્ઞાન એવું હોય છે કે જેને પ્રાપ્ત કરીને આપણે મનના અજ્ઞાનરૂપી મોહમાં ફરીથી પડતા નથી; તથા ઇન્દ્રિયોના સંસ્કારોના બંધનમાં પણ નહિ પડીએ, કામના અને વાસનાની અધોગામી વૃત્તિઓને વશ નહિ થઈએ. શ્રીકૃષ્ણ કહે છે કે જે જ્ઞાનમાં કર્મોનો વિપાક થાય તે જ્ઞાન એવું છે કે 'તે સર્વ ભૂતોને, અપવાદ વગર, તારા આત્માની અંદર જોઈ શકશે, અને પછીથી, મારી અંદર જોશે.' (૪.૩૫) કારણ કે આત્મા એટલે એક,— અદ્વિતીય, સર્વ સર્વવ્યાપી, સર્વધારક, સ્વયંભૂ વાસ્તવિકતા યા ને આપણી માનસિક ચેતનાની પાછળ ગુપ્ત રહેલ બ્રહ્મ, જેની અનંત ચેતનામાં આપણી શુદ્ધ ચેતના, અહંમાંથી મુક્ત થતાં વિસ્તાર પામે છે, સર્વ સત્તાને એટલે કે સર્વ ભૂતોને આપણે એક જ દિવ્ય સત્ની અંદર તેના આવિર્ભાવ તરીકે આવી રહેલી અનુભવીએ છીએ.

પણ એ આત્મા યાને અક્ષર બ્રહ્મ જેનો આપણને સાક્ષાત્કાર થાય છે તે એક પરમ સત્‌નું, પુરુષોત્તમનું જ આપણી મૌલિક ચિત્તંત્રની ઘટના માટેનું તેનું પ્રતિનિધિ સ્વરૂપ જ છે. એ પરમ પુરુષ, એ પ્રભુ, આપણા જીવનનું મૂળ છે, તથા જે કાંઈ ક્ષર છે, અથવા તો અક્ષર છે તે એ પરમ પુરુષોત્તમનો જ આવિર્ભાવ છે. એ પરમ વસ્તુ એ જ ઈશ્વર છે, પ્રભુ છે, પુરુષોત્તમ છે. આપણે યજ્ઞ રૂપે જે અર્પણ કરીએ છીએ તે એને જ સમર્પણ કરીએ છીએ,—આપણાં સઘળાં કર્મો આપણે એના હાથમાં મૂકીએ છીએ. આપણે એનામાં જીવીએ છીએ અને કર્મ કરીએ છીએ. આપણી પ્રકૃતિને એની દિવ્ય પ્રકૃતિ સાથે એક કરીને તથા સર્વ ભૂતોને એની અંદર જોઈને તથા આપણા સમગ્ર જીવનને પણ એની અંદર જ ધારણ કરીને આપણે એ પુરુષોત્તમ સાથેનું અદ્વૈત અનુભવીએ છીએ. તથા એ પુરુષોત્તમ સાથે તથા પ્રાણીમાત્ર સાથે આપણા આવિર્ભાવમાં પણ આપણે અદ્વૈતનો જ સાક્ષાત્કાર કરીએ છીએ. આમ પુરુષોત્તમની પરમ વાસ્તવિકતા સાથે આપણે એક થઈ રહીએ છીએ, અને આપણાં સમગ્ર સત્તાનો એટલે કે પ્રકૃતિનો પણ, એની જ સાથે યોગ કરીએ છીએ. યજ્ઞને ખાતર કર્મો કરવાથી અને કામનાઓનો છેદ ઉડાવી દેવાને પરિણામે આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. એટલે કે આપણે આત્માને ઓળખીએ છીએ અને પ્રાપ્ત કરીએ છીએ. આત્મજ્ઞાન અને ઈશ્વરજ્ઞાન સહિત કર્મો કરવાથી આપણે પ્રભુના દિવ્યજીવનની એકતા, શાંતિ અને આનંદમાં મુક્ત થઈને રહીએ છીએ.

પ્રકરણ તેરમું

યજ્ઞનો અધિપતિ

આપણે આગળ વધીએ તે પહેલાં અત્યાર સુધીમાં ગીતાએ જે બોધ આપ્યો છે તેમાં રહેલા મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને એકસામટા ફરીને તપાસી જવાની જરૂર છે. ગીતાના કર્મયોગની આખી મીમાંસાનો પાયો યજ્ઞની ભાવના ઉપર રચાયેલો છે. એ યજ્ઞભાવનામાં ઈશ્વર, જગત અને કર્મના સનાતન સંબંધનું સત્ય પણ આવી જાય છે. જીવનનું સનાતન સત્ય અનેક શાખાવાળું છે; પરંતુ માનવનું મન, સામાન્ય રીતે, એ સત્ય વિષેના ભાંગ્યાતૂટ્યા વિચારોને અને એના વિષેના દૃષ્ટિબિંદુઓને જ ગ્રહણ કરી શકે છે; અને એમના ઉપર જીવનના, નીતિના અને ધર્મોના પોતાના જુદાજુદા વાદો ઊભા કરે છે. એ વાદોમાં એ ખંડ સત્યનાં અમુક લક્ષણ કે અમુક સ્વરૂપના ઉપર પોતે ઝોક આપે છે. પણ જ્યારે માનવના આત્મજ્ઞાન અને ઈશ્વરજ્ઞાન સાથે એના જગતના જ્ઞાનનો સંપૂર્ણતાવાળો સમન્વયકારી એવો વિશાળ જાગૃતિનો યુગ આવે છે, ત્યારે એ વસ્તુઓની કાંઈ નિરપેક્ષતા પ્રાપ્ત કરવાની વૃત્તિ હમેશાં ફરીફરીને માનવમાં પ્રગટે જ છે. ગીતાનો બોધ વેદાંતના એક મહાન સત્યના ઉપર આધાર રાખે છે: તે એ કે સર્વ સત્-તા એક જ બ્રહ્મ છે. અને સર્વ ભૂતો બ્રહ્મનું ચક્ર છે, એટલે કે ભૂતો તરીકે આવિર્ભાવ પામવાની બ્રહ્મની ક્રિયા દિવ્ય છે,—એ પ્રભુમાંથી ઊપજે છે અને પ્રભુ પ્રત્યે જ ગતિ કરી રહી છે. વિશ્વસમસ્ત પ્રકૃતિની અભિવ્યક્તિ કરનારી પ્રવૃત્તિ છે અને પ્રકૃતિ પોતે ઈશ્વરની જ શક્તિ છે, અને પોતાનાં રૂપોની અંદર વસી રહેલ, પોતાનાં કાર્યોનો જે દિવ્ય આત્મા શાસક છે તેની ચેતનાને જ પ્રકૃતિ પ્રગટ કરે છે અને તેના સંકલ્પને જ પ્રકૃતિ પાર પાડી રહી છે. પોતાની અંદર રહેલા એ દિવ્ય અંતરાત્માના સંતોષને ખાતર પ્રકૃતિ પદાર્થોના રૂપોમાં, અને જીવનનાં અને મનનાં કાર્યોમાં સ્વભાન ભૂલીને એ બધાં સાથે એક થઈ જાય છે, તલ્લીન થઈ જાય છે. અને એ પ્રમાણે આત્મવિસ્મૃતિ સાધીને પછી પાછી માનસિક જ્ઞાન દ્વારા અને આત્મજ્ઞાન દ્વારા પોતાની અંદર જે આત્મા ગુપ્ત રહેલો છે તેને સચેતનપણે ફરીથી પ્રાપ્ત કરે છે. આરંભમાં આત્માનો, એ જે કાંઈ છે તથા જગતના વિકાસક્રમમાં એનું જે કાંઈ રહસ્ય રહેલું છે તેનો તિરોભાવ થયેલો હોય છે. ત્યાર પછી એ અંતર્હિત થયેલા આત્માનો વિકાસ યાને સમુત્ક્રાંતિ થાય છે, એટલે આત્મા જે કાંઈ છે તેનું, તેના મર્મનું, દર્શન થાય છે; એટલે કે રૂપમય સૃષ્ટિ અંતરની જે આધ્યાત્મિક

વાસ્તવિકતાને (સત્યને) ઢાંકતી હોય છે, અને છતાં જેના રહસ્યનું સૂચન કરતી હોય છે, તેનો આવિર્ભાવ થાય છે. પ્રકૃતિની પ્રવૃત્તિના આ ચક્રે જે જાતનું સ્વરૂપ ધારણ કર્યું છે તેને માટે પુરુષની ત્રણ સનાતન અવસ્થાઓ જવાબદાર છે, એટલે કે પુરુષ પોતાની ત્રણ સનાતન ભૂમિકાઓને એકીવખતે ધારણ કરતો અને તેમને ટકાવી રાખતો ન હોત તો, પ્રકૃતિની આ સૃષ્ટિરૂપી ઘટમાળે જે સ્વરૂપ ધારણ કર્યું છે તે તેનું સ્વરૂપ હોત નહીં. પુરુષની એ ત્રણે સનાતન અવસ્થાઓમાંથી પ્રત્યેક પ્રકૃતિની આ વિશ્વ-ઘટમાળની સમગ્રતાને માટે આવશ્યક છે. પુરુષનો એક આવિર્ભાવ વિકારી ક્ષર રૂપે થવો જોઈએ. અને ત્યાં આપણે એને સાંત તરીકે, અનેકના રૂપમાં, સર્વ ભૂતો તરીકે જોઈએ છીએ. આપણી આગળ અસંખ્ય પ્રાણી-ઓની સાંત, (મર્યાદિત) વ્યક્તિના રૂપે અને છતાં, સાથેસાથે અનંત વિકારો અને વિવિધ સંબંધો રૂપે જે વસ્તુને આપણે જોઈએ છીએ તે પુરુષની પ્રથમ ક્ષરતાની સ્થિતિ છે. સાથેસાથે, એ બધાં બાહ્ય રૂપોની પાછળ એમના આત્મા તરીકે, એમનાં કર્મોની પ્રેરક દેવતાઓની શક્તિ તરીકે પણ આપણે પુરુષની એક સ્થિતિને જોઈએ છીએ. એ દેવતાઓ એટલે પ્રભુની વૈશ્વિક શક્તિઓ, વિશ્વમય ગુણો, વિશ્વજીવનનાં અસંખ્ય કાર્યોની એ દૈવી શક્તિઓ અધ્યક્ષ છે, અને આપણી જ્ઞાનશક્તિને તેઓ એક જ દિવ્ય સત્-તાનાં જુદાંજુદાં વૈશ્વિક રૂપો તરીકે પ્રતીત થાય છે. અથવા તો, એમ પણ હોય કે એક જ પરમ પુરુષ પોતાની વ્યક્તિતાના જ જુદાજુદા આવિર્ભાવો એ દેવતાઓના રૂપોમાં કરી રહ્યો છે તેને આપણે જોઈએ છીએ. પુરુષની આ બે સ્થિતિઓ ઉપરાંત સર્વ રૂપોમાં અને તેમની પાછળ, સર્વ સત્તાઓમાં અને તેમની પાછળ ગુપ્ત રહેલા એક અક્ષરને, એક અનંતને, કાલાતીતને, નિર્વ્યક્તિતાને, એક અવ્યય અને અવિભાજ્ય એવા સર્વના આત્માને પણ આપણે અનુભવીએ છીએ, જેની અંદર આ બધું ખરેખર એકરૂપ બને છે. આમ હોવાથી, એ અક્ષર બ્રહ્મમાં પાછા ફરતાં માનવની સક્રિય, સાંત વ્યક્તિતાને જ્ઞાન થાય છે કે પોતે એક નીરવ વિશ્વમયતાની વિશાળતામાં પોતાનો છુટકારો કરી શકે તેમ છે. તથા સર્વ ભૂતો સાથે પોતાની અનાસક્ત એકતા હોવાને કારણે એ અનંતની શાંતિ અને સમતા તથા એ અવિભાજ્ય વિશ્વમયતા-માંથી જે કાંઈ ઉદ્‌ભવે છે અને જેને તે ટેકો આપે છે તે, સઘળું એ પોતે પ્રાપ્ત કરી શકે છે, અથવા તો, એમ પણ બને કે પોતાની વ્યક્તિગત ચેતનામાંથી તે એ અનંતમાં પોતાનો સંપૂર્ણ નિર્વાણ પણ વાંછે અને અસ્તિત્વમાંથી મટી જાય. પરંતુ સૌથી ઉત્તમ રહસ્ય પુરુષોત્તમ છે. એ પુરુષની ત્રીજી અને સૌથી ઉચ્ચ અવસ્થા છે. એ પરમ દિવ્ય છે, ઈશ્વર છે, અને એ અનંત વિશ્વમયતાને અને સાંત વ્યક્તિતા એ બન્નેને પોતાનામાં ધારણ કરે છે. એ પુરુષોત્તમમાં વ્યક્તિતત્વ અને નિર્વ્યક્તિતા, એક આત્મા અને સર્વ ભૂતો, સત્ અને આવિર્ભાવ, પ્રવૃત્તિ અને

નિવૃત્તિ — અર્થાત્, વિશ્વરૂપ ક્રિયા અને વિશ્વાતીત શાંતિ, બન્ને — સઘળાં દ્વંદ્વો — એકઠાં મળે છે, એકરૂપ બને છે, એકબીજામાં વ્યાપીને રહે છે. ઈશ્વરમાં આ સઘળી વસ્તુઓનું ગૂઢ સત્ય પ્રગટ થાય છે અને સંપૂર્ણ સમાધાનને પામે છે.

કર્મોના સમગ્ર સત્યનો આધાર તે જે પ્રકારના સત્ માંથી પ્રગટ થાય છે તેના ઉપર જ હોઈ શકે. આપણે જે સક્રિય જીવન વિશ્વમાં પ્રગટ થયેલું જોઈએ છીએ તેની પાછળ રહેલી ઊંડામાં ઊંડી વાસ્તવિકતા એ છે કે પુરુષને સંતોષવા માટે પ્રકૃતિ પોતાનાં કર્મોનો યજ્ઞ પુરુષને અર્પણ કરી રહેલી છે. એટલે કે પુરુષને યજ્ઞ રૂપે સમર્પિત થયેલાં પ્રકૃતિનાં કાર્યો એનું જ આ સઘળું સક્રિય વિશ્વજીવન બનેલું છે. પ્રકૃતિ પોતાની અંદર રહેલા અસંખ્ય સાંત આત્માઓની ઇચ્છાઓ પરમ પુરુષ તથા વિશ્વના અનંત આત્માને અર્પણ કરે છે. જીવન વેદી છે, અને એ વેદીને માટે પોતાનાં કાર્યો તથા કાર્યોનાં પરિણામો પ્રકૃતિ લઈ આવે છે, અને પોતાની અંદર પ્રગટ થયેલી ચેતનાએ પ્રભુના જે કોઈ સ્વરૂપને પ્રાપ્ત કર્યું હોય છે, તેને એ સઘળું સમર્પણ કરે છે, અને એના બદલામાં પોતાની અંદર રહેલા આત્માની ઇચ્છા યજ્ઞના જે કોઈ પરિણામને તાત્કાલિક કે ઊંચામાં ઊંચા શ્રેય તરીકે ગ્રહણ કરે છે. પ્રકૃતિની ઉત્ક્રાંતિમાં આત્મા જે જાતની ચેતનાને અને જે ભૂમિકાને પ્રાપ્ત થયો હશે તે મુજબનો તેનો ઉપાસ્ય દેવ હશે, અને પોતાની કક્ષાને અનુસારના આનંદની જ તે ખોજ કરશે, અને તેને અનુરૂપ આશા સહિત તે યજ્ઞ કરશે. પ્રકૃતિમાં જે ક્ષર પુરુષ છે તેની સમસ્ત ગતિવિધિ આપલેના નિયમ પ્રમાણે જ ચાલી શકે. કારણ કે વિશ્વસમસ્તમાં અસલ સત્-તા એક જ છે, એટલે એના વિભાગો પરસ્પર વિનિમયના નિયમ ઉપર જ પ્રતિષ્ઠિત રહી શકે છે, એમાંનો પ્રત્યેક બીજાને લઈને વૃદ્ધિ પામી શકે, અને સમગ્રને લઈને જ જીવી શકે. જ્યાં જ્યાં એ આપલેના એટલે કે યજ્ઞના નિયમનું પાલન સ્વેચ્છાપૂર્વક કરવામાં આવતું નથી, ત્યા ત્યાં પ્રકૃતિ યજ્ઞ કરવાની ફરજ પાડે છે, અને આમ એ પોતાના જીવનના નિયમ પાળે છે. પરસ્પરની આપલે એ જીવનનો નિયમ છે, એના વિના જીવન એક ક્ષણ પણ નભી શકે નહિ, અને એ અન્યોન્ય આપલે કરવાની ઘટના રૂપે પ્રભુની સર્જકશક્તિએ પોતાની અંદર પ્રગટ કરેલા વિશ્વના ઉપર પોતાની મહોર મારી છે. અને યજ્ઞને એમના સનાતન સખા તરીકે આપીને પ્રજાપતિએ આ બધી પ્રજાઓ સરજી છે એની, આ નિયમ પોતે જ એક સાબિતી છે. વિશ્વસમસ્તમાં વ્યાપી રહેલો યજ્ઞનો નિયમ એ, જગત દિવ્ય છે — પ્રભુનું છે તેની, તથા જીવન પ્રભુનું રાજ્ય છે, એની પૂજાનું મંદિર છે,— સ્વતંત્ર અહંના આત્મ-સંતોષનું ક્ષેત્ર નથી — એની નિશાની છે. એમા અહંની સાર્થકતા નથી રહી, એ તો આપણા ગ્રામ્ય અને અજ્ઞાનભર્યો આરંભ માત્ર છે. પ્રભુની ખોજ, પગલે પગલે સતત વિશાળ બનતા જતા યજ્ઞ વડે પ્રભુની અને અનંતની ખોજ અને ભક્તિ કરવાનો પાઠ

જીવન આપણને આપવા પ્રયત્ન કરે છે. અને એ યજ્ઞની પૂર્ણાહુતિ તરીકે સંપૂર્ણ આત્મજ્ઞાનના ઉપર પ્રતિષ્ઠિત સંપૂર્ણ આત્મસમર્પણ કરવું એ અંતિમ સાર્થકતા પ્રત્યે જીવનના અનુભવ આપણને દોરી જાય એવો પ્રકૃતિનો ઇરાદો છે.

પરંતુ વ્યકિત પોતાના જીવનનો આરંભ અજ્ઞાનથી કરે છે, અને અજ્ઞાનની એ દશા લાંબા સમય સુધી ચાલુ રહે છે. માનવમાં 'સ્વ'ની ચેતના બહુ જ તીવ્ર-પણે હાજર હોય છે અને તેથી તે 'અહં'ને, નહિ કે ઈશ્વરને, જીવનના કારણ તરીકે તથા તેના સમગ્ર અર્થ તરીકે જુએ છે. પોતે કર્મનો કર્તા છે એમ પણ તે જુએ છે, અને સમગ્ર જીવનનાં કાર્યો — જેમાં એનાં બાહ્ય અને અંતરનાં સઘળાં કર્મોનો પણ સમાવેશ થઈ જાય છે તે — એક વિશ્વયમ — વૈશ્વિક પ્રકૃતિનાં કાર્યો છે, બીજી કોઈ વસ્તુનાં નથી. વળી વ્યકિત પોતાની જાતને કર્મના ભોકતા તરીકે અનુભવે છે, અને એ એમ માની લે છે કે આ સઘળું વિશ્વ એને સંતોષવા માટે જ સરજાયેલું છે, પ્રકૃતિએ પણ વ્યકિતને જ સંતોષ આપવાનો છે, અને એના સંકલ્પને પ્રકૃતિએ તાબે થવું જોઈએ. માનવ એ વસ્તુ મુદ્દલે જોતો નથી કે પ્રકૃતિ એને સંતોષ આપવાની મુદ્દલે પરવા કરતી નથી, અથવા તો, એની સંકલ્પશકિતની એને કશીએ પડી નથી. પ્રકૃતિ આજ્ઞા પાળે છે કે વ્યકિતથી કોઈ વધારે ઉચ્ચ સંકલ્પશકિતની, અને એનાં કાર્યોથી પર, એનાં સર્જનોથી પેલે પાર રહેલા પ્રભુને સંતોષ આપવા માટે પોતે કાર્ય કરી રહી છે. માનવનું મર્યાદિત ક્ષર-જીવન, એની સંકલ્પશકિત પ્રકૃતિનાં છે, પ્રભુનાં નથી. અને પ્રત્યેક ક્ષણે એ બધાં કાર્યો યજ્ઞ તરીકે ઈશ્વરને અર્પણ કરે છે. પોતાની અંદર રહેલો ઈશ્વરનો ઉદ્દેશ પાર પાડવા માટે પ્રકૃતિ આ સમસ્ત વિશ્વને એક ગુહ્ય ઉપકરણ તરીકે તૈયાર કરે છે. અજ્ઞાન જેની છાપ અહંતા છે તેને લઈને માણસ યજ્ઞના નિયમનું ઉલ્લંઘન કરે છે, અને પોતાનાથી બની શકે તેટલું લેવાનો, પચાવી પાડવાનો પ્રયત્ન કરે છે, અને બહારનું કે અંદરનું દબાણ કરીને પ્રકૃતિ એને જે આપવાની ફરજ પાડે છે તે જ વસ્તુ તે આપે છે. ખરું જોતાં, એના પોતાના ભાગ તરીકે પ્રકૃતિ જે કાંઈ આપે છે, પ્રકૃતિમાં કાર્યો કરી રહેલા દેવો એની કામનાના પ્રત્યુત્તરમાં જે કાંઈ આપે છે તે સિવાય, ખરી રીતે, માનવ કાંઈ જ લઈ શકતો નથી. યજ્ઞના નિયમવાળા વિશ્વમાં અહંકારી માનવ ચોર કે લૂંટારા જેવો છે, કારણ કે વિશ્વની શકિતઓ એને જે કાંઈ આપે છે તે લેવાને તૈયાર હોય છે પણ એના બદલામાં કાંઈ જ આપવાની એની ઇચ્છા હોતી નથી. એવો માણસ જીવનનો સાચો અર્થ જાણી શકતો નથી, યજ્ઞ કરીને પોતાના જીવનને તે વિશાળ અને ઉન્નત બનાવતો નથી, તેથી એવા માણસનું જીવવું વૃથા છે, નિરર્થક છે.

જ્યારે વ્યકિત પોતાના વ્યવહારમાં, બીજા માણસોમાં રહેલા આત્માના મૂલ્યને તથા પોતાની અંદરના અહંની શકિતઓને અને જરૂરિયાતોને સમજવા અને

સ્વીકારવા માંડે તથા પોતાનાં કર્મોની પાછળ વિશ્વ-પ્રકૃતિને કાર્ય કરતી અનુભવવા લાગે, અને વિશ્વમાં કાર્ય કરી રહેલા દેવતાઓ દ્વારા એક અનંતની એને ઝાંખી થાય ત્યારે જ તે અહંનાં બંધનોથી પર થઈ પોતાના આત્માની શોધને માર્ગે ચડયો એમ કહી શકાય. ત્યાર પછી પોતાની કામનાઓ સિવાય જીવનનો કોઈ બીજો નિયમ શોધવાની તે શરૂઆત કરે છે. ત્યાર પછી પોતાની કામનાઓને એ નિયમના આગળ વધારે ને વધારે પ્રમાણમાં ગૌણ બનાવવી અને તેને વશ કરવી જોઈએ એમ તેને લાગે છે. આ પ્રમાણે કરવાથી અહં-કેન્દ્રિત ચેતનામાંથી વધારે બુદ્ધિવાન અને વધારે નીતિવાન એવા સત્ત્વમાં તે વિકાસ પામે છે. બીજાઓમાં જે આત્મા રહેલો છે તેની માગણીઓને, તેના હકકોને તે વધારે મૂલ્ય આપે છે, અને પોતાના અહંના હકકોની કિંમત ઓછી આંકતો થાય છે. તે અહંતા અને પરોપકાર વચ્ચે ઝઘડો છે એ વાતનો સ્વીકાર કરે છે, અને પોતાની પરોપકારવૃત્તિનો વિકાસ કરીને માનવ પોતાની ચેતનાની અને સમગ્ર સત્ત્વની વિશાળતા પ્રાપ્ત કરે છે. તે વિશ્વપ્રકૃતિને અને તેમાં કાર્ય કરી રહેલી દિવ્ય શકિતઓને જાણે છે, અને એમને જ યજ્ઞ અને ભકિત અર્પણ કરવાં અને એમના પ્રત્યે જ આજ્ઞાંકિત થવું એને તે પોતાની ફરજ સમજે છે; કારણ કે એ દેવતાઓ અને એમના નિયમો વડે એના માનસિક અને ભૌતિક જીવનની પ્રવૃત્તિ નિયંત્રિત થાય છે. વળી એ પણ સમજતો થાય છે કે પોતાની અંદર, એટલે પોતાના મનમાં, સંકલ્પમાં અને જીવનમાં એ દેવોની સન્નિધિ વધારવાથી તે પોતાની શકિતઓ, જ્ઞાન, સત્યપ્રેરિત કાર્ય અને એ વસ્તુઓ જે સંતોષ આપે છે તેની પોતાની અંદર વૃદ્ધિ કરી શકે છે. આ પ્રમાણે કરીને જીવનના ભૌતિક અને અહંતાથી સંચાલિત ક્ષેત્રમાં માનવ ધાર્મિક અને ઇન્દ્રિયાતીત તત્ત્વોને લઈ આવે છે અને એ રીતે પોતે પોતાની જાતને સંકુચિત ચેતનાવસ્થામાંથી અનંત પ્રત્યે આરોહણ કરવાને અધિકારી બનાવે છે.

પરંતુ આ સ્થિતિ માત્ર એક લાંબી અંતરાવસ્થા જ છે. હજી એ સ્થિતિ પણ કામનાના નિયમને વશ હોય છે, અને અહંના વિચારો અને જરૂરિયાતોને કેન્દ્રમાં રાખનાર દૃષ્ટિ એ સ્થિતિનું નિયમન કરે છે. વળી એની સમગ્ર સત્-તા ઉપર, તથા એનાં કાર્યો ઉપર પ્રકૃતિનો જ અંકુશ હોય છે. અલબત્ત, એ કામનાઓ નિયત અને શાસિત હોય છે, એનો 'અહં' કાંઈક અંશે વિશુદ્ધ થયેલો હોય છે, અને એની પ્રકૃતિ વધારે ને વધારે સૂક્ષ્મ અને પ્રકાશિત એવા સત્ત્વગુણની અસર નીચે હોય છે; છતાં એ બધું થ શરના — સાંતના — વ્યકિતતાના જ પ્રદેશમાં, જોકે વધારે વિસ્તૃત પ્રદેશમાં — જ હજી હોય છે. સાચું આત્મજ્ઞાન અને પરિણામે કર્મનો સાચો માર્ગ, એનાથી જુદો જ, એનાથી ઊર્ધ્વમાં રહેલો છે. જ્ઞાનપૂર્વક કરેલો યજ્ઞ તે જ સૌથી ઉત્તમ પ્રકારનો યજ્ઞ છે, અને એવો યજ્ઞ જ સંપૂર્ણતાવાળા કર્મને સર્જે છે.

જ્યારે માનવને જ્ઞાન થાય છે કે પોતાની અંદર જે આત્મા રહેલો છે તથા બીજાઓમાં જે આત્મા છે તે એક જ સત્-તા છે તથા જ્યારે એ જાણે છે કે એનો આત્મા 'અહં' કરતાં કોઈ જુદી જ, વધારે ઊંચી વસ્તુ છે, કોઈ અનંત, કોઈ વ્યક્તિત્વ વિનાની વૈશ્વિક સત્-તા છે, જેમાં સર્વ પ્રાણીઓની હસ્તી અને ગતિ રહેલી છે ત્યારે આત્મજ્ઞાન સહિત સર્વોત્તમ યજ્ઞ કરવાનું બની શકે છે. વળી જ્યારે માનવ જાણે છે કે વિશ્વના સર્વ દેવો જેમને એ કર્મોનો યજ્ઞ સમર્પણ કરે છે એ બધા ય એક અનંત દેવનાં જ સ્વરૂપો છે, તથા એથી પણ આગળ જઈને, જ્યારે દેવના મર્યાદિત અને મર્યાદા આપનાર વિચારને છોડીને એને ઠેકાણે એક પરમ અનિર્વચનીય પ્રભુને જુએ છે, — એને એકીવખતે સાંત અને અનંત તરીકે જાણે છે, એક અને અનેક તરીકે, પ્રકૃતિથી પર છતાં પ્રકૃતિમાં પોતાનો આવિર્ભાવ કરનાર તરીકે, ગુણોની મર્યાદાથી પર છતાં ગુણો દ્વારા પોતાની શક્તિને પ્રગટ કરનાર તરીકે તેને જાણે છે, ત્યારે પરમ જ્ઞાન સહિત ઉત્તમ યજ્ઞ તે કરી શકે છે. દિવ્યતાનું આ સ્વરૂપ તે પુરુષોત્તમ છે, અને માનવે પોતાનાં કર્મોનો યજ્ઞ એ પુરુષોત્તમને અર્પણ કરવાનો છે, — પણ તે કર્મોનાં કોઈ નાશવંત ફળ માટે નહિ, પરંતુ આપણો આત્મા પ્રભુને પ્રાપ્ત કરી શકે તથા માનવ પ્રભુની સાથે સંવાદમાં અને એકતામાં જીવન ધારણ કરી શકે તેટલા માટે એ યજ્ઞ તેને અર્પણ કરવાનો છે.

અર્થાત્ માનવની મુક્તિનો તથા પૂર્ણતાનો માર્ગ વધતી જતી બિનંગતતામાં થઈને જાય છે. એ તો માનવનો જૂનો અને સાતત્યયુક્ત અનુભવ છે કે જેમજેમ તે નિર્વ્યક્તિતા પ્રત્યે, અનંત પ્રત્યે વધારે ને વધારે ખુલ્લો થાય છે, જેમ જેમ તે શુદ્ધ અને ઊર્ધ્વ વસ્તુ પ્રત્યે અભિમુખ બને છે, તેમ તેમ તે અહંથી મુક્ત થતો જાય છે. સર્વ વસ્તુઓમાં અને પ્રાણીઓમાં જે એક અને સામાન્ય છે, પ્રકૃતિમાં જે કાંઈ અપૌરુષેય અને અનંત છે, જીવનમાં જે કાંઈ બિનંગત અને અનંત હોય છે, તથા પોતાની સ્વાનુભવની ચેતનામાં જે કાંઈ વ્યક્તિતાથી મુક્ત અને અનંત છે તેના પ્રત્યે માનવ જેમ જેમ ખુલ્લો થતો જાય છે તેમ તેમ તે પોતાના અહંથી ઓછેઓછે ને ઓછેઓછે બંધાય છે, સાંતના ચક્રમાં ઓછેઓછે ફસાય છે અને એ વસ્તુઓ જેટલી ઓછી થતી જાય છે તેમ તેમ એ વિશાળતાની, શાંતિની અને પ્રસાદની લાગણી અનુભવે છે. મર્યાદિત ઘર પુરુષ જે સુખ, આનંદ અને સંતોષ પ્રાપ્ત કરી શકે તેમ છે તે ક્ષણિક, ક્ષુદ્ર અને સલામત હોય છે. નિઃશેષપણે 'અહં'-ભાવમાં અને એના મર્યાદિત વિચારો, શક્તિઓ અને સંતોષોમાં સદા રહેવું, એનો અર્થ તો આ જગતને સદાને માટે અનિત્ય ને અસુખવાળું અનુભવવું એવો જ થાય. માનવના ઘર જીવનમાં મિથ્યાત્વની લાગણી હમેશાં રહેલી હોય છે, એનું મૂળ કારણ એ છે કે ઘર સ્વરૂપ કાંઈ જીવનનું સમગ્ર કે ઊંચામાં ઊંચું સત્ય નથી. જ્યાં સુધી જીવન અનંતની ભાવના પ્રત્યે ખુલ્લું થતું નથી ત્યાં સુધી તે સંપૂર્ણપણે

વાસ્તવિક બનતું પણ નથી. આ કારણને લઈને ગીતા પોતાના કર્મયોગના બોધનો બ્રાહ્મી ચેતના, અપૌરુષેયત્વ, — જે પ્રાચીન ઋષિઓની તપસ્યાનો મહાન ઉદ્દેશ હતો — પ્રાપ્ત કરવાના આગ્રહથી આરંભ કરે છે. કારણ કે અપૌરુષેય અને અનંત, એકમેવાદ્વિતીય જેમાં આ વિશ્વની સ્થાયી અને ધ્રુવ તથા વિકારી અને અસંખ્ય પ્રવૃત્તિઓ, પોતાનાથી પર રહેલો એવો પોતાના ધ્રુવત્વનો, સલામતીનો અને શાંતિનો આધાર પ્રાપ્ત કરે છે, તે વસ્તુ અક્ષર પુરુષ છે, અક્ષર બ્રહ્મ છે. આ વસ્તુ જો આપણે જોઈ શકીશું તો આપણને જણાશે કે પોતાની ચેતના અને સત્-તાના સ્તરને મર્યાદિત વ્યક્તિતામાંથી અનંતમાં અને અક્ષર બ્રહ્મમાં ઉપર લઈ જવી એ આપણી સૌથી પહેલી આધ્યાત્મિક જરૂરિયાત છે, આવશ્યકતા છે. સઘળાં પ્રાણીઓને એ એક અક્ષર આત્મામાં જોવાનું એ જ્ઞાન, અહંતાના અજ્ઞાનમાંથી, તેનાં કાર્યો-માંથી તે પરિણામોમાંથી આત્માને મુક્ત કરે છે, અધોભૂમિકામાંથી ઊર્ધ્વમાં લઈ જાય છે. એ ઊર્ધ્વ ચેતનામાં જીવન ધારણ કરવું એટલે શાંતિ અને દૃઢ આધ્યાત્મિક પાયો પ્રાપ્ત કરવાં.

ઉપર જણાવ્યો તે ફેરફાર જીવનમાં કરવો હોય તો તેને માટે બે માર્ગ ખુલ્લા છે : એક જ્ઞાનમાર્ગ અને બીજો કર્મમાર્ગ; અને ગીતા આ બન્ને માર્ગોને એક દૃઢ સમન્વયના રૂપમાં ઘટાવે છે. મનની અને ઇન્દ્રિયોની અધોગામી પ્રવૃત્તિમાં લીન થઈ જતી બુદ્ધિને અટકાવીને ઊર્ધ્વમાં રહેલા આત્મા યા બ્રહ્મ પ્રત્યે વાળવી એ જ્ઞાનનો માર્ગ છે; એ માર્ગમાં મનના બહુ શાખાવાળા સંકલ્પવિકલ્પોમાં અને કામનાના અનેક પ્રવાહોમાં બુદ્ધિને વહેંચાઈ જતી અટકાવીને બુદ્ધિને એક આત્માના વિચાર ઉપર એકાગ્ર કરવાની હોય છે. એટલે આ માર્ગનો સ્વીકાર કર્મના સંપૂર્ણ સંન્યાસ તરફ, નૈષ્કર્મ્ય તરફ તથા પ્રકૃતિથી આત્માના વિચ્છેદ તરફ દોરી જાય છે. પરંતુ એવો સંપૂર્ણ નિરપેક્ષ સંન્યાસ, એવી નિષ્ક્રિયતા, અને એવો વિચ્છેદ, ખરું જોતાં, શક્ય જ નથી. પુરુષ અને પ્રકૃતિ બન્ને એવાં તત્ત્વો છે જેમને છૂટાં પાડી શકાય તેમ નથી, અને જ્યાં સુધી આપણે પ્રકૃતિમાં રહીએ છીએ ત્યાં સુધી પ્રકૃતિમાં આપણાં કાર્યો ચાલુ રહે છે જ, — ભલે પછી તે અજ્ઞાનમાં વસતા આત્માનાં કર્મો કરતાં જુદું રૂપ ધારણ કરે, અથવા તો તેમના કરતાં જુદી દિશામાં વહે. સંન્યાસ થવો આવશ્યક છે જ, પણ કર્મોમાંથી દૂર નાસી છૂટવું એ કાંઈ સાચો સંન્યાસ નથી; પરંતુ અહંતા અને કામનાનો વિનાશ કરવો એ ખરો સંન્યાસ છે. એ સાધવાનો ઉપાય કર્મો કરવા છતાં ફળની ઇચ્છાનો ત્યાગ કરવો અને એવો ફળની ઇચ્છાનો ત્યાગ સાધવા માટે પ્રકૃતિ સર્વ કર્મોનો કર્તા છે એ સત્ય સ્વીકારીને, પ્રકૃતિને પોતાને કર્મો કરવા દેવાં અને પોતે સાક્ષીભાવ અને અનુમંતા ભાવમાં રહેવું, પરંતુ એનાં કર્મોમાં અને એનાં ફળોમાં આસક્તિ ન રાખવી,— એ આનો માર્ગ છે. ત્યાર પછી અહંતા, મર્યાદિત અને શુદ્ર વ્યક્તિતા

શાંત થઈ જાય છે અને એક અપૌરુષેય અક્ષર આત્માની ચેતનામાં એકરસ થઈ લય પામી જાય છે, પણ સાથેસાથે પ્રકૃતિનાં કાર્યો અનેક તત્ત્વોની મારફત ચાલુ જ રહે છે. એટલે કે, સંપૂર્ણપણે પ્રકૃતિની જ પ્રેરણા તળે અત્યારે આપણને જે સત્-તાઓ સચેતન, કર્મો અને ગતિ કરતી જણાય છે, તે સઘળાં તત્ત્વો આપણને એક અનંતમાં આવી રહેલાં દેખાશે. આપણું પોતાનું મર્યાદિત જીવન એ બધાં પ્રકૃતિનાં તત્ત્વોમાંનું જ એક છે, અને એની સઘળી પ્રવૃત્તિઓ પણ પ્રકૃતિની જ પ્રવૃત્તિઓ છે એમ આપણે જોઈ શકીએ છીએ. એટલે કે બધાં કર્મો આપણા 'આત્મા'નાં નહિ, કારણ કે આત્મા તો નીરવ છે, અપૌરુષેય, અદ્વૈત સ્વરૂપ છે. પ્રકૃતિની એ પ્રવૃત્તિઓને 'અહં' પોતાની છે એમ હક્ક કરીને માગે છે એટલે એ બધી આપણી છે એમ આપણે ધારીએ છીએ. પરંતુ હવે, ઉપર જણાવ્યા પ્રમાણે અહંનો નાશ થયો છે, એટલે એ કર્મો આપણાં નહિ પરંતુ પ્રકૃતિમાં છે એ આપણે જાણી શકીએ છીએ. 'અહં'ના વિનાશ કરવાને પરિણામે આપણી સત્-તામાં અને ચેતનામાં બિનંગતપણું અલિપ્તતા સાધીએ છીએ; કામનાનો ત્યાગ કરીને આપણે પ્રકૃતિનાં કાર્યોમાં બિનંગતપણું સાધીએ છીએ. હવે પછી આપણે અકર્મમાં મુક્ત છીએ, એટલું જ નહિ પરંતુ કર્મ કરતાં પણ આપણે મુક્ત રહીએ છીએ. આપણી મુક્તિ સ્થૂળની કે સ્વભાવની અક્રિયતા ઉપર, અચલતા ઉપર અને શૂન્યતા ઉપર આધાર રાખતી નથી, — અને કર્મ કરતાંની સાથે આપણું પતન થાય છે એવું પણ નથી, — પ્રકૃતિનાં કાર્યોનો ભરપૂર પ્રવાહ વહેતો હોય ત્યારે પણ આપણી અંદર રહેલો અક્ષર પુરુષ, સ્થિર, પ્રશાંત અને મુક્ત રહે છે.

અક્ષર પુરુષની સંપૂર્ણ નિર્વ્યક્તિતાવડે પ્રાપ્ત થતો મોક્ષ સાચો હોય છે, સંપૂર્ણ હોય છે, અનિવાર્ય છે. પણ એવો મોક્ષ એ જ શું આખરી, સર્વોત્તમ સ્થિતિ છે? એ જ શું સમગ્ર આધ્યાત્મિક જીવનની પરિસમાપ્તિ છે? આપણે આગળ જોયું છે કે સમગ્ર જીવન, આ સર્વ વિશ્વસત્-તા, એ પ્રકૃતિનો જે એક અને પ્રચ્છન્ન આત્મા છે તેને, પ્રકૃતિનાં સઘળાં કાર્યો જેમાં બને છે તે પુરુષને સમર્પણ થતો યજ્ઞ છે. પરંતુ પ્રકૃતિના કાર્યની સાચી દિશા આપણે જોઈ શકતા નથી, કારણ કે અહં, કામના, અને આપણી મર્યાદિત, સક્રિય અને અનેક શાખાવાળી વ્યક્તિતા એ સત્યને ઢાંકી દે છે. હવે જ્ઞાનયોગની સાધનાનો આશ્રય લઈને અહં, કામના અને મર્યાદિત વ્યક્તિતામાંથી છૂટા થયા છીએ, ઊંચે ચડયા છીએ તથા અક્ષર પુરુષમાં એકતા સાધીને એ વ્યક્તિત્વ વગરના, સર્વમાં વ્યાપેલા, અનંત દેવને આપણે પામી શકયા છીએ. આપણા અસ્તિત્વને આપણે એક આત્મા જેમાં સર્વ જીવન ધારણ કરીને રહેલું છે તેની સાથે એકતા પ્રાપ્ત કરાવી છે. ત્યાર પછી પણ કર્મનો યજ્ઞ તો ચાલુ જ રહે છે, પરંતુ તે આપણે નહિ પરંતુ આપણાં મર્યાદિત કરણો — મન, પ્રાણ અને શરીર — દ્વારા કાર્ય કરીને પ્રકૃતિ એ યજ્ઞ ચલાવે છે. પણ તો પછી, એ

યજ્ઞ કોને અર્પણ કરવામાં આવે છે? અને કયા હેતુ માટે એ યજ્ઞ ચાલુ રહે છે? એ પ્રશ્નો વિચારવાના છે. કારણ કે અક્ષર, બિનંગતતાને તો કોઈ પ્રવૃત્તિ કે કોઈ કામના કે પ્રાપ્ત કરવાના ઉદ્દેશ જેવું કાંઈ જ હોઈ શકતું નથી. આ સ્થૂળ દ્રવ્યોના બનેલા વિશ્વમાં એને કથા ઉપર કથા માટે પણ આધાર રાખવો પડતો નથી. એ અક્ષર તો પોતાને ખાતર છે, પોતાના આત્માનંદમાં રહે છે, પોતાના અવ્યય અને સનાતન અસ્તિત્વમાં સદા લીન હોય છે. ઇચ્છા રહિત થઈને કર્મો કરવાં તે આ અક્ષર સ્વયંભૂ સત્-તાને, એના આત્માનંદને પ્રાપ્ત કરવા માટે ઉપાય તરીકે, આપણે માટે આવશ્યક હોઈ શકે. પરંતુ એક વાર એ વસ્તુ પ્રાપ્ત થઈ જાય ત્યાર પછી એ યજ્ઞ ચાલુ રાખવાની જરૂર રહેતી નથી. હા, ત્યાર પછી પણ કર્મો ચાલુ રહી શકે, કારણ કે પ્રકૃતિ અને તેની પ્રવૃત્તિ બન્ને અસ્તિત્વમાં હોય છે. પરંતુ એ કાર્યોમાં કશો હેતુ રહેતો નથી. મોક્ષ પ્રાપ્ત કર્યા પછી કર્મો ચાલુ રાખવાનું એકમાત્ર કારણ અભાવાત્મક હોઈ શકે છે: એટલે કે પ્રકૃતિ આપણાં પરિમિત કરણો, જેવાં કે મન, અને શરીરના ઉપર દબાણ કરીને, એમને ફરજ પાડે છે તેથી કર્મો ચાલુ રહે છે. પણ એ જ જો એકમાત્ર કારણ હોય તો સૌથી પ્રથમ તો આપણે કર્મોને ઘટાડી નાખવાં જોઈએ, થઈ શકે તેટલાં ઓછાં કરી નાખવાં જોઈએ. મતલબ કે પ્રકૃતિની ફરજ આપણા શરીર પાસેથી જે કામ કરાવે તેટલામાં જ સર્વ કર્મોને મર્યાદિત કરી દેવાં જોઈએ. અને બીજું, ધારો કે તમે કર્મોને ઓછામાં ઓછાં ન કરો — કરી નાખો, કારણ કે કર્મથી કશો અર્થ સરવાનો નથી, તેમ અકર્મ પણ કાંઈ ઉદ્દેશ્ય નથી, તો પછી કયા પ્રકારનાં કર્મો થાય છે તેની પણ કશી અગત્ય રહેતી નથી. એક વાર જ્ઞાન પ્રાપ્ત કરે પછી અર્જુન પોતાની ક્ષત્રિય પ્રકૃતિને અનુસરીને યુદ્ધનું કાર્ય ચાલુ રાખી શકે છે, અથવા તો, એ કર્મનો ત્યાગ કરીને પોતાના આત્માની નિષ્ક્રિયતાને અનુસરીને સંન્યાસીનું જીવન પણ ગાળી શકે. એમાંનું કયું કર્મ એ કરે છે તે વસ્તુ તદ્દન મહત્ત્વ વગરની અને નિરર્થક છે. અથવા તો, એ બેમાં સંન્યાસ એ વધારે સારો માર્ગ છે, કારણ કે ભૂતકાળના સંસ્કારોને લઈને પ્રકૃતિની જે વૃત્તિઓ એનામાં રહી ગઈ હશે તેમને એ માર્ગ જલદીથી નિર્મૂળ કરી શકશે, અને જ્યારે એનું શરીર પડશે ત્યારે એ કશી પણ બાધા વિના અનંતમાં પ્રવેશ કરશે અને ત્યાંથી જન્મ-મરણના ફેરામાં — જીવન રૂપી દુઃખ અને ઉન્માદવાળા આ અનિત્ય અને અસુખ લોકમાં, પાછા ફરવાની એને જરૂર નહિ રહે.

ઉપર કહ્યું તે પ્રમાણે જ જો ગીતાનો બોધ હોય તો ગીતાનો બધો અર્થ જ ફરી જાય, કારણ કે એવું હોય તો એનો સૌથી પહેલો અને કેન્દ્રસ્થ હેતુ જ માર્યો જાય છે. ગીતા આગ્રહપૂર્વક કહે છે કે મુક્ત થયા પછી કયું કર્મ કરવામાં આવે છે એ વસ્તુ ઘણી અગત્યની છે અને કર્મ કરવાનાં ચાલુ રાખવા માટે પ્રમાણ પણ છે, અને તે આગળ જણાવ્યું તેવું અભાવાત્મક અને યાંત્રિક

સ્થૂળ કારણ એટલે કે પ્રકૃતિનું હેતુ વગરનું દબાણ માત્ર નથી. અહં ઉપર વિજય મેળવ્યા પછી ઈશ્વર શેષ રહે છે; એ યજ્ઞ અને તપનો ભોક્તા છે, અને યજ્ઞ કરવામાં હજી પણ હેતુ રહેલો છે. આખરી સત્ય, આપણા જીવનનું ઊંચામાં ઊંચું રહસ્ય કાંઈ નીરવ શાંત બ્રહ્મ નથી. કારણ કે વ્યક્તિતા અને નિર્વ્યક્તિતા, સાંત અને અનંત એ બંને આમ વિરોધી દેખાતા હોવા છતાં એ બંનેના ભેદથી મર્યાદિત ન થનાર એવી એક દિવ્ય સત્-તાની એ બન્ને યુગપદ્ — એકીવખતે અસ્તિત્વમાં રહેલી બાજુઓ છે, એ પરમ દિવ્ય સત્-તા એ બન્ને બાજુઓને એકીવખતે પોતે ધારણ કરે છે. ઈશ્વર એ સદા અવ્યક્ત, અનંત છે જેનામાં સાંતરૂપો પોતાનો આવિર્ભાવ કરવાને સદા પ્રેરિત થાય છે. પરમ પ્રભુ પોતે પરાત્પર વ્યક્તિ પુરુષ છે, અને સઘળાં વ્યક્તિ-સ્વરૂપો એનાં જ આંશિક સ્વરૂપો છે. એ દિવ્ય છે જે માનવ રૂપે પોતાને પ્રગટ કરે છે, એ જ માનવના હૃદયમાં બિરાજતો પ્રભુ છે. સર્વ પ્રાણીઓને એક અક્ષર-બ્રહ્મમાં જોવાં એવું આપણને જ્ઞાન શીખવે છે કારણ કે એથી આપણે અહં-બુદ્ધિથી મુક્ત થઈએ છીએ. અને ત્યાર પછી એ અક્ષરબ્રહ્મ દ્વારા આપણે એ બધાંને આત્મનિ સર્વાણિ મયિ, 'આત્મામાં અને ત્યાર પછી મારામાં' એટલે પરમ પુરુષમાં જોવાનાં છે. આપણો અહં, આપણી પરિમિત વ્યક્તિતાઓ સર્વમાં જે પ્રભુ રહેલો છે અને જેમાં સર્વની સત્-તા આવી રહેલી છે તે પ્રભુને ઓળખવામાં બાધા રૂપ હોય છે, કારણ કે જ્યારે આપણી વ્યક્તિતાની ગુલામીમાં આપણે હોઈએ છીએ ત્યારે આપણે પ્રભુનાં ખંડ સ્વરૂપોને જ જોઈ શકીએ છીએ, કારણ કે એ વસ્તુઓનાં મર્યાદિત સ્વરૂપો આપણને એવા ટુકડા જ ગ્રહણ કરવા દે છે. એટલે, આપણે પ્રભુની પ્રાપ્તિ કરવાની છે તે આપણા અધોગામી વ્યક્તિસ્વરૂપ દ્વારા નહિ, પરંતુ ઊર્ધ્વમાં રહેલા આપણા અનંત અને બિનંગત અંશ વડે કરવાની છે. અને આપણે સર્વમાં એકરૂપે વ્યાપી રહેલા આત્મા જેનામાં આખા વિશ્વની સત્-તા આવી રહેલી છે તેને પ્રાપ્ત કરવાથી પ્રભુને પ્રાપ્ત કરી શકીએ છીએ. તે અનંત જેમાંથી પરિમિત સ્વરૂપો બાતલ નથી પણ જેમને તે પોતાની અંદર સમાવે છે, એ નિર્વ્યક્તિતા જે વ્યક્તિસ્વરૂપોને તરછોડતી નથી પરંતુ તેમને સ્વીકારે છે, એ અક્રિય જે પ્રકૃતિની સર્વ ક્રિયાને, ગતિને ધારણ કરે છે, વ્યાપીને રહે છે, તે એમનાથી જુદો નથી. એ રૂપો અને એ ગતિ જ સ્વચ્છ દર્પણ રૂપ બની રહે છે, જેમાં પરમ પુરુષોત્તમ પોતાની જાતને પ્રગટ કરશે. એટલે આપણે પહેલાં અક્ષરબ્રહ્મને પ્રાપ્ત કરવાનો છે. વિશ્વના દેવતાઓ દ્વારા અને સાંતનાં મર્યાદિત સ્વરૂપો દ્વારા પ્રભુનું સંપૂર્ણ જ્ઞાન સમગ્રપણે પ્રાપ્ત કરી શકાતું નથી. શાંત નીરવ બ્રહ્મની અક્રિયતા પોતાની જ અંદર પુરાઈ રહેલી છે, અને એ જે વસ્તુઓને

ટેકો આપે છે, તેને પોતાનામાં ધારણ કરે છે, અને વ્યાપીને રહે છે. અને સર્વ વસ્તુને પ્રગટ કરનાર અને સર્વને સંતોષ આપનાર પ્રભુની દિવ્યતાના સમગ્ર સત્યથી એ નીરવ બ્રહ્મ સર્વ રીતે વિખૂટું પડેલું છે એવું કાંઈ નથી. પ્રભુની દિવ્યતાના એ સમગ્ર વિશાળ સત્યને જોવું હોય તો આપણે એ અક્ષરબ્રહ્મની નીરવતાની પેલે પાર પુરુષોત્તમ છે તેને જોવો અને જાણવો જોઈએ. તથા એ પુરુષોત્તમ પોતાના દિવ્ય મહિમામાં ક્ષર અને અક્ષર બન્નેને પોતાનામાં ધારણ કરે છે. પુરુષોત્તમ અક્ષરની નિષ્ક્રિયતામાં પ્રતિષ્ઠિત હોય છે પરંતુ પોતાની જાતને એ ક્રિયામાં વ્યક્ત કરે છે, અને વૈશ્વિક પ્રકૃતિનાં કાર્યમાં પણ તે પોતાની અભિવ્યક્તિ કરે છે. મોક્ષ પ્રાપ્ત કર્યા પછી એ પુરુષોત્તમને કર્મોનો યજ્ઞ અર્પણ કરવાનું ચાલુ રહે છે.

એટલે અત્યાર સુધીમાં એટલું તો સ્પષ્ટ થયું કે યોગનો સાચો ઉદ્દેશ દિવ્ય પુરુષોત્તમ સાથે જીવંત અને આપણને સંપૂર્ણતા અર્પે એવો યોગ સાધવો, એવું મિલન સાધવું એવો છે, અને અક્ષરબ્રહ્મમાં આત્માનું નિર્વાણ કરનારો લય સાધવો એટલો જ કેવળ યોગનો હેતુ નથી. આપણા સમગ્ર જીવનને પ્રભુની દિવ્ય સત્-ના પ્રત્યે આરોહણ કરાવવું, એની જ દિવ્ય ચેતનામાં વાસ કરવો — મય્યેવ નિવસિષ્યસિ, એની સાથે એક થઈ જવું, આપણી ચેતનાને એની દિવ્ય ચેતના સાથે એક કરવી, આપણી ખંડ પ્રકૃતિને એની પૂર્ણતાવાળી દિવ્ય પ્રકૃતિનું પ્રતિબિંબ બનાવવું, આપણા વિચારોમાં અને ઇન્દ્રિયોમાં પૂર્ણપણે દિવ્ય જ્ઞાન વડે સંચાલિત થવું, આપણી સંકલ્પશક્તિ અને આપણાં કર્મોમાં નિઃશેષપણે અને ભૂલ વગર પ્રભુની સંકલ્પશક્તિથી ચાલિત થવું, એના પ્રેમમાં અને આનંદમાં ઇચ્છાઓનો ત્યાગ કરી દેવો, એમાં માનવની પૂર્ણતા રહેલી છે. અહીં શ્રીકૃષ્ણ ભગવાન પરમ રહસ્ય તરીકે આ સ્થિતિ જ વર્ણવે છે. માનવજીવનનું એ સાચું લક્ષ્ય અને આખરી સાર્થકતા છે અને ક્રમેક્રમે વિકાસ પામતા કર્મના યજ્ઞનું આ છેવટનું પગથિયું છે. કારણ કે છેવટ સુધી પ્રભુ જ કર્મોનો ભોક્તા અને યજ્ઞનો આત્મા રહે છે.

પ્રકરણ ચૌદમું

દિવ્ય કર્મનો સિદ્ધાંત

ગીતાના યજ્ઞની ભાવનાનો ખરો અર્થ આગલા પ્રકરણમાં જણાવ્યો તેવો છે, હજી સુધી જેનો વિકાસ ગીતાએ કર્યો નથી તેવા પુરુષોત્તમના તત્ત્વ ઉપર એના સંપૂર્ણ અર્થનો આધાર રહેલો છે. ગીતાના અઢાર અધ્યાયોમાં ધણો મોડો એ વિચારને સ્પષ્ટપણે રજૂ કરવામાં આવે છે, એટલે ગીતાની ક્રમેક્રમે વિકાસ સાધતી સમજૂતી આપતાં આપણે એનો એ કેન્દ્રસ્થ વિચાર પહેલેથી અહીં રજૂ કરવાની જરૂર સ્વીકારી છે. આ તબક્કે તો ગુરુ શ્રીકૃષ્ણ કેવળ એનું સૂચન જ કરે છે, પુરુષોત્તમની સન્નિધિની તથા એના અને અક્ષર-બ્રહ્મના સંબંધની પણ ઝાંખી રજૂઆત કરે છે, એ તત્ત્વને પડદા પાછળથી દર્શાવે છે. આપણું પ્રથમ કાર્ય, અને આપણી આગ્રહભરી આધ્યાત્મિક જરૂર એ છે કે બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કરીને આપણે સંપૂર્ણ શાંતિ અને સમતા પ્રાપ્ત કરવાં જોઈએ. અત્યાર સુધી શ્રીકૃષ્ણ બોલે છે તે પુરુષોત્તમ સ્વરૂપે નહિ પણ પોતાને વિષે — સ્વવાચક — 'હું', 'કૃષ્ણ', 'નારાયણ', 'અવતાર' એટલે કે માનવમાં રહેલ પ્રભુ જે વિશ્વનો પણ સ્વામી છે, અને જે કુરુક્ષેત્રના રથના દિવ્ય સારથિ રૂપે અહીં હાજર છે તેનો જ શબ્દો વડે ઉલ્લેખ કરે છે. આત્મનિ અથો મયિ—(૪.૩૫) સર્વ- અશેષ—ભૂતોને એ "આત્માની અંદર અને ત્યાર પછી 'મારી અંદર' તું જોશે" એવું સૂત્ર શ્રીકૃષ્ણ અહીં ઉચ્ચારે છે. એ સૂત્રનો ભાવાર્થ એ છે કે પોતાની વ્યક્તિતાને માનવે આવિર્ભાવ પામેલી વસ્તુ તરીકે સ્વયંભૂ અક્ષર બ્રહ્મમાં જોઈને પોતાની વ્યક્તિતાને વટાવી જવાની છે એ સાચું, પરંતુ એ અનુભૂતિ સર્વ પ્રકારના વ્યક્તિત્વથી પર એવી પુરુષોત્તમની પરાત્પર વ્યક્તિતાના પરમ રહસ્યને પહોંચવાનું એક સાધન છે. એ પરમ પુરુષ એટલે કે પુરુષોત્તમ, પોતાના નીરવ, સ્થિર પોતાપણાથી પર એવી અક્ષરતામાં પ્રકૃતિથી પર રહેલો છે, પણ સાથેસાથે પ્રકૃતિના અસંખ્ય આવિર્ભાવોમાં એ જ હાજર છે, અને એ જ સક્રિય પણ છે. આપણા અધો-ગામી વ્યક્તિત્વને પોતાપણાથી મુક્ત એવા અક્ષરમાં લય પમાડીને છેવટે તો આપણે એ પરમ પુરુષ સાથે અદ્વૈત પામીએ છીએ. એવો એ દિવ્ય વ્યક્તિતા અતડી, જુદી અને અહંપ્રધાન નથી, છતાં સર્વ વ્યક્તિતાને તે પોતાનામાં ધારણ કરે છે. આ પ્રમાણે ત્રણ ગુણોની બનેલી અધોપ્રકૃતિને વટાવીને, આત્માને

નિષ્ક્રિય નિર્ગુણ એવા અક્ષરમાં સ્થિરપણે સ્થાપન કરીને આખરે આપણે અનંત ઈશ્વરની દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરીએ છીએ. નીચેની અવિદ્યા પ્રકૃતિ દ્વારા કાર્ય કરતી હોવા છતાં એ દિવ્ય પ્રકૃતિ ગુણોથી બંધાતી નથી. અક્ષર બ્રહ્મની એટલે કે નીરવ પુરુષની અંતરની નિષ્કર્મ અવસ્થા પ્રાપ્ત કરીને તથા પ્રકૃતિને પોતાનાં કાર્યો કરવાથી છૂટ આપીને આપણે દિવ્ય પ્રભુત્વની એક ભૂમિકામાં પહોંચી શકીએ, જ્યાં આપણે સર્વ કર્મો કરી શકીએ છીએ છતાં કોઈ પણ કર્મ આપણને બંધનકર્તા થઈ શકતું નથી. 'અવતાર' રૂપ 'કૃષ્ણ', 'નારાયણ' વગેરે તરીકે જે તત્ત્વ અહીં રજૂ થાય છે તેના અંતિમ રહસ્યની ચાવી પુરુષોત્તમભાવમાં રહેલી છે. પુરુષોત્તમનું તત્ત્વ ન હોય તો અધોમુખ પ્રકૃતિમાંથી બ્રાહ્મી સ્થિતિમાં પોતાની જાતને પાછી ખેંચી લીધા પછી મુક્ત આત્માની અકર્મ અવસ્થા જ ફલિત થાય, જગતનાં કાર્યો પ્રત્યે એવા મુક્તાત્માની વૃત્તિ ઉદાસીનતાની જ હોઈ શકે. પરંતુ પુરુષોત્તમનો સ્વીકાર કરતાં એની એ કર્મો પ્રત્યેની વિમુખતા, જગતની સઘળી પ્રવૃત્તિ પ્રભુને સોંપવાના એક પગથિયાની ગરજ સારે છે. કારણ કે એ કર્મો પુરુષોત્તમની દિવ્ય પ્રકૃતિ કરે છે અને પ્રભુની મુક્તિમાં સ્થિર રહીને આત્મા કરે છે. નીરવ બ્રહ્મની પ્રાપ્તિને તમારા લક્ષ્ય તરીકે સ્વીકારો એટલે સઘળી પ્રવૃત્તિ સહિત તમારે જગતનો ત્યાગ કરવાનો આવશે. પુરુષોત્તમને — પરાત્પર પ્રભુની પ્રાપ્તિને તમારા લક્ષ્ય તરીકે સ્વીકારો એટલે સઘળી પ્રવૃત્તિ સહિત હોવા છતાં તમે જગતને જીતી ગયા સમજો, કારણ કે પુરુષોત્તમ કર્મોથી પર છે, છતાં કર્મનું આંતરિક અને આધ્યાત્મિક કારણ, કર્મનું ઉદ્દેશ્ય અને અસલ સંકલ્પ એ પોતે છે. આમ તમે જગતને તમારું બનાવી શકશો, કારણ કે તમે પણ પુરુષોત્તમ પેઠે વિશ્વથી પર થઈ રહેશો, ત્યાર પછી જગત એક કેદખાનું મટીને સમૃદ્ધ રાજ્ય બની રહે છે. આધ્યાત્મિક જીવનનું એ સામ્રાજ્ય જીતવા માટે આપણા ઉપર અત્યારે જુલમ ગુજારનાર 'અહં'નો આપણે વિનાશ કરવાનો છે, અને આપણને કેદમાં રાખનાર ઇચ્છાઓના બંધનને આપણે તોડવાનાં છે, આપણી અહં-કેન્દ્રિત મમતા અને ભોગવિલાસનું બનેલું કારાગૃહ આપણે ભાંગવાનું છે. મુક્ત અને વિશ્વમય વૈશ્વિક બનેલો આત્મા સ્વરાટ્ અને સમ્રાટ્ — પોતાનો રાજા અને સર્વનો શાસક બને છે.

યજ્ઞરૂપે કરેલાં કર્મો આ પ્રમાણે મોક્ષનાં, પરમ આધ્યાત્મિક પૂર્ણતાનાં સાધન રૂપ બની શકે છે તે આપણે જોયું. પ્રાચીન સમર્થ કર્મયોગનો આશ્રય લઈને જનક વગેરે મહાન કર્મયોગીઓ પૂર્ણતાને પ્રાપ્ત કરી શકયા હતા. કોઈ પણ પ્રકારના અહંપ્રધાન હેતુ કે આસક્તિ વગર, સમતાપૂર્વક નિષ્કામ કર્મો યજ્ઞ તરીકે કરીને એમણે પૂર્ણતા પ્રાપ્ત કરી હતી. —**कर्मण्येव हि संसिद्धिमास्थिता जनकादयः** (૩.૨૦)

ગીતા કહે છે કે એ જ પ્રમાણે, અને એવી ને એવી નિષ્કામપૂર્વક મુક્તિ અને સંસિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પણ, — એટલે કે જીવનમુક્ત દશા પ્રાપ્ત કર્યા પછી પણ કર્મો થઈ શકે છે અને કર્મો કરવાં ચાલુ રાખવાં આવશ્યક પણ છે. એટલે કે, આપણે એક વિશાળ, દિવ્ય ચેતનામાં રહીને, સ્થિર, ઉચ્ચ, આધ્યાત્મિક સમ્રાટ પેઠે કર્મો ચાલુ રાખવાં જોઈએ. "વળી લોકસંગ્રહનો વિચાર કરીને પણ તારે કર્મો કરવાં ચાલુ રાખવાં જોઈએ — लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि । 'શ્રેષ્ઠ' માણસ જે કાંઈ કરે છે તેને જ સામાન્ય જનસમુદાય અમલમાં મૂકે છે. શ્રેષ્ઠ માણસ ધોરણ નક્કી કરે છે, લોકો એનું અનુસરણ કરે છે. હે પાર્થ! આ ત્રણે લોકમાં મારે જે કરવાની ફરજ પડે એવું એક પણ કર્મ નથી, મેં પ્રાપ્ત ન કરેલું એવું કાંઈ જ નથી કે જે મારે પ્રાપ્ત કરવાનું છે, અને છતાં, હું કર્મોના માર્ગમાં વિચરું છું." (૩.૨૧-૨૨) 'કારણ કે જો હું સતત સાવધાન રહીને કર્મોના માર્ગમાં પ્રવૃત્ત રહું નહિ તો માણસો ચારે બાજુએ મારા જ માર્ગનું અનુસરણ કરવા માંડે. હું જો કર્મ કરું નહિ તો આ લોકો વિનાશને પામે અને આમ હું અવ્યવસ્થાનો કર્તા બનું અને આ લોકોનો વિનાશ કરું. અજ્ઞાની લોકો જેમ કર્મમાં આસક્ત થઈને વર્તે છે, તેમ જ્ઞાની પુરુષે અનાસક્ત થઈને લોકસંગ્રહને પોતાના ઉદ્દેશ્ય તરીકે રાખીને કર્મો કરવાં જોઈએ. કર્મ પ્રત્યે આસક્ત એવા અજ્ઞાની લોકોમાં એવા જ્ઞાની પુરુષે બુદ્ધિભેદ ઉત્પન્ન કરવો જોઈએ નહીં. એમને સર્વ પ્રકારનાં કર્મોમાં જોડવા જોઈએ; અને એણે પોતે યોગમાં યુક્ત થઈને જ્ઞાનપૂર્વક કર્મો કરવાં જોઈએ.' (૩.૨૧-૨૬) આ સાત શ્લોકો ગીતામાં સૌથી અગત્યના છે.

પણ ઉપર જણાવ્યા તે શ્લોકોનો આધુનિક વ્યવહારલક્ષી માનસ જે અર્થ કરે છે તેવો થઈ શકે તેમ નથી એ વાત આપણે સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે. આજકાલનું માનસ ઊંચી અને સુદૂર એવી આધ્યાત્મિક શક્યતાઓ કરતાં જગતનાં અત્યારનાં કાર્યોમાં ઘણો વધારે રસ લેતું હોય છે. એટલે આ શ્લોકોમાંથી સમાજસેવાની, દેશભક્તિની, સર્વજનહિતેચ્છુ અને પરોપકારી એવી પ્રવૃત્તિને, તથા આજકાલના લોકોની બુદ્ધિને આકર્ષનારી એવી સેંકડો સામાજિક યોજનાઓની અને સ્વપ્નાંઓ માટેની તેની આસક્તિને તાત્ત્વિક, દાર્શનિક સકારણતા તથા ટેકો મળે છે એવો અર્થ આજકાલનું માનસ તારવે છે. પણ આપણે ધ્યાનમાં રાખવાનું છે કે એ શ્લોકોમાં કોઈ વિશાળ નૈતિક અને બુદ્ધિના આદર્શ જેવી પરોપકારવૃત્તિ કે સેવાવૃત્તિનો નિયમ પ્રગટ કરવામાં આવ્યો નથી. પરંતુ ઈશ્વર સાથે, અને ઈશ્વરની અંદર રહેલાં અને જેમાં ઈશ્વર પોતે વસે છે તે સર્વ પ્રાણીઓ સાથે આધ્યાત્મિક એકતા પ્રાપ્ત કરવાના નિયમનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ શ્લોકો સમાજ આગળ તથા માનવજાતિ આગળ વ્યક્તિને ગૌણ બનાવવાનો અથવા તો, માનવજાતિની સમષ્ટિની વેદી ઉપર વ્યક્તિનું બલિદાન આપવાનો

આદેશ આપે છે એવું નથી; પરંતુ પ્રભુમાં વ્યક્તિનો સાર્થકતા સાધવાનો, અને સર્વને પોતાનામાં સમાવનાર એવા પ્રભુની સાચી વેદી ઉપર અહંને અર્પણ કરવાની એ આજ્ઞા કરે છે. ગીતા આધુનિક માનસના કરતાં વિચારો‌ની અને અનુભૂતિઓનો એક વધુ ઉચ્ચ ભૂમિકા ઉપરથી જુએ છે. આધુનિક માનસ અલબત્ત, અત્યારે એવી કક્ષાને પ્રાપ્ત થયું છે કે અહંતાનાં બંધનોને દૂર કરવા માટે એ મંથન કરે છે; પરંતુ હજી સુધી એનું દૃષ્ટિબિંદુ દુન્યવી રહેલું છે. અર્વાચીન માનસની પ્રકૃતિ આધ્યાત્મિક નથી, પરંતુ બુદ્ધિપ્રધાન અને નૈતિક આદર્શોવાળી છે. દેશભક્તિ, વસુધૈવ કુટુંબની ભાવના, સમાજસેવા, સમષ્ટિવાદ, પરોપકારવૃત્તિ, માનવજાતિનો આદર્શ કે માનવજાતિને જ પૂજનારો ધર્મ એ સઘળાં આપણી વ્યક્તિગત, કુટુંબની, સમાજની કે રાષ્ટ્રની અહંતામાંથી છૂટવા માટેનાં સુંદર સહાયકો છે. અને એ બધાંનો આશ્રય લઈને વ્યક્તિ પોતામાં રહેલી જુદાજુદા પ્રકારની અહંતાથી મુક્ત થઈને પોતાના વિકાસની આગળની એટલે કે બીજી ભૂમિકામાં જઈ શકે છે. એ ભૂમિકા એવી છે કે તેમાં વ્યક્તિ પોતાના અસ્તિત્વની, પોતાના જીવનની, અન્ય પ્રાણીઓના અસ્તિત્વ અને જીવન સાથે એકતા અનુભવે છે, એટલે કે એવી એકતા તે બુદ્ધિની, નીતિની અને લાગણીની ભૂમિકા ઉપર અનુભવી શકે છે. પરંતુ એક વસ્તુ આપણે ધ્યાનમાં રાખવાની છે તે એ કે બુદ્ધિ, લાગણી વગેરેની ભૂમિકાઓ ઉપર પોતાની ચેતનામાં રહેલા સમગ્ર સત્યને અનુસરીને એ પ્રકારની એકતા સાચી અને સંપૂર્ણરીતે સાધી કે અનુભવી શકે તેમ નથી. પરંતુ ગીતાની વિચારણા એનાથી પણ ઉપરની આપણી વિકાસ પામતી ચેતનાની એક ત્રીજી ભૂમિકાને પહોંચે છે અને એ બીજી ભૂમિકા ત્રીજી પ્રત્યે આરોહણ કરવાની યાત્રાની અંતરાવસ્થા જ માત્ર બની રહે છે.

હિંદના સમાજનું વલણ સમષ્ટિ યાને સમાજના હકો આગળ વ્યક્તિને ગૌણ બનાવવાનું રહેલું છે. પરંતુ હિંદની ધાર્મિક વિચારણા અને આધ્યાત્મિક શોધના ઉદ્દેશો ઉદાત્ત વ્યક્તિત્વના ઉપર ભાર દેનારા રહ્યા છે. ગીતાના જેવી તાત્ત્વિક વિચારણાનો ગ્રંથ વ્યક્તિના વિકાસને, તેની સૌથી ઉચ્ચ જરૂરને, તેની સૌથી વિશાળ આધ્યાત્મિક મુક્તિ, મહત્તા—ગૌરવ અને સામ્રાજ્ય જેમાં રહેલું છે તેનો ખોજ કરવાના, અને તેને જાણીને, તેને પ્રાપ્ત કરીને, જીવનમાં ઉતારવાના વ્યક્તિના હકને સૌથી પહેલું સ્થાન ન આપે એ બનવાજોગ નથી. માનવનું ઉદ્દેશ્ય આધ્યાત્મિક જ્ઞાનપ્રકાશવાળા ક્રાંતદ્રષ્ટા ઋષિ, અને આધ્યાત્મિક અર્થમાં શાસક યાને સમ્રાટ બનવાનો છે. એ આદર્શ માનવતાનું આ અધિકારપત્ર પ્રાચીન વેદના ઋષિઓએ પરાપૂર્વથી જાહેર કરેલું છે. વ્યક્તિ માટેનો એમનો આદર્શ પોતાની મર્યાદાઓથી પર જવું એવો છે, — પણ તે પોતાના અંગત હેતુઓને વ્યવસ્થિત સમાજના ઉદ્દેશોમાં લય પમાડીને નહિ, પરંતુ પોતાની જાતને પ્રભુની ચેતનામાં આરોહણ કરાવો,

વિશાળ બનાવી ઊર્ધ્વમાં આરોહણ કરાવીને તથા તેને દિવ્ય સંપત્તિ પ્રાપ્ત કરાવીને. અહીં ગીતા જે નિયમ આપે છે તે અતિમાનવ, એટલે કે દિવ્યતાને પ્રાપ્ત થયેલા શ્રેષ્ઠ માનવ (જર્મન તત્ત્વવેત્તા નિટ્શેના અર્થમાં શ્રેષ્ઠ માનવ નહિ) માટે છે. એટલે કે ગ્રીક લોકોની પેઠે એકતરફી — વધારે પડતો બૌદ્ધિક વિકાસ પામેલા, કે (રોમન લોકો પેઠે) વધારે પડતા સાહિત્ય-વિષયક પ્રવૃત્તિમાં પડેલા કે ડાયોનીસિયન પેઠે કેવળ વિલાસપ્રિયતાના ઉપાસક હોય એવા શ્રેષ્ઠ માનવોના વિષે ગીતા ઉલ્લેખ કરતી નથી. ગીતા એ શબ્દ જુદા જ અર્થમાં યોજે છે. ગીતાનો શ્રેષ્ઠ પુરુષ પ્રભુત્વવાળો પુરુષ છે, — એનું સમસ્ત પોતાપણું એક, પરાત્પર અને વિશ્વવ્યાપી દિવ્ય સત્-તાને, ચેતનાને અને પ્રકૃતિને અર્પણ થયેલું હોય છે. એણે ક્ષુદ્ર 'પોતાપણા'નો લય કરીને પોતાનામાં રહેલા વિરાટ આત્માને પ્રાપ્ત કરેલો હોય છે, એણે પોતાની જાતનું દિવ્યતામાં રૂપાંતર સાધેલું હોય છે.

અધોગામી ત્રૈગુણ્યમયી 'પ્રકૃતિ'માંથી પોતાની જાતને બહાર કાઢીને, ઊર્ધ્વમાં ગતિ કરીને मद्भावमागताः[1] થવું, — એટલે કે પ્રભુની સત્-તામાં અને એની દિવ્ય પ્રકૃતિ સાથે અદ્વૈત પ્રાપ્ત કરવું એ ગીતાના યોગનો ઉદ્દેશ છે. પણ જ્યારે એ ઉદ્દેશ પૂર્ણ થાય, જ્યારે વ્યક્તિ બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કરે, તથા અહંતાની મિથ્યા દૃષ્ટિ વડે પોતાને તથા વિશ્વને જોતી બંધ થાય, એટલું જ નહિ પરંતુ સર્વને પોતાના આત્મામાં, અને પ્રભુમાં જોતાં થાય, તથા સર્વ પ્રાણીઓમાં આત્માને સર્વમાં પ્રભુને જોઈ શકે, ત્યાર પછી શું? ત્યાર પછી એ કયું કર્મ કરશે? કારણ કે કર્મ તો રહેશે જ. એના નવીન દર્શનમાંથી કેવા પ્રકારનું કર્મ પ્રગટશે? અને એનાં કર્મમાં વિશ્વનો અથવા તો, એનો અંગત કયો હેતુ રહેશે? એ પ્રશ્નોને[2] અર્જુને પૂછેલા તો છે પણ એમનો ઉત્તર અર્જુને પૂછ્યા હતા તેના કરતાં જુદા જ દૃષ્ટિબિંદુથી શ્રીકૃષ્ણ આપે છે. એવા મુક્ત પુરુષના કર્મનો હેતુ બુદ્ધિનો, નીતિનો કે લાગણીની ભૂમિકા ઉપર રહેલી કોઈ કામના તો ન જ હોઈ શકે. કારણ કે એ મુક્ત પુરુષે તો નીતિના હેતુનો પણ ત્યાગ કરી દીધેલો હોય છે. મુક્ત માનવ, સામાન્ય પ્રકૃતિમાં પાપ અને પુણ્ય વચ્ચે જે ભેદ હોય છે તેનાથી પર જતો રહે છે, અને પાપ અને પુણ્યથી પેલી તરફ આવેલી ઊર્ધ્વ ચેતનાની કોઈ જ્વલંત વિશુદ્ધિમાં તે રહેવા લાગે છે. વળી, કર્મ કરવાના હેતુ તરીકે નિઃસ્વાર્થ કર્મોનો આધાર લઈને પોતાનો આધ્યાત્મિક વિકાસ સાધવાની પ્રેરણા પણ હવે તેને માટે શક્ય નથી, કારણ કે એ પ્રેરણા હવે તેની પરિપૂર્ણ સાર્થકતાને પામી ચૂકી છે, એનો

---

૧ સાયુજ્ય, સાલોક્ય, સાદૃશ્ય અથવા તો સાધર્મ્ય — એટલે પ્રભુ સાથે ચેતનાના અને કર્મના સમાન નિયમને પ્રાપ્ત કરવો તે.

૨ किं प्रभाषेत किमासीत व्रजेत किम् ।

આત્મા કૃતાર્થ થયેલો છે. એટલે કર્મ કરવાનો એનો હેતુ કેવળ 'લોકસંગ્રહ' (એટલે લોકોને એકત્ર રાખવાનું કાર્ય) જ હોઈ શકે. લોકોની, એટલે કે વ્યવસ્થિત સમાજોની સુદૂર એવા આધ્યાત્મિક આદર્શની પ્રાપ્તિ પ્રત્યે જે યાત્રા છે તે મહાન યાત્રામાં એમને એકત્ર સંગઠિત રાખવાના છે. એટલે કે એમને ભ્રમમાં, અવ્યવસ્થામાં, સંકરમાં અને કેવળ વિસંવાદ અને કલહમાં પડી જતા અટકાવવાના રહે છે. કારણ કે એ વસ્તુઓથી લોકોનો પ્રલય અને વિનાશ થવાનો સંભવ રહેલો છે. એ પ્રકારનું જોખમ અજ્ઞાનના અંધકારમાં, અથવા તો, સંધ્યાના ઝાંખા પ્રકાશમાં પ્રગતિ કરતી દુનિયાને જો એકત્ર અને સંગઠિત રાખવામાં ન આવે, એને રીતસર દોરવામાં ન આવે તો તેને સહેલાઈથી નડે તેવું છે. પ્રજાઓને એકત્ર સંગઠિત રાખવાનું, એમને દોરવાનું અને નિયંત્રણમાં રાખવાનું કાર્ય જગતના 'શ્રેષ્ઠ' હોય એવા નેતા પુરુષોએ પોતાનાં જ્ઞાન અને શક્તિ વડે, પોતાનાં દૃષ્ટાંત અને પ્રત્યક્ષ આચરણ વડે તથા સૂક્ષ્મ અગોચર પ્રભાવ વડે સાધવાનું હોય છે. એવા 'શ્રેષ્ઠ' લોકો એટલે જે લોકો માનવની સામાન્ય ચેતનાવસ્થાથી આગળ ગયેલા છે, તથા સમષ્ટિની સામાન્ય ભૂમિકાથી પણ જેઓ પર છે એવા લોકો જ માનવજાતિના સ્વાભાવિક નેતા છે. કારણ કે માનવજાતિએ કયો માર્ગ લેવો, એણે જીવનમાં કયું ધોરણ સાચવવું જરૂરી છે યા તો પ્રાપ્ત કરવાનું છે એ સઘળું એ નેતાઓ જનતાને બતાવે છે. પણ પ્રભુને પ્રાપ્ત કરનાર માનવ કાંઈ સામાન્ય અર્થમાં જ 'શ્રેષ્ઠ' નથી. એના સૂક્ષ્મ પ્રભાવમાં અને એના પ્રત્યક્ષ દૃષ્ટાંતમાં કોઈ સાધારણ નેતાની હોય છે તેના કરતાં તો કેટલી યે વધારે સમર્થ શક્તિ રહેલી હોવી જોઈએ. એટલે એવો મુક્ત આત્મા કેવા પ્રકારનું ઉદાહરણ જનતા આગળ રજૂ કરશે ? એવો માણસ કયા નિયમને અથવા તો કયા ધોરણને પોતાનો ટેકો આપશે ?

પોતાના ભાવાર્થને વધારે સંપૂર્ણપણે સ્પષ્ટ કરવા માટે શ્રીકૃષ્ણ જે દિવ્ય ગુરુ અને અવતાર બંને છે તે પોતાનું જ ઉદાહરણ આપે છે, અર્જુનના આગળ પોતાનું જ ધોરણ રજૂ કરે છે. 'હું કર્મોના માર્ગમાં વિચરું છું' — તે કહેતા લાગે છે, **वर्त्त एव च कर्मणि** — જગતના બધા માણસો એ માર્ગને જ અનુસરે છે; તારે પણ એ કર્મના માર્ગમાં રહેવું જોઈએ. જેમ હું કર્મ કરું છું તેવી રીતે તારે પણ કર્મ કરવાં જોઈએ. મારે કર્મ કરવાની કોઈ આવશ્યકતા નથી, કારણ કે મારે કર્મ કરીને કશું પ્રાપ્ત કરવાનું છે નહીં. હું પોતે ઈશ્વર છું એટલે આખા વિશ્વમાં જે કાંઈ છે તે મારું છે, જે પ્રાણીઓ છે તે પણ મારાં જ છે. હું પોતે આ વિશ્વથી અતીત છું તથા અહીં વિશ્વમાં વ્યાપેલો પણ છું. અને કોઈ પણ પદાર્થ માટે મારે કોઈ વસ્તુ ઉપર કે કોઈ વ્યક્તિના ઉપર આધાર રાખવાનો નથી, છતાં હું કર્મ કરું છું. તારાં કર્મોનો પણ એ જ ભાવ અને એ જ રીત હોવાં જોઈએ. હું ઈશ્વર છું, એટલે હું જ નિયમ છું, હું જ તારું ધોરણ છું. માણસો જે માર્ગે ચાલે છે

તે માર્ગ હું તૈયાર કરી આપું છું. હું પોતે માર્ગ છું, અને અંતિમ લક્ષ્ય પણ હું જ છું. પરંતુ એ બધું કાર્ય હું વિશાળતાપૂર્વક, વૈશ્વિકતામાં રહીને, થોડે અંશે ઇન્દ્રિયગોચર થઈને, પણ જ્યારે પ્રમાણમાં અગોચર રહીને કરું છું. માણસો મારાં કર્મની રીત ખરી રીતે જાણતા નથી. તું જ્યારે એ વસ્તુ જાણે અને જુએ, જ્યારે તું પોતે દિવ્ય માનવ બને ત્યારે તારે ભગવાનની દિવ્ય વ્યક્તિતાની એક શક્તિ રૂપ બની રહેવું જોઈએ. માનવ રૂપમાં રહેવા છતાં જેમ હું મારા અવતારમાં થાઉં છું તેમ તારે પણ દિવ્યતાના ઉદાહરણ રૂપ થવું જોઈએ. માનવજાતિનો ઘણો મોટો સમુદાય અજ્ઞાનમાં પડેલો છે, પ્રભુને પ્રાપ્ત કરનાર મુક્તાત્મા સદા જ્ઞાનમાં વસે છે. પણ આ મુક્તાત્માએ પોતાના અધિક જ્ઞાનના ગૌરવમાં જગતનાં કર્મોનો ત્યાગ કરી દઈને, પોતાના તરફથી આપત્તિજનક ઉદાહરણ આપીને તેણે માણસોનાં મનમાં બુદ્ધિભેદ ઉત્પન્ન કરવો જોઈએ નહીં. (૩.૨૬) કર્મનો તંતુ પૂરેપૂરો વણાઈ રહે તે પહેલાં એને કાપી નાખવો જોઈએ નહીં. માનવની પ્રગતિને માટે જુદાજુદા માર્ગોની ચડતીઊતરતી શ્રેણીઓ અને ભૂમિકાઓ મેં યોજી છે તેમનો મુક્તાત્માએ સંકર કરવો ન જોઈએ; અથવા તો, એમને નિરર્થક ન બનાવી મૂકવાં જોઈએ. અધોગામી અવસ્થામાંથી ઊંચી સ્થિતિમાં જવા માટે, દેખીતી અદિવ્યતામાંથી સચેતન દિવ્યતાને, પરમાત્માને પ્રાપ્ત કરવા માટે માનવનાં કર્મોના સમસ્ત ક્ષેત્રનું અને તેની મર્યાદાઓનું મેં નિર્માણ કરેલું છે. પ્રભુની ચેતનામાં રહેનાર મુક્તાત્માએ પણ માનવકર્મના સમગ્ર ક્ષેત્રમાં વિચરવું જોઈએ. વ્યક્તિ તરીકેનાં સઘળાં કર્મો, સઘળાં સામાજિક કાર્યો, બુદ્ધિનાં, હૃદયનાં, ચિત્તનાં અને શરીરનાં પણ સઘળાં કાર્યો મુક્ત થયા પછી પણ તેનાં તે જ રહેશે. પણ એ સઘળાં એને પોતાને માટે નહિ હોય, પરંતુ જગતમાં રહેલ પ્રભુને ખાતર, સર્વ પ્રાણીઓમાં રહેલા પ્રભુને ખાતર એ કર્મો ચાલુ રહેશે. જેમ મુક્તાત્માએ પોતે કરી છે તેમ સર્વ પ્રાણીઓ પણ પ્રગતિ કરે, એટલે કે કર્મના માર્ગનો આશ્રય લઈને એ સઘળા પોતાના અંતરમાં રહેલા પ્રભુને પ્રાપ્ત કરે એટલા ખાતર એનાં કર્મો ચાલુ રહે છે. બહારથી જોતાં, એનાં અને બીજા સાધારણ લોકોનાં કર્મોમાં કશો ખાસ ધરમૂળનો ભેદ હોતો નથી. લડવું અને રાજ્ય કરવું, અધ્યયન અને અધ્યાપન, શીખવું અને શીખવવું — એમાંનું ગમે તે કાર્ય એવા મુક્તાત્માના કાર્યક્ષેત્રમાં આવી શકે છે. પરંતુ એ કાર્યોમાં એનો અંતરની અવસ્થા અને ભાવ તદ્દન જુદાં જ હોવાં જોઈએ. મુક્તાત્માની આ આંતરભાવના પોતાના પ્રભાવ વડે પોતાની ઊર્ધ્વ દિવ્ય ભૂમિકામાં માનવોનું આકર્ષણ કરી શકશે. અને એ આંતરભાવના માનવ-સમુદાયને એની ઊર્ધ્વ ગતિમાં ઊંચે ચડાવનારું એક સમર્થ ઉચ્ચાલન બની રહેશે.

અહીં ભગવાન મુક્તાત્મા સમક્ષ પોતાનું જ ઉદાહરણ આપે છે એ બાબતમાં ઘણી જ ગંભીર અર્થસૂચકતા રહેલી છે, કારણ કે દિવ્ય કર્મ વિષેના ગીતાના

સમગ્ર તત્ત્વજ્ઞાનનો પાયો એ પ્રગટ કરે છે. મુક્તાત્મા તે છે જેણે પોતાની પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં ઉત્થાન કરાવેલું છે. એનાં કર્મો એ દિવ્ય પ્રકૃતિને અનુરૂપ હોવાનાં. પણ ત્યારે એ દિવ્ય પ્રકૃતિ શી વસ્તુ છે? એ પ્રકૃતિ એકલા નિષ્ક્રિય અને અક્ષર બ્રહ્મની પ્રકૃતિ તો છે નહીં; કારણ કે એ નિષ્ક્રિય પ્રકૃતિ પોતે તો માત્ર મુક્તાત્માને અકર્મણ્યતામાં જ લઈ જાય. વળી એ 'દિવ્ય પ્રકૃતિ' વિશિષ્ટ રૂપે ક્ષરની પણ હોઈ શકતી નથી. એ ક્ષર પ્રકૃતિ વ્યક્તિતાઓવાળી છે જેમાં પુરુષ પોતાની મરજીથી પ્રકૃતિને વશ થાય છે. એ ક્ષર પ્રકૃતિ પોતે તો માત્ર મુક્તાત્માને વ્યક્તિત્વની અધોગામી પ્રકૃતિની અને પ્રકૃતિના ગુણોની ગુલામીમાં જ પાછો લઈ જાય. એટલે એ દિવ્ય પ્રકૃતિ ક્ષર અને અક્ષરથી પર એવા પુરુષોત્તમની પોતાની પરા પ્રકૃતિ છે. તે પરા પ્રકૃતિ પોતાનામાં અક્ષર અને ક્ષર બન્નેને ધારણ કરે છે અને પોતાની પરમ દિવ્યતામાં એ બન્નેને સમન્વિત કરે છે, એ છે એનું रहस्यं उत्तमम् —ઉત્તમ રહસ્ય. મુક્તાત્મા વ્યક્તિ તરીકે પોતાનાં કર્મોનો કર્તા નથી રહેતો; એની પ્રકૃતિ અને સચેતન શક્તિઓ દ્વારા ભગવાન પોતે જ કર્મ કરે છે. ભગવાન પોતે એ કર્મોમાં લેપાયા વગર, એમનાથી પર રહે છે. એટલે કે, તે પોતે જે કર્મ સર્જે છે તેના નિયમો, તેની અસરો અને રીતિથી તે પોતાની જાતને પર રાખી શકે છે. એ કર્મોથી તે બંધાતો નથી, એમના પ્રત્યે આસક્ત થતો નથી, અને મન, પ્રાણ અને શરીરનાં કર્યોથી — આપણો પેઠે — પોતાની જાતને છૂટી પાડવાને તે અશક્તિમાન હોતો નથી. 'તે કર્મનો કર્તા છે જે અકર્તા પણ છે. कर्तारं अकर्तारम् । ' શ્રીકૃષ્ણ કહે છે : 'મને આ ચાતુર્વર્ણ્યના કર્તા તરીકે જાણ અને છતાં અક્ષર અકર્તા પણ મને જાણ.' 'મને કર્મ લેપન કરી શકતાં નથી, અને કર્મનાં ફળની મને કામના નથી.' (૪.૧૪) પણ તો, એ ક્રિયાહીન, અને અશક્ત એવો કેવળ સાક્ષી પણ નથી. કારણ કે એ સર્વમાં પોતાની શક્તિની ગતિમાં અને પ્રમાણમાં રહીને એ પુરુષોત્તમ જ કાર્ય કરતો હોય છે. આ વિશ્વની એકએક ગતિ, એણે સર્જેલાં પ્રાણીઓનું જગત, તેના રોમેરોમમાં એની સન્નિધિથી છલોછલ ભરેલું છે, એની ચેતનાથી પૂર્ણ છે, એના સંકલ્પથી સંચાલિત થઈ રહેલું છે, એના જ્ઞાન વડે એનું સ્વરૂપ ઘડાયેલું છે.

વળી એ પુરુષોત્તમ એવા પ્રકારનો નિર્ગુણ છે, જેનામાં સર્વ ગુણો આશ્રય પામે છે— निर्गुणो गुणी । એટલે કે એ પરમ પુરુષ પ્રકૃતિના કોઈ ગુણથી કે કર્મથી મર્યાદિત થઈ જતો નથી તેમ આપણી પેઠે અમુક ગુણોના સરવાળાનો — માનસિક, નૈતિક, લાગણીમય, પ્રાણમય અને શારીરિક એવી પ્રાકૃતિક સત્-તાના લાક્ષણિક કાર્યનું આપણું વ્યક્તિત્વ બનેલું હોય છે તેમ એવા કોઈ કાર્યનો એ પુરુષોત્તમ બનેલો નથી. એ પરમ પુરુષ સર્વ ગુણો અને રીતિનું આદિ મૂળ છે, અને ગમે તે પ્રકારે ગમે તેટલા અંશમાં પોતાના સંકલ્પ પ્રમાણે કોઈ પણ ગુણનો આવિર્ભાવ

કરવાને તે સમર્થ છે. એ પોતે અનંત સત્ છે અને બધા ગુણો એના આવિર્ભાવના પ્રકાર છે. એ પુરુષોત્તમ અપરિમેય પરિણામ રૂપ તથા અનિર્બંધ અનિર્વચનીય છે. અને સઘળાં પરિણામો, માત્રાઓ, સંખ્યા અને આકારો એનાં જ છે. એ બધાને એ પુરુષોત્તમના ગુણો જ વિશ્વનાં ધોરણોની અંદર સંવાદમાં લાવે છે, સંખ્યાત્મકતા અર્પે છે. અને છતાં, એ પુરુષોત્તમ વ્યક્તિત્વ વિનાની કોઈ અનિર્દેશ્ય વસ્તુ છે એવું પણ નથી; અથવા તો એ જેટલી સચેતન સત્-તાઓ છે તેનું એવું સત્ત્વમાત્ર છે કે જેમાંથી સઘળાં નિર્માણો અને વ્યક્તિતાઓ પોતાનું સત્ત્વ આકર્ષે છે એમ પણ નથી. પરમ પુરુષ એક પરમ વ્યક્તિતા પણ છે. એ પોતે જ એકમાત્ર આદિ સચેતન સત્ સ્વરૂપ છે. એ જ સંપૂર્ણ અને દિવ્ય વ્યક્તિ-સ્વરૂપ પણ છે. એટલે સર્વ પ્રકારના સંબંધોને, વધારેમાં વધારે અંશે માનુષી ગણાય એવા સંબંધોને, પ્રત્યક્ષ અને અંતરંગ એવા સંબંધોને પણ તે સ્વીકારી શકે છે. કારણ કે તે મિત્ર છે, સખા છે, પ્રિયજન છે, ભેરુ છે, નેતા છે, ગુરુ છે, ઈશ છે, જ્ઞાન અને આનંદનો ઋત્વિજ છે, અને એ સર્વ સંબંધોમાં એ બંધન વગરનો, મુક્ત અને નિરપેક્ષ, રહે છે. દિવ્યતાને પ્રાપ્ત થયેલો માનવ પણ પોતાની સિદ્ધિના પ્રમાણમાં એવો જ બને છે. એટલે એ પણ એના વ્યક્તિત્વમાં વ્યક્તિત્વનાં બંધન વિનાનો, માનવો સાથે વધારેમાં વધારે ગાઢ અને અંગત સંબંધો રાખતો હોવા છતાં તે કોઈ પણ ગુણથી કે કર્મથી બંધાતો નથી. તે અમુક ધર્મનું પાલન કે અનુસરણ કરતો દેખાય છે ત્યારે પણ તે સર્વ ધર્મોથી મુક્ત હોય છે. રજોગુણી માણસની સક્રિયતા કે સંન્યાસીની અથવા તો સ્થિર વ્યક્તિની અકર્મ જ્યોતિ, એટલે કે કર્મ કરનારનું રજોગુણી વ્યક્તિત્વ, યા તો મીમાંસક જ્ઞાનીની ઉદાસીન નિર્વૈયક્તિકતા એમાંના એકેયને સંપૂર્ણ દિવ્ય આદર્શ ગણી શકાય તેમ નથી. એ બે પરસ્પર વિરોધી ધોરણોમાંનું એક ક્ષરના કર્મમાં ડૂબેલાનું છે, અને બીજું અક્ષરની શાંતિમાં સંપૂર્ણપણે લીન રહેવાનો પ્રયત્ન કરનારનું ધોરણ છે. પરંતુ સંપૂર્ણ દિવ્ય આદર્શ તો પુરુષોત્તમની પ્રકૃતિમાં રહેલો છે. અને એ આવા વિરોધોથી પર છે, એમાં સર્વ પ્રકારની દિવ્ય શક્યતાઓ સમાધાન પામે છે.

આ વિશ્વપ્રકૃતિ જેની અંદર પોતાની કૃતાર્થતાને ન પામે એટલે કે, વિશ્વપ્રકૃતિમાં રહેલા ત્રણ ગુણોની લીલાની, — માનવનાં મન, હૃદય અને શરીરની પ્રકૃતિની, — જેમાં કૃતાર્થતા ન થાય એવા કોઈ પણ આદર્શથી રજોગુણી માણસને સંતોષ થતો નથી. એવો માણસ કહી શકે છે કે આ વિશ્વની અને વ્યક્તિની પ્રવૃત્તિની ઊંચામાં ઊંચી સાર્થકતા પ્રાપ્ત કરવી, અથવા તો માનવમાં રહેલી દિવ્ય શક્યતાની સાર્થકતા પ્રાપ્ત કરવી એ મારો માનવપૂર્ણતાનો આદર્શ છે. માનવને તો જે આદર્શ એની બુદ્ધિને, એના હૃદયને, એના નૈતિક સ્વભાવને સાર્થક કરે

એવો — એટલે કે માનવપ્રકૃતિ સક્રિય રહીને જેને પ્રાપ્ત કરી શકે તેમ હોય એવો આદર્શ જ માનવપ્રાણીને સંતોષ આપી શકે. એનાં પોતાનાં મન, પ્રાણ અને શરીરની પ્રવૃત્તિમાં એ જેની ખોજ કરી શકે એવું કાંઈ તેને આદર્શ તરીકે મળવું જોઈએ. કારણ કે માનવની પ્રકૃતિ જ એ રીતની છે, એ એનો ધર્મ છે. એટલે એની પ્રકૃતિની બહાર રહેલી કોઈ વસ્તુમાં એ પોતાની સાર્થકતા શી રીતે પ્રાપ્ત કરી શકે? કારણ કે, પ્રત્યેક પ્રાણી પોતાની પ્રકૃતિના ચોકઠામાં પુરાયેલું છે, અને એ પ્રકૃતિના બંધારણમાં રહીને જ એણે પોતાની પૂર્ણતા માટે શોધ કરવી જોઈએ. આપણી માનવપ્રકૃતિને અનુસાર જ આપણી માનવપૂર્ણતા આવવી જોઈએ; અને પ્રત્યેક વ્યક્તિએ પોતાની વ્યક્તિતાના નિર્દેશ પ્રમાણે, પોતાના સ્વધર્મમાં રહીને એ પૂર્ણતા માટે પ્રયત્ન કરવો જોઈએ; પણ તે જીવનમાં રહીને, કર્મની અંદર, નહિ કે જીવન અને કર્મના ક્ષેત્રની બહાર. આ દલીલના ઉત્તરમાં ગીતા કહે છે, હા, એ દલીલમાં સત્ય રહેલું છે. માનવની અંદર પ્રભુની સાર્થકતા, જીવનમાં પ્રભુની લીલા એ બન્ને આદર્શ પૂર્ણતાના અંશો છે. પણ એની ખોજ તું કેવળ બાહ્યમાં, જીવનમાં પ્રવૃત્તિના તત્ત્વમાં જ કરશે તો તને તે કદી પ્રાપ્ત નહિ થાય. કારણ કે એમ કરવા જતાં તું તારી પ્રકૃતિ પ્રમાણે જ વર્તીશે, — અને એ રીતે વર્તવું એ પણ પૂર્ણતાનો એક નિયમ છે, — એટલું જ નહિ પરંતુ તું સદાકાળ માટે પ્રકૃતિના ગુણોનો, સુખદુઃખ, રાગદ્વેષ રૂપી દ્વંદ્વોનો, અને ખાસ કરીને રજોગુણનો ભોગ થઈ પડશે. અને એવું જીવન એ અપૂર્ણતાનો એક નિયમ છે. એ અપૂર્ણતાનું તત્ત્વ કામના છે અને એ કામના તથા ક્રોધ, શોક અને લાલસા વગેરે તેને પોતાની જાળમાં ફસાવશે. એ અશાંત, સર્વભક્ષી કામના તારાં સર્વ સાંસારિક કર્મોની આજુબાજુ ફરી વળેલો, ન હોલવાય તેવો અગ્નિ છે. એ કામના જ્ઞાનનો સનાતન વેરી છે. (૩.૩૯) અને ધુમાડાથી જેમ અગ્નિ તથા કચરાથી આરસી દેખાતી નથી તેમ, તારી પ્રકૃતિમાં રહેલી એ કામના તારામાં રહેલા જ્ઞાનને ઢાંકી દે છે. (૩.૩૮) એથી કરીને સ્થિર વિશદ પ્રકાશમય આત્માના સત્યમાં સદા રહેવું હોય તો એ કામના રૂપી દુશ્મનને તારે મારવો પડશે. ઇન્દ્રિયો, બુદ્ધિ અને મન એ ત્રણે કરણો અપૂર્ણતાનાં સનાતન કરણ રૂપ એ કામનાનાં અધિષ્ઠાન છે, પાયા રૂપ છે. (૩.૪૦) અને છતાં, તું એ ઇન્દ્રિયો, મન અને બુદ્ધિના ક્ષેત્રમાં જ પૂર્ણતા માટેની તારી શોધ મર્યાદિત કરવા માગે છે! એ પ્રયત્ન જ નકામો છે. તારી પ્રકૃતિમાં જે રજોગુણ છે તેના સામા પલ્લામાં, તારે પ્રશાંતિ અને સ્થિરતા ઉમેરવાં જોઈએ. આ અધોમુખ પ્રકૃતિની પેલે પાર, ત્રણે ગુણોથી પર આવેલી વસ્તુમાં, જગતના ઊંચામાં ઊંચા સિદ્ધાંતના ઉપર પ્રતિષ્ઠિત વસ્તુમાં, આત્મામાં તારે પોતાને ઊર્ધ્વ ગતિ કરાવવાની છે. જ્યારે એ આત્માની શાંતિને, શાશ્વત શાંતિને તું પ્રાપ્ત કરી શકશે

ત્યારે જ તું મુક્ત અને દિવ્ય કર્મનો અધિકારી બનશે.

નિવૃત્તિપરાયણ માણસને અને સંન્યાસીને ઉપર જણાવી તેવી પૂર્ણતાની કલ્પના પણ આવી શકતી નથી, એટલે કે જેમાં જીવન અને કર્મ સ્થાન પામે એવી પૂર્ણતા એ કલ્પી શકતો નથી. જીવન એટલે કે સંસાર અને કર્મ, એ બન્ને શું બંધનની અને અપૂર્ણતાની પ્રતિષ્ઠા નથી ? અગ્નિ જેમ ધુમાડો ઉત્પન્ન કરે છે તેમ કર્મમાત્ર પણ એની પ્રકૃતિથી જ અપૂર્ણ રહેવાને સરજાયું નથી શું ? કર્મનું પ્રેરકબળ રજોગુણ છે. એ રજોગુણ જ કામનાનો પિતા છે. અને એ કામના તો જ્ઞાનને આચ્છાદિત કરનારું આવરણ છે, એટલે મુક્તાત્મા પણ કર્મ કરે તો એનું જ્ઞાન ઢંકાયા વિના કેવી રીતે રહી શકે? કામના જ કર્મનું કારણ એટલે એનાં પરિણામ પણ અનિવાર્યપણે પ્રાપ્ત થવાં જ જોઈએ. અર્થાત્ કર્મને પરિણામે જ્ઞાન આચ્છાદિત થઈ જાય, લાલસા જાગે, જયપરાજય, સુખદુઃખ વગેરે દ્વંદ્વો — અને પાપપુણ્ય, હર્ષશોક વગેરેની દોલાયમાન ગતિ વગેરે પણ જાગ્રત થવાં જ જોઈએ. પ્રભુ સંસારની અંદર હોઈ શકે, એટલે કે સંસાર એનો આવિર્ભાવ હોઈ શકે, પણ પ્રભુ સંસારનો તો ખચીત નથી જ. આપણાં કર્મોનો સ્વામી તો કામના છે, અને કર્મોની ઉત્પત્તિનું કારણ અજ્ઞાન છે. આ સંસાર અને ક્ષર પુરુષ એક દૃષ્ટિએ જોતાં પ્રભુની લીલા છે એ ખરું, પરંતુ એ પ્રકૃતિના અજ્ઞાન સાથેની અપૂર્ણ લીલા છે. એટલે એ લીલા પ્રભુનો આવિર્ભાવ નથી કરતી પણ એને આવરે છે, એના આવરણ રૂપ બને છે. અને આ વસ્તુ જગત ઉપર માત્ર એક જ નજર નાખતાં સ્પષ્ટ જણાઈ આવે છે. અને જેમજેમ આપણને જગતનો વધુ અનુભવ થતો જાય છે તેમતેમ એ અનુભવ આપણને એ જ સત્ય શીખવતો નથી? અજ્ઞાનની ઘટમાળ કામના વડે કર્મની પ્રેરણા આપીને આત્માને ફરીફરીને જન્મ લેવાની ફરજ પાડતી નથી ? અને આખરે, એ ઘટમાળ થાકીને બંધ પડે કે એને દૂર ફેંકી દેવામાં આવે ત્યાં સુધી એ પુનર્જન્મનો ફેરો બાકી રહેતો નથી ? કેવળ કામના જ નહિ, કર્મ પણ માણસે ત્યાગી દેવાં જોઈએ; એ પ્રમાણે કરવાથી જ નીરવ આત્મામાં સ્થિર થઈને માનવનો આત્મા ગતિશૂન્ય, કર્મશૂન્ય, અવ્યય, નિરપેક્ષ બ્રહ્મમાં નિર્વાણ પામી શકે. રજોગુણી સંસારી માણસને ગીતા એટલી કાળજીપૂર્વક ઉત્તર નથી આપતી, જેટલી કાળજીપૂર્વક અને વિગતવાર તે એ અક્ષરના, નિર્વ્યક્તિતાના, અકર્મણ્યતાના ઉપાસકના વાંધાઓને અને દલીલોને ઉત્તર આપે છે. કારણ કે એ જાતની નિવૃત્તિપરાયણતામાં રજોગુણી જીવન કરતાં વધારે ઉચ્ચ પ્રકારનું અને વધારે સમર્થ સત્ય રહેલું હોય છે. અને છતાં એ સત્ય સંપૂર્ણ, સમગ્ર સર્વાંગીણ, કે સૌથી ઊંચું સત્ય નથી. એટલે નિવૃત્તિપરાયણતાને આખા

વિશ્વને માટેના સંપૂર્ણ અને ઊંચામાં ઊંચા માનવજીવનના આદર્શ તરીકે જાહેર કરવામાં આવે તો, એનાથી એકમાર્ગી પ્રવૃત્તિપરાયણતા કરતાં માનવજાતિની પોતાના લક્ષ્ય પ્રત્યેની પ્રગતિમાં તે વધારે ભ્રમ પેદા કરનારું અને આપત્તિ-જનક નીવડવાનો સંભવ છે. એક જ બાજુ ઢળતા ખંડ સત્યને જ્યારે અખંડ સત્ય તરીકે આગળ ધરવામાં આવે છે ત્યારે તે જેમ એક બાજુ સમર્થ પ્રકાશ પેદા કરે છે તેમ સાથેસાથે સમર્થ ભ્રમ પણ પેદા કરે છે. કારણ કે એ એકાંગી વસ્તુમાં સત્યના તત્ત્વનું જે સામર્થ્ય રહેલું હોય છે તે જ એમાં રહેલાં ભૂલનાં તત્ત્વોનાં બળને પણ વધારી આપે છે. કેવળ રાજસિક પ્રવૃત્તિ-મયતામાં રહેલી ભૂલ અજ્ઞાનના ગાળાને ફક્ત લંબાવી શકે છે, અને જ્યાં પૂર્ણતા મળી શકે તેમ નથી ત્યાં પૂર્ણતાની શોધમાં તેને લગાડીને માનવની પ્રગતિને ધીમી પાડી શકે છે. પરંતુ અકર્મ નિવૃત્તિમયતાની ભૂલમાં તો જગતના વિનાશનું તત્ત્વ રહેલું છે. હું જો એ પ્રમાણે વર્તું, હું એ સિદ્ધાંતનો અમલ કરું તો, શ્રીકૃષ્ણ કહે છે, કે હું જગતનો વિનાશકર્તા બનું, અને સંકરનો એટલે કે અવ્યવસ્થાનો પણ ઉત્પાદક થાઉં. અને જેણે લગભગ દિવ્ય માનવતા પ્રાપ્ત કરેલી હોય એવી એક માનવવ્યક્તિની ભૂલ આખી માનવજાતિનો વિનાશ જોકે કરી ન શકે તોપણ એનાથી ઘણા વિશાળ પ્રમાણમાં અવ્યવસ્થા જરૂર ફેલાય, અને એવી સ્થિતિ માનવના જીવનતત્ત્વને માટે વિનાશકારક અને એની પ્રગતિની દિશામાં બાધારૂપ નીવડી શકે છે.

એટલે માનવની અંદરની નિવૃત્તિપરાયણ વૃત્તિની અપૂર્ણતાનો સ્વીકાર કરાવવો જરૂરનો છે અને પ્રવૃત્તિમયતામાં રહેલા સત્યને પણ એ નિવૃત્તિની અકર્મણ્ય વૃત્તિએ પોતાના જ જેટલી અગત્ય આપવી જોઈએ. પ્રવૃત્તિમયતામાં માનવની અંદર પ્રભુની સાર્થકતા અને માનવજાતિનાં સર્વ કર્મોમાં પ્રભુની સન્નિધિ એ બે સત્યો રહેલાં છે. એટલે કે ઈશ્વર અહીં છે, કેવળ નીરવતામાં, અવ્યક્તતામાં તો શું પરંતુ કર્મમાં પણ છે. પ્રકૃતિથી અલિપ્ત નિષ્ક્રિય આત્માની નિવૃત્તિ, અને આ વિશ્વ રૂપી મહાયજ્ઞ, પુરુષ-યજ્ઞ ચાલુ રહે અને સફળ થાય એટલા માટે પોતાની જાતને પ્રકૃતિના હાથમાં અર્પણ કરી દેતો પ્રવૃત્તિમય જીવ પુરુષ એ બન્ને સનાતન વિરોધવાળાં તત્ત્વો છે; એક સત્ય છે અને બીજું મિથ્યા છે એ પ્રમાણે નથી. અથવા તો એ બે પરસ્પર વિનાશક વાસ્તવિકતાઓ છે, એક ઊંચી અને બીજી ઊતરતા પ્રકારની છે એમ પણ નથી. પણ એ બન્ને પ્રભુના દિવ્ય આવિર્ભાવનું દ્વિવિધ સ્વરૂપ છે. એ બન્નેની સમગ્ર સાર્થકતાની ચાવી એકલા અક્ષરમાં રહેલી નથી, તેમ અક્ષરમાં જ ઊંચામાં ઊંચું આધ્યાત્મિક રહસ્ય છે એવું પણ નથી. એ બન્નેની બેવડી સાર્થકતા, એ બન્નેનું સંપૂર્ણ સમાધાન આપણે પુરુષોત્તમમાં શોધવાનું છે. અહીં ગીતામાં શ્રીકૃષ્ણ

એ પુરુષોત્તમના પ્રતિનિધિ છે. એ એકીવખતે પરમ પુરુષ છે, વિશ્વના સ્વામી છે, અને અવતાર પણ છે. દિવ્યતાને જેણે પ્રાપ્ત કરી છે, એવો માનવ પણ પોતાની દિવ્ય પ્રકૃતિમાં પ્રવેશ પામે છે અને એણે પણ શ્રીકૃષ્ણ પેઠે જ કર્મ કરવાનાં છે, તેણે અકર્મ સ્થિતિમાં જઈ પડવાનું નથી. પ્રભુ માનવના અજ્ઞાનમાં કાર્ય કરી રહેલો છે, અને મુક્તાત્માના જ્ઞાનમાં પણ તે પોતાનું કાર્ય કરી રહ્યો છે. પ્રભુને જાણવો એ આપણા આત્માનું પરમ ધ્યેય છે, અને પૂર્ણતાની પ્રાપ્તિની શરત છે. પણ પ્રભુને પરાત્પર શાંતિ અને નીરવતા રૂપે જાણવો અને અનુભવવો એમાં જ કાંઈ સઘળું આવી જતું નથી. આપણે જે રહસ્ય જાણવાનું છે તે સનાતન અને અજન્મા પ્રભુનું રહસ્ય છે, પણ સાથેસાથે પ્રભુના દિવ્ય જન્મનું અને દિવ્ય કર્મનું પણ રહસ્ય છે, —જન્મ કર્મ ચ મે દિવ્યમ્ । એવા જ્ઞાનમાંથી જે કર્મ પ્રગટ થશે તે સર્વ પ્રકારનાં બંધનથી મુક્ત જ હશે. શ્રીકૃષ્ણ કહે છે, 'જે કોઈ મને આ પ્રમાણે જાણે છે તે કર્મોથી બંધાતો નથી.' કર્મો અને કામનાના દબાણથી અને પુનર્જન્મની ઘટમાળથી છૂટવું એ આપણો ઉદ્દેશ હોય તો આ જ્ઞાનને આપણે એવા છુટકારાના, મુક્તિના, સાચા અને વિશાળ રાજમાર્ગ તરીકે સ્વીકારવું જોઈએ. કારણ કે ગીતા કહે છે, 'જે માણસ મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને તેમનાં મૂળ તત્ત્વો સહિત જાણે છે તે જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે, હે અર્જુન, પુનર્જન્મને નહિ પણ મને પ્રાપ્ત કરે છે.' દિવ્ય જન્મના જ્ઞાન દ્વારા અને એ દિવ્ય જન્મની પ્રાપ્તિ દ્વારા જ્ઞાની પુરુષ અજન્મા અને અવિનાશી પ્રભુને—સર્વ ભૂતોના આત્માને પહોંચે છે (અજો, અવ્યયાત્મા) અને એ જ્ઞાની દિવ્ય કર્મોના જ્ઞાન વડે અને એ કર્મના અનુષ્ઠાન વડે સકળ કર્મોના સ્વામીને, ભૂતોના ઈશ્વરને પ્રાપ્ત કરે છે, (भूतानामीश्वरः) એવો મુક્તાત્મા એ પરમ અજન્મામાં જીવે છે, અને એનાં કર્મો વિશ્વના પ્રભુના પ્રભુત્વમાંથી ઊપજતાં કર્મો હોય છે.

પ્રકરણ પંદરમું

અવતારની શકયતા અને તેનો હેતુ

શ્રીકૃષ્ણ જે યોગનું વિવરણ કરે છે તેમાં કર્મ અને જ્ઞાન એકરૂપ થઈ રહે છે, એ યોગ એટલે જ્ઞાનસહિત કર્મોનો યજ્ઞ કરવાનો યોગ પણ છે, જેમાં કર્મો જ્ઞાનમાં પોતાની પરિસમાપ્તિને પ્રાપ્ત કરે છે, તથા જેમાં જ્ઞાન કર્મોને ટેકો આપે છે, તેમને સમૂળાં ફેરવી નાખે છે, રૂપાંતર કરાવી નાખે છે, અને પોતાની જ્યોતિ વડે પ્રકાશિત કરે છે. આ યોગમાં કર્મ અને જ્ઞાન બન્ને પુરુષોત્તમને સમર્પણ કરવાનાં હોય છે. એ પરમ પુરુષ આપણા અંતરમાં નારાયણ રૂપે પ્રગટે છે, એ સદા આપણા હૃદયની ગુહામાં બેઠેલો આપણી સઘળી સત્-તાનો — આપણા જીવનનો, અને આપણાં સમસ્ત કર્મોનો પ્રભુ છે. એ પ્રભુ પોતે માનવના રૂપમાં પણ અવતાર તરીકે પોતાનો આવિર્ભાવ કરે છે. અવતાર એટલે આપણી માનવતામાં ભરાઈને, — માનવતામાં ઊતરીને તેને પોતાના કાબૂમાં લઈને પ્રભુએ લીધેલો જન્મ. આ બાબતનું વિવરણ કરતાં વચમાં વાતવાતમાં સહજે અગંભીરપણે શ્રીકૃષ્ણ એમ જાહેર કરે છે કે આ યોગ નવો નથી, આ તો પુરાણકાળનો પ્રાચીન યોગ છે અને એમણે પોતે એ યોગ વિવસ્વાનને એટલે સૂર્યદેવને શીખવ્યો હતો. અને વિવસ્વાને એ જ યોગ માનવજાતિના પિતા મનુને આપ્યો હતો અને મનુએ સૂર્યવંશના પહેલા રાજા ઇક્ષ્વાકુને આપ્યો હતો. એ પ્રમાણે એ પ્રાચીન યોગ એક રાજર્ષિથી બીજાને એમ રાજર્ષિઓમાં પરંપરા વડે પ્રાપ્ત થતો રહ્યો. પણ છેવટે, કાળે કરીને એ નષ્ટ થઈ ગયો. એ જ યોગમાર્ગ અર્જુનને માટે શ્રીકૃષ્ણ આજે ફરીથી સજીવન કરી રહ્યા છે, કારણ કે અર્જુન શ્રીકૃષ્ણ જે અવતાર છે તેનો ભકત છે, સખા છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે આ એક ગહનમાં ગહન રહસ્ય છે, — એમ કહીને બીજા બધા યોગમાર્ગોથી આ ચડિયાતો છે, શ્રેષ્ઠ છે, એવો દાવો શ્રીકૃષ્ણ કરે છે. કારણ કે બીજા યોગમાર્ગો અક્ષર બ્રહ્મની અથવા તો કોઈ ઇષ્ટદેવની પ્રાપ્તિ કરાવી શકે છે, — એટલે કે, એ સાક્ષાત્કાર નિષ્કર્મ જ્ઞાનાવસ્થાનો, યા તો સાયુજ્યના લય વડે પ્રાપ્ત થતા આનંદની મુકિત આપી શકે છે, — જ્યારે આ સાધના યોગનું ઊંચામાં ઊંચું અને પૂરેપૂરું રહસ્ય પ્રાપ્ત કરાવે છે, આ યોગ આપણને દિવ્ય શાંતિ અને દિવ્ય કર્મો બન્ને મેળવી આપે છે, — દિવ્ય જ્ઞાન, દિવ્ય કર્મ અને દિવ્ય આનંદ એ ત્રણે તત્ત્વોને સંપૂર્ણ મુકિતમાં એક કરી

આપે છે. વ્યક્ત જગતનાં સર્વે પ્રાણીઓની સત્-તાના—જીવનનાં—સર્વ તત્ત્વોને એમની સઘળી જુદીજુદી અને પરસ્પર વિરોધી એવી શક્તિઓને પણ — જેમ પુરુષોત્તમની દિવ્ય સત્-તા પોતાનામાં એ સૌને સમાધાનને પ્રાપ્ત કરાવે છે, અને સમન્વિત કરી પોતાનામાં એકતાને પમાડે છે, તે જ પ્રમાણે, આ યોગ સર્વ યોગમાર્ગોને સંપૂર્ણપણે સમન્વિત કરે છે, અને પોતાની અંદર એકતાને પ્રાપ્ત કરાવે છે. એટલે, કેટલાક લોકો જે એમ કહે છે કે ગીતાનો યોગ તો ફક્ત કર્મયોગ છે, અને એમના મત પ્રમાણે, કર્મયોગ તો ઘણાંમાંનો એક અને ત્રિમાર્ગ(જ્ઞાન, ભક્તિ, કર્મ)ની અંદર તો સૌથી ઊતરતો છે, એ સાચું નથી. ગીતાનો યોગ સૌથી ઊંચો, સમન્વયવાળો અને સર્વાંગપૂર્ણ યોગ છે, તે આપણા જીવનની સર્વે શક્તિઓને પ્રભુ પ્રત્યે ઊર્ધ્વમાં દોરે છે.

આ યોગ પોતે પ્રાચીન સમયમાં કહ્યો હતો એવા શ્રીકૃષ્ણના કથનને અર્જુન તદ્દન સ્થૂળ અર્થમાં — એને બીજા અર્થમાં પણ ઘટાવી શકાય તેમ છે — લે છે અને પૂછે છે કે વિવસ્વાન તો સૌથી પ્રથમ જે દૈવી વિભૂતિઓ બ્રહ્માએ ઉત્પન્ન કરી તેમાંના એક છે, એ જ સૂર્યવંશના આદિ પુરુષ પણ ગણાય છે અને શ્રીકૃષ્ણનો જન્મ આ જમાનામાં અત્યારે થયો છે. તો પછી શ્રીકૃષ્ણ પાસેથી વિવસ્વાને એ યોગ લીધો હોય એ કેવી રીતે બની શકે? શ્રીકૃષ્ણ એ પ્રશ્નનો ઉત્તર આપતા નથી. આપણને એવી આશા હોય કે એનો ઉત્તર શ્રીકૃષ્ણ કોઈક આવો આપે: સર્વ જ્ઞાનનું મૂળ ઈશ્વર છે, પોતાના ઈશ્વરભાવમાંથી પ્રેરણાજન્ય શબ્દ રૂપે સૂર્યદેવને પોતે જ્ઞાન આપ્યું હતું. એ સૂર્યદેવ વિવસ્વાન પણ, ઈશ્વરભાવનું જ જ્ઞાનસ્વરૂપ છે, અને સર્વ પ્રકારના આંતર અને બાહ્ય પ્રકાશનું એ પ્રેરક રૂપ છે. भर्गो सवितुर् देवस्य यो नः धियः प्रचोदयात् । પરંતુ એવી કોઈ સમજૂતી આપવાને બદલે અર્જુન પોતાને જે તક આપે છે તેનો લાભ લઈને પોતાની ગુપ્ત દિવ્યતાને શ્રીકૃષ્ણ અહીં જાહેર કરે છે. આ જાહેરાત અણુચિંતવી કે તદ્દન અનપેક્ષિત નથી. આગળના અધ્યાયમાં કર્મ કરવા છતાં એમનાં બંધનથી મુક્ત રહેનાર કર્મયોગીના આદર્શ તરીકે શ્રીકૃષ્ણે પોતાનું દૃષ્ટાંત આપીને આ પ્રકારનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને ભૂમિકા તૈયાર તો કરી હતી જ. પણ અત્યાર સુધીમાં એવો ઉલ્લેખ સ્પષ્ટપણે અને ચોખ્ખા શબ્દોમાં કરવામાં આવ્યો નથી. હવે શ્રી કૃષ્ણ પોતાની જાતને અવતાર તરીકે, મૂર્તિમંત દેહધારી ઈશ્વર તરીકે, પ્રગટ કરે છે.

દિવ્ય ગુરુ વિશેના (ત્રીજા) પ્રકરણમાં અવતારવાદને ટૂંકામાં રજૂ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. ત્યાં, વેદાંતદર્શન પ્રમાણે, અવતારને અમે કેવા દૃષ્ટિબિંદુથી જોઈએ છીએ તે જણાવ્યું હતું, — અને ગીતા પણ એ બાબતમાં

વેદાંતની દૃષ્ટિને જ અનુસરે છે. અહીં આપણે અવતારવાદને જરા વધારે ઝીણવટથી તપાસીશું, તથા અવતાર જેનું બાહ્ય સ્વરૂપમાત્ર છે, જેની અભિવ્યક્તિ છે, તે પ્રભુના દિવ્ય જન્મનો શો અર્થ છે તે પણ જોઈશું. કારણ કે સમગ્રતાવાળા ગીતાના બોધમાં અવતારવાદ એક ઘણી જ અગત્યની કડી છે. એટલે સૌથી પ્રથમ શ્રીકૃષ્ણે પોતાના શબ્દોમાં અવતારનું સ્વરૂપ અને પ્રયોજન રજૂ કર્યું છે તેનો અક્ષરશઃ અનુવાદ કરીશું અને એ જ વિષયને લગતા બીજા ઉલ્લેખો પણ આપણે ધ્યાનમાં લઈશું. 'હે અર્જુન, મારા અને તારા પણ, અનેક જન્મો થઈ ગયા છે, તે બધા હું જાણું છું પણ તને એમનું જ્ઞાન નથી.' (૪.૫) 'હું અજન્મા છું, હું મારી આત્મસત્-તામાં અવ્યય, અવિનાશી છું, ભૂતમાત્રનો હું ઈશ્વર છું, છતાં મારી પોતાની પ્રકૃતિના ઉપર અધિષ્ઠાન કરીને મારી પોતાની માયા વડે હું જન્મ ધારણ કરું છું.' (૪.૬) 'કારણ કે જ્યારે જ્યારે ધર્મ ઝાંખો પડે છે, અને અધર્મનું ઉત્થાન થાય છે ત્યારે ત્યારે હું મારી પોતાની જાતને ઉત્પન્ન કરું છું.' (૪.૭) 'સાધુ લોકોનું સંરક્ષણ કરવા માટે — બચાવ માટે — દુષ્કર્મીઓનો વિનાશ કરવા માટે તથા ધર્મની સ્થાપના કરવા માટે યુગેયુગે હું જન્મ ધારણ કરું છું.' (૪.૮) 'હે અર્જુન, એ પ્રમાણે મારો જન્મ અને મારાં કર્મો દિવ્ય છે એવું જે માણસ — એની પાછળનાં સાચાં તત્ત્વોની સમજણ મેળવે છે તે દેહનો ત્યાગ કર્યા પછી મારી પાસે જ આવે છે, એને પુનર્જન્મ લેવો પડતો નથી.' (૪.૯) 'હે અર્જુન, રાગ, ભય અને ક્રોધથી જેઓ મુક્ત થઈ ગયા છે, જેઓ મારામાં તન્મય છે, અને જેમણે મારો જ આશ્રય લીધો છે એવા ઘણાયે જ્ઞાનરૂપી તપથી પવિત્ર થયેલા મહાત્માઓ મદ્‌ભાવને — મારી દૈવી પ્રકૃતિને પ્રાપ્ત થયેલા છે.' (૪.૧૦) 'લોકો જે રીતે મને પ્રાપ્ત કરવા મથે છે, તેમને હું પણ તે જ રીતે (પ્રકારે) મારા પ્રેમમાં સ્થાન આપું છું; હે પાર્થ, ગમે તે માર્ગે પ્રયાણ કરે તોપણ માનવો મારે જ માર્ગે ચાલતા હોય છે.' (૪.૧૧)

ગીતા આગળ જતાં કહે છે કે ઘણાખરા માણસો પોતાનાં કર્મોનાં ફળની આશા રાખનારા હોય છે, અને એવા લોકો દેવતાઓનું યજન, દેવોની ઉપાસના કરે છે. એ દેવો એક જ પરમેશ્વરનાં, એક જ દેવાધિદેવનાં જુદાંજુદાં સ્વરૂપો તથા વ્યક્તિતાઓ હોય છે. એ ઉપાસના કરવાનું કારણ એ છે કે આ માનુષી લોકમાં કર્મથી પ્રાપ્ત થતી સિદ્ધિ અને સાર્થકતા, — અલબત્ત, જ્ઞાન વગરનાં કર્મોની, — જલદી અને સહેલાઈથી પ્રાપ્ત થાય છે. ખરું જોતાં, એવી કર્મની સિદ્ધિ માનુષી લોકમાં જ શક્ય છે. બીજા પ્રકારની જે સિદ્ધિ છે તે જ્ઞાનસહિત કરેલાં કર્મોનો યજ્ઞ પ્રભુને અર્પણ કરીને તેને પરિણામે પ્રાપ્ત થતી, માનવનું દિવ્યતામાં ઉત્થાન અને રૂપાંતરની સાર્થકતા છે. એ તો ઘણી કષ્ટસાધ્ય

છે. એનાં પરિણામ પણ જીવનની સામાન્ય ભૂમિકાઓથી ઊર્ધ્વમાં—કોઈ પર ભૂમિકામાં—પ્રાપ્ત થાય છે, અને એ પરિણામો સહેલાઈથી મળી જતાં નથી. આથી કરીને માણસોએ પોતાની પ્રકૃતિ અનુસાર ચાતુર્વર્ણ્યનો નિયમ પાળવાનો હોય છે. આ પાર્થિવ ભૂમિકા ઉપર, આ કર્મક્ષેત્રમાં બોકો એના વિવિધ ગુણોનાં સ્વરૂપો જે દેવો છે તેમના દ્વારા પ્રભુને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે કે 'ચાતુર્વર્ણ્ય અને ચાર આશ્રમોનું સર્જન કરનાર હું કર્તા છું છતાં એના અકર્તા તરીકે પણ તું મને જાણ. અવિનાશી અને અવ્યય આત્મા તરીકે મને ઓળખ' (૪.૧૩) 'વળી, મને કર્મો લેપન કરી શકતાં નથી; અને કર્મના ફળની પણ મને સ્પૃહા નથી.' (૪.૧૪) કારણ કે પરમેશ્વર કાંઈ અહંતાવાળી પરિમિત વ્યક્તિ નથી, તે એનાથી પર, અક્ષર છે. પ્રકૃતિના ત્રણે ગુણોના ઝઘડાથી પણ તે પર છે, અને પુરુષોત્તમ સ્વરૂપે તે પોતે નિર્વૈયક્તિક પર-વ્યક્તિતા પણ છે, અનિર્વચનીય છે. અને એ કારણે કર્મોની અંદર પણ તે પોતાની પરમ મુક્તિને રાખી રહે છે. એટલા માટે, દિવ્ય કર્મો કરનાર મુક્તાત્માએ પણ ચાર વર્ણના ધર્મનું અનુસરણ કરતાં પણ એનાથી જે અક્ષરપુરુષ છે તેને અને તેનાથી પર જે પુરુષોત્તમ છે તેને જાણવાનો છે, અને એનામાં પોતાની ચેતનાને ધારણ કરવાની છે. 'જે માણસ મને એવો જાણે છે તે પોતાનાં કર્મોથી બંધાતો નથી.' (૪.૧૪) 'મને એવો પરાત્પર—પુરુષોત્તમ જાણીને પૂર્વે મુમુક્ષુઓએ કર્મો કર્યાં હતા; તેથી તું પણ, હે અર્જુન, એ પૂર્વ માણસોએ કરેલાં પ્રાચીનતર કર્મો કર.' (૪.૧૫)

અહીં ઉપર જે અવતરણ સાર રૂપે આપ્યું છે તેનો છેવટનો ભાગ 'દિવ્યકર્મ' કેવાં હોય તેની અને છેલ્લા પ્રકરણમાં જે યજ્ઞનો સિદ્ધાંત આપણે ચર્ચ્યો છે તેની પણ આપણને સમજૂતી આપે છે. એમાંના પહેલા શ્લોકનો અક્ષરશઃ અનુવાદ આપ્યો છે તેમાં દિવ્ય જન્મ એટલે અવતાર કેવી રીતે થાય છે તેની સમજૂતી આપવામાં આવી છે. પણ અહીં આપણે એક વસ્તુ ધ્યાનપૂર્વક નોંધવાની જરૂર છે કે અવતારનું એટલે માનવમાં પ્રભુના આવિર્ભાવ જેવી મહાન રહસ્યમય ઘટનાનું એકમાત્ર પ્રયોજન જગતમાં ધર્મને ખાતર ધર્મનું રક્ષણ કે એની સ્થાપના કરવી એ પૂરતું નથી. એટલે કે, પૃથ્વી ઉપર એક ક્રાઇસ્ટ, એક કૃષ્ણ કે એક બુદ્ધના અવતાર માટે ધર્મની સ્થાપના કરવી એટલું જ એકમાત્ર, પરમ અને શક્ય—સંભવિત પ્રયોજન હોઈ શકતું નથી. પરંતુ અવતાર થવાનું જે એક વધારે ઉચ્ચ પ્રયોજન છે અને જે એક પરમ અને દિવ્ય કાર્ય કરવાનું છે તેને માટેની પરિસ્થિતિ ધર્મસ્થાપના તૈયાર કરી આપે છે; તેટલા માટે ધર્મને સુરક્ષિત રાખવાનો હોય છે. કારણ કે દિવ્ય જન્મનો—

અર્થાત્ અવતારની બે બાજુઓ રહેલી છે : એક બાજુ નારાયણનું નરમાં નર રૂપે અવતરવું, — પ્રભુનું માનવતામાં અવતરણ થાય છે તે. આ પ્રભુનો માનવતામાં જન્મ એટલે માનવરૂપમાં અને માનવપ્રકૃતિમાં તેનો આવિર્ભાવ છે, આ પ્રભુનો માનવતામાં થયેલો સનાતન અવતાર છે. બીજી બાજુમાં, નરનું નારાયણ રૂપ થવું — માનવનું પ્રભુતામાં આરોહણ એ, માનવનો દિવ્ય ચેતનામાં નવ જન્મ છે, એ પણ અવતાર છે. પ્રભુના અવતારનો અને એ જે ધર્મરક્ષા કરે છે તેનો હેતુ નરને નારાયણ થવામાં,— માનવને પ્રભુતામાં આરોહણ કરવામાં, સહાય કરવાનો હોય છે. ગીતામાં કહેલો આ બેવડો અવતારવાદ ઉપર ઉપરથી એને વાંચી જનારના ધ્યાનમાં સહેલાઈથી આવે એવો નથી; કારણ કે ઘણાખરા લોકો એના ગહન ઉપદેશનું ઉપરચોટિયું જ્ઞાન મેળવીને સંતોષ પામતા હોય છે, અને ગીતાની પંડિતાઈ ભરેલી ટીકા કરનારા ભાષ્યકારો પણ ગીતાના અવતારના મર્મને સમજી શકયા નથી; કારણ કે એ લોકો પોતાના સંપ્રદાયના અક્કડ ચોકઠામાં જકડાઈને જડ થઈ ગયેલા હોય છે. અને છતાં, અવતારવાદનો સમગ્ર અર્થ સમજવા માટે એની બંને બાજુનું — પ્રભુનું માનવમાં અવતરણ અને માનવનો પ્રભુતામાં જન્મ — જ્ઞાન આવશ્યક છે; અવતારની પાછળ આવો બેવડો હેતુ ન હોય તો, અવતારવાદ એક સાંપ્રદાયિક રૂઢ માન્યતા, કે લોકપ્રચલિત વહેમ બની રહે છે. અથવા તો ઈતિહાસમાં કે પુરાણની દંતકથાઓમાં મળી આવતા મહાજનોના ઉપર કલ્પના વડે કે રહસ્યવાદને પરિણામે કરેલું, દેવત્વનું હેતુ વગરનું આરોપણ બની રહે છે. પણ અવતારવાદ એક રીતે ગીતાના સમગ્ર તત્ત્વદર્શનનો સાર છે, ગીતા એને એક ગહન દાર્શનિક અને ધાર્મિક સત્ય ગણે છે, તથા પરમ રહસ્યના એક આવશ્યક અંગ તરીકે, અથવા તો, એ રહસ્યને પહોંચવાના આવશ્યક પગથિયા તરીકે એને વર્ણવે છે — એવું જો એનો બેવડો અર્થ સ્વીકારીએ તો જ બને, અન્યથા નહીં.

ઉપર જણાવ્યું તેમ નરનું નારાયણમાં ઉત્થાન થવાનું ન હોય અને પ્રભુનો માનવમાં જે અવતાર થાય છે તે માનવના પ્રભુતામાં આરોહણમાં સહાય કરવા માટે ન હોય તો, કેવળ ધર્મનું રક્ષણ કરવા માટે અવતારનું થવું એ એક અર્થ વગરની ઘટના લાગે છે. કારણ કે કેવળ ધર્મોનાં, ન્યાયનાં કે પુણ્ય અને સદાચારનાં ધોરણોનું રક્ષણ પ્રભુને કરવું હોય તો ભગવાન પોતાના સર્વશક્તિમાનપણા વડે સામાન્ય સાધનોનો આશ્રય લઈને પણ તે સાધી શકે છે. એટલે કે પ્રભુ પોતે અવતાર લીધા વિના મહાપુરુષો, અથવા તો મહાન ચળવળો દ્વારા, ઋષિમુનિઓનાં, રાજાઓનાં અને ધાર્મિક ગુરુઓનાં જીવન અને કાર્ય વડે એ હેતુ સાધી શકે છે. એને માટે અવતારની જરૂર અનિવાર્ય નથી.

માનવની પ્રકૃતિની અંદર આવીને દૈવી પ્રકૃતિનું પ્રાકટય અવતાર કરે છે : માનવરૂપી ક્રાઇસ્ટ, કૃષ્ણ અને બુદ્ધમાં દિવ્યતા પ્રગટ થાય છે, સ્થપાય છે તે એટલા માટે કે ક્રાઇસ્ટની, કૃષ્ણની અને બુદ્ધની ચેતનાના બીબામાં પોતાના વિચારો, ઊર્મિઓ અને કર્મો વગેરેને ઢાળીને સામાન્ય માનવપ્રકૃતિ પોતાનું પ્રભુત્વમાં રૂપાંતર સાધી શકે. આમ અવતારે રચી આપેલા ધર્મને માર્ગે માનવતા દિવ્યતામાં પહોંચે છે. અવતાર જે ધર્મની સ્થાપના કરે છે તે આ હેતુ — માનવનું દિવ્યતામાં ઉત્થાન — સાધવા માટે હોય છે. ક્રાઇસ્ટ, કૃષ્ણ, બુદ્ધ આખા ધર્મના કેન્દ્રમાં અને ધર્મના પ્રવેશદ્વાર તરીકે ઊભા રહે છે, તથા પોતાની અંદર થઈને માણસોને અનુસરણ કરવાનો માર્ગ તેઓ તૈયાર કરે છે. આ કારણને લઈને પ્રત્યેક અવતાર જનસમાજ આગળ પોતાનું દૃષ્ટાંત રજૂ કરે છે અને એમ પણ જાહેર કરે છે કે પોતે જ માનવના ઉત્થાનનો માર્ગ છે, અને દિવ્યતાનું પ્રવેશદ્વાર છે. વળી માનવતા અને પ્રભુતા બન્ને એક જ છે, એ બન્ને અભિન્ન છે એ વસ્તુ તે પ્રગટ રીતે કહે છે. તથા માનવનો પુત્ર પોતે અને પોતાને જન્મ આપનાર સ્વર્ગમાં રહેલો એનો પિતા એ બન્ને એક છે, શ્રીકૃષ્ણ રૂપે તે ગીતામાં કહે છે કે માનુષી શરીરમાં રહેલા શ્રીકૃષ્ણ — માનુષીં તનું આશ્રિત: — અને પરમ ઈશ્વર, સર્વ પ્રાણીઓનો સુહૃદ એ બન્ને એક જ પુરુષોત્તમનાં પ્રાકટય છે; એના જ બે આવિર્ભાવ છે, — એકમાં તે પોતાના દિવ્ય સત્ત્વમાં પ્રગટ થાય છે, બીજામાં માનવની કોટિમાં તે અભિવ્યક્ત થાય છે.

અવતાર વિષેના જે શ્લોકોનું અવતરણ કરેલું છે તે શ્લોકો જ ફક્ત આપણે લઈશું અને તેનો સાચો અર્થ સમજીશું તો અવતારના ખરા હેતુ તરીકે ઉપર જણાવ્યું તે કાર્ય — નરનું નારાયણમાં આરોહણ કરાવવાનું — ગીતા સ્વીકારે છે એ વસ્તુ સ્પષ્ટ થાય છે. પણ એ શ્લોકોને છૂટા ન લેતાં — ગીતાના અભ્યાસમાં એ પદ્ધતિ હમેશાં ભૂલભરેલી હોય છે — અવતારને લગતા બીજા ભાગો તથા ગીતાના સમગ્ર બોધની સાથે મૂકીને પછી જોઈશું તો એ મુદ્દા ખૂબખૂબ સ્પષ્ટ થઈ જાય છે. આ વિષયમાં આપણે યાદ રાખવાનું છે કે ગીતા સર્વમાં એક જ આત્મા રહેલો છે એ સિદ્ધાંતને સ્વીકારે છે, તથા પ્રભુ અને જગત — સૃષ્ટા અને એની સૃષ્ટિ — એ બેના પરસ્પર સંબંધ વિષે તથા વિભૂતિના તત્ત્વના અતિવિસ્તારપૂર્વક અને ભારપૂર્વક રજૂ થયેલા તત્ત્વ વિષેની ગીતાની વિચારણા આપણે ધ્યાનમાં લેવાની છે. વળી મુક્તાત્માને નિષ્કામ કર્મ ચાલુ રાખવા વિષે પોતાનું દૃષ્ટાંત ગુરુ આપે છે તે નિષ્કામ કર્મનું આચરણ વિશ્વના સર્જક પ્રભુમાં જેટલું છે તેટલું માનવ તરીકે શ્રીકૃષ્ણમાં પણ રહેલું છે. એ શ્લોકની ભાષાની આપણે નોંધ લેવી જોઈએ તથા નવમા અધ્યાયમાં જે શ્લોકો છે

તેમને અને તેમના જેવા બીજા ભાગેાને આપણે પૂરતું વજન આપવું જોઈએ. "હું ભૂતમાત્રનો સ્વામી છું તે, અને મારું પરમ સ્વરૂપ શું છે તે લોકો જાણતા નથી, તેથી જ્યારે હું માનુષી દેહનો આશ્રય લઉં છું ત્યારે મૂઢ લોકો મારો તિરસ્કાર કરે છે, મારી અવગણના કરે છે." એ બધા વિચારોના પ્રકાશમાં આપણે અવતારતત્ત્વ વિષેના જે શ્લોકોનું અવતરણ કરેલું છે તેમને આપણે વિચારવાના છે; અને એમાં શ્રીકૃષ્ણ કહે છે કે મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મની પાછળ રહેલી દિવ્યતાને સાચેસાચી જાણે છે ત્યારે તેને મારી પ્રાપ્તિ થાય છે તથા મારામાં તલ્લીન થવાથી, મારો જ આશ્રય લેવાથી માણસ મદ્‌ભાવને, એટલે મારી ચેતનાને અને મારી દિવ્ય પ્રકૃતિને પ્રાપ્ત કરે છે. એ આખું વિધાન પણ વિચારવાનું છે. કારણ કે એ પ્રમાણે કરીશું તો જ આપણે અવતાર, એટલે કે પ્રભુનો દિવ્ય જન્મ અને તેના પ્રયોજનને, સમજી શકીશું. એટલે કે, અવતાર જગતનાં બીજી ઘટનાઓથી જુદી અને અટૂલી ચમત્કારિક ઘટના નથી પણ સારાયે વિશ્વના આવિર્ભાવની યોજનામાં એને યથાર્થ સ્થાને બનતી ઘટના તરીકે આપણે એને જોઈ શકીશું. એ વિના એના દિવ્ય રહસ્યને આપણે પ્રાપ્ત કરી શકીશું નહીં, એટલું જ નહિ પરંતુ કાં તો એને તિરસ્કારપૂર્વક સદંતર તરછોડી નાખીશું,—એનો ત્યાગ કરીશું, અથવા એને સ્વીકારીશું તોપણ કશી સાચી સમજ વગર, અને કદાચ એક વહેમ તરીકે. અથવા તો અવતાર વિષે આધુનિક માનસના મુલ્લક અને ઉપરછલ્લા વિચારોની ધરેડમાં આપણે પડી જઈશું અને એમાં તો અવતારતત્ત્વનો બધોય અંતરનો અને આપણને સહાયકારક એવો અર્થ સમૂળો ગુમાવી બેસીશું.

કારણ કે પૂર્વમાંથી જે વિચારોનો પ્રવાહ આજકાલની તર્કપ્રધાન માનવચેતનાના તરફ વહી રહેલો છે તેમાં આધુનિક માનસને માટે અવતારતત્ત્વનો સ્વીકાર કરવો કે તેને સમજવો એ સૌથી વધારે મુશ્કેલ વસ્તુ છે. આ વિષયમાં એ માનસ ઉદાર વલણ લે અને એનો સારામાં સારો અર્થ કરે તોપણ એને કોઈ માનુષી શક્તિના, ચારિત્રના, પ્રતિભાના, આલંકારિક નિરૂપણ તરીકે ગણે એ સંભવિત છે. અથવા તો, જગતમાં કે માનવજાતિ માટે તેણે સિદ્ધ કરેલા કોઈ મહાન કાર્યને કે પ્રખર આવિર્ભાવને વર્ણવવાના રૂપક તરીકે અવતારવાદને ગણી કાઢે એ બનવાજોગ છે. અને અવતારવાદને ઉદારતાથી ન જુએ અને તેનામાં ઓછામાં ઓછો અર્થ જુએ તો આજકાલનો માણસ એને એક વહેમ ગણી કાઢશે. ધર્મવિરોધી માનસને અવતારવાદ એક મૂર્ખતા જ લાગે, ગ્રીક સંસ્કૃતિવાળા એટલે કે તર્કપ્રધાન માનસને એક ન સમજાય એવો કોયડો પણ લાગે એ સંભવિત છે. જડવાદી નાસ્તિક તો ખચીત, અવતારવાદ તરફ નજર પણ નહિ કરે, કારણ કે એ

તો ઈશ્વરમાં જ માનતો નથી તો પછી અવતારની તો વાત જ ક્યાંથી ? ભૌતિક તર્કવાદીને તથા ઈશ્વરમાં માનનાર પણ અપૌરુષેય ધર્મની શક્યતામાં ન માનનારને માટે એ વાદ એક મૂર્ખાઈ અને હાસ્યાસ્પદ વસ્તુ છે. શુદ્ધ દ્વૈતવાદી—હડહડતો દ્વૈતવાદી—તો માનવપ્રકૃતિ અને દિવ્ય પ્રકૃતિ એ બેની વચ્ચે જમીન આસમાનનો તફાવત જુએ છે. એમને અવતારવાદ પ્રભુની નિંદા જેવો, એનું હડહડતું અપમાન કરનારો લાગે છે. બુદ્ધિવાદી એવો વાંધો લે છે કે જો ઈશ્વર હોય તો તે વિશ્વથી બહાર અને વિશ્વથી પર હોવો જોઈએ; અને એવો ઈશ્વર આ સંસારની—જગતની બાબતમાં પોતે માથું મારતો નથી. એ પોતાના અચળ નિયમોની વ્યવસ્થા વડે જગતનું સંચાલન કરે છે. ટૂંકામાં, એમની દૃષ્ટિએ ઈશ્વર વિશ્વપ્રકૃતિની સઘળી પ્રવૃત્તિની પાછળ રહેલો એક પ્રકારનો બંધારણપૂર્વક રાજ્ય કરનાર, પોતાના સામ્રાજ્યમાં ગેરહાજર એવો એક રાજા છે, કહો કે આધ્યાત્મિક રાજા છે. બીજી દૃષ્ટિએ જોતાં ઈશ્વર એક ઉદાસીન નિષ્ક્રિય પુરુષ લાગે છે. એટલે કે સાંખ્યના સર્વને સામાન્ય અને અમૂર્ત સાક્ષી-પુરુષ જેવો ઈશ્વર લાગે છે. એટલે એ શરીર કેવી રીતે ધારણ કરે ? વળી ઈશ્વર શુદ્ધ અને કેવળ ચિન્મયતા છે તેથી તે સ્થૂલ જડનું બનેલું શરીર ધારણ કરી શકે નહિ; પ્રભુ તો અનંત છે એટલે એ કંઈ માનવપ્રાણી પેઠે સાંત—પરિમિત થઈ શકે નહિ; તે સદા અજન્મા, સૃષ્ટા છે. તે જગતમાં જન્મ લેનાર અને સૃષ્ટિનું પ્રાણી બની શકે નહિ. પ્રભુ ભલે સર્વશક્તિમાન હોય તે છતાં એને માટે આ બધું અશક્ય છે. આ બધી દલીલોમાં શુદ્ધ દ્વૈતવાદી ઉમેરે છે કે ઈશ્વરનું વ્યક્તિત્વ, એનું કાર્ય અને એની પ્રકૃતિ સઘળું માનવથી તદ્દન અસમાન, ભિન્ન અને છૂટું છે. ઈશ્વર પૂર્ણ છે એટલે માનવની અપૂર્ણતાને તે કદી પણ ધારણ કરી શકે નહિ. ઈશ્વર અજન્મા વ્યક્તિ છે તે માનુષી વ્યક્તિ તરીકે જન્મ ધારણ કરી જ ન શકે. સર્વ સૃષ્ટિનો શાસક પ્રકૃતિથી પરિમિત એવા માનવીનાં કર્મમાં બંધાઈ શકતો નથી અને નાશવંત માનવ-શરીરમાં તે પૂરાઈ શકતો નથી. આ બધા વાંધાઓ પહેલી નજરે આપણી બુદ્ધિને ઉત્તર આપી ન શકાય તેવા લાગે છે, પરંતુ તે બધાય ગીતાના ગુરુના ધ્યાનમાં હોય એમ લાગે છે. કારણ કે શ્રીકૃષ્ણ કહે છે : "હું અજ એટલે જન્મ વગરનો છું તોપણ, મારો આત્મા અવ્યય, અવિનાશી છે તોપણ, અને સર્વ ભૂતોનો હું ઈશ્વર છું તોપણ મારી દિવ્ય પ્રકૃતિનો આધાર લઈને, એના ઉપર અધિષ્ઠાન કરીને હું આત્મમાયા વડે માનવજન્મ ધારણ કરું છું." વળી "માનુષી શરીરમાં વસતો હોવાને કારણે મૂઢ લોકો હોય છે તે મારી અવગણના કરે છે, પરંતુ ખરું જોતાં, મારા પર ભાવમાં, —મારી દિવ્ય પ્રકૃતિમાં હું લોકમાત્રનો મહેશ્વર જ છું. મારી દિવ્ય પ્રકૃતિની

પ્રવૃત્તિને લઈને હું ચાતુર્વર્ણ્યનો ઉત્પન્નકર્તા તથા જગતનાં કર્મોનો કર્તા બનું છું. પરંતુ સાથેસાથે મારી દિવ્ય ચેતનાની નીરવતામાં મારી પોતાની દિવ્ય પ્રકૃતિના કર્મોનો — વ્યાપારોનો પણ હું અકર્તા છું. કારણ કે હું પોતે અકર્મ નીરવતા અને કર્મ-સક્રિયતા અને નિષ્ક્રિયતા — બન્નેથી પર એવો પુરુષોત્તમ છું." આમ ગીતા અવતારવાદની સામેની જે દલીલો આગળ આપી ગયા છીએ તે બધીના ઉત્તર આપવાને શક્તિમાન થાય છે; એટલું જ નહિ પરંતુ બધા વિરોધોનું સમાધાન પણ તે કરી શકે છે, કારણ કે જીવન, ઈશ્વર અને વિશ્વ એ વસ્તુઓ વિષે તે વેદાંતના દૃષ્ટિબિંદુથી પોતાના દર્શનનો આરંભ કરે છે.

કારણ કે વેદાંતના દૃષ્ટિબિંદુથી ઉપર ગણાવેલા અતિ સમર્થ જણાતા વિરોધો આરંભથી જ તદ્દન પાયા વગરના ઠરે છે. અલબત્ત, વેદાંતદર્શનની યોજનામાં અવતારવાદ અનિવાર્ય રૂપે ફલિત થતો નથી છતાં એ દર્શનમાં અવતારવાદ દલીલપૂર્વક સિદ્ધ થઈ શકે અને બુદ્ધિને સમજાય એવા એક તત્ત્વ તરીકે તે સ્વાભાવિક રીતે જ આવે છે. કારણ કે વેદાંત કહે છે કે सर्वं खलु इदं ब्रह्म—'આ સઘળું જે કાંઈ છે તે ખરેખર, બ્રહ્મ છે;' अयं आत्मा ब्रह्म—'આ (આપણો) આત્મા બ્રહ્મ છે;' અને एकमेवाद्वितीयम्—તે 'બ્રહ્મ એકમેવ અને અદ્વિતીય છે'— એના સિવાય બીજી કોઈ વસ્તુ નથી, અને બીજી વસ્તુ હોવાની શક્યતા પણ નથી. બીજો કોઈ — એનાથી ભિન્ન એવો, પુરુષ નથી, અને હોઈ પણ શકતો નથી. પ્રકૃતિ જે છે તે પણ બ્રહ્મની જ ચેતનાશક્તિનું સ્વરૂપ છે,— તે બીજું કોઈ હોઈ શકે તેમ નથી. સઘળાં પ્રાણીઓ પણ એ દિવ્ય પરમ સત્-તાનાં આંતર અને બાહ્ય એવાં આત્મસ્વરૂપો અને સ્થૂલ સ્વરૂપો જ છે, બીજું કાંઈ જ નથી. અર્થાત્, એ અંતરના અને બાહ્ય રૂપોની હસ્તી બ્રહ્મની દિવ્ય ચેતનાશક્તિમાં રહેલી છે, અથવા તો, એની ચેતના-શક્તિમાંથી એ રૂપો પરિણમે છે. અનંતમાં મર્યાદિત થવાની શક્તિ નથી એવું નથી. ઊલટું સમસ્ત બ્રહ્માંડ અનંત બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે જ નહીં. આપણે જે અનંત બ્રહ્માંડમાં વસીએ છીએ તેમાં ગમે ત્યાં દૃષ્ટિ કરો પણ બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ દેખાશે નહીં. એમ કહેવામાં આવે છે કે ચેતન થાને આત્મતત્ત્વ રૂપ ધારણ કરી શકતું નથી, થા તો જડના બનેલા કે માનસિક રૂપ સાથે પોતાનો સંબંધ કરવાની, તથા મર્યાદિત પ્રકૃતિ અથવા તો સ્થૂલ શરીર ધારણ કરવાની એને ઘૂણા છે, એ વિધાન સાચું નથી. ઊલટું અહીં જે છે તે સઘળું બ્રહ્મ સિવાય બીજું નથી; આ વિશ્વ જીવી રહ્યું છે તે બ્રહ્મ સાથેના તેના સંબંધને લઈને જ, તેણે જ આ વિવિધ રૂપો ધારણ કર્યાં છે તેથી. એમ માનવામાં આવે છે કે આ જગત અચલ નિયમોનું બનેલું જડ યંત્ર છે, અને એમાં જે બળો કાર્ય કરી રહેલાં છે તેમની ગતિમાં કે એમનાં

માનસિક અને શારીરિક કર્મોમાં દખલ કરી શકે — માણ્ું મારી શકે કે કાર્ય કરી શકે એવો આત્મા કે ચેતનતત્ત્વ છે જ નહીં. બહુબહુ તો એક પ્રકારનો આદિ-કાળથી કેવળ ઉદાસીન પુરુષ એ સઘળાથી બહાર કે ઊર્ધ્વમાં નિષ્ક્રિયપણે હસ્તીમાં છે — એમ કહેવામાં આવે છે. પણ સત્ય તો એનાથી વેગળું અને ઊલટું જ છે. અને તે એ છે કે આખું જગત અને એમાં રહેલો એકેએક આણ્ દિવ્ય શક્તિનું જ સક્રિય સ્વરૂપ છે, અને એની અંદર રહેલી એ દિવ્ય શક્તિ એની એકેએક ક્રિયાનું સંચાલન કરે છે, શાસન કરે છે અને એના પ્રત્યેક સ્વરૂપમાં એ વસે છે, અહીં જગતમાં જે આત્મા અને મન પ્રગટ થયેલાં છે તે પ્રત્યેકને એ દિવ્ય શક્તિ ધારણ કરે છે. સઘળું જગત ઈશ્વરની અંદર છે, ઈશ્વરમાં જ ગતિ કરે છે, ઈશ્વરને લઈને સ્થિતિમાં છે, જીવન ધારણ કરી રહ્યું છે. સર્વમાં પ્રભુ વસે છે, સર્વમાં પ્રભુ જ કાર્ય કરતો હોય છે, પ્રભુ જ પોતાની જાતને પ્રગટ કરતો હોય છે. પ્રત્યેક પ્રાણી પ્રચ્છન્ન વેશમાં રહેલ નારાયણ્ છે.

આ અજન્મા પ્રભુ જન્મ ધારણ્ કરવાને અશક્ત છે એવું નથી. ઊલટું, અહીં જે ભૂતમાત્ર છે તે સઘળાં અને વ્યક્તિ તરીકે એમાંનું પ્રત્યેક એ અજન્મા, શાશ્વત અને અનંત છે, અને એમના મૂળ અસ્તિત્વમાં અને પોતાની વિશ્વમયતામાં એ સઘળાં એક જ અજન્મા પરમાત્મા છે; એને માટે જન્મ અને મરણ્, — રૂપોનો સ્વીકાર અને તેમનો ત્યાગ કેવળ બહારની ક્રિયા છે. પ્રભુ પૂર્ણ છે તેણે અપૂર્ણતાને ધારણ્ કરી છે એ જ સમગ્ર વિશ્વની રહસ્યમય ઘટના છે; પણ એ અપૂર્ણતા પૂર્ણ પ્રભુ જે મન અને શરીર ધારણ્ કરે છે તેનાં દૃષ્ટિગોચર થતાં સ્વરૂપમાં અને કર્મમાં જ રહેલી છે. પરંતુ જેમ સર્વને પોતાની જ્યોતિથી પ્રકાશિત કરનાર સૂર્યમાં પ્રકાશની કે દૃષ્ટિની ખામી હોતી નથી, — એ ખામીઓ તો વ્યક્તિના નેત્રની શક્તિમાં રહેલી હોય છે, તેમ જે દિવ્ય તત્ત્વ એ મન અને શરીરોને ધારણ્ કરે છે તેને એ અપૂર્ણતા બિલકુલ લાગતી નથી. વળી સુદૂર એવા કોઈ સ્વર્ગમાં બેસીને ઈશ્વર આ જગતનું શાસન કરે છે એમ પણ નથી. પ્રભુ જગતનું શાસન કરે છે તે સર્વના અંતરતમ મર્મમાં વ્યાપીને રહેલ સર્વશક્તિમાનપણાથી. જગતમાં મર્યાદિત શક્તિનું પ્રત્યેક મર્યાદાવાળું દેખાતું કાર્ય ખરું જોતાં પ્રભુની અનંત શક્તિનું જ કાર્ય હોય છે. — એવું નથી કે કોઈ મર્યાદિત અને ભિન્ન એવી સ્વયંભૂ શક્તિ છે અને તે પોતાના આગવા બળથી કાર્ય કરીને સ્વચ્છંદપણે મર્યાદિત એવું કાર્ય ઉપજાવે છે. જ્ઞાન અને સંકલ્પના પ્રત્યેક મર્યાદિત કાર્યમાં આપણે અનંત વિશ્વાત્માનો વિશ્વસંકલ્પ અને વિશ્વજ્ઞાનની શક્તિ એ કાર્યને ટેકો આપી રહેલી જોઈ શકીએ છીએ,— ખરું જોતાં એ તેનું પોતાનું જ કાર્ય હોય છે એમ આપણને જણાય

છે. આ વિશ્વમાં ઈશ્વરનું શાસન કોઈ ગેરહાજર, વિદેશી કે બહારના વિજાતીય શાસકના જેવું નથી. પ્રભુ સર્વ પર શાસન કરે છે કારણ કે એ સર્વથી પર છે, પરમ પરાત્પર છે, પણ એનું બીજું કારણ એ પણ છે કે વિશ્વની સર્વ ગતિઓમાં એ વ્યાપીને રહેલો છે, અને પ્રત્યેક ગતિનો નિરપેક્ષ આત્મા હોય છે તેને લઈને પણ એ વિશ્વનું શાસન કરે છે. આમ, અવતારની શક્યતા સામે આપણી બુદ્ધિ જે જે દલીલો રજૂ કરે છે તેમાંની એક પણ સિદ્ધાંતની નજરે ટકી શકતી નથી. એ બધા વિરોધોના મૂળમાં માનવની બુદ્ધિપ્રધાન તાર્કિકતા એ ઈશ્વર અને જગત વચ્ચે ઊભી કરેલી ભેદદૃષ્ટિ — નકામી અને ખોટી ભેદદૃષ્ટિ — રહેલી છે. આખા વિશ્વનું સમસ્ત બંધારણ અને તેની સમગ્ર વાસ્તવિકતા પ્રતિક્ષણ એ ખોટા તાર્કિક ભેદનો વિરોધ કરી રહ્યાં છે, એ અસત્ય છે એમ પુરવાર કરી રહ્યાં છે.

પણ અવતાર થવો શક્ય છે કે નહિ તેનાથી જુદો જ એક પ્રશ્ન બાકી રહે છે, તે એ છે કે સાચેસાચ દિવ્ય હોય એવું કાર્ય પ્રત્યક્ષ બની શકે છે ખરું ? એટલે કે અજ્ઞાનના પડદા પાછળથી આગળ આવીને દિવ્ય ચેતના અવતરણ કરતી દેખાય છે ખરી ? પ્રશ્ન એ છે કે આ દૃશ્ય સ્થૂલ જગતમાં, પૃથ્વી ઉપરના મર્યાદિત એવા જીવનમાં, માનવની માનસિક અને શારીરિક અવસ્થામાં, ભૌતિક જડતામાં અને માનવની અપૂર્ણતામાં પ્રભુની દિવ્ય ચેતના અવતરણ કરતી અનુભવાય છે ખરી ? આનો જવાબ સમજવા માટે આપણે પ્રથમ તો એ વિચારવું પડશે કે આ સાંત, મર્યાદિત અપૂર્ણ જગત એ શું છે ? સાંત એટલે અનંત પ્રભુએ પોતાની જ આગળ પ્રગટ કરેલાં આત્મ-સ્વરૂપોની વ્યાખ્યા, તેમની આજુબાજુની રેખા. પ્રભુના અનંત આત્મ-સ્વરૂપોનું પ્રત્યક્ષ મૂલ્ય તે જ સાંત છે, તે જ મર્યાદિત તરીકે આપણને પ્રતીત થાય છે. જે કાંઈ ઘટના બને છે તેમાંની પ્રત્યેક એક અને અનંત એવા પ્રભુની જ સ્વ-સત્-તા છે, તેનું જ આત્મસ્વરૂપ છે, એ હકીકતમાં જ એનું સાચું મૂલ્ય રહેલું છે, — ભલે એના દૃશ્ય-સ્વરૂપની ક્રિયામાં — કાલની ગતિમાં — એનું સ્વરૂપ અને મૂલ્ય ગમે તે હોય. મનુષ્ય આપણને એક સ્વતંત્ર પ્રાણી દેખાય છે પણ ઊંડે ઊતરીને જોતાં આપણને જણાય છે કે માણસ પોતે એકલું, અટૂલું પ્રાણી નથી, — સર્વ પ્રકારે, સર્વથી જુદી, આ જગતથી વિખૂટી, ભિન્નતાની પોતાની વાડમાં પુરાઈ રહેલી સ્વતંત્ર સ્વયંભૂ વ્યક્તિ નથી. પરંતુ પ્રત્યેક માનવ એ આખી માનવજાતિ છે. પ્રત્યેક વ્યક્તિ એટલે એક વિશિષ્ટ મનોમય અને અન્નમય દેહમાં આવી વસેલી માનવજાતિ છે, અને એ માનવજાતિ પણ વિશ્વની બીજી બધી જાતિઓ અને યોનિઓથી વિખૂટી, તદ્દન અલગ એવી કોઈ જાતિ છે એવું પણ નથી. માનવજાતિ પણ વિશ્વાત્માને પોતાનાં સ્વરૂપમાં

પ્રગટ કરે છે. માનવજાતિ એટલે જાતિના રૂપમાં પ્રગટ થયેલો વિશ્વાત્મા. એ વિશ્વરૂપ વિશ્વાત્મા અહીં પોતાના આવિર્ભાવની શક્યતાઓના પ્રયોગ અજમાવે છે, એમને સિદ્ધ કરવાને પ્રયત્ન કરી રહ્યો છે. એ કાર્ય તે માનવજાતિ દ્વારા કરી રહ્યો છે. એમાં પોતાના આવિર્ભાવ માટે આવશ્યક એવી કેટલીક શક્તિ-ઓનો તે વિકાસ કરે છે, એમની સમુત્ક્રાંતિ કરે છે. પણ એ જેનો આવિર્ભાવ કરે છે, જેની સમુત્ક્રાંતિ કરી રહ્યો છે તે પોતે જ છે, પોતાનો અનંત આત્મા છે.

આપણે જેને 'આત્મા' કહીએ છીએ તે શી વસ્તુ છે ? અનંત ચેતના-શક્તિવાળી સ્વયંભૂ સત્-તા અને એવી સ્વયંભૂ સત્-તાનો પોતાનો અખંડ સ્વયંભૂ આનંદ તે આત્મા. આત્મા એવો અનંત સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે, અને આત્મા જો એવો ન હોય તો તે કોઈ ચીજ નથી. તો પછી એ અસત્ જેવું જ તત્ત્વ છે, અથવા જો આત્માનું સ્વરૂપ એવું ન હોય તો આત્મા અને માનવ વચ્ચે તથા આત્મા અને જગત વચ્ચે કશો સંબંધ હોઈ શકતો નથી. અને એમ હોય તો માનવને અને જગતને આત્મા જેવી વસ્તુ સાથે કશી લેવાદેવા નથી એમ જ આપણે સ્વીકારવું જોઈએ. જડ તત્ત્વ, સ્થૂળ શરીર આત્માની ચેતનાશક્તિની જ એક ઘનાકાર સમૂહગતિ માત્ર છે અને ઇન્દ્રિયોની શક્તિ દ્વારા કાર્ય કરતી એ જ આત્માની ચેતનાશક્તિ પોતાના વિવિધ સંબંધો ઉપજાવવા માટે એ સમૂહગતિનો — જડ તત્ત્વનો — આરંભ-બિંદુ તરીકે ઉપયોગ કરે છે. વળી, આપણે જેને જડ તત્ત્વ યાને ભૌતિક તત્ત્વ કહીએ છીએ તે કોઈ પણ જગોએ ખરેખર જડ, ખરેખર ચેતના વગરનું હોતું જ નથી. કારણ કે આધુનિક ભૌતિકવિદ્યાને પણ પોતાની વિરોધી માન્યતાની સામે જઈને સ્વીકારવાની ફરજ પડી છે — કે જડ અણુમાં અને પ્રાણના જીવનકોષમાં એક પ્રકારની સંકલ્પશક્તિ રહેલી છે, એમાં પણ બુદ્ધિનું તત્ત્વ કાર્ય કરતું હોય છે. પણ અણુમાં રહેલી અને કાર્ય કરતી એ ચેતનાશક્તિ આત્માની, એમાં રહેલ દિવ્ય તત્ત્વની જ સંકલ્પ-શક્તિ છે, તેની જ જ્ઞાનશક્તિ છે. અણુમાં જણાતી સંકલ્પની અને બુદ્ધિની શક્તિ ભિન્ન નથી, અણુએ પોતે પોતાનામાંથી જ ઉત્પન્ન કરી લીધેલી શક્તિ નથી યા તો અણુનો કે જીવનકોષનો પોતાનો ઉત્પન્ન કરેલો વિચાર કે સંકલ્પ નથી. એ શક્તિ વિરાટ, વિશ્વમય, વૈશ્વિક શક્તિનો જ આવિર્ભાવ છે. એ વૈશ્વિક સંકલ્પશક્તિ અને જ્ઞાનશક્તિ તિરોભૂત — અંતર્હિત રહેલી છે અને પોતાની તિરોભૂત અવસ્થામાંથી એક પછી એક જુદાંજુદાં રૂપોમાં તે પોતાની શક્તિનો વિકાસ કરે છે. આ પાર્થિવ લોકમાં એ વિશ્વાત્માની વૈશ્વિક શક્તિનો વિકાસ માનવતાની અંદર સંપૂર્ણ દિવ્યતાની સૌથી વધારે સમીપ જઈ પહોંચે છે. અને

માનવના સ્થૂળ સ્વરૂપમાં અસ્પષ્ટપણે રહેલી પ્રભુતા એની બહિર્મુખ બુદ્ધિ દ્વારા અને બુદ્ધિમાં પણ પોતાને વિષે પહેલવહેલી સભાન બને છે. પરંતુ ત્યાં પણ એક મર્યાદા રહેલી જણાય છે. ત્યાં નિમ્ન પ્રકૃતિમાં પ્રભુતાનો થતો આવિર્ભાવ અપૂર્ણ રહે છે. આને લઈને વિશ્વના આવિર્ભાવની નીચલી કોટિનાં પ્રાણીઓને પ્રભુ સાથેની પોતાની એકતાનું ભાન હોતું નથી, એટલે કે એમને આત્મજ્ઞાન થઈ શકતું નથી. આનું કારણ એમ છે કે પ્રત્યેક સાંત પ્રાણીમાં તથા એનાં દૃશ્ય કાર્યોમાં જે મર્યાદા રહેલી દેખાય છે તે મર્યાદાની સાથે એની ચેતના — એ સ્વરૂપમાં પ્રગટતી ચેતના — પણ એકતા અનુભવે છે ને પોતે પણ મર્યાદિત બને છે. આ પ્રમાણે દૃશ્ય-સ્વરૂપમાંની મર્યાદિત ચેતના પ્રત્યેક પ્રાણીની વિશિષ્ટ પ્રકૃતિનું નિર્માણ કરે છે, અને પ્રાણી પ્રાણી વચ્ચે જે ભેદ છે તેને ઉપજાવે છે. બેશક, પોતાના આ માનવતારૂપી વિશિષ્ટ આવિર્ભાવની — એને આપણે 'અવતાર' કહ્યો જ છે તેની — પાછળ રહીને એની બહિર્મુખ અને અપૂર્ણ ચેતના અને સંકલ્પશક્તિ દ્વારા પ્રભુ કર્મ કરે છે અને એનું સંચાલન પણ કરે છે. પરંતુ વેદ કહે છે તેમ એ કર્મ નિહિતં ગુહાયામ્ — તે પોતાની ગુહામાં ગુપ્ત રહીને કરે છે. અથવા તો ગીતા કહે છે તેમ, સર્વ ભૂતોના હૃદયમાં ઈશ્વર બિરાજે છે અને ત્યાં રહ્યો તે સર્વ ભૂતોને યંત્ર પર આરૂઢ હોય તેમ પોતાની માયા વડે ભમાવી રહ્યો છે. હૃદયમાં ગૂઢ રહેલો પ્રભુ પોતાનું આ ગુપ્ત કાર્ય જે પ્રાણીમાં તે કરે છે તેની અહંતાપ્રધાન પ્રાકૃતિક ચેતના એને જાણી શકતી નથી. આ પ્રમાણે પ્રાણીને અજાણ રાખીને પોતાનું કાર્ય કરી લેવાનો પ્રયોગ એ પ્રાણીઓ જોડેના પોતાના વ્યવહારમાં ઈશ્વરની પદ્ધતિ છે, પ્રાણીઓ સાથેના એના વ્યવહારનો નિયમ છે. આ સમજૂતી સ્વીકારીને એવી દલીલ કરી શકાય ખરી કે જ્યારે પોતાની આ ગૂઢ કાર્યપદ્ધતિનો આશ્રય લઈને ઈશ્વર પ્રાણીઓની બહિર્મુખ ચેતનાથી પાછળ રહીને પોતાનું કાર્ય કરી શકે છે અને કરે છે પણ ખરો, તો પછી તે એક અમુક રૂપમાં, અમુક દેહમાં સપાટી ઉપર આવે છે, પ્રાણીની ચેતનામાં પાછળથી આગળ આવે છે અને વધારે સીધી રીતે, વધુ પ્રત્યક્ષપણે દિવ્ય કર્મ કરે છે, એમ શા માટે ધારવું કે માનવું જોઈએ? અલબત્ત, જો પ્રભુ એ પ્રમાણે પડદા પાછળથી આવીને બાહ્ય ચેતનામાં પ્રગટ થાય છે એ સાચું હોય તો એ તો દેખીતું છે કે તેનો એક જ હેતુ હોઈ શકે અને તે એ કે માનવજાતિ અને પ્રભુની વચ્ચે જે આવરણ, કે જવનિકા આવી રહેલ છે તેને દૂર કરવી, કારણ કે પોતાની અજ્ઞાની પ્રકૃતિની મર્યાદામાં પુરાયેલો માનવ એ જવનિકાને પોતે હઠાવી શકે તેમ નથી.

સામાન્ય પ્રાણીની પ્રકૃતિમાં જે અપૂર્ણતાવાળું કાર્ય થતું હોય છે તેની

સમજૂતી આપતાં ગીતા કહે છે કે એમ થવાનું કારણ પ્રત્યેક પ્રાણી પ્રકૃતિની યાંત્રિક જડતાને વશ હોય છે, અને માયાના આત્મનિરૂપણને લઈને પોતે મર્યાદિત બને છે. એટલે વિશ્વની અંદર રહેલા પદાર્થો ખરું જોતાં, દિવ્ય ચેતનાની કાર્યસાધક એક જ શક્તિનાં એકબીજાની ન્યૂનતાનાં પૂરક અંગો છે. એના મૂળ સ્વરૂપમાં માયા કાંઈ મિથ્યા નથી. નિમ્ન પ્રકૃતિમાં અજ્ઞાન રહેલું છે તેને લઈને એટલે ત્રિગુણમયી પ્રકૃતિને લઈને માયા મિથ્યા હોય એવી દેખાય છે. ખરું જોતાં, માયા એ પોતાનો આવિર્ભાવ કરવાની પ્રભુની શક્તિ જ છે, એટલે કે, પોતાની દિવ્ય સત્-તાના અનંત પ્રકારોમાં પોતાનાં આત્મસર્જનો પ્રગટ કરવાની પ્રભુની શક્તિ તે જ માયા. અને એ રીતે પ્રગટ થયેલા પ્રત્યેક આત્મસર્જનના પ્રકારમાં કાર્ય કરીને એના સ્વભાવ અને સ્વધર્મ અનુસાર ગુણ અને કર્મમાં સફળ કાર્ય કરનારી પ્રભુની એ જ માયાની શક્તિ તે પ્રકૃતિ. 'મારી પોતાની પ્રકૃતિના ઉપર દબાણ મૂકીને વિશ્વને અને સર્વ પ્રાણીઓને હું ફરીફરીને ઉત્પન્ન કરું છું એ સમસ્ત ભૂતસમૂહ પ્રકૃતિના નિયમને અસહાયપણે વશ પડેલો છે — હોય છે.' (૯.૮) માનવશરીરમાં રહેલા પ્રભુને માણસો જાણતા નથી કારણ કે પ્રકૃતિની જડ યાંત્રિકતાને તેઓ પૂરેપૂરા વશ હોય છે, અવિદ્યા પ્રકૃતિની માનસિક મર્યાદાઓમાં અવશપણે જકડાયેલા હોય છે અને તેથી તેઓ પોતે એ બધી મર્યાદાઓને અનુમતિ પણ આપતા હોય છે. એવા લોકો मोहिनीं प्रकृतिं आश्रिताः છે, એ લોકોએ અજ્ઞાનની બનેલી આસુરી પ્રકૃતિનો આશ્રય લીધેલો હોય છે. એ મોહિની પ્રકૃતિ માનવની બુદ્ધિને ભ્રમના વડે છેતરે છે, અને અહંતા વડે ભ્રમમાં નાખી દે છે, — મોહ પમાડે છે. પ્રત્યેક પ્રાણીના અંતરમાં જે પુરુષોત્તમ રહેલો છે તે એકદમ એકી વખતે આવિર્ભાવ પામી જાય છે એવું નથી. પ્રભુ પોતાની જાતને અજ્ઞાન-રૂપી અંધકારનાં કાળાં વાદળાંમાં અથવા માનવના અપૂર્ણ માનસિક જ્ઞાનરૂપી ચળકતાં વાદળાંમાં આવૃત્ત કરે છે. પોતાની જાતને તે પોતાની યોગમાયાથી સંપૂર્ણપણે આચ્છાદિત રાખે છે. (૭.૨૫) ગીતા કહે છે, 'આ સમસ્ત જગત પ્રકૃતિના ત્રણ ગુણોને વશ હોઈ ત્રિવિધ અજ્ઞાનની અવસ્થામાં પડેલું હોવાથી મને ઓળખી શકતું નથી; કારણ કે મારી એ ત્રિગુણમયી માયા પાર કરવી મુશ્કેલ છે. જેઓ મારે શરણે આવે છે તેઓ જ એ માયાને તરી જાય છે. પરંતુ મારી એ માયા જે લોકો અસુરીભાવવાળા હોય છે તેઓનું જ્ઞાન હરી લે છે.' (૭. ૧૪-૧૫) આનાથી એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે સર્વમાં — જે કાંઈ આ જગતમાં છે તે બધામાં — પ્રભુની દિવ્ય ચેતના મૂળથી જ રહેલી છે, કારણ કે અવ્યક્ત રૂપે પ્રભુનો સર્વમાં નિવાસ છે; પણ ત્યાં પોતાની માયા વડે તે આચ્છાદિત રહે છે. આમ હોવાથી સર્વ કાંઈ પ્રભુ જ છે એ મૌલિક

જ્ઞાન પ્રાણીઓને થતું નથી. ઊલટું માયાના એટલે કે પ્રકૃતિની જડ યોજનાના કાર્યને લઈને માનવનું જ્ઞાન અહંભાવરૂપી ભ્રમમાં પરિણમે છે. છતાં પ્રકૃતિની જડ યાંત્રિકતામાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવાથી અને પોતાના અંતરમાં રહેલા ગૂઢ ઈશ્વરને પ્રાપ્ત કરવાથી માણસને પોતાની અંદર વસતા પ્રભુ વિષેનું જ્ઞાન થઈ શકે છે, તે જાગ્રત થાય છે.

પ્રભુ સર્વ પ્રાણીઓનો સામાન્ય જન્મમાં વિસર્ગ કરે છે તેનું અને પોતે અવતાર તરીકે દિવ્ય જન્મ ધારણ કરે છે તેનું, ભાષાના થોડા જ, પરંતુ ઘણા અગત્યના, ફેરફાર સાથે જે વર્ણન કરે છે તે આપણે નોંધવા જેવું છે. સામાન્ય પ્રાણીઓના જન્મ વિષે કહે છે, **प्रकृतिं स्वां अवष्टभ्य** (૯.૮) 'મારી પોતાની પ્રકૃતિના ઉપર દબાણ મૂકીને હું, પ્રકૃતિને વશ હોવાથી તે અવશ છે એવાં પ્રાણીઓના સમૂહનું જુદાજુદા રૂપોમાં સર્જન કરું છું.' અવતારની બાબતમાં કહે છે, 'મારી પોતાની પ્રકૃતિનું અધિષ્ઠાન કરીને—**अधिष्ठाय** મારી આત્મમાયા વડે હું પોતે જન્મ ધારણ કરું છું.' "**अवष्टभ्य**"માં નીચેની દિશા તરફ સમર્થ દબાણની ક્રિયાની સૂચના છે, એમાં જે વસ્તુ ઉપર સંયમ રાખીને દબાણ કરવામાં આવે છે તે પોતે વિવશ થઈ જાય છે, પીડા પામે છે, એની પોતાની ગતિ અથવા તો એનું પોતાનું કાર્ય રુદ્ધ અથવા તો મર્યાદિત થઈ જાય છે. અને એના પર નિયંત્રણ રાખીને દબાણ કરનાર શક્તિના હાથમાં તે નિરાધાર જેવી થઈ રહે છે,—**अवशं वशात्** એમ ગીતા કહે છે. આ 'અવષ્ટંભન'ની ક્રિયામાં પ્રકૃતિ યાંત્રિક બની જાય છે, અને એમાં રહેલા પ્રાણીસમૂહો એ પ્રકૃતિની યાંત્રિકતામાં અવશ બનીને પકડાઈ રહે છે, એવાં પ્રાણીઓ પોતાનાં કર્મોનાં 'ઈશ' હોતાં નથી. એનાથી ઊલટું **अधिष्ठाय** (૪.૬) શબ્દમાં જે ક્રિયા સૂચિત છે તેનો અર્થ 'અંદર નિવાસ કરવો' એટલો જ થતો નથી, પરંતુ પ્રકૃતિના ઉપર, અને એનાથી ઊર્ધ્વમાં ઊભા રહેવું એવો અર્થ પણ થાય છે. એ ક્રિયામાં વસ્તુની અંદર વસતો 'અધિષ્ઠાતા' દેવ — એટલે કે પ્રભુ — વસ્તુનું સચેતન નિયંત્રણ અને સંચાલન કરે છે. (વસ્તુના ઉપર સંયમ રાખે છે અને એને પોતે ચલાવે છે.) આ ક્રિયામાં પોતાના અજ્ઞાનને કારણે પ્રકૃતિથી નિરાધાર-પણે દોરવાતો નથી. ઊલટું, પ્રકૃતિ પોતે પુરુષના જ્ઞાનપ્રકાશને ઝીલે છે અને એની સંકલ્પશક્તિથી સભર બને છે. અર્થાત્ સામાન્ય રીતે જે સ્વાભાવિક જન્મની ક્રિયા જગતમાં થાય છે તેને પરિણામે જે સર્જાય છે તે 'ભૂતગ્રામ' — પ્રાણીઓનો સમૂહ — બને છે. પરંતુ અવતારના દિવ્ય જન્મમાં જે સર્જન થાય છે તે પ્રભુનું પોતાનું જ સર્જન હોય છે, **आत्मानम्**—અને એવો પોતાનો દિવ્ય જન્મ પોતે જ તૈયાર કરેલો હોય છે. આ ભેદ વેદાંતમાં આત્મા અને ભૂતાનિ વચ્ચે જે ભેદ પ્રચલિત છે તે જ પ્રકારનો છે. યુરોપની મીમાંસામાં

એ જ ભેદ સત્ અને મત્ 'હોવું' અને 'થવું' વચ્ચેના ભેદ તરીકે ઓળખાય છે. આમ ભૂતસમૂહ અને અવતાર એ બન્નેના જન્મમાં, એટલે કે આવિર્ભાવમાં, માયા એ જ સર્જન કરવાનું સાધન હોય છે. પરંતુ દિવ્ય જન્મમાં; — એટલે કે અવતારની બાબતમાં, आत्ममायया, (૪.૬) એ જન્મ પ્રભુની 'પોતાની માયા વડે' થાય છે. એટલે એનો જન્મ અવિદ્યા માયામાં ઢંકાઈ જવાની ક્રિયારૂપ નથી બનતો પરંતુ સ્વયં ઈશ્વરનું સચેતન કાર્ય હોય છે; અને એ કાર્ય પોતાના દૃશ્ય, એટલે કે પ્રાકૃતિક, સ્વરૂપમાં તે કરે છે. અહીં જન્મ લેનાર આત્માને જન્મની ક્રિયાનું અને હેતુનું જાગ્રત ભાન હોય છે. આ જ વસ્તુને અન્ય સ્થળે ગીતા પ્રભુની 'યોગમાયા' કહે છે. સામાન્ય પ્રાણીઓનો જન્મ થાય છે તેમાં જન્મની ક્રિયામાં નીચેની પ્રકૃતિની ચેતનાથી પોતાની જાતને ઢાંકવા માટે પ્રભુ પોતાની માયાનો પ્રયોગ કરે છે. એથી કરીને એ યોગમાયાનું કાર્ય આપણે માટે અજ્ઞાન ઉત્પન્ન કરવાનું સાધન બને છે, આપણે માટે એ યોગમાયા અવિદ્યા માયા બને છે. પરંતુ આપણી ચેતના જ્યારે અજ્ઞાનમાંથી પ્રભુ તરફ પાછી ફરે છે ત્યારે એની એ જ યોગમાયા આપણામાં આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રગટ કરે છે, એ જ આપણે માટે જ્ઞાનપ્રાપ્તિનું સાધન બને છે, ત્યારે એ વિદ્યામાયા થાય છે. અવતારના દિવ્ય જન્મમાં પણ એ યોગમાયા વિદ્યામાયા તરીકે, સચેતનપણે કાર્ય કરે છે. અર્થાત્, સામાન્ય રીતે જે કર્મ અજ્ઞાનપૂર્વક થતાં હોય છે તેમનું પણ એ યોગમાયા જ્ઞાનરૂપે નિયંત્રણ કરે છે, એમને પોતાના જ્ઞાન વડે સંચાલિત અને પ્રકાશિત કરે છે.

આ પ્રમાણે ગીતાની ભાષા એ વસ્તુ સ્પષ્ટ કરે છે કે અવતાર યાને દિવ્ય જન્મ એટલે આપણી માનવતામાં થતો પ્રભુનો સચેતન જન્મ; અને એવા જન્મમાં સામાન્ય માનવના જન્મમાં હોય છે તે જ સાધનાનો ઉપયોગ કરવામાં આવે છે (થયેલો હોય છે) તોપણ એના મૂળમાં અવતારનો દિવ્ય જન્મ સામાન્ય માનવના જન્મથી ઊલટા જ પ્રકારનો હોય છે. કારણ કે સામાન્ય માનવનો જન્મ અજ્ઞાનમાં — અજ્ઞાનની અંદર—થાય છે. ત્યારે અવતારની બાબતમાં એવું હોતું નથી. ઊલટું, અવતારનો જન્મ એક દિવ્ય જ્ઞાનનો જન્મ હોય છે. માનવનો જન્મ એક સ્થૂળ ઘટના હોય છે, જ્યારે અવતાર ચેતનરૂપ આત્માનો પોતે લીધેલો જન્મ હોય છે. અવતારમાં સ્વયંભૂ સત્-તા તરીકે પ્રભુ જન્મ લે છે, અને પોતાના આવિર્ભાવનું જ્ઞાનપૂર્વક નિયંત્રણ કરે છે, સંચાલન કરે છે. સામાન્ય માણસની પેઠે અવતારનું આત્મજ્ઞાન અજ્ઞાનનાં વાદળોમાં ઢંકાઈ જઈને લુપ્ત થઈ જતું નથી. આમ અવતાર એટલે પ્રકૃતિના અધીશ તરીકે શરીરમાં જન્મેલો આત્મા. એવો આત્મા પોતાની પ્રકૃતિના ઉપર અધિષ્ઠાન કરે છે, પોતાના સંકલ્પ પ્રમાણે મુક્તપણે પ્રકૃતિમાં કાર્ય કરે છે. સામાન્ય માણસો

પેઠે પ્રકૃતિમાં બંધાઈ જઈને એની યાંત્રિકતાના ફેરામાં નિરાધારપણે ગોળ ચક્કર ફરતો નથી. કારણ કે અવતાર જ્ઞાનની અવસ્થામાં રહીને કાર્ય કરતો હોય છે, સામાન્ય માણસો પેઠે અજ્ઞાનમાંથી નહીં. ખરું જોતાં, અવતારમાં સમસ્ત પ્રાણી-માત્રની પાછળ જે દિવ્ય આત્મા છે તે અવિદ્યાના પડદા પાછળ રહીને પ્રાણીઓનું અને પ્રાણીઓની પ્રકૃતિનું શાસન કરનારી પોતાની ગૂઢ અવસ્થામાંથી બહાર આવે છે અને (પ્રભુ તરીકેની પોતાની ચેતનાને કાયમ રાખીને) માનવના બીબામાં — માનવની યોનિમાં પ્રભુ તરીકેની પોતાની ચેતના સહિત પૂરેપૂરો માનુષી જન્મ તે ધારણ કરે છે. સામાન્ય માનવનો જન્મ પણ પ્રભુ જ ધારણ કરતો હોય છે. પરંતુ પડદા પાછળ રહીને તે ઈશ્વર તરીકે કાર્ય કરે છે. પરંતુ સામાન્ય માનવમાં એ ગૂઢ પડદાની આગળ આવી રહેલી જે બહિર્મુખ ચેતના હોય છે તે અવિદ્યાના હાથમાં જઈ પડેલી હોય છે, તે કશાના ઉપર સંપૂર્ણ સંયમ રાખી શકતી નથી; તે વશી નહિ પણ વિવશ હોય છે. એનું કારણ એ હોય છે કે માનવમાં અપૂર્ણપણે જ સચેતન એવું દિવ્ય તત્ત્વ રહેલું હોય છે. એવો માનવ આત્મજ્ઞાન વિનાનો થઈ ગયેલો જીવાત્મા છે, જે પોતાનાં કર્મોમાં અને પ્રકૃતિના દૃશ્ય-સ્વરૂપનાં બંધનમાં પડેલો હોય છે. આ પ્રમાણે અવતાર એ માનવતામાં પ્રભુનું સીધેસીધું પ્રાકટય છે. અહીં શ્રી કૃષ્ણના રૂપમાં એ પ્રાકટય સિદ્ધ થયેલું જણાય છે. અર્જુન ઉત્કૃષ્ટ માનવતાનો પ્રતિનિધિ છે, પ્રભુની જીવનમાં પ્રગટેલ વિભૂતિ છે, તે કારણે ગુરુ તરીકે શ્રીકૃષ્ણ અર્જુનને જે દિવ્ય ચેતનાને, જે પ્રભુને પ્રાપ્ત કરવાનો આદેશ આપે છે તે દિવ્ય ચેતનાનું, તે પ્રભુનું સ્વરૂપ અવતાર શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનામાં બતાવે છે. પોતાની સામાન્ય માનવતાનાં અજ્ઞાન અને પરિમિતતાનાં બંધનમાંથી ઊર્ધ્વમાં આરોહણ કરીને જ અર્જુન એ દિવ્ય પ્રભુતાને પ્રાપ્ત કરી શકે તેમ છે. આમ આપણે — માનવ તરીકેની — આપણી નીચેની અવસ્થા-માંથી જે દિવ્યતાનો, જે પ્રભુતાનો વિકાસ કરવાનો છે, તે જ દિવ્યતાનું, તે જ પ્રભુનું ઊર્ધ્વમાંથી અવતરણ થવું, આપણી ભૂમિકામાં ઊતરી આવવું એનું નામ અવતાર. આ રીતે આપણે સામાન્ય માનવ-પ્રાણીઓએ જે પ્રભુમાં આરોહણ કરવાનું છે, જેમાં દિવ્ય જન્મ એક દિવસે પ્રાપ્ત કરવાનો જ છે, તે પ્રભુનું માનવપ્રાણીમાં દિવ્ય જન્મ વડે અવતરવું તેને અવતાર કહી શકાય. એવો એક દિવ્ય જન્મ લઈને પ્રભુ પ્રાણીમાં અવતરણ કરે છે, અને અવતાર રૂપે આવીને પ્રભુ માનવની સમક્ષ પોતાનું આકર્ષક, દિવ્ય દૃષ્ટાંત મૂકે છે, અને માનવતાના માનવના જ બીબામાં, માનવરૂપમાં પણ, માનવજીવન કેવું સંપૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે તેમ છે તેનો એક નમૂનો આપણી દૃષ્ટિને પ્રત્યક્ષ કરી આપે છે.

પ્રકરણ સોળમું

અવતાર થવાની પ્રક્રિયા

હવે, આપણે જોઈ શકીએ છીએ કે માનવમાં પ્રભુનો દિવ્ય અવતાર થાય છે, અટલે કે પ્રભુ પોતે માનવની કોટિને અને માનવપ્રકૃતિને ધારણ કરે છે, તેનું રહસ્ય અન્ય એક રહસ્યમય ઘટનાની જ બીજી બાજુ છે. એ ઘટના તે માનવના પોતાના જન્મની જ સનાતન રહસ્યમય ઘટના છે. જો મૂળમાં ઊંડા ઊતરીને જોઈશું તો માનવનો પોતાનો આ પૃથ્વી ઉપર જન્મ થવા માટે પ્રભુનું અવતરણ જ ત્યાં જવાબદાર રહેલું છે એમ જણાશે. પ્રત્યેક પ્રાણીનું સનાતન અને વિશ્વમય-સ્વરૂપ પ્રભુ પોતે જ છે, મનુષ્યનું વ્યક્તિસ્વરૂપ પણ પ્રભુનો જ અંશ છે—ममैवांशः (૧૫.૭) એમ ગીતા કહે છે. પણ જ્યારે આપણે કહીએ છીએ કે માણસ પ્રભુનો જ અંશ છે ત્યારે એનો અર્થ તે પૂર્ણાંક પ્રભુનો અપૂર્ણાંક છે, યા તો એનો એક ખંડ છે — ટુકડો છે એવો થઈ શકતો નથી. આપણે ઈશ્વરને નાના નાના ખંડોમાં, વિભાગોમાં ભાંગીને વહેંચાઈ ગયેલો — અને મનુષ્યનો આત્મા બનેલો — કલ્પી શકતા નથી, પણ એક જ દિવ્ય ચેતનાની અપૂર્ણ, મર્યાદિત, આંશિક ચેતના તરીકે, એકમાત્ર શક્તિ છે તેના અંશ તરીકે, એક વિરાટ વિશ્વવ્યાપી આનંદ, અને વિશ્વરૂપે જે ભોગ પ્રગટ થયો છે તે આનંદના અને ભોગના અંશ તરીકે, આપણે માનવની વ્યક્તિતાને કલ્પીએ છીએ. આ પ્રમાણે હોવાથી પોતાના આવિર્ભાવમાં, — અથવા તો આપણે કહીએ છીએ તેમ, તેની પ્રકૃતિમાં, માનવ એક, અનંત, અમર્યાદ — અસીમ — સત્‌નું સાંત અને મર્યાદિત સ્વરૂપ બને છે. માનવના ઉપર એ મર્યાદાની મુદ્રા, એ મર્યાદાની છાપ અજ્ઞાન રૂપે પડેલી છે. એ અજ્ઞાનને લઈને જે પ્રભુમાંથી પોતે ઉત્પન્ન થયો છે, આવ્યો છે, તે પ્રભુને માનવ ભૂલી જાય છે, એટલું જ નહિ પરંતુ એના પોતાના અંતરમાં જે પ્રભુ સદા હાજર હોય છે તેને પણ તે ભૂલી જાય છે. પ્રભુની એ સન્નિધિ માનવની પ્રકૃતિના ગૂઢ અંતરમાં, માનવચેતનારૂપી એના પોતાના મંદિરમાં રહેલી વેદીમાં ઢંકાયલી અગ્નિશિખા પેઠે રહેલી હોય છે તેને એ જાણતો નથી.

માનવ અજ્ઞાન છે, કારણ કે એના આત્માનાં નેત્રની આગળ, અને એની ઇન્દ્રિયોના ઉપર પ્રકૃતિનાં, માયાનાં, પડળ ફરી વળેલાં છે; એ માયાની

શકિત વડે પ્રભુની સનાતન સત્-તામાંથી આ જગતના આવિર્ભાવમાં માનવનો વિસર્ગ કરવામાં આવ્યો છે, જન્મ આપવામાં આવ્યો છે. પ્રભુના દિવ્ય સત્ત્વ રૂપી ધાતુમાંથી ઢાળીને પ્રકૃતિએ માનવને પોતાની ટંકશાળમાં મુદ્રિત કર્યો છે. પણ તે જ વખતે પોતાના ગુણોની મિશ્ર ધાતુ વડે એના પર મજબૂત ઢોળ પણ ચઢાવી દીધો છે, અને એની પોતાની મુદ્રામાં પાશવી માનવતાની છાપ તેણે ઉપસાવી છે. અલબત્ત, પ્રભુની પોતાની ગુપ્ત મુદ્રા એના પર હોય છે ખરી, તોપણ આરંભમાં તે અસ્પષ્ટ હોય છે, અને મુશ્કેલીથી વાંચી શકાય છે. અને પાર્થિવતા પ્રત્યે નિમ્ન દૃષ્ટિ રાખનાર માનવતા અને પ્રભુ પ્રત્યે ઊર્ધ્વ દૃષ્ટિવાળી માનવતા એ બેને જુદી પાડી આપે એવી જીવનરહસ્યની દીક્ષા મળે નહિ ત્યાં સુધી એ મુદ્રા ખરી રીતે જોવામાં આવતી નથી. અવતારમાં એટલે દિવ્ય રીતે જન્મેલા માનવમાં પ્રભુતાની અસલ દિવ્ય ધાતુ મિશ્રણના ઢોળમાંથી પણ ચળકતી દેખાય છે. માનવપ્રકૃતિની મુદ્રાનો આકાર તો અવતારમાં પણ હોય છે, પણ તે ફકત એ રૂપ પૂરતો, આકાર પૂરતો જ હોય છે; એ રૂપમાં થતું દર્શન તો ગુપ્ત રહેલી પ્રભુતાનું દર્શન હોય છે, એમાં પ્રગટ થતી જીવનશકિત પણ સર્વશકિતમાનની શકિત હોય છે. એ દિવ્ય શકિત પોતે ધારણ કરેલા માનવસ્વભાવની મુદ્રાની આકૃતિ તોડીને એમાંથી બહાર દેખાય છે; એમાં જે ઇંગિત રહેલું હોય છે તે પ્રભુનું, અંદરના આત્માનું ઇંગિત હોય છે, બહારનું કે સ્થૂલ નથી હોતું. એ અંતરનું ચિહ્ન જે કોઈ જોવા માગતો હોય, અથવા તો, જેનામાં જોવાની શકિત હોય તેનાથી સ્પષ્ટપણે જોઈ શકાય એવું પ્રગટ અને સ્પષ્ટ હોય છે. પણ આસુરી પ્રકૃતિ આવાં દિવ્ય તત્ત્વો પ્રત્યે હમેશાં અંધ જ હોય છે, એ તો શરીરને જ જુએ છે, આત્માને જોતી નથી, બાહ્યને જુએ છે, અંતરને જોતી નથી, વેશને જુએ છે પણ વેશ ધારણ કરનારને તે જોતી નથી. સામાન્ય માનવજન્મમાં પણ વિશ્વવ્યાપી દિવ્ય તત્ત્વ હોય છે તો ખરું, પણ એમાં એની પ્રાકૃતિક બાજુ જે માનવતા ધારણ કરે છે તે આગળપડતી હોય છે. અવતારમાં દિવ્યતાની બાજુ, આગળપડતી હોય છે. માનવજન્મમાં પ્રભુ પોતાના આંશિક ભાવને માનવપ્રકૃતિને વશ થવા દે છે, પ્રકૃતિનું એના પર ચલણ થવા દે છે. અવતારમાં એ આંશિક ભાવને પ્રભુ પોતાના હાથમાં લે છે, એ આંશિક ભાવની પ્રકૃતિને પણ પોતે ધારણ કરે છે અને પોતાની સમગ્ર દિવ્યતા વડે એના પર શાસન કરે છે. આ કાર્ય અવતાર કરે છે તે સામાન્ય માણસ પેઠે સમુત્ક્રાંતિની ક્રિયામાં પસાર થઈને યા તો નીચેની પ્રકૃતિમાંથી ઊર્ધ્વમાં આરોહણ સિદ્ધ કરીને નહિ, ટૂંકામાં, માનવતામાંથી દિવ્યતામાં વિકાસ પામીને નહિ, પરંતુ માનવતાના સત્ત્વમાં ઊર્ધ્વતામાંથી પોતે

સીધેસીધું અવતરણ કરીને અને એની પ્રકૃતિના ઢાળને પોતાના હાથમાં લઈને પ્રભુ એ કર્મ સાધે છે.

પ્રભુનો અવતાર થાય છે, અથવા તો પ્રભુ અવતરવાનું સ્વીકારે છે તે માનવના ઊર્ધ્વમાં આરોહણને, ઊર્ધ્વ ભૂમિકામાં થનારી એની સમુત્ક્રાંતિને સહાય કરવા માટે હોય છે એ વસ્તુ ગીતા સ્પષ્ટ કરે છે. આપણે એમ કહી શકીએ કે માનવના જીવનમાં પ્રભુનો આવિર્ભાવ કરવાની જે શક્યતા રહેલી છે તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આપવા માટે અવતાર થાય છે. એવા દૃષ્ટાંત વડે પ્રભુનો દિવ્ય આવિર્ભાવ એ શી વસ્તુ છે, કેવો હોઈ શકે તે માણસ જોઈ શકે છે અને પ્રભુતામાં પોતાનો વિકાસ કરવાની હિમત પ્રાપ્ત કરે છે. વળી અવતારના પ્રાકટયની અસરને, એના પ્રભાવને, પાર્થિવ પ્રકૃતિમાં એનાં આંદોલનોને જાગ્રત રાખવાનું તથા અહીં પૃથ્વી પર આવિર્ભાવ પામતા માનવ-આત્માની ઊર્ધ્વ ગતિ પર અધિષ્ઠાન કરવાનું, એ ગતિનું શાસન કરવાનું કાર્ય પણ અવતાર કરે છે. દિવ્ય માનવતાનું બનેલું આધ્યાત્મિક બીબું માનવને આપવા માટે અવતાર આવે છે. એવા બીબામાં પ્રભુની શોધ કરવા મથતો માનવનો આત્મા પોતાની જાતને ઢાળી શકે છે. અવતાર આવે છે તે એક ધર્મ આપવા માટે, કેવળ સ્વીકૃત મતની સ્થાપના કરવા માટે નહીં. ધર્મ એટલે અંતરના અને બહારના જીવનનો એક નિયમ, એક માર્ગ, જેમાં માનવ પોતાની જાતને ઢાળીને પ્રભુતા પ્રત્યે વિકાસ પામી શકે. વળી એ પણ સાચું છે કે માનવની પ્રભુતા પ્રત્યે ઊર્ધ્વ ગતિનું કાર્ય — જેમાં સહાય કરવી એ અવતારનું એક પ્રયોજન છે, — તે એક એકલી અટૂલી ક્રિયા નથી. પરંતુ પ્રભુની સઘળી પાર્થિવતામાં થતી પ્રવૃત્તિઓની પેઠે એ ઊર્ધ્વ ગતિ પણ સમષ્ટિનું કાર્ય છે, સમગ્ર માનવજાતિએ કરવાનું એક કાર્ય છે, અને તેનું એકમાત્ર કાર્ય છે. એટલે કે માનવજાતિની એ યાત્રાને સહાય કરવી, એની યાત્રામાં આવતી મુશ્કેલીઓના પ્રસંગોમાં તેને એકત્ર, સંગ્રહમાં રાખવી, તેને સંઘરૂપે ટકાવી રાખવી, નીચેના અધોગામી દિશાના ગુરુત્વાકર્ષણનાં બળો માનવજાતિમાં જ્યારે અતિ દુરાગ્રહી બને ત્યારે તેમને તોડવાં, માનવપ્રકૃતિમાં પ્રભુ પ્રત્યે આરોહણ કરવાના મહાધર્મને ટકાવી રાખવો, થા તો ફરીને સ્થાપન કરવો, અને ગમે તેટલું દૂર ભલે હોય, તોપણ આ પૃથ્વી ઉપર પ્રભુનું સામ્રાજ્ય આવે તેને માટે તૈયારી કરવી, એ અવતારનું કાર્ય છે. વળી જ્ઞાનજ્યોત, પૂર્ણતા વગેરેના શોધકો—साधूनाम्—ના વિજય માટે તૈયારી કરવી, પાપ અને અંધકારનું ચલણ ચાલુ રાખવાને જેઓ યુદ્ધ કરવા તત્પર હોય તેમનો પરાજય કરવો એ અવતારનું કામ છે. અવતારનાં આ બધાં કર્મો સ્વીકારાયલાં છે; અને સાધારણ રીતે

એનાં એવાં બાહ્ય કાર્ય ઉપરથી જ સામાન્ય માણસો — માનવસમુદાયો, અવતારને બીજા માણસોથી છૂટો પાડતા હોય છે, અને એવા કાર્ય માટે તેઓ એની ભક્તિ કરવાને, એને પૂજવાને તત્પર થાય છે. આધ્યાત્મિક જીવનવાળા માણસો હોય છે તેઓ જ અવતારને એક પ્રતીક તરીકે જુએ છે. તેઓ જાણે છે કે અવતાર રૂપી માનવ-પ્રતીકમાં સનાતન અંતરતમ પ્રભુ જ માનુષી માનસિકતાના અને શારીરિકતાના ક્ષેત્રમાં પોતાની જાતને પ્રગટ કરી રહ્યો છે. અને તે એટલા માટે કે માનવો તેની સાથેની પોતાની એકતામાં વૃદ્ધિ પામે, વિકાસ પામે, અને એના વડે આવિષ્ટ થાય. ક્રાઈસ્ટ, કૃષ્ણ, બુદ્ધના બાહ્ય માનવતા રૂપે થયેલા અવતારની પાછળ એ ઘટનાની અંતરમાં, એ સત્ય રહેલું છે કે આપણી પોતાની અંતરની માનવતામાં પણ એ જ અવતારનો આવિર્ભાવ થવો જોઈએ. જે વસ્તુ, પૃથ્વી ઉપરના ક્રાઈસ્ટ, કૃષ્ણ, બુદ્ધની ચેતનાના બાહ્ય માનવજીવનમાં અવતારરૂપે પ્રગટ થયેલી છે તે સર્વ માનવોના અંતરમાં ફરીને પ્રગટ થઈ શકે છે, કરી શકાય છે.

આગળ આપણે અવતારનું પ્રયોજન તો જોઈ ગયા પણ અવતાર કઈ પદ્ધતિનો આશ્રય લઈને થાય છે તે આપણે જોવાનું રહે છે. અવતાર પ્રત્યે બુદ્ધિપ્રધાન તાર્કિક દૃષ્ટિબિંદુ હોઈ શકે છે, અથવા તો અવતારનું મૂલ્ય ઓછામાં ઓછું આંકે એવું પણ હોઈ શકે છે. એવા લોકો અવતારમાં નીતિનો, બુદ્ધિનો કે કર્મનો, સામાન્ય માનવતાને ટપી જાય એવો દિવ્ય ગુણોનો અસાધારણ ઉત્કર્ષ માત્ર જુએ છે. એમના એ વિચારમાં કાંઈક સત્ય જરૂર રહેલું છે. અવતાર પોતે અવતાર હોવા ઉપરાંત વિભૂતિ પણ હોય છે. આ ગીતાના ઉદાહરણમાં શ્રીકૃષ્ણ છે તે માનવદેહમાં રહેલી પોતાની આંતર ચેતનામાં ઈશ્વર છે, અવતાર છે, એ જ શ્રીકૃષ્ણ એમના બાહ્ય જીવનમાં પોતાના યુગના નેતા છે, યાદવોના વૃષ્ણી કુળના મહાજન પણ છે. એમનું આ વિભૂતિપણું પ્રકૃતિના દૃષ્ટિબિંદુથી હોય છે, નહિ કે પુરુષના. પોતાની પ્રકૃતિમાં રહેલ અનંત ગુણો દ્વારા પ્રભુ પોતાની જાતને પ્રગટ કરે છે, અને એ ગુણોની કેટલી શક્તિ, સફળતા અને સિદ્ધિ તે પ્રગટ કરે છે તે ઉપરથી પ્રભુના એ પ્રાકટયનું પ્રમાણ જાણી શકાય છે. પ્રભુની વિભૂતિની તટસ્થ અને નિર્વૈયક્તિક બાજુ જોઈશું તો પ્રભુના ગુણોની વ્યક્ત થયેલી શક્તિ રૂપે, પ્રકૃતિમાં જ્ઞાન, શક્તિ, પ્રેમ, બળ ઇત્યાદિ ગુણ રૂપે વહેતો દિવ્યતાનો તે પ્રવાહ જણાય છે. વ્યક્તિ રૂપે જોતાં વિભૂતિ એટલે જેની અંદર એ ગુણનો ઉત્કર્ષ વ્યક્ત થાય છે અને પોતાનું કાર્ય સિદ્ધ કરે છે તે સચેતન માનસિક અને શારીરિક દેહવાળો માણસ હોય છે. આ પ્રમાણે બહારની અને અંતરની સિદ્ધિમાં મહાન ઉત્કર્ષ, અદ્‌ભુત શક્તિ ધારણ કરવી, અને એનાથી વધારે તો, દિવ્ય ગુણ કે ગુણોની શક્તિનો

પ્રકાશ યાને એક પ્રકારનું ઐશ્વર્ય, એ વિભૂતિની અચૂક નિશાની હોય છે. માનવ રૂપે વિભૂતિ એટલે વીર નેતા, — કાર્લાઈલના અર્થમાં, એટલે કે માનવમાં પ્રગટતી પ્રભુની શક્તિના અર્થમાં વીર હોય છે,— દિવ્ય સિદ્ધિ પ્રત્યે આરોહણ કરવાના સમગ્ર જાતિના પ્રયત્નમાં એ નેતા હોય છે. ગીતામાં ભગવાન કહે છે: 'યાદવોના વૃષ્ણી કુળમાં હું વાસુદેવ છું, અને પાંડવોમાં હું અર્જુન રૂપે છું, મુનિઓમાં હું વ્યાસ છું, કવિઓમાં બૃહસ્પતિ છું.' (૧૦.૩૭) વિભૂતિ પ્રત્યેક જાતિને મોખરે, પ્રત્યેક વર્ગમાં પ્રથમ હોય છે. જે વિશિષ્ટ ગુણ અને કર્મ, જે આધ્યાત્મિક શક્તિ આવિર્ભાવને પામે છે તેનો સૌથી સમર્થ પ્રતિનિધિ વિભૂતિ હોય છે. આ પ્રમાણે પ્રકૃતિમાં પ્રગટ થતા ગુણોની શક્તિમાં વધારો, એમનો ઉત્કર્ષ, અને અસાધારણતા આવે એ દિવ્યતાના આવિર્ભાવ પ્રત્યે જે ક્રમેક્રમે પ્રગતિ થાય છે તેમાં એક ઘણું જ આવશ્યક પગલું છે. સામાન્ય માનવતાની ભૂમિકાથી ઊંચે ચડનાર પ્રત્યેક મહાપુરુષ પોતાના એ આરોહણ વડે જ સામાન્ય માનવતાને ઊંચી લઈ જાય છે. આપણામાં દિવ્ય શક્યતાઓ રહેલી છે તેનું એવા લોકો જીવંત પ્રમાણ છે, પ્રભુના વચનરૂપ છે, પ્રભુની દિવ્ય જ્યોતિનો પ્રકાશ અને એની દિવ્ય શક્તિનો શ્વાસ છે.

પ્રતિભાશાળી પુરુષોને અને શક્તિશાળી વીર પુરુષોને દેવ તરીકે પૂજવાની માનવમાં જે સ્વાભાવિક વૃત્તિ હોય છે તેની પાછળ ઉપર બતાવ્યું તે સત્ય રહેલું છે. મહાન સંતો, આચાર્યો, ધર્મસંસ્થાપકો વગેરેમાં અંશાવતાર જોવાની હિંદુ માનસની વૃત્તિમાં પણ એ સત્ય સ્પષ્ટપણે બહાર આવે છે. અથવા તો, દક્ષિણ હિંદના વૈષ્ણવોમાં એવી માન્યતા છે કે એમના કેટલાક સંતો વિષ્ણુનાં હથિયારોના — શંખ, ચક્ર વગેરેના — અવતાર હતા એમાં પણ આપણને એ જ સત્ય બતાવ્યું છે. ખરું જોતાં, બધા જ મહાપુરુષો માનવજાતિની ઊર્ધ્વ પ્રત્યેની યાત્રામાં અને યુદ્ધમાં પ્રભુનાં હથિયારો જ હોય છે. વિભૂતિ અને અવતારનું આ તત્ત્વ જીવનના કોઈ પણ મર્મવાદી કે આધ્યાત્મિક દર્શનમાં પોતાનામાં અધ્યાહાર અને અનિવાર્યપણે રહેલું હોય છે જ. ખાસ કરીને પ્રભુનું દિવ્ય અસ્તિત્વ અને એની દિવ્ય પ્રકૃતિ એ બેની વચ્ચે, અને આપણી માનવસત્-તા અને માનવપ્રકૃતિ વચ્ચે ન વટાવી શકાય એવી વાડ કે ભીંત જે તત્ત્વદૃષ્ટિ ઊભી કરતી નથી તેમાં તો એ તત્ત્વ અનિવાર્યપણે ફલિત થાય છે. પણ છતાં આપણે સમજવું જોઈએ કે વિભૂતિ અને અવતાર એક નથી. એમ હોય તો અર્જુન, વ્યાસ, બૃહસ્પતિ વગેરે પણ શ્રીકૃષ્ણ પેઠે જ અવતાર ગણાય,— ભલે, પછી એમને અવતારની ઊતરતી પંક્તિના — અંશાવતાર ગણવામાં આવે. પરંતુ દૈવી ગુણોનું પ્રાકટય અવતારત્વ માટે પૂરતું નથી. અવતાર માટે પ્રભુની ચેતના, પોતે પ્રભુ છે એવી સંજ્ઞા હોવી જોઈએ અને એ દિવ્ય ચેતના

પોતાની સન્નિધિને લઈને માનવપ્રકૃતિનું શાસન કરે એ આવશ્યક છે દિવ્ય ગુણોના પ્રકાશમાં વધારો થવો, ગુણોની માત્રામાં વૃદ્ધિ કે વિકાસ થવો એ ભૂતગ્રામનો ભોગ છે, આવિર્ભાવ પામતા જગતનું એક અંગ છે. સામાન્ય માનવતાના આવિર્ભાવમાં ઊર્ધ્વ ચેતનાની ભૂમિકા પ્રત્યે આરોહણ કરવા માટે એવો દિવ્ય ગુણોનો ઉત્કર્ષ આવશ્યક છે, ખરું જોતાં એનો પ્રકાશ એવા આરોહણનું જ એક અંગ છે. પરંતુ અવતારમાં તો પ્રભુનો વિશિષ્ટ પ્રકારનો આવિર્ભાવ હોય છે. અવતારનો જન્મ પ્રભુનું ઊર્ધ્વમાંથી અવતરણ થવાને પરિણામે થાય છે, એનામાં પોતે સનાતન-અને વિશ્વવ્યાપી પ્રભુ છે અને પોતે વ્યક્તિરૂપ માનવતામાં અવતરણ કર્યું છે એવી, 'आत्मानं सृजामि—મારા પોતાના આત્માનું સર્જન કરું છું' એવી અનુભૂતિ હોય છે. અને એ પોતાના પ્રભુત્વની ચેતના પ્રકૃતિના પડદા પાછળ નહિ પરંતુ પોતાની બાહ્ય પ્રકૃતિમાં પણ હોય છે.

અવતાર વિષે એક વચલી કક્ષાનો વિચાર પણ રહેલો છે, એ વિચાર મર્મજ્ઞાની યા રહસ્યવાદી દૃષ્ટિબિંદુ ઉપર પ્રતિષ્ઠિત હોઈ એમાં એમ મનાય છે કે માનવ આત્મા પોતાની અંદર પ્રભુને અવતરણ કરવાને આહ્વાન કરે છે, સાદ કરે છે, અને કાં તો પ્રભુની ચેતના એવા આહ્વાનને પરિણામે એનામાં અવતરીને એનાં કરણોને આવિષ્ટ કરે છે, પોતાના કબજામાં લે છે, અથવા તો, માનવચેતના પોતે પ્રભુની ચેતનાનું સફળ પ્રતિબિંબ બની જાય છે. અથવા તો, એમ બને છે કે માનવચેતના પ્રભુની ચેતનાનું વાહન, પ્રવાહ-માર્ગ બની જાય છે. આ પ્રકારના અવતારનો વિચાર અમુક આધ્યાત્મિક અનુભવમાં રહેલા સત્યના ઉપર પ્રતિષ્ઠિત છે. માનવમાં જે દિવ્ય જન્મ થાય છે એટલે કે માનવનું દિવ્યતામાં જે આરોહણ થાય છે તે ખરું જોતાં માનવચેતનાની પ્રભુની ચેતનામાં વિકાસ પામવાની ક્રિયા છે. અને એ ક્રિયા જ્યારે પરાકાષ્ઠાને પ્રાપ્ત થાય છે ત્યારે માનવનું જુદાપણું પ્રભુભાવમાં લય પામી જાય છે, માનવનો આત્મા પોતાનું વ્યક્તિત્વ એક, અનંત અને વૈશ્વિક ચેતનામાં લીન થઈ ગયેલું અનુભવે છે,— તે બ્રહ્મ સાથે અદ્વૈત પ્રાપ્ત કરે છે, પ્રભુમાં ભળી જાય છે. અથવા તો, એ જ વસ્તુને વધારે નિરપેક્ષપણે રજૂ કરીએ તો એમ કહી શકાય કે માનવ આત્મસ્વરૂપ થઈ જાય છે, બ્રહ્મરૂપ કે પ્રભુરૂપ બની જાય છે. ગીતા પોતે, જેનો આત્મા એવા બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે, તેને 'બ્રહ્મભૂત' કહે છે. એ પ્રમાણે બ્રહ્મભૂત થયેલ આત્મા પુરુષોત્તમમાં, શ્રીકૃષ્ણમાં પોતાની ચેતનાનો લય સાધી શકે છે, તેની ચેતનામાં પોતે નિવાસ કરી શકે છે. પણ આપણે ધ્યાનમાં રાખવાનું છે કે ગીતા માનવનો આત્મા ઈશ્વર કે પુરુષોત્તમ બન્યો છે એમ કહેતી નથી. અલબત્ત, ગીતા એમ કહે છે કે જીવ પોતે હમેશાં ઈશ્વર જ છે, ઈશ્વરનો મમૈવાંશ — 'પોતાનો જ અંશ છે.' (૧૫.૭) આ પ્રકારનું

સૌથી ઉત્કૃષ્ટ અદ્વૈત, પ્રભુ સાથેની સંપૂર્ણ એકતા એ પણ માનવ-આત્માના આરોહણનો જ એક ભાગ છે, એના આરોહણની ક્રિયાનું જ એક અંગ છે. પ્રત્યેક જીવ એ પ્રમાણે આરોહણ કરીને દિવ્ય જન્મ પ્રાપ્ત કરે છે એ સાચું છે પરંતું એ કાંઈ પ્રભુનું અવતરણ, પ્રભુનો અવતાર ન કહેવાય. વધારેમાં વધારે એને બૌદ્ધોની પેઠે બુદ્ધત્વની પ્રાપ્તિ કહી શકાય. માનવનો આત્મા અત્યારના પોતાના દુન્યવી વ્યક્તિત્વમાંથી અનંત પરચેતનામાં 'પ્રબુદ્ધ' બને છે, જાગ્રત થાય છે. પણ એવા પ્રબોધ સાથે અવતારની દિવ્ય ચેતના, કે અવતારમાં હોય છે તેવું વિશિષ્ટ પ્રકારનું કાર્ય બની આવે એવું આવશ્યક નથી.

તો, બીજી બાજુ એમ પણ બને કે માનવનો આત્મા પ્રભુમાં આરોહણ કરીને એની ચેતનામાં દિવ્ય જન્મ પામે,— એની દિવ્ય ચેતનામાં પ્રવેશ કરે, તેની સાથે પ્રતિબિંબિત ક્રિયા તરીકે પ્રભુ માનવનાં કરણોમાં પ્રવેશ કરે, અથવા તો પડદા પાછળથી બહાર આવે અને પ્રગટ થાય. આમ થતાં પ્રભુની ચેતના માનવની પ્રકૃતિમાં, એનાં કર્મોમાં, માનસમાં અને શારીરિકતામાં રેલાય. આવી ઘટનાને આંશિક અવતાર ગણી શકાય. "સર્વ પ્રાણીનાં હૃદયમાં પ્રભુ બિરાજે છે" (ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે તિષ્ઠતિ।) એમ ગીતા કહે છે એનો અર્થ એ છે કે પ્રભુ પ્રાણીના સૂક્ષ્મ દેહના હૃદયમાં બિરાજે છે. એ હૃદયનું કેન્દ્ર એટલે આપણા ભાવો, ઇન્દ્રિયોના સંસ્કારનું જ્ઞાન, માનસિક ચેતના, એ સઘળું જે સૂક્ષ્મ ગ્રંથિમાં,— જે એક ચક્રમાં,— ભેગાં મળે છે, જ્યાં વ્યક્તિનો પુરુષ પણ ઊભો હોય છે તે કેન્દ્ર છે. પણ હૃદયના એ કેન્દ્રમાં પ્રભુ પડદા પાછળ હોય છે, એની પોતાની માયાથી ઢંકાયલા હોય છે. પણ ચેતનાની ઊર્ધ્વ ભૂમિકામાં, એટલે કે જે ભૂમિકા અત્યારે પણ આપણી અંદર જ રહેલી છે પરંતુ આપણે માટે પરચેતના છે — જેને પ્રાચીન યોગીઓ 'સ્વર્ગ' કહેતા હતા — ત્યાં ઈશ્વર અને જીવ એકબીજાને પ્રત્યક્ષ, અને એક જ અસલ દિવ્ય તત્ત્વના બનેલા પોતાને જુએ છે. કેટલાક ધર્મના પ્રતીક પ્રમાણે તેઓ પિતા અને પુત્ર રૂપે પોતાને જુએ છે. ઈશ્વરની દિવ્ય સત્-તા અને જેમાંથી દિવ્ય માનવ જન્મ ધારણ કરે છે તે પ્રભુની દિવ્ય પ્રકૃતિ છે, જેને 'કુમારી માતા' પણ કહેવામાં આવે છે. એ પરા પ્રકૃતિમાંથી નીચેની અથવા તો, માનવ-પ્રકૃતિમાં તે જન્મે છે. ખ્રિસ્તી ધર્મમાં અવતારતત્ત્વના અંતરમાં રહેલો ગૂઢ એ સિદ્ધાંત લાગે છે.* એમાં પિતા, પુત્ર અને પવિત્ર આત્માની બનેલી

---

* બૌદ્ધ ધર્મની કથાઓમાં બુદ્ધની માતાનું નામ (માયાદેવી) એના પ્રતીકસ્વરૂપને સ્પષ્ટ કરી આપે છે. ખ્રિસ્તી ધર્મમાં એ જ પ્રતીકને પુરાણ કવિતા રૂપમાં નઝારેથના જીસસની માતા મેરીને લાગુ કરવામાં આવ્યું છે.

ત્રિપુટીનો સ્વીકાર છે. તેમાં જે પિતા છે તે અંતરના ઊર્ધ્વ સ્વર્ગમાં રહે છે; પુત્ર એટલે કે પરા પ્રકૃતિ પોતે, જે જીવનરૂપ બને છે; અને મર્ત્ય શરીરમાં તે જ દિવ્ય માનવ તરીકે આ પૃથ્વી ઉપર અવતરે છે. પવિત્ર આત્મા તે શુદ્ધ આત્મતત્ત્વ, શુદ્ધ બ્રહ્મચેતના છે, જે એ બન્નેને અદ્વૈતમાં જોડે છે અને જેના વડે એ બન્ને પરસ્પર વ્યવહાર કરે છે તે માધ્યમ પણ એ શુદ્ધ બ્રહ્મતત્ત્વ છે. એ પવિત્ર આત્માએ જીસસના ઉપર અવતરણ કર્યું હતું એવું વર્ણન છે અને એ અવતરણ જ અન્ય ખ્રિસ્ત સંતોની સરળ માનવતામાં ઊર્ધ્વ ચેતનાની શક્તિઓનો — દિવ્ય સિદ્ધિઓનો પ્રકાશ કરે છે, અવતરણ કરાવે છે.

પરંતુ પુરુષોત્તમની ઉચ્ચતર દિવ્ય ચેતના માનવતામાં પોતે જ અવતરણ કરે એ પણ સંભવિત છે અને જીવની પોતાની ચેતના એ પુરુષોત્તમમાં લય પામી જાય એમ પણ બને. ગૌરાંગ ચૈતન્યના સમકાલીન લોકોના કહેવા પ્રમાણે એ રીતની અનુભૂતિ ચૈતન્યદેવને થતી હતી. સામાન્ય માનવચેતનામાં ગૌરાંગ રહેતા ત્યારે પ્રભુના ભક્તના અને ગોપીના ભાવમાં રહેતા અને પોતાને દેવ તરીકે પૂજવાના પ્રત્યેક પ્રયત્નનો ઇનકાર કરતા હતા. તે જ ચૈતન્યમાં જ્યારે શ્રીકૃષ્ણનો ભાવાવેશ થતો ત્યારે અસાધારણ સ્થિતિમાં જતા રહેતા અને પોતે જ શ્રીકૃષ્ણ રૂપે વર્તન કરતા. શ્રીકૃષ્ણ બની જતા, એ પ્રમાણે બોલતા અને ચાલતા. અને એ પ્રસંગોમાં પ્રભુની સન્નિધિની જ્યોતિનો અંબાર, પ્રેમનો ઓઘ અને શક્તિ એમનામાં પ્રગટતાં. હવે એવી અવસ્થા સામાન્ય બની શકે, એટલે કે માનવ રૂપી પાત્ર થાને કરણ આખો વખત એ દિવ્ય ચેતનાની સન્નિધિને ધારણ કરી શકે એમ આપણે સ્વીકારીએ તો અવતારનો આ વચલા પ્રકારનો વિચાર પ્રત્યક્ષ થયો ગણાય. આવો અવતારનો સ્વીકાર આપણને સહેલાઈથી શક્ય લાગે છે, કારણ કે એમાં માનવ પોતાની પ્રકૃતિને ઊર્ધ્વમાં આરોહણ કરાવે છે, પ્રભુની સાથે પોતે એકતા પ્રાપ્ત કરે છે. ત્યાર પછી પોતે પ્રભુની ચેતના, જ્યોતિ, શક્તિ, પ્રેમ વગેરેની એક વાહિની જેવો બની રહે છે, તે એક માધ્યમ રૂપ થાય છે. એ સ્થિતિમાં એની પોતાની સંકલ્પશક્તિ, એની વ્યક્તિતા વગેરે જુદાં રહેતાં નથી પરંતુ પ્રભુમાં જ લય પામી જાય છે. આ વસ્તુ આપણે શક્ય તરીકે સ્વીકારીએ તો પછી માનવની ચેતના પ્રભુની ચેતનાના પ્રતિબિંબ જેવી રહે, પ્રભુનાં સંકલ્પ, શક્તિ, પ્રેમ, જ્યોતિ, ચેતના વગેરે એવા માનવના સમગ્ર વ્યક્તિત્વને વ્યાપીને આવેશપૂર્વક એમાં નિવાસ કરે એમાં અશક્ય જેવું કાંઈ જ નથી. અને આપણે યાદ રાખવાનું છે કે આવી અનુભૂતિમાં માનવનું પ્રભુમાં કે તેની દિવ્ય પ્રકૃતિમાં, આરોહણ થાય છે એવું નથી, પરંતુ પ્રભુ પોતાની પ્રકૃતિ સહિત માનવમાં

અવતરણ કરે છે. આ કારણથી એવી ઘટનાને પણ 'અવતાર' ગણી શકાય.

ઉપર જણાવેલા અવતારના વિચારથી ગીતા ઘણી આગળ જાય છે. પુરુષોત્તમ એટલે પરાત્પર પ્રભુ પોતે જન્મ ધારણ કરે છે એવું સ્પષ્ટ વિધાન ગીતા કરે છે. ભૂતકાળમાં પોતાના 'બહુ જન્મો' એટલે કે અવતારો થઈ ગયાની વાત શ્રીકૃષ્ણ કહે છે, અને ત્યાં અવતારના દિવ્ય આવેશને કે એની સન્નિધિને પોતાની અંદર ધારણ કરનાર માનવ વિષે નહિ પણ પ્રભુના અવતાર વિષે પોતે વિધાન કરે છે, એટલું તો શ્રીકૃષ્ણ પોતાની આ સંબંધમાં વાપરેલી ભાષા વડે સ્પષ્ટ કરી આપે છે. કારણ કે શ્રીકૃષ્ણ પોતે ઈશ્વર હોય એ પ્રકારે જ ભાષાનો પ્રયોગ કરે છે. એટલે કે જગતને ઉત્પન્ન કરનાર પ્રભુને પોતે કરેલી સૃષ્ટિનું વર્ણન કરવું હોય અને જેવી ભાષાનો પ્રયોગ કરે તેવો જ પ્રયોગ શ્રીકૃષ્ણ કરે છે. 'હું અજન્મા છું, સર્વ ભૂતોનો હું મહેશ્વર છું તોપણ હું મારી જાતને મારી માયા વડે જન્મમાં વહેતી મૂકું છું. આ કર્મ મારી પ્રકૃતિનું અધિષ્ઠાન કરીને હું સાધું છું.' અહીં ઈશ્વરનો અને જીવનો, પિતાનો અને પુત્રનો, કે દિવ્ય માનવનો પ્રશ્ન જ નથી. અહીં તો ઈશ્વર અને એની દિવ્ય પ્રકૃતિનો, પરા પ્રકૃતિનો જ પ્રશ્ન છે, પોતાની દિવ્ય પ્રકૃતિનો આશ્રય લઈને માનવયોનિમાં, માનવદેહમાં પ્રભુ અવતરે છે, અને એ ક્રિયા કરતાં માનવની અંદર પોતાની દિવ્ય ચેતના લઈ આવે છે અને પોતાની દિવ્ય શક્તિ પ્રગટ કરે છે. અલબત્ત, પ્રભુની દિવ્ય પ્રકૃતિ, એની પરાપ્રકૃતિ માનવરૂપમાં, અને માનવતાના બીબામાં કાર્ય કરવાને અનુમતિ આપે છે અને એ પ્રકૃતિના દેહમાં થતા કાર્યનું, અંદર ગૂઢ રહેલા અને ઊર્ધ્વમાં એનાથી ઉપર ઊભેલા પુરુષ તરીકે પ્રભુ પોતે શાસન કરે છે. ઊર્ધ્વ ભૂમિકામાં તો પ્રભુ હમેશાં પ્રકૃતિનું — માનવપ્રકૃતિ સહિત – શાસન કરતો જ હોય છે, પણ તે હમેશાં ગુપ્ત રીતે કરે છે. અહીં અવતારની બાબતમાં ફેર એટલો હોય છે કે અહીં પ્રભુ પોતે પ્રગટ હોય છે અને પ્રકૃતિ પણ પોતાનામાં પ્રભુની સન્નિધિ છે તે વિષે સચેતન હોય છે. એટલે કે પ્રકૃતિને પ્રભુ તેની અંદર નિવાસ કરનાર તરીકે, કે તેનાથી ઊર્ધ્વ ભૂમિકામાં રહેલી દિવ્ય સંકલ્પશક્તિ તરીકે, કે સ્વર્ગમાં રહેતા પિતાના સંકલ્પ રૂપે નહિ, પણ અહીં સ્થૂલ પ્રકૃતિમાં પોતાની પ્રત્યક્ષ, સીધેસીધી સંકલ્પશક્તિ વડે ચાલિત કરે છે. આવા અવતારની ઘટનામાં માનવ-માધ્યમની યા ને કરણની જરૂર રહેતી નથી, તેને માટે સ્થાન પણ રહેતું નથી. કારણ કે એવા અવતારની બાબતમાં 'प्रकृतिं स्वाम् — પોતાની (દિવ્ય) પ્રકૃતિનો' આશ્રય લઈને — જીવની વિશિષ્ટ પ્રકૃતિનો નહિ, — પ્રભુ પોતે, 'સર્વ ભૂતોનો મહેશ્વર' માનવજન્મ ધારણ કરે છે.

ઉપર જે સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો તે ભારે છે; માનવબુદ્ધિને એનો

સ્વીકાર કરવો મુશ્કેલ પડે તેવો છે. અને એનું કારણ દેખીતું છે. અવતારની માનવતા પ્રત્યક્ષ અને સુસ્પષ્ટ હોય છે. અવતારની ઘટના હમેશાં માનવતા અને પ્રભુતાની બનેલી એક ભેવડી — બે દળવાળી ક્રિયા છે. અવતારમાં પ્રભુ માનવ-પ્રકૃતિનો તેની સર્વ મર્યાદાઓ અને તેનાં બંધનો સહિત સ્વીકાર કરે છે અને એ બધાંનો પોતાની દિવ્ય ચેતના અને શક્તિને પ્રગટ કરવાની પરિસ્થિતિ તરીકે ઉપયોગ કરે છે, તેમને પોતાની દિવ્યતાના પ્રાકટયનાં કરણો અને સાધનો બનાવી લે છે, દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને ધારણ કરનાર એક પાત્ર, અનેક આધાર બનાવે છે. અને એ પ્રમાણે થાય એ જ યોગ્ય પણ લાગે છે. કારણ કે, એ પ્રમાણે ન કરે તો અવતારના અવતરણનું લક્ષ્ય સિદ્ધ થાય જ નહિ, થઈ શકે નહિ. અવતારનું લક્ષ્ય તો એ છે કે એની સઘળી મર્યાદાઓ છતાં માનવજન્મ દિવ્ય જન્મ અને દિવ્ય કર્મના પ્રાકટય માટેનું સાધન બની શકે તેમ છે એમ બતાવી આપવું. અવતારનું ચોક્કસ લક્ષ્ય જ એ હોય છે કે માનવની ચેતનાનો પ્રકાર આવિર્ભાવ પામેલા દિવ્ય તત્ત્વ સાથે સુમેળમાં રહી શકે એવો છે એ સિદ્ધ કરી બતાવવું. અર્થાત્, માનવતા દિવ્યતાને, પ્રભુતામાં ધારણ કરનારું પાત્ર બની શકે તેમ છે, એના બીબામાં ફેરફાર કરીને તથા એનામાં રહેલી જ્ઞાનની, પ્રેમની, સંકલ્પની તથા શુદ્ધિની શક્તિઓનો ઉત્કર્ષ સાધીને માનવને પ્રભુનું સાધર્મ્ય પ્રાપ્ત કરાવી શકાય તેમ છે. આ સઘળું કાર્ય કેવી રીતે પાર પાડવું તે બતાવી આપવું, એનું માર્ગદર્શન કરવું એ પણ અવતારનું એક લક્ષ્ય હોય છે. જો એ કાર્ય કરવા માટે અવતાર સંપૂર્ણપણે ચમત્કારોનો આશ્રય લઈને કેવળ અસ્વાભાવિકતાપૂર્વક વર્તે તો ઉપર જણાવેલો એનો ઉદ્દેશ કદી સિદ્ધ થઈ શકે જ નહીં. અસાધારણતા યાને કેવળ ચમત્કારો કરવાવાળો અવતાર થાય તો તે એક અર્થ વગરની જ ઘટના બની રહે — એક અર્થ વગરની અસંગતિ જ બની રહે. એનો અર્થ એવો નથી કરવાનો કે ક્રાઈસ્ટે લોકોના વ્યાધિ મટાડયા હતા એવી ચમત્કારિક સિદ્ધિઓ અવતારના જીવનમાં સંપૂર્ણપણે ગેરહાજર હોવી જોઈએ. કારણ કે એવી અસાધારણ શક્તિઓની એટલે કે સિદ્ધિઓની પ્રાપ્તિ એ પણ માનવપ્રકૃતિની એક શક્યતા છે. પણ એવી સિદ્ધિ અવતારના જીવનમાં ન પણ હોય એવું બને. કોઈ પણ અવતારના જીવનમાં એવી સિદ્ધિઓ અવતારતત્ત્વનું મૂળ કે અતિ ઉપયોગી ભાગ નથી. તેમ અસાધારણ, ચમત્કારિક ઘટનાઓના ફટાકડાઓનાં પ્રદર્શન જેવું જ કોઈ અવતારનું જીવન હોય તો એના વડે એના જીવનનો હેતુ ભાગ્યે જ પાર પડી શકે. અવતાર ચમત્કાર કરનાર એક જાદુગર તરીકે આવતો નથી, પણ માનવજાતિના દિવ્ય નેતા તરીકે આવે છે, દિવ્ય માનવતાના દૃષ્ટાંત તરીકે આવે છે. અવતારે માનવના શોક અને શારીરિક દુઃખનો પણ સ્વીકાર કરવો

પડે છે અને એ તત્ત્વોનો ઉપયોગ કરીને એવા દુઃખને મુક્તિનું સાધન બનાવી શકાય છે, — જેમ ક્રાઈસ્ટે પોતાના જીવનમાં કરી બતાવ્યું હતું — તે બતાવવાનું છે. વળી બીજી એક વસ્તુ પણ એ પ્રકારનાં તત્ત્વોના સ્વીકાર દ્વારા અવતાર બતાવી આપે છે તે એ છે કે માનવની પ્રકૃતિમાં ઊતરીને દિવ્ય આત્માએ એ વસ્તુઓનો સ્વીકાર કરેલો હોવાથી એમનો પરાજય પણ માનવ-પ્રકૃતિની અંદર જ કરી શકાય છે, — એ પ્રકારનું કાર્ય ગૌતમ બુદ્ધે કરી બતાવ્યું હતું. ક્રૉસ ઉપર ચડતા ક્રાઈસ્ટને કોઈ અતિ તર્કવાદી માણસ કહે, "જો તું ઈશ્વરનો પુત્ર હોય તો ક્રૉસ પરથી નીચે આવ"— અથવા તો, જો તે એવી દલીલ કરે કે અવતારમાં દિવ્યતા મુદ્દલે હતી નહીં, કારણ કે જેમ એક ઋષિ પણ મરણ પામે છે તે રીતે શરીરના વ્યાધિથી એનું મરણ થયું હતું; તો એ માણસ પોતે શું કહે છે તે જાણતો નથી, — પોતે કહે છે એનો અર્થ સમજતો નથી, કારણ કે તે આખી વસ્તુનું મૂળ જ ગુમાવે છે, એનું તત્ત્વ એનાથી દૂર જ રહી જાય છે. શોક અને દુઃખ સહન કરનાર અવતાર પણ આવવો જોઈએ, ત્યાર પછી જ દિવ્ય આનંદને પ્રગટ કરનાર અવતાર આવી શકે. અવતાર પોતે માનવની મર્યાદાઓનો સ્વીકાર કરે તે આવશ્યક છે જેથી એમને કેવી રીતે વટાવીને પાર કરી શકાય તે દર્શાવનાર અવતાર આવી શકે. અને એ તત્ત્વોને અવતાર કેટલે અંશે પરાભૂત કરશે તેનો આધાર, તેમને અંતરમાં કે બહાર જીતી બતાવશે એ વસ્તુનો આધાર, પણ માનવજાતિની પ્રગતિની ભૂમિકા ઉપર અવલંબે છે. અમાનુષી ચમત્કાર વડે એ વસ્તુ સિદ્ધ કરવી ન જોઈએ.

હવે જે પ્રશ્ન ઊભો થાય છે તે એ છે કે પ્રભુ માનવમન અને માનવ-શરીર કેવી રીતે ધારણ કરે છે ? કારણ કે એ પ્રશ્નના વિષયમાં આપણી બુદ્ધિ લથડે છે અને પોતાની મર્યાદા ઉપર આવીને ઠોકર પણ ખાય છે. અવતારનાં મન અને શરીર કાંઈ ઓચિંતાં, એકદમ, એકીવખતે ઉત્પન્ન થઈ જાય છે એવું તો ન બની શકે. પરંતુ અમુક પ્રકારનાં સ્થૂળ, સૂક્ષ્મ કે બન્ને પ્રકારના ક્રમવિકાસને પરિણામે જ તે ઉત્પન્ન થઈ શકે. બેશક, અવતારનો જન્મ પણ — અજ્ઞાનની પેલે પારથી થતા માનવ-આત્માના દિવ્ય જન્મ પેઠે જ — એના મૂળમાં જોતાં એક આધ્યાત્મિક સ્વરૂપની ઘટના હોય છે. ગીતા आत्मानं सृजामि —"હું મારી પોતાની જાતને સર્જું છું"— એમ કહે છે તેમાં એ વાત સ્પષ્ટ થાય છે કે, અવતારનો જન્મ આત્માનો જન્મ છે, બ્રહ્મનો જન્મ છે. તો પછી, એ અવતારનાં માનુષી શરીર અને માનુષી મન કેવી રીતે ઉત્પન્ન કરવામાં આવે છે એ પ્રશ્ન છે. જો આપણે એમ ધારીએ કે એવું શરીર પરંપરાગત ઉત્ક્રાંતિ વડે ઉત્પન્ન થાય છે, અને અચેતન પ્રકૃતિ અને એમાં રહેલો પ્રાણપુરુષ જન્મ

લેનાર વ્યક્તિના અંતરાત્માની કાંઈ પણ દખલ કે દરમિયાનગીરી વગર જ હમેશાં શરીરને સર્જે છે તો આ પ્રશ્નનો ઉત્તર આપવો સરળ બને છે. એ પ્રમાણે હોય તો અવતારની બાબતમાં એના શારીરિક અને માનસિક દેહો પરંપરાને પરિણામે દિવ્ય અવતારને માટે લાયક હોય એવાં ઉત્પન્ન થાય છે, અને ઊર્ધ્વમાંથી અવતરણ કરતો દિવ્ય આત્મા — અહીં પ્રભુ પોતે — એ દેહોનો સ્વીકાર કરે છે, એમને સ્વાધીન કરે છે, એનો કાબૂ લે છે. પણ આ વિષયના જે શ્લોકો છે તે જોતાં આપણને જણાય છે કે ગીતા પુનર્જન્મનો સિદ્ધાંત હિંમતપૂર્વક અવતારને પણ લાગુ કરે છે. પુનર્જન્મના સામાન્ય વાદમાં તો એમ માનવામાં આવે છે કે પોતાના ભૂતકાળના આધ્યાત્મિક અને માનસિક વિકાસને પરિણામે જે આત્મા પુનર્જન્મ લે છે તે પોતે જ પોતાના માનસિક અને શારીરિક દેહોનું નિર્માણ કરે છે, અને એક રીતે, પોતે તેમને તૈયાર કરે છે. અર્થાત્, આત્મા પોતાને માટેનું શરીર પોતે તૈયાર કરી લે છે, અને એનાથી અજાણતાં યા ને એને અજાણ રાખીને એને માટેનું શરીર તૈયાર કરવામાં આવે છે એવું હોતું નથી. તો પછી, શું આપણે એમ ધારવું કે એક પ્રકારનો સનાતન યા તો સતત થયા કરતો અવતાર પોતે ઉત્ક્રાંતિની ક્રિયામાં ભાગ લેતો આવે છે ? અને પોતાને યોગ્ય માનસિક અને શારીરિક દેહોને, માનવજાતિની જરૂર તથા પ્રગતિની સ્થિતિ પ્રમાણે ઉત્ક્રાંતિની કુદરતી ક્રિયા મારફત તૈયાર કરી લે છે અને એ રીતે પોતે યુગેયુગે પ્રગટ થાય છે ? આવા જ કોઈક અર્થમાં કેટલાક લોકો વિષ્ણુના દસ અવતારોને ઘટાવતા જણાય છે: શરૂઆતમાં પશુઓના દેહમાં, ત્યાર પછી પશુ-માનવના મિશ્રણવાળા દેહમાં, ત્યાર પછી લઘુ માનવરૂપમાં, વામન તરીકે, ઉગ્ર આસુરી માનવમાં પરશુરામ તરીકે, દિવ્ય પ્રકૃતિવાળા મહાન અવતાર રામચંદ્રમાં, જાગૃત થએલ આધ્યાત્મિક માનવ તરીકે બુદ્ધમાં અને બુદ્ધની પૂર્વે થયેલા, પણ સ્થાનમાં સૌથી શ્રેષ્ઠ પૂર્ણ દિવ્ય માનવ શ્રીકૃષ્ણ — એ પ્રમાણેની શ્રેણીમાં અવતારોને ગોઠવી શકાય છે. શ્રીકૃષ્ણને શ્રેષ્ઠ ગણવાનું કારણ એમ કહેવાય છે કે એમના પછી થનાર છેલ્લો અવતાર કલ્કિ તો શ્રીકૃષ્ણે જે કાર્યનો આરંભ કર્યો છે તેને પૂર્ણાહુતિએ પહોંચાડશે, તથા શ્રીકૃષ્ણની આગળ થઈ ગયેલા અવતારોએ જે મહાન સંઘર્ષની સર્વ શક્યતાઓ તૈયાર કરી હતી તેમને પરિપૂર્ણતાએ પહોંચાડશે, સક્રિય શક્તિ વડે ચરિતાર્થ કરશે. આ વસ્તુ સ્વીકારી લેવી એ આપણા આધુનિક માનસને માટે મુશ્કેલ છે, પણ ગીતાની ભાષા એનો સ્વીકાર કરવાની દૃઢ માગણી આપણી પાસે કરે છે એ પણ સ્પષ્ટ છે. અથવા તો ગીતા પોતે એ કોયડો ખાસ કરીને પોતાના હાથમાં લઈને ઉકેલી આપતી નથી. એટલે આપણે કોઈ બીજે રસ્તે આપણી પોતાની રીતે પણ એનો ઉકેલ લાવી શકીએ.

ઉદાહરણ તરીકે, આપણે એમ માની શકીએ કે અવતારનાં શરીર વગેરે કરણો જીવ તૈયાર કરે છે પણ જન્મ થતાંની સાથે જે અવતાર તેમાં પ્રવેશ કરે છે, અથવા તો, આપણે એમ પણ ધારી શકીએ કે એનાં કરણો ગીતા કહે છે તે ચાર મનુઓમાંનો કોઈ એક તૈયાર કરે છે. એ ચાર આદિ મનુઓ એટલે માનવનાં મન અને શરીરના આધ્યાત્મિક પિતા. આ પ્રકારની સમજૂતીઓ ઊભી કરવા જતાં, આજકાલનું માનસ જેનાથી વિમુખ છે એવા ગૂઢ આધ્યાત્મિક શક્તિઓના ક્ષેત્રમાં બહુ દૂર જવું ફરજિયાત બને છે. પણ એક વાર આપણે અવતારવાદને સ્વીકારીએ એટલે એ ગૂઢ જ્ઞાનના પ્રદેશમાં આપણે પ્રવેશ તો કરી ચુકયા જ છીએ, અને એક વાર એમાં પ્રવેશ કર્યો જ છે તો પછી દૃઢ પગલે એમાં ચાલવું જ રહ્યું.

ગીતામાં અવતારવાદનો સ્વીકાર સ્પષ્ટ છે. અવતારનો જન્મ કેવી રીતે થાય છે એ પ્રશ્નને આપણે અવતારની શકયના પેઠે જ કાંઈક અંશે વિગતવાર ચર્ચ્યો છે. કારણ કે આખા અવતારતત્ત્વને આપણે બરાબર તપાસવાની આવશ્યકતા છે. એટલે માનવનું તર્કપ્રધાન મન એને વિષે જે જે મુશ્કેલીઓ રજૂ કરી શકે તે બધીનો આપણે સામનો કરીને પ્રત્યુત્તર આપવો જોઈએ. એ ખરું છે કે ગીતામાં અવતારની સ્થૂલ બાજુ બહુ વિગતવાર આપવામાં આવી નથી, છતાં પણ ગીતાના સમગ્ર બોધમાં એક ચોક્કસ સ્થાન તો અવતારને જરૂર આપવામાં આવેલું છે, અને એના ઉપદેશની આખી યોજનામાં એ તત્ત્વ અધ્યાહાર રહેલું છે. એ બોધના ચોકઠામાં જ અવતારરૂપ શ્રીકૃષ્ણ વિભૂતિ રૂપ અર્જુનને દોરે છે, — માનવની ઊંચામાં ઊંચી કોટીને પહોંચેલ વિભૂતિને, એ અવતાર દિવ્ય જન્મ અને દિવ્ય કર્મ પ્રત્યે દોરે છે. વળી એ પણ નિઃશંકપણે સાચું છે કે પ્રભુનો અવતાર માનવના અંતરમાં થાય અને એને પરિણામે માનવનો આત્મા પ્રભુમાં આરોહણ કરે એ પ્રભુનો અવતાર થવાનું મુખ્ય પ્રયોજન છે. એટલે કે અંતરમાં છે તે ક્રાઇસ્ટ, અંતરમાં છે તે બુદ્ધ, અને અંતરમાં રહેલ શ્રીકૃષ્ણ એ જ અગત્યની વસ્તુ છે. પરંતુ આપણું બાહ્ય જીવન જેમ આપણી આધ્યાત્મિક ઉન્નતિને માટે અસાધારણ ઉપયોગિતાવાળું છે તેમ બાહ્ય સ્વરૂપે અવતારનું પ્રગટ થવું મહાન આધ્યાત્મિક આવિર્ભાવ માટે ઘણું જ અગત્યનું હોય છે. માનસિક અને શારીરિક પ્રતીકમાં પ્રગટ થતી સાર્થકતા અંતરની વાસ્તવિકતાના, અંતરમાં રહેલ દિવ્ય પ્રભુતાના વિકાસને સહાય કરે છે. ત્યાર પછી અંતરની આધ્યાત્મિક વસ્તુ, માનવમાં અપ્રગટ રહેલ પ્રભુ વધારે સંપૂર્ણ બનેલી પોતાની પ્રતીકાત્મકતા દ્વારા, — એટલે કે પૂર્ણતાને પ્રાપ્ત થયેલ માનસિક અને શારીરિક કરણોમાં, — પોતાના બહારના જીવનમાં પણ વધારે શક્તિશાળી આવિર્ભાવ કરે છે. આ બે વસ્તુઓની વચ્ચે

—એટલે કે અંતરનું આધ્યાત્મિક સત્ય, અને એનો માનસિક અને શારીરિક કરણોમાં આવિર્ભાવ એમની વચ્ચે—પરસ્પર કાર્ય પ્રતિકાર્ય કરીને, ફરીફરીને પરસ્પર મિલન કરીને, માનવતામાં એટલે માનવજાતિમાં થતો પ્રભુનો આવિર્ભાવ ગતિ કરવાનું પસંદ કરે છે. એટલે કે, અંતરથી બાહ્ય પોતાનું આરછાદન અને પ્રાકટય યુગોના ચક્રમાં કરતા રહેવાનું એણે પસંદ કર્યું છે.

પ્રકરણ સત્તરમું

દિવ્ય જન્મ અને દિવ્ય કર્મ

જે કાર્ય સાધવાને અવતાર આવે છે તેનો, એના જન્મ પેઠે, બેવડો અર્થ અને બેવડું સ્વરૂપ હોય છે: એક સ્વરૂપ બહારનું અને બીજું અંતરનું. બાહ્ય સ્વરૂપમાં અવતારની દિવ્ય શક્તિ બાહ્ય જગતના ઉપર કોઈ દિવ્ય નિયમને ટકાવી રાખવા માટે, અને તેને નવું સ્વરૂપ આપવા માટે કાર્ય કરી રહેલી હોય એમ આપણને દેખાય છે, કોઈ દિવ્ય નિયમ જેને આધારે માનવજાતિ પ્રભુ પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરવાનો પ્રયત્ન કરી રહી છે તે જ્યારે જોખમમાં આવી પડે છે, અથવા તો ઊર્ધ્વને બદલે વિપરીત દિશામાં તેની ગતિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય છે ત્યારે તેમાંથી તેને અટકાવીને, બચાવીને નિશ્ચયાત્મક રીતે ઊર્ધ્વ પ્રત્યે એની ગતિ સાધવા માટે અવાતરની દિવ્ય શક્તિ કાર્ય કરતી જણાય છે. અંતરના સ્વરૂપમાં, — અવતારની ઈશ્વરાભિમુખ ચેતના — વ્યક્તિના અને સમગ્ર માનવજાતિના આત્માના ઉપર કાર્ય કરે છે જેથી કરીને માનવમાં પ્રભુનો આવિર્ભાવ નવાં નવાં સ્વરૂપો ધારણ કરી શકે છે અને ઊર્ધ્વ તરફ આત્મવિકાસ સાધવાની ક્રિયામાં માનવને સહાય મળે છે, તેનો પુનરુદ્ધાર થાય છે, તે વધારે સમૃદ્ધ બને છે. માનવજાતિની વ્યવહારુ બુદ્ધિ ઘણી વાર એમ માનવાને લલચાય છે કે અવતાર આવે છે તે બાહ્ય સ્વરૂપે મહાન ગણાય એવું કાર્ય સાધવા માટે જ આવે છે. પણ એ માન્યતા બરાબર નથી. કર્મમાં અને કોઈ પણ ઘટનામાં પોતાનામાં કશી અગત્ય કે કશું મૂલ્ય હોતું નથી, પરંતુ જે શક્તિનાં તેઓ પ્રતિનિધિ છે, જે શક્તિને તેઓ પ્રગટ કરે છે, જે વિચારનાં તેઓ પ્રતીક છે, જેની સેવામાં એ શક્તિ પ્રયોજાય છે — થા તો પોતે ઉદ્યુક્ત થાય છે તેના ઉપરથી કર્મનું મૂલ્ય અંકાય છે.

જે કટોકટીના પ્રસંગમાં અવતાર આવે છે તે બહારની નજરે જોતાં કેવળ અમુક ઘટનાઓની અને મહાન સ્થૂલ પરિવર્તનની જ કટોકટી છે એવું દેખાય છે એ સાચું છે. પણ એ પરિસ્થિતિના મૂળમાં એના ઊંડા અર્થ તરફ આપણે નજર કરીશું તો આપણને જણાશે કે તે માનવજાતિની ચેતનામાં કોઈ અગ્નિનો પ્રસંગ હોય છે. એટલે કે, જ્યારે માનવજાતિની ચેતનામાં કોઈ મહાન પરિવર્તન કરવાનું હોય છે, વિકાસની કોઈ નવી જ દિશામાં તેને વળવાનું હોય છે ત્યારે એ કાર્ય માટે અવતાર થાય છે. એવા મહાન પરિવર્તનનું

કાર્ય સાધવા માટે દિવ્ય શક્તિની જરૂર પડે છે. એટલે માનવમનની અને માનવ-આત્માની અંદર દિવ્ય ચેતનાનો આવિર્ભાવ થવાની જરૂર ઊભી થાય છે પણ ચેતનાની જે પ્રકારની શક્તિ મૂર્ત થાય છે તે પ્રમાણે જીવનમાં પ્રગટતી શક્તિમાં ફેર પડે છે. એટલે કરીને માનવના આત્મામાં અને તેના મનમાં દિવ્ય ચેતના પ્રગટ થાય એ આવશ્યક છે. જ્યાં માનવજાતિમાં થનારો ફેરફાર મુખ્યત્વે કરીને માનસિક અને વ્યવહારને લગતો હોય છે ત્યાં અવતારની આવશ્યકતા હોતી નથી. એવાં પરિવર્તનોમાં માનવચેતના તેની સામાન્ય સ્થિતિમાંથી ઊર્ધ્વમાં આરોહણ કરે છે, કોઈ પ્રચંડ શક્તિઓ આવિર્ભાવ પણ પામે છે જેમની અસરને લઈને માણસો, થોડા સમય પૂરતા, પોતાની સામાન્ય માનવતામાંથી કોઈ ઉચ્ચ અવસ્થામાં પ્રેરણાના આવેશને લઈને જઈ પહોંચે છે; અને ચેતનાનો તથા શક્તિઓનો જુવાળ કેટલીક અસાધારણ વ્યક્તિઓ, કહો વિભૂતિઓ, રૂપે ઊંચામાં ઊંચા બિંદુએ પહોંચે છે. એવી વિભૂતિઓનું કાર્ય માનવજાતિમાં સામાન્ય પરિવર્તન કરવાના કાર્યની નેતાગીરી કરવાનું હોય છે અને એવા કાર્ય માટે વિભૂતિનું આગમન પૂરતું થઈ પડે છે. યુરોપમાં રેફોર્મેશન—માર્ટિન લ્યુથરનો ખ્રિસ્તી ધર્મનો સુધારો, અને ફ્રાંસની રાજક્રાંતિ એ બે ઉપર જણાવ્યાં તે પ્રકારનાં પરિવર્તનો હતાં. એ પરિવર્તનો મહાન આધ્યાત્મિક ઘટનાઓ ન હતી, પરંતુ બુદ્ધિપ્રધાન, એટલે કે માનસિક અને વ્યવહારુ પરિવર્તનો હતાં. એમાંનું એક — રેફોર્મેશન — ધાર્મિક ક્ષેત્રમાં, અને બીજું, સામાજિક અને રાજકીય વિચારો સ્વરૂપો, બંધારણો અને હેતુઓનું પરિવર્તન હતું. એ પરિવર્તનોને લઈને સામાન્ય માનવચેતનામાં જે ફેરફારો સધાયા તે માનસિક અને ક્રિયાત્મક હતા, નહિ કે આધ્યાત્મિક. પણ જ્યારે કટોકટીનો પ્રસંગ કે ઉદ્દેશ આધ્યાત્મિક હોય છે ત્યારે માનવની માનસિક ચેતનામાં, અને માનવના સ્વરૂપમાં પ્રભુની ચેતનાનો સંપૂર્ણ કે આંશિક આવિર્ભાવ આવશ્યક બને છે. એવી ક્રિયાના સર્જક તરીકે કે નેતા તરીકે આવે તેનું નામ અવતાર.

અવતારના બાહ્ય કાર્યને ગીતામાં 'ધર્મ-સંસ્થાપના' એવું નામ આપવામાં આવ્યું છે. યુગેયુગે જ્યારે ધર્મનો લોપ થાય છે, ધર્મની અધોગતિ થાય છે, અને અધર્મનું બળ વધે છે, તે સમર્થ અને જુલમી બને છે ત્યારે અવતાર આવે છે અને ધર્મને ફરીથી સમર્થ બનાવે છે. ભાવનાનાં સૂક્ષ્મ તત્ત્વો એવા સ્થૂલ કટોકટીના પ્રસંગમાં સ્થૂલ કર્મ રૂપે પ્રગટ થાય છે, અને એવાં કર્મો માણસો દ્વારા વ્યક્ત થાય છે. આમ, અવતારના જીવનકાર્યનું સૌથી વધારે બાહ્ય અને માનવતાવાળું સ્વરૂપ ધર્મનું પાલન કરનારા સાધુ-પુરુષોને પીડી રહેલા અધર્મના જુલમમાંથી તેમને ઉગારવાનું અને ધર્મનો વિરોધ કરનાર પાપીઓને વિનાશ કરવાનું હોય છે. અહીં

ગીતાએ જે ભાષાનો પ્રયોગ કર્યો છે તેનો ઘણો જ સંકુચિત અને ક્ષુદ્ર અર્થ કરીને અવતારતત્ત્વમાં જે અર્થની ગંભીરતા રહેલી છે તેનાથી તેને વંચિત કરી મૂકવો હોય તો તેમ થઈ શકે. 'ધર્મ' શબ્દનો કાંઈ એક જ અર્થ થતો નથી. એનો નૈતિક અને વ્યવહારુ અર્થ છે, પ્રાકૃતિક અને તાત્ત્વિક અર્થ પણ થાય છે. એનો શુદ્ધ ધાર્મિક અને આધ્યાત્મિક અર્થ પણ છે. એટલે આમાંનો કોઈ એક અર્થ લઈને બાકીનાને બાતલ કરી શકાય છે. કેવળ નીતિની દૃષ્ટિએ ધર્મનો અર્થ સત્યનું, સદ્‌ગુણનું અનુશીલન, — વ્યવહારનો કોઈ નીતિ-પ્રધાન નિયમ એવો થાય છે; અથવા તો, વધારે બાહ્ય અર્થમાં લઈએ તો સામાજિક અને રાજકીય ન્યાય, કે પછી કેવળ સમાજના નિયમનું અનુસરણ માત્ર પણ ધર્મ ગણાય છે. ગીતાના અવતાર સંબંધીના શ્લોકોમાં જો 'ધર્મ' શબ્દ આવા અર્થમાં વપરાયો હોય તો આપણે એવો અર્થ કરવો પડે કે જ્યારે-જ્યારે અધર્મ, અન્યાય, જુલમ વગેરે વધારે આગળ પડતાં થાય છે, સમષ્ટિમાં વ્યાપક જેવાં બને છે, ત્યારે સાધુપુરુષોનું રક્ષણ કરવા માટે અને દુષ્ટોનો સંહાર કરવા માટે અવતાર આવે છે. તે અન્યાય અને જુલમનું ચલણ તોડવા માટે અવતરે છે, માનવજાતિની નૈતિક સમતુલા ફરીથી સ્થાપન કરવા માટે તે અવતરે છે.

આ પ્રમાણે પૌરાણિક અને લોકસ્વીકૃત દૃષ્ટિએ શ્રીકૃષ્ણના અવતારની સમજૂતી એ છે કે દુર્યોધન અને એના ભાઈઓ — કૌરવોના રૂપમાં અધર્મ મૂર્ત થયો હતો અને કૌરવોનો અધર્મનો ભાર પૃથ્વી ઉપર એટલો બધો વધી ગયો હતો કે પૃથ્વીએ અવતાર લઈને પોતાનો ભાર હલકો કરવાને માટે ભગવાનની પ્રાર્થના કરી. એ પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે વિષ્ણુ ભગવાને માનવજાતિમાં શ્રી કૃષ્ણ રૂપે અવતાર લીધો. તેમણે અન્યાયનો ભોગ બનેલા પાંડવોને ત્રાસમુક્ત કર્યા અને અન્યાયી કૌરવોનો સંહાર કર્યો. શ્રીકૃષ્ણની પહેલાં વિષ્ણુના જે અવતારો થયા છે તેમની પણ એ જ પ્રકારની સમજૂતી આપવામાં આવે છે. એટલે કે, રામનો અવતાર રાવણના અધર્મી જુલમનો વિનાશ કરવાને, પરશુ-રામનો અવતાર રાજાઓ અને ક્ષત્રિયોના અધર્મ, સ્વચ્છંદ અને ગર્વને તોડવા માટે, વામનનો અવતાર બલિ રાક્ષસની સત્તાનો વિનાશ કરવા માટે થયો હતો. પણ એટલું તો દેખાઈ આવે છે કે એવા પૌરાણિક અને લોકપ્રિય રૂપમાં એટલે કે અવતારના કેવળ વ્યાવહારિક, નૈતિક અથવા તો સામાજિક અને રાજકીય કાર્યના સ્વરૂપમાં, અવતારની ઘટનાનું યથાર્થ વર્ણન કે અવતારતત્ત્વની પૂરેપૂરી, યથાર્થ સમજૂતી આપણને મળી જતી નથી. એટલામાં અવતારનો આધ્યાત્મિક અર્થ સમાઈ જતો નથી, એના સમગ્ર અર્થમાંથી કાંઈક બાકી રહી જાય છે. અને જો એ પ્રકારની બહારની ઉપયોગિતામાં જ અવતારનો સાચો ઉદ્દેશ સમાઈ

જતો હોય તો આપણે બુદ્ધ અને ક્રાઇસ્ટને અવતારમાંથી બાતલ કરવા પડશે. કારણ કે એમનું જીવનકાર્ય પાપીઓનો સંહાર અને સાધુઓનું રક્ષણ કરવાનું મુદ્દલે હતું નહિ. એમનું કાર્ય તો માનવજાતિને માટે એક નવો જ આધ્યાત્મિક સંદેશ આપવાનું અને આધ્યાત્મિક સાક્ષાત્કાર અને દિવ્યતામાં વિકાસ પામવા માટે એક નવો જ માર્ગ બતાવવાનું હતું, એક નવા જ પ્રયત્નને સ્થાપન કરવાનું એમનું કાર્ય હતું. પણ 'ધર્મ' શબ્દનો આપણે એના કેવળ ધાર્મિક અર્થમાં પ્રયોગ કરીશું, એટલે કે ધાર્મિક અને આધ્યાત્મિક જીવનનો નિયમ એટલે ધર્મ એવો મર્યાદિત અર્થ સ્વીકારીશું તો આપણે અવતારના મૌલિક તત્ત્વને પહોંચી શકીશું ખરા, પરંતુ અવતાર જે કાર્ય કરી જાય છે તેના સૌથી અગત્યના ભાગને આપણે બાતલ કરીશું. અવતારના જીવનમાં આપણને બેવડું કાર્ય દેખાય છે, અને એમ થવું અનિવાર્ય પણ છે. કારણ કે, માનવજીવનની અંદર પ્રભુનું કાર્ય કરવાનું અવતાર પોતાના હાથમાં લે છે, જગતમાં પ્રભુની દિવ્ય શક્તિના અને પ્રભુના દિવ્ય જ્ઞાનના માર્ગો તે સ્થાપન કરે છે અને એ દિવ્ય તત્ત્વો બાહ્ય તેમજ આંતર એમ બન્ને સ્વરૂપમાં પોતાની સાર્થકતા સાધે છે : અંતરમાં આત્મપ્રગતિ સાધીને અને જીવનમાં બાહ્ય પરિવર્તન લાવીને.

એક આધ્યાત્મિક ગુરુ અને તારનાર તરીકે, ક્રાઇસ્ટ કે બુદ્ધ પેઠે, — પણ અવતાર આવે એવું બની શકે. પરંતુ પૃથ્વી ઉપર અવતારનો આવિર્ભાવ થઈ ગયા પછી એણે કરેલું કાર્ય માનવજાતિમાં એક પ્રકારનું ગહન અને સમર્થ પરિવર્તન લાવી મૂકે છે, અને એ પરિવર્તન કેવળ નૈતિક જીવનમાં જ નહિ પરંતુ સામાજિક અને બાહ્ય જીવનમાં અને આદર્શમાં પણ સધાય છે. એમ નથી હોતું ત્યારે દિવ્ય જીવનને સીધેસીધું પોતાનામાં પ્રગટ કરનાર તરીકે અવતાર આવે છે અને એક દિવ્ય વ્યક્તિ તરીકે, દિવ્ય શક્તિ તરીકે, પોતાનું લાક્ષણિક કાર્ય કરી જાય છે; અને બહારની દૃષ્ટિએ જોતાં એનું જીવનકાર્ય સામાજિક, નૈતિક અને રાજકીય હોય એવું લાગે, — જેમ રામ અને કૃષ્ણના જીવનમાં બનેલું કહેવાય છે — પરંતુ એવું બને ત્યારે પણ એવો અવતાર સમગ્ર માનવજાતિમાં એક ચિરંજીવી શક્તિ તરીકે સ્થિર થાય છે — સ્થાપન થાય છે; અને માનવના આત્માને આંતર જીવન પ્રાપ્ત કરવામાં, અને આધ્યાત્મિક પુનર્જન્મ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. વળી એ વસ્તુ પણ વિચિત્ર છે કે જે માણસોએ અને જે જમાનાઓએ બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મોના ધાર્મિક અને આધ્યાત્મિક માન્યતાઓ, વિધિઓ અને સાધનાના માર્ગોનો સ્વીકાર કરેલો નથી તેમના ઉપર એ ધર્મોની સ્થાયી, સમર્થ અને વ્યાપક અસર થઈ છે. બૌદ્ધ ધર્મનો અને સંઘનો અસ્વીકાર કરનાર હિંદુ ધર્મના ઉપર પણ એની ન ભુલાય એવી સામાજિક અને નૈતિક અસર પડેલી છે,

તથા સમસ્ત પ્રજાના માનસના ઉપર, એના વિચારોમાં અને જીવનમાં એ અસર દેખાય છે. એ જ પ્રમાણે આધુનિક યુરોપ નામનો જ ખ્રિસ્તી રહ્યો છે તે છતાં પરોપકારની, પરગજુપણાની જે વૃત્તિ તેનામાં જોવામાં આવે છે તે ખ્રિસ્તી ધર્મની જ અસરનું નૈતિક અને સામાજિક ક્ષેત્રમાં આવેલું પરિણામ છે, તથા સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ પણ એ જ ખ્રિસ્તી ધર્મની સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં થયેલી અસર છે. આ છેવટના સ્વતંત્રતા, સમાનતા વગેરે આદર્શોને જે લોકોએ જીવનમાં મૂર્ત કર્યા છે તેમણે તો ખ્રિસ્તી ધર્મનો અને આધ્યાત્મિક સંયમનો સંપૂર્ણ ત્યાગ અને આક્રમણ કરનારો વિરોધ કરેલો હતો. અને એ આદર્શો આવ્યા પણ એવા જમાનામાં, જેમાં મુક્તિ યાને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો, માનવબુદ્ધિનો પ્રયત્ન તે ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કરવાનો પ્રયત્ન હતો. સામી બાજુએ, રામનું કે કૃષ્ણનું જીવન ઈતિહાસ પૂર્વેના જમાનાનું છે અને કવિતા અને કથાપુરાણ રૂપે ઊતરી આવેલું હોઈ એને કેવળ ગાથા તરીકે પણ ગણી શકાય તેમ છે. પરંતુ એમના જીવનને આપણે ઐતિહાસિક ઘટના તરીકે પુરાણની કથા તરીકે ગણીએ એ વસ્તુ બહુ અગત્યની નથી; કારણ કે એનું સ્થાયી મૂલ્ય અને સત્ય આધ્યાત્મિક રૂપ, આધ્યાત્મિક સન્નિધિ અને પ્રભા તરીકે માનવજાતિની અંતરની ચેતના ઉપર અને માનવના આત્માના વિકાસના ઉપર થતા કાર્યમાં રહેલું છે. અવતાર દિવ્ય જીવનની અને દિવ્ય ચેતનાની એક ઘટના છે, અને બાહ્ય કર્મમાં એની સાર્થકતા અને સાક્ષાત્કાર થાય એ સંભવિત છે; પણ એક વાર એ બાહ્ય કર્મ પૂરું થઈ જાય ત્યાર પછી એનું કાર્ય આધ્યાત્મિક પ્રભાવ રૂપે ચાલુ રહેવું જોઈએ, અથવા તો, એનું આંતર કાર્ય આધ્યાત્મિક સાક્ષાત્કાર, આધ્યાત્મિક પ્રભાવ અને ઉપદેશ કે બોધ તરીકે સિદ્ધ થાય તોપણ એની સ્થાયી અસર થાય એ પણ આવશ્યક છે. એટલે કે, એના નવા ધર્મનો કે નવા માર્ગનો અંત આવી જાય તોપણ માનવજાતિના વિચારમાં, વૃત્તિમાં અને બાહ્ય જીવનમાં એની સ્થાયી અસર રહેવી જોઈએ.

એટલે અવતારના કાર્યનું ગીતા જે વર્ણન કરે છે તે બરાબર સમજવું હોય તો ધર્મના ખ્યાલને આપણે સૌથી વધારે વ્યાપક, ગહન અને સંપૂર્ણ અર્થમાં લેવો જોઈએ. એવા અર્થમાં ધર્મ એટલે અંતરનો અને બાહ્ય જીવનનો નિયમ જેનો આશ્રય લઈને પ્રભુની દિવ્ય શક્તિ અને દિવ્ય જ્ઞાન માનવજાતિની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ સાધવાનું અને માનવજાતિની પરિસ્થિતિનું અને પરિણામોનું શાસન કરવાનું કાર્ય કરે છે. હિંદમાં 'ધર્મ' શબ્દના અર્થમાં કેવળ 'શુભ', 'સત્ય', 'નીતિ', 'ન્યાય' કે એવા કોઈ તત્ત્વ માત્રનો સમાવેશ થાય છે એવું નથી. માણસના અન્ય પ્રાણીઓ સાથેના, તેના પ્રકૃતિ અને ઈશ્વર સાથેના

બધા જ સંબંધોનું શાસન કરનાર તંત્ર તે ધર્મ એમ મનાય છે. અલબત્ત, એ બધા સંબંધોમાં કોઈ દિવ્ય તત્ત્વ પોતે આપોઆપ કર્મ કરી રહેલું છે, અને કર્મોનાં અનેક સ્વરૂપોમાં, નિયમોમાં અને જીવનનાં આંતર અને બાહ્ય સ્વરૂપોમાં જગતના સર્વ પ્રકારના સંબંધોનું તે શાસન કરી રહેલું છે એવી માન્યતા ઉપર, એવી કોઈ શ્રદ્ધા ઉપર ધર્મની ભાવના પ્રતિષ્ઠિત છે. 'ધર્મ' શબ્દનો ધાતુગત અર્થ આપણે જેને ધારણ કરીએ છીએ, જેને પકડી રાખીએ છીએ તે, અને જે આપણી અંતરની ને બાહ્ય પ્રવૃત્તિને ધારણ કરી રાખે છે, ભેગી રાખે છે એમ થાય. ધર્મનો મૂળ અર્થ તો આપણી પ્રકૃતિનો મૌલિક નિયમ જે આપણી પ્રવૃત્તિને ગુપ્ત રહીને ઘડે છે, જેને લઈને તે મર્યાદિત થાય છે તે. ધર્મનો આ અર્થ લેતાં પ્રત્યેક પ્રાણીનો, વર્ગનો, વ્યક્તિનો, જાતિનો ધર્મ રહેલો છે એમ આપણે કહી શકીએ. બીજું, દિવ્ય પ્રકૃતિ આપણાથી ઊર્ધ્વમાં રહેલો છે જેનો આપણી અંદર વિકાસ અને આવિર્ભાવ હજી કરવાનો છે. એના અર્થમાં ધર્મ એટલે અંતરમાં કાર્ય કરી રહેલો નિયમ જેના વડે એ દિવ્ય પ્રકૃતિ આપણી અંદર વિકાસ પામે તે. ત્રીજું, આપણા બહિર્મુખ વિચારોનું, કર્મનું તથા એકબીજા સાથેના આપણા સંબંધનું જેના વડે નિયમન કરીએ છીએ તે નિયમ, જેના વડે આપણો પોતાનો અને માનવજાતિનો દિવ્ય આદર્શના પ્રત્યે વિકાસ કરવામાં સૌથી વધારે સહાય મળે છે.

ઘણું ખરું, ધર્મ સનાતન અને અચળ મનાય છે, અને એના મૂળ તત્ત્વમાં અને આદર્શમાં તે સનાતન અને અચળ જ હોય છે. પરંતુ એનાં સ્વરૂપોમાં ધર્મ હમેશાં બદલાતો રહે છે, વિકાસ પામતો રહે છે. કારણ કે અત્યારે કોઈ માણસ આદર્શને પહોંચી ગયો નથી. અથવા તો આદર્શમાં તે પોતાનું જીવન ધારણ કરતો નથી. પરંતુ આદર્શ પ્રત્યે પ્રગતિ કરવા માટે ઓછાવત્તા પ્રમાણમાં પોતે સંપૂર્ણપણે અભીપ્સા કરે છે, એ આદર્શના જ્ઞાન પ્રત્યે પોતે વિકાસ પામી રહેલો છે. એ વિકાસમાં જે વસ્તુ મદદ કરે તે બધી 'ધર્મ'માં ગણાય. એટલે કે દૈવી વિશુદ્ધિ, વિશાળતા, જ્યોતિ, પ્રેમ, મુક્તિ, શક્તિ, આનંદ, એકતા, સૌંદર્ય વગેરેમાં આપણો જેના વડે વિકાસ થાય તે ધર્મ એમ કહી શકાય. એની વિરુદ્ધમાં, જે તત્ત્વો આપણી પ્રગતિની આડે આવનાર છે, એ ઊર્ધ્વગામી નિયમને આધીન નથી તે બધાનો અધર્મમાં સમાવેશ થાય છે. એટલે કે, જે જે વસ્તુઓ પોતાનામાં ગુપ્ત રહેલ દિવ્ય તત્ત્વોને પ્રગટ કરવાને તૈયાર નથી, ઉત્સુક નથી, જેઓ એ દિવ્ય તત્ત્વોને પોતાની જાત સમર્પણ કરી દેતાં નથી, પરંતુ વિકાર થા તો વિરોધનો જ આકાર લે છે તે બધાં અધર્મમાં ગણી શકાય. એટલે કે, અશુદ્ધિ, અપવિત્રતા,

સંકુચિતપણું, બંધન, અજ્ઞાન, નિર્બળતા, નીચતા, દ્વૈતભાવ, શોક, દુઃખ વગેરે સઘળું, પોતાની પ્રગતિ કરવી હોય તો માણસે પાછળ મૂકી જ દેવું જોઈએ. એ બધું અધર્મ છે. એ તત્ત્વો ધર્મનો વિરોધ કરે છે, ધર્મનો પરાજય કરવા પ્રયત્ન કરે છે, માનવને પાછો કે નીચે ખેંચવાના પ્રયત્નો કરે છે. એની ગતિ જ અનિષ્ટ, અજ્ઞાન તમોગુણ પ્રત્યે હોય છે. આ બન્ને વૃત્તિઓ — ધર્મ અને અધર્મ — વચ્ચે સનાતન સંગ્રામ ચાલ્યા જ કરે છે, અને જય-પરાજયનું લોલક એકથી બીજી બાજુ જતું-આવતું હોય છે, અને કોઈક વાર ઘડીમાં ધર્મનાં, તો ઘડી વાર અધર્મનાં બળોનો વિજય થાય છે. વેદમાં આ જ વસ્તુને દેવ અને દાનવોના — જ્યોતિના, એટલે કે અવિભક્ત, અનંત ચેતના રૂપ અદિતિના પુત્રો તે દેવો, અને અંધકારના, દિતિના, એટલે કે વિભક્ત ચેતનાના પુત્રો દાનવો, એમની વચ્ચે યુદ્ધ તરીકે વર્ણવવામાં આવેલું છે. જરથોસ્તી ધર્મમાં અહુર્મઝ્દ અને અહ્રિમન વચ્ચે ચાલી રહેલા સતત યુદ્ધના રૂપકમાં, અને ત્યાર પછીના ધર્મમાં પ્રભુ અને તેના દૂતો એક બાજુ અને સેતાન કે ઈબ્લીસ વચ્ચેના યુદ્ધના રૂપકમાં એ જ વસ્તુ આપણને જોવા મળે છે. એ બન્ને પ્રકારની શક્તિઓ માણસના જીવનનો અને માનવના આત્માનો કાબૂ કરવા — તેમનું નિયમન કરવા, તેને જપ્ત કરવા માગે છે.

અવતારના જીવનકાર્ય માટેની પરિસ્થિતિ અને તેનું નિર્માણ ઉપર જણાવી તે વસ્તુઓ કરી આપે છે. બૌદ્ધમત પ્રમાણે પોતાના મોક્ષનો વિરોધ કરનાર સઘળી વસ્તુઓમાંથી ધર્મ, સંઘ અને બુદ્ધ, એ ત્રણ તત્ત્વોનો સાધકને આશ્રય લેવાનો હોય છે. એ જ પ્રમાણે ખ્રિસ્તી-દર્શન પ્રમાણે ખ્રિસ્ત-જીવન ગાળવા માટે ખ્રિસ્ત ધર્મ, ચર્ચ, ક્રાઇસ્ટ — ઈસુ ખ્રિસ્ત — નો સ્વીકાર, એ ત્રણ વસ્તુઓ આવશ્યક છે. અવતારના કાર્ય માટે આ ત્રણ તત્ત્વો હમેશાં આવશ્યક હોય છે. અવતાર માનવને એક નવો ધર્મ આપે છે; નિમ્ન જીવનમાંથી ઊર્ધ્વ જીવનમાં વિકાસ સાધવા માટે એક માર્ગ તે તૈયાર કરી આપે છે. એના એ માર્ગમાં કરવાના નિયમનો, તથા આપણા માનવ-બંધુઓ સાથે તથા અન્ય પ્રાણીઓ સાથેના સંબંધના નિયમનો પણ સમાવેશ થઈ જાય છે. એમાં અષ્ટધા માર્ગનો, અથવા તો શ્રદ્ધા વડે પ્રેમ અને વિશુદ્ધિ વડે કરેલી, યા તો પ્રભુની દિવ્ય પ્રકૃતિની જીવનમાં કરેલી અભિવ્યક્તિનો પણ સમાવેશ થાય છે. અવતાર એ પ્રકારનો નવો ધર્મ, આંતર-બાહ્ય જીવનનો વિધિનિષેધાત્મક નિયમ આપે છે અને ત્યાર પછી તે સંઘની સ્થાપના કરે છે. સંઘ એટલે આદ્ય દ્રષ્ટાનું વ્યક્તિત્વ અને તેનો ઉપદેશ જે લોકોને આકર્ષે તેમનું બનેલું ભ્રાતૃભાવ ને એકતાવાળું મંડળ. આ રીતે જોતાં સંઘનું બનવું આવશ્યક બને છે. કારણ કે માનવમાં રહેલી પ્રત્યેક વૃત્તિનું વ્યક્તિસ્વરૂપ તેમજ સમષ્ટિસ્વરૂપ — બન્ને — હોય છે. બીજું

આ પણ છે કે એક જ માર્ગે જનારા લોકો સ્વાભાવિક રીતે જ પરસ્પર આકર્ષાય છે અને એક પ્રકારની આધ્યાત્મિક મૈત્રી અને એકતા એમની વચ્ચે પ્રગટે છે, અને એક સમાજ યા સંઘ રચાય છે. વૈષ્ણવ ધર્મમાં પણ એ જ ત્રણ તત્ત્વો જણાય છે : ભાગવત, ભક્ત અને ભગવાન. ભાગવત એ વૈષ્ણવ ધર્મનું ભક્તિ અને પ્રેમના માર્ગનું નિરૂપણ કરનાર વિધાન યા શાસ્ત્ર છે. જે લોકોને પોતાના જીવનનો એ પ્રેમભક્તિનો નિયમ કે માર્ગ પ્રત્યક્ષ થયો હોય તેવા લોકોનો સમાજ તે ભક્તમાં આવે છે. ભગવાન એટલે ભક્તિ અને પ્રેમનું અંતિમ પ્રાપ્તવ્ય : એના ઉપર ભક્તિ અને પ્રેમનો મહા ધર્મ રચાય છે અને એનામાં તે ધર્મ પોતાની સાર્થકતાને પ્રાપ્ત કરે છે. અવતાર આ ત્રીજું તત્ત્વ પોતાનામાં વ્યક્ત કરે છે અને તેને આપણી આગળ રજૂ કરે છે,— એટલે કે પ્રભુના દિવ્ય વ્યક્તિત્વનો, ધર્મનો અને સંઘનો આત્મા પણ એ પોતે જ હોય છે. ધર્મ અને સંઘ એ બન્નેમાં અવતાર વ્યાપીને રહે છે, એમને જીવંત રાખે છે અને એમના દ્વારા માનવને મુક્તિ અને આનંદ પ્રત્યે આકર્ષે છે.

ગીતાનો ઉપદેશ બીજા વિશિષ્ટ રૂપોવાળા ધર્મો અને સાધનમાર્ગો કરતાં વધારે ઉદાર અને સંકુલ છે. એટલે એમાં ઉપર જણાવેલાં ત્રણ તત્ત્વો પણ વધારે વિશાળ અર્થમાં લેવાનાં છે, કારણ કે ગીતામાં જે એકતાનો ઉલ્લેખ છે તે સર્વને પોતાનામાં સમાવનાર વેદાંતની આધ્યાત્મિક એકતા છે. એ એકતા એવી છે જેમાં માનવનો આત્મા સર્વને "પોતાની અંદર" — આત્મનિ—જુએ છે અને સર્વમાં પોતાની જાતને જુએ છે, તથા પોતાની જાતને સર્વ પ્રાણીઓ સાથે એકરૂપે અનુભવે છે. ધર્મનો અર્થ પણ માનવના સર્વ સંબંધોનો સ્વીકાર કરીને તેમને કોઈ વધારે ઉચ્ચ આધ્યાત્મિક સ્વરૂપમાં રૂપાંતર પમાડવું એવો થશે. એવા ધર્મનો આરંભ સમાજમાં સ્થાપન થયેલા અને સમાજને એકત્ર રાખનાર નૈતિક, સામાજિક અને ધાર્મિક નિયમથી થઈ શકે છે, અને એ નિયમમાં બ્રાહ્મી ચેતનાનો પ્રવેશ કરાવીને તેને ઊર્ધ્વગામી બનાવે છે. ગીતા આપણને જે 'ધર્મ' આપે છે તે અદ્વૈતનો ધર્મ છે, સમતાનો ધર્મ છે, નિષ્કામ પ્રભુપ્રેરિત અને શાસિત મુક્ત કર્મનો નિયમ છે, પ્રભુના જ્ઞાનનો અને આત્મજ્ઞાનનો એવો એક ધર્મ તે આપે છે જેમાં સર્વે કર્મો અને પ્રકૃતિ પ્રકાશમય બને છે અને પ્રભુ પ્રત્યે આકર્ષાય છે — પ્રભુની સત્-તા અને પ્રભુની દિવ્ય ચેતના પ્રત્યે આકર્ષાય છે, અને એ ધર્મમાં જ્ઞાન અને કર્મની પરમ સિદ્ધિ અને મુકુટ-તરીકે પ્રભુ માટે પ્રેમ અને ભક્તિ સ્થાન પામે છે. પ્રભુની ભક્તિમાં અને પ્રભુની ખોજમાં સખ્ય અને પરસ્પર સહાયનો જે ખ્યાલ સંઘના મૂળમાં છે તે પણ પ્રેમ-ભક્તિ વડે પ્રભુની પ્રાપ્તિ કરવા વિષે ગીતા વિધાન કરે

છે ત્યારે ગીતામાં આવે છે. પણ ગીતાના ઉપદેશ અનુસાર તો સાચો સંઘ સમગ્ર માનવજાતિ છે. સમગ્ર જગત આ પરમ ધર્મ પ્રત્યે પ્રયાણ કરી રહેલું છે. અલબત્ત, પ્રત્યેક વ્યક્તિ પોતાની શક્તિ અનુસાર ,— "સઘળા માણસો સર્વ પ્રકારે મારો જ માર્ગ અનુસરે છે," એમ શ્રીકૃષ્ણ કહે છે. પ્રભુનો સાધક સર્વ માનવો સાથે પોતાની એકતા કરીને, સર્વના આનંદ અને શોકને અને જીવન સમગ્રને પોતાનું બનાવીને, મુક્તાત્મા સર્વ ભૂતો સાથે એક થયેલો હોઈ માનવજાતિના જીવનમાં તે પોતાનું જીવન જીવે છે, — સર્વમાં રહેલા પ્રભુને ખાતર જીવન જીવે છે, — અને પ્રભુપ્રીત્યર્થે લોકસંગ્રહને ખાતર કર્મ કરે છે. સર્વને પોતપોતાના ધર્મમાં રાખવા માટે, તથા વિકાસની સઘળી ભૂમિકાઓમાં, અને પ્રભુ પ્રત્યેના પ્રયાણમાં સહારો આપી ટકાવી રાખવાને ખાતર તે ધર્મને ટકાવે છે. કારણ કે અહીં 'કૃષ્ણ'ના નામ અને રૂપમાં અવતાર પ્રગટ થયો છે તોપણ શ્રીકૃષ્ણ એ નામ કે રૂપના ઉપર ભાર મૂકતા નથી, પણ પોતે જેના પ્રતિનિધિ છે તે પ્રભુના ઉપર, પુરુષોત્તમના ઉપર વધારે ઝોક આપે છે. સર્વે અવતારો એ પુરુષોત્તમના જ માનવરૂપમાં પ્રતિનિધિઓ છે, અને માણસો જે દેવોની પૂજા કરે છે તે દેવો પણ એ પુરુષોત્તમનાં જ સ્વરૂપો છે. અહીં શ્રીકૃષ્ણ ગીતામાં જે ઉપદેશ આપે છે તેમાં એમ કહેવામાં આવ્યું છે કે આ માર્ગે માણસ સત્ય જ્ઞાનને અને સાચી મુક્તિને પ્રાપ્ત કરશે, પણ એ માર્ગ સર્વ માર્ગોને પોતાનામાં સમાવનારો છે, એકલવાયો કે અન્યનો ત્યાગ કરનારો માર્ગ નથી. પુરુષોત્તમની વિશ્વમયતામાં સર્વ અવતારો અને સર્વ ધર્મો સમાઈ જાય છે.

જગત બે પ્રકારના સંગ્રામનું ક્ષેત્ર છે તેના ઉપર ગીતા ભાર મૂકે છે: એક આંતર અને બીજો બાહ્ય. અંતરના સંગ્રામના શત્રુઓ વ્યક્તિના અંતરમાં છે, અને ત્યાં કામના, અજ્ઞાન અને અહંકારનો નાશ કરવો એ આંતર વિગ્રહનો વિજય છે. અને છતાં માનવની સમષ્ટિમાં ધર્મની અને અધર્મની શક્તિઓ વચ્ચે પણ સંગ્રામ જામે છે. એ ધર્મ-અધર્મના સંગ્રામમાં માનવમાં જે દિવ્ય પ્રકૃતિ રહેલી છે તે ધર્મને મદદ કરે છે, અને જે માનવો એના પ્રતિનિધિઓ હોય છે, ધર્મનું અનુસરણ કરનારા હોય છે, એનો સાક્ષાત્કાર કરનારા હોય છે, તેઓ ધર્મની બાજુમાં ઊભા રહે છે. અદિવ્ય પ્રકૃતિ એટલે અસુરની અને રાક્ષસની પ્રકૃતિ. એમાં અતિ ઉગ્ર અહંતા એ સૌથી આગળ પડતી વસ્તુ હોય છે, અને જે માણસો એના પ્રતિનિધિ છે, એને સંતોષવા પ્રયત્ન કરે છે તે લોકો અધર્મની બાજુએ રહે છે. દેવાસુર-સંગ્રામ તે આ. એના ઉલ્લેખોથી હિંદનું પ્રાચીન સાહિત્ય ભરેલું છે. ઘણી વાર મહાભારતનું યુદ્ધ જેના કેન્દ્રમાં શ્રીકૃષ્ણ અવતાર રૂપે છે તેને પણ એવા દેવાસુર-સંગ્રામના પ્રતીક તરીકે

વર્ણવામાં આવે છે. એમાં શ્રીકૃષ્ણ પ્રભુના અવતાર રૂપ છે; પાંડવો ધર્મનું રક્ષણ કરનારા દેવતાના પુત્રો છે, — માનવરૂપ ધારણ કરીને ઊતરેલી દેવતાઓની શક્તિઓ છે, અને દુર્યોધનપ્રમુખ કૌરવો અધર્મના પ્રતિનિધિઓ છે — અસુરો છે. એવા કટોકટીના પ્રસંગમાં પણ, સીધી કે આડકતરી રીતે, અવતાર અસુરોની સત્તાઓ, અને અસુરોનો પણ, વિનાશ કરવામાં મદદ કરે છે, જે આસુરી શક્તિના એ લોકો પ્રતિનિધિ છે તેને દબાવે છે, અને ધર્મના ગ્લાનિ પામેલા આદર્શોનો પુનરુદ્ધાર કરે છે. પૃથ્વી ઉપર સમષ્ટિ જીવનમાં સત્યયુગ પ્રગટાવવા માટે, તથા સાથેસાથે માનવના વ્યક્તિગત આત્માના અંતરમાં પ્રભુનું સામ્રાજ્ય વધારે સમીપ લાવવા માટે અવતાર થાય છે.

અવતારના આગમનનું આધ્યાત્મિક ફળ તો જે લોકો અવતારના જીવનમાંથી "દિવ્ય જન્મ અને દિવ્ય કર્મનું" રહસ્ય પ્રાપ્ત કરે છે તેમને મળે છે. એટલે કે જે લોકો — 'મન્મયા મામુપાશ્રિતા'—પોતાની "ચેતનાને મારી સાથે તન્મય કરી શકે છે", અને પોતાની "સમગ્ર ચેતના વડે જેઓ મારો જ આશ્રય લે છે" તેમને એ ફળ મળે છે. એવા લોકો પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે વિશુદ્ધ થઈને, નિમ્ન પ્રકૃતિમાંથી મુકત થઈ જાય છે; — તેઓ દિવ્ય ચેતનાને અને દિવ્ય પ્રકૃતિને પ્રાપ્ત કરે છે,— મદ્‌ભાવને પ્રાપ્ત કરે છે. માનવની નિમ્ન પ્રકૃતિથી પર ઊર્ધ્વમાં દિવ્ય પ્રકૃતિ રહેલી છે એ સત્ય માનવને બતાવવા માટે અવતાર આવે છે, તથા દિવ્ય કર્મ તે કેવાં હોય, મુકત, અહંરહિત નિષ્કામ, તટસ્થ વિરાટના જેવાં વૈશ્વિક, દિવ્ય પ્રકાશમય, દિવ્ય શક્તિથી પ્રેરિત, દિવ્ય પ્રેમમાંથી પ્રગટતાં કર્મો કેવાં હોય, તે દર્શાવવા માટે અવતાર આવે છે. દિવ્ય વ્યકિત રૂપે આવીને અવતાર પોતાના વડે માનવ-ચેતનાને પરિપૂર્ણ કરે છે, તથા એની અહંપ્રધાન વ્યકિતતાને દૂર કરીને તેને ઠેકાણે દિવ્ય વ્યકિતતાને મૂકે છે, જેથી કરીને અહંમાંથી મુકત થઈને તે અનંત બની શકે, વિશ્વમય બને, જન્મમાંથી અમરતામાં જઈ રહે. અવતાર દિવ્ય શક્તિ રૂપે તથા દિવ્ય પ્રેમ રૂપે આવે છે, તથા માનવને પોતાના તરફ ખેંચે છે, જેથી કરીને માણસો પોતાની સંકલ્પશક્તિમાં અને ભય, ક્રોધ, રાગ વગેરે જેમાં પરસ્પર આથડતાં હોય છે તેવાં કરણોમાં નહિ, પરંતુ પ્રભુમાં પોતાનો આશ્રય લઈ શકે, તથા એ બધી અશાંતિ અને દુ:ખમાંથી મુકત થઈને પ્રભુની દિવ્ય પ્રકૃતિની સ્થિરતામાં અને શાંતિમાં તથા આનંદમાં વસી શકે. વળી કયું નામ ધારણ કરીને, કયા રૂપમાં અવતાર આવે છે, યા તો પોતાની અનંતતાની કઈ બાજુ, કયું સ્વરૂપ આગળ મૂકીને અવતાર આવે છે એ વસ્તુ પણ ખાસ અગત્યની નથી. કારણ કે સર્વપ્રકારે પોતાની પ્રકૃતિ પ્રમાણે, ભિન્નભિન્ન માનવો પ્રભુએ એમને માટે નિર્માણ કરેલા પંથનું જ અનુસરણ કરતા હોય છે. આખરે તો પ્રભુ તેમને

પોતાના પ્રત્યે લઈ જશે. અને અવતારનું જે સ્વરૂપ માનવની પ્રકૃતિને અનુકૂળ હશે તેને તે સાચમાં સારી રીતે અનુસરી શકશે. જ્યારે તે માનવોને દોરવા માટે આવે છે ત્યારે જે કોઈ માર્ગે માનવો પ્રભુને સ્વીકારે છે, ભજે છે, પૂજે છે તેનામાં આનંદ લે છે તે તે પ્રકારે પ્રભુ પણ તેમને પોતાના પ્રેમથી સ્વીકારે છે, તેમને ભજે છે, તેમનામાં આનંદ લે છે. ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

દિવ્ય કર્મોનો કરનાર

આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે દિવ્ય જન્મ પ્રાપ્ત કરવો, અર્થાત્ કોઈ ઊર્ધ્વતર ચેતનામાં તેને દિવ્યતા પ્રાપ્ત કરાવે એવો અંતરાત્માનો નવજન્મ પ્રાપ્ત કરવો, — એ ગીતામાં કહેલા કર્મયોગનો સાર છે. એવું દિવ્ય જીવન પ્રાપ્ત થાય તે માટે કર્મયોગને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેના પગથિયા તરીકે વાપરવો અને પ્રભુપ્રાપ્તિ થયા પછી પ્રભુત્વનો જીવનમાં આવિર્ભાવ કરવા માટે કર્મોનો ઉપયોગ કરવો એ ગીતાની પદ્ધતિ છે. સ્થૂલ દૃષ્ટિ વડે ઓળખી શકાય, દુનિયાદારીની નજરે આપી શકાય એવી દિવ્ય કર્મોની કોઈ પણ બાહ્ય નિશાની આપવાનો પ્રયત્ન ગીતા કરતી નથી. નીતિ, ધર્મ વગેરે જે બુદ્ધિ દ્વારા નિયત જ્યોતિ વડે સામાન્ય માણસ પોતાનું જીવન દોરે છે તે સઘળાં ધોરણોનો તો ગીતા ત્યાગ કરે છે. દિવ્ય કર્મોની બધી નિશાનીઓ અંતરમાં અને સ્વાનુભવમાં રહેલી છે. બીજાં સામાન્ય કર્મોથી તેમને જુદાં પાડનાર લક્ષણો અદૃશ્ય, નીતિનાં ધોરણોથી પર અને આધ્યાત્મિક હોય છે.

એ દિવ્ય કર્મો આત્માની જ્યોતિમાંથી પ્રગટે છે અને એ જ્યોતિ વડે જ તેમને ઓળખી શકાય છે. किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः (૪.૧૬) 'કર્મ શું, અકર્મ શું એ પ્રશ્નોનો નિર્ણય કરવામાં ઋષિઓ પણ સંદેહમાં અને ભ્રમમાં પડી જાય છે.' કારણ કે વ્યવહારુ, સામાજિક, નૈતિક અને બુદ્ધિપ્રધાન ધોરણો પર આધાર રાખીને એ પ્રશ્નનો નિકાલ કરવામાં તેઓ બાહ્ય ઉપાધિઓનો આશ્રય લે છે, પરંતુ એ પ્રશ્નના મૂળમાં ઊતરી શકતા નથી. 'હું તને એવા પ્રકારનું કર્મ બતાવીશ જેનું જ્ઞાન મેળવીને સર્વ અશુભથી તું મુક્ત થઈશ.' 'કર્મ શું છે તે જાણવું જોઈએ તથા ખોટું કર્મ કર્યું તેનું જ્ઞાન પણ મેળવવું આવશ્યક છે. વળી અકર્મ એટલે શું એ પણ સમજવાની જરૂર છે, કારણ કે કર્મની ગતિ ગહન છે.'* જગતમાં કર્મ રૂપી વન ગહન છે અને કર્મના એ ગહન વનમાં માણસ કર્મના પોતાના સામાન્ય વિચારો પ્રમાણે, આજુબાજુના સંજોગો પ્રમાણે તથા પોતાના વ્યક્તિત્વે માની લીધેલાં ધોરણ પ્રમાણે પડતો-આખડતો આગળ વધતો હોય છે. અથવા ખરું જોતાં, કર્મના વનમાં માનવ અનેક જમાનાના ધોરણોનાં, પોતાનામાં

---

* कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ।। (૪,૧૭)

રહેલ અનેક વ્યક્તિસ્વરૂપોનાં ને સમાજની અનેક પરિસ્થિતિમાંથી ઊપજેલા વિચારો અને નીતિનાં ધોરણોના ખીચડામાં થઈને પડતો-આખડતો આગળ વધે છે એમ કહેવું વધારે સાચું છે. એ બધાં ધોરણો નિરપેક્ષ અને અવિકારી સત્ય હોવાનો દાવો કરતાં હોય છે તે છતાં તેઓ હોય છે કેવળ ઔહિક અને રૂઢિપ્રધાન, — એટલે કે ઔપચારિક — સાચી બુદ્ધિપ્રધાનતાવાળા દેખાવાનો પ્રયત્ન કરવા છતાં તેઓ કામચલાઉ અને વિવેકશૂન્ય હોય છે. સામાન્ય કર્મની એવી સ્થિતિ હોવાથી એ બધાની વચ્ચે જ્યારે જ્ઞાની પુરુષ અચળ નિયમ અને અપૂર્વ સત્ય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે ત્યારે તેના મન આગળ આખરી અને પરમ પ્રશ્ન ઉપસ્થિત થાય કે કર્મ અને જીવન બન્ને મિથ્યા અને માયા તો નથી શું ? માણસને જકડી રાખનારાં એ બંધનો તો નથી શું ? અને અકર્મ એ જ શું માણસના શ્રાંત અને ભ્રમથી મુક્ત થયેલા આત્મા માટે ઉત્તમોત્તમ અને છેવટનો આશ્રય નથી ? પરંતુ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે અકર્મ શું છે એ પ્રશ્નનો નિકાલ કરવામાં તો ઋષિઓ પણ ભૂલ કરે એવો સંભવ છે, કારણ કે કર્મ કરવાથી — નહિ કે અકર્મથી — જ્ઞાન અને મોક્ષ બન્ને પ્રાપ્ત થાય છે.

તો પછી ઉપર જણાવેલા પ્રશ્નનો છેવટનો નિકાલ શો ? કયા પ્રકારનાં કર્મો કરવાથી આપણે જીવનના દોષોથી અને પાપોથી, જીવનમાં ઊભી થતી શંકાઓથી, સ્ખલનોથી, તથા દુઃખ અને શોકમાંથી મુક્ત થઈ શકીએ, તથા આપણા સારામાં સારા હેતુથી પ્રેરાઈને કરેલાં કર્મોની પણ મિશ્ર, અશુદ્ધ અને આપણને અસહાયતાનો અનુભવ કરાવનારાં પરિણામોથી તથા અનંત સ્વરૂપ ધારણ કરવામાં પાપ અને દુઃખના સંસર્ગથી આપણે છૂટી શકીએ ? ગીતા કહે છે કે એવાં કર્મોની કોઈ બાહ્ય નિશાનીઓથી જાણી શકાય એવી કોઈ વિશિષ્ટતા નથી. જગતને માટે જે કર્મ કરવાં આવશ્યક છે તેમનો ત્યાગ કરવાની પણ જરૂર નથી. માનવ-પ્રકૃતિની આસપાસ કૃત્રિમ વાડ ઊભી કરીને જીવનને મર્યાદિત કે સંકુચિત કરવાની પણ અગત્ય નથી, ઊલટું માણસે સર્વ કર્મો કરવાનાં છે, પરંતુ તે પ્રભુ જોડે પોતાનો આત્મા યુક્ત રાખીને તેણે કરવાં જોઈએ. युक्तः कृत्स्नकर्मकृत् । અકર્મ, અર્થાત્ કર્મનો ત્યાગ એ ખરો માર્ગ નથી. જે માણસે ઊંચામાં ઊંચી બુદ્ધિમત્તા વડે સૂક્ષ્મ દૃષ્ટિ પ્રાપ્ત કરી છે તે જાણે છે કે એ પ્રમાણે અકર્મ રહેવું એ પણ એક સતત પ્રવૃત્તિ છે, એ અકર્મ સ્થિતિ પણ પ્રકૃતિને અને તેના ગુણોને વશ હોય છે. જે માણસ શારીરિક સ્થૂલ અકર્મ સ્થિતિમાં રહી પોતે અકર્મ છે એમ માને છે ને 'હું પોતે કર્તા છું પ્રકૃતિ કર્તા નથી' એવા ખોટા ખ્યાલમાં રહેતો હોય છે, એવો માણસ જડ સ્થિતિને નિષ્કર્મ અવસ્થા ગણે છે. પ્રકૃતિમાં રહેલા પથ્થર અથવા માટી જેવા જડ પદાર્થો કરતાં વધારે અકર્મ દેખાતી વસ્તુઓમાં પણ પ્રકૃતિ કાર્ય કરી રહી હોય છે, પ્રકૃતિ તો ત્યાં પણ પોતાનું સામ્રાજ્ય ટકાવી રાખે છે. એનાથી ઊલટું, કર્મના સબળ

પ્રવાહના પૂર વેગમાં ધસતો હોવા છતાં પણ માણસનો આત્મા કર્મથી મુક્ત હોઈ શકે છે. એવો માણસ કર્મનો કર્તા હોતો નથી. તે કર્મોથી લેપાતો નથી. અને જે માણસ આત્માની મુક્તિમાં જીવતો હોય છે અને પ્રકૃતિના ગુણોનાં બંધનમાં જે હોતો નથી તે જ કર્મમાંથી મુક્ત રહી શકે છે, એટલે કે કર્મબંધનથી છૂટે છે. અર્થાત્ જ્યારે ગીતા કહે છે કે 'જે માણસ કર્મમાં અકર્મ-સ્થિતિ અને અકર્મમાં પણ કર્મ ચાલુ રહે છે એમ જુએ છે તે માણસ ખરો બુદ્ધિમાન છે, સાચો જ્ઞાની છે,' ત્યારે ઉપર જણાવ્યું તે જ સત્ય તે ઉચ્ચારે છે. આ શ્લોકમાં રહેલા સત્યનો આધાર સાંખ્યમાં સ્વીકારાયેલા પુરુષ અને પ્રકૃતિ વચ્ચેના ભેદના પર રહેલો છે. સાંખ્યમાં પુરુષ મુક્ત, નિષ્ક્રિય, સદા-શાંત, સ્થિર, શુદ્ધ અને કર્મની અંદર પણ અવિકારી મનાયેલો છે અને પ્રકૃતિ નિત્ય ક્રિયાત્મક હોઈ તેના વેગપૂર્ણ દેખાતા કર્મના અશાંત પ્રવાહમાં તથા તેની જડતામાં એકસરખી રીતે તે પોતાનું કાર્ય કરતી હોય છે. આપણી વિવેકબુદ્ધિ વડે જવાય એટલે ઊંચે જવાનો પ્રયાસ કરતાં આ જ્ઞાન આપણને મળે છે, એટલે જે માણસ એ ભેદને બરાબર સમજે છે અને જ્ઞાનમાં એની ચેતના સ્થિર સ્થાપન થયેલી છે તે સાચા અર્થમાં 'બુદ્ધિવાળો,' 'વિવેકશકિત'વાળો કહેવાય છે — **स बुद्धिमान् मनुष्येषु**, અને નહિ કે કર્મની કિમત બાહ્ય, ક્ષણિક અને અનિશ્ચિત એવાં નિમ્ન બુદ્ધિનાં ધોરણોથી જ આંકવાવાળો ભ્રમિત ચિંતક. એટલે કે જે માણસ મુક્ત હોય છે તે કર્મ કરવાથી ડરતો નથી; તે તો સર્વ કર્મોનો કરનાર વિશાળ અને વિરાટ એવો કર્તા **कृत्स्नकर्मकृत्** હોય છે. અલબત્ત, એનાં કર્મો બીજાઓની પેઠે પોતાની અજ્ઞાન પ્રવૃત્તિને વશ થઈને કરેલાં હોતાં નથી; પરંતુ પ્રભુ જોડે એકતામાં રહીને શાંતિપૂર્વક, આત્માની નીરવ અવસ્થામાં સ્થિત થઈને કરેલાં હોય છે. એવાં કર્મોનો સ્વામી પ્રભુ હોય છે અને મુક્ત કર્મ કરનાર કર્મયોગી પોતે તો તેની પોતાની પ્રકૃતિ એ કર્મો કરવાના કરણ રૂપ હોવાને લઈને દિવ્ય કર્મોની માત્ર વાહિની જેવો બની રહે છે. અને એની પ્રકૃતિ પ્રભુ વિષે સચેતન હોઈ તે પ્રભુને જ વશ વર્તતી હોય છે. પ્રભુના એ જ્ઞાનની જાજ્વલ્યમાન તીવ્રતા અને વિશુદ્ધિની શિખામાં તેનાં સર્વે કર્મો બળીને ભસ્મ થઈ જાય છે; તથા તેનું મન એ કર્મોના કોઈ પણ ડાઘ વગરનું, નીરવ, સ્થિર, શ્વેત, અક્ષુબ્ધ અને શુદ્ધ રહે છે. આ પ્રમાણે કર્તૃત્વાભિમાનનો, 'હું કર્મોનો કર્તા છું' એવા ભાવનો ત્યાગ કરીને મુક્તિદાયક જ્ઞાન સહિત સર્વ કર્મો કરવાં એ મુક્ત કર્મ કરનારની નિશાની છે.

કામનાઓથી મુક્તિ એ મુક્ત કર્મ કરનાર યોગીની એક બીજી નિશાની છે, કારણ કે જ્યાં 'હું કર્તા છું' એવો અહંકાર હોતો નથી ત્યાં કામનાઓ હોવી અશક્ય બને છે. એવા માણસમાં ટેકાને અભાવે કામનાઓ નિર્બળ બનીને આપોઆપ મરી જાય છે; ક્રિયા વગર કામનાઓ ભૂખે મરી જાય છે. બાહ્ય દૃષ્ટિએ જોતાં, મુક્ત

માણસ બીજાઓની પેઠે જ કર્મોનો આરંભ કરતો જણાય છે ખરો, — કેટલીક વાર તો, વધારે મોટા પાયા ઉપર અને વધારે સમર્થ સંકલ્પશક્તિ અને પ્રેરણા સહિત તે કાર્યો આરંભે છે; કારણ કે પ્રભુની દિવ્ય શક્તિ તેની સક્રિય પ્રવૃત્તિ દ્વારા તેનામાં કાર્ય કરતી હોય છે, પરંતુ એના સર્વ સમારંભોમાંથી અને કાર્યોમાંથી કર્તૃત્વાભિમાનનો નિમ્ન ખ્યાલ અને કામના રૂપી નિમ્ન પ્રકૃતિની સંકલ્પશક્તિ સંપૂર્ણપણે ગેરહાજર હોય છે, એમને સંપૂર્ણપણે દેશવટો આપવામાં આવેલો હોય છે. **यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः** (૪.૧૯) 'જેના સર્વ કાર્યોના આરંભ કામનાના સંકલ્પથી રહિત હોય છે' એવો માણસ પોતાનાં કર્મોનાં ફળ માટેની આસક્તિનો પણ ત્યાગ કરે છે; પરંતુ જ્યારે ફળની ઇચ્છાનો ત્યાગ કરીને પોતે વ્યક્તિત્વશૂન્ય, તટસ્થ એવું પ્રભુનું હથિયાર થઈ રહે છે ત્યારે કામનાઓને સ્થાન મળતું જ નથી. એવો મુક્ત યોગી ખુદ ભગવદ્‌કાર્ય પણ વાસનાથી પ્રેરાઈને કરતો નથી. જે પ્રમાણે એવું કર્મ પ્રભુનું હોય છે તે પ્રમાણે તેનું ફળ પણ પ્રભુના હાથમાં છે, માણસની કામનાનું નથી એવી પ્રતીતિ તેને હોય છે જ. વળી મુક્ત કર્મ કરનાર માણસ પ્રભુને સંતોષવા ખાતર અથવા શાબાશી મેળવવા ખાતર કર્મો કરતો નથી, કારણ કે કર્મોનો સાચો કર્તા જ્યાં પ્રભુ પોતે જ હોય અને પ્રકૃતિમાં આવી રહેલી તેની શક્તિ દ્વારા પ્રભુ પોતે જ કાર્ય સાધતો હોય એમાં માણસને શો ધન્યવાદ ઘટે? મુક્તાત્માનાં મન અને પ્રાણ કર્મ કરવામાં અંગત ભાગ લેતાં નથી — **नैव किंचित् करोति सः** । એવો માણસ પોતાની પ્રકૃતિ દ્વારા કર્મો કરતો જણાય છે તો પણ તેની પ્રકૃતિ પ્રભુની સચેતન શક્તિથી સંચાલિત થઈને પોતે જ કાર્ય કરતી હોય છે.

પરંતુ એનો અર્થ એવો નથી કે જે કર્તવ્યકર્મ હોય તે સંપૂર્ણતાપૂર્વક સફળતા સાધવા માટે અને અંતિમ હેતુ સાધે એવા યોગ્ય ઉપાયનો આશ્રય લઈને કર્મયોગી કરતો નથી. ઊલટું આશા અને ભયના અંધાપામાં અને પાંગળી માનવબુદ્ધિના નિર્ણયથી તથા ઉતાવળી માનવ સંકલ્પશક્તિના, આતુર અશાંતિના વિકારને વશ થઈને કરેલાં કર્મો કરતાં પ્રભુ સાથે યોગમાં મુક્ત થઈને શાંતિપૂર્વક કરેલાં કર્મો વધારે સહેલાઈથી સંપૂર્ણતાવાળાં હોઈ શકે છે. એ બધું કર્મ પ્રભુની વિરાટ વૈશ્વિક શક્તિ વ્યક્તિના સ્વભાવમાં પોતાનું અપૌરુષેય કાર્ય કરીને સાધે છે. મુક્ત કર્મયોગી તો જાણે છે કે તેને આપવામાં આવેલી શક્તિ નિર્મિત ફળની પ્રાપ્તિને માટે પૂરતી નીવડશે જ, તથા જે કાર્ય કરવાનું છે તેની પાછળ પ્રભુનું દિવ્ય જ્ઞાન તથા તેની સંકલ્પશક્તિ પણ જાગ્રત રહેશે જ. એટલે એવા મુક્તાત્માની શક્તિની દિશા અને વેગ બન્ને પ્રભુના આદેશથી પરિમિત અને નિયત રહે છે. અર્થાત્ એની સંકલ્પશક્તિ એટલે એની પોતાની ઇચ્છા, વાસના કે કલ્પના નહિ હોય, પરંતુ એના પોતાના અંગત હેતુથી સ્વતંત્ર એવો કોઈ બીજો અંગત ઉદ્દેશ સાધવા માટે કાર્ય

કરી રહેલી વિરાટ ચૈતન્યશક્તિ હશે. એની શક્તિ અને દિશા બન્નેનું સંચાલન પ્રભુની દિવ્ય જ્ઞાનશક્તિ સૂક્ષ્મતાપૂર્વક કરતી હશે. એનાં કર્મોનું પરિણામ સ્થૂલ દૃષ્ટિએ લોકો જેને સફળતા કહે છે તે હોય અથવા લોકો જેને નિષ્ફળતા કહે છે તે પણ હોય; કર્મયોગીને મન તો જે ફળ મળે છે તે ઇષ્ટ જ હોય છે. અલબત્ત, ઇષ્ટ એટલે એની પોતાની વાંછના પ્રમાણેનું નહિ જ પરંતુ સર્વ કર્મ અને ફળના સર્વજ્ઞ વિધાતા પ્રભુ તરફથી નિર્મિત થયેલું તે ફળ હોય છે; કારણ કે કર્મયોગી વિજય મેળવવા માટે કર્મ કરતો નથી, પરંતુ પ્રભુની સંકલ્પશક્તિને — તેની ઇચ્છાને અને જ્ઞાનને પૂર્ણ કરવા માટે વર્તે છે. પ્રભુની દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય શક્તિ બહારની દેખીતી નિષ્ફળતા દ્વારા પણ પોતાનો હેતુ બહારની સફળતા પ્રાપ્ત કરીને સાધે છે તેટલા જ અને કેટલીક વાર તો તેનાથી પણ વધારે સામર્થ્યપૂર્વક સાધે છે. અર્જુનને યુદ્ધ કરવા માટે આજ્ઞા કરવામાં આવી છે તથા છેવટના વિજયની તેને ખાતરી પણ આપવામાં આવી છે, પરંતુ એની સમક્ષ આખરી પરાજય થવાનો સંભવ હોત તોપણ એણે તો યુદ્ધ કરવાનું જ હતું. કારણ કે શક્તિઓના જે મહાન સમૂહનો આશ્રય લઈને પ્રભુની ઇચ્છા પોતાની જેમ અચૂકપણે સાધે છે તેમાં એ કાર્ય અર્જુનને પ્રભુ તરફથી સોંપાયેલું છે.

મુક્ત આત્માને અંગત આશાઓ હોતી નથી. તે વસ્તુઓનો અંગત માલિક તરીકે, મિલકત તરીકે પરિગ્રહ કરતો નથી, પરંતુ પ્રભુની ઇચ્છા તેને જે આપે છે તેનો તે સ્વીકાર કરે છે. તે લોભ કરતો નથી, કોઈનો દ્વેષ પણ કરતો નથી. જે વસ્તુ તેની પાસે આવે છે તેનો આસક્તિ કે ધૃણા વગર તે સ્વીકાર કરે છે. જે કાંઈ તેની પાસેથી જતું રહે છે તેને વિરાટના મહાન સમૂહમાં તે ભળી જવા દે છે અને છતાં તેને પોતાને કશું ગુમાવ્યાની, નુકસાનની કે શોકની લાગણી થતી નથી. એનું હૃદય અને આત્મા સંપૂર્ણ સંયમમાં હોય છે, પ્રતિકાર્ય અને આવેગોથી તે મુક્ત હોય છે, બાહ્ય વસ્તુઓના સ્પર્શ પ્રત્યે તેનું હૃદય અશાન્ત પ્રતિકાર્ય કરી ઉછાળા મારી ઊઠતું નથી, કારણ કે એવા આવેશોથી તે મુક્ત હોય છે. એનું તો શારીરં કેવલં કર્મ — કેવળ શારીરિક કાર્ય હોય છે, બાકીનું બધું તેનામાં પ્રભુ તરફથી આવતું હોય છે, માનવની ભૂમિકામાં તેમની ઉત્પત્તિ થતી નથી તથા તેનાં શક્તિ, જ્ઞાન અને આનંદ દિવ્ય પુરુષોત્તમનાં શક્તિ, જ્ઞાન અને આનંદનાં પ્રતિબિંબ માત્ર હોય છે. એટલે આપણે કર્મ કરવા ઉપર અને તેના હેતુઓ ઉપર ભાર મૂકીને જેને 'આવેગ' અને 'પાપ' કહીએ છીએ એવા પ્રકારનાં પ્રતિકાર્ય તેના મનમાં અને હૃદયમાં ઉત્પન્ન થતાં નથી. પણ એટલે કાંઈ અમુક બાહ્ય કર્મ છે એવું નથી, પરંતુ વ્યક્તિની સંકલ્પશક્તિમાં, તેનાં મન, હૃદય અને ચિત્તમાં જે અશુદ્ધ પ્રતિકાર્ય કર્મ સાથે જન્મે છે, યા તો તે કર્મના કારણ રૂપ બને છે, એ પ્રતિકાર્યની અવસ્થાને પાપ કહેવામાં આવે છે. આધ્યાત્મિક વાસ્તવિકતા, અપૌરુષેય સત્ય તો અપાપવિદ્ધ,

'પાપથી નહિ વિંધાયેલું એવું' વિશુદ્ધ હોય છે. એવી અપૌરુષેય અવસ્થા જે કાંઈ કરે છે તે સર્વ કર્મને તે પોતાની વિશુદ્ધિ પણ અર્પે છે. આમ સર્વ કર્મોમાં આધ્યાત્મિક બિનંગતપાણું યાને તટસ્થતા હોવી એ મુકત કર્મ કરનારનું ત્રીજું લક્ષણ છે. જે પુરુષોએ અમુક મહત્તા અને વિશાળતા પોતાના જીવનમાં પ્રાપ્ત કર્યાં હોય છે તેઓ પોતાની અંદર, પોતાની મારફત કાર્ય કરી રહેલ કોઈ અપૌરુષેય શકિત અથવા તો દિવ્ય પ્રેમ, દિવ્ય શકિત યા તો જ્ઞાન વિષે સચેતન હોય છે, સભાન હોય છે. પરંતુ એ પુરુષો પોતાના માનવ-વ્યકિતત્વના દોષોથી, — કોઈ વાર તો ઉગ્ર કહેવાય એવા દોષોથી, -- સર્વથા મુકત હોતા નથી. પરંતુ મુકતાત્માને એ મુકિત મળી ગઈ હોય છે, કારણ કે તેણે પોતાના વ્યકિતત્વને પ્રભુના અપૌરુષેય સ્વરૂપમાં અર્પણ કરી દીધેલું હોય છે એટલે પછીથી એનું પોતાપણું પણ એનું પોતાનું રહેતું નથી. કારણ કે પુરુષોત્તમ એનો સ્વીકાર કરે છે અને વ્યકિતના સર્વ સાંત મર્યાદિત ગુણોનો મુકત રહીને અનંત પ્રકારે ઉપયોગ કરે છે છતાં તેમાંના કોઈથી તે મર્યાદિત થતો નથી. એવા મુકતાત્મા પ્રકૃતિના ગુણોનું પોટલું મટી જઈને આત્મસ્વરૂપ થાય છે. તથા પ્રકૃતિનાં કામો કરવા માટેનો આવશ્યક એવો વ્યકિતત્વનો જે આભાસ તેનામાં રહે છે તે પણ નિર્બંધ, વિશાળ, સ્થિતિસ્થાપક અને વિશ્વમય હોય છે. તે અનન્તનું મુકત બીબું અને તેનું વ્યકિતત્વ પુરુષોત્તમનું જીવંત આચ્છાદન થઈ રહે છે.

ઉપર જણાવ્યા પ્રમાણેનાં જ્ઞાન, નિષ્કામતા અને નિર્વૈયકિતકતાના પરિણામે આત્મામાં અને પ્રકૃતિમાં સંપૂર્ણ સમતા સ્થાપન થાય છે. અર્થાત્ સમતા એ મુકત કર્મ કરનારનું ચોથું લક્ષણ છે. આપણે જોયું કે તે જય-પરાજય, સફળતા-નિષ્ફળતા વગેરે દ્વન્દ્વો પ્રત્યે ક્ષુબ્ધ થયા વગર સમભાવથી જુએ છે, એટલું જ નહિ પરંતુ સર્વ પ્રકારનાં દ્વન્દ્વોથી તે અતીત થઈ જાય છે, એના અંતરમાં એ દ્વન્દ્વોનું સમાધાન થઈ જાય છે. સામાન્ય માણસો જે બાહ્ય લક્ષણો પર આધાર રાખીને પોતાની આંતર વૃત્તિને જગતની ઘટનાઓ પ્રત્યે સ્થિર કરે છે તે બધાં લક્ષણો મુકતાત્માને મન ગૌણ હોય છે અને એક કરણ તરીકે જ તેમની ઉપયોગિતા તે આંકે છે. એવો માણસ દ્વંદ્વ પ્રત્યે બેપરવા હોય છે એવું નથી, એમના પ્રત્યે તે આંખો મીંચતો નથી, પરંતુ તે પોતે અંતરમાં તેમનાથી પર રહે છે. જે માણસ કામનાને વશ હોય છે તેને મન સારી અને માઠી ઘટનાઓ બહુ અગત્યની લાગે છે, પરંતુ કામનારહિત દિવ્ય મુકતાત્માને મન તો એ બન્ને સરખાં સ્વીકાર્ય હોય છે. કારણ કે એ પ્રમાણે એ બન્નેના મિશ્ર કાર્યને લઈને સનાતન કલ્યાણની ગૂંથણી થતી આવે છે એમ તે જાણતો હોય છે. એવો માણસ પરાજિત થઈ શકતો નથી, કારણ કે પ્રકૃતિના કુરુક્ષેત્રમાં, — ક્રમેક્રમે ઉન્નતિને પ્રાપ્ત કરાવનાર ધર્મનો વિકાસ સાધતા જીવનરૂપી કર્મના ક્ષેત્રમાં, સઘળું હમેશાં પ્રભુના દિવ્ય

વિજય પ્રત્યે જ ગતિ કરી રહેલું તે જુએ છે. પણ એ ગતિમાન ધર્મક્ષેત્રમાં સતત ચાલી રહેલ યુદ્ધનો એકેએક પાસો એ કુરુક્ષેત્રના સ્વામીના (પ્રભુના) સર્વદર્શી જ્ઞાન વડે યોજાયેલો અને આલેખાયેલો હોય છે. પ્રભુ સર્વ કર્મોનો સ્વામી અને સર્વ ધર્મનો પાલક છે. આમ હોવાથી માણસોની નિંદા કે સ્તુતિ મુક્ત યોગીના પર અસર કરી શકતી નથી, તેમ માન કે અપમાન પણ તેને ચલિત કરતાં નથી. એનો ઉદ્દેશ જ એવો છે કે તે દુન્યવી વસ્તુઓના પર આધાર રાખીને વર્તતો નથી. માણસોની આપેલી કીર્તિ માટે તે દરકાર કરતો નથી, કારણ કે તેના અંતરમાં એ બાહ્ય ધોરણોના કરતાં ઘણી વધારે સ્પષ્ટતાથી જોનાર ન્યાયાધીશ જાગ્રત હોય છે. અને તેથી એનાં કર્મોનું ધોરણ જુદું જ હોઈ કોઈ પણ પ્રકારના ઐહિક બદલા પર તે પોતાનું ધોરણ યા ને પોતાની નજર રાખી શકતો નથી. ક્ષત્રિય તરીકે અર્જુન અપયશ અને અકીર્તિનો ત્યાગ કરી કીર્તિ અને વીરતાને વધારે પસંદ કરે અને બાયલા ગણાવા કરતાં મરણ પામવું વધારે શ્રેયસ્કર માને એ સ્વાભાવિક છે; કારણ કે પોતાની કીર્તિ અને વીરતાનું ધોરણ જાળવવું એ ક્ષત્રિયનો ધર્મ છે. પરંતુ મુક્તાત્મા તરીકે એ બધાં ધોરણોની જરા યે દરકાર કરવી અર્જુનને જરૂરી નથી. એને તો મુક્ત કર્તવ્યકર્મ — જે કર્મ પ્રભુ તેની પાસે માગી રહ્યા છે તે — કરવાનું છે. અને તે પ્રમાણે કર્મ કરીને તેનું પરિણામ પ્રભુને સોંપી દેવાનું છે. આ ભૂમિકાએ પહોંચ્યા પછી પાપ અને પુણ્યના વિચારોથી પણ તે પર થયો હોય છે, કારણ કે આત્માની સનાતન વિશુદ્ધિમાં અને સાન્નિત્યમાં તે સ્થિર થયો હોય છે. અહંતા, આવેશો અને કામનાઓનાં સખ્ત બંધનોને હળવું કરવા માટે વલખાં મારતા માનવઆત્માને માટે પાપ અને પુણ્યનાં ધોરણો એટલાં બધાં આવશ્યક થઈ પડેલાં હોય છે, કે તે એવા મુક્તાત્માના અંતરમાંથી ખરી પડે છે, એટલું જ નહિ, પરંતુ સત્કર્મોના આચરણથી વૃદ્ધિ પામનાર કે પાપથી ક્ષય પામનાર સદ્‌ગુણની, પુણ્યની ઊંચી સ્થિતિને-ઉન્નતિને તો શું પણ એક અવિભક્ત અને અવિકારી વિશુદ્ધિ-વાળી એવી નિઃસ્વાર્થ દિવ્ય પ્રકૃતિના શિખરને તે પ્રાપ્ત થયો હોય છે, જ્યાં પાપની અને પુણ્યની ભાવનાઓ અસ્થાને કે અપ્રસ્તુત બની જાય છે.

અર્જુન હજી અજ્ઞાનમાં છે એટલે એના અંતરમાં ધર્મ, ન્યાય વગેરે માનસિક આદર્શોનો સાદ સંભળાય એ સ્વાભાવિક છે. હમણાં જ યુદ્ધમાંથી વિરક્ત થઈ જવું — કુરુક્ષેત્રના યુદ્ધમાં ભાગ ન લેવો, એટલે તો પાપના ભાગીદાર થવું, કારણ કે એમ કરવાથી અધર્મનો વિજય થવાનો અને તેને પરિણામે જે દુઃખ, અન્યાય અને જુલમો માણસોને અને પ્રજાઓને સહન કરવાં પડે તેની જવાબદારી યુદ્ધ ન કરનારને ભાગે જાય એવી દલીલ તેનું મન કરે એ સંભવિત છે. અથવા તો એમ પણ બને કે હિંસાના, માનવોના સંહારના કાર્ય પ્રત્યે અર્જુનનું હૃદય ઘૃણા અનુભવે અને પરિણામે એની બુદ્ધિ એવી દલીલ કરે કે સર્વ પ્રકારનો રક્તપાત

સર્વ સ્થિતિમાં નર્યું પાપ છે, અને કોઈ પણ કારણે તેને વાજબી ઠરાવી શકાય તેમ નથી. ઉપર જણાવી તે વિચારશ્રેણીઓ માનવમાં રહેલ સદાચારની ભાવના અને બુદ્ધિ બન્નેને સરખી વાજબી, એટલે સરખો ધર્મયુક્ત લાગવાનો સંભવ છે. કોઈ પણ વ્યકિતની બુદ્ધિ યા તો સમાજની દૃષ્ટિ એ બેમાંની કઈ સ્વીકારે છે તેનો આધાર વ્યકિતના પોતાના બંધારણ ઉપર, તેની પરિસ્થિતિ ઉપર અને કામના ઉપર રહે છે. અથવા એમ પણ બને કે એનું અંતર અને પોતાની આબરૂની એની ભાવના એને પોતાના મિત્રોને સહાય કરવાને, તેમના દુશ્મનોથી વર્તવાને પ્રેરે એટલે કે સારા અને પ્રમાણિક માણસોનો પક્ષ લઈને જુલમી અને અધર્મીઓનો વિરોધ કરવાને તે પ્રેરાય એ પણ સંભવિત છે. મુકતાત્મા આવા પરસ્પર વિરોધી ધોરણોથી પર થઈ ગયેલો હોય છે. એ તો એટલું જ જુએ છે કે સ્થાપિત ધર્મને ટકાવવા માટે, અથવા તો ક્રમેક્રમે વિકાસ પામતા ધર્મની પ્રગતિ સાધવા માટે પ્રભુ તેની પાસેથી શેની માગણી કરે છે. એવા માણસને અંગત હેતુઓ સાધવાના હોતા નથી, એને પોતાને દ્વેષને કે પ્રેમને સંતોષવાનાં નથી હોતાં. કર્મ કરવાનું એનું ધોરણ એવું અક્કડ અને અફર નથી હોતું જે માનવજાતિની નમનીય પ્રગતિની આડે પોતાના ખડક જેવા નિશ્ચલ ધોરણથી માર્ગ રોકીને ઊભું રહે, અથવા તો વીફરીને અનન્તના સાદની સામે થાય. એને પોતાને તો અંગત દુશ્મનો પણ પ્રકૃતિના અને સંજોગોના બળને લીધે વિરોધ કરી નિયતિની, પ્રભુનિર્માણની, ગતિમાં સહાય કરનાર વ્યકિત તરીકે જ દેખાય છે. તેમના પ્રત્યે ક્રોધની કે વેરની લાગણી તેનામાં હોતી નથી; કારણ કે દૈવી સ્વભાવ માટે દ્વેષ અને ક્રોધ એ વિજાતીય તત્ત્વો છે. આસુરી પ્રકૃતિમાં પોતાનો વિરોધ કરનાર વસ્તુના ચૂરા કરવાની, તેનો વિનાશ કરવાની એ વિનાશક વૃત્તિ હોય છે. રાક્ષસી પ્રકૃતિમાં કતલ કરવાની જે ઘોર વાસના હોય છે તે એવા મુકતાત્માના પ્રેમમાં અને શાંતિમાં, અને સર્વગ્રાહી સહાનુભૂતિમાં સંભવિત જ નથી; કોઈને પણ હાનિ કરવાની એને ઇચ્છા જ હોતી નથી. ઊલટું, એને સર્વ પ્રાણી પ્રત્યે સહાનુભૂતિ અને મૈત્રી હોય છે, मैत्रः करुण एव च । પરંતુ એની કરુણા પણ દિવ્ય મુકતાત્માની એટલે કે ઉદાસીનપણે ઊર્ધ્વમાં સ્થિર થઈ ત્યાંથી નીચે માનવચેતના પ્રત્યે જોનારની કરુણા હોય છે. તે સર્વને પોતાના આત્મામાં જુએ છે પરંતુ તેના હૃદયમાં અને પ્રાણમાં તથા શરીરમાં યુદ્ધ પ્રત્યે જે ધૃણા જન્મે છે અને માણસોની દયાનું જે સામાન્ય સ્વરૂપ હોય છે તે એનામાં હોતાં નથી. વળી, શારીરિક જીવનને પણ તે બહુ અગત્યનું ગણતો નથી. તે તો દેહથી પર રહેલા આત્માના જીવનને જુએ છે અને સ્થૂળ શારીરિક જીવનને તે કેવળ ગૌણ કરણ તરીકે જ ગણે છે. એવો મુકતાત્મા યુદ્ધ કે વિનાશ કરવા માટે ઉતાવળો કે અધીરો થતો નથી; પરંતુ જો ધર્મના માર્ગમાં યુદ્ધ કરવાનું આવે છે તો તેને તે સ્વીકારે છે અને એવો સ્વીકાર કરતાં પણ જે વિપક્ષીઓનાં સત્તા અને વર્ચસ્વ પ્રાપ્ત કરવાના

આનંદનો તેણે વિનાશ કરવાનો હોય છે, જેમના વિજયનો આનંદ તેણે હરણ કરવો પડે છે તે વિરોધીઓ પ્રત્યે પણ તેનું અંતર વિશાળ સમતા અને સંપૂર્ણ સમાધાનવૃત્તિ ધરાવે છે.

કારણ કે સર્વમાં મુકતાત્મા બે વસ્તુઓ જુએ છે : પ્રથમ, સર્વમાં સમાનભાવે વ્યાપી રહેલા પ્રભુને, અને બીજું, ફકત તાત્કાલિક પરિસ્થિતિની અંદર જ અસમાન એવા પ્રભુના વિકારી આવિર્ભાવને. એટલે કે પ્રાણીમાં તથા મનુષ્યમાં, શ્વાનમાં તથા અશુદ્ધ એવા ચાંડાળમાં, વિદ્યાવાન્ તથા સદ્‌ગુણી બ્રાહ્મણમાં, સાધુમાં અને પાપીમાં, ઉદાસીન માણસોમાં, મિત્રોમાં તથા શત્રુમાં, એના પ્રત્યે પ્રેમ રાખનાર અને એને લાભ કરનારમાં તથા એનો દ્વેષ કરી એને હાનિ કરનારમાં — સર્વમાં તે પોતાના આત્માને જુએ છે; સર્વમાં વાસુદેવને જુએ છે અને એ સર્વ પ્રત્યે તેના હૃદયમાં સમાન માયાળુતા અને સમાન દિવ્ય પ્રેમ હોય છે.*

સંજોગોને લઈને બાહ્ય દૃષ્ટિએ પરસ્પર પ્રેમ અથવા વિરોધનો નિર્ણય થાય છે, પરંતુ એની સમાન દૃષ્ટિમાં, વિશાળ હૃદયમાં અને અંતરના પ્રેમમાં જરા પણ ફેર પડતો નથી. તેના પ્રત્યેક કાર્યમાં આત્માનું તત્ત્વ હમેશાં હાજર હશે અને તેના કર્મનું પ્રેરક તત્ત્વ પણ એ પ્રભુની ઇચ્છા હશે અને તે તેની અંદર સક્રિય બનીને ક્રમેક્રમે પ્રભુ પ્રત્યે પ્રગતિ કરી રહેલ માનવજાતિની કોઈ જરૂર પૂરી પાડતી તે અનુભવશે.

વળી મુકત કર્મ કરનારમાં દિવ્ય ચેતનાની અંદર સદા હોય છે તેવાં આંતર આનંદ અને શાંતિ સંપૂર્ણપણે હાજર હોય છે અને એ આનંદ અને શાંતિ જગતની કોઈ પણ બાહ્ય વસ્તુ પર આધાર રાખીને જન્મતાં નથી, યા તો નભતાં નથી. એ બન્ને ગુણો કેવળ સ્વાભાવિક અને સ્વયંભૂ હોઈ આત્મતત્ત્વની ચેતનાના પદાર્થ રૂપ, તેના સત્ત્વ રૂપ હોય છે, અને દિવ્ય માનવની તો એ પ્રકૃતિ બની રહે છે. સામાન્ય માણસના સુખનો આધાર બાહ્ય વસ્તુઓ પર હોય છે અને તેટલા માટે તેનામાં કામનાઓ ઉદ્‌ભવતી હોય છે, અને તેને લઈને ક્રોધ, આવેશ, સુખ, દુઃખ, હર્ષ, શોક વગેરે પણ તેને થાય છે. એવો માણસ પ્રત્યેક વસ્તુને સુભાગી અને દુર્ભાગી તરીકે જ તોળે છે. પરંતુ મુકત કર્મ કરનાર માણસના ઉપર એમાંની કોઈ વસ્તુની અસર થતી નથી. તે તો नित्यतृप्तो निराश्रयः । 'નિત્ય તૃપ્ત અને બાહ્ય વસ્તુઓ ઉપર આધાર નહિ રાખનારો' હોય છે. તેનાં આનંદ, સુખ, આરામ અને સમતા તેના આત્માની અંદર જ શાશ્વત રહેલાં હોય છે, — એની ચેતનામાં જડેલાં હોય છે. ગીતાની ભાષામાં તે आत्मरति (૩.૧૭) તથા अन्तः सुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः । (૫.૨૪) હોય છે. એવો માણસ બાહ્ય વસ્તુઓમાં પણ જે

---

*विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ।। (૫,૧૮)

આનંદ લેતો જણાતો હોય છે તે તેના સ્થૂલ સ્વરૂપને ખાતર નહીં. એ વસ્તુમાં તે કંઈક આનંદ આપી શકે એવું પ્રામવ્ય શોધે છે — તેને તે તેમાં ન પણ મળે — જેની પ્રાપ્તિથી તે આનંદ અનુભવે છે એવું હોતું નથી, પરંતુ વસ્તુઓમાં રહેલા સનાતન આત્માની ખાતર આનંદ અનુભવે છે, એ વસ્તુઓ પ્રભુનો જે આવિર્ભાવ કરતી હોય છે તે આવિર્ભાવનો આનંદ તે અનુભવે છે. એટલે કે, એ વસ્તુઓમાં જે તત્ત્વ સનાતન હોય છે તેનો એ આનંદ અનુભવે છે. તે આનંદ તેને ન મળે, તે આનંદની તેને ગેરહાજરી લાગે એવું તો બની શકે જ નહીં. એ વસ્તુઓના બાહ્ય સ્પર્શની આસક્તિને લઈને તે આનંદ થતો હોય છે એવું નથી. પરંતુ તેને પોતાના આત્માની અંદર જે આનંદ અનુભવાય છે તે જ આનંદ તે બહાર પણ સર્વત્ર અનુભવે છે, કારણ કે તેનો આત્મા એ વસ્તુઓનો પણ આત્મા હોય છે, સર્વ ભૂતોના આત્મા સાથે તે એકતાને પામેલો હોય છે, કારણ કે સર્વ પ્રકારના ભેદો છતાં એક અને સમ એવા બ્રહ્મમાં તે યુકત થયેલો હોય છે — **ब्रह्मयोगयुक्तात्मा, सर्व भूतात्मभूतात्मा** । બાહ્ય સ્પર્શમાં સુખની લાગણી થવાથી તે હર્ષ પામતો નથી, દુ:ખ થવાથી તે શોક પામતો નથી. શત્રુના ઘાથી મિત્રના કે પરિસ્થિતિના ઘાથી બહિર્દર્શન કરનાર તેના મનની દૃઢતાનો ભંગ થતો નથી, યા તો તેમનો સ્વીકાર કરનાર હૃદયમાં ભ્રમ ઉત્પન્ન થતો નથી, એવો આત્મા ઉપનિષદની ભાષામાં **अव्रण-** 'ઘા વગરનો' હોય છે, એને તો સર્વ વસ્તુઓમાં સરખો અને અવિનાશી આનંદ પ્રામ થાય છે. **सुखम् अक्षयमश्नुते** ।

એ સમતા, તટસ્થતા, અપૌરુષેયતા, શાન્તિ, આનંદ અને મુકિત કર્મના કરવા કે ન કરવા ઉપર જરા પણ આધાર રાખતાં નથી. ગીતા વારંવાર આંતર અને બાહ્ય સંન્યાસ વચ્ચે **त्याग** અને **संन्यास**માં રહેલા ભેદના ઉપર ઘણો ભાર મૂકે છે. ત્યાગ વગરનો સંન્યાસ નકામો છે અને આંતર ત્યાગ વિના સાચો સંન્યાસ પ્રામ કરવો લગભગ અશકય છે. જયારે અંતરની મુકિત પ્રામ થાય છે ત્યારે બાહ્ય સંન્યાસ આવશ્યક કે અનિવાર્ય રહેતો નથી. ખરું જોતાં, અંતરથી ત્યાગ કરવો એ જ સાચો અને પૂરતો સંન્યાસ છે.

'જે માણસ દ્વેષ કરતો નથી તથા જેનામાં કામનાઓ નથી તે માણસને નિત્ય સંન્યાસી સમજવો; **द्वंद्व**માંથી મુકત થયેલો તે સુખપૂર્વક અને સહેલાઈથી બંધનમાંથી મુકત થઈ જાય છે.' બાહ્ય સંન્યાસ તો **दु:खम् आप्तुम्**, મુશ્કેલીથી પ્રામ કરી શકાય એવો કષ્ટસાધ્ય છે. એના અનુસરણમાં મુશ્કેલીઓ રહેલી હોય છે. એ માર્ગ અનાવશ્યક છે એમ ગીતા કહે છે. અંતરમાં ત્યાગભાવના હોય તો બાહ્ય સંન્યાસ લેવાની જરૂર પડતી નથી. ખરું છે કે સર્વ કર્મોનો તથા કર્મના ફળની ઇચ્છાનો સંપૂર્ણ સંન્યાસ થવો જોઈએ. પરંતુ એ સંન્યાસ અંદરનો છે, બહારનો નથી; પ્રકૃતિની જડતાવાળો, તમોગુણી સ્થિતિને એ અર્પણ કરવાનો નથી, પરંતુ યજ્ઞ રૂપે પ્રભુમાં

એ શ્રદ્ધાનો સંન્યાસ કરવાનો હોય છે. અપૌરુષેય — અક્ષર — બ્રહ્મ જેની સ્થિરતા અને શાંતિનો ભંગ કર્યા વિના કર્મો ઉદ્‌ભવે છે તે અક્ષરમાં એ સઘળાંનો સંન્યાસ કરવાનો હોય છે. બ્રહ્મમાં કર્મને સમર્પણ કરવાં એ તેમનો સાચો સંન્યાસ છે.૧

'જે માણસ આસક્તિનો ત્યાગ કરીને, બ્રહ્મમાં સર્વ કર્મોને અર્પણ કરીને વર્તે છે તેને, કમળપત્રને જેમ પાણી સ્પર્શ કરતું નથી તેમ, પાપ સ્પર્શ કરી શકતું નથી.' તેટલા માટે યોગીઓ પ્રથમ 'કાયા વડે, મન વડે, બુદ્ધિ વડે, અથવા તો કેવળ ઇન્દ્રિયો વડે કર્મ કરે છે, ફળની આસક્તિનો ત્યાગ કરીને કેવળ આત્મશુદ્ધિને અર્થે તેઓ કર્મ કરે છે.'૨

એ પ્રમાણે 'કર્મના ફળની આસક્તિનો ત્યાગ કરીને, બ્રહ્મ સાથે આત્માની એકતા સાધીને, — બ્રહ્મ સાથે યુક્ત થઈ કર્મ કરનાર યોગી બ્રહ્મની દૃઢ શાન્તિને પામે છે, પરંતુ એવી અનાસક્તિ અને બ્રહ્મ સાથેની એકતા વિનાનો ફળની ઇચ્છાવાળો માણસ કર્મ કરતાં બંધાય છે.'૩

એ પ્રમાણે શુદ્ધિ, શાન્તિ અને આધ્યાત્મિકતાનો પાયો મજબૂત કરીને દેહને ધારણ કરનાર મુક્તાત્મા પોતાના સ્વભાવને સંયમમાં રાખી સર્વ કર્મોનો — અંતરથી, નહિ કે બાહ્ય — ત્યાગ કરી 'નવ દ્વારવાળા દેહ રૂપી પુરમાં કર્મો કર્યા વિના કે કરાવ્યા વિના સ્થિર બેસે છે,' नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन्. કારણ કે તેનો આત્મા સર્વમાં વ્યાપી રહેલા અપૌરુષેય પ્રભુ અને વિભુ રૂપ થઈ રહે છે. સર્વવ્યાપી પ્રભુ અપૌરુષેય તરીકે જગતનાં કાર્યોને અથવા તો કર્તૃત્વના ભાવને ઉત્પન્ન કરતો નથી. તે જ પ્રમાણે કર્મ તથા તેનાં ફળ વચ્ચેના સંબંધને, તેની આસક્તિને પણ તે ઉત્પન્ન કરતો નથી, તથા કાર્ય-કારણની સાંકળને તે બનાવતો નથી. એ બધું માણસના સ્વભાવમાંથી થતું હોય છે. સ્વભાવનો શબ્દાર્થ જ સ્વ ને એટલે આત્માને, भाव એટલે અભિવ્યકત કરનાર એવો થાય છે. સર્વવ્યાપી અપૌરુષેય વિભુ પ્રાણીના પાપનો કે પુણ્યનો સ્વીકાર કરતો નથી. એ વસ્તુઓ તો માનવના અજ્ઞાનમાંથી જન્મે છે, — એના કર્તૃત્વાભિમાન વડે — હું કર્તા છું એવા અભિમાન વડે તે પોષાય છે, — એનું પોતાનું પ્રભુત્વ વીસરાઈ જવાને લીધે તે વધે છે.

---

૧ ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ।। (૫,૧૦)

૨ कायेन मनसा बुद्धया केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ।। (૫,૧૧)

૩ युक्तः कर्मफलं त्यक्त्वा शांतिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ।। (૫,૧૨)

પ્રકૃતિના ગુણોમાં લેપાયાથી — મગ્ન થઈ જવાથી તેને પુષ્ટિ મળે છે.[૧] અજ્ઞાન રૂપી અંધકારના આવરણમાંથી જ્યારે માનવના અંતરમાં આત્મજ્ઞાન પ્રગટે છે ત્યારે એ જ્ઞાન રૂપી સૂર્ય તેનામાં રહેલા આત્માને પ્રકાશિત કરે છે અને ત્યારે તે મુકતાત્મા આત્મા તરીકે પોતાની જાતને પ્રકૃતિનાં સર્વ કરણોથી પર અનુભવે છે. પ્રકૃતિનાં કાર્યોથી તેના પોતાના સાચા સ્વરૂપમાં બિલકુલ વિકાર થતો નથી એમ તે જુએ છે; કારણ કે તે પોતે શુદ્ધ અનન્ત અવ્યય અને અવિકારી હોય છે અને એ પ્રમાણે તટસ્થ આત્મા જોડે એકતા કરવાથી જન્મ-મરણ રૂપી પ્રકૃતિના હેરા-ફેરામાંથી તે મુકત થાય છે.

છતાં પણ તેની એ મુકિત મુકતાત્માને કર્મ કરતાં અટકાવતી નથી. કર્મ કરતો હોવા છતાં તે જાણે છે કે 'હું પોતે કર્મ કરતો નથી પરંતુ પ્રકૃતિના ગુણો કાર્ય કરે છે.' તત્ત્વને જાણનાર પુરુષ જેણે પોતાની ચેતનાને અપૌરુષેય અક્ષર જોડે યુકત કરી છે તેણે જાણવું જોઈએ કે 'હું કાંઈ પણ કરતો નથી.' नैव किंचित् करोमीति युक्तो मन्येत तत्त्ववित् त्रिगुणातीत (૫.૮) 'એ પ્રમાણે સ્થિર એકતાનો ભાવ સાંભળતાં, જોતાં, સ્પર્શ કરતાં, સ્વાદ લેતાં, ખાતાં, હાલતાંચાલતાં, ઊંઘતાં અને શ્વાસ લેતાં, બોલતાં, ત્યાગ કરતાં અને સ્વીકાર કરતાં, આંખોના પલકારાઓ મારતાં પણ તેણે જાગ્રત રાખવાનો હોય છે, તે જાણતો હોય છે કે ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવર્તે છે.'[૨] એ પોતે તો અક્ષર, અવિકારી, પુરુષમાં સ્થિર રહીને ત્રણે ગુણોથી પર ત્રિગુણાતીત હોય છે. એ પોતે તો સાત્ત્વિક, રાજસિક કે તામસિક કાંઈ પણ હોતો નથી. પોતાનાં કાર્યોમાં થતી ગુણોની વધઘટને, તેમના વિવિધ વિકારોને તે નિર્લિપ્ત રહીને જોયા જ કરે છે. સત્ત્વગુણની જ્ઞાન અને સુખના સંવાદની લીલાને, રજોગુણનાં પ્રકૃતિ અને વેગને, તમોગુણનાં આરામ અને જડતાને તે અલિપ્ત રહીને જુએ છે. ત્રણે ગુણોને એ પ્રમાણે નિર્લિપ્તપણે જોનાર એવી ચેતનાની ત્રિગુણાતીત દશા એ પણ મુકત કર્મ કરનાર માણસની એક નિશાની છે. પરંતુ આ વિચારને એકલો અને અટૂલો સ્વીકારવા જતાં પ્રકૃતિની યાંત્રિક નિયતિ અને આત્માની સંપૂર્ણ બિનજવાબદારી તથા અતડાપણું જ ફલિત થાય. પરંતુ સિદ્ધાંતની એ અપૂર્ણતાને ગીતા પુરુષોત્તમ ભાવનો સ્વીકાર કરીને

---

૧ न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ।। (૫,૧૪)

૨ पश्यन् शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ।
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तंत इति धारयन् ।। (૫.૯)

(વિચારદોષને) દૂર કરે છે. પ્રકૃતિ જે કર્મોનું નિર્માણ કરતી હોય છે તે છેવટે જોતાં કેવળ યાંત્રિકપણે કરતી નથી એ વાત ગીતા સ્પષ્ટ કરે છે; પ્રકૃતિને પ્રેરણા આપનાર પુરુષોત્તમની ઇચ્છા, તેની સંકલ્પશક્તિ છે, જેણે પોતે ખરું જોતાં ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી મૂકયા છે, અર્જુન જેનું કેવળ માનવરૂપી કરણ છે તે વિશ્વાત્મા, તે પરાત્પર પુરુષોત્તમ પ્રકૃતિની સર્વ ક્રિયાઓનો સ્વામી છે. આગળ જણાવ્યા પ્રમાણે 'અપૌરુષેય અક્ષરમાં પોતાનાં કર્મોનિ સ્થાપન કરવાથી હું કર્મોનો કર્તા છું' એવા કર્તૃત્વના અભિમાનથી માનવ મુકત થાય છે. પરંતુ આપણે તો સર્વભૂતમહેશ્વર સર્વ ભૂતોના ઈશ્વરને એ કર્મો અર્પણ કરવાં એ જ અંતિમ ઉદ્દેશ છે. "મારામાં સર્વ કર્મોનો સંન્યાસ કરી દઈ ચેતનાને આત્માની જોડે એક કરીને તારી પોતાની અંગત ઇચ્છાઓ અને આશાઓને છોડી દઈને 'હું' અને 'મારું'ના ખ્યાલમાંથી મુકત થઈને તારા આત્માના જ્વરનો ત્યાગ કરીને યુદ્ધ કર, જગતમાં મારી ઇચ્છાને પાર પાડ."[૧] સમસ્ત કર્મના હેતુઓ અને પ્રેરણાઓ તથા તેમનું નિર્માણ પ્રભુ તરફથી થાય છે; બ્રહ્મમાં અપૌરુષેયતાને — અક્ષરતાને પ્રાપ્ત થયેલો માનવ પ્રભુની દિવ્ય શકિતનું શુદ્ધ અને નીરવ વાહન બની રહે છે. પ્રભુની એ દિવ્ય શકિત પ્રકૃતિની સામાન્ય ગતિમાં પણ પોતાની દિવ્ય ગતિને — દિવ્ય ક્રિયાને સિદ્ધ કરે છે, પાર પાડે છે. મુકત કર્મો કરનારનાં કર્મો આવાં હોય છે, કારણ કે કોઈ પણ કાર્યમાં તેની પ્રવૃત્તિ અંગત આરંભથી થતી નથી. સિદ્ધ કર્મયોગીનાં કર્મો એ પ્રકારનાં હોય છે. તેના મુકત આત્મામાંથી તેનાં કર્મો ઉત્પન્ન થાય છે અને કશો પણ વિકાર પાછળ મૂકયા વિના પાછાં લય પામી જાય છે, જેમ સચેતન અવિકારી ગહનતાવાળા સમુદ્રની સપાટી ઉપર મોજાંઓ થાય છે અને લય પામે છે તે જ પ્રમાણે.[૨]

---

૧ मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशिर्निर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ।। (૩,૩૦)

૨ गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ।। (૪,૨૩)

સમતા

મુક્ત આત્માનાં લક્ષણો આપણે જોઈ ગયા : જ્ઞાન, નિષ્કામતા, વ્યક્તિત્વનો લોપ, સમતા, અંતરમાં સદા સ્વયંભૂ શાંતિ અને આનંદની હાજરી — અનુભૂતિ, પ્રકૃતિના ત્રણ ગુણોની પરસ્પર ગૂંચવાયેલી ગ્રંથિની અસરમાંથી મુક્તિ, અથવા તો, કાંઈ નહિ તો, એના પ્રત્યે ઉદ્-આસીનતા — ઊર્ધ્વમાં ચેતનાની પ્રતિષ્ઠા — એ મુક્ત આત્માનાં લક્ષણો છે, જે એની સર્વ પ્રવૃત્તિઓમાં સદા હાજર હોવાં જોઈએ. આ જગતમાં ક્રિયાઓનો, આઘાતોનો, તથા અસંખ્ય શક્તિઓનો પરસ્પર જે સંગ્રામ મુક્તાત્માની આજુબાજુ ચાલી રહેલો છે તેની વચ્ચે જે અવિકારી શાંતિ અને સ્થિરતા તે જાળવી રાખે છે તે એ લક્ષણોનેં આભારી હોય છે. મુક્તાત્માની એ સ્થિરતા સર્વ પ્રકારના વિકારોની વચ્ચે બ્રહ્મના સમત્વયુક્ત અવિકારીપણાને પ્રતિબિંબિત કરે છે, અને આ વિશ્વની સર્વ પ્રકારની વિવિધતામાં, — અસંખ્ય અનેકત્વમાં પણ જે અવિભાજ્ય અને તટસ્થ અદ્વૈત વ્યાપીને રહેલું છે તેનો એ ગુણ છે, તેમાંથી એ આવે છે. કારણ કે એ અદ્વૈત જગતના અસંખ્ય ભેદો અને અસમાનતાઓની વચ્ચે રહેલ સમ અને અને સર્વને સમાન તરીકે જોનાર બ્રહ્મ પોતે છે. બ્રહ્મની સમતા એ જ સાચી અને એકમાત્ર સમતા છે, કારણ કે એ બ્રહ્મ સિવાયની બીજી બધી વસ્તુઓમાં સરખાપણું હોઈ શકે, તડજોડ કે બાંધછોડ હોવી શકય છે, યા તો સમતુલા હોઈ શકે, પરંતુ વધારેમાં વધારે પરસ્પર સમાનતાવાળા પદાર્થોમાં પણ આપણને કાંઈક ને કાંઈક અસમાનતાનો ભેદ દેખાય છે તથા જગતમાં જે સમતુલા તડજોડ કરીને સાધવામાં આવે છે તે અસમાન વજનોને ભેગાં કરીને એક પલ્લામાં મૂકવાથી જ સાધી શકાય છે.

આમ હોવાથી પોતાના કર્મયોગનાં તત્ત્વોમાં ગીતા સમતાને આટલી બધી ભારે અગત્ય આપે છે. મુક્તાત્માને માટે જગત સાથે મુક્ત વ્યવહાર કરવાનું સાધન સમતા છે. આત્મજ્ઞાન, નિષ્કામતા, નિર્વૈયક્તિકતા, આનંદ, મુક્તિ પ્રકૃતિના ત્રણ ગુણોથી સ્વતંત્રતા, એ બધાં તત્ત્વો જ્યારે પોતાનામાં, અંદરની બાજુએ આકર્ષાયેલાં હોય ત્યારે તેમને સમતાની જરૂર જ હોતી નથી. કારણ કે આત્મવિહીન અવસ્થામાં સમતા અને અસમતા વચ્ચેનો વિરોધ જે સ્થિતિમાં ઉપસ્થિત થાય છે, તે અવસ્થાને જ માનવ જાણતો નથી, પરંતુ આત્મા જેવો

પ્રકૃતિનો કાર્યમાં રહેલી અનંત વિવિધતાઓ, વ્યક્તિઓ, ભેદો અને અસમાનતાઓ પ્રત્યે દૃષ્ટિ કરે છે કે તુરત જ સમતાનો આવિર્ભાવ કરીને મુક્તાત્માના પોતાનામાં રહેલાં અન્ય લક્ષણોને સક્રિય બનાવવાં પડે છે, સાકાર કરવાં પડે છે. જ્ઞાન એટલે એકમેવાદ્વિતીય બ્રહ્મ સાથે આપણી એકતાનું ભાન, અને વિશ્વનાં અનેક જુદાંજુદાં પ્રાણીઓ અને સત્-તાઓ સાથેના સંબંધમાં એ એકતા સમાન એકતાને રૂપે પ્રગટ થવી જોઈએ. વ્યક્તિત્વનાં બંધનમાંથી મુક્તિ એટલે અવિકારી અવ્યય આત્માની પોતાના અનંતવિધ વ્યક્તિતાઓના અનંત વિકારોથી પર એવી અવસ્થા—શ્રેષ્ઠતા. વિશ્વમાં જે અસંખ્ય વ્યક્તિઓ છે તેમની સાથેના વ્યવહારમાં તેણે સમ અને તટસ્થ બ્રહ્મ તરીકે સર્વ સાથે વર્તન યા વ્યવહાર કરવાનો હોય છે, પછી એવા મુક્તાત્માનો વ્યવહાર એનું વર્તન જુદીજુદી પરિસ્થિતિમાં તેને પ્રગટ થવાની ફરજ પડે છે તેને લઈને, અથવા તો સંબંધોની વિવિધતાને લઈને ભલેને ગમે તેટલું વિવિધતાવાળું, — વિવિધતાના બીબામાં ઢળાતું જણાય. શ્રીકૃષ્ણ ગીતામાં એ જ પ્રમાણે કહે છે : એ કહે છે કે 'મને કોઈ પ્રિય છે એવું નથી, હું કોઈનો દ્વેષ કરતો નથી, સર્વ પ્રત્યે આત્મામાં હું સમાન છું.' છતાં ભક્ત એની ખાસ કૃપાનું પાત્ર બનતો હોય છે, કારણ કે એણે જે સંબંધ સ્થાપન કરેલો છે તે વિશિષ્ટ પ્રકારનો છે. અને ઈશ્વર સર્વ પ્રાણીઓનો તટસ્થ સ્વામી છે. છતાં પ્રત્યેક આત્માને તેને પોતાને માર્ગે પ્રભુ મળે છે. નિષ્કામતા એટલે કામનાના જુદાજુદા પદાર્થોનું સંકુચિતતા પેદા કરનારું જીવનમાં જે આકર્ષણ હોય છે તેનાથી અપરિમેય એવો બ્રહ્મ પર છે, શ્રેષ્ઠ છે એવું નિશાન. જ્યારે જ્યારે મુક્તાત્માને એ પદાર્થો સાથે સંબંધમાં આવવાનું થાય ત્યારે ત્યારે આત્માની એ શ્રેષ્ઠતા, — પદાર્થોની પ્રાપ્તિની વૃત્તિ પ્રત્યે સમ અને તટસ્થ ઉદાસીનતા રૂપે, યા તો સર્વમાં, કે સર્વ પ્રત્યે, તટસ્થ — અનાસકત એવા આનંદ રૂપે પ્રગટ થવી જોઈએ. એવી આત્માની શ્રેષ્ઠતા સ્વયંભૂ હોવાથી પદાર્થની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ ઉપર તે બિલકુલ આધાર રાખતી નથી. ખરું જોતાં, એ અવિચલિત અને અવિકારી — અવ્યય રહે છે. આત્માનો આનંદ એની પોતાની અંદર જ હોય છે, અને એ આનંદને અન્ય પદાર્થો અને પ્રાણીઓ સાથે સંબંધમાં આવવું હોય તો ઉપર જણાવી તેવી સમતાપૂર્વક જ તે પોતાની મુકત આધ્યાત્મિકતાને પ્રગટ કરી શકે. ત્રિગુણાતીત, એટલે પ્રકૃતિના ત્રણે ગુણોથી પર એવી સ્થિતિ — એટલે અવિચલિત બ્રહ્મની પ્રકૃતિના ગુણોના સતત ક્ષુબ્ધ અને અસમાન કાર્યથી પર શ્રેષ્ઠતા, — ઊર્ધ્વમાં અલિપ્ત રહેવાની શકિત. જો એણે પ્રકૃતિની પરસ્પર અથડતી અને અચમાન એવી પ્રવૃત્તિ જોડે સંબંધ રાખવો હોય, જો મુકત આત્મા પોતાની પ્રકૃતિને લેશ પણ કર્મ કરવાની અનુમતિ આપવાનો — આપનારો

—હોય તો એણે સર્વ પ્રવૃત્તિઓ, સઘળાં પરિણામો કે ઘટનાઓ પ્રત્યે તટસ્થ સમતા ધારણ કરીને પોતાની એ શ્રેષ્ઠતાને પ્રગટ કરવી જોઈએ.

સમતા ઉપર જણાવેલી શ્રેષ્ઠતાની નિશાની છે, અને નવા સાધકને માટે એ એક કસોટી પણ છે. જ્યાં આત્મામાં અસમતા છે ત્યાં પ્રકૃતિના ગુણોની અસમાન લીલા કાયમ છે એનો એ પુરાવો છે; કામનાનું કાર્ય હજી ચાલે છે, પોતાની અંગત સંકલ્પશક્તિનું, લાગણીઓનું અને કર્મનું ચલણ હજી ચાલે છે, હર્ષ અને શોકની ક્રિયા અથવા તો એક પ્રકારનો ક્ષોભ ઉત્પન્ન કરનાર એવો મુખ્ય આનંદ ત્યાં છે, જે સાચો આધ્યાત્મિક આનંદ નથી, — જે એક પ્રકારની માનસિક સંતોષની લાગણી હોય છે અને એની પાછળ અનિવાર્યપણે માનસિક અસંતોષની લાગણી એના પૂરક તરીકે, અથવા તો પ્રતિકાર્ય તરીકે આવ્યા વગર રહેતી નથી. જ્યાંજ્યાં આત્માની અસમતા છે ત્યાંત્યાં જ્ઞાનનો લોપ છે, જ્ઞાનમાંથી ચલિત થયેલી સ્થિતિ છે, સ્ખલન છે અને સર્વને પોતાનામાં સમાવનાર, સર્વનું સમાધાન કરી આપનાર બ્રહ્મની એકતાની અને સર્વ પદાર્થના અદ્વૈતની સ્થિર સ્થિતિનો લોપ થયો છે એમ જાણવું. આ સમતાને લઈને પોતાનાં કર્મની વચ્ચે રહેલો હોવા છતાં કર્મયોગી જાણતો હોય છે કે પોતે મુક્ત છે.

આ પ્રમાણે ગીતાનો ઉપદેશ સમતાના તત્ત્વને લઈને લાક્ષણિક બને છે. એટલે કે, ગીતા જે પ્રકારની આધ્યાત્મિક સમતા પ્રાપ્ત કરવા ઉપર એક આપે છે, જે સમતાનું સ્વરૂપ અને સમજૂતી, ખરું જોતાં વિશાળ, અને વ્યાપક છે તેને લઈને ગીતાના ઉપદેશમાં એક પ્રકારની વિશિષ્ટતા આવે છે. એ વિશિષ્ટતા બાતલ કરવામાં આવે તો, મનની, લાગણીઓની અને પ્રકૃતિની સૌથી ઇષ્ટ સ્થિતિ જેમાં આપણે માનવ-નિર્બળતાઓથી પર થઈ શકીએ એવી સમતાનો ઉપદેશ કાંઈ ગીતાની વિશિષ્ટતા ન ગણાય. તત્ત્વદર્શીના આદર્શ તરીકે અને ઋષિના ખાસ લક્ષણ તરીકે સમતાની પ્રશંસા કરવામાં આવે છે. ગીતા પણ તત્ત્વદર્શીના આદર્શ તરીકે સમતાનો સ્વીકાર કરે છે પણ તેને એનાથી ઘણા ઊર્ધ્વ પ્રદેશમાં લઈ જાય છે, જ્યાં આપણે વધારે વિશાળ અને વધારે પવિત્ર વાતાવરણ અનુભવીએ છીએ. માનવનો આત્મા સ્ટૉઈકનું, એટલે તિતિક્ષામાં માનનારનું, અને તત્ત્વદર્શીની ઉદાસીનતાનું વલણ ધારણ કરે છે તે તો આવેગોના વંટોળિયા અને કામનાઓના ધમપછાડામાંથી દેવતાઓના જ કેવળ નહિ, પરંતુ પરમ પ્રભુત્વમાં રહેલા શાંત જ્યોતિર્મય આનંદ પ્રત્યે — પ્રસન્ન ગંભીરતા પ્રત્યે —આત્મા ગતિ કરી રહ્યો છે તેનું પહેલું અને બીજું પગથું છે. તિતિક્ષાની બનેલી એ સમતા ચારિત્રને પોતાના ઉચ્ચાલનનું બિંદુ બનાવે છે અને કઠોર તિતિક્ષા વડે આત્મસંયમ પાને આત્માના પ્રભુત્વને સ્થાપન કરે છે. એના કરતાં વધારે સુખદાયક અને વધારે પ્રસન્નગંભીર એવી તત્ત્વદ્રષ્ટાની સમતા

અનાસક્તિ વડે, બુદ્ધિની એક પ્રકારની ઉદાસીનતા, એટલે કે આપણી સામાન્ય પ્રકૃતિ જેને વશ છે એવાં પ્રતિક્રયોથી ઉપર ઊર્ધ્વમાં બેસીને તેમને જોનારની સ્થિતિ તે પ્રાપ્ત કરે છે. ગીતા એને 'ઉદાસીનવત્ આસીન' — ઊર્ધ્વમાં બેસીને જોનારની પેઠે સ્થિર થયેલો કહે છે. એ ઉપરાંત એક પ્રકારની ધાર્મિક, અથવા તો ખ્રિસ્ત ધર્મના અનુયાયીમાં હોય છે તેવી સમતા પણ હોઈ શકે છે જેમાં નમનીયતા, પ્રણતિપૂર્વક ભગવદાક્રાય અને ભાગવત સંકલ્પને આત્મનિવેદનનો ભાવ, વગેરે પણ તેનાં લક્ષણો હોય. મુનિની ઉદાસીનતા, તપસ્વીની તિતિક્ષા અને ભક્તનો શરણાગતભાવ એ ત્રણે માનવને માટે પગથિયાં અને કરણ રૂપ બને છે. અને મુનિની દિવ્ય શાંતિ, યોદ્ધાની તિતિક્ષા અને ભક્તની નમનીયતા એ ત્રણે વસ્તુઓને ગીતા, પોતાની સમન્વયસાધક પદ્ધતિ અનુસાર સ્વીકારે છે અને આત્માની ઊર્ધ્વ ગતિમાં એમને પરસ્પર ગૂંથે છે. એમાંના દરેકને વધારે ગહન મૂળ, વિશાળ દૃષ્ટિ અને વધારે વિશ્વવ્યાપી અને કોઈ પરાત્પરનો અર્થ આપે છે, ચારિત્રની પેલે પાર રહેલી એ આધ્યાત્મિક સમતાની શક્તિ આપે છે અને એ પ્રમાણે કરીને બુદ્ધિની સમતુલ્યાથી, અને લાગણીઓના ખેંચાણમાંથી એને પેલી તરફ લઈ જાય છે.

સાધારણ માણસને પ્રકૃતિને વશ એવા પોતાના જીવનમાં, — રોજના, સામાન્ય થઈ પડેલા, અશાંતિજનક ઉદ્વેગોમાં આનંદ પડે છે. એ પ્રમાણે એને આનંદ પડે છે તેથી, તથા એ આનંદને લઈને તે પ્રકૃતિની એ ક્ષુબ્ધ ક્રિયાઓને અનુમતિ આપે છે તેથી પ્રકૃતિની લીલા અટકયા વગર ચાલ્યા જ કરે છે. કારણ કે પ્રકૃતિ પોતાને ખાતર કાંઈ જ કરતી નથી. પોતાના પ્રણયી અને ભોકતા એવા પુરુષના આનંદને ખાતર તે સઘળું કરતી હોય છે, અને પુરુષની અનુમતિ વિના તે કાંઈ જ કરતી નથી. આ સત્યને આપણે જોઈ શકતા નથી કારણ કે આપણી અંદર જે ક્ષોભ થયો હોય છે તેના આઘાતના અનુભવમાં, એટલે કે શોક, દુઃખ, અતૃપ્તિ, દુર્ભેદ્ય, નિષ્ફળતા, નિરાશા, પરાજય, નિંદા, અપકીર્તિ વગેરેનો ફટકો વાગતાં આપણું મન પાછું પડે છે, એ ધૂણા પામીને પ્રતિક્રાર્ય અનુભવે છે, અને એના વિરોધી અનુભવ પ્રત્યે આતુરતાપૂર્વક ધસે છે. પોતાને ગમતા ક્ષોભ પ્રત્યે એટલે કે હર્ષ, સુખ, સંતોષ, ઉન્નતિ, સફળતા, વિજય, કીર્તિ, સ્તુતિ વગેરે પ્રત્યે તે આકર્ષાય છે. પણ એથી આત્મા જીવનના અનુભવોમાં જે આનંદ લઈ રહ્યો છે તે સત્યમાં કશો ફેર પડતો નથી, જીવનના દ્વંદ્વો વચ્ચે આત્મા આનંદ લઈ રહ્યો છે એ હકીકત તો અવિકારી રહે છે. એ ખરું છે કે એક યોદ્ધાને પોતાના શરીર પર ઘા થાય છે તેમાં આનંદ પડતો નથી, અથવા તો, પોતાનો પરાજય થાય છે તેમાં એના મનને આનંદ થાય છે એવું પણ નથી. પણ યુદ્ધના દેવની ઉપાસના કરવામાં એને પૂરેપૂરો

આનંદ મળે છે, એ ઉપાસના કરતાં એને પોતાને થયેલા ઘામાં, પરાજયમાં તથા વિજયમાં આનંદ મળે છે. અને પોતાને ઘા થશે કે પરાજય મળશે એવી શકયતાને તથા વિજય મળશે એવી આશાને લડાઈના કોકડાના આવશ્યક તત્ત્વ તરીકે એ સ્વીકારે છે. એટલે એનામાં રહેલો આનંદ એ બંનેના મિશ્રણની પાછળ જાય છે. એને શરીરે જે ઘા પડે છે એથી પણ એની સ્મૃતિમાં ગૌરવ અને આનંદની લાગણી જાગ્રત થાય છે, અને જ્યારે ઘા રૂઝાઈ જાય છે ત્યારે તો એ ગૌરવ અને આનંદના ભાવો સંપૂર્ણપણે અનુભવી શકાય છે. પરંતુ ઘા રૂઝાયો નથી હોતો અને તાજો હોય છે ત્યારે પણ એ ભાવ અનુભવી શકાય છે, એને જે દુ:ખ થતું હોય છે તે પણ ભાવને પોષણ આપે છે. પરાજય પણ પોતાનાથી વધારે બળવાન પ્રતિસ્પર્ધીના પોતે કરેલા દુર્દમ વિરોધને લઈને માનવમાં આનંદ અને ગર્વની લાગણી ઉત્પન્ન કરે છે અથવા તો, એવો માણસ પોતે અધમ પ્રકૃતિવાળો હોય તો, ઈર્ષાની અને વેર લેવાની લાગણી પોતાના હરીફ પ્રત્યે જાગ્રત થાય છે. એવા અધમ ભાવમાં પણ તમોગુણીભર્યો, વધારે ક્રૂરતાભર્યો એવો એક પ્રકારનો આનંદ રહેલો હોય છે. આ પ્રમાણે આપણો આત્મા જીવનની સામાન્ય ગતિમાં આનંદ લેતો હોય છે.

જીવનમાંથી વિરોધી પ્રકારના આઘાતો મળતાં માનવનું મન દુ:ખ અને તિરસ્કારની લાગણી અનુભવીને જીવનથી પાછું પાડે છે. પણ એવું પ્રતિકાર્ય, એવી જુગુપ્સા એ તો પ્રકૃતિની પોતાની જ એક યોજના હોય છે જેનો આશ્રય લઈને તે આત્મરક્ષણના તત્ત્વને ફરજિયાત માનવ પાસે પળાવે છે, જેથી કરીને નિર્બળતાનો અને પરાજયનો ભોગ બનીને માનવનું નાડીતંત્ર અને શરીર પોતાના વિનાશને ભેટવાની પોતાની મર્યાદાથી વધારે પ્રમાણમાં ધસી જાય નહીં. જીવનમાં જે અનુકૂળ સ્પર્શો મળે છે તેમાં માનવ આનંદ લે છે. એ પણ પ્રકૃતિએ યોજેલી રાજસિક ભોગની લાલચ છે જેને લઈને પોતાનામાં રહેલી તમોગુણની વૃત્તિ અને અક્રિયતાના ઉપર વિજય મેળવીને માનવ પૂરેપૂરા વેગથી કર્મ પ્રત્યે, કામના પ્રત્યે, જીવનસંગ્રામ પ્રત્યે, સફળતા પ્રાપ્ત કરવા પ્રત્યે આકર્ષાય અને એ વસ્તુઓ માટેની માનવની આસક્તિને લઈને પ્રકૃતિના પોતાના ઉદ્દેશો પાર પડે. આપણામાં રહેલો ગૂઢ આત્મા આ જીવનકલહમાં અને પ્રવૃત્તિમાં આનંદ લેતો હોય છે, એટલું જ નહિ પરંતુ વિપત્તિ અને દુ:ખમાં પણ તે સુખ માણતો હોય છે. એ સુખ સ્મૃતિ તરીકે અને દુ:ખનો અનુભવ પસાર થઈ ગયા પછી એના પ્રત્યે જોતાં સંપૂર્ણ સુખરૂપે અનુભવાય છે. જ્યારે દુ:ખ પ્રત્યક્ષ હોય છે ત્યારે પણ એ સુખની અનુભૂતિ તેની પાછળ આવી રહેલી હોય છે અને ઘણી વાર દુ:ખથી વિહ્વલ થયેલા મનમાં એ પાછળ રહેલી સુખની લાગણી ચેતનાની સપાટી ઉપર ધસી આવે છે અને

એના આવેગમાં એને ટેકો આપે છે. પરંતુ આત્માને જે વસ્તુ ખરેખર આકર્ષે છે તે એ પરસ્પર વિરોધી વસ્તુઓનો સંકુલપટ જેને આપણે 'જીવન' કહીએ છીએ, તે છે. જીવન અને તેની અંદર રહેલ સંગ્રામ અને શોધનો ક્ષોભ, એનાં આકર્ષણો અને પ્રત્યાકર્ષણો, એની આશાઓ અને ભય, લાલચો અને જોખમો, જીવનની અસંખ્ય પ્રકારની વિવિધતાઓ અને સઘળું તેને (આત્માને) આકર્ષે છે. આપણામાં જે કામનામય પુરુષ રહેલો છે એને એકધારું સુખ, પ્રયત્ન વગરની સિદ્ધિ યાને સફળતા, શોકની છાયા વિનાનો આનંદ, થોડા સમય પછી કલાંતિ આપે છે, સ્વાદ વગરનો લાગે છે, અતિ તૃપ્તિની લાગણી લાવે છે. પ્રકાશના આનંદનું પૂરેપૂરું મૂલ્ય સમજવા માટે અંધકારની પશ્ચાદ્ ભૂમિની જરૂર છે કારણ કે માનવમન જે જાતના સુખની શોધ કરે છે અને ભોગવે છે તે સુખ એ જ જાતનું હોય છે, એટલે કે એના તત્ત્વમાં એ કેવળ સાપેક્ષ જ હોય છે. એટલે એના વિરોધી તત્ત્વનાં જ્ઞાન અને અનુભવના ઉપર એ આધાર રાખે છે. ટૂંકામાં, એ સુખ પરાધીન હોય છે. માનવનો આત્મા દ્વંદ્વમાં આનંદ લે છે, સુખ ભોગવે છે એ હકીકતમાં માનવના મનને 'જીવનમાં સુખ છે' એવી લાગણી થાય છે તેનું રહસ્ય રહેલું છે.

આ બધી અશાંતિ અને ક્ષોભમાંથી ઊર્ધ્વમાં આરોહણ કરીને શુદ્ધ આનંદમય આત્માનો અમિશ્ર આનંદ પ્રાપ્ત કરવા માટે માનવને કહેશો તો એવો પ્રયત્ન કરવાની એ ના જ પાડશે અને છતાં એના સમગ્ર જીવનપ્રયાસમાં એ આનંદ ગુપ્ત રીતે એને ટેકો આપી રહેલો હોય છે, અને જીવનના સાતત્યને શક્ય બનાવતો હોય છે. એને તો એવા સ્વયંભૂ આનંદની અવસ્થામાં શ્રદ્ધા જ નથી હોતી. અથવા તો, તે એમ માને છે કે એવી દ્વંદ્વાતીત આનંદની સ્થિતિમાં એ જેને 'જીવન' કહે છે એવી કોઈ વસ્તુ બિલકુલ રહેશે જ નહીં. એટલે કે, પોતાની આજુબાજુના જગતમાંથી જે વિવિધ પ્રકારના અનુભવો એને મળતા હોય છે અને જેમાં એને સુખ અનુભવવાનો અભ્યાસ પડી ગયો છે તેના જેવો એ ઊર્ધ્વના આનંદનો અનુભવ નહિ હોય એમ માણસને લાગે છે (માને છે). એવી સ્થિતિ કથા સ્વાદ વગરની, મોળી, સુગંધ રહિત જ હોવી જોઈએ એમ તે માને છે અથવા તો એને એમ લાગે છે કે એવી ઉચ્ચ સ્વયંભૂ આનંદની સ્થિતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન બહુ જ મુશ્કેલીભર્યો છે. એવું આરોહણ કરવાની મહેનતથી તે કંટાળે છે, એવો પ્રયત્ન એને પોતાના ગજા ઉપરાંતનો લાગે છે. જોકે હકીકતમાં, એ જાતના આધ્યાત્મિક રૂપાંતર કે ફેરફારનો પ્રયત્ન કામનામય પુરુષને ઇન્દ્રિયોનાં અને બીજાં સુખોનાં સ્વપ્નો સિદ્ધ કરવા માટે જે પ્રયત્નો કરવા પડે છે તેના કરતાં કાંઈ વધારે મુશ્કેલીભર્યો હોતો નથી. વળી એવી દ્વંદ્વાતીત અવસ્થા

પ્રાપ્ત કરવા માટે કામનામય પુરુષોને પોતાનાં ક્ષણિક સુખો અને કામનાના સંતોષની પાછળ વેગપ્રચુર દોડવામાં જે પ્રચંડ પ્રયત્ન કરવો પડે છે તેના કરતાં કાંઈ વધારે મહેનત અને હાડમારી વેઠવી પડતી નથી. એવા આનંદ માટે પ્રયત્ન ન કરવાનું, યા ને પ્રયત્ન કરવાની અતત્પરતાનું સાચું કારણ એ છે કે જે વાતાવરણથી એ ટેવાયલો છે તેનાથી ઉપર જવા માટે, જીવનની વધારે સૂક્ષ્મ અને વધારે શુદ્ધ હવા લેવા માટે એની પાસે માગણી કરવામાં આવે છે. એ ઊર્ધ્વ જીવનના આનંદ અને શક્તિનો કશો ખ્યાલ જ એને હોતો નથી, એટલું જ નહિ પરંતુ એ વસ્તુઓ વાસ્તવિક છે એમ પણ એ ભાગ્યે જ કલ્પી શકે છે. પણ એની પ્રકૃતિના ડહોળાયલા સુખોપભોગો એને માટે એકદમ પરિચિત અને પ્રત્યક્ષ હોય છે. વળી અધોમુખ પ્રકૃતિમાં એ જે પ્રકારનો સંતોષ પ્રાપ્ત કરે છે તે પોતે કાંઈ પાપરૂપ કે અનિષ્ટ અને બિલકુલ લાભ વગરનો હોય છે એવું પણ નથી. આપણી માનવપ્રકૃતિમાં જે સ્થૂલ પ્રકૃતિની સત્-તા છે તે એક પ્રકારના તમોગુણી અજ્ઞાનને અને જડતાને સૌથી વધારે પ્રમાણમાં વશ હોય છે; તેમાંથી આપણી પ્રકૃતિની ઉત્ક્રાંતિ થવા માટે એ પ્રકારના રજોગુણી અનુભવો આવશ્યક પરિસ્થિતિ પૂરી પાડે છે. પરમ જ્ઞાન, શક્તિ અને આનંદ પ્રત્યે માનવે આરોહણ કરવાનું છે તેમાં એ રાજસિક અવસ્થા પહેલું પગલું છે. પણ જો આપણે જેને ગીતા મધ્યમા ગતિ કહે છે, એ જ રાજસિક ભૂમિકા પર સદાને માટે રહી જઈએ, તો આપણી આરોહણની ક્રિયા અધૂરી જ રહે છે, અને આત્માની ઉત્ક્રાંતિ અપૂર્ણ રહે છે. સાત્ત્વિક સત્-તા અને સાત્ત્વિક પ્રકૃતિનો પ્રયોગ કરીને એનાથી પર, એનાથી પેલી તરફ જે ત્રિગુણાતીત અવસ્થા છે ત્યાં પહોંચવું એ આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

આપણી નિમ્ન પ્રકૃતિની અશાંત યા ને ડહોળાયલી સ્થિતિમાંથી આપણને બહાર લઈ આવનારી ક્રિયા તે સમતા પ્રત્યેની આપણી ગતિ છે. એટલે કે, મનમાં, ઊર્મિપ્રધાન ચિત્તમાં અને આત્મામાં સમતા પ્રત્યે ગતિ કરવાથી આપણે નિમ્ન પ્રકૃતિની ક્ષુબ્ધ અવસ્થામાંથી બહાર નીકળીએ છીએ. છતાં આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે આખરે આપણે ત્રણે ગુણોથી પર એવી એક ઊર્ધ્વ અવસ્થાને પ્રાપ્ત કરવાની છે; તોપણ શરૂઆત ત્રણમાંથી કોઈ એક ગુણની ગતિનો આશ્રય લઈને કરવાની છે. સત્ત્વ, રજસ કે તમસ ત્રણમાંના કોઈ એક ગુણથી સમતાનો આરંભ થઈ શકે છે. માનવની પ્રકૃતિમાં તો તામસિક સમતાની પણ શક્યતા રહેલી છે. એ સમતા સર્વથા કેવળ તામસિક પણ હોઈ શકે. એવી સમતામાં પ્રાણમય ચિત્ત એક પ્રકારની જડ સમતા ધારણ કરી શકે છે, કારણ કે જીવનમાંથી મળતા આઘાતો પ્રત્યે તે પ્રતિકાર્ય

કરવાને અશકત બનેલું હોય છે. એવું ચિત્ત મંદતાવાળી લાગણીશૂન્યતાવાળું હોય છે, અને એને લઈને જીવનનો આનંદ લેવાની એનામાં અનિચ્છા હોય છે. અથવા તો ઊર્મિઓ અને કામનાઓ પ્રત્યે ક્લાંતિની લાગણીમાંથી પણ એ પ્રકારની સમતાની અનુભૂતિ મળે છે, કારણ કે એમના વિલાસનો અતિયોગ અને અતિભોગ થયો હોય છે. અથવા તો, સામી દિશામાં, જગત પ્રત્યે એટલે કે જિંદગીનાં દુ:ખ પ્રત્યે એક પ્રકારની નિરાશા અને ધૃણાની લાગણીમાંથી એ સમતા જન્મે છે, એક પ્રકારની ગ્લાનિ, ભય અને તિરસ્કારમાંથી,-- જગતના, જીવનના અણગમામાંથી પણ એ સમતા જન્મે છે. એવું થાય ત્યારે એ રજસ અને તમસનું મિશ્રાણ હોય છે, પણ એમાં તમસ વધારે આગળ પડતું હોય છે. અથવા તો, સત્ત્વની વધારે સમીપ એ જાય છે ત્યારે બુદ્ધિ વડે એ જાણી શકે છે કે પ્રાણની કામનાઓ કદી પણ સંતોષી શકાતી નથી અને જીવનનાં બળો ઉપર સંયમ મેળવવાને માનવ અશકત છે. જીવનસમગ્ર શોક અને નાશવંત પ્રયત્ન જ છે અને એમાં કોઈ જગાએ સત્ય છે જ નહીં, જ્યોતિ પણ નથી, ડહાપણ નથી, સુખ નથી. અને એ રીતે તે સમતા પોતાની જાતને સુદૃઢ કરે છે. આ સત્ત્વ ગુણ અને બીજા બે ગુણોના મિશ્રણનો સિદ્ધાંત સમતાના પાયામાં રહેલો છે. અને ખરું જોતાં, એ વસ્તુ સમતા કરતાં તો ઉદાસીનતા અથવા સમતાયે અસ્વીકૃતિ હોય છે,—જોકે એને પરિણામે સાચી સમતા પ્રાપ્ત થઈ શકે ખરી. મૂળમાં જોવા જતાં, તમોગુણવાળી સમતા પ્રત્યેની ગતિ પ્રકૃતિમાં રહેલા જુગુપ્સાના તત્ત્વના સાધારણીકરણની ક્રિયા છે; યા તો, આત્માનું રક્ષણ કરનારી ધૃણાની જ લાગણી અમુક દુ:ખદ અસરો, અને સ્પર્શોનો ત્યાગ કરવાની વૃત્તિને તેના પોતાના ક્ષેત્રમાંથી વિસ્તારીને સર્વ સંપર્કોનો, પ્રકૃતિના સમસ્ત જીવનનો ત્યાગ કરવા માટે પ્રેરાય છે તેનું એ પરિણામ હોય છે. કારણ કે આખરે એ પણ દુ:ખ અને આત્મગ્લાનિમાં પરિણમ્યા વગર રહી શકતો જ નથી. આત્માને જે આનંદ જોઈએ છે તે એને એમાં મળતો નથી.

તામસિક સમતા પોતે એટલે કે એકલી જ, ખરી મુકિત આપતી નથી. પણ હિંદના સંન્યાસમાર્ગની પેઠે, પ્રકૃતિથી પર એવી કોઈ મહાન સત્-તાના વધારે સાચી શકિતના, કે અક્ષર આત્મામાં રહેલા ઉચ્ચ આનંદના જ્ઞાન વડે એ તામસિક સમતાને જો સાત્ત્વિક સમતામાં ફેરવી નાખવાની હોય તો એને માટે તામસિક સમતા એક સમર્થ આરંભનું બિંદુ થઈ શકે છે. પરંતુ એવી ક્રિયાનું સ્વાભાવિક વલણ ત્યાગના તરફ હોય છે. પણ એ કાંઈ ગીતા જેની હિમાયત કરે છે તે અંતરથી કામનાઓનો ત્યાગ અને પ્રકૃતિમાં સતત ચાલુ કર્મની પ્રવૃત્તિ એ વસ્તુઓનો બનેલો ખરો સંન્યાસ નથી, પણ જીવનનો અને

કર્મનો ત્યાગ હોય છે. અને છતાં ગીતા પોતે પણ એવા બાહ્ય ત્યાગવાળી સમતાનો સ્વીકાર કરે છે, અને એને પોતાને યોગ્ય સ્થાને મૂકે છે. जन्ममृत्यु-जराव्याधिदुःखदोषानुदर्शनम्—'જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, શોક, દુઃખાદિ ગૌતમ બુદ્ધના ઇતિહાસપ્રસિદ્ધ ત્યાગના આરંભનું જે કારણ બન્યાં હતાં એ જગતની ત્રુટીઓના અને દોષોના ભાનને એવા ત્યાગના આરંભ તરીકે સ્વીકારે છે. વળી કેવળ મુક્તિ પ્રાપ્ત કરવાની કામનાથી જેઓ તપસ્યા કરવા પ્રેરાય છે તેમના પ્રયત્નને પણ ગીતા સ્થાન આપે છે. जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये —'જે લોકો જરા અને મરણમાંથી મોક્ષની ઇચ્છા વડે, — ત્યાગવૃત્તિથી ભલે પ્રેરાયા હોય, — પ્રભુનો આશ્રય લઈને પ્રયત્ન કરે છે,' તેમને પણ ગીતા સ્થાન આપે છે. તામસિક સમત્વથી ખરો મોક્ષ મળતો નથી; પણ એને શરૂઆત કરવાના એક સમર્થ બિંદુ તરીકે જરૂર ઉપયોગમાં લઈ શકાય છે. પરંતુ એવા ત્યાગનો ખરેખરો લાભ ઉઠાવવો હોય તો પ્રકૃતિથી ઉપરની કોઈ વધારે ઉચ્ચ વસ્તુનો સ્વીકાર કરવો જોઈએ, અને પ્રભુમાં આશ્રય અને આનંદ લેવાની વૃત્તિ પણ એમાં આવવી જોઈએ. माम् आश्रित्य એ પ્રમાણે કરી શકે તો ત્યાગ કરવાને પરિણામે માણસનો આત્મા વધારે મહાન, વધારે ઉચ્ચ સત્-તાને પ્રાપ્ત કરી શકે છે, અને ત્યાર પછી ત્રણે ગુણોથી પર થઈ જાય છે. અને जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते 'જન્મ, મૃત્યુ, જરા અને દુઃખથી મુક્ત થઈને પોતાની સ્વયંભૂ સત્-તાની અમરતાનો આનંદ ભોગવે છે.' જીવનમાં આવી પડતાં દુઃખોથી કંટાળી જઈને જીવનસમસ્તનો ત્યાગ કરી દેવો એ તો તમોગુણ છે. તામસિક અનિચ્છા જે જીવનની પ્રવૃત્તિનો અને દુઃખોનો સ્વીકાર કરવાની ના પાડે છે એ પોતે તો એક નિર્બળ બનાવનાર અને પતન કરનારી વસ્તુ છે. અને જગતના ત્યાગનો અને તિરસ્કારનો ઉપદેશ સૌ કોઈને આપવામાં જોખમ એ રહેલું છે કે અનાધિકારી આત્માઓના ઉપર તે તામસિક નિર્બળતાની અને ધૂણાની છાપ મૂકે છે, એમની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન કરે છે, એમનામાં રહેલી સતત જાગ્રત અભીપ્સાના બળને ઓછું કરે છે, એવા લોકોના માનસમાંથી જીવન ઉપરનો વિશ્વાસ લઈ લે છે, — અને પોતાની આજુબાજુની પરિસ્થિતિના ઉપર પ્રભુત્વ મેળવવા માટે જેની જરૂર છે તે તંદુરસ્ત અને આવશ્યક એવી રાજસિક — સંગ્રામની વૃત્તિ — તેને માટે જરૂરી હોય છે. એટલે કે એનાથી વધારે ઉચ્ચ પ્રકારના આદર્શ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે નહિ, વધારે મહાન પ્રયત્ન, અને વધારે સમર્થ વિજય પ્રત્યે પોતે ખરેખર ખુલ્લો થાય નહિ — અને હજી સુધી એ પ્રમાણે ખુલ્લા થવા માટે તે તૈયાર નથી — ત્યાં સુધી એ તામસિક ત્યાગ રહે છે. એમણે પોતે જે એક પ્રકારની રિક્તતા ઉત્પન્ન કરી છે તેમાં આશ્રય શોધનારા એ લોકો

પણ પ્રભુનો સાદ સાંભળી શકે છે. અનિત્યં અસુખં લોકં ઇમં પ્રાપ્ય ભજસ્વ મામ્ —'હે માનવ ! આ અનિત્ય, સુખ વગરના એવા પાર્થિવ લોકમાં આવી પડયો છે તેમાંથી હવે તું પાછો ફર, મારી ભક્તિ કર — મારામાં આનંદ પ્રાપ્ત કર.'

છતાં અહીં પણ જગત જે તત્ત્વોનું બનેલું છે તે સઘળાં પ્રત્યે એક પ્રકારની સરખી ત્યાગવૃત્તિમાં જ એ સમતા (તામસિક) સમાઈ જાય છે, અને આખરે એવી સમતા ઉદાસીનતા અને નિઃસંગતામાં પરિણમે છે. પણ એમાં ગીતાના યોગમાં જે આવશ્યક તત્ત્વ છે તેનો, એટલે કે સુખદ, દુઃખદ એવા સઘળા સંસ્પર્શો આસક્તિ કે ક્ષોભ વગર, સમતાપૂર્વક સ્વીકારવાની શક્તિનો, એમાં સમાવેશ થતો નથી. એટલે આપણે શરૂઆત, ભલે તામસિક ત્યાગથી કરીએ, — જોકે એમ કરવું આવશ્યક નથી, — તોપણ એ તો વધારે મહાન પ્રયત્નને માટેનું પહેલું પગથિયું જ હોઈ શકે, નહિ કે સ્થાયી નિરાશા-વાદ. જે વસ્તુઓથી, જે અનુભૂતિઓથી, આપણને પહેલાં ડરીને દૂર ભાગવાની વૃત્તિ થતી હતી, તે અનુભૂતિઓ પર સંયમ મેળવવાની વૃત્તિ શરૂઆતમાં થાય છે. અને એવો પ્રયત્ન કરવામાં એક પ્રકારની રાજસિક સમતાની શક્યતા ઊભી થાય છે. એવી રાજસિક સમતાની નીચામાં નીચી સ્થિતિ એટલે સમર્થ પ્રકૃતિવાળા માણસોમાં હોય છે તેવું આત્મસંયમનું, પોતાના ઉપર પ્રભુત્વનું, પોતાના આવેગો અને નિર્બળતાઓથી પોતે શ્રેષ્ઠ છે એવું અભિમાન. પરંતુ તિતિક્ષા વડે સમતા પ્રાપ્ત કરનાર કઠિન વ્રતોનો આદર્શ અહીં શરૂ થાય છે અને પોતાની નિમ્ન પ્રકૃતિની સઘળી નિર્બળતાઓમાંથી પોતાની પૂર્ણ મુક્તિ મેળવવા માટે એને ચાવી તરીકે વાપરે છે. વ્યક્તિમાં પ્રગટ થતી તામસિક વૃત્તિ એ પ્રકૃતિમાં કાર્ય કરી રહેલી સામાન્ય જુગુપ્સાની વૃત્તિનો જ આવિર્ભાવ છે. જુગુપ્સા એટલે દુઃખના અનુભવમાંથી આત્મરક્ષા કરવાની વૃત્તિ. એ જ પ્રમાણે તિતિક્ષાની રાજસિક સમતા પ્રત્યે માનવના આત્માની ગતિ એ પણ પ્રકૃતિમાં મળી આવતા એક બીજા તત્ત્વનું સાધારણીકરણ છે. એ તત્ત્વ એટલે પ્રયત્નનો અને કસાકસીનો સ્વીકાર, જીવનમાત્રમાં રહેલો પ્રભુત્વ માટેનો અને વિજય માટેનો આવેગ. સમતાનું ક્ષેત્ર એવું છે કે એમાં એ પ્રયત્નનું રાજસિક તત્ત્વ સંપૂર્ણ વિજયને પ્રાપ્ત કરી શકે છે. જીવનસંગ્રામમાં તો બાહ્ય અને વિખરાયેલા હેતુઓ, અને ક્ષણિક સફળતાઓ જ મળતી હોય છે. તેને બદલે પ્રકૃતિના ઉપર, અને જગતના ઉપર આધ્યાત્મિક સંગ્રામને પરિણામે અંતરનો વિજય મેળવીને પ્રભુત્વ સ્થાપન કરવાનો ભગીરથ પ્રયત્ન એ રાજસિક સમતા કરે છે. તામસિક ત્યાગવૃત્તિ જગતનાં સુખ અને દુઃખ બન્નેથી પાછી ફરી જાય છે, એમનાથી દૂર નાસે છે. રાજસિક સમતા જગતનાં સુખદુઃખો પ્રત્યે ફરે છે, એમને સહન કરવાં, એમના પર પ્રભુત્વ મેળવવા અને એમનાથી

ઊર્ધ્વમાં આરોહણ કરવા માટે ઊલટી એમની સામે થાય છે, એમનો સ્વીકાર કરે છે. તિતિક્ષા વડે સંયમ પ્રાપ્ત કરનાર પુરુષ કામના અને આવેગોને પોતે મલ્લની પેઠે આમંત્રે છે, પડકાર કરે છે, અને ધૃતરાષ્ટ્રે જેમ મહાભારતમાં ભીમની લોખંડી મૂર્તિને કચરીને ચૂરેચૂરા કરી નાખ્યા હતા તેમ, એમનો દબાવીને ભૂકો કરી નાખે છે, સુખદ અને દુ:ખદ એમ બન્ને પ્રકારના સ્પર્શોને એ રાજસિક સમતા સહન કરી લે છે, સ્થૂલ શરીરનાં અને માનસિક ક્લેશનાં કારણોને સહન કરીને એમની અસરના તોડીને ટુકડા કરી નાખે છે. જ્યારે દુ:ખિત કે આકર્ષિત થયા વિના, ઉશ્કેરાયા કે શુબ્ધ થયા વિના આત્મા સર્વ બાહ્ય સ્પર્શોને સહન કરી શકે ત્યારે આ પ્રકારની સમતાની પૂર્ણતા પ્રાપ્ત થઈ ગણાય. માનવને પ્રકૃતિનો વિજેતા અને સમ્રાટ બનાવવો એ આ સમતાનો ઉદ્દેશ હોય છે.

અર્જુનના ક્ષત્રિય સ્વભાવને જાગ્રત થવાનો સાદ કરનાર ગીતા ઉપર જે વીરોચિત તિતિક્ષા જણાવી છે તેનાથી આરંભ કરે છે. પ્રથમ તો, મહા શત્રુરૂપ કામનાના ઉપર હુમલો કરીને એનો વિનાશ કરવાને તે અર્જુનને ઉદ્‌બોધન કરે છે. ગીતામાં સમતાનું જે પહેલું વર્ણન આવે છે તે તિતિક્ષાના — કઠિન વ્રતધારી તપસ્વીના, આદર્શનું છે. 'જેમનું મન સુખોપભોગો વચ્ચે નિ:સ્પૃહ, કામના રહિત રહે છે, જેમના અંતરમાંથી રાગ, ભય અને ક્રોધ દૂર થઈ ગયાં છે, તે મુનિ સ્થિતધી— સ્થિર બુદ્ધિવાળો છે. જે માણસ સર્વ વસ્તુઓમાં અભિસ્નેહ વગરનો છે, અમુક શુભ કે અમુક અશુભ પ્રાપ્ત થાય છે છતાં જે આનંદતો નથી કે દ્વેષ કરતો નથી, તે માણસની પ્રજ્ઞા સ્થિર ભાવને, પ્રતિષ્ઠાને પામેલી ગણાય.'—(૨.૫૬-૫૭) **વિષયા: વિનિવર્તંતે નિરાહારસ્ય દેહિન:** । — 'જો કોઈ માણસ નિરાહાર રહે તો ઇન્દ્રિયોના વિષયો એના પર અસર કરતા અટકી જાય છે.' પણ ઇન્દ્રિયોના પોતાનામાં એ વિષયોમાં રહેલો રસ ચાલુ રહે છે. પરંતુ ઇન્દ્રિયોનો ઉપયોગ કરતાં છતાં પણ પદાર્થમાં રસની આસક્તિનો ત્યાગ કરે, વિષયના રસનો જ ત્યાગ કરે, ત્યારે આત્માની ઊંચામાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત થઈ ગણાય. પદાર્થોના વિષયોમાં ઇન્દ્રિયોથી હરવાફરવા છતાં — **વિષયાન્ ઇન્દ્રિયૈશ્ચરન્** — ઇન્દ્રિયોને આત્માને વશ રાખીને, સંયમમાં રાખીને, રાગદ્વેષથી મુકત થઈને માનસિક ઇન્દ્રિયોનો વ્યવહાર કરવાને પરિણામે, આત્માના અને પ્રકૃતિના પ્રસાદને, — મધુર વિષદતાને પ્રાપ્ત કરે છે, જેમાં આવેગને અને શોકને સ્થાન હોતું નથી. જેમ પાણીના પ્રવાહમાત્ર સમુદ્રમાં પ્રવેશ કરે છે, તેમ સર્વે કામનાઓ આત્મામાં પ્રવેશવી જોઈએ. અને છતાં, આત્માની સ્થિતિ અચળ રહેવી જોઈએ, — છલોછલ ભરાયલી પણ લગારે ડહોળાયલી નહીં. આ પ્રમાણે કરવાથી આખરે સર્વ કામનાઓનો ત્યાગ થઈ જાય છે. આત્માની મુકત સ્થિતિને માટે આવશ્યક શરત તરીકે રાગ, ક્રોધ, ભય, આસક્તિ

વગેરેમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા ઉપર વારેવારે ભાર દેવામાં આવ્યો છે. આને માટે આપણે એ વસ્તુઓના આઘાતોને સહન કરતાં શીખવું જોઈએ, અને એનાં કારણો પ્રત્યે આપણી જાતને ખુલ્લી કર્યા વગર આપણે એ તિતિક્ષાને પ્રાપ્ત કરી શકતા નથી. 'જે માણસ અહીં પોતાના દેહમાં રહીને કામ, ક્રોધ વગેરે આવેગોને સહન કરી શકે છે તે યોગી છે, તે સુખી નર છે.' આવી સ્થિતિ પ્રાપ્ત કરવાનું સાધન તિતિક્ષા છે, સહન કરવાની શક્તિ છે. 'સ્થૂલ પ્રકારના સ્પર્શો જેને લઈને શીત, ઉષ્ણ, સુખ, દુઃખ વગેરે ઉત્પન્ન થાય છે તે બધા ક્ષણિક છે, આવનારજનાર, વિકારી છે, એમને તું સહન કરતાં શીખ.' કારણ કે 'જે માણસને એ વસ્તુઓ વ્યથા કરતી નથી, જે ધીર પુરુષને મન સુખ અને દુઃખ બન્ને સમાન છે તે નર અમરતાને માટે લાયક છે.' સમતાવાળા આત્માએ દુઃખ સહન કરવાનાં છે પણ તેમનો દ્વેષ કરવાનો નથી, સુખ આવે તેનો સ્વીકાર કરવાનો હોય છે, છતાં આનંદ પામવાનો નથી. સ્થૂલ શરીરના આઘાતો પણ તેણે તિતિક્ષા વડે સહન કરવાના છે, એ પણ તિતિક્ષાની તપસ્યાનો એક ભાગ છે. જરા, મૃત્યુ, દુઃખ અને શોકમાંથી માણસે દૂર નાસી જવાનું નથી, પણ એમનો સ્વીકાર કરીને કોઈ ઊર્ધ્વ પ્રકારની ઉદાસીનતા વડે એમના પર વિજય મેળવવાનો છે.* પ્રકૃતિની અધો ભૂમિકામાં જે બહુરૂપીનો સ્વાંગ પ્રકૃતિ ધારણ કરે છે તેનાથી ભય પામીને દૂર નાસી જવાનું નથી, પણ એની સામે થઈને એના પર વિજય મેળવવો એ પુરુષર્ષભનો, સમર્થ નરનો ધર્મ છે, માનવમાં સિંહ જેવા આત્માઓનો એ ધર્મ છે. એ પ્રમાણે ફરજ પાડવાથી, એ પ્રમાણે દબાણ કરવાથી, પ્રકૃતિ પોતાનો વેશ દૂર ફેંકી દે છે અને માનવને મુક્ત-આત્મા તરીકેનો એનો સાચો સ્વભાવ બતાવે છે — એટલે કે તેને પ્રકૃતિ પોતાના ગુલામ કે પરવશ પ્રાણી તરીકે નહિ પરંતુ સમ્રાટ અને પ્રભુ તરીકે પ્રગટ કરે છે.

ગીતા આ રાજસિક સમતાનો, — વીર યોદ્ધાની મીમાંસાનો પણ, જે શરતે તામસિક ત્યાગવૃત્તિનો કરે છે તે જ શરતે, સ્વીકાર કરે છે. એટલે કે એનાથી ઊર્ધ્વમાં રહેલા સાત્ત્વિક જ્ઞાનનું એને દર્શન હોવું જોઈએ તથા એના મૂળમાં આત્મસાક્ષાત્કારનો હેતુ રહેલો હોવો જોઈએ. અને જેમજેમ એ સમતા ઊર્ધ્વમાં આરોહણ કરે તેમ તેમ દિવ્ય પ્રકૃતિનાં પગથિયાં ચડવાની ક્રિયા પણ સધાવી જોઈએ. યોદ્ધાને ઉચિત રાજસિક તપસ્યા અને એને પરિણામે મળતી સમતા માનવ-પ્રકૃતિની સામાન્ય લાગણીઓને અને પ્રેમસંબંધોને કેવળ કચરી જ નાખે

---

*धीर स्तत्र न मुह्यति—એમ ગીતા કહે છે. સમર્થ અને જ્ઞાની આત્મા આ બાહ્ય સ્પર્શોથી મોહ પામતો નથી, ક્ષોભ પામતો નથી, અને છતાં તે એમનો સ્વીકાર કરે છે તે ફક્ત તેમના પર વિજય મેળવવા માટે. (जरामरणमोक्षाय यतन्ति)

છે. એવી સમતા જીવનથી કંટાળીને દૂર ભાગતી તામસિક ક્લાંતિના કરતાં, નિષ્ફળ નિરાશાવાદ, અને વંધ્યા જડતાં કરતાં, — નિષ્ક્રિયતા કરતાં તો ઓછી હાનિકારક છે, કારણ કે એનાથી આત્મામાં રહેલી પ્રભુત્વની શક્તિમાં વધારો થાય છે જ. પરંતુ એ રાજસિક સમતા પૂર્ણ કાંઈ અમિશ્ર મંગળકારી કે આખરી વસ્તુ છે એવું નથી, કારણ કે એવી સમતા પોતે લાગણીશૂન્યતા અને નીરસતા પેદા કરે છે અને એક પ્રકારની અમાનુષી એકલતાને પોષે છે, જેમાં સાચી આધ્યાત્મિક મુક્તિ હોતી નથી. રાજસિક સમતા એટલે કે તિતિક્ષા ગીતાની સાધનામાં સ્થાન પામે છે, કારણ કે એને લઈને જ માનવપ્રાણીનો મુક્ત, અક્ષર આત્મા સાથે સંબંધ સ્થાપન થઈ શકે છે અને 'અક્ષર'ના સાક્ષાત્કારમાં એ સહાયકારક હોય છે, તથા માનજીવનમાં परं दृष्ट्वा — પરમનું દર્શન તે કરાવે છે, તથા 'एषा ब्राह्मी स्थिति'— નવી બ્રહ્મ-ચેતનામાં માનવની ચેતનાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. 'બુદ્ધિથી પર એવા આત્માને વિષે જાગ્રત થઈને તેને દૃઢ અને શાંતપણે સ્થાપન કરવા માટે આત્માના ઉપર આત્મા વડે દબાણ કરીને આ કામના રૂપી દુર્દાન્ત શત્રુનો વિનાશ કર.' તમોગુણથી પ્રેરિત ત્યાગ રૂપે પ્રગટ થતી છટકવાની વૃત્તિ રૂપી સમતા અને રસાકસી કરનારી, વિજયને માટે મથનારી રાજસિક તિતિક્ષા એ બન્ને પોતાનાથી ઊર્ધ્વમાં રહેલ સાત્ત્વિક સમતાનો આશ્રય લઈને તેના દ્વારા આત્મજ્ઞાનને માર્ગે વળે તો જ એ ત્યાગ અને તિતિક્ષા સકારણ ઠરે છે.

વિશુદ્ધ તત્ત્વજ્ઞાની, વિચારક, જન્મસિદ્ધ ઋષિ યા તે દ્રષ્ટા પોતાની અંદર રહેલા સાત્ત્વિક તત્ત્વના ઉપર છેવટની સકારણતા માટે આધાર રાખે છે, પણ શરૂઆતમાં આત્મસંયમના કરણ તરીકે તેનો ઉપયોગ કરે છે. એવો માણસ સાત્ત્વિક સમતાથી આરંભ કરે છે, પણ બાહ્ય અને ભૌતિક જગતની ક્ષણિકતાનું અને કામનાઓને સંતોષવામાં રહેલી નિષ્ફળતાનું, યા તો સાચો આનંદ આપવાની એની અશક્તિનું તેને જ્ઞાન હોય છે. એનાથી એને શોક, ભય કે નિરાશા થતાં નથી. સઘળી વસ્તુઓને તે શાંત વિવિક્તવૃત્તિથી જુએ છે, પરંતુ ત્યાગ કે મોહ વગર તે પોતાની પસંદગી કરે છે. 'બહારના સંસ્પર્શોને લઈને જે ભોગો જન્મે છે તે દુઃખોને ઉત્પન્ન કરનારા છે. એમનો આરંભ અને અંત બન્ને હોય છે. જેની બુદ્ધિ જાગ્રત થઈ છે તે જ્ઞાની પુરુષ એ વસ્તુઓમાં આનંદ લેતો નથી.' બહારની વસ્તુ-ઓના પ્રત્યે એનામાં રહેલો આત્મા અનાસકત હોય છે. એ પોતાના સુખને અંતરમાં પામે છે. ગીતા કહે છે કે એવો માણસ જુએ છે કે પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો મિત્ર પણ છે. અને તેથી પોતાની જાતને કામના અને આવેગોના હાથમાં સોંપી દઈને પોતાની જાતનો અવસાદ—અધઃપતન કરતો નથી. नात्मानम् अवसादयेत् । પરંતુ એ અવિદ્યાના કારાગારમાંથી પોતાની અંદર રહેલી આત્માની શક્તિ વડે તે પોતાનો ઉદ્ધાર કરે છે, પોતાને બચાવી લે છે. उद्धरेत्

आत्मना आत्मानम् । કારણ કે જે માણસે પોતાના અધોગામી સ્વરૂપના ઉપર વિજય મેળવ્યો હોય છે તેને પોતાનો ઊર્ધ્વગામી આત્મા સારામાં સારો મિત્ર અને સાથી તથા સહાયરૂપ બને છે. તેને જ્ઞાનનો સંતોષ પ્રાપ્ત થાય છે, પોતાની ઇન્દ્રિયોનો તે પ્રભુ બને છે, સાત્ત્વિક સમતા વડે યોગી બને છે, કારણ કે સમત્વ એ જ યોગ છે. અટલે એને મન માટી, પથ્થર, સોનું સરખાં હોય છે, સર્વ દ્વંદ્વોની વચ્ચે તે પ્રશાંત અને આત્મસ્થ રહે છે, — શીત અને ઉષ્ણમાં, સુખ અને દુઃખમાં, સ્તુતિ અને નિંદામાં તે નિર્લેપ રહે છે. પોતાના અંતરાત્મામાં તે મિત્ર અને શત્રુ પ્રત્યે સમાન હોય છે, તથા નિષ્પક્ષપાતી ઉદાસીન માણસ પ્રત્યે પણ તે સમાન રહે છે. કારણ કે એ જાણે છે કે આ સંબંધો ક્ષણિક અને જીવનની વિકારી પરિસ્થિતિને લઈને ઉત્પન્ન થાય છે. વળી વિદ્યા અને વિશુદ્ધિની, સદ્‌ગુણ અને પુણ્યની શ્રેષ્ઠતાનો દાવો કરનાર સત્ત્વગુણની જાળમાં પણ એ ફસાતો નથી. સર્વ માણસો પ્રત્યે એનો આત્મા સમત્વવાળો રહે છે. સાધુ પુરુષ કે પાપી પ્રત્યે, પુણ્યશાળી, વિદ્વાન બ્રાહ્મણ, અને પતિત અસ્પર્શ્ય પ્રત્યે તે સમાન આત્મભાવ રાખે છે. આ બધી વસ્તુઓમાં ગીતા સાત્ત્વિક સમતાનું વર્ણન કરે છે, અને જગતમાં સ્થિર, મીમાંસકની, મુનિની સમતાનું પણ એ સારું વર્ણન બની રહે છે.

તો પછી ગીતામાં જે વિશાળ પ્રકારનું સમત્વ આદર્શ રૂપ ગણવામાં આવે છે તેમાં અને આ સાત્ત્વિક સમત્વમાં શો ભેદ રહેલો છે? બૌદ્ધિક અને મીમાંસાથી પ્રેરિત વિવેકશકિત અને ગીતાનો ઉપદેશ જેના ઉપર પ્રતિષ્ઠિત છે તે અદ્વૈતનું આધ્યાત્મિક પ્રત્યક્ષ જ્ઞાન એ બે વચ્ચેનો જે ભેદ છે તે એ છે. એક મીમાંસક પોતાની વિવેકશકિત વડે પોતાની સમતાને ટકાવી રાખે છે, પણ કેવળ સત્ત્વગુણનો ઉદય કદી પણ સ્વભાવમાં સ્થાયી થઈ શકે જ નહીં. રજોગુણ અને તમોગુણ બન્ને વાટ જોઈને સંતાઈ જ રહેલા હોય છે, અને જ્યારે લાગ આવે છે ત્યારે તેઓ પોતાનું બળ પ્રગટ કરે છે. તેટલા માટે સમત્વનો પાયો કેવળ સાત્ત્વિક સ્વભાવ ઉપર, અથવા તો બુદ્ધિ ઉપર રચાવો જોઈએ નહીં, પરંતુ ત્રણે ગુણોથી પર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છે તેના ઉપર ચિત્તની એકાગ્રતા કરી માણસે સમત્વ પ્રાપ્ત કરવું જોઈએ. પરંતુ એ પાયો પણ બહુ શંકાસ્પદ પાયો ગણાય. કારણ કે સતત જાગ્રત વિવેકબુદ્ધિ વડે, અથવા તો માનસિક અભ્યાસ વડે તે પોતાની જાતના ઉપર પ્રભુત્વ રાખે છે, — તે માણસ પોતાની જાતનો પ્રભુ હોય છે તો પણ ખરું જોતાં એ મુકત હોતો નથી, અને એની નિમ્ન પ્રકૃતિ ઘણે પ્રકારે પોતાની અભિવ્યકિત કરતી હોય છે. અને અમે ત્યારે, પોતાના વિરોધ સામે તથા અસ્વીકારને ખાતર ઉગ્ર પ્રકારનું વેર લઈ શકે છે. આનું કારણ એ હોય છે કે અધોમુખ પ્રકૃતિ ત્રિદળવાળી જ હોઈ શકે છે, એટલે સાત્ત્વિક માણસને માટે રજોગુણ અને તમોગુણ લપાઈને લુમલો કરવા તૈયાર ઉભેલા હોય છે. 'પૂર્ણતાને માટે પ્રયત્ન કરનાર

સાધક પુરુષનું મન પણ ઇન્દ્રિયોના વેગીલા આગ્રહથી, એના મંથનથી ખેંચાઈ જાય છે.' એટલે, સંપૂર્ણ સલામતી તો સત્ત્વગુણથી કોઈ ઉચ્ચ વસ્તુનેઃ, બુદ્ધિથી ઉપરના કોઈ તત્ત્વનો આશ્રય લેવાથી જ મળી શકે છે. એ આત્મા તે મીમાંસકનો બુદ્ધિપ્રધાન માનસિક આત્મા નહીં, પરંતુ કાંતદ્રષ્ટાનો આધ્યાત્મિક આત્મા સમજવાનો છે, જે ત્રણે ગુણોથી પર છે. પૂર્ણતા પ્રાપ્ત કરવાના સઘળા પ્રયત્નોની પરિણતિ ઊર્ધ્વમાં રહેલી આધ્યાત્મિક દિવ્ય પ્રકૃતિની પ્રાપ્તિમાં થવી જોઈએ.

વળી તત્ત્વજ્ઞાની વિચારકની સાત્ત્વિક સમતા પણ કાંઈક અંશે રાજસિક તિતિક્ષા જેવી અને સંસારથી દૂર નાસતા સંન્યાસીના જેવી જ હોય છે. એટલે કે આંતર દૃષ્ટિએ જોતાં, તે નિર્જનતાવાળી મુક્તિ હોય છે, — માનવોથી દૂર વિજનતામાં તે અનુભવાય છે. પરંતુ જે માણસે દિવ્ય જન્મને પ્રાપ્ત કર્યો હોય છે તે પ્રભુને પોતાની અંદર પ્રાપ્ત કરે છે; એટલું જ નહિ પરંતુ સર્વ ભૂતોમાં પણ તે પ્રભુને પામે છે, — એણે સર્વ સાથે પોતાની એકતા સ્થાપિત કરેલી હોય છે. સર્વને તે પોતાના જ આત્મા તરીકે જુએ છે, અને પોતાનો એકલાનો મોક્ષ મેળવવા તે આતુર હોતો નથી. બીજા લોકોનાં સુખદુઃખ, જેની એના અંતર ઉપર અસર થતી નથી, જેને તે પોતે વશ પણ નથી તેનો ભાર પણ તે સમતાને લઈને પોતાના ઉપર લે છે. ગીતા તો એક કરતાં વધારે વાર એ વસ્તુ કહે છે કે સંપૂર્ણતાને પ્રાપ્ત થયેલો મુનિ પોતાની વિશાળ સમતામાં સ્થિર થઈને સર્વ પ્રાણીઓનું હિત કરવામાં રત રહે છે. 'રત રહે છે' એટલે મંડયો રહે છે, એટલું જ નહિ પણ પોતાના એ કાર્યને તે આનંદનું સાધન પણ બનાવે છે,— सर्वभूतहिते रताः . પૂર્ણ યોગી કાંઈ પોતાના આધ્યાત્મિક એકાંતના એકદંડી મહેલના વિજનમાં બેસીને આત્માના ઉપર ચિંતન કરનારો એકાકી પુરુષ નથી, પણ युक्तः कृत्स्नकर्मकृत् —અનેક શાખાઓવાળાં સર્વે કર્મોને કરવાવાળો, જગતના હિતને ખાતર, જગતમાં પ્રભુને ખાતર કર્મ કરનારો હોય છે. કારણ કે એ ભકત હોય છે, પ્રભુનો પ્રેમી હોય છે, તથા જ્ઞાની અને યોગી પણ હોય છે. જ્યાં જ્યાં પ્રભુનાં દર્શન થાય ત્યાં ત્યાં એને ચાહનારો અને સર્વત્ર પ્રભુનાં દર્શન કરનારો હોય છે. જે પ્રભુને તે ચાહે છે તેની સેવા કરવાનું કામ તે નીચું કે હલકું ગણતો નથી, તેમ કર્મ કરવાથી પ્રભુ સાથેના અદ્વૈતનો એનો આનંદ લુપ્ત થતો નથી. કારણ કે એનાં સઘળાં કર્મો પોતાનામાં રહેલ એક પ્રભુમાંથી જ ઉદ્‌ભવે છે, અને સર્વમાં રહેલા પ્રભુ પ્રત્યે એ કર્મો વહેતાં હોય છે. આ પ્રમાણે ગીતામાં કહેલી સમતા વિશાળ અને સમન્વયવાળી સમતા છે અને પ્રભુની દિવ્ય સત્-તાની તથા દિવ્ય પ્રકૃતિની સમગ્રતામાં સઘળું ઊર્ધ્વ ગતિને પામે છે.

પ્રકરણ વીસમું

સમતા અને જ્ઞાન

ગીતાના ઉપદેશના આરંભના ભાગમાં યોગ અને જ્ઞાન ઊર્ધ્વમાં આરોહણ કરવા માટેની આત્માની બે પાંખો ગણાય છે. યોગ એટલે નિષ્કામપણે, સર્વ વસ્તુઓ અને સર્વ માનવો પ્રત્યે આત્માની સમતા જાળવીને, પ્રભુને યજ્ઞરૂપે સમર્પણ કરેલાં કર્મો દ્વારા પ્રાપ્ત થતી પ્રભુ સાથેની એકતા. જ્ઞાન એટલે એ નિષ્કામતા, એ સમતા અને એ યજ્ઞની શક્તિ જેના પર પ્રતિષ્ઠિત છે તે પાયો. એ બે પાંખો—યોગ અને જ્ઞાન — એકબીજાની ઊર્ધ્વ ગતિને મદદ કરતી જ હોય છે, બન્ને સાથે જ કાર્ય કરતી હોય છે. તોપણ, એમની પરસ્પર સહાયમાં, જેમ માણસની બે આંખો એકીવખતે જુએ છે કારણ કે તે એક પછી એક જુએ છે તે જ પ્રમાણે એક પ્રકારના સૂક્ષ્મ વારાફેરા થયા કરતા હોય છે. અને એવા વારાફેરાને લઈને એ બન્ને પોતપોતાના સત્ત્વની આપલે કરીને તે વડે પરસ્પર વૃદ્ધિ કરે છે. જેમજેમ કર્મ કરવામાં માણસ વધારે ને વધારે નિષ્કામ, સમત્વવાળો અને યજ્ઞની ભાવનાવાળો થતો જાય છે, તેમતેમ તેનામાં જ્ઞાન પણ વૃદ્ધિ પામે છે. જ્ઞાનમાં વૃદ્ધિ થવાને કારણે આત્મા નિષ્કામતામાં અને કર્મની વચ્ચે સમતા રાખવામાં તથા યજ્ઞની ભાવના પ્રમાણે વર્તવામાં વધારે દૃઢ થાય છે. દ્રવ્યમય યજ્ઞના કરતાં જ્ઞાનમય યજ્ઞ વધારે શ્રેષ્ઠ છે એમ ગીતા કહે છે. 'પાપીઓની અંદર પણ સૌથી વધારે પાપકર્મ કરનારો તું હશે તોપણ સર્વ પ્રકારના પાપના દુરિતોને તું જ્ઞાનરૂપી નૌકાથી પાર કરીશ; આ જગતમાં જ્ઞાનના જેવું પવિત્ર બીજું કાંઈ જ નથી.' જ્ઞાનના પ્રભાવથી કામનાનો અને કામનાના પુત્ર પાપ એ બન્નેનો વિનાશ થઈ જાય છે. મુક્ત પુરુષ યજ્ઞ તરીકે સર્વ કર્મ કરી શકે છે, કારણ કે આત્મજ્ઞાનમાં એનાં મન, ચિત્ત અને આત્મા દૃઢપણે સ્થાપન થયેલાં હોય છે તેથી તે આસક્તિથી મુક્ત રહે છે. અને એ પ્રમાણે આસક્તિથી મુક્ત હોવાને કારણે તે યજ્ઞ તરીકે સર્વ કર્મો કરી શકે છે. **गतसंगस्य मुक्तस्य ज्ञानाव-स्थितचेतसः ।** (૪.૨૩) એ પ્રકારનાં કર્મો જેવાં તે કરે છે તેવાં જ સંપૂર્ણપણે બ્રહ્મની સત્-તામાં લય પામી જાય છે. **समग्रं प्रविलीयते ।** એ કાર્ય બાહ્ય દૃષ્ટિએ કરનાર માનવના આત્માના ઉપર પ્રતિકાર્ય રૂપે એનું કશું પરિણામ રહેતું નથી. એ કાર્ય પ્રભુ જ પોતાની દિવ્ય પ્રકૃતિ દ્વારા કરે છે, માનવકરણનું અંગત કર્મ તે રહેતું નથી. એવું કર્મ પોતે બ્રહ્મની સત્-તાના સત્યની અને પ્રકૃતિની કેવળ એક શક્તિ રૂપ બની રહે છે.

જ્યારે ગીતા કહે છે, सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते — 'સઘળાં કર્મો સમગ્રરૂપે પોતાની સાર્થકતા જ્ઞાનમાં પ્રાપ્ત કરે છે,' — અર્થાત્ કર્મનો પરિપાક જ્ઞાનમાં આવે છે, — ત્યારે ઉપર જણાવ્યા તે અર્થમાં એ સમજવાનું છે.' 'પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ કાષ્ઠને બાળીને ભસ્મસાત્ કરી નાખે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી નાખે છે' [૧]—એનો અર્થ એવો મુદ્દલે થતો નથી કે જ્યારે જ્ઞાનની પૂર્ણ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે કર્મમાંથી આત્મા પાછો પડે છે, યાને કર્મનો અંત આવી જાય છે. એ શ્લોકનો અર્થ ગીતા એક બીજા શ્લોકમાં વધારે સ્પષ્ટપણે દર્શાવે છે. ગીતા કહે છે: 'યોગસાધનાને લઈને જેણે પોતાનાં સર્વ કર્મોનો સંન્યાસ કરેલો છે, તથા જેના સંશયો જ્ઞાનથી છેદાઈ ગયેલા છે તેવા આત્મજ્ઞાની નરને એનાં કર્મો બંધનમાં નાખી શકતાં નથી — બંધનકારક થઈ શકતાં નથી.'[૨] વળી ગીતા કહે છે: 'જે માનવનો આત્મા સર્વ પ્રાણીઓમાં રહેલા આત્મા સાથે એક થયેલો છે તેવો માણસ કર્મ કરે છે છતાં પોતાના કર્મોથી લેપાતો નથી, એમના વડે બંધનમાં પડતો નથી.' એ કર્મોમાંથી આત્માને બંધનમાં નાખે એવાં કોઈ પ્રતિકાર્યો આવતાં નથી. कुर्वन्नपि न लिप्यते; અર્થાત્, ગીતા એમ કહે છે કે કર્મયોગ કર્મના સંન્યાસ કરતાં એટલે કે કર્મોનો સ્થૂલ ત્યાગ કરવા કરતાં, ચડિયાતો છે, કારણ કે દેહધારી પ્રાણીને માટે કર્મનો સંપૂર્ણ ત્યાગ દુષ્કર છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કર્મ કરવાની એને ફરજ પડે છે. પણ એના પોતાના પ્રમાણમાં કર્મયોગ સંપૂર્ણપણે પર્યાપ્ત છે, અને માનવના આત્માને ઝડપથી અને સહેલાઈથી બ્રહ્મમાં લઈ જઈને સ્થાપે છે. આપણે આગલા પ્રકરણમાં જોઈ ગયા છીએ કે એ કર્મયોગ સર્વ કર્મો યજ્ઞરૂપે પ્રભુને અર્પણ કરવાની ક્રિયામાં સમાયેલો છે, અને એના છેવટના ફળશ્ર તરીકે અંતરથી, નહિ કે બહારથી, સ્થૂલ રીતે નહિ પરંતુ આધ્યાત્મિક રીતે સર્વ કર્મો પ્રભુમાં સમર્પિત થાય છે. (ब्रह्मणि आधाय कर्माणि, मयि संन्यस्य) જ્યારે એ પ્રમાણે કર્મો બ્રહ્મમાં પ્રતિષ્ઠિત થાય છે, તેનામાં પોતાનો આશ્રય પ્રાપ્ત કરે છે, ત્યાર પછી માનવના કરણ તરીકેના ભાવનો અંત આવી જાય છે,લોપ થઈ જાય છે.કર્મ કરતો છતાં તે કાંઈ જ કરતો નથી; કારણ કે એણે પોતાનાં કર્મોનાં ફળનો જ કેવળ નહિ પરંતુ પોતાનાં સર્વે કર્મોનો ત્યાગ કર્યો હોય છે, એટલું જ નહિ પરંતુ એણે પોતાનું કર્તાપણું પણ પ્રભુને સમર્પણ કરી દીધું હોય છે. ત્યાર પછી પ્રભુ પોતે જ એના ઉપરથી કર્મનો ભાર પોતે લઈ લે છે; ત્યાર પછી, પ્રભુ પોતે જ કર્મોનો કર્તા, કર્મ અને પરિણામ રૂપ બને છે.

---

૧ यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ।। (૪,૩૭)

૨ 'योगसंन्यस्तकर्माणं ज्ञानसंच्छिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ।। (૪,૪૧)

અહીં ગીતા જે 'જ્ઞાન'નો ઉલ્લેખ કરે છે તે કાંઈ માનવમનની બુદ્ધિપ્રધાન, બુદ્ધિ પર આધાર રાખનારી પ્રવૃત્તિ નથી. ખરું જોતાં એ જ્ઞાન જીવનની ઊંચામાં ઊંચી સ્થિતિ છે જેમાં એક પ્રકારનો પ્રકાશમય વિકાસ થતો હોય છે. એના વિષે ઋગ્વેદ કહે છે: तत् सत्यम्,-सूर्यं तमसि क्षीयन्तम् — 'તે સત્ય, અંધકારમાં ગુમ રહેલો સૂર્ય'. એટલે કે આપણી અજ્ઞાન અવસ્થામાં પ્રચ્છન્ન રહેલા સત્યરૂપી સૂર્યના પ્રકાશને લઈને એક પ્રકારનો આધ્યાત્મિક વિકાસ સધાય છે. આપણી દ્વંદ્વની બનેલી નિમ્ન પ્રકૃતિમાંથી પર, એના પાપ કે પુણ્ય બન્નેથી અસ્પૃષ્ટ, આપણી પાપની અને ધર્મની લાગણીઓની ભાવનાથી લેપાયા વગરનો, સફળતાના આનંદ અને નિષ્ફળતાના શોક પ્રત્યે ઉદાસીન, સર્વ પ્રતિક્રિયાઓનો પ્રભુ, પરમાત્મા અને વિભુ, સ્થિર, ધ્રુવ, સમર્થ, શુદ્ધ, સર્વ પદાર્થો પ્રત્યે સમ, પ્રકૃતિનું આદિ મૂળ, કર્મોનો કર્તા નહિ પરંતુ તેમનો સાક્ષી એવો અક્ષરબ્રહ્મ, આપણા ચિદાકાશમાં આવી રહેલો છે. આપણા ઉપર કર્તાપણાના ભાનનો અધ્યારોપ એ કરતો નથી. એ કર્તૃત્વાભિમાન 'હું કર્તા છું' એવી ભ્રમણા તો, આપણી નિમ્ન પ્રકૃતિના અજ્ઞાનનું જ પરિણામ હોય છે. પરંતુ આપણામાં આ મુક્તિ, આ પ્રભુત્વ, આ વિશુદ્ધિ રહેલી છે તેને આપણે જોઈ શકતા નથી. આપણી અંદર જે સ્વાભાવિક અજ્ઞાન રહેલું છે તેનાથી આપણે મૂઢ થઈ ગયેલા, ભ્રમમાં પડી ગયેલા હોઈએ છીએ, અને એથી કરીને આપણી પોતાની અંદર ગુમ રહેલા બ્રહ્મના સનાતન જ્ઞાનથી આપણે વંચિત રહીએ છીએ, બ્રહ્મનું સનાતન જ્ઞાન આપણાથી ગુમ રહે છે. પરંતુ જે માણસ ખંતપૂર્વક જ્ઞાનની ખોજ કરે છે તેને જ્ઞાન આવી મળે છે, અને પ્રકૃતિના અજ્ઞાનને તે દૂર કરે છે. એ જ્ઞાન ચિર આચ્છાદિત સૂર્યની પેઠે ઉદય પામે છે , અને આપણી દૃષ્ટિ સમક્ષ તે દ્વંદ્વથી પર રહેલ બ્રહ્મને પ્રકાશિત કરી આપે છે — आदित्यवत् ज्ञानं प्रकाशयति तत् परम् — લાંબા સમય સુધી સમસ્ત અંત:કરણથી કરેલા પ્રયત્ન વડે, એટલે કે તપસ્યા વડે, આપણી સમગ્ર ચેતનાને એના પ્રત્યે દોરવાથી, એની પ્રાપ્તિને જ આપણો એકમાત્ર ઉદ્દેશ બનાવવાથી, આપણો બુદ્ધિનો એકમાત્ર વિષય એને બનાવવાથી, અને એ પ્રમાણે આપણી અંદર જ નહિ પરંતુ સર્વત્ર એ જ બ્રહ્મનાં દર્શન કરવાથી આપણે એના જ વિચારમય અને તન્મય આત્માવાળા બનીએ છીએ. तद् बुद्धयस्तदात्मान: । — ત્યાર પછી આપણામાંથી નિમ્ન માનવનો સર્વ અંધકાર અને સર્વ દુ:ખ, પાપ વગેરે જ્ઞાનના જલ વડે ધોવાઈ જાય છે — ज्ञाननिर्धूत कल्मष: ।*

---

*ज्ञाननिर्धूत कल्मष: । ઋગ્વેદમાં પણ આ જ રીતે 'સત્યની ધારાઓ' — ऋतस्य धाराનો ઉલ્લેખ મળે છે. अपोविचेतस:—स्वरवति: अप: —'જે જલોને સંપૂર્ણ જ્ઞાન થયેલું છે;' 'જે જલો દિવ્ય સૂર્યતેજથી યુક્ત છે.' અહીં ગીતામાં જે જલનો રૂપક છે તે ઋગ્વેદમાં પ્રત્યક્ષ પ્રતીક રૂપે રહેલો છે.

ગીતા કહે છે કે આ જ્ઞાનના પરિણામરૂપે સર્વ વસ્તુઓ, અને સર્વ માણસો પ્રત્યે સંપૂર્ણ સમતા આપણામાં સ્થપાય છે અને ત્યાર પછી જ આપણે કર્મોને બ્રહ્મની અંદર તેની વિશ્રાંતિમાં સ્થાપન કરી શકીશું. કારણ કે બ્રહ્મ પોતે——समं ब्रह्म, —સમતાયુક્ત છે. અને જ્યારે साम्ये स्थितं मनः થાય છે, એટલે કે જ્યારે આપણામાં સંપૂર્ણ સમતા સ્થાપન થાય છે ત્યારે આપણે 'વિદ્વાન વિનયી સંસ્કારી બ્રાહ્મણને, ગાયને, હાથીને, શ્વાનને તથા ચાંડાલને સમદૃષ્ટિ વડે જોઈએ છીએ,' અને સર્વને બ્રહ્મ તરીકે આપણે જાણીએ છીએ. બ્રહ્મની એ એકતામાં રહેવાને પરિણામે બ્રહ્મની પેઠે આપણાં કર્મોને પ્રકૃતિમાંથી આસક્તિના કે પાપના કે બંધનના ભય વગર આપણે ઉદ્‌ભવતાં જોઈ શકીશું. અને ત્યાર પછી પાપ, દોષ અને લાંછન રહેતાં નથી, કારણ કે જે સંસારમાં કામના ભરેલી છે અને કામનાનાં કાર્ય — પ્રતિકાર્ય જેનો સક્રિય નિયમ છે એવા અજ્ઞાની જગતને આપણે જીતી શકીએ છીએ — तैर्जितः सर्गः — અને આપણે પરમ અને દિવ્ય પ્રકૃતિમાં વસીએ છીએ. એટલે આપણાં કર્મોમાં સ્ખલન કે ખામી રહેતાં નથી. કારણ કે અજ્ઞાનમાં વસતી અસમતા જ એ દુઃખોને ઉત્પન્ન કરે છે. સમત્વવાળું બ્રહ્મ નિર્દોષ છે— निर्दोषं हि समं ब्रह्म। આ બ્રહ્મ શુભ અને અશુભની ગરબડથી પેલે પાર છે, અને એ બ્રહ્મમાં ચેતનાને સ્થિર કરવાથી આપણે પોતે પણ શુભાશુભથી પર થઈ જઈએ છીએ, અને એ બ્રાહ્મી શુદ્ધિમાં જરા પણ ડાઘ વગર કાર્ય કરીએ છીએ, અને સર્વ ભૂતોનું હિત સાધવાની એકમાત્ર કલ્યાણકામનાને ખાતર આપણે કર્મ કરીએ છીએ, क्षीणकल्मषाः—सर्वभूतहिते रताः। અજ્ઞાન દશામાં પણ આપણાં કર્મોનું આદિ કારણ હૃદયમાં જે ઈશ્વર બિરાજે છે તે જ હોય છે, પરંતુ તે માયા દ્વારા, આપણી નિમ્ન પ્રકૃતિમાં રહેલી અહંતા દ્વારા, તે કાર્ય કરતો હોય છે. એ માયા, એ અહંતા, આપણી અંદર કર્મોનું અટપટું ગૂંછળું થાને પટ તૈયાર કરે છે. અને આપણી અહંતા પોતાના ઉપર એ કર્મોનાં પ્રતિકાર્યોનાં જટિલ પરિણામ પણ લઈ આવે છે, અને એને પરિણામે પાપ અને પુણ્ય, શુભ અને અશુભ વગેરે કર્મની સાંકળ તૈયાર થાય છે અને તે આપણને બંધનકર્તા નીવડે છે. જ્યારે જ્ઞાનને પરિણામે આપણે મુક્ત થઈએ છીએ, ત્યારે આપણા અંતરમાં પ્રભુ ગુમ નહિ પરંતુ પ્રગટ રૂપે વસે છે. અને આપણા પોતાના જ પરમ સ્વરૂપ તરીકે આપણાં કર્મોને તે પોતાના હાથમાં લે છે અને જગતને સહાય કરવા માટે દોષ વગરના કરણ તરીકે — निमित्तमात्रम्, ઉપયોગ કરે છે. સમતા અને જ્ઞાન વચ્ચે આવો ગાઢ સંબંધ રહેલો છે. અહીં, નિમ્ન પ્રકૃતિમાં, આપણી બુદ્ધિમાં એ જ્ઞાન સમતા તરીકે પ્રતિફલિત થાય છે. અને ઊર્ધ્વમાં, એટલે ચેતનાની વધારે ઊંચેની ભૂમિકામાં જ્ઞાન એટલે સત્‌-તાનો પ્રકાશ બને છે અને સમતા પ્રકૃતિના સત્ત્વરૂપે જણાય છે.

ભારતના તત્ત્વજ્ઞાનમાં અને યોગમાં 'જ્ઞાન' શબ્દનો પ્રયોગ થયો હોય છે

તે ઉપર જણાવેલા પરમ જ્ઞાનના અર્થમાં, આત્મસાક્ષાત્કારના અર્થમાં વપરાયેલો જણાશે. એ જ્ઞાન એટલે એવો અંતરનો પ્રકાશ જેના વડે આપણે પોતાના સત્ય-સ્વરૂપમાં વિકાસ પામીએ. અર્થાત્, જ્ઞાન એટલે બુદ્ધિમાં માહિતીનો કે બૌદ્ધિક સમૃદ્ધિનો વધારો એમ સમજવાનું નથી. એ જ્ઞાન ભૌતિક વિદ્યા જેવું, યા તો માનસશાસ્ત્રને લગતું, મીમાંસાનું, નીતિનું કે સૌંદર્ય-ગ્રહણનું, વ્યવહારનું કે જગતનું હોય છે તેવું હોતું નથી. એ બધાં ખરીત, વિકાસ સાધવામાં આપણને મદદ કરે છે પણ એ મદદ આપણી પ્રકૃતિના વિભાગમાં, આવિર્ભાવનાં બાજુમાં હોય છે, આપણા 'સ્વ'ના જ્ઞાનમાં નહીં. એ બધા વિષયો પણ યૌગિક જ્ઞાનની વ્યાખ્યામાં ત્યારે પ્રવેશ પામે છે, જ્યારે પ્રભુનું, આત્માનું, પરમ પરાત્પરનું જ્ઞાન મેળવવાના સહાયક તરીકે આપણે તેમનો ઉપયોગ કરીએ. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે પ્રક્રિયા અને દૃશ્ય વાસ્તવિકતાના પડદા પાછળ જોઈ શકીએ અને ત્યાં આવી રહેલી એક વાસ્ત-વિકતાને જોઈ તથા જાણી શકીએ તથા એ વાસ્તવિકતા આપણને સર્વની સમજૂતી આપી રહે છે એમ જોઈએ, ત્યારે ભૌતિક વિદ્યા એ જ્ઞાનની સહાયક બની શકે છે. માનસશાસ્ત્ર પણ ત્યારે આપણને એ 'જ્ઞાન'માં સહાય કરી શકે છે જ્યારે આપણે નિમ્ન અને ઊર્ધ્વ એવાં બે આત્મસ્વરૂપો વચ્ચે ભેદ કરી શકીએ, જેથી કરીને નિમ્નનો ત્યાગ કરીને ઊર્ધ્વમાં આપણે ઉત્થાન કરી શકીએ, જ્યારે આપણે આત્માનું જ્ઞાન મેળવવા માટે તેનો ઉપયોગ કરી શકીએ. મીમાંસાનું જ્ઞાન પણ જીવનના મૂળમાં રહેલાં તત્ત્વો પર પ્રકાશ નાખનાર બને અને પરિણામે, આપણે શાશ્વત વસ્તુને જાણી શકીએ અને તેમાં જીવન ધારણ કરી શકીએ ત્યારે સાચા 'જ્ઞાન'નું પોષક બને છે. નીતિનું જ્ઞાન પણ આપણને પાપ અને પુણ્ય વચ્ચેનો ભેદ શીખવે અને પાપને દૂર મૂકી દઈને અને પુણ્યથી પર થઈ જવાનો માર્ગ બતાવીને દિવ્ય પ્રકૃતિની વિશુદ્ધ નિર્દોષતાને પ્રાપ્ત કરાવે ત્યારે સાચા જ્ઞાનનું પોષક બને છે. સૌન્દર્યશાસ્ત્ર દ્વારા આપણે પ્રભુની સુંદરતાને પામીએ ત્યારે સાચા જ્ઞાનનું તે સહાયક બને છે. જગતનું જ્ઞાન પણ વિવિધ પ્રાણીઓ સાથે પ્રભુ કેવી રીતે વ્યવહાર કરે છે તે આપણને દર્શાવે અને એ જ્ઞાનનો માનવમાં રહેલા પ્રભુની સેવા માટે આપણે ઉપયોગ કરીએ ત્યારે સાચા જ્ઞાનનું તે સહાયક થાય છે. અને એમ હોય તે છતાં એ બધાં શાસ્ત્રો કેવળ સહાયકો જ રહે છે, ગૌણ મદદ કરનારાં હોય છે. સાચું જ્ઞાન તો તે છે જે મનથી ગુપ્ત છે, માત્ર જેનું પ્રતિબિંબ મન ઝીલે છે, અને જે આત્મામાં પ્રતિષ્ઠિત છે.

એ પ્રકારનું સાચું 'જ્ઞાન' આપણને કેવી રીતે મળે તેનું વર્ણન કરતાં ગીતા કહે છે કે જે લોકોએ એ મૌલિક સત્યોનું દર્શન, અર્થાત્ ક્રાંતદર્શન, કરેલું હોય છે, — નહિ કે, જેઓ કેવળ બુદ્ધિથી એને જાણતા હોય છે — તેમની પાસેથી એ જ્ઞાનની પ્રથમ દીક્ષા આપણને મળી શકે છે. પરંતુ એ જ્ઞાનની અનુભૂતિ તો

આપણા પોતાના અંતરમાંથી જ આવે છે. 'જે માણસે યોગસાધના વડે પૂર્ણતાને પ્રાપ્ત કરેલી હોય છે તે એ જ્ઞાનને કાળે કરીને પોતાના આત્મામાં જાણે છે.' એટલે કે, એ પ્રકારનું જ્ઞાન સાધકની અંદર વિકાસ પામે છે, અને એ યોગી પોતે પણ, જેમજેમ પોતે નિષ્કામમાં, સમતામાં પ્રભુની ભક્તિમાં વધતો જાય છે તેમતેમ, એ જ્ઞાનની અંદર વિકાસ પામે છે. અલબત્ત, આ વિધાન સૌથી ઊંચા પ્રકારના જ્ઞાનને સર્વ ભાવે લાગુ પડે છે. માણસની બુદ્ધિ જે જ્ઞાન મેળવે છે, જે માહિતી ભેગી કરે છે તે મહા મહેનતે ઇન્દ્રિયો વડે અને તર્કશક્તિના પ્રયોગ વડે કેવળ બહારથી એકઠું કરવામાં આવે છે. પણ ઉપર જણાવ્યું તે યૌગિક પ્રકારનું 'જ્ઞાન' જે સ્વયંભૂ હોય છે, તે સહજ બોધ વડે પ્રાપ્ત થાય છે, એ જ્ઞાન સ્વાનુભૂતિપ્રધાન છે, એને પ્રાપ્ત કરવા માટે આપણે ઇન્દ્રિયોનો અને મનનો સંયમ કરવો જરૂરી છે — संयतेन्द्रियः —જેથી કરીને આપણે ઇન્દ્રિયોના મોહને વશ ન થઈએ. પરંતુ ઊલટાં એ મન અને ઇન્દ્રિયો વિશુદ્ધ દર્પણ જેવાં સ્વચ્છ થાય એને માટે આપણી સમગ્ર ચેતના આપણે એ પરમ વાસ્તવિકતા — જેમાં સઘળું છે — તેના ઉપર એકાગ્ર કરવી જોઈએ, — तत्परः થવું જોઈએ. આમ કરવાથી તે આપણો આગળ પોતાની જ્યોતિ — પોતાની આત્મસત્-તા પ્રગટ કરે.

છેવટે, આપણામાં એક એવી શ્રદ્ધા હોવી જોઈએ જે બુદ્ધિની શંકાથી જરા પણ ડગે નહિ, કારણ કે — श्रद्धावान् लभते ज्ञानम् — શ્રદ્ધાવાળો માણસ જ્ઞાનને પ્રાપ્ત કરે છે; પરંતુ अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति——'જે માણસ અજ્ઞાની છે, શ્રદ્ધા વગરનો છે, જે સંશયાત્મા છે તે વિનાશને પામે છે.' વળી, नायंलोकोऽस्ति न परो न सुखं संशयात्मनः । 'જે માણસ શંકાઓથી ભરેલો છે તેને માટે આ લોક નથી તેમ પરલોક પણ નથી, તેને માટે સુખ નથી.' વાસ્તવમાં, શ્રદ્ધા વિના આ જગતમાં નિશ્ચયાત્મક એવું કાંઈ જ સિદ્ધ થઈ શકતું નથી. અથવા તો, ઊર્ધ્વ લોકની પ્રાપ્તિ પણ શ્રદ્ધા વિના સિદ્ધ થઈ શકતી નથી, અને શ્રદ્ધા જેવા કોઈ ખાતરી ભરેલા પાયા અને સક્રિય સહાય વડે જ માણસ ઐહિક જીવનમાં અથવા તો આધ્યાત્મિક જીવનમાં કોઈ પણ પ્રકારની સફળતા, સંતોષ અને સુખ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જે માનસ કેવળ સંશયગ્રસ્ત રહે છે તે શૂન્યમાં જ લય પામે છે. આમ હોય છે તે છતાં ઊતરતા પ્રકારના જ્ઞાનમાં શંકા અને સંશયાત્મકતા, થોડા સમય માટે, ઉપયોગનાં હોય છે, પરંતુ ઊર્ધ્વ પ્રકારના જ્ઞાનમાં એ વસ્તુઓ બાધારૂપ થઈ પડે છે. કારણ કે ઊર્ધ્વમાં જ્ઞાનનો જે પ્રકાર છે તેનું રહસ્ય સત્ય અને સ્ખલન વચ્ચે સમતૂલા સાધવામાં નહિ પરંતુ કાંતદર્શન વડે પ્રત્યક્ષ થયેલા સત્યની સતત વર્ધમાન અનુભૂતિ કરવામાં રહેલું છે. બુદ્ધિ વડે પ્રાપ્ત કરેલા જ્ઞાનમાં હમેશાં અસત્યનું, અથવા તો, અપૂર્ણતાનું મિશ્રણ હોય છે અને એને દૂર કરવા માટે એ

બૌદ્ધિક જ્ઞાનને સંશયની પરીક્ષામાંથી પસાર કરીને કસોટીએ ચડાવવું પડે છે. પરંતુ ઊર્ધ્વના આધ્યાત્મિક જ્ઞાનમાં અસત્ય પ્રવેશ જ કરી શકતું નથી, અને બુદ્ધિ અમુક અભિપ્રાય પ્રત્યે આસક્ત થઈને જે અસત્યનો અંશ એમાં દાખલ કરે છે તે એ સાક્ષાત્કારના સાતત્યને લઈને આપોઆપ ખરી જશે. પોતાને પ્રાપ્ત થયેલા આધ્યાત્મિક જ્ઞાનમાં જે કાંઈ અપૂર્ણતા રહેલી હોય તેને દૂર કરવા માટે અત્યાર સુધી જેનો સાક્ષાત્કાર થયેલો છે તેના મૂળ વિષે શંકા કરવાની હોતી નથી; પરંતુ એને માટે વધારે ને વધારે આગળ જવાનું છે, પ્રગતિ કરવાની હોય છે. અને એમ કરીને આગળ આવેલા વધારે પૂર્ણતાવાળા સાક્ષાત્કારને પ્રાપ્ત કરીને, એટલે કે આત્મામાં વધારે ઊંડું, વધારે ઊર્ધ્વ પ્રકારનું, અને વિશાળ એવું જીવન પ્રાપ્ત કરીને એ અપૂર્ણતાઓ દૂર કરવાની હોય છે. વળી, અત્યાર સુધીમાં જે વસ્તુનો સાક્ષાત્કાર થયો નથી તેને માટે સંશયાત્મક પ્રશ્નો વડે નહિ પરંતુ શ્રદ્ધા વડે તૈયારી કરવાની છે. કારણ કે એ સત્ય પોતે એવા પ્રકારનું છે કે તે બુદ્ધિ આપણને આપી શકે તેમ નથી, અને ઘણી વખત તો તર્ક અને તાર્કિક મન જે વિચારોમાં ગૂંચવાઈ જાય છે તેનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારનું એ સત્ય હોય છે. એ આધ્યાત્મિક સત્ય બુદ્ધિ વડે સાબિત કરવાનું નથી હોતું, પરંતુ તે અંતરમાં જીવીને જાણવાનું હોય છે, તેનો સાક્ષાત્કાર કરવાનો હોય છે. એ સત્ય બુદ્ધિ પ્રાપ્ત કરી શકે તે કરતાં વધારે મહાન વાસ્તવિકતા છે જેમાં આપણે પોતાનો વિકાસ કરવાનો છે. છેવટે, એ સત્ય પોતે સ્વયંભૂ છે, અને આપણે અવિદ્યાની માયામાં રહેતા ન હોત તો એ સત્ય આપણને હસ્તામલકવત્ લાગત, એ આપોઆપ જ પ્રગટ થાત. એ સ્વયંભૂ સત્યનો સ્વીકાર કરવામાં આપણી અંદર જે શંકાઓ અને ગૂંચવણો ઊભી થાય છે તે આપણામાં રહેલા અજ્ઞાનમાંથી ઊઠે છે, ઈન્દ્રિયોથી મોહ પામેલા અને અભિપ્રાયોથી ગૂંચવાઈ ગયેલાં હૃદય અને બુદ્ધિમાંથી જાગે છે. કારણ કે એ કરણો નિમ્નતર અને દૃશ્ય જગતની વાસ્તવિકતામાં જીવતાં હોય છે અને તેથી વધારે ઊર્ધ્વમાં રહેલી આધ્યાત્મિક વાસ્તવિકતાઓને શંકાની નજરે જુએ છે. **અજ્ઞાન-સંભૂતં હૃત્સ્થ સંશયમ્** — ગીતા કહે છે— 'એવા સંશયોને જ્ઞાનરૂપી તલવારથી છેદી નાખવાના છે.' એટલે જે જ્ઞાન સાક્ષાત્કારસ્વરૂપ છે, તેના વડે,—સતત યોગમાં સ્થિર રહીને—એ સંશયોને છેદવાના છે. એટલે કે પ્રભુ સાથે જીવંત અને જાગ્રત એકતા સ્થાપન કરવાથી એ જ્ઞાન મળે છે, કારણ કે પરમાત્માનું સત્ય જાણ્યા પછી સર્વનું જ્ઞાન થાય છે— **યસ્મિન્ વિજ્ઞાતે સર્વં વિજ્ઞાતમ્** ।

ત્યાં, ઊર્ધ્વમાં જે જ્ઞાન આપણને મળે છે તે **બ્રહ્મવિદ્** — બ્રહ્મના જાણનારને માટે સતત જાગ્રત સત્યનાં દર્શનરૂપ હોય છે, અને તે પોતે એ સત્યમાં પોતાનું જીવન ધારણ કરતો હોય છે. — **બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ** । બ્રહ્મનું એ દર્શન માનવને થાય છે, એ જ્ઞાન કે એ ચેતનાની અનુભૂતિ થાય છે તે અન્યને બાતલ

કરીને થાય છે એવું નથી. એ દર્શન એટલે સર્વને બ્રહ્મમાં જોવાં, તથા સર્વને આત્મસ્વરૂપે જોવાં એવો એનો અર્થ થાય છે. ગીતા કહે છે કે જે જ્ઞાન વડે આપણે માનસિક પ્રકૃતિના મોહમાં ફરીથી પડીશું નહિ એવા પ્રકારનું એ જ્ઞાન હોય છે: એટલે કે 'અશેષ ભૂતોને આપણી પોતાની અંદર — આત્મામાં — તું જોશે, અને પછીથી મારામાં જોશે.' બીજે ઠેકાણે એ જ વસ્તુ ગીતા વધારે વિશાળતાપૂર્વક રજૂ કરે છે: 'સર્વત્ર સમદૃષ્ટિવાળો હોઈને તે પોતાના આત્માને સર્વભૂતોમાં અને સર્વભૂતોને પોતાના આત્મામાં જુએ છે.' વળી, 'જે મને સર્વત્ર જુએ છે, તથા સર્વને સમગ્રરૂપે અને પ્રત્યેકને મારામાં જુએ છે તે કદી પણ મારાથી વિમુખ થતો નથી અને હું તેનાથી વિખૂટો પડતો નથી. જેણે એકતાને પ્રાપ્ત કરવી છે, અને સર્વ પ્રાણીઓમાં વસતા મને જે ભજે છે, ચાહે છે એવો યોગી ગમે તે પ્રકારે જીવન ગાળતો હોય અને કર્મ કરતો હોય તોપણ તે મારામાં જ જીવે છે અને કર્મ કરે છે. હે અર્જુન! જે યોગી સર્વને પોતાના જ આત્મા તરીકે જુએ છે, અને તેથી સુખમાં કે દુઃખમાં પણ જેની એ આત્મવૃત્તિ સ્થિર રહે છે તેને હું પરમ યોગી તરીકે માનું છું.' આ જ્ઞાન તે ઉપનિષદમાં વર્ણવેલું વેદાંતનું જ્ઞાન છે અને ગીતા આપણી આગળ એ જ્ઞાનને સતત આદર્શ તરીકે મૂકે છે. પરંતુ પાછળથી એ વેદાંતના જ્ઞાનનાં જે જુદાંજુદાં સ્વરૂપો પ્રચલિત થયાં તે બધામાં ગીતાની શ્રેષ્ઠતા એ વસ્તુમાં રહેલી છે કે એ જ્ઞાનને ગીતા દિવ્ય જીવન ગાળવા માટેની વ્યવહારુ મીમાંસાનું રૂપ આપે છે. આ અદ્વૈતનું જ્ઞાન અને કર્મયોગ એ બેની વચ્ચેના સંબંધમાં ઉપર ગીતા ભાર મૂકે છે. અને તેથી જગતમાં મુક્ત કર્મ કરવાના પાયા તરીકે એ એકતાના જ્ઞાનની સ્થાપના કરે છે. જ્યારે જ્યારે ગીતા જ્ઞાન વિષે ઉલ્લેખ કરે છે ત્યારે ત્યારે એ જ્ઞાનના પરિણામરૂપે સમતા વિષે પણ ઉલ્લેખ કરે છે. તેવી જ રીતે જ્યારે જ્યારે ગીતા સમતાનો ઉલ્લેખ કરે છે ત્યારે ત્યારે એના પાયા તરીકે આ અદ્વૈતના જ્ઞાનનો પણ તે ઉલ્લેખ કરે છે. જે સમતાનો ગીતા આગ્રહ કરે છે તે કેવળ આત્માના મોક્ષને માટે ઉપયોગી હોઈ સ્થિર, નિષ્ક્રિય સ્થિતિમાં જ આરંભીને તેમાં જ અંત પામી જાય છે એવું નથી. એવી સમતા એ તો કર્મની પ્રતિષ્ઠા રૂપ છે. મુક્તાત્માની અંદર રહેલી બ્રહ્મની શાંતિ એ પ્રતિષ્ઠા છે અને એ શાંતિમાંથી યોગીની મુક્ત થયેલી પ્રકૃતિ દ્વારા પ્રભુ વિશાળ, મુક્ત, સમ અને જગદ્‌વ્યાપી એવા કર્મ દ્વારા પોતાની દિવ્ય શક્તિનું કાર્ય ચારે બાજુ પ્રસારે છે. આ બે તત્ત્વો આપણને દિવ્ય કર્મ અને દિવ્ય જ્ઞાનનો સમન્વય કરી આપે છે.

બીજાં દર્શનો, યોગમાર્ગો અને ધર્મો અર્થાત્ મીમાંસાની, નીતિની કે ધર્મની પદ્ધતિઓનાં જે તત્ત્વો ગીતામાં પણ સમાન રૂપે રહેલાં છે તેમનું સ્વરૂપ ગીતા કેટલું વિશાળ અને વ્યાપક કરી આપે છે તે અહીં એકદમ આપણી નજરે ચડે છે.

તિતિક્ષા, ઉદાસીનતા અને શ્રદ્ધાયુકત પ્રભુપરાયણતા એ ત્રણે, આપણે આગળ કહી ગયા છીએ તેમ, ત્રણ પ્રકારની સમતાના પાયા રૂપ છે. પણ ગીતામાં 'જ્ઞાન'નું જે સ્વરૂપ આપણે જોઈએ છીએ તે એ ત્રણેને એકતામાં બાંધી આપે છે એટલું જ નહિ, પરંતુ એમનામાં અનેક ગુણગંભીરતા અને ભવ્યતાભરી વિશાળતા ઉમેરે છે. તિતિક્ષાનું અનુસરણ કરનાર એ જ્ઞાન ઉપર ચાલે છે કે, સહનશીલતા વડે પોતાના ઉપર પ્રભુત્વ મેળવવાની શકિત આત્મામાં રહેલી છે: એ પ્રકારની સમતા પોતાની પ્રકૃતિ સાથે રસાકસીમાં ઊતરીને પ્રાપ્ત કરવામાં આવે છે, તથા પ્રકૃતિમાં જાગતા સ્વાભાવિક વિદ્રોહ યાને બળવાના ઉપર કાબૂ રાખીને, તથા સતત જાગ્રત ચોકીપહેરો રાખીને એ સમતાને ટકાવી રાખી શકાય છે. એ તિતિક્ષાને પરિણામે ઉદાત્ત શાંતિ, એક પ્રકારની સૂકીલૂખી સુખની લાગણી પણ અનુભવી શકાય છે. પરંતુ મુકત આત્માનો પરમ આનંદ જે સર્વ નિયમોથી પર હોય છે તે પણ દિવ્ય સત્-તાની પૂર્ણતામાં રહેલો વિશુદ્ધ, સરલ, સહજ આનંદ છે. એટલે 'ગમે તે પ્રકારે તે જીવે અને કર્મ કરે તોપણ પ્રભુમાં જ તે જીવે અને કર્મ કરે' એ પ્રમાણે થવું જોઈએ. એવી સ્થિતિ પ્રાપ્ત કરવી જોઈએ. એ સ્થિતિ પ્રાપ્ત કરવાનો હેતુ એ છે કે એમાં પૂર્ણતા પ્રાપ્ત કરવામાં આવે છે, એટલું જ નહિ પરંતુ આત્માની એક સ્વાભાવિક સ્થિતિરૂપ, એની એક સંપત્તિરૂપ તે બની રહે છે. એટલે પ્રયત્ન કરીને એને ટકાવી રાખવી પડતી નથી, કહો કે આત્માનો એ સ્વભાવ થઈ રહે છે. તિતિક્ષા, સહનશકિત, ધીરજ વગેરે વસ્તુઓને આપણી અધોમુખ પ્રકૃતિ સાથેની રસાકસીમાં શરૂઆતની ક્રિયા તરીકે ગીતા સ્વીકારે છે. પરંતુ એવી વ્યકિતગત શકિતને લઈને અમુક પ્રકારનો સંયમ પ્રાપ્ત થઈ શકે છે તોપણ મુકત ગણાય એવું પ્રભુત્વ યાને સંયમ તો પ્રભુ સાથે એકતા સિદ્ધ કરવાથી જ મળે છે. એટલે કે, એકમાત્ર દિવ્ય પુરુષોત્તમની વ્યકિતતામાં આપણી વ્યકિતતાનો લય કરવાથી, યા તો એનામાં સતત વાસ કરવાથી અને અંગત સંકલ્પનો પ્રભુના દિવ્ય સંકલ્પમાં વિલય કરવાથી જ એવા મુકત પ્રભુત્વનો અનુભવ થઈ શકે છે. પ્રકૃતિનો અને તેનાં સર્વે કર્મોનો એક દિવ્ય પ્રભુ છે, — તે પ્રકૃતિની અંદર વસે છે છતાં તેનાથી ઊર્ધ્વમાં પણ રહેલો છે. એ જ આપણું ઉત્તમોત્તમ સત્ છે, આપણો વૈશ્વિક આત્મા છે. એની સાથે એકતા કરવી એટલે આપણે દિવ્ય બનવું. પ્રભુ સાથે એકતા કરીને આપણે પરમ મુકિતમાં અને પરમ પ્રભુત્વમાં પ્રવેશ કરીએ છીએ. તિતિક્ષાના ઉપાસકોનો આદર્શ રાજર્ષિનો આદર્શ છે; કારણ કે આત્મસંયમને પરિણામે તે પોતાની બહારની પરિસ્થિતિના ઉપર પ્રભુત્વ પ્રસારે છે, અને બહારની દૃષ્ટિએ જોતાં, વેદાંતમાં 'સ્વરાટ્' અને 'સમ્રાટ્'નો જે આદર્શ છે તેને તે મળતો આવે છે. પરંતુ એ પ્રભુત્વ પ્રકૃતિની નિમ્ન ભૂમિકામાં હોય છે. એવી તિતિક્ષાનું પ્રભુત્વ પોતાના ઉપર અને આજુબાજુના પરિસ્થિતિના ઉપર બળનો પ્રયોગ કરવાથી ટકી

થકે છે. પરંતુ યોગીનું સંપૂર્ણપણે મુકત પ્રભુત્વ દિવ્ય પ્રકૃતિમાં રહેલા સનાતન પ્રભુત્વને પરિણામે સ્વાભાવિક જ હોય છે. એવા યોગીની ચેતનાની બંધનહીન વિશ્વમયતા જોડે પણ એકતા થયેલી હોય છે, અને અંતમાં, પ્રકૃતિનાં જે કરણો દ્વારા પોતે કાર્ય કરતો હોય છે તેનાથી એની પોતાની શ્રેષ્ઠતા વિનાપ્રયત્ને સિદ્ધ હોય છે તેને લઈને તે એવું સંપૂર્ણ પ્રભુત્વ અનુભવે છે. એનું પ્રભુત્વ સર્વ પદાર્થો પર હોય છે કારણ કે સર્વ વસ્તુઓ સાથે તેણે એકતા સિદ્ધ કરી હોય છે. રોમન બંધારણમાંથી એનું રૂપક ઉછીનું લઈને કહીએ તો તિતિક્ષાવાળા માણસની મુકિત 'લીબર્ટસ'ની, એટલે કે મુકત કરેલા ગુલામની મુકિત છે. એવાની મુકિતનો આધાર જે શકિતએ એને એક વાર ગુલામીમાં રાખ્યો હતો તેના ઉપર હોય છે. અર્થાત્, પ્રકૃતિ પોતે એને મુકિતની છૂટ મૂકે છે, કારણ કે એણે તે મુકિતની કિમત આપી છે, પોતે મુકિતને લાયક બન્યો છે. ગીતા જે મુકિત વિષે કહે છે તે ઊર્ધ્વતર પ્રકૃતિમાં જન્મ થવાને લીધે મળતી સ્વાભાવિક રીતે જ મુકત માણસની મુકિત છે. એના દિવ્યત્વને લઈને એ સ્વયંભૂ હોય છે. એવો માણસ ગમે તે કરે, ગમે તે પ્રકારે જીવન ગાળે તોપણ એવો મુકત આત્મા પ્રભુની અંદર જ વસતો હોય છે. પ્રભુના પ્રાસાદનો એ ખાસ હકદાર બાળક છે અને એ રીતે એ બાલવત્ હોય છે. એ કદી ભૂલ કરતો નથી કે પતન પામતો નથી. કારણ કે એનું સમગ્ર સ્વ-રૂપ અને એનાં કર્મો—સઘળું—પરમાત્માથી—સર્વાનંદ-મયથી, સર્વ પ્રેમમયથી અને નિખિલ સુંદરથી—છલોછલ ભરેલું હોય છે. જે રાજ્ય એ ભોગવતો હોય છે—राज्यं समृद्धम्—તે સુખી અને આનંદભર્યું રાજ્ય હોય છે. એને વિષે ગ્રીક મીમાંસકના અર્થઘન શબ્દોમાં આપણે કહી શકીએ : 'આ રાજ્ય જે બાળક હોય તેનું છે.'

તત્ત્વદ્રષ્ટા યા તે મીમાંસકનું જ્ઞાન જગતના સાચા સ્વરૂપનું, જગતના ભેદોના, અને ખાસ ગુણોના મિથ્યાત્વનું, અંતરની સ્થિરતા, શાંતિ, જ્યોતિ અને મુકિતની શ્રેષ્ઠતાનું એ જ્ઞાન હોય છે. એની સમતા મીમાંસકની ઉદાસીનતાની બનેલી હોય છે. એવી ઉદાસીનતાને પરિણામે તિતિક્ષા કરતાં વધારે ઉચ્ચ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થાય છે. પણ વધારે મહાન પ્રકારનો આધ્યાત્મિક આનંદ એનાથી મળી શકતો નથી. એ મુકિત અટૂલી એકલવાયી હોય છે. લ્યુક્રિશિયન મુનિના જેવી જીવનના ઉચ્ચ શિખર પર ઊભા થઈને જોનારના જ્ઞાનને પરિણામે જાગ્રત થતી એ સમતા હોય છે. એ પ્રમાણે ઊર્ધ્વમાં ઊભો રહીને માનવ જીવનના મહાસાગરનાં જે જલોમાંથી પોતે મુકત થઈ ગયો છે તેમાં માણસોને આમથી તેમ ફેંકાતા જુએ છે. આખરે, એ પોતે અળગો, અટૂલો અને આજુબાજુના ઉપર અસર ઉપજાવવાને અશકત એવો તે પોતાની જાતને જુએ છે. મીમાંસકની ઉદાસીનતાવાળી આ સમતાનો પણ ગીતા

આરંભની ક્રિયા તરીકે સ્વીકાર કરે છે. પરંતુ ગીતા જે ઉદાસીનતામાં માનવ-આત્માને પ્રતિષ્ઠિત કરવામાં સફળ થાય છે તેને આપણે 'અપૂર્ણ'—વિશેષણ—લાગુ પાડી શકીએ તોપણ મીમાંસકની તટસ્થતાનું અને અટૂલાપણાનું તત્ત્વ એમાં હોતું નથી. એની મનોદશા ઉદાસીન, એટલે કે 'ઉપર બેઠેલા'ના જેવી હોય છે. જેમ ઈશ્વર પોતે સર્વથી ઊર્ધ્વમાં પોતાની તટસ્થતામાં રહેલો છે તેમ એ પણ ઊર્ધ્વમાં પ્રતિષ્ઠિત હોય છે. ઈશ્વરને પોતાને જગતમાં કશાની જરૂર હોતી નથી છતાં તે હમેશાં કાર્ય કરતો રહે છે, અને સર્વમાં વ્યાપેલો હોવાથી સર્વને તે મદદ કરે છે, ભૂતમાત્રના કાર્યને તે દોરતો હોય છે. પ્રભુનું એ સમત્વ સર્વભૂતો સાથેની એની એકતાના ઉપર પ્રતિષ્ઠિત છે. મીમાંસકની સમતામાં જે ભાવપૂર્ણતાની ખામી હોય છે તે આ વ્યાપક સમતા પૂરી પાડે છે, કારણ કે એ સમતાનો આત્મા કેવળ શાંતિનો બનેલો હોય છે એવું નથી, પરંતુ એમાં પ્રેમનું તત્ત્વ પણ હોય છે. સર્વ ભૂતોને અપવાદ વગર તે ભગવાનમાં જ જુએ છે, એવી સમતાવાળો પુરુષ સર્વ ભૂતોની સાથે પોતાના આત્માની એકતા અનુભવે છે, એટલે સર્વ પ્રાણીઓ પ્રત્યે તેની સંપૂર્ણ સહાનુભૂતિ હોય છે. આ વ્યાપક સમત્વ અશોચેણ —'કોઈ પણ વસ્તુને બાદ કર્યા વિના' સર્વ પ્રાણી અને પદાર્થો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ અને અનુકંપા રાખે છે. સારું, પ્રિય અને સુંદર હોય તેના પ્રત્યે જ માત્ર નહિ પરંતુ ગમે તેવું અધમ, પતિત, પાપી, ગુનેગાર કે ધૃણાસ્પદ હોય તેને એ આત્માની સમગ્રતામાંથી ઉદ્‌ભવતી વિશ્વમય સમતા અને આધ્યાત્મિક એકતા પોતાના કાર્યમાંથી બાતલ રાખી શકતી નથી. એમાં તિરસ્કાર, દ્વેષ, ક્રોધ કે અસહિષ્ણુતાને સ્થાન જ હોતું નથી, એટલું જ નહિ પરંતુ અતડાઈને, તિરસ્કાર કે ઉચ્ચતાના અભિમાનને, કે પોતે શ્રેષ્ઠ છે એવી શુદ્ર અભિમાનની વૃત્તિને પણ સ્થાન હોઈ શકતું નથી. ફાંફાં મારી રહેલ અજ્ઞાની માનવમનને માટે એક પ્રકારની દિવ્ય કરુણા, બહિર્મુખ માનવને માટે સર્વ પ્રકારની જ્ઞાનજ્યોતિ, શકિત અને સુખની લાગણીનો પ્રભાવ કે આંદોલન પેદા કરવાની દિવ્ય તપઃશકિત એવા માણસમાં હશે; પરંતુ એ પ્રત્યેક વસ્તુનો આવિર્ભાવ કરતાં છતાં પણ તદ્દન સામાન્ય માનવમાં પણ દિવ્ય અંશ, પ્રભુની હાજરી પ્રત્યે તો એનામાં એ તત્ત્વોથી કોઈ જુદી જ, અનેકગુણ ચડિયાતી ભાવના જ હશે. એ સર્વમાં રહેલા પ્રભુ પ્રત્યે તો એનામાં સાશ્રુ ભકિત અને પ્રેમ જ હશે. કારણ કે સર્વ નેત્ર દ્વારા—ચોર અને વેશ્યાનાં અને ચાંડાળનાં કે સંતનાં અને જ્ઞાનીનાં નેત્રો દ્વારા,—એ જ એનો પ્રિયતમ એના તરફ નજર કરતો એને જણાશે. એને પ્રત્યેક દૃષ્ટિ વડે તે કહેશે કે 'આ પણ હું જ છું.' 'આ હું પોતે જ છું.' 'જે માણસ મને સર્વ

આત્મામાં ચાહે છે' — આ ભાવમાં પ્રભુના દિવ્ય અને વિશ્વ જેટલા વિરાટ પ્રેમની ઉત્કટતાની અને ગહનતાની જે પરાકાષ્ઠા રહેલી છે તેને પ્રાપ્ત કરવા માટે આના કરતાં વધારે મહાન વાણી કોઈ મીમાંસાએ કે કોઈ ધર્મે ઉચ્ચારી છે ખરી ?

પ્રભુપરાયણતા, શરણાગતિ એ પણ એક પ્રકારના ધાર્મિક સમન્વનો પાયો છે. એમાં પ્રભુની મરજીને શરણ થવું, જે દુ:ખ આવે તે પ્રભુએ મોકલેલી કસોટી તરીકે સહન કરવું વગેરે એ પ્રકારની સમતામાં આવે છે. ગીતા આ તત્ત્વને વધારે વિશાળ બનાવે છે અને તે સંપૂર્ણ આત્મસમર્પણનું સ્વરૂપ ધારણ કરે છે. એટલે સર્વ ઘટનાઓ પ્રભુ પ્રત્યે શરણાગતિથી સ્વીકાર કરવાને બદલે સમગ્ર ભાવે પોતાનું સર્વસ્વ તે પ્રભુને સમર્પણ કરે છે. મતલબ કે એ સમર્પણ કેવળ નિષ્ક્રિય શરણાગતિ નથી રહેતું પરંતુ સક્રિય આત્મોત્સર્ગ બને છે. સર્વ વસ્તુમાં પ્રભુની ઇચ્છાને જોવી અને સ્વીકારવી એટલું જ નહિ પરંતુ પોતાની સંકલ્પશક્તિ સર્વ કર્મોના સ્વામીનું કરણ બને તેટલા માટે તેનું પણ સમર્પણ કરી દેવું એવો એનો અર્થ થાય છે. અને આ ભાવ એટલે પ્રભુના સેવક બનવાનો એક પ્રકારનો ઊતરતા પ્રકારનો ભાવ હોય છે એમ સમજવાનું નથી, પરંતુ આખરે પ્રભુની ચેતનામાં પોતાની ચેતના અને પોતાનાં કાર્યો પણ સમર્પણ કરી દેવાનાં હોય છે, જેને પરિણામે આપણી સત્-તા એની દિવ્ય સત્-તાની સાથે એક બને છે અને આપણા પ્રકૃતિ વ્યક્તિત્વનાં બંધનમાંથી મુકત બનીને પ્રભુનું કરણમાત્ર બની રહે છે. આમ થતાં સર્વ પરિણામો, સારાં કે નરસાં, ગમતાં કે ન ગમતાં, સદ્‌ભાગી કે દુર્ભાગી, — કર્મોનો જે સ્વામી છે તેનાં જ છે એ પ્રકારે, એ ભાવે એમનો સ્વીકાર કરવામાં આવે છે. એટલે કે દુ:ખ અને શોક આપણે સહન કરી લઈએ છીએ એમ નથી બનતું. ખરું જોતાં એ વસ્તુઓ પોતે આપણી ચેતનામાંથી દેશનિકાલ થઈ જાય છે, દૂર ફેંકાઈને ક્યાંની ક્યાં જતી રહે છે, એટલે કે આપણા ચિત્તમાં સંપૂર્ણ સમતા સ્થાપન થઈ જાય છે. ત્યાર પછીથી આપણે પોતે કરણરૂપ બની રહીએ છીએ એટલે આપણો પોતાનો એવો અંગત સંકલ્પ રહેતો નથી. આપણને એમ લાગે છે કે જે કાંઈ કરવાનું છે તે સઘળું પ્રભુની વિશ્વમય સર્વજ્ઞતાના પૂરોજ્ઞાનમાં તથા સર્વશક્તિમાનની સફળ શક્તિમાં ક્યારનું યે તૈયાર થઈ ચૂકેલું છે અને માણસના 'અહં'નું કાર્ય એ દિવ્ય સંકલ્પના કાર્યમાં ફેરફાર કરી શકે તેમ નથી. એટલે અર્જુનને જ્યારે છેવટનું વલણ લેવાની આજ્ઞા શ્રીકૃષ્ણ કરે છે ત્યારે કહે છે : 'સઘળું કાર્ય મારા દિવ્ય સંકલ્પમાં અને દિવ્ય દૃષ્ટિમાં મેં ક્યારનું યે કરી મૂકેલું છે માટે **निमित्तमात्रं भव सव्यसाचिन्** — હે અર્જુન, તું માત્ર નિમિત્ત રૂપ થા.' આ નિમિત્તભાવ વ્યક્તિગત ઇચ્છાને પ્રભુની ઇચ્છા

સાથે સંપૂર્ણ એકતામાં પરિણત કરશે જ, અને જેમજેમ જ્ઞાનમાં વૃદ્ધિ થતી જશે તેમતેમ માનવરૂપી કરણ પ્રભુની દિવ્ય શક્તિ અને દિવ્ય જ્ઞાન પ્રત્યે અસ્ખલિત પ્રતિકાર્ય કરી શકશે. એટલે એવા સંપૂર્ણ આત્મસમર્પણને પરિણામે સંપૂર્ણ અને નિરપેક્ષ સમતા જેમાં આપણું ચિત્ત પ્રભુની દિવ્ય શક્તિનું અને જ્યોતિનું નિષ્ક્રિય વાહન બની રહે, તથા આપણી સક્રિય સત્-તા જગતમાં પ્રભુનું કાર્ય કરવા માટેનું સમર્થ કરણ બને, એવી સ્થિતિ પ્રભુના પરાત્પર અને વૈશ્વિક આત્મા સાથે એકતા સિદ્ધ થવાને પરિણામે આપણામાં સ્થાપન થશે.

વળી બીજાઓ આપણા પ્રત્યે જે વર્તાવ કરશે તે વિષે પણ આપણે સંપૂર્ણ સમતા અનુભવીશું. એ લોકો ગમે તે કરે તોપણ સર્વ પ્રાણીઓમાં પ્રભુનાં સર્વમાં એક જ આત્માનાં દર્શનને પરિણામે ઉદ્ભવતી અંતરની તેમની સાથેની એકતામાં, — પ્રેમ અને સહાનુભૂતિમાં લગારે ફેર પડતો નથી. પરંતુ તેથી કરીને એ લોકોના પ્રત્યે, એમનાં કર્મો પ્રત્યે નિઃસ્પૃહ સહનશીલતા, અને શરણાગતિ, નિષ્ક્રિય અને અવિરોધી કે અપ્રતિરોધી એવી વૃત્તિ એવા માણસના વર્તનનો અગત્યનો ભાગ બનશે એવું મુદ્દલે માની લેવાનું નથી. એવું વલણ ધારણ કરવું શક્ય નથી, કારણ કે એવા માણસનું કરણ દિવ્ય સંકલ્પને, વિરાટના સંકલ્પને આજ્ઞાપાલક હોય છે, એટલે પરસ્પર ઝઘડતાં બળોથી ભરેલા આ જગતમાં પોતાની અહં-પ્રધાન પ્રકૃતિને સંતોષવા પ્રયત્ન કરનાર માણસોની પ્રકૃતિઓ સાથે અથડામણ થાને ઝઘડો એને થવાનો. આ કારણને લઈને અર્જુનને વિરોધ કરવાની, યુદ્ધ કરવાની અને વિજય મેળવવાની આજ્ઞા આપવામાં આવી છે, પણ તે યુદ્ધ દ્વેષરહિત થઈને યા તો અંગત કામના કે અંગત વેરની લાગણી વગર કરવાનું છે. કારણ કે મુકત થયેલા આત્માની અંદર એ ભાવો ઉત્પન્ન થાય એ અસંભવિત છે. લોકસંગ્રહને ખાતર કર્મ કરવાં, નિર્વ્યક્તિક રીતે, દિવ્ય આદર્શ પ્રત્યે લોકોને દોરવા માટે અને એકત્ર રાખવા માટે કર્મ કરવાં એ જ નિયમ આત્માની પ્રભુ સાથેની, વિશ્વાત્મા સાથેની એકતામાંથી આવશ્યક તરીકે ફલિત થાય છે. કારણ કે વિશ્વાત્માના આખા કાર્યની એ જ દિશા હોય એમ લાગે છે. એવું યુદ્ધનું કામ સર્વ પ્રાણીઓ સાથેની આપણી એકતાનો વિરોધ કરતું નથી. અર્જુનની સામે એના વિરોધીઓ દુશ્મનો તરીકે ઊભેલા છે તોપણ તેમની સાથેની એકતા ખંડિત થાય છે એવું નથી. કારણ કે દિવ્યતાને પહોંચવું એ એમનો પણ ઉદ્દેશ છે; ખરું જોતાં, સૌ કોઈનો ગુપ્ત ઉદ્દેશ એ જ છે. જે લોકો બહિર્મુખ માનસથી, અજ્ઞાન અને અહંતાથી આડે રસ્તે દોરાઈ જઈને એ માર્ગથી દૂર જતા રહે છે, એટલું જ નહિ પરંતુ એ માર્ગે જવાની પ્રેરણાનો વિરોધ કરે છે તેમનું લક્ષ્ય પણ એ જ છે!

એવા લોકોની બાહ્ય સ્વરૂપે સારામાં સારી સેવા એમનો વિરોધ અને પરાજય કરીને જ થઈ શકે. આ જ્ઞાનને લઈને સર્વ સંબંધોની ઉપરવટ થઈને સમતાના સિદ્ધાંતનો અવ્યવહારુપણે પ્રયોગ થતો અટકે છે, તથા એવા જ્ઞાન વગરના પ્રેમદર્શનમાં જે નિર્બળતા પ્રવેશવા પ્રયત્ન કરે છે તેને પણ તો અટકાવે છે. આમ છતાં સૌથી વધારે જે મૌલિક તત્ત્વ છે તેને તે સુરક્ષિત રાખે છે. આત્માને માટે તો સર્વ સાથે એકતા હોય છે, હૃદય માટે સર્વ પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ અને દયા હોય છે, પણ હાથને માટે વ્યક્તિત્વથી મુક્ત થઈને જે કાંઈ શુભ હોય તે કરવાની સંપૂર્ણ મુક્તિ આવશ્યક છે. અને 'શુભ' એટલે પ્રભુની યોજનાનો વિચાર કર્યા વગર, કે એની વિરુદ્ધ જઈને અમુક કોઈ માણસનું ભલું કે શુભ કે કલ્યાણ નહિ, પરંતુ આ સૃષ્ટિનો જે હેતુ છે તે,- માનવીનું વર્ધમાન મંગલ અને મુક્તિ, સર્વ ભૂતોનું સમગ્ર મંગળ.

ઈશ્વર સાથે એકતા, સર્વ ભૂતો સાથે અદ્વૈત, સર્વત્ર પ્રભુની સનાતન એકતાનો સાક્ષાત્કાર તથા એ અદ્વૈત પ્રત્યે, માનવોને ઊર્ધ્વ જીવન પ્રત્યે આકર્ષવા એ ગીતાના ઉપદેશમાંથી ઉદ્ભવતા જીવનનો નિયમ છે. એનાથી વધારે મહાન, વધારે વિશાળ, વધારે ગંભીર નિયમ શક્ય નથી. પોતે મુક્ત થવું અને મુક્ત થઈને એ એકતામાં જીવન ધારણ કરવું, માનવજાતિને એ માર્ગે જવામાં સહાય કરવી, અને દરમિયાન સર્વ કર્મો પ્રભુને ખાતર કરવાં અને જે કર્મ કરવાનાં આવી પડે તે સઘળાં કર્મો આનંદસહિત અને રાજીખુશીથી કરવાં કૃત્સ્નકર્મકૃત્ થવું, सर्वकर्माणि जोषयेत् એના કરતાં દિવ્ય કર્મનો વધારે મહાન કે વધારે ઉદાર નિયમ માનવને આપી શકાય તેમ નથી. આ મુક્તિ અને આ અદ્વૈત એ આપણી માનવપ્રકૃતિનો ગુપ્ત ઉદ્દેશ છે, અને માનવજાતિમાં રહેલી અજ્ઞાત સંકલ્પશક્તિ છે. અત્યારે સમગ્ર માનવજાતિ જે સુખને માટે વૃથા ફાંફાં મારી રહી છે તેને માટે એ ઊર્ધ્વમાં રહેલી દિવ્ય વસ્તુ પ્રત્યે એણે વળવાનું છે, ઈશ્વરાભિમુખ થવાનું છે. જ્યારે એક વાર તે પોતાની દૃષ્ટિ ઊર્ધ્વમાં કરશે ત્યારે એ શીખશે કે પોતે પ્રભુને પોતાનામાં અને પોતાની આજુબાજુ, સર્વ હૃદયોમાં અને સર્વત્ર — सर्वेषु — ધારણ કરી રહ્યો છે. વળી એની પોતાની ભેદવૃત્તિવાળી અધોમુખ પ્રકૃતિ એ તો એના કારાગારની દીવાલો છે જેમને એણે ભાંગવાની છે; અથવા તો, એ અવિદ્યા પ્રકૃતિ વધારેમાં વધારે તો એક બાળશાળા જેવી પ્રાથમિક દશા છે અને એમાંથી તો એણે બહાર નીકળી જવું આવશ્યક છે. એમ થાય તો એની શક્તિઓ પુષ્ટ બને, આત્માની અંદર મુક્તિ પામે. ઊર્ધ્વમાં રહેલા પ્રભુ સાથે એકાત્મભાવ અનુભવવો તથા માનવમાં રહેલા અને જગતમાં વ્યાપેલા વાસુદેવ સાથે એકતા સાધવી એનો જ અર્થ મુક્તિ છે, અને એમાં પૂર્ણતાનું રહસ્ય છે.

પ્રકરણ એકવીસમું

પ્રકૃતિની નિયતિ

જ્યારે આત્મજ્ઞાન અને કર્મયોગ બન્નેની એકતા સાધીને આપણે આત્માના ઊર્ધ્વ સ્વરૂપમાં રહીએ છીએ ત્યારે પ્રકૃતિની નિમ્ન કાર્યપદ્ધતિથી આપણે પર થઈ જઈએ છીએ. ત્યાર પછી આપણે પ્રકૃતિ અને તેના ગુણોની ગુલામીમાં રહેતા નથી, પરંતુ આપણી પ્રકૃતિના સ્વામી ઈશ્વર સાથે એક બનીને કર્મની સાંકળમાં બંધાયા સિવાય આપણી અંદર પ્રભુના દિવ્ય સંકલ્પને સિદ્ધ કરવા માટે પ્રકૃતિનો ઉપયોગ કરી શકીએ છીએ. કારણ કે આપણી અંદર વધારે ઊર્ધ્વમાં જે આત્મસ્વરૂપ રહેલું છે તે ઈશ્વર જ છે, તે પ્રકૃતિનાં કર્યોનો પ્રભુ છે અને પ્રકૃતિમાં થતાં પ્રતિકર્મોની ઉદ્વેગભરી ચેષ્ટાથી અલિપ્ત રહે છે. પ્રકૃતિમાં એકતા કરીને રહેલો અજ્ઞાન આત્મા ઊલટો, એ અજ્ઞાનને લઈને, પ્રકૃતિના ગુણોની ગુલામીમાં પડે છે; કારણ કે ત્યાં તે પોતાના સત્ય સ્વરૂપ સાથે સુખપૂર્વક એકતામાં રહેતો નથી, પ્રકૃતિથી પર એનામાં જે પ્રભુ પ્રતિષ્ઠિત છે તેની સાથે અદ્વૈત અનુભવતો નથી; પરંતુ જડતામાં રહીને અસુખ ભોગવતો તે પોતાના અહં-માનસ સાથે એકતા અનુભવે છે. એ અહં-માનસ પોતે અતિશયોક્તિભરેલું રૂપ ધારણ કરે છે; તોપણ ખરું જોતાં પ્રકૃતિના કાર્યમાં તે એક ગૌણ અંગ જ હોય છે, એ તો કેવળ માનસિક ગ્રંથિ હોઈ પ્રકૃતિનાં કાર્યોની લીલા માટે વારેવારે વપરાતું આરંભબિંદુ જ માત્ર હોય છે. એ ગ્રંથિને તોડવી, એટલે કે આપણાં કર્મોના કેન્દ્ર તરીકે, અને લાભ લેનાર વારસ તરીકે 'અહં'ને ન રાખતાં સઘળું ઊર્ધ્વમાં રહેલા આત્મામાંથી જ પ્રાપ્ત કરવું, એ ઊર્ધ્વ આત્માનો જ આરંભ-બિંદુ તરીકે ઉપયોગ કરવો, એ પ્રકૃતિના ગુણોની અશાંત વ્યગ્રતામાંથી છૂટા થઈ તેનાથી પર થઈ જવાનો માર્ગ છે. એમ કરવું એટલે એક પરમ ચેતનામાં — આપણું અહં-પ્રધાન માનસ જેનું એક અધઃપતન પામેલું સ્વરૂપમાત્ર છે તેમાં — જીવનને ધારણ કરવું તથા સમતા અને એકતાવાળી સંકલ્પશક્તિ અને સામર્થ્યપૂર્વક કાર્ય કરવું, — અને નહિ કે પ્રકૃતિના ગુણોની અસમાન લીલાને વશ વર્તવું. એ અધોગામી પ્રકૃતિ તો એક પ્રકારની અપૂર્ણ શોધ, અને પ્રયત્ન માત્ર છે, એક પ્રકારનો ક્ષોભ છે, ઊતરતા પ્રકારની માયા છે.

અહં-પ્રધાન પુરુષ પ્રકૃતિનો ગુલામ છે એ મુદ્દા ઉપર ગીતાના જે

શ્લોકો ભાર દે છે તેનો અર્થ કેટલાક લોકો એવો કરે છે કે ગીતા તો એક પ્રકારની પ્રકૃતિની નિરપેક્ષ અને યાંત્રિક નિયતિ છે એવું માને છે, જેને પરિણામે વિશ્વજીવનમાં કોઈ પણ પ્રકારની મુક્તિને થાને સ્વતંત્રતાને સ્થાન રહેતું જ નથી. ખરું છે કે ગીતા એ વિષયમાં જે ભાષા વાપરે છે તે ભારવાળી છે, પૂરતા આગ્રહવાળી છે અને કેવળ નિરપેક્ષ પણ લાગે તેવી છે. પરંતુ અહીં પણ, બીજાં સ્થળોની પેઠે, આપણે ગીતાના વિચારને સમગ્ર રૂપે લેવાનો છે, અને એકબીજાથી છૂટા પાડીને, એકલવાયા અર્થમાં ગીતાનાં વિધાનો આપણે મચડવાનાં નથી. કારણ કે પ્રત્યેક સત્ય પોતે ગમે તેટલું સાચું હોય તોપણ એની સાથે જે બીજાં સત્યો હોય છે જે એને મર્યાદિત કરે છે અને પૂર્ણતા પણ અર્પે છે — તેમનાથી છૂટું પાડીને તેને લેવામાં આવે તો તે બુદ્ધિને બંધનમાં નાખનારી એક જાળ બની રહે છે, અને આડે રસ્તે દોરી જનાર એક મત પણ બની જાય છે. કારણ કે પ્રત્યેક સત્ય એક સંકુલ પટનો એક-એક તંતુ હોય છે એટલે આખા પટથી છૂટો પાડીને કોઈ પણ એક તંતુને લેવાનો હોતો નથી. ગીતાનો જે બોધ છે તે સમગ્ર રૂપે એ પ્રમાણે એકબીજા સાથે વણાયેલું એક પટ જેવું સત્ય છે; એટલે સમગ્રની સાથેના પ્રત્યેકના સંબંધમાં આપણે પ્રત્યેકને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમગ્રના જ્ઞાન વગરના, એટલે કે અકૃત્સ્નવિદ્ । જીવનના મર્યાદિત સત્યથી આડે રસ્તે દોરાઈ જનારા, અને સમગ્રના જ્ઞાનવાળા, કૃત્સ્નવિદ્ એટલે કે સમન્વય કરી જાણનાર યોગી એ બેની વચ્ચે ગીતા પોતે પણ ભેદ દર્શાવે છે. સમગ્ર જીવનને સ્થિરતાપૂર્વક જોવું, સમગ્રરૂપે જોવું, અને એનામાં રહેલાં પરસ્પરવિરોધી સત્યોથી આડા દોરાઈ ન જવું એ સ્થિર અને સંપૂર્ણ જ્ઞાનપ્રાપ્તિ પ્રત્યે આરોહણ કરવા માટેની જે માગણી યોગી પાસે કરવામાં આવે છે તેને માટેનું પહેલું પગથિયું છે. આપણા અત્યંત જટિલ, અટપટા અંતરમાં આત્મા અને પ્રકૃતિ એ બેના પરસ્પર સંબંધમાં એક છેડે આત્મા સંપૂર્ણપણે, નિરપેક્ષપણે મુક્ત છે એવું આપણને જણાય છે; જ્યારે સામે છેડેથી જોતાં પ્રકૃતિની નિરપેક્ષ નિયતિ જ પ્રવર્તે છે એવું દેખાય છે. સાચેસાચે મર્યાદિત અને દેખાવ પૂરતું અને તેથી અવાસ્તવિક એવું પોતાની સ્વતંત્રતાનું ભાન પણ માનવ અનુભવે છે. એટલે કે વિકાસ પામતી પોતાની મનોદશામાં ઉપર જણાવેલાં બે વિરોધી સત્યોનું વિકૃત પ્રતિબિંબ પણ આત્મા પોતાની અંદર જુએ છે. એ પ્રકારના ભાનને આપણે વધારે કે ઓછી સ્પષ્ટતાપૂર્વક 'સ્વતંત્ર સંકલ્પશક્તિ'નું નામ આપીએ છીએ, પરંતુ જેમાં સંપૂર્ણ મુક્તિ અને પ્રભુત્વ ન હોય એવી કોઈ પણ વસ્તુને ગીતા 'મુક્તિ' ગણતી જ નથી.

પુરુષ અને પ્રકૃતિ વિશે ગીતાના સઘળા ઉપદેશની પાછળ જે બે મહાન

સિદ્ધાંતો રહેલા છે તે આપણે હમેશાં ધ્યાનમાં રાખવાના છે. એમાં સાંખ્યનાં બે તત્ત્વોને — પુરુષ અને પ્રકૃતિને — સ્વીકારીને તેમાં વેદાંતના ત્રિવિધ પુરુષ, — ક્ષર અક્ષર અને ઉત્તમ, — અને બે પ્રકારની પ્રકૃતિ પરા અને અપરા—નો ઉમેરો કરીને ગીતા તેને સુધારી લે છે, અને સંપૂર્ણ કરે છે. એ બે પ્રકારની પ્રકૃતિમાંનું જે અધમ સ્વરૂપ છે તે ત્રણ ગુણોની બનેલી માયા છે, અને એનું ઉત્તમ સ્વરૂપ તે દિવ્ય પ્રકૃતિ છે જે આત્માની સાચી પ્રકૃતિ છે. જે તત્ત્વોને વિરોધી રૂપે અને વિષમતા તરીકે જ આપણે છોડી દેવાં પડત તેમનું ગીતાની આ રીતે સમાધાન કરી આપે છે. હકીકતમાં આપણી સચેતન સત્-તાની જુદીજુદી ભૂમિકાઓ આવી રહેલી છે. અને એક સ્તર ઉપર જે વસ્તુ પ્રત્યક્ષ સત્યરૂપે હોય છે તે આપણે ઊર્ધ્વમાં આરોહણ કરીએ છીએ તેની સાથે જ સત્ય મટી જાય છે અને ત્યાંથી જોતાં તદ્દન જુદું જ રૂપ તે ધારણ કરે છે. કારણ કે એવી ઊર્ધ્વ ભૂમિકામાંથી આપણે વસ્તુઓને તેમના વધારે સમગ્ર સ્વરૂપમાં જોઈ શકીએ છીએ. આજકાલના ભૌતિક શાસ્ત્રની શોધખોળે બતાવી આપ્યું છે કે માણસ, પશુ, વનસ્પતિ અને ધાતુઓમાં પણ એક જ પ્રાણશક્તિનાં પ્રતિકાર્યો થાય છે. તેથી કરીને એ બધામાં રહેલો મનોરચનાનો પાયો પણ એક જ પ્રકારનો છે એ આપણે જોઈએ છીએ. અને છતાં, એ ચારે વસ્તુઓ પોતાને જે અનુભવ થાય છે તેનો માનસિક અહેવાલ આપણી આગળ રજૂ કરે તો એક જ પ્રકારના પ્રતિકાર્યનાં, — અને પ્રકૃતિના એક જ તત્ત્વનાં, — ચાર જુદાંજુદા અને ઘણે ભાગે પરસ્પર વિરોધી વર્ણનો આપણને મળશે. એનું કારણ એ છે કે જેમજેમ આપણે જીવનની સીડી પણ વધારે ને વધારે ઊંચે ચડતા જઈએ છીએ તેમતેમ એ વસ્તુઓનું મૂલ્ય અને અર્થ બન્ને ફરતાં જાય છે. અને એમના વિષેનો નિર્ણય જુદી રીતે બંધાય છે. માનવના આત્માની જુદીજુદી ભૂમિકાઓ વિષે પણ એ જ સત્ય લાગુ પડે છે. આપણી ચેતનાની સામાન્ય દશામાં આપણે જેને 'મુક્ત સંકલ્પ' કહીએ છીએ, અને એ પ્રમાણે કહેવામાં અમુક પ્રકારની મર્યાદિત સકારણતા પણ રહેલી છે છતાં એ સામાન્ય મનોદશાથી ઉપર ગયેલા યોગી કે જેને મન આપણી નિશા દિવસ છે અને આપણો દિવસ જેને મન રાત્રિ છે, તેને મન એ સંકલ્પ બિલકુલ મુક્ત હોતો નથી. એને તો એમાં પ્રકૃતિના ગુણોનું બંધન જ દેખાય છે. યોગી જુએ છે તો એની એ ઘટનાને પણ કૃત્સ્નવિદ્ ના — સઘળું યાને સમગ્રને જાણનારના,—દૃષ્ટિબિંદુથી તે જુએ છે, જ્યારે આપણે અકૃત્સ્નવિદ્ તરીકે, એટલે કે આપણી મર્યાદિત જ્ઞાનવાળી સંકુચિત મનોદશામાંથી, એટલે કે અજ્ઞાનમાંથી જોઈએ છીએ. આપણે જેને મુક્તિ માનીને ફુલાઈએ છીએ, તે એને મન બંધન હોય છે.

પોતાની અધોમુખ પ્રકૃતિની જાળમાં બધી વખત પોતે બંધાયેલો હોવા

છતાં પોતે મુક્ત છે, સ્વતંત્ર છે એવું માની લેવામાં અજ્ઞાન રહેલું છે તેનું ભાન જાગ્રત કરવા સુધી ગીતા આવી છે. અને એ અજ્ઞાની માન્યતાની સામે ત્રણ ગુણોની ભૂમિકા ઉપર રહેલો માનવનો અહં સંપૂર્ણપણે ગુણોના બંધનમાં હોય છે એવું ગીતા ભારપૂર્વક જણાવે છે. "જ્યારે સર્વ કર્મો સંપૂર્ણ અંશે પ્રકૃતિના ત્રણ ગુણોને લીધે થતાં હોય છે ત્યારે અહંકારથી વિમૂઢ થયેલો આત્મા 'હું કર્તા છું' એમ માને છે."[1] પરંતુ ગુણ અને કર્મના સાચા તત્ત્વને જાણનાર જ્ઞાની પુરુષ તો જાણે છે કે — गुणा गुणेषु वर्तन्ते[2] 'પ્રકૃતિના ગુણો પરસ્પર કાર્ય—પ્રતિકાર્ય કરી રહ્યા છે.' અને તેથી પોતે આસક્તિ વડે કર્મોમાં બંધાતો નથી. પરંતુ "જે લોકો પ્રકૃતિના ગુણોના કાર્યથી ભ્રમિત થયેલા હોય છે, જેમને સમગ્રનું જ્ઞાન હોતું નથી એવા લોકોના માનસિક દૃષ્ટિબિંદુને સમગ્રના જ્ઞાનવાળા યોગીએ આઘાત આપીને ચલાયમાન કરવું જોઈએ નહીં."[3] "તારાં સર્વ કર્મો મને સમર્પિત કરી દઈને, કામના અને મમતા વગરનો થઈને તારા આત્માના આ જ્વરથી મુક્ત થઈને યુદ્ધ કર."[4] અહીં ચેતનાની બે ભૂમિકાઓ વચ્ચે સ્પષ્ટ ભેદ આપણે જોઈ શકીએ છીએ. કર્મ કરવાનાં બે જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ છે : એક, અહંપ્રધાન પ્રકૃતિની જાળમાં બંધાયેલો છતાં પોતાનો સંકલ્પ સ્વતંત્ર છે એમ માનીને — પણ સાચી સ્વતંત્રતા વિના જ — પ્રકૃતિનો પ્રેરાયો કર્મમાં પ્રવર્તે છે એવા આત્માનું દૃષ્ટિબિંદુ છે; બીજું, અહં સાથેની એકતામાંથી મુક્ત થયેલા, સાક્ષીરૂપ, પ્રકૃતિથી પર રહીને તેનાં કર્મોને અનુમતિ આપનાર અને તેનું શાસન કરનાર એવા આત્માનું દૃષ્ટિબિંદુ છે.

આત્મા પ્રકૃતિને વશ છે એવું આપણે કહીએ છીએ ખરા, પરંતુ પુરુષ અને પ્રકૃતિના ગુણોનો ભેદ સમજાવતાં ગીતા તો ઊલટી એમ કહે છે કે પ્રકૃતિ એ ક્રિયાશક્તિ છે, અમલ કરનાર શક્તિ છે, જ્યારે પુરુષ પોતે તો હમેશાં તેનો 'ઈશ્વર' છે. અહીં ગીતા અહંકારને લીધે વિમૂઢ થયેલા, એટલે કે મોહ પામેલા આત્મા વિષે બોલે છે ખરી, પરંતુ વેદાંત જેને સાચો આત્મા

---

१ प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ।। (३, २७)

२ तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणाः गुणेषु वर्तंत इति मत्वा न सज्जते ।। (३, २८)

३ प्रकृतेर्गुणसंमूढाः सज्जते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत् ।। (३, २९)

४ मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व विगतज्वरः ।। (३, ३०)

યાને પુરુષ કહે છે તે તો દિવ્ય હોય છે, સદા મુકત અને જ્ઞાનયુકત હોય છે. તો પછી, પ્રકૃતિથી મોહ પામનાર આત્મા તે કયો ? આ પ્રકૃતિને વશ એવા જે આત્મા વિષે ગીતા કહે છે તે કયો ? એનો ઉત્તર એ છે કે એ વિધાનમાં આપણી સામાન્ય ચાલુ ભાષામાં નિમ્ન યાને માનસિક દૃષ્ટિબિંદુને આપણે પ્રગટ કરતા હોઈએ છીએ; એટલે કે આપણે ચેતનાની સપાટી ઉપર રહેલા આત્મા વિષે બોલતા હોઈએ છીએ, સાચા પુરુષ વિષે નહીં. ખરું જોતાં પ્રકૃતિને વશ જે હોય છે તે તો 'અહં'ના જ હોય છે અને એમ થવું અનિવાર્ય પણ છે. કારણ કે 'અહં' પોતે પ્રકૃતિનો જ એક ભાગ છે, એના યંત્રનો જ એક વિભાગ છે. પરંતુ મનોમય ચેતનામાં રહેલી આત્મસંજ્ઞા 'અહં' સાથે પોતાની એકતા કરે છે ત્યારે એક પ્રકારના અધોમુખ પુરુષનો, અહંપ્રધાન પુરુષનો દેખાવ તે સર્જે છે. એ જ પ્રમાણે સામાન્ય રીતે જે વસ્તુને આપણે આત્મા — પુરુષ તરીકે ગણીએ છીએ તે ખરું જોતાં પ્રાકૃતિક વ્યકિતતા હોય છે, સાચું વ્યકિતત્વ નહીં. અર્થાત્, એ વ્યકિતતા પુરુષ નથી હોતી પરંતુ પ્રકૃતિનાં કાર્યોમાં પુરુષની ચેતનાનું પડેલું પ્રતિબિંબ માત્ર હોય છે. હકીકતમાં, એ પોતે ત્રણ ગુણોનું જ એક પરિણામ હોય છે, અને તેથી પ્રકૃતિનો પોતાનો જ એક અંશ તે હોય છે. આ રીતે જોતાં, આપણી અંદર બે પ્રકારના પુરુષો રહેલા જણાય છે : ચેતનાની સપાટી પર દેખાઈ આવતો યાને કામનામય પુરુષ — જે ગુણોના વિકાર પ્રમાણે પોતે વિકાર પામે છે તથા ગુણોને લઈને જેનું પોતાનું બંધારણ રચાય છે, અને જે ગુણો વડે મર્યાદિત બને છે. એની સામે બીજો પ્રકૃતિથી અને તેના ગુણોથી મર્યાદિત નથી એવો મુકત અને શાશ્વત પુરુષ છે. આપણામાં બે પ્રકારના આત્મા છે: બાહ્ય આત્મા જે ફકત 'અહં' છે, એટલે કે જે આપણી અંદરની પ્રકૃતિનાં ક્ષર કાર્યોને 'પોતાનાં' તરીકે સ્વીકારનાર માનસિક કેન્દ્ર છે, એ જ આપણામાં રહેલ ક્ષર વ્યકિતતા છે, એ જ એમ કહે છે : 'હું આ વ્યકિત છું, હું આ પ્રાકૃતિક સત્-તા છું, અને આ બધાં કાર્યો હું જ કરું છું.' પરંતુ પ્રાકૃતિક સત્-તા ફકત પ્રકૃતિ જ હોય છે, ગુણોની બનેલી એક ગ્રંથિ હોય છે. સાચો આત્મા જે પ્રકૃતિનો સ્વામી છે, ઈશ્વર છે, જે પ્રકૃતિનાં રૂપોને ધારણ કરે છે તે કાંઈ આ ક્ષર પ્રાકૃતિક વ્યકિતત્વ નથી. એટલે મુકત થવાનો માર્ગ એ છે કે કામનામય પુરુષની કામનાઓનો અને આ અહં જે પોતાનું અસત્ય દર્શન કરે છે તેનો ત્યાગ કરવો. શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે : "કામનાઓ અને અહંથી મુકત થઈને તારા આત્માના જ્વરને દૂર કરીને તું યુદ્ધ કર." નિરાશીર્નિર્મમો ભૂત્વા યુદ્ધ્યસ્વ.

સાંખ્યમતના પૃથક્કરણમાં આપણા અંતરમાં રહેલ બેવડા તત્ત્વનો, એટલે

કે પુરુષ અને પ્રકૃતિનો, સ્વીકાર રહેલો છે તેનાથી આપણી અંતરની સત્ તાનું આ દર્શન શરૂ થાય છે. એ દર્શન પ્રમાણે પુરુષ અકર્તા છે; પ્રકૃતિ કર્ત્રી છે; પુરુષ ચેતનાના પ્રકાશવાળો છે; પ્રકૃતિ એટલે સ્વભાવ યાંત્રિક છે, અને સચેતન એવા સાક્ષી પુરુષની ચેતનામાં પોતાનાં બધાં કાર્યોને પ્રકૃતિ પ્રતિફલિત કરે છે. આ પ્રકૃતિ પોતાના ત્રણ ગુણોની અસમતા વડે કાર્ય કરે છે, અને એ ગુણો સદા એકબીજા સાથે અથડાઅથડી કરતા હોય છે, પરસ્પર મિશ્રણ પણ કરતા હોય છે, તથા વિકારને પામતા રહે છે. પોતાનામાં રહેલા અહંપ્રધાન માનસના કાર્ય વડે પ્રકૃતિ પુરુષને પોતાનાં સઘળાં કાર્યો જોડે એકતા કરવા પ્રેરે છે. અને એમ કરીને એક ક્રિયાશીલ, વિકારી યા ને ક્ષર એવી વ્યકિતતાની સંજ્ઞા આત્માની નીરવ શાશ્વતીમાં જાગ્રત કરે છે. આ અશુદ્ધ પ્રાકૃતિક ચેતના શુદ્ધ આત્મચૈતન્યને ઢાંકી દે છે. માનવનું મન અહં અને અહંવ્યકિતતામાં ગૂંથાઈ જઈને પોતાનામાં રહેલા સત્ય પુરુષને ભૂલી જાય છે. આપણી ઇંન્દ્રિયો વડે તથા એમના બહિર્મુખ કાર્ય વડે તથા પ્રાણની અને શરીરની કામનાઓથી બુદ્ધિને આપણે આકર્ષાઈ જવા દઈએ છીએ. જ્યાં સુધી પુરુષ આ ક્રિયાને પોતાની અનુમતિ આપે છે ત્યાં સુધી અહંનું, કામનાનું અને અજ્ઞાનનું, માનવની સ્વાભાવિક સત્-તા ઉપર ચક્ર્ય ચાલુ રહે છે.

જો આટલું જ બસ હોય તો એનો ઉપાય એ જ હોઈ શકે કે પ્રકૃતિનાં કર્મોમાંથી પુરુષે પોતાની અનુમતિ પાછી ખેંચી લઈને તેને પરિણામે સમગ્ર પ્રકૃતિને ત્રણે ગુણોની ગતિશૂન્ય સમતામાં જઈ પડવા દેવી જોઈએ, અથવા તો, જઈ પડવાની ફરજ પાડવી જોઈએ, તથા સર્વ કર્મોમાંથી વિરત થઈ જવું જોઈએ. પરંતુ આ ઉપાય એવો છે — જોકે ઉપાય તો તે જરૂર છે, - જે રોગ સાથે રોગીને પણ પૂરો કરી દે છે એમ કહી શકાય. ગીતા આ ઉપાય નાપસંદ કરે છે. ખાસ કરીને, અજ્ઞાની માણસોના ઉપર આ ઉપાયનો અધ્યારોપ કરવામાં આવે તો તેઓ તમોગુણી અક્રિયતામાં સરી પડયા વિના ભાગ્યે રહે. એમની બુદ્ધિ ઊલટી ખોટા ભેદમાં — એટલે કે બુદ્ધિભેદમાં પડી જશે, ખોટા વિરોધમાં ગૂંચવાઈ જશે; એવા લોકોની સક્રિય પ્રકૃતિ અને એમની બુદ્ધિ બન્ને એકબીજાની સામે પડશે અને સાચો ઉકેલ આણ્યા વગર કેવળ અશાંતિ અને અવ્યવસ્થા જ ઊભી કરશે, અને એમની પાસે ખોટી આત્માને છેતરનારી ક્રિયા એટલે કે 'મિથ્યાચાર' કરાવશે. અથવા તો, કેવળ તમોગુણી જડતા, કર્મોનો અભાવ, સંપૂર્ણ બંધ પડી જવું, જીવન જીવવાની અને કર્મ કરવાની સંકલ્પશકિતનો હ્રાસ, અર્થાત્ મુકિત નહિ પરંતુ ત્રણે ગુણોમાંના સૌથી અધમ ગુણની — એટલે કે તમોગુણની, — અજ્ઞાન અને જડતાના તત્ત્વની, — ગુલામી તે અનુભવશે. અથવા

તો, એવું પણ બને કે એવા લોકો એ વસ્તુને જરા પણ સમજી શકશે નહિ અને ઊલટી, આ ઉત્તમ ઉપદેશને દોષ દેશે, એની સામે પોતાનો માનસિક અનુભવ આગ્રહપૂર્વક રજૂ કરશે, પોતાની સંકલ્પશક્તિ 'સ્વતંત્ર' છે એવો ખોટો અજ્ઞાનભર્યો વિચાર આગળ કરશે અને પોતાના તર્કમાં રહેલા મુક્તિના આભાસથી અહં અને કામનાની પ્રતારણા અને મૂઢતામાં ઊલટા વધારે ઊંડા ઊતરી જશે અને એ રીતે પોતાના અજ્ઞાનને વધારે ગહન અને દુરાગ્રહીપણે દૃઢ બનાવશે અને મુક્તિ પ્રાપ્ત કરવાની તક ગુમાવશે.

ખરું જોતાં, વધારે ઉચ્ચ પ્રકારનાં આ સત્યો જ્યારે આપણી ચેતનાના અને સત્-તાના વધારે ઉચ્ચ અને વિશાળતર સ્તરમાં આરોહણ કરી શકીએ છીએ ત્યારે જ આપણને વધારે સહાયભૂત થાય છે, કારણ કે ત્યાં ઊર્ધ્વમાં તેઓ અનુભવમાં સાચાં નીવડે છે અને ત્યાં એમને જીવનમાં ઉતારી શકાય છે, એમનામાં જીવન ગાળી શકાય છે. આ સત્યોને નીચેની ભૂમિકાઓમાંથી જોવાં એટલે તો એમને ખોટી રીતે જોવાં, ખોટી રીતે સમજવાં અને કદાચ એમનો ખોટી રીતનો ઉપયોગ કરવો એમ પણ કહી શકાય. સારા અને નરસાનો ભેદ ખરેખર એક વ્યવહારુ હકીકત છે અને પશુમાંથી પ્રભુ પ્રત્યે જતાં વચલી અવસ્થામાં જે અહંપ્રધાન માનવજીવન વટાવવું પડે છે તેને માટે એ સારા-નરસાનો નિયમ સાચો પણ છે. પરંતુ માનવના અહંપ્રધાન માનસથી ઊર્ધ્વની ભૂમિકામાં આપણે સારું અને નરસું બન્નેથી પર થઈ શકીએ છીએ, એ પ્રકારના દ્વંદ્વથી આપણે ઉપર જતા રહીએ છીએ, જેમ પ્રભુ પોતે એમનાથી પર રહે છે તે જ પ્રમાણે. પરંતુ અપકવ માનસવાળા માણસો પોતાની અધોમુખ ચેતનામાંથી જ્યાં એ સત્ય સક્રિય નથી હોતું, તેમાંથી ઊર્ધ્વમાં આરોહણ કર્યા વિના જ એ સત્યને પકડી લે છે અને પોતાની આસુરી વૃત્તિઓનો ઉપભોગ કરવા માટે એ સત્યને એક સગવડીઆ બહાના તરીકે વાપરે છે, અને સારાં-નરસાં વચ્ચે, પાપ અને પુણ્ય વચ્ચે કોઈ પ્રકારનો ભેદ સ્વીકારવાની ના પાડે છે અને એ પ્રમાણે આત્મલાલન કરીને વિનાશના ખાડામાં ઊલટા વધારે ઊંડા જઈ પડે છે. सर्वज्ञानविमूढान् नष्टान् अचेतसः । પ્રકૃતિની નિયતિના સત્યનું પણ એ જ પ્રમાણ છે; માનવો એનું ખોટું દર્શન કરશે અને પરિણામે તેનો દુરુપયોગ થશે. ઉ. ત. જે લોકો એમ જાહેર કરે છે કે "માણસ તો એની પ્રકૃતિ એને જેવો બનાવે છે તેવો હોય છે, અને એની પ્રકૃતિ એને ફરજ પાડે તે સિવાયની બીજી રીતે તે વર્તન કરી જ શકતો નથી" તે લોકો ઉપર જણાવેલા સત્યનો દુરુપયોગ જ કરે છે. એક અર્થમાં એ કથન સાચું છે,— પણ જે અર્થમાં તે ઉચ્ચારવામાં આવે છે તે અર્થમાં નહીં. એટલે કે "અહં"

પોતાનાં કાર્યોની જવાબદારીથી મુક્ત છે, અને તેનાં પરિણામો પણ એને ભોગવવાનાં નથી એ અર્થમાં એ કથન સાચું નથી. કારણ કે સંકલ્પ અહંનો પોતાનો હોય છે, કામના પણ એની પોતાની હોય છે અને જ્યાં સુધી તે પોતાના સંકલ્પ અને કામના પ્રમાણે વર્તે છે, —એ તેની પ્રકૃતિ ભલે હોય,— ત્યાં સુધી પોતાનાં કર્મોનાં પરિણામો એણે ભોગવવાનાં જ રહે છે. એ પોતે એક જાળમાં પડેલ છે એમ કહેવું હોય તો ભલે કહો, તે એક પાશમાં ફસાયેલ છે અને એ પાશ ગભરાવી નાખે તેવો, યુક્તિ વગરનો, અન્યાયી, એના અત્યારના અનુભવને માટે, એના મર્યાદિત આત્મજ્ઞાનને માટે તે ભયંકર છે, દુઃસહ છે એમ ભલે કહો, પણ એ પાશ એની પોતાની પસંદગીનો છે, એ જાળ એની પોતાની વણેલી છે. ગીતા કહે છે, 'બધાં પ્રાણીઓ પોતપોતાની પ્રકૃતિને અનુસરે છે. નિગ્રહ કરવાથી, — એના ઉપર બળજબરી કે દબાણ કરવાથી, શો લાભ થશે?' પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ? એ કથનને એકલું અને છૂટું લઈએ તો પુરુષના ઉપર પ્રકૃતિની શક્તિ સર્વસત્તાધીશ છે એવું એ આખરી અને નિરપેક્ષ કથન આપણને લાગે છે. 'જ્ઞાનવાળો માણસ પણ પોતાની પ્રકૃતિ અનુસાર વર્તે છે.'૫ આ પ્રકારનાં વિધાનો ઉપર આધાર રાખીને આપણે આપણી પ્રકૃતિના નિયમનું વફાદારીથી અનુસરણ કરવું જોઈએ એવું ફરમાન પણ કેટલાક લોકો કાઢે છે. 'સારી રીતે આચરવામાં આવેલા પરધર્મ કરતાં ખામીવાળો એવો સ્વ-ધર્મ વધારે શ્રેયસ્કર છે; સ્વ-ધર્મમાં મરણ પામવું કલ્યાણકારી છે પરંતુ પરધર્મનો આશ્રય જોખમકારક હોય છે.'૬ અહીં ગીતા જે 'સ્વધર્મ' કહે છે તે શી વસ્તુ છે તે સમજવા માટે આપણે છેવટના અધ્યાયોમાં પુરુષ અને પ્રકૃતિ તથા ત્રણ ગુણોને વિષે જે વિગતવાર સમજૂતી આપવામાં આવી છે તે વાંચીએ ત્યાં સુધી વાટ જોવાની છે. પરંતુ એનો અર્થ એવો તો નથી જ થતો કે ખરાબ હોય તોપણ, જેને આપણે આપણી પ્રકૃતિ કહીએ છીએ તે આપણને ફરજ પાડે છે એટલા માટે, ગમે તે આવેશને આપણે વશ થવાનું છે. એ બે શ્લોકોની વચ્ચે ગીતા આ પ્રમાણે આજ્ઞા પણ કરે છે : 'એક કે બીજી ઇન્દ્રિયના વિષયની બાબતમાં રાગ અને દ્વેષ બાજુમાં સંતાઈ રહેલા હોય છે; એના વશમાં આવવું ન જોઈએ, કારણ કે એ વસ્તુઓ આત્માની

---

૫ सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ।। (૩, ૩૩)

૬ श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।। (૩, ૩૫)

ઉન્નતિના માર્ગમાં બાધા કરનારી છે.'૭ અને આ શ્લોક પછી તુરત જ અર્જુન પોતે પ્રશ્ન ઉઠાવે છે કે પોતાની પ્રકૃતિનું અનુસરણ કરવામાં દોષ ન હોય તો 'આપણી અંદર પાપ તરફ આપણને ફરજિયાત લઈ જનાર, આપણી મરજીથી પણ વિરુદ્ધ થઈને આપણને ફરજ પાડનાર એવી વસ્તુ કઈ છે?'૮ તેના ઉત્તરમાં ગીતા કહે છે : 'એ વસ્તુ કામના છે, અને એનો સાથી ક્રોધ છે, જે વસ્તુઓ રજોગુણમાંથી જન્મે છે; અને એ કામના માનવના આત્માનો મહાન વેરી છે, એનો સાધકે વિનાશ કરવાનો છે.'૯ મુક્તિને માટેની પ્રથમ શરત તરીકે પાપકર્મમાંથી નિરત થઈ જવાની ક્રિયાને તે ગણે છે અને ગીતા તો હમેશાં આત્મસંયમ, પ્રભુત્વ, મનનો ઈન્દ્રિયોનો સંયમ — સમગ્ર નિમ્ન પ્રકૃતિના સંયમનો આગ્રહ સેવે છે.

એટલે પ્રકૃતિમાં યા ને સ્વભાવમાં જે વસ્તુ મૌલિક છે, જે એનું જન્મજાત અને અનિવાર્ય કાર્ય છે, જેનો નિગ્રહ કરવાથી, જેને ફરજ પાડવાથી કશો અર્થ સરતો નથી, તેની અને જે તત્ત્વો આગંતુક છે, આકસ્મિક છે, જે અવ્યવસ્થાઓ અને વિકૃતિઓ છે, જેના ઉપર વિજય મેળવવો આવશ્યક છે તે બેની વચ્ચે આપણે ભેદ કરવાનો છે. વળી દબાણ કરવું યા ને ફરજ પાડવી યા ને નિગ્રહ કરવો અને સંયમ, યોગ્ય ઉપયોગ અને યોગ્ય દોરવણી આપવી એ બેની વચ્ચે પણ ગીતા ભેદ જુએ છે. સંકલ્પ વડે, પ્રકૃતિના ઉપર દબાણ કરવું, તેને ફરજ પાડવી એનું નામ નિગ્રહ. એને પરિણામે આત્માની શક્તિઓ કુંઠિત, નિરુત્સાહી બને છે, અવસાદને પામે છે, — नात्मानं अवसादयेत् । પરંતુ સંયમ એટલે આપણા પોતાના ઉચ્ચ સ્વરૂપનો, આત્માના ઉચ્ચ સ્વરૂપનો અધમ સ્વરૂપ ઉપર કાબૂ. એને પરિણામે પ્રકૃતિની શક્તિઓ પોતાના યોગ્ય કાર્યને, સત્ય ધર્મને અને વધારેમાં વધારે સફળતાને પ્રાપ્ત કરે છે, પોતાનું યોગ્ય કાર્ય અને સત્ય ધર્મ બજાવી શકે છે, — योगः कर्मसु कौशलम्. છઠ્ઠા અધ્યાયના આરંભમાં સંયમનું આ સ્વરૂપ ગીતા ઘણું સ્પષ્ટ કરે છે. उद्धरेत् आत्मनात्मानम् — તારે આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવાનો છે, આત્માને તારે (નિરોધ કરીને કે દાલન વડે) અવસાદ પમાડવાનો નથી; કારણ કે આત્મા જ આત્માનો બંધુ

---

૭ इन्द्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्यपरिपंथिनौ ।। (३, ३४)

૮ अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ।। (३,३६)

૯ काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ।। (३, ३७)

છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.' 'જે માણસમાં (અધોમુખ) આત્મા એના (ઊર્ધ્વમુખ) આત્મા વડે જિતાયો છે તેનો આત્મા મિત્ર છે, પરંતુ જે માણસ પોતાના ઊંચામાં ઊંચા આત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલો નથી, જે આત્મવાન નથી, તેનો અધોમુખ આત્મા જાણે એનો દુશ્મન હોય તેવો બને છે.' જ્યારે માણસે પોતાના આત્માના ઉપર વિજય મેળવ્યો હોય, અને સ્થિરતા અને સંપૂર્ણ સંયમ પ્રાપ્ત કર્યાં હોય, — ટૂંકામાં એ આત્મવાન બન્યો હોય, ત્યારે એનામાં રહેલ પરમ આત્મા "સમાહિત" થાય છે, એટલે કે એની બહિર્મુખ ચેતનામાં પણ સ્થિર બને છે, સમતુલાને પ્રાપ્ત કરે છે. અર્થાત્, નિમ્નગામી આત્માને પોતાના ઊર્ધ્વગામી આત્મા વડે જીતવો, એના ઉપર પ્રભુત્વ મેળવવું, આધ્યાત્મિક સત્ વડે પ્રકૃતિના સત્ને જીતવું એ જ માનવની પૂર્ણતાનો અને મુક્તિનો માર્ગ છે.

એટલે અહીં પ્રકૃતિની નિયતિની ઘણી મહાન મર્યાદા, એના અર્થની અને એના ક્ષેત્રની પણ ચોક્કસ મર્યાદા આપણને જોવા મળે છે. પ્રકૃતિની નિયતિની પરવશતામાંથી, એની ગુલામીમાંથી, એના પર પ્રભુત્વ પ્રત્યે જવાનો માર્ગ કેવી રીતે વટાવવાનો છે તે આપણે જોવાનું છે. એને માટે પ્રકૃતિની અંદર ચડતા-ઊતરતી શ્રેણીમાં ગોઠવાયેલા એના ગુણોમાંના સૌથી નીચેના ગુણથી આરંભ કરીને સૌથી ઉપર આપણે આવીશું તો એ માર્ગને આપણે સારામાં સારી રીતે જોઈ શકીશું. પ્રકૃતિના સૌથી નીચેના પગથિયા ઉપર એવી સત્-તાઓ આવી રહેલી છે જેમનામાં તમોગુણ આગળ પડતો છે, સૌથી વધારે સમર્થ છે. એવા સત્ત્વોમાં આત્મચેતનાની જ્યોતિ જાગેલી હોતી નથી, અને તેઓ પ્રકૃતિની શક્તિના પ્રવાહ વડે જ સંપૂર્ણપણે પ્રેરાતાં હોય છે. જડ દેખાતા અણુમાં પણ એક પ્રકારની સંકલ્પશક્તિ રહેલી છે ખરી, પરંતુ આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે એ સંકલ્પશક્તિ મુક્ત નથી કારણ કે તે યાંત્રિક છે અને અણુ પોતે એ સંકલ્પશક્તિને જાગ્રતપણે ધારણ કરતો નથી, પરંતુ એ સંકલ્પ અણુને ધારણ કરે છે. અહીં પ્રકૃતિમાં જે બુદ્ધિનું અને સંકલ્પનું તત્ત્વ રહેલું છે તે, સાંખ્ય કહે છે તે પ્રમાણે, સંપૂર્ણપણે "જડ" એટલે યાંત્રિક અને અચેતન તત્ત્વ, રૂપે રહેલું છે અને એમાં સચેતન પુરુષનો પ્રકાશ પદાર્થની સપાટી સુધી આવી શક્યો નથી. અણુને પોતાને સચેતન સંકલ્પનું ભાન નથી હોતું; જડતા અને અજ્ઞાનનું તત્ત્વ, એટલે કે તમસ્, એના પર પોતાની પકડ જમાવીને બેઠેલું હોય છે. એનામાં રજોગુણ રહેલો છે અને સત્ત્વ પણ ઢંકાયેલો પડેલો છે. વળી એમાં "પ્રભુત્વ"નું તત્ત્વ તો સંપૂર્ણપણે ગેરહાજર હોય છે. અલબત્ત, અણુની સત્-તાને પ્રકૃતિ પ્રચંડ શક્તિ સહિત કાર્ય કરવાની ફરજ પાડે છે. પણ તે એક યાંત્રિક કરણ તરીકે હવે જડ અણુથી

ઉપર આવી રહેલા વનસ્પતિના જગતમાં રજસ્‌નું તત્ત્વ ઘણા પ્રયાસ કરીને સપાટી ઉપર આવેલું દેખાય છે. એનામાં પ્રાણશક્તિ છે, એનામાં કાર્ય-પ્રતિકાર્ય કરનાર નાડીયંત્ર છે. એ જ નાડીયંત્ર માનવમાં સુખ અને દુઃખની લાગણી ઉત્પન્ન કરે છે. પરંતુ વનસ્પતિમાં સત્ત્વગુણ અંતર્હિત છે. અહીં પણ સચેતન અને સભાન સંકલ્પશક્તિની જ્યોતિ, એ અંતર્હિત રહેલો સત્ત્વગુણ જાગ્રત કરી શક્યો નથી. વનસ્પતિ સુધી બધું જ યાંત્રિક, અવચેતન યા તો અર્ધ સચેતન છે, — જોકે અહીં પણ તમોગુણ રજસ્ કરતાં વધારે બળવાન હોય છે અને એ બન્ને કેદખાનામાં પૂરેલા સત્ત્વના જેલર જેવા છે.

પશુયોનિમાં તમોગુણ બળવાન હોય છે ખરો, અને આપણે તેમને તામસ-સર્ગનાં પ્રાણી તરીકે વર્ણવીએ તોપણ એમનામાં તમોગુણ કરતાં રજોગુણ જ વધારે પ્રમાણમાં હોય છે. અને એની સાથે વિકાસ પામેલી જીવનશક્તિ પણ પશુ પોતાની સાથે લઈ આવે છે. કામના, ઊર્મિ, આવેશ, સુખદુઃખની અનુભૂતિ અને સત્ત્વ ગુણનો ઉદય થયાની નિશાનીઓ એનામાં જોવામાં આવે છે તોપણ પ્રકૃતિના નિમ્ન કાર્યના ઉપર તેનો આધાર રહેલો હોય છે. પરંતુ એ બધી ક્રિયાઓ પ્રગટ થાય છે તેમને પ્રાણીમાં સચેતન મનનો પ્રકાશ પ્રથમ વાર મળતો દેખાય છે. અહંતાનું યાંત્રિક ભાન, સચેતન સ્મરણશક્તિ, એક પ્રકારની વિચાર કરવાની શક્તિ, ખાસ કરીને તો અંધપ્રેરણા રૂપે પશુમાં જાગ્રત સહજ બુદ્ધિના ચમત્કારો તે પ્રગટ કરે છે. પરંતુ તે છતાં, બુદ્ધિએ, એટલે કે જ્ઞાન અને સંકલ્પશક્તિએ, ચેતનાનો પૂરેપૂરો પ્રકાશ પ્રગટાવ્યો નથી હોતો એટલે જ પશુને તેના કાર્ય માટે જવાબદાર ગણી શકાતું નથી. અણુની અંધગતિને માટે, અથવા તો અગ્નિને બાળવા અને વિનાશ કરવા માટે, યા તો વંટોળિયાને તેનાથી થતા નુકસાન માટે જેમ આપણે દોષ દઈ શકતા નથી તેમ વાઘને પશુઓને મારવા માટે અને તેમનું ભક્ષણ કરવા માટે પણ આપણે દોષ દઈ શકતા નથી. જો પ્રશ્નનો ઉત્તર આપી શકે તો સાચે જ વાઘ પણ માણસની પેઠે એમ જ કહે કે "મારી સંકલ્પશક્તિ પૂરેપૂરી સ્વતંત્ર છે, મુક્ત છે." વળી એનામાં પણ કર્તાપણાનો અહંકાર હશે અને તે કહેશે: "હું મારું છું, હું ખાઈ જઉં છું." પરંતુ આપણે નિઃસંશય જાણીએ છીએ કે ખરું જોતાં વાઘ નહિ પણ વાઘમાં રહેલી પ્રકૃતિ મારે છે, એનામાં રહેલી પ્રકૃતિ પ્રાણીઓને ફાડી ખાય છે અને મારવાની કે ખાવાની ક્રિયા કરતાં વાઘ અટકે છે તો તે ધરાઈ ગયેલો હોવાથી, યા તો ભય કે પ્રમાદને લઈને અટકે છે. એટલે કે એનામાં રહેલા પ્રકૃતિના બીજા એક ગુણના, તમોગુણના, કાર્યને લઈને તે અટકતો હોય છે. મારવાની ક્રિયા જેમ પશુમાં રહેલી પ્રકૃતિ કરતી હોય છે તેમ મારવાની ક્રિયામાંથી વિરત થઈ જવાનું કાર્ય પણ પ્રાણીની પ્રકૃતિ જ કરાવે છે. પશુમાં

જે કોઈ પ્રકારનો આત્મા રહેલો છે તે પ્રકૃતિની ક્રિયાને પોતે અક્રિય રહીને અનુમતિ આપ્યે જાય છે; — એ આત્મા જેટલો પ્રકૃતિના પ્રમાદમાં અને અકર્મમાં પોતે અક્રિય હોય છે તેટલો જ તે પ્રકૃતિના આવેશોમાં અને તેની સઘળી પ્રવૃત્તિમાં પણ પોતે તો અક્રિય જ હોય છે. આજ્ઞની પેઠે પશુ પણ પોતાની પ્રકૃતિની યાંત્રિક રચના પ્રમાણે જ વર્તે છે, — અન્યથા નહિ, — सदृशं चेष्टते स्वस्याः प्रकृतेः । જાણે કે તેને યંત્ર ઉપર ચડાવવામાં આવ્યું ન હોય — यंत्रारूढो मायया !

પણ એમ કહેવામાં આવશે કે માણસની અંદર તો જુદી જ ક્રિયા જણાય છે. તેનામાં મુક્ત આત્માનું ભાન, સ્વતંત્ર સંકલ્પશક્તિ રહેલી છે, એનામાં જવાબદારીનું ભાન છે, પોતે પ્રકૃતિથી જુદો, સાચો, એટલે કે વાસ્તવિક, કર્તા છે એમ પણ તે અનુભવે છે, એનામાં પ્રકૃતિની માયાની યાંત્રિકતાથી કોઈ જુદું જ તત્ત્વ રહેલું છે તેનું શું ? જવાબમાં કહી શકાય કે આપણને એવું દેખાય છે, કારણ કે માનવમાં સચેતન બુદ્ધિનું તત્ત્વ રહેલું છે, — અને એ બુદ્ધિ દ્રષ્ટા યાને સાક્ષીપુરુષની ચેતનાના પ્રકાશથી દેદીપ્યમાન હોય છે અને આપણને એમ પણ લાગે છે કે પુરુષ પોતે પ્રકૃતિનું નિરીક્ષણ કરે છે, તેને જાણે છે યા તો તેને સમજે છે, તેને પોતાની અનુમતિ આપે છે, યા તો તેને નામંજૂર કરે છે. પરંતુ આખરે પુરુષ જાણે કે પોતાની પ્રકૃતિનો ઈશ્વર થવાનો આરંભ કરતો હોય એમ લાગે છે. માણસ કાંઈ વાઘ જેવો, વંટોળિયા જેવો કે અગ્નિ જેવો નથી; કોઈનું ખૂન કરીને પોતાના કાર્યનું ઔચિત્ય દર્શાવવા માટે તે એમ નથી કહી શકતો કે "હું મારી પ્રકૃતિ અનુસાર વર્તું છું." અને એ પ્રમાણે એ કરી શકતો નથી કારણ કે એનો સ્વ-ભાવ તે વાઘનો સ્વ-ભાવ નથી. અર્થાત્ વાઘનો, અગ્નિનો કે વંટોળિયાનો જે સ્વ-ધર્મ છે તે એનો સ્વ-ધર્મ નથી. માણસની અંદર સચેતન બુદ્ધિ રહેલી છે અને પોતાનાં કર્મોને એ બુદ્ધિના પ્રકાશમાં લઈ જવાં એ તેની ફરજ છે. જો માણસ એ પ્રમાણે કરે નહિ અને પોતાના આવેગો અને રાગો પ્રમાણે અંધપણે વર્ત્યો જાય, તો એનો સ્વ-ધર્મ, એની सत्-તાનો નિયમ સાચી રીતે અમલમાં મુકાયો નથી — स्वनुष्ठित નથી, પોતાનામાં રહેલી માનવતાનું પૂરેપૂરું મૂલ્ય એણે વર્તનમાં પ્રગટ કર્યું નથી, પણ પ્રાણીની પેઠે તેણે વર્તન કરેલું છે, એમ જ આપણે કહેવું જોઈએ. એ ખરું છે કે રજસ્‌નું તત્ત્વ અથવા તો તમસ્‌નું તત્ત્વ એની બુદ્ધિના ઉપર પોતાનો કાબૂ જમાવે છે અને પોતે કરેલ એકેએક કાર્યને, અથવા તો પોતાના અકાર્યને ઉચિત ઠરાવવાને તે તેને લલચાવે છે. અને છતાં, સઘળું ઉચિત ઠરાવવાનો એ પ્રયત્ન, અથવા તો, સર્વ કર્મોને બુદ્ધિ રૂપી પંચની આગળ રજૂ કરવાની ક્રિયા તો કર્મ કરતા પહેલાં યા તો

કર્મ કર્યા પછી માણસે કરવી જોઈએ. વળી વધારામાં માનવની અંદર સત્ત્વગુણ જાગ્રત થયેલો હોય છે અને તે જ્ઞાનશક્તિ તરીકે અને બુદ્ધિ તરીકે કાર્ય કરે છે; એટલું જ નહિ પરંતુ વધુ જ્ઞાન માટેની શોધનું, એટલે કે જિજ્ઞાસાનું સ્વરૂપ પણ તે લે છે. સત્ય પ્રાપ્ત કરવાને અને જ્ઞાન અનુસાર ઋત કર્મ કરવા માટે પણ સત્ત્વગુણ કાર્ય કરે છે. વળી સહાનુભૂતિ વડે પ્રાપ્ત થતા અન્ય લોકોના જીવનના અને તેમના હક્કોના જ્ઞાન પ્રમાણે આચરણ કરવાને, પોતાના સ્વભાવનો સર્વોત્તમ ધર્મ કયો છે તેની શોધ કરવાને અને એ ધર્મને વશ વર્તવાને, — કારણ કે તેનામાં રહેલો સત્ત્વગુણ માનવ માટે એ સર્વોત્તમ ધર્મ શોધવાનો નિયમ સર્જે છે — તથા પુણ્ય, સહાનુભૂતિ, પ્રેમ વગેરે દ્વારા સત્ત્વગુણનો આવિર્ભાવ થવાથી માનવને જે વધારે મહાન શાંતિ અને સુખ મળે છે તેને પોતાના આદર્શ તરીકે સેવવાને પણ સત્ત્વગુણ માનવને પ્રેરે છે. સત્ત્વગુણવાળા માણસને વધારે કે ઓછા પ્રમાણમાં, ભલે અપૂર્ણ રીતે હોય, પણ એટલું તો ભાન હોય છે કે પોતાનામાં રહેલા રજોગુણ અને તમોગુણને તેણે સત્ત્વગુણથી વશ કરવા જોઈએ, તથા સામાન્ય માનવજાતિની પૂર્ણતાનો આદર્શ પણ એ દિશા તરફ જ ગતિ કરે છે.

પરંતુ સત્ત્વગુણ જેમનામાં આગળ પડતો હોય છે તેમની પ્રકૃતિ શું મુક્ત હોય છે? અને એવા માણસમાં પ્રગટ થતી સાત્ત્વિક સંકલ્પશક્તિ શું ખરેખર સ્વતંત્ર હોય છે? કેવળ ઊર્ધ્વ ચેતનામાં સાચી મુક્તિ રહેલી છે એવું ગીતાનું દૃષ્ટિબિંદુ હોવાથી ગીતા એ સાત્ત્વિક અવસ્થાને મુક્ત અવસ્થા તરીકે માનવાની ના પાડે છે. આપણી બુદ્ધિ, એટલે કે સચેતન માનસિક સંકલ્પશક્તિ પણ પ્રકૃતિનું જ એક હથિયાર છે, તેનું જ કરણ છે. અને જ્યારે તે વધારેમાં વધારે સાત્ત્વિક પ્રકારે કાર્ય કરે છે ત્યારે પણ પ્રકૃતિ જ એના દ્વારા કાર્ય કરતી હોય છે. અને આત્મા તો માયાના ચક્રના ઉપર આરૂઢ થઈને ચક્કરચક્કર ફરતો હોય છે. ગમે તેમ હોય, પણ આપણી સંકલ્પશક્તિ સ્વતંત્ર છે એવા ભાનનો નવ દશાંશ ભાગ તો ચોખ્ખેચોખ્ખો કાલ્પનિક જ હોય છે. આપણી એ સંકલ્પશક્તિ અમુક ક્ષણે પોતાના સ્વયંભૂ કાર્યને પરિણામે સરજાતી અને નિર્માતી નથી હોતી, પરંતુ આપણા ભૂતકાળમાંથી, વંશપરંપરાગત અસરોમાંથી, કેળવણી તથા આજુબાજુની પરિસ્થિતિમાંથી આપણે જેને "કર્મ" કહીએ છીએ તે પ્રચંડ ગૂંચળામાંથી નિર્માય છે, તે બધાના ઉપર એનો આધાર હોય છે. એ કર્મ એટલે આપણા ઉપર પ્રકૃતિનું ભૂતકાળમાં થયેલું સમગ્ર કર્મ, અને વ્યક્તિની અંદર એક બિંદુ ઉપર એકાગ્ર થતું આખું વિશ્વ. એના કાર્યને પરિણામે વ્યક્તિ જેવી છે તેવી નિર્માણ થાય છે; અને અમુક સમયે એ શો સંકલ્પ કરશે તે પણ એ અસરો જ નિર્માણ કરે છે અને આપણું પૃથક્કરણ જોઈ શકે ત્યાં સુધી તો અમુક ક્ષણે વ્યક્તિ કયું કર્મ કરશે તે પણ પ્રકૃતિ જ નિર્માણ કરે છે. અહં એ કર્મો

સાથે હમેશાં પોતાનો સંબંધ જોડે છે અને કહે છે: 'આ કર્મ મેં કર્યું' તથા 'અમુક સંકલ્પ હું કરું છું' યા તો 'હું સહન કરું છું.' પરંતુ જો તે પોતાના અંતરના તરફ જુએ, અને એ કર્મ અને સંકલ્પ કેવી રીતે થયાં હતાં તે તપાસે તો પશુની પેઠે માણસને પણ એમ જ કહેવું પડશે કે "મારામાં પ્રકૃતિએ અમુક વસ્તુ કરી, મારી અંદર પ્રકૃતિ સંકલ્પ કરે છે", એટલે કે અમુક વ્યક્તિગત પ્રાણીમાં પોતાનો આત્મનિર્ણય કરીને જ પ્રકૃતિ જ આવિર્ભાવ પામે છે. જીવનના આ પાસાનું બહુ સમર્થ ભાન થવાને પરિણામે "સઘળું કર્મને આધીન છે" એમ કહેવાની બૌદ્ધ લોકોને ફરજ પડતી હતી. જીવનમાં "મુકત આત્મા જેવી કોઈ વસ્તુ છે જ નહીં." "આત્મા છે" એ ખ્યાલ પણ અહંપ્રધાન માનસની કેવળ ભ્રમણા છે! જ્યારે અહં પોતે એમ માને છે કે "અમુક પુણ્ય કર્મ હું પસંદ કરું છું અને પેલા પાપકર્મનો હું ત્યાગ કરું છું" ત્યારે પણ ખરું જોતાં સત્ત્વગુણની ઊર્મિ કે પ્રવાહ દ્વારા એટલે કે બુદ્ધિ દ્વારા, કાર્ય કરતી પ્રકૃતિ જ એક પ્રકારના કાર્ય કરતાં બીજા પ્રકારના કાર્યને પસંદ કરતી હોય છે. હવે પ્રકૃતિના યંત્ર ઉપર બેઠેલી માખી હોય, અથવા તો યંત્રનું ચક્ર કે બીજો કોઈ ભાગ સચેતન હોય અને તે પોતે "હું યંત્રને ચલાવું છું" એમ માને, એ પ્રમાણે માનવનો અહં પ્રકૃતિના યંત્ર સાથે પોતાનો સંબંધ જોડી દે છે. સાંખ્યવાદીઓ કહે છે કે આપણી અંદર રહેલા અક્રિય અને દ્રષ્ટા પુરુષના આનંદને ખાતર પ્રકૃતિ પોતે જ કર્મનું રૂપ ધારણ કરે છે અને સંકલ્પ કરે છે.

ઉપર જે એક બાજુ નમતું, અત્યંત પક્ષપાતી વિધાન કર્યું છે તેમાં અતિ-માત્રા હોવાથી એને મર્યાદિત કરવાની જરૂર હોય — અને કયા અર્થમાં એને મર્યાદિત કરવાનું છે તે પણ આપણે જોઈશું — તોપણ આપણા વ્યક્તિગત સંકલ્પની સ્વતંત્રતા, — જો એ નામ આપણે એને આપવા માગીએ તો — ઘણી જ સાપેક્ષ છે, લગભગ ચાલુ છે, — કારણ કે એનું નિર્માણ કરનારાં બીજાં એટલાં બધાં તત્ત્વો એનામાં ભળી ગયેલાં હોય છે કે તે નહિવત્ જ બની રહે છે. એ સંકલ્પશકિત જ્યારે સૌથી વધારે સમર્થ હોય છે ત્યારે પણ એને 'પ્રભુત્વ'વાળી તો ન જ કહી શકાય. સંજોગોની બળવાન ઊર્મિનો એ સંકલ્પશકિત વિરોધ કરશે, અથવા તો એને પરાજય પમાડનાર કે એનામાં ફેરફાર કરનાર, એને વિકૃત કરનાર, કે એની જોડે ભળી જનાર પ્રકૃતિની બીજી શકિતઓની સામે તે થઈ શકશે જ એવો ભરોસો આપણે તેના પર રાખી શકતા નથી. વધારેમાં વધારે સાત્ત્વિક સંકલ્પ પણ એ પ્રમાણે રજોગુણ અને તમોગુણના મિશ્રણને લીધે અભિભૂત થાય છે, અથવા તો એ ગુણો સાથે સેળભેળ થઈ જાય છે, અથવા તો એ ગુણો એને ઘણી સૂક્ષ્મ રીતે છેતરે છે; એટલે પરિણામે તે ઘણે થોડે અંશે જ સાત્ત્વિક રહી શકે છે. પોતાની જાતને છેતરવા માટે પૂરતું સમર્થ તત્ત્વ, — અજાણ્યે કોઈ પણ પ્રકારના

હેતુ, કે ઇચ્છા વગરની, અને નિર્દોષ પણ ગણી શકાય એવી, ખોટાને ખરું માની લેવાની વૃત્તિ, અને પોતાની જાત જોડે સંતાકૂકડી રમવાની ક્રિયા જેને માનસ-શાસ્ત્રીની દયાહીન દૃષ્ટિ માણસના સારામાં સારા કાર્યની અંદર પકડી પાડે છે તે બધી આમાંથી જ ઉત્પન્ન થાય છે. આપણે સંપૂર્ણપણે સ્વતંત્ર રીતે કર્મ કરીએ છીએ એમ માનતા હોઈએ છીએ ત્યારે પણ આપણા કર્મની પાછળ અનેક છૂપી શક્તિઓ કાર્ય કરી રહેલી હોય છે અને ખૂબ કાળજીપૂર્વકના અંતરના અવલોકનથી પણ તે આપણી નજરે ચડતી જ નથી. 'હું અહંથી મુક્ત છું' એમ આપણે માનતા હોઈએ છીએ ત્યારે જ 'અહં' ત્યાં હાજર હોય છે! — જેમ સંત પુરુષના મનમાં હોય છે તેમ પાપીના અંતરમાં પણ તે 'અહં' હાજર હોય છે, પણ તે પ્રચ્છન્ન એટલે કે ઢંકાયેલો હોય છે. જ્યારે આપણાં કર્મો પ્રત્યે અને તેનાં મૂળ પ્રત્યે આપણી દૃષ્ટિ સાચેસાચ ખૂલે છે ત્યારે गुणाः गुणेषु वर्तन्ते — 'પ્રકૃતિના ગુણો ગુણોના ઉપર પરસ્પર કાર્ય કરી રહ્યા છે' એમ ગીતાની પેઠે કહેવાની આપણને પણ ફરજ પડે છે.

ઉપર જણાવેલા કારણને લઈને સત્ત્વગુણનો ઉત્કર્ષ પણ 'મુક્તિ' કે 'સ્વતંત્રતા' નથી. ગીતા આપણને બતાવે છે કે બીજા ગુણોની પેઠે સત્ત્વગુણ પણ માનવને બંધનમાં નાખે છે અને જે વસ્તુઓથી તે આપણને બાંધે છે તે પણ અન્ય ગુણો જેવેની સામાન્ય વસ્તુઓ જ છે — એટલે કે તે પણ કામના અને અહંથી જ માનવને બાંધે છે. અલબત્ત, આપણે એમ કહી શકીએ કે સત્ત્વગુણની 'કામના' વધારે ઉદાત્ત છે, એનો 'અહં' વધારે શુદ્ધ છે. પરંતુ જ્યાં સુધી કામના અને અહં કોઈ પણ રૂપમાં આપણા આત્માને બાંધીને રહેલાં છે ત્યાં સુધી મુક્તિ સંભવતી નથી. પુણ્યવાન પુરુષને અને જ્ઞાનીને પોતાનો 'હું પુણ્યવાન છું', 'હું જ્ઞાની છું' એવો અહં હોય છે અને એ સાત્ત્વિક અહંને સંતોષવાને એ માણસો પ્રયત્ન કરતા હોય છે. તે પુણ્ય કરે છે કે જ્ઞાનની શોધ કરે છે તે એ સાત્ત્વિક અહંને ખાતર હોય છે. જ્યારે આપણે અહંને સંતોષવાનું છોડી દઈએ છીએ, અહંમાંથી સંકલ્પ કરતા કે વિચાર કરતા બંધ પડીએ છીએ ત્યારે જ અને ત્યાર પછી જ, ખરી મુક્તિ આપણને મળે છે. એટલે કે જ્યારે આપણામાં રહેલા પ્રાકૃતિક અહંના ઉપર, એનાથી પર આવી રહેલા આપણા આત્માને જોઈ શકીએ છીએ અને આપણી ચેતનામાં ધારણ કરી શકીએ છીએ ત્યારે જ મુક્તિ, ઊંચામાં ઊંચી પ્રભુતા વગેરેના અનુભવનો આરંભ થાય છે. આપણો 'અહં' આપણા સાચા આત્માને બાધા કરનાર પરદો છે, તેનું આચ્છાદન કરનાર વસ્તુ છે, આપણને આંધળા બનાવનાર છાયા છે. આ અનુભૂતિ ત્યારે જ થાય જ્યારે આપણી અંદર રહેલા આત્માને પ્રકૃતિથી પર સ્થિર પ્રતિષ્ઠિત જોઈ શકીએ તથા આપણી વ્યક્તિગત સત્-તાને તેની સત્-તા સાથે, આપણી ચેતનાને તેની ચેતના સાથે, તન્મય કરી

શકીએ, તથા એ આત્માના કાર્યનું જે વ્યક્તિગત સ્વરૂપ આપણામાં હોય છે તેને પ્રભુની દિવ્ય શક્તિના કરણરૂપ બનાવી શકીએ. પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિ જ સાચેસાચ મુક્ત છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે આપણે પ્રકૃતિના ગુણોથી પર થવું, ત્રિગુણાતીત થવું આવશ્યક છે; કારણ કે આત્મા સત્ત્વગુણથી પણ પેલી તરફ ઊર્ધ્વમાં રહેલો છે. એ આત્મામાં આપણે સત્ત્વગુણની મારફત આરોહણ કરવાનું છે એ ખરું, પરંતુ જ્યારે આપણે સત્ત્વને છોડી દઈને પેલી પાર જઈએ છીએ, જ્યારે સત્ત્વગુણને પણ વટાવી જઈએ છીએ ત્યારે જ આત્માને પામી શકીએ છીએ. આપણે અહંમાંથી આરંભ કરીને આત્મા તરફ ગતિ કરી શકીએ છીએ, પરંતુ અહંનો ત્યાગ કરવાથી જ આપણે તેને પહોંચી શકીએ છીએ. એ પરમ આત્મા પ્રત્યે કોઈ ઉચ્ચતમ, વધારેમાં વધારે આવેશવાળી, કોઈ પ્રચંડ આનંદાતિરેકવાળી ઇચ્છા આપણને આકર્ષે છે. પરંતુ એ આત્મસ્વરૂપમાં સલામત સ્થાન અને સ્થિર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી હોય તો તે કાર્ય જ્યારે આપણી અંદરથી બાકી જ કામનાઓ ખરી પડે ત્યારે જ થઈ શકે છે. એવી એક અવસ્થા આવે છે જ્યારે મોક્ષની ઇચ્છામાંથી પણ આપણી જાતને મુક્ત કરવી પડે છે.

પ્રકૃતિના ગુણોથી પર : ત્રિગુણાતીત

પ્રકૃતિની નિયતિ કયાં સુધી વિસ્તરે છે તે આપણે જોયું અને એ નિયતિનો અર્થ એ થાય છે કે જે 'અહં'માંથી આપણે કાર્ય કરીએ છીએ તે પોતે જ પ્રકૃતિનું કાર્ય કરવાનું એક કરણ છે, અને તેથી તે પ્રકૃતિની સત્તામાંથી મુકત હોઈ શકે નહીં. આપણા અહંનો સંકલ્પ ખરું જોતાં પ્રકૃતિએ નિર્માણ કરેલો સંકલ્પ હોય છે. ભૂતકાળમાં પ્રકૃતિએ આપણી અંદર જે કાર્ય કરેલું હોય છે એમાં પ્રકૃતિ પોતે જ ફેરફાર કરવા ધારે છે; એ પ્રકૃતિનો જ એક ભાગ આપણો સંકલ્પ હોય છે. આ પ્રમાણે આપણામાં જે પ્રકૃતિ નિર્માણ થયેલી હોય છે અને એ પ્રકૃતિનાં કાર્યને પરિણામે જે સંકલ્પ જાગ્રત થાય છે તેના વડે આપણું વર્તમાનનું કર્મ નિયત થાય છે. કેટલાક એમ કહે છે કે આપણે જે કર્મ સૌથી પહેલું કરીએ છીએ તે હમેશાં આપણી સ્વતંત્ર પસંદગીનું કાર્ય હોય છે, ત્યાર પછીનાં બધાં કર્મો ભલે એ આરંભના કર્મથી નિર્માતાં હોય. એ આરંભના કર્મ માટે આપણે પોતે જવાબદાર છીએ એમ પણ તેઓ માને છે. પરંતુ પ્રકૃતિમાં એવું કયું કર્મ છે જેની પાછળ એનું નિર્માણ કરનાર ભૂતકાળ ન હોય? આપણી પ્રકૃતિની એવી વર્તમાન દશા કઈ છે જે, સરવાળે અને વિગતમાં, આપણા ભૂતકાળની પ્રકૃતિના કાર્યનું પરિણામ ન હોય? આપણા મનમાં એવા મુકત આદિ કર્મનો સંસ્કાર પડેલો છે કારણ કે પ્રત્યેક ક્ષણે આપણે વર્તમાનમાંથી ભાવિ પ્રત્યે જીવીએ છીએ, વર્તમાનમાંથી ભૂતકાળ પ્રત્યે જીવતા નથી. એને લઈને આપણા મનના ઉપર વર્તમાન અને તેના પરિણામોનો સંસ્કાર ખૂબ નાદૃશ્યપણે ખડો થાય છે, પરંતુ આપણો વર્તમાન પોતે સંપૂર્ણપણે આપણા ભૂતનું પરિણામ છે એ વાતનો સંસ્કાર આપણા અંતરમાં એટલો સજીવ હોતો નથી. ભૂતકાળ તો જાણે મરીને પરવારી ગયો છે એમ આપણને લાગવાનો સંભવ છે. આપણે જાણે કે કાળની શુદ્ધ અને કોરી ક્ષણમાં ઊભા છીએ અને આપણામાં રહેલી અંતરની સંપૂર્ણ સ્વતંત્રતાનો ઉપયોગ કરીને જે કાંઈ કરવું હોય તે કરવાને આપણે સંપૂર્ણપણે મુકત હોઈએ એ રીતે આપણે બોલીએ-ચાલીએ છીએ, પણ એવી નિરપેક્ષ મુકિત કે સ્વતંત્રતા, ખરું જોતાં, છે જ નહીં. આપણી પસંદગીમાં એ સ્વતંત્રતા રહેલી નથી.

અલબત્ત, આપણી અંદર જે સંકલ્પશકિત છે તેણે અમુક શકયતાઓમાંથી પોતાની પસંદગી કરવાની હોય છે એ ખરું છે, કારણ કે પ્રકૃતિ પોતે પણ હમેશાં

એ પ્રમાણે જ કાર્ય કરે છે. આપણી અક્રિયતા, સંકલ્પ કરવાનો આપણો ઇનકાર, પણ એક જાતની પસંદગી જ હોય છે, આપણી અંદર રહેલી પ્રકૃતિનો જ એ એક સંકલ્પ હોય છે. જડ આણુમાં પણ એ સંકલ્પશક્તિ હમેશાં પોતાનું કાર્ય કરવામાં લાગેલી જ હોય છે. આપણામાં અને આણુમાં કાર્ય કરી રહેલી સંકલ્પશક્તિમાં ભેદ એ રહેલો છે કે આપણે પ્રકૃતિની સંકલ્પશક્તિના કાર્ય સાથે આત્માનો ખ્યાલ જોડીએ છીએ. એ પ્રમાણે જ્યારે આપણે આપણી જાતને પ્રકૃતિની સંકલ્પશક્તિ સાથે જોડીએ છીએ ત્યારે પ્રકૃતિના એ કાર્યને આપણી સંકલ્પશક્તિ તરીકે ગણીએ છીએ અને એ પ્રમાણે કહીએ છીએ. આપણે કહીએ છીએ કે "અમુક સંકલ્પ સ્વતંત્ર છે" અને "હું પોતે કર્મ કરું છું." અને ભૂલ હોય કે ન હોય, મિથ્યા કે માયા હોય કે ન હોય, પણ આ "આપણા સંકલ્પ"નો ખ્યાલ, "હું કર્મ કરું છું" એ વિચાર, કોઈ પરિણામશૂન્ય, ઉપયોગ વગરની વસ્તુ નથી. પ્રકૃતિમાં જે કાંઈ બને છે તે સઘળાનું પરિણામ હોય છે, તે સઘળાનો ઉપયોગ પણ હોય છે. ખરું જોતાં, આપણામાં રહેલી પ્રકૃતિ તેની અંદર ગુપ્તપણે રહેલા પુરુષ વિષે વધારે ને વધારે સચેતન થાય અને તેના પ્રત્યે પ્રતિકાર્ય કરતી થાય તેટલા માટે આપણી સચેતન સત્-તાની એ એક પ્રક્રિયા છે, એ રીતે જ્ઞાનમાં વૃદ્ધિ થવાને પરિણામે કર્મની ઘણી મહાન શક્યતા પ્રત્યે પ્રકૃતિ ખુલ્લી થાય છે. અહંભાવની અને વ્યક્તિગત સંકલ્પની ભાવનાની મદદ વડે પ્રકૃતિ પોતાની વધારે ઊંચી શક્યતાઓ પ્રત્યે પોતાની જાતને આરોહણ કરાવે છે, તમોગુણી પ્રકૃતિની, સમૂળો અથવા તો પ્રધાનપણે, અક્રિયામાંથી રજોગુણના આવેશ અને ચેષ્ટામાં તે આરોહણ કરે છે. અને રજોગુણના આવેશ, રાગ, અને ચેષ્ટામાંથી સત્ત્વગુણના વધારે મહાન પ્રકાશ, સુખ અને વિશુદ્ધિમાં તે આરોહણ કરે છે, પ્રકૃતિવશ એવો માનવ પોતાના ઉપર જે સાપેક્ષ સંયમ પ્રાપ્ત કરે છે એ હકીકત તેનામાં જે વધારે ઉચ્ચ પ્રકારની શક્યતાઓ રહેલી છે તે એની અધોમુખ શક્યતાઓ ઉપર વિજય મેળવે છે તેની નિશાની છે. અને એ કાર્ય તેનામાં ત્યારે થઈ શકે છે જ્યારે પ્રકૃતિનો ઉચ્ચ પ્રકારનો ગુણ અધોગુણના ઉપર પોતાનું પ્રભુત્વ અને વર્ચસ્વ સ્થાપન કરવા પ્રયત્ન કરતો હોય તેની ખેંચાખેંચમાં માનવ પોતાનામાં રહેલા અહંના ખ્યાલનો સંબંધ એ ઉચ્ચ ગુણની સાથે જોડે છે, અને એને ટેકો આપે છે ત્યારે જ એ કાર્ય પાર પડે છે. મિથ્યા હો કે ન હો, પરંતુ માનવના અંતરમાં જે પોતાની સ્વતંત્ર સંકલ્પશક્તિનું ભાન છે તે પ્રકૃતિના કાર્ય માટેની આવશ્યક યોજના છે એ નક્કી છે. એટલે માનવ જ્યારે પ્રગતિનો પંથ કાપતો હોય તે દરમિયાન તેને માટે તે જરૂરી વસ્તુ છે. અને એનાથી વધારે ઉચ્ચ પ્રકારના સત્યનો સ્વીકાર કરવા માટે તે અધિકારી થાય તે પહેલાં એ અહંની અને સંકલ્પની સ્વતંત્રતાનું ભાન ગુમાવવું એ તો માનવને માટે ભારે આપત્તિજનક જ નીવડે. જો એમ કહેવામાં આવે, અને એમ કહેવાય

છે પણ ખરું કે માનવ એની આજ્ઞા પ્રમાણે વર્તે એટલા ખાતર પ્રકૃતિ એ મિથ્યા સ્વતંત્રતાના ભાન વડે એને ભ્રમમાં નાખે છે, — અને વ્યક્તિના સંકલ્પની સ્વતંત્રતાનો ખ્યાલ એ ભ્રમોમાંનો એક સૌથી સમર્થ ભ્રમ છે, — તો એના ઉત્તરમાં આપણે એ પણ કહેવું જોઈએ કે એ ભ્રમ માનવના કલ્યાણને માટે છે, એના ક્ષેમને માટે છે. અને એના વિના તે પોતાની સઘળી શક્યતાઓ પ્રત્યે ઊર્ધ્વમાં આરોહણ નહિ કરી શકે.

ખરું જોતાં, માનવમાં રહેલું એ અહંની અને પોતાના સંકલ્પની સ્વતંત્રતાનું ભાન કેવળ માયા કે મિથ્યા નથી હોતું, પરંતુ તે એક દૃષ્ટિબિંદુની ભૂલ હોય છે; એની માન્યતાના પાયામાં ભૂલ રહેલી છે. આપણો 'અહં' એમ માને છે કે 'હું જ સાચો આત્મા છું,' અને જાણે કે પોતે જ કર્મનું સાચું કેન્દ્ર હોય એ પ્રમાણે તે વર્તે છે. વળી એ એમ પણ માને છે કે વિશ્વસમસ્તની હસ્તી તેને ખાતર જ છે અને એ માન્યતા પ્રમાણે તે વર્તે છે. એમ કરવામાં તે દૃષ્ટિબિંદુનો અને પ્રતિષ્ઠાનો દોષ કરે છે. આપણી પોતાની અંદર, — આપણી પ્રકૃતિના અહંપ્રધાનતાના કર્મની અંદર — એવું કાંઈક, કે એવું કોઈક રહેલું છે જે પ્રકૃતિના કર્મનું સાચું કેન્દ્ર છે, અને જેને માટે આ બધાની હસ્તી છે. એ માન્યતામાં માનવનું અહંભાન ખોટું નથી, એમાં તે ભૂલ કરતું નથી. પરંતુ એ સાચું કેન્દ્ર તે 'અહં' નથી, પણ આપણા હૃદયની ગુહામાં ગૂઢ રહેલો પ્રભુ, — દિવ્ય પુરુષ — પોતે છે, જીવ છે. એ જીવ માનવના અહંથી ભિન્ન છે, તે પ્રભુનો અંશ છે, તે માનવનું સાચું સ્વરૂપ છે. આ આપણી અંદરનો સાચો આત્મા છે અને તે સમસ્ત પ્રકૃતિનો સ્વામી છે. એને ખાતર અને એની આજ્ઞાથી પ્રકૃતિ પોતાનાં કર્મોમાં પ્રવૃત્ત થાય છે એ સત્યનું આપણી માનસિક ચેતનામાં જે ખંડિત અને વક્ર પ્રતિબિંબ પડે છે તે આપણામાં રહેલા અહંભાવનું આગ્રહી સ્વ-વિધાન બને છે. એવી રીતે આપણો સંકલ્પ સ્વતંત્ર છે એવું ભાન પણ આપણી અંદર મુક્ત આત્મા રહેલો છે એ સત્યનું વિકૃત અને ખોટે સ્થાને પ્રતિષ્ઠિત ભાન છે. પ્રકૃતિમાં જે સંકલ્પશક્તિ છે તે એ આત્માની સંકલ્પશક્તિનું વિકાર પામેલું અને ખંડિત પ્રતિબિંબ માત્ર છે. અને એ આત્માની સંકલ્પશક્તિ વિકાર પામે છે અને ખંડિત બને છે કારણ કે તે કાળની એક પછી એક પસાર થતી ક્ષણોમાં, — વર્તમાનમાં — અને સતત થયા કરતા વિકારોની શ્રેણીમાં પોતાનું જીવન ધારણ કરે છે. એ વિકારની શ્રેણીઓ પોતાની પૂર્વસ્થિતિને ભૂલી જાય છે, તથા પોતાનાં પરિણામો વિષે તથા ગંતવ્ય ભાવિ વિષે અપૂર્ણપણે સચેતન હોય છે. પરંતુ આપણા અંતરમાં ઊંડી રહેલી સંકલ્પશક્તિ જે કાળની ગતિથી પર છે તે સર્વને જાણે છે; તથા આપણી અંદર પ્રકૃતિ જે કર્મ છે તે આપણા અંતરાત્માની સંકલ્પશક્તિ અને જ્ઞાનશક્તિ, — અન્તરની સ્વાભાવિક અને અહંપ્રધાન, અજ્ઞાનની અને મુરકેલી

ભરેલી અવસ્થામાં રહીને, — જે વસ્તુ સત્ય ચેતનામાં જુએ છે, અતિમનસમાં જુએ છે, તેને વ્યવહારમાં મૂકવાનો પ્રકૃતિનો પોતાનો પ્રયત્ન માત્ર હોય છે.

પરંતુ આપણી પ્રગતિમાં એવો સમય જરૂર આવવો જોઈએ જ્યારે આપણા અંતરનું સત્ય જોવા માટે આપણાં નેત્રો ઊઘડશે, અને તે સમયે, આપણી અહં-પ્રધાન સંકલ્પશક્તિ મુક્ત છે એ ભ્રમ હમેશને માટે ટળી જાય છે. અહં-પ્રધાન સંકલ્પશક્તિની મુક્તિનો ઈન્કાર કરવો એટલે કર્મનો અંત લાવવો એવો અર્થ થતો નથી. કારણ કે કર્તા તો પ્રકૃતિ છે, અને અહં-પ્રધાન વૃત્તિરૂપી યાંત્રિક યોજના દૂર થઈ ગયા પછી પણ, ઉત્ક્રાંતિની ક્રિયાનો આરંભ થતાં પહેલાં જેમ પોતાનું કાર્ય કરતી હતી તેમ, પ્રકૃતિ પોતાનું કાર્ય પૂર્વવત્ ચાલુ રાખે છે. વળી જે માણસ પોતાની અંદરથી પ્રકૃતિની અહં-પ્રધાન વૃત્તિની યોજનાને દૂર કરી દે છે તેના અંતરમાં પ્રકૃતિ એક પ્રકારનું વધારે મહાન કાર્ય પણ વિકસાવે એ પણ શક્ય છે. કારણ કે એવા માણસનું મન પોતાની સમગ્ર પ્રકૃતિ વિષે — ભૂતકાળને લઈને બની આવેલી પ્રકૃતિ વિષે, પોતાની આસપાસ આવી રહેલી શક્તિઓ વિષે તથા એ શક્તિઓ તેને પોતાના વિકાસમાં સહાય કે બાધા કરવાનો પ્રયત્ન કરી રહી છે તે વિષે સચેતન હોય છે. વળી પોતાની અંદર અત્યારે અવ્યક્ત પરંતુ વ્યક્ત થઈ શકે એવી ગુહ્ય શક્તિઓ વિષે પણ તે સચેતન બને છે. આ રીતે પુરુષ પ્રકૃતિની અંદર જે વધારે મહાન શક્યતાઓને જોઈ શકતો હોય તેને અનુમોદન આપવા માટે એ પ્રકારનું મન વધારે મુક્ત સાધન પણ બની શકે છે. અને એ વસ્તુઓનો, એ શક્યતાઓનો વિકાસ અને સાક્ષાત્કાર કરવા માટે, પ્રકૃતિ જે કાંઈ પ્રયત્ન કરે તેને પ્રત્યુત્તર આપવા માટે પણ એવું મન વધારે મુક્ત કરણ બની શકે એ સંભવિત છે. પરંતુ અહંના મુક્ત સંકલ્પનો ઈન્કાર કરવો એનો અર્થ, — આપણી અંદર રહેલા આત્માનું દર્શન કર્યા વિના જ, બુદ્ધિમાં કેવળ પ્રારબ્ધવાદ, યા તો પ્રકૃતિની નિયતિનો સ્વીકાર કરી લેવો એવો થતો નથી. કારણ કે એમ કરીશું તો 'અહં' એ જ આપણામાં રહેલા સાચા આત્માને સ્થાને ચાલુ રહે છે અને એ અહં તો હમેશાં પ્રકૃતિનું જ કરણ હોય છે એટલે આપણે 'અહં' વડે કર્મ કરતા રહીશું, અને આપણો કર્મ ન કરવાનો સંકલ્પ પણ એ અહંનું જ કરણ હશે. અને એ આત્માનો ખ્યાલ આપણામાં કશો સાચો ફેરફાર ઉત્પન્ન કરતો નથી. કેવળ બુદ્ધિનું વલણ બદલાય છે. એ પ્રમાણે અહંના ખ્યાલનો સ્વીકાર કરવાથી આપણી અહંપ્રધાન સત્-તામાં તથા આપણાં સર્વે કર્મોમાં પ્રકૃતિની નિયતિનું રૂપાન્મક સત્ય આપણે સ્વીકારવું પડશે. આપણે પરાધીન છીએ એ હકીકત આપણે જોઈ શકીશું, પરંતુ આપણી અંદર જન્મથી પર એવો અજન્મા આત્મા રહેલો છે, જે ગુણોના કાર્યથી પર છે તેને આપણે પામી શકીશું નહીં. અર્થાત્, આપણી મુક્તિનું દ્વાર ક્યાં આવી રહેલું છે તે આપણે જાણી શકીશું નહીં. પ્રકૃતિ અને અહં એ બેમાં

આપણું આપણા સ્વરૂપનું સમગ્ર સત્ય સમાઈ જતું નથી; મુકત એવો આત્મા, પુરુષ પણ, આપણી અંદર રહેલો છે.

પરંતુ પુરુષની એ સ્વતંત્રતા, આત્માની મુકિત શેમાં રહેલી છે? પ્રચલિત સાંખ્યમત પ્રમાણે તો પુરુષ એના અસલ સ્વરૂપમાં મુકત છે કારણ કે પુરુષ પોતે અકર્તા છે. પરંતુ પોતાના અક્રિય સ્વરૂપની ઉપર પ્રકૃતિને તેનાં કાર્યોની છાયા નાખવા દે છે તેને લઈને પુરુષ તેના રૂપાત્મક સ્વરૂપમાં ગુણોનાં કાર્યથી બંધાય છે, અને પ્રકૃતિથી વિખૂટા થયા સિવાય તથા તેનાં કાર્યોમાંથી નિરત થયા સિવાય, એટલે કે પ્રકૃતિનાં કાર્યોનો અંત લાવ્યા સિવાય, પુરુષ પોતાની મુકિત પુનઃ પ્રાપ્ત કરી શકતો નથી. હવે ગીતા આજ્ઞા કરે છે તે પ્રમાણે માણસ પોતાના અંતરમાંથી 'હું કર્તા છું' એવા ભાવને દૂર કરે, અથવા, 'કર્મો મારાં છે' એવા મમત્વનો ત્યાગ કરે, તો પોતે અકર્તા છે- आत्मानं अकर्तारम्- એ આત્મદર્શનને તે દૃઢ કરશે, અને સઘળાં કર્મો પોતાનાં નહિ પરંતુ પ્રકૃતિનાં છે એવું તે જાણતો થશે. તો પછી, સાંખ્ય-માર્ગની સાધનામાં જે પરિણામ આવે છે તેના જેવું જ પરિણામ અહીં પણ નહિ આવે? કર્મો સઘળાં ગુણોના કાર્યને પરિણામે થયાં કરે છે એ જ્ઞાન ન હોવાથી સાંખ્યનો પુરુષ ફકત અનુમતિ આપનાર — અનુમન્તા છે, પણ એની એ અનુમતિ એક અક્રિય અનુમતિ છે. કર્મો તો સંપૂર્ણપણે પ્રકૃતિનાં જ છે. મૂળમાં જોતાં, પુરુષ સાક્ષી અને અનુમન્તા માત્ર છે, તે ઈશ કે શાસક તથા વિરાટ વિશ્વાત્માની સક્રિય ચેતના નથી. સાંખ્યમત પ્રમાણે પુરુષ પ્રકૃતિને સાક્ષી રૂપે જુએ છે, અને સ્વીકારે છે, પોતે જે નાટકને જોતા હોય છે તેની સઘળી ક્રિયાને તે દ્રષ્ટા તરીકે સ્વીકારે છે ખરો, પરંતુ એ નાટકની યોજના એણે પોતે કરી હોય, અને પોતાના સ્વરૂપની અંદર એનો પ્રયોગ થઈ રહ્યો હોય, એ અર્થમાં એ નાટકનો સાક્ષી અને સૂત્રધાર પુરુષ નથી. જો પુરુષ પોતાની અનુમતિ પાછી ખેંચી લે અને કર્તૃત્વાભિમાનની મિથ્યા ભાવના જેને લઈને એ નાટક ચાલે છે તેનો સ્વીકાર કરવાનો તે ના પાડે તો પછી પ્રકૃતિની ક્રિયારૂપ નાટકના ભર્તા તરીકે તે રહી શકતો નથી, અને તે કર્મનો અંત આવે છે. કારણ કે પ્રકૃતિ એ બધાં કાર્યો સાક્ષી રૂપી પુરુષના આનંદને ખાતર કરતી હોય છે, અને પુરુષના આધારને લઈને જ પ્રકૃતિ એ કાર્યોને ટકાવી રાખી શકે છે. આ ઉપરથી ગીતાના અને સાંખ્યદર્શનના પુરુષ વિષેના વિચારો ઘણા જુદા છે એટલું તો સ્પષ્ટ થાય છે, કારણ કે એક જ ક્રિયા વડે બન્નેમાં તદ્દન જુદાં જ પરિણામો સધાતાં જોવામાં આવે છે. સાંખ્યમાં કર્મોનું નિર્વાણ યાને સંપૂર્ણ નિષ્ક્રિયતા પ્રાપ્ત થાય છે, ત્યારે ગીતામાં મહાન, નિઃસ્વાર્થ અને નિષ્કામ દિવ્ય કર્મ પરિણમે છે. સાંખ્યદર્શનમાં પુરુષ અને પ્રકૃતિ બન્ને ભિન્ન તત્ત્વો છે, જ્યારે ગીતામાં એક જ તત્ત્વની જુદીજુદી બાજુઓ છે, જુદાં સ્વરૂપો છે, એક જ સ્વયંભૂ આત્માની બે શકિતઓ છે. ગીતાના સિદ્ધાંત

પ્રમાણે પુરુષ કેવળ અનુમન્તા નથી, પરંતુ પ્રકૃતિનો ઈશ્વર છે. તે પ્રકૃતિ દ્વારા જગતની લીલાનો આનંદ ભોગવે છે, પ્રકૃતિનો આશ્રય લઈને પોતાની દિવ્ય સંકલ્પશક્તિનો અને જ્ઞાનનો અમલ કરે છે. જેમાં પુરુષ એ અમલ કરે છે તે ક્ષેત્ર પુરુષની અનુમતિ વડે ટકી રહેલું છે તથા તેની વ્યાપક સન્નિધિને લઈને જ હસ્તીમાં રહેલું છે. પુરુષની સત્-તામાં તે જીવે છે, એની સત્-તાના નિયમ વડે, અને એના સચેતન સંકલ્પ વડે તેનું શાસન થઈ રહેલું છે. આ આપણા આત્માના દિવ્ય સ્વરૂપને અને તેની દિવ્ય પ્રકૃતિને જાણવી, એના પ્રત્યે યોગ્ય પ્રતિકાર્ય કરવું, એનામાં જીવન ધારણ કરવું, એ અહં અને તેનાં કાર્યોમાંથી વિમુખ થવાનો ઉદ્દેશ છે. એ પ્રમાણે કરવાથી મનુષ્ય ગુણોની બનેલી નિમ્ન પ્રકૃતિથી પર થઈને દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરે છે.

પ્રકૃતિ સાથેના પુરુષના સંબંધમાં સંકુલતા રહેલી છે એટલે અહંતામાંથી સાચા આત્મતત્ત્વ પ્રત્યે માનવના આરોહણની ગતિ પુરુષ-પ્રકૃતિના સંબંધના ઉપર આધાર રાખે છે. અર્થાત્, ગીતામાં ત્રિવિધ પુરુષનો જે સિદ્ધાંત છે તેના ઉપર એ ઊર્ધ્વ ગતિનો આધાર રહેલો છે. જે પુરુષ પ્રકૃતિનાં કર્મોમાં શીઘ્ર વ્યાપે છે, તેના સઘળા વિકારોમાં પોતે સમભાગી બને છે, પ્રકૃતિની ક્રિયાઓના ક્રમાગત અનુષ્ઠાન સાથે એકતા કરે છે તે ક્ષર પુરુષ છે. એટલે કે આપણી અંદર વિકારો સાથે જે પોતે વિકૃત બને છે, ગતિ સાથે જે ગતિમાન બને છે, પ્રકૃતિની સતત ક્રિયાને પરિણામે વ્યક્તિતામાં જે ફેરફારો થાય છે તેમને પોતાની સત્-તામાં સ્વીકારીને તેમનો અંગીકાર કરે છે તે વ્યક્તિ તે ક્ષર છે. પુરુષના આ સ્વરૂપ સાથે સંબંધવાળી પ્રકૃતિ પણ ક્ષરભાવવાળી હોય છે, તે સતત ગતિ છે, કાળમાં થતા વિકાર રૂપે છે, સતત આવિર્ભાવ છે. પરંતુ આ પ્રકૃતિ પુરુષની પોતાની કેવળ કાર્યસાધક શક્તિ છે; કારણ કે જેવો પુરુષ તેવી જ પ્રકૃતિ બને છે, જે કાર્યમાં પુરુષનો આવિર્ભાવ થઈ શકે તે કાર્ય જ પ્રકૃતિ કરી શકે છે: પુરુષની સત્-તામાં જે પ્રકારના આવિર્ભાવની શક્યતા હોય છે તેને જ પ્રકૃતિ અમલમાં મૂકે છે, પાર પાડે છે. પ્રકૃતિ કયું કર્મ કરશે તેનો આધાર પુરુષના સ્વ-ભાવ ઉપર રહેલો છે. સ્વ-ભાવ એટલે આત્માનો પોતાના આવિર્ભાવને લગતો નિયમ. જોકે પ્રકૃતિ પોતે પુરુષની કાર્યસાધક શક્તિ હોવાથી ઘણી વાર કર્મ પોતે જાણે પ્રકૃતિનું નિર્માણ કરતું હોય એવું આપણને દેખાય છે. જે પ્રકારની આપણી સત્-તા હોય છે તદનુસાર આપણે કર્મ કરીએ છીએ, અને આપણા કર્મ વડે આપણે વિકાસ પામીએ છીએ, આપણી સત્-તામાં જે હોય છે તેનો આવિર્ભાવ કરીએ છીએ. પ્રકૃતિ પોતે કર્મ છે, ફેરફાર છે, આવિર્ભાવ છે, અને એ બધી વસ્તુઓને કાર્યમાં સફળ કરનારી શક્તિ છે. પરંતુ જેમાંથી એ શક્તિ પ્રગટ થાય છે તે સચેતન કેન્દ્ર પુરુષ છે. પુરુષના જ્યોતિર્મય ચેતન સત્ત્વમાંથી જ પ્રકૃતિ પોતાના વિકારી સંકલ્પને પ્રાપ્ત કરે છે

અને તેના વિકારોને પોતાનાં કર્મોમાં વ્યકત કરે છે. આ પુરુષ, આ આત્મા એક અને અનેક છે. એક પ્રાણમય સત્‌માંથી જીવનનાં સર્વે સ્વરૂપો પ્રગટે છે, તથા આ બધી જીવંત સૃષ્ટિ તે પ્રાણમય સત્‌ પોતે જ છે. એક વિશ્વવ્યાપી, વૈશ્વિક સત્‌-તા છે અને તે જ આ 'સર્વે ભૂતાનિ' છે. કારણ કે એ બધાં ભૂતો એક છે, — સર્વમાં એક જ આત્મા રહેલો છે. અનેક રૂપે પ્રગટ થયેલા આ પુરુષો અસલમાં એક જ છે, — એકમાત્ર પુરુષ છે. પરંતુ પ્રકૃતિમાં કાર્ય કરી રહેલી અહંભાવનાની યાંત્રિક યોજના, જે પ્રકૃતિના કાર્યનો જ એક ભાગ છે, તે અમુક મર્યાદિત દિશા અને કાળના ક્ષેત્રમાં પ્રકૃતિની સક્રિય ચેતનાના સરવાળા જોડે, તથા પ્રકૃતિનાં ભૂતકાળનાં કર્મોનાં ક્ષણેક્ષણે આવતાં પરિણામોના સરવાળા જોડે પોતાની એકતા કરવાને તેની આત્મ-ચેતનાને લલચાવે છે. પ્રકૃતિ પોતાની અંદર પણ સર્વ સત્‌-તાઓની આ એકતાનો એક પ્રકારનો સાક્ષાત્કાર કરવો શકય છે, અને વિશ્વ-પ્રકૃતિના સમગ્ર કાર્યમાં વ્યકત થઈ રહેલ વિશ્વાત્મા વિષે સચેતન બનવું એ પણ શકય છે. પ્રકૃતિ આત્માને વ્યકત કરે છે અને આત્મા પ્રકૃતિનું સત્ત્વ પોતામાંથી આપે છે, — પ્રકૃતિ આત્મામાં સમાયેલી છે. પરંતુ એનો અર્થ તો એટલો જ થાય છે કે આ મહાન વિશ્વની મિથ્યા કે અવાસ્તવિક નથી એવી અભિવ્યકિત વિષે આપણે સચેતન થઈ શકીએ છીએ. પરંતુ એકલા વિશ્વાત્માના આવિર્ભાવનું જ્ઞાન કાંઈ આપણા આત્માનું સાચું અને છેવટનું જ્ઞાન નથી. આપણો આત્મા આ વિશ્વાત્માના આવિર્ભાવથી પણ કાંઈક વધારે વસ્તુ છે, તથા વિશ્વચેતનાથી પર છે.

એનું કારણ એ છે કે પ્રકૃતિમાં વ્યકત થયેલા અને એનાં કર્મમાં બંધાયેલા એવા આત્માથી પર પુરુષની એક બીજી સ્થિતિ છે, જે કેવળ એક અવસ્થા છે, પરંતુ પરિણામ નથી. એ સ્થિતિ તે નીરવ, અક્ષર, સર્વવ્યાપી, સ્વયંભૂ, ગતિશૂન્ય આત્માની સ્થિતિ, જેને सर्वगतं अचलम् કહેવામાં આવે છે તે છે. એ સ્થિતિ અવિકારી સત્‌-તાની સ્થિતિ છે, — આવિર્ભાવની યાને અભિવ્યકિતની નથી. ગીતા એને અક્ષર કહે છે. પોતાની ક્ષર અવસ્થામાં આત્મા પ્રકૃતિનાં કર્મોમાં આસકત હોય છે, બદ્ધ હોય છે. તેથી તે કાલની પ્રતિક્ષણમાં અને અભિવ્યકિતની ઊર્મિમાં —ખરેખર નહિ પણ — જાણે કે એકાગ્ર થઈ જાય છે, અને પોતાની જાતને ભૂલી જાય છે. અલબત્ત, એવું આત્મ-વિસ્મરણ દેખાવનું અને પ્રકૃતિના પ્રવાહનું અનુસરણ, કરવાને પરિણામે થાય છે. પરંતુ અક્ષર સ્થિતિમાં પ્રકૃતિ નીરવતામાં જઈ પડે છે, પ્રકૃતિ પુરુષમાં લીન થઈને આરામ લે છે; એટલે પ્રકૃતિ પોતાની અક્ષર સત્‌-તા વિષે સચેતન થાય છે. ક્ષર પુરુષ સાંખ્યનો તે પુરુષ છે જે પ્રકૃતિના ગુણોનાં વિવિધ કાર્યોને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે, તે પોતાની જાતને સગુણ તરીકે જાણે છે અને અનુભવે છે, અને વ્યકિત તરીકે જીવે છે. પ્રકૃતિના ગુણોનું કાર્ય જ્યારે સમતુલામાં જઈ પડે ત્યારે પુરુષની જે અવસ્થા થાય તે અક્ષર. અક્ષર

પોતાને નિર્ગુણ તરીકે જાણે છે, વ્યક્તિતાથી સ્વતંત્ર એવો પોતાને જુએ છે. ક્ષર પોતાની જાતનું પ્રકૃતિ સાથે એકય કરતો હોવાથી તે કર્મનો કર્તા છે એમ દેખાય છે, જ્યારે અક્ષર સર્વ કર્મોથી અને ગુણોનાં કાર્યથી પોતાની જાતને વિખૂટી કરી નાખે છે તેથી અકર્મવાન અને અકર્તા, સાક્ષી રહે છે. માનવનો આત્મા જ્યારે ક્ષરની સ્થિતિમાં ઊભો રહે છે, ક્ષર સાથે એકય કરે છે ત્યારે વ્યક્તિતાની સીમા સાથે પોતાની તદ્રૂપતા અનુભવે છે. અને પ્રકૃતિના સર્જેલા અહંભાવ સાથે પોતે એક છે એવી ભ્રાંતિ સેવે છે. એટલે એ પોતે 'कर्ताऽहम्' એમ માને છે. જ્યારે તે અક્ષરની સ્થિતિમાં આવે છે ત્યારે તે વ્યક્તિતાથી મુકત હોઈ પ્રકૃતિ કર્તા છે અને પોતે અકર્તા સાક્ષી છે—अकर्तारम् છે એમ તે જાણે છે. માનવના મનને આ બેમાંથી કોઈ એક સ્થિતિમાં રહેવાનું હોય છે અને એ બે સ્થિતિઓ તે એક પછી એક ધારણ કરે છે. ગુણમાં અને વ્યક્તિતામાં થતા વિકારોને લઈને પ્રકૃતિ તેને કર્મનાં બંધનમાં નાખે છે, અથવા તો, તે અક્ષરની નિર્વૈયકિતકતામાં રહીને પ્રકૃતિનાં કર્મોથી મુકત રહે છે.

પરંતુ એ બે ક્ષર અને અક્ષર પુરુષની સ્થિતિ, — આત્માની અક્ષરતા અને પ્રકૃતિની અંદર આત્માનું કાર્ય અને એનું ક્ષરપણું બન્ને એકીવખતે અસ્તિત્વમાં હોય છે. એ પરિસ્થિતિ માયાવાદ જેવી કોઈ મીમાંસા વડે, યા તો, સત્-તા પોતે જ બે પડવાળી અને વિભકત છે એવા કોઈ વાદ વડે જ સમજાવી શકાય તેવી છે. એવી કોઈ સમજૂતી વગર તે કદી સંવાદી ન બની શકે એવી એક વિસંવાદી વિચિત્રતા જ ગણાય. પરંતુ આ બે સ્થિતિઓ ખરું જોતાં આત્માની એક સર્વોત્કૃષ્ટ યાને પરમ વાસ્તવિકતા રહેલી છે તેનાં બે પરસ્પર વિરોધી દેખાતાં પાસાંઓ છે, પરંતુ તે પરમ વાસ્તવિકતા પોતે એ બેમાંની કોઈ એકથી મર્યાદિત નથી. ગીતા કહે છે કે એ બન્નેથી ઊર્ધ્વ એવી આત્માની સ્થિતિ તે પુરુષોત્તમની છે. એ પરમ આત્મા તે ઈશ્વર છે, સર્વભૂત મહેશ્વર છે. એ પરમ પુરુષ પોતાની સક્રિય દિવ્ય પ્રકૃતિને ધારણ કરે છે, તે પોતે જીવરૂપે આવિર્ભાવ પામે છે, અને પ્રત્યેક જીવની અંદર તેના પોતાના સ્વ-ભાવ પ્રમાણે તે કાર્ય કરે છે. અને એનામાં જે દિવ્ય સત્-તા હોય છે તેના સ્વયંભૂ નિયમ પ્રમાણે એ સ્વ-ભાવ પ્રગટ થાય છે. પ્રત્યેક જીવને એ દિવ્ય શકિતની મહાન રેખાનું, દિવ્ય પ્રકૃતિના મહાન દિવ્ય સ્રોતનું અનુસરણ કરવાનું હોય છે; પરંતુ એ જ દિવ્ય સ્વ-ભાવ અવિદ્યા પ્રકૃતિમાં ત્રણ ગુણોના પરસ્પર કાર્યના રૂપમાં, ભ્રાંતિજનક, ભુલભુલામણી જેવા કાર્યમાં પણ એ જ વિકાસ પામે છે — गुणाः गुणेषु वर्तन्ते । ઈશ્વરની આ માયા ત્રિગુણમયી છે, અને માનવને માટે એ दुरत्यया — 'પાર કરવી મુશ્કેલ' છે. પરંતુ ત્રણ ગુણોની પેલે પાર જવાથી એ માયાને પાર કરી શકાય છે. કારણ કે આ બધાં અવિદ્યામયી માયાનાં કાર્યો ઈશ્વર પોતાની ક્ષરમાં રહેલી પ્રકૃતિ વડે, — એની

પોતાની શક્તિ વડે, કરતો હોય છે તે જ સમયે, તે અક્ષર રૂપે એ સઘળાથી અસ્પૃષ્ટ રહે છે, ઉદાસીન પણ હોય છે. તે સર્વને સમતાપૂર્વક જોતો હોઈ સર્વમાં પોતે વ્યાપેલો રહે છે એ છતાં, સર્વથી તે પોતે પર હોય છે. આ ત્રણે સ્થિતિમાં તે પોતે તો પરમ ઈશ્વર જ હોય છે, — અને તે સર્વથી પર છે. અક્ષરમાં તે પોતે જ 'પ્રભુ' અને 'વિભુ' — એટલે કે વ્યક્તિતાથી મુક્ત અધિષ્ઠાતાપણું, તથા સર્વવ્યાપી નિર્વૈયક્તિકતા — બન્ને હોય છે. ક્ષરમાં પણ તે પરમ પુરુષ પોતે અંતરમાં વ્યાપીને રહેલ સંકલ્પ અને પ્રભુની સક્રિય સન્નિધિ રૂપ હોય છે. પોતાના ક્ષર સ્વરૂપમાં વ્યક્તિતાની લીલા તે કરતો હોય છે ત્યારે પણ પોતાના અક્ષર સ્વરૂપની સર્વવ્યાપકતામાં તે પોતે મુક્ત જ હોય છે. અર્થાત્, તે કેવળ વ્યક્તિત્વયુક્ત કે અવ્યક્તિતાવાળો નથી હોતો, પરંતુ એ બન્ને સ્વરૂપમાં પ્રગટ થનાર પરમ એક તે હોય છે. એ ઉપનિષદનો નિર્ગુણો ગુણી છે,— નિર્વ્યક્તિતાવાળી વ્યક્તિ છે. આ બન્ને સ્વરૂપોથી પર જે પુરુષોત્તમ છે તેણે અહીં પાર્થિવ લોકમાં ઘટના બની આવે છે તે પૂર્વે જ સઘળું સંકલ્પેલું હોય છે. ધૃતરાષ્ટ્રના પુત્રો વિષે શ્રીકૃષ્ણ એવું જ વિધાન કરે છે : मया निहता पूर्वमेव—'મેં એમને પહેલેથી જ મારેલા છે.' અને પ્રકૃતિ જે કાર્ય સાધી આપે છે તે એના સંકલ્પનું જ પરિણામ હોય છે; અને છતાં, પોતે વ્યક્તિત્વથી મુક્ત હોવાને લીધે પોતાનાં કર્મોથી તે બંધાતો નથી — कर्तारं अकर्तारम् રહે છે.

પરંતુ વ્યક્તિ તરીકે અજ્ઞાનતાને લઈને માનવ પોતાનાં કર્મ સાથે અને આવિર્ભાવ સાથે એકતા કરે છે, અને એને એમ લાગે છે કે જાણે એનો સમસ્ત આત્મા કર્મ અને અભિવ્યક્તિ રૂપ જ છે, અર્થાત્, પોતાનાં કર્મ અને આવિર્ભાવ આત્માની કળાઓ છે, આત્મામાંથી પ્રગટતી શક્તિ છે એમ તે જોઈ શકતો નથી, તથા પોતાની અહંબુદ્ધિ વડે તે મોહ પામે છે. માનવ એમ માને છે કે પોતે અને બીજા લોકો સઘળું કાર્ય કરી રહેલા છે, પ્રકૃતિ સઘળું કરે છે એ સત્ય તે જોઈ જ શકતો નથી. તથા પોતાની આસક્તિ અને અજ્ઞાનને લઈને પ્રકૃતિનાં કર્મો વિષે પોતે ગેરસમજૂતી સેવે છે અને પોતાના અંતરમાં વિકૃતિ પેદા કરે છે. માનવ ગુણોનો ગુલામ હોય છે, — ઘડીકમાં તે તમોગુણની અંધકારમય સ્થિતિમાં અટવાય છે, કોઈ વાર રજોગુણના પ્રબળ વાયુથી આમતેમ ફેંકાય છે, ઘડીમાં સત્ત્વના મર્યાદિત પ્રકાશમાં પુરાયેલો હોય છે. તે પોતે પ્રકૃતિના મનથી જુદો છે એમ જરા યે અનુભવી શકતો નથી. સઘળા વિકારો એ મનમાં જ થતા હોય છે. પરિણામે સુખ અને દુઃખની લાગણીથી એ દોરાય છે, પરવશ બને છે. સુખ અને દુઃખથી, કામના અને આવેશથી, આસક્તિ અને તિરસ્કારથી, રાગ અને દ્વેષથી તે પરવશ બને છે : એ મુક્ત હોતો જ નથી.

મુક્ત થવું હોય તો માનવે પ્રકૃતિનાં કર્મોમાંથી અક્ષરની સ્થિતિમાં પાછા

જવું જોઈએ; તો એ ત્રિગુણાતીત એટલે ગુણોથી પર, તેમનાથી મુકત રહી શકે. પોતાની જાતને અક્ષર-બ્રહ્મ તરીકે જાણવાથી માનવ પોતાના આત્માને અવ્યય અને વ્યકિતત્વથી સ્વતંત્ર આત્મા તરીકે જોઈ શકશે, પ્રકૃતિનાં કાર્યને તે પ્રશાંત રહીને જોઈ શકશે તથા તટસ્થપણે તેનાં કર્મને ટેકો આપતો રહેશે. પરંતુ પોતે તો સ્થિર, ઉદાસીન, અસ્પૃષ્ટ, ગતિશૂન્ય, શુદ્ધ, સર્વભૂતોના આત્મા સાથે એક છે એમ અનુભવે છે, પરંતુ પ્રકૃતિ સાથે અને તેનાં કાર્યો સાથે તે એકતા કરતો નથી. આ અક્ષર પુરુષ પોતાની સન્નિધિ વડે પ્રકૃતિનાં કાર્યોને સપ્રમાણ બનાવે છે, અને સર્વવ્યાપી સત્-તા તરીકે પોતે તેમને ટેકો અને અનુમતિ આપે છે. અર્થાત્ એ પોતે પ્રભુ અને વિભુ છે તે છતાં પોતે કોઈ કર્મ સર્જતો નથી, યા તો કર્તાભાવને જન્મ આપતો નથી, અથવા તો કર્મનો તેમનાં ફળ જોડે સંયોગ કરતો નથી. **ન કર્તૃત્વં ન કર્માણિ ન સૃજતિ કર્મફલસંયોગમ્** । પરંતુ પોતાના ક્ષર સ્વરૂપની અંદર એ અક્ષર પુરુષ પ્રકૃતિને કાર્યો કરતી જુએ છે— **સ્વભાવસ્તુ પ્રવર્તતે** । વળી, એ અક્ષર પુરુષ કોઈ પ્રાણીનાં પાપ કે સુકૃતને પોતાનાં તરીકે સ્વીકારતો નથી — **નાદત્તે કસ્યચિત્ પાપમ્—ન ચૈવ સુકૃતમ્** । એ તો પોતાની આધ્યાત્મિક વિશુદ્ધિ જાળવી રાખે છે. અજ્ઞાનથી ભ્રમિત થયેલ અહં પોતે એ વસ્તુઓ પોતાના પર અધ્યારોપિત કરે છે, કારણ કે કર્તાપણાની જવાબદારી તે પોતાના ઉપર લે છે અને પોતે કર્તા પેઠે વર્તવું પસંદ કરે છે — એટલે કે પોતાનાથી કોઈ મહત્તર શકિતનું પોતે કરણ માત્ર છે એ ભાવથી કર્મ કરવાને બદલે પોતે કર્તા પેઠે વર્તવાનું પસંદ કરે છે. **અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ** । અક્ષરબ્રહ્મની અવસ્થામાં જવાથી માનવનો આત્મા વધારે ઉચ્ચ પ્રકારના આત્મજ્ઞાનની અવસ્થામાં પ્રવેશ કરે છે, અને પ્રકૃતિનાં કર્મોનાં બંધનથી તે મુકત થાય છે, પ્રકૃતિના ગુણોથી તે અસ્પર્શ્ય રહે છે, એનાં પાપ અને પુણ્યના, શુભ અને અશુભના, સુખ અને દુઃખના બાહ્ય સ્વરૂપોથી મુકત રહે છે. એવા માણસની સ્વાભાવિક સત્-તા, એનો પ્રાકૃતિક આધાર, ચાલુ રહે છે. એટલે કે મન, પ્રાણ અને શરીર વગેરે રહે છે અને એ કરણોમાં પ્રકૃતિ કાર્ય કરતી હોય છે. પરંતુ એની અંતરની સત્-તા એ કરણો સાથે એકતા કરતી નથી. તેમ, પ્રકૃતિનાં કરણોમાં ગુણોની લીલા ચાલતી હોય છે તેથી તે આનંદ કે ખેદ પામતો નથી. એ પોતે તો સ્થિર, મુકત એવો અક્ષર પુરુષ, સર્વનો દ્રષ્ટા હોય છે.

ઉપર જણાવી તે ભૂમિકા શું છેવટની દશા છે? આધ્યાત્મિક જીવનની સર્વથી ઉત્કૃષ્ટ શકયતા છે? ઊંચામાં ઊંચું રહસ્ય છે? ના. એમ હોવું શકય નથી. કારણ કે એ ભૂમિકામાં પણ દ્વૈત અને મિશ્રણ રહે છે. એ ભૂમિકા સમન્વયવાળી, સંપૂર્ણપણે સંવાદી હોતી નથી. એવું જીવન બે પાસાંઓવાળું હોય છે: એટલે કે એમાં આત્મા મુકત હોય છે જ્યારે પ્રકૃતિમાં બંધન અને અપૂર્ણતા ચાલુ રહે છે. એવી સ્થિતિ એક અંતર દશા જ હોઈ શકે. તો પછી, એનાથી પર શી વસ્તુ

રહેલી છે એ પ્રશ્ન થાય છે. એનો એક ઉકેલ કર્મના ત્યાગી સંન્યાસીનો છે, જેમાં થઈ શકે તેટલે સુધી પ્રકૃતિનો અને કર્મોનો ત્યાગ કરવાનો હોય છે જેથી કરીને નિર્ભેળ અને અવિભક્ત મુક્તિનો અનુભવ પ્રાપ્ત થાય. ગીતા એ ઉકેલ શક્ય છે એમ સ્વીકારે છે ખરી, પરંતુ તેને પોતે પસંદ કરતી નથી. ગીતા પણ કર્મનો ત્યાગ કરવાનું કહે છે.— सर्वकर्माणि संन्यस्य । પરંતુ એ ત્યાગ અંતરનો છે, એમાં કર્મનો બ્રહ્મમાં સંન્યાસ કરવાનો હોય છે. ક્ષર ભૂમિકામાં બ્રહ્મ પ્રકૃતિનાં કાર્યોને ટેકો આપે છે; અક્ષરમાં પ્રકૃતિને ટેકો આપતો છતાં બ્રહ્મ પોતાની જાતને કર્મમાંથી તટસ્થ કરે છે અને પોતાની મુક્તિ જાળવે છે. અક્ષર-બ્રહ્મની સાથે જે વ્યક્તિના આત્માએ એકતા કરી છે તે માણસ પણ મુક્ત, અનાસક્ત અને તટસ્થ જ રહે છે; અને છતાં ક્ષરમાં કાર્ય કરી રહેલા બ્રહ્મ સાથે પણ તે એકતામાં રહે છે. એ પણ ક્ષરનાં કર્મને ટેકો આપે છે, પરંતુ પોતે અનાસક્ત રહે છે. જ્યારે ક્ષર અને અક્ષર એ બન્નેને એક પરમ પુરુષોત્તમની બે બાજુઓ તરીકે જોઈ શકે છે ત્યારે ઉપર જણાવેલું કાર્ય તે સારામાં સારી રીતે કરી શકે છે. અખિલ સત્-તામાં ગુપ્ત પ્રભુ તરીકે રહેલો પુરુષોત્તમ પ્રકૃતિનું શાસન કરે છે, અને એના સંકલ્પના બળથી, અહંભાવની વિકૃતિ કે વિરૂપતા વિના જ, પ્રકૃતિ સ્વભાવનો આશ્રય લઈને પોતાનાં કર્મો કરે છે. વ્યક્તિત્વને પ્રાપ્ત થયેલો એવો આત્મા દિવ્યતાને પ્રાપ્ત થયેલી પોતાની પ્રકૃતિનાં કરણોને પ્રભુના દિવ્ય સંકલ્પ પાર પાડવાનું કરણ બનાવે છે. — निमित्तमात्रम् એવો માણસ કર્મ કરતો છતાં ત્રિગુણાતીત રહે છે. ગુણોથી પેલે પાર, ગુણોથી વિમુક્ત, निस्त्रैगुण्य થવા માટે આરંભમાં જે આજ્ઞા ગીતાએ અર્જુનને કરી હતી તે આખરે પૂરી પાડી શકે છે. निस्त्रैगुण्यो भवार्जुन । અને છતાં બ્રહ્મ પોતે જેમ સર્વ ગુણોનો ભોક્તા છે તેમ એવો મુક્ત સાધક પણ ગુણોનો ભોક્તા હોવા છતાં તેમનાથી બંધાતો નથી — निर्गुणं गुणभोक्तृ च; તે અનાસક્ત છતાં બ્રહ્મની જ પેઠે સર્વનો ભર્તા હોય છે — असक्त सर्वभृत् । પરંતુ એના અંતરમાં થતું ગુણોનું કાર્ય તદ્દન બદલાઈ ગયેલું હોય છે. અહંભાવમાંથી અને તેનાં પ્રતિક્રર્યોથી તે ઊર્ધ્વમાં આરોહણ કરે છે, કારણ કે એની સમગ્ર સત્-તા પુરુષોત્તમ સાથે એકતાને પામેલી હોય છે, તે દિવ્ય થયેલી હોય છે, અને તેણે દિવ્ય પ્રકૃતિ પણ ધારણ કરેલી હોય છે— मद्भाव । એવા માણસનું મન અને એની પ્રાકૃતિક ચેતના પણ પ્રભુમય થઈ ગયેલાં હોય છે — मन्मना, मच्चित्त: થયેલાં હોય છે. આ રૂપાંતર પ્રકૃતિનું આખરી રૂપાંતર હોય છે અને તે દિવ્ય જન્મનું સાર્થક છે — रहस्यं उत्तमम् છે. જ્યારે એ રૂપાંતર સિદ્ધ થાય છે ત્યારે આત્મા પોતાને પ્રકૃતિના સ્વામી તરીકે જાણે છે અને પોતે પ્રભુની દિવ્ય જ્યોતિની એક જ્યોત, પ્રભુના દિવ્ય સંકલ્પનો જ એક સંકલ્પ બની રહે છે અને ત્યારે પોતાની પ્રકૃતિનાં કર્મોને તે દિવ્ય કર્મમાં પરિણત કરી શકે છે

પ્રકરણ ત્રેવીસમું

નિર્વાણ અને જગતમાં કાર્યો

આપણી સમગ્ર સત્-તાની શક્તિઓ દ્વારા પુરુષોત્તમ સાથે આત્માની એકતા સાધવી, તેની સાથે મિલન કે યોગ કરવો જોઈએ એવો ગીતાનો સંપૂર્ણ ઉપદેશ છે. એટલે કે જ્ઞાનયોગનો જે વધારે સંકુચિત માર્ગ કેવળ અક્ષર-બ્રહ્મ જોડે અદ્વૈત કરે છે એટલેથી ગીતા અટકતી નથી. એનાથી આગળ જઈને પુરુષોત્તમ સાથે એકતા સાધવી એવો ગીતાનો ઉપદેશ છે. આ પ્રમાણે હોવાથી જ્ઞાન અને કર્મનો સમન્વય કર્યા પછી ગીતા પ્રેમ અને ભક્તિનો માર્ગ લે છે અને તેને વિકસાવે છે તથા તેને જ્ઞાન અને કર્મ બન્ને સાથે એક કરે છે. અને એ રીતે એક પરમ રહસ્યના ઉત્તમોત્તમ શિખર તરીકે તેને સ્થાપન કરે છે. કારણ કે જો ગીતાના મત પ્રમાણે અક્ષર-બ્રહ્મ સાથેની એકતા એ જ એકમાત્ર કે ઉત્તમોત્તમ રહસ્ય હોત તો એ પ્રમાણે ભક્તિ, તથા કર્મ અને જ્ઞાનનો સમન્વય શક્ય જ ન થાત. કારણ કે એ માર્ગે તો એક ચોક્કસ આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત થયા પછી પ્રેમ અને ભક્તિનો આંતરિક પાયો અને સાથેસાથે કર્મમાર્ગનો પાયો પણ લૂલો થઈને જમીનદોસ્ત થયા વિના રહે જ નહીં. કેવળ અક્ષર-બ્રહ્મ સાથે સંપૂર્ણ અને અનન્ય ભાવે એક રૂપ થવું એટલે ક્ષર-બ્રહ્મના સમગ્ર દૃષ્ટિબિંદુનો ત્યાગ, અને તે પણ એની સામાન્ય અને નિમ્ન ભૂમિકા ઉપર જ નહિ, પરંતુ ક્ષર જીવનનું બીજ પણ નષ્ટ થઈ જાય, ત્યાં સુધીનો ત્યાગ એમ સમજવાનું છે. અર્થાત્, જેને લઈને માનવજીવન શક્ય બને છે તે સઘળાં અજ્ઞાનનાં કર્મોમાં જ નહિ, પરંતુ જ્ઞાનનાં કર્મોવાળા જીવનને પણ તે ધરમૂળથી અશક્ય બનાવી દે છે. વળી એનો અર્થ તો એ થાય કે ચેતનાની સ્થિતિ તથા કર્મ કરવાં એ બેનો વચ્ચે માનવ-આત્મા અને ઈશ્વર એ બેની વચ્ચે જે ભેદને લઈને ક્ષરની લીલા શક્ય બને છે તેનો સમૂળો ત્યાગ થવો આવશ્યક છે. કારણ કે એ દૃષ્ટિબિંદુથી જોતાં, ક્ષરનું કાર્ય કેવળ અને સંપૂર્ણપણે અજ્ઞાનની જ લીલા બની રહે છે અને એમાં દિવ્ય વાસ્તવિકતાનાં મૂળ કે તેનો પાયો લેશ પણ રહેતો નથી. પરંતુ એને બદલે, પુરુષોત્તમની સાથે એકતાનો યોગ કરવો એટલે તેની સાથેની આપણી એકતાનો, આનંદનો અને જ્ઞાનનો આપણી સ્વયંભૂ સત્-તામાં અનુભવ કરવો તથા આપણી સક્રિય પ્રકૃતિમાં એક પ્રકારના ભેદનો અનુભવ કરવો. પ્રભુ પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્ભવતાં અને પૂર્ણતાને પ્રાપ્ત થયેલી એવી દિવ્ય પ્રકૃતિમાં પ્રગટ થતાં દિવ્ય કર્મોની લીલા રૂપે એવા યોગીની

સક્રિય પ્રકૃતિ ચાલુ રહે છે. કારણ કે પુરુષોત્તમના એ પ્રકારના સાક્ષાત્કારમાં પોતાના આત્મામાં પ્રભુનો સાક્ષાત્કાર જગતમાં પ્રભુનાં દર્શન સાથે સંવાદી બને છે. અને એને લઈને મુકત થયેલા માનવમાં કર્મ અને ભકિત બન્ને શકય બને છે, અને શકય બને છે એટલું જ નહિ, પરંતુ પૂર્ણતાને પ્રાપ્ત થયેલા એના આધારમાં તો એ બન્ને અનિવાર્ય થઈ પડે છે.

પરંતુ પુરુષોત્તમ સાથેની એ એકતા કરવાનો સીધો માર્ગ અક્ષર-બ્રહ્મના દૃઢ સાક્ષાત્કાર ઉપર આધાર રાખે છે. અને ગીતા એ અક્ષર-બ્રહ્મના સાક્ષાત્કાર ઉપર પહેલી જરૂર તરીકે ભાર મૂકે છે અને ત્યાર પછી જ કર્મ અને ભકિત બન્ને એમની સંપૂર્ણ આધ્યાત્મિક સાર્થકતા પ્રાપ્ત કરે છે એમ પણ તે જણાવે છે. આને લઈને જ ગીતાના બોધની અંતિમ દિશા સમજવામાં આપણી ભૂલ સંભવિત બને છે. કારણ કે જે શ્લોકોમાં ગીતા અક્ષર-બ્રહ્મના સાક્ષાત્કારના ઉપર પહેલી આવશ્યકતા તરીકે ભાર દે છે તેમને જ આપણે ધ્યાનમાં લઈશું, અને જે સમગ્ર વિચાર-મિનારની અંદર યોગ્ય સ્થાને તે આગ્રહ રહેલો છે તેના પ્રત્યે બેદરકાર બનીશું તો આપણે એવું અનુમાન સહેલાઈથી દોરી શકીશું કે ગીતા કર્મના અભાવવાળી લયની સ્થિતિને જ આખરી, ઉત્તમોત્તમ આધ્યાત્મિક અવસ્થા તરીકે ગણે છે, અને કર્મને તો આત્માની ઉન્નતિના પ્રાથમિક ઉપાય યાને પગથિયા તરીકે જ તે સ્વીકારે છે. આખરે તો ક્રિયાશૂન્ય અક્ષર-બ્રહ્મમાં નિર્વાણ પામવો એને જ ગીતા ઉત્તમ ગતિ ગણે છે. અક્ષર-બ્રહ્મના સાક્ષાત્કારનો આ આગ્રહ પાંચમા અધ્યાયના અંતમાં અને આખાય છઠ્ઠા અધ્યાયમાં સૌથી વધારે ભારપૂર્વકનો અને સૌથી વધારે વ્યાપક જણાય છે. ત્યાં આગળ આપણે જે યોગનું વર્ણન સાંભળીએ છીએ તે પ્રમાણે તો પહેલી નજરે એ યોગ કર્મનાં આચરણ સાથે સંવાદી હોય એમ લાગતું નથી અને ત્યાં યોગી જે આધ્યાત્મિક અવસ્થાને પ્રાપ્ત કરે છે તેનું વર્ણન કરતાં 'નિર્વાણ' શબ્દ ફરીફરીને વપરાયેલો નજરે પડે છે.

એ નિર્વાણની અવસ્થા પ્રાપ્ત થયાની નિશાની સ્થિર આત્મનિર્વાણની પરમ શાંતિ — शान्ति निर्वाणपरमाम् નો અનુભવ છે. અને એ નિર્વાણ તે બૌદ્ધ મતમાં સત્-માત્રનો આનંદદાયક ઇન્કાર કરવાને પરિણામે પ્રાપ્ત થતો નિર્વાણ નથી, પરંતુ જેમાં એક ખંડ સત્-તા પૂર્ણ સત્માં પોતાનો લય કરે છે એવો વેદાંતનો નિર્વાણ છે એ સ્પષ્ટ કરવા માટે ગીતા હમેશાં 'બ્રહ્મ-નિર્વાણ' શબ્દનો પ્રયોગ કરે છે. અને અહીં 'બ્રહ્મ' શબ્દનો અર્થ 'અક્ષર-બ્રહ્મ' છે એમ આપણને લાગે છે. એટલે કે આપણા અંતરમાં જે કાલાતીત સત્-તા (આત્મારૂપે) રહેલી છે, જે પ્રકૃતિમાં સક્રિય ભાગ લેતી નથી, પરંતુ તટસ્થ છે, છતાં જે પ્રકૃતિના બાહ્ય સ્વરૂપમાં સર્વત્ર વ્યાપક છે, તેનો ગીતા ઉલ્લેખ કરે છે. અહીં ગીતાના ઉપદેશની દિશા સમગ્રરૂપે કઈ છે તે આપણે જાણવું જોઈએ. અને ખાસ કરીને આપણે એ જાણવું જોઈએ

કે અહીં જે શાંતિનો ઉલ્લેખ છે તે નિષ્ક્રિયતાના નિર્વાણની શાંતિ છે કે કેમ ? તથા અક્ષરમાં જે નિર્વાણનો ઉલ્લેખ છે તે નિર્વાણનો અર્થ ક્ષરની ચેતના અને ક્ષરના જ્ઞાનને સંપૂર્ણપણે બાતલ કરવું અને ક્ષરમાં સર્વ કર્મોનો સર્વથા ત્યાગ કરવો એવો થાય છે કે કેમ એ આપણે વિચારવાનું છે. નિર્વાણ અને જગતમાં કોઈ પણ પ્રકારનું જીવન અને કર્મ એ બેને આપણે પરસ્પર વિરોધી ગણતા આવ્યા છીએ. અને આપણે એવી દલીલ પણ કરી શકીએ છીએ કે 'નિર્વાણ' શબ્દનો પ્રયોગ જ પૂરતો છે, કારણ કે એનાથી આ પ્રશ્નનો ઉકેલ આપોઆપ આવી જાય છે. પરંતુ જો આપણે બૌદ્ધ ધર્મ તરફ દૃષ્ટિ કરીશું તો બૌદ્ધ લોકોને પોતાને માટે પણ નિર્વાણ અને જીવન તથા કર્મ એટલાં બધાં પરસ્પર વિરોધી હતાં કે કેમ એ વિષે આપણને શંકા થશે. અને જો આપણે ગીતાને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈશું તો આપણને જણાશે કે વેદાંતનો ઊંચામાં ઊંચા બોધનો એ વિરોધ કાંઈ એક ભાગ નથી.

બ્રહ્મની અંદર જેની ચેતનાએ આરોહણ કર્યું છે એવા બ્રહ્મવિદની સંપૂર્ણ સમતાનો ઉલ્લેખ કરીને — **ब्रह्मविद् ब्रह्मणि स्थित:** — ત્યાર પછીના નવ શ્લોકોમાં 'બ્રહ્મયોગ' અને 'બ્રહ્મનિર્વાણ'ના પોતાના વિચારને વિસ્તારથી વિકસાવે છે. ગીતા કહે છે : 'જ્યારે બાહ્ય સ્પર્શો પ્રત્યે આત્માને આકર્ષણ રહેતું નથી, ત્યારે માણસને આત્માની અંદર રહેલું સુખ પ્રાપ્ત થાય છે, કારણ કે એનો આત્મા ત્યાર પછી બ્રહ્મ જોડે યુક્ત હોય છે.'[૧] અર્થાત્ ગીતા કહે છે કે કામના, ક્રોધ અને આવેગોના હુમલાથી બચવા માટે એવી અનાસક્તિ આવશ્યક છે, એવી મુક્તિ વિના સાચું સુખ કદી મળી શકતું જ નથી. એ સુખ અને એ સમતા માણસે મેળવવાનાં છે. એણે પોતાની સંપૂર્ણ મુક્તિ દેહનો ત્યાગ કર્યા પછી મળશે એવો વિચાર કરીને અધોમુખ પ્રકૃતિની ગુલામીનો જરા પણ અંશ પોતાનામાં રહેવા દેવાનો નથી. સંપૂર્ણ આધ્યાત્મિક મુક્તિ પ્રાપ્ત કરવાની છે, તે અહીં આ પૃથ્વી ઉપર અને માનવજીવનમાં જ પ્રાપ્ત કરવાની અને ભોગવવાની છે — प्राक् शरीरविमोक्षणात् — આગળ જતાં ગીતા કહે છે : 'જેનામાં એ અંતરનું સુખ છે, અંતરનો આરામ છે, તથા જેનામાં એ અંતરની જ્ઞાનજ્યોતિ છે એવો યોગી બ્રહ્મસ્વરૂપ થાય છે અને બ્રહ્મ-નિર્વાણને પ્રાપ્ત કરે છે.'[૨] અહીં નિર્વાણ એટલે ઊર્ધ્વમાં રહેલા આધ્યાત્મિક અંતરાત્માની અંદર અહંનો સમૂળો લય એમ સમજવાનું છે. એ આત્મા કાલથી અતીત, દિશાથી પર છે, કર્મ અને કારણની સાંકળથી

---

૧ बाह्यस्पर्शेष्वसक्तात्मा विंदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ।। (૫-૨૧)

૨ योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ।। (૫-૨૪)

મુકત છે, જગતમાં થતા વિકારોથી નિર્લેપ છે. તે સ્વયંભૂ-આનંદી, સ્વયં-જ્યોતિ, સનાતન શાંતિવાળો છે, પૂર્ણ છે. યોગીના 'અહં'નો નિર્વાણ થાય છે એટલે કે તે મન અને દેહથી મર્યાદિત એક ક્ષુદ્ર વ્યકિત તરીકે મટી જાય છે; એ બ્રહ્મરૂપ બને છે. શાશ્વત બ્રહ્મની અક્ષર દિવ્યતા જે એની પ્રાકૃતિક સત્-તામાં પણ વ્યાપેલી છે તેની સાથે એની ચેતના એકતાને પામે છે.

પરંતુ આ બ્રહ્મરૂપ બનવું, બ્રહ્મ-નિર્વાણને પ્રાપ્ત કરવો એનો અર્થ શું સમાધિની કોઈ ગાઢ નિદ્રામાં કે સુષુપ્તિમાં આ જગતની ચેતનાથી દૂરદૂર ચાલ્યા જવું એવો થાય છે ખરો? અથવા તો, એ સ્થિતિ કોઈ નિરપેક્ષ, પ્રકૃતિથી અને તેનાં કર્મોથી ઊર્ધ્વમાં રહેલા એવા આત્મામાં સદા અને સંપૂર્ણપણે લય કે મોક્ષ પામવા માટેની પ્રાથમિક તૈયારીની અવસ્થા છે એમ સમજવાનું છે ખરું? એ પ્રકારનો લય, પ્રકૃતિથી વિમુખ થવું એ શું નિર્વાણમાં પ્રવેશ કરવા માટે આવશ્યક છે ખરું? કે પછી ગીતાનો સંદર્ભ જોતાં, આપણને જે એમ લાગે છે કે નિર્વાણની અવસ્થા જગતની ચેતના સાથે એકીવખતે રહી શકે છે અને એની પોતાની રીતે, નિર્વાણ જગતની પોતાની અંદર સમાવી પણ શકે તેમ છે. એ સાચું છે? એ પ્રશ્નોનો ઉકેલ એ છે કે આ છેલ્લટનો ઉત્તર જ સાચો છે. કારણ કે ત્યાર પછીના શ્લોકમાં ગીતા કહે છે: 'જેમનાં પાપો ક્ષીણ થઈ ગયાં છે તથા જેમના સંશયોની ગ્રંથિ છિન્ન થયેલી છે, જેઓ પોતાની જાતના સ્વામી છે, તથા જેઓ સર્વભૂતહિતે રતાઃ—પ્રાણીમાત્રના હિતમાં રત છે, એવા ઋષિઓ બ્રહ્મમાં નિર્વાણને પ્રાપ્ત કરે છે,[૩] આ શ્લોકોનો ધ્વનિ તો એવો લાગે છે કે આ સ્થિતિ નિર્વાણમાં સ્થિર થવાની સ્થિતિનું વર્ણન છે. પરંતુ ત્યાર પછીનો જે શ્લોક આવે છે તે તો એકદમ સ્પષ્ટ અને નિર્ણયાત્મક છે. 'જે યતિલોકો અર્થાત્ યોગ અને તપસ્યા દ્વારા આત્મસંયમની સાધના કરનારા લોકો કામ અને ક્રોધથી મુકત થયા છે, જેમણે આત્મસંયમ પ્રાપ્ત કર્યો છે, તેમને માટે બ્રહ્મનિર્વાણ એમની ચારે તરફ આવી રહેલો હોય છે.'[૪] તેઓ તો નિર્વાણમાં જ જીવતા હોય છે કારણ કે એમને આત્માનું જ્ઞાન થયેલું હોય છે. એટલે કે આત્માનું જ્ઞાન અને તેની પ્રાપ્તિ હોવી એ જ નિર્વાણમાં જીવન ધારણ કરવું. આ પ્રમાણે જોતાં 'નિર્વાણ'નો ઘણા બહોળા અર્થમાં પ્રયોગ કરવામાં આવેલો છે એટલું તો સ્પષ્ટ છે. રાગ અને આવેગના સર્વ ડાઘમાંથી મુકિત, જેના ઉપર એ મુકિતનો આધાર છે એ સમત્વવાળા મનનો આત્મસંયમ,

---

૩ लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ।। (૫-૨૫)

૪ कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ।। (૫-૨૬)

સર્વભૂતેષુ સમતા, સર્વના પ્રત્યે શુભ સંકલ્પવાળો પ્રેમ, સર્વને એકતામાં સમાવનાર તત્ત્વનો અનુભવ, પ્રભુથી આપણને વિખૂટા રાખનાર અજ્ઞાનનાં બળો, શંકા અને તમોગુણનો વિનાશ, આપણી અંદર અને સર્વમાં રહેલ એક આત્માનું જ્ઞાન — આ બધી નિર્વાણની સ્પષ્ટ શરતો ગીતાએ આ શ્લોકમાં રજૂ કરી છે. એ જોતાં એ તત્ત્વોનો જ નિર્વાણ બનેલો છે, નિર્વાણનું આધ્યાત્મિક તત્ત્વ એ જ છે.

આ રીતે જગતની ચેતના સાથે અને જગતમાં કર્મના આચરણ સાથે નિર્વાણ અવિસંવાદી છે, — બંધબેસતો છે એ આપણે જોયું. કારણ કે જે ઋષિઓ નિર્વાણને પ્રાપ્ત કરે છે તેઓ આ ક્ષર વિશ્વમાં વ્યાપી રહેલા પ્રભુ વિષે સચેતન હોય છે તથા પોતાનાં કર્મો દ્વારા તેઓ એ વ્યાપક પ્રભુ જોડે નિકટના સંબંધમાં આવે છે. એ ઋષિઓ સર્વભૂતહિતે રતાઃ — પ્રાણીમાત્રનું હિત કરવામાં રત થયેલા હોય છે. તેઓ ક્ષર પુરુષના અનુભવનો ત્યાગ કરતા નથી, પરંતુ તેઓ ક્ષરની અનુભૂતિનું દિવ્યતામાં રૂપાંતર કરે છે. કારણ કે ગીતા આપણને કહે છે કે ક્ષર એ જ સર્વભૂત — સર્વાણિ મૂતાનિ છે; અને સર્વને માટે હિતનાં કાર્યો કરવાં એ પ્રકૃતિની ક્ષરતામાં દિવ્ય કાર્ય છે. જગતમાં કરેલું એ પ્રકારનું કર્મ બ્રહ્મની અંદર જીવન ધારણ કરવાની ક્રિયાથી કોઈ જુદું કાર્ય છે એવું નથી. ઊલટું, એ તો એની અનિવાર્ય શરત અને બાહ્ય પરિણામ માત્ર છે. કારણ કે જે બ્રહ્મમાં આપણને નિર્વાણ પ્રાપ્ત થાય છે, જે આધ્યાત્મિક ચેતનામાં ભેદ ઉત્પન્ન કરનારી અહં-ચેતના ખોઈ દઈએ છીએ એ બ્રહ્મ કાંઈ કેવળ આપણી અંદર જ છે એવું નથી, પરંતુ આ સર્વ ભૂતોની અંદર પણ તે જ આવી રહેલો છે. વળી, એ આધ્યાત્મિક ચેતના વિશ્વસમસ્તમાં બની રહેલી આ સર્વે ઘટનાઓથી ઊર્ધ્વમાં છે અને છૂટી છે એટલું જ નથી, પરંતુ તે જ એ સર્વેને પોતાનામાં ધારણ કરે છે, તથા પોતે પણ તેમની સાથે વિસ્તારને પામે છે. એટલે 'બ્રહ્મની અંદર નિર્વાણ'નો અર્થ તો દ્વૈતને, અસત્યને ઉત્પન્ન કરનાર અને ભેદભાવને ઉપજાવનાર ચેતનાનો તથા જેને આપણા જીવનની સપાટી ઉપર ત્રણ ગુણોની બનેલી અધોમુખ માયા અસ્તિત્વમાં લાવે છે તે મર્યાદિત ચેતનાનો વિનાશ કે વિલય કરવો એવો થાય છે. અને નિર્વાણમાં પ્રવેશ એટલે આ બ્રહ્મ સાથેના અદ્વૈતનો સાક્ષાત્કાર કરાવનારી સત્ય ચેતનામાં પ્રવેશ. એ સત્ય ચેતના, એ અદ્વૈત ચેતના, સમગ્ર જીવનનું કેન્દ્ર છે, તેને પોતાનામાં સમાવનાર વસ્તુ છે એટલું જ નહિ, પરંતુ એ અદ્વૈત ચેતના, એ બ્રહ્મ-ચેતના જ એને ધારણ કરનાર તથા ટેકો આપનાર, એનું મૌલિક, શાશ્વત અને અંતિમ સત્ય છે. જ્યારે આપણે નિર્વાણની સ્થિતિ પ્રાપ્ત કરીએ છીએ, તેનામાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે તે આપણી અંદર છે એમ આપણને જણાય છે એટલું જ નથી, પરંતુ આપણી ચારે તરફ—ઋમિ તો વર્તતે—રહેલો છે એમ આપણને લાગે છે. કારણ કે એ કેવળ આપણી અંદર જ રહેલી ગૂઢ બ્રહ્મની ચેતના નથી,

પરંતુ એ બ્રહ્મની અંદર આપણે જીવી રહ્યા છીએ. આપણા અંતરમાં આપણે આત્મા જ છીએ, એ જ આપણા વ્યક્તિત્વનું સાચું સ્વરૂપ છે, તેનું સત્ય છે. પરંતુ સાથેસાથે એ પણ સાચું છે કે આપણી બહાર જે કાંઈ છે તે પણ 'આત્મા' રૂપે આપણે જ છીએ, એ આત્મા જ વિશ્વસમસ્તનું પરમ સત્ય છે, ઉત્તમોત્તમ સ્વરૂપ છે, સર્વ ભૂતોનો આત્મા છે. એ આત્મામાં જીવન ધારણ કરવાથી આપણે કેવળ આપણા અહંતાવાળા સ્વરૂપમાં નહિ પરંતુ સર્વમાં, સર્વમય જીવન, ધારણ કરીએ છીએ. આપણામાં રહેલા આત્મા સાથે એકતા પ્રાપ્ત કરતાં વિશ્વસમસ્તમાં સર્વ સાથે દૃઢ એકતા કરવી એ આપણા જીવનનો જાણે સ્વભાવ જ બની જાય છે, આપણી સક્રિય ચેતનાની મૌલિક સ્થિતિ અને આપણાં સર્વે કર્મોનો એકમાત્ર ઉદ્દેશ બની રહે છે.

પરંતુ આ શ્લોકો પછીના બે શ્લોકો એવા આવે છે કે તે આપણને ઉપરના નિર્ણયથી જુદી જ દિશામાં નિર્દેશ કરતા જણાય છે. 'સઘળા બાહ્ય સ્પર્શોને દૂર કરી દઈને દૃષ્ટિને ભ્રૂની મધ્યમાં એકાગ્ર કરવી; તથા નાસિકામાં વહેતા પ્રાણ અને અપાન બન્નેને સમાન કરવા, ઈન્દ્રિયોનો, મનનો તથા ચિત્તનો સંયમ કરવો,— એ પ્રમાણે કરનાર મોક્ષપરાયણ મુનિ જેના અંતરમાંથી કામના, ક્રોધ અને ભય દૂર થઈ ગયાં છે તે સદા મુક્ત સમજવો.'[૫] અહીં આપણને જે યોગસાધનાના માર્ગનું ઇંગિત મળે છે તે કર્મયોગના કરતાં કોઈ જુદું જ તત્ત્વ લાવતો જણાય છે એટલું જ નહિ, પરંતુ એકમાર્ગી જ્ઞાનયોગ જેમાં વિવેક, વિચાર વગેરે આગળ પડતાં હોય છે તેના કરતાં પણ કોઈ જુદું જ તત્ત્વ એમાં જણાય છે. એનાં જે વિશિષ્ટ લક્ષણો છે તે જોતાં એ સ્થૂલ અને સૂક્ષ્મ બન્નેના પાયા ઉપર રચાયેલા રાજયોગનાં તત્ત્વો છે એમ લાગે છે. એમાં મનની સઘળી વૃત્તિઓનો સંયમ કરવાનું — **चित्तवृत्तिनिरोध** —આવે છે; એમાં પ્રાણાયામ એટલે શ્વાસની ક્રિયાનો સંયમ પણ છે. એમાં ઈન્દ્રિયોને અને દૃષ્ટિને અંતર્મુખ કરવાની ક્રિયા પણ છે. એ બધા ઉપાયો અંતરની સમાધિ પ્રત્યે સાધકને લઈ જાય છે અને એમનું અંતિમ ઉદ્દેશ્ય મોક્ષ છે. અને સામાન્ય ભાષામાં જ્યારે મોક્ષ શબ્દનો પ્રયોગ થાય છે ત્યારે એનો અર્થ ભેદભાવવાળી અહં-ચેતનાનો ત્યાગ કરવો એટલું જ નહિ, પરંતુ સમગ્ર સક્રિય ચેતનાને સમૂળી દૂર કરી દેવી, આપણી સમગ્ર સત્-તાને ઊંચામાં ઊંચી ભૂમિકામાં રહેલી બ્રહ્મચેતનામાં લય પમાડી દેવી. અહીં આપણે વિચારવાનો

---

૫ स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ।। (૫-૨૭)
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ।। (૫-૨૮)

છે તે આ પ્રશ્ન છે: આ શ્લોકો ઉપરથી શું આપણે એવું અનુમાન દોરવાનું છે કે આ ઉપાય આપણને રાજયોગના અર્થમાં, — એટલે લય — મુક્તિને અંતિમ ક્રિયા તરીકે, ગીતા આપે છે, કે પછી મનની બહિર્મુખ વૃત્તિના ઉપર વિજય મેળવવા માટે એક વિશિષ્ટ ઉપાય અને સમર્થ સહાય તરીકે ગીતા આ ઉપાયો સૂચવે છે? ગીતાનો આ શું આખરી ઉપદેશ છે? એનું ઉત્કૃષ્ટ બિંદુ છે? ઉત્તમ રહસ્ય છે? આપણને જણાશે કે ગીતા અહીં વિશિષ્ટ ઉપાય અને સહાય તરીકે સાધનાની એ પ્રક્રિયા રજૂ કરે છે એ અનુમાન વધારે સકારણ છે; અને માનવની સમગ્ર ચેતનાના કોઈ વિશ્વાતીત ચેતના પ્રત્યેના આખરી ઉત્થાનના એક દ્વાર તરીકે ગીતા એને ગણે છે. કારણ કે આ ભાગમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે ગીતાનો આ બોધ આખરી નથી જ. આ અધ્યાયને છેડે એ શ્લોકો પછી આવતા આ અધ્યાયના છેવટના શ્લોકમાં આખરી બોધ, ઉત્તમોત્તમ રહસ્ય આપણને જોવા મળે છે: 'સર્વ યજ્ઞ અને તપનો હું ભોક્તા છું, સર્વ વિશ્વનો હું ઈશ્વર છું, પ્રાણીમાત્રનો સખા છું, એ પ્રમાણે જ્યારે માનવને જ્ઞાન થાય છે ત્યારે તે પરમ શાંતિને પામે છે.'[૬] આપણે જોઈ શકીએ છીએ કે અહીં આ શ્લોકમાં ફરીથી કર્મયોગની પ્રણાલી પાછી દેખા દે છે; અહીં સક્રિય બ્રહ્મનું, એટલે કે વિશ્વના આત્માનું, જ્ઞાન પ્રાપ્ત કરવા ઉપર ભાર દેવાયો છે અને નિર્વાણની શાંતિ પ્રાપ્ત કરવાની શરતોમાંની એ જ્ઞાનપ્રાપ્તિ પણ એક શરત છે.

ગીતાના એક મહાન વિચારને, એના પુરુષોત્તમના તત્ત્વને આપણે ફરીથી જોઈએ. જોકે 'પુરુષોત્તમ' શબ્દ ગીતા છેક છેવટના ભાગમાં જ વાપરે છે, છતાં જ્યારે જ્યારે શ્રીકૃષ્ણ 'હું', 'મને' શબ્દોનો પ્રયોગ કરે છે ત્યારે ત્યારે તે પુરુષોત્તમનો જ નિર્દેશ કરે છે. એટલે કે કાલાતીત અક્ષરબ્રહ્મમાં જે પ્રભુ એક જ વ્યક્તિ તરીકે રહેલો છે, જે જગતમાં પણ વ્યાપીને રહેલો છે, સર્વ ભૂતોમાં છે, સર્વ ક્રિયાઓમાં છે, નીરવતા અને શાંતિનો જે સ્વામી છે અને સાથેસાથે જે શક્તિનો અને કર્મનો પ્રભુ છે એ પોતે જ અહીં આ મહાન યુદ્ધના દિવ્ય સારથિ તરીકે ઊભેલો છે. એ જ પરાત્પર છે, સર્વ છે, વિશ્વરૂપ છે, પ્રત્યેક વ્યક્તિનો પ્રભુ છે, સર્વ યજ્ઞોનો અને તપનો ભોક્તા એ જ છે. એથી કરીને, મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો માણસ પણ કર્મ કરશે તે યજ્ઞ તરીકે અને તપસ્યા તરીકે કરશે. એ પુરુષોત્તમ સર્વ જગતનો ઈશ છે, એ જ પ્રકૃતિમાં અને સર્વ પ્રાણીઓમાં વ્યક્ત થયો છે એથી કરીને મુક્ત થયેલો માનવ પણ લોકસંગ્રહને ખાતર, એટલે કે જગતમાં સુવ્યવસ્થા સ્થાપવાને કે ચાલુ રાખવાને ખાતર અને જગતના લોકોને

---

૬ भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ।। (૫-૨૯)

દોરવાને ખાતર કર્મ કરવાં ચાલુ રાખશે. એ પુરુષોત્તમ સર્વ ભૂતોનો સખા છે, એટલે જે મુનિએ પોતાના અંતરમાં અને બહિસ્તો, એટલે કે બહારે તરફ નિર્વાણ પ્રાપ્ત કર્યું હશે તે સર્વ ભૂતોના હિતમાં રત રહે છે; જેમ બૌદ્ધ ધર્મનો મહાયાન માર્ગ વિશ્વવ્યાપી દયાનાં કર્મોને પોતાના ઊંચામાં ઊંચા નિશાન તરીકે સ્વીકારે છે તે જ પ્રમાણે. એટલે કરીને જ્યારે માણસ પોતાના કાલાતીત અને અક્ષર-સ્વરૂપમાં પ્રભુ સાથે એકતાને પ્રાપ્ત કરે છે ત્યારે પણ પ્રકૃતિની લીલાના સંબંધોને પણ સ્વીકારતો હોવાથી માનવને માટે તે દિવ્ય પ્રેમની લાગણી અનુભવવાને શક્તિમાન હોય છે, તથા પ્રભુને માટે પ્રેમ, એટલે કે ભક્તિને માટે પણ તે અધિકારી રહે છે.

પાંચમા અધ્યાયના છેડાના શ્લોકોમાં રહેલા વિચારોનો પૂરેપૂરો વિકાસ કરી બતાવનાર અને એના પર સામાન્ય ટીકા રૂપે લખાયેલા એવા છઠ્ઠા અધ્યાયનો અર્થ જો આપણે બરાબર સમજીશું તો ગીતાના બોધની દિશા ઉપર જણાવી તે જ છે એ વાત ઘણી વધારે સ્પષ્ટ થઈ જાય છે. ગીતા એ વિચારોને કેટલી અગત્ય આપે છે તે પણ એ ઉપરથી જણાઈ આવે છે. એટલે છઠ્ઠા અધ્યાયનો સાર આપણે સંક્ષેપમાં જોવા પ્રયત્ન કરીએ. પ્રથમ તો ગુરુએ ઘણી વાર જેની પુનરાવૃત્તિ કરી છે એ વિચાર, એટલે સાચો સંન્યાસ શી વસ્તુ છે તે અહીં પાછું ફરીને સ્પષ્ટ કરવામાં આવે છે. આ વસ્તુ અહીંના સંદર્ભમાં ઘણી સૂચક છે. સંન્યાસ અંતરનો છે, બહારનો નથી. "કર્મનાં ફળનો આશ્રય લીધા વિના જે માણસ પોતાનું કર્તવ્યકર્મ — કાર્ય કરે છે તે સંન્યાસી છે, તે યોગી છે, — નહિ કે જે યજ્ઞનો અગ્નિ પ્રગટાવતો નથી, તથા કર્મ કરતો નથી. જેને લોકો 'સંન્યાસ' કહે છે તે ખરું જોતાં 'યોગ' છે એમ તું સમજ. કારણ કે જેણે પોતાના સંકલ્પનો અંતરથી સંન્યાસ કર્યો નથી તેવો કોઈ પણ માણસ યોગી થઈ શકતો નથી".૭ અર્થાત્, કર્મ કરવાં આવશ્યક છે; પરંતુ કયા હેતુથી, અને કયા અનુક્રમમાં કરવાં એ પ્રશ્ન છે. શરૂઆતમાં જે કર્મ કરવાનાં હોય છે તે યોગ રૂપી પર્વતના શિખરની ટોચ ઉપર ચડતાંચડતાં કરવાનાં હોય છે. કારણ કે એ પ્રસંગમાં કર્મ કારણ રૂપ હોય છે. શેના કારણ રૂપ? સિદ્ધિના કારણ રૂપ, મોક્ષના કારણ રૂપ, બ્રહ્મનિર્વાણના કારણ રૂપ. કારણ કે અંતરના સંન્યાસનો એકધારો અભ્યાસ કરવાની સાથેસાથે કર્મ કરતા રહેવાથી એ સિદ્ધિ, એ મોક્ષ, એટલે કે કામનામય મન, યોગાત્મા, અને અધોમુખ પ્રકૃતિ એ બધાના ઉપર ઘણો સહેલાઈથી વિજય મેળવી શકાય છે.

---

૭ अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ।। (૬-૧)
यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ।। (૬-૨)

પરંતુ જ્યારે સાધક એ શિખર પર પહોંચી જાય ત્યાર પછી? ત્યાર પછી, કર્મો કારણ રૂપ રહેતાં નથી. ત્યાર પછી આત્મા ઉપરનું પ્રભુત્વ અને આત્માની પ્રાપ્તિને પરિણામે મળતો 'શમ' એટલે શાંત સ્થિરતા તેનું કારણ બને છે. ફરીને આપણે પૂછીશું શેનું કારણ બને છે? આત્મામાં સ્થિર પ્રતિષ્ઠાનું, બ્રાહ્મચેતનામાં સ્થિરતાનું તથા સંપૂર્ણ સમતાનું. મુક્ત આત્માનાં દિવ્ય કર્મો એ સ્થિતિમાં થતાં હોય છે. 'કારણ કે જ્યારે ઇન્દ્રિયોના પદાર્થો કે કર્મ પ્રત્યે માણસ આસક્ત થતો નથી, તથા મનમાંથી જ્યારે એ કામનાઓનો સંન્યાસ કરે છે ત્યારે યોગના શિખર પર તે આરૂઢ થયો ગણાય.' આપણે જાણીએ છીએ કે મુક્તાત્મા એ જ ભાવપૂર્વક કર્મો કરતો હોય છે. એ જે કર્મ કરે છે તે કામના કે આસક્તિ રહિત કરતો હોય છે, અહંપ્રધાન વ્યક્તિસંકલ્પ વિના અને કામનાને જન્મ આપનારી મનમાં જે જરૂરની લાગણી હોય છે તેના સિવાય તે કર્મ કરતો હોય છે. એવા માણસે પોતાના અધોમુખ સ્વરૂપના ઉપર વિજય પ્રાપ્ત કર્યો હોય છે, અને સંપૂર્ણ શાંતિ અને શમમાં તે રહેતો હોય છે. એ શમની અવસ્થામાં એના પોતાના આત્માનું ઉચ્ચમાં ઉચ્ચ સ્વરૂપ પ્રગટ થાય છે, એનામાં આવિર્ભાવ પામે છે. એ આત્મા એના પોતાનામાં 'સમાહિત'—સમાધિમાં હોય છે. એટલે જ્યારે એની ચેતના તદ્દન અંતર્મુખ્તિવાળી, અંતર પ્રત્યે ખેંચાઈ ગયેલી, અંતરાભિમુખ, હોય છે ત્યારે જ કેવળ નહિ, પરંતુ સદા સર્વદા, મનની જાગ્રત અવસ્થામાં પણ કામનાના પદાર્થોની વચ્ચે, શાંતિનો ભંગ કરનારી વસ્તુઓ, સુખ-દુઃખ ઉત્પન્ન કરનાર કારણો હોવા છતાં, શીત, ઉષ્ણ તથા માન અને અપમાનનાં પ્રતિકાર્યો ઉત્પન્ન કરનાર પદાર્થોની હાજરી હોવા છતાં એની સમાધિનો ભંગ થતો નથી. આમ વધારે ઊર્ધ્વમાં રહેતો સર્વ દ્વંદ્વોથી પર જે આત્મા છે તે અક્ષર છે, કૂટસ્થ છે. એ અક્ષર પ્રકૃતિમાં થતા વિકારો અને ખળભળાટોથી પર રહે છે. અને જ્યારે યોગી પણ એવી પ્રકૃતિથી પર અવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે એને પણ કૂટસ્થ કહેવામાં આવે છે. એટલે કે જ્યારે પ્રકૃતિનાં સર્વે બાહ્ય સ્વરૂપોથી અને વિકારોથી યોગી પર રહે છે, જ્યારે તે આત્મજ્ઞાનથી સંતુષ્ટ હોય છે, જ્યારે તેનું મન સર્વે પદાર્થો પ્રત્યે, ઘટનાઓ પ્રત્યે, તથા વ્યક્તિઓ પ્રત્યે સમતાવાળું હોય છે ત્યારે તે અક્ષર-કૂટસ્થમાં સ્થિર થયો ગણાય.

આ યોગસાધના કરવી કાંઈ સહેલી નથી અને અર્જુન તરત જ એ બાબતનો ઉલ્લેખ પણ કરે છે. કારણ કે ચંચળ અને અશાંત એવું મન પોતાની પ્રાપ્ત કરેલી ઊંચાઈએથી બાહ્ય પદાર્થોનું આકર્ષણ થતાં હમેશાં નીચે ઘસડાઈ જવાનો સંભવ રહેલો છે, તથા શોક, રાગ અને અસમતાની પકડમાં જઈ પડવાનો પણ સંભવ છે. એટલા માટે, આપણને લાગે છે કે, ગીતા પોતાની જ્ઞાન અને કર્મની સામાન્ય સાધનપ્રણાલી ઉપરાંત રાજયોગના ધ્યાનનો અભ્યાસ વિશિષ્ટ પ્રકારના

અભ્યાસ તરીકે આપે છે. મનનો અને એની પ્રવૃત્તિઓનો સંયમ કરવા માટે એ માર્ગ એક સમર્થ સાધન છે. આ અભ્યાસની પ્રક્રિયામાં સાધકને આત્મા સાથે એકતા કરવાની આજ્ઞા આપવામાં આવી છે જેથી કરીને તે એની સામાન્ય ચેતના રૂપ બની રહે. 'એણે એકલા અને વિજનમાં — જુદું પોતાનું આસન લેવાનું છે. અને પોતાના મનમાંથી કામના અને રાગને સંપૂર્ણપણે દૂર કરી દેવાનાં છે, સમસ્ત પ્રકૃતિમાં અને ચેતનામાં એણે સંયત એટલે સંયમવાળા થઈ જવું જોઈએ. વળી, યોગીએ પવિત્ર સ્થળ પસંદ કરીને સ્થિર આસને બેસવું, અને તે આસન અતિ ઊંચું નહિ તેમ નીચું પણ નહિ એવું રાખીને મૃગચર્મ પાથરી તે ઉપર દર્ભનું પવિત્ર ઘાસ રાખવું. એ પ્રમાણે સ્થિર આસને બેસીને ઇન્દ્રિયોના અને મનના સર્વ વ્યાપારોને એકાગ્ર કરીને યોગીએ આત્માની વિશુદ્ધિને અર્થે આત્મા જોડે એકતા કરવી.' આસનમાં કરોડને સીધી રાખનારાં, રાજયોગને માટે ઉપયુક્ત આસનોમાંથી કોઈ પણ આસન યોગીએ પસંદ કરવું. ત્યાર પછી તેણે પોતાની દૃષ્ટિ બે આંખોની વચ્ચે ભમરમાં સ્થિર કરવી, દિશાઓને જોવી નહિ, મનને શાંત અને નિર્ભય રાખી બ્રહ્મચર્યવ્રત ધારણ કરવું. આ પ્રમાણે સંયમમાં આણેલી માનસિક શક્તિઓને પ્રભુ પ્રત્યે વાળવી જોઈએ જેથી કરીને મનની અધોગામી વૃત્તિઓ ઊર્ધ્વની પરમ શાંતિમાં લય પામી જાય. આ પ્રમાણે મનનો સંયમ કરીને આત્માનો યોગ કરનાર યોગી 'મારા ઉપર આધાર રાખનારી નિર્વાણની પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. शान्तिं निर्वाणपरमां मत्संस्थाम् ।

જ્યારે સમગ્ર માનસિક ચેતના પૂરેપૂરી સંયમિત થાય છે, કામનાઓથી મુક્ત બને છે, અને આત્મામાં પ્રશાંત રહે છે ત્યારે નિર્વાણની શાંતિ અનુભવાય છે. જ્યારે નિર્વાત એટલે વાયુની લહેર વગરના સ્થાનમાં જેમ દીવાની જ્યોત સીધી હાલ્યાચાલ્યા વગર સ્થિર રહે છે તેમ યોગીનું મન અશાંત કર્મમાંથી નિરત થઈ જાય છે. પોતાની બહિર્મુખ ગતિનો નિરોધ કરીને અંતરમાં એકાગ્ર રહે છે તથા મનની નીરવતા અને શાંતિને પરિણામે જ્યારે તેને અંતરમાં આત્માનાં દર્શન થાય છે ત્યારે એ નિર્વાણની શાંતિ એને પ્રાપ્ત થાય છે. અર્થાત્ એવા યોગીને આત્માનું દર્શન પોતાના મનમાં પડતી એની વિકૃત પ્રતિકૃતિ વડે નહિ, પરંતુ આત્મામાં જ આત્માનું દર્શન થાય છે. જ્યારે મનની ચેતનામાં એ આત્માનું પ્રતિબિંબ પડે છે ત્યારે તે એનું ખોટું અથવા તો ખંડિત, અપૂર્ણ અને આંશિક સ્વરૂપ જ આપણને દર્શાવે છે, અને અહંને આત્માના પ્રતિનિધિ તરીકે આપણી આગળ રજૂ કરે છે. એવું જ્યારે યોગીને થતું નથી, પરંતુ જ્યારે તે આત્માને આત્મા વડે, સ્વયંપ્રકાશ જુએ છે ત્યારે નિર્વાણની પરમ શાંતિ તેને મળે છે. ત્યાર પછી આત્મા સંતુષ્ટ થાય છે, અને પોતાનો સાચો નિરતિશય આનંદ તે અનુભવે છે. એ આનંદ એટલે મનમાં અને ઇન્દ્રિયોમાં જે 'સુખ'નો અનુભવ થાય છે

તેનાથી જુદો જ અનુભવ છે. એ આનંદ અંતરનો અને પ્રસન્ન ગંભીર હોઈ મનના ક્ષોભથી સલામત રહે છે અને પોતાની સત્-તાના આધ્યાત્મિક સત્યથી પતન પામવાનો ભય એને ત્યાર પછી રહેતો નથી. માનસિક શોકનો ગમે તેવો હુમલો પણ તેના એ આનંદમાં ક્ષતિ કરી શકતો નથી. કારણ કે માનસિક શોક આપણામાં બહારથી પ્રવેશ કરે છે, બાહ્ય સ્પર્શો પ્રત્યેના આપણા પ્રતિકાર્યમાંથી એ શોક ઉત્પન્ન થાય છે, પરંતુ આ આનંદ તો અંતરનું અને સ્વયંભૂ એક તત્ત્વ હોય છે. જે લોકો બાહ્ય સ્પર્શો પ્રત્યે અસ્થિર માનસિક કાર્ય-પ્રતિકાર્યની ગુલામીનો સ્વીકાર કરતા નથી તેમનો એ આનંદ છે. એ આનંદને લઈને દુ:ખ જોડેનો એનો સંબંધ છૂટી જાય છે — दु:ख संयोगवियोगम् — માનવના અજ્ઞાની મનનાં લગ્ન શોક સાથે થયાં હોય છે તેના છૂટાછેડા થાય છે, તેનો દુ:ખ જોડેનો સંયોગ છૂટે છે. એ સહજ અને અવિભાજ્ય આનંદની સ્થિતિને સ્થિરપણે પ્રાપ્ત કરવી એ જ યોગ છે, એનું જ નામ પ્રભુ જોડે યોગ. એ લાભ સૌથી મોટો લાભ છે, એ ખજાનો એવો છે જેની આગળ બાકીની બધી સંપત્તિ કિમત વગરની થઈ રહે છે. એટલા જ માટે યોગનો અભ્યાસ દૃઢ સંકલ્પપૂર્વક, નિરાશ થયા વગર, મુશ્કેલીઓથી ડગ્યા વગર અને નિષ્ફળતાઓથી હાર્યા વગર, નિર્વાણનો સ્વયંભૂ આનંદ એક શાશ્વત પ્રાપ્તિ તરીકે સ્થાપન થાય ત્યાં સુધી, સતત જારી રાખવો જોઈએ.

અહીં દર્શાવેલા ઉપાયમાં મુખ્ય ભાર ઊર્મિપ્રધાન માનસને શાંત કરી નાખવા ઉપર મુકાયેલો જોવામાં આવે છે. એ માનસ એટલે કામના અને ઇન્દ્રિયોનું બનેલું બાહ્ય સ્પર્શો પ્રત્યે ખુલ્લું અને તેમના પ્રત્યે, રોજિંદા અભ્યાસ થઈ પડેલાં, લાગણીનાં પ્રતિકાર્યો કરનારું માનસ. પરંતુ સાધકે ખરું જોતાં એથી પણ આગળ જઈને સ્વયંભૂ સત્-તાની નીરવતામાં પોતાના મનના વિચારોને પણ શાંત કરી નાખવાની જરૂર છે. સૌથી પહેલાં કામનામય સંકલ્પમાંથી ઉદ્ભવતી સઘળી ઇચ્છાઓનો કોઈ પણ અપવાદ કે અવશેષ વગર સંપૂર્ણપણે ત્યાગ કરવાનો છે, અને ઇન્દ્રિયોને મનની અંદર સ્થિરપણે ધારણ કરવાની છે. એમ કરવાથી તેઓ એમની સામાન્ય રીતે અવ્યવસ્થિત અને ક્ષુબ્ધ ટેવ પ્રમાણે ચારે બાજુએ દોડાદોડ નહિ કરી મૂકે. પરંતુ ત્યાર પછી મનને પોતાને બુદ્ધિ વડે ગ્રહણ કરવાનું છે અને તેને અંતરાભિમુખ કરવાનું છે. ધૃતિ વડે ગ્રહણ થયેલી અને અંતર્મુખ બનેલી બુદ્ધિ વડે સાધકે મનની ક્રિયાઓને શાંત કરી નાખવી જોઈએ, અને ઊર્ધ્વતર આત્મામાં મનને એકાગ્ર કરીને કશાનો પણ વિચાર મનમાં કરવો જોઈએ નહીં. જ્યારે જ્યારે ચંચળ અને અસ્થિર મન બહાર જતું જણાય ત્યારે ત્યારે એને કાબૂમાં લાવીને આત્માને વશ કરવું જોઈએ. જ્યારે મન પૂરેપૂરું શાંત અને સ્થિર થઈ જાય ત્યારે બ્રહ્મરૂપ થયેલ આત્માની સૌથી ઊંચી, નિષ્કલંક અને રાગરહિત એવી

આનંદની સ્થિતિને યોગી પ્રાપ્ત કરે છે. 'આ પ્રમાણે રજોગુણના ડાઘથી મુક્ત થયેલો યોગી આત્માને સતત યોગમાં સ્થિર કરીને બ્રહ્મના સ્પર્શનું અદ્‌ભુત સુખ સહેલાઈથી નિરંતે ભોગવે છે.'૮

અને છતાં, ઉપર જણાવી તે સ્થિતિનું પરિણામ જ્યાં સુધી માણસ જીવે છે ત્યાં સુધી એ પ્રકારના નિર્વાણમાં નથી આવતું, જેમાં જગતમાં કર્મ કરવાની, જગતમાં વસતા માનવોના સંબંધની સઘળી શક્યતા મટી જાય છે. પહેલી નજરે આપણને લાગે છે કે એ નિર્વાણનું પરિણામ એવા ત્યાગમાં જ આવવું જોઈએ. કારણ કે જ્યારે સઘળી કામનાઓ અને રાગોનો અંત આવી જાય, જ્યારે મનને પણ પોતાની મરજી પ્રમાણે ગમે તે વિચારોમાં દોડવું અટકાવી દેવામાં આવે, જ્યારે આ એકાંત અને નીરવ યોગનો અભ્યાસ સાહજિક બને ત્યાર પછી વળી આ બાહ્ય સ્પર્શો અને વિકારી સ્વરૂપવાળા જગત સાથે કેવા પ્રકારનો સંબંધ, એમાં કઈ જાતનું કર્મ યોગીને માટે હોઈ શકે? અલબત્ત, યોગી પોતાના સ્થૂલ દેહમાં થોડા સમય માટે રહે છે ખરો, પરંતુ એનું જીવન ગાળવા માટે ગુફા, તપોવન કે પર્વતનું શિખર જ સૌથી વધારે યોગ્ય સ્થાન છે, અને સતત સમાધિમાં રહેવું એનો એકમાત્ર આનંદ અને કાર્ય હોવું જોઈએ એમ પણ આપણને લાગે છે. પરંતુ સૌથી પ્રથમ આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે જ્યારે આ એકાંતવાળા રાજ-યોગનો અભ્યાસ કરવાનો હોય છે ત્યારે બીજાં બધાં કર્મોનો ત્યાગ કરવાનો છે એવી સલાહ ગીતા આપતી નથી. ગીતા કહે છે કે જે માણસ આહારનો અને નિદ્રાનો ત્યાગ કરી દે છે, વિહારનો અને કર્મનો ત્યાગ કરે છે તેને માટે આ યોગ નથી, જેમ પ્રાણની અને શરીરની વૃત્તિઓનો અતિયોગ કરનારા માટે પણ નથી. પરંતુ નિદ્રામાં અને જાગ્રતમાં, આહાર અને વિહારમાં, કર્મ કરવાની પ્રવૃત્તિમાં — એ સઘળામાં સાધકે 'યુક્ત' થવાનું છે. આનો અર્થ સાધારણ રીતે એવો કરવામાં આવે છે કે માણસે મિત આચાર, મધ્યમસર મિત વ્યવહારી થવું જોઈએ. એ અર્થ શક્ય પણ છે. પરંતુ જ્યારે માણસ યોગમાં આરૂઢ થાય છે ત્યારે એ બધામાં 'યુક્ત' થવાનો અર્થ કોઈ જુદો જ લેવાનો છે. અને એ અર્થ સામાન્ય રીતે ગીતામાં બધે જ સ્વીકારાયેલો છે. સર્વ અવસ્થામાં — જાગતાં અને ઊંઘતાં, આહારમાં અને વિહારમાં અને કર્મ કરતાં યોગી હમેશાં પ્રભુ સાથે યોગમાં યુક્ત રહેતો હોય છે. સઘળાં કર્મો એ પ્રભુની ચેતનામાં સ્થિર થઈને કરે છે. પ્રભુ જ તેનો આત્મા, તે જ તેનું સર્વસ્વ, અને પ્રભુ જ તેના જીવનને અને કર્મને પોતાની અંદર સમાવે છે, તે જ તેનો આધાર છે. સામાન્ય રીતે કામના, અહં અને અંગત માનસિક

---

૮ युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ।। (૬-૨૮)

વિચાર અને સંકલ્પ કર્મનાં ઉત્તેજક કારણો હોય છે. પરંતુ એ પ્રમાણે કેવળ અવિદ્યામય પ્રકૃતિમાં જ બને છે. જ્યારે અહંનો લય થઈ ગયો હોય છે, ત્યારે યોગી બ્રહ્મભૂત થાય છે. જ્યારે તે પરાત્પર અને વિશ્વમય ચેતનામાં જીવે છે, તેની સાથે તન્મય બને છે ત્યારે એ ચેતનાવસ્થામાંથી સાહજિક રીતે કર્મ ઉદ્ભવે છે, માનસિક વિચારના કરતાં વધારે ઉચ્ચ પ્રકારનું જ્યોતિર્મય જ્ઞાન પણ એમાંથી જ આવે છે, વ્યક્તિના સંકલ્પ કરતાં વધારે મહાન અને સમર્થ એક તપઃશક્તિ પણ એમાં જ પ્રગટે છે અને એનું પોતાનું કાર્ય કરે છે, ફળ લાવે છે. એટલે કે એવા યોગીમાં અંગત કાર્ય બંધ પડી જાય છે, સઘળું બ્રહ્મમાં એકતાને પામેલું હોય છે અને પ્રભુ તેનો હવાલો લે છે, મયિ સંન્યસ્ય કર્માણિ થતાં.

કારણ કે ઉપર જે પ્રકારનો આત્મસાક્ષાત્કાર જણાવ્યો છે તેનું વર્ણન કરતાં તથા ભેદભાવવાળા અહં-પ્રધાન માનવ, તેના વિચારો, ઊર્મિઓ અને કર્મના ઉદ્દેશોમાંથી અહં-માનસનો બ્રહ્મમાં નિર્વાણ થતાં યોગનું જે ફળ પ્રાપ્ત થાય છે, તેમાં વિશ્વચેતનાનું ભાન સાધકને રહે છે, — જોકે તે કોઈ નવા જ ક્રાંતદર્શનમાં આરોહણ પામેલું હોય છે. 'જે માણસનો આત્મા યોગમાં યુક્ત થયો છે તે સર્વમાં આત્માને જુએ છે તથા સર્વ ભૂતોને તે પોતાના આત્મામાં જુએ છે; એવો યુક્ત પુરુષ સર્વ પ્રત્યે સમદૃષ્ટિ વડે જુએ છે.' (૬.૨૯) એ જે કાંઈ જુએ છે તે એને તો આત્મા રૂપે જ દેખાય છે; સર્વ તેનો જ આત્મા છે, સઘળું પ્રભુમય છે, વાસુદેવમય છે. પરંતુ આપણને પ્રશ્ન થશે કે શરના વિકારીપણામાં જો તે વાસ કરે તો એણે કષ્ટથી સાધેલું એના યોગનું ફળ એ ગુમાવશે એવું જોખમ શું રહેલું નથી? એટલે કે તે પોતાના આત્માને ગુમાવી દઈને ફરી પાછો માનસિક ચેતનામાં જઈ પડશે નહીં? તે પ્રભુને ગુમાવી તો નહિ બેસે? અને સંસાર એને પાછો નહિ ખેંચે? યોગી પોતે પ્રાપ્ત કરેલી પ્રભુ-ચેતના ગુમાવી તો નહિ બેસે? અને તેને ઠેકાણે અહં અને અધોમુખ પ્રકૃતિ પાછાં તો નહિ આવે? એના ઉત્તરમાં ગીતા કહે છે: ના. 'જે માણસ મને સર્વત્ર જુએ છે, અને સર્વને મારામાં જુએ છે એવો માણસ મને ગુમાવી બેસતો નથી, અને હું પણ એને ગુમાવતો નથી.'[૯] કારણ કે નિર્વાણની જે શાંતિ આગળ વર્ણવવામાં આવી છે તે અક્ષર દ્વારા પ્રાપ્ત થાય છે તોપણ તેનો ખરો આધાર પુરુષોત્તમ છે. શ્રીકૃષ્ણ કહે છે: નિર્વાણ શાન્તિ મત્સંસ્થામ્ — 'મારી અંદર પ્રતિષ્ઠિત નિર્વાણની શાંતિ.' એ પુરુષોત્તમ વિશ્વનાં સર્વ પ્રાણી-પદાર્થમાં વ્યાપી રહેલા છે, તે દિવ્ય છે. બ્રહ્મ પણ સર્વ પ્રાણી-પદાર્થોની બનેલી સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપક છે અને પુરુષોત્તમ પોતે સૃષ્ટિથી પર છે,

---

૯ यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ।। (૬-૩૦)

વિશ્વથી અતીત છે. તે છતાં આપણે ધ્યાનમાં રાખવાનું છે કે તે વિશ્વાતીત છે તોપણ તે પોતાની પરાત્પરતાના, વિશ્વાતીતપણાના બંદીખાનામાં પડેલો નથી. સાધક સઘળી વસ્તુઓને તે પરાત્પર તરીકે જ જુએ છે તથા એ કાંતદર્શનમાં જ જુએ છે અને નિઃશેષપણે કર્મો કરે છે. યોગસાધનાનું એ ફળ, — પરિપૂર્ણતાવાળું એ ફળ છે, યોગની એ સંપૂર્ણ સિદ્ધિ છે.

પરંતુ શા માટે કર્મ કરવાં? પોતાના એકાંતમાં બેસીને જગત પ્રત્યે દૃષ્ટિ કરવી, અને તમારી ઇચ્છા હોય તો, એ જગતને બ્રહ્મની અંદર જોવું, — પ્રભુમાં જોવું, તટસ્થ રહેવું, કર્મ ન કરવું, જગતમાં જીવન જીવવું નહિ, અને સામાન્ય રીતે અંતરની સમાધિમાં જ મગ્ન રહેવું — એ શું વધારે સલામત નથી? ઊંચામાં ઊંચી આધ્યાત્મિક સ્થિતિને માટે એ પ્રકારનું જીવન ગાળવું એ જ નિયમ, એ જ ધર્મ ન હોવો જોઈએ? ગીતા અહીં પણ ફરીથી કહે છે: ના. મુકત થયેલા યોગીને માટે એક જ નિયમ છે, એક જ ધર્મ છે અને તે એ છે કે એણે પ્રભુમાં જીવન ધારણ કરવું જોઈએ, પ્રભુની ભકિત કરવી જોઈએ, તથા સર્વ ભૂતો સાથે એકતા કરવી જોઈએ. એવા યોગીની મુકિત સાપેક્ષ, એટલે કે અમુક શરતોના પાલન પર આધાર રાખનારી નથી હોતી, પરંતુ નિરપેક્ષ હોય છે. એ મુકિત સ્વયંભૂ છે, આજ્ઞાધીન, એટલે કે વર્તનના કે વ્યવહારના કોઈ નિયમને, જીવનના કોઈ ધર્મને, કે કોઈ પ્રકારની મર્યાદાને આધીન, તે મુકિત હોતી નથી. એને યોગસાધનાની કોઈ પ્રક્રિયાની પણ જરૂર રહેતી નથી. કારણ કે હવે તે સદા સનાતન યોગમાં મુકત જ થયેલો રહે છે. 'જે યોગીએ પોતાની ચેતનાની પ્રતિષ્ઠા એકતાના ઉપર કરેલી છે, અને જે સર્વ પ્રાણીઓમાં મને ચાહે છે, તે ગમે તે પ્રકારે જીવતો કે કર્મ કરતો, હોય તોપણ સર્વથા તે મારામાં જીવે છે, અને મારામાં કર્મ કરે છે.' (૬.૩૧) એ રીતે આધ્યાત્મિકતાને પ્રાપ્ત થયેલો જગત પ્રત્યેનો પ્રેમ, ઇન્દ્રિયપ્રત્યક્ષ, અનુભવમાંથી આત્માના અનુભવમાં રૂપાંતર પામેલો એ જગત પ્રત્યેનો પ્રેમ, પ્રભુ પ્રત્યેના પ્રેમના ઉપર પ્રતિષ્ઠિત હોય છે. એ પ્રેમમાં કોઈ જોખમ કે કોઈ ખામી હોતી નથી. જગતનો ભય અને તિરસ્કાર અધોમુખ પ્રકૃતિ પ્રત્યે ધૃણા થવા માટે ઘણી વાર આવશ્યક હોઈ શકે છે, કારણ કે ખરું જોતાં એ આપણા પોતાના અહંનો ભય અને તેની ધૃણાને જ આપણે જગતમાં પ્રતિબિંબિત થયેલી જોઈએ છીએ. પરંતુ જગતમાં પ્રભુનાં દર્શન કરવાં એટલે તો કશાનો ભય ન રાખવો, એનો અર્થ તો પ્રભુની અંદર સર્વ ભૂતોને ભેટવું. સર્વને પ્રભુ તરીકે જોવા એટલે કશાનો પણ તિરસ્કાર કે દ્વેષ ન કરવો. એનો અર્થ તો પ્રભુ પ્રત્યે જગતમાં પ્રેમ રાખવો, અને જગતને પ્રભુમાં ચઢાવું એવો થાય છે.

પરંતુ અધોમુખ પ્રકૃતિનાં તત્ત્વો જેનાથી પર થવા માટે આટલી બધી સાધના કરી છે, મુશ્કેલીઓ વેઠી છે તેમનો તો યોગી ત્યાગ કરશે ને? તેમનાથી તો

એ ભય પામીને દૂર જશે ને? ગીતા કહે છે એ પણ આવશ્યક નથી; આત્માનાં દર્શનની સમતામાં એનો આત્મા સર્વને ભેટે છે, સમાન ભાવે ચાહે છે. 'હે અર્જુન! જે યોગી આત્માની પેઠે સઘળી વસ્તુને સમતાપૂર્વક જુએ છે — પછી સુખ હોય કે દુ:ખ હોય, તેને હું પરમ યોગી માનું છું.' આનો અર્થ એવો નથી કે એ પોતે દુ:ખ વગરના આનંદની અવસ્થામાંથી અધોગતિને પામશે અને પાછો જગતનાં દુ:ખો જેમનાથી પોતે પર થઈ ગયો છે તે એને સહન કરવાં પડશે. એટલે કે બીજા લોકોના શોકમાં પણ, પોતે જે દ્વંદ્વોને પાછળ મૂકયાં છે તે દ્વંદ્વોની લીલા અન્ય લોકોમાં જોતો છતાં, સર્વને તે પોતાના આત્મા તરીકે જોશે, પોતાના આત્માને સર્વમાં જોશે, સર્વમાં પ્રભુનાં દર્શન કરશે અને વસ્તુઓના બાહ્ય દેખાવથી ભ્રમમાં નહિ પડે, કે ગભરાશે નહીં. એ વસ્તુઓને લઈને ફકત તે લોકોને સહાય કરવા, તેમનો ભવવ્યાધિ મટાડવા પ્રેરાશે, સર્વ પ્રાણીઓના કલ્યાણમાં તે રત થશે. માણસોને આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરાવવા તે મથશે. જગતને પ્રભુ પ્રત્યે પ્રગતિ કરવામાં તે સહાય કરશે, અને પોતે જ્યાં સુધી આ પૃથ્વી ઉપર રહેવું થશે ત્યાં સુધી દિવ્ય જીવન ગાળશે. જે પ્રભુનો ભકત અધોમુખ પ્રકૃતિને તથા ત્રિગુણની માયાનાં કાર્યોને પણ સ્થિરતાપૂર્વક જોઈ શકે છે, અને તેમાં રહીને, ગભરાયા વિના, કે અશાંત થયા વગર, કે પોતે પ્રાપ્ત કરેલી આધ્યાત્મિક એકતાના શિખર અને શકિતમાંથી નીચે પડયા વગર, તેમના ઉપર કાર્ય કરી શકે છે, તે પ્રભુમાં સર્વને પ્રેમપૂર્વક ભેટી શકે છે. પ્રભુનાં સર્વત્ર દર્શન કરવાને પરિણામે પ્રાપ્ત થતી વિશાળતામાં એવો યોગી સદા મુકત જ રહે છે. અને પ્રભુની દિવ્ય પ્રકૃતિના સામર્થ્ય વડે તે મધુર, મહિમામય અને પ્રકાશમય બને છે. એવો યોગી 'પરમ યોગી'ના નામને યોગ્ય છે. એણે ખરેખર, સૃષ્ટિને જીતી છે — जितः सर्गः ।

દરેક સ્થળે તેમ અહીં પણ ભકિતને યોગના મુકુટ તરીકે ગીતા જાહેર કરે છે. सर्वभूतस्थितं यो मां भजति एकत्वं आस्थितः । 'જે યોગી એકત્વની અનુભૂતિમાં સ્થિર થયેલો હોઈ સર્વભૂતોમાં સ્થિત એવા મને ભજે છે.' એ શ્લોકનો ભાવ ગીતાના બોધનું આખરી સ્વરૂપ આપણને સંક્ષેપમાં આપે છે એમ કહી શકાય. જે માણસ સર્વમાં રહેલા પ્રભુને ચાહે છે અને જેનો આત્મા દિવ્ય અદ્વૈતમાં સ્થિર થયેલો છે તે ગમે તે પ્રકારે જીવે અને વર્તે તોપણ તે પ્રભુમાં જ જીવે છે અને પ્રભુમાં જ કર્મ કરે છે. આ મુદ્દા પર વધારે ભાર દેવા માટે અર્જુનનો પ્રશ્ન છે કે માનવના ચંચળ મનને માટે આવો દુષ્કર યોગ શકય કેવી રીતે બને? તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ ફરીને એ મુદ્દા પર આવે છે અને પોતાના અતિ ઉન્નત ઉદ્‌ગાર કાઢે છે: 'યોગી તપસ્વી કરતાં, જ્ઞાની કરતાં અને કર્મ કરનારાઓ કરતાં અધિક છે, વધારે શ્રેષ્ઠ છે. માટે હે અર્જુન, તું યોગી

થાં. ૧૦ યોગી એટલે કર્મથી, જ્ઞાનથી, તપશ્ચર્યાથી, અથવા તો કોઈ પણ ઉપાયથી પ્રભુ જોડે એકતા કરવાને ચાહે છે અને એકતા કરે છે તે. જ્ઞાન, શક્તિ, અથવા તો બીજી કોઈ વસ્તુને તેને પોતાને ખાતર મેળવવાનો તેનો હેતુ હોતો નથી. પરંતુ કેવળ પ્રભુ જોડે એકતા કરવાને ખાતર એ બધી વસ્તુઓને તે માગે છે. પ્રભુ જોડે એકતા કરવામાં બીજું સર્વ સમાઈ જાય છે અને એ અદ્વૈતમાં સઘળું પોતાનાથી પર થઈ જાય છે અને કોઈ દિવ્ય અર્થને, કોઈ દિવ્ય સાર્થકતાને પ્રાપ્ત કરે છે. પરંતુ યોગીઓમાં પણ સર્વથી શ્રેષ્ઠ ભક્ત છે. 'સર્વ યોગીઓમાં પણ જે પોતાનો અંતરાત્મા મને અર્પણ કરીને શ્રદ્ધાવાન થઈ મને ભજે છે તેને હું મારી જોડે યોગમાં સૌથી વધારે મુકત થયેલો ગણું છું.' (૬.૪૦) ગીતાના પહેલા છ અધ્યાયનો આ સૌથી છેલ્લો શ્લોક છે, અને તેમાં બાકીના અધ્યાયોનું બીજ રહેલું છે. અત્યાર સુધી એ બીજ વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કારણ કે તે એક સનાતન અગમ્યતા છે, એક ગૂઢ વસ્તુ છે, રહસ્ય છે, ઊંચામાં ઊંચી આધ્યાત્મિક વાણીમાં સંપૂર્ણપણે કર્યાયે રજૂ થયેલું નથી એવું દિવ્ય રહસ્ય છે, અને હમેશાં તે એક રહસ્ય જ રહે છે.

---

૧૦ तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ।। (६-४६)

પ્રકરણ ચોવીસમું

કર્મયોગનો સાર

ગીતાના પહેલા છ અધ્યાયોનું બનેલું ષટ્ક એક પ્રકારના પ્રાથમિક ઉપદેશનું બનેલું હોઈ એને ભેગાં લઈ શકાય તેવું છે; બાકીના બારે અધ્યાયો પહેલા છમાં જે રૂપકો સંપૂર્ણપણે વિકસાવવામાં આવ્યાં નથી તેની વિસ્તૃત સમજૂતીરૂપ છે. અર્થાત્, પહેલા છ અધ્યાયમાં મુખ્ય મુદ્દાઓને અને હેતુઓને રજૂ કરતી મુખ્ય રેખાઓમાં કેવળ સૂચનરૂપે દેખાય છે તે વિચારો, ખરું જોતાં ઘણા જ અગત્યના હોવાથી એમને બીજા બે ષટ્કોમાં નિરૂપણ માટે બાકી રાખવામાં આવ્યા છે. ગીતા પોતે એક લખાયેલું શાસ્ત્ર ન હોત, એટલે કે જેને છેવટ સુધી લખીને પૂરું કરવાની જરૂર રહે છે એવું એક લખાયેલું શાસ્ત્ર ન હોત, અર્થાત્, કોઈ ગુરુએ પોતાના શિષ્યને આપેલો પ્રત્યક્ષ બોધ કે ઉપદેશરૂપ ગીતા હોત, તો આ છ અધ્યાયને અંતે ગુરુ અટકી જાત — કારણ કે એવા પ્રત્યક્ષ ઉપદેશને જરૂર પડે ત્યારે — એટલે કે શિષ્ય વધારે આગળના સત્યની પ્રાપ્તિ માટે જ્યારે લાયક બને ત્યારે, પાછો શરૂ કરી શકાય છે. અહીં છઠ્ઠા અધ્યાયને અંતે અટકીને ગુરુ અર્જુનને કહેત: 'પ્રથમ આટલું કહેલું આચરણમાં ઉતાર, એની સાધના કરીને આ સત્યને પ્રાપ્ત કર, એ સાક્ષાત્કાર કરવા જતાં તને તારાથી થઈ શકે તેટલું પૂરતું કામ મળી રહેશે, એ કામ સાધવા માટે જરૂરી એવો વિશાળમાં વિશાળ પાયો મેં તને આપ્યો છે; જેમજેમ મુશ્કેલીઓ ઊભી થતી જશે તેમતેમ તેમનો આપોઆપ ઉકેલ આવતો જશે; અથવા તો હું તારે માટે સર્વે મુશ્કેલીઓને દૂર કરી આપીશ. અત્યારે તો મેં તને જે કહ્યું છે તેટલું તું જીવનમાં ઉતાર, આ ભાવનાને લઈને કામ કર.'

ખરું છે કે પહેલા છ અધ્યાયમાં એવી ઘણી બાબતો છે જેનો ખુલાસો આગળના અધ્યાયોમાં આવનાર જ્ઞાનજ્યોતિ સિવાય મળી શકે તેમ નથી. હાલ તુરતમાં જ ઊભી થતી મુશ્કેલીઓને દૂર કરવા માટે તથા ગેરસમજૂતી થતી અટકાવવા માટે જે બાબતો આગળ આવવાની છે તેમના વિષે અહીં મેં પોતે જ ઉલ્લેખ કરેલો છે. ઉદાહરણ તરીકે, પુરુષોત્તમનો વિચાર મેં ઘણી વાર ફરીફરીને આપ્યો છે; કારણ કે તેના વિના આત્મા, કર્મ તથા કર્મના સ્વામી તરીકે પ્રભુ વિષેની કેટલીક અસ્પષ્ટતાઓનો ઉકેલ લાવી શકાત નહીં. ગીતા એ સંબંધને અહીં માન્ય કરે છે અને સમજણપૂર્વક સ્વીકારે છે જેથી કરીને શરૂઆતમાં ભરેલાં પગલાંની દૃઢતામાં ખામી ન આવે. એટલે કે શિષ્યના અવિકસિત મનની શક્તિના ગજા

બહારની વસ્તુઓ પ્રત્યે યોગ્ય સમય પાકયા પહેલાં તે ખેંચાઈ ન જાય.

ગુરુ આટલો ઉપદેશ આપીને બંધ રહે તો અર્જુન પોતે જ તેમને કહે કે: "તમે કામનાઓનો અને આસક્તિનો વિનાશ કરવા વિષે ઘણું કહ્યું છે; તમે સમતા પ્રાપ્ત કરવાનું — ઈન્દ્રિયોનો સંયમ કરવાનું કહો છો તથા મનને કેવળ નિ:સ્પંદ કરવાની પણ આજ્ઞા કરો છો; 'હું કર્તા છું' એવી ભાવનાથી મુકત રહીને આવેગ તથા રાગ વિના કામ કરવાનો બોધ આપો છો; સર્વ કર્મો પ્રભુને અર્પણ કરવાં અને સર્વ કર્મો યજ્ઞરૂપે કરવાં એમ કહો છો; અંતરનો ત્યાગ બહારના સંન્યાસ કરતાં ઉત્તમ છે એમ શીખવો છો; એ બધું હું બુદ્ધિ વડે સમજી શકું છું. ભલે એ બધું વર્તનમાં કે જીવનમાં ઉતારતાં મને ઘણી મુશ્કેલી લાગે; પરંતુ તમે એટલું જ કહીને કયાં અટકી ગયા છો? તમે તો કર્મ કરતાં કરતાં 'નિસ્ત્રૈગુણ્ય' — ત્રણે ગુણોથી પર થવાનો બોધ પણ આપ્યો છે. પરંતુ એ ત્રણ ગુણો કેવી રીતે કાર્ય કરે છે તેનું જ્ઞાન તમે મને આપ્યું નથી. એ જ્ઞાન સિવાય હું તેમને કેવી રીતે જાણી શકું અને તેમનાથી પર કેવી રીતે થઈ શકું? વળી, તમે તો યોગમાં પણ ભકિતને ઉત્તમોત્તમ તત્ત્વ કહો છો. અને છતાં આખો વખત તમે બોધ આપો છો જ્ઞાનનો અને કર્મનો! ભકિત વિષે તો અત્યાર સુધીમાં તમે લગભગ કાંઈ જ કહ્યું નથી. એ ઊંચામાં ઊંચી વસ્તુ ભકિત તે કોની અને કયે પ્રકારે કરવાની છે? વ્યકિતત્વથી પર, પ્રશાંત બ્રહ્મને તો એ ભકિત અર્પણ ન જ થઈ શકે એ તો દેખીતું છે. એ તો કેવળ તમને — પ્રભુને જ અર્પણ કરી શકાય! તો પછી, તમે પોતે એવા કોણ છો જે અક્ષરથી પણ વધારે મહાન છો? જેમ પરમ ભકિત આત્મજ્ઞાન કરતાં મહાન છે તેમ અક્ષરથી પણ મહાન એવા તમે પોતે કોણ છો? અને છતાં એ અક્ષર ક્ષર કરતાં અને કર્મના બનેલા જગત કરતાં મહાન છે એટલું તો નિર્વિવાદ છે. જેમ જ્ઞાન કર્મ કરતાં મહાન છે તેમ અક્ષર ક્ષર કરતાં મહાન છે. આ ત્રણે પુરુષ વચ્ચે — ક્ષર, અક્ષર, ઉત્તમ — કેવા પ્રકારનો સંબંધ છે? કર્મ, જ્ઞાન અને ભકિતનો કેવો સંબંધ છે? પ્રકૃતિમાં રહેલ ક્ષર પુરુષ અને અક્ષર-બ્રહ્મ વચ્ચે તથા તે પરમ પુરુષ જે સર્વમાં રહેલ અવિકારી આત્મા પણ છે તથા એકી-વખતે જ્ઞાન, પ્રેમ અને કર્મનો સ્વામી પણ છે, જે અહીં મારી સાથે વિનાશમાં મારા આ યુદ્ધમાં અને રથમાં ઘોર કર્મના સારથિ રૂપે રહેલ છે તે ભગવાન તથા એ ક્ષર અને અક્ષર વચ્ચે શો સંબંધ છે?"

ગીતાનો બાકીનો ભાગ ઉપર જણાવેલા પ્રશ્નોના ઉત્તર રૂપે લખાયેલો છે. એ પ્રશ્નોના બુદ્ધિમાં બેસે એવા ઉકેલ મેળવવા માટે વગર વિલંબે એ પ્રશ્નો વિચારવા જોઈએ અને એમનું સમાધાન પ્રાપ્ત કરવું જોઈએ. પરંતુ યોગસાધનામાં તો સાધકે ક્રમેક્રમે આગળ વધવાનું હોય છે અને મહાનમાં મહાન વસ્તુઓ પણ સાધનાના અભ્યાસમાં આપોઆપ ઉપસ્થિત થાય અને આધ્યાત્મિક અનુભૂતિમાં

આપણે સાધેલી પ્રગતિના પ્રકાશમાં એ બધાનો ઉકેલ પૂરેપૂરો આવી જાય ત્યાં સુધી વાટ જોવી પડે છે. ગીતા થોડે અંશે આ અનુભૂતિની રેખાનું અનુસરણ કરે છે અને શરૂઆતમાં કર્મ અને જ્ઞાનનો વિશાળ પ્રાથમિક પાયો શિષ્યને આપે છે અને એ રીતે સાધનાના માર્ગને ભક્તિ પ્રત્યે અને વધારે મહાન પ્રકારના જ્ઞાનયોગ પ્રત્યે પણ સાધકને દોરી જાય છે; પરંતુ એ બન્ને અહીં પૂરેપૂરાં સ્પષ્ટ થતાં નથી. પહેલા છ અધ્યાયમાં આ સામાન્ય પાયો આપણી આગળ રજૂ કરવામાં આવ્યો છે.

અહીં આપણે વિચાર કરવાનો રહે છે કે ગીતાએ જે મૂળ પ્રશ્ન સાથે શરૂઆત કરી છે તેનો ઉકેલ કરવા તરફ અત્યાર સુધીના છ અધ્યાયો કેટલા આગળ વધ્યા છે? જે પ્રશ્નથી ગીતાની શરૂઆત થાય છે એ પ્રશ્ન ઘણો સાદો ગણી શકાય તેવો છે. એ પ્રશ્નના ઉકેલમાં જીવન શું છે, સામાન્ય જીવનનું આધ્યાત્મિક જીવનમાં રૂપાંતર કરવાની જરૂર છે કે કેમ? એ પ્રશ્નો ઉપસ્થિત કરવાની જરૂર જ ન હતી. વ્યવહારુ નીતિમય પાયો સ્વીકારીને અથવા તો બુદ્ધિને સંતોષ આપે એવું યા તો કોઈ આદર્શનું દૃષ્ટિબિંદુ લઈને અથવા તો એ બધાને એકત્ર લઈને વિચાર કરવાથી એ પ્રશ્નનો સરળ ઉકેલ આવી જાય તેમ છે. ખરું જોતાં, આધુનિક જમાનો એ મુશ્કેલીનો ઉકેલ એ જ પદ્ધતિએ લાવે. પોતાની સામે અન્યાય અને જુલમનું સૈન્ય શસ્ત્ર ધારીને ઊભું છે તેના પ્રત્યે સૌથી પ્રથમ તો એ મુશ્કેલી આટલો જ પ્રશ્ન ઊભો કરે છે: શસ્ત્ર ધારીને ઊભેલા અન્યાય અને જુલમના સૈન્ય પ્રત્યે અર્જુને કઈ ભાવનાથી વર્તવું? અર્થાત્, અર્જુનના અંતરમાં પોતે પાપ કરે છે એવી જે નૈતિક લાગણી ઊભી થાય છે તેનું એણે અનુસરણ કરવું, કે સામી બાજુએ, જાહેર અને સામાજિક ફરજની, ધર્મના રક્ષણની, સૌ ઉદાત્ત પુરુષોના અંતરમાં અધર્મનો વિરોધ કરવા માટે ઊઠતી પુણ્ય પ્રકોપની લાગણીની એટલી જ નૈતિક ભાવનાથી તેણે દોરાવું? આપણા પોતાના જમાનામાં અત્યારે પણ એ પ્રશ્ન ઉપસ્થિત થયો છે અને જે રીતે આપણે આજે એનો ઉકેલ લાવીએ છીએ તેવી રીતે અર્જુનના પ્રશ્નનો પણ ઉકેલ લાવવો શક્ય છે. પરંતુ એ બધા ઉકેલ સામાન્ય માનવજીવનના અને સામાન્ય બુદ્ધિના શોધેલા ઉકેલો છે. એ પ્રશ્નને જુદીજુદી રીતે વિચારી શકાય તેમ છે અને વ્યક્તિના અંતરના અવાજ અને સમાજ તથા રાજ્ય પ્રત્યેની તેની ફરજ વચ્ચેની ખેંચતાણનો પ્રશ્ન ગણી શકાય; આદર્શ નીતિની ભાવના અને વ્યવહારુ નીતિની માગણી વચ્ચે રહેલા વિરોધનો પ્રશ્ન એ બની શકે; આત્મબળનો આક્રોશ અને તેની સામે રહેલી દુઃખદ, પરંતુ પ્રત્યક્ષ ,પરિસ્થિતિ કે જીવન હજી આત્મમય બની ગયું નથી, અને કેટલીક વાર ધર્મને ખાતર અધર્મ સામે હથિયાર બાંધવાં અનિવાર્ય બને છે એનો સ્વીકાર એ બે વચ્ચે રહેલા વિરોધ તરીકે પણ એ પ્રશ્નને જોઈ શકાય તેવો છે.

આ બધા નિવેડાઓ બુદ્ધિના શોધેલા, વ્યક્તિના સ્વભાવને કે પ્રકૃતિને

અનુકૂળ, લાગણી કે ભાવ ઉપર આધાર રાખનારા છે; એ બધાય વ્યક્તિના અંગત દૃષ્ટિબિંદુ ઉપર આધાર રાખનારી અને જ્યારે સારામાં સારા હોય છે, ત્યારે પણ, આપણી સામે આવેલી મુશ્કેલીઓનો આપણે પોતાને માટે યોગ્ય ઉકેલ તે આપણને આપે છે, — 'યોગ્ય' એટલા માટે કે આપણી પ્રકૃતિ માટે, આપણી બુદ્ધિ અને નીતિના વિકાસની અવસ્થા માટે તે અનુકૂળ હોય છે. આપણી અંદર રહેલ જ્યોતિ આપણને જે જ્ઞાન અને શક્તિ આપે છે તે જોતાં એ સારામાં સારો નિર્ણય હોય છે. પરંતુ એવો નિર્ણય આપણને છેવટનો ઉકેલ ભાગ્યે જ આપે છે અને એમાં અપૂર્ણતા રહેવાનું કારણ એ છે કે એ નિર્ણયો માનવના સામાન્ય માનસમાંથી ઉદ્ભવે છે અને એ સાધારણ માનસ જુદીજુદી વૃત્તિઓનું માત્ર ગૂંચળું જ હોય છે. એટલે તે એ બધી વૃત્તિઓમાંથી અમુકની પસંદગી કરી શકે છે. યા તો એ વૃત્તિઓ વચ્ચેની ખેંચતાણમાં બાંધછોડ કરી શકે છે — જેમ કે બુદ્ધિની માગણી, નીતિની ભાવનામયતા, પ્રાણની ભૂખો, પ્રાણની વાસનાઓ, લાગણીને વશ માનસ અને અંતરાત્માની ગણી શકાય એવી પ્રેરણાઓ અને ચૈત્ય પુરુષની પસંદગીઓ વચ્ચેથી એ નિર્ણય સ્વીકારવામાં આવેલો હોય છે. ગીતા સ્વીકારે છે કે આ સામાન્ય માનસમાંથી નિરપેક્ષ ગુણવાળ એવો આખરી અને સાચો ઉકેલ મળી શકે નહીં, એ તો તાત્કાલિક અને વ્યવહારુ જ હોઈ શકે. તે જમાનામાં ઊંચામાં ઊંચાં સામાન્ય ધોરણો અને આદર્શોને અનુસરતો એક ઉકેલ તો શ્રીકૃષ્ણ અર્જુનને શરૂઆતમાં જ આપે છે. પરંતુ એ ઉકેલનો સ્વીકાર કરે એવી અર્જુનના માનસની સ્થિતિ જ નથી અને એનો સ્વીકાર તે કરશે એવી આશા પણ રાખવામાં આવી નથી. એટલે તે સામાન્ય ઉકેલ આપીને તરત જ શ્રીકૃષ્ણ જુદું જ દૃષ્ટિબિંદુ લે છે અને તદનુસાર જુદો જ ઉકેલ આપે છે.

ગીતાનો ઉકેલ એ છે કે આપણે આપણી પ્રકૃતિના સ્વરૂપથી, મનની સામાન્ય અવસ્થામાંથી ઊંચે જવું જોઈએ, ઊર્ધ્વમાં આરોહણ કરવું જોઈએ. આપણી બુદ્ધિની અને નીતિની ગૂંચવણોમાંથી નીકળીને કોઈ જુદી જ, ઊંચે રહેલ, આધ્યાત્મિક ચેતનામાં આપણે આરોહણ કરવું જોઈએ, જ્યાં ચેતનાનો જુદો જ નિયમ અને તેથી કર્મોનું જુદું જ દૃષ્ટિબિંદુ પ્રવર્તે છે. એ આધ્યાત્મિક ચેતનામાં અંગત કામનાઓ અને અંગત લાગણીઓ કર્મનું શાસન કરતી નથી, માનવ-પ્રકૃતિમાં રહેલ દ્વંદ્વોનો લય થઈ જાય છે, ત્યાં અંગત પાપ અને પુણ્યની ભાવનાથી આપણે પર થઈ જઈએ છીએ.

ચેતનાની એ ઊર્ધ્વ અવસ્થામાં, વિશ્વાત્મા, અક્ષર, સર્વ કર્મોનો સ્વામી પ્રભુ પોતે આપણી પ્રકૃતિ દ્વારા જગતમાં પોતાનો હેતુ સાધે છે. એ સ્થિતિમાં ખરું જોતાં આપણે એક દિવ્ય નવજન્મ જ પામીએ છીએ. પછીથી આપણું જીવન તે પરસત્તાનું સત્ સ્વરૂપ, આપણી ચેતના તેની જ અનંત ચેતના,

આપણી શક્તિ તે દિવ્ય શક્તિની જ શક્તિ થઈ રહે છે, આપણો આનંદ પણ તેનો જ આનંદ બની રહે છે. એટલે કે ત્યાર પછી આપણી જાત પ્રકૃતિમાં આપણે ચેતના ધારણ કરતા નથી. પછી 'આપણાં પોતાનાં' કર્મો પણ કરવાનાં રહેતાં નથી, આપણો પોતાનો હોય એવો કોઈ અંગત હેતુ પણ રહેતો નથી. તો પછી આપણે કર્મ કરીશું ખરા? એ એક મુશ્કેલ પ્રશ્ન બાકી રહે છે. એ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી જે કર્મો કરવામાં આવશે તે બધાં દિવ્ય કર્મો જ હશે. એ કર્મોના આચરણમાં આપણી અંગત પ્રકૃતિ નિષ્ક્રિય રહે છે, તથા એ કર્મોની પ્રેરણાનું રૂપ આપણી બહિર્મુખ પ્રકૃતિમાં નહિ પરંતુ આપણી પ્રકૃતિથી પર રહેલા સર્વકર્મોના સ્વામીની દિવ્ય સંકલ્પશક્તિમાં રહેલું હોય છે. ગીતા આપણને આ નિર્ણય ઉકેલ તરીકે આપે છે, કારણ એ ઉકેલ આપણા જીવનના મૂળમાં રહેલા સત્ય ઉપર પ્રતિષ્ઠિત છે, અને આપણામાં રહેલા સનાતન સત્ય પ્રમાણે જીવનમાત્રનો એ જ ઉત્તમોત્તમ ઉકેલ છે. આપણા જીવનના કોયડાઓનો તે એકમાત્ર અને સાચો ઉકેલ છે. આપણામાં મનોમય અને પ્રાણમય વ્યક્તિતાઓ છે તે પ્રકૃતિના બનેલા આપણા જીવનનું સત્ય છે, પરંતુ એ તો અજ્ઞાનનું ઊભું કરેલું સત્ય છે અને એ વ્યક્તિતાઓ પ્રત્યે જે કાંઈ આસક્ત થયેલું હોય તે સઘળું પણ એ અજ્ઞાનમાં જ રહેલું ગણાય. અર્થાત્ અત્યારની આપણી અજ્ઞાન દશા માટે તે સ્થિતિ સત્ય હોઈ શકે, પણ આપણા જીવનનું ખરું સત્ય આપણે પામીએ ત્યાર પછી એ અજ્ઞાન દશાનું સત્ય સત્ય રહેતું નથી. પરંતુ, ઉપરનો ઉકેલ એ જ સત્ય છે એવી આપણી ખાતરી કેવી રીતે થઈ શકે? આપણી સામાન્ય માનસિક ચેતનાની અનુભૂતિથી જો આપણે સંતોષ માનીશું તો એ સત્યની પ્રતીતિ આપણને થઈ શકશે નહીં; કારણ કે આપણા સામાન્ય માનસિક અનુભવો નિમ્ન પ્રકૃતિના જ, એટલે કે અજ્ઞાનના જ હોય છે. એટલે એ મહત્તર આધ્યાત્મિક સત્યને આપણે જાણવું હોય તો એને જીવનમાં ઉતારીને જ આપણે જાણી શકીએ તેમ છે. અર્થાત્ માનસિક ચેતનાના અનુભવોથી પર જઈને યોગસાધના વડે આધ્યાત્મિક અનુભૂતિમાં આરોહણ કરીએ ત્યારે એ પ્રતીતિ થઈ શકે. આધ્યાત્મિક અનુભૂતિ પ્રમાણે જીવવું એટલે માનસિક સત્તા મટી જઈને આત્મસ્વરૂપ થઈ રહેવું. આપણી અત્યારની પ્રકૃતિની અપૂર્ણતાઓમાંથી મુક્ત થઈને આપણા સત્ય અને દિવ્ય સ્વરૂપમાં નિઃશેષપણે જીવન ધારણ કરવું એને જ આપણે 'યોગ' કહીએ છીએ.

આપણી ચેતનાના કેન્દ્રને મનથી ઊંચે થઈ જવું અને એના પરિણામરૂપે આપણા સમગ્ર જીવનનું અને ચેતનાનું રૂપાંતર સાધવું તથા એવા રૂપાંતરને પરિણામે કર્મની આપણી ભાવનામાં અને તેના ઉદ્દેશમાં ફેરફાર થઈ જવો, અને છતાં બહારના દેખાવ પૂરતું કર્મ હોય તેનું તે જ ઘણું ખરું રહે, આ ગીતાના કર્મયોગનો સાર છે. તમારું આખું જીવન બદલી નાખો, આધ્યાત્મિક જીવનમાં નવજન્મ

પામો; અને એ નવો જન્મ ધારણ કર્યા પછી અંતરાત્મા તમને જે કર્મ કરવાની આજ્ઞા કરે, પ્રેરણા આપે તે કર્મ કરો એ ગીતાનો સંદેશો છે. ગીતાનો એ બોધ વધારે ગંભીર રીતે અને વધારે આધ્યાત્મિક અર્થમાં મૂકીએ તો એમ કહી શકાય કે અહીં જીવનમાં જે જે કર્મો તમારે કરવાનાં છે તે બધાંને તમારા આધ્યાત્મિક દિવ્ય નવજન્મના સાધનરૂપ બનાવો, તેમનો તમારી પ્રગતિ માટે ઉપયોગ કરી લો અને એ પ્રમાણે દિવ્ય જીવન સાધીને પછી પણ લોકોને દોરવા ખાતર પ્રભુના કરણ તરીકે પ્રભુનું કાર્ય ચાલુ રાખો. આ સંબંધમાં બે બાબતો સ્પષ્ટપણે અને બરાબર નક્કી કરી લેવાની અને સમજી લેવાની જરૂર છે: પ્રથમ આ આધ્યાત્મિક અંતરનું પરિવર્તન સાધવાનો ઉપાય શો છે? આ ચેતનાના કેન્દ્રને ઊર્ધ્વમાં લઈ જવાનો પલટો કેવી રીતે સાધવો? આ દિવ્ય નવજન્મ કેવી રીતે પ્રાપ્ત કરવો? અને બીજું, કેવા પ્રકારનાં કર્મો કરવાં? અથવા તો કયા ભાવથી, કેવી ભાવનાથી કર્મો કરવાં? કારણ કે કર્મનું બાહ્ય સ્વરૂપ બદલાવું જ જોઈએ એવી કાંઈ જરૂર નથી હોતી, જોકે હકીકતમાં કર્મનું ક્ષેત્ર અને તેનો હેતુ તદ્દન બદલાઈ જાય છે. પરંતુ આ બંને વસ્તુઓ વ્યવહારની દૃષ્ટિએ જોતાં એક જ બની રહે છે. કારણ કે એકનું સ્પષ્ટીકરણ કરતાં તેમાં બીજાનું આપોઆપ સ્પષ્ટીકરણ થઈ જાય છે. આપણાં સર્વે કર્મોના વ્યાપક હેતુઓ આપણી પ્રકૃતિના ઉપર અને એ પ્રકૃતિ જે આધ્યાત્મિક પાયા ઉપર પ્રતિષ્ઠિત રહેલી છે તેના ઉપર આધાર રાખે છે. પરંતુ સાથેસાથે એ પણ સાચું છે કે આપણી પ્રકૃતિ ઉપર આપણાં કર્મોની દિશાની તથા આધ્યાત્મિકતાની અસર પણ થતી હોય છે. એટલે કર્મ કરવાના હેતુમાં મહાન ફેરફાર થઈ જતાં પ્રકૃતિ પોતે પણ બદલાય છે અને તે એટલે સુધી કે પ્રકૃતિના પાયામાં પણ ફેરફાર થઈ જાય છે. સામાન્ય રીતે આપણે ચેતનાના જે કેન્દ્રમાંથી કાર્ય કરીએ છીએ તે કેન્દ્ર જ બદલાઈ જાય છે. કેટલાક લોકો માને છે તેમ જીવન અને કર્મ બંને સંપૂર્ણપણે મિથ્યા જ હોત, માનવના આત્માનો કર્મ સાથે કે જીવન સાથે કશો જ સંબંધ ન હોત તો ઉપર જણાવ્યું તે પરિણામ આવત નહીં. પરંતુ હકીકત એ છે કે આપણામાં રહેલો આત્મા જીવન દ્વારા પોતાનો વિકાસ સાધતો હોય છે, અને જે ભારપૂર્વક કર્મમાં અંતરની શક્તિનો પ્રયોગ કરવામાં આવે છે તે ભાવ, નહિ કે કર્મનું બહારનું સ્વરૂપ કે કર્મ પોતે, આત્મા સાથે કર્મનો સંબંધ નિયત કરે છે. આ પ્રમાણે થઈ શકે છે તેથી ઉચ્ચતર આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવાના વ્યવહારુ સાધન તરીકે કર્મયોગની ગણના થાય છે.

આપણે આ પાયાની માન્યતાથી શરૂ કરીએ છીએ કે માનવનું અત્યારનું જીવન, મોટે ભાગે થા તો સંપૂર્ણપણે એની અન્નમય અને પ્રાણમય પ્રકૃતિ ઉપર જ આધાર રાખનારું છે. અને એમાં માનસિક શક્તિનું કાંઈક મર્યાદિત કાર્ય પણ થતું હોય છે જેને પરિણામે તે દેહની અને પ્રાણની ચેતનાથી કાંઈક ઊર્ધ્વમાં

આરોહણ કરે છે. પરંતુ માનવનું જીવન તેના શરીર, પ્રાણ અને મનમાં જ સંપૂર્ણ થઈ જતું નથી. માનવમાં અત્યારે પ્રચ્છન્ન-ઢંકાયેલો એવો આત્મા રહેલો છે, અને માનવની અત્યારની પ્રકૃતિ એ આત્માનું બાહ્ય સ્વરૂપ છે, અથવા તો આત્માનું મર્યાદિત ક્રિયાત્મક પરિણામ છે. આત્મારૂપી સક્રિય વાસ્તવિકતા રહેલી છે એવું ગીતા તો ઠેરઠેર માન્ય કરે છે; અને છેક એક જ પક્ષના વેદાંતીઓ પ્રકૃતિને કેવળ મિથ્યા દેખાવ ગણે છે એ મત ગીતાને માન્ય નથી. કારણ કે એ મિથ્યાત્વનો વાદ સર્વ કર્મનો પાયો જ નિર્મૂળ કરે છે. આત્માની સક્રિય વાસ્તવિકતાનો વિચાર તત્ત્વજ્ઞાનની પોતાની પદ્ધતિમાં ઘટાવવા માટે ગીતા સાંખ્યમતનો આધાર લે છે, — જોકે જુદી રીતે પણ એ કાર્ય થઈ શકે તેવું છે, — તથા પુરુષ અને પ્રકૃતિના ભેદને તે સ્વીકારે છે. પુરુષ એટલે જ્ઞાનયુક્ત જ્ઞાતા, ટેકો આપનાર ભર્તા તથા પ્રકૃતિમાં વ્યાપીને રહેનાર તત્ત્વ. પ્રકૃતિ એટલે અમલ કરનાર, કાર્યવાહક, કરણો પૂરા પાડનારી, માધ્યમ રૂપ અને પ્રક્રિયાઓ ચલાવનાર શક્તિ. ફેર માત્ર એટલો છે કે ગીતા સાંખ્યમાંથી મુક્ત અને અક્ષર પુરુષને લઈને તેને વેદાંતની પરિભાષામાં રજૂ કરે છે અને એને 'સર્વવ્યાપી અક્ષરબ્રહ્મ'ની સંજ્ઞા આપે છે તથા પ્રકૃતિનાં કાર્યોમાં આસક્ત થનાર એવા આપણા ક્ષર અને ક્રિયાત્મક સ્વરૂપથી એ અક્ષરને તે છૂટો પાડે છે; કારણ કે એ ક્ષરપુરુષ આપણા વ્યક્તિત્વનો, આપણી વિશિષ્ટતાનો પાયો છે, વસ્તુમાત્રમાં રહેલી વિવિધતાનો આશ્રય છે. તો પછી પ્રકૃતિનું પોતાનું કાર્ય શેમાં રહેલું છે, એ પ્રશ્ન થવાનો.

પ્રક્રિયાની વ્યવસ્થિત શક્તિ પ્રગટ કરવી એ પ્રકૃતિનું કાર્ય છે. એ કાર્ય ત્રણ મૌલિક ગુણોનું એકબીજાના ઉપર જે કાર્ય — પ્રતિકાર્ય થાય છે તેના ઉપર આધાર રાખે છે. એ ત્રણ ગુણો કયા માધ્યમનો, કયા આલંબનનો આશ્રય લઈને પોતાનું કાર્ય કરે છે? જીવનની અટપટી સંકુલ શ્રેણીઓ પ્રકૃતિનાં ચડતાં-ઊતરતાં કરણોનાં ધીમેધીમે થયેલા વિકાસને પરિણામે ઉત્પન્ન થયેલી છે અને પ્રકૃતિનાં કરણોનું જે કાર્ય અહીં આત્માના અનુભવમાં પ્રતિબિંબિત થાય છે તેને આપણે અનુક્રમે બુદ્ધિ, અહંકાર, મન તથા ઇન્દ્રિયો તથા સ્થૂલ શક્તિના પાયારૂપ તત્ત્વો — પંચભૂતો — રૂપે અનુભવીએ છીએ. આ બધાં પ્રકૃતિનાં કરણો યાંત્રિક છે, જડ છે, પ્રકૃતિના યંત્રરૂપ છે; આપણા અત્યારના દૃષ્ટિબિંદુથી આપણે એમ પણ કહી શકીએ કે એ બધાં જડ શક્તિમાં જ પુરાઈ રહેલાં છે અને જેમજેમ પોતાની ઊર્ધ્વ સમુત્ક્રાંતિની સીડીમાં અક્કેક કરણ વિષે પ્રકૃતિમાં રહેલો પુરુષ સચેતન થતો જાય છે તેમતેમ તે કરણ પ્રકૃતિમાં આવિર્ભાવ પામતું જાય છે; પરંતુ તેના આવિર્ભાવનો ક્રમ ઊલટો હોય છે. એટલે કે પ્રથમ જડ માને અચિત્, ત્યાર પછી ઇન્દ્રિય જ્ઞાન પછી મનસ, ત્યાર પછી બુદ્ધિ અને આખરે આધ્યાત્મિક ચેતના આવે છે. આરંભમાં જોકે બુદ્ધિ પ્રકૃતિનાં સામાન્ય કાર્યોમાં આસક્ત થયેલી હોય છે તોપણ એ કાર્યોનાં આખરી

સ્વરૂપને તે જાણી શકે છે; આત્મા જેમાં આસકત થયો છે એવા ત્રણ ગુણોના કાર્ય તરીકે તેમને જોઈ શકે છે અને છેવટે પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ જાણવાને પણ સમર્થ બને છે. આ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પુરુષ પ્રકૃતિમાંથી મુકત થવાને તથા પોતાની અસલ મુકિતને તથા અક્ષરજીવનને પ્રાપ્ત કરવાને શકિતમાન થાય છે. વેદાંતની ભાષામાં કહીએ તો તેને આત્માનું દર્શન થાય છે, બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. તે પ્રકૃતિનાં કરણો સાથે તથા તેનાં કાર્ય સાથે એકતા કરતો બંધ પડે છે, પોતાના આવિર્ભાવથી તટસ્થ બને છે, પોતાના સત્ય સ્વરૂપ જોડે તે અદ્વૈત સાધે છે, પોતાના અક્ષર, આધ્યાત્મિક સ્વરૂપમાં સ્થિર થઈને — ગીતાના મત પ્રમાણે ઈશ્વર સ્વરૂપે, પોતાના આવિર્ભાવના કાર્યને મુકતપણે તથા પોતાની પ્રકૃતિના સ્વામી તરીકે ટેકો આપી શકે છે, ભર્તા તરીકે તેને ટકાવી રાખે છે. આ પ્રમાણે આત્મામાં સ્થિર થઈને ઈશ્વર સાથે એકતા સાધીને માનવ પોતાની પ્રકૃતિ દ્વારા મુકત કર્મો કરી શકે છે એવો ગીતાનો ખાસ મત છે.

અહીં જે તાત્ત્વિક ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી છે તેના મૂળમાં માનવ-માનસની જે ઘટનાઓ રહેલી છે તેમના જ ઉપર આપણે દૃષ્ટિ ઠેરવીશું તો આપણને જણાશે કે આપણે માટે બે પ્રકારનું જીવન ગાળવું શકય છે: (આખરે જોવા જઓ તો 'તત્ત્વજ્ઞાન' એટલે પણ શું છે? તત્ત્વજ્ઞાન એટલે જીવનની સ્થૂલ અને સૂક્ષ્મ ઘટનાઓના મૌલિક હેતુઓને આપણી બુદ્ધિ સમજી શકે એ પ્રમાણે ગોઠવવાનો, અને જો કોઈ અંતિમ વાસ્તવિકતા હોય તો તેની સાથે એ ઘટનાઓનો સંબંધ જાણવાનો પ્રયત્ન છે.) એક, પોતાની સક્રિય પ્રકૃતિ અને તેનાં કાર્યોને વશ એવા ક્ષરપુરુષનું જીવન જેમાં તે પ્રકૃતિનાં સ્થૂલ અને સૂક્ષ્મ કરણો સાથે એક બનીને રહે છે, પોતાની પ્રાકૃતિક વ્યકિતતાથી મર્યાદિત બને છે, ટૂંકમાં પ્રકૃતિને વશ હોય છે અને બીજું જીવન બંધનોથી પર, વિશાળ, વ્યકિતતાથી મુકત, નિરંગત, અસીમ અને પરાત્પર હોય છે, જે પોતાની અનંત સમતા વડે પોતાની પ્રકૃતિના બંધારણને તથા કર્મને આશ્રય આપે છે છતાં તેની મુકિત અને અનંતતામાં એ પ્રકૃતિથી પર રહે છે. આપણે માટે પ્રકૃતિને વશ એવું જીવન ગાળવું શકય છે. અથવા તો વધારે મહાન આધ્યાત્મિક સત્તામાં આપણે જીવી શકીએ તેમ છે. ગીતાનો કર્મયોગ આ બે પ્રકારના જીવન વચ્ચેના મોટા ભેદ ઉપર રચાયેલો છે.

એટલે આખો કોયડો અને સમગ્ર પદ્ધતિ આપણી અત્યારની પ્રકૃતિમાં બંધાયેલા આત્માને મુકત કેવી રીતે કરવો એમાં સમાઈ જાય છે. હવે આપણી પ્રકૃતિને વશ જીવનમાં સૌથી વધારે આગળ પડતી વસ્તુ એ છે કે સ્થૂલનાં બનેલાં નામ તથા રૂપોને તથા ઈન્દ્રિયોના બાહ્ય સ્પર્શોને આપણે અત્યારે વશ છીએ એ નામરૂપો અને એ સ્પર્શો આપણી ઈન્દ્રિયો દ્વારા આપણા જીવન સમક્ષ રજૂ થાય છે અને એમનો સંસ્કાર રજૂ થાય છે કે તુરત જ આપણું જીવન તેમના પર

પોતાની પકડ જમાવવા માટે, એમની સાથે કામ પાડવા માટે, વિનિમય કરવા માટે કામના કરે છે, તેમના પ્રત્યે આસકત બને છે તથા પરિણામ માટે આશા રાખે છે. ઇન્દ્રિયોના એ સંસ્કારોને આપણું મન અનુમતિ આપે છે, અને મન અનુમતિ આપે છે એટલે આપણા સંસ્કારો, પ્રતિકર્યો, લાગણી તથા જ્ઞાન પ્રાપ્ત કરવાની અને લાગણીઓ અનુભવવાની ક્રિયા પણ ઇન્દ્રિયસ્પર્શોને વશ થાય છે. અને બુદ્ધિ પણ તેના કાર્યના પ્રવાહમાં ઘસડાઈ જાય છે તથા ઇન્દ્રિયના સંસ્પર્શોના બનેલા જીવનને તે પોતાની જાત સમર્પી દે છે. એ જાતના જીવનમાં અંતરાત્મા બાહ્ય પદાર્થોને અને બાહ્ય સ્પર્શોને જ વશ હોય છે અને એક ક્ષણ માટે પણ તે ક્ષુદ્ર ઇન્દ્રિયસુખથી સાચી રીતે પર થઈ શકતો નથી. બાહ્ય સ્પર્શોના ધાંચીની ઘાણી જેવા ગોળ ચક્કરમાંથી તથા તેનાં માનસિક પરિણામો અને પ્રતિકર્યોમાંથી તે બહાર નીકળી જ શકતો નથી. આ પ્રમાણે અંતરાત્મા તેમનાથી પર થઈ શકતો નથી, તેનું કારણ એ છે કે તેની પ્રકૃતિમાં 'અહં'નું તત્ત્વ રહેલું છે. એ 'અહં' આપણી બુદ્ધિ, મન, પ્રાણ, શરીર વગેરે કરણોમાં પ્રકૃતિનું જે કાર્ય થતું હોય છે તેના સરવાળાને બીજા માણસોનાં મન, બુદ્ધિ, પ્રાણ અને શરીરમાં થતાં પ્રકૃતિનાં કાર્યોથી જુદો પાડીને આપણો પોતાનો ગણાવે છે. આમ આપણામાં રહેલ 'અહં' પ્રકૃતિના સ્પર્શો પ્રત્યે જે પ્રકારનું પ્રતિકાર્ય કરે છે તે પ્રકારને આપણે આપણું જીવન સમજીએ છીએ. અહંતા ઉપર પ્રકૃતિની અસર અને એ અસર પ્રત્યે આપણું પ્રતિકાર્ય એ સિવાય આપણે કાંઈ જ જાણતા નથી. આપણે પોતે પણ એ સિવાય બીજું કાંઈ જ નથી એમ આપણે અનુભવીએ છીએ. આત્મા એટલે આ મન, સંકલ્પશકિત, ભાવ અને નાડીમંત્રની ગ્રાહકશકિત અને પ્રતિકાર્ય કરવાની શકિતવાળો જુદો વિખૂટો પ્રકૃતિનો બનેલો કોઈ પદાર્થ છે એમ આપણને લાગે છે. અલબત્ત, આપણી એ અહંતાને આપણે વિશાળ બનાવી શકીએ છીએ. કુટુંબ સાથે, જાત સાથે, દેશ સાથે, પ્રજા સાથે, મનુષ્યજાતિ સાથે તેની એકતા કરીએ તોપણ એ સઘળા વેશપલટાઓ છતાં આપણાં કર્મોનો પાયો 'અહં' નિઃશંકપણે કાયમ રહે છે, ફકત બાહ્ય પદાર્થો સાથે એ પ્રમાણે વધતા જતા સંપર્કને લઈને વ્યકિત વધારે વિશાળ સંતોષ મેળવે છે.

પરંતુ એમ હોવા છતાં આપણામાં જે સંકલ્પશકિત કાર્ય કરી રહી હોય છે તે સંકલ્પશકિત આપણાં અજ્ઞાન, એટલે કે પ્રકૃતિને વશ, સ્વરૂપની જ શકિત હોય છે. એ સંકલ્પશકિત બહારના જગતમાંથી આવતા સ્પર્શોને પકડી લે છે, અને તેમના વડે આપણી વ્યકિતતાની જુદીજુદી બાજુઓને સંતોષવાનો પ્રયત્ન કરે છે. એ બહારના સ્પર્શોને પકડનારી સંકલ્પશકિત કર્મ અને તેનાં ફળ પ્રત્યેની કામના, આસકિત અને આવેગનું રૂપ ધારણ કરે છે. ખરું જોતાં આપણી અંદર કામ કરનારી એ પ્રકૃતિની જ સંકલ્પશકિત હોય છે. એ તો આપણી પોતાની શકિત છે એમ

આપણે કહીએ છીએ, પરંતુ આપણી અહંપ્રધાન વ્યક્તિત્વની પ્રકૃતિની જ તે એક સૃષ્ટિ હોય છે, એ કાંઈ આપણો મુક્ત આત્મા નથી અને આત્મા હોઈ શકે તેમ પણ નથી. એનું બધું કાર્ય પ્રકૃતિના ગુણોનું પરિણામ હોય છે. એ કાર્ય જો તમોગુણપ્રધાન હોય તો આપણો વ્યક્તિતા નિષ્ક્રિય હશે, અને જીવનની યાંત્રિક ઘટમાળને વશ હોઈ તેનાથી જ સંપૂર્ણપણે સંતુષ્ટ રહે છે. પોતાનું પ્રભુત્વ સ્થાપન કરવા માટે, અથવા તો મુક્ત કાર્ય કરવા માટે જરૂરી એવો સમર્થ પ્રયત્ન કરવાને એ તમોગુણી પ્રકૃતિ અશક્ત જ નીવડે છે. હવે પ્રકૃતિનું કાર્ય જો રજોગુણ-પ્રધાન હોય તો માનવનું વ્યક્તિતત્વ ચંચળ અને ક્રિયાવાન હોય છે અને તે આજુબાજુની પ્રકૃતિના ઉપર પોતાની જાતને ફેંકે છે, તેને વશ કરી પોતાની કામનાઓ અને જરૂરિયાતો પૂરી પાડવાની તેને ફરજ પાડે છે. પરંતુ એ બહારથી દેખાતી પ્રભુતા ખરું સ્વામીત્વ નથી એ વસ્તુ રજોગુણી વ્યક્તિ જોઈ શકતી નથી, કારણ કે એ બધી જરૂરિયાતો અને કામનાઓ પ્રકૃતિની પોતાની જ હોય છે. અને જ્યાં સુધી આપણે એને વશ હોઈએ ત્યાં સુધી આપણે મુક્ત હોઈ શકતા જ નથી. બધી પ્રકૃતિનું કાર્ય સત્ત્વગુણપ્રધાન હોય ત્યારે જ્ઞાનથી પ્રકાશિત વ્યક્તિત્વ આપણને જોવા મળે છે. એવા માણસો બુદ્ધિનો ઉપયોગ કરે છે અને બુદ્ધિની સહાય વડે પોતાનું જીવન ગાળે છે અથવા તો સત્યં, શિવં કે સુંદરમ્‌નો કોઈ આદર્શ સ્વીકારી તેનો સાક્ષાત્કાર કરવા મથે છે; પરંતુ એ બુદ્ધિ પણ પ્રકૃતિના બાહ્ય દેખાવને વશ હોય છે, અને એ આદર્શો પણ આપણા પોતાના બદલાતા વ્યક્તિતત્વની જ કલાઓ હોય છે. વળી એ આદર્શોમાં આપણને ખાતરીભર્યો નિયમ, કે સ્થાયી સંતોષ મળી શકતો નથી. આપણે તો વિકારની ઘટમાળમાં, આપણી પ્રકૃતિ ફેરવતી હોય છે તે પ્રમાણે, ગોળગોળ ફરતા જ હોઈએ છીએ. આપણા અહં દ્વારા આપણી અંતરની અને બહારની પ્રકૃતિમાં રહેલી કોઈ સત્તાને તાબેદાર થઈને આપણે વર્તતા હોઈએ છીએ, પરંતુ એ શક્તિ કે સત્તા આપણે પોતે નથી, આપણે તેની સાથે સંપર્કમાં નથી કે તેની સાથે એક પણ નથી. હજી પણ આપણે મુક્ત થયા નથી, સાચું પ્રભુત્વ આપણને મળ્યું નથી.

અને છતાં મુક્તિ મેળવવી શક્ય છે. એને માટે પ્રથમ જરૂર એ છે કે બહારનું જગત આપણી ઇન્દ્રિયોના ઉપર જે કાર્ય કરે છે તેનાથી આપણે દૂર, તટસ્થ થઈ જવું જોઈએ. એ પ્રમાણે તટસ્થ થઈને આપણે અંતરમાં ડૂબકી મારવી જોઈએ, અર્થાત્‌, આપણે અંતરમાં જીવન ગાળતાં શીખવું જોઈએ, અને આપણી ઇન્દ્રિયો બાહ્ય પદાર્થોની પાછળ દોડી જતી હોય છે તેમને રોકવાની શક્તિ આપણે પ્રાપ્ત કરવી જોઈએ. ઇન્દ્રિયોનો સંપૂર્ણ સંયમ અને ઇન્દ્રિયો જે જે પદાર્થો માટે ઝંખના કરે તે બધા સિવાય ચલાવી લેવાની શક્તિ એ સાચું આધ્યાત્મિક જીવન મેળવવાની પહેલો શરત છે. એ પ્રમાણે કરી શકે તો જ પોતાની અંદર આત્મા

રહેલો છે તેવો અનુભવ માનવને થઈ શકે છે. બાહ્ય પદાર્થોના સ્પર્શોનું ગ્રહણ થવાને પરિણામે મનમાં જે વિકારો ઊભા થાય છે તેમનાથી કોઈ જુદી જ વસ્તુ 'આત્મા' છે અને એ આત્માના ગહન ઊંડાણમાં જતાં એવો અનુભવ થાય છે કે તે સ્વયંભૂ, અક્ષર, અવિકારી, પ્રશાંત, સ્વરાટ્, મહાન, પ્રશાંત પ્રસન્ન અને ઊર્જિત છે. તે પોતાની જાતનો પ્રભુ છે. આપણી બાહ્ય પ્રકૃતિમાં જે આતુર દોડધામ થયા કરતી હોય છે તેનાથી તે નિર્દોષ હોય છે. પરંતુ જ્યાં સુધી આપણે કામનાને વશ હોઈએ ત્યાં સુધી એ અનુભૂતિ થવી શક્ય જ નથી. કારણ કે આપણા માનસની સપાટી ઉપરના જીવનનું તત્ત્વ કામના છે અને તે ઇન્દ્રિયોને વશ જીવનથી સંતોષ પામે છે, તથા આવેગોના કાર્યમાં તેની સમગ્ર ક્રિયાશક્તિને અનુભવે છે. એમાં તેનું સમગ્ર કાર્યક્ષેત્ર તે જુએ છે. એટલે આપણે કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. જ્યારે કામનાઓ દૂર થઈ જશે ત્યારે એના લાગણીપ્રધાન પરિણામ જેવા આવેશોના બધા ઊભરા આપોઆપ શાંત થઈ જશે; કારણ કે એ ઊભરાઓના કારણરૂપ પ્રાપ્તિ અને હાનિને લઈને થતાં હર્ષ અને શોક, સફળતા અને નિષ્ફળતા, સુખદ અને દુઃખદ સ્પર્શો દૂર થઈ જાય છે. ત્યાર પછી શાંત સમતા સ્થાપન થશે અને છતાં આપણે જગતમાં જીવન તો ધારણ કરવાનું હોય છે, અને કર્મ પણ કરવાં પડે છે. અત્યારે આપણી પ્રકૃતિ એવી છે કે આપણે કર્મનાં ફળની કામના રાખીએ છીએ. પરંતુ આપણે એ જૂની પ્રકૃતિને પણ બદલી નાખવી જોઈએ. આપણે ફળની કામનાથી મુક્ત થઈને કર્મ કરવાની ટેવ પાડવી જોઈએ. નહિ તો કામના અને તેનાં સઘળાં પરિણામો કાયમ જ રહેશે, પરંતુ આપણી અંદર 'હું કર્મનો કર્તા છું', એ પ્રમાણે બંધાયેલી પ્રકૃતિને, આપણા કર્તાપણાના પડેલા સ્વભાવને આપણે કેવી રીતે બદલી શકીએ? આપણી અહંતા અને આપણા વ્યક્તિત્વથી કર્મોને જુદાં પાડવાથી એ પરિણામ આવી શકે છે. આત્માનાં બધાં કર્મો પ્રકૃતિના ગુણોનું પરિણામ છે એમ બુદ્ધિ વડે સમજવાથી અને પ્રકૃતિના ગુણોની જ રમત છે એમ જાણવાથી તથા આત્માને પ્રકૃતિનાં એ કાર્યોથી જુદો પાડીને તેને સાક્ષીને સ્થાને અનુભવવાથી એ પરિણામ આવે છે. અને એ સર્વ કર્મોની પાછળ રહીને જે દિવ્ય શક્તિ કાર્ય કરી રહી હોય છે તેને એ કર્મો સોંપી દેવાથી, તેને સમર્પણ કરવાથી આપણે પોતે એ કર્મોથી છૂટા પડીએ છીએ. એ દિવ્ય શક્તિને પ્રકૃતિની અંદર રહેલ આપણાથી કોઈ મહાન વસ્તુ તરીકે આપણે અનુભવીએ છીએ, જે આપણી વ્યક્તિતા નથી, પરંતુ જે વિશ્વસમસ્તની શાસક-સત્તા છે, ઈશ છે, સ્વામી છે. પરંતુ માનવનું મન વધારે વખત એ પ્રમાણે થવા દેશે નહીં; કારણ કે મનનો તો સ્વભાવ જ એવો છે કે ઇન્દ્રિય સુખોની પાછળ દોડવું અને બુદ્ધિ, સંકલ્પશક્તિ વગેરે કરણોને પોતાની પાછળ ઘસડી જવાં. એવે પ્રસંગે આપણે મનને તદ્દન નિઃસ્પંદ કરવાનો, તદ્દન ક્રિયાશૂન્ય કરવાનો અભ્યાસ

કરવો જોઈએ. અર્થાત્ આપણે એક પ્રકારની નિરપેક્ષ — નરી પ્રશાંતતા અને નીરવતા મેળવવાં જોઈએ, જેમાં સ્થિર થઈને આપણે અંતરમાં રહેલ સ્થિર, અક્રિય અને આનંદમય આત્માની અનુભૂતિ મેળવી શકીએ. જે આત્મા બાહ્ય સ્પર્શોની અસરથી સદા મુક્ત છે, જે સ્વપર્યાપ્ત અને આત્મતૃપ્ત છે તે પોતાની જ અંદર સનાતન તૃપ્તિ અનુભવે છે.

એ આત્મા આપણી સ્વયંભૂ સત્તા છે. આપણા સ્વાભાવિક વ્યક્તિત્વની સત્તાથી આપણો આત્મા પરિમિત થતો નથી, સત્તામાત્રમાં એ જ વ્યાપી રહેલો છે, સર્વ પ્રત્યે એ આત્મા સમ છે, પોતાની અનંતતા વડે તે સમગ્ર વિશ્વના કાર્યને નભાવી રહ્યો છે. પરંતુ વિશ્વમાં જે કાંઈ સાંત છે, મર્યાદિત છે તેનાથી એ પોતે મર્યાદિત થતો નથી, તથા પ્રકૃતિમાં અને વ્યક્તિમાં થતા વિકારોથી એ આત્મા મુક્ત છે, અવિકારી રહે છે. જ્યારે આપણી અંદર એ આત્મા પ્રગટ થાય છે, જ્યારે આપણે તેની શાંતિ અને તેના આનંદનો અનુભવ કરીએ છીએ, ત્યારે આપણે તેનામાં વિકાસ પામીએ છીએ. ત્યાર પછી જ આપણે પ્રકૃતિની અભિવ્યક્તિમાંથી આપણી ચેતનાના પાયાને હઠાવીને તેને આત્મામાં, એટલે કે ઊર્ધ્વ આધ્યાત્મિક કેન્દ્રમાં, લઈ જઈ શકીએ છીએ. અત્યાર સુધીમાં આપણે જે સ્થિરતા, સમતા અને રાગરહિત અપૌરુષેયત્વ કે તટસ્થતા પ્રાપ્ત કર્યાં છે તેના જ બળ વડે આપણે એ ધ્યેયને સિદ્ધ કરી શકીએ છીએ. કારણ કે જેમજેમ આપણે એ વસ્તુઓમાં — શાંતિ, સમતા વગેરેમાં — વિકાસ પામીએ છીએ, એ વસ્તુઓને પૂર્ણ કરાવીએ છીએ, તથા આપણી સમગ્ર પ્રકૃતિને એ ગુણોને વશ વર્તવાની ફરજ પાડીએ છીએ, તેમતેમ આપણે એ સ્થિર, સમ, સમત્વયુક્ત, અપૌરુષેય, સર્વવ્યાપી આત્માની અંદર વિકાસ પામતા જઈએ છીએ. આપણી ઇન્દ્રિયો શાંત થઈ જાય છે અને જગતના સર્વ બાહ્ય સ્પર્શોને તે ગાઢ પ્રશાંતિમાં સ્વીકારી શકે છે. આપણું મન પણ શાંત થઈ જાય છે અને સ્થિર, વિશ્વવ્યાપી સાક્ષીરૂપ થઈ રહે છે. આપણો 'અહં' બિનંગત એવી કોઈ અપૌરુષેય સત્તામાં લય પામી જાય છે. સર્વ પદાર્થો આપણને આત્મામાં જ આવી રહેલા દેખાય છે, અને આત્માને આપણે સર્વમાં જોઈએ છીએ. સર્વ સત્તા સાથે આપણે એકસત્ થઈ શકીએ છીએ, એટલે કે સત્તા માત્રના મૂળમાં રહેલી એકતા અનુભવીએ છીએ. નિઃસ્વાર્થ શાંતિ અને નિર્વૈયક્તિકતામાં રહીને આપણે જે કર્મો કરીએ છીએ તે આપણાં રહેતાં નથી. એમનાં પ્રતિકાર્યો વડે તે આપણને બંધનકર્તા થતાં નથી, યા તો ક્લેશ આપતાં નથી. પ્રકૃતિ અને તેના ગુણો આપણી અંદર કર્મનો પટ વણે છે, પરંતુ આપણી ક્લેશરહિત સ્વયંભૂ શાંતિનો ભંગ કર્યા વિના સર્વ કર્મ તે એક, સમ અને વિશ્વરૂપ બ્રહ્મને સમર્પણ કરવામાં આવે છે.

પરંતુ હવે બે મુશ્કેલીઓ બાકી રહે છે: પ્રથમ તો શાંત, અક્ષરબ્રહ્મ અને

પ્રકૃતિનાં કાર્યો એ બેની વચ્ચે ન મિટાવી શકાય એવો વિરોધ લાગે છે. એક વાર આપણે અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરીએ, પછી કર્મનું અસ્તિત્વ જ કેવી રીતે રહે, યા તો કર્મ ચાલુ રહે જ કેવી રીતે? એ અક્ષરબ્રહ્મમાં સંકલ્પશક્તિ જ ક્યાંથી હોય કે જેથી આપણી પ્રકૃતિમાં તેનું કાર્ય શક્ય બને? સાંખ્ય મતવાદીઓની પેઠે આપણે એમ કહીએ કે કર્મ કરવાની સંકલ્પશક્તિ તો પ્રકૃતિમાં રહેલી છે, આત્મામાં નથી હોતી, તો પછી પ્રકૃતિની અંદર કોઈ એવો હેતુ કે ઉદ્દેશ, એવી કોઈ શક્તિ રહેલી હોવી જોઈએ, જે આસક્તિ વડે, અહં વડે આત્માને પોતાના કાર્યમાં રસ લેતો કરી ખેંચી લાવે છે, અને જ્યારે આત્મામાં એ વસ્તુઓનું પ્રતિબિંબ પડતું બંધ થાય છે, ત્યારે પ્રકૃતિની પુરુષને — આત્માને એ પ્રમાણે ખેંચી લાવવાની શક્તિ પણ બંધ પડે છે, અને તેની સાથે કર્મોનો હેતુ પણ આપોઆપ જ શમી જાય છે. પરંતુ ગીતા એ મતને માન્ય કરતી નથી. એ મત પ્રમાણે તો એક, સર્વમય, વિશ્વપુરુષ નહિ, પરંતુ અનેક પુરુષોનો સ્વીકાર કરવો પ્રાપ્ત થાય, નહિ તો એક માનવને પોતાના આત્માનો અન્ય માનવોથી સ્વતંત્રપણે અનુભવ થાય અને એને મુક્તિ મળે, જ્યારે બીજા અસંખ્ય આત્માઓ બંધનમાં પડેલા હોય એ વસ્તુ બુદ્ધિમાં ઊતરી શકે જ નહીં. પણ પ્રકૃતિ પોતે કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી. એ તો પરમાત્માની પોતાની શક્તિ છે જે વિશ્વસર્જન રૂપે પોતાનો પ્રક્ષેપ કરે છે, વિસર્ગ કરે છે. પરંતુ ઈશ્વર એટલે અક્ષરબ્રહ્મ એ જ સાચી વસ્તુ હોય અને વ્યક્તિ એટલે એ અક્ષરના પોતાના અંશનો શક્તિમાં વિસર્ગ હોય તો વ્યક્તિ જેવી પોતાના અસલ અક્ષરસ્વરૂપમાં પ્રવેશ કરે અને ત્યાં સ્થિર થાય તેની સાથે સઘળું જ શમી જવું જોઈએ — સિવાય એ પરમ અદ્વૈત અને પરમ શાંતિ. બીજો પ્રશ્ન એ છે કે ધારો કે એ અદ્વૈતની સ્થિતિમાં પણ કર્મ કોઈ અગમ્ય રીતે ચાલુ રહે છે એમ સ્વીકારીએ, છતાં આત્મા તો સર્વ પ્રત્યે સમતાયુક્ત હોવાને લીધે કર્મ થાય છે કે નથી થતાં એ વસ્તુની બિલકુલ અગત્ય રહેતી નથી અથવા તો કર્મ થાય છે એમ સ્વીકારીએ તોપણ કયું કર્મ થાય છે એ વસ્તુ કશી અગત્યની નથી. એ સાચું હોય તો આ ઉગ્ર ઘોર વિનાશક એવું યુદ્ધનું કર્મ કરવાનો આટલો બધો આગ્રહ શા માટે? આ રથ, આ સંગ્રામ, આ યુદ્ધો, આ દિવ્ય સારથિ એ બધું શા માટે?

એ પ્રશ્નના ઉત્તરમાં ગીતા એવું વિધાન કરે છે કે પરમ ઈશ્વર, પુરુષોત્તમ, એક, અક્ષરબ્રહ્મના કરતાં પણ કોઈ વધારે મહાન, વધારે ઉચ્ચ વાસ્તવિકતા છે, અક્ષરથી તે વધારે વિશાળ અને સર્વગ્રાહક હોઈ તે એકીવખતે અક્ષર આત્મા અને પ્રકૃતિનાં કર્મોનો શાસક છે. એ નિમ્ન પ્રકૃતિનાં કાર્યોનું નિયમન પોતાના અક્ષરસ્વરૂપની સનાતન સ્થિરતામાં પ્રતિષ્ઠિત થઈને સમતાપૂર્વક, કર્મ અને વ્યક્તિત્વથી પર રહીને કરે છે. ચેતનાની ભૂમિકામાંથી તે (પુરુષોત્તમ) પ્રકૃતિનાં કર્મોનું સંચાલન કરે છે અને એ આધ્યાત્મિક સ્થિતિમાં આરોહણ કરવાથી આપણે પણ

એ ચેતનાને પ્રાપ્ત કરીએ છીએ, તથા દિવ્ય કર્મો કરવા અધિકાર પણ મેળવીએ છીએ. એ ઉપર જણાવેલી અક્ષર અવસ્થામાં પ્રતિષ્ઠિત રહીને પ્રભુ પ્રકૃતિમાં પોતાની સત્તાની સંકલ્પશક્તિ અને બળ તરીકે પ્રગટે છે. સર્વ સત્તામાં તે પોતાની જાતને વ્યક્ત કરે છે. જગતમાં માનવ તરીકે જન્મ ધારણ કરે છે, સર્વ માનવોનાં હૃદયમાં બિરાજે છે, અવતાર તરીકે પોતાનો આવિર્ભાવ કરે છે. તથા માનવની અંદર પણ દિવ્યતા જન્મે છે, અને જેમજેમ માનવનો આધ્યાત્મિક જીવનમાં વિકાસ થાય છે તેમતેમ માનવ દિવ્યતામાં વિકાસ પામે છે. સર્વ કર્મો આપણાં કર્મોના સ્વામી પ્રભુને યજ્ઞ રૂપે સમર્પણ કરવાં જોઈએ, અને આત્માની અંદર પ્રભુમાં વિકાસ સાધતાં આપણે આપણી પ્રકૃતિમાં પણ પ્રભુ સાથે એકતા પામવી જોઈએ. અને આપણું વ્યક્તિત્વ તેના જ અંશનો આવિર્ભાવ છે એવો સાક્ષાત્કાર કરવો જોઈએ. પ્રભુ સાથે એક થતાં આપણે વિશ્વમાં સર્વ પ્રાણીઓ સાથે પણ એક થઈએ છીએ અને પ્રભુથી પ્રેરિત દિવ્ય કર્મો જીવનમાં કરીએ છીએ. પરંતુ એ કર્મો આપણાં હોતાં નથી — આપણી અંદર થતું પ્રભુનું જ કાર્ય હોય છે. એવાં કર્મ વડે તે લોકોને દોરે છે તથા લોકસંગ્રહ કરે છે.

આપણે કરવાની મુખ્ય વસ્તુ તે આ છે. એક વાર એ અનુભવ થતાં જ અર્જુનની બધી મુશ્કેલીઓ આપોઆપ દૂર થઈ જશે. ત્યાર પછી પ્રશ્ન આપણાં અંગત કર્મનો નહિ રહે; કારણ કે આપણું જે વ્યક્તિત્વ હોય છે તે કાળમાં પડેલ એક ગૌણ વસ્તુ બની જાય છે. હવે એ આપણી મારફત વિશ્વમાં પ્રભુની સંકલ્પ-શક્તિને કામ કરવા દેવાનો પ્રશ્ન બને છે, એને સમજવા માટે પુરુષોત્તમ એટલે શું છે, તે પ્રકૃતિમાં શું બને છે, પ્રકૃતિનાં કાર્યો શાં શાં છે, એ કાર્યો આપણને ક્યાં દોરી જાય છે, તથા પ્રકૃતિમાં આવિર્ભાવ પામેલા આત્મા અને એ પુરુષોત્તમ વચ્ચે કેવા પ્રકારનો ગાઢ સંબંધ છે, જેની પ્રતિષ્ઠા જ્ઞાનયુકત ભક્તિમાં રહેલી છે, એ આપણે જાણવું જરૂરી છે. એ બધા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કરવું એ ગીતાના બાકીના ભાગનો વિષય છે.

ભાગ બીજો

ખંડ પહેલો

કર્મ, ભક્તિ અને જ્ઞાનનો સમન્વય

પ્રકરણ પહેલું

બે પ્રકૃતિઓ

ગીતાના પહેલા છ અધ્યાયોને એના ઉપદેશના સળંગ અંગ તરીકે ગણીને એમાં એની સાધના અને મીમાંસા બન્નેનો પ્રાથમિક પાયો આપવામાં આવ્યો છે તે આપણે જોઈ ગયા. બાકીના બાર અધ્યાયોને એ પ્રાથમિક પાયામાં જે તત્ત્વો આપવામાં આવ્યાં છે તેમનો જ વિકાસ કરનારા બે પરસ્પર સંકળાયેલા ભાગો તરીકે આપણે ગણી શકીએ. સાતથી બારમા અધ્યાયના બનેલા ષટ્કમાં પ્રભુની સત્-તા વિષેના વિશાળ તાત્ત્વિક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવે છે. અને પહેલા છ અધ્યાયોમાં જેમ ગીતા કર્મ અને જ્ઞાનને પરસ્પર સાંકળે છે અને તેમનો સમન્વય કરે છે તેમ અહીં પણ જ્ઞાન અને ભક્તિને તે પરસ્પર સાંકળીને તેમનો સમન્વય કરી બતાવે છે. અગિયારમા અધ્યાયમાં વિશ્વરૂપ દર્શન આવે છે તે આ સમન્વયમાં એક પ્રકારની સક્રિયતા અને સજીવતાનું તત્ત્વ ઉમેરે છે અને તેને કર્મો સાથે અને જીવન સાથે જોડી આપે છે. આ રીતે અર્જુનના જે મૂળ પ્રશ્ન પરત્વે ગીતાના ઉપદેશનો આરંભ થયો છે તે મૂળ પ્રશ્નના ઉપર બધું પાછું આવી મળે છે. ત્યાર પછી પુરુષ અને પ્રકૃતિ વચ્ચેના ભેદને સ્પષ્ટ કરીને ગીતા ત્રણ ગુણોના કાર્ય વિષેના, ગુણોથી પર આરોહણ કરવા વિષેના, તથા જ્ઞાનસહિત કરેલાં નિષ્કામ કર્મો ભક્તિ સાથે જ્યાં મળે છે તે, — એટલે કે જ્ઞાન કર્મ અને ભક્તિ ત્રણેની એકતા સાધીને તે — વિષેના, પોતાના વિચારોને વિશદ કરીને છેવટે પોતાના ઉપદેશના ઉત્કૃષ્ટ બિંદુ પ્રત્યે આરોહણ કરે છે. અને આખરે આપણને જીવનના નાથને આત્મસમર્પણ કરવાનું પરમ રહસ્ય દર્શાવે છે.

અત્યાર સુધીમાં જે પ્રકારનું નિરૂપણ જોવા મળ્યું છે તેના કરતાં ગીતાના આ બીજા ભાગમાં આપણને વધારે સંક્ષિપ્ત અને સરળ રીતનું જોવા મળે છે. પહેલા છ અધ્યાયોમાં ગીતાના સત્યની ચાવી જે શબ્દોમાં રહેલી છે તેમની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવી નથી. મુશ્કેલીઓ જેમજેમ આવે છે, ઊભી થાય છે તેમતેમ તેમનો ઉકેલ આપવામાં આવે છે, — અને એમાં ગીતાના મુખ્ય વિષયની પ્રગતિ જરા પરિશ્રમપૂર્વક થતી જણાય છે. કેટલીક વસ્તુઓ અધ્યાહાર રાખીને અને ફરીને પાછી તેમને હાથ ઉપર લઈને મૂળ વિષયની પ્રગતિ સધાય છે. ઘણી વસ્તુઓ અધ્યાહાર રાખવામાં આવે છે જેનો અર્થ, આપણને સ્પષ્ટ સમજાતો નથી. પણ અહીં સાતમા અધ્યાય પછી જાણે આપણે વધારે ચોક્કસ ભૂમિ પર આવીને ઊભા

છીએ એમ લાગે છે, અને અહીં જે ભાષાનો પ્રયોગ થયો છે તે વધારે સ્પષ્ટ, સંક્ષિપ્ત અને અર્થઘન છે. પરંતુ એ દાબીને ભરેલા અર્થની સંક્ષિપ્તતા હોવાને કારણે જ ભૂલો થતી અટકાવવા માટે, અને અસલ અર્થ આપણા ધ્યાન બહાર ન રહી જાય એટલા માટે આપણે સાવધાનતાપૂર્વક પગલાં ભરવાં જોઈએ. કારણ કે અહીં આપણે આધ્યાત્મિક અને મનસ્તત્ત્વના અનુભવની સલામત ભૂમિકા ઉપર દૃઢપણે પ્રતિષ્ઠિત નથી. પરંતુ આધ્યાત્મિક સત્ય વિષેના -- અને ઘણી વાર તો વિશ્વાતીત કોઈ પરમ સત્ય વિષેના — બુદ્ધિના વિધાન સાથે આપણે અહીં કામ લેવાનું હોય છે. તત્ત્વજ્ઞાનના વિધાનમાં એક જોખમ અને અનિશ્ચિતતા હમેશાં રહેલાં જ હોય છે અને તે એ કે એવા વિધાનમાં જે વસ્તુ ખરી રીતે અનંત છે તેની આપણા મન આગળ વ્યાખ્યા કરવામાં આવે છે. એ પ્રયત્ન, અલબત્ત, કરવો પડે છે, પરંતુ તે કદી સંપૂર્ણપણે સંતોષકારક, સંપૂર્ણપણે છેવટનો કે આખરી હોઈ શકતો નથી. ઊંચામાં ઊંચું આધ્યાત્મિક સત્ય જીવનમાં જીવી શકાય છે, એનું કાંતદર્શન પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ ભાષામાં એની રજૂઆત તો કેવળ આંશિક, યાને મર્યાદિતપણે જ કરી શકાય છે. ઉપનિષદની ભાષા જે ગૂઢ પદ્ધતિનો આશ્રય લે છે તે જ આવા વિષયમાં એકમાત્ર સાચી પદ્ધતિ અને સાચી ભાષા છે. એટલે કે જેમાં રૂપકો અને પ્રતીકોનો છૂટથી આશ્રય લેવામાં આવે, જે ભાષા પણ સહજ જ્ઞાનથી પ્રેરિત હોઈ તેમાં બુદ્ધિની સખત અને મર્યાદાઓ ઊભી કરનારી નિશ્ચિતતાને દૂર મૂકવામાં આવતી હોય, તથા શબ્દોના અર્થને કોઈ અસીમ ધ્વનિની ઊર્મિરૂપે વહેતા મૂકવામાં આવે એવી પદ્ધતિ જ બરાબર ગણાય. પરંતુ ગીતાથી એ પદ્ધતિનો આશ્રય લઈ શકાય તેમ નથી કારણ કે બુદ્ધિની મુશ્કેલીને સંતોષવા માટે તો એની યોજના થઈ છે. ગીતા એક એવી મનોદશાનો ઉત્તર આપે છે જેમાં તર્કશક્તિ — જેની આગળ આપણે આપણા આવેગોના અને લાગણીઓના ઝઘડાઓ પતાવવા માટે પંચ તરીકે લઈ જઈએ છીએ તે તર્કશક્તિ,— પોતે જ પોતાની સાથે ઝઘડામાં પડી ગઈ છે અને કશો પણ નિર્ણય કરવાને પોતે અશક્ત બની ગયેલી છે. એ તર્કશક્તિને એનાથી પર રહેલા કોઈ સત્ય પ્રત્યે દોરી જવાની છે, પરંતુ એની પોતાની પદ્ધતિ વડે અને તેની પોતાની રીતે. એવી તર્કશક્તિને માનસતત્ત્વ ઉપર આધાર રાખનાર આધ્યાત્મિકતાવાળો ઉકેલ આપવામાં આવે, જેના પુરાવાઓ વિષે, એ તર્કશક્તિને પોતાને કશો જ અનુભવ નથી, તો એ ઉકેલની સચ્ચાઈની એને ખાતરી ક્યારે થાય? ત્યારે જ કે જ્યારે જે સત્યનો ઉપર એ ઉકેલ ઊભેલો છે તે સત્યોનાં બૌદ્ધિક દૃષ્ટિએ કરેલાં વિધાનો એને તર્કની રીતે સંતોષકારક લાગે.

અત્યાર સુધીમાં જે સત્યો ગીતાના ઉકેલની ખાતરી આપવા માટે રજૂ થયાં છે તે બધાં અર્જુનના માનસને પરિચિત એવાં સત્યો છે, અને એ કોયડાના

ઉકેલના ફક્ત આરંભના બિંદુ તરીકે જ પૂરતાં છે. પ્રથમ તો માનવનો આત્મા અને પ્રકૃતિમાં રહેલ તેની વ્યક્તિતા એ બેની વચ્ચેનો ભેદ આપણે જાણવાનો છે. આ ભેદનો ઉપયોગ કરીને ગીતા બતાવી આપે છે કે જ્યાં સુધી એ પ્રકૃતિમાં રહેલી વ્યક્તિતા અહંના કાર્યમાં પુરાયેલી છે અને જ્યાં સુધી ત્રણ ગુણોનાં કાર્યને તે વશ વર્તે છે ત્યાં સુધી તે ગુલામ જ રહે છે. કારણ કે એ ત્રણ ગુણોની અસ્થિર ક્રિયાને પરિણામે માનવની તર્કશક્તિની, મનની, પ્રાણની તથા શારીરિક ઇન્દ્રિયોની સમસ્ત કાર્યપદ્ધતિ ઉત્પન્ન થાય છે. અને પ્રકૃતિના એ ચક્કરમાં અર્જુનના પ્રશ્નનો કોઈ ઉકેલ મળી શકે તેમ નથી. તેથી કરીને, એ ચક્કરની બહાર આરોહણ કરવાથી — અર્થાત્, ત્રણ ગુણોથી પર થઈને અક્ષર અને નીરવ એવા આત્મામાં આરોહણ કરવાથી, — એ ઉકેલ હાથ લાગશે. કારણ કે એ પ્રમાણે કરવાથી આખી મુશ્કેલીના મૂળમાં જે અહં અને કામના રહેલાં છે તેમના કાર્યથી વ્યક્તિ પર થઈ જાય છે. પરંતુ આ ઉકેલ સ્વયં તો સીધેસીધો અકર્મ તરફ જ લઈ જાય છે, કારણ કે પ્રકૃતિથી પેલી તરફ કર્મ કરવાનાં કરણોનો અભાવ છે તથા ત્યાં કર્મનું કારણ કે નિર્માણ કરનાર કોઈ વસ્તુ રહેતી નથી. અક્ષર પોતે તો અક્રિય છે, સર્વ વસ્તુઓ, ક્રિયાઓ અને સર્વ ઘટનાઓ પ્રત્યે તે તટસ્થ અને સમ છે. એટલે અહીં યોગમાર્ગમાંથી ઈશ્વરતત્ત્વને સર્વ કર્મ તથા સર્વ યજ્ઞના સ્વામી તરીકે ગીતા સ્વીકારે છે. વળી એ ઈશ્વર અક્ષર પુરુષ કરતાં વધારે ઉચ્ચ ભૂમિકામાં વસે છે તથા એ ઈશ્વરમાં વિશ્વમય સ્વરૂપની ચાવી રહેલી છે એ બાબત અત્યાર પહેલાં સૂચિત કરવામાં આવી છે પરંતુ હજી સુધી સ્પષ્ટપણે પ્રગટ કરવામાં આવી નથી. એટલે કે, આત્માને ઊર્ધ્વ ગતિ કરાવી ઈશ્વરમાં આરોહણ કરીને આપણાં કર્મોનાં બંધનમાંથી આધ્યાત્મિક મુક્તિ મેળવવી અને છતાં પ્રકૃતિનાં કાર્યો ચાલુ રાખવાં એ વસ્તુ શક્ય છે. પરંતુ અત્યાર સુધી અહીં કુરુક્ષેત્રના મેદાન ઉપર દિવ્ય ગુરુ અને સારથિ તરીકે અવતરેલા પુરુષોત્તમ તે કોણ છે, અથવા તો, એ પરમ પુરુષનો અને આત્માનો તથા પ્રકૃતિમાં જે વ્યક્તિતા છે તેમની વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે એ વિષે હજી સ્પષ્ટતા કરવામાં આવી નથી. વળી એ પરમ પુરુષ તરફથી આવતો કર્મ કરવાનો સંકલ્પ નિમ્ન પ્રકૃતિના ત્રણ ગુણોમાં કાર્ય કરી રહેલ સંકલ્પથી કેવી રીતે જુદો પડે છે એ પણ હજી સુધી સ્પષ્ટ થયું નથી. અને ઈશ્વરનો સંકલ્પ એ જ પ્રકૃતિમાં કાર્ય કરી રહેલો સંકલ્પ હોય તો ઈશ્વરના સંકલ્પને અનુસરીને કર્મ કરનાર આત્મા તેના કાર્યના અનુષ્ઠાનમાં ત્રણ ગુણોને વશ થયા વિના ભાગ્યે રહી શકે, — ભલે તેના અંતસ્તત્ત્વમાં તે બંધનમાં ન પડે. અને એ પ્રમાણે જો હોય તો પછી જે મુક્તિ મળવાનું વચન ગીતા આપે છે તે મુક્તિ કાં તો મિથ્યા બની જાય છે, અથવા તો અપૂર્ણ રહે છે. સંકલ્પ યાને તપઃશક્તિ એ સત્-તાની કાર્યવાહક બાજુ છે, પ્રકૃતિની સક્રિય શક્તિ છે, એ જ પોતે શક્તિ છે, પ્રકૃતિ છે. તો પછી,

ત્રણ ગુણોની બનેલી પ્રકૃતિથી પર એવી કોઈ બીજી પ્રકૃતિ છે ખરી? અહં, કામના, મન, ઇન્દ્રિયો, તર્કશક્તિ અને પ્રાણના આવેગોથી જુદી એવી કોઈ વ્યવહારલક્ષી સર્જન કરનારી સંકલ્પશક્તિ યા તપઃશક્તિ છે ખરી?

આ અનિશ્ચિત પરિસ્થિતિમાં, દિવ્ય કર્મો જે જ્ઞાનના ઉપર પ્રતિષ્ઠિત કરવાનાં છે તે જ્ઞાન વધારે સંપૂર્ણ રીતે આપવું આવશ્યક બને છે. અને એ જ્ઞાન એટલે સર્વ કર્મોના નિદાન એવા પ્રભુનું સર્વાંગીણ અને સંપૂર્ણ જ્ઞાન. પ્રભુના એ સ્વરૂપમાં કર્મયોગી જ્ઞાનને પરિણામે મુક્ત બને છે. કારણ કે ત્યાર પછી સર્વ કર્મો જેમાંથી ઉદ્‌ભવે છે તેવા મુક્ત આત્માનું, એટલે કે પ્રભુનું, તેને જ્ઞાન થાય છે, અને એવો કર્મયોગી પરમ આત્માની એ મુક્તિનો ભાગીદાર બને છે. વળી આ જ્ઞાન એ પ્રકારનું પણ હોવું જોઈએ જે ગીતાના પહેલા ભાગના અંતમાં આવતા કથનોનું ઔચિત્ય પ્રગટ કરે. આધ્યાત્મિક ચેતના અને આધ્યાત્મિક કર્મના સઘળા હેતુઓ અને સઘળી શક્તિઓ કરતાં ભક્તિની ઉત્કૃષ્ટતા સ્થાપી આપે એવું એ જ્ઞાન હોવું જોઈએ. એ જ્ઞાન એટલે માનવના આત્માએ જેને સંપૂર્ણપણે આત્મ-સમર્પણ કરવાનું છે એ પ્રાણીમાત્રના સ્વામી એવા પુરુષોત્તમનું જ્ઞાન હોવું જોઈએ. માનવે એને સમર્પણ કરવું જોઈએ. એ સમર્પણ પ્રેમમાત્રનું અને ભક્તિનું ઊંચામાં ઊંચું સ્વરૂપ છે. સાતમા અધ્યાયના આરંભના શ્લોકોમાં ગુરુ એ પ્રકારનું જ્ઞાન આપવા માંગે છે. એમાં જે વિચારબીજનો વિકાસ શરૂ થાય છે તે ગીતાનો બાકીનો ભાગ રોકે છે. "મારામાં આસક્ત એવા મન વડે અને મારો આશ્રય લઈને યોગ-સાધના કરવાથી કોઈ પ્રકારના સંશય વગર, સમગ્ર રૂપે, તું મને કેવી રીતે જાણી શકશે તે સાંભળ. આ વિષે હું તને જરા પણ ઓછું કર્યા વિના નિઃશંક રીતે સારભૂત જ્ઞાન તથા તેની સાથે સર્વનો પોતાનામાં સમાવેશ કરે એવું વિશાળ જ્ઞાન આપવા ઇચ્છું છું. એ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અહીં જાણવાનું કશું બાકી રહેશે નહીં."[૧]

આ વાક્યોનો મર્મ એ છે કે પ્રભુ જ સર્વ છે — वासुदेवः सर्वम् (૭.૧૯) એટલે જો એ વાસુદેવનું સમગ્ર રૂપે, એટલે કે એની સર્વ શક્તિઓ અને સઘળાં તત્ત્વો સહિત, જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે તો સઘળું જ્ઞાત થાય. અર્થાત્ વિશુદ્ધ આત્માનું જ નહિ, પરંતુ સૃષ્ટિનું, કર્મનું અને પ્રકૃતિનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય. ત્યાર પછી જાણવાનું કશું બાકી રહેતું નથી. કારણ કે સર્વ કાંઈ એ દિવ્ય પ્રભુ જ છે, સત્ય જ છે. આપણું દૃષ્ટિબિંદુ અત્યારે આ પ્રકારની સમગ્રતાવાળું નથી અને

---

૧ मय्यासक्तमनाः पार्थ योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ।। (૭,૧)
ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ।। (૭,૨)

આપણાં ભેદભાવવાળાં મન અને બુદ્ધિના ઉપર તથા અહંના જુદાપણાના ખ્યાલ ઉપર આધાર રાખનું હોવાથી આપણી માનસિક સમજૂતી અજ્ઞાનવાળી બને છે. આપણે એ માનસિક અને અહંપ્રધાન દૃષ્ટિબિંદુથી દૂર થઈ જઈને સર્વની એકતા કરે એવા જ્ઞાન પ્રત્યે પ્રગતિ કરવાની છે. એ જ્ઞાનની બે બાજુઓ છે: જેને સારભૂત 'જ્ઞાન' કહેવામાં આવે છે અને જેને સર્વગ્રાહી 'વિજ્ઞાન' કહેવામાં આવે છે. જ્ઞાન એટલે પરમ દિવ્ય સત્યનો, યાને પરાત્પર પ્રભુનો પ્રત્યક્ષ, આધ્યાત્મિક પ્રબોધ અને સંજ્ઞા. વિજ્ઞાન એટલે એ ઈશ્વરના અસ્તિત્વનાં તત્ત્વોનું, અર્થાત્, પ્રકૃતિ, પુરુષ આદિનું યથાર્થ નિકટવર્તી જ્ઞાન. વિશ્વમાં જે કાંઈ છે તે સઘળાનું દિવ્ય મૂળ તથા એ બધાની પ્રકૃતિનું પરમ સત્ય બન્ને વિજ્ઞાન વડે જાણી શકાય છે. ગીતા કહે છે કે આ સમગ્રતાવાળું જ્ઞાન અતિ વિરલ છે, દુષ્પ્રાપ્ય છે. "હજારો માણસોમાં એકાદ રડયોખડયો માણસ પૂર્ણતા પ્રાપ્ત કરવાને મથે છે. અને એવા યત્ન કરનારા અને સિદ્ધિને પ્રાપ્ત કરનારાઓમાંથી કોઈ એકાદ મારી સત્-તાનાં સઘળાં તત્ત્વો સહિત મને જાણે છે."૨

ઉપર પ્રમાણે વિધાન કરીને આરંભમાં જ આ સમગ્રતાવાળા જ્ઞાનનો પાયો નાખવા માટે પોતાના યોગના વ્યવહારુ પાયામાં બે પ્રકૃતિઓ વચ્ચે જે ગૂઢ અને મહાન ભેદ રહેલો છે તેને ગીતા સ્પષ્ટ કરે છે. એક પ્રકૃતિ રૂપાત્મક છે બીજી આધ્યાત્મિક છે. "પંચ ભૂત, મન, બુદ્ધિ અને અહં — એ પ્રમાણે મારી ભિન્નતાવાળી પ્રકૃતિ અષ્ટધા છે. પરંતુ એનાથી જુદી એવી એક બીજી મારી પ્રકૃતિ પણ છે જે આ જીવ રૂપ થયેલી છે, અને જેના વડે આ જગત ટકી રહેલું છે, તેને પણ જાણ."૩

અહીં ગીતા એક નવો જ તાત્ત્વિક વિચાર રજૂ કરે છે. એને લઈને ગીતા જોકે સાંખ્ય દર્શનના વિચારોથી આરંભ કરે છે તોપણ એ વિચારોથી પોતે પર જઈ શકે છે અને સાંખ્યના શબ્દોને પોતે સ્વીકારે છે અને વિસ્તારે છે, તોપણ તેમનામાં વેદાંતના અર્થનું આરોપણ કરી શકે છે. અહીં જે અષ્ટધા પ્રકૃતિનો ઉલ્લેખ છે તે સાંખ્યમાં આપેલું પ્રકૃતિનું જ વર્ણન છે: એમાં પંચ મહાભૂતો, — ઘણી વાર આ ભૂતોનો 'તત્ત્વો' તરીકે અનુવાદ કરવામાં આવે છે; પરંતુ ખરું જોતાં એ પાંચ ભૌતિક તત્ત્વોની પાંચ મૌલિક કે તાત્ત્વિક દશાઓ છે જેમને પૃથ્વી,

---

૨ मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।। (૭,૩)

૩ भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ।। (૭,૪)
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ।। (૭,૫)

અપ, તેજ, વાયુ અને આકાશ એવાં નામો આપવામાં આવે છે, — ૬, મન અને તેની સાથે તેની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો, ૭મી બુદ્ધિ તથા ૮મો અહં, — આમ આઠ તત્ત્વોનો સમાવેશ થાય છે. સાંખ્ય દર્શન એટલેથી અટકે છે. અને તે અહીં અટકે છે એટલે જ એને પુરુષ અને પ્રકૃતિ એ બેની વચ્ચે ન પૂરી શકાય એવો ભેદ ઉપસ્થિત કરવો પડે છે, — પુરુષ અને પ્રકૃતિ એ બેને ધરમૂળથી એક-બીજાંથી જુદાં તત્ત્વ તરીકે એને સ્વીકારવાં પડે છે. ગીતા પણ જો એટલેથી જ અટકી જાત તો એને પણ પુરુષ અને વિશ્વપ્રકૃતિ એ બેની વચ્ચે ન મિટાવી શકાય એવો વિરોધ જ સ્વીકારવો પ્રાપ્ત થાત. કારણ કે એ દૃષ્ટિએ તો વિશ્વપ્રકૃતિ એટલે ત્રણ ગુણોની બનેલી માયા જ ગણાય અને આખું વિશ્વ એ માયાનું જ પરિણામ ગણવું પ્રાપ્ત થાત. બીજું કાંઈ તે હોઈ જ ન શકે. પરંતુ બીજું એક તત્ત્વ છે, — એક વધારે ઊર્ધ્વ પ્રકારનું તત્ત્વ છે, આત્માની પોતાની દિવ્ય પ્રકૃતિ — परा प्रकृतिर्मम (૭.૫) 'મારી પોતાની પરા પ્રકૃતિ' રહેલી છે. પ્રભુની પોતાની પરા પ્રકૃતિ છે, અને વિશ્વના અસ્તિત્વનું તથા એની મૌલિક સર્જક શક્તિનું ખરું મૂળ, વિશ્વની પરિણામકારક શક્તિનું વાસ્તવિક મૂળ એ પરા પ્રકૃતિમાં રહેલું છે. અને આપણે આ જે અપરા, એટલે અવિદ્યામય પ્રકૃતિ જોઈએ છીએ તે તો એમાંથી ગૌણ રૂપે ઉત્પન્ન થયેલી શક્તિ છે, એ દિવ્ય પ્રકૃતિની શ્યામ છાયા છે. એ ઊર્ધ્વતમ ક્રિયાશીલ પરા પ્રકૃતિમાં પુરુષ અને પ્રકૃતિ બન્ને એક હોય છે. ત્યાં પ્રકૃતિ પુરુષની સંકલ્પશક્તિ, કાર્યવાહક શક્તિ, એની सत्-તાની પ્રવૃત્તિ રૂપ હોય છે, એનો જુદી હસ્તી હોતી નથી, પરંતુ એ પુરુષનું જ શક્તિસ્વરૂપ હોય છે.

આ પરા પ્રકૃતિ એટલે કાંઈ વિશ્વની સઘળી પ્રવૃત્તિઓમાં જે આધ્યાત્મિક તત્ત્વ વ્યાપીને રહેલું છે તેની સન્નિધિ માત્ર નથી. કારણ કે એમ હોય તો સર્વવ્યાપી આત્માની કેવળ અક્રિય સન્નિધિ જ તે ગણાય. એટલે કે સર્વ પદાર્થોમાં તે વ્યાપીને રહે, યા તો સર્વને પોતાનામાં તે ધારણ કરે, અને એક રીતે પોતાની કેવળ સન્નિધિને લઈને સૃષ્ટિના વ્યાપારોને ફરજ પાડીને ચલાવે, પરંતુ પોતે તો અક્રિય જ રહે. વળી આ પરા પ્રકૃતિ સાંખ્યમતમાં જેને 'અવ્યકત' કહેવામાં આવે છે તે વસ્તુ પણ નથી. એ અવ્યકત એટલે અક્ષરા જે પ્રકૃતિ વ્યકત છે તેની પ્રાથમિક, અવ્યકત એવી, બીજદશા છે. અર્થાત્, એ એકમાત્ર આદિ સર્જક શક્તિ છે જેમાંથી પ્રકૃતિની અનેક કરણ શક્તિઓ અને કાર્યવાહક શક્તિઓ વિકાસ પામે છે. વળી, 'અવ્યકત'ના ખ્યાલને વેદાંતના અર્થમાં ઘટાવવો એ પણ પૂરતું નથી. અર્થાત્, પરા શક્તિ એટલે અવ્યકત બ્રહ્મમાં કે આત્મામાં રહેલી તિરોભૂત અને સ્વયંભૂ શક્તિ જેમાંથી આ વિશ્વ ઉત્પન્ન થાય છે અને જેમાં તે આખરે લય પામે છે એમ પણ આપણે કહી શકીશું નહીં. પરા શક્તિ એ અવ્યકત બ્રહ્મમાં રહેલી તિરોભૂત શક્તિ છે ખરી, પણ એનાથી તે ઘણી વધારે પણ છે. કારણ કે એ

તિરોભૂત સ્થિતિ તો એની ફકત એક જ આધ્યાત્મિક સ્થિતિ છે. ખરું જોતાં, પરા શકિત પરમ પુરુષની સમગ્ર ચિત્-શકિત છે. એ આત્માના અસ્તિત્વની તેમજ વિશ્વના અસ્તિત્વની પાછળ આવી રહેલી છે. અક્ષર બ્રહ્મમાં એ પરા શકિત આત્માની અંદર ગુમ રહે છે. એટલે કે ત્યાં પણ એ લોપ છે તો ખરી, પરંતુ નિવૃત્તિમાં રહે છે, કર્મમાંથી પોતાની જાતને અલગ રાખે છે, ક્ષર આત્મામાં અને વિશ્વમાં એ જ શકિત પ્રવૃત્તિ રૂપે પ્રગટ થાય છે. ત્યાં એની ક્રિયાત્મક સન્નિધિને લઈને પુરુષની અંદર સર્વ પ્રકારનાં પ્રાણીઓને તે વિકસાવે છે. તથા તેમની અંદર એ શકિત પોતે મૌલિક આધ્યાત્મિક પ્રકૃતિ તરીકે પ્રગટ થાય છે, — એ પ્રાણીઓની સ્વાનુભવનિષ્ઠ અને વસ્તુનિષ્ઠ — અંતરના અનુભવવાળી અને બહારની વસ્તુઓના અનુભવવાળી — એવી બે પ્રકારની રૂપાત્મક લીલાની પાછળ રહેલા સ્થાયી સત્ય રૂપે તે વ્યકત થાય છે. એ પરા શકિત મૂળનો ગુણ છે, અસલમાં રહેલી શકિત છે, સ્વભાવ છે. અને સ્વભાવના સઘળા આવિર્ભાવમાં રહેલું 'સ્વ'નું તત્ત્વ છે. એ આવિર્ભાવોની રૂપાત્મક સત્-તાની પાછળ રહેલ અસલ તત્ત્વ અને દિવ્ય શકિત છે. આપણે નીચેની પ્રકૃતિમાં ગુણોની જે સમતુલા જોઈએ છીએ તે આ પરમ તત્ત્વ પરા શકિતમાંથી ઊપજેલી પરિમાણપ્રધાન અને તદ્દન ગૌણ લીલા માત્ર છે. રૂપોની, આકારોની આ બધી પ્રવૃત્તિ, અપરા પ્રકૃતિના આ બધા માનસિક, ઇન્દ્રિય-પ્રધાન અને બુદ્ધિના પ્રયાસો મળીને રૂપાત્મક વાસ્તવિકતા બને છે. જો એ રૂપાત્મક વાસ્તવિકતાની પાછળ આ આધ્યાત્મિક બળ અને સદ્વસ્તુની શકિત આવી રહી ન હોત તો એ રૂપાત્મક અધો પ્રકૃતિની હસ્તી જ હોત નહીં. એટલે કે આ અધો પ્રકૃતિ એ પરા શકિતને લઈને અસ્તિત્વમાં આવે છે, એની અંદર જ રહેલી છે, અને કેવળ એને આધારે જ ટકી રહેલી છે. જો આપણે દૃશ્ય સ્વરૂપની અધો પ્રકૃતિમાં જ રહીશું અને તે આપણા માનસના ઉપર જે છાપ પાડે છે તેના વડે જ વસ્તુઓને જોઈશું તો આપણા સક્રિય જીવનના વાસ્તવિક સત્યને આપણે મેળવી શકીશું નહીં. ખરું સત્ય આ દિવ્ય આધ્યાત્મિક શકિત છે, — પરા શકિત છે, દિવ્ય સદ્વસ્તુમાં રહેલું દિવ્ય બળ છે, વસ્તુઓમાં વ્યાપીને રહેલા આત્માનો મૌલિક ગુણ છે. અથવા વધારે સારી રીતે, આત્માનો એવો ગુણ છે જેમાં સર્વ વસ્તુઓ આવી રહેલી છે, અને જેમાંથી તેઓ પોતાની સઘળી શકયતાઓને તથા ક્રિયાઓનાં બીજોને આકર્ષે છે. એ સત્યને, એ શકિતને, એ ગુણને મેળવવાથી આપણે આપણા જીવનના દિવ્ય તત્ત્વને પ્રાપ્ત કરીશું, તથા જીવનનું મૂળ અને તેનું અનુમોદન જ્ઞાનમાં, — નહિ કે કેવળ અજ્ઞાનની પ્રક્રિયામાં — આપણે પ્રાપ્ત કરીશું.

ઉપર જે નિરૂપણ કરવામાં આવ્યું છે તે આધુનિક માનસની વિચાર કરવાની રીતિને અનુકૂળ ભાષામાં ગીતાના અર્થને રજૂ કરે છે. પરંતુ પરા પ્રકૃતિનું જે

વર્ણન ગીતા આપે છે તે જોઈશું તો આપણને જણાશે કે ગીતા જે કહે છે તેનું તાત્પર્ય વ્યવહારની દૃષ્ટિએ ઉપર જણાવ્યું તે જ છે. પ્રથમ આરંભમાં જ શ્રીકૃષ્ણ કહે છે, આ બીજી પરા પ્રકૃતિ છે તે 'મારી પોતાની પરમ પ્રકૃતિ છે' — પ્રકૃતિં મે પરામ્ (૭.૫) અને 'હું' જે અહીં પ્રત્યક્ષ છું તે પુરુષોત્તમ પોતે છું — ઉત્તમ પુરુષ છું, પરમ આત્મા, પરાત્પર અને વિશ્વવ્યાપી પુરુષ છું. બ્રહ્મની આદિ અને સનાતન પ્રકૃતિ, તેની પરાત્પર અને સર્જનાત્મક શક્તિ એ જ આ પરા પ્રકૃતિ છે. કારણ કે પોતાની પ્રકૃતિની સક્રિય શક્તિના દૃષ્ટિબિંદુથી જ્યારે શ્રીકૃષ્ણ જગતની ઉત્પત્તિનો ઉલ્લેખ કરે છે ત્યારે કહે છે: 'સર્વ ભૂતોની આ યોનિ છે' — એતદ્ યોનીનિ ભૂતાનિ (૭.૬) અને એ જ શ્લોકની બીજી લીટીમાં સર્જન કરનાર આત્માના દૃષ્ટિબિંદુથી એની એ વાત જ્યારે રજૂ કરે છે ત્યારે શ્રીકૃષ્ણ કહે છે: 'હું અખિલ જગતોનો જન્મ છું અને તેમનો વિલય પણ હું છું. મારાથી પર હોય એવું બીજું કશું છે જ નહીં.' अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा । (૭.૬). અહીં, આપણને પરમ આત્મા, યાને પુરુષોત્તમ અને પરા શક્તિ, યાને પરા પ્રકૃતિ બન્નેનું એક રૂપ થયેલું જોવા મળે છે. એક જ વાસ્તવિકતાને, એક જ સત્યને, જોવાના એ બે પ્રકારો હોય એ પ્રમાણે તે અહીં રજૂ કરવામાં આવે છે. કારણ કે શ્રીકૃષ્ણ જ્યારે જાહેર કરે છે કે હું આ જગતનો પ્રભવ એટલે જન્મ અને પ્રલય છું ત્યારે એના અસ્તિત્વનાં પરા પ્રકૃતિ, પરા શક્તિ જ એ બે સ્વરૂપે વ્યક્ત થાય છે. બ્રહ્મ એ અનંત ચેતનાવાળી પરમ સદ્ વસ્તુ છે તથા પરા શક્તિ, યાને પરા પ્રકૃતિ બ્રહ્મના અસ્તિત્વમાં રહેલી અનંત શક્તિ છે, — એની અનંત શક્તિશાળી સંકલ્પશક્તિ છે. પરા પ્રકૃતિ, બ્રહ્મની પોતાની અનંત ચેતના છે જેમાં દિવ્ય શક્તિ સ્વભાવથી જ રહેલી છે, અને જેનું દિવ્ય કાર્ય કોઈ દિવ્ય રીતે થતું હોય છે. બ્રહ્મમાંથી આ સચેતન શક્તિનું ક્રમવિકાસની ક્રિયામાં પ્રગટ થવું એનું નામ જન્મ છે — परा प्रकृतिं जीवभूतां । (૭.૫), આ ક્ષર વિશ્વમાં એની પ્રવૃત્તિ તે જન્મ. પ્રલય એટલે એ ક્રમવિકાસની પ્રવૃત્તિને પાછી સમેટી લઈને અક્ષર સત્ માં એને તિરોહિત કરવી, આત્માની શક્તિને સ્વયમેવ એકત્ર કરી સમેટી લેવી તે. પરા પ્રકૃતિનો શરૂઆતનો અર્થ આ પ્રમાણે લેવાનો છે.

પરા પ્રકૃતિ એટલે સ્વયંભૂ સત્-તાની સચેતન અનંત શાશ્વત શક્તિ. એમાંથી સર્વભૂતો આ વિશ્વમાં વ્યક્ત થાય છે, કાલાતીત શાશ્વતીમાંથી કાલમાં આવે છે. પરંતુ આ વિશ્વમાં અનેક રૂપે અનેક પ્રકારના 'બહુ'નો આવિર્ભાવ થવા માટેનો આધ્યાત્મિક પાયો પૂરો પાડવા માટે પરા પ્રકૃતિ પોતાની જાતને જીવરૂપે નિર્માણ કરે છે, પરા પ્રકૃતિ પોતે જીવરૂપ બને છે. બીજી રીતે કહેતાં, પુરુષોત્તમનો પોતાનો અનેક સ્વરૂપો ધારણ કરવાવાળો સનાતન અંશ અહીં વ્યક્તિમાં આધ્યાત્મિક સદ્ વસ્તુ તરીકે વિશ્વનાં સર્વ રૂપોમાં પ્રગટ થાય છે. સઘળી સદ્ વસ્તુઓમાં એક

અવિભાજ્ય આત્માના ચેતનનો ધબકાર છે. સર્વે સત્-તાઓ, એક પરમ પુરુષમાં રહેલી સનાતન અનેકતાનું પરિણામ છે, અને એ દિવ્ય અનેકતા અહીં પ્રગટ થયેલી સઘળી વ્યક્તિતાને, સઘળાં કર્મોને અને સ્વરૂપોને આધાર આપીને ટકાવી રાખે છે. આ પરા પ્રકૃતિ અને કાળમાં વ્યક્ત થયેલો જીવ બન્ને એક અને અદ્વિતીય છે, પરંતુ એ ઉપરથી એનું બીજું કાંઈ સત્ય કે તત્ત્વ છે જ નહિ, અથવા તો એનો મૂળ સ્વભાવ જ આવિર્ભાવ રૂપ છે અને એમાં સત્-પણું તો છે જ નહિ એવું માની લેવાની ભૂલ આપણે કરવી ન જોઈએ: બ્રહ્મની પરા પ્રકૃતિ એ પ્રકારની હોઈ શકે નહીં. કાલમાં પણ જ્યારે એ પ્રગટ થાય છે ત્યારે તે દેખાય છે તેના કરતાં કંઈક વિશેષ હોય છે, કેમ કે એમ ન હોય તો આ વિશ્વમાં બ્રહ્મનું સત્ય અનેકતાની પ્રકૃતિ રૂપે જ આપણે સ્વીકારવું પડત, કારણ કે જગતમાં રહેલી અનેકતાઓને, વિવિધતાને સાંધનાર એકતા તેમાં હોત જ નહીં. પરંતુ ગીતા એ પ્રમાણે કહેતી નથી. પરા પ્રકૃતિનું સારસત્ત્વ જીવ છે, યાને એ પ્રકૃતિ જીવાત્મકા છે એમ ગીતા કહેતી નથી, પરંતુ એ જીવરૂપ બનેલી છે, — जीवभूता (૭.૫) છે એમ તે કહે છે. આ વિધાનની પાછળ એ વસ્તુ અધ્યાહાર રહેલી છે કે અહીં જીવ તરીકેના પરા પ્રકૃતિના આવિર્ભાવની પાછળ, એના મૂળમાં એ જીવ કોઈ જુદી જ વસ્તુ છે, કોઈ ઊર્ધ્વતર વસ્તુ છે, એક પરમ બ્રહ્મની એ પ્રકૃતિ છે. આગળ જતાં ગીતા આપણને કહે છે પણ ખરી કે જીવ પોતે ઈશ્વર છે, જીવ પણ તેનો અંશ છે, — ममैवांश:— છે. આ વિશ્વમાં, કે અસંખ્ય વિશ્વોમાં, પ્રાણીઓની જે અનંતવિધતા છે તેને સમગ્રપણે લેતાં પણ તેના આવિર્ભાવમાં તે સમગ્ર ભાવે દિવ્ય બની શકે તેમ નથી, પરંતુ અનંતનો, એકમેવાદ્વિતીયનો આંશિક આવિર્ભાવ જ તે બની શકે છે. એ અનેક જીવોમાં અવિભક્ત રહેલું એકું બ્રહ્મ પોતે જાણે વિભક્ત થયેલું હોય એ પ્રમાણે વસે છે, — अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् । બ્રહ્મનું અદ્વૈત એ એનું વધારે મહાન સત્ય છે, એની અનેકતા, અનંતવિધતા એ એનું ઊતરતા પ્રકારનું, ગૌણ સત્ય છે, — જોકે બન્ને સત્ય છે અને બેમાંનું એકેય મિથ્યા કે માયા નથી.

આધ્યાત્મિક પરા પ્રકૃતિમાં આ એકતા રહેલી છે તેને લઈને આ જગત ટકી રહેલું છે — मयेदं सर्वं जगत् — (૭.૫), જેમ સર્વ ભૂતો સહિત તે ઉત્પન્ન થયેલું છે પણ એ પરા પ્રકૃતિમાંથી જ. — एतद् योनीनि भूतानि (૭.૬) આખરે એની અંદર જ સમગ્ર જગત અને સઘળી સત્-તા પ્રલય પામે છે — अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा । (૭.૬) પરંતુ બ્રહ્મમાંથી આ પ્રમાણે જે આવિર્ભાવ થાય છે, એની ક્રિયાને લઈને જે ટકી રહે છે અને પ્રલય સમયે જે એનામાં પાછો લય પામે છે એ બધી ક્રિયાઓમાં અનંતવિધ સત્-તાનો પાયો 'જીવ' હોય છે. આપણે 'જીવ'ને અનેકતાવાળો આત્મા કહી શકીએ છીએ,

અથવા તો, આપણને વધારે પસંદ પડે તો, અહીં આપણે જે અનેકતા અનુભવીએ છીએ તેનો આત્મા કહી શકીએ છીએ. જીવનું સત્-પ્રભુ સાથે હમેશાં એક જ હોય છે, — ભેદ માત્ર એ સત્-ની શક્તિમાં રહે છે. એનો અર્થ એવો નથી કે એની શક્તિ અને પ્રભુની શક્તિ એક નથી, પરંતુ એનો અર્થ એવો છે કે પ્રભુની દિવ્ય શક્તિના અનેક પ્રકારનાં વ્યક્તિભૂત કાર્યોમાં તે એક વિશિષ્ટ પ્રકારના કાર્યને આકાર આપે છે, ટેકો આપે છે. એથી કરીને, સઘળી વસ્તુઓ આરંભમાં અને આખરે તથા એમની સ્થિતિ દરમિયાન પણ બ્રહ્મસ્વરૂપ જ હોય છે. સર્વ પદાર્થની મૌલિક પ્રકૃતિ બ્રહ્મની પરા પ્રકૃતિ સાથે એક છે અને નિમ્ન ભેદમય ભૂમિકામાં જ એ પ્રકૃતિ આપણને જણે તે કોઈ જુદા પ્રકારની હોય તેવી દેખાય છે. એટલે કે, ત્યાં અધો ભૂમિકામાં એ પ્રકૃતિ સ્થૂલ શરીરની, પ્રાણની, મનની, તર્કની, અહં તથા ઇન્દ્રિયોની બનેલી દેખાય છે. પરંતુ એ સઘળાં તો મૂળ દિવ્ય પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલાં દૃશ્યમાન સ્વરૂપો માત્ર છે, એ કાંઈ આપણી પ્રકૃતિનું અને આપણી સત્-તાનું મૌલિક સત્ય નથી.

આધ્યાત્મિક સત્-તાની, એટલે કે બ્રહ્મની પરા પ્રકૃતિ આપણને વિશ્વાતીત એવું આપણી સત્-તાનું આદિ સત્ય અને શક્તિ પ્રાપ્ત કરાવે છે તથા વિશ્વની અંદર આવિર્ભાવ કરવા માટેના આધ્યાત્મિક સત્યનો પ્રાથમિક પાયો પણ તે આપે છે. પરંતુ પ્રશ્ન થશે કે એ પરા શક્તિ અને આ આપણી અપરા દૃશ્ય પ્રકૃતિ એ બેને સાંધી આપનારી સાંકળ કઈ છે? શ્રીકૃષ્ણ કહે છે કે જેમ મોતીની સેરો સૂત્રમાં પરોવાયેલી હોય છે તેમ આ સઘળું મારામાં પરોવાયેલું છે. — મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ । (૭.૭) સર્વં ઇદમ્,, એટલે અહીં જે દૃશ્યમાન છે તે સઘળું, આ વિશ્વમાં જે કાંઈ ક્રિયાત્મક અને ગતિમાન છે તેને સમગ્રપણે કહેવું હોય છે ત્યારે ઉપનિષદો 'સર્વં ઇદમ્' નો પ્રયોગ કરે છે. પરંતુ શ્રીકૃષ્ણ અહીં જે ઉત્તર આપે છે તે એક રૂપક છે અને આપણે એને બહુ દૂર સુધી ખેંચીને લાગુ કરી શકીશું નહિ. કારણ કે એ રૂપકમાં જે મોતીઓનો ઉલ્લેખ છે તે બધાં પરસ્પર સંબંધમાં રહે છે તે માત્ર સૂત્રને લઈને. એ સિવાય એ મોતીઓ કે મણિઓ વચ્ચે બીજી કોઈ જાતની એકતા નથી, અથવા તો, સૂત્ર સાથે પણ એમનો પરસ્પર સંબંધ માટેનો જે આધાર છે તે સિવાય બીજા કોઈ પ્રકારનો સંબંધ નથી. એટલે આપણે એ રૂપક ઉપરથી જેનું એ રૂપક છે તે સત્ય પ્રત્યે દૃષ્ટિ કરીએ. બ્રહ્મની એ પરા પ્રકૃતિ છે, એની સત્-તાની અનંત ચિત્-શક્તિ છે, જે પોતાને વિષે સચેતન છે, જે સર્વ-ચિત્ છે — એટલે કે સર્વ વિષે પણ જે સચેતન છે, — જે સર્વને જાણનાર છે તે આ જગતની દૃશ્ય સત્-તાઓને પરસ્પર સંબંધમાં રાખે છે, એમની અંદર વ્યાપીને રહે છે, તથા તેમને ટકાવી રાખે છે, નભાવે છે, તથા સર્વને પોતાના આવિર્ભાવની યોજનામાં વણી લે છે. આ પરા શક્તિ સર્વમાં રહેલા 'એક'

તરીકે વ્યકત થાય છે એટલું જ નહિ પરંતુ પ્રત્યેકમાં પણ તે "જીવ" તરીકે વ્યકત થાય છે. એટલે કે પ્રત્યેકમાં રહેલ વ્યકિતરૂપ આધ્યાત્મિક સત્ પણ તે જ હોય છે. પ્રકૃતિના સઘળા ગુણોના સારરૂપે પણ તે વ્યકત થાય છે. સઘળી દૃશ્ય વાસ્તવિકતાની પાછળ આ શકિતઓ પ્રચ્છન્ન રૂપે રહેલી છે. આ પરા પ્રકૃતિનો ઊંચામાં ઊંચો ગુણ એ ત્રિગુણની ક્રિયા કરે છે તેમાં રહેલો નથી, કારણ કે એ ત્રિગુણ તો એ પરા શકિતના ગુણનું રૂપાત્મક સ્વરૂપ માત્ર છે, એનો આધ્યાત્મિક સાર નથી. પરા શકિતનો ઉત્કૃષ્ટ ગુણ એની પોતાની સત્-તામાં રહેલી એકતાની અને છતાં વિવિધતા પામી શકે એવી આ બાહ્ય સપાટી ઉપરની સર્વે વિવિધતા ધારણ કરવાની શકિત છે. આવિર્ભાવ માત્રનું મૌલિક સત્ય આ પરા શકિત છે; એ સત્ય, એ પરા શકિત, આ જગતમાંની પોતાની સઘળી રૂપાત્મક સત્-તાઓને ટેકો આપે છે, તથા તેમને આધ્યાત્મિક અને દિવ્ય અર્થવાળાં બનાવે છે. ત્રિગુણોનાં જે કાર્યો છે, — અવિદ્યા પ્રકૃતિના ગુણોનાં જે કાર્યો છે તે બધાં બુદ્ધિ, મન, ઈન્દ્રિયો અને અહં પ્રાણ તથા ભૌતિક તત્ત્વના સપાટી ઉપર થતા ચંચળ આવિર્ભાવો માત્ર છે. सात्त्विका भावा राजसास्तामसा: च ।(૭.૧૨) પરંતુ આ પરા પ્રકૃતિ મૌલિક, સ્થાણુ, ધ્રુવ, અને આવિર્ભાવ કરનારી આદ્યશકિત છે, — ઈશ્વરનો 'સ્વ'ભાવ છે. સઘળી અભિવ્યકિતના અને પ્રત્યેક જીવના પ્રાથમિક નિયમને આ મૂળ સ્વભાવ નિયત કરે છે. અપરા પ્રકૃતિનો સાર આ પરા પ્રકૃતિ છે અને અજ્ઞાની ગતિને એ જ વિકસાવે છે. પરા પ્રકૃતિ એ પ્રત્યેક પ્રાણીમાં રહેલું એ તત્ત્વ છે જે પરાત્પર પુરુષોત્તમના આવિર્ભાવમાંથી આવે છે તથા તેની સાથે સીધેસીધું સંબંધમાં રહેલું છે, ઈશ્વરના મદ્ભાવમાંથી તે આવેલું છે. આ પ્રમાણે પ્રભુના દિવ્ય ભાવનો સ્વભાવ સાથે, અને સ્વભાવનો સામાન્ય ચેતનાની સપાટી ઉપરના ભાવ સાથે જે સંબંધ રહેલો છે તેમાં આપણને એ પરમ સત્-તા અને આપણી અહીંની નિમ્ન સત્-તા વચ્ચેની સાંકળ મળી આવે છે. એટલે કે પ્રભુની પરા પ્રકૃતિનો જીવના સ્વભાવ સાથેનો, તથા જીવના સ્વભાવના શુદ્ધ અને આદિ ગુણનો સામાન્ય પ્રકૃતિમાં થઈ રહેલી ત્રણ ગુણોની મિશ્ર અને અવ્યવસ્થિત લીલા સાથેનો જે સંબંધ છે તેમાં આપણી અને પ્રભુની વચ્ચેની સાંકળ આપણને મળી આવે છે. આપણી અધોમુખ, અવિદ્યામય પ્રકૃતિની પતન પામેલી શકિતઓ અને મૂલ્યો ખરું જોતાં એ પરા શકિતની નિરપેક્ષ શકિત અને નિરપેક્ષ મૂલ્યમાંથી ઉત્પન્ન થાય છે. અને પોતાના મૂળને અને સત્યને તથા પોતાના કાર્યના અને ધર્મના મૌલિક નિયમને જાણવા માટે તેમણે એ પરા શકિતમાં પાછા જવું જોઈએ. એ જ પ્રમાણે દૃશ્ય માને રૂપાત્મક ગુણોની ક્ષુદ્ર અને અધમ લીલામાં બંધાયેલો જીવ જો એમાંથી મુકત થવા માગતો હોય, એને દિવ્ય અને પૂર્ણ થવું હોય તો એણે પોતાના

સ્વભાવના શુદ્ધ ગુણનો આશ્રય લઈને પોતાના જીવનના એ ઊર્ધ્વતર નિયમને ફરીને પ્રાપ્ત કરવો જોઈએ. એની અંદર જ એને પોતાની દિવ્ય પ્રકૃતિનો સંકલ્પ, તેની શક્તિ, તથા ક્રિયાત્મક સિદ્ધાંત તથા ઉત્કૃષ્ટ કાર્ય મળી આવશે.

આ મુદ્દો આ શ્લોક પછી નુરત જ જે શ્લોકો આવે છે તેમાં સાંખ્યાબંધ ઉદાહરણો આપીને પ્રભુ પોતાની પરા શક્તિનો આશ્રય લઈને કેવી રીતે આવિર્ભાવ પામે છે તથા વિશ્વના સજીવ, અને કહેવાતા નિર્જીવ, સત્‌માં પણ પોતે કેવી રીતે કાર્ય કરે છે તે ગીતા આપણને દર્શાવે છે. કવિતાના સ્વરૂપને લઈને જે અનિયમિત અને મુક્ત અનુક્રમમાં એ બધા રજૂ થયેલા છે તેમાંથી આપણે એમને છૂટા પાડીશું અને એમને તાત્ત્વિક શ્રેણીમાં રીતસર ગોઠવીશું. પ્રથમ, પ્રભુની દિવ્ય શક્તિ અને એની સન્નિધિ પંચ મહાભૂતોમાં કાર્ય કરે છે. 'જલમાં હું રસરૂપ છું (૭.૮), આકાશમાં શબ્દરૂપ છું (૭.૮), પૃથ્વીમાં ગંધ છું (૭.૯), અને અગ્નિમાં જ્યોતિર્મય શક્તિ છું (૭.૯);' અને આ નોંધ સંપૂર્ણ કરવા માટે આપણે વાયુમાં તે સ્પર્શ છે એમ ઉમેરીશું. આનો અર્થ એ થયો કે સાંખ્યમત પ્રમાણે આકાશમય, તેજમય, વાયુમય, પ્રવાહી અને ઘન વગેરે પદાર્થતત્ત્વની મૌલિક અવસ્થાઓના સ્થૂલ આધારો છે. તે બધાના મૂળમાં જે શક્તિ રહેલી છે તે પરા પ્રકૃતિરૂપે પ્રગટ થતો પ્રભુ પોતે છે. પદાર્થતત્ત્વનાં પાંચ ભૂતાત્મક અવસ્થાઓ નિમ્ન અવિદ્યામય પ્રકૃતિમાં ભૌતિક તત્ત્વો બને છે અને એ ભૌતિક તત્ત્વો ભૌતિક સ્વરૂપોના પાયા રૂપ હોય છે. પંચ તન્માત્રાઓ — સ્વાદ, સ્પર્શ, ગંધ અને અન્ય — ગુણપ્રધાન તત્ત્વો છે. આ તન્માત્રાઓ સૂક્ષ્મ શક્તિઓ છે અને ઇંદ્રિયોમાં રહેલી ચેતનાને સ્થૂળ પદાર્થતત્ત્વના સ્વરૂપો સાથે સંબંધમાં મૂકવા એ તેમનું કાર્ય છે. આપણને જે સ્વરૂપાત્મક જગતનું જ્ઞાન થાય છે તેના મૂળમાં એ તન્માત્રાની શક્તિ રહેલી છે. પદાર્થતત્ત્વના દૃષ્ટિબિંદુથી જોતાં, પદાર્થતત્ત્વ પોતે એક વાસ્તવિકતા છે અને ઇંદ્રિયોના સંબંધો ગૌણ છે; પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ સત્ય એથી ઊલટું જ છે. ખરું જોતાં, પદાર્થતત્ત્વ અને પદાર્થરૂપી એ તત્ત્વનું વાહન બન્ને ગૌણ શક્તિઓ છે, અન્ય કોઈમાંથી ફલિત થનારી શક્તિઓ છે, અને અસલમાં જોતાં, એ બધાં ઈશ્વરની કેવળ સાકાર બનેલી રીતિઓ છે અથવા તો મૂર્ત થયેલી અવસ્થાઓ છે જેમાં પ્રકૃતિના ગુણનાં કાર્યો જીવની ઇંદ્રિયાત્મક ચેતનાને વ્યક્ત થાય છે. આદિ અને સનાતન પ્રકૃતિની શક્તિ એ જ એકમાત્ર ઘટના છે, એ જ એકમાત્ર હકીકત છે; — એટલે કે, મૂળ સત્‌-તત્ત્વનાં શક્તિ અને ગુણ ઇંદ્રિયો દ્વારા પોતાની જાતને-આપણા આત્મા આગળ એ રૂપમાં પ્રગટ કરે છે. અને આપણી ઇંદ્રિયોમાં જે વસ્તુ મૌલિક છે, જે સૌથી વધારે આધ્યાત્મિક તત્ત્વ છે, જે સૂક્ષ્મતમ છે તે એ સનાતન ગુણ અને શક્તિનું બનેલું સત્ત્વ છે. પરંતુ સત્‌-તાની જે શક્તિ પ્રકૃતિમાં છે તે પરા પ્રકૃતિના રૂપમાં પ્રભુ પોતે જ છે. એટલે પ્રત્યેક ઇંદ્રિયનું

વિશુદ્ધ સ્વરૂપ પણ તે દિવ્ય પ્રકૃતિ છે. પ્રત્યેક ઇન્દ્રિય, સક્રિય સચેતન શક્તિ રૂપે, પ્રભુ પોતે જ છે.

પોતાના આવિર્ભાવની જે શ્રેણી શ્રીકૃષ્ણ આપે છે તેના ઉપરથી આ સત્ય આપણને વધારે સારી રીતે સમજાય છે: "હું શશી અને સૂર્યમાં રહેલી એમની પ્રભા છું, માનવમાં રહેલ પૌરુષ છું, બુદ્ધિવાન લોકોની બુદ્ધિ હું છું, શક્તિમાન લોકોની શક્તિ હું છું, બળવાનોનું બળ, અને તપસ્વીઓનું તપ હું છું." (૭.૯) "સર્વ ભૂતોમાં રહેલ તેમનું જીવન પણ હું છું" — जीवनं सर्वभूतेषु (૭.૯). એટલે દરેક ઉદાહરણમાં તે તે વસ્તુના મૌલિક ગુણને — જેના ઉપર એ પ્રત્યેક આવિર્ભાવ પોતાની હસ્તી માટે આધાર રાખે છે તે વિશિષ્ટ ગુણને — એની પાછળ રહીને ટકાવી રહેલી શક્તિ પ્રભુની છે. એ વસ્તુની પ્રકૃતિમાં પ્રભુની સન્નિધિ રહેલી છે તેની એ નિશાની છે. આગળ કહે છે: "સર્વ વેદોમાં હું પ્રણવરૂપ છું." (૭.૮) અર્થાત્ પ્રભુની પ્રેરણાથી જાગ્રત થતા સર્વ પ્રકારના સમર્થ અને સર્જક શબ્દોમાં આદિ શબ્દ 'ૐ' હું છું. શબ્દ અને વાચામાં પ્રગટ થતી શક્તિનું એક વૈશ્વિક સ્વરૂપ 'ૐ' છે. વાચા અને શબ્દની સઘળી અપ્રગટ તથા આધ્યાત્મિક શક્તિને એ શબ્દ પોતાનામાં ધારણ કરે છે, સમાવે છે, એકત્ર કરે છે, સમન્વિત કરે છે અને પ્રગટ કરે છે. વાચાના શબ્દો, તથા બીજા ધ્વનિઓ એના મૌલિક સત્ત્વમાંથી બને છે, ક્રમેક્રમે વિકસિત થાય છે. આ વિધાન મુદ્દાને એકદમ સ્પષ્ટ કરી આપે છે. રૂપાત્મક જગતમાં ઇન્દ્રિયોનો કે જીવનનો જે વિકાસ થાય છે, યા તો જ્યોતિનો, બુદ્ધિનો, શક્તિનો, બળનો, પૌરુષનો અને તપસ્યાનો જે આવિર્ભાવ થાય છે એ સઘળાં કાંઈ પરા શક્તિનાં પોતાનાં વિશિષ્ટ કાર્યો ગણવાનાં નથી. એ વસ્તુઓના મૌલિક ગુણમાં એ આધ્યાત્મિક શક્તિ રહેલી છે, તે એમનો સ્વભાવ છે. જ્ઞાનદૃષ્ટિ વડે, એ પ્રમાણે વિશિષ્ટ પ્રકારે પોતાનો આવિર્ભાવ કરનાર આત્માની શક્તિને, એની ચેતનામાં રહેલી જ્યોતિને, અને પદાર્થોમાં રહેલી એની શક્તિના સામર્થ્યને, તેના કોઈ આદિ લક્ષણ તરીકે જોવામાં આવે છે તેને સ્વ-ભાવ કહેવામાં આવે છે. એ શક્તિ, એ ચેતના, એ સામર્થ્ય જાણે સનાતન બીજ છે અને તેમાંથી બીજી બધી વસ્તુઓ ગૌણ રૂપે ફલિત થાય છે, વિકાસ પામે છે, વિવિધતાને લાવે છે તથા નરમ અને સંસ્કારગ્રાહી પરિસ્થિતિ યા તે સંજોગોનું રૂપ ધારણ કરે છે. એટલે આખી વિભૂતિની શ્રેણીને લાગુ પડે એવું સર્વસામાન્ય એક વિધાન ગીતા કરે છે: "સર્વ ભૂતોના સનાતન બીજ રૂપે, હે પાર્થ, તું મને જાણ." (૭.૧૦) આ સનાતન બીજ એટલે આધ્યાત્મિક સત્-તાની શક્તિ છે, સત્માં રહેલ સચેતન સંકલ્પ છે; અન્ય એક જગ્યાએ કહ્યું છે કે, "મહદ્ બ્રહ્મમાં પ્રભુ પોતાનું બીજ નાખે છે," તે આ બીજ છે. એ બીજ ઈશ્વર અતિમનસની અનંતતામાં નાખે છે અને એમાંથી આ રૂપાત્મક જગતમાં બધી વસ્તુઓ જન્મે છે. આત્માનું એ બીજ સર્વ પ્રકારના આવિર્ભાવોમાં તેના

મૌલિક ગુણ તરીકે પ્રગટ થાય છે અને સ્વભાવ એ બીજનો બનેલો છે.

મૌલિક ગુણની બનેલી આદ્યા, પરા શક્તિ અને એના ઉપર આધાર રાખનારી અષ્ટાંગમાં રૂપાત્મક પ્રકૃતિ, એ બેની વચ્ચે જે વ્યવહારુ ભેદ છે, એટલે કે પરા શક્તિનું અસલ શુદ્ધ સ્વરૂપ અને નિમ્ન પ્રકૃતિમાં એનું જે સ્વરૂપ પ્રગટ થાય છે તે, એ બેની વચ્ચેનો ભેદ આ આખી વિભૂતિની શ્રેણીના અંતમાં બરાબર દર્શાવવામાં આવ્યો છે. 'કામ અને રાગ વગરનું એવું બળવાનોમાં રહેલું બળ તે હું છું'. (૭.૧૧) અર્થાત્ 'રૂપાત્મક સત્‌ના બાહ્ય સ્વરૂપમાં આનંદ પ્રત્યે જે આસક્તિ હોય છે તેનાથી મુક્ત થયેલું એવું બળ તે હું છું.' 'સર્વ પ્રાણીઓમાં તેમના ધર્મથી અવિરુદ્ધ એવી જે કામના યાને ઇચ્છા હોય છે, તે હું છું.' (૭.૧૧) માનવની પ્રકૃતિમાં જે ગૌણ પ્રકારના સ્વાનુભવપ્રધાન આવિર્ભાવો — એટલે કે ભાવો — થાય છે તે સાત્ત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારના હોય છે. (ભાવો એટલે માનસિક દશા, કામનાને પરિણામે પ્રાપ્ત થતી માનસિક અવસ્થા, રાગની ક્રિયા, ઇન્દ્રિયોનાં પ્રતિકાર્યો, બુદ્ધિની મર્યાદિત અને દ્વંદ્વને વશ ક્રિયા, લાગણીના પલટાઓ અને નીતિની ભાવના એ સઘળું ત્રિગુણાત્મક હોય છે.) એ ત્રણે નિમ્ન પ્રકૃતિના ગુણોનું કાર્ય, ગીતા કહે છે કે, પરા પ્રકૃતિનું પોતાનું સીધેસીધું વિશુદ્ધ કાર્ય નથી, પરંતુ પરા પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલું છે. 'એ ભાવો મારામાંથી જ છે' — मत्तः एव । (૭.૧૨), અર્થાત્, એમનું મારા સિવાય કોઈ બીજું મૂળ નથી. પરંતુ આગળ જતાં કહે છે: 'પરંતુ હું એ ભાવોમાં નથી, એ ભાવો મારી અંદર આવી રહેલા છે.' (૭.૧૨) અહીં એક સમર્થ અને છતાં સૂક્ષ્મતાવાળો — અણુ પ્રકારનો ભેદ રહેલો છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે: 'હું સર્વમાં રહેલો આદિ પ્રકાશ છું, મૌલિક સામર્થ્ય, કામના, શક્તિ, બુદ્ધિ વગેરે હું છું પરંતુ એમાંથી ઊપજતાં ગૌણ તત્ત્વો કાંઈ મારું મૌલિક સ્વરૂપ નથી, હું તેમનામાં નથી છતાં એ બધાં જ મારી અંદરથી ઉત્પન્ન થયેલાં છે, એ સઘળાં મારી અંદર રહેલાં છે." ગીતાનાં આ વિધાનો ઉપર આધાર રાખીને આપણે ઊર્ધ્વ પ્રકૃતિમાંથી નિમ્ન પ્રકૃતિમાં અને ફરીથી પાછું નિમ્નમાંથી ઊર્ધ્વ પ્રકૃતિમાં થતાં વસ્તુઓનાં પરિવર્તનને જોવાનાં છે.

એમાનું પહેલું વિધાન છે એ સમજવામાં કશી મુશ્કેલી નડતી નથી. બળવાન માણસમાં રહેલ બળનું તત્ત્વ દિવ્ય હોવા છતાં એ કામના અને આસક્તિને વશ થયા છે, પાપકર્મમાં પડે છે, પૂર્ણતા પ્રત્યે પરિશ્રમ કરીને પ્રગતિ કરે છે. પણ એમ થવાનું કારણ એ છે કે એ પોતાનાં ગૌણ પ્રકારનાં કર્મોમાં અવતરણ કરે છે, અને ત્રણ પ્રકારના ગુણોની પકડમાં પોતે ઝડપાઈ જાય છે અને એમની ક્રિયાને ઊર્ધ્વમાંથી નિયત કરતો નથી, પોતાની મૌલિક દિવ્ય પ્રકૃતિમાંથી એમનું શાસન કરતો નથી. એનામાં જે બળ રહેલું છે તેની દિવ્યતા ઉપર આ

પ્રકારના ગૌણ કાર્યની કશી અસર થતી નથી. ગમે તેવું આચ્છાદન છતાં, આચ્છાદનમાં અને પ્રત્યેક પતનમાં પણ, એનું મૂળ સ્વરૂપ તો એનું એ જ, એટલે કે દિવ્ય રહે છે. એ પ્રકૃતિમાં પ્રભુ પોતે રહેલો છે અને પોતાની શક્તિ વડે એ સઘળી નિમ્ન પ્રકૃતિની અવ્યવસ્થાઓમાં પણ એને ટકાવી રાખે છે. અને જ્યાં સુધી પોતાનામાં રહેલી એ દિવ્ય જ્યોતિને માનવ પુનઃ પ્રાપ્ત કરતો નથી, પોતાની સત્-તામાં રહેલા એ સત્ય સૂર્ય વડે પોતાના જીવનને એ સંપૂર્ણપણે પ્રકાશિત કરતો નથી, અને પોતાની ઊર્ધ્વ પ્રકૃતિમાં પ્રભુની જે દિવ્ય સંકલ્પશક્તિ રહેલી છે તેની વિશુદ્ધ ચિત્-શક્તિ વડે પોતાના સંકલ્પને અને પોતાનાં કાર્યોને એ નિયત કરતો નથી ત્યાં સુધી ક્રમવિકાસની ગતિમાં તે દિવ્ય શક્તિ તેને ટકાવી રાખે છે. પરંતુ પ્રશ્ન થશે કે પ્રભુ પોતે કામના રૂપ શી રીતે સોઈ શકે? કારણ કે એ જ કામનાને તો ગીતાએ આપણા મહાન વૈરી તરીકે જાહેર કરેલી છે, અને એનો તો આપણે વિનાશ કરવાનો છે, પરંતુ એ કામના તો ત્રિગુણાત્મક એવી નિમ્ન પ્રકૃતિની કામના છે, જેનું મૂળ રજોગુણમાં — 'રજોગુણસમુદ્ભવઃ' — રહેલું છે. આપણે સામાન્ય રીતે કામનાનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે એ પ્રકારની કામના વિષે બોલીએ છીએ. પરંતુ અહીં ગીતા જે કામના વિષે કહે છે તે કામના આધ્યાત્મિક છે, દિવ્ય છે, ધર્મથી અવિરુદ્ધ એવી સંકલ્પશક્તિ છે.

ત્યારે એનો અર્થ શું એવો સમજવો કે આ આધ્યાત્મિક કામના એટલે પુણ્યવાળી કામનાઓ, નીતિના પ્રકારની, સાત્ત્વિક એવી કામનાઓ છે? કારણ કે પુણ્ય, સદ્‌ગુણ, નીતિ વગેરેના મૂળમાં સત્ત્વગુણ રહેલો છે. પરંતુ એવો અર્થ કરીશું તો અહીં એક દેખીતો વિરોધ આવીને ઊભો રહેશે, કારણ કે એની પછી તરત જ જે લીટી આવે છે તેમાં, સાત્ત્વિક ભાવો પણ દિવ્ય નથી પરંતુ નિમ્ન પ્રકૃતિની જ પેદાશ છે, ગૌણ કાર્ય છે એમ સ્પષ્ટપણે કહેવામાં આવે છે. એ સાવ સાચું છે કે પ્રભુની સમીપ જવા માટે માણસે પાપનો સદંતર ત્યાગ કરવાનો છે. પરંતુ પ્રભુની દિવ્ય સત્-તામાં જો આપણે પ્રવેશ કરવો હોય તો પુણ્યથી પણ પર થવાનું છે. આપણે સાત્ત્વિક પ્રકૃતિ પ્રાપ્ત કરવાની છે પરંતુ તે પ્રાપ્ત કરીને પછી તેનાથી પર થઈ જવાનું છે. નૈતિક કાર્ય આપણી શુદ્ધિને માટેનું કેવળ એક સાધન છે. એને લઈને આપણે દિવ્ય પ્રકૃતિ પ્રત્યે આરોહણ કરી શકીએ છીએ. પરંતુ દિવ્ય પ્રકૃતિ પોતે નિમ્ન પ્રકૃતિનાં દ્વંદ્વોથી પર છે, — અને ખરેખર, એમ જો ન હોય તો રાજસિક આવેગોને વશ એવા બળવાન માણસમાં પ્રભુની વિશુદ્ધ સન્નિધિ, યા તો વિશુદ્ધ દિવ્ય શક્તિની હાજરી હોઈ શકે નહીં. આધ્યાત્મિક અર્થમાં 'ધર્મ' એટલે નીતિ કે પુણ્ય નથી. અન્ય સ્થળે ગીતા કહે છે કે ધર્મ એટલે સ્વભાવથી નિયત થયેલું કર્મ, અને 'સ્વભાવ' એટલે પોતાની પ્રકૃતિનો મૌલિક નિયમ. આ સ્વભાવના મૂળમાં જોતાં આપણને જણાશે કે તે આત્માનો વિશુદ્ધ

ગુણ છે, અને તે આત્મામાં રહેલી સચેતન સંકલ્પશક્તિની સ્વયંભૂ શક્તિ છે તથા કર્મનું વિશિષ્ટ પ્રકારનું બળ છે. અહીં જે કામના વિષે ગીતા કહે છે તે 'કામના' એટલે આપણી અંદર રહેલી પ્રભુની સહેતુક સંકલ્પશક્તિ છે. એ નિમ્ન પ્રકૃતિના ભોગોને માટે ખોજ કરે છે અને તેમને પ્રાપ્ત કરે છે એવું જે કહેવાય છે તે સાચું નથી. પરંતુ તે પોતાની લીલાનો અને ચરિતાર્થતાનો આનંદ શોધતી હોય છે અને આખરે મેળવે છે. એ કામના એટલે સત્-માત્રમાં થાને જીવનમાત્રમાં રહેલો દિવ્ય આનંદ જે પોતાની કર્મ કરવાની સચેતન શક્તિને સ્વભાવના નિયમ અનુસાર પ્રગટ કરે છે.

પરંતુ જ્યારે આપણે કહીએ છીએ કે પ્રભુ એ નિમ્ન પ્રકારના આવિર્ભાવોમાં, નિમ્ન પ્રકૃતિનાં સ્વરૂપોમાં નથી, — સાત્ત્વિક સ્વરૂપોમાં પણ તે નથી — જોકે એ બધાય ભાવો ઈશ્વરમાં તો રહેલા છે — ત્યારે એનો શો અર્થ થાય છે? એક અર્થમાં તો પ્રભુ એ ભાવોમાં હોવો જોઈએ, કારણ કે એના સિવાય એ ભાવોની હયાતી જ ન હોત. ત્યારે કહેવાનો ભાવાર્થ એ છે કે ભગવાનની સાચી દિવ્ય પરા પ્રકૃતિ એ ભાવોમાં મર્યાદિત થયેલી નથી. એ ભાવો પ્રભુની સત્-તામાં ફક્ત રૂપાત્મક પ્રકારો છે અને અહં અને અજ્ઞાનના કાર્યને લઈને એની અંદર ઉત્પન્ન થાય છે, અજ્ઞાન આપણને સઘળી વસ્તુઓ ઉલટાવીને બતાવે છે અને કાંઈ નહિ તો, થોડે ઘણે અંશે ખોટા નીવડતા અનુભવ રૂપે આપે છે. ઉ.ત. આપણે એમ માનીએ છીએ કે આત્મા શરીરમાં રહેલો છે, — પણ લગભગ એમ પણ માનીએ છીએ કે આત્મા દેહમાંથી ઉત્પન્ન થયેલી કોઈ ગૌણ વસ્તુ છે! પરંતુ સત્ય એ છે કે શરીર આત્મામાં આવી રહેલું છે, અને આત્માનું તે એક પરિણામ છે, ગૌણ કાર્ય છે. આપણે આત્માને આપણો નાનો સરખો એક ભાગ, એક સંકુચિત અંગ ગણીએ છીએ — अंगुष्ठमात्रः पुरुषः, એટલે આપણી આજુબાજુ આવી રહેલ જડ પદાર્થ અને માનસિક વસ્તુઓના મહાન સમુચ્ચયમાં એક નાના સરખા અંશ રૂપે આપણે આત્માને ગણીએ છીએ. વાસ્તવમાં જડ પદાર્થ અને મન બન્ને દેખાવમાં ગમે તેટલાં ભવ્ય લાગે છે તોપણ આત્માની સત્-તાની અનંતતામાં એ ઘણાં જ ક્ષુદ્ર છે. એવું અહીં પણ છે. આ વિવિધ ભાવો પ્રભુની અંદર આવી રહેલા, — નહિ કે પ્રભુ તેમની અંદર મર્યાદિત થયેલો છે. ત્રિગુણમયી આ નિમ્ન પ્રકૃતિ જેને લઈને વસ્તુઓનું અસત્ય દર્શન ઉપસ્થિત થાય છે, અને જે એ વસ્તુઓને એક પ્રકારનું અધમપણું આપે છે તે પોતે માયા છે, મિથ્યાત્વની શક્તિ છે. એનો અર્થ એવો નથી કે તે અ-સત્ છે, યા તો અવાસ્તવિકતા સાથે જ એનો વ્યવહાર હોય છે. એનો અર્થ એ છે કે એ પ્રકૃતિનું જ્ઞાન આપણને ભ્રમમાં નાખે છે, અસત્ય મૂલ્યો ઉત્પન્ન કરે છે, આપણને અહંમાં, માનસિક ચેતનામાં, ઇંન્દ્રિયોમાં અને સ્થૂલમાં અને મર્યાદિત બુદ્ધિમાં પૂરી રાખે છે, અને આપણા અસ્તિત્વનું

પરમ સત્ય આપણી નજર આગળથી છુપાવે છે. આપણી અંદર જે પ્રભુ રહેલો છે જે અનંત અને અવિનાશી છે, તેને આ માયા ઢાંકે છે. "આ ત્રણ જાતના ભાવો જે ગુણોને આશ્રયે રહેલા છે તેમને લઈને આ જગત ભ્રમમાં પડે છે, મોહને પામેલું છે, અને એ ગુણોથી પર, અવિનાશી એવા મને તે ઓળખી શકતું નથી." (૭.૧૩) પ્રભુ આપણા જીવનનું વાસ્તવિક સત્ય છે એ વસ્તુ જો આપણે જોઈ શકીએ તો બાકીનું બધું ય આપણી દૃષ્ટિએ જુદું જ લાગશે, જગતનું સાચું સ્વરૂપ આપણી આગળ પ્રગટ થશે અને આપણાં જીવન અને કર્મ દિવ્ય મૂલ્યને પ્રાપ્ત કરશે, તથા દિવ્ય પ્રકૃતિના નિયમાનુસાર તે કાર્ય કરશે.

પરંતુ અમે તેમ પણ આખરે સર્વત્ર પ્રભુ રહેલો તો છે જ તથા આ ભ્રમ ઉત્પન્ન કરનાર ગૌણ ગુણોની પાછળ પણ પરા પ્રકૃતિ રહેલી છે જ, — કારણ કે આપણે જીવરૂપ છીએ અને જીવ અસલમાં પ્રભુ છે — તો પછી આ માયા આટલી બધાં દુસ્તર — માયા દુરત્યયા — (૭.૧૪) શા માટે છે? કારણ કે, એ અવિદ્યા સ્વરૂપમાં પણ તે પ્રભુની માયા છે — દૈવી હ્યેષા ગુણમયી મમ માયા — (૭.૧૪) 'આ ગુણમયી માયા પણ મારી દિવ્ય માયા છે.' એ પોતે દિવ્ય છે તથા પ્રભુની પરા પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી પણ છે. પરંતુ એ પ્રભુ એટલે દૈવી પ્રકૃતિમાં રહેલો પ્રભુ છે. એ માયા 'દૈવી' છે, એટલે કે દેવતાના સ્વભાવવાળી છે, અથવા તો દેવની છે, — પ્રભુની છે. પરંતુ દેવની એ આત્મચેતના વિભક્ત છે — ભેદમાં કાર્ય કરે છે તથા વિશ્વના આવિર્ભાવનાં નિમ્ન સ્વરૂપોમાં સાત્ત્વિક, રાજસિક અને તામસિક સ્વરૂપ થયેલી છે. પ્રભુએ આપણી બુદ્ધિની આજુબાજુ આ વિશ્વરૂપી પટ વણેલો છે; બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એનાં અટપટાં સૂત્રો વણ્યાં છે. પ્રભુની પરા શક્તિ એ વણાટના મૂળમાં રહેલી છે અને એના પ્રત્યેક તાણા અને વાણામાં પ્રચ્છન્ન રહેલી છે. આ પટને આપણે આપણા પોતાના અંતરમાં ઉકેલવાનો છે, એની મારફત અને એની અંદરથી આપણે પાછા ફરવાનું છે, — અલબત્ત જ્યારે એનો ઉપયોગ થઈ રહે ત્યારે, — અને એ દેવતાની પ્રકૃતિમાંથી મૂળ, અસલ એકમાત્ર પરમ દેવ પ્રત્યે, પુરુષોત્તમ પ્રત્યે આપણે અભિમુખ થવાનું છે. એ પરમ પુરુષમાં દેવતાઓનું અને એમના કાર્યનું રહસ્ય આપણને જાણવા મળશે તથા આપણા અવિનાશી સ્વરૂપના આધ્યાત્મિક સત્યોનું પણ જ્ઞાન આપણે મેળવી શકીશું. 'જેઓ અનન્ય ભાવે કેવળ મારા પ્રત્યે અભિમુખ થાય છે અને મને પ્રાપ્ત કરે છે તેઓ જ ફક્ત આ માયાને તરી શકે છે.' (૭.૧૪)

ભક્તિ અને જ્ઞાનનો સમન્વય

ગીતાના પુસ્તકમાં અધ્યાત્મ વિષયને લગતા વિચારો ઘણા મોટા પ્રમાણમાં પ્રાસંગિક રીતે ઉપસ્થિત થાય છે તે છતાં ગીતા કાંઈ અધ્યાત્મદર્શનનો ગ્રંથ નથી. કારણ કે એમાં જે કાંઈ આધ્યાત્મિક સત્યનો ઉલ્લેખ થયેલો છે તે એ સત્યને પોતાને ખાતર કરવામાં આવેલો નથી. ગીતા ઊંચામાં ઊંચા સત્યની જે શોધ કરે છે તે તેની સૌથી વધારે વ્યવહારુ ઉપયોગિતાને ખાતર કરે છે, બૌદ્ધિક કે આધ્યાત્મિક સંતોષ માટે નહીં. ગીતા એ સત્ય દ્વારા બુદ્ધિનો કે આધ્યાત્મિક વૃત્તિનો સંતોષ પ્રાપ્ત કરવા નથી માગતી, પરંતુ માનવ-જીવનનો ઉદ્ધાર કરનાર અને તેના અત્યારના મર્ત્ય જીવનની અપૂર્ણતામાંથી અમર પૂર્ણતા પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવનાર પગથી તરીકે તે એ સત્યની ખોજ કરે છે. આમ હોવાથી સાતમા અધ્યાયના પહેલા ચૌદ શ્લોકોમાં આપણને જેની જરૂર છે તેવું મીમાંસાનું પ્રધાન સત્ય આપીને ત્યાર પછીના સોળ શ્લોકોમાં ગીતા એ સત્યને એકદમ વ્યવહારમાં લાગુ કરે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિની એકતા સ્થાપન કરવા માટે એ સત્યનો તે પ્રથમ આરંભ-બિંદુ તરીકે ઉપયોગ કરે છે, કારણ કે કર્મ અને જ્ઞાનનો પ્રારંભિક સમન્વય તો આગલા અધ્યાયોમાં સ્થાપન થઈ ચૂકયો છે.

અહીં આપણી સમક્ષ ત્રણ શક્તિઓ છે: આપણે જે સત્યમાં વિકાસ પામવાનો છે તે પરમ સત્યરૂપ પુરુષોત્તમ, આત્મા અને જીવ. અથવા તો એને બીજી રીતે રજૂ કરીએ તો એક પરમ ઈશ્વર છે, બીજું વ્યક્તિત્વથી સ્વતંત્ર સર્વવ્યાપી આત્મા છે, ત્રીજું અનેક રૂપ ધારણ કરનાર જીવનું સત્ય છે, જે મમૈવાંશ: સનાતન: છે, — જે સાચા અને સનાતન વ્યક્તિત્વનો — આપણા આધ્યાત્મિક વ્યક્તિત્વનો — સનાતન પાયો છે. આ ત્રણે દિવ્ય છે — આ ત્રણે પ્રભુ પોતે જ છે. પરમ સત્યની પરમ આધ્યાત્મિક પ્રકૃતિ, અજ્ઞાનની પરિસ્થિતિની કોઈ પણ મર્યાદા જેનામાં છે નહિ એવી પરા પ્રકૃતિ તે પુરુષોત્તમની પોતાની શક્તિ છે. અપૌરુષેય, વ્યક્તિત્વથી સ્વતંત્ર, સર્વગત એવા આત્મામાં પણ એ જ દિવ્ય પ્રકૃતિ રહેલી છે, પરંતુ અહીં તે સનાતન નિવૃત્તિમાં, સમતુલામાં રહેલી હોય છે. છેવટે પ્રવૃત્તિને ખાતર પરા પ્રકૃતિ અનેક સ્વરૂપવાળો જીવ બને છે. પરંતુ એ પરા પ્રકૃતિની પોતાની પ્રવૃત્તિ હમેશાં આધ્યાત્મિક હોય છે, — એક દિવ્ય ક્રિયા હોય છે. પરા પ્રકૃતિ એટલે પરમ દિવ્ય પ્રકૃતિની શક્તિ છે, એ પુરુષોત્તમની સચેતન

સંકલ્પશક્તિ છે, જે જીવના રૂપમાં વિવિધ મૌલિક અને આધ્યાત્મિક ગુણોની શક્તિરૂપે પોતાની જાતને પ્રગટ કરે છે. પરા શક્તિની મૌલિક શક્તિ તે જીવનો 'સ્વ'-ભાવ છે. આધ્યાત્મિક શક્તિમાંથી જે કર્મો અને જે આવિર્ભાવ સીધેસીધાં પ્રગટ થાય છે તે સઘળાં આવિર્ભાવ અને સર્વે કર્મો દિવ્ય હોય છે, આથી કરીને કર્મ કરવામાં માનવનો ઉદ્દેશ તેની આ સાચી આધ્યાત્મિક વ્યક્તિતાને પ્રાપ્ત કરવી એ હોવો જોઈએ, તથા આ દિવ્ય શક્તિમાંથી પોતાનાં સર્વે કર્મોનો પ્રવાહ વહેતો કરવો, અંતરાત્મામાંથી, — પોતાના અંતરની ઊંડામાં ઊંડો અંતરતમ સત્-તામાંથી — નહિ કે મનના વિચારોમાંથી અને પ્રાણની કામનાઓમાંથી — કર્મનો વિકાસ કરવો તથા પોતાનાં સર્વે કર્મો પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિના વિશુદ્ધ પ્રવાહરૂપ બને એવું તેમનું રૂપાંતર સાધવું તથા સમગ્ર જીવનને પ્રભુની દિવ્ય પ્રકૃતિના ક્રિયાત્મક પ્રતીકરૂપ બનાવવું એ તેનો ઉદ્દેશ હોવો જોઈએ એમ ફલિત થાય છે.

પરંતુ ત્રણ ગુણોના બનેલી આ નિમ્ન પ્રકૃતિ પણ અહીં રહેલી છે, — એ અવિદ્યામય છે, એનું કાર્ય પણ અજ્ઞાનનું કાર્ય છે, — મિશ્ર પ્રકારનું, અવ્યવસ્થિત, વિકૃત એવું તેનું કાર્ય હોય છે. એ કાર્ય માનવની નિમ્ન વ્યક્તિતાનું, તેના અહંનું એની સ્વાભાવિક પ્રાકૃતિક વ્યક્તિતાનું, — નહિ કે એની આધ્યાત્મિક વ્યક્તિતાનું — કાર્ય હોય છે. આ નિમ્ન પ્રકારની જૂઠી વ્યક્તિતામાંથી પાછા ફરવા માટે આપણે નૈર્વ્યક્તિક એવા આત્માનો આશ્રય લેવાનો છે, તથા તેની સાથે આપણી એકતા સ્થાપન કરવાની છે. ત્યાર પછી, અહંવાળી વ્યક્તિતાથી મુકત બનીને આપણે સાચી આધ્યાત્મિક વ્યક્તિતા અને પુરુષોત્તમ એ બેની વચ્ચેનો સંબંધ જાણી શકીશું. જીવ પોતાની સત્-તાની બાજુમાં પુરુષોત્તમ સાથે એક છે, — જોકે તે વ્યક્તિરૂપ હોવાથી એના કર્મમાં અને પ્રકૃતિના આવિર્ભાવની બાજુમાં તે મર્યાદિત, આંશિક અને વિશિષ્ટ રૂપોનું નિર્માણ કરનાર હોય છે. અધોગામી પ્રકૃતિથી મુકત બનીને આપણે પણ એ ઊર્ધ્વતર, દિવ્ય અને આધ્યાત્મિક પ્રકૃતિનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એટલે 'અંતરાત્મામાંથી કર્મ કરવાં' એ વાકયનો અર્થ કામનામય અહંમાંથી કર્મ કરવાં એવો થતો નથી. કારણ કે એ કામનામય અહં તો કેવળ નિમ્ન પ્રકારનું અને સપાટી ઉપરનું સ્વરૂપ માત્ર હોય છે, એ કાંઈ આપણું ઉચ્ચ અને સાચું સ્વરૂપ નથી. આપણી અંતરની પ્રકૃતિ અનુસાર, એટલે કે આપણા સ્વભાવ પ્રમાણે. કર્મ કરવાં એનો અર્થ આપણા અહંના આવેગો અને રાગોને વશ થઈને કર્મ કરવાં એવો થતો નથી. એટલે કે સ્વાભાવિક આવેગોની અને પ્રકૃતિના ગુણોની ચંચળ લીલાને પરિણામે પાપ અને પુણ્ય જે કાંઈ આવે તે ઉદાસીન ભાવે કે કામના સહિત વર્તનમાં મૂકવું એવો એનો અર્થ નથી. આવેગોને વશ થવું, સક્રિય રીતે કે અક્રિય રહીને પાપવૃત્તિઓનું લાલન કરવું એ કાંઈ ઊંચામાં ઊંચી નિર્વ્યકિતતાવાળી આધ્યાત્મિક નિવૃત્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ નથી જ. એ દિવ્ય વ્યકિતતા પ્રાપ્ત કરવી

એટલે આપણો જીવ પરમ પુરુષની યાને પુરુષોત્તમની સંકલ્પશક્તિનું વાહન બની રહે, પુરુષોત્તમની સીધીસીધી એક શક્તિ અને પ્રગટ અભિવ્યક્તિ રૂપ બની રહે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી.

છેક શરૂઆતમાં ગીતાએ સ્પષ્ટ શરત મૂકી છે કે કોઈ પણ પ્રકારના દિવ્ય જન્મની અને ઉચ્ચતર જીવનની પ્રાપ્તિ કરતાં પહેલાં રાજસિક કામનાઓ અને તેના પરિવારનો વિનાશ કરવો આવશ્યક છે, અને એનો અર્થ એ થાય છે કે પાપનો સંપૂર્ણ પરિત્યાગ થવો જોઈએ. પાપ એટલે અધોમુખ પ્રકૃતિની પોતાની અજ્ઞાની, મંદ કે આવેગપૂર્ણ રાજસિક અને તામસિક વૃત્તિઓના અસંસ્કારી સંતોષ માટેની પ્રવૃત્તિ. એ પાપની વૃત્તિ કોઈ પણ પ્રકારના ઉદાત્ત આત્મ-સંયમની સામે તથા પ્રકૃતિના ઉપર પુરુષના પ્રભુત્વની સામે હમેશાં બંડ કરે છે. અને આપણી અધોમુખ પ્રકૃતિના હલકા ગુણોનું કાર્ય એવું હોય છે કે આપણી સમગ્ર સત્-તાના ઉપર ગ્રામ્ય પ્રકારનું ફરજિયાતપણું અને દબાણ તે લાવે છે. એ ફરજિયાતપણાને અને દબાણને દૂર કરવા માટે આપણે પ્રકૃતિના સૌથી ઉચ્ચ ગુણનો, એટલે કે સત્ત્વ-ગુણનો, આશ્રય લેવો જોઈએ. એ સત્ત્વગુણ અંતરમાં સુમેળ ઉત્પન્ન કરનાર જ્ઞાનના પ્રકાશ માટે કર્મના સાચા નિયમને માટે હમેશાં ખોજ કરતો હોય છે. પ્રકૃતિના જુદાજુદા ગુણોના કાર્યને આપણો અંતરાત્મા અનુમતિ આપતો હોય છે. તેણે સાત્ત્વિક વૃત્તિ અને સાત્ત્વિક સંકલ્પને, — એટલે કે સુમેળ અને પ્રકાશનાં તથા સત્ય નિયમનાં તત્ત્વોની શોધ કરવા પ્રયત્ન કરતો હોય છે, તે ગુણને, પોતાની અનુમતિ આપવી જોઈએ. આપણી પોતાની પ્રકૃતિમાં જે સાત્ત્વિક સંકલ્પશક્તિ રહેલી છે તેણે આપણા ઉપર શાસન કરવું જોઈએ, રાજસિક કે તામસિક સંકલ્પ-શક્તિએ નહીં. આપણા કર્મના આચરણમાં તેમજ સર્વ પ્રકારના સાચા નૈતિક સંસ્કારમાં જે ઉચ્ચ પ્રકારની સકારણતા રહેલી છે તેનો અર્થ એ જ છે. આપણી અંદર જે પ્રકૃતિ રહેલી છે તે પોતાના અધોમુખ અને અવ્યવસ્થિત કાર્યમાંથી ઊર્ધ્વગામી અને વ્યવસ્થિત કાર્ય પ્રત્યે વિકાસ કરવાનો પ્રયત્ન કરતી હોય છે. એ વિકાસનો નિયમ છે કે શોક અને અશાંતિરૂપી પરિણામ લાવનારા આવેગ, રાગ અને અજ્ઞાનમાંથી પ્રગટ થતાં કર્મો કરવાં નહિ, પરંતુ અંતરનું સુખ, સમતા અને શાંતિનું પરિણામ લાવનારા એવા જ્ઞાનમાંથી અને જ્યોતિર્મય સંકલ્પમાંથી પ્રગટતાં સાત્ત્વિક કર્મો કરવાં. જો આપણી અંદર પ્રકૃતિના સૌથી ઉચ્ચ ગુણનો, એટલે કે સત્ત્વગુણનો વિકાસ નહિ કરીએ તો આપણે ત્રણ ગુણોથી પર થઈ શકીશું નહીં.

'દુષ્કર્મ કરનારા પાપીઓ, મૂઢ નરાધમો મને પ્રાપ્ત કરી શકતા નથી.' એમ પુરુષોત્તમ ગીતામાં કહે છે, 'કારણ કે એમનું જ્ઞાન માયાથી હરાઈ ગયેલું હોય છે, અને એ લોકો આસુરી ભાવને પ્રાપ્ત થયેલા હોય છે.' (૭.૧૫) આ મોહ અને પ્રતારણા અને અહંના કાર્ય વડે પ્રકૃતિમાં રહેલો પુરુષ છેતરાય છે એ બન્ને એક

જ વસ્તુ છે. દુષ્કર્મ કરનાર ભગવાનને પ્રાપ્ત કરી શકતો નથી કારણ કે માનવ-પ્રકૃતિની સૌથી અધમ પાયરી ઉપર ઊભો રહીને તે પોતાના અહંના સ્વરૂપને સંતોષ આપવા પ્રયત્ન કરતો હોય છે. એવા માણસનો સાચો પ્રભુ એનો અહં હોય છે. ત્રણ ગુણોની માયાની ક્રિયાથી ઘેરાઈ ગયેલું તેનું મન અને તેની સંકલ્પશક્તિ એનામાં રહેલા આત્માનાં કરણો તરીકે કાર્ય કરતાં નથી, પરંતુ કામનાઓના સ્વેચ્છાથી બનેલા ગુલામો, યા તો જાતને છેતરનારાં કરણો હોય છે. એવો દુષ્કર્મનો કર્તા પોતાની અધોમુખ પ્રકૃતિને જ જુએ છે, પરમ આત્માને તથા ઉચ્ચતમ સ્વરૂપને, યા તો પોતાનામાં અને જગતમાં રહેલા ઈશ્વરને તે જોતો નથી. સમસ્ત વિશ્વની સત્-તાને તે પોતાના અહં અને કામનાના દૃષ્ટિબિંદુથી જ જુએ છે અને તે પોતાના અહં અને કામનાની જ સેવા કરે છે. ઊર્ધ્વતર દિવ્ય પ્રકૃતિ તથા જીવનનો ઊર્ધ્વગામી નિયમ પ્રાપ્ત કરવાની કશી પણ ઊર્ધ્વગામી ઝંખના વગર અહં અને કામનાની સેવા કરવી એનું જ નામ અસુરની પ્રકૃતિ હોવી. ઊર્ધ્વતર પ્રકૃતિને માટે તથા જીવનના કોઈ ઊર્ધ્વતર નિયમને માટે ઝંખના કરવી એ જીવનમાં ઊર્ધ્વ ગતિ સાધવાનું પહેલું આવશ્યક પગલું છે. એટલે કે કામનાને વશ થવાના નિયમ કરતાં, અથવા તો, અહંની વિશાળ બનાવેલી આવૃત્તિ કે મૂર્તિ કરતાં કોઈ વધારે ઉદાત્ત દેવને જાણવો અને ભજવો, સત્યના ચિંતક અને સાચા કર્મના કર્તા બનવું એ પહેલી જરૂર છે. અને એટલું માત્ર કરવું પૂરતું નથી. સાત્ત્વિક માણસ પણ પ્રકૃતિના ત્રણ ગુણોના મોહને વશ હોય છે, કારણ કે એનું જીવન પણ રાગ અને દ્વેષ વડે, ગમા-અણગમા વડે નિયત થાય છે. સાત્ત્વિક માણસ પણ પ્રકૃતિના બંધારણના ચક્કરમાં પડેલો હોય છે. એટલે ઊંચામાં ઊંચું, પરાત્પર પ્રકારનું અને સર્વાંગીણ એવું જ્ઞાન એને પ્રાપ્ત થતું નથી. એમ છતાં, એના નૈતિક ઉદ્દેશમાં ઊર્ધ્વ પ્રત્યેની સતત ઝંખના રહેલી હોવાથી આખરે સાત્ત્વિક માણસ પાપની તમોગ્રસ્ત-તાથી — એટલે કે રાજસિક કામના અને આવેગને પરિણામે પ્રાપ્ત થતી તમોગુણની અવસ્થાથી — મુક્ત થઈ જાય છે અને વિશુદ્ધ એવી પ્રકૃતિને પ્રાપ્ત કરે છે. એવી વિશુદ્ધ પ્રકૃતિ ત્રણ ગુણોની માયાથી મુક્ત થવાની અધિકારી બને છે. કેવળ પુણ્યથી, — સદ્‌ગુણના આચરણથી માણસ પરમ સત્યને પ્રાપ્ત કરી શકતો નથી એ ખરું છે, તોપણ *પુણ્યને લઈને પરમ સત્યની પ્રાપ્તિ માટે તે અધિકારી બની શકે છે. કારણ કે અસંસ્કારી, ગ્રામ્ય, રાજસિક અથવા તો મંદતાવાળા તામસિક અહંને દૂર કરી દેવો, એને ખંખેરી નાખવો અને એનાથી પર થઈ જવું એ ઘણું મુશ્કેલ

---

*પુણ્યનો અર્થ અહીં વિચારમાં, લાગણીઓ યાને ઊર્મિઓમાં તથા સ્વભાવમાં તથા હેતુ અને વ્યવહારમાં સાત્ત્વિક શુદ્ધિ, — એવો લેવાનો છે; કેવળ રૂઢિને વશ થા તો સામાજિક સદ્‌ગુણ એવો કરવાનો નથી.

કાર્ય છે. સાત્ત્વિક અહં પ્રમાણમાં ઓછો મુશ્કેલી આપનારો છે, અને છેવટે જ્યારે તે પૂરતો સૂક્ષ્મ અને પ્રકાશમય બને છે ત્યારે તો એનાથી પર થવું, એનું રૂપાંતર કરવું, અથવા તો એનો વિનાશ કરવો સહેલું પણ બને છે.

એટલે કરીને, શરૂઆતમાં માણસે નીતિમાન બનવાનું છે, — સુકૃતિ — સારાં કર્મોના કરનાર, થવાનું છે. અને ત્યાર પછી કેવળ નૈતિક નિયમવાળા જીવનથી પર રહેલી ઉન્નતિને, જ્યોતિને, વિશાળતાને અને આધ્યાત્મિક પ્રકૃતિની શક્તિને, — જેમાં તે દ્વંદ્વના મોહથી પર થઈ જાય છે તેવી — ઊર્ધ્વ સ્થિતિને પહોંચવાનું છે. એ ઊર્ધ્વ સ્થિતિને પ્રાપ્ત થયેલો માણસ અંગત દૃષ્ટિએ જે સારું કે ગમતું હોય છે તે પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરતો નથી, અથવા તો પોતાને અંગત રીતે જે દુઃખદાયક કે સહન કરવાનું હોય છે તેનો ત્યાગ કરતો નથી, કારણ કે એ વસ્તુઓથી તે નિર્લિપ્ત રહે છે. વળી તે એમ નથી કહેતો કે 'હું પુણ્યવાન છું' કે 'હું પાપી છું', પરંતુ પોતાની ઊર્ધ્વ આધ્યાત્મિક પ્રકૃતિ દ્વારા પ્રભુની ઇચ્છા પ્રમાણે જગતના હિતને ખાતર તે કર્મ કરે છે. આપણે આગળ જોઈ ગયા છીએ કે એ લેતુને પાર પાડવા માટે આત્મજ્ઞાન, સમતા અને નિર્વ્યક્તિતા એ પહેલી જરૂર છે. એ રીતે જ્ઞાન અને કર્મ, આધ્યાત્મિકતા અને જગતમાં પ્રવૃત્તિ, કાલાતીત બ્રહ્મની સદા અચલ નિવૃત્તિ અને પ્રકૃતિની કાર્યસાધક શક્તિની સનાતન પ્રવૃત્તિ — એ બેની વચ્ચે સમન્વય થાય છે. પરંતુ અહીં પોતાના કર્મયોગનો જ્ઞાનયોગની સાથે સમન્વય સાધનાર કર્મયોગીની આગળ ગીતા એક બીજી વધારે મોટી માગણી રજુ કરે છે. હવે એની પાસેથી કેવળ જ્ઞાન અને કર્મની જ નહિ પરંતુ ભક્તિની માગણી પણ ગીતા કરે છે. એટલે કે પ્રભુ માટેની ભક્તિની, સૌથી પરમ ઇષ્ટ સ્વરૂપ પુરુષોત્તમને માટેના પ્રેમની અને અનન્ય ભક્તિની માગણી સાધક પાસે કરવામાં આવે છે. અત્યાર સુધી આ માગણી ખુલ્લી રીતે કરવામાં આવી નથી તોપણ બધી રીતે એની તૈયારી ગુરુએ કરી મૂકી જ હતી. ક્યારે? જીવનસમસ્તના સ્વામી પ્રભુને આપણે સઘળાં કર્મો યજ્ઞરૂપે અર્પણ કરવાં જોઈએ એ સિદ્ધાંતને જ્યારે ગીતાએ પોતાની યોગસાધનાના એક આવશ્યક પગથિયા તરીકે સ્વીકાર્યો ત્યારે. સર્વ કર્મોને અર્પણ કરી દેવાં, પણ તે વ્યક્તિત્વથી મુક્ત એવા નિર્વ્યક્તિક આત્માને નહિ, પરંતુ પરમ દિવ્ય સત્ જેમાંથી સર્વ જીવન, સર્વ સંકલ્પ અને સર્વ શક્તિ ઉત્પન્ન થાય છે તેને સમર્પણ કરવાં એવો આગ્રહ કરીને સમર્પણની ક્રિયાને યજ્ઞના શિખર તરીકે ગીતાએ સ્થાપન કરેલી છે. એમાં જે તત્ત્વ અધ્યાહાર હતું તે હવે પ્રગટ કરવામાં આવે છે, અને ગીતાનો ઉદ્દેશ પણ આપણે વધારે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ.

સામાન્ય પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ મેળવવા માટે અને દિવ્ય, આધ્યાત્મિક પ્રકૃતિમાં આપણો વિકાસ કરવા માટે આપણી સમક્ષ પરસ્પર આધાર રાખનારી

એવી ત્રણ ક્રિયાઓ રજૂ થયેલી છે. 'ઇચ્છા અને દ્વેષમાંથી ઉત્પન્ન થનાર દ્વંદ્વના ભ્રમને લઈને જગતમાં રહેલાં સર્વે પ્રાણીઓ મોહને પામે છે'[1] એમ ગીતા કહે છે. એ જ અજ્ઞાન છે, એ અહંતાનું કાર્ય છે. અહંતા પ્રકૃતિનાં કેવળ દ્વંદ્વોની જ જોતી હોય છે, તથા પોતાની અલગ વ્યક્તિતામાં, પોતાની કામનાઓમાં અને તેના રાગદ્વેષોમાં જ સતત ગૂંથાયેલી હોવાથી સર્વત્ર વ્યાપીને રહેલા પ્રભુને જોવા તથા જાણવાને તે અસમર્થ નીવડે છે. આ અજ્ઞાનના ચક્કરમાંથી છુટકારો મેળવવા માટેની સૌથી પહેલી જરૂર એ છે કે પ્રાણના અહંરૂપી પાપથી, આવેગોની આગથી, રાજસિક પ્રકૃતિની કામનાઓના બળવાથી સાધકે અલગ થઈ જવું. અને એ કામ આપણી અંદર રહેલા નૈતિક સત્ત્વમાં જે સાત્ત્વિક ગુણ રહેલો હોય છે તેને સુદૃઢ કરવાથી થઈ શકે તેવું છે. એ કાર્ય જ્યારે પૂરું થાય ત્યાર પછી, — येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् (૭.૨૮), — પુણ્ય કર્મ કરનારા એવા જ્ઞાનીઓ જેમનાં પાપોનો અંત આવી ગયો હોય," અથવા તો, જ્યારે એ ક્રિયા ચાલતી હોય, — (કારણ કે વિકાસની અમુક કક્ષા પછીથી સાત્ત્વિક પ્રકૃતિમાં જે કાંઈ વિકાસ થાય છે તે સઘળાને પરિણામે ઉચ્ચ પ્રકારની શાંતિ — સ્થિરતા, સમતા અને પરાત્પરતા પ્રાપ્ત કરવાની શક્તિ વધે છે) — તેણે દ્વંદ્વોથી પર થઈ જવું, નિર્વ્યક્તિતા-વાળા થવું, સમતાવાળા, અક્ષરબ્રહ્મ સાથે, તથા સર્વભૂતો સાથે એકતાવાળા થવું આવશ્યક છે. આ પ્રમાણે આત્મામાં વિકાસ પામવાની ક્રિયાને લઈને આપણી શુદ્ધિ પૂર્ણ થાય છે. પરંતુ જ્યારે એ શુદ્ધિની ક્રિયા ચાલતી હોય, જ્યારે આત્મા જ્ઞાનમાં વિકાસ પામી રહ્યો હોય, ત્યારે સાધકે ભક્તિમાં પણ પ્રગતિ કરવી આવશ્યક છે. કારણ કે એણે સમતાવાળી વિશાળ ચેતના સહિત કાર્ય કરવાનું છે, એટલું જ નહિ પરંતુ સર્વ કર્મો યજ્ઞરૂપે પ્રભુને અર્પણ કરવાનાં છે. એટલે કે આરંભમાં સર્વમાં જેનો વાસ છે પરંતુ જેનું તેને જ્ઞાન નથી એવા પ્રભુને આ ભક્તિયુક્ત કર્મયોગને લઈને તે સમગ્રભાવે — समग्रं माम् — જાણી શકશે. ક્યારે? જ્યારે એને સર્વમાં અને સર્વત્ર વ્યાપી રહેલા એક આત્માનું દર્શન સ્થિરપણે થશે ત્યારે. સમતા અને સર્વત્ર એક આત્માનું દર્શન એટલે કે એકાત્મદૃષ્ટિ જેનામાં સંપૂર્ણપણે સ્થાપન થાય છે, તે — द्वंद्वमोहनिर्मुक्ताः (૭.૨૮) — "દ્વંદ્વના મોહથી મુક્ત થયેલા" લોકોને માટે પરમ ભક્તિ, — પ્રભુને માટેની સર્વને પોતાનામાં સમાવનારી ભક્તિ, એ જ એમના જીવનનો વ્યાપક અને એકમાત્ર નિયમ બની રહે છે. એ સમર્પણમાં બીજા બધા નિયમોનો સમાવેશ થઈ જાય છે — सर्वधर्मान् परित्यज्य. ત્યાર પછી માનવનો આત્મા ભક્તિમાં દૃઢ બને છે, અને તેનું સમગ્ર જીવન, — જ્ઞાન

---

१ इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ।। (૭.૨૭)

અને કર્મો સઘળું — સમર્પણ કરવાના પોતાના વ્રતમાં પણ એવા માણસ સ્થિર અને દૃઢ બને છે. એમ થવાનું કારણ એ છે કે હવે એના અંતરના પાયા તરીકે — તેના જીવનનો અને કર્મની અખંડ ભિત્તિ તરીકે, સર્વના સર્જનહાર એવા પ્રભુનું સંપૂર્ણ, સર્વાંગીણ અને સર્વનું અદ્વૈત સાધનારું જ્ઞાન તેને પ્રાપ્ત થયું હોય છે — તે — भजन्ते मां दृढव्रताः । (૭.૨૮)

સામાન્ય દૃષ્ટિબિંદુથી જોતાં, જ્ઞાન અને નિર્વ્યક્તિતા પ્રાપ્ત કર્યા પછી ભક્તિના ઉપર પાછું આવવું, અથવા તો ભાવની ક્રિયા ચાલુ રાખવી એ જાણે પીછેહઠ કરવા જેવું ગણાય છે. કારણ કે ભક્તિમાં વ્યક્તિતાનું તત્ત્વ, વ્યક્તિતાનો પાયો હમેશાં રહેલો હોય છે. વ્યક્તિનો આત્મા કેવળ પરમ અને વિશ્વરૂપ પ્રભુ પ્રત્યે પ્રેમ અને ભક્તિપૂર્વક ઢળેલો હોય તો જ ભક્તિની એવી દૃઢ પ્રતિષ્ઠા શક્ય બને છે. એવી એકનિષ્ઠ ભક્તિમાં કર્મ માટે સ્થાન કેવી રીતે હોઈ શકે, એ પ્રશ્ન છે. પરંતુ અકર્મ બનવાનો, સનાતન અક્ષરમાં લય પામી જવાનો કાંઈ ગીતાનો ઉદ્દેશ નથી. ઊલટું, આપણા સમગ્ર આધાર મારફત, આપણાં સર્વે કરણો અને આત્મા દ્વારા પુરુષોત્તમ સાથે એકતા સાધવી એ તેનો હેતુ છે. એટલે એકમાર્ગી ભક્તિયોગની મર્યાદાનો વાંધો અહીં ટકી શકતો નથી. એમ તો આ યોગની સાધનામાં પણ પોતાની નિર્વ્યક્તિતાનું અને અક્ષર સ્વરૂપનું તેને જ્ઞાન થાય છે અને એ જ્ઞાનને પરિણામે માનવ પોતાની નિમ્ન, અજ્ઞાનને વશ એવી વ્યક્તિતાથી મુક્ત થાય છે. પરંતુ, અહીં ફેર એ રહે છે કે તેના મુક્ત થયા પછી પણ કર્મ કરવાં ચાલુ રહે છે અને બધાં કર્મો પ્રકૃતિની ત્વરતામાં વ્યક્ત થતા તેના જીવનસ્વરૂપમાં બની રહે છે. અહીં મુક્તિને પરિણામે કર્મના નિર્વાણની એટલે કર્મનો સંપૂર્ણપણે અંત આવવાની અનિશ્ચયતાનો દોષ દૂર કરવા માટે જો આપણે પુરુષોત્તમને યજ્ઞરૂપે કર્મો અર્પણ કરવાનું તત્ત્વ લાવીશું નહિ તો કર્મના આ આખાય તત્ત્વને આપણા આત્મા સાથે કશો સંબંધ રહેશે નહીં. અને કર્મ તો કશી દિવ્ય વાસ્તવિકતા વગરનો અજ્ઞાની પ્રકૃતિના ગુણોની લીલાનો બાકી રહી ગયેલો અવશેષ માત્ર જ છે, — અહંના વિલયનું છેવટનું બિંદુ છે, પ્રકૃતિમાંથી આવતા કોઈ સતત ઉદ્દીપનને તે આભારી છે એમ જ આપણે માનવું પડશે. પરંતુ એ પ્રકારનાં કર્મોને માટે આપણે જવાબદાર નથી, કારણ કે આપણું જ્ઞાન તો કર્મનો ત્યાગ કરવાનું કહે છે અને કર્મમાંથી છૂટીને શુદ્ધ અકર્મની સ્થિતિમાં જઈને એ જ્ઞાનમય મુક્તિ પ્રાપ્ત કરવા માગે છે. પરંતુ એક અને અદ્વિતીય તથા સર્વવ્યાપી એવા આત્માની પ્રશાંત નિર્વ્યક્તિતા સાથે પ્રકૃતિની અંદર કર્મ કરવા માટે જે દબાણ હોય છે તેને પ્રભુને સમર્પણ કરેલા યજ્ઞ તરીકે સ્વીકારવાથી આપણા હાથમાં એક બેવડી ચાવી આવે છે જેને લઈને આપણે અધોમુખ, અહં-પ્રધાન વ્યક્તિતાથી મુક્ત થઈએ છીએ અને સાથોસાથ આપણી સાચી આધ્યાત્મિક

વ્યક્તિતાની વિશુદ્ધિમાં આપણે વિકાસ પામીએ છીએ. ત્યાર પછી આપણે નિમ્ન પ્રકૃતિના બંધનમાં પડેલ અજ્ઞાન 'અહં' તરીકે નથી રહેતા, પરંતુ પરા પ્રકૃતિમાં વસનાર મુક્ત જીવ બનીએ છીએ. ત્યાર પછી એક, નિર્વૈયક્તિક અને અક્ષર આત્મા અને આ ક્ષર, અનેક રૂપ ધારણ કરનાર પ્રકૃતિ એ બન્ને આપણને પરસ્પર વિરોધી તત્ત્વો તરીકે નથી જણાતાં, પરંતુ આપણા અસ્તિત્વની અક્ષર અને ક્ષર એ બન્ને બાજુઓ દ્વારા પુરુષોત્તમને એકીવખતે આપણે જાણી શકીએ છીએ; અને એની સાથે પ્રેમભક્તિપૂર્વક સ્થાપન થતી એકતાને પામીએ છીએ. આ ત્રણે — ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ — બ્રહ્મ છે. અને ક્ષર અને અક્ષર જે પરસ્પર દેખીતાં વિરોધી તત્ત્વો છે તે એ બન્નેથી પર રહેલ ઉત્તમ પુરુષનાં એકબીજા સામે જોઈ રહેલાં પુરુષોત્તમનાં જ સ્વરૂપો છે એવી આપણને પ્રતીતિ થાય છે. "અક્ષર અને અવ્યક્ત એવો એક પુરુષ છે: અને ક્ષર અને વ્યક્ત એવો પુરુષ છે." (૭.૨૦) "પરંતુ એ બન્નેથી જુદો એવો ઉત્તમ પુરુષ છે જે 'પરમાત્મા' કહેવાય છે. આ ત્રણે લોકમાં એ પરમાત્મા પ્રવેશીને રહેલો છે અને તેના અવિનાશી ઈશ્વર તરીકે તેમને ધારણ કરી રહેલો છે. હું પોતે એ પુરુષોત્તમ છું, ક્ષરથી હું પર છું, અને અક્ષરથી યે હું પર છું, મહાન છું. જે માણસ મને પુરુષોત્તમ તરીકે જાણે છે અને મારી ભક્તિ કરે છે, તે સમગ્રના જ્ઞાન સહિત અને પ્રકૃતિના સર્વ ભાવોસહિત મારી ભક્તિ કરે છે." (૧૫.૧૭-૨૦) આ સમગ્ર જ્ઞાનવાળી તથા સંપૂર્ણ આત્મ-સમર્પણભાવવાળી ભક્તિ હવે ગીતા આપણને વિસ્તારપૂર્વક સમજાવે છે.

અહીં એ પણ ધ્યાનમાં રાખો કે ગીતા શિષ્ય પાસેથી જેની માગણી કરે છે તે 'જ્ઞાનસહિત ભક્તિ'ની માગણી છે. ભક્તિના બીજા પ્રકારો સારા છે એમ ગીતા સ્વીકારે છે તે છતાં તે બધાને આ જ્ઞાન સહિતની ભક્તિથી ઊતરતા પ્રકારના ગણે છે. એટલે કે સામાન્ય ભક્તિ ચાલી શકે તેવી ગણી શકાય, પરંતુ આત્માની ઊંચામાં ઊંચી સ્થિતિ તરીકે એ પ્રકાર ગણવાનો નથી એમ ગીતા માને છે. જે લોકોએ પોતાનાં પાપનો અંત લાવીને રાજસિક અહંકારનો સદંતર ત્યાગ કર્યો છે તથા જે લોકો પ્રભુ પ્રત્યે ગતિ કરી રહેલા છે તેવાઓમાં ગીતા ચાર પ્રકારના ભક્તો ગણાવે છે. પહેલામાં 'આર્ત', એટલે કે જે લોકો જીવનના શોક અને દુ:ખમાંથી પોતાના આશ્રય તરીકે પ્રભુ પ્રત્યે વળે છે તે લોકો આવે છે. બીજામાં 'અર્થાર્થી', એટલે જીવનમાં સઘળા ઈષ્ટ પદાર્થોના આપનાર તરીકે પ્રભુની ભક્તિ કરનાર માણસો આવે છે. ત્રીજામાં 'જિજ્ઞાસુ', એટલે જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી જે લોકો પ્રભુ પ્રત્યે વળે તે અને ચોથામાં 'જ્ઞાની', એટલે જે લોકો જ્ઞાન સહિત પ્રભુની ભક્તિ કરે છે તે લોકો ગણાય છે. ભક્તના આ બધાય પ્રકારોને ગીતા માન્ય રાખે છે, પરંતુ જ્ઞાની ભક્તને એ સૌથી ઉત્તમ ગણીને તેના પર પોતાની મહોરછાપ મારે છે. ભક્તિના એ બધા પ્રકારો उदाराः सर्व एवैते, ઉચ્ચ પ્રકારના અને સારા છે.

પરંતુ એ બધામાં જ્ઞાન સહિત કરેલી ભક્તિ ચઢિયાતી છે. આ ચાર પ્રકારોને આપણે આ પ્રમાણે ગોઠવી શકીએ: ૧. પ્રાણ અને ઊર્મિની સંયુક્ત ક્રિયામાંથી તથા લાગણીપ્રધાન પ્રકૃતિમાંથી ઉદ્‌ભવતી ભક્તિ,* ૨. વ્યવહારુ અને ક્રિયાત્મક પ્રકૃતિની, ૩. બુદ્ધિપ્રધાન તર્કવાદી જિજ્ઞાસુની ભક્તિ અને ૪. સૌથી ઉચ્ચ પ્રકારની ભક્તિ જેમાં માનવની પ્રકૃતિનાં સઘળાં અંગો પણ પ્રભુની સાથે એકતાને પ્રાપ્ત કરે છે એવી સહજ જ્ઞાનપ્રેરિત સાહજિક ભક્તિ. વ્યવહાર ની દૃષ્ટિએ, પહેલા ત્રણ પ્રકારો ચોથાની પૂર્વભૂમિકા તરીકે ગણી શકાય. કારણ કે અહીં ગીતા પોતે પણ કહે છે કે ઘણા જન્મોને અંતે સમગ્ર ભાવે પ્રભુનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અને ઘણા જન્મો દરમિયાન એ જ્ઞાનને જીવનમાં ઉતારવાને પરિણામે, આખરે સાધક પરાત્પર પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે. કારણ કે વાસુદેવ પોતે જ આ સર્વ છે એ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરનાર અને પોતાનાં સર્વ કરણો દ્વારા એનો સાક્ષાત્કાર કરેલો હોય એવો મહાત્મા વિરલ છે, — એટલે કે જેણે **सर्ववित् सर्वभावेन** (૧૫.૧૯) 'પોતાની સઘળી પ્રકૃતિ વડે, પ્રકૃતિના સઘળા ભાવો દ્વારા, અને સમગ્રતાવાળા જ્ઞાન વડે એ સાક્ષાત્કારને સિદ્ધ કરેલો હોય એવો મહાત્મા વિરલ છે.'

અહીં પ્રશ્ન થવાનો સંભવ છે કે ભક્તિ ઐહિક પદાર્થોની પ્રાપ્તિ કરવા માટે, અથવા તો, શોક અને દુઃખમાં આશ્રય મેળવવા ખાતર પ્રભુની ખોજ કરે છે અને પ્રભુને પોતાને ખાતર તેને ખોજતી નથી તેને — **उदार** — 'ઉચ્ચ પ્રકારની અને ઉદાત્ત' શી રીતે કહી શકાય? શું એવી ભક્તિમાં અહંકાર, નિર્બળતા અને કામનાનું ચલણ હોતાં નથી? અને એ પ્રકારની ભક્તિ અધોગામી પ્રકૃતિમાંથી નથી ઉદ્‌ભવતી? વળી જ્યાં જ્ઞાનનો અભાવ હોય છે ત્યાં સર્વને પોતાનામાં ધારણ કરનાર એવા વિશાળ અને વ્યાપક — વાસુદેવ સ્વરૂપે — **वासुदेवः सर्वमिति** (૭.૧૯) એ સત્ય સ્વરૂપે, — પ્રભુને ભક્ત મેળવી શકતો નથી. પરંતુ પોતાની જરૂર પ્રમાણે તે પ્રભુનાં અપૂર્ણ એવાં નામ અને રૂપો તૈયાર કરી લે છે, જે ખરું જોતાં એની પોતાની જરૂર, એની પ્રકૃતિ અને સ્વભાવનાં જ પ્રતિબિંબ હોય છે. પોતાની પ્રકૃતિની કામનાઓમાં સહાય કરવા કે તેમને સંતોષવા માટે પ્રભુનાં તે તે સ્વરૂપોની ભક્તિ તે કરે છે. ઉ. ત. પ્રભુને માટે એવો ભક્ત ઇન્દ્રનું કે અગ્નિનું, વિષ્ણુનું કે શિવનું, યા તો ઊર્ધ્વમાં ગતિ કરીને પ્રભુત્વને પ્રાપ્ત થયેલા એવા ક્રાઇસ્ટ કે બુદ્ધનું નામ અને રૂપ તે સ્વીકારે છે. અથવા તો, પ્રકૃતિના અમુક ગુણોના સમુચ્ચયનો બનેલો, પ્રેમ અને દયાના ગુણોનો મહાસાગર એવો પ્રભુ તે કલ્પે છે, અથવા તો ન્યાય

---

* પાછળના કાળની આનંદોર્મિયુક્ત પ્રેમલક્ષણા ભક્તિ એના મૂળ સ્વરૂપમાં ચૈતસિક છે, કેવળ એના નિમ્ન સ્વરૂપમાં તેમજ એના કેટલાક બાહ્ય આવિર્ભાવોમાં જ લાગણીમય છે.

અને શુભ વર્તનનો કે સખતાઈવાળો પ્રભુ, અથવા તો, ક્રોધ, ભય અને કડકડતી શિક્ષા કરનારો, આપણી અંદર ભય અને અહોભાવ જાગ્રત કરે એવો પ્રભુ, અથવા તો આ ગુણોમાંના કોઈના મિશ્રણવાળો પ્રભુ પણ તે સર્જે છે. અને બાહ્ય જીવનમાં તથા પોતાના હૃદયમાં અને મનમાં એને સમર્પણ કરવાની યજ્ઞવેદીઓ તે તૈયાર કરે છે તથા તેની આગળ સાષ્ટાંગ નમસ્કાર કરે છે અને જીવનના ઐહિક પદાર્થો અને સુખોને માટે તેની પાસે યાચના કરે છે, યા તો જીવનમાં પોતાને થયેલા ઘા રુઝાવવાની માગણી કરે છે, અથવા તો, ભ્રાંતિઓથી ભરેલા, ભૂલનો પાત્ર, મતાગ્રહી અને બુદ્ધિના બનેલા એવા પોતાના અસહિષ્ણુ જ્ઞાન માટે તે સાંપ્રદાયિક પ્રકારની અનુમતિ પ્રભુ પાસે મેળવવાની માગણી કરે છે. આ બધું અમુક હદ સુધી સાચું પણ હોય છે. આ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું વાસુદેવ પ્રભુ પોતે જ છે એવા જ્ઞાનવાળો આત્મા અતિ વિરલ છે — **वासुदेव: सर्वमिति स महात्मा सुदुर्लभ:** । (૭.૧૯) જાદીજુદી કામનાઓને લઈને માણસોનું જ્ઞાન હરાઈ જાય છે એટલે કે અનેક પ્રકારની બહિર્મુખ કામનાઓ એમના અંતરમાં રહેલા જ્ઞાનનું હરણ કરી લે છે. અજ્ઞાન હોઈને એવા લોકો **प्रपद्यंतेऽन्यदेवता:** । (૭.૨૦) બીજા દેવતાઓનો આશ્રય શોધે છે. એ ઈષ્ટ દેવતાઓ, એટલે પ્રભુનાં પોતાનાં આંશિક સ્વરૂપો, એવા ભક્તોની કામનાઓને અનુરૂપ હોય છે. એવા લોકો **तं तं नियममास्थाय.** (૭.૨૦) અમુક આચાર અને અમુક સંપ્રદાયની સ્થાપના કરે છે, જે તેમની પોતાની પ્રકૃતિની જરૂરને પૂરી પાડનારી હોય છે. અને આ બધી ક્રિયાઓ કરવામાં એ લોકો પોતાની અંદર કાર્ય કરી રહેલી પોતાની પ્રકૃતિની સંકુચિત જરૂરિયાતને, અંગત, આગ્રહી દબાણ કરનારા એવા પોતાના નિર્ણયને જ અનુસરતા હોય છે અને તેને જ સૌથી ઉચ્ચ સત્ય તરીકે સ્વીકારતા હોય છે. એટલે કે એ લોકો અનંત પ્રભુનું અને તેની અસીમ વિશાળતાનું અનુસરણ કરવા માટે અશક્ત હોય છે. જો એમની શ્રદ્ધા અટલ હોય છે તો એ મર્યાદિત સ્વરૂપવાળા ઈષ્ટ દેવતાઓ એમની ઈષ્ટ કામનાઓ પૂરી કરે છે. પરંતુ એ રીતે પ્રાપ્ત કરેલાં ફળ અને સંતોષ અંતવાળાં હોય છે, અને કામનાઓના એવા અનુસરણને ધર્મના અને જીવનના સિદ્ધાંત તરીકે તો શુદ્ધ બુદ્ધિ અને કાચી તર્કશક્તિ જ સ્થાપન કરે. એ માર્ગે જે કાંઈ આધ્યાત્મિક પ્રાપ્તિ થઈ શકે તેવી છે તે કેવળ ઈષ્ટ દેવની પ્રાપ્તિ સુધી સાધકને લઈ જઈ શકે છે. એટલે કે એવા લોકો જર પ્રકૃતિના કોઈ સ્વરૂપમાં, જર પ્રકૃતિનાં પરિણામો આપનાર ઈષ્ટ દેવ તરીકે પ્રભુને પામી શકે છે. પરંતુ જે લોકો પરાત્પર પુરુષોત્તમને અને સમગ્ર ભાવવાળા દેવાધિદેવની ભક્તિ કરે છે તેઓ બધા આ દેવસ્વરૂપોને પણ પામે છે, અને એ સઘળાનું રૂપાંતર પણ કરી શકે છે; એટલે કે પ્રત્યેક દેવતાને તેના ઊંચામાં ઊંચા સ્વરૂપ સુધી ઊર્ધ્વમાં લઈ જઈ શકે છે અને પ્રકૃતિને પણ તેના ઊંચામાં ઊંચા શિખરો સુધી પહોંચાડે છે. અને

એ રીતે એ બધાથી પર થઈને પોતે પ્રભુના અસલ ધામને પહોંચે છે, પરાત્પરનો સાક્ષાત્કાર કરે છે, તેને પ્રાપ્ત કરે છે -- **देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ।** (૭.૨૩).

છતાં અહીં કહેવું જોઈએ કે દેવોનું યજન કરનારા ભક્તોની દૃષ્ટિ અપૂર્ણ છે તેટલા ખાતર પરાત્પર પ્રભુ તેમનો ઈન્કાર કરતો નથી. કારણ કે પ્રભુ પોતે પરમ પરાત્પર, અજ, અક્ષર અને પોતાના આંશિક આવિર્ભાવોથી પર હોવાને કારણે કોઈ પણ દેહધારી પ્રાણીથી સહેલાઈથી જાણી શકાય તેવો નથી જ. એ પુરુષોત્તમ પોતાની યોગમાયાના વ્યાપક આવરણથી સમાવૃત થયેલો છે, ઢંકાયેલો છે. એ યોગમાયાના બળથી તે આ જગત સાથે એક બનીને રહે છે છતાં તેનાથી પર છે, અહીં વ્યાપેલો છે છતાં પ્રચ્છન્ન છે, સર્વ હૃદયોમાં પોતે બિરાજે છે છતાં દરેક પ્રાણી આગળ તે છતો થતો નથી. પ્રકૃતિમાં રહેતો મનુષ્ય એમ માને છે કે આ આવિર્ભાવો સઘળા પ્રભુ પોતે જ છે, જ્યારે વાસ્તવમાં એ બધાં એનાં કર્મો છે, એની શક્તિઓ છે, એનાં આવરણ છે. એ પરાત્પર પુરુષોત્તમ અતીત એવા ભૂતકાળને, તથા વર્તમાન અને ભાવિને સંપૂર્ણપણે જાણે છે, પરંતુ એને કોઈ જાણતું નથી. આ પ્રમાણે પ્રકૃતિમાં પોતાનાં કાર્યો દ્વારા માનવોને ભ્રમમાં નાખીને પછી એ પ્રકૃતિનાં સ્વરૂપોમાં જો પુરુષોત્તમ માનવને મળે જ નહિ, તો માનવને માટે દિવ્યતાની આશા, કે માયામાં પડેલા કોઈ પણ આત્માને માટે કશી આશા હોત જ નહિ. તેથી કરીને, લોકો પોતપોતાની પ્રકૃતિ અનુસાર, જે જે રીતે પ્રભુની સમીપ જાય છે, જે જે ઇષ્ટદેવને ભજે છે, તે તે રીતે અને તે તે સ્વરૂપમાં, તેમની ભક્તિનો પ્રભુ સ્વીકાર કરે છે, અને પોતાનાં દિવ્ય પ્રેમ અને કરુણા રૂપે તેનો પ્રત્યુત્તર પણ આપે છે. એ દેવતાનાં સ્વરૂપો આખરે તો એ પરાત્પરનો જ આવિર્ભાવ હોય છે. અને તેમના દ્વારા માનવની અપૂર્ણ પ્રકૃતિ એ પરાત્પરને સ્પર્શી શકે છે; આપણી ઇચ્છાઓ પોતે પણ આપણો આત્મા પ્રભુ પ્રત્યે વળે તે માટેનું આરંભનું એક સાધન બને છે. વળી ગમે તેટલી એની મર્યાદાઓ છતાં એવી ભક્તિ પણ કાંઈ છેક મૂલ્ય કે અસર વગરની નથી હોતી, એવી ભક્તિને માટે પણ એક ઘણી મોટી વસ્તુ આવશ્યક હોય છે, અને તે વસ્તુ છે શ્રદ્ધા. "મારા જે જે સ્વરૂપનું જે કોઈ માણસ શ્રદ્ધાપૂર્વક અર્ચન કરવા માગે છે, (ઇચ્છે છે), તે પ્રત્યેકની તે તે શ્રદ્ધાને હું દૃઢ અને અચલ કરું છું."* એ સંપ્રદાયમાં કે આચારમાં અને ભક્તિમાં એની શ્રદ્ધા હોય છે તેના બળે એવો ભક્ત પોતાની ઇચ્છાઓનાં ફળ મેળવે છે, તથા જે આધ્યાત્મિક સાક્ષાત્કાર માટે તે એ સમયે

---

* **यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।**
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ।। (૭,૨૧)

તૈયાર હોય છે તે આધ્યાત્મિક અનુભવ પણ એને મળી રહે છે. પ્રભુ પાસેથી પોતાની સઘળી ઇષ્ટ વસ્તુઓની માગણી કરતાં આખરે ભક્ત પ્રભુમાં જ પોતાની સમગ્ર ઇષ્ટ વસ્તુ જોતાં શીખશે. પોતાના સુખ અને આનંદની પ્રાપ્તિને માટે પ્રભુના ઉપર આધાર રાખતાં છેવટે તે પ્રભુમાં જ સઘળાં સુખ અને આનંદ સ્થાપન કરતાં શીખશે. પ્રભુને એનાં સ્વરૂપોમાં અને ગુણોમાં જાણતો થઈને તે પ્રભુને સર્વ રૂપે, અને સર્વથી પર એવા પરાત્પર રૂપે, જગતમાં જે કાંઈ છે તેના આદિ કારણ રૂપે જાણવા પામશે.*

આ રીતના આધ્યાત્મિક વિકાસને પરિણામે ભક્તિ જ્ઞાન સાથે એક બને છે. જીવ પરાત્પર પુરુષોત્તમમાં આનંદ માણે છે — એટલે કે પ્રભુને તે સર્વ સત્, સર્વ ચિત્ અને સર્વ આનંદ રૂપે જાણે છે, સર્વ પદાર્થોને, સર્વ પ્રાણીઓને તથા સર્વ ઘટનાઓને તે પ્રભુ રૂપે જાણે છે — જે પ્રભુને પ્રકૃતિમાં જાણે છે, પુરુષમાં પણ તેને જ જાણે છે. એટલું જ નહિ પરંતુ પુરુષ અને પ્રકૃતિ બન્નેથી પર રૂપે — પરાત્પર રૂપે પણ તેને જાણે છે. એવો ભક્ત તેની સાથે "નિત્ય-યુક્ત" રહે છે, એવા માણસનું સમસ્ત જીવન પરાત્પરની સાથે સદા યોગમાં હોય છે, એ પરાત્પરથી કોઈ પર નથી, એનું સમગ્ર જીવન વિરાટ વિશ્વાત્મા જોડે પણ નિત્ય એકતાવાળું હોય છે અને એ વિશ્વ-આત્મા સિવાય બીજું કશું અહીં અસ્તિત્વમાં નથી. એવા ભક્તની ભક્તિ — પરાત્પરના ઉપર એકાગ્ર થયેલી એવી "એક ભક્તિ" હોય છે, — એટલે કે તે કોઈ દેવતા કે અન્ય ધર્મ કે સંપ્રદાયના ઉપર એકાગ્ર થયેલી હોતી નથી. આ પરાત્પર માટેની અનન્ય ભક્તિ એ જ એના જીવનનો એકમાત્ર નિયમ થઈ રહે છે. એવો માણસ ધાર્મિક માન્યતાઓનાં ચોકઠાંઓમાંથી વ્યવહારના નિયમોથી અને જીવનમાંના અંગત ઉદ્દેશોથી પર થઈ જાય છે. એને કોઈ પ્રકારનો શોક રહેતો નથી, જેનું શમન કરવાનું હોય, કારણ કે નિખિલ આનંદમયને તેણે પ્રાપ્ત કરેલો હોય છે. એને કશાને માટેની કામના હોતી નથી કારણ કે સૌથી પરમ વસ્તુને અને સર્વરૂપ પ્રભુને તેણે પ્રાપ્ત કરેલો છે, તથા જે સર્વ શક્તિ — સઘળા પ્રકારની સાર્થકતા આપી શકે તેમ છે તેની સમીપ તે વસતો હોય છે. એવા માણસમાં શંકા કે નિરાશ થયેલી ઇચ્છાઓ અવશેષ રહેતી નથી. કારણ કે એ જે દિવ્ય પ્રકાશમાં તે જીવે છે તેમાંથી સર્વ જ્ઞાન તેની ચેતનામાં વહન કરતું આવે છે.

---

* પરમની પ્રાપ્તિ બાદ પણ આર્ત આદિ કનિષ્ઠ સાધન માટે અવકાશ રહે છે, અલબત્ત આ પ્રવૃત્તિઓ અંગત સંકુચિતતામાં ન રહેતાં દિવ્યતામાં રૂપાંતરિત થાય છે. કારણ કે એ વખતે પણ દુ:ખ, અજ્ઞાન એ અનિષ્ટની નિવૃત્તિ માટે તેમજ આ દૃશ્ય જગતમાં પરમ શ્રેય, શક્તિ અને આનંદના સમગ્રાત્મક આવિર્ભાવ માટે તથા તેમના પ્રાગતિક વિકાસ માટે સ્પૃહા રહે છે.

એ પોતે પ્રભુને પૂર્ણ ભાવે ભજે છે, અને પ્રભુનો એ પ્રિય જન હોય છે. કારણ કે જેમ તે પ્રભુમાં આનંદ માણતો હોય છે, તેમ પ્રભુ પણ એનામાં આનંદ માણે છે. આવો ભકત તે જ્ઞાની ભકત છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, "એવો જ્ઞાની ભકત મારું પોતાનું સ્વરૂપ છે." બીજા લોકો— જ્ઞાનીઓ — પ્રકૃતિમાં કાર્ય કરી રહેલા હેતુઓને અને સ્વરૂપોને પામે છે, પરંતુ આવો જ્ઞાની ભકત તો પુરુષોત્તમના પોતાના અને એના વિશ્વરૂપ બનેલા સ્વરૂપને પોતાની એકતા વડે પામે છે. એવા માણસનો દિવ્ય પ્રકૃતિમાં દિવ્ય જન્મ થયો ગણાય, — એની સત્-તા સમગ્રતાવાળી, એનો સંકલ્પ સંપૂર્ણતાવાળો, એનો પ્રેમ નિરપેક્ષ અને એનું જ્ઞાન સંપૂર્ણ હોય છે. જીવનું આ વિશ્વમાં ધારણ કરેલું જીવન એવા માણસમાં સફળ થયું ગણી શકાય, કારણ કે એ જીવન પોતાની મર્યાદાઓ વટાવીને પોતાનાથી પર થઈ ગયેલું હોય છે, અને એ રીતે એણે પોતાનું સમગ્ર અને ઉચ્ચતમ સત્ય પ્રાપ્ત કરેલું હોય છે.

પ્રકરણ ત્રીજું

પરમ ઈશ્વર

સાતમા અધ્યાયમાં જે કાંઈ કહેવામાં આવેલું છે તેમાંથી આપણને એક નવી અને વધારે નક્કર એવી ભૂમિકાનું આરંભબિંદુ મળી રહે છે, — એટલે કે એ ભૂમિકાને તે પૂરતી ચોકસાઈપૂર્વક સ્થાપન કરી આપે છે. એના કથનનો સાર એ આવે છે કે આપણા અંતરમાં એક વધારે મહાન ચેતના પ્રત્યે તથા એક પરમ સત્ય વસ્તુ પ્રત્યે આપણે વિકાસ કરવાનો છે. એ વિકાસ આપણી અંદર રહેલી વિશ્વ-પ્રકૃતિએ કરવાનો છે, — એ વિકાસ આપણી અંદર રહેલી વિશ્વપ્રકૃતિને સંપૂર્ણપણે બાતલ કરીને નહિ, પરંતુ આપણા મૌલિક સ્વરૂપમાં અત્યારે જે તત્ત્વો રહેલાં છે તે સર્વેની એક ઊર્ધ્વ પ્રકારની, આધ્યાત્મિક સાર્થકતા પ્રાપ્ત કરાવીને એ વિકાસ આપણે સાધવાનો છે. અત્યારે આપણે જે મર્ત્ય પ્રકૃતિની અપૂર્ણતામાં પડેલા છીએ તેમાંથી જીવનની દિવ્ય પૂર્ણતામાં આપણે રૂપાંતર કરવાનું છે, પલટો લાવવાનો છે. એવા રૂપાંતરની શક્યતા શેના ઉપર આધાર રાખે છે? એ શક્યતા સ્થાપન કરનાર પહેલું સત્ય એ છે કે માનવમાં જે વ્યક્તિરૂપ જીવ છે તે પરમાત્માનું, એટલે કે પુરુષોત્તમનું, એક કિરણ છે: પ્રભુના સનાતન તત્ત્વનું અને એની મૌલિક શક્તિનું એ કાર્ય છે. અહીં આ સંસારમાં એ જીવ પ્રભુનો આચ્છાદિત આવિર્ભાવ બને છે ખરો, જોકે મૂળ સ્વરૂપે તો તે પ્રભુની ચેતનાની જ ચેતના છે, એની સત્-તાની સત્-તા છે, એની પ્રકૃતિની જ પ્રકૃતિ છે. પરંતુ અહીં મનોમય અને સ્થૂલ, અન્નમય જીવનની તમોગ્રસ્તતામાં પડીને એ જીવને પોતાના મૂળનું, પોતાની વાસ્તવિકતાનું, પોતાના સત્ય સ્વરૂપનું વિસ્મરણ થઈ જાય છે, — એને આત્મ-વિસ્મરણ થઈ જાય છે.

એની માનવપ્રકૃતિનું દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર શક્ય છે એ વસ્તુને સ્થાપન કરનાર બીજું સત્ય એ છે કે આ પ્રભુના અંશરૂપ જીવની પ્રકૃતિ આવિર્ભાવની ક્રિયામાં બેવડી હોય છે. જીવની એક પ્રકૃતિ આદ્યા છે, દિવ્ય છે, અને તેમાં પોતાના સાચા આધ્યાત્મિક સ્વરૂપ સાથે જીવ એક હોય છે. એની બીજી ગૌણ પ્રકૃતિ તે આદ્યા દિવ્ય શક્તિમાંથી ફલિત થયેલી હોય છે અને એમાં જીવ અહંતા અને અજ્ઞાનના ભ્રમને વશ હોય છે. આ ગૌણ અવિદ્યામય પ્રકૃતિને દૂર કરવા દઈને માણસે પોતાના અંતરમાં પોતાના જીવની આદ્યા દિવ્ય પ્રકૃતિને પ્રાપ્ત કરવાની છે, એને જીવનમાં સાર્થક કરવાની છે, એ ક્રિયાત્મક દિવ્ય શક્તિને જીવનમાં સક્રિય

બનાવવાની છે. અંતરની એ સાર્થકતા પ્રાપ્ત કરીને ચેતનાની એક નવી જ ભૂમિકા પ્રત્યે આપણે ખુલ્લા થઈશું, એક નવી જ દિવ્ય શક્તિમાં આપણો જન્મ થશે. અને જે પ્રભુમાંથી આપણે આ મર્ત્ય ભૂમિકામાં નીચે અવતર્યા છીએ તે પ્રભુના સચેતન અંશ રૂપ આપણે ફરીને પાછા જીવનમાં બની રહીશું.

ગીતાના સમયના હિંદમાં વિચારપ્રધાન માનસની જે અવસ્થા હતી તેમાંથી ઉપર જણાવી તે વિચારશ્રેણી એક નવું જ પ્રસ્થાન કરે છે. એમાં નિષેધાત્મક વલણ ઓછું છે, અને એક પ્રકારનું વધારે વિશાળ ભાવાત્મક વિધાન પણ એમાં રહેલું છે. પ્રકૃતિનો તો નિર્વાણ કરવો જોઈએ, પ્રકૃતિએ વિલય પામી જવાનું છે, એવો જે દૃઢમૂળ થઈ બેઠેલો વિચાર હિંદના માનસમાં હતો તેને ઠેકાણે આપણે અહીં આપણે એક પ્રકારના વધારે વિશાળ ઉકેલની ઝાંખી કરી શકીએ છીએ. દિવ્ય પ્રકૃતિમાં આત્માની સાર્થકતા પ્રાપ્ત કરવી શક્ય છે એ વિચારમાં આપણને એ ઉકેલનું સ્વરૂપ જણાય છે. વળી પાછળથી વિકાસ પામેલા ભક્તિપ્રધાન ધર્મોનો અહીં આપણને પૂર્વાભાસ જોવા મળે છે. આપણે જે અહં-પ્રધાન ચેતનામાં રહીએ છીએ તેનાથી ઢંકાયેલા આપણા માનસની સામાન્ય અવસ્થાથી જે વાસ્તવિકતા, જે સત્ય, ઊર્ધ્વમાં આવી રહેલું છે તેનો પહેલો સાક્ષાત્કાર, ગીતા પ્રમાણે તો, અવ્યક્ત, અક્ષરબ્રહ્મની સમતા અને એકતામાં આપણી શુદ્ધ અહં-પ્રધાન વ્યક્તિતા લય પામી જાય છે, તે છે. તથા એ અક્ષરની પ્રશાંત વિશુદ્ધિમાં આપણી કામનાઓના અને રાગેના સંકુચિત હેતુઓ આપોઆપ દૂર થઈ જાય છે. પરંતુ એ અનુભૂતિથી આગળની, બીજી વધારે પૂર્ણતાવાળી અનુભૂતિમાં આપણે બ્રહ્મને, એક પ્રાણના ધબકારવાળી વસ્તુ તરીકે જોઈએ છીએ, એની દિવ્ય અપરિમેય સત્ વસ્તુમાંથી આપણા અસ્તિત્વનું સમગ્ર સત્ય ઉદ્ભવે છે. આપણે જે કાંઈ છીએ તે સઘળી સત્-તા અને આપણું જીવન, આત્મા અને પ્રકૃતિ, વિશ્વ અને આત્મા — સઘળું તેનું જ છે. જ્યારે આપણા 'સ્વ'માં અને ચેતનામાં આપણે તેની સાથે એકતાને પામીએ છીએ ત્યારે આપણી પોતાની જાતને આપણે ગુમાવી દેતા નથી, પરંતુ એ અનંતના સર્વાધિકારમાં સ્થાપન થઈએ છીએ અને આપણા સાચા પોતાપણાને પાછું મેળવીએ છીએ. અને એ કર્મ એકીવખતે ત્રણ ક્રિયાઓ એકસામટી કરવાથી સાધી શકાય છે: પ્રથમ, પ્રભુની અને આપણી આધ્યાત્મિક પ્રકૃતિ ઉપર પ્રતિષ્ઠિત એવાં કર્મો દ્વારા સમગ્રપણે, આત્માને પ્રાપ્ત કરવાની ક્રિયા. બીજી, બ્રહ્માંડ સઘળું પ્રભુમાં જીવન ધારણ કરી રહેલું છે, પ્રભુ પોતે જ સર્વ છે તેની દિવ્ય સત્-તાના જ્ઞાન વડે કરીને સમગ્રતામાં આત્માનો આવિર્ભાવ કરવાની ક્રિયા અને ત્રીજી અને સૌથી વધારે નિશ્ચયાત્મક અને અવિરોધ્ય એવી ક્રિયા — એટલે કે ભક્તિ અને પ્રેમ દ્વારા આપણા આ પરમ પુરુષોત્તમ, વિશ્વરૂપ પ્રભુને સમગ્રભાવે આત્મસમર્પણ કરવાની ક્રિયા. આપણાં સર્વે કર્મોના ભોક્તા થાને સ્વામી પ્રત્યે,

આપણા હૃદયના નિવાસી પ્રત્યે તથા આપણા સમગ્ર સચેતન જીવનને પોતાનામાં ધારણ કરનાર પ્રભુ પ્રત્યે આકર્ષાઈને આપણે આ સમર્પણ કરવાનું છે. સર્વના આદિ કારણ પ્રભુને આપણે જે કાંઈ છીએ તે, એટલે કે આપણી જાત, સમર્પણ કરીએ છીએ. આપણા સતત સમર્પણને પરિણામે આપણું સઘળું જ્ઞાન એ પ્રભુનું જ જ્ઞાન બની રહે છે. અને આપણાં કર્મો એની દિવ્ય શક્તિના પ્રકાશરૂપ બની રહે છે. આપણા સમર્પણમાં રહેલો પ્રેમનો સમર્થ આવેગ આપણને છેક પ્રભુ પાસે લઈ જઈને પહોંચાડે છે, અને એના હૃદયનું ગહનમાં ગહન રહસ્ય આપણી આગળ ખુલ્લું કરી આપે છે. યથારૂપે સમર્પણ કરવાના અનુષ્ઠાનમાં જે ત્રણ પ્રકારનું સૂત્ર આવશ્યક છે તેમાંનું ત્રીજું પ્રેમ પૂરું પાડે છે અને 'ઉત્તમ રહસ્ય'ની ત્રિપુટ ચાવીને તે સંપૂર્ણ બનાવે છે.

આપણા આત્મસમર્પણને સાચોટ બનાવવું હોય તો એની પહેલી શરત એ છે કે એ સમગ્રતાવાળા જ્ઞાનપૂર્વક કરેલું હોવું જોઈએ. એટલે સૌથી પ્રથમ આપણે એ ઉત્તમ પુરુષને તત્ત્વતઃ એટલે કે એના પોતાના દિવ્ય જીવનની સર્વ શક્તિ-ઓમાં અને સર્વે તત્ત્વોમાં આપણે જાણવો જોઈએ. પરમ પુરુષમાં એ તત્ત્વો અને શક્તિઓ એક સમગ્ર સંવાદિતામાં, સનાતન મૂળતત્ત્વોમાં અને સજીવ પ્રક્રિયામાં કેવી રીતે અવ્યવસ્થિત ગોઠવાયેલાં છે તેનું જ્ઞાન આવશ્યક છે. પ્રાચીન વિચાર પ્રમાણે આ તત્ત્વજ્ઞાનનું મૂલ્ય એ હતું કે તે આપણને મર્ત્ય જન્મમાંથી કોઈ પરમ દિવ્ય સત્યની અમરતામાં મુક્તિ અપાવે છે. એટલે હવે પછીના ભાગમાં સક્રિય જીવનમાં આત્માની સાર્થકતા પ્રાપ્ત કરાવનારી એવી પોતાની સાધનામાં પણ આખરી પરિણામ તરીકે એ મોક્ષ સૌથી વધારે પ્રમાણમાં કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે એ વસ્તુ ગીતા સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. ગીતાના કથનનો સાર એ છે કે પુરુષોત્તમનું જ્ઞાન એ જ બ્રહ્મનું સંપૂર્ણ જ્ઞાન છે. 'જે લોકો મારું શરણ લે છે, જેમને માટે હું જ્ઞાનની જ્યોતિ છું, મુક્તિનો દાતા છું, એમના આત્મસમર્પણનો સ્વીકાર કરનાર અને જેવી છું, જે લોકો જરા-મરણમાંથી, — એટલે કે મર્ત્ય જીવન અને તેની મર્યાદા-ઓમાંથી, — મુક્તિ પ્રાપ્ત કરવા માટે મારા પ્રત્યે વળે છે અને મારો આશ્રય લે છે તેઓ,' શ્રીકૃષ્ણ કહે છે કે, ' તદ્‌બ્રહ્મને (૭.૨૯) — તે કૃત્સ્ન બ્રહ્મને, તેની સમગ્ર આધ્યાત્મિક પ્રકૃતિને તથા કર્મની સમગ્રતાને પણ જાણે છે.[૧] અને તેઓ મને જાણે છે તથા અંતિમ સત્ય તરીકે મારી આધિભૌતિક અને આધ્યાત્મિક પ્રકૃતિને પણ સાકલ્યમાં જાણે છે. એવા લોકો યજ્ઞના સ્વામી વિશેનું સત્ય પણ જાણે છે અને તેથી કરીને અંતકાળે શરીરનો ત્યાગ કરતી વખતે પણ એ લોકોમાં એ જ્ઞાન જાગ્રત

---

૧ जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ।। (૭,૨૯)

રહે છે, તે વખતે પણ એમની સમસ્ત ચેતના મારી સાથે યોગમાં યુક્ત રહે છે અને તેથી એ લોકો મને જ પ્રાપ્ત કરે છે :[૨] મર્ત્ય જીવનમાં આસક્ત કે બદ્ધ થયેલા ન હોવાથી એ લોકો પણ અક્ષર અને અવ્યક્ત બ્રહ્મમાં જેઓ પોતાની અલગ વ્યક્તિતાનો — જુદા વ્યક્તિપણાનો — લય સાધે છે તેમના જેટલી જ અસરકારક રીતે મુક્તિને પ્રાપ્ત કરે છે. અહીં ગીતાનો એક અગત્યનો અને નિશ્ચયાત્મકતાવાળો એવો સાતમો અધ્યાય સમાપ્ત થાય છે.

આ સાતમા અધ્યાયમાં કેટલાંક વાક્યોનો પ્રયોગ થયેલો જોવામાં આવે છે જે આ વિશ્વમાં પરમ પુરુષની થઈ રહેલી અભિવ્યક્તિ વિષેનાં મુખ્યમુખ્ય અને મૌલિક સત્યો આપણને ઘણા સંક્ષેપમાં આપે છે. પરમ પુરુષનાં ઉત્પત્તિ યાને સૃષ્ટિ કરનારાં અને જગતનું કાર્યસંચાલન કરનારાં એવાં સઘળાં તત્ત્વો એમાં સમાઈ જાય છે તથા માનવના અંતરાત્માને સર્વાંગીણ એવું પોતાના સ્વરૂપનું જ્ઞાન મેળવવા માટે, તથા અવિદ્યામાંથી પાછાં પગલાં કરવા માટે પણ જે જે વસ્તુઓ આવશ્યક છે તે બધી પણ અહીં આપેલી છે. પ્રથમ તો, તત્ બ્રહ્મ છે— 'તે — પેલું' એટલે કે વિશિષ્ટ પ્રકારનું બ્રહ્મ પહેલું તત્ત્વ છે. પછી અધ્યાત્મ એ બીજું છે, — અધ્યાત્મ એટલે પ્રકૃતિમાં રહેલું પુરુષનું યાને આત્માનું તત્ત્વ. અધિભૂત અને અધિદૈવ એ બન્ને ત્યાર પછી આવે છે : અધિભૂત એટલે વસ્તુનિષ્ઠ, રૂપાત્મક જગત અને અધિદૈવ એટલે 'સ્વ'ના ઉપર પ્રતિષ્ઠિત રૂપાત્મક જગત. છેવટે અધિયજ્ઞ આવે છે. વિશ્વમાં થઈ રહેલાં સર્વે કર્મોમાં અને યજ્ઞોમાં રહેલું એ તત્ત્વ છે. હું પોતે પુરુષોત્તમ રૂપ છું તેને માનવોએ શોધવો અને જાણવો જોઈએ એમ શ્રીકૃષ્ણ કહે છે. એટલે કે આ સર્વ પદાર્થોથી પર એવા મને માનવોએ શોધવો અને જાણવો જોઈએ તથા ઉપર ગણાવેલાં બધાં આવિર્ભાવનાં તત્ત્વો સહિત, તેમનાં બધાં દ્વારા અને એમના પરસ્પર સંબંધ વડે પણ મને જાણવાનો છે. મને પહોંચવાને માર્ગ ખોળી રહેલી માનવચેતના માટે આ માર્ગ જ પૂર્ણતાવાળો છે. પરંતુ શ્રીકૃષ્ણના આ શબ્દો શરૂઆતમાં સ્પષ્ટાર્થવાળા લાગતા નથી. અથવા તો, કાંઈ નહિ તો, એ શબ્દોના જુદા અર્થો કરનારી વ્યાખ્યા આપી શકાય તેમ છે. એ વિશિષ્ટ શબ્દોના અર્થની સ્પષ્ટતા કરવાની રહે છે અને શિષ્ય તરીકે અર્જુન અહીં એવી સ્પષ્ટતાની માગણી કરી છે. એનો ઉત્તર શ્રીકૃષ્ણ ઘણો જ ટૂંકામાં આપે છે. હકીકતમાં ગીતા કોઈ ઠેકાણે કેવળ આધ્યાત્મિક સમજૂતી આપવા માટે વિસ્તાર કરતી નથી. એ તો સાધકનો આત્મા ઝડપી લઈ શકે એટલું સત્ય જ આપે છે અને તે પણ એવી રીતે આપે છે કે જેથી તે અનુભૂતિ

---

૨ साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ।। (૭,૩૦)

પ્રાપ્ત કરવા પ્રત્યે આગળ વધી શકે. અહીંનું तत् ब्रह्म — એ વાક્ય ઉપનિષદમાં એક કરતાં વધારે વખત "સ્વયંભૂ, સદ્-વસ્તુ, બ્રહ્મ" માટે, અને રૂપાત્મક સદ્-વસ્તુના વિરોધમાં પ્રયુકત થયેલું છે. એટલે अक्षरं परमं ब्रह्म (૮.૩) — "અક્ષર એવું પરમ બ્રહ્મ" યાને અક્ષર એવી સ્વયંભૂ સત્-તા જે પ્રભુનો સૌથી ઊંચામાં ઊંચો આવિર્ભાવ છે અને જેની અવિકારી શાશ્વતી ઉપર સઘળું ચરાચર વિશ્વ આધાર રાખે છે તે " तत् ब्रह्म " શબ્દથી ગીતા કહેવા માગે છે. अध्यात्मનો અર્થ ગીતા "સ્વભાવ" કરે છે; આ 'સ્વ-ભાવ' એટલે પરા પ્રકૃતિમાં રહેલો આત્માનો આધ્યાત્મિક નિયમ. "કર્મ" એટલે સર્વ ભૂતોના આવિર્ભાવને ઉત્પન્ન કરનાર સર્જક આવેગ અને શકિત જેને ગીતા વિસર્ગ કહે છે. શરૂઆતની મૌલિક આત્માની અભિવ્યકિતમાંથી એ વિસર્ગ સ્વભાવને પ્રગટ કરે છે. અને એની અસર તળે સર્વ ભૂતોને તે વૈશ્વિક આવિર્ભાવમાં પ્રગટ કરે છે અને તેમને વિકાસને પ્રાપ્ત કરાવે છે. अधिभूतનો અર્થ ક્ષરપણામાં રહેલો આવિર્ભાવ — क्षरो भावः, અને अधिदैव શબ્દોનો અર્થ ગીતા "પુરુષ" કરે છે, — એટલે કે સ્વ-કેન્દ્રિત આત્માની ચેતના જે પોતાના જ્ઞાનના વિષય તરીકે આ સમસ્ત ક્ષર અભિવ્યકિતને દ્રષ્ટા તરીકે જુએ છે, અને એનો ભોગ લે છે. એ ક્ષર અભિવ્યકિત પણ પુરુષની પોતાની જ મૌલિક સદ્-વસ્તુની છે અને અહીં પ્રકૃતિમાં કર્મ વડે એનો પરિપાક થાય છે. अधियज्ञ એટલે, શ્રીકૃષ્ણ કહે છે, કર્મોનો અને યજ્ઞનો સ્વામી એવો હું પોતે છું. હું જ અધિયજ્ઞ, એટલે દેવાધિદેવ પુરુષોત્તમ અહીં સર્વ દેહીઓના દેહમાં ગૂઢ રહેલો છું. આમ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું આ શ્લોકમાં આવી જાય છે. (૮.૪).

સાતમા અધ્યાયના છેવટના બે શ્લોકોમાં જ્ઞાન વડે જે આખરી મોક્ષ મળે છે એનો ઉલ્લેખ ગીતાએ કર્યો છે. આઠમા અધ્યાયમાં ઉપર જણાવ્યા પ્રમાણે કેટલાક શબ્દોની વ્યાખ્યા ટૂંકમાં આપીને તુરત જ ગીતા મોક્ષના એ વિચારનો વિસ્તાર કરે છે. અંતરના સાક્ષાત્કાર માટે તથા કર્મ કરવા માટે એમાંથી જે કાંઈ જ્ઞાનનો પ્રકાશ મળી શકે તે લેવા માટે ગીતા આગળ જતાં એ વિચારને ફરીને પાછો તપાસે છે. પરંતુ આપણે આગળ જઈએ તે પહેલાં સાક્ષાત્કાર, કર્મ અને મુકિત વગેરે વચ્ચે અત્યાર સુધી ગીતામાં જે કહેવાઈ ગયું છે તેમાંથી જ આપણી બુદ્ધિ વડે જેટલો સંબંધ ફલિત થતો દેખાય છે તેટલો સ્પષ્ટપણે બહાર લાવવો આવશ્યક છે. કારણ કે અહીં વિશ્વના સર્જનની અને સંચાલનની પ્રક્રિયા સંબંધી ગીતાના વિચારનું આપણને સૂચન મળે છે. સૌથી પ્રથમ 'બ્રહ્મ' છે — એ સર્વથી પર, સ્વયંભૂ, અક્ષર એવી સદ્-વસ્તુ છે, અને દેશ, કાળ અને કાર્યકારણના નિયમમાં થઈ રહેલી સર્વ ભૂતોની વિશ્વલીલાનો પાછળ જોતાં એ સર્વ ભૂતો પણ બ્રહ્મ જ છે. એ બ્રહ્મ એક સદ્-વસ્તુ છે તેને લઈને જ કાળ, દિશા અને

કાર્યકારણભાવ ટકી રહે છે. એ સર્વવ્યાપી અવ્યય એવા એ બ્રહ્મના આધાર વગર આ વિશ્વ પોતે અવિભાજ્ય રહીને પોતાના વિભાગો, પરિણામો અને પરિમાણો ઉત્પન્ન જ કરી શકત નહીં. પરંતુ બ્રહ્મ પોતે કાંઈ જ ક્રિયા કરતું નથી, કર્તાનું કારણ બનતું નથી, કશું નિર્માણ કરતું નથી. એ તો તટસ્થ, સમ, સર્વને આધાર આપનારું હોઈ કોઈ વસ્તુને પસંદ કરતું નથી કે ઉત્પન્ન કરતું નથી. તો પછી ઉત્પત્તિ કરે છે કોણ? નિર્માણ કોણ કરે છે? પરમ પુરુષોત્તમને સર્જક પ્રેરણા કઈ વસ્તુ આપે છે? બ્રહ્મરૂપી શાશ્વત સદ્-વસ્તુમાંથી કાળમાં વિશ્વનો આવિર્ભાવ સક્રિયપણે કોણ પ્રગટાવે છે? અને કર્મનું શાસન કોણ કરે છે? આ કાર્ય પ્રકૃતિ સ્વ-ભાવ તરીકે કરે છે. પરાત્પર, દેવાધિદેવ પુરુષોત્તમ છે, જે પોતાની સનાતન અક્ષરતાના પાયા ઉપર પોતાની આધ્યાત્મિક, દિવ્ય શક્તિના કાર્યને ટકાવે છે, આધાર આપે છે. એ પુરુષોત્તમ દિવ્ય સત્, દિવ્ય ચેતના અને દિવ્ય સંકલ્પ યાને દિવ્ય શક્તિનો આવિર્ભાવ કરે છે. **યયેદં ધાર્યતે જગત્** (૭.૫) — "જે શક્તિ આ જગતને ધારણ કરી રહેલી છે." એનું જ નામ પરા શક્તિ છે. એ પરા શક્તિમાં બ્રહ્મની આત્મસંજ્ઞા, એનો આત્મ-પ્રબોધ,— પોતાના આત્મજ્ઞાનના પ્રકાશમાં ક્રિયાત્મક વિચારબીજને, પોતાની જ અંદર પોતામાંથી જે કાંઈ તે છૂટું પાડે છે તેમાં રહેલા સમર્થ સત્યને પણ તે જુએ છે. તથા એ ક્રિયાત્મક વિચાર-બીજને અને એ સત્યને તે સ્વભાવમાં પ્રગટ કરે છે. એ સ્વભાવ એટલે જીવની આધ્યાત્મિક દિવ્ય પ્રકૃતિ. પ્રત્યેક જીવના પોતાપણામાં રહેલું તત્ત્વ અને સ્વયંસિદ્ધ સત્ય, જે આવિર્ભાવમાં પોતે પ્રગટ થઈને આપોઆપ વિકસે છે તે એનો સ્વભાવ છે. એટલે કે, સર્વમાં રહેલી મૌલિક દિવ્ય પ્રકૃતિ, જે સર્વ પ્રકારનાં રૂપાંતરો, વિકૃતિઓ અને પીછેહઠમાં — મૂળ સ્થિતિમાં પુનઃ ગતિ કરતાં, — પણ અવિકારી રહે છે તેને સ્વભાવ કહેવામાં આવે છે. સ્વભાવમાં જે કાંઈ વસ્તુ રહેલી હોય છે તેનો વિશ્વ-પ્રકૃતિમાં વિસર્ગ કરવામાં આવે છે, તેને ત્યાં પ્રગટ કરવામાં આવે છે, જેથી કરીને પુરુષોત્તમની અંતર્દૃષ્ટિ સમક્ષ એ સ્વભાવમાં રહેલા તત્ત્વમાંથી પ્રકૃતિ જે કાંઈ વિકસાવી શકે તેમ હોય તેનો વિકાસ કરી શકે. એ અવિકારી, દિવ્ય સ્વભાવમાંથી —એટલે કે પ્રત્યેક આવિર્ભૂત વસ્તુમાં રહેલી એની મૌલિક પ્રકૃતિ અને પોતાપણાના તત્ત્વમાંથી પ્રકૃતિ અનેક પ્રકારના વિકારો, અનેક સ્વરૂપો ઉત્પન્ન કરે છે, અને એમના વડે એનામાં રહેલા સ્વભાવને વ્યક્ત કરવાને પ્રકૃતિ મથે છે. એટલે કે, નામ અને રૂપમાં, કાળ અને દિશામાં, તથા પરિસ્થિતિ યાને સંજોગોનો, જે એક પછી એક ચાલતો અનુક્રમ કાળ અને દિશામાં વિકસતો આવે છે, જેને આપણે "નિમિત્ત" કહીએ છીએ, તેમાં પ્રકૃતિ એ મૂળ સ્વભાવને વ્યક્ત કરવા પ્રયત્ન કરતી હોય છે.

ઉપર જે વિકાસ અને એક સ્થિતિમાંથી બીજામાં પરિવર્તન પ્રાપ્ત કરવાની

સ્થિતિ જણાવી તેને જ "કર્મ" કહેવામાં આવે છે. એટલે કે કર્મ પ્રકૃતિનું છે, પ્રકૃતિની જ એ શક્તિ છે, પ્રકૃતિ જ એ કર્મોની કર્તા છે, એ જ પ્રક્રિયાઓની અધિષ્ઠાત્રી દેવી છે. સૌથી શરૂઆતમાં સર્જક ક્રિયારૂપે સ્વભાવનો વિસર્ગ થાય છે. ભૂતોને ઉત્પન્ન કરનારની અને એ ભૂતોના સ્વાનુભવની કે અન્ય અવસ્થાઓના ભાવની આપણી સૃષ્ટિ બનેલી છે. આ બધા કાર્યને એકસામટું લઈએ તો એને "ઉદ્‌ભવ", એટલે કે કાળમાં થતો વસ્તુઓનો જન્મ કહી શકાય. એ ઉદ્‌ભવમાં રહેલું તત્ત્વ કર્મમાં રહેલી સર્જક શક્તિ છે. આ બધો વિકારી ક્ષર આવિર્ભાવ પ્રકૃતિની શક્તિઓના સંજોગને લઈને બહાર આવે છે. એને 'અધિભૂતિ' કહેવામાં આવે છે. જગત એનું બનેલું છે અને આત્માની ચેતનાનો વિષય એ બને છે. એ બધી સૃષ્ટિમાં પ્રકૃતિમાં રહીને તેનો આનંદ લેનારી અને દ્રષ્ટા તરીકે તેને જોનારી દેવતા આત્મા છે. મન, સંકલ્પ અને ઇન્દ્રિયોની દિવ્ય શક્તિઓ, આત્માની સચેતનાની અને જીવનની શક્તિઓ જેના વડે તે પ્રકૃતિની ક્રિયાઓને પ્રતિબિંબિત કરે છે તેની દેવતાઓ છે. તેને ગીતા 'અધિદૈવ' કહે છે. પ્રકૃતિમાં રહેલો આ આત્મા ક્ષર પુરુષ છે, દેવાધિદેવની સનાતન ક્રિયારૂપ ક્ષરભાવને ધારણ કરનાર પુરુષ એ છે. એ જ આત્મા જ્યારે પ્રકૃતિમાંથી પોતાને પાછો ખેંચી લે છે ત્યારે તે "અક્ષર પુરુષ" થાય છે. એ અક્ષર પુરુષ પરમાત્માની સનાતન નીરવતા છે. પરંતુ ક્ષર પુરુષના સ્વરૂપમાં અને શરીરમાં પરમ પુરુષ પોતે વસે છે. અક્ષર પુરુષની સ્થિરતાનો અને ક્ષરની પ્રવૃત્તિનો આનંદ એકીવખતે ભોગવતો પુરુષોત્તમ માનવના હૃદયમાં રહેલો છે. એ પુરુષોત્તમ આપણાથી અતિ દૂર એવી કોઈ પરમ ભૂમિકામાં, ઊર્ધ્વ લોકમાં રહે છે એટલું જ નથી, પરંતુ અહીં પ્રત્યેક પ્રાણીના દેહમાં તે રહેલો છે, માનવના અને પ્રકૃતિના હૃદયમાં તે વસેલો છે. ત્યાં પ્રકૃતિનાં કર્મોનો એ યજ્ઞ તરીકે સ્વીકાર કરે છે, અને સચેતન થયેલા માનવ-આત્માના સમર્પણને માટે તે વાટ જુએ છે. પરંતુ હમેશાં, — માનવજંતુની અજ્ઞાન અને અહંકારી દશામાં પણ, — તે એનો સ્વભાવનો સ્વામી છે, અને પ્રકૃતિના અને કર્મના નિયમનો એ પુરુષોત્તમ અધિષ્ઠાતા છે. એ પુરુષોત્તમમાંથી જ જીવ પ્રકૃતિની ક્ષરતાની લીલામાં આવેલો છે, અને અક્ષરના સદ્‌ભાવનો આશ્રય લઈને એ જીવ પાછો પરમ ધામને પ્રાપ્ત કરે છે.

જગતમાં જન્મને પ્રાપ્ત થયેલો માનવ જગતની અને પ્રકૃતિ તથા કર્મના ચક્કરમાં પડેલા સંસારની વચ્ચે ગોળ ગોળ ફરે છે. એનું સૂત્ર પ્રકૃતિમાં રહેલો 'પુરુષ' છે : એનામાં રહેલો આત્મા યાને પુરુષ જે કાંઈ ભાવના કરે છે, વિચારે છે કે કરે છે તેવો જ તે પોતે બને છે. અત્યાર સુધીમાં એ પુરુષ જે કાંઈ થયો હતો તેને પરિણામે એનો વર્તમાન જન્મ નિયત થયો છે. તે અત્યારે જે કાંઈ છે, વિચારે છે, મરણની ક્ષણ સુધી જીવનમાં જે કાંઈ કરે છે તેને લઈને ભાવિમાં અન્ય સૂક્ષ્મ

ભૂમિકાઓમાં અને ભવિષ્યના જીવનમાં તે કેવો થશે તેનું નિર્માણ થાય છે. જન્મ લેવો એ જો આવિર્ભાવ પામવાની ક્રિયા ગણાય છે તો મરણ પણ તેવી જ ક્રિયા છે, — મરણ કાંઈ જન્મમાંથી છુટકારો, કે જીવનનો અંત નથી. મૃત્યુમાં શરીરનો ત્યાગ થાય છે ખરો પણ આત્મા તો **त्यक्त्वा कलेवरम्** (૮.૫) "કલેવરનો ત્યાગ કરીને" પોતાને માર્ગે આગળ પ્રયાણ કરે છે. એટલે, મરણની કટોકટીની ઘડીએ માનવના મનની જે અવસ્થા હોય તેના ઉપર ઘણો આધાર રહે છે. કારણ કે મરણને સમયે જે કોઈ ભાવના ઉપર, આવિર્ભાવના પ્રકાર ઉપર વ્યકિતની ચેતના એકાગ્ર થયેલી હોય છે, અને મરણ પૂર્વે જીવનમાં પણ એનું મન અને ચિત્ત એ ભાવના પ્રત્યે આકર્ષાયેલું અને તન્મય હોય છે તે ભાવનાના સ્વરૂપને તે વ્યકિત પ્રાપ્ત કરે છે, કારણ કે પુરુષની ભાવનાઓને અને સંકલ્પોને, તથા એની શકિત-ઓને પ્રકૃતિ તો કર્મ દ્વારા ફકત અમલમાં મૂકી આપે છે. ખરું જોતાં, એટલામાં જ પ્રકૃતિનું સમસ્ત કાર્ય સમાયેલું છે. એટલે માનવમાં રહેલો અંતરાત્મા જો પુરુષોત્તમની સ્થિતિને પ્રાપ્ત કરવા ચાહે તો એને માટેની બે જરૂરિયાતો, બે શરતો પૂરી કરવી આવશ્યક છે. એક તો એ કે એવી વ્યકિતએ પોતાના સમસ્ત પાર્થિવ જીવન દરમિયાન આંતર જીવનને એ ઉચ્ચ આદર્શ અનુસાર ઢાળેલું હોવું જોઈએ. અને બીજી એ કે જ્યારે તે દેહનો ત્યાગ કરે ત્યારે તેણે પોતાની એ ઝંખના અને સંકલ્પને વફાદાર રહેવું જોઈએ. શ્રીકૃષ્ણ કહે છે: "જે કોઈ માણસ પોતાના શરીરનો ત્યાગ કરતી વખતે મારું સ્મરણ કરતો કરતો મરણને પામે છે તે — મદ્‌ભાવને — મારા ભાવને પ્રાપ્ત કરે છે." (૮.૫) એટલે કે મારા લોકને — પુરુષોત્તમભાવને — પામે છે. એવો આત્મા પ્રભુના આદિ સ્વરૂપ સાથે યોગને પામે છે. એ સ્થિતિ અંતરાત્માનો — परो भाव — જીવની આખરી અભિવ્યકિત છે: પોતાના આદિ મૂળ પ્રત્યે પાછા ફરવાની ક્રિયામાં પોતાના જ ઉપર પોતાના કર્મનું છેવટનું પરિણામ છે. અહીં વિશ્વમાં ચાલી રહેલી ક્રમવિકાસની લીલામાં માનવનો આત્મા મગ્ન થઈ ગયેલો હોય છે. એ ક્રિયા તેની અસલ આધ્યાત્મિક પ્રકૃતિને, તેના મૂળ આદિ 'સ્વ'ના ભાવને ઢાંકી દે છે. એટલે પાર્થિવ જીવન દરમિયાન તે પોતાની ચેતનાના "तं तं भावम्" (૮.૬) "જુદા જુદા રૂપાત્મક અને બહિર્મુખ આવિર્ભાવોનો" જ અનુભવ મેળવતો રહે છે. જ્યારે તે પોતાના મૂળ આદિ સ્વભાવને, પોતાની દિવ્ય પ્રકૃતિ દ્વારા પોતાના સત્ય સ્વરૂપને, સાચા આત્માને પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતાની અસલ ભૂમિકાને પહોંચે છે. અને માનવનો અંતરાત્મા પાર્થિવ ભૂમિકામાંથી પોતાના મૂળ પ્રત્યે ગતિ કરતો હોવાથી એ ભૂમિકાની દૃષ્ટિએ એ ગતિને સૌથી ઉચ્ચ અભિવ્યકિત યા તેનો ઊંચામાં ઊંચો આવિર્ભાવ ગણી શકાય. मद्‌भावम् (૮.૫) પ્રાપ્ત થાય છે તે વિષે આપણે એક રીતે એમ પણ કહી શકીએ કે જીવ ઈશ્વરરૂપ બને છે, કારણ કે એની રૂપાત્મક પ્રકૃતિનું

અને જીવનનું આખરી રૂપાંતર જ્યારે સધાય છે ત્યારે માનવની પ્રકૃતિ પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે એક બને છે.

અહીં શરીરનો ત્યાગ કરતી વખતના વિચારો અને ચિત્તની અવસ્થા ઉપર ગીતા ઘણો ભાર મૂકે છે. અને ચેતનામાં આત્મસર્જક શક્તિ રહેલી છે એ વસ્તુને આપણે સ્વીકારતા ન હોઈએ તો ગીતાએ મૂકેલો ભાર સમજવામાં આપણને મુશ્કેલી નડશે. જેના ઉપર આપણા વિચાર, અંતરની દૃષ્ટિ અને શ્રદ્ધા એકાગ્ર થાય છે અને સંપૂર્ણ, દૃઢ આગ્રહ અને નિષ્ઠાપૂર્વક જે વસ્તુને તે વાંછે છે તે અવસ્થામાં આપણું અંતરનું જીવન પણ રૂપાંતર પામવા માંડે છે. જ્યારે આપણે વધારે ઊર્ધ્વ પ્રકારની આધ્યાત્મિક અને સ્વપ્રયત્ને વિકસાવેલી અનુભૂતિઓમાં — એટલે કે જે અનુભૂતિઓ બાહ્ય પ્રકૃતિના ગુલામ બનેલા આપણા સામાન્ય માનસના જેટલી બહારની વસ્તુઓ ઉપર આધાર રાખનારી હોતી નથી તેમાં — પ્રવેશ કરીએ છીએ ત્યારે એવી નિષ્ઠાવાળી વૃત્તિ એક નિશ્ચયાત્મક શક્તિ બને છે. એ ભૂમિકામાં આપણે જેના ઉપર મનને એકાગ્ર કરીએ છીએ તથા જેને માટે આપણે સતત અભીપ્સા સેવીએ છીએ તેના જેવા આપણે, સ્થિર ગતિએ, થતા જઈએ છીએ. એ સત્ય આપણે પોતે જોઈ પણ શકીએ છીએ. તેથી કરીને, એ સ્થિતિમાં તો વિચારની ધારાનો લોપ કે સ્મરણની બેવફાદારી થાય એટલે પોતાની અંદર થઈ રહેલા રૂપાંતરમાં હમેશાં વિલંબ, યા તો અંતરમાં થઈ રહેલી ક્રિયામાંથી પતન તથા આપણી જે અસલ અજ્ઞાનમય સ્થિતિ હતી તેમાં પાછા જઈ પડવાની ક્રિયા, એટલે કે પીછેહઠ જ સમજવી, — ખાસ કરીને, આપણામાં એ નવી અનુભૂતિ અને નવીન ભાવ દૃઢ અને અફરપણે સ્થાપન ન થયાં હોય ત્યાં સુધી. જ્યારે આપણે એ નવી આધ્યાત્મિક સ્થિતિને સ્થાપન કરી શકીએ છીએ, જ્યારે તે આપણી સતત અને સામાન્ય અનુભૂતિ રૂપ થઈ રહે છે ત્યારે એની સ્મૃતિ આપોઆપ જ રહે છે, કારણ કે આપણી ચેતનાનું એ સ્વાભાવિક અને સામાન્ય સ્વરૂપ થઈ ચૂકયું હોય છે. પરંતુ આ કાર્ય આપણા જીવનની સમગ્ર પ્રવૃત્તિથી, પ્રકૃતિના વલણથી અને આપણી અંતરની સ્થિતિથી તદ્દન વિરોધી એવી વસ્તુનું કેવળ મરણ-પથારીએ સ્મરણ કરવાથી થઈ શકે નહીં. એવા અંતકાળના યાંત્રિક સ્મરણમાં એટલી મહાન રક્ષણ કરનારી શક્તિ હોતી નથી. અહીં ગીતા જે વિચાર જણાવે છે તે અને સામાન્ય લોકપ્રિય થયેલી ધાર્મિક છૂટછાટ અને સગવડોની પાછળ જે વિચાર હોય છે તે બન્ને એક નથી. એટલે કે ખ્રિસ્તી ધર્મના અભાવ-વાળી પ્રકાશ વગરની આખી જિંદગી ગાળીને તેને અંતે પાદરી પાસેથી પાપોની મુક્તિ માટેની આખરી પ્રાયશ્ચિત્ત વિધિ કરાવવી, યા તો, આગળથી સાવચેતી થઈને કે અકસ્માત રીતે પવિત્ર કાશીમાં કે ગંગાકિનારે મરણ પામવું એને મુક્તિ પામવા માટેનો પૂરતો વ્યવસ્થા ગણનાર અસંસ્કૃત તરંગ અને ગીતાના અહીંના કથનમાં

રહેલું તત્ત્વ એ બેની વચ્ચે કશું સરખાપણું નથી. યં યં વાપિ સ્મરન્ ત્યજતિ અંતે કલેવરમ્. (૮.૬) "જે ભાવના ઉપર, શરીરનો ત્યાગ કરતી વખતે" મનને એકાગ્ર કરવાનું હોય છે તે ભાવમાં પોતાના સ્થૂળ શરીરમાં ગાળેલા પાર્થિવ જીવન દરમિયાન, પ્રતિક્ષણ, માનવ અંતરથી વિકસ પામતો રહેલો હોવો જોઈએ. તદા તદ્ભાવભાવિતઃ (૮.૬). એટલે, દિવ્ય ગુરુ અર્જુનને કહે છે: "સર્વ સમયે મારું સ્મરણ કર, અને યુદ્ધ કર; કારણ કે જો તું મયિ અર્પિત મનોબુદ્ધિઃ (૮.૭) હશે, — એટલે તારું મન અને તારી બુદ્ધિ મારામાં સ્થાપિત અને સમર્પિત હશે તો તું, જરૂર, મને જ પ્રાપ્ત કરશે. પ્રભુ સાથે યોગમાં સ્થિર સ્થાપન થયેલી એવી ચેતના વડે હમેશાં ચિંતન કરવાથી અને સતત, અવ્યભિચારી એવા યોગમાં સ્થિર બનાર માણસ પરમ પુરુષરૂપ પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે." (૮.૮)

અહીં પરમ પુરુષનું વર્ણન પહેલવહેલું આવે છે. એ દેવાધિદેવ અક્ષર બ્રહ્મ કરતાં પણ વધારે છે અને વધારે મહાન છે. એને જ ગીતા આગળ જતાં 'પુરુષોત્તમ' નામ આપે છે. એની પોતાની કાલાતીત શાશ્વતીમાં એ પુરુષોત્તમ પોતે અક્ષર છે, અને એના પોતાના આવિર્ભાવ-સમસ્તથી કયાંયે પર રહેલ છે. અને અહીં આ વિશ્વમાં કાલની ગતિમાં આપણી સમક્ષ એની સત્-તાની માત્ર આછી ઝાંખી આપણને એના અનેક પ્રતીકો અને છદ્મવેશોમાં જોવા મળે છે. — અવ્યક્તો અક્ષરઃ (૮.૨૧) પરંતુ પુરુષોત્તમ પોતે કાંઈ લક્ષણહીન કે અચિન્ત્ય સદ્વસ્તુ નથી, એ કાંઈ 'અનિર્દેશ્ય' નથી. અથવા, આપણે કહી પણ શકીએ કે તે 'અનિર્દેશ્ય' છે તે એ કારણથી કે તે સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છે, અણુથી પણ અણુ છે, તથા એનું રૂપ અચિન્ત્ય એટલે કે મનના ચિંતનની મર્યાદામાં ન સમાવી શકાય તેવું છે. — અણોરણિયાંસં અચિંત્યરૂપમ્ । (૮.૯) આ પરમ પુરુષ, આ પરમાત્મા પોતે ઋષિ છે, કવિ છે, સનાતન પુરાણ પુરુષ છે. પોતાની આત્મદૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિ વડે આ સર્વ વિશ્વનાં પ્રાણીઓનું અનુશાસન કરનાર તે છે, અને સર્વ વસ્તુઓને તે પોતાની અંદર તેમને યોગ્ય સ્થાને ગોઠવે છે[૧] — એ અર્થમાં તે સર્વનો આધાર છે. આ પરમ પુરુષ પોતે સ્વયંભૂ એવો બ્રહ્મ છે, જેને વેદવિદ્ લોકો પોતાની વાણીમાં પ્રગટ કરે છે, અને તપ કરનાર તપસ્વીઓ જ્યારે મર્ત્ય માનસના પ્રતીકોની અસરથી મુક્ત થઈ જાય છે ત્યારે જેની અભીપ્સાને લઈને એમણે તપનો આરંભ કર્યો હતો તેવા બ્રહ્મની ચેતનામાં પ્રવેશ કરે છે, તે આ પરમ પુરુષની જ ચેતના છે.[૨] એ શાશ્વત સત્ય છે, સનાતન વાસ્તવિકતા છે, એ જ

---

૧ કવિં પુરાણમનુશાસિતાર સર્વસ્ય ધાતારમ્ । (૮,૯)

૨ યદક્ષરં વેદવિદો વદન્તિ વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ ।। (૮,૧૧)

આત્માનું સૌથી ઊંચામાં ઊંચું પદ છે, ઊભા રહેવાનું પગથિયું છે. તેથી કરીને, કાળમાં આત્માની જે ગતિ થઈ રહી છે તેનું એ પરમ લક્ષ્ય છે. એ ગતિ પોતે, એ સ્થિતિ એક ગતિ નથી, પરંતુ આદ્ય સ્થાન છે; પરમ, સનાતન ઉત્તમોત્તમ પદ છે परमं स्थानं माधव.

જીવનમાંથી પસાર થઈને મૃત્યુ દ્વારા જે પરમ દિવ્ય ભૂમિકામાં યોગી પ્રવેશ કરે છે તેના મનની છેવટની ઘડીની અવસ્થાનું વર્ણન ગીતા આ પ્રમાણે કરે છે: મન અચલ, યોગના બલથી સજ્જ આત્મા, ભક્તિ વડે પ્રભુ સાથે અદ્વૈત — અહીં જ્ઞાન વડે પ્રાપ્ત થતી લક્ષણ વગરની એકતા પ્રેમભક્તિના યોગનું સ્થાન લેતી નથી, પરંતુ પ્રેમભક્તિ યોગની પરમ શક્તિ તરીકે છેવટ સુધી કાયમ રહે છે — અને પ્રાણશક્તિને સંપૂર્ણપણે ખેંચી લઈને બન્ને ભ્રૂની વચમાં, એટલે સૂક્ષ્મ દૃષ્ટિના કેન્દ્રમાં તેની સ્થાપના. આ પ્રમાણે યોગી અંતકાલે પોતાની ઇંન્દ્રિયોનાં સર્વ દ્વારોને બંધ કરે છે, મનને અંતર્મુખ કરીને હૃદયમાં બદ્ધ કરવામાં આવે છે, બહુ શાખાઓમાં વહેંચાઈ ગયેલી પ્રાણશક્તિને મસ્તકમાં લઈ જવામાં આવે છે, બુદ્ધિને પવિત્ર ઊઁકારના રટણમાં એકાગ્ર કરવામાં આવે છે, અને પરમ દેવાધિદેવનું સ્મરણ કરીને मामनुस्मरन् (૮.૧૩) — તેમાં એકાગ્ર કરવામાં આવે છે. દેહત્યાગ કરવાનો, સમગ્ર જીવનનું સનાતનને, પરાત્પરને સર્વાંગી સમર્પણ કરવાનો આ સ્થાપિત થયેલો માર્ગ છે. છતાં પણ, ઉપર જે વર્ણન કર્યું તે તો એક પ્રક્રિયા છે, એક વિધિ છે. પરંતુ જીવન દરમિયાન સતત અને અવ્યભિચારી એવું પ્રભુનું અનુસ્મરણ કરવું, કર્મમાં અને યુદ્ધમાં પણ પ્રભુનું સ્મરણ જાગ્રત રાખવું — मामनुस्मर युद्ध च (૮.૭) અને જીવનની સમસ્ત ક્રિયાનું નિત્ય યોગના રૂપમાં પરિવર્તન કરવું એ જ મૂળ વસ્તુ તો છે. જે કોઈ માણસ એ કાર્ય કરે છે તેને માટે મને પ્રાપ્ત કરવો સહેલ છે એમ શ્રીકૃષ્ણ કહે છે. એવો મહાત્મા પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

ઉપર જણાવેલી રીતે પ્રાણનો ત્યાગ કરીને માનવનો આત્મા વિશ્વાતીત પરાત્પરની સ્થિતિને પ્રાપ્ત કરે છે. વિશ્વની રચનામાં જે ઊંચામાં ઊંચા સ્વર્ગલોકો છે તે પુનર્જન્મ પ્રાપ્ત કરાવનારા છે, પરંતુ જે આત્મા પુરુષોત્તમમાં પ્રવેશ કરે છે તેને માટે પુનર્જન્મ ફરજિયાત નથી. તેથી કરીને, અવ્યક્ત અને અનિર્વચનીય બ્રહ્મના જ્ઞાન માટેની અભીપ્સાનું જે ફળ મળી શકે છે તે જ ફળ સર્વ યજ્ઞ અને કર્મના સ્વામી અને પ્રાણીમાત્રના સખા એવા સ્વયંભૂ પ્રભુને જ્ઞાન, કર્મ અને ભક્તિ વડે વિશાળ અભીપ્સાવાળું સમર્પણ કરવાથી પણ પ્રાપ્ત થાય છે. એ પુરુષોત્તમનું એના વાસ્તવિક સ્વરૂપમાં જ્ઞાન મેળવવાથી, અને એ રીતે એને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાથી, એ જ્ઞાનની અને એના સ્વરૂપ માટેની અભીપ્સા સેવવાથી પુનર્જન્મનું બંધન યાને કર્મની સાંકળ ફરજિયાત રહેતી નથી. અનિત્ય અને અસુખ એવી આ મર્ત્ય દશાઓથી મુક્ત થઈ જવાની

પોતાની ઇચ્છાને આત્મા સંતોષી શકે છે. અહીં જન્મો અને મોક્ષના આ ચક્રને વધારે સ્પષ્ટ કરવા માટે હિંદની વિશ્વરચનાની માન્યતાનો એક સ્થાયી ભાગ બની રહેલ એવી યુગોની રચનાના વિચારનો ગીતા સ્વીકાર કરે છે. સર્ગ અને પ્રલયના વારાફેરામાં ગોઠવાયેલું એવું યુગોનું સનાતન ચક્ર છે, એમાંના દરેકને બ્રહ્માનો દિવસ અને બ્રહ્માની રાત્રિ કહેવામાં આવે છે. એ બન્નેનો કાલ સરખો હોઈ યુગસહસ્રની પ્રવૃત્તિનો બનેલો દિવસ અને એવા જ યુગસહસ્રની નિવૃત્તિની રાત્રિ હોય છે. જ્યારે સર્ગરૂપ દિવસ ઊગે છે ત્યારે અવ્યક્તમાંથી સર્વ પ્રકારથી ભરપૂર આ વિશ્વનો આવિર્ભાવ જન્મે છે! અને જ્યારે પ્રલયરૂપી રાત્રિ આવે છે ત્યારે પાછું એ બધું અવ્યક્તમાં લય પામી જાય છે — પ્રલય પામે છે. આ પ્રમાણે અભિવ્યક્તિ અને અવ્યક્ત દશા એ બેની વચ્ચે ભૂતમાત્ર અવશપણે વારાફેરા કરે છે. એ બધાં ભૂતો — "ભુત્વા, ભુત્વા" — ફરીફરીને પ્રગટ થાય છે અને અવ્યક્તમાં ફરીફરીને પાછાં વળે છે. પરંતુ એ અવ્યક્ત કાંઈ સત-માત્રનો આદિ દેવ નથી. સદ્-વસ્તુનો પોતાનો અન્ય એક ભાવ — માત્રોડન્યો — રહેલો છે જે વિશ્વાતીત અવ્યક્ત છે, — જે આ વિશ્વની અવ્યક્ત દશાથી પર છે. એ વિશ્વાતીત અવ્યક્ત સદા "સ્વ"ના ઉપર સ્થિત છે, એ સ્થિતિ વિશ્વરૂપે જે અભિવ્યક્તિ થાય છે તેની વિરોધી અવસ્થા નથી, પરંતુ એનાથી ઘણી જ ઊર્ધ્વ અને એનાથી તદ્દન જુદી અવસ્થા છે, — એ અવિકારી અને સનાતન છે અને પ્રાણીઓના વિનાશ સાથે એને વિનાશ પામવાની ફરજ પડતી નથી. "એને અવ્યક્ત, અક્ષર કહેવામાં આવે છે, એને 'પરમ આત્મા' અને 'પરં ધામ' પણ કહેવામાં આવે છે. જેઓ એને પ્રાપ્ત કરે છે તેઓ પુનર્જન્મના ફેરામાં આવતા નથી. એ અવસ્થા મારું પોતાનું સૌથી ઉત્તમ ધામ છે." (૮.૨૧) જે માનવ એ પરમ ધામને પ્રાપ્ત કરે છે તે વિશ્વના સર્ગના એટલે આવિર્ભાવના અને પ્રલયના ચક્રમાંથી મુક્ત થઈ જાય છે.

વિશ્વરચનાના આ સર્ગ-પ્રલયના વિચારને આપણે સ્વીકારીએ કે નકારીએ — અને એનો આધાર 'અહોરાત્રવિદ્' એવા જ્ઞાની લોકોના જ્ઞાનને આપણે કેટલું મૂલ્ય આપવા માગીએ છીએ તેના ઉપર રહેલો છે; પરંતુ અહીં એ વિચારમાં ગીતા જે નવો અર્થ મૂકે છે તે મુખ્ય વસ્તુ છે. ઉપર જે શાશ્વત અવ્યક્ત બ્રહ્મનો ઉલ્લેખ કરવામાં આવે છે તેને આવિર્ભાવ કે પ્રલય સાથે કશી લેવાદેવા જણાતી નથી. એટલે એ જ સદા અવ્યાખ્યાત અને અનિર્દેશ્ય એવો નિરપેક્ષ યાને કેવળ બ્રહ્મ છે એમ આપણને લાગવાનો સંભવ છે. એ અનિર્દેશ્ય કેવળ બ્રહ્મને પહોંચવા માટે તો આપણે આવિર્ભાવમાં જે કાંઈ બન્યા હોઈએ, જે કાંઈ પ્રગટ સ્વરૂપ ધારણ કરેલું હોય તેનો સદંતર ત્યાગ કરવો એ જ સાચો માર્ગ હોઈ શકે. એટલે કે સનાતન કેવળ બ્રહ્મને પહોંચવા માટે આપણા મનના જ્ઞાનની, હૃદયના પ્રેમની અને પ્રાણના

સંકલ્પની સંયુક્ત એવી એકાગ્રતા સહિત આપણી સમસ્ત આંતર ચેતનાને એના તરફ લઈ જવી એ માર્ગ બરાબર નથી, ખાસ કરીને એ કેવળ બ્રહ્મ અવ્યવહાર્ય — એટલે કોઈ પણ પ્રકારનો સંબંધ સ્થાપન કરવાની શક્યતા વગરનું — હોવાથી. ભક્તિ તો એને પહોંચી શકે જ નહિ, — એના વિષે ભક્તિ પ્રસ્તુત ગણી શકાય નહિ. પરંતુ ગીતા કહે છે — એ ભૂમિકા વિશ્વાતીત છે, અને એમાં નિરપેક્ષ બ્રહ્મ છે તે શાશ્વત કાળ સુધી અવ્યક્ત જ રહે છે તે છતાં — 'એ પરમ પુરુષ જેમાં સર્વ પ્રાણીઓ જીવન ધારણ કરી રહેલાં છે, જેણે આ સમસ્ત વિશ્વને પોતામાંથી અસીમ દિશામાં વિસ્તારેલું છે તે અનન્ય ભક્તિ વડે લભ્ય છે.' (૮.૨૨) એનો અર્થ એ થયો કે એ પુરુષોત્તમ કાંઈ આપણા વિચારોથી તદ્દન સ્વતંત્ર અને જુદો સંપૂર્ણ-પણે સંબંધ વગરનો, નિરપેક્ષ કેવળ માત્ર નથી. એ તો કવિ છે, દ્રષ્ટા છે, સર્જક છે, વિધાતા છે, વિશ્વોનું શાસન કરનાર છે, **કવિં અનુશાસિતારમ્ ધાતારમ્** । (૮.૯) એ પુરુષોત્તમને જાણવાથી, એકમેવાદ્વિતીય તરીકે અને સર્વરૂપે એની ભક્તિ કરવાથી — **વાસુદેવ: સર્વમિતિ** — સઘળું વાસુદેવ સ્વરૂપ છે એ અનુભૂતિમાં પોતાની પરમ સાર્થકતા, સંપૂર્ણ સિદ્ધિ અને નિરપેક્ષ મુક્તિની ખોજ કરવાથી આપણો આત્મા તેની સાથે એક બને છે. આપણી સચેતન સત્-તા એની દિવ્ય સત્-તા સાથે સર્વ વસ્તુઓમાં, સર્વ શક્તિઓ અને કર્મમાં યોગને પામે છે.

ઉપર જણાવેલા વિચારો પછી આદિકાળના યોગીઓની માન્યતામાંથી સ્વીકારેલો એક વિચિત્ર પ્રકારનો વિચાર ગીતા અહીં મૂકે છે. જુદાજુદા કાળની નોંધ આપીને યોગીએ પુનર્જન્મ લેવો હોય કે ન લેવો હોય તો કયે સમયે પોતાના શરીરનો ત્યાગ કરવો, એ મુદ્દો ગીતા ચર્ચે છે. અગ્નિ અને જ્યોતિ, દિવસ અને રાત્રિ, શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ, ઉત્તરાયન અને દક્ષિણાયન એ એકબીજાની સામસામેની વસ્તુઓનાં જોડકાં છે. એ જોડકાંમાંના પહેલાનો આશ્રય લઈને દેહ છોડનાર બ્રહ્મજ્ઞાની બ્રહ્મને પ્રાપ્ત કરે છે, પરંતુ બીજાનો આશ્રય લઈને દેહનો ત્યાગ કરનાર યોગી ચંદ્રની જ્યોતિને પહોંચે છે અને ત્યાંથી માનવજન્મમાં — પુનર્જન્મ તરફ — પાછો વળે છે. આ બે માર્ગો અનુક્રમે જ્યોતિર્મય અને અંધકારમય હોઈ ઉપનિષદમાં એમને દેવયાન અને પિતૃયાન કહેવામાં આવે છે. અને જે યોગીને એ બે માર્ગોનું જ્ઞાન હોય છે તે ભૂલ કરતો નથી. યોગીઓના આ વિચાર પ્રાચીન જમાનાઓથી ચાલ્યા આવ્યા છે. એ પ્રાચીન યોગીઓ પ્રત્યેક સ્થૂલ વસ્તુમાં સૂક્ષ્મ માનસ-તત્ત્વનું પ્રતીક જોતા હતા અને એ લોકો બાહ્ય અને અંતરની ચેતના વચ્ચે આપલે તથા એક પ્રકારનું એ બન્નેનું તાદાત્મ્ય સઘળે સ્થળે જોઈ શકતા હતા. એ લોકો જ્યોતિ અને જ્ઞાન, અગ્નિનું તત્ત્વ અને આધ્યાત્મિક શક્તિ, એમની વચ્ચે આપલે અને તાદાત્મ્ય જોતા હતા. આ વિચારની પાછળ સૂક્ષ્મ અને સ્થૂલને

લગતી હકીકત યાને પ્રતીકાત્મકતા ગમે તે હો,* અહીં ગીતા એ વિચારને જે ઝોક આપીને આ વિષય સમેટી લે છે તે ધ્યાનપૂર્વક જોવા જેવું છે. તે કહે છે: 'તેટલા માટે હમેશાં, સર્વ સમયે, તું મારી સાથે યોગમાં યુક્ત રહે.' (૮.૨૭)

કારણ કે આખરે જોતાં આપણા જીવનને પ્રભુ સાથે એક કરવું, પ્રભુ સાથે એટલો બધો સંપૂર્ણપણે અને સર્વ પ્રકારે યોગ કરવો જેથી સ્વાભાવિક રીતે અને સતત પ્રભુ સાથે આપણે યુક્ત જ રહીએ — કેવળ વિચારમાં અને ધ્યાનમાં જ નહિ, પરંતુ કર્મમાં, મજૂરી કરતાં, યુદ્ધ કરતાં પણ — અને જીવનસમસ્ત પ્રભુના સ્મરણરૂપ બની રહે એ જ મુખ્ય ઉપયોગની વસ્તુ છે. મામનુસ્મર યુદ્ધ્ય ચ — 'મારું સ્મરણ કર અને યુદ્ધ કર.' (૮.૭) એ આજ્ઞાનો અર્થ એ થાય છે કે સામાન્ય રીતે સંસારમાં થતા ઝઘડાઓમાં માનવનું મન આસક્ત થઈ જાય છે, તેની સાથે તન્મય બની જાય છે, તેવી સ્થિતિમાં પણ શાશ્વત પ્રભુનો વિચાર સદા હાજર હોવો જોઈએ, એક ક્ષણ માટે પણ તેનું વિસ્મરણ થવા દેવું ન જોઈએ. એ કામ પૂરતું મુશ્કેલીભરેલું અને લગભગ અશક્ય લાગે છે. બીજી શરતો પૂરી પાડવામાં આવે તો જ એ કાર્ય પૂરેપૂરી રીતે, નિઃશેષપણે શક્ય બને છે. જો આપણી ચેતનામાં આપણે સર્વ સાથે, વિશ્વાત્મા સાથે, એકાત્મભાવ સ્થાપન કરીએ, એ એક આત્મા જેને આપણું મન 'પ્રભુ' તરીકે જાણે છે તેની સાથે એક થઈએ, તથા આપણાં નેત્રો અને બીજી ઇન્દ્રિયો સર્વત્ર પ્રભુને જ જુએ અને અનુભવે ત્યારે એ કાર્યની પહેલી શરત પૂરી થઈ ગણાય. એ અનુભૂતિ જ્યારે સ્થિર થાય છે ત્યારે આપણી અપ્રકાશિત ઇન્દ્રિયો વસ્તુઓનું જે જ્ઞાન આપણને આપે છે તે પ્રમાણે વસ્તુઓને જાણવી કે અનુભવવી આપણે માટે અશક્ય થઈ પડે છે. સર્વ વસ્તુઓના સ્વરૂપોમાં આપણને પ્રભુ એકીવખતે પ્રગટ અને આચ્છાદિત જણાય છે. આપણી સંકલ્પશક્તિની પાછળ રહેલી આપણી ચેતના જો પરમ પુરુષની સંકલ્પશક્તિ સાથે અદ્વૈતને પ્રાપ્ત થયેલી હોય તથા આપણાં મન, પ્રાણ અને સંકલ્પની એકેએક ક્રિયા એ પરમ પુરુષમાંથી જ આવે છે એવો આપણને અનુભવ થતો હોય,

---

* યોગનો અનુભવ કહે છે કે આ વિચારની પાછળ સૂક્ષ્મ આધ્યાત્મિક તથા સ્થૂલ ભૌતિક જગતને લગતું એક સત્ય રહેલું છે. અલબત્ત, એ સત્ય નિરપેક્ષપણે વ્યવહારમાં લાગુ થઈ શકે છે એવું નથી. સત્ય એ છે કે આધ્યાત્મિક પ્રકાશની અને તમસના અંધકારની શક્તિઓ વચ્ચે સૂક્ષ્મ જગતમાં જે યુદ્ધ ચાલી રહેલું હોય છે તેમાં પ્રકાશની શક્તિઓ દિવસના, કે વર્ષના પ્રકાશમય સમય દરમિયાન અને અંધકારની શક્તિઓ અંધકારના સમયો દરમિયાન સ્વાભાવિક રીતે વધારે સબળપણે કાર્ય કરતી જણાય છે. અને આખરી વિજય પ્રાપ્ત થાય ત્યાં સુધી એ બે વચ્ચેની આ સમતુલા ચાલુ રહેવાનો સંભવ છે.

અર્થાત્ — કે આપણી પ્રકૃતિ એ દિવ્ય ચેતનાના આવેગવાળી છે, યા તો તેની સાથે એક છે એમ આપણે અનુભવતા હોઈએ, તો ગીતા જેની માગણી કરે છે તે વસ્તુ સમગ્રપણે આચરણમાં મૂકી શકાય છે. ત્યાર પછી પ્રભુનું સ્મરણ મનની એક નૂટક નૂટક થતી ક્રિયારૂપ રહેતું નથી; પરંતુ આપણી સર્વે પ્રવૃત્તિઓની સ્વાભાવિક અવસ્થા બની રહે છે. અને એક રીતે, આપણી ચેતનાનું સત્ત્વ બની રહે છે. એ સ્થિતિમાં પુરુષોત્તમ સાથેના સત્ય અને સ્વાભાવિક એવા આધ્યાત્મિક સંબંધને જીવ પ્રાપ્ત કરે છે અને આપણું સમગ્ર જીવન યોગરૂપ બની રહે છે. એ સ્થિતિમાં પ્રભુ સાથેની એકતા સિદ્ધ થયેલી હોય છે. અને છતાં કાળની શાશ્વતીમાં એ એકતા આપોઆપ પોતાને સિદ્ધ કરતી જાય છે.

પ્રકરણ ચોથું

ઉત્તમ રહસ્ય

અત્યાર સુધીમાં ગીતામાં જે સત્ય પગલેપગલે વિકાસ પામી રહેલું છે તેનું પ્રત્યેક પગલું સર્વાંગપૂર્ણ એવા જ્ઞાનનો એકએક નવો ઉન્મેષ પ્રગટ કરતું રહ્યું છે; અને એ જ્ઞાનના ઉપર આધ્યાત્મિક અનુભૂતિ અને કર્મનું કાંઈક પરિણામ પણ ગીતા સ્થાપન કરતી આવે છે. હવે એક ઘણું અગત્યનું પગલું ભરવાનું આવ્યું છે, એક અગત્યનો વળાંક લેવાનો છે. એટલે અર્જુનનું મન જાગ્રત અને સાવધાન રહે તેટલા માટે શ્રીકૃષ્ણ પોતે જે બોધ આપવાની તૈયારીમાં છે તે કેટલો બધો નિશ્ચયાત્મક છે એના પ્રત્યે તેનું ધ્યાન ખેંચે છે. કારણ કે પ્રભુના સર્વાંગપૂર્ણ સ્વરૂપનાં જ્ઞાન અને દર્શન પ્રત્યે શ્રીકૃષ્ણ અર્જુનના મનને ખુલ્લું કરવા માગે છે જેથી કરીને અગિયારમા અધ્યાયમાં આવનાર વિશ્વરૂપ-દર્શનને માટે એનું મન તૈયાર થાય. એ વિશ્વરૂપ-દર્શનને પરિણામે કુરુક્ષેત્રનો યોદ્ધો અર્જુન પોતાના જીવનમાં સરજનહાર અને ભર્તા, પોતાના કર્મના અને જીવનકાર્યના આધાર, માનવમાત્રમાં અને વિશ્વમાં વ્યાપી રહેલા પ્રભુ વિષે, તેની સન્નિધિ વિષે સચેતન બને છે. વિશ્વરૂપ એ પ્રભુને માનવ કે જગતમાંની કોઈ વસ્તુ મર્યાદિત કરી શકતી નથી, કે બંધનમાં પૂરી શકતી નથી, કારણ કે સઘળું એ પ્રભુમાંથી જ ઉદ્‌ભવે છે, એની અનંત સત્‌-તામાં જ સઘળું ગતિ કરી રહેલું છે, એના સંકલ્પના આધારને લઈને સઘળું પોતાની સ્થિતિમાં રહેલું છે, એના દિવ્ય જ્ઞાનમાં સઘળું સકારણ ઠરે અર્થાત્‌ આ સમસ્ત વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સર્વમાં હમેશાં એ વિશ્વરૂપ પ્રભુ જ રહેલો છે. પોતે એ વિશ્વરૂપ પ્રભુમાં જ જીવી રહેલો છે એ સત્ય વિષે અર્જુને સચેતન થવાનું છે, એનો તેણે સાક્ષાત્કાર કરવાનો છે, તથા પોતાની અંદર રહેલી એ વિશ્વરૂપની શક્તિને લઈને જ પોતે કર્મ કરી શકે છે, એનાં પોતાનાં કર્મો એ વિશ્વરૂપ પ્રભુનું દિવ્ય કર્મ કરવાના માત્ર કરણરૂપ છે તથા એની પોતાની અહંતાવાળી ચેતના એ પ્રભુને ઢાંકનાર આવરણ માત્ર છે એ તેણે અનુભવવાનું છે. અર્જુનના પોતાપણાના ભાનમાં જે અસલ સત્ય રહેલું છે તે પરમ ઈશ્વરનો અમર સ્ફુલિંગ છે, પ્રભુનો પોતાનો દિવ્ય અંશ છે, એની અહંતાવાળી ચેતના એની અજ્ઞાન અવસ્થા આગળ એનાં એ સત્ય અને દિવ્ય સ્વરૂપને ખોટી રીતે રજૂ કરે છે.

અર્જુનના મનમાં હજી કોઈ પણ પ્રકારની શંકા રહી ગઈ હોય તો તેને દૂર

કરવા માટે વિશ્વરૂપ-દર્શનનો પ્રસંગ આવે છે. જે કર્મમાંથી આરંભમાં અર્જુન ધૃણા પામીને વિરત થઈ ગયો હતો તે જ કાર્ય કરવાની આખરી આજ્ઞા તેને મળે છે અને એમાંથી તે હવે ધૃણા પામીને અટકી શકે તેમ નથી. હવે એ કર્મ કરવામાંથી પાછા પડવું એનો અર્થ તો પ્રભુના સંકલ્પનો તથા એના પોતાના અંતરે જે વસ્તુને અનુમતિ આપી છે તેનો અનાદર કરવો, તેનો ઇન્કાર કરવો એવો જ થાય. એ અનુમતિ એની વ્યકિતગત ચેતનામાં તો કયારની યે વ્યકત પણ થઈ ચૂકેલી છે, પરંતુ થોડા જ સમયમાં એને વધારે વિશાળ એવી વિશ્વરૂપની અનુમતિ પણ મળવાની છે. અહીં આ વિશ્વમાં કાર્ય કરી રહેલી સત્-તા અર્જુન સમક્ષ પ્રભુના પોતાના દેહરૂપે વ્યકત થાય છે, જેમાં કાલપુરુષ પોતાની અભિવ્યકિત કરી રહેલો છે. એ કાલપુરુષ અર્જુનને પોતાની ભવ્ય અને ભયાનક વાણી વડે યુદ્ધના ધમસાણમાં પડવાનું કાર્ય સોંપે છે. એ કાલ-પુરુષ અર્જુનને પોતાનો આત્મા મુકત કરવાની તથા વિશ્વના ગૂઢ રહસ્યમાં પોતાનાં કર્મને સાર્થક કરવાની આજ્ઞા કરે છે. અને એ બે વસ્તુઓ — મુકિત અને કર્મ — એક જ ક્રિયારૂપ થઈ રહેવી જોઈએ, એક જ ગતિ બની રહેવી જોઈએ એમ પણ જણાવે છે. જેમજેમ આત્મજ્ઞાનનો, તથા પ્રકૃતિના અને પ્રભુના જ્ઞાનનો પ્રકાશ એની આગળ ખુલ્લો થતો જાય છે તેમતેમ એની બુદ્ધિની શંકાઓ દૂર થતી જાય છે. પરંતુ બુદ્ધિની વિશદતા પૂરતી નથી, એની અંધ બહિર્મુખ પ્રકૃતિ તેના અંતર્દૃષ્ટિના સાક્ષાત્કાર વડે પ્રકાશિત થવાની જરૂર રહે છે. કારણ કે એમ થાય તો જ અર્જુન પોતાના સમગ્ર અંતઃકરણની અનુમતિ સાથે, પોતાનાં સર્વે કરણોની શ્રદ્ધા સહિત, પોતાના આત્માના પણ આત્મા પ્રત્યે, જીવનના સ્વામી પ્રત્યે, વિશ્વના આત્મા અને સર્વ પ્રાણીઓના ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ ભકિતનું વલણ રાખીને એ કાર્ય કરી શકે.

અત્યાર પહેલાં જે કાંઈ કહેવાઈ ગયું છે તેમાં જ્ઞાનનો પાયો તૈયાર કરવામાં આવેલો છે, અથવા તો, તે જ્ઞાન માટેની પ્રાથમિક આવશ્યક સામગ્રી યા ને ઢાંચો માત્ર છે. પરંતુ હવે અર્જુનની દૃષ્ટિ સમક્ષ એ સમગ્ર જ્ઞાનનો આખો પ્રાસાદ રજૂ કરવામાં આવનાર છે. એના પછી જે વસ્તુ આવનાર છે તેની પણ અગત્ય ઘણી અને મહાન છે, કારણ કે એમાં માનવના સમગ્ર બંધારણમાં રહેલા ભાગોનું પૃથક્કરણ કરવામાં આવશે, તથા એનાં અમુક તત્ત્વો શેનાં બનેલાં છે તે પણ સ્પષ્ટ કરવામાં આવશે. પરંતુ અહીં એની સાથે વાર્તાલાપ કરી રહેલ શ્રીકૃષ્ણના સમગ્ર સ્વરૂપનું જ્ઞાન મૌલિક સ્વરૂપે એની દૃષ્ટિ આગળ એવી રીતે ખુલ્લું કરવામાં આવે છે કે અર્જુનનો એને જોયા વિના છૂટકો જ ન થાય. અહીં સુધી જે નિરૂપણ કરવામાં આવ્યું છે તેનાથી અર્જુનની ખાતરી થઈ છે કે અત્યાર સુધી પોતે જે અજ્ઞાન અને અહં-પ્રેરિત કર્મના બંધનમાં પડયો છે તેમાં આખર સુધી પડી રહેવાને તે બંધાયેલો નથી. અલબત્ત, અત્યાર સુધી તે એ બંધનમાં સંતોષથી રહેતો

હતો, પરંતુ એક પરિસ્થિતિમાં જ્યારે કર્મના આચરણમાં વિરોધાભાસવાળાં તત્ત્વો વચ્ચે અથડામણ ઊભી થઈ ત્યારે અજ્ઞાનના આપેલા અપૂર્ણ ઉકેલોથી એના મનને સંતોષ થઈ શકયો નહીં. કારણ કે એનું મન ભ્રમમાં તથા એનું હૃદય આસક્તિનાં બંધનમાં પડી ગયું હતું અને એમાંથી જીવનનો અને કર્મનો ત્યાગ કર્યા વિના બીજો કોઈ જ રસ્તો નથી એમ અર્જુનને લાગ્યું. અર્જુનને એ વસ્તુ બતાવવામાં આવી છે કે જીવન જીવવાના અને કર્મ કરવાના બે પરસ્પર વિરોધી માર્ગો છે: એક, અહંના અજ્ઞાનમાં રહીને કરવામાં આવતાં કર્મોનો માર્ગ, અને બીજો દિવ્ય ચેતનાના જ્ઞાન સહિત કરવામાં આવતાં કર્મોનો માર્ગ. એને ફાવે તો અર્જુન કામના અને રાગસહિત કર્મનાં ફળ અને પરિણામને ખાતર આસક્તિપૂર્વક — એટલે કે જય પરાજય, શુભાશુભ પરિણામને ખાતર — કર્મો કરી શકે છે. એ રીતે આ વિશ્વરૂપી યંત્ર જોડે એ બંધાયેલો રહેશે, એટલે વિશ્વરૂપી યંત્રના કાર્યમાં એનાં બંધનમાં જકડાયેલા એક નિરાધાર ભાગ — ચક્ર — જેવો, કર્મ અને અકર્મની જાળમાં સપડાયેલો તે રહેશે. અને એના વારેવારે વિકાર પામતા અને વિરોધી સ્વરૂપો ધારણ કરતા વેશપલટાઓ અને આભાસોથી ચિત્ત, મન અને આત્મામાં તે દિગ્મૂઢ બન્યા કરશે. પરંતુ અજ્ઞાનમાં રહીને એણે કર્મો કરવાં જ જોઈએ એવો નિરાધારપણે એ બંધાયેલો નથી. ધારે તો પોતે જ્ઞાનસહિત કર્મો કરી શકે છે. અર્જુન ધારે તો પોતે મનીષી, જ્ઞાની કે યોગી તરીકે શરૂઆતમાં મોક્ષના મુમુક્ષુ તરીકે, અને પછીથી મુકત આત્મા તરીકે, કર્મ કરી શકે છે. પોતાની આ મહાન શકયતાને જોવી અને પોતાના સંકલ્પને તથા બુદ્ધિને એ શકયતાને સિદ્ધ કરવા માટેનાં જ્ઞાન અને આત્મદર્શન પર એકાગ્ર કરવાં એ માનવજીવનના કોયડાનો ઉકેલ છે, એના જીવનમાં રહેલાં શોક અને મોહમાંથી મુકત થવાનો માર્ગ છે.

આપણા અંતરમાં એક પુરુષ છે, જે સ્થિર છે, કર્મથી ચઢિયાતો છે, મહાન છે, સમતાવાળો છે, જે બાહ્ય ઉપાધિમાં બંધાયેલો નથી, ભર્તા તરીકે તે સઘળી વસ્તુઓને જુએ છે અને ટેકો આપે છે, એ પોતે અદિ મૂળ છે, સર્વમાં વ્યાપીને રહેલો એવો સાક્ષી છે, જે દ્રષ્ટા હોવા છતાં આસકત થતો નથી. એ આત્મા અનંત હોઈ સર્વને પોતાનામાં ધારણ કરે છે, સર્વમાં એક તરીકે વસે છે, અને પ્રકૃતિના સમસ્ત કાર્યને તે તટસ્થતાપૂર્વક જુએ છે, અને તે એ પણ જુએ છે કે એ સઘળું કાર્ય કેવળ પ્રકૃતિનું છે અને એનું પોતાનું નથી. એ આત્મા જુએ છે કે અહં, અહંનો સંકલ્પ અને એની બુદ્ધિ કેવળ પ્રકૃતિની જ યાંત્રિક યોજના છે. અને એ વસ્તુઓની પ્રવૃત્તિઓ પ્રકૃતિના ત્રણ ગુણોની જટિલતા વડે નિર્મિત થાય છે. સનાતન બ્રહ્મ, શાશ્વત આત્મા યાને પરબ્રહ્મ એ બધી વસ્તુઓથી મુકત છે, અને આત્મા પણ મુકત છે કારણ કે એને જ્ઞાન છે. એ જાણે છે કે પ્રકૃતિ અને અહં તથા આ સર્વે પ્રાણીઓનાં સ્વરૂપો એટલાનું જ આ વિશ્વજીવન બનેલું નથી.

કારણ કે જીવન યાને સત્-તાનો પ્રકાશ એ કાંઈ આવિર્ભાવમાં થતા સતત વિકારોનો બનેલો ભવ્ય કે મિથ્યા, અદ્‌ભુત કે કુરૂપ એવો પટ માત્ર નથી. એના આવિર્ભાવમાં સનાતન એવું કાંઈક રહેલું છે, અવ્યય અને અવિનાશી એવું તત્ત્વ, કાલાતીત સ્વયંભૂ સત્-તા એમાં રહેલી છે. પ્રકૃતિમાં થતા વિકારોથી એ શાશ્વત તત્ત્વ, એ સનાતન વસ્તુ લેપાતી નથી. એ બ્રહ્મ આ સઘળા વિકારોનો તટસ્થ સાક્ષી હોઈ એમના પર અસર કરતો નથી, તેમ પોતે વિકાર પામતો નથી, પોતે કર્મ કરતો નથી તેમ એના પર પ્રકૃતિનું કશું કાર્ય થતું નથી. એ નથી પુણ્યશાળી કે નથી પાપી, પરંતુ સદા શુદ્ધ, નિત્યપૂર્ણ, મહાન અને અવૃણ — પાપથી અવિદ્ધ — રહે છે. અહંતાવાળા જીવને જેનાથી દુઃખ થાય છે, અને જેના પ્રત્યે તે આસકત થાય છે તેનાથી એ આત્માને હર્ષ કે શોક થતાં નથી. એ આત્મા કોઈનો મિત્ર નથી, કોઈનો શત્રુ નથી. સર્વનો એ સમાન આત્મા છે. અત્યારે માનવને તેનામાં રહેલા આ સર્વવ્યાપી આત્માનું જ્ઞાન નથી, તેનામાં એ આત્માની ચેતના જાગ્રત નથી, કારણ કે પોતાના બહિર્મુખ મનમાં તે પુરાયેલો છે, કારણ કે માનવ પોતાના અંતરમાં જીવતાં શીખવા માગતો નથી યા તો શીખ્યો નથી. માનવ પોતાની અસલ જાતને છૂટી પાડતો નથી, પોતાનાં કર્મમાંથી જુદો પડીને તેને પ્રકૃતિના કાર્ય તરીકે સાક્ષીરૂપે જોતો નથી. એની ખરી મુશ્કેલી 'અહં' છે, એના મિથ્યા જ્ઞાનના ચક્રની કેન્દ્રસ્થ ખીલી અહં છે. પોતાના સાચા આત્મસ્વરૂપમાં અહંનો લય સાધવો એ મુક્તિની પહેલી શરત છે. આત્મરૂપ થવું,— કેવળ મન કે અહંરૂપ નહીં, — એ મુક્તિના આ સંદેશનો આરંભનો સ્વર છે.

સૌથી પહેલાં કર્મનાં ફળની સઘળી કામનાનો ત્યાગ કરવાને અને જે કાંઈ કર્તવ્ય-કર્મ હોય તેના તટસ્થ અને નિષ્કામ કર્તા થવાને અર્જુનને પ્રથમ કહેવામાં આવે છે. આ વિશ્વનાં કર્મોની જે કોઈ શકિત અધ્યક્ષ હોય તેના ઉપર પોતાનાં કર્મોનાં ફળ છોડી દેવા માટે પણ એને આદેશ આપવામાં આવ્યો છે. એટલું તો સ્પષ્ટ છે કે અર્જુન પોતે કર્મનો ખરો સ્વામી નથી, અર્જુનના 'અહં'ના સંતોષને ખાતર કાંઈ પ્રકૃતિ પોતાનાં કાર્યોમાં પ્રેરાતી નથી અને વિશ્વમાં પ્રગટેલું વિરાટ જીવન એની કામનાઓની અને રાગોની સાર્થકતા સાધવા માટે ઉત્પન્ન થયેલું નથી. તેમ એમ પણ સાચું છે કે વિશ્વમાં કાર્ય કરતું વૈશ્વિક મન માનવની બુદ્ધિના અભિપ્રાયો, નિર્ણયો અને ધોરણોને સાચાં ઠેરવવા માટે નથી. વિશ્વના જે હેતુઓ છે, અથવા તો, પૃથ્વીના ઉપર જે કોઈ પદ્ધતિ અને હેતુઓ અજમાવાય છે તે બધાં માનવના વ્યકિતના ક્ષુદ્ર પંચ આગળ રજૂ કરવા માટે છે એમ પણ નથી. પોતાની ક્ષુદ્ર વ્યકિતતામાં જ જીવતા હોય એવા અને વિશ્વસમસ્તને એ સંકુચિત અને ક્ષુદ્ર દૃષ્ટિબિંદુથી જોતા હોય એવા અજ્ઞાની જીવો જ એ પ્રકારનો દાવો કરી શકે. અર્જુને આ જગત પાસે પોતાની અહંપ્રધાન માગણીઓ કરવાની ક્રિયામાંથી

પાછા ફરવું જોઈએ, એનાથી જુદા પડીને તટસ્થ થઈ જવું જોઈએ અને લાખો માણસોની પેઠે, લાખોમાંના એક તરીકે એણે પોતાના પ્રયત્નનો અને મજૂરીનો ફાળો, પરિણામ યાને ફળની પ્રાપ્તિને માટે નોંધાવવો જોઈએ. એ ફળનો નિયંતા, એનો નિર્માતા કાંઈ એ પોતે નથી; વિશ્વસકળનાં કર્મ અને હેતુઓ એનાં નિર્માતા છે. પરંતુ અર્જુનને આનાથી પણ કાંઈ વધારે કામ કરવાનું છે : એણે પોતે કર્તા છે એ ભાવનો ત્યાગ કરવાનો છે અને વ્યક્તિતાના સર્વ પ્રકારના ખ્યાલથી મુકત થઈને એણે એ સત્ય જોવાનું છે કે એના પોતાના અંતરમાં તેમજ બીજા સર્વમાં વિશ્વચેતનાની બુદ્ધિ, વૈશ્વિક સંકલ્પશકિત, અને વિશ્વપ્રાણ કાર્ય કરી રહેલાં છે. પ્રકૃતિ પોતે જ વિશ્વના વિરાટ પાયા ઉપર કાર્ય કરી રહેલી કર્ત્રી છે. અર્જુનનાં કાર્યો પણ આખરે પ્રકૃતિનાં છે, તેવી જ રીતે એના અંતરમાં થતાં કાર્યોનાં પરિણામો પણ કોઈ વધારે મહાન શકિત જે પરિણામોનો એકંદર સરવાળો નિયત કરે છે તેના જ કાર્યનો એક ભાગ છે. એટલે, જો આ બે વસ્તુઓ અર્જુન પોતાના આધ્યાત્મિક જીવનમાં સિદ્ધ કરી શકે તો એનાં કર્મની ગૂંચ અને એનાં બંધનથી એ મુકત થઈ જાય, એ બન્ને તેનાથી દૂર ફેંકાઈ જાય. કારણ કે કામના કરવાથી પોતાની અહંપ્રધાન માગણીમાં અને કર્મમાં એ પોતે ભાગીદાર બને છે અને એ ભાગીદારીના ભાનમાં એના કર્મ પ્રત્યેના બંધનની ગાંઠ રહેલી છે. રાગ અને પાપ, વ્યક્તિગત હર્ષ-શોક, સઘળું, તટસ્થ થતાં, એના અંતરમાંથી ભૂંસાઈ જશે. એનો આત્મા સર્વ માણસો પ્રત્યે, સઘળી વસ્તુઓ પ્રત્યે શુદ્ધ, વિશાળ, સમ અને સ્થિર બનશે. કર્મ કરવાને પરિણામે એના અંતરમાં કશું પ્રતિકાર્ય થશે નહિ, અને એની પાછળ કશો ડાઘ પણ રહેવા પામશે નહીં. અથવા તો, એના આત્માની વિશુદ્ધિ અને શાંતિના ઉપર કશી અસર એ કર્મો મૂકી શકશે નહીં. એવા માણસને અંતરમાં આનંદ, આરામ અને સુખની લાગણી તથા મુકત અને અનાસકત પુરુષના આત્મામાં રહેલી અવિભાજ્ય અને નિત્ય આનંદની અનુભૂતિ પણ થશે. અંતરમાં કે બહાર એનામાં એનું જૂનું, પહેલાનું ક્ષુદ્ર અહંપાશું રહેશે નહિ, કારણ કે એનાં બાહ્ય પ્રકૃતિ જેમ વૈશ્વિક મન, પ્રાણ અને સંકલ્પનો અવિભાજ્ય ભાગ થઈ રહેશે તેમ એનો આત્મા સર્વ સાથે એકાત્મભાવ પામશે અને સર્વત્ર એક જ આત્માને અનુભવશે. એની જુદી અહંપ્રધાન વ્યકિતતા આધ્યાત્મિક સત્-તાની નિર્વ્યકિતતામાં આરોહણ કરીને નિર્વાણ પામી જશે. એની જુદાપણાવાળી અહંપ્રધાન પ્રકૃતિ વિશ્વપ્રકૃતિના કાર્ય સાથે એકતાને પ્રાપ્ત કરશે.

પરંતુ આ મુકિતનો આધાર એકીવખતે આવશ્યક પરંતુ હજી સુધી જેમનો પરસ્પર મેળ સાધવામાં આવ્યો નથી એવી બે અનુભૂતિઓનાં ઉપર આધાર રાખે છે : પુરુષનું યાને આત્માનું વિશદ દર્શન અને પ્રકૃતિનું વિશદ દર્શન. આ વિશદ દર્શન એટલે કે 'સ્પષ્ટ દર્શન' એટલે ભૌતિક શાસ્ત્રની અને સામાન્ય બુદ્ધિની,

જડવાદી નાસ્તિક મીમાંસકને માટે પણ શકય એવી, અનાસકિત કે તટસ્થતા એમ સમજવાનું નથી. એવા ભૌતિક શાસ્ત્રના અભ્યાસીને કેવળ પ્રકૃતિનું કાંઈક અંશે સ્પષ્ટ દર્શન થાય છે ખરું, પરંતુ એના પોતાના આત્માનું તો એને બિલકુલ દર્શન થતું જ નથી. વળી, એ અનાસકિત એટલે પોતાના અહંનાં વધારે મર્યાદિત કરનાર સંકુચિત અને ક્ષોભ ઉત્પન્ન કરનાર સ્વરૂપોમાંથી પોતાની બુદ્ધિના પ્રકાશનો પ્રયોગ કરીને છૂટી જનાર આદર્શવાદી જ્ઞાની પુરુષની બુદ્ધિજન્ય અનાસકિત પણ નથી. આ અનાસકિત વધારે વિશાળ, વધારે જીવંત, વધારે સંપૂર્ણ પ્રકારની આધ્યાત્મિક અનાસકિત છે, જે પરમ પુરુષનું દર્શન થવાને પરિણામે પ્રાપ્ત થાય છે. એ પરમ પુરુષ પ્રકૃતિસમસ્ત કરતાં વધારે મહાન છે, મન અને બુદ્ધિના કરતાં પણ મહાન છે. પરંતુ એવી આધ્યાત્મિક અનાસકિત પણ મુકિતનું અને જ્ઞાનના વિશદ દર્શનનું માત્ર શરૂઆતનું રહસ્ય છે. એ કાંઈ પ્રભુના દિવ્ય રહસ્યની છેવટની ચાવી નથી. કારણ કે એવી કેવળ અનાસકિતને એકલી અને અટુલી જ આપણે લઈશું તો આધ્યાત્મિક અને અકિય એવી સત્-તાથી પ્રકૃતિનો સકિય ભાગ અલગ પડી જતો જણાશે. એ પ્રકૃતિની સમજૂતી કેવળ અનાસકિતમાંથી આપણને મળશે નહીં. દિવ્ય અનાસકિત તો પ્રકૃતિનાં દિવ્ય કર્મમાં ભાગ લેવાની ક્રિયાનો પાયો બને છે. એટલે કે કર્મમાં જે અહંપ્રધાન ભાગ અત્યારે માનવ લઈ રહ્યો છે તેની જગ્યાએ દિવ્ય કર્મમાં ભાગ લેવાની પ્રવૃત્તિ આવશે અને દિવ્ય અકિયતા એ દિવ્ય પ્રવૃત્તિ અને સકિયતાનો આધાર બની રહેશે. આ સત્ય ગુરુના લક્ષમાં તો બધા સમય રહેલું હતું, તેથી તો એણે યજ્ઞરૂપે કર્મો કરવા વિષે આગ્રહ કર્યો છે. વળી, શ્રીકૃષ્ણે પ્રભુને આપણાં સર્વ કર્મોના સ્વામી તરીકે સ્વીકારવાનો, તથા અવતારવાદનો તથા દિવ્ય જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કરવાનો પણ આગ્રહ કર્યો છે. છતાં પણ અકર્મણ્યતાવાળો મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રાથમિક જરૂર આગળ એ આગ્રહને શરૂઆતમાં ગૌણ રાખવામાં આવ્યો છે. જે સત્યો આધ્યાત્મિક સ્થિરતા, અનાસકિત, સમતા અને અદ્વૈતની પ્રાપ્તિ પ્રત્યે, — એટલે કે, અક્ષર, અવ્યકત આત્માનાં જ્ઞાન અને પ્રાપ્તિ પ્રત્યે, આપણને લઈ જઈ શકે તેમ છે તે સત્યોનો જ પ્રથમ વિકાસ કરવામાં આવ્યો છે, અને એમની વધારેમાં વધારે અર્થવાહિતાને અને શકિતને બહાર લાવવામાં આવ્યાં છે. બીજું મહાન અને આવશ્યક સત્ય જે એ સત્યની ન્યૂનતાનું પૂરક છે તેને અત્યાર સુધીમાં આછા પ્રકાશના અર્ધ અંધકારમાં રાખી મૂકવામાં આવ્યું છે. અલબત્ત, એના વિષે સતત સૂચનો તો થતાં રહેલાં છે જ, પરંતુ હજી સુધી એને વિકસાવવામાં આવ્યું નથી. હવે પછીના અધ્યાયોમાં એ સત્ય ખૂબ ઝડપથી વ્યકત કરવામાં આવે છે.

અત્યાર સુધી બધા વખત અવતાર અને ગુરુ, આ વિશ્વના વિરાટ કાર્યમાં માનવના આત્માના સારથિ, શ્રીકૃષ્ણ પોતાના સ્વરૂપનું રહસ્ય — પ્રકૃતિનું ગહનમાં

ગહન રહસ્ય, — પ્રગટ કરવાની તૈયારી કરી રહેલા છે. અત્યાર સુધીમાં આરંભિક સ્વર મારફત પણ જે સૂર સતત અને ભારપૂર્વક ઉચ્ચારાયો છે તે એના પોતાના સ્વરૂપના સમગ્ર સત્યની વિશાળ અને આખરી સંવાદિતા લાવનારો છે એવાં એવાં સૂચનો આપણને મળતાં રહેલાં છે. એ સૂર એટલે પરમ પુરુષ વિષેની, — એટલે કે માનવના અંતરમાં અને પ્રકૃતિમાં વસેલા પરમ પુરુષ વિષેની — ભાવના છે. માનવ અને પ્રકૃતિ બન્ને કરતાં એ પરમ પુરુષ વધારે મહાન છે અને આત્માની અવ્યક્ત અક્ષરતા વડે તેને પ્રાપ્ત કરી શકાય છે ખરો, પરંતુ અવ્યક્ત બ્રહ્મ એ જ કાંઈ એનો સમસ્ત સાર નથી. હવે આપણને એ ભારપૂર્વક અને પુનઃ પુનઃ કરેલા નિવેદનનો અર્થ સમજાય છે. એ એકમેવાદ્વિતીય ઈશ્વર જે વિશ્વાત્માની અંદર, માનવના અંતરમાં તથા પ્રકૃતિમાં એકરૂપે બિરાજેલો છે તે જ કુરુક્ષેત્રના રથમાં સારથિ તરીકે બેઠેલા ગુરુના બોધ દ્વારા પ્રબુદ્ધ થયેલા ઋષિ અને કર્મના કર્તાની સમગ્ર ચેતના ઉપર પોતાનો નિરપેક્ષ હક્ક રજૂ કરે છે. શ્રીકૃષ્ણ કહે છે: "તારા અંતરમાં હું રહેલો છું, આ માનવદેહમાં શ્રીકૃષ્ણ રૂપે પણ હું જ છું" "મારે ખાતર સઘળું વિશ્વ અસ્તિત્વમાં છે, કર્મ કરે છે, પ્રયત્નો કરે છે. સ્વયંભૂ આત્માનું અને વિશ્વનાં કર્મનું એકસામટું રહસ્ય પણ હું જ છું." આ "હું" એક ઘણા મહાન પ્રકારનો "હું" છે, જેની આગળ મહાનમાં મહાન વ્યક્તિતા કેવળ આંશિક અને ખંડિત આવિર્ભાવ માત્ર છે અને પ્રકૃતિ પોતે પણ એક ઊતરતા પ્રકારની પ્રક્રિયા છે. જીવાત્માનો ઈશ, વિશ્વનાં સર્વે કાર્યોનો સ્વામી, — એવો હું એકમાત્ર જ્યોતિ છું, એકમાત્ર પ્રકાશ છું, એકમાત્ર શક્તિ છું, એકમાત્ર સત્-તા છું. તારી અંદર રહેલો આ ઈશ્વર એ જ ગુરુ છે, સર્વ છે, જ્ઞાનની પવિત્ર શુદ્ધ જ્યોતિને જાગ્રત કરનાર પણ એ જ છે. અક્ષર આત્મા અને તારી ક્ષર પ્રકૃતિ એ બેની વચ્ચેનો ભેદ તું એ જ્ઞાનજ્યોતિ વડે જાણી શકે છે. પરંતુ એ જ્યોતિથી પર રહેલા જ્યોતિના મૂળ પ્રત્યે તું દૃષ્ટિ કર, તો તું એવા પરમ પુરુષને જાણી શકશે જેમાં વ્યક્તિતા અને પ્રકૃતિ એ બન્નેમાં રહેલું આધ્યાત્મિક સત્ય તું પ્રાપ્ત કરી શકશે. એટલે સર્વ પ્રાણીમાં રહેલ એક આત્માનું દર્શન કરતાં શીખ, જેથી કરીને સર્વમાં તું મને એટલે કે પુરુષોત્તમને જોઈ શકે. સર્વ પ્રાણીઓને એક જ આધ્યાત્મિક આત્માની અંદર, એક જ વાસ્તવિકતાની અંદર જો, કારણ કે મારી અંદર સર્વ પ્રાણીઓને જોવાનો એ માર્ગ છે. સર્વમાં રહેલા એક બ્રહ્મને જાણ, જેથી કરીને પરમ બ્રહ્મરૂપ પ્રભુને તું જાણી શકે. તારા આત્માને ઓળખ, જેથી કરીને તું મારી સાથે એકતાને પ્રાપ્ત કરી શકે. કાલાતીત પરબ્રહ્મ તે મારા પુરુષોત્તમ સ્વરૂપનો જ સ્વચ્છ પ્રકાશ છે, યા તો પારદર્શક પરદા રૂપ છે. આત્માનું અને ચેતનાનું ઊંચામાં ઊંચું સત્ય પરમાત્મા સ્વરૂપ હું છું.

એનો એ જ પુરુષોત્તમ આત્માનું અને ચેતનામાત્રનું વધારે ઉચ્ચ પ્રકારનું

સત્ય છે એટલું જ નહિ, પરંતુ પ્રકૃતિનું અને અર્જુનના પોતાના વ્યક્તિપણાનું પણ એ પુરુષોત્તમ જ પરમ સત્ય છે, એ અનુભૂતિ અર્જુને પ્રાપ્ત કરવાની રહે છે. એટલે કે, વ્યક્તિનું અને વિશ્વનું, — બન્નેનું એકસામટું રહસ્ય એ પુરુષોત્તમ છે. પ્રકૃતિમાં કાર્ય કરી રહેલ વૈશ્વિક સંકલ્પ તે એ પુરુષોત્તમનો સંકલ્પ છે, પ્રકૃતિનાં કાર્યોથી તે વધારે મહાન છે; કારણ કે એ કાર્યો પુરુષોત્તમના સંકલ્પમાંથી જ ઉત્પન્ન થાય છે. પ્રકૃતિનાં કાર્યો તથા માનવનાં કર્મો તથા - એ સર્વેનાં પરિણામો એની સંકલ્પશક્તિનાં જ હોય છે. એટલે, અર્જુને પોતાનાં સર્વે કર્મોને યજ્ઞરૂપે કરવાં પ્રાપ્ત થાય છે, કારણ કે એનાં કર્મોનું — ખરું જોતાં, સઘળાં કર્મોનું, — સત્ય એ યજ્ઞભાવનામાં રહેલું છે. કર્મોની કર્તા પ્રકૃતિ છે, અહં નથી; પણ પ્રકૃતિ પોતે જે એકમાત્ર પરમ સત્ છે તેની જ શક્તિ છે. એ પરમ સત્ પ્રકૃતિનાં સર્વ કર્મોનો અને શક્તિઓનો સ્વામી છે, તથા વૈશ્વિક યજ્ઞના યુગયુગાંતરોનો પણ એ જ પ્રભુ છે. અર્જુનનાં કાર્યો એ પરમ સત્નાં જ કાર્યો હોવાથી અર્જુને તેમને પોતાની અંદર અને જગતની અંદર રહેલા પ્રભુને અર્પણ કરવાં જોઈએ. કારણ કે, પ્રકૃતિની દિવ્ય અગમ્યતામાં પ્રભુ જ એ કાર્યોનો ખરો કર્તા છે. આત્મામાં દિવ્ય જન્મ પ્રાપ્ત કરવાની, શરીર અને અહંની મરણશીલતામાંથી આધ્યાત્મિક અને શાશ્વત બ્રહ્મમાં મુક્તિ પામવાની બેવડી શરત આ છે : સૌથી પ્રથમ કાલાતીત અને અક્ષર એવા પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન અને એ જ્ઞાન વડે કાલાતીત પ્રભુ સાથે યોગ; વળી આ વિશ્વરૂપી કોયડાની પાછળ જે કાંઈ જીવે છે તેનું, — સર્વભૂતોમાં રહેલા પ્રભુનું અને એમનાં કાર્યનું જ્ઞાન. આ પ્રમાણે એ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરીએ તો જ આપણી સમગ્ર સત્-તા અને પ્રકૃતિનું સમર્પણ કરીને એકમેવાદ્વિતીય જે કાળ અને દિશામાં આ સર્વવિશ્વરૂપ થયો છે તેની સાથે આપણે જીવંત અદ્વૈત યોગને પ્રાપ્ત કરવાની અભીપ્સા સેવી શકીશું. આત્માની સર્વાંગીણ મુક્તિના યોગની યોજનામાં ભક્તિને અહીં સ્થાન મળે છે. અવિનાશી આત્મા, અથવા તો, વિકારી પ્રકૃતિ બન્નેથી જે વસ્તુ વધારે મહાન છે તેને માટેની અભીપ્સા અને અહૈતુકી ભક્તિ તે એ છે. ત્યાર પછી સર્વ પ્રકારનું જ્ઞાન, ભક્તિ અને અભીપ્સારૂપ બની રહે છે, એટલું જ નહિ પરંતુ સર્વ કાર્યો પણ ભક્તિ અને અભીપ્સારૂપ બને છે. આપણી પ્રકૃતિનાં કાર્યો અને આત્માની મુક્તિ બન્ને એ ભક્તિમાં એકરૂપ બને છે અને એકમેવાદ્વિતીય પ્રભુ પ્રત્યે આત્માના ઊર્ધ્વારોહણની ક્રિયારૂપ થાય છે. આખરી મુક્તિ, નિમ્ન, માને અધોગામી પ્રકૃતિમાંથી દિવ્ય આધ્યાત્મિક પ્રકૃતિના મૂળમાં આરોહણ કરવાની ક્રિયામાં રહેલી છે, અને નહિ કે પોતાપણાનો નિર્વાણ કરવામાં. ફક્ત આપણું 'અહં'સ્વરૂપ નિર્વાણને પામે છે. એટલે કે એ મુક્તિમાં આપણું જ્ઞાન, સંકલ્પ અને પ્રેમનું સમગ્ર સ્વરૂપ કેવળ પ્રભુના વિશ્વરૂપની વાસ્તવિકતામાં નહિ, પરંતુ એના વિશ્વથી પર સ્વરૂપમાં — પરાત્પરમાં — ગતિ કરે

છે, એ મુક્તિ એક સાર્થકતા છે, — ઉચ્છેદ નથી, નિર્વાણ નથી.

અર્જુનના મનમાં આ જ્ઞાનનો સંસ્કાર સ્પષ્ટ કરવા માટે દિવ્ય ગુરુ બે બાકી રહી ગયેલી મુશ્કેલીઓનાં મૂળને દૂર કરીને શરૂઆત કરે છે તે આવશ્યક છે. એ મુશ્કેલીઓ એટલે બિનંગત નિર્વૈયક્તિક આત્મા અને માનવ-વ્યક્તિતા વચ્ચે, અને આત્મા અને પ્રકૃતિ એ બે વચ્ચે રહેલા વિરોધમાં રહેલી મુશ્કેલી છે. જ્યાં સુધી આ બે વિરોધો ચાલુ રહે છે ત્યાં સુધી પ્રકૃતિમાં અને માનવમાં રહેલો પ્રભુ અંધકારગ્રસ્ત, તર્કથી અપ્રમાણિત અને માનવામાં કદી ન આવી શકે એવું એક તત્ત્વ બની રહે છે. ત્યાં સુધી પ્રકૃતિને ગુણોના યાંત્રિક બંધન તરીકે અને આત્મા એટલે એ બંધનને વશ અહં-પ્રધાન સત્ત્વ તરીકે જ આપણે રજૂ કરવું પડે છે. પરંતુ એટલામાં જો એમનું સમગ્ર સત્ય સમાઈ જતું હોય તો તો એ વસ્તુઓ દિવ્ય નથી અને દિવ્ય બની શકે તેમ પણ નથી. પ્રકૃતિ અજ્ઞાન અને યાંત્રિક યાને જડ રહેશે એટલે તે પ્રભુની શક્તિ બની શકશે નહીં. કારણ કે પ્રભુની શક્તિ હોય તો પોતાનાં કાર્યોમાં તે મુક્ત હોવી જોઈએ, મૂળમાં આધ્યાત્મિક હોવી જોઈએ, એની મહત્તા પણ આધ્યાત્મિકતામાં હોવી જોઈએ. વળી મનોમય, પ્રાણમય અને સ્થૂળ કેવળ પ્રકૃતિમાં બંધાયેલો અને અહંકારને વશ એવો આત્મા પ્રભુનો અંશ હોઈ શકે નહિ, અને પોતે પણ એક દિવ્ય સત્ હોઈ શકે નહિ, એવું દિવ્ય સત્ તો પોતાની પ્રકૃતિથી જ પ્રભુની દિવ્ય પ્રકૃતિવાળું હોવું જોઈએ, — એટલે કે તે મુક્ત, આધ્યાત્મિક, આપોઆપ વિકાસ સાધનારું, સ્વયંભૂ, મન પ્રાણ અને શરીરથી ચડિયાતું હોવું જોઈએ. સત્યના એક જ્યોતિર્મય કિરણ વડે આ બન્ને મુશ્કેલીઓ અને એમને લઈને પ્રાપ્ત થતા અંધકારનો નાશ થાય છે. યાંત્રિક યાને જડ પ્રકૃતિ કેવળ નિમ્ન પ્રકારનું સત્ય છે, રૂપાન્મક અને નિમ્ન પ્રકારનું કાર્ય કરવા માટેનું તે એક સમીકરણ છે. પરંતુ વધારે ઉચ્ચ પ્રકારની, આધ્યાત્મિક, એવી પ્રકૃતિ પણ છે અને એ પ્રકૃતિ આપણી આધ્યાત્મિક વ્યક્તિતાની પ્રકૃતિ છે, આપણા સાચા વ્યક્તિત્વનો એ સ્વભાવ છે. પ્રભુ બિનંગત સત્-તા અને વ્યક્તિરૂપ સત્-તા બન્ને એકીવખતે છે. આપણા ચિત્તંત્રને એની નિર્વૈયક્તિકતાનો સાક્ષાત્કાર અનંત, કાલાતીત, સચ્ચિદાનંદરૂપે થાય છે; તથા પ્રત્યેક સત્-માં રહેલ સચેતન શક્તિ, જ્ઞાન અને સંકલ્પનું તથા અનંત પ્રકારના આત્મપ્રકાશના આનંદનું પ્રત્યેક સચેતન કેન્દ્ર આપણને પ્રભુની વ્યક્તિતાનો પરિચય આપે છે. આપણી ચેતનાના ક્રિયાશૂન્ય સત્ત્વમાં આપણે પણ તે દિવ્ય નિર્વૈયક્તિકતા છીએ, અને આપણામાંના પ્રત્યેકની આધ્યાત્મિક વ્યક્તિતા પ્રભુમાં રહેલી વિવિધતાની મૌલિક શક્તિનું પ્રગટ રૂપ છે. પરંતુ આ ભેદ પણ કેવળ આવિર્ભાવ પૂરતો જ છે. આપણે જેને દિવ્ય નિર્વૈયક્તિકતા કહીએ છીએ તે, જો આપણે એની પાછળ જઈશું તો જણાશે કે એક અનંત તત્ સ્વરૂપ પણ છે, તે એક પરમ આત્મા પણ છે, પુરુષોત્તમ છે. એ

જ મહાન 'અહં' છે જેને સોઽહમ્ — 'તે હું છું' એમ કહેવામાં આવે છે. એની અંદરથી જ સર્વ પ્રકારની વ્યકિતતા અને પ્રકૃતિ પ્રગટ થાય છે, અને અહીં વિવિધરૂપે બિનંગત જણાતા આ જગતમાં લીલા કરે છે. આ સર્વ જે કાંઈ છે તે બ્રહ્મ છે — सर्वं खलु इदं ब्रह्म —એમ ઉપનિષદ કહે છે, કારણ કે પોતાની જાતને એક પછી એક ક્રમવાર આવતી એવી — જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય ચેતનાની સર્વે અવસ્થાઓમાં એ બ્રહ્મ પોતે જુએ છે. ગીતા કહે છે કે "વાસુદેવ સર્વ છે." — એ વાસુદેવ તે જ બ્રહ્મ છે જે પોતાની દિવ્ય આધ્યાત્મિક પ્રકૃતિમાંથી આ સમસ્ત વિશ્વને સચેતન રીતે ઉત્પન્ન કરે છે અને ટકાવી રાખે છે, એ વાસુદેવ જ અહીં મન, બુદ્ધિ, પ્રાણ અને ઇંન્દ્રિયો તથા વસ્તુનિષ્ઠ સ્થૂલ વિશ્વની દૃશ્ય વાસ્તવિકતા રૂપે પોતે જ્ઞાનપૂર્વક પ્રગટ થાય છે. સનાતન બ્રહ્મની આધ્યાત્મિક પ્રકૃતિમાં, તેની સનાતન અનેકતામાં એ વાસુદેવ જ જીવરૂપ બને છે. એ જીવપણું તે એની પોતાની સચેતન શકિતનાં અનેક કેન્દ્રોમાંથી એનું પોતાનું આત્મદર્શન છે. ઈશ્વર, પ્રકૃતિ અને જીવ એ ત્રણ તત્ત્વોનું જીવન બનેલું છે: અને એ ત્રણે એક જ સત્-તા છે.

આ એક સત્ પોતાની જાતને વિશ્વમાં કેવી રીતે પ્રગટ કરે છે? સૌથી પ્રથમ, અક્ષર, અવ્યય, કાલાતીત આત્મા તરીકે તે સર્વવ્યાપી અને "સર્વભૂત્" — સર્વને ટેકો આપનાર — રૂપે. એની પોતાની કાલાતીત અવસ્થામાં એ સત્-તા રૂપે પ્રતિષ્ઠિત છે. ત્યાર પછી એ અવ્યય સત્-તામાં તે પોતાની મૌલિક શકિત યાને પોતાનો સ્વ-ભાવ ધારણ કરે છે. સ્વ-ભાવ એટલે 'સ્વ'નો આવિર્ભાવ કરવાનું આધ્યાત્મિક તત્ત્વ. એ સ્વભાવનો આશ્રય લઈને આધ્યાત્મિક આત્મદર્શન વડે પોતાની જ સત્-તામાં જે કાંઈ ગુપ્ત યાને સમાવિષ્ટ થયેલું પડેલું છે તેનું તે નિર્માણ કરે છે, તેને પ્રગટ કરે છે, અને પોતાની મુકિતમાં સ્થિત રહીને સર્વનું સર્જન કરે છે. એ આત્માના ભાવની, એટલે કે આવિર્ભાવની, શકિત આત્માની સત્-તામાં જે કાંઈ એ પ્રમાણે નિર્માણ થયેલું હોય છે તેને વિશ્વરૂપી કર્મમાં પ્રગટાવે છે. સઘળી સૃષ્ટિ તે એ પ્રમાણેનું તેનું "કર્મ" છે, એના સ્વ-ભાવનું કાર્ય છે. પરંતુ અહીં આ પાર્થિવ સૃષ્ટિમાં એ સ્વ-ભાવનો વિકાસ બુદ્ધિ, મન, પ્રાણ, ઇંન્દ્રિયો અને સ્થૂલ પદાર્થની દૃશ્ય વાસ્તવિકતાની બનેલી ક્ષર પ્રકૃતિરૂપે થાય છે. એ ક્ષર પ્રકૃતિ સચ્ચિદાનંદની કેવળ જ્યોતિથી પ્રત્યક્ષ રૂપે છૂટી પડી ગયેલી અને અજ્ઞાનથી મર્યાદિત થયેલી છે. ત્યાં અજ્ઞાનમાં થતું એનું સઘળું કાર્ય પ્રકૃતિમાં રહેલા આ આત્માના, પ્રકૃતિની અંદર ગુપ્ત રહેલા પરમાત્માને યજ્ઞરૂપ છે. અને તેથી પરમાત્મા એ યજ્ઞના અધિષ્ઠાતા દેવ તરીકે સર્વમાં વસે છે. એની સન્નિધિ અને શકિત એ યજ્ઞવિધિનું શાસન કરે છે. તથા એનું પોતાનું આત્મજ્ઞાન અને સ્વયંભૂ આનંદ એ યજ્ઞનો પોતે ઇષ્ટ રૂપે રહીને સ્વીકાર કરે છે. આ પ્રમાણે જાણવું એ વિશ્વનું

સાચું જ્ઞાન છે, તથા અજ્ઞાનના કારાવાસમાંથી છટકવાનું દ્વાર છે એમ સમજવું. કારણ કે જ્યારે આ જ્ઞાનને માનવ સક્રિય બનાવી શકે છે, — પોતાનાં સર્વ કર્મો અને પોતાની સઘળી ચેતના સર્વમાં રહેલા વાસુદેવને સમર્પણ કરવાથી એ જ્ઞાન અસરકારક બને છે, ત્યારે માનવ પોતાની આધ્યાત્મિક સત્-તા પ્રત્યે, પોતાના અસલ આધ્યાત્મિક મૂળ પ્રત્યે પાછો ફરે છે અને તેને પ્રાપ્ત કરે છે તથા એના દ્વારા વિશ્વાતીત પ્રભુને — જે આ ક્ષર પ્રકૃતિથી પર, શાશ્વત અને જ્યોતિર્મય છે તેને, — એટલે કે પરાત્પર પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે.

ઉપર જણાવ્યું તે જીવનનું સત્ય ગીતા આપણા અંતરના જીવનને અને બાહ્ય કર્મોને હવે લાગુ કરી બતાવે છે જેથી કરીને એનાં સઘળાં વિશાળ પરિણામો ઉપજાવી શકાય. ગીતા હવે જે વસ્તુ કહેનાર છે તે 'સર્વથી ગુહ્ય' બાબત છે. એમાં ઈશ્વરના સમગ્ર જ્ઞાનનો સમાવેશ થાય છે — સમગ્રં મામ્. શ્રીકૃષ્ણ અર્જુનને પ્રભુની અસલ સત્-તાનું જ્ઞાન અને આવિર્ભાવનાં એનાં સર્વે તત્ત્વોનું સમગ્ર જ્ઞાન, એટલે કે વિજ્ઞાન, એ બેને જાણ્યા પછી કાંઈ જ જાણવાનું બાકી રહેતું નથી, એવું જ્ઞાન આપવાનું વચન આપ્યું હતું. માનવના મનને ભ્રમમાં નાખનાર, અને પ્રભુ દ્વારા નિયત કર્મથી એના સંકલ્પને પરાઙ્મુખ કરનાર અજ્ઞાનની સમગ્ર ગ્રંથિ એ જ્ઞાન વડે સંપૂર્ણપણે છેદાઈ જશે. આ વિદ્યા સર્વ વિદ્યાની શિરોમણિ વિદ્યા છે, રહસ્યોનું પણ રહસ્ય છે, — રાજવિદ્યા છે, રાજગુહ્ય છે. એ વિશુદ્ધ અને પરમ પ્રકાશ છે જેને વિષે પ્રત્યક્ષ, સીધેસીધો આધ્યાત્મિક અનુભવ મેળવીને ખાતરી કરી શકાય છે; અને પોતાના અંતરમાં પણ એ સત્યને જોઈ શકાય છે. એ જ્ઞાન સાચું જ્ઞાન છે, આવશ્યક જ્ઞાન છે, આપણા જીવનનો ધર્મ છે. એને એક વાર પ્રાપ્ત કર્યા પછી, એને બરાબર સમજી લીધા પછી, અને સાચી નિષ્ઠાપૂર્વક જીવનને એ સત્યમાં ઢાળવાનો પ્રયત્ન કરવાથી એનો અભ્યાસ સહેલાઈથી થઈ શકે છે.

પરંતુ એને માટે શ્રદ્ધા હોવી આવશ્યક છે. જો શ્રદ્ધાનો અભાવ હોય અને માણસ પોતાની આલોચના કરનારી બુદ્ધિ ઉપર વિશ્વાસ મૂકે તો આ મહાન પ્રકારના જ્ઞાનને જીવનમાં પ્રત્યક્ષ કરવું સંભવિત નથી. એ પ્રકારની સમાલોચક બુદ્ધિ બાહ્ય ઘટનાઓ ઉપર જ આધાર રાખે છે અને ક્રાંત દૃષ્ટિ વડે મળેલા જ્ઞાન વિષે અસૂયાભર્યા પ્રશ્નો ઉપસ્થિત કરે છે. કારણ કે, બાહ્ય પ્રકૃતિમાં જે ભેદો અને અપૂર્ણતાઓ રહેલી છે તેમની સાથે એ જ્ઞાન બંધબેસતું હોતું નથી, એટલું જ નહિ પરંતુ એ સ્થૂલના જ્ઞાનથી તે પેલે પાર જાય છે, — સામાન્ય જ્ઞાનની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે, અને અત્યારના જીવનની પ્રાથમિક, વ્યવહારુ ઘટનાઓથી— એનાં દુઃખ, શોક, ખામીઓ, અદિવ્ય ભૂલો, અશુભો વગેરેથી — આપણને પેલી પાર લઈ જાય છે. જે આત્મા બુદ્ધિ કરતાં વધારે ઉચ્ચ સત્યમાં અને નિયમમાં શ્રદ્ધા મૂકવામાં નિષ્ફળ જાય છે, તેણે મૃત્યુ, સ્ખલન અને અશુભને

વશ એવા સામાન્ય મર્ત્ય જીવનના સાધારણ માર્ગ પર પાછા પહોંચી જવું જોઈએ. જે પ્રભુતાનો એ પોતે ઇન્કાર જ કરે છે તેની અંદર એ પોતે વિકાસ પામી શકે જ નહીં. કારણ કે આ જે આધ્યાત્મિક સત્ય છે તે તો જીવનમાં ઉતારવાનું છે, — મનના અંધકારમાં રહીને એના વિષે દલીલો કરવાની નથી, પરંતુ આત્માની વૃદ્ધિ પામતી જ્યોતિમાં એને જીવીને જાણવાનું છે, વ્યક્તિએ એની અંદર વિકાસ પામવાનો છે, પોતે એ દિવ્યતા રૂપ બનવાનું છે. એ જ એને પરખી જોવાનો ઉપાય છે. પોતાના અધોમુખ સ્વરૂપથી પર થાય તો જ માણસ પોતાના સાચા દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરી શકે, અને પોતાના આધ્યાત્મિક જીવનની સાચી વાસ્તવિકતામાં જીવી શકે. એ દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિના વિરોધમાં જે દેખીતાં સત્યો માણસ રજૂ કરી શકે છે તે બધાં નિમ્ન પ્રકૃતિનાં દૃશ્ય સ્વરૂપનાં સત્યો છે. અશુભમાંથી અને અધોમુખ પ્રકૃતિની ખામીઓમાંથી માનવ ત્યારે જ મુકત થઈ શકે જ્યારે તે વધારે ઊર્ધ્વ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવું શકય છે એમ સ્વીકારે. એ પ્રકારના ઉચ્ચ જ્ઞાનમાં સઘળાં દૃશ્ય સ્વરૂપનાં અશુભો આખરે અવાસ્તવિક બની જાય, અને આપણા પોતાના અજ્ઞાનરૂપી અંધકારની જ એ બધી સૃષ્ટિ છે એવી પ્રતીતિ થાય ત્યારે જ એ મુકિત મળે. પરંતુ એ પ્રમાણે દિવ્ય પ્રકૃતિની મુકિતમાં વિકાસ પામવા માટે આપણી અત્યારની મર્યાદિત પ્રકૃતિમાં પણ જે પ્રભુ ગુપ્ત રહેલો છે તેનો આપણે સ્વીકાર કરવો જોઈએ, તથા તેમાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ. આ યોગનો અભ્યાસ શકય અને સહેલો બને છે તેનું કારણ એ છે કે એ અભ્યાસ કરતાં આપણે પ્રકૃતિમાં જેવા છીએ તેવા આપણા સ્વરૂપના સમગ્ર કાર્યને આપણા અંતરમાં રહેલા દિવ્ય પુરુષના હાથમાં સોંપીએ છીએ. એ પ્રભુ ધીમેધીમે, પગલેપગલે સરળતાથી અને અમોઘ રીતે આપણી અંદર રહેલા પ્રભુના દિવ્ય જન્મની ઘટના ઘડે છે, અને આપણી સમગ્ર સત્ તાને પોતાની અંદર લઈને અને એમાં પોતાનું દિવ્ય જ્ઞાન અને દિવ્ય શકિતના પ્રવાહોને રેડીને — **જ્ઞાનદીપેન ભાસ્વતા** (૧૦.૧૧) — તે એ કાર્ય સાધે છે. પ્રભુ આપણી તમોગ્રસ્ત અજ્ઞાન પ્રકૃતિને પોતાના હાથમાં લે છે અને એની પોતાની જ્યોતિ અને વિશાળતામાં તેનું રૂપાંતર કરે છે. સંપૂર્ણ શ્રદ્ધા સહિત અને અહંકાર રહિત થઈને આપણે જે વસ્તુમાં માનતા હોઈએ, તથા પ્રભુની પ્રેરણાથી જેવા થવાનો આપણો સંકલ્પ હોય તે વસ્તુ આપણી અંદર રહેલ પ્રભુ જરૂર પ્રાપ્ત કરશે. પરંતુ આપણે જે અહંપ્રધાન મન અને પ્રાણ અત્યારે અને બહારના દેખાવમાં છીએ તે આપણી અંદર રહેલ ગુપ્ત પ્રભુને પ્રથમ સમર્પણ કરી દેવું જોઈએ.

પ્રકરણ પાંચમું

દિવ્ય સત્ય અને તેનો માર્ગ

હવે પછી ગીતા એ પરમ અને સમગ્ર રહસ્યને પ્રગટ કરવાનો આરંભ કરે છે. પૂર્ણતા અને મુક્તિના સાધકે જે એક વિચાર-તત્ત્વમાં, જે એક સત્યમાં પોતાનું જીવન ધારણ કરતાં શીખવું જોઈએ તે એ રહસ્ય છે. માનવનાં આધ્યાત્મિક કરણો અને તેમની ક્રિયાની પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત કરવી તેનો એકમાત્ર નિયમ પણ એ રહસ્યમાં સમાયેલો છે. એ પરમ રહસ્ય પરાત્પર પરમાત્માની અગમ્યતામાં રહેલું છે. એ સર્વરૂપ છે, અને સર્વત્ર છે. અને છતાં, આ સમગ્ર વિશ્વથી અને એનાં સર્વ રૂપોથી તે એટલો તો જુદો અને એટલો તો મહાન છે કે આ વિશ્વમાં જે સઘળું છે તેમાંની કોઈ વસ્તુ એને ધારણ કરી શકતી નથી, કશું એને વસ્તુતઃ પ્રગટ કરતું નથી, અને દૃશ્ય જગતનાં કાલ અને દિશામાંથી અને તેમના પરસ્પર સંબંધમાંથી ઉછીની લીધેલી કોઈ પણ વાચા એ અચિન્ત્ય સત્-તામાં રહેલા સત્યનું સૂચન કરી શકતી નથી. એટલે આપણી સમગ્ર પ્રકૃતિ વડે એનો સાક્ષર્ય ભક્તિ કરવી તથા જે પરમ એનું દિવ્ય મૂળ અને દિવ્ય ભર્તા છે તેને સંપૂર્ણ આત્મસમર્પણ કરી દેવું એ આપણી પૂર્ણતા પ્રાપ્ત કરવાનો નિયમ છે. જગતની અંદરના આપણા સમગ્ર જીવનની સર્વ શક્તિઓને — નહિ કે તેમાંની એક કે બે વસ્તુઓને, આ કે તે ચીજને — શાશ્વત પ્રત્યેની અનન્ય ગતિમાં ફેરવી નાખવી એ જ આપણો આખરી અને એકમાત્ર માર્ગ છે. એક પ્રકારની પ્રભુના પોતાના યોગની શક્તિ અને માયા વડે આપણે એની અનિર્વચનીય ગહનતામાંથી આ રૂપાત્મક જગતની મર્યાદિત પ્રકૃતિમાં આવ્યા છીએ. એ જ યોગની ગતિને ઊલટાવી નાખવાથી આપણે આ મર્યાદિત રૂપાત્મક, સત્-તાની પ્રકૃતિની મર્યાદાઓ વટાવી જઈ શકીશું. તથા એક વધારે મહાન ચેતનામાં ઉત્થાન કરીને તેને પ્રાપ્ત કરી શકીશું જેથી કરીને આપણે પરમાત્મામાં અને શાશ્વતમાં જીવન ધારણ કરવાને શક્તિમાન થઈશું.

પરમાત્માનું પોતાનું પરમ સત્ આવિર્ભાવથી પર રહેલું છે. એનું સાચું સનાતન સ્વરૂપ જડ પદાર્થતત્ત્વમાં પ્રગટ થતું નથી, કે પ્રાણ તેને પોતાનામાં પકડી લઈ શકતો નથી, યા તો મન તેને ગ્રહણ કરી શકતું નથી. એ અચિન્ત્ય રૂપ છે, અવ્યક્તમૂર્તિ છે. આપણે જે વસ્તુઓ જોઈએ છીએ તે એણે ધારણ કરેલું રૂપ છે, પ્રભુનું અસલ શાશ્વત રૂપ, એટલે કે એનું "સ્વ"-રૂપ નથી. આ વિશ્વથી

જુદો એવો કોઈ, કે એવું કાંઈ છે જે અવ્યકત છે, અકલ્પ્ય છે, કોઈ અનિર્વચનીય, અનંત દેવાધિદેવ છે. આપણા વિશાળમાં વિશાળ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ એવા અનંત વિષેના વિચારો એનું જે પ્રતિબિંબ, એની જે શ્યામ છાયા આપણને આપે છે એનાથી એ પોતે ક્યાં યે પરાત્પર બિરાજે છે. વસ્તુઓનો આ જે અનંત પટ જેને આપણે "વિશ્વ" એવું નામ આપીએ છીએ, અનંત ગતિઓનો આ પ્રચંડ સમુચ્ચય જેની મર્યાદા આપણે આંકી શકતા નથી, જેનાં રૂપોમાં અને ગતિઓમાં આપણે કોઈ સ્થિર સ્થિતિ, સ્થાયી વાસ્તવિકતા, કે વિશ્વના ઉચ્ચાલનનું કોઈ બિંદુ અને ભૂમિકા જોવા માટે નિરર્થક પ્રયત્ન કરી રહ્યા છીએ તે સમસ્ત પટ સૌથી ઊર્ધ્વમાં રહેલા અનંત પરાત્પરે પોતાની અંદર વહેલો છે, સાકાર કરેલો છે, વિસ્તારેલો છે અને પોતાની અનિર્વચનીય, વિશ્વાતીત અગમ્યતા ઉપર એનો પાયો રચેલો છે. આ સમગ્ર આવિર્ભાવ પરમ શાશ્વતના એક એવા પ્રકારના આત્મનિર્માણ ઉપર રચાયેલો છે જે આત્મનિર્માણ પોતે પણ અવ્યકત અને અચિન્ત્ય છે. આ વિશ્વમાં આવિર્ભાવનો જે સતત વિકારી અને ગતિમાન એવો સમુચ્ચય છે, આ બધાં પ્રાણીઓ, સત્-તાઓ, પદાર્થો, જીવતાં અને શ્વાસ લેતાં સ્વરૂપો છે, એ બધાં સામટાં મળીને, કે છૂટાં છૂટાં એ પરમ પરાત્પરને પોતાની અંદર સમાવી શકે તેમ નથી. એ પરમ શાશ્વત પોતે એમનાંમાં નથી; એમની અંદર કે એમનાં બધાનાં વડે એ શાશ્વત જીવતો નથી, ગતિ કરતો નથી કે અસ્તિત્વ ધારણ કરતો નથી. ઈશ્વર એટલે આવિર્ભાવ માત્ર નથી, — ભવરૂપ થયેલ વસ્તુ કેવળ નથી. આ આવિર્ભાવ પામેલી સઘળી વસ્તુઓ એનામાં — ઈશ્વરમાં — રહેલી છે, એ બધી વસ્તુઓ ઈશ્વરમાં ગતિ કરી રહેલી છે અને તેનામાંથી પોતાની વાસ્તવિકતાને યાને સત્યને પ્રાપ્ત કરે છે. એ બધાં પરાત્પર પરમાત્માનાં, શાશ્વત પરમના આવિર્ભાવો છે; એ બધાંની પાછળ રહેલી, — એ બધાંને ટકાવી રહેલી સત્-તા પરમાત્મા છે. **मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थित:** । અચિન્ત્ય કાલ અને દિશાથી પર એવી પોતાની સત્-તાની અનંતતામાં પરમાત્માએ આ અસીમ વિશ્વની એક નાની સરખી ઘટના અનંત દિશામાં અને કાલમાં સર્જી છે.

અને "સઘળું વિશ્વ એ પરાત્પર શાશ્વત પરમાત્માની અંદર સમાયેલું છે, યા તો પોતાની સત્-તાને ધારણ કરી રહેલું છે" એમ કહેવું એ પણ સંપૂર્ણ સત્ય નથી, — એ બન્ને વચ્ચેના સાચા અને સંપૂર્ણ સંબંધનું નિરૂપણ નથી. કારણ કે, સઘળું તેનામાં આવી રહેલું છે એમ કહેવામાં તે પરાત્પરની અંદર દિશાનું આરોપણ થાય છે. પરંતુ એ પરાત્પર તો સ્થળથી — દિશાથી પર છે, કાળથી પણ પર છે. દિશા, કાળ, વ્યાપકતા, સન્નિધિ અને પરાત્પરતા એ બધાં તત્ત્વો એની ચેતનાનાં સ્વરૂપો છે, મૂર્તિઓ છે. પરમાત્માની દિવ્ય શકિતનો એ યોગ છે — **मे योग ऐश्वर** — જેનો આશ્રય લઈને એ પરમ પરાત્પર પોતાની દૃશ્ય

વાસ્તવિકતા સર્જે છે. એ દૃશ્ય વાસ્તવિકતાનું સર્જન એની પોતાની વિસ્તારેલી અનંતતાનું જ આધ્યાત્મિક સર્જન છે, એ કોઈ ભૌતિક સર્જન નથી. ભૌતિક જગત તો એના એ આધ્યાત્મિક આત્મવિસ્તારનું કેવળ એક મૂર્ત-સ્વરૂપ છે, વિગ્રહ છે, મૂર્તિ છે. એ પરાત્પર, શાશ્વત પરમાત્મા સર્જન સાથે પોતાની જાતનું તાદાત્મ્ય અનુભવે છે તથા એની અંદર જે કાંઈ આવી રહેલું છે તેની સાથે પણ એકતા કરે છે. એ અનંત આત્મદર્શનમાં તે — અને એ પણ એનું સંપૂર્ણ દર્શન તો નથી — અહીં આ વિશ્વમાં જે કાંઈ છે તે સર્વની સાથે અદ્વૈતમાં છે છતાં એનાથી પર પણ રહેલો છે. સર્વત્ર પ્રભુનું દર્શન કરવું, વિશ્વને અને પ્રભુને એક ગણવાં, એ તો એક અતિ મર્યાદિત દૃષ્ટિબિંદુ છે. એ પરાત્પર આધ્યાત્મિક સત્-તાની વિસ્તાર પામેલી અનંતતા જે આ વિશ્વને પોતાનામાં સમાવે છે, અને સમાવીને તેનાથી પોતે કયાં યે વધારે મહાન રહે છે, તે અનંતતા કરતાં પણ એ પરાત્પર શાશ્વત જુદો છે. સમગ્ર સૃષ્ટિની ચેતનાવાળા અનંતમાં સઘળું આવી રહેલું છે, પરંતુ એ અનંતને પણ શાશ્વત પરમની વિશ્વાતીત વાસ્તવિકતા પોતાના સંકલ્પ તરીકે ટકાવી રહેલ છે. એ શાશ્વત, એ પરાત્પર આપણાં 'જગત', 'સત્', 'ચેતના' વગેરેના ખ્યાલોથી તો કેટલો યે પર રહેલો છે, કેટલો યે ઊર્ધ્વમાં છે! એની સત્-તાની આ એક અગમ્યતા છે કે એ પરાત્પર વિશ્વથી અતીત છે તે છતાં એક પ્રકારની અતડી વસ્તુ તરીકે તે વિશ્વથી જુદો નથી. કારણ કે સર્વમાં તે પોતે પ્રત્યેક વસ્તુના આત્મા તરીકે રહેલો છે. પ્રભુની નિજ સત્-તાની જ્યોતિર્મય, પ્રત્યક્ષ સન્નિધિ — मम आत्मा — છે, જે આ વિશ્વરૂપી આવિર્ભાવની સાથે સંબંધમાં છે, અને કેવળ પોતાની સન્નિધિ વડે આ સર્વ ભૂતોને તે અસ્તિત્વમાં લાવે છે, — भूतभृत् न च भूतस्थो ममात्मा भूतभावनः । આમ હોવાથી સત્ અને ભવત્-સત્ પોતે એટલે 'આત્મા' અને એ સત્ના ઉપર આધાર રાખનાર 'ભૂતો' — એટલે કે 'ભૂતાનિ' — અવિકારી સત્ અને વિકારી સત્-તા વગેરે પરિભાષા આપણે વાપરવી પડે છે. આ બે પરસ્પર સંકળાયેલા સંબંધો તથા તેમની વચ્ચેના વિરોધોનું સમાધાન એ બન્નેથી — સત્ અને ભવત્થી — પર હોય એવા કોઈ તત્ત્વમાં આપણે શોધવાનું છે. એ પરમ તત્ત્વ તે પરાત્પર પુરુષોત્તમ છે. એ પુરુષોત્તમ સર્વને પોતાનામાં સમાવનાર બ્રહ્મનો તથા એમાં સમાયેલા દૃશ્ય જગતનો પોતાની યોગમાયાની શક્તિ વડે પોતાની અંદર આવિર્ભાવ કરે છે. એ પુરુષોત્તમની સાથે આપણી આધ્યાત્મિક ચેતનામાં અદ્વૈત પ્રાપ્ત કરવાથી જ આપણે એની સાથેના સાચા સંબંધને પામી શકીએ છીએ.

ગીતાના જે શ્લોકો અહીં આપેલા છે તેનો તાત્ત્વિક દૃષ્ટિએ ઉપર જણાવ્યો તે ઉદ્દેશ છે. પણ એમનો આધાર બુદ્ધિનાં અનુમાનો કે વિચારો ઉપર નહિ પરંતુ આધ્યાત્મિક અનુભૂતિના ઉપર રહેલો છે. એવા અનુભવમાં એ બધાં તત્ત્વો

સમન્વયને પામે છે, કારણ કે આધ્યાત્મિક ચેતનાનાં સત્યોમાંથી એ બધાં ઉદ્‌ભવતાં હોય છે. આ વિશ્વમાં, વ્યક્ત કે અવ્યક્ત, પ્રગટ કે ગુપ્ત રીતે જે કોઈ વૈશ્વિક, કે પછી, પરમ સત્-તા રહેલી છે તેની સાથે સચેતન સંબંધ સ્થાપન કરવાનો જ્યારે આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઘણા પ્રકારની અનુભૂતિઓ આપણને થાય છે. અને એ અનુભૂતિઓની એક કે બીજી બાજુ, એક કે બીજો પ્રકાર, માનવની બુદ્ધિના જુદાજુદા વિચારોને લઈને અસ્તિત્વના મૌલિક તત્ત્વ રૂપે સ્વીકારાતા જણાય છે. સૌથી પ્રથમ, ઈશ્વરનો જે સાક્ષાત્કાર આપણને થાય છે તેમાં ઈશ્વર જાણે કે, આપણા કરતાં કોઈ જુદી જ વસ્તુ છે, ઘણી મહાન વસ્તુ કે તત્ત્વ છે એમ આપણને લાગે છે. વળી, આપણે જે વિશ્વમાં રહીએ છીએ તેના કરતાં તો એ પરમાત્મા ઘણો જ જુદો અને અત્યંત મહાન ભાસે છે. અને જ્યાં સુધી આપણે આપણા રૂપાત્મક સ્વરૂપમાં, બહિર્મુખ સ્વરૂપમાં રહીએ છીએ તથા જગતના પણ રૂપાત્મક સ્વરૂપને જ જોઈએ છીએ, ત્યાં સુધી આપણે માટે પ્રભુ એવો અને એટલો જ રહે છે. કારણ કે પરમ શાશ્વતનું ઊંચામાં ઊંચું સત્ય વિશ્વથી પર છે, અને જે કાંઈ રૂપાત્મક છે તે સઘળું આત્માની સચેતન અનંતતા કરતાં કોઈ જુદી જ વસ્તુ છે એમ આપણને લાગે છે. એ રૂપાત્મક જગત કેવળ માયા અને મિથ્યા નહિ તોપણ એક પ્રકારનું ઊતરતા મૂલ્યવાળું સત્ય છે એમ આપણને લાગે છે. જ્યાં સુધી પરમ શાશ્વત સત્ય અને રૂપાત્મક વિશ્વ એ બે વચ્ચેના ભેદભાવમાં જ આપણે જીવીએ છીએ ત્યાં સુધી આપણને પરમાત્મા વિશ્વથી જુદો જ લાગ્યા કરે છે. અને પરમાત્મા એ પ્રમાણે વિશ્વથી જુદો છે પણ ખરો, પણ તે એ અર્થમાં કે એ પોતે ખરેખર વિશ્વાતીત હોવાથી આ બ્રહ્માંડોમાં અને અન્ય સર્જનોમાં સમાઈ જતો નથી. પણ તેથી એ બધાં પરમાત્માની બહાર આવી રહેલાં છે એવો અર્થ કરવાનો નથી. કારણ કે જે એક શાશ્વત પરમ સત્ય છે તેનાથી બહાર હોય એવું કાંઈ છે જ નહીં. જ્યારે આપણે પ્રભુની અંદર જ જીવીએ છીએ, ગતિ કરીએ છીએ અને જીવન ધારણ કરીએ છીએ, તથા એનાથી આપણે ગમે તેટલા જુદા હોઈએ તોપણ આપણા જીવનનો આધાર પ્રભુ જ છે એમ અનુભવીએ તથા આ વિશ્વ પોતે પણ એ પરમ શાશ્વતની જ રૂપાત્મક સત્-તા અને ક્રિયા છે એવી અનુભૂતિ આપણને થાય, ત્યારે પરમાત્માના સ્વરૂપનું પહેલું સત્ય આપણે સમજ્યા એમ ગણાય.

પણ વળી પાછી એક વધારે આગળની અને અનિર્વચનીય અનુભૂતિ આપણને થાય છે, જેમાં આપણી અને પ્રભુની સત્-તા એક બની રહે છે, ત્યારે આપણે સર્વમાં નિવાસ કરતા એક આત્માને જોઈએ છીએ, તથા સર્વમાં રહેલા એ એકની ચેતનાનો આપણને અનુભવ અને દર્શન થાય છે. એ એકમેવ દિવ્ય આત્માથી આપણે સંપૂર્ણપણે જુદાં છીએ એવું આપણે કહી કે વિચારી પણ શકતા

નથી. પરંતુ આપણે જાણીએ છીએ કે એ એક દિવ્ય આત્મા હયાતીમાં છે અને એ સ્વયંભૂ આત્માની રૂપાત્મક સત્-તા પણ રહેલી છે. અલબત્ત, સર્વમાં નિવાસ કરી રહેલા આત્મા જોડેની એકતાની એ અનુભૂતિની એકતરફી, અન્ય વ્યાવર્તક એવી, સધનતા આપણે અનુભવીશું તો પરમાત્માની રૂપાત્મક સત્-તાને સ્વપ્ન જેવી તથા અવાસ્તવિક પણ ગણી શકીએ છીએ. પણ એ અનુભૂતિની બેવડી સધનતા જો આપણે પ્રાપ્ત કરી શકીએ તો આપણને બેવડો સાક્ષાત્કાર પણ મળી શકે : સર્વમાં એ નિવાસ કરી રહેલા આત્માની સાથે સ્વયંભૂ એવા અદ્વૈતનો અને એ જ આત્માની સત્-તામાંથી ઉદ્‌ભવેલા, એના એક સ્થાયી અંશ રૂપે, એક સતત જાગ્રત સ્વરૂપ તરીકે એની સાથે અનેક પ્રકારના સંબંધોમાં પણ આપણી જાતને અનુભવી શકીશું. આ વિશ્વ અને એની અંદરનું આપણું પોતાનું જીવન આપણે માટે પ્રભુની સચેતન સત્-તાનું એક સતત જાગ્રત અને વાસ્તવિક સ્વરૂપ બની રહે છે. આવિર્ભાવ રૂપી એનાં ગૌણ વાસ્તવિકતામાં પરમાત્માની બીજી અચેતન અને સચેતન શક્તિઓ જોડે આપણા વિવિધ સંબંધો ઉપસ્થિત થાય છે, અને આ વિશ્વની પ્રકૃતિની પાછળ રહેલા વૈશ્વિક આત્મા સાથે પણ આપણો વ્યવહાર સ્થાપન થાય છે. એ સંબંધો શાશ્વત પરમના વિશ્વાતીત, સત્યથી જુદા પ્રકારના હોય છે, એ સંબંધો આત્માની ચિત્-શક્તિની વિશિષ્ટ શક્તિમાંથી ગૌણ સર્જન રૂપે ઉત્પન્ન થાય છે, તથા એ સંબંધો જુદા છે તથા સર્જનરૂપ છે તેથી વિશ્વાતીત શાશ્વત કેવળના ઉપાસકો, એકમાર્ગી ઉપાસકો, એ સંબંધોને સંપૂર્ણપણે કે અંશતઃ, અવાસ્તવિક ગણે છે. અને છતાં એ વસ્તુ સત્ય છે કે એ બધા સંબંધો એ શાશ્વત પરમમાંથી જ આવેલા છે, એની સત્-તામાંથી ઊતરી આવેલાં જીવંત સ્વરૂપો છે, — અસત્ માંથી, અભાવમાંથી સર્જાયેલાં મિથ્યા રૂપો નથી. કારણ કે આત્મા સર્વત્ર જુએ છે તે સદા પોતાને, તથા પોતાનાં સ્વરૂપોને જુએ છે, નહિ કે પોતાનાથી કોઈ જુદી, નિરાળી વસ્તુને. વળી આપણે એમ પણ નહિ કહી શકીએ કે એ રૂપાત્મક જગતના સંબંધોને મળતું આવે, એમની સાથે બંધબેસતું હોય, એવું એ વિશ્વાતીત, શાશ્વત પરમમાં કાંઈ છે જ નહિ. ઉપરાંત, એ વિશ્વ-સંબંધો અસલ મૂળમાંથી ઊતરી આવેલી ચેતનામાંથી ઉદ્‌ભવેલા છે છતાં એ આદિ મૂળમાં એ સંબંધોને ટેકો આપતું હોય, એમને સકારણ ઠરાવે, એવું કાંઈ જ નથી એમ આપણે કહી શકીશું નહીં. એટલે કે, આવિર્ભાવ પામેલાં એનાં પોતાનાં એ સ્વરૂપોની કોઈ સનાતન વાસ્તવિકતા અને અનિર્વચનીય કોઈ તત્ત્વ એ અસલ શાશ્વત પરમમાં છે જ નહિ એમ આપણે નહિ કહી શકીએ.

વળી, આત્મા અને તેનાં સ્વરૂપો વચ્ચેનો ભેદ જો આપણે બીજી રીતે તીવ્ર સ્વરૂપમાં જોઈશું તો સર્વમાં વ્યાપીને રહેલ તથા સર્વનો પોતાની અંદર સમાવેશ કરનાર એક વસ્તુ તરીકે આત્મા જણાશે, અને એ સર્વવ્યાપી આત્મા વાસ્તવિક

છે એમ આપણે સ્વીકારીશું. અને છતાં, એ આત્માનાં સ્વરૂપો, એની જ સન્નિધિને ધારણ કરનારાં બીબાંઓ અને આકારો એ આત્મતત્ત્વથી કોઈ જુદી જ વસ્તુ છે, કોઈ જાદુઈ ચીજ છે એમ લાગે એટલું જ નહિ, પરંતુ આત્મતત્ત્વની અવાસ્તવિક મૂર્તિઓ તરીકે પણ દેખાય એ શકય છે. આત્માના આ સાક્ષાત્કારમાં અક્ષર એવા બ્રહ્મને તથા પોતાના દર્શનમાં આ વિશ્વનાં સઘળાં ક્ષર સ્વરૂપોની શકયતાઓને તે સદા ધારણ કરે છે એમ પણ આપણે અનુભવીએ. વળી, એ અનુભૂતિઓ ઉપરાંત આપણા પોતાના અંતરમાં અને સર્વ ભૂતોમાં રહેલા પ્રભુનો જુદો અનુભવ, સાથેસાથે કે એક પછી એક થાય — અને છતાં આપણને આ સઘળું વિશ્વ આપણી અને પ્રભુની ચેતનાનું કેવળ વ્યાવહારિક સત્ય છે એમ લાગે, અથવા તો, પરમ સત્‌ની એક મૂર્તિ રૂપે, કે એક પ્રતીક રૂપે જ તે દેખાય એમ પણ બને. એ પ્રતીકોનો આશ્રય લઈને પરમ શાશ્વત સાથેના આપણા અર્થપૂર્ણ સંબંધો આપણે ઘડવાના છે, તથા ધીમેધીમે એમના વિષે સચેતન થવાનું છે. તો, સામી બાજુએ, એવી ક્રાંત અનુભૂતિ પણ શકય છે જેમાં સઘળું પ્રભુરૂપ છે એમ જોવાની આપણને ફરજ પડે છે. એટલે કે વિશ્વમાં અને અસંખ્ય પ્રાણીઓમાં અક્ષરરૂપે જે આત્મા રહેલો છે તે કેવળ નહિ પરંતુ આ સઘળો અંતરનો અને બહારનો આવિર્ભાવ છે તે પણ પ્રભુ પોતે છે એવો સાક્ષાત્કાર થાય છે. ત્યાર પછી સઘળું આપણે માટે એક દિવ્ય વાસ્તવિકતા બની જાય છે, અને આપણા અંતરમાં અને વિશ્વની અંદર એ વાસ્તવિકતા પોતાની અભિવ્યકિત કરી રહેલ છે એમ અનુભવાય છે. આ અનુભૂતિ જો એકપક્ષી હોય તો આપણે સર્વેશ્વરવાદીઓની એકતાને પહોંચીએ છીએ. એમાં એક પ્રભુ સર્વરૂપ છે એવું સ્વીકારવામાં આવે છે. પરંતુ એ પ્રકારનું સર્વેશ્વરવાદનું દર્શન પણ અપૂર્ણ દર્શન છે. આત્મા પોતે જે કાંઈ છે તે સઘળું આ અસીમ વિસ્તાર પામેલા વિશ્વમાં આવી જતું નથી, — આત્મા સત્‌ સર્વસ્વનો આ વિશ્વ પોતાનામાં સમાવેશ કરી શકતું નથી. વિશ્વથી યે પર, તેનાથી વધારે મહાન, એવો એક શાશ્વત પરમ છે જેને લઈને વિશ્વનું અસ્તિત્વ શકય બને છે. પરમાત્માની સમગ્ર દિવ્યતા વિશ્વના આવિર્ભાવમાં સમાઈ જતી નથી, — વિશ્વ તો તેની ફકત એક અભિવ્યકિત છે, એના અસ્તિત્વની વાસ્તવિક, પણ ગૌણ પ્રકારની, એક ગતિ છે. આ બધી આધ્યાત્મિક અનુભૂતિઓ પહેલી નજરે ગમે તેટલી જુદી, યા તો વિરોધી જણાય, તે છતાં જો આપણે એમાંની એક કે બીજીના ઉપર એકતરફી ઝોક નહિ આપીએ, તથા આપણે આ સાદું સત્ય જોઈ શકીએ કે દિવ્ય વાસ્તવિકતા વિશ્વમાં પ્રગટેલ સત્‌-તા કરતાં કોઈ વધારે મહાન વસ્તુ છે, તો એમની વચ્ચે પરસ્પર મેળ મેળવી શકાય તેમ છે. અને છતાં, વિશ્વરૂપ છે તે સઘળી અને વ્યકિતરૂપ બનેલી વસ્તુઓ પણ તે પરમાત્મા પોતે જ છે — પ્રભુ સિવાય બીજું કાંઈ જ નથી. એ

બધાં પ્રભુનાં જ અર્થવાહક સ્વરૂપો છે, અને આપણે એમ પણ કહી શકીએ કે એ આવિર્ભાવ પામેલાં વિશ્વ અને વ્યક્તિનો કોઈ ભાગ, અથવા તો, એમનાં દૃશ્ય સ્વરૂપનો સરવાળો પણ તે શાશ્વત પરમની સંપૂર્ણ સત્-તાની બરાબર નથી. આમ છતાં સઘળી વસ્તુઓ જો એનાથી સંપૂર્ણપણે જુદી જ હોય, એની દિવ્ય સત્-તાનો એક પ્રકાર તથા પદાર્થ ન હોત તો એ તેનું પ્રતીકાત્મક કે અર્થવાહક સ્વરૂપ પણ બની શકત નહીં. તે શાશ્વત પરમ વાસ્તવિક છે; પરંતુ વિશ્વ અને વ્યક્તિ પણ તેની અભિવ્યક્તિ કરનારી વાસ્તવિકતાઓ છે.

વાસુદેવ: સર્વમ્ (૭.૧૯) એ વાક્યનો અર્થ ઉપર જણાવ્યો તે પ્રમાણે થાય છે. આ વિશ્વ છે તે સઘળું વાસુદેવ છે. વિશ્વમાં છે તે સઘળું અને વિશ્વથી પણ વધારે છે તે બધું ય વાસુદેવ છે. સૌથી પ્રથમ ગીતા એ પરમાત્માની વિશ્વાતીત સત્-તા ઉપર ભાર મૂકે છે. જો એમ ન કરે તો આપણું મન એનો ઊંચામાં ઊંચો ઉદ્દેશ સાધવો ચૂકી જાય અને કેવળ વિશ્વરૂપ પ્રત્યે જ દૃષ્ટિ કરતું રહે. અથવા તો વિશ્વની અંદર પ્રભુની કોઈ અપૂર્ણ, આંશિક અનુભૂતિ પ્રત્યે આસકત બની રહે. પરમાત્માના વિશ્વાતીત સ્વરૂપ પછી ગીતા પ્રભુના વિશ્વરૂપના ઉપર ભાર મૂકે છે. એની અંદર આ સઘળું વિશ્વ ગતિ કરે છે. આ સમગ્ર વિશ્વના વિરાટ પ્રયત્નની સકારણતા એ વિશ્વરૂપ પરમાત્મામાં રહેલી છે. એ વિશ્વરૂપની વિશ્વચેતના એક અતિ વિશાળ, અફાટ આધ્યાત્મિક આત્મસંજ્ઞા છે, જેમાં એ પરાત્પર દેવાધિદેવ પોતાની જાતને કાલ-પુરુષ તરીકે જુએ છે અને પોતાનાં વૈશ્વિક કાર્યોને સાધે છે. ત્યાર પછી, ગીતા એક પ્રકારનો સંયમિત આગ્રહ કરીને વ્યક્તિરૂપ માનવ-દેહમાં વ્યકત થનાર પ્રભુનો સ્વીકાર કરવાની સૂચના કરે છે. અલબત્ત, સર્વ ભૂતોમાં એક જ પ્રભુ વ્યાપીને રહેલો છે એ સત્ય તો આપણે સ્વીકાર્યું છે; એટલે માનવની અંદર નિવાસ કરીને રહેલા પ્રભુનો સ્વીકાર કરવામાં ન આવે તો વ્યક્તિના જીવનમાં જે દિવ્ય સાર્થકતા રહેલી છે તે તો આપણે ગુમાવીશું, — આપણા અંતરમાં રહેલી ઊંચામાં ઊંચી આધ્યાત્મિક શકયતા સિદ્ધ કરવા પાછળ જે સૌથી સમર્થ બળ રહેલું છે તેનાથી આપણે વંચિત રહીશું; એટલું જ નહિ પરંતુ વ્યક્તિના આત્માનો માનવજાતિની અંદર પ્રગટ થતા વિશ્વાત્મા જોડેનો જે સંબંધ છે તે ઘણો ક્ષુદ્ર, મર્યાદિત અને અહંપ્રધાન બની રહેશે. છેવટે, વિશ્વમાં રહેલી સઘળી વસ્તુઓમાં પ્રભુની દિવ્યતાનો આવિર્ભાવ થઈ રહ્યો છે એ વસ્તુના ઉપર ગીતા, ઘણો વિસ્તાર કરીને, ભાર દે છે, અને અહીં જે કાંઈ પ્રગટ થાય છે તેનું મૂળ દેવાધિદેવ પરમાત્માની દિવ્ય પ્રકૃતિમાં, તેની શકિત અને જ્યોતિમાં રહેલું છે એવું પણ કહે છે. પ્રભુનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એ પ્રકારનું દિવ્ય દર્શન થવું આવશ્યક છે. એ જ્ઞાનના ઉપર અર્જુનના સમગ્ર સત્-સ્વરૂપનું સર્વાંગીણ વલણ તથા તેની પ્રકૃતિની ગતિનું વલણ અવલંબે છે. એ દિવ્ય દર્શનના ઉપર આધાર રાખીને

જગતમાં પ્રભુની દિવ્ય શક્તિ કાર્ય કરી રહી છે તેનો માનવ સ્વીકાર કરે છે તથા દિવ્ય કર્મના ઢાળમાં પોતાના માનસની અને તપઃશક્તિની — સંકલ્પશક્તિની પુનર્ઘટના કરવાની શક્યતા પણ એને લઈને જ તે સેવી શકે છે. એનાં કર્મોનો પ્રારંભિક આદેશ પરાત્પરમાંથી આવે છે, એનો ઉદ્દેશ વૈશ્વિક હોય છે અને વ્યક્તિ એ એની અભિવ્યક્તિનું કરણ બને છે.*

પરમ, શાશ્વત પરાત્પર, વિશ્વચેતનાની પાછળ રહેલો આત્મા, પ્રત્યેક માનવના અંતરમાં રહેલો વ્યક્તિગત ઈશ્વર, — તથા વિશ્વપ્રકૃતિ અને એનાં સર્વે કર્યોમાં અને સર્વ ભૂતોમાં, ગુપ્તપણે સચેતન થા તો અપૂર્ણપણે અભિવ્યક્ત, એવો જે પ્રભુ રહેલો છે — એ બધાની એક જ વાસ્તવિકતા છે, એ બધામાં એક જ, અવિભક્ત પરમાત્મા છે. પરંતુ એ ભૂમિકાઓમાંની એકને વિષે આપણે જે સત્યોનું ખાતરીપૂર્વક વિધાન કરી શકીએ છીએ તે બધાંને જ્યારે એ જ પ્રભુની અન્ય ભૂમિકાને લાગુ કરવા જઈએ છીએ ત્યારે કેટલીક વાર તે ઊલટાઈ જાય છે, અથવા તો, એમના અર્થમાં ફેરફાર થઈ જાય છે. દાખલા તરીકે, પરમાત્મા ઈશ્વર છે, એટલે કે તે સર્વનો શાસક છે એ એક સત્ય છે, પરંતુ એટલા ઉપરથી એ મૌલિક ઈશ્વરત્વના ખ્યાલને અને માલિકપણાને એની ચારે દિવ્ય ભૂમિકાઓના ક્ષેત્રમાં જરા પણ ફેરફાર કર્યા વગર ગ્રાહ્ય રીતે આપણે લાગુ કરી શકતા નથી. વિશ્વપ્રકૃતિમાં અભિવ્યક્ત થનાર તરીકે એનો એ પ્રભુ પ્રકૃતિ સાથે ગાઢ તાદાત્મ્ય સાધીને વર્તે છે. એ ભૂમિકામાં પ્રભુ પોતે જ પ્રકૃતિ બને છે એમ કહી શકાય. પરંતુ પ્રકૃતિનાં કાર્યોની અંદર આત્મતત્ત્વ એટલે કે પુરુષતત્ત્વ, સહિત તે રહે છે. એ પ્રચ્છન્ન આત્મા પ્રકૃતિનાં કાર્યોનિઆગળથી જાણે છે, પહેલેથી તપઃશક્તિનો પ્રયોગ કરે છે, પ્રકૃતિનાં કર્મને સમજે છે, તેને ફરજ પાડે છે અને પરિણામમાં,

---

* શાશ્વત પરમની નરી વાસ્તવિકતાની સામે તેની વિશ્વરૂપ અભિવ્યક્તિની વાસ્તવિકતાઓ સરખામણીમાં, આપણા મનને, અવાસ્તવિક લાગે તોપણ શંકરના માયાવાદમાંથી એનો તર્કનો ઢાંચો બાદ કરીને આધ્યાત્મિક અનુભૂતિ તરીકે એનું મૂલ્ય આંકીએ તો પરબ્રહ્મની અભિવ્યક્તિનું સત્ય સાપેક્ષપણે અવાસ્તવિક છે એ કથનની અતિશયોક્તિ રૂપે જ તે જણાય છે. મનથી પેલી તરફ જતાં એ મુશ્કેલી અદૃશ્ય થઈ જાય છે. કારણ કે ત્યાં તો તે કદી હતી જ નહીં! ત્યાં, મનથી ઊર્ધ્વ ભૂમિકામાં ધાર્મિક સંપ્રદાયો, દર્શનો કે યોગસાધનાના માર્ગોના ભેદોની પાછળ જે જુદીજુદી અનુભૂતિઓ રહેલી છે તે બધી રૂપાંતર પામી જાય છે. એમનાં બધાં માનસિક પરિણામો અને દૃષ્ટિબિંદુઓ ખરી પડે છે, એમના ભેદો સમાધાનને પામે છે અને એમની સામાન્ય તીવ્રતાની પરાકાષ્ઠાને તેઓ પ્રાપ્ત કરે છે ત્યારે વિજ્ઞાનની અનંતતામાં એ બધાય સંવાદને પામે છે.

પ્રકૃતિથી ઉપરવટ થઈને પણ, પોતાનું ધાર્યું કરે છે. વળી સર્વમાં વ્યાપીને રહેલા નીરવ આત્મા તરીકે એનો એ પ્રભુ અકર્તા થાય છે, અને પ્રકૃતિ જ કર્તા છે એમ આપણે કહી શકીએ. સઘળાં કર્મો પોતાના સ્વ-ભાવ પ્રમાણે કરવા માટે તે પ્રકૃતિને સોંપે છે— **स्वभावस्तु प्रवर्तते** । (૫.૧૪) અને છતાં, એ પોતે પ્રભુ છે, વિભુ છે. કારણ કે એ આપણાં કર્મોને જુએ છે અને તેમને આધાર આપે છે તથા પોતાની નીરવ અનુમતિ વડે પ્રકૃતિને પોતાનાં કાર્યો કરવાની શક્તિ આપે છે. પોતાની ગતિ-શૂન્યતા વડે શાશ્વત પરમની શક્તિને પોતાની વ્યાપક અક્રિય સન્નિધિના દબાણ મારફત તે પ્રકૃતિને પહોંચાડે છે તથા સર્વ વસ્તુમાં રહેલા પોતાના સાક્ષીસ્વરૂપની સમદૃષ્ટિ વડે પ્રકૃતિનાં કાર્યોને ટેકો આપે છે. વિશ્વાતીત, શાશ્વત પરમ તરીકે એ પોતે સૌનું મૂળ છે, અને સૌનું સર્જન કરે છે. એ સ્વરૂપે તે સર્વથી પર છે અને સર્વને આવિર્ભાવ કરવાની ફરજ પાડે છે, પરંતુ પોતે જે સર્જે છે તેમાં પોતાની જાતને ભૂલી જતો નથી, યા તો, પોતાની પ્રકૃતિનાં કાર્યો પ્રત્યે આસકત થતો નથી. એની સંકલ્પશકિત મુકત અને અધ્યક્ષરૂપે રહે છે. અને એ પોતે તો પ્રકૃતિના કાર્યની સઘળી આવશ્યકતાઓથી પૂર્વે અસ્તિત્વમાં રહેલી હોય છે. જ્યાં સુધી વ્યકિત અજ્ઞાન અવસ્થામાં હોય છે, ત્યાં સુધી પ્રભુ તેનામાં ગુપ્ત રૂપે રહે છે, અને પ્રકૃતિના યંત્રના ઉપર સૌને ભમાવે છે. એ ભ્રમણામાં અહંતા પણ પ્રકૃતિના યંત્રના જ એક ભાગ તરીકે ગોળ ગોળ ભમે છે અને એ મહાન યંત્રનો એક નાનો સરખો ભાગ હોઈ યંત્રની એક સગવડ પણ બને છે. પ્રત્યેક ભૂતના અંતરમાં સમગ્ર પ્રભુ રહેલો હોવાથી જ્યારે આપણે અજ્ઞાનથી પર થઈ જઈએ છીએ ત્યારે ઉપર જણાવેલા સંબંધથી પણ આપણે પર થઈ જઈ શકીએ છીએ. કારણ કે સર્વ વસ્તુઓના ભર્તા એટલે આધાર આપનાર તરીકે જે એક આત્મા રહેલો છે તેની સાથે એકતા સાધીને આપણે પોતે પણ સાક્ષી અને અકર્તા થઈ શકીએ છીએ, અને આપણી પ્રકૃતિનાં કરણોને પ્રભુના કાર્યનું નિમિત્ત બનાવી શકીએ છીએ. પોતાના આધ્યાત્મિક સ્વરૂપમાં માનવનું એ વ્યકિતત્વ પ્રભુરૂપી અંતરની વાસ્તવિકતાની પરમ મુકત અને અનાસકત પ્રભુતામાં ભાગીદાર બને છે. આ વસ્તુ આપણે ગીતામાં સ્પષ્ટપણે સમજવાની છે. એક જ સત્યને જુદાજુદા સંબંધનો જુદીજુદી પરિસ્થિતિમાં સક્રિયપણે લાગુ કરવામાં આવે ત્યારે પ્રત્યેક પરિસ્થિતિ અનુસાર એ સત્યના અર્થમાં ફેરફાર કરવાને આપણે સ્થાન રાખવું જોઈએ. જો આપણે એમ નહિ કરીએ, તો આપણને પરસ્પર વિરોધ અને એકવાકયતાની ખામી જણાશે, — ખરું જોતાં એવો વિરોધ છે જ નહિ, — અને "व्यामिश्रा इव लगतां वाकयेा"ને લઈને અર્જુન જેમ ભ્રમમાં પડયો હતો તેમ આપણે પણ ભ્રમમાં પડીશું.

ઉદાહરણ તરીકે, શાશ્વત, પરમ પોતાની અંદર સર્વ વસ્તુઓનો સમાવેશ

કરે છે પરંતુ પોતે કોઈ વસ્તુમાં સમાઈ જતો નથી. — मत्स्थानि सर्वभूतानि. (૯.૪) 'સર્વ ભૂતો મારી અંદર પ્રતિષ્ઠિત છે' પરંતુ 'હું તેમનામાં નથી.' न चाहं तेष्ववस्थितः । (૯.૪), અને છતાં, તુરત પોતે ઉમેરે છે न च मत्स्थानि भूतानि— — અને भूतभृन्न च भूतस्थो ममात्मा । (૯.૫) 'સર્વ ભૂતો મારી અંદર સ્થિત થયેલાં નથી, હું પોતે સર્વ ભૂતોને ધારણ કરનાર છું; પરંતુ મારી જાત ભૂતોની અંદર રહેલી નથી.' આમ કહીને તુરત જ દેખીતા વિરોધવાળું વિધાન આગ્રહ-પૂર્વક કરે છે કે પ્રભુએ માનવશરીરનો, સ્થૂલ દેહનો આશ્રય લીધો છે — मानुषीं तनुमाश्रितम् અને એ માનવ-તનુમાં વ્યકત થયેલો પ્રભુ પણ વાસ્તવિક છે એવો સ્વીકાર પણ કર્મ, ભકિત અને જ્ઞાનના સમગ્રતાવાળા માર્ગનું અનુસરણ કરીને આત્માનો મુકિત પ્રાપ્ત કરવા માટે આવશ્યક છે એમ ગીતા કહે છે. આ બધાં વિધાનો ફકત દેખાવ પૂરતાં એકબીજા સાથે વિરોધવાળાં છે. પ્રભુ સર્વ ભૂતોમાં નથી તે તેના પરાત્પર રૂપે નથી એમ સમજવાનું છે. તેમ, એ 'ભૂતો એનામાં નથી' એટલે એની પરાત્પરતામાં નથી એવો અર્થ લેવાનો છે. કારણ કે સત્-તા અને આવિર્ભાવ વચ્ચે જે ભેદ આપણે કરીએ છીએ તે રૂપાત્મક જગતમાં થતા આવિર્ભાવને લાગુ પડે છે. પરંતુ વિશ્વાતીત સત્-તામાં તો સઘળું શાશ્વત રૂપે જ હોય છે. એટલે શાશ્વતમાં અનેક હોય તોપણ ત્યાં તો સઘળું જ સનાતન સત્-તા રૂપે જ હોય છે. વળી 'સર્વ સત્-તાઓ પ્રભુમાં નિવાસ કરે છે' એ વિચાર દિશાના ખ્યાલના ઉપર આધાર રાખે છે, પરંતુ આપણે તે સ્વીકારી શકતા નથી કારણ કે કાલ અને દિશાના જે ખ્યાલો ઈશ્વરની યોગમાયા ઉત્પન્ન કરે છે તે વિશ્વાતીત શાશ્વતની સત્-તાના ઉપર કશી અસર કરી શકતા નથી. એક અને અનેક એકીવખતે અસ્તિત્વમાં છે એમ આપણે કહીએ છીએ ત્યારે એ આધ્યાત્મિક અસ્તિત્વ છે, કાલમાં બનતું કે સર્જનને લગતું અસ્તિત્વ નથી. અને એના પાયામાં સંપૂર્ણ આધ્યાત્મિક તાદાત્મ્ય અને સમકાલીનપણું રહેલાં હોય છે. પરંતુ બીજી તરફ નજર કરતાં, એ પરમના જ વૈશ્વિક સ્વરૂપમાં સમગ્ર વિશ્વનો આવિર્ભાવ કાલ અને દિશામાં વિસ્તરી રહ્યો છે. એ વિસ્તાર પરમ, અવ્યકત, વિશ્વાતીત — પરાત્પર પરમાત્મા કરી રહેલો છે. એ વિરાટ વિશ્વવિસ્તારમાં સૌથી પ્રથમ પ્રભુ સર્વ ભૂતોના ભર્તા भूतभृत् — તરીકે દેખાય છે. ભૂતમાત્રને તે પોતાની સર્વવ્યાપી આત્મસત્-તામાં ધારણ કરી રહેલો છે. અને એ સર્વવ્યાપી આત્મા દ્વારા પણ પરમાત્મા પોતે જ વિશ્વને ધારણ કરી રહેલો છે એમ કહી શકાય. આ સર્વ ભૂતોના આવિર્ભાવનો અદૃશ્ય, આધ્યાત્મિક પાયો તથા એનું ગુપ્ત આધ્યાત્મિક કારણ પણ એ શાશ્વત પરાત્પર છે. આપણા અંતરમાં રહેલો ગુપ્ત આત્મા જે પ્રમાણે આપણા વિચારો, કાર્યો અને ગતિઓને ધારણ કરે છે તે પ્રમાણે એ પરાત્પર આ વિશ્વને ધારણ કરે છે. પ્રભુ આપણાં મન, પ્રાણ અને શરીરને વ્યાપીને તથા

તેમને પોતાનામાં સમાવીને રહેલો છે, તથા પોતાની સન્નિધિથી તેમને ટકાવી રહ્યો છે એમ લાગે છે. પરંતુ એની એ વ્યાપકતા ચેતનાનું એક કાર્ય છે, સ્થૂલ ભૌતિક ઘટના નથી. આપણો સ્થૂલ દેહ પોતે આત્માની ચેતનાનું જ એક સતત કાર્ય છે.

ઉપર જે દિવ્ય આત્મા વિષે કહ્યું તે સર્વ ભૂતોનો પોતાનામાં સમાવેશ કરે છે. બધું એનાં અંદર પ્રતિષ્ઠિત છે તે ભૌતિક રીતે એના તત્ત્વમાં નહિ પરંતુ આત્મ-સત્-તાનાં વિશાળ આધ્યાત્મિક, ભાવિ કલ્પન તરીકે હોય છે. આપણને સ્થૂલ દિશાનો અને સૂક્ષ્મ દિશાનો જે અક્કડ ખ્યાલ હોય છે તે ખરું જોતાં, એ દિવ્ય આધ્યાત્મિક આત્મવિસ્તારની ઘટનાનો આપણા પોતાના સ્થૂલ મનમાં અને ઇન્દ્રિયોમાં થતો અનુવાદ માત્ર છે. વાસ્તવમાં, અહીં પાર્થિવ ભૂમિકામાં પણ સઘળી વસ્તુઓના અસ્તિત્વનું — સમકાલીનપણું, સમ-અસ્તિત્વ, અને સમઘટન પણ આધ્યાત્મિક જ હોય છે. પરંતુ એ સત્ય એવું છે કે જ્યાં સુધી આપણે પ્રભુની પરમ ચેતનાને ફરીને પ્રાપ્ત કરીએ નહિ ત્યાં સુધી આપણે એને વ્યવહારમાં લાગુ કરી શકતા નથી. એ અનુભૂતિ પહેલાં એવો ખ્યાલ કેવળ બુદ્ધિનો વિચાર માત્ર જ રહે છે અને આપણા વ્યાવહારિક અનુભવમાં એની સાથે બંધબેસતું એવું કાંઈ જ હોતું નથી. એટલે, કાલ અને દિશાના સંબંધમાં વપરાતા શબ્દોનો પ્રયોગ કરીને આપણે કહેવું પડે છે કે જેમ સઘળું સ્થૂલ જગત આકાશના વાતાવરણમાં જીવન ધારણ કરી રહ્યું છે તે જ પ્રમાણે આખું વિશ્વ, એમાં રહેલાં સર્વ ભૂતો પરમાત્માની દિવ્ય સ્વયંભૂ સત્-તામાં પોતાનું જીવન ધારણ કરી રહ્યાં છે. 'આકાશ-તત્ત્વની અંદર સર્વવ્યાપક મહાન વાયુતત્ત્વ જેમ આવી રહેલું છે તે પ્રમાણે સર્વ ભૂતો મારી અદર વસે છે અં પ્રમાણે તારે એનો ખ્યાલ કરવાનો છે.'* એમ અર્જુનને ગુરુ કહે છે. વૈશ્વિક સત્-તા અનંત છે, સર્વવ્યાપી છે. સ્વયંભૂ પોતે પણ સર્વવ્યાપી અને અનંત છે. પરંતુ સ્વયંભૂની અનંતતા સ્થિર, અક્રિય, અક્ષર છે, જ્યારે વિશ્વની અનંતતા એક સર્વવ્યાપી ગતિરૂપ છે — सर्वत्रग: છે. આત્મા એક છે, અનેક નથી. પરંતુ વૈશ્વિક સત્-તા સર્વ ભૂતોના રૂપમાં પોતાની જાતને વ્યકત કરે છે અને આપણને એમ લાગે છે કે સર્વ વસ્તુઓનો સરવાળો એ જ જાણે વિશ્વસત્-તા છે. આત્મા સત્ છે, વૈશ્વિક ચેતના સત્ની શકિત છે. સત્ની એ શકિત — વૈશ્વિક ચેતના — મૌલિક, અક્ષર અને ભર્તા એવા આત્માના અસ્તિત્વમાં ગતિ કરે છે, સૃષ્ટિ સર્જે છે અને કાર્ય કરે છે. આત્મા આ સર્વ ભૂતોમાં, અથવા તો, એમાંના કોઈ એકમાં વસતો નથી; એનો અર્થ એ છે કે એમાંનું કોઈ એને સમાવી શકતુ નથી, — જેમ કોઈ પણ રૂપમાં આકાશ પોતે

---

* यथाऽऽकाशस्थितो नित्यं वायु: सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ।। (૯,૬)

સમાતું નથી તેમ, — જોકે બધાં ય રૂપો, આખરે જોવા જઈએ તો, આકાશમાંથી જ ઉદ્‌ભવે છે. જેમ વાયુના ગતિમાન તત્ત્વનો વિસ્તાર કરવાથી, અથવા તો, એનાં સ્વરૂપોનો અને શક્તિઓનો સરવાળો કરવાથી તેમાં આકાશનું તત્ત્વ સમાઈ જતું નથી, તેમ સઘળાં ભૂતોનો સમુચ્ચય કરવાથી પણ પરમાત્મા એ સરવાળામાં સમાતો નથી. અને છતાં અતિની અંદર પણ પ્રભુ રહેલો છે; અનેકના અંતરમાં પ્રત્યેકના પ્રભુ તરીકે તે નિવાસ કરે છે. આ બન્ને સંબંધો પરમાત્માને માટે એકીવખતે સાચા હોય છે, વાસ્તવિક હોય છે. એમાંનો એક સંબંધ, — સ્વયંભૂ સત્-તાનો વિશ્વની ગતિ સાથેનો સંબંધ છે. — બીજો, પરમાત્માના વ્યાપકત્વમાંથી ઉદ્‌ભવતો સંબંધ છે : તે વૈશ્વિક સત્ અને તેનાં સ્વરૂપો વચ્ચેનો સંબંધ છે. એક છે સર્વને પોતાની અંદર સમાવનાર એવી અક્ષરતાનું, સ્વયંભૂની સત્-તાનું સત્ય. બીજું, એ જ સત્-ની શક્તિમાં રહેલું, ક્રિયમાણ સત્ય છે, જે પોતાના મૂળ સ્વરૂપને એકીવખતે ઢાંકનાર અને પ્રગટ કરનાર એવા પરદાનું શાસન કરે છે અને તેમાં વ્યાપીને રહે છે.

વિશ્વની પેલી તરફથી એટલે વિશ્વાતીત અવસ્થામાંથી, ગીતા કહે છે કે, પરમ શાશ્વત પોતાની પ્રકૃતિના ઉપર નમે છે અથવા તો દબાણ કરે છે અને એમાંથી સનાતન યુગચક્રની ગતિરૂપે વિશ્વમાં જે કાંઈ આવી રહેલું છે તે સઘળાને પ્રગટ કરે છે, — જે સઘળું એક વાર પ્રગટ હતું અને અત્યારે અપ્રગટ થઈ ગયું છે તે પણ એમાંથી જ ઉદ્‌ભવે છે. વિશ્વમાં પ્રગટ થયેલાં સર્વ ભૂતો આ અસલ પ્રેરક ગતિને તથા આવિર્ભૂત સત્‌ના નિયમોને વશ વર્તે છે. એ પ્રેરક ગતિ અને એ નિયમોને લીધે વિશ્વની સંવાદિતાઓમાં પ્રભુના સર્વ-સત્‌નું રૂપાત્મક સત્ય પ્રગટ થાય છે. આ **प्रकृतिं मामिकाम्** (૯.૭) — **स्वां प्रकृतिं** (૪.૬) ને "પ્રભુની પોતાની પ્રકૃતિ"નાં કાર્યને, જીવ પોતાના આવિર્ભાવના ચક્રમાં અનુસરે છે. એ દિવ્ય પ્રકૃતિનું અનુસરણ કરતાં જીવ વિવિધ પ્રકારનાં વ્યક્તિત્વવાળાં રૂપોને ધારણ કરે છે. જીવ પોતાના સ્વ-ધર્મના વળાંકનું અનુસરણ કરતાં હમેશાં દિવ્ય પ્રકૃતિનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરતો હોય છે, — પછી તે દિવ્ય પ્રકૃતિનું ઊર્ધ્વ સ્વરૂપ કે નિમ્ન સ્વરૂપ હોય, એની પોતાની અસલ ગતિ હોય કે ગૌણ હોય, અજ્ઞાનમાં હોય કે જ્ઞાનમાં હોય. જ્યારે યુગનો અંત આવે છે અને પ્રલય થાય છે ત્યારે દિવ્ય પ્રકૃતિના કાર્યમાંથી જીવ તેની ગતિશૂન્યતામાં અને નીરવતામાં નિવૃત્ત થાય છે. જો તે અજ્ઞાન હોય છે તો એ પરા પ્રકૃતિના યુગચક્રના વંટોળિયાઓને વશ હોય છે, અને પોતાના ઉપર એનું પ્રભુત્વ હોતું નથી, પરંતુ તેઓ પ્રકૃતિને વશ હોય છે, — **अवशं प्रकृतेर्वशात्** (૯.૮). એમાંથી પરમાત્માની દિવ્ય પ્રકૃતિને તે પ્રાપ્ત કરે તો જ પ્રભુત્વ અને મુક્તિ મેળવી શકે. પ્રભુ પોતે પણ એ યુગચક્રનું અનુસરણ કરે છે, પણ તે એક પરવશ પ્રાણી તરીકે નહિ પરંતુ એના વ્યાપક આત્મા અને નેતા તરીકે. વળી એ કાર્યમાં એની સઘળી શક્તિ એકાગ્ર થઈને રોકાઈ

જતી નથી; પરંતુ એની પોતાની દિવ્ય સત્-તાની અને વિશ્વગતિની સાથેસાથે મેળમાં ગતિ કરે છે અને તેને આકાર આપે છે. પ્રકૃતિમાં થતાં પોતાનાં કાર્યોનો એ પોતે અધ્યક્ષ છે એટલે કે ઉપર રહીને એને સંયમમાં રાખનાર છે. ટૂંકમાં, પરમાત્મા પ્રકૃતિમાં જન્મ લેનાર આત્મા નથી પરંતુ સર્જક છે, જે પ્રકૃતિના આવિર્ભાવમાં આપણને દેખાતી સઘળી વસ્તુઓને ઉત્પન્ન કરવાની તેને ફરજ પાડે છે. પોતાની દિવ્ય શક્તિ સહિત તે પરમાત્મા પ્રકૃતિની સાથે રહે છે અને ગતિ કરે છે તોપણ તે એની બહાર પણ રહેલો છે. જાણે કે, પોતાની વિશ્વાતીત પ્રભુતામાં પ્રકૃતિના વૈશ્વિક કાર્યોથી ઉદ્-આસીન, કોઈ વ્યક્તિ હોય નહિ એ પ્રમાણે તે ઊર્ધ્વમાં પણ રહે છે. પ્રકૃતિમાં એને મગ્ન કરી મૂકે અને એના પર પોતાનો અમલ જમાવે એવી કોઈ કામના વડે તે પ્રકૃતિ પ્રત્યે આસક્ત હોતો નથી, અને તેથી, પ્રકૃતિનાં કાર્યોથી તે બંધાતો પણ નથી. કારણ કે એ કાર્યોથી તે અનંતગુણ મહાન છે અને બધાં કર્મોથી પૂર્વે વિદ્યમાન સત્ છે. કાલના યુગોની સઘળી ગતિ પૂર્વે, ગતિ દરમિયાન અને ગતિ પછી પણ તે પોતે એનો એ રહે છે. એમની અંદર થતા વિકારોથી એની અક્ષર સત્-તામાં કશો જ ફેર પડતો નથી. વિશ્વમાં વ્યાપીને રહેલો અને તેને આધાર આપી રહેલો નીરવ આત્મા વિશ્વમાં થતા વિકારોથી અનાસક્ત રહે છે, કારણ કે એ તેમને આધાર આપતો હોય છે તોપણ એમનામાં એ પોતે ભાગ લેતો નથી. તે જ પ્રમાણે આ મહાન વિશ્વાતીત, પરાત્પર, પરમાત્મા પણ અનાસક્ત રહે છે, કારણ કે બધાથી તે ઘણો વધારે છે, ચડિયાતો છે અને એમનાથી પર ઊર્ધ્વમાં રહેલો છે.

પરંતુ બીજી બાજુ એ પણ સાચું છે કે વિશ્વમાં જે કાંઈ બને છે તે સઘળું પરમાત્માની "સ્વ-પ્રકૃતિ"નું, તેની પોતાની દિવ્ય પ્રકૃતિનું કાર્ય છે. અને એ દિવ્ય પ્રકૃતિ પ્રભુથી કદી વિખૂટી હોઈ શકે જ નહીં. એટલે એ શક્તિ જે કાંઈ સર્જે તેમાં પ્રભુની સન્નિધિ હોવી જ જોઈએ. એ ખરું છે કે પ્રભુની સત્-તાનું સમગ્ર સત્ય એ એક સંબંધમાં સમાઈ જતું નથી, પરંતુ સાથેસાથે તે એક એવું સત્ય છે જેના પ્રત્યે આપણે આંખ બંધ કરી શકતા નથી. પ્રભુ માનવદેહમાં પણ નિવાસ કરે છે. જે લોકો માનવદેહમાં રહેલી એની સન્નિધિની અવગણના કરે છે, માનવ-રૂપમાં રહેલી પ્રભુતાનો, તેના વેશને લઈને, જેઓ તિરસ્કાર કરે છે, તેઓ પ્રકૃતિના બાહ્ય દેખાવથી ભ્રમમાં પડેલા છે અને છેતરાય છે. માનવદેહની અંદર પ્રભુ ગુપ્ત રહેલો છે — પછી તે માનવજાતિમાં થતા અવતાર પેઠે સચેતન હો કે પોતાની માયાથી આવૃત્ત થયેલો હો — એ સત્ય એવા લોકો જોઈ શકતા નથી. જે લોકોનો આત્મા મહાન છે, જેઓ પોતાના અહંના ખ્યાલમાં પુરાયેલા નથી, જેઓ પોતાના અંતરમાં રહેલા પ્રભુ પ્રત્યે ખુલ્લા થાય છે તેઓ જાણે છે કે માનવની અંદર રહેલો ગુપ્ત દિવ્ય આત્મા જે અહીં આપણને મર્યાદિત માનવ-પ્રકૃતિથી

બંધાયેલો દેખાય છે તે અને આપણે જેને ઊર્ધ્વમાં રહેલ દેવાધિદેવ તરીકે પૂજીએ છીએ, એ બન્ને મૂળમાં તો એક જ અનિર્વચનીય ભવ્યતા છે. એવા મહાત્માઓ પરમાત્માની સૌથી ઊંચી ભૂમિકા વિષે સચેતન બને છે જેમાં પ્રભુ સર્વનો સ્વામી છે, સર્વ ભૂતોનો શાસક છે અને છતાં, તેઓ એમ પણ અનુભવે છે કે પ્રત્યેક ભૂત સત્-તાની અંદર નિવાસ કરતો દેવ પણ તે જ પરમાત્મા છે. આ વિશ્વમાં બાકીનું જે બધું છે તે પ્રકૃતિની વિવિધતાઓનો આવિર્ભાવ કરવા માટે આવશ્યક એવી પ્રભુના "સ્વ"ની મર્યાદાનું સર્જન છે. તેઓ એ પણ જુએ છે કે આ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું પ્રભુની પરા પ્રકૃતિ પોતે જ બનેલી છે. અહીં જે કાંઈ છે તે પ્રત્યેક વસ્તુ તેની અંતરની વાસ્તવિકતામાં એકમેવાદ્વિતીય પરમાત્મા જ છે, સઘળું વાસુદેવ છે. તેઓ એને વિશ્વાતીત, પરમ, પરાત્પર તરીકે પૂજે છે એટલું જ નહિ, પરંતુ આ દુનિયામાં વ્યાપી રહેલી તેની એકતામાં અને પ્રત્યેક ભૂત-સત્-તામાં પણ તેઓ તેને ભજે છે. આ પરમ સત્યનું એવા મહાત્માઓ દર્શન કરે છે અને તેની અંદર પોતાનું જીવન તેઓ ધારણ કરે છે તથા એમાંથી પોતાનાં કર્મો કરે છે. તેઓ એ પરાત્પર શાશ્વતની પૂજા કરે છે — એને જીવનમાં જીવી બતાવે છે, — તથા એની જ જગતમાં રહેલા ઈશ્વર તરીકે તેઓ સેવા કરે છે, તથા વિશ્વમાં જે કાંઈ છે તે સર્વમાં રહેલા દેવાધિદેવ તરીકે, પોતે યજ્ઞ તરીકે કરેલાં કર્મો વડે, તેની સેવા કરે છે. જ્ઞાન વડે તેઓ તેની જ શોધ કરતા હોય છે, એના વિના સઘળે બીજું કાંઈ જ જોતા નથી, તથા પોતાની સમગ્ર સત્-તાને પ્રભુ પ્રત્યે ઊર્ધ્વમાં આરોહણ કરાવે છે. આ આરોહણ આત્માની, એટલે કે સત્ની બાજુથી તથા અંતરની અને બહારની પ્રકૃતિની બાજુથી — એમ બન્ને બાજુથી, — તે કરે છે. આ માર્ગને તેઓ વિશાળ અને પૂર્ણ માર્ગ તરીકે જાણે છે, કારણ કે એ માર્ગ એક પરમ, શાશ્વત પુરુષોત્તમ, વિશ્વરૂપ પ્રભુ તથા વ્યક્તિમાં રહેલા ઈશ્વર — એ ત્રણેના સમગ્ર, સર્વાંગીણ અને સંપૂર્ણ સત્યનો માર્ગ છે.

પ્રકરણ છઠ્ઠું

કર્મ, ભક્તિ અને જ્ઞાન

આ સર્વાંગીણ સત્ય છે, ઊંચામાં ઊંચું અને સૌથી વિશાળ જ્ઞાન છે: એ સત્યરૂપ પ્રભુ વિશ્વથી પર છે, તે સનાતન પરબ્રહ્મ છે, એની અસલ સત્-તા કાલ અને દેશ બન્નેથી પર હોઈ તે પોતાને તથા પોતાની જ પ્રકૃતિને કાલ અને દિશામાં આ વિશ્વરૂપે પ્રગટ થતા આવિર્ભાવને ટકાવી રાખે છે. એ પરમ આત્મા આ વિશ્વનાં સર્વે રૂપોનો અને ક્રિયાઓનો પણ આત્મા છે. તે એક, અનિર્વચનીય વ્યક્તિ તરીકે પુરુષોત્તમ રૂપ છે અને બીજું બધી વ્યક્તિતાઓ અને પ્રકૃતિઓ, સઘળી સત્-તાઓ અને સમસ્ત અભિવ્યક્તિ — આ વિશ્વમાં કે અન્ય કોઈ બ્રહ્માંડમાં — એના પોતાના જ સ્વ-ભાવો અને નિજ-શક્તિસ્વરૂપો છે. સત્-તા માત્રનો એ અનિર્વચનીય સ્વામી છે, અને પ્રકૃતિમાં પ્રગટ થયેલી પોતાની શક્તિના આધ્યાત્મિક સંયમ વડે જગતનાં યુગચક્રોને, તથા એ યુગચક્રોમાં થતી પ્રાણીઓની સ્વાભાવિક ઉત્ક્રાંતિને ગતિમાન કરે છે તથા એના કર્તા તરીકે એ પરમેશ્વર છે. એ ઈશ્વરમાંથી જ જીવ, — એટલે કે વ્યક્તિનો દિવ્ય આત્મા, યાને પ્રકૃતિમાં પ્રગટ થયેલો આત્મા, — આ વિશ્વનાં યુગચક્રોની ગતિમાં આવ્યો છે. એ જીવ ઈશ્વરની સત્-તાથી જીવે છે, એની ચેતનાના પ્રકાશ વડે સચેતન છે, ઈશ્વરના સંકલ્પ અને શક્તિ વડે જીવમાં જ્ઞાનની, સંકલ્પની અને કર્મની શક્તિ જાગે છે; તથા પ્રભુ આ વિશ્વરૂપી પોતાના આવિર્ભાવનો દિવ્ય આનંદ લઈ રહ્યો છે તેને પરિણામે એ જીવ પણ જીવનમાં આનંદ અનુભવે છે.

અહીં માનવમાં જે અંતરાત્મા છે તે પ્રભુનો પોતાનો આંશિક આવિર્ભાવ છે, વિશ્વમાં પોતાની પ્રકૃતિનાં કાર્યો સાધવા માટે પ્રભુ પોતે મર્યાદિત થાય છે — **प्रकृतिर्जीवभूता.** (૭.૫) વ્યક્તિ તરીકે જીવનું આધ્યાત્મિક સત્ત્વ ઈશ્વર જોડે સંપૂર્ણ અદ્વૈતમાં હોય છે, તથા દિવ્ય પ્રકૃતિનાં કાર્યોમાં પણ જીવ પ્રભુ સાથે — કારણ કે દિવ્ય પ્રકૃતિ પ્રભુની હોય છે — એક થઈ રહે છે; છતાં વ્યવહારમાં જીવના કાર્યમાં ભેદ રહે છે તથા વિશ્વ-પ્રકૃતિનાં અંદર અને વિશ્વ-પ્રકૃતિથી પર રહેલા પ્રભુ સાથે જીવ અનેક પ્રકારના ગાઢ સંબંધો પણ અનુભવી શકે છે. પ્રકૃતિનું જે અધોમુખ સ્વરૂપ છે તેનાં કાર્યોમાં, અજ્ઞાન અને અહંપ્રધાન ભેદભાવને લઈને જીવ એકમેવાદ્વિતીય એવા પ્રભુ કરતાં જુદી વસ્તુ છે એમ લાગે છે. એ ભેદભાવ કરનારી ચેતનામાં રહીને અહં-પ્રધાન આનંદને પ્રાપ્ત કરવા માટે, વિશ્વમાં પોતાના

વ્યક્તિગત ઉદ્દેશોને પાર પાડવા માટે, તથા અન્ય મનુષ્યો અને પ્રાણીઓ સાથેના બાહ્ય સંબંધોને ખાતર માનવ ચિંતન કરે છે, સંકલ્પ કરે છે, કર્મ કરે છે અને ભોગ ભોગવે છે. પરંતુ ખરું જોતાં, જીવની સઘળી સત્-તા, એનું સમસ્ત ચિંતન, સમગ્ર સંકલ્પ, કર્મ તથા ભોગ સઘળું, પ્રભુની સત્-તાનું, પ્રભુના દિવ્ય ચિંતનનું, એના સંકલ્પનું, કર્મનું તથા પ્રકૃતિના ભોગનું, — અલબત્ત, જ્યાં સુધી તે અજ્ઞાનમાં હોય છે ત્યાં સુધી એ પ્રતિબિંબ અહંપ્રધાન અને વિકૃત — પ્રતિબિંબ માત્ર હોય છે. પોતાના સ્વરૂપના એ અસલ સત્યને પ્રાપ્ત કરવું એ જીવને માટે મુક્તિ પામવાનો સીધેસીધો ઉપાય છે, એના અજ્ઞાનનાં બંધનમાંથી છૂટવાનું સૌથી નજીકનું અને મોટામાં મોટું દ્વાર છે. માનવ પોતે આત્મા છે, — મન અને બુદ્ધિની પ્રકૃતિવાળો છે, સંકલ્પની તથા કર્મની, ભાવની તથા ઇન્દ્રિયોના સંસ્કારોની પ્રકૃતિવાળો છે, તથા જીવનમાં આનંદની ખોજ કરનાર ચૈત્ય પુરુષ છે, તેથી કરીને પોતાની શક્તિઓને ઈશ્વરાભિમુખ કરવાથી તે પોતાના આત્માના ઊંચામાં ઊંચા સત્ય પ્રત્યે ગતિ કરવાને સંપૂર્ણપણે શક્તિમાન બને છે. એનું જ્ઞાન પરમ આત્માનું અને પર-બ્રહ્મનું જ્ઞાન બની રહેવું જોઈએ. એણે પોતાનાં પ્રેમ અને ભક્તિ પુરુષોત્તમને અર્પણ કરવાં જોઈએ. એણે પોતાનાં સંકલ્પ અને કર્મો વિશ્વના શાસક ઈશ્વરની સેવામાં રજૂ કરવાં જોઈએ; ત્યાર પછી તે નિમ્નમાંથી દિવ્ય પ્રકૃતિમાં પ્રયાણ કરે છે, આરોહણ કરે છે. એટલે કે અજ્ઞાન અવસ્થામાં થતા વિચારો, સંકલ્પો અને કર્મો તે પોતાનામાંથી દૂર ફેંકી દે છે તથા પોતાના દિવ્ય અદ્વૈતમાં સ્થિત થઈને વિચારો, સંકલ્પો અને કર્મો કરે છે. પ્રભુના પ્રતિનિધિ આત્મા તરીકે, પોતાના આત્માનો જ્યોતિ તરીકે તે જીવે છે. તે આ બાહ્ય સ્પર્શો, પ્રભુના છદ્મવેશો, તથા દૃશ્ય સ્વરૂપો માત્રને અનુભવતો નથી, પરંતુ સર્વના અંતરમાં રહેલી તેની અનંતતાનો આનંદ લે છે. આ પ્રમાણે દિવ્યતાની અનુભૂતિ-વાળું જીવન જીવતાં પોતાના અંતરાત્માને સદા ઈશ્વરાભિમુખ રાખીને તે પરબ્રહ્મના પરમ સત્યમાં વાસ કરે છે.

સર્વને વાસુદેવ તરીકે જાણવા અને એ જ્ઞાનમાં પોતાનું જીવન ધારણ કરવું એ આ દિવ્ય જીવનનું રહસ્ય છે. એવો માણસ વાસુદેવને જ પોતાના આત્મા તરીકે અક્ષર સ્વરૂપે, સર્વને પોતાનામાં સમાવનાર તથા સર્વમાં વ્યાપીને રહેલ સર્વાત્મા તરીકે પણ જાણે છે. અધોમુખ પ્રકૃતિના અશાંત અને તોફાની વંટોળિયાઓમાંથી તે પોતાની જાતને પાછી ખેંચી લે છે અને સ્વયંભૂ એવા આત્માની પ્રશાંત અને અવિભાજ્ય એવી સ્થિરતામાં અને પ્રકાશમાં રહે છે. એ સ્થિતિમાં રહીને પ્રભુના વાસુદેવ સ્વરૂપની, — જે સ્વરૂપે તે સર્વ સત્-તામાં રહેલો છે તેની — સાથે તે પોતાનું સતત અદ્વૈત અનુભવે છે, અને એ અદ્વૈતમાં રહીને વિશ્વની સર્વે ગતિઓને, ક્રિયાઓને તથા ઘટનાઓને ટેકો આપે છે. આ

વિકારી, જર એવા વિશ્વની પાછળ આવી રહેલા એ સનાતન, અવિકારી આધ્યાત્મિક પાયા ઉપર પ્રતિષ્ઠિત થઈને તે યોગી વિશ્વાતીત, અર્થાત્ વિશ્વથી પર એવા મહાન શાશ્વત સત્ય પ્રત્યે આરોહણ કરે છે. જે કાંઈ છે તેના અંતરમાં રહેલા, ઘટઘટમાં વસતા, ગૂઢ ઈશ્વરને તે જુએ છે, તથા પોતાની પ્રકૃતિ અને અંતરમાં વસતા દિવ્ય સ્વામી એ બે વચ્ચે આવી રહેલા અંતરાયને તે દૂર કરી દઈ શકે છે. ઈશ્વરના સંકલ્પ, વિચાર અને કર્મો સાથે તે પોતાના સંકલ્પ, વિચાર અને કર્મોની એકતા જ્ઞાન વડે સાધે છે, કારણ કે અંતરમાં વસતા ઈશ્વરના સાન્નિધ્યના સદા જાગ્રત સાક્ષાત્કારને લઈને એની એકતા સદા બની રહે છે. એ સાક્ષાત્કારને પરિણામે તે સર્વમાં વાસુદેવને જુએ છે અને ભજે છે તથા માનવ તરીકેના પોતાના સમગ્ર કર્મસમૂહનું પ્રભુની દિવ્ય પ્રકૃતિના ઊંચામાં ઊંચા સ્વરૂપમાં રૂપાંતર કરે છે. આ વિશ્વમાં જે કાંઈ પોતાની આજુબાજુ આવી રહેલું છે તે સર્વનું આદિમૂળ અને અસલ સત્ત્વ વાસુદેવ છે એમ તે જાણે છે. જે કાંઈ છે તે સર્વનું બાહ્ય સ્વરૂપ તે એકમાત્ર, અચિન્ત્ય એવા વાસુદેવને ઢાંકી દે છે, તો સાથેસાથે જે કાંઈ છે તે સઘળાનું ગૂઢ વલણ એ વાસુદેવના આવિર્ભાવનું સાધન અને ચિહ્ન છે એમ તે જુએ છે. એ એકતાને, બ્રહ્મને, પુરુષને, આત્માને, વાસુદેવને, આ સર્વ ભૂતોરૂપ થયેલ એક સત્‌ને તે સર્વત્ર પ્રાપ્ત કરે છે તેથી કરીને એનું સઘળું અંતરનું જીવન પ્રગટ થયેલ સર્વ પ્રાણીઓમાં અથવા તો તેમના અંતરમાં અને આજુબાજુ પ્રગટ થયેલા અનંતની સાથે સંવાદી બને છે તથા એનું સમસ્ત બાહ્ય જીવન વિશ્વનો કોઈ હેતુ સાધવા માટેના ચોક્કસ કરણ તરીકે રૂપાંતર પામે છે. અહીં અને સર્વત્ર જે પરબ્રહ્મ એક અને એકમાત્ર સત્‌-તા છે તેને તે પોતાના આત્મા દ્વારા જુએ છે. સર્વના અંતરમાં વસતા દિવ્ય નિવાસીમાંથી તે પરાત્પર પુરુષને જુએ છે, જેનું પરમ ધામ સર્વ ધામોથી પર છે. વિશ્વમાં પ્રગટ થયેલા ઈશ્વરમાંથી તે પરમ શાશ્વતને જુએ છે, જે સર્વ આવિર્ભાવોથી પર છે તથા સર્વ આવિર્ભાવોનું શાસન કરે છે. આમ જ્ઞાનના અસીમ આવિષ્કારમાં થઈને, ઊર્ધ્વ દૃષ્ટિ અને અભીપ્સા દ્વારા તે આરોહણ કરે છે અને સર્વભાવેન, — સંપૂર્ણ અંતઃકરણને ફરજ પાડે એવી સમગ્રતા વડે — જેના પ્રત્યે તે વળે છે તે પરમને તે પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે સર્વભાવેન માનવ-આત્માનું ઈશ્વરાભિમુખ થવું, તે ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો જે સમન્વય છે તેનો વિશાળ પાયો પૂરો પાડે છે. એ પ્રમાણે ઈશ્વરને સર્વભાવેન જાણવો એટલે એની સત્‌-તામાં તથા એના આવિર્ભાવમાં અને સર્વ આવિર્ભાવોથી પર સ્થિતિમાં પણ તેને એકમેવાદ્વિતીય તરીકે જાણવો — અને એ બધાં એનાં પાસાંઓને એકત્ર અને અકીવખતે જાણવાં. અને છતાં, એને એ પ્રમાણે જાણીને જો પ્રભુ પ્રત્યે હૃદય અને અંતરાત્મા તીવ્રપણે,

અત્યંત આતુરતાપૂર્વક, આરોહણ કરે નહિ, તથા અંતરમાં એકાગ્ર અને છતાં સર્વને પોતાનામાં સમાવે એવાં પ્રેમ, ભક્તિ અને અભીપ્સા જાગ્રત થાય નહિ, તો એ જ્ઞાન પણ પૂરતું ન ગણાય. ખરેખર, જે જ્ઞાનની અંદર અભીપ્સાનો અગ્નિ જાગ્રત નથી, જે જ્ઞાનમાં ઊર્ધ્વ ગતિને લઈને પ્રાણ પુરાયા નથી તે ખરું જ્ઞાન નથી; કારણ કે એવું જ્ઞાન માત્ર શુષ્ક બુદ્ધિની જ દૃષ્ટિ તથા બુદ્ધિ વડે સમજવાનો નિષ્ફળ પ્રયત્ન માત્ર હશે. પ્રભુનું દર્શન થતાં અનિવાર્યપણે પરમ પ્રેમસ્વરૂપની એવી આરાધનાની ભક્તિ જાગે છે અને પ્રભુને માટે અનન્યભાવે માનવનો આત્મા ઝંખે છે. એ ભક્તિ, એ આરાધના, પ્રભુના પોતાના સ્વયંભૂ સત્‌ને માટે હોય છે તેમ આપણી અંદર રહેલા પ્રભુને માટે, અને વિશ્વસકળમાં જે કાંઈ છે તે સર્વમાં વસી રહેલા પ્રભુને માટે પણ તેટલી જ પ્રબળ હોય છે. બુદ્ધિથી જાણવું એટલે તો ફક્ત સમજવું, અને એનાથી સાધનાની સફળ શરૂઆત થઈ શકે — અથવા, તો તેનાથી સફળ આરંભ ન પણ થાય. અને એવા બુદ્ધિના જ્ઞાનમાં દિલની સચ્ચાઈ યાને સત્યનિષ્ઠા નહિ હોય, પોતાના અંતરમાં સાક્ષાત્કાર કરવા માટે સંકલ્પશક્તિમાં પ્રેરણા નહિ હોય, પોતાના અંતરાત્માને કોઈ શક્તિ દોરતી નહિ હોય, અંતરાત્મામાં સાદ નહિ હોય તો અંતરના વિકાસનો આરંભ એનાથી નહિ થાય. કારણ કે એનો અર્થ એ થાય છે કે મગજને બહારથી સમજણ પડી છે પરંતુ અંતરાત્માને અંતરમાં કાંઈ જ દેખાયું નથી. સાચું જ્ઞાન એટલે અંતરાત્મા વડે જાણવું તે. અને જ્યારે અંતરાત્માને દિવ્ય પ્રકાશનો સ્પર્શ થાય છે ત્યારે પોતે જે જુએ છે તેને પ્રેમપૂર્વક ભેટવાને, તત્પર થાય છે, તેને પ્રાપ્ત કરવાને તે ઝંખે છે, પોતાના અંતરમાં તેને સાકાર કરવાને અને પોતાની જાતને તેને અનુરૂપ બનાવવાને તે મથે છે, પોતાના કાંતદર્શનના મહિમા સાથે એકતા સાધવાનો તે પ્રયત્ન કરે છે. આ અર્થમાં જ્ઞાન એટલે તાદાત્મ્યની પ્રાપ્તિ: અંતરાત્મા ચેતના વડે તથા આનંદ વડે, પ્રેમ વડે તથા પ્રાપ્તિ વડે પોતાના જે કોઈ સ્વરૂપનું દર્શન કરે છે તેની સાથે એકતા સાધીને પોતાનો સાક્ષાત્કાર કરે છે, એટલે એ પ્રમાણે તાદાત્મ્યની જાગ્રતિ થતાં એ સાચા અને એકમાત્ર પૂર્ણ એવા સાક્ષાત્કાર માટે અદમ્ય અભીપ્સા માનવમાં જાગ્રત થવી જ જોઈએ. આ પ્રકારના જ્ઞાનની ક્રિયામાં જેનું જ્ઞાન થાય છે તે વસ્તુ, કોઈ બહારનો પદાર્થ નથી, પરંતુ દિવ્ય પુરુષ છે, તે આત્મા છે અને આપણા સમસ્ત જીવનનો પ્રભુ છે. પ્રભુમાં, સર્વ કરણોનો સંયમ કરે એવો આનંદ, ગહન અને ભાવપ્રચુર પ્રેમ અને ભક્તિ એ તો એ પ્રકારના જ્ઞાનનું અનિવાર્ય પરિણામ અને એનો ક્રિયાત્મા જ હોય છે. અને એ ભક્તિ માનવહૃદયની એકલ જિજ્ઞાસા નથી હોતી, પરંતુ અખિલ જીવનનું સમર્પણ હોય છે. એટલે એ ભક્તિ યજ્ઞનું સ્વરૂપ પણ ધારણ કરશે જ. એ યજ્ઞમાં ઈશ્વરને આપણાં સર્વે કર્મો અર્પણ કરવામાં આવે છે,

તથા આપણી બાહ્ય અને આંતર પ્રકૃતિને તેની એકેએક આત્મનિષ્ઠ અને વસ્તુનિષ્ઠ ક્રિયાને આપણે ભકિતભાજન પ્રભુને સમર્પણ કરીએ છીએ. આપણી આત્મલક્ષી બધી ક્રિયાઓ પ્રભુની અંદર જ બને છે તથા એ સઘળી ક્રિયાઓ પોતાની શકિત અને પ્રયત્નના મૂળ તરીકે તથા લક્ષ્ય તરીકે પ્રભુને માટે, તથા આત્મા માટે ખોજ કરશે. જગતમાં આપણી બધી બાહ્ય ક્રિયાઓ પ્રભુ પ્રત્યે ગતિ કરશે, પ્રભુને પોતાનું લક્ષ્ય બનાવશે, જગતમાં રહેલા પ્રભુની સેવાનો તે આરંભ કરશે, જેનું સંચાલન કરનાર શકિત આપણા અંતરમાં રહેલ પ્રભુ પોતે હશે. એ અંતરમાં રહેલ વાસુદેવરૂપે આપણે વિશ્વ સાથે તથા સર્વ પ્રાણીઓ સાથે એકરૂપ છીએ. કારણ કે જગત અને આત્મા, પ્રકૃતિ અને તેનામાં રહેલો પુરુષ બન્ને તે એકમેવાદ્વિતીયની ચેતના વડે પ્રકાશિત છે, પરાત્પર પુરુષોત્તમનાં આંતર અને બાહ્ય શરીર છે. આ રીતે બુદ્ધિ, હૃદય અને સંકલ્પશકિતનો સમન્વય એક આત્મામાં દિવ્ય તત્ત્વમાં સધાય છે અને તેની સાથે જ્ઞાન, ભકિત અને કર્મનો એ અખિલાઈવાળી એકતામાં પણ સમન્વય થાય છે. સર્વનો પોતાનામાં સ્વીકાર કરનાર એવા વિશાળ સાક્ષાત્કારનો દિવ્ય યોગ તે આ છે.

પરંતુ અહંમાં બદ્ધ થયેલ માનવની પ્રકૃતિ માટે એ ક્રિયા કરવી એ જ મોટી મુશ્કેલ વસ્તુ છે. અને અંતરવિકાસને માર્ગે આપણે હમેશને માટે અને આખરી નિર્ણય કરીને યાત્રા શરૂ કરીએ તે પછી પણ એ સમન્વયની વિજયી અને સંવાદી એવી સમગ્રતા સાધવી એ કાંઈ સહેલું નથી. મર્ત્ય મનને આવરણો અને બાહ્ય દેખાવો ઉપર અજ્ઞાનભર્યો આધાર રાખવો પડતો હોવાથી તે ભ્રમિત બને છે. એ તો ફકત બાહ્ય માનવદેહને જુએ છે, માનવમનને તથા જીવનની માનવતાભરી રીતિને જુએ છે અને એનાં એ દર્શનમાં એને પ્રાણીની અંદર નિવાસ કરી રહેલા પ્રભુનાં મુકિતદાયક દર્શન કે ઝાંખી થતી નથી. પોતાના અંતરમાં જે દિવ્ય વસ્તુ છે તેના વિષે તે અજાણ હોય છે, અને બીજાં માણસોમાં તે પ્રભુને જોઈ શકતો નથી. અને માનવજાતિમાં પ્રભુ પોતે અવતાર કે વિભૂતિ તરીકે પ્રગટ થાય છે તો માનવ અંધ રહે છે, અને પડદા પાછળ રહેલ પ્રભુને ઉવેખે છે યા તો લેખતો નથી. **अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्** (૯.૧૧) 'માનવદેહમાં આશ્રિત એવા મારી તેઓ અવજ્ઞા કરે છે.' સચેતન જીવંત પ્રાણીઓમાં જ્યારે માનવ તેને જોઈ શકતો નથી ત્યારે સ્થૂલ, ભૌતિક જગતમાં તો પ્રભુને તે એથી પણ ઓછા જોઈ શકે છે. કારણ કે પોતાની ભેદ કરનારી અહંના કારાગારમાંથી, મર્યાદિત મનની બંધ બારીઓમાંથી તે એ જગત પ્રત્યે

જોતો હોય છે. વિશ્વમાં તે પ્રભુને જોતો નથી; વિવિધ પ્રકારનાં સત્ત્વોથી ભરેલા આ જુદાજુદા લોકોનો, ભૂમિકાઓનો જે પ્રભુ છે, અને જે તેમની અંદર વસી રહ્યો છે તે પરમ પુરુષોત્તમને વિષે તે કાંઈ જ જાણતો નથી. જે કાંત-દર્શનમાં આ જગતમાંનું સઘળું દિવ્ય બને છે, જેમાં આત્મા પોતે પોતાનામાં રહેલી પ્રભુતા પ્રત્યે જાગ્રત અને સચેતન બને છે તથા પોતે પ્રભુનો તથા પ્રભુ જેવો થઈ રહે છે, તેના વિષે તે અંધ હોય છે. પરંતુ નાશવંત પદાર્થોની પાછળ તેમને પોતાને ખાતર પડનારું એવું અહંનું જે જીવન છે, તથા બુદ્ધિ દેહ અને ઇન્દ્રિયોમાં રહેલી પાર્થિવ ક્ષુધાના સંતોષને ખાતર સાંત પદાર્થોની પાછળ પડનારું એવું જે અહંનું જીવન છે તેને તે તુરત જોઈ શકે છે. જે લોકો પોતાની જાતને પોતાના માનસની આ બહિર્મુખ પ્રવૃત્તિને સમર્પણ કરી દે છે તેઓ અધોગામી પ્રકૃતિના હાથમાં જઈ પડે છે, તેને વળગી રહે છે અને એને જ પોતાની પ્રતિષ્ઠા બનાવે છે. એવા લોકો માણસમાં રહેલી રાજસી પ્રકૃતિના ભોગ થઈ પડે છે. એ રાજસી પ્રકૃતિ પોતાની વિખૂટી પ્રાણમય અહંના અસ્વાભાવિક અને અતુલ સંતોષ માટે સઘળી વસ્તુઓની આહુતિ આપે છે, અને રાજસી યજ્ઞ કરે છે. અને એ પ્રાણના અહંને પોતાનો કાળો દેવ ગણીને તેને પોતાનો સંકલ્પ, વિચાર, કર્મ અને ભોગ સઘળું અર્પણ કરે છે. અથવા, એમ પણ બને છે કે પોતાની અભિમાની, આપમતીલી સંકલ્પશક્તિ વડે, સ્વયંપર્યાપ્ત ગણાતા વિચાર વડે, પોતાના જ ઉપર દૃષ્ટિ રાખનાર કર્મ વડે, અને આસુરી પ્રકૃતિની આત્મતુષ્ટ અને છતાં સદા અસંતુષ્ટ એવી બુદ્ધિમય ભોગલિપ્સા વડે એવા લોકો નિષ્ફળ ચક્રમાં આગળ ધકેલાયા કરે છે. પરંતુ એ પ્રમાણે વિખૂટા અહંની ચેતનામાં સતત રહેવું અને એને આપણી સઘળી પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવવું એટલે તો સાચી આત્મચેતનાથી વંચિત રહેવું એમ જ ગણાય. આત્માનાં ખોટે રસ્તે દોરાઈ ગયેલાં કરણોના ઉપર જે ભૂરકી એ જીવન નાખે છે તેનાથી તો માનવજીવન નિરર્થક ચક્રગતિમાં ગોળગોળ ફર્યા કરે છે. એવા માણસની આશાઓ કર્મ અને જ્ઞાન સઘળું પ્રભુના સનાતન મૂલ્યને પડખે મિથ્યા હોય છે, કારણ જે મહાન આશા માણસને માટે રહેલી છે તેનો તે બહિષ્કાર કરે છે, મુક્તિ અપાવનાર કર્મને બાતલ રાખે છે, પ્રકાશ આપનાર જ્ઞાનને દેશવટો આપે છે. એ જ્ઞાન મિથ્યા જ્ઞાન છે કારણ કે તે માત્ર દૃશ્ય પદાર્થને જુએ છે, પરંતુ એની પાછળના સત્યને જોતું નથી; એ આશા અંધ હોય છે કારણ કે તે અનિત્યની પાછળ દોડે છે પરંતુ શાશ્વતને ગુમાવે છે; એ કર્મ નિષ્ફળ કર્મ છે કારણ કે એનાથી જે લાભ મળે છે તે ખોટથી ઊણાઈ જાય છે અને એ કર્મ તો કદી ન સંતોષાય એવી કામનાની

તૃષા જાગ્રત કરે છે.*

માનવમાં જે દિવ્ય પ્રકૃતિની શક્યતા રહેલી છે તેની જ્યોતિ અને તેની વિશાળતા પ્રત્યે જે મહાન આત્માઓ પોતાના અંતરાત્માને ખુલ્લો કરે છે તેઓ આરંભમાં સાંકડા પરંતુ અંતમાં ન કલ્પી શકાય એવા વિશાળ માર્ગમાં પ્રવેશ કરે છે, જે મુક્તિ અને પૂર્ણતા પ્રત્યે તેને પહોંચાડે છે. પોતાનામાં પ્રભુનો વિકાસ કરવો એ માણસનું ખાસ કાર્ય છે અને માનવજીવનનો કાળજી-પૂર્વક ગુપ્ત રાખેલો અર્થ એ છે કે માણસે તેની અધોગામી આસુરી અને રાક્ષસી પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર પમાડવું. જેમ જેમ એનો દેવત્વમાં વિકાસ સધાતો જાય છે તેમ તેમ આવરણો દૂર થતાં જાય છે, અને આત્મા કર્મની અંદર રહેલો વધારે મહાન અર્થ જુએ છે અને સત્-તાનું ખરેખરું સત્ય પ્રાપ્ત કરે છે. માનવની અંદર રહેલ પ્રભુ પ્રત્યે આપણાં નેત્રો ખુલ્લાં થાય છે, જગતમાં વસતા પ્રભુ પ્રત્યે ચક્ષુ ખૂલે છે. અનંત બ્રહ્મને માનવ અંતરમાં જુએ છે અને બાહ્ય રીતે પણ તેને જાણે છે, અવિનાશી દિવ્ય તત્ત્વ જેમાંથી સર્વ સત્-તાનો આરંભ થાય છે, જે સર્વમાં છે, અને સર્વ જેની અંદર અને જેને લઈને સદા અસ્તિત્વમાં છે એવા અનંતને તે જાણે છે. એટલે જ્યારે એ ક્રાંતદર્શન, એ જ્ઞાન માનવના અંતરાત્માને પોતાના પ્રભાવમાં લે છે ત્યારે એના સમસ્ત જીવનની અભીપ્સા પ્રભુ પ્રત્યે, અનંત પ્રત્યે કોઈ પરમ પ્રેમ અને અગાધ ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. ત્યાર પછી માનવનું મન અનન્ય ભાવે શાશ્વત પ્રત્યે, આધ્યાત્મિક તત્ત્વ પ્રત્યે, જીવંત વસ્તુ પ્રત્યે, વિશ્વમય સત્-તા પ્રત્યે, વાસ્તવિક સત્ પ્રત્યે આસકત થાય છે. એનાં સઘળાં મૂલ્ય એ દિવ્ય તત્ત્વના ઉપર રચાય છે, એનો સઘળો આનંદ સર્વ આનંદમય પુરુષનો આનંદ બને છે. સર્વ શબ્દો અને વિચારો એ વિશ્વવ્યાપી મહિમાનું, જ્યોતિનું, સૌંદર્યનું, શક્તિનું અને સત્યનું સ્તોત્ર બની રહે છે. માનવના આત્મા આગળ એ સઘળાં દિવ્ય તત્ત્વોની શ્રી સહિત એ સત્ય પ્રગટ થાય છે અને પરિણામે માનવના અંતરમાં એક પરમ આત્માની, અનંત પુરુષોત્તમની, ભક્તિ પ્રગટે છે. અત્યાર સુધી અંતરાત્મા બહાર આવવા તનતોડ પ્રયત્ન કરતો હતો તેનો બધો લાંબો શ્રમ હવે આધ્યાત્મિક પ્રયત્ન અને અભીપ્સાનું સ્વરૂપ ધારણ કરે છે, પ્રભુને તે પોતે અંતરાત્મામાં ધારણ કરવા ચાહે છે અને પોતાની પ્રકૃતિમાં

---

* अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।। (૯,૧૧)
मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ।। (૯,૧૨)

પણ પ્રભુનો સાક્ષાત્કાર વાંછે છે. સમગ્ર જીવન સતત યોગરૂપ બની રહે છે, તથા એ આપણા આત્મા અને પ્રભુ સાથેના મિલનરૂપ બને છે. સમગ્રતાવાળા ભક્તિયોગની આ રીત છે. એવી ભક્તિ સમર્પિત હૃદયનો યજ્ઞ સનાતન પુરુષોત્તમને અર્પણ કરાવીને આપણી સમગ્ર સત્-તાને અને પ્રકૃતિને અનન્ય એવી ઊર્ધ્વ ગતિ અર્પે છે.*

જે લોકોનો જ્ઞાનના ઉપર વિશેષ ઝોક હોય છે તેઓ પ્રભુના કાંતદર્શનની શક્તિ વડે પોતાના આત્મા અને પોતાની પ્રકૃતિને તેનો સ્વીકાર કરવાની ફરજ પાડે છે, એ દર્શનમાં હમેશાં વધારો કરતા રહે છે, એમાં પોતે મગ્ન થઈ જાય છે અને એ રીતે તેઓ પણ ઉપર જણાવેલી અવસ્થાને પ્રાપ્ત કરે છે. એવા લોકોનો યજ્ઞ તે જ્ઞાનયજ્ઞ હોય છે અને જ્ઞાનની અવર્ણ્ય મસ્તી વડે તેઓ પણ પુરુષોત્તમની ભક્તિને પામે છે— ज्ञानयज्ञेन यजन्तो माम् उपासते । (૯.૧૫). આ જ્ઞાન ભક્તિથી પરિપ્લુત હોય છે. કારણ કે એનો ઉદ્દેશ અખિલાઈવાળો છે, તથા એનાં કરણોમાં તે સર્વનો સમાસ કરે છે. એવો જ્ઞાનયોગ પરમ શાશ્વતને કેવળ અમૂર્ત અદ્વૈત તરીકે, અથવા તો, અનિર્દેશ્ય ચરમ સત્તા તરીકે જ શોધતો નથી. એ પરમ સત્તા અને વિશ્વાત્માની હૃદય દ્વારા થતી શોધ અને પ્રાપ્તિ પણ છે. એ જ્ઞાનયોગમાં અનંતને એની અનંતતામાં, અને અનંતને સર્વ સાંત વસ્તુઓમાં સાધક શોધે છે. એ જ્ઞાનના કાંતદર્શનમાં એકમેવાદ્વિતીયની એકતામાં, તેનાં અનેક તત્ત્વોમાં, તેનાં અનેક સ્વરૂપોમાં, શક્તિઓમાં, અહીં, ત્યાં, સર્વત્ર, સદા,—કાલથી પેલે પાર શાશ્વતીમાં, અને શાશ્વત કાલના પ્રવાહમાં, એમ અનેકાનેક પ્રકારે, અસંખ્ય રૂપે, જગતમાં આપણી તરફ જોનાર અનંતાનંત વિશ્વતોમુખ તરીકે સાધક તેને જુએ છે, અને ચાહે છે: एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् । (૯.૧૫) આ પ્રકારનું જ્ઞાન સહેલાઈથી ભક્તિમાં પરિણમે છે. એ ભક્તિ વિશાળ હોઈ, ઉદાર આત્મસમર્પણવાળી, અખિલની આહુતિવાળી હોય છે; કારણ કે એ જ્ઞાન એક દિવ્ય તત્ત્વનું જ્ઞાન હોય છે,—એ જ્ઞાન એક દિવ્ય સત્-ના સ્પર્શ રૂપ હોય છે, પરમ વિશ્વવ્યાપી આત્માના આલિંગન રૂપ એ જ્ઞાન હોય છે. એ પરમ સત્-તા આપણા સમગ્ર અસ્તિત્વનું સમર્પણ માગે છે અને આપણે જ્યારે એની સમીપ જઈએ છીએ ત્યારે તે પોતાની સત્-તાના અનંત આનંદની સંપત્તિની આપણને

---

* महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ।। (૯,૧૩)
सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ।। (૯,૧૪)

ભેટ કરે છે.*

કર્મયોગનો માર્ગ પણ ભક્તિના અને આરાધનાના સમર્પણમાં પરિણમે છે, કારણ કે એમાં આપણી સમગ્ર સંકલ્પશક્તિ અને તેની પ્રવૃત્તિઓ પુરુષોત્તમને યજ્ઞરૂપે અર્પણ કરવામાં આવે છે. વેદમાં આવતી યજ્ઞની ક્રિયા એક સમર્થ પ્રતીક છે અને સ્વર્ગપ્રાપ્તિના ઊતરતા પ્રકારના ઉદ્દેશ માટે તે સફળ છે. પરંતુ ખરેખરો યજ્ઞ અંતરની સમર્પણક્રિયા છે, જેમાં સર્વમાં રહેલ બ્રહ્મ પોતે યજ્ઞની વિધિ, યજ્ઞ અને યજ્ઞની ક્રિયાની એકેએક વિધિરૂપ બને છે. એ આંતર યજ્ઞની વિધિની સર્વ ક્રિયાઓ અને રૂપો બ્રહ્મની પોતાની શક્તિની સ્વનિર્મિત અભિવ્યક્તિરૂપ છે અને આપણી અભીપ્સાને પરિણામે પોતાના મૂળ પ્રત્યે, અસલ ધામ પ્રત્યે તે ગતિ કરે છે. આપણા અંતરમાં જે ઈશ્વર વસે છે તે પોતે જ યજ્ઞના અગ્નિની શિખારૂપ છે, તે જ આહુતિ છે, કારણ કે અગ્નિ એટલે પ્રભુ પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરતી સંકલ્પશક્તિ અને એ સંકલ્પશક્તિ એ જ આપણી અંદર રહેલ પ્રભુ પોતે છે. એ યજ્ઞમાં જે હવિ આપણે અર્પણ કરીએ છીએ તે આપણી પ્રકૃતિમાં રહેલ પ્રભુનું પોતાનું જ એક સ્વરૂપ, તેની જ એક શક્તિ છે. જે કાંઈ સઘળું પ્રભુ પાસેથી આપણને મળેલું છે તે એની પોતાની, એના પરમ સત્યની અને આદિ કારણની સેવામાં અને ભક્તિમાં પ્રયોજવામાં આવે છે. અંતરમાં રહેલ દિવ્ય મનીષી પોતે પવિત્ર મંત્રરૂપ બને છે, પ્રભુ પ્રત્યે ગતિ કરનાર સુમતિરૂપે સાધકના પોતાના સત્-નું તેજ, એના પોતાના આત્માની જ્યોતિ પ્રગટ થાય છે. એવો મંત્ર એના સત્યને પ્રકાશિત કરનારા ઓજસવાળા શબ્દના રૂપમાં વિચારના રહસ્યને સ્થાયી રૂપ આપે છે અને તેથી અસરકારક હોય છે. એવા મંત્રનો છંદ માનવને માટે શાશ્વત પરબ્રહ્મના છંદોનું આવર્તન કરે છે. આત્માને પ્રકાશ આપનાર પ્રભુ પોતે જ વેદ છે અને વેદ વડે જે જાણવાનું છે તે પણ તે પોતે જ છે. પ્રભુ પોતે જ્ઞાનસ્વરૂપ છે, અને જ્ઞેય પણ છે. ઋક્, યજુ અને સામજ્ઞાનના પ્રકાશવાળો શબ્દબ્રહ્મ જે મનને જ્યોતિર્મય કરે છે, કર્મનું સાચું વિધાન કરવા માટે શક્તિપૂર્ણ શબ્દ, અને આત્માની દિવ્ય કામનાને સંવાદી સંસિદ્ધિ અને સુસ્થિરતા વડે તૃપ્ત કરનાર સામ શબ્દ — એ બધા જ બ્રહ્મસ્વરૂપ છે. દિવ્ય ચેતનાનો મંત્ર ક્રાંતદર્શન કરાવનાર જ્યોતિને લઈ આવે છે, દિવ્ય શક્તિનો મંત્ર પરિણામ લાવનાર સંકલ્પને જાગ્રત કરે છે, દિવ્ય આનંદનો મંત્ર જીવનના આધ્યાત્મિક આનંદની સમાન કૃતાર્થતા પ્રગટાવે છે. સર્વે શબ્દો

---

* ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ।। (૯,૧૫)

અને વિચારો 'ૐ'માંથી પ્રગટે છે, ૐશબ્દ બ્રહ્મ છે, એ જ શાશ્વત પરબ્રહ્મ છે. ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થોના સ્વરૂપોમાં ૐ પ્રગટે છે, બ્રહ્મના સર્જક આત્મવિચારનો સચેતન લીલા જેમાં પદાર્થો અને રૂપો કેવળ આકારો છે, તે સર્વમાં પણ ૐ વ્યક્ત થાય છે. પોતાની ચેતનામાં એકાગ્ર — એવી ચિદ્‌ઘન — પર ચેતનાની શક્તિની પાછળ ૐ પ્રકાશે છે. આમ વસ્તુમાત્રનું, વિચાર, નામ અને રૂપ સર્વેનું સર્વશક્તિમાન મૂળ, બીજ, યોનિ ૐ છે. સમગ્ર ભાવે લેતાં, પરમ અસ્પર્શ્ય, આદિ અદ્વૈત, કાલાતીત રહસ્ય, સર્વ પ્રકારના આવિર્ભાવથી પર સ્વયંભૂ એવી પરાત્પર સત્-ના ૐ[1] પોતે છે. આ પ્રકારનો બ્રહ્મયજ્ઞ એકીવખતે કર્મ, ભક્તિ અને જ્ઞાન રૂપ બની રહે છે.[2]

જે આત્માને ઉપર પ્રમાણે શાશ્વત પરબ્રહ્મનું જ્ઞાન થયું છે, જે તેની ભક્તિ કરે છે અને જે પોતાનું અને પોતાનાં સર્વે કર્મોનું મહાન આત્મસમર્પણ કરે છે તેને સઘળું પ્રભુરૂપ, અને પ્રભુ પોતે સર્વરૂપ થયેલો દેખાય છે. તે પ્રભુને જગતનું પોષણ કરનાર, તેને ચાહનાર, પોતાનાં બાળકોની સંભાળ રાખનાર પિતા તરીકે જાણે છે. તે દિવ્ય માતા તરીકે પ્રભુને જાણે છે — એ માએ આપણને તેનાં છાતી સરસા ચાંપીને રાખ્યા છે, તથા પોતાના પ્રેમનું માધુર્ય આપણા ઉપર તે વરસાવી રહી છે તથા આ જગતને પોતાનાં સૌંદર્યનાં સ્વરૂપોથી ભરી રહી છે. એવો ભક્ત પ્રભુને આદિકર્તા તરીકે જાણે છે — કાલ, દિશા અને પરિસ્થિતિમાં જે કાંઈ ઉદ્‌ભવે છે તે એ આદિ સૃષ્ટામાંથી આવેલું છે. એ જ પ્રભુને તે વિશ્વના તથા વ્યક્તિના એકેએક વિધાનના નિર્માતા તરીકે તથા સ્વામી તરીકે જાણે છે. જગત, નિયતિ તથા અનિશ્ચિત ભાવિ એવા આત્માને ભય પમાડી શકતાં નથી. દુઃખ અને અનિષ્ટનું દર્શન શાશ્વતને સમર્પણ થયેલા આત્માને મોહ પમાડી શકતાં નથી. જે આત્માને ચક્ષુ પ્રાપ્ત થયાં છે, જેને દૃષ્ટિ છે તેને પ્રભુ પોતે જ યાત્રાનો માર્ગ છે, અને યાત્રાનું અંતિમ ધામ પણ પ્રભુ છે. એ

---

૧ "ૐના ત્રણ અક્ષરો—અ,ઉ અને મ્ :'અ' સ્થૂલ અને બાહ્યમાં પ્રગટનું દિવ્ય તત્ત્વ, એટલે કે વિરાટ છે, 'ઉ' સૂક્ષ્મ અને અંતરમાં પ્રગટનું દિવ્ય તત્ત્વ છે, એટલે કે તેજસ છે. 'મ્' ધ્રુવ એવી પર ચેતનાના સર્વશક્તિમાનપણામાં એટલે કે પ્રજ્ઞા રૂપે પ્રગટનું દિવ્ય તત્ત્વ છે. 'ઓમ્' એટલે કેવળ, તુરીય."
— માંડૂક્ય ૮૫

૨ अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ (૯,૧૬)
पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥ (૯,૧૭)

માર્ગે ભૂલા પડવાપણું નથી, એ અંતિમ ધ્યેય એવું છે કે પ્રતિક્ષણ ખાતરી-પૂર્વક તે એના પ્રત્યે જઈ રહ્યો છે, કારણ કે જ્ઞાનપૂર્વક એનાં પગલાં દોરાતાં હોય છે. એવો સાધક પ્રભુને પોતાના તેમજ સર્વના આત્માના સ્વામી તરીકે જાણે છે. પોતાની પ્રકૃતિનો આધાર, પ્રકૃતિની સત્-તાનો સ્વામી, તેનો પ્રણયી અને તેને ચાહનારો એના સર્વ વિચારો અને કર્મોનો અંતરનો સાક્ષી પ્રભુ છે એમ તે અનુભવે છે. પ્રભુ તેનો વિસામો છે, તેનો દેશ છે, તેની કામનાઓનો અને ખોજનો આશ્રય છે, સર્વ પ્રાણીનો જ્ઞાની અને ગાઢ અને ઉદાર એવો સુહૃદ છે, મિત્ર છે. સર્વ દૃશ્ય સત્-તાની સર્વ પ્રકારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં એવા સાધકને તે એકમેવાદ્વિતીયનાં દર્શન અને સાક્ષાત્કાર થાય છે. એ પરમ એક પરાત્પર કાલમાં થતા પોતાના આવિર્ભાવને ઉત્પત્તિ રૂપે આગળ લાવે છે, સ્થિતિ રૂપે ટકાવી રાખે છે તથા વિનાશ રૂપે પોતાનામાં, સનાતન પુનરાવર્તનની યોજનામાં, તેને પાછો લય પમાડે છે. જે કાંઈ અહીં જન્મેલું અને નાશ પામતું જણાય છે તે સઘળાનું અવિનાશી મૂળ અને આદિ કારણ કેવળ તે એક જ છે. જ્યારે તે આવિર્ભાવમાં હોતું નથી ત્યારે એ સઘળાનો આશ્રય પણ તે એક જ છે. સૂર્યની અને અગ્નિની ઉષ્મામાં એ એક પરાત્પર જ પોતે તપે છે. વરસાદની વિપુલતા કે અભાવરૂપ પણ તે જ છે. આ સઘળી સ્થૂલ પ્રકૃતિ અને એનાં કાર્યો પણ તે એક જ છે. મૃત્યુ એનો વેશ છે. અમરતા એનો આત્મ-પ્રકાશ છે. આપણે જેને અસ્તિત્વ કહીએ છીએ તે સઘળું એ એક છે, અને આપણે જેને અસત્ ગણીએ છીએ તે સર્વ પણ એ અનંતમાં ગૂઢપણે રહેલું છે અને એની અનિર્વચનીયતાનો એક ભાગ છે.*

આ પુરુષોત્તમને પ્રાપ્ત કરવા માટે ઉત્તમોત્તમ જ્ઞાન અને ભક્તિ સિવાય, સંપૂર્ણ આત્મોત્સર્ગ અને આત્મસમર્પણ સિવાય બીજો માર્ગ નથી. એ પુરુષોત્તમ જ સર્વરૂપ છે, વિશ્વરૂપ છે. બીજા ધર્મનું, બીજા પ્રકારની ભક્તિનું, અન્ય પ્રકારના જ્ઞાનનું, અન્ય ઉપાસનાનું તેનું પોતાનું ફળ હમેશાં નિર્માયેલું હોય છે. પરંતુ એવાં બધાં ફળો નાશવંત છે, ક્ષણિક છે અને પ્રભુનાં દિવ્ય પ્રતીકો અને તેમનાં દૃશ્ય સ્વરૂપોમાંથી મળતા આનંદ વડે તે મર્યાદિત હોય છે. આપણા અંત:કરણના બંધારણ અનુસાર એક બાહ્ય અને એક આંતર જ્ઞાનનો, એક બાહ્ય અને અંતરની ઉપાસનાનો એમ બેવડો માર્ગ હોય છે.

---

* गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ।। (૯,૧૮)
तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ।। (૯,૧૯)

બાહ્ય ધર્મમાં દેવના કોઈ બાહ્ય સ્વરૂપની ભક્તિ-પૂજા હોય છે અને એનો ઉદ્દેશ કોઈ બાહ્ય, લૌકિક સુખની પ્રાપ્તિ હોય છે. એવા ધર્મના ઉપાસકો પોતાના વ્યવહારને પાપથી મુક્ત કરે છે, અને કોઈ શાસ્ત્રના નિયમને સંતોષવા ખાતર, બાહ્ય વિધાન પાળવાને માટે સક્રિય એવા સદાચારને આચરણમાં મૂકે છે. એવા લોકો દેવતા સાથે વિનિમય કરવા માટે વિધિયુક્ત પ્રતીકનો આશ્રય લે છે. મર્ત્ય જીવનનાં સુખ-દુઃખો ભોગવીને મરણ પછીથી કોઈ સ્વર્ગલોકનાં સુખો ભોગવવાનો એમનો ઉદ્દેશ હોય છે. એ સુખ આ પૃથ્વી પર મળે તેના કરતાં વધારે મહાન હોય છે. પરંતુ એ વ્યક્તિગત અને સાંસારિક હોય છે, જોકે પાર્થિવ જીવનના મર્યાદિત અને દુઃખપૂર્ણ ક્ષેત્ર કરતાં એનું ક્ષેત્ર ઘણું વિશાળ હોય છે. જેને માટે એમના અંતરમાં અભીપ્સા હોય છે તે વસ્તુને એવા ભક્તો પોતાની ભક્તિ વડે અને ઉપાસના વડે પ્રાપ્ત કરે છે. કારણ કે પાર્થિવ અસ્તિત્વ અને પાર્થિવ પ્રવૃત્તિમાં જ કાંઈ આપણી વ્યક્તિગત અભિવ્યક્તિનું સમગ્ર ક્ષેત્ર, અથવા તો, આખા વિશ્વની સમસ્ત ભોજના સમાઈ જતી નથી. બીજી વધારે વિશાળ આનંદની સૃષ્ટિઓ પણ રહેલી છે— સ્વર્ગલોકં વિશાલમ્ । (૯.૨૧) પ્રાચીન કાળના વૈદિક યાજ્ઞિકો ત્રણે વેદનો આવો બાહ્યાર્થ સમજતા હતા, તેનો આશ્રય લઈને એ લોકો પોતાની જાતને પાપમાંથી મુક્ત કરતા હતા, દેવતાઓ જોડે વિનિમય કરવાની ક્રિયા રૂપી સોમરસ પીતા હતા, અને યજ્ઞ તથા શુભ કર્મો વડે સ્વર્ગનાં સુખોની વાંછના કરતા હતા. એક પરાત્પરમાં એવી દૃઢ શ્રદ્ધા અને આ પૃથ્વી કરતાં વધારે દિવ્ય એવા લોકની વાંછનાને લઈને જ્યારે એવા માનવનો આત્મા શરીરનો ત્યાગ કરતો હોય છે ત્યારે જેના ઉપર એની દૃઢ શ્રદ્ધા અને અભીપ્સા એકાગ્ર થયાં હોય છે તેવા સ્વર્ગના આનંદને પ્રાપ્ત કરવાની શક્તિ તે મેળવે છે. પરંતુ એ સ્વર્ગલોકમાંથી આ પૃથ્વી ઉપર મૃત્યુલોકમાં એવા લોકોને આવવાની ફરજ પડે છે, કારણ કે જીવનનો સાચો ઉદ્દેશ એવા લોકોને પ્રાપ્ત થયો નથી હોતો. અહીં, નહિ કે કોઈ અન્ય લોકમાં, પરાત્પર પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો છે, આત્મામાં રહેલી દિવ્ય પ્રકૃતિનો તેની અપૂર્ણ સ્થૂલ પ્રકૃતિમાંથી વિકાસ કરવાનો છે. તથા પ્રભુ સાથે, અને માનવ તથા વિશ્વ સાથે એકતાની અનુભૂતિ વડે સત્-તાનું સમગ્ર અને વિશાળ સત્ય માનવે શોધી કાઢવાનું છે, તે સત્યને તેણે જીવનમાં ઉતારવાનું છે, અને પ્રત્યક્ષ રૂપે અદ્‌ભુત બનાવવાનું છે. એમ થતાં આપણા આવિર્ભાવની લાંબી સાંકળ પરિપૂર્ણ થાય છે, અને પરિણામે એક પરમ ફળને પ્રાપ્ત કરીએ છીએ. આત્માને એ પ્રકારનો વિકાસ સાધવાની તક માનવજન્મ આપે છે, અને જ્યાં સુધી એ કાર્ય સિદ્ધ થાય નહિ ત્યાં સુધી તે અટકી જઈ શકતો નથી. પ્રભુનો ભક્ત માનવજન્મની એ છેવટની આવશ્યકતા પ્રત્યે

એકાગ્ર, અનન્ય ભક્તિ અને આરાધના વડે સતત પ્રગતિ કરતો હોય છે. પોતાની અનન્ય ભક્તિ વડે પરમ અને વિશ્વરૂપ પ્રભુને તે પોતાના જીવનનું એકમાત્ર લક્ષ્ય બનાવે છે, — આ પાર્થિવ ભૂમિકા ઉપર અહંકેન્દ્રિત સંતોષને કે સ્વર્ગલોકની પ્રાપ્તિને નહિ, — તથા પોતાના વિચારોનો તથા દર્શનનો એકમાત્ર વિષય તે પ્રભુને જ ગણે છે. પ્રભુ સિવાય બીજું કાંઈ જ જોવું નહિ, એની સાથે દરેક ક્ષણે યોગમાં રહેવું, સર્વ પ્રાણીમાં એને ભજવો, સર્વ પદાર્થમાં એના આનંદને માણવો, એ પ્રકારનો એના આધ્યાત્મિક જીવનની એકમાત્ર શરત હોય છે. પ્રભુનું દર્શન એને જીવનથી વિખૂટો કરતું નથી, તેમ જીવનની પ્રફુલ્લતામાં કશી મણા આવતી નથી, કારણ કે પ્રભુ પોતે જ એને પ્રત્યેક સ્વાભાવિક શુભને લાવનાર, એના યોગક્ષેમનું વહન કરનાર બને છે— યોગક્ષેમં વહામ્યહમ્ । (૯.૨૨) સ્વર્ગનો આનંદ, પૃથ્વીના આનંદો એની દિવ્ય સંપત્તિની છાયા માત્ર છે, કારણ કે એવો આત્મા પ્રભુમાં વિકાસ પામે છે, અને પ્રભુ પોતે પણ પોતાની અનંત સત્-તાની સર્વ જ્યોતિ, શક્તિ અને આનંદ સહિત એના પ્રત્યે સમુદ્ર પેઠે વહે છે.

સામાન્ય ધર્મ તે એ પ્રકારના મર્યાદિત દેવતાઓને અર્પણ કરેલા યજ્ઞરૂપ હોય છે. એટલે કે પ્રભુના સમગ્ર સ્વરૂપથી જુદા ગણીને દેવોનું એ યજન, એ ઉપાસના થાય છે. પ્રાચીન વૈદિક ધર્મનું બાહ્ય સ્વરૂપ જે પ્રકારે હિંદના જીવનમાં વિકસ્યું હતું તેમાંથી જ ગીતા પોતાનાં ઉદાહરણો લે છે. એવી બાહ્ય ઉપાસનાને ગીતા અન્યદેવતા: (૯.૨૩) — બીજા દેવોને અર્પણ કરેલા, અથવા તો પિતૃઓને, કે ભૌતિક તત્ત્વોની પાછળ રહેલી શક્તિઓને અર્પણ કરેલા યજ્ઞ તરીકે — દેવાન્, પિતૃન્ ભૂતાનિ (૯.૨૫) — વર્ણવે છે. સામાન્ય રીતે માણસો પોતાનું જીવન અને કર્મો પ્રભુની દિવ્ય સત્-તાના મર્યાદિત ભાવોને, કે તેના આંશિક સ્વરૂપોને, પોતે જેવા જુએ છે કે માને છે તેમને, આત્મનિવેદન કરતા જણાય છે. ઘણું ખરું તો પ્રકૃતિમાં કે માનવમાં કોઈ આગળ પડતી શક્તિને કે સ્વરૂપને પોતાનામાં રહેલી માનવતાનું ઉલ્લંઘન કરીને મૂર્ત થતા કે પ્રતિફલિત થતા દિવ્ય પ્રતીક તરીકે જુએ છે. આવી ભક્તિ શ્રદ્ધા સહિત કરે તો ફળે છે, કારણ કે ભક્તના મનમાં પ્રભુનાં જે કાંઈ પ્રતીક, રૂપ કે ખ્યાલ હોય છે — યો યો યાં તનું શ્રદ્ધયાર્ચિતુમ્ — (૭.૨૧) તેનો ભગવાન પોતે સ્વીકાર કરે છે અને એની શ્રદ્ધા પ્રમાણે તે ભક્તને પોતે પ્રાપ્ત થાય છે. સાચા હૃદયની સઘળી ધાર્મિક માન્યતા અને આચાર, ખરું જોતાં, એક પરમ અને વિશ્વરૂપ પ્રભુની જ ખોજ હોય છે, કારણ કે સર્વ યજ્ઞ અને તપસ્યાઓનો એકમાત્ર સ્વામી અને માનવની અભીપ્સાનો અને પ્રયત્નોનો ભોક્તા પણ તે પ્રભુ જ છે. ભક્તિનું સ્વરૂપ ગમે તેટલું અધમ કે સંકુચિત હોય, પ્રભુ વિષેનો ભક્તનો

ખ્યાલ ગમે તેટલો મર્યાદિત ભલે હોય, એનાં દાન, શ્રદ્ધા તથા પોતાની અહંની પૂજા અને ભૌતિક પ્રકૃતિની મર્યાદાઓમાંથી મુક્ત થઈને પાછળ રહેલા રહસ્યને પ્રાપ્ત કરવાના પ્રયત્નો અપૂરતા ભલે હોય તે છતાં એને વડે માનવના આત્મા અને વિશ્વાત્મા વચ્ચે સંબંધની સાંકળ ઊભી થાય છે અને માનવને પ્રત્યુત્તર મળે છે. અને છતાં એ પણ સાચું છે કે જે પ્રત્યુત્તર મળે છે, ભક્તિનું અને યજ્ઞનું જે ફળ મળે છે તે જ્ઞાન, શ્રદ્ધા અને કર્મને અનુસાર હોય છે, અને એમની મર્યાદાની અંદર મળે છે. આ રીતે પ્રભુના ઉત્તમોત્તમ પ્રકારનું જ્ઞાન જેમાં અસ્તિત્વનું અને આવિર્ભાવનું સંપૂર્ણ સત્ય આપણને પ્રાપ્ત થાય છે તેની દૃષ્ટિએ જોતાં એ ઊતરતા પ્રકારના યજ્ઞની ક્રિયા યજ્ઞના ઉત્તમોત્તમ નિયમ અનુસાર થયેલી નથી. એવા ઊતરતા યજ્ઞોની ક્રિયાનો પાયો પરમ પુરુષના સમગ્ર સ્વરૂપના જ્ઞાનના ઉપર અને તેના આવિર્ભાવના સત્ય તત્ત્વો ઉપર રચાયેલો હોતો નથી. એવી ક્રિયાઓ બાહ્ય અને ખંડ સ્વરૂપોના પ્રત્યે આસક્ત હોય છે, न मां अभिजानन्ति तत्त्वतः । એવા યજ્ઞનો હેતુ પણ મર્યાદિત બને છે, મોટે ભાગે એવી ક્રિયાઓનો ઉદ્દેશ અહંપ્રધાન હોય છે. એની વિધિ અને આહુતિ ભૂલવાળી અને સંકુચિત હોય છે— यजन्ति अविधिपूर्वकम् । (૯.૨૩) પ્રભુનું અખિલ ભાવે દર્શન થાય ત્યારે સંપૂર્ણ અને સચેતન આત્મસમર્પણ થઈ શકે છે. એ સિવાયનું બીજું જ્ઞાન અપૂર્ણ અને અમર્યાદિત ફળની જ પ્રાપ્તિ કરાવી શકે છે અને એવા ફળમાંથી પાછા માનવ-જીવનમાં આવીને વધારે વિશાળ પ્રકારની અભીપ્સા સેવવા અને વધારે વિશાળ એવો પ્રભુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે પુનરાવર્તન કરવું પડે છે. પરંતુ જેઓ પરમ પુરુષોત્તમને અને વિશ્વરૂપ પરમાત્માનું કેવળનું અનન્ય ભાવે અનુસરણ કરે છે તેમને સમગ્ર જ્ઞાન પ્રાપ્ત થાય છે અને અન્ય સર્વ માર્ગે જે ફળ મળે છે તે પણ કોઈ એક દેવના સ્વરૂપમાં મર્યાદિત થયા વિના તેમને પણ મળે છે. એવા ભક્તને પ્રભુનાં સઘળાં સ્વરૂપોમાં રહેલું સત્ય પ્રાપ્ત થાય છે. આ પરમ ભક્તિ પ્રભુનાં સર્વે દિવ્ય સ્વરૂપોનો સ્વીકાર કરતી પરમ પુરુષોત્તમને માર્ગે ગતિ કરે છે.[૧]

ઉપર જે નિરપેક્ષ આત્મસમર્પણ અને અનન્ય મનથી કરેલા આત્મોત્સર્ગ-

---

૧ येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ।। (૯,૨૩)
अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ।। (૯,૨૪)
यान्ति देवव्रता देवान् पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ।। (૯,૩૫)

વાળી ભક્તિનો ઉલ્લેખ કર્યો છે તેને ગીતા પોતાના સમન્વયનું શિખર બનાવે છે. સર્વ કર્મો અને સઘળા પ્રયત્નો એ પ્રકારની ભક્તિને પરિણામે પરમ અને વિશ્વરૂપ પ્રભુને અર્પણ થયેલી આહુતિરૂપ બને છે. 'તું જે કાંઈ કરતો હોય, જે ભોગવતો હોય, જેની તું આહુતિ આપતો હોય, જેનું દાન કરતો હોય, જે કાંઈ તપની શક્તિ કે આત્માની સંકલ્પશક્તિ કે પ્રયત્ન તું ક્રિયામાં પ્રગટ કરતો હોય તે સઘળું મને અર્પણ કર.'૨

આ પ્રમાણે જીવનની નાનામાં નાની અને નજીવી પરિસ્થિતિ, — પોતાના અંતરમાંથી અર્પણ થતી, યા તો પોતાની પાસેથી અપાતી નજીવી ભેટ, નાનામાં નાનું કર્મ દિવ્ય સાર્થકતાવાળું બની જાય છે, અને પ્રભુને એ આહુતિ સ્વીકાર્ય હોય છે અને પોતાના ભક્તના આત્માને અને જીવનને પોતાનામાં લેવા માટે પ્રભુ એમનો ઉપયોગ કરે છે. કામના અને અહંના ઊભા કરેલા ભેદોનો લોપ થઈ જાય છે. પોતાનાં કર્મનું સારું ફળ મળે તે માટે પ્રયત્ન હોતો નથી, અસુખકારી પરિણામથી દૂર ભાગવાનો પ્રયાસ હોતો નથી, પરંતુ જગતનાં સર્વ કર્મો અને સઘળાં પરિણામો સદાને માટે જેનાં પોતાનાં છે એવા પરમ પુરુષોત્તમને એ સઘળાં કર્મો અને સર્વ ફળો અર્પણ કરવામાં આવે છે. ત્યાર પછી કશું બંધન રહેતું નથી. કારણ કે સંપૂર્ણ સમર્પણ કરવાને પરિણામે હૃદયમાંથી સઘળી અહંકેન્દ્રિત કામનાઓ દૂર થઈ જાય છે અને વ્યક્તિના આત્માનો પ્રભુ સાથે સંપૂર્ણ યોગ થાય છે; કારણ કે વ્યક્તિ પોતાના વિખૂટા અસ્તિત્વનો પણ અંતરથી ત્યાગ કરે છે. સર્વ સંકલ્પ, સર્વ કર્મ, સર્વ પરિણામ પ્રભુનાં જ બની રહે છે, તથા વિશુદ્ધ અને પ્રકાશિત થયેલ એવી પ્રકૃતિમાં તે દિવ્ય પ્રકારે કાર્ય કરે છે એટલે મર્યાદિત વ્યક્તિતાવાળા અહંનું તે મટી જાય છે. સાંત પ્રકૃતિ આ રીતે સમર્પિત થતાં અનંતના કાર્ય માટેનું મુક્ત વાહન બને છે. માનવનો અંતરાત્મા અજ્ઞાન અને મર્યાદાઓમાંથી ઊર્ધ્વમાં ગતિ કરીને શાશ્વત પરબ્રહ્મ સાથેની પોતાની અસલ એકતાને પાછો પ્રાપ્ત કરે છે. શાશ્વત પુરુષોત્તમ — પરબ્રહ્મ — સર્વ સત્-તામાં નિવાસ કરનાર પોતે જ છે. સર્વમાં તે સમાન છે, સર્વ પ્રાણીનો સમાન સખા, પિતા, માતા, સૃષ્ટા, પ્રેમી અને આશ્રય છે. પ્રભુ કોઈનો વિરોધી કે દુશ્મન નથી, કોઈને ઓછામાં ઓછું ચાહનારો નથી. એણે કોઈને પોતાનામાંથી દૂર મૂક્યા નથી, કોઈને સદાને માટે અધોગતિમાં ઉતારી મૂક્યા નથી, પોતાના અતંત્ર તરંગની આપખુદ સત્તા વાપરીને એ કોઈના ઉપર ખાસ કૃપા કરતો નથી. અજ્ઞાનના ચક્કરોમાં થઈને સઘળા સમાન રીતે એને જ પ્રાપ્ત કરે છે. પરંતુ

---

૨ यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ।। (૯,૨૭)

ઉપર જણાવી તે પ્રકારની અનન્ય ભક્તિ વડે જ પ્રભુનો માનવમાં અને માનવનો પ્રભુમાં સચેતન નિવાસ શક્ય થાય છે અને બન્નેનો યોગ સંપૂર્ણ અને પરસ્પર તલ્લીનતાવાળો થાય છે. પુરુષોત્તમ માટે ભક્તિ અને સંપૂર્ણ આત્મ-સમર્પણ એ બે આ દિવ્ય અદ્વૈતની પ્રાપ્તિ માટેના સીધા અને વેગવાળા ઉપાયો છે.૩

સર્વ માનવોમાં સમાન રહેલી પ્રભુની આ સન્નિધિ એક વાર ઉપર જણાવ્યું તેવું સમગ્ર આત્મસમર્પણ શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક તથા મૌલિક પૂર્ણતા સહિત કરવામાં આવે તો બીજી કશી શરત માનવના આગળ રજૂ કરતી નથી. એ દ્વારમાં પ્રવેશ કરવાનો હક સૌ કોઈને છે, મંદિરમાં સર્વે પ્રવેશ કરી શકે છે. સૌને ચાહનાર એવા પ્રભુના દરબારમાં આપણા દુન્યવી ભેદોનો લય થઈ જાય છે. ત્યાં પુણ્યશાળી કે સદાચારી માણસને પસંદગી આપવામાં આવતી નથી અને પ્રભુના સાન્નિધ્યમાંથી પાપીને દૂર રાખવામાં આવતો નથી. આ માર્ગે તો વિશુદ્ધ જીવન ગાળનાર અને શાસ્ત્રના સર્વ નિયમોને પાળનાર બ્રાહ્મણ તથા પાપ અને શોકવાળી યોનિમાં જન્મેલો, લોકોથી નિંદાયેલો ચાંડાળ, બન્ને એકીસાથે યાત્રા કરી શકે છે અને પરમ મોક્ષમાં પ્રવેશ કરવાની બન્નેને સમાન તક મળે છે તથા શાશ્વત બ્રહ્મના પરમ ધામના બન્ને સમાન અધિકારી બને છે. પુરુષ અને સ્ત્રી બન્નેને પ્રભુના આગળ પોતાનો સમાન હક મળે છે. કારણ પ્રભુ કાંઈ વ્યક્તિને કે સામાજિક ભેદોને કે મર્યાદાઓને સ્વીકારતો નથી — ખાસ મૂલ્ય આપતો નથી. સૌ કોઈ સીધા પ્રભુને પહોંચી શકે છે, — વચમાં કોઈ પણ બંધનકારક શરત કે કોઈ ખાસ માણસની જરૂર નથી. ગીતામાં દિવ્ય ગુરુ કહે છે: 'દુરાચારી માણસ પણ મારા પ્રત્યે અનન્ય ભક્તિથી વળે તો એને પણ સાધુ પુરુષ ગણવો જોઈએ કારણ કે એનામાં કર્મ કરનાર સ્થિર સંકલ્પશક્તિ સમ્યક્ હોઈ સંપૂર્ણતાવાળી બને છે.' અર્થાત્, પોતાની જાતને સંપૂર્ણપણે સમર્પણ કરી દેવાની સંકલ્પશક્તિ દિવ્ય તત્ત્વનાં સર્વે દ્વારોને ખુલ્લાં કરી આપે છે, અને પ્રત્યુત્તર તરીકે માનવમાં પ્રભુનું સંપૂર્ણ અવતરણ થાય છે અને માનવને પોતાનું સમર્પણ કરે છે. એ ક્રિયાને લઈને આપણી નિમ્ન પ્રકૃતિનું દિવ્ય પ્રકૃતિમાં વેગપૂર્વક રૂપાંતર કરીને આપણી અંદરની બધી વસ્તુઓને દિવ્ય જીવનના નિયમને અનુરૂપ થાય એવી તેમની પુનર્ઘટના કરે છે અને તેમને પરિપક્વ બનાવે છે. સમર્પણની સંકલ્પશક્તિ તેના સામર્થ્ય વડે માનવ અને પ્રભુ વચ્ચે રહેલા અંતરપટને દૂર કરી દે છે; એ

---

૩ शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ।। (૯,૨૮)
समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।। (૯,૨૯)

સામર્થ્ય પ્રત્યેક ભૂલનો છેદ ઉડાવી દે છે અને પ્રત્યેક બાધાનો વિનાશ કરી નાખે છે. જે લોકો પોતાની માનુષી શક્તિનો આશ્રય લઈને જ્ઞાનનો, સદાચારનો કે કઠણ તપસ્યાનો માર્ગ અનુસરે છે તેઓ ઘણી મુશ્કેલીઓ વેઠીને શાશ્વત પરબ્રહ્મ પ્રત્યે ગતિ કરી શકે છે. પરંતુ જ્યારે માનવનો અંતરાત્મા પોતાના અહં અને પોતાનાં કર્મો પ્રભુને સમર્પણ કરી દે છે ત્યારે પ્રભુ પોતે માનવ સમીપ આવે છે અને માનવનો ભાર પોતે ઉપાડી લે છે. અજ્ઞાન હોય છે તેમને દિવ્ય જ્ઞાનની જ્યોતિ તે આપે છે, નિર્બળ હોય છે તેમને દિવ્ય સંકલ્પશક્તિ આપે છે, પાપી હોય છે તેમને દિવ્ય વિશુદ્ધિની મુક્તિ અને દુઃખી હોય છે તેમને અનંત આધ્યાત્મિક હર્ષ અને આનંદ તે આપે છે. એમની નિર્બળતા અને એમના માનુષી સામર્થ્યમાં રહેલાં સ્ખલનોથી પ્રભુના કાર્યમાં કશો ફેર પડતો નથી. અર્જુનને પ્રભુનો સાદ કહે છે : 'હું તને વચન આપું છું કે જે મને ચાહે છે — જે મારો ભક્ત છે તેનો કદી વિનાશ થતો નથી — થશે નહીં.' પ્રભુને પ્રાપ્ત કરવા માટે કરેલી પૂર્વની તૈયારી અને તપસ્યા, — બ્રાહ્મણની વિશુદ્ધિ અને પવિત્રતા, કર્મ અને જ્ઞાનના મહિમાવાળા રાજર્ષિનું આલોકિત સામર્થ્ય — એ બધાનું મૂલ્ય આધ્યાત્મિક જીવનમાં હોય છે, કારણ કે એમને લઈને અપૂર્ણ માનવ-પ્રકૃતિ ઉપર જણાવેલાં વિશાળ દર્શનને તથા આત્મસમર્પણને વધારે સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. પરંતુ એવી તૈયારી વગર પણ માનવ પ્રત્યે પ્રેમ રાખનાર — માનવના પ્રેમી — પ્રભુનો આશ્રય લેનારા સૌ કોઈ — ઉ. ત. ધનસંચય અને ઉત્પત્તિ કરવાની સંકુચિત પ્રવૃત્તિમાં એક વાર મગ્ન એવો વૈશ્ય, હજારો કઠણ બંધનોમાં પડેલો શૂદ્ર, જેના આત્મપ્રસારની આજુબાજુ સંકુચિત વર્તુલ દોરીને માનવે જેમનો વિકાસ કુંઠિત કર્યો છે અને જેમને પુરુષે બંધનમાં રાખેલી છે એવી સ્ત્રીઓ, અને એ સિવાય પાપયોનયઃ — જેમનાં ભૂતકાળનાં કર્મોએ એમને હલકામાં હલકી યોનિમાં — પારિયા, ચાંડાલ વગેરે પંચમ વર્ગમાં જન્મ આપ્યો છે તે લોકોને પણ પોતાની આગળ પ્રભુનાં દ્વાર ખૂલી જતાં જણાય છે. આધ્યાત્મિક જીવનમાં સર્વ પ્રકારના બહારના ભેદો જેની માણસો ઘણી કિંમત આંકતા હોય છે — કારણ કે બહિર્મુખ મનના ઉપર એમની ઘણી દબાણકારક અસર થતી હોય છે — તે બધા ભેદો પ્રભુની દિવ્ય જ્યોતિની અને એક તટસ્થ શક્તિના વિશાળ સર્વશક્તિમાનપણામાં રહેલી સમાનતા આગળ લય પામી જાય છે.*

---

* अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ।। (૯,૩૦)
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।। (૯,૩૧)
मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रीयो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ।। (૯,૩૨)

દ્વૈતભાવમાં રત અને પ્રતિક્ષણ પ્રત્યક્ષ એવા નાશવંત સંબંધોમાં પુરાયેલું એવું પાર્થિવ જગત, માણસ એ બધી વસ્તુઓ પ્રત્યે આસકત રહે છે ત્યાં સુધી, અને એ વસ્તુઓના અજ્ઞાની કાર્યને પોતાના જીવનના નિયમ તરીકે સ્વીકારે છે ત્યાં સુધી, કલહ, દુ:ખ અને શોકથી ભરેલું રહે છે. મુકિતનો માર્ગ એ છે કે બહિર્મુખતામાંથી અંતર્મુખ થવું, સ્થૂલ જીવન જે દેખાવ પૂરતું સત્ય ઉત્પન્ન કરીને તેની અસર મનના ઉપર નાખે છે, તથા એણે ઉત્પન્ન કરેલા શોકઠામાં જીવનને અને દેહને બંધનમાં રાખે છે તેમાંથી આત્માની મુકિત દ્વારા પોતાનો આવિર્ભાવ કરવાને વાટ જોતા ઊભા રહેલા દિવ્ય સત્ય પ્રત્યે આપણે વળવું જોઈએ. જગત માટેનો પ્રેમ એ વેશ છે તેનું પ્રભુ પ્રત્યેના પ્રેમમાં એટલે કે એના સત્યમાં રૂપાંતર થવું જોઈએ. એક વાર પોતાના અંતરમાં રહેલ આ ગુપ્ત પ્રભુનું જ્ઞાન માણસને થાય છે અને તેને તે પ્રેમપૂર્વક ભેટે છે ત્યાર પછી માણસનું સમસ્ત અસ્તિત્વ અને જીવન એક પ્રકારની સમ્રાટ સમી ઊર્ધ્વ ગતિ અને આશ્ચર્યકારક રૂપાંતર અનુભવે છે. અધોગામી પ્રકૃતિનાં બાહ્ય કર્મ અને બાહ્ય દેખાવોમાં ગૂંથાઈ ગયેલા અજ્ઞાનને ઠેકાણે તેનાં ચક્ષુ સર્વત્ર પ્રભુનાં દર્શન કરશે, પ્રભુનું અદ્વૈત અને વિશ્વમયતા અનુભવશે. સર્વ આનંદમય પ્રભુના આનંદમાં જગતનાં શોક અને દુ:ખ લય પામી જશે. આપણી નિર્બળતા, સ્ખલનો અને પાપોનું રૂપાંતર થઈ જઈને તે સર્વનો પ્રેમપૂર્વક સ્વીકાર કરનાર, સર્વનું રૂપાંતર કરી નાખનાર એવા શાશ્વતનું સામર્થ્ય બનશે. તેનું સત્ય અને તેની પવિત્રતાનું રૂપ ધારણ કરશે. સામાન્ય ઐહિક જીવનમાંથી દિવ્ય જીવનમાં આરોહણ કરવા માટેનો માર્ગ આ છે : મનને પ્રભુની દિવ્ય ચેતના સાથે એક કરવું, આપણી ભાવપ્રધાન પ્રકૃતિને સર્વત્ર વ્યાપી રહેલા પ્રભુના પ્રેમમાં પલટાવી નાખવી, સર્વ વિશ્વોના સ્વામીને આપણાં સર્વ કર્મો એક યજ્ઞરૂપે અર્પણ કરવાં, અને આપણી સઘળી ભકિત અને અભીપ્સાને તેની એકમાત્ર આરાધના અને આત્મસમર્પણરૂપ બનાવવાં; ટૂંકમાં, આપણી સમગ્ર જાતને સંપૂર્ણપણે એક યોગની ક્રિયા તરીકે ઈશ્વર તરફ દોરવી. દિવ્ય પ્રેમ અને ભકિત વિષે ગીતાનો આ બોધ છે, જેમાં જ્ઞાન, કર્મ અને હૃદયની કામના એક પરમ સમન્વયમાં એકરસ બને છે, એમના બધા ભેદો ગળી જાય છે, એમનાં બધાં સૂત્રો પરસ્પર ગૂંથાય છે, એક ઉચ્ચ પ્રકારનો કીમિયો એમને ઓગાળી નાખે અને વિશાળ તાદાત્મ્યની ક્રિયા તેમને એક બનાવે છે.*

---

* अनित्यं असुखं लोकं इमं प्राप्य भजस्व माम् ।। (૯,૩૩)
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ।। (૯,૩૪)

ગીતાની પરમ વાણી

આપણે હવે ગીતાના યોગના સૌથી ઊંડા રહસ્યને, એના ઉપદેશના જીવંત અને ધડકતા સમગ્ર હૃદયને પહોંચી ગયા છીએ. આપણને હવે સ્પષ્ટપણે સમજાય છે કે જ્યારે મર્યાદિત અહં અને અધોમુખ પ્રકૃતિ તરફ પોતાની પીઠ ફેરવીને માનવનો આત્મા શાંત, નીરવ અને સ્થિર એવા અક્ષર બ્રહ્મમાં પ્રવેશ કરે છે ત્યારે ગીતાની યોગસીડીનું તે ફક્ત પહેલું પગથિયું ચડે છે, શરૂઆતની સ્થિતિને પ્રાપ્ત કરે છે. વળી છેક શરૂઆતથી ગીતા ઈશ્વરના ઉપર, — માનવના રૂપમાં રહેલા ઈશ્વરના ઉપર ,— આટલો બધો ભાર શા માટે મૂકે છે તે પણ અહીં આપણને સમજાય છે. માનવ-રૂપમાં વ્યક્ત થયેલો એ ઈશ્વર ગીતામાં 'અહં', 'મામ્' એમ પહેલી વિભક્તિનો પ્રયોગ કરીને બોલે છે ત્યારે જાણે કે પોતે કોઈ મહાન, ગૂઢ સર્વશક્તિમાન સત્-ના હોય, વિશ્વસમસ્તનો અને માનવના આત્માનો પ્રભુ હોય એ પ્રમાણે બોલે છે. વળી સદા પ્રશાંત અને અચલ, પ્રકૃતિના વિશ્વમાં આવી રહેલાં આંતર અને બાહ્ય એવાં સંસારનાં દૃશ્યોથી અસ્પર્શ્ય એવો જે અક્ષર છે તેનાથી પણ એ ઈશ્વર પોતે વધારે મહાન છે એમ કહે છે.

યોગ માત્ર એટલે પ્રભુ માટેની ખોજ, શાશ્વત સાથે મિલન કરવાનો પ્રયત્ન. પ્રભુનું અને શાશ્વતનું આપણું જ્ઞાન જેટલા પ્રમાણમાં પર્યાપ્ત હશે તે પ્રમાણેની આપણી ખોજ બનશે, તદનુસાર યોગની એટલે કે મિલનની ગહનતા અને પૂર્ણતા તથા સાક્ષાત્કારની સમગ્રતા આપણે પ્રાપ્ત કરી શકીશું. માનસિક પ્રાણી તરીકે માનવ પોતાના મર્યાદિત મનનો આશ્રય લઈને અનંતના પ્રત્યે ગતિ કરે છે. અને એણે પોતાના આ મર્યાદિત સાંતમાંથી અનંતના પ્રત્યે કોઈ દ્વાર ખુલ્લું કરવાનું હોય છે. એટલે એનું મન પોતાનામાં બરાબર ધારણ કરી શકે એવા કોઈ વિચારને, એવી કોઈ ભાવનાને શોધે છે. અને ત્યાર પછી પોતાની પ્રકૃતિની કોઈ એકાદ શક્તિને તે પસંદ કરે છે જેનો નિરપેક્ષ વિકાસ કરતાં કરતાં તે અનંતને પહોંચી જાય છે અને એ રીતે પોતાના મનની ગ્રહણશક્તિથી જે અનંત સત્ય પેલી પાર રહેલું છે તેને તે સ્પર્શી શકે છે. આ પ્રમાણે અનંત સત્યનું કોઈ એકાદ સ્વરૂપ જોવાનો તે પ્રયત્ન કરે છે, — અને એ સત્ય અનંત છે તેથી એનાં સ્વરૂપો પણ અસંખ્ય છે, એના અર્થને પ્રગટ કરનારા શબ્દો, એનાં પોતાનાં સૂચનો પણ અનેક છે, -- જેથી કરીને એ સ્વરૂપનો પોતાની સાથે સંબંધ જાળવી રાખી શકાય

અને પરિણામે જે અપરિમેય સત્યનું એ સ્વરૂપ છે તેને પ્રત્યક્ષ અનુભવ દ્વારા પ્રાપ્ત કરી શકાય. અનંત પ્રત્યે માનવને લઈ જનાર દ્વાર ગમે તેટલું સાંકડું ભલે હોય પણ જે વિશાળતા, જે અસીમતા આકર્ષતી હોય છે તેમાં એને પ્રવેશ કરવાની શક્યતા કે તક મળે, એના આત્માને જે અગાધ ઊંડાણ અને અતિદુર્ગમ શિખરો સાદ કરી રહેલાં હોય છે તેમના પ્રત્યેનો માર્ગ બતાવે, — એના પ્રત્યે એનાં પગલાં માંડી આપે તો એ પોતે સંતોષ માને છે. જે રીતે માનવ અનંત પ્રભુ પ્રત્યે જાય છે તે રીતે તે અનંત એનો સ્વીકાર કરે છે — યે યથા માં પ્રપદ્યન્તે (૪.૧૧).

હ્રિલસૂફી પ્રત્યે ઢળેલું મન જ્યારે શાશ્વત પરબ્રહ્મની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે ત્યારે વિચારપ્રધાન જ્ઞાનનો આશ્રય લઈને તે આગળ વધે છે. જ્ઞાનનું મુખ્ય કાર્ય ગ્રહણ કરવાનું છે અને મર્યાદિત બુદ્ધિનું જ્ઞાન એટલે વ્યાખ્યા કરવાનું અને નિર્માણ કરવાનું કાર્ય. પરંતુ પરબ્રહ્મ પોતે અનિર્મેય છે, તેનું માપ કાઢવા માટેનો એકમાત્ર ઉપાય — નેતિ નેતિ — "આ નહિ" "તે નહિ" — એ પ્રમાણેનો વિશ્વવ્યાપી ઇન્કાર જ છે. તેથી કરીને જ્યારે મન શાશ્વત પરમનો ખ્યાલ બાંધવાની શરૂઆત કરે છે ત્યારે તેમાંથી ઇન્દ્રિયો, ભાવ અને બુદ્ધિથી મર્યાદિત થાય એવું જે કાંઈ હોય છે તે સઘળાને બાતલ કરી નાખે છે. આ રીતે આત્મા અને આત્મા નહિ તે, એમ બે વસ્તુઓ વચ્ચે વિરોધ ઊભો થાય છે, — એક શાશ્વત, અક્ષર, અનિર્દેશ્ય એવી આત્મ-સત્-તા અને એ સત્-તાએ ધારણ કરેલાં સર્વ રૂપો એ બેની વચ્ચે, — બ્રહ્મ અને માયા વચ્ચે, અનિર્વચનીય પરમ વાસ્તવિકતા અને એને વ્યકત કરવા પ્રયત્ન કરનાર, પણ વ્યકત કરવા અસમર્થ — એવી સઘળી વસ્તુઓ વચ્ચે, કર્મ અને નિર્વાણ વચ્ચે, — સતત ચાલુ, પરંતુ સદા નાશવંત એવી વિશ્વની શકિતનાં કાર્ય અને ભાવના, તથા એ કર્મનો અને એ ભાવનાનો નિરપેક્ષ, પરમ ઇન્કાર જેમાં જીવન, મન અને ક્રિયાત્મક સાર્થકતા સર્વેનો અભાવ હોય છે એ બેની વચ્ચે સંપૂર્ણ વિરોધ જાગે છે. શાશ્વત પરબ્રહ્મ પ્રત્યે જ્ઞાનની જે સમર્થ ગતિ થાય છે તેને પરિણામે, નાશવંત એવી સઘળી વસ્તુઓથી તે દૂર ને દૂર જાય છે. એવું જ્ઞાન જીવનનો ઇન્કાર કરે છે જેથી કરીને પોતે જીવનનું મૂળ શોધી કાઢી શકે, — આપણું જે દૃશ્ય સ્વરૂપ છે તે બધું આપણાથી દૂર કરી દે છે જેથી કરીને આપણી પોતાની અપૌરુષેય અને નામ વગરની અનામી વાસ્તવિકતાને આપણે પ્રાપ્ત કરી શકીએ. હૃદયની કામનાઓ, સંકલ્પશકિતનાં કર્મો તથા મનના વિચારો સઘળાંનો પરિત્યાગ કરવામાં આવે છે. આખરે જ્ઞાનનો પોતાનો ઇન્કાર કરવામાં આવે છે અને જ્ઞેય અને એકમેવમાં જ્ઞાન લય પામી જાય છે. ધીમેધીમે ચેતનાની સ્થિરતામાં વધારો થતાંથતાં આખરે નિરપેક્ષ નિષ્ક્રિયતામાં તે પરિણમે છે અને એ રીતે આપણા મને ઉત્પન્ન કરેલા જીવાત્માનો, અથવા તો સંસ્કારોના જે પોટલાને "આપણી જાત" કહીએ છીએ તેનો, નિર્વાણ થઈ જાય છે, એનો પોતાની

વ્યક્તિતાનો ખ્યાલ ઓગળી જાય છે, જીવનરૂપી મિથ્યા વસ્તુનો અંત આવે છે અને તે પોતે નિર્વાણમાં લય પામી જાય છે.

પોતાપણાનો પરિત્યાગ કરવાની આ વિચારપ્રધાન પદ્ધતિ પ્રત્યે અપવાદરૂપ ગણાય એવી પ્રકૃતિવાળા કેટલાક માણસો ભલે આકર્ષાય, પરંતુ માણસમાં રહેલા દેહધારી આત્માને એ પદ્ધતિ સર્વત્ર સંતોષ આપી શકશે નહીં, કારણ કે પૂર્ણતાવાળા શાશ્વત પરબ્રહ્મ પ્રત્યે એની સંકુલ પ્રકૃતિનું જે આકર્ષણ છે તેને સમગ્રભાવે એ ઉપાય સંતોષતો નથી. ચિંતનશીલ અને અંતરનું અમૂર્ત સત્ત્વ જુદું કરવામાં રાચનારી એવી કેવળ બુદ્ધિ નહિ પરંતુ પ્રેમ માટે ઝંખતું હૃદય, સક્રિય સંકલ્પશક્તિ તથા જે સત્યની પ્રાપ્તિને માટે એનું પોતાનું અને જગતનું અસ્તિત્વ અનેક પાસાવાળી ચાવી રૂપ હોય એવા કોઈ સત્યની શોધ કરતું બહિર્મુખ માનસ, એ બધા ભાગો પણ શાશ્વતને પ્રાપ્ત કરવા માટે, અનંતને પહોંચવા માટે પ્રયત્ન કરતા હોય છે અને એ અનંતમાં પોતાનું દિવ્ય મૂળ રહેલું હોય છે તેને શોધતા હોય છે, તથા પોતાના જીવનની અને પ્રકૃતિની સકારણતા પ્રાપ્ત કરવા મથે છે. આ પ્રકારની માનવપ્રકૃતિની સંકુલ જરૂરમાંથી ભક્તિ અને કર્મપ્રધાન ધર્મોનો ઉદય થયો છે. એ ધર્મોની શક્તિ, એમનું સામર્થ્ય એ છે કે આપણી માનવતામાં જે શક્તિઓ સૌથી વધારે સક્રિય છે અને વિકાસ પામેલી છે તેમને તે પ્રભુ પ્રત્યે દોરે છે અને સંતોષ આપે છે; એ શક્તિઓનો આશ્રય લઈને આરંભ કરે તો જ જ્ઞાન પણ અસરકારક થઈ શકે છે. સ્વાનુભવ લેનાર અંતરાત્માનો અને વસ્તુનિષ્ઠ બાહ્ય જગત બંનેનો કઠણ અને નિરપેક્ષ ઈન્કાર કરનાર બૌદ્ધ ધર્મને પણ કર્મના દિવ્ય સાધનમાર્ગના ઉપર પોતાની પ્રતિષ્ઠા કરવી પડી હતી અને ભક્તિને ઠેકાણે વિશ્વપ્રેમ અને કરુણા યાને દયા જેવી આધ્યાત્મિક સ્વરૂપવાળી ભાવપ્રધાન પ્રવૃત્તિનો સ્વીકાર કરવો પડયો હતો, કારણ કે એ પ્રમાણે કરવાથી જ માનવજાતિને માટે એ માર્ગ એક સફળ માર્ગ, — સાચી રીતે મુક્ત કરનાર એક ધર્મ — બની શકે તેમ હતું. માયાવાદમાં સર્વ કર્મ પ્રત્યે તથા માનવમનનાં સઘળાં સર્જનો પ્રત્યે એક પ્રકારની બુદ્ધિથી ન સમજાય એવી અસહિષ્ણુતા રહેલી છે તે છતાં એને પણ માનવના વ્યક્તિતત્વમાં, વિશ્વમાં તથા જગતમાં રહેલા ઈશ્વરમાં વ્યાવહારિક અને તાત્કાલિક સત્ય રહેલું છે એમ સ્વીકારવું પડયું હતું, જેથી કરીને એને પગ મૂકવાનું સ્થાન મળે તથા વ્યવહારુ આરંભનું બિંદુ હાથમાં આવે. માયાવાદ જેનો ઈન્કાર કરે છે તે વસ્તુઓનો એને સ્વીકાર કરવો પડયો જેથી કરીને માનવ જે અજ્ઞાનના બંધનમાં છે તે કાંઈક અંશે વાસ્તવિક બંધન બને તથા એનો મુક્તિ માટેનો પ્રયત્ન પણ કાંઈક વજૂદવાળો બને.

કર્મ અને ભક્તિપ્રધાન ધર્મોની નિર્બળતા એ હોય છે કે એ ધર્મો પ્રભુના કોઈ વ્યક્તિસ્વરૂપમાં, કોઈ ઈષ્ટ સ્વરૂપમાં, અનંતના કોઈ દિવ્ય ગુણમાં અતિશય

લીન થઈ જાય છે. અને એ ધર્મોને અનંત ઈશ્વરનો ખ્યાલ હોય છે તોપણ તે આપણને સંપૂર્ણ જ્ઞાનનો સંતોષ આપી શકતા નથી, કારણ કે જ્ઞાનની આખરી અને પરાત્પર ગતિને તેઓ છેવટ સુધી અનુસરતા નથી હોતા. શાશ્વત પરબ્રહ્મમાં એ ધર્મો સંપૂર્ણ લય પામતા નથી તથા સંપૂર્ણ તાદાત્મ્યને પરિણામે જે પરિપૂર્ણ યોગ થાય છે તેમાં પણ કાંઈક બાકી રહી જાય છે. અને છતાં, એ પ્રકારનું તાદાત્મ્ય અને યોગ, જ્ઞાનના ચિંતનશીલ માર્ગનો આશ્રય લઈને નહિ તો બીજા કોઈ માર્ગે પણ માનવે એક દિવસ તો પ્રાપ્ત કરવો પડશે, કારણ કે સર્વ પ્રકારના અદ્વૈતનો પાયો એ તાદાત્મ્યમાં રહેલો છે. ધ્યાન અને ચિંતનનો આશ્રય લેનાર નિવૃત્તિપ્રધાન જ્ઞાનમાર્ગની નિર્બળતા એ છે કે એમાં એક પ્રકારની નિરપેક્ષ અમૂર્તતાનું પ્રમાણ ઘણું વધારે હોય છે અને એવી અમૂર્તતા વડે પરિણામ લાવવામાં આવે છે. એ માર્ગે આખરે માનવનો આત્મા એક અસત્-વસ્તુ, એક મિથ્યા વસ્તુ, અથવા તો એક કલ્પિત પદાર્થ બની જાય છે. અને છતાં એ મિથ્યા ગણાતા માનવ-આત્માની અભીપ્સા જ સઘળો સમય પરમ શાશ્વત સાથે એકતા કરવાને, એટલે કે યોગ કરવાને મથી રહી હોય છે; કારણ કે માનવ-આત્મા અને તેની અભીપ્સા વિના 'મુક્તિ' અને 'યોગ' વગેરે વસ્તુઓનો કશો જ અર્થ નથી. જીવનની બીજી શક્તિઓનો થોડો ઘણો સ્વીકાર કરનારી વિચારસરણીને આ જ્ઞાનવાદી દૃષ્ટિ આરંભની પ્રાથમિક અને ઊતરતા પ્રકારની ક્રિયા માટે ઉપયોગી તરીકે ગણે છે; પરંતુ શાશ્વત પરમ અનંતમાં એ શક્તિઓ સંપૂર્ણ કે સંતોષકારક સાક્ષાત્કારને કદી પ્રાપ્ત કરી શકે તેમ નથી એમ તે માને છે. અને છતાં જે શક્તિઓને તે આ પ્રમાણે અયોગ્ય રીતે દબાવે છે, મર્યાદિત કરે છે તે શક્તિઓ, —સમર્થ સંકલ્પ-શક્તિ, પ્રેમની ઊંડી ઝંખના, સચેતન માનસિક સત્‌નો ભાવાત્મક પ્રકાશ અને સર્વને પોતાનામાં સમાવી લે એવી સહજ જ્ઞાનની સ્ફુરણા — માનવની મૌલિક શક્તિઓ છે અને એની દિવ્યતાના આદિ મૂળ રૂપ પ્રભુમાં એ શક્તિઓની કોઈ પ્રકારની સાર્થકતા જરૂર રહેલી હોવી જોઈએ અને એમનામાં પોતાની સાર્થકતા સિદ્ધ કરવાનો ક્રિયાત્મક માર્ગ પણ હોવો જોઈએ. એ શક્તિઓ અનંતને પ્રાપ્ત કરવાની જે નિરપેક્ષ માગણી કરે છે તેને પ્રભુના જ્ઞાનમાંથી બાતલ કરવામાં આવે તો તે કદી પણ સર્વાંગીણ, સંપૂર્ણ કે સૌ કોઈને સંતોષે એવું નહિ હોય. જે જ્ઞાન પોતાની અસહિષ્ણુ ત્યાગવૃત્તિથી દોરાઈને, અથવા તો, શુષ્ક જ્ઞાનના અભિમાનને લઈને એ શક્તિઓની માગણી પાછળ રહેલી આધ્યાત્મિક વાસ્તવિકતાની અવગણના કરે છે તે જ્ઞાન પૂર્ણ, સિદ્ધ અને સર્વ રીતે સંતોષપ્રદ હોતું નથી.

ગીતાના કેન્દ્રવર્તી વિચારની અંદર એના વિચારતત્ત્વના સઘળા વાણા-તાણાઓ ભેગા મળે છે, અને એક બને છે. એ કેન્દ્રવર્તી વિચારની મહત્તા એ છે કે એમાં વિશ્વમાં વ્યક્ત થયેલા માનવ-આત્માની સમગ્ર પ્રકૃતિનો સ્વીકાર કરનાર

સમન્વયનું તત્ત્વ રહેલું છે, તથા એક, પરમ, અનંત સત્ય, શક્તિ, પ્રેમ કે દિવ્ય સત્ જેના પ્રત્યે પૂર્ણતા અને અમરતા માટે શોધ કરતાં,—કોઈ આનંદ, શક્તિ અને શાંતિની પરાકાષ્ઠા માટે પ્રયત્ન કરતાં — આપણી માનવતા અભિમુખ બને છે તેની બહુ શાખાવાળી અભીપ્સાને તે પોતાના વિશાળ અને જ્ઞાનસંપન્ન એકીકરણ વડે સપ્રમાણ ઠરાવે છે. અહીં ઈશ્વર, માનવ અને વિશ્વ એ ત્રણે વિષે વિશાળ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુ સ્થાપન કરવા માટે સમર્થ અને ઉદાર પ્રયત્ન ગીતા કરે છે. અલબત્ત, એમ નથી કે આ અઢાર અધ્યાયોમાં બધું જ — કોઈ પણ વસ્તુના અપવાદ વગર — આવી જાય છે અને કોઈ પણ આધ્યાત્મિક કોયડો ઉકેલવાનો બાકી રહેતો જ નથી. પરંતુ અહીં જે યોજનાનો પાયો નંખાયો છે તે એટલી વિશાળ છે કે આપણે એમાં નવા વિચારો પૂરવાના રહે છે, અમુક વસ્તુઓનો આપણે પોતે વિકાસ કરી લેવાનો છે, અમુકમાં ફેરફાર કરવાનો છે, અમુકના ઉપર ભાર દેવાનો છે, તો કોઈકોઈ જગોએ મુદ્દાઓને અનુસરીને નિર્ણયો તારવવાના છે, સૂચનોનો પ્રયોગ કરવાનો છે અને જે અસ્પષ્ટ છે તેને પ્રકાશિત કરવાનું છે અને એમ કરીને આપણી બુદ્ધિની માગણી તથા આત્માની જરૂરને આપણે સંતોષવાની છે. પોતાના જે પ્રશ્નો છે તેમાંથી ગીતા પોતે નવો જ ઉકેલ આપણને બતાવતી નથી. જે વિશાળતા ગીતાને સાધવી છે તેને માટે ઉપનિષદમાં રજૂ થયેલા અસલ વેદાંતના સિદ્ધાંતોની પાછળ રહેલા ઊંડાણમાં તે જાય છે; કારણ કે ત્યાં આપણને દિવ્ય તત્ત્વ, માનવ અને વિશ્વનું સૌથી વિશાળ અને સૌથી ગહન એવું સમન્વયાત્મક દર્શન જોવા મળે છે. ઉપનિષદોમાં રહેલું જે દર્શન સહજ જ્ઞાનના પ્રકાશિત બીજ રૂપે છે, અને પ્રતીકાત્મક વાચામાં રજૂ થયેલું હોવાથી બુદ્ધિને માટે અવિકસિત છે તેને ગીતા મીમાંસાના બુદ્ધિપ્રધાન વિચાર રૂપે અને સ્પષ્ટ અનુભૂતિ રૂપે આપણી સમક્ષ રજૂ કરે છે.

પોતાના સમન્વયની યોજનામાં અમૂર્તતાના ચિંતકોની બુદ્ધિમાં 'અનિર્દેશ્ય' — સદા અવ્યકત અને અક્ષર એવા પરમ તત્ત્વ માટે જે જિજ્ઞાસા રહેલી હોય છે તેનો ગીતા સ્વીકાર કરે છે. એ અનિર્દેશ્ય, અક્ષરની શોધ કરનારાઓ પણ પુરુષોત્તમને, — મામ્, — પરમાત્માને — સર્વના ઈશ્વરને જ પ્રાપ્ત કરે છે. કારણ કે એ શાશ્વતની પોતાની સત્-તાની સ્વયંભૂ રીતિ ખરું જોતાં **અચિન્ત્ય** રૂપ — જેનું મનથી ચિંતન ન થઈ શકે તેવી છે, એટલે કે તે કલ્પનાતીત સત્ છે, — ભાવાત્મક સત્-તા છે, સર્વ નિરપેક્ષતાઓનો પણ કેવળ સાર હોઈ બુદ્ધિનાં સર્વ નિર્માણોથી અને વ્યાખ્યાઓથી સદા પર રહેલી છે. અભાવાત્મક અક્રિયતા, સ્થિરતા, કર્મ અને જીવનનો ત્યાગ વગેરે પદ્ધતિઓ જેનો આશ્રય લઈને માણસો એ અસ્પર્શ્ય નિરપેક્ષ પરબ્રહ્મની શોધ કરતા હોય છે તેનો ગીતાની ફિલસૂફી સ્વીકાર કરે છે અને સપ્રમાણ ગણે છે. પરંતુ એની એ મંજૂરી ગૌણ પ્રકારની

અને એક છૂટના જેવી છે. સર્વનો ઇન્કાર કરનારું એ જ્ઞાન સત્યની એક બાજુનો આશ્રય લઈને શાશ્વત પરમની સમીપ જાય છે અને એ બાજુ પણ દેહધારી આત્મા માટે ઘણી જ મુશ્કેલી ભરેલી છે, અને એનું અનુસરણ કરવું પણ અતિ કઠણ છે. — **कष्टं देहवद्भिरवाप्यते** । (૧૨.૫) એ માર્ગ ઘણો જ વિશિષ્ટ અને એક રીતે વધારે પડતી કઠણાઈઓવાળો છે, — '**क्षुरस्य धारा निशिता दुरत्यया** — અસ્ત્રાની ધારના જેવો અણિદાર અને ચાલવાને માટે મુશ્કેલીભરેલો છે. સર્વ સંબંધોનો ઇન્કાર કરવાથી નહિ પરંતુ સર્વ સંબંધો દ્વારા, અનંત પ્રભુ માનવને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે, તથા એમના દ્વારા સૌથી વધારે સહેલાઈથી, વિશાળતાપૂર્વક, અને અંતરંગ રીતે માનવ તેને ગ્રહણ કરી શકે છે. વિશ્વમાં રહેલા માનવના માનસિક, પ્રાણમય તથા સ્થૂલ — અન્નમય જીવન સાથે પરબ્રહ્મ, શાશ્વત, કથા પણ સંબંધ વગરનો — **अव्यवहार्यं** છે, એ સત્ય વિશાળમાં વિશાળ કે ઉત્તમોત્તમ સત્ય નથી. તેમ, **व्यवहार** — એટલે કે સંબંધોમાં રહેલું સત્ય, વસ્તુ-ઓમાં વ્યવહારલક્ષી જે સત્ય હોય છે તે, — પરમાર્થનો, — એટલે કે ઉત્તમોત્તમ આધ્યાત્મિક સત્યનો — સંપૂર્ણપણે વિરોધી હોય છે એવું પણ નથી. ઊલટું, પરમ શાશ્વત હજારોહજાર સંબંધો દ્વારા આપણા માનવજીવન સાથે સંપર્કમાં અને યોગમાં રહેલું છે, અને આપણી પ્રકૃતિના અને વિશ્વ-પ્રકૃતિના સઘળા ભાવો વડે — **सर्वभावेन** એ સંબંધને ઇન્દ્રિયગ્રાહ્ય, અને એ યોગને આપણા અંતરાત્મા, હૃદય, સંકલ્પબુદ્ધિ અને દિવ્ય તત્ત્વને માટે વાસ્તવિક બનાવી શકાય તેમ છે. એટલા માટે, આ માર્ગ માણસને માટે — **सुखं आप्तुम्** — સ્વાભાવિક અને સહેલો છે. ઈશ્વર પોતા પ્રત્યેનો માર્ગ આપણે માટે મુશ્કેલ બનાવે છે એવું નથી. એને માટે એક જ વસ્તુની જરૂર છે, એક જ વસ્તુ માટે માગણી કરવામાં આવે છે : આપણા અજ્ઞાનના આવરણને ભેદવા માટે અવ્યભિચારી, અદમ્ય સંકલ્પ તથા પ્રાણ, હૃદય અને મન એમ સઘળાં કરણો દ્વારા પ્રભુને માટે સર્વાંગી અને સતત ખોજ યાને માગણી. એ પ્રભુ સઘળો સમય આપણી સમીપ હોય છે, આપણા અંતરમાં રહેલો છે, આપણા આત્માનો પણ આત્મા છે, આપણામાં રહેલું આધ્યાત્મિક સારસત્ત્વ છે, આપણા વ્યક્તિત્વનું અને બિનંગતતાનું રહસ્ય છે, — આત્માનું અને એની પ્રકૃતિનું રહસ્ય છે. આપણી મુશ્કેલી આ માગણી પૂરી કરવા પૂરતી છે. બાકીનું બધું આપણા જીવનનો સ્વામી પ્રભુ પોતે સંભાળશે અને સિદ્ધ કરશે — **अहं त्वा मोक्षयिष्यामि मा शुचः** । (૧૮.૬૬) 'હું તને મુક્ત કરીશ, તું શોક કર નહીં.'

ગીતાના સમન્વયના ઉપદેશમાં જે ભાગ શુદ્ધ જ્ઞાનમાર્ગના પ્રત્યે સૌથી વધારે ઢળે છે તેમાં પણ આપણે જોયું છે કે ગીતા ઉપર જણાવેલા વધારે સંપૂર્ણ સત્યને માટે તથા વધારે અર્થગંભીર અનુભૂતિ માટે સતત તૈયારી કરતી હોય છે.

ખરું જોતાં, સ્વયંભૂ અક્ષરના સાક્ષાત્કારને ગીતા જે સ્વરૂપ આપે છે તેમાં પણ એ વસ્તુ અધ્યાહાર રહેલી જણાય છે. એ સર્વ અસ્તિત્વમાં વ્યાપી રહેલ અક્ષર-બ્રહ્મ પ્રકૃતિનાં કાર્યોમાં કોઈ પ્રકારની સક્રિય દખલગીરી કરતું નથી પરંતુ તેનાથી તટસ્થ રહે છે એમ લાગે છે; પરંતુ એ કારણે સર્વ પ્રકારના સંબંધથી તે વર્જિત છે તથા સર્વ સંબંધથી દૂર-સુદૂર રહે છે એ સાચું નથી. એ અક્ષર આપણો સાક્ષી છે, ભર્તા છે; એ નીરવ અને અપૌરુષેય એવી અનુમતિ પણ આપે છે. એનામાં તટસ્થ આનંદ ભોગવવાની પણ શક્તિ હોય છે. સ્થિર સ્વયંભૂ સત્‌માં માનવનો આત્મા એકાગ્ર થાય છે ત્યારે પણ પ્રકૃતિની અનેક શાખાવાળી પ્રવૃત્તિ શક્ય હોય છે : કારણ કે સાક્ષી-પુરુષ પોતે જ અક્ષર પણ હોય છે, અને પુરુષ-ચેતનાને હમેશાં પ્રકૃતિની સાથે કાંઈ ને કાંઈ સંબંધ જરૂર હોય છે. પરંતુ હવે આ બેવડા સ્વરૂપનું, નીરવતા અને પ્રવૃત્તિનું અસલ કારણ તેના સંપૂર્ણ અર્થસહિત આપણને જણાવવામાં આવે છે, કારણ કે એ નીરવ, સર્વવ્યાપી આત્મા દિવ્ય સત્‌ની વાસ્તવિકતાની એક બાજુ છે, એનું એક સ્વરૂપ છે. એક અવિકારી આત્મા તરીકે જગતમાં જે વ્યાપીને રહેલો છે તથા એના સર્વ વિકારોને ટેકો આપતો હોય છે તે જ આત્મા માનવમાં રહેલો દેવ છે, પ્રત્યેક પ્રાણીના હૃદયમાં બિરાજતો પ્રભુ છે, વાસુદેવ છે, આપણા 'સ્વ'કેન્દ્રિત આવિર્ભાવોનું તથા અંતર પ્રત્યે વળેલ અને બહિર્મુખ એવા કર્મનું એ પ્રભુ પોતે જ સચેતન કારણ છે, એ જ એમનો સ્વામી છે. જ્ઞાનની ખોજ કરનાર જેને 'બ્રહ્મ' કહે છે તે અને યોગીનો 'ઈશ્વર' બન્ને એક જ વસ્તુ છે, તે જ એક પરમ અને વિશ્વમય આત્મા છે, એક પરમ વિરાટ ઈશ્વર છે.

આ ઈશ્વર તે ઘણા બહિર્લક્ષી ધર્મોનો હોય તેવો મર્યાદિત અને વ્યક્તિરૂપ ઈશ્વર નથી, કારણ કે એ બધાં એનાં વ્યક્તિસ્વરૂપો આ મૌલિક ઈશ્વરનાં આંશિક અને બાહ્ય સ્વરૂપો છે. એ ઈશ્વર સર્જક અને શાસક છે અને પોતાની સત્‌-તાના સંપૂર્ણ સત્યની વ્યક્તિતાવાળી બાજુ તે પ્રગટ કરે છે. એ ઈશ્વર જ એક અને પરમ પુરુષ છે, અંતરાત્મા છે, સત્‌-તા છે, સર્વે દેવો એનાં જ સ્વરૂપો છે, એ પરમેશ્વરનો વિશ્વપ્રકૃતિમાં એક પ્રકારનો મર્યાદિત આત્મવિસ્તાર એ જ સર્વ પ્રકારની વ્યક્તિતાને પ્રગટ કરે છે. આ પરમેશ્વર એટલે બુદ્ધિએ ઘડેલું, યા તો ભક્તિની કોઈ વિશિષ્ટ અભીપ્સાને મૂર્ત કરનારું ભગવાનનું કોઈ એક વિશિષ્ટ નામ કે રૂપ, કોઈ ઈષ્ટ દેવતા છે એમ સમજવાનું નથી. સઘળાં નામો અને રૂપો એક જ દેવની શક્તિઓ અને પાસાંઓ છે, એ સર્વ ધર્મોનો અને સર્વ ભક્તોનો દેવ છે : આ ઈશ્વર તે દેવાધિદેવ, દેવોનો પણ દેવ છે. આ ઈશ્વર એટલે નિર્વૈયક્તિક અને અનિર્દેશ્ય એવા બ્રહ્મનું ભ્રમ ઉત્પન્ન કરનાર આભામાં પડેલું પ્રતિબિંબ નથી, કારણ કે વિશ્વાતીત એવી પોતાની પરાત્પરતામાંથી તથા વિશ્વની અંદર નિવાસ કરીને

એ ઈશ્વર સર્વનું શાસન કરે છે, એ જ વિશ્વોનો અને પ્રાણીઓનો પ્રભુ છે. એ પરબ્રહ્મ પોતે જ પરમેશ્વર છે કારણ કે એ પરમ આત્મા છે, દિવ્ય તત્ત્વ છે, પોતાની અસલ સત્-તામાંથી તે આ વિશ્વનું સર્જન અને શાસન કરે છે, — પોતે ભ્રમમાં પડીને નહીં, પરંતુ પોતાના સર્વજ્ઞ એવા સર્વશક્તિમાનપણાનો આશ્રય લઈને. વળી, એની દિવ્ય પ્રકૃતિનું વિશ્વમાં જે કાર્ય થાય છે તે એની કે આપણી ચેતનાની માયાજાળ નથી. નિમ્ન પ્રકૃતિનું અજ્ઞાન એ જ એકમાત્ર ભ્રમ કરનારી માયા છે. એ પણ કાંઈ એકમેવ અને નિરપેક્ષ કેવળની અસ્પર્શ્ય પૃષ્ઠભૂમિ ઉપર અસત્ વસ્તુઓનું સર્જન કરનારી શક્તિ નથી, પરંતુ એનું પોતાનું કાર્ય અંધ, મર્યાદિત અને બાધિત હોવાથી જીવનની ગૂઢ વાસ્તવિકતાઓને, એની વધારે મહાન ગતિરેખાને, અહંનાં અને મનનાં, પ્રાણનાં તથા અન્નનાં, અપર્યાપ્ત સ્વરૂપોમાં તે માનવ-મનના આગળ ખોટી રીતે રજૂ કરે છે. એક પરમ અને દિવ્ય પ્રકૃતિ છે જે આ વિશ્વનું સર્જન કરનારી ખરી શક્તિ છે. સર્વ પ્રાણીઓ અને સર્વ પદાર્થો એક જ દિવ્ય સત્ના આવિર્ભાવો છે; સમગ્ર જીવન એક જ ઈશ્વરની શક્તિનું કાર્ય છે, સમગ્ર પ્રકૃતિ એક જ અનંતની અભિવ્યક્તિ છે. માનવમાં રહેલ દેવ પણ એ જ છે, જીવ તે પ્રભુનો દિવ્ય અંશ છે. વિશ્વમાં રહેલો દેવ પણ તે જ છે; અને કાલ અને દિશામાં પ્રગટ થઈ રહેલ આ જગત દૃશ્ય વાસ્તવિકતા રૂપે એનો પોતાનો જ આત્મવિસ્તાર છે.

જીવનના અને જીવનથી પર વસ્તુના આ વિશાળ દર્શનમાં ગીતાનો યોગ એની અપ્રતિમ વિશાળતા અને એકાગ્ર અર્થવત્તાને પામે છે. આ પરમ દેવાધિદેવ વિશ્વમાં જે કાંઈ છે તે સર્વનો અવિકારી અને અવિનાશી આત્મા છે. એટલે એ અવિકારી અને અવિનાશી આત્માના આધ્યાત્મિક જ્ઞાન પ્રત્યે માનવે જાગ્રત થવાનું છે અને એના પોતાના આંતર-જીવનને પોતાના એ આધ્યાત્મિક સત્ય સાથે એકરૂપ કરવાનું છે. માનવના અંતરમાં પણ એ જ દેવ રહેલો છે અને માનવનાં સર્વ કાર્યોને એ સર્જે છે અને દોરે છે. એટલા માટે માનવે પોતાના અંતરમાં રહેલા દિવ્ય તત્ત્વ પ્રત્યે જાગ્રત થવાનું છે, પોતાની અંદર વાસ કરી રહેલ વાસુદેવને તેણે જાણવાનો છે, એ પ્રભુની આડે આવનાર આવરણોથી અને એને અંધકારમાં રાખનાર સર્વ વસ્તુઓથી માનવે પર થવાનું છે. અને એ રીતે પોતાનામાં રહેલા આત્માના પણ અંતરતમ આત્મા સાથે, પોતાની ચેતનાની પાછળ રહેલી એ વધારે મહાન ચેતના જોડે, પોતાના સંકલ્પના અને કર્મના એ ગુપ્ત સ્વામી જોડે તેણે એકતા કરવાની છે. એ પ્રભુ જ એની અંદરની સત્-તા છે જે એના સર્વે આવિર્ભાવોનું મૂળ અને તેમનું લક્ષ્ય પણ છે. એ અંતરાત્મા પોતે જ પ્રભુ છે પરંતુ એની દિવ્ય પ્રકૃતિ, — જેમાંથી આપણું સમગ્ર જીવન ઉત્પન્ન થયું છે તે — આપણી પ્રકૃતિના વધારે અધોમુખ ગોણ પ્રકારોથી આચ્છાદિત થઈ ગઈ છે.

તેથી કરીને માનવે પોતાનું અધોમુખ દૃશ્ય જીવન જે અપૂર્ણ અને મરણશીલ છે તેમાંથી પોતાની મૌલિક અસલ પ્રકૃતિ જે પૂર્ણતા અને અમરતાવાળી છે તેને પ્રાપ્ત કરવી જોઈએ. જે કાંઈ અસ્તિત્વમાં છે તે સઘળી વસ્તુઓમાં આ પરમાત્મા એકરૂપે રહેલો છે, સર્વમાં વસનાર આત્મા પણ તે જ છે. અને જે આત્માની અંદર સૌ કોઈ અને સર્વ વસ્તુ જીવે છે અને ગતિ કરે છે તે પરમાત્મા પણ એ જ છે. તેથી કરીને માણસે સર્વ પ્રાણીઓ સાથે પોતાની આધ્યાત્મિક એકતા પ્રાપ્ત કરવી જોઈએ, એણે પણ સર્વને પોતાના આત્મામાં જોવાનાં છે, અને સર્વ વસ્તુઓમાં આત્માનાં દર્શન કરવાનાં છે; એટલું જ નહિ, પરંતુ સર્વ પ્રાણીઓને અને પદાર્થોને આત્મારૂપે — आत्मौपम्येन सर्वत्र — સર્વત્ર જોવાનાં છે, તથા પોતાનાં મન, સંકલ્પ અને જીવનરૂપી સર્વે કરણોમાં એ દર્શન પ્રમાણે વિચાર, ભાવ અને કર્મમાં પ્રવૃત્ત થવાનું છે. એ પ્રભુ અહીં આ વિશ્વમાં અથવા તો અન્યત્ર જે કાંઈ છે તેનું આદિ મૂળ છે, અને પોતાની દિવ્ય પ્રકૃતિનો આશ્રય લઈને તે આ અસંખ્ય ભૂતો રૂપે પ્રગટ થયો છે — अमूत् सर्वं भूतानि — (ઈશ) તેથી કરીને, જડ અને ચેતન સર્વે પદાર્થ-પ્રાણીઓમાં માણસે તેને જોવો જોઈએ, અને તેની ભક્તિ કરવી જોઈએ, — સૂર્યમાં, તારામાં અને ફૂલમાં, માનવમાં અને પ્રત્યેક સચેતન પ્રાણીમાં, સર્વે રૂપોમાં અને શક્તિઓમાં, પ્રકૃતિના ગુણોમાં અને શક્તિઓમાં તેણે वासुदेवः सर्वम् इति — સઘળું વાસુદેવ છે એ પ્રમાણે દર્શન કરવું જોઈએ અને તેની ભક્તિ કરવી જોઈએ. શરૂઆતમાં દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય સહાનુભૂતિ વડે અને આખરે અંતરની સમર્થ એકતા વડે માણસે સમગ્ર વિશ્વ સાથે પોતાની ચેતના એક કરીને વિશ્વમયતા પ્રાપ્ત કરવી જોઈએ: એક પ્રકારની નિષ્ક્રિય અવ્યવહાર્ય એકતા હોઈ શકે છે, પરંતુ તેમાં પ્રેમને અને કર્મને સ્થાન નથી હોતું. જ્યારે ઉપર જણાવી તે સક્રિય વિશ્વમયતા વધારે વિશાળ, વધારે સમૃદ્ધ હોય છે અને કર્મમાં અને વિશુદ્ધ ભાવ વડે તે પોતાની સાર્થકતા પ્રાપ્ત કરે છે. એ તાદાત્મ્ય, એ અદ્વૈત આપણાં સર્વે કર્મોનું અને ભાવોનું મૂળ બને છે, એમને ધારણ કરનાર ધર્તા, તથા એનું સત્ત્વ પણ એ જ હોય છે તથા તેના હેતુ અને દિવ્ય સકારણતા પણ એ જ હોય છે. कस्मै देवाय हविषा विधेम — (ઋગ્વેદ) 'કયા દેવને આપણું સમગ્ર જીવન અને આપણી પ્રવૃત્તિઓ આહુતિ તરીકે આપણે અર્પણ કરીશું?' આ અંતરાત્મામાં સર્વત્ર રહેલો દેવ, — સર્વમાં વસી રહેલો વાસુદેવ — આપણી પાસેથી આપણા જીવનરૂપી યજ્ઞની માગણી કરી રહ્યો છે. નિષ્ક્રિય અને અવ્યવહાર્ય એવી પ્રભુ સાથેની એકતામાંથી ભક્તિનો અને આરાધનાનો આનંદ બાતલ થઈ જાય છે. પરંતુ આ સમૃદ્ધ, વધારે સંપૂર્ણ અને વધારે નિકટતાવાળા યોગનો આત્મા, એનું જીવંત હૃદય અને એની પરાકાષ્ઠા તો ભક્તિ હોય છે. એ પ્રભુમાં સર્વ સંબંધોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે, પ્રત્યેક પ્રાણીનો

તે પિતા, માતા, પ્રણયી, સુહૃદ, આશ્રય — થાને શરણ છે. એ એક પરમ દેવ છે, આત્મા, પુરુષ, બ્રહ્મ અને ઈશ્વર વગેરે નામે રહેલો ગૂઢ જ્ઞાનનો જ્ઞેય તે જ છે. એણે પોતાની અંદર આ સઘળું વિશ્વ, તેના સર્વે પ્રકારો સહિત પોતાના દિવ્ય યોગથી પ્રગટ કરેલું છે; એમાં જે અસંખ્ય પ્રાણીઓ છે તે એ પ્રભુમાં એકરૂપ છે અને એ પ્રાણીઓ રૂપી સર્વ જુદાંજુદાં સ્વરૂપોમાં તે એકરૂપે રહેલો છે. એના આવિર્ભાવના સર્વ પ્રકારોમાં એકીવખતે એનું દર્શન કરવું એ પ્રભુના દિવ્ય યોગની માનવમાં પ્રગટ થતી પ્રક્રિયા છે.

પોતાના ઉપદેશનું આ સંપૂર્ણ અને પરમ સત્ય છે એ વસ્તુ પૂરેપૂરી અને કોઈ પણ પ્રકારનો સંદેહ ન રહે એ પ્રમાણે સ્પષ્ટ કરવા માટે દિવ્ય અવતારે પોતે જે જ્ઞાન આપવાનું વચન આપ્યું હતું તે સમગ્ર પ્રકારનું જ્ઞાન આ જ છે એવી ખાતરી કરી આપવા માટે દિવ્ય અવતાર, પોતે અત્યાર સુધીમાં જે કાંઈ કહેલું છે તેનો સાર આપીને 'આ જ — બીજી નહીં — પોતાના બોધની પરમં વચ: । એનું ઉત્તમોત્તમ રહસ્ય છે' એમ જાહેર કરે છે. 'ફરીથી મારી પરમ વાચાને સાંભળ' — ભૂય એવ શૃણુ મે પરમં વચ: (૧૦.૧) આપણે અહીં જોઈ શકીએ છીએ કે ગીતાની આ પરમ વાચામાં શાશ્વત પરમની ઉત્તમોત્તમ ભક્તિ અને જ્ઞાન રહેલાં છે. એટલે કે અસ્તિત્વમાં જે કાંઈ છે તે સર્વનાં દિવ્ય મૂળ રૂપે પ્રભુનું અને આ સમગ્ર વિશ્વોનો અને લોકોનો સમર્થ સ્વામી જેના એ સર્વે આવિર્ભાવો છે તેનું જ્ઞાન અને તેની ભક્તિ એ વાચામાં નીતરે છે. આ વસ્તુ અહીં પહેલી વાર, સ્પષ્ટ અને અસંદિગ્ધપણે જાહેર કરવામાં આવી છે. બીજું, એ વાચામાં જ્ઞાન અને ભક્તિની સંપૂર્ણ એકતા સિદ્ધ કરવી એ જ પરમ યોગ છે એમ પણ કહેવામાં આવ્યું છે. શાશ્વત પરમાત્મા સાથે યોગ કરવા માટે એ જ્ઞાનભક્તિનો માર્ગ નિર્મિત છે અને સ્વાભાવિક છે. જ્ઞાન પ્રત્યે અભિમુખ, પ્રભુપ્રેરિત, પ્રભુનિર્મિત એવાં કર્મોના પાયા રૂપ તથા કર્મ કરવા માટે પ્રેરણા આપનાર એવી ભક્તિનું મૂલ્ય કેટલું તો ઊંચું છે, કેટલું મહાન છે એ વસ્તુ સ્પષ્ટ કરવા માટે અહીં મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. એમ કરતાં પ્રભુની સર્વાંગીણ પ્રાપ્તિનો માર્ગ કેવો છે એ પણ સ્પષ્ટ થઈ જાય છે. વળી દિવ્ય ગુરુ શ્રીકૃષ્ણ જાણે છે અને અર્જુન આગળ સ્પષ્ટ કરે છે કે શિષ્યના હૃદય અને બુદ્ધિ બન્ને તરફથી પ્રભુના સમગ્ર સ્વરૂપના સાક્ષાત્કારનો આદર્શ સ્વીકારાય તો જ એનો આધ્યાત્મિક વિકાસ થાય. માનવકરણરૂપી અર્જુનને છેવટે અહીં કર્મ કરવાનો આદેશ આપવામાં આવે છે. 'તારું કલ્યાણ કરવાની કામનાથી પ્રેરાઈને આ પરમ વાચા હું તને સંભળાવીશ કારણ કે તારું હૃદય મારામાં આનંદ લેતું થયું છે' — તે પ્રિયમાણાય વક્ષ્યામિ (૧૦.૧). કારણ કે માનવ-હૃદયમાં પ્રભુ માટે થતો આ આનંદ એ જ સાચી ભક્તિનું સમગ્ર તત્ત્વ છે, તેનો સાર છે, — ભજન્તિ પ્રીતિપૂર્વકમ્ (૧૦.૧૦)

જેવો આ પરમ વાચાનો ઉદ્‌ગાર થાય છે તેવો જ અર્જુન પાસે એનો સ્વીકાર પણ પ્રગટપણે કરાવવામાં આવે છે. અને પ્રકૃતિની સઘળી વસ્તુઓમાં પ્રભુને કેવી રીતે જોવો એ વિષે અર્જુન શ્રીકૃષ્ણને પ્રશ્ન પણ પૂછે છે. એના એ પ્રશ્નમાંથી જ એકદમ અને સ્વાભાવિક રીતે જાણે કે, પ્રભુના વિશ્વરૂપ-દર્શનનું પ્રકરણ વિકાસ પામે છે અને વિશ્વમાં પ્રભુનું કાર્ય કરવાનો ભવ્ય આદેશ અર્જુનને આપવામાં આવે છે.

અસ્તિત્વના સમગ્ર રહસ્યના ગૂઢમાં ગૂઢ અંગ તરીકે ગીતા પરમાત્માના એક વ્યાપક અને વિશાળ ખ્યાલના ઉપર ભાર મૂકે છે, અને એ પરમાત્માનું જ્ઞાન મુક્તિ આપે છે એમ જણાવે છે. ગીતાના પરમાત્માના ખ્યાલમાં કાલના પ્રવાહમાં ગતિ કરી રહેલા આ વિશ્વનો આવિર્ભાવ તથા એ વિશ્વથી પર—વિશ્વાતીત, એવી શાશ્વત સત્-તા એ બેની વચ્ચે સામાન્ય રીતે જે વિરોધ માનવમનમાં હોય છે તેને દૂર કરીને,—બેમાંથી એકકેયનો ઈન્કાર કે ત્યાગ કર્યા વિના—એ બેમાંથી એકકેયની વાસ્તવિકતામાંથી કશું પણ બાતલ કર્યા વિના, ગીતા એ બેની વચ્ચે એક સેતુ બાંધી આપે છે. આપણા આધ્યાત્મિક ચિંતનમાં અને અનુભૂતિમાં દૃઢ થયેલા સર્વેશ્વરવાદ, આસ્તિકવાદ અને ઊંચામાં ઊંચો પરાત્પરવાદ, એ ત્રણેનો ગીતા સમન્વય કરી આપે છે, પ્રભુ શાશ્વત છે, અજન્મા છે, એનું કોઈ મૂળ નથી. એનાથી પૂર્વે હોય, એનાથી પહેલાં વિદ્યમાન હોય, એવું કાંઈ નથી જેમાંથી એની ઉત્પત્તિ થઈ છે. કારણ કે એ પોતે એકમેવ, કાલથી અતીત અને કેવલ છે. 'મારા જન્મને દેવો કે ઋષિઓ કોઈ જાણતા નથી.' न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः । (૧૦.૨) પછી यो मामजमनादिं च वेत्ति । (૧૦-૩) 'જે મને અજ અને અનાદિ તરીકે જાણે છે.' એ પ્રમાણે 'परमं वचः' ની શરૂઆત થાય છે. પ્રભુની એ વાચા અભય વચન આપે છે કે જે જ્ઞાન તે પ્રગટ કરે છે તે મર્યાદાની વાડ ઊભી કરનારું નથી, તેમ કેવળ બુદ્ધિજન્ય પણ નથી, પરંતુ પવિત્ર અને આધ્યાત્મિક હોઈ મર્ત્ય માનવને સર્વ પ્રકારના મોહથી તથા પાપનાં, દુઃખનાં અને અશુભનાં બંધનોથી મુક્ત કરનારું છે. यो वेत्ति असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते । (૧૦-૩) એ જ્ઞાન બુદ્ધિ વડે પ્રાપ્ત થઈ શકે તેવું નથી, કારણ કે એ પરાત્પર પ્રભુનું 'સ્વ-રૂપ' અને એની દિવ્ય 'પ્રકૃતિ'—જે પરમ શાશ્વત વિષે આપણે એવી ભાષાનો પ્રયોગ કરી શકીએ તો આપણા મનની શક્તિ વડે અચિન્ત્ય રૂપ છે—ચિંતન કરી શકાય તેવાં નથી. એ આધ્યાત્મિક જ્ઞાનના પ્રકાશમાં જે માનવ પોતાની કાયમ સ્થિતિ સ્થાપન કરી શકે છે તે આ વિશ્વના ઈન્દ્રિય-પ્રત્યક્ષ અને વિચારપ્રધાન ઘડતરોથી ઊર્ધ્વમાં આરોહણ કરે છે. એવો માનવ અનિર્વચનીય અને સર્વને વટાવી જનાર,—અને છતાં સર્વને કૃતાર્થ કરનાર—

એવી તાદાત્મ્યની એટલે કે અદ્વૈતની શક્તિને પ્રાપ્ત કરે છે જે આ વિશ્વથી પેલે પાર તથા અહીં આ વિશ્વમાં એમ બન્ને ભૂમિકાઓમાં એક જ રહે છે. પરાત્પર એવા અનંતનો આ આધ્યાત્મિક સાક્ષાત્કાર સર્વેશ્વરવાદના તત્ત્વની મર્યાદાઓને તોડી નાખે છે. આ વિશ્વમાં અદ્વૈત વિલસે છે, એ સિદ્ધાંતમાં અનંતનો — સચ્ચિદાનંદનો — જે વિચાર રહેલો છે તે પ્રમાણે ઈશ્વર અને આ વિશ્વ બન્ને એકરૂપ બને છે, એટલે કે એ વિચારમાં પ્રભુને એના પોતાના વિશ્વરૂપી આવિર્ભાવમાં પૂરી રાખવાનો, મર્યાદિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તથા પ્રભુનું જ્ઞાન મેળવવા માટે એકમાત્ર સાધન તરીકે આ વિશ્વરૂપી આવિર્ભાવ જ આપણી પાસે રહે છે. પરંતુ વિશ્વથી જે પર, એવા અનંતનો સાક્ષાત્કાર આપણને કલાતીત અને દિશાથી પર એવા શાશ્વત સચ્ચિદાનંદની મુક્તિ આપે છે. અર્જુન પણ પોતાના ઉત્તરમાં બોલી ઊઠે છે : 'न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः। (૧૦-૧૪)—'હે ભગવાન, દેવો કે દાનવો બેમાંના કોઈ પણ તારા આવિર્ભાવને જાણતા નથી.' આ સમસ્ત વિશ્વ, અથવા તો એવાં અસંખ્ય વિશ્વો એ પરમાત્માનો આવિર્ભાવ કરી શકે તેમ નથી, એની અનિર્વચનીય જ્યોતિને તથા અનંત મહિમાને ધારણ કરી શકે તેમ નથી. ઊતરતી કક્ષાના પ્રભુના જ્ઞાનના જે અન્ય પ્રકારો છે તે બધા આ વિશ્વના આવિર્ભાવથી અતીત, અનિર્વચનીય એવા પરાત્પર પુરુષોત્તમની વાસ્તવિકતાના ઉપર આધાર રાખે છે તેથી તેઓ સત્ય ઠરે છે.

પરંતુ પ્રભુ પરાત્પર છે એનો અર્થ તે એક અભાવ છે, — તેનામાં અભાવાત્મકતા છે એવો થતો નથી, અથવા તો, એ એવા પ્રકારનો નિરપેક્ષ પરમાત્મા નથી જેમાં આ વિશ્વ સાથેના સઘળા સંબંધો ગેરહાજર હોય. પરાત્પર રૂપે પરમાત્મા ભાવાત્મકતાની પરાકાષ્ઠા છે, સર્વ નિરપેક્ષનો પણ એ નિરપેક્ષ છે, કેવલનો પણ કેવલ છે. વિશ્વના સર્વે સંબંધો અને વ્યવહારો એ પરાત્પરમાંથી ઉદ્‌ભવે છે. વિશ્વનાં સર્વ પ્રાણીઓ અને પદાર્થો પરાત્પરમાં પાછાં ફરે છે અને કેવળ એની અંદર પોતાના સાચા અને અપરિમેય જીવનને પ્રાપ્ત કરે છે. 'કારણ કે સર્વ પ્રકારે અને સર્વશઃ દેવોનું અને ઋષિઓનું આદિ કારણ હું છું.' (૧૦-૨) દેવો એટલે આ વિશ્વની 'સ્વ'નિષ્ઠ અને વસ્તુનિષ્ઠ એવી શક્તિઓનું અધિષ્ઠાન કરનાર, એ શક્તિઓને સભાનપણે વ્યાપીને રહેનાર એવી પ્રભુની અમર શક્તિઓ અને વ્યક્તિ-સ્વરૂપો. દેવો એટલે એ શાશ્વત અને આદિ દેવનાં આધ્યાત્મિક સ્વરૂપો, આ વિશ્વની અનેક પ્રક્રિયાઓની અંદર ઊતરીને એનું કાર્ય કરનાર શક્તિઓ. અનેક સંખ્યાવાળા અને વિશ્વવ્યાપી એ દેવો સત્-તાનાં પ્રાથમિક તત્ત્વોમાંથી તથા એનો સહસ્ર શાખાવાળી જટિલતામાંથી તે એક પરાત્પરના વિવિધતાવાળા અસ્તિત્વનો પટ વણે છે. એ

દેવોનું સમસ્ત જીવન, એમની પ્રકૃતિ, એમની શક્તિ તથા પ્રક્રિયા — સઘળું એના એકેએક તત્ત્વમાં અને રીતિમાં, એકેએક તાણામાં અને વાણામાં એ અનિર્વચનીય પરાત્પરના સત્યમાંથી પ્રગટે છે. અહીં આ વિશ્વમાં સ્વતંત્રપણે કાંઈ જ ઉત્પન્ન થતું નથી, એ દેવો પોતે સ્વપર્યાપ્તપણે કાંઈ જ કરતા નથી. સર્વ વસ્તુઓનું મૂળ, આદિ કારણ, એમના જીવનનું પ્રથમ આધ્યાત્મિક કારણ અને જીવનનો સંકલ્પ એ નિરપેક્ષ, પરમ, પરાત્પર પુરુષોત્તમમાં રહેલું છે— अहं आदिः सर्वशः । (૧૦-૨) વિશ્વમાં જે કાંઈ છે તેમાંની કોઈ વસ્તુનું સાચું કારણ આ વિશ્વની અંદર રહેલું નથી; સઘળું એ પરમ પરાત્પર સત્-તામાંથી પ્રગટે છે.

·· મહર્ષિઓ જેમને વેદમાં તેમ ગીતામાં અહીં 'સાત આદિ ઋષિઓ'—महर्षयः सप्त पूर्वे (૧૦-૬) કહેવામાં આવ્યા છે, આ વિશ્વના સાત આદિ પુરુષો તે દિવ્ય જ્ઞાનની શક્તિનાં સ્વરૂપો છે. એ આદિ જ્ઞાનશક્તિઓ—પ્રજ્ઞા પુરાણીએ પોતાની સચેતન અનંતતામાંથી સર્વ વસ્તુઓનો વિકાસ કર્યો છે, — એ વિકાસ તેણે પોતાના અસલ સાત તત્ત્વો સુધી ઊતરીને છેક જડ તત્ત્વ સુધી સાધેલો છે. વેદમાં જેને सप्त ऋषयः કહેલ છે તે સર્વધારક, સર્વપ્રકાશક, સર્વનો આવિર્ભાવ કરનાર સાત આદિ ધીનાં એ ઋષિઓ મૂર્તસ્વરૂપ છે.— ઉપનિષદો પણ સર્વ વસ્તુઓ સપ્તકમાં ગોઠવાયેલી છે એમ सप्त सप्त કહે છે. આ સાત આદિ ઋષિ-ઓની સાથે ચાર સનાતન મનુઓ — એટલે કે માનવજાતિના પિતાઓ પણ જોડાયેલા છે — કારણ કે પ્રભુની સક્રિય પ્રકૃતિ ચતુર્વ્યૂહવાળી છે અને માનવજાતિના પ્રાકૃતિક બંધારણમાં માનવ પણ એ ચતુર્વ્યૂહ પ્રકૃતિને પ્રગટ કરે છે. આ ચાર મનુઓ એમનાં નામ પ્રમાણે ચાર માનસિક સત્-તાઓ છે. તેઓ આ જીવનના સૃષ્ટા છે જેનો આધાર પ્રગટ કે પ્રચ્છન્ન રીતે મનસ્તત્ત્વના ઉપર રહેલો છે. એમનામાંથી આ સર્વે જીવંત પ્રાણીઓ સૃષ્ટિમાં ઉત્પન્ન થયાં છે. બધાં જ એમનાં બાળકો છે, પ્રજા છે — येषां लोक इमाः प्रजाः । (૧૦-૬) અને આ સપ્ત મહર્ષિઓ અને ચાર મનુઓ પરમ પુરુષના* સનાતન માનસિક આવિર્ભાવ રૂપે છે તથા પરમ પુરુષની આધ્યાત્મિક પરાત્પરતામાંથી આ વિશ્વની પ્રકૃતિમાં પ્રગટ થયેલા છે. એ મનુઓ આ વિશ્વના સૃષ્ટાઓ છે, પરંતુ આ વિશ્વમાં જે કોઈ સર્જે છે તે સઘળાનું મૂળ એ પરમ પરાત્પર પોતે છે. આત્માનો આત્મા, અંતરાત્માનો અંતરતમ આત્મા, સર્વ મનનું પણ જે મન છે, પ્રાણનો પણ પ્રાણ છે, સર્વરૂપનો જે પદાર્થ, યાને સત્ત્વરૂપ વસ્તુ છે તે આ પરાત્પર છે. પરંતુ એ નિરપેક્ષ પ્રભુ આપણે જે કાંઈ છીએ તેનો સંપૂર્ણ વિરોધ

---

* मद्भावा मानसा जाताः (૧૦,૬)

કરનાર વસ્તુ નથી, અપિતુ આપણી અને આ વિશ્વની સત્-તાનાં અને પ્રકૃતિનાં સર્વે તત્ત્વોને અને શકિતઓને ઉત્પન્ન કરનાર અને એમને પ્રકાશ આપનાર એ કેવલ છે.

આપણા અસ્તિત્વનું આ પરાત્પર, વિશ્વાતીત મૂળ આપણાથી સંપૂર્ણપણે વિચ્છેદની સ્થિતિમાં નથી તથા એનામાંથી જે પ્રાણીઓ ઉદય પામે છે તેમનો એ અસ્વીકાર કરતું નથી, અથવા તો, તેઓ માયાનાં મિથ્યા રૂપો બની જાય એવી સજા તેમને કરતું નથી. એ પોતે આદિ સત્ છે, આ વિશ્વસમસ્ત એનો આવિર્ભાવ છે, એની અભિવ્યકિત છે. તેઓ વિશ્વનું સર્જન કરે છે તે કાંઈ અભાવમાંથી કે શૂન્યમાંથી, યા તો સ્વપ્નના અવાસ્તવિક મૂળમાંથી કરતો નથી. તે પોતાનામાંથી સૃષ્ટિ સર્જે છે, પોતાની અંદર પોતે આવિર્ભાવ પામે છે. સર્વ કાંઈ એની સત્-તામાં છે અને સઘળું એની સત્-તાનો ભાગ છે, અંશ છે. આ વિચારમાં રહેલું સત્ય સર્વેશ્વરવાદની દૃષ્ટિનો સ્વીકાર કરે છે અને તેને વટાવી જાય છે. **વાસુદેવ: સર્વમ્** વાસુદેવ સર્વ છે, એટલે કે વિશ્વમાં જે કાંઈ દૃશ્યમાન છે તે સઘળું વાસુદેવ છે એ ખરું, પરંતુ એનું કારણ એ છે કે વિશ્વમાં જે દૃશ્યમાન નથી, જેનો કદી આવિર્ભાવ થયો નથી તે પણ એ વાસુદેવ છે. એ પરાત્પરની સત્-તા એના આવિર્ભાવથી કોઈ રીતે મર્યાદિત થતી નથી. વિવિધ વ્યવહારોવાળા આ વિશ્વથી તે જરા પણ બંધનમાં પડતો નથી. તે સર્વ પ્રકારના આવિર્ભાવમાં પ્રગટ થયા છતાં પોતે પરાત્પર રહે છે; એ પોતે અંતવાળાં રૂપો ધારણ કરે છે તોપણ સદા અનંત રહે છે. પ્રકૃતિનું મૂળ જોતાં એના અસલ સ્વરૂપમાં એ પરાત્પરની જ આધ્યાત્મિક શકિત છે, એની જ 'આત્મશકિત' છે. પરાત્પરની એ આત્મશકિત આવિર્ભાવના ગૂઢ અંતર પ્રદેશમાં સૌથી પહેલાં અનંત પ્રાથમિક ગુણોનો વિકાસ કરે છે અને પછી તેમને રૂપ અને કર્મની બનેલી બાહ્ય સપાટી ઉપરની સૃષ્ટિમાં ફેરવી નાખે છે. પ્રકૃતિના અંતરના ઊંડાણમાં એનું જે ગહન અને દિવ્ય સ્વરૂપ રહેલું છે તેમાં પ્રત્યેક પદાર્થનું જુદું અને સઘળા પદાર્થોનું સમૂહાત્મક, સમષ્ટિવાળું સત્ય પહેલું આવે છે. અને એ સત્ય પ્રકૃતિના ગહન તાદાત્મ્યને લીધે ઉત્પન્ન થયેલું હોઈ એનામાં રહેલી ગહન એકતાનું પરિણામ હોય છે. બાહ્ય પ્રકૃતિમાં ગુણનું અને પ્રકૃતિનું જે ચૈતસિક સત્ય હોય છે તેમાં જે સપ્રમાણ હોય છે તે સઘળાનો આધાર એ આધ્યાત્મિક સત્યના ઉપર રહે છે. આવશ્યકતાની દૃષ્ટિએ ઓછામાં ઓછું, અને અનુક્રમમાં છેવટનું એવું બાહ્ય સ્વરૂપનું અને કર્મનું — વસ્તુનિષ્ઠ — સત્ય પ્રકૃતિના એ અંતરના ગુણમાંથી આવે છે, અને અહીં આ વિશ્વની બાહ્ય વ્યવસ્થામાં અસ્તિત્વનાં જે વિકારી સ્વરૂપો દેખાય છે તે સઘળાં પણ તેના ઉપર આધાર રાખે છે.

અથવા બીજી રીતે કહીએ તો, સ્થૂલ બાહ્ય ઘટના કેવળ અંતરાત્માની શક્તિઓના અંશોના સરવાળાની અભિવ્યક્તિ હોય છે, અને એ અંશો એમના બાહ્ય સ્વરૂપના કોઈ આધ્યાત્મિક કારણમાંથી પ્રગટ થતા હોય છે.

પ્રકૃતિનો આ અંતવાળો બાહ્ય આવિર્ભાવ દિવ્ય અનંતને પ્રગટ કરનારી દૃશ્ય વાસ્તવિકતા છે. એ અનંતની અનેક શક્યતાઓમાંથી ચૂંટી કાઢેલા સંયોગોનો ગૌણ અને વિકારી વિકાસ તે પ્રકૃતિ છે. અવિદ્યામય પ્રકૃતિ તે એ પ્રકૃતિનું ગૌણ સ્વરૂપ છે. અસલ સત્‌ના અને આવિર્ભાવના મૌલિક અને ચૈતસિક ગુણમાંથી — એટલે કે સ્વભાવમાંથી — વિકાસ પામેલ હોવાથી રૂપના અને શક્તિના, કર્મ અને ગતિના એ સંયોગો અમુક મર્યાદિત સંબંધ માટે,— વ્યવહાર માટે — અને વિશ્વની સમગ્ર એકતામાં પરસ્પર અનુભવ લેવા માટે અસ્તિત્વમાં આવેલા હોય છે. વસ્તુઓના આ પ્રકારના બાહ્ય, અધોગામી અને દૃશ્ય અનુક્રમમાં ઈશ્વરને પ્રગટ કરનાર શક્તિ તરીકે પ્રકૃતિ વિકૃત બની જાય છે, કારણ કે વિશ્વવ્યાપી અજ્ઞાનના તમોગ્રસ્ત વિકારો એમાં પ્રવેશ કરે છે અને આપણા (માનવના) માનસિક અને પ્રાણમય અનુભવ માટેની જડતા-પ્રધાન, ભેદ અને અહંતાવાળી પ્રકૃતિની જે રચના છે તેમાં કાર્ય કરતાં પ્રકૃતિમાં જે દિવ્ય અર્થ રહેલો છે તે નાશ પામે છે. પરંતુ આમ હોવા છતાં, એ નિમ્ન પ્રકૃતિમાં પણ સઘળું આવે છે તો પરમ પુરુષોત્તમમાંથી જ. એટલે સઘળું પરાત્પરનો જ પ્રભવ એટલે જન્મ છે, એનો જ ભાવ એટલે આવિર્ભાવ છે, એનો જ ક્રમવિકાસ છે. પ્રકૃતિના કાર્ય દ્વારા પરાત્પરમાંથી ક્રમ-વિકાસની પ્રક્રિયાનો આરંભ થાય છે- — **अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।** (૧૦.૮) 'હું સર્વનો જન્મ છું, અને મારી અંદરથી સઘળું કર્મ અને ગતિના વિકાસ રૂપે પ્રગટે છે.' આ વસ્તુ આપણે જેને સારું કહીએ છીએ અથવા તો દિવ્ય તરીકે વખાણીએ છીએ અને સ્વીકારીએ છીએ, જે જ્યોતિર્મય છે, સાત્ત્વિક છે, નીતિમય છે, શાંતિદાયક છે, આધ્યાત્મિક રીતે આનંદકારી છે તેને લાગુ પડે છે એટલું જ નથી; એટલે કે 'બુદ્ધિ, જ્ઞાન, અજ્ઞાનના સંમોહમાંથી મુક્તિ, સત્ય, સંયમ, તથા સ્થિરતા, અહિંસા, સમતા, સંતોષ, તપ અને દાન' (૧૦.૪-૫) વગેરે સાત્ત્વિક ક્રિયાઓને લાગુ પડે છે એટલું જ નથી; પરંતુ એનાથી જે વસ્તુઓ વિરુદ્ધ છે તેમને પણ તે સરખી રીતે લાગુ પડે છે, એટલે કે જેનાથી માણસનું મન અજ્ઞાનમાં ગૂંચવાઈ જાય છે, ભ્રમિત થાય છે તે વસ્તુઓને ઉ.ત. 'સુખ અને દુઃખને, જન્મ અને વિનાશને, ભય અને અભયને, કીર્તિ અને અપકીર્તિને, (૧૦.૪-૫) પણ લાગુ પડે છે. એટલે કે આપણી નાડીઓના અને ઈન્દ્રિયોના સંસ્કારો ઉપર આધાર રાખનારી માનસિક બુદ્ધિશક્તિ અને એમનો સ્વીકાર કરનાર અજ્ઞાની સ્વાનુભવ કરનારી ચેતના એ

બેની જે પરસ્પર ગૂંચવણ થયા કરતી હોય છે, તેમના દ્વારા પ્રકાશ અને અંધકારનું પરસ્પર કાર્ય-પ્રતિકાર્ય ચાલતું હોય છે, તેને અને એમની મારફત જે બીજા હજારો દોરાઓ એકબીજા સાથે ગૂંચવાઈ જઈને દુઃખનો અનુભવ કરાવતા હોય છે છતાં સતત ઉત્તેજના પણ આપ્યા કરતા હોય છે તેમને પણ એ વાત લાગુ પડે છે. એક મહાન દિવ્ય તત્ત્વનો આવિર્ભાવ થઈ રહ્યો છે તેની અંદર આ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું એની ભેદવાળી વિવિધતા રૂપે જુદીજુદી સત્-તાઓનો સ્વાનુભવપ્રધાન આવિર્ભાવ અને એ આવિર્ભાવોની પાછળ રહેલી સત્-તા અને એમનો જન્મ એ સઘળા આવિર્ભાવોથી પર એવા પરાત્પરમાંથી આવે છે. પરાત્પર પુરુષોત્તમ એ સઘળી વસ્તુઓને જાણે છે અને ઉત્પન્ન કરે છે, પરંતુ એ વિવિધતાના પોતાના જ્ઞાનની જાળમાં પોતે પકડાતો નથી, તથા પોતાના સર્જનથી પોતે હારી જતો નથી. અહીં મૂ ક્રિયાપદનાં જે ત્રણ રૂપોનો ભારદર્શક પ્રયોગ થયેલો છે તે આપણે ધ્યાનમાં રાખવા જેવો છે: — भवन्ति भावा भूतानाम् . (૧૦.૫) જે કાંઈ અસ્તિત્વમાં છે તે સઘળું પ્રભુના આવિર્ભાવરૂપ છે, 'ભૂતાનિ' છે. સઘળા પ્રકારની સ્વાનુભવવાળી સ્થિતિઓ અને ગતિઓ પ્રભુની અને પ્રભુના આવિર્ભાવરૂપ ભૂતોના 'ભાવ' છે, અને આપણી સ્વાનુભવવાળી સામાન્ય ચેતનાવસ્થાઓ અને તેનાં પરિણામો તથા ઊંચામાં ઊંચી આધ્યાત્મિક સ્થિતિઓ — સર્વે પરમ સત્ નો પોતાનો આવિર્ભાવ છે. *भवन्ति भावा, भूतानां मत्त एव. (૧૦-૫) ગીતા સત્-તા અને આવિર્ભાવ, सत् અને भवत् વચ્ચેના ભેદને સ્વીકારે છે અને તેના પર ભાર મૂકે છે ખરી, પરંતુ એ બેને એકબીજાના વિરોધી તરીકે તે ગણતી નથી. કારણ કે એમ કરવું એટલે તો સમગ્ર વિશ્વની જે એકતા છે તેનો અસ્વીકાર કરવો જ ગણાય. પોતાની પરાત્પરતામાં પ્રભુ એક અને અદ્વિતીય છે, વસ્તુઓને આધાર આપનાર આત્મા છે, એની વિશ્વપ્રકૃતિની એકતામાં તે એકરૂપ છે. આ ત્રણે — પરાત્પર, વ્યક્તિ અને વિશ્વ — એક જ પરમ દેવ છે. સઘળું તે એક પરમ દેવમાંથી ઉદ્ભવે છે, એની સત્-તામાંથી પ્રગટે છે, જે કાંઈ છે તે સઘળું પરમબ્રહ્મનો શાશ્વત, સનાતન અંશ છે, યા તો કાલ અને દિશામાં તેનો આવિર્ભાવ છે. જો આપણે ગીતાના ઉપદેશનું અનુસરણ કરીએ તો પ્રભુની પરાત્પરતામાં, નિરપેક્ષ કેવળમાં આપણે સર્વ વસ્તુઓના સંપૂર્ણ નિષેધની નહિ, પરંતુ તેમના રહસ્યની ચાવીની, એમના અસ્તિત્વનો સમન્વય સાધી

---

* સરખાવો — ઉપનિષદ : आत्मा एव अभूत् सर्वभूतानि—"આત્મા સર્વ ભૂતોરૂપ બન્યો છે." એ શબ્દોમાં સ્વયંભૂ સત્ આ સર્વ ભૂતોને રૂપે આવિર્ભાવ પામે છે એ અર્થ આવી જાય છે.

આપનાર કોઈ ભાવાત્મક રહસ્યની આશા રાખવી જોઈએ.

પરમ અનંતનું એક બીજું સત્ય પણ રહેલું છે જેનો મુક્તિદાયક જ્ઞાનના એક અનિવાર્ય તત્ત્વ તરીકે આપણે સ્વીકાર કરવાનો છે. એ સત્ય આ છે : પોતાની પરાત્પરતામાંથી પ્રભુની દૃષ્ટિ આ વિશ્વ પ્રત્યે ઢળેલી છે, તથા આ વિશ્વના સંચાલનમાં પ્રભુની વ્યાપક અને ગાઢ સન્નિધિ રહેલી છે. જે પરમ શાશ્વત સર્વ સર્જનરૂપ થાય છે, — અને છતાં તેનાથી પોતે અનંત પ્રકારે પર રહે છે, — તે પોતાની સૃષ્ટિથી અલગ એવું સંકલ્પહીન કારણ નથી. પરમ શાશ્વત પોતાની વિશ્વશક્તિનાં આ સર્વે પરિણામોની જવાબદારીનો અસ્વીકાર કરનાર, એટલે કે અનિચ્છાપૂર્વક ઉત્પત્તિ કરનાર સૃષ્ટા નથી. અથવા તો ભ્રમણા ઉત્પન્ન કરનાર, પોતાનાથી તદ્દન જુદી એવી માયાની ચેતનાનો તે એ વસ્તુઓના ઉપર પ્રક્ષેપ કરતો નથી, અથવા તો, કોઈ યાંત્રિક જડ નિયમને આધારે કે કોઈ દેવના હાથમાં કે પ્રકાશ અને અંધકારના પરસ્પર વિરોધી તત્ત્વોના હાથમાં તેને સદાને માટે છોડી દે છે એવું પણ નથી. શાશ્વત પરમ પ્રભુ અલગ અને ઉદાસીન સાક્ષી માત્ર નથી, એટલે કે આ વિશ્વસમસ્ત પોતાને સંપૂર્ણપણે મિટાવી દે, અથવા તો, એના અક્રિય અસલ તત્ત્વમાં પાછું આવીને ભળે ત્યાં સુધી હાથ જોડીને વાટ જોનાર એવો એ સાક્ષી નથી. આ સર્વે લોકનો એ સમર્થ પ્રભુ છે, સર્વલોક — મહેશ્વર છે; અને આ વિશ્વના ઉપર એ શાસન કરે છે તે કેવળ અંતરથી જ નહિ, પરંતુ ઊર્ધ્વમાંથી એટલે એની પરમ પરાત્પરતામાં રહીને કરે છે. વિશ્વથી પર ન હોય, વિશ્વથી અતીત ન હોય એવી શક્તિ આ વિશ્વનું શાસન કરી શકે નહીં. પ્રભુનું દિવ્ય શાસન એટલે સર્વશક્તિમાન ઈશ્વરની મુક્ત સત્તા,— નહિ કે આપોઆપ કાર્ય કરી રહેલ કોઈ બળ, અથવા તો આ વિશ્વની બાહ્ય પ્રકૃતિથી મર્યાદિત થએલ એવો નિર્મિત આવિર્ભાવ કરનાર જડ નિયમ. આસ્તિકની દૃષ્ટિએ વિશ્વનું દર્શન આ પ્રકારનું છે, પરંતુ એ આસ્તિકતા વિશ્વના વિરોધોથી દૂર નાસતી એવી ડગમગતી આસ્તિકતા નથી. એ દૃષ્ટિ ઈશ્વરને સર્વજ્ઞ અને સર્વશક્તિમાન તરીકે જુએ છે, એ જ એકમાત્ર અને આદિ સત્ છે, સર્વમાં, એટલે કે જે કાંઈ છે તે સઘળી વસ્તુઓમાં, — ઇષ્ટ અને અનિષ્ટમાં, સુખ અને દુઃખમાં — સારા અને નરસામાં, પ્રકાશ અને અંધકારમાં,—તે પોતાનાં જ સત્ત્વનો પોતાની અંદર આવિર્ભાવ કરે છે. અને પોતાની અંદર એણે જે આવિર્ભાવ કર્યો છે તેનું શાસન એ પોતે જ કરે છે. વિશ્વના વિરોધોથી એ પ્રભુ અસ્પૃષ્ટ છે, પોતાના સર્જનથી તે પોતે બંધાતો નથી, પ્રકૃતિથી પોતે પર હોવા છતાં પ્રભુ ગાઢ સંબંધથી પ્રકૃતિ જોડે જોડાયેલો છે, તથા એનાં પ્રાણીઓ સાથે પણ અંતરંગ એકતા અનુભવે છે. ખરું જોતાં, એ

જ તેમનો આત્મા છે, પરમાત્મા છે, ઈશ્વર છે, પ્રણયી છે, સુહૃદ છે, આશ્રય છે. હમેશાં એમના અંતરમાં રહીને તથા એમનાથી ઊર્ધ્વમાં રહીને અજ્ઞાનના મર્ત્ય સ્વરૂપોમાં થઈને દુઃખ, પાપ અને અનિષ્ટમાંથી, પ્રત્યેક પ્રાણીને તેની પોતાની પ્રકૃતિ અનુસાર, તથા સર્વ પ્રાણીઓને વિશ્વની વિરાટ પ્રકૃતિ દ્વારા એક પરમ જ્યોતિ તથા આનંદ પ્રત્યે, અમરતા અને પરાત્પરતા પ્રત્યે દોરી રહ્યો છે. મુક્તિદાયક જ્ઞાનની આ પરિપૂર્ણ અવસ્થા છે. એ જ્ઞાન એટલે આપણી અંદર રહેલા પ્રભુનું, વિશ્વમાં વ્યાપી રહેલા પ્રભુનું અને વિશ્વથી પર એવા અનંત પરાત્પર પ્રભુનું જ્ઞાન છે. એક શાશ્વત, કેવળ, પોતાની દિવ્ય પ્રકૃતિનો આશ્રય લઈને આ સર્વ વિશ્વરૂપ બન્યો છે; એની એ પ્રકૃતિ તે એના આત્માની કાર્યસાધક શક્તિ છે. વિશ્વસમસ્તનું શાસન તે પોતાની પરાત્પરતામાંથી કરે છે. એ પ્રભુ પ્રત્યેક પ્રાણીમાં ખૂબ પરિચિત સન્નિધિ તરીકે રહેલો છે, અને વિશ્વમાં જે કાંઈ ઘટના બને છે તેનું કારણ, તેનો શાસક અને સંચાલક પ્રભુ પોતે છે. અને છતાં, તે એટલો તો મહાન છે, એટલો મહિમાવાન અને સમર્થ છે, એટલો અનંત છે કે પોતાના સર્જનથી મર્યાદિત થતો નથી.

ગીતા જે અભય વચન આપે છે તેમાં ત્રણ છૂટાછૂટા શ્લોકોમાં જ્ઞાનનું જે સ્વરૂપ ઉપર વર્ણવ્યું છે તેના ઉપર તે ભાર મૂકે છે. 'જે કોઈ મને અજ અને આદિ વિનાનો તથા વિશ્વોના અને લોકોના સમર્થ પ્રભુ તરીકે જાણે છે તે માણસ જીવનમાં માયાથી મુક્ત થાય છે તથા પાપ અને અનિષ્ટથી છૂટે છે.' (૧૦.૩) 'જે કોઈ માણસ મારા આ વ્યાપક ઐશ્વર્યનાં સાચાં તત્ત્વોને એટલે કે વિભૂતિને, તથા મારા આ દિવ્ય યોગને જાણે છે તે અવિકમ્પ — સ્થિર — યોગ વડે મારી જોડે યુક્ત બને છે,' (૧૦.૭) ("ઐશ્વર યોગ" — "પ્રભુનો દિવ્ય યોગ" જેના વડે પરાત્પર પ્રભુ પોતે સર્વ ભૂતોથી પર હોવા છતાં તેમની સાથે એક બને છે, તેમની અંદર વસે છે, તથા પોતાની દિવ્ય પ્રકૃતિના આવિર્ભાવ તરીકે એ સર્વને પોતાની અંદર સમાવે છે.) 'જે જ્ઞાની પુરુષ છે તે સર્વના જન્મને માટે મને કારણરૂપ જાણે છે, અને પ્રત્યેકની ગતિ અને ક્રિયા મારામાંથી પ્રસરે છે એમ પણ જાણે છે, અને એ જ્ઞાન સહિત તે મને ભજે છે અને આરાધે છે.' (૧૦.૮) 'તથા હું એમને બુદ્ધિના યોગનું એવું જ્ઞાન આપું છું જેથી કરીને તેઓ મને પ્રાપ્ત કરે છે, અજ્ઞાનને પરિણામે જે અંધકાર તેમનામાં હોય છે તેનો હું વિનાશ કરું છું.' (૧૦.૧૦-૧૧) આ પરિણામો જ્ઞાનના અને યોગ-સાધનાના પ્રકારમાંથી આપોઆપ અનિવાર્ય રીતે પ્રગટ થવાં જોઈએ, કેમ કે એ સાધના જ્ઞાનને આધ્યાત્મિક વિકાસના અને અનુભૂતિના રૂપમાં ફેરવી નાખે છે. કારણ કે માણસના મનની અને કર્મની

બધી અવ્યવસ્થા, એની સર્વે ભૂલો તથા એના મનની, એના સંકલ્પની, એની નૈતિક પ્રકૃતિની, તથા એનાં લાગણીઓ, ઈન્દ્રિયો અને પ્રાણ એ સર્વેના આવેગોની અસ્થિરતા, અને શોકગ્રસ્તતા એ સર્વેનું મૂળ એનાં ફાંફાં મારતાં ભ્રમિત જ્ઞાન અને સંકલ્પમાં રહેલું છે. એ સંમોહ અત્યારના સ્થૂલ દેહમાં રહેતા અને ઈન્દ્રિયોથી તમોગ્રસ્ત બનેલા એના મર્ત્ય મનને માટે સ્વાભાવિક છે. પરંતુ જ્યારે સર્વ વસ્તુઓના દિવ્ય આદિનું એને જ્ઞાન થાય છે, વિશ્વના બાહ્ય દૃશ્ય સ્વરૂપની પેલે પાર રહેલ પરાત્પર વાસ્તવિકતામાં જ્યારે તે સ્થિર દૃષ્ટિ વડે જોઈ શકે છે તથા એ પરમ વાસ્તવિકતામાંથી વિશ્વના દૃશ્ય સ્વરૂપને ફરીથી પાછું જુએ છે ત્યારે તે મન, સંકલ્પ, ભાવ અને ઈન્દ્રિયોની માયાથી મુકત થાય છે, ત્યાર પછી તે જ્ઞાનથી પ્રકાશિત અને મુકત પ્રકારે વર્તે છે— असंमूढः मर्त्येषु. (૧૦.૩) પ્રત્યેક વસ્તુને તે એનું પરાત્પર અને વાસ્તવિક — નહિ કે અત્યારનું બાહ્ય — મૂલ્ય અર્પણ કરતો હોવાથી એ જ્ઞાની પુરુષ એ બન્ને વચ્ચે રહેલી ગૂઢ સાંકળને અને સંબંધોને જાણે છે. ત્યાર પછી એ સર્વ જીવન અને સર્વ કર્મને તેના ઉચ્ચ અને સાચા ઉદ્દેશ પ્રત્યે દોરે છે તથા એના પોતાના અંતરમાં જે પ્રભુની સન્નિધિ હોય છે તેની જ્યોતિ અને શકિતની સહાયથી તે એમનું શાસન કરે છે. આ પ્રમાણે એ જ્ઞાની પુરુષ સર્વ પાપ, સ્ખલન અને દુ:ખને ઉત્પન્ન કરનાર મોહથી, મનના અને સંકલ્પના અસત્ય કાર્યથી તથા ઈન્દ્રિયોનાં અને આવેગોનાં ખોટાં પ્રતિકાર્યોથી બચી જાય છે, सर्व पापैः समुच्यते. (૧૦.૩) કારણ કે પરાત્પર અને વિશ્વભાવમાં એ રીતે પોતાની ચેતનાને ધારણ કરવાને પરિણામે એ જ્ઞાની પુરુષ પોતાની વ્યકિતતાને તથા અન્ય સર્વે વ્યકિતતાઓને તેના વધારે મહાન મૂલ્યની દૃષ્ટિથી જુએ છે તથા પોતાની ભેદ કરનારી અહંપ્રધાન સંકલ્પશકિત અને જ્ઞાનમાં રહેલાં અજ્ઞાન અને મિથ્યાત્વથી તે મુકત થાય છે. આધ્યાત્મિક મુકિતનો સાર હમેશાં એ સાક્ષાત્કારમાં રહેલો છે.

એટલે, ગીતાની દૃષ્ટિએ, મુકત માનવનું જ્ઞાન એક પ્રકારની અમૂર્ત અને અવ્યવહાર્ય એવી નિર્વૈયકિતક ચેતના અને અકર્મણ્ય સ્થિરતા પ્રાપ્ત કરવામાં સમાતું નથી. મુકત પુરુષનાં મન અને આત્મા બન્ને તો આ વિશ્વના દિવ્ય મહેશ્વરની ઉત્પાદક અને સંચાલક સન્નિધિ આ જગતમાં વ્યાપી રહેલી છે તેના સ્પર્શ અને સમગ્ર ભાવવાળી લાગણી તેનામાં સતત અને દૃઢપણે જાગૃત રહે છે — एतां विभूतिं मम यो वेत्ति.(૧૦.૭) એને પોતાને જ્ઞાન હોય છે કે પોતાનો આત્મા આ વિશ્વથી અતીત છે પણ સાથેસાથે પોતાના દિવ્ય યોગ વડે તે આ વિશ્વવ્યવસ્થા સાથે પણ પોતાની એકતા અનુભવે છે, योगं च मम (૧૦.૭). આમ હોવાથી એ જ્ઞાની પુરુષ પરાત્પર, વિશ્વમય અને વ્યકિતસ્વરૂપ

એ ત્રણે પાસાંઓને પરમ શાશ્વત સાથેના પ્રત્યેકના સત્ય સંબંધ સહિત જાણે છે અને દિવ્ય યોગના અદ્વૈતમાં સર્વ વસ્તુઓને તેને યોગ્ય — ઉચિત — સ્થાને મૂકે છે. એટલે કે તે પ્રત્યેક વસ્તુને તેના ભિન્ન સ્વરૂપમાં જોતો નથી. એવી ભેદદૃષ્ટિ તો દ્રષ્ટાની ચેતનાને સઘળી વસ્તુઓ વિષે અંધકારમાં જ રાખે છે, યા તો એકતરફી જ્ઞાન આપે છે. તેમ સઘળી વસ્તુઓને અવ્યવસ્થિતપણે સેળભેળ થઈ ગયેલી પણ તે જોતો નથી, — એવી અવ્યવસ્થિત દૃષ્ટિ અસત્ય પ્રકાશ આપે છે તથા અવ્યવસ્થિત કર્મ કરાવે છે. પોતાની પરાત્પર વિશ્વાતીત ચેતનાવસ્થામાં તે સલામત હોય છે અને તેથી વિશ્વમાં જે ખેંચાખેંચ થતી હોય છે તેમાં, તથા કાલ અને સંજોગોની ઊથલપાથલમાં તે અનાસકત રહે છે. આ વિશ્વમાં વસ્તુઓનું સર્જન અને વિનાશ ચાલી રહેલાં છે તેની વચ્ચે એનો આત્મા અવિકંપ યોગમાં, શાશ્વત સાથે, વિશ્વમાં કાર્ય કરી રહેલ પ્રભુ સાથે આધ્યાત્મિક એકતામાં સ્થિરપણે સ્થાપન થયેલો હોય છે. એ બધા ફેરફારોની પેલી તરફ યોગના મહેશ્વર એવા પ્રભુની દિવ્ય સતત સન્નિધિ તે અનુભવે છે, તથા પોતે પોતાની પ્રશાંત વિશ્વમયતામાં, અને સર્વ વસ્તુઓ અને પ્રાણીઓ સાથેની પોતાની એકતામાં સ્થિર રહીને તે કર્મ કરે છે. સર્વ વસ્તુઓ સાથેની એની એ ગાઢ એકતા અને સંપર્કને લઈને એનું મન અને એનો આત્મા ભેદભાવવાળી નિમ્ન પ્રકૃતિને વશ થાય છે એવું નથી હોતું, કારણ કે એના આધ્યાત્મિક સાક્ષાત્કારનો પાયો અધોમુખ દૃશ્ય વાસ્તવિકતામાં રહેલાં રૂપ અને ગતિ ઉપર નહિ, પરંતુ અંતરમાં વ્યાપેલા વિશ્વાત્મા અને પરમ પરાત્પરના ઉપર રહેલો હોય છે. એવો જ્ઞાની પુરુષ પ્રભુના જેવી પ્રકૃતિને ધારણ કરે છે, સાધર્મ્યં આગતઃ પ્રભુની સાથે સાધર્મ્યને પ્રાપ્ત કરે છે. એટલે કે જ્યારે તે વિશ્વાત્મા સાથે પોતાની એકતા અનુભવે છે ત્યારે પણ તે વિશ્વાતીત, પરાત્પર હોય છે, અને જ્યારે તે મન, પ્રાણ અને દેહના વ્યકિતત્વને ધારણ કરે છે અને તેમાંથી કર્મ કરે છે ત્યારે પણ તે વિશ્વાત્મા સાથે એક હોય છે. એક વાર આ યોગમાં સિદ્ધ થાય, એક વાર અચંચળ દૃઢપણે થાય,— અવિકમ્પેન યોગેન યુજ્યતે (૧૦.૭)—ત્યાર પછી એ જ્ઞાની પુરુષ પ્રકૃતિની કોઈ પણ ભૂમિકાનો સ્વીકાર કરી શકે છે, કોઈ પણ માનવ-અવસ્થાનો પણ સ્વીકાર કરી શકે છે, કોઈ પણ જગત-કાર્ય કરી શકે છે અને છતાં દિવ્ય પરમ શાશ્વત સાથેની એની એકતાનો લોપ થતો નથી,— અસ્તિત્વ-માત્રના સ્વામી સાથેની એક સતત એકતાનો લોપ થતો નથી. સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે (૬.૩૧)

આ જ્ઞાનનું જ્યારે ઊર્ધ્વપ્રધાન, પ્રકૃતિની ભૂમિકામાં સંક્રમણ કરવામાં આવે છે ત્યારે આપણાથી પર રહેલ એવા આદિ પરાત્પર પ્રભુ પ્રત્યે સ્થિર

ભક્તિનું અને તીવ્ર આરાધનાનું રૂપ તે ધારણ કરે છે. એ પરાત્પર પ્રભુ અહીં સર્વ વસ્તુઓની અંદર સદા હાજર છે, માનવના અંતરમાં તે પ્રભુ રહેલો છે, તે પ્રભુ પ્રકૃતિમાં પણ રહેલો છે. શરૂઆતમાં આ જ્ઞાન બુદ્ધિજન્ય,—બુદ્ધિગ્રાહ્ય હોય છે, પરંતુ એની સાથેસાથે જ એક પ્રકારની ભાવની, એટલે કે ઊર્મિ-પ્રધાન પ્રકૃતિની, આધ્યાત્મિક અવસ્થા પણ જાગ્રત થાય છે. હૃદય અને મનનું એ રૂપાંતર સમગ્ર પ્રકૃતિના સમૂળા રૂપાંતરની શરૂઆત હોય છે. એક પ્રકારનો અંતરનો નવજન્મ અને આવિર્ભાવ આપણી ભક્તિ અને આરાધનાના પરમ લક્ષ્ય પ્રભુ સાથે એકતા કરવાને—અદ્વૈત સાધવાને — આપણને લાયક બનાવે છે — મદ્‌ભવાય. જ્ઞાનીને એ દિવ્ય સત્‌-નાં હવે જગતમાં સર્વત્ર દર્શન થાય છે, તથા તેનાથી ઊર્ધ્વમાં પણ તે એનાં દર્શન કરે છે, અને એનો મહિમા, સૌંદર્ય અને પૂર્ણતા જોઈને એના પ્રત્યે પ્રેમનો ઘન આનંદ, અર્થાત્‌ પ્રીતિ, અનુભવે છે. (૧૦.૧૦) જીવનમાં માનવનું મન જે બાહ્ય અને વિખરાયેલા સુખની કે ભોજની શોધ કરતું હોય છે તેનું સ્થાન એ ગહન આધ્યાત્મિક આનંદ લે છે. અથવા ખરું જોતાં, એ ગહન આનંદ અન્ય સર્વ સુખની લાગણીઓને પોતાનામાં ખેંચી લે છે તથા પોતાના આશ્ચર્યકારક કીમિયા વડે મનની અને હૃદયની ઊર્મિઓને તથા ઇન્દ્રિયોના કાર્યને રૂપાંતર પમાડી દે છે. એવા જ્ઞાનીની સમગ્ર ચેતના પ્રભુની સન્નિધિથી છલાછલ ભરાઈ જાય છે, તથા એની ચેતનાના પ્રત્યુત્તરથી આનંદમય બની રહે છે; એનું સમગ્ર જીવન આનંદની અનુભૂતિના મહાસાગરમાં વહે છે. એવા પ્રભુભક્તની સઘળી વાણી અને વિચારો પ્રભુ સાથે આલાપરૂપ, એની સમજૂતી યા જ્ઞાનરૂપ બને છે. એ એકમાત્ર આનંદમાં સમગ્ર અસ્તિત્વનો સંતોષ એકાગ્ર બને છે, એમાં પ્રકૃતિની સમગ્ર લીલા અને આનંદ આવીને વસે છે. ક્ષણેક્ષણે વિચારમાં અને સ્મૃતિમાં એક પ્રકારનો સતત યોગ અનુભવાય છે તથા આત્મામાં તો એક પ્રકારની અવિચ્છિન્ન — અખંડ — એકતાનું સાતત્ય હોય છે. વળી, અપૂર્ણતાવાળી માનવ-અવસ્થાની અંદર પણ જે ક્ષણથી ઉપર જણાવેલી આંતર સ્થિતિ — અનુભૂતિ—નો આરંભ થાય છે તે ક્ષણથી પ્રભુ પણ તેને બુદ્ધિના સંપૂર્ણ યોગ વડે અનુમતિ આપીને દૃઢ કરે છે. આપણા અંતરમાં રહેલા જ્ઞાનના તેજસ્વી દીપકને પ્રભુ જાગ્રત કરે છે, તથા ભેદભાવવાળી બુદ્ધિ અને સંકલ્પના અજ્ઞાનનો નાશ કરે છે, તથા માનવના આત્મામાં પ્રભુ પ્રગટ થાય છે. કર્મ અને જ્ઞાનના પ્રકાશિત — જ્ઞાનપૂર્ણ — સમન્વય પર બુદ્ધિયોગનો પાયો ચણીને ગીતાએ આપણને અધોગામી અને અશાંત એવી માનસિક ભૂમિકામાંથી ક્રિયાત્મક પ્રકૃતિથી પર રહેલા સાક્ષી પુરુષની અવિકારી સ્થિરતામાં સંક્રમણ કરાવ્યું હતું. પરંતુ હવે પ્રેમ અને આરાધનાવાળા ભક્તિયોગનો સર્વસમાવેશક જ્ઞાન-

યોગ જોડે જ્યોતિર્મય સમન્વય સાધીને ગીતા આપણને વધારે મહાન પ્રકારનો બુદ્ધિયોગ દર્શાવે છે. એ યોગ વડે માનવનો આત્મા વિશ્વવ્યાપી આનંદની પરાકાષ્ઠા અનુભવે છે અને નિરપેક્ષ શાશ્વત પ્રભુના સમગ્ર પરાત્પર સત્યને તથા સર્વના આદિમૂળસ્વરૂપ પ્રભુને પ્રાપ્ત કરે છે. વ્યક્તિસ્વરૂપ આત્મામાં અને વ્યક્તિની પ્રકૃતિમાં અવરોહણ કરીને શાશ્વત પરમ ચરિતાર્થતા અનુભવે છે, અને વ્યક્તિનો આત્મા કાલમાં જન્મ ધારણ કરનારની મર્ત્ય દશામાંથી શાશ્વતની અનંતતાઓમાં આરોહણ કરે છે.

પ્રકરણ આઠમું

પ્રભુની વિભૂતિ – આવિર્ભાવશક્તિ

આધ્યાત્મિક મુકિત અને દિવ્ય કર્મો વિષેનો ગીતાનો જે દિવ્ય બોધ છે તેના વિકાસમાં અત્યાર સુધીમાં તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર એ બન્નેનો સમન્વય કરી આપનાર નિશ્ચયાત્મક વિધાન ઉમેરવામાં આવ્યું છે, અને એ રીતે એક ઘણું જ અગત્યનું પગલું ભરવાનું આવી પહોંચ્યું છે. અર્જુનની માનસિક ચેતનામાં પ્રભુનો સાક્ષાત્કાર થયો છે, એને પ્રભુનું જ્ઞાન થયું છે. માનવના મનની શોધ તથા હૃદયની દૃષ્ટિ સમક્ષ પ્રભુ વિશ્વ-સત્ તરીકે, પરાત્પર અને વિશ્વ-પુરુષ તરીકે પ્રગટ થાય છે. આપણા અંતરમાં વસી રહેલો જીવનનો સ્વામી પણ એ જ છે, — એને માટે જ આપણાં જ્ઞાન, સંકલ્પ અને ભકિત અજ્ઞાનના ધુમ્મસમાં રહીને ફાંફાં મારતાં હતાં. હવે ફકત વિરાટ પુરુષનાં અનેક સ્વરૂપોનું દર્શન બાકી છે. તે થતાં પ્રભુના સાક્ષાત્કારનાં અનેક પાસાંઓનું એક સંપૂર્ણ દર્શન બનશે.

ગીતાનો દાર્શનિક સમન્વય સંપૂર્ણ થયો છે. અધોમુખ પ્રકૃતિમાંથી અંતરાત્માને છૂટો પાડવા માટે સાંખ્ય દર્શનનો એ સમન્વયમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. વિવેકબુદ્ધિનો આશ્રય લઈને આત્મજ્ઞાન વડે તથા આપણી પ્રકૃતિના મૂળમાં જે ત્રણ ગુણો રહેલા છે તેમનાથી પર થઈને એ પુરુષ-પ્રકૃતિ-ભેદ સિદ્ધ કરવાનો છે. મનથી ઊર્ધ્વમાં પર-પુરુષ અને પરા-પ્રકૃતિ એ બેની એકતાના વિશાળ દર્શનમાં એ સમન્વય સંપૂર્ણતાને પામે છે, અને પોતાની મર્યાદાઓને વટાવી જાય છે. માનવના 'અહં'ની આજુબાજુ જે ભેદભાવવાળું એનું પ્રાકૃતિક વ્યકિતત્વ બંધાય છે તેનો વિલય કરવા માટે ઉપયોગી — એવું દાર્શનિક વેદાંત પણ એ સમન્વયમાં રહેલું છે. એ લઘુ, સંકુચિત સત્-તાને ઠેકાણે વિશાળ અને નિર્વ્યકિતક એવી સત્-તાને સ્થાપન કરવા માટે, બ્રહ્મની એકતામાં ભેદભાવવાળી ખોટી માયાને દૂર કરવા માટે, તથા અહંની અંધ દૃષ્ટિને બદલે આત્મામાં સર્વ અને સર્વમાં આત્મા જોનારી સાચી દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે વેદાંતની પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાંથી અક્રિય અને સક્રિય, અક્ષર અને ક્ષર, કર્મ અને નીરવતા — બન્ને ઉદ્ભવે છે તે પરબ્રહ્મના સ્વરૂપના જ્ઞાનમાં એ પદ્ધતિમાં રહેલું સત્ય પૂર્ણતાએ પહોંચે છે. વળી પરમાત્મા અને પ્રભુ અહીં વિશ્વના આવિર્ભાવમાં સ્વયં પ્રકૃતિસ્વરૂપ બને છે, સર્વ વ્યકિતતામાં પોતાની જાતને પ્રગટ કરે છે, અને સર્વ કર્મોમાં પોતાની પ્રકૃતિની શકિતને અભિવ્યકત કરે છે, એ સત્યના અનુભવને

લઈને એ સમન્વયમાં જે મર્યાદાઓ આવવી સંભવિત છે તે સઘળી દૂર થઈ જાય છે. સમગ્ર અંતઃકરણ — સંકલ્પ, બુદ્ધિ, ભાવ વગેરે — પ્રકૃતિના સ્વામી પ્રભુને સમર્પણ કરવું આવશ્યક છે એટલા માટે એ સમન્વયમાં યોગનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને સત્-માત્રના આદિ સ્વામી પરાત્પર પુરુષોત્તમ જેનો પ્રકૃતિમાં અવતરેલો અંશ 'જીવ' છે તેનાં દર્શન વડે એ સમન્વય પરિપૂર્ણ થાય છે. સંપૂર્ણ આધ્યાત્મિક અદ્વૈતના પ્રકાશમાં સર્વ પદાર્થોને પ્રભુસ્વરૂપે જોવાથી એ સાક્ષાત્કારની જે સંભવિત મર્યાદાઓ છે તેમનું ઉલ્લંઘન થઈ જાય છે.

એ સાધનાને પરિણામે દિવ્ય સત્‌નું સમગ્રતાવાળું દર્શન થાય છે. એમાં તે એકીવખતે પરાત્પર વાસ્તવિકતા છે, વિશ્વનું વિશ્વાતીત આદિ કારણ છે, સર્વ વસ્તુઓમાં રહેલ નિર્વૈયક્તિક આત્મા છે, જે સમગ્ર વિશ્વનો પોતાના સ્થિર સ્વરૂપમાં સમાવેશ કરે છે, તથા તે જ સર્વ પ્રાણીઓમાં, વ્યક્તિતાઓમાં, વસ્તુ-ઓમાં, શક્તિઓમાં તથા ગુણોમાં વ્યાપીને રહેલ પ્રભુતા છે, — એ વ્યાપક પ્રભુ જ તેમનું અસલ સ્વત્વ છે, પરિણામ લાવનાર સમર્થ પ્રકૃતિ છે તથા સર્વ સત્‌ની આંતર અને બાહ્ય અભિવ્યક્તિ છે. એ એકમેવાદ્વિતીયના સમગ્રતાવાળા જ્ઞાનમાં અને દર્શનમાં જ્ઞાનયોગની સર્વશ્રાસક ચરિતાર્થતા છે. સર્વ કર્મો તેમના સ્વામીને સમર્પણ થતાં કર્મયોગ તેના શિખરને પ્રાપ્ત કરે છે; કારણ કે એવું સમર્પણ સ્થાપન થયા પછી પ્રાકૃતિક માનવ પ્રભુની સંકલ્પશક્તિનું ફક્ત કરણ થઈ રહે છે. વળી પ્રેમ અને ભક્તિનો યોગ પણ સૌથી વિશાળ સ્વરૂપમાં અહીં પ્રગટ કરવામાં આવ્યો છે. જ્ઞાન અને કર્મ બન્નેની એકાગ્ર પરિપૂર્ણતારૂપ ભક્તિ, આત્મા અને પરમાત્માની એકતા, — તેનું મિલન — સૌથી વધારે વિશાળ એવી વિપુલતામાં સ્થાપન કરે છે. એ દિવ્ય મિલનમાં, એ યોગમાં જ્ઞાનનું ક્રાંતદર્શન હૃદય તથા બુદ્ધિ બન્નેને માટે વાસ્તવિક બને છે. દિવ્ય મિલનમાં કર્મ કરતાં કરતાં કરણભાવ ધારણ કરીને યજ્ઞમાં પોતાની જાતની આહુતિ આપવાનું મુશ્કેલ કાર્ય એક જીવંત એકતાની સહેલી મુક્ત અને આનંદયુક્ત અભિવ્યક્તિરૂપ બની રહે છે. એટલે કે અત્યાર સુધીમાં આધ્યાત્મિક મુક્તિના સઘળા ઉપાયો દર્શાવવામાં આવ્યા છે; દિવ્ય કર્મ કરવાનો સમગ્ર પાયો રચવામાં આવ્યો છે.

આ પ્રમાણે જે જ્ઞાન દિવ્ય ગુરુ અર્જુનને આપે છે તે સમગ્રતાનો એ સ્વીકાર કરે છે. અર્જુનનું મન શંકાઓથી અને ખોજ કરવાની વૃત્તિથી મુક્ત થયું છે. અર્જુનનું હૃદય જગતના બાહ્ય દેખાવ પ્રત્યેથી, એનાં ગૂંચવણ ભરેલાં દૃશ્યોથી પાછું ફર્યું છે અને જગતના પરમ ધ્યેય અને મૂળ પ્રત્યે, તથા એનામાં રહેલી આંતર વાસ્તવિકતાઓ પ્રત્યે ઢળ્યું છે. એટલે એ હૃદય શોક અને દુઃખથી મુક્ત બનેલું છે, અને દિવ્ય ક્રાંતદર્શનની અનિર્વચનીય પ્રસન્નતા એને સ્પર્શી રહી છે. એ જ્ઞાનનો સ્વીકાર કરતાં જે ભાષાનો પ્રયોગ અર્જુનના મુખમાં મૂકવામાં

આવ્યો છે તેમાં એ જ્ઞાનની ગહન સમગ્રતાના ઉપર, એની સર્વનો સમાવેશ કરનારી અંતિમતા અને પૂર્ણતા ઉપરનો ઝોક અને આગ્રહ ફરીને એક વાર આપણે જોઈ શકીએ છીએ — પ્રથમ તો અર્જુન માનવમાં પ્રભુના અવતરણ રૂપે, એની સાથે વાતચીત કરી રહેલા અવતારનો પરમ બ્રહ્મ તરીકે, વિશ્વાતીત સર્વ તરીકે, અસ્તિત્વમાં પ્રગટ થયેલ કેવલ તરીકે સ્વીકાર કરે છે. અને તે એ પણ સ્વીકારે છે કે માનવનો આત્મા જ્યારે આ જીવનરૂપી આવિર્ભાવમાંથી, આ મર્યાદિત અભિ-વ્યક્તિમાંથી, ઊર્ધ્વમાં ચડે છે ત્યારે એ 'પરમ બ્રહ્મ'માં, 'પરં ધામ'માં વાસ કરી શકે છે. અર્જુન એ પ્રભુને 'પવિત્રં પરમમ્' તરીકે, એટલે કે સદા મુક્ત એવા સત્‌ની પરમ પવિત્રતા તરીકે સ્વીકારે છે. અને અહંનો લોપ કરવાથી તથા આત્માની સદા સ્થિર અને શાંત એવી અક્ષર, — અવ્યય, — નિર્વૈયક્તિકતાને પ્રાપ્ત કરવાથી એ પરમ પવિત્રને પહોંચી શકાય છે એમ પણ તે સમજે છે. વળી, ભગવાનને તે પુરુષં શાશ્વતં દિવ્યમ્ (૧૦.૧૨) તરીકે એટલે કે એક ધ્રુવ, સનાતન આત્મા તરીકે, દિવ્ય પુરુષ તરીકે માને છે. શ્રીકૃષ્ણમાં રહેલ આદિદેવને — જેણે જન્મ લીધો નથી એવા 'અજ'ને તથા સર્વ સત્‌-તામાં જે વ્યાપક છે, સર્વના અંતરમાં જે વસેલો છે, સર્વનો જે શાસક છે તેને પણ અર્જુન વધાવે છે — આદિ દેવં અજં વિભૂમ્. (૧૦.૧૨) આમ અર્જુન શ્રીકૃષ્ણને સર્વ પ્રકારના આવિર્ભાવથી પર એવા પરમ આશ્રય તરીકે જ નહિ, — કારણ કે એનો સંપૂર્ણ આવિર્ભાવ કરવાને કશું જ પર્યાપ્ત નથી — નહિ તે ભગવન્ વ્યક્તિં વિદુર્દેવા ન દાનવા: । (૧૦.૧૪) 'હે ભગવાન! તારી અભિવ્યક્તિને દેવો કે દાનવો બેમાંથી કોઈ જાણતા નથી', — પરંતુ સર્વ સત્‌-તાના ઈશ તરીકે, તથા એ સત્‌-તાઓના આવિર્ભાવના એકમાત્ર દિવ્ય સમર્થ કારણ તરીકે જાણે છે. એ પ્રભુ દેવોનો પણ દેવ છે — એની અંદરથી સર્વે દેવો પ્રગટ થયા છે, એ જ આ જગતનો પતિ છે, જે ઊર્ધ્વમાં રહીને પોતાની પરા શક્તિ અને વૈશ્વિક શક્તિનો આશ્રય લઈને આવિર્ભાવ કરે છે અને તેનું શાસન કરે છે — ભૂતભાવન ભૂતેશ દેવદેવ જગત્પતે । (૧૦.૧૫) છેવટે, આપણી પોતાની અંદર અને આજુબાજુ રહેલ, પોતાની જગદ્‌વ્યાપી, સર્વમાં વસનાર, સર્વધારક એવી વિભૂતિઓ વડે સર્વ વસ્તુઓમાં રહેલા એવા વાસુદેવ તરીકે પણ અર્જુન પ્રભુનો સ્વીકાર કરે છે. એ વિભૂતિઓ વડે તે આ અખિલ જગતને વ્યાપીને રહેલો છે — યાભિર્વિભૂતિમિર્લોકાનિમાંસ્ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ । (૧૦.૧૬).

અર્જુને એ પરમ સત્યનો સ્વીકાર પોતાના હૃદયની ભક્તિપૂર્વક, સંકલ્પના સમર્પણપૂર્વક અને બુદ્ધિની સમજણપૂર્વક કર્યો છે. એ જ્ઞાન અને એ સમર્પણ સહિત પ્રભુના કરણ તરીકે કાર્ય કરવાને એ તત્પર થઈ ગયો છે. પણ એના અંતરમાં અને સંકલ્પમાં વધારે ગંભીર અને સતત હાજર આધ્યાત્મિક સાક્ષાત્કાર સ્થાપન કરવાની અભીપ્સા જાગ્રત થઈ છે. આ પરમ સત્ય તો પરમ આત્માને

જ પોતાના આત્મજ્ઞાનમાં પરિસ્ફુટ હોય છે, કારણ કે અર્જુન શ્રીકૃષ્ણને સંબોધન કરીને કહે છે: 'હે પુરુષોત્તમ, તું એકલો જ તારા આત્માને તારી જાતે જાણે છે' — आत्मना आत्मानं वेत्थ । (૧૦.૧). આ જ્ઞાન આધ્યાત્મિક અદ્વૈત વડે, તાદાત્મ્ય વડે પ્રાપ્ત થાય છે, અને પ્રાકૃતિક માનવનાં હૃદય, સંકલ્પશક્તિ, બુદ્ધિ વગેરે કરણો વગરસહાયે પોતાની જ ગતિથી, પોતાના જ પ્રયત્ન વડે, એ જ્ઞાનને પ્રાપ્ત કરી શકતાં નથી. એ કરણોને તો એ જ્ઞાનનું અપૂર્ણ પ્રતિબિંબ જ પ્રાપ્ત થઈ શકે તેમ હોય છે અને એવું પ્રતિબિંબ અસલ જ્ઞાનને પ્રગટ કરવાને બદલે ઊલટું એને આવરે છે અને વિકૃત કરી મૂકે છે. આ જ્ઞાન ગૂઢ રહસ્યમય જ્ઞાન છે અને એ સત્યના મુખનું જેણે દર્શન કર્યું હોય, એની વાણી જેણે સાંભળી હોય, એની સાથે પોતાની જાતનું જેણે તાદાત્મ્ય સાધ્યું હોય, એવા ઋષિ પાસેથી તેનું શ્રવણ કરવું જોઈએ. 'તારે વિષે સર્વે ઋષિઓ — દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ વગેરે — આ પ્રમાણે જ ઉચ્ચારે છે.' (૧૦.૧૩) અથવા તો, એ સત્યને વ્યક્તિએ પોતાના અંતરાત્મામાંથી પ્રાપ્ત કરવાનું છે. એટલે કે અંતરમાં રહેલ પ્રભુ તરફથી મળતી જ્ઞાનદૃષ્ટિ અને પ્રેરણા વડે મેળવવાનું હોય છે, — કારણ કે એ પ્રભુ આપણા અંતરમાં રહેલ તેજસ્વી જ્ઞાનદીપને જાગ્રત કરે છે. વળી स्वयं चैव ब्रवीषि मे (૧૦.૧૩) — 'તું સ્વયં પણ મને એ જ જ્ઞાન આપી રહ્યો છે.' એક વાર એ જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થયા પછી બુદ્ધિએ એને અનુમતિ આપવી જોઈએ, સંકલ્પ-શક્તિએ એનો સ્વીકાર કરવો જોઈએ અને હૃદયે એમાં આનંદ લેવો જોઈએ અને એને સમર્પણ કરવું જોઈએ. સંપૂર્ણ માનસિક શ્રદ્ધા આ ત્રણે તત્ત્વો મળીને થાય છે. અર્જુને એ સત્યનો સ્વીકાર એવી શ્રદ્ધાપૂર્વક કર્યો છે. 'આ બધું તું જે કાંઈ કરે છે તે સાચું છે એમ મારું મન કહે છે'. (૧૦.૧૪) પરંતુ છતાંયે આપણા અંતરાત્માની અંદર, અને સૌથી ગાઢ એવા ચૈત્ય કેન્દ્રમાંથી બહાર પ્રસરતી એવી, — વધારે ગંભીર ઉપલબ્ધિની જરૂર તો રહેશે જ. સ્થિર સ્થાયી અનિર્વચનીય એવી આધ્યાત્મિક અનુભૂતિની માગણી માનવ-આત્મામાં રહે છે. માનસિક અનુભૂતિ તો એને માટેની પ્રાથમિક તૈયારી રૂપ અથવા તો એનો છાયારૂપ જ હોય છે. એવા આધ્યાત્મિક સાક્ષાત્કાર વગર શાશ્વત સાથે માનવ-આત્માનો સંપૂર્ણ યોગ થઈ શકતો નથી.

હવે એ સાક્ષાત્કારને પ્રાપ્ત કરવાનો માર્ગ અર્જુનને બતાવવામાં આવે છે. સ્વયંસિદ્ધ એવા સત્યના દિવ્ય મહાન સિદ્ધાંતો માનવની બુદ્ધિને ગૂંચવતા નથી. માનવનું મન પરમ ઈશ્વરના ખ્યાલ પ્રત્યે, અક્ષર-બ્રહ્મની અનુભૂતિ પ્રત્યે, અંતરમાં રહેલ અંતર્યામીનાં પ્રત્યક્ષ દર્શન પ્રત્યે, સચેતન વિશ્વમય સત્ના સ્પર્શ પ્રત્યે ખુલ્લું થઈ શકે છે. એક વાર બુદ્ધિ એ વિચારથી પ્રકાશિત થાય એટલે માનવ એ માર્ગને સહેલાઈથી અનુસરી શકે છે, તથા શરૂઆતમાં સામાન્ય માનસિક સંસ્કારોથી અને સ્પર્શોથી પર થવામાં મુશ્કેલી નડે તોપણ, આખરે આપણા

જીવનની અને સર્વ સત્-તાના અસ્તિત્વની પાછળ જે મૌલિક સત્યો રહેલાં છે તેમનો સાક્ષાત્કાર તે પ્રાપ્ત કરી શકે છે, — આત્મના આત્માનમ્. (૧૦.૧૫) એ પ્રમાણે માણસ શીઘ્રતાપૂર્વક કરી શકે છે; કારણ કે એક વાર એ સત્યોની ધારણા સ્થાપન થાય ત્યાર પછી તો એ હસ્તામલક જેવી દિવ્ય વાસ્તવિકતાઓ બની રહે છે. એ ઉચ્ચ દૃષ્ટિબિંદુઓમાં પ્રભુનો સ્વીકાર કરતાં આપણને અટકાવે એવું આપણા માનસિક સંબંધોમાં કાંઈ જ રહેલું હોતું નથી. પરંતુ જીવનનાં દેખીતાં યા બાહ્ય સત્યોમાં તેનાં દર્શન કરવામાં, પ્રકૃતિરૂપે જે હકીકત આપણી સામે ઊભેલી છે તેમાં એને શોધી કાઢવામાં, તથા જગતરૂપી જે આવિર્ભાવ એની હાજરી ઉપર પડદો નાખે છે તેમાં એને શોધી કાઢવામાં, એને પકડી કાઢવામાં ખરી મુશ્કેલી રહેલી છે. કારણ કે અહીં તો સર્વનો એકતામાં લય કરનાર વિચારની ભવ્યતાની વિરુદ્ધ જ સઘળું જણાય છે. માનવ અને પશુ તરીકે, અચેતન પદાર્થરૂપે આપણે પ્રભુનાં દર્શન કરવાને કેવી રીતે સંમત થઈશું? ઉત્તમ અને અધમમાં, મધુર અને ઉગ્રમાં, શુભ અને અશુભમાં પ્રભુનાં દર્શન કેવી રીતે કરીશું? વળી વિશ્વના પદાર્થોમાં પ્રભુ વિસ્તાર પામી રહેલો છે એવા કોઈક વિચારને અનુમતિ આપીને આપણે વિશ્વમાં પ્રગટતી આદર્શ જ્ઞાનની જ્યોતિમાં, શક્તિના મહિમામાં, સૌંદર્યની મનોહરતામાં અને પ્રેમની ઉદારતામાં, અને આત્માની વિપુલતામાં એનાં દર્શન કરીશું તો પછી એ વસ્તુઓનાં વિરોધી તત્ત્વો એ ઉચ્ચ વસ્તુઓની સાથે સંયુક્ત થયેલાં, એમને આવરી લેતાં અને અંધકારમય બનાવતાં પ્રત્યક્ષ જીવનમાં જોવામાં આવે છે તેમને લઈને એ અદ્વૈતનો ભંગ થતો કેવી રીતે અટકાવી શકીશું? અને માનવ મનની અને પ્રકૃતિની મર્યાદાઓ છતાં પણ આપણે પ્રભુના બંદામાં પ્રભુને જોઈ શકીએ તો પણ એમનો વિરોધ કરનારાઓમાં, તથા જે લોકો પોતાનાં કર્મમાં અને પ્રકૃતિમાં આપણે જેને આ દિવ્ય તત્ત્વો ગણીએ છીએ તેમને જ રજૂ કરતા હોય તેમનામાં આપણે પ્રભુને કેવી રીતે જોઈશું? ઋષિ અને સાધુમાં નારાયણનાં દર્શન વગર મુશ્કેલીએ થઈ શકે છે તોપણ પાપીમાં, ગુન્હેગારમાં, વેશ્યામાં અને ચાંડાલમાં આપણે તેને સહેલાઈથી કેવી રીતે જોઈ શકીશું? સર્વત્ર પરમ પવિત્રતા અને એકતા માટે શોધી રહેલ જ્ઞાની જગતના જીવનમાં જે સર્વ ભેદો અને વિભેદો રહેલા છે તેમને જોઈને કઠોર વાણી ઉચ્ચારે છે: 'આ નહિ,' 'આ નહિ' નેતિ નેતિ. જગતમાંની ઘણી વસ્તુઓને આપણે મને કે કમને અનુમતિ આપીએ છીએ, તથા વિશ્વમાં પ્રભુનો સ્વીકાર કરીએ છીએ, તે છતાં તેમાંના ઘણા મોટા ભાગની વસ્તુઓ આગળ શું આપણું મન નહિ પોકારી ઊઠે: 'આ નહિ, આ નહિ'? દૃશ્ય વાસ્તવિકતા અને વસ્તુઓના બાહ્ય દેખાવમાં ચોટકી બેઠેલા માનવ-માનસને માટે ઉપર જણાવ્યા તેવા પ્રસંગોમાં બુદ્ધિની અનુમતિ, સંકલ્પે કરેલો સ્વીકાર અને હૃદયની શ્રદ્ધા ટકાવવી મુશ્કેલ થઈ પડે છે.

કાંઈ નહિ તો, સમર્થ અને ખાતરી આપે એવા ઇંગિતોની આવશ્યકતા રહે છે, તથા એકતાના સાક્ષાત્કારના મુશ્કેલ પ્રયત્નમાં કેટલીક સાંકળો અને સેતુઓ, તથા કેટલાક ટેકાઓ આવશ્યક બને છે.

વાસુદેવ સર્વ છે એ જ્ઞાનદૃષ્ટિ અર્જુને સ્વીકારી લીધી છે, અને એનું હૃદય એના આનંદથી પુલકિત બનેલું છે, — એ જુએ છે કે ગૂંચવણો અને મુશ્કેલીઓ ઊભી કરનાર ભેદોની જાળમાંથી કોઈ ઉકેલ માટે વિરોધોના બનેલા જગતના જટિલ પ્રશ્નોમાં કોઈ માર્ગદર્શક સત્ય માટે આકંદ કરતું એનું મન, એ જ્ઞાનદૃષ્ટિ વડે મુક્ત બની રહ્યું છે, અને એ જ્ઞાનનું શ્રવણ એના કાનને અમૃત સમાન લાગે છે, તે છતાં એને પણ એવા ટેકાની અને ઇંગિતોની જરૂર લાગે છે. અર્જુનને લાગે છે કે સંપૂર્ણ અને દૃઢ સાક્ષાત્કાર સ્થાપન કરવાની મુશ્કેલી દૂર કરવા માટે એવી મદદ અનિવાર્ય છે. એના વિના એ જ્ઞાન જીવનમાં અને હૃદયમાં એક જીવંત વસ્તુરૂપ કેવી રીતે બની શકે? અર્જુનને માર્ગદર્શક નિર્દેશોની જરૂર છે, શ્રીકૃષ્ણ પાસે તો એ એમની વિભૂતિઓની, આવિર્ભાવની દિવ્ય શક્તિઓનાં મૂર્ત સ્વરૂપોની સંપૂર્ણ અને વિગતવાર ગણતરી પણ માગે છે, અને એનાં દિવ્ય દર્શનમાંથી કશું પણ બાતલ રહી જવું જોઈએ નહીં, સઘળું અશેષપણે કહેવું જોઈએ જેથી કરીને અર્જુનનું મન ફરીથી અભિભૂત થાય નહીં. "તું મને તારી દિવ્ય આત્મ-વિભૂતિઓ વિષે કહે." — दिव्या ह्यात्मविभूतयः । (૧૦.૧૬) "અપવાદ રાખ્યા વગર — अशेषेण કશું બાતલ કર્યા વગર, તારી જે દિવ્ય વિભૂતિઓ વડે તું આ વિશ્વોને અને લોકોને વ્યાપીને રહેલો છે તેમના વિષે મને કહે. હે યોગિન, સર્વ કાલે સર્વત્ર તારું ચિંતન કરીને હું તને કેવી રીતે જોઈ શકીશ, અને કઈ કઈ વિભૂતિઓમાં મારે તારું ચિંતન કરવું જોઈએ?" (૧૦.૧૬-૧૭) 'આ તારો દિવ્ય યોગ જેના વડે તું સર્વ સાથે એક થઈને રહેલો છે, તથા સર્વમાં એકરૂપે વસેલો છે, તથા જેના વડે જે કંઈ છે તે સઘળું તારા સત્‌નો આવિર્ભાવ માત્ર છે, સઘળું તારી જ પ્રકૃતિની વ્યાપક કે મુખ્ય કે વેશ ધારણ કરેલ પ્રચ્છન્ન શક્તિઓ છે. એના વિષે મને વિગતમાં અને વિસ્તારપૂર્વક કહો, એના વિષે મને હજી વધારે કહો. મારા કાનને તે અમૃત સમાન છે અને ગમે તેટલું શ્રવણ કરવા છતાં મને તૃપ્તિ થતી નથી.' (૧૦.૧૮)*

---

* वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ।। (૧૦.૧૬)
कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ।। (૧૦.૧૭)
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ।। (૧૦.૧૮)

આ જગાએ ગીતા પોતે જે વસ્તુને ભારપૂર્વક સ્પષ્ટ કરતી નથી, પરંતુ જે ઉપનિષદમાં ઘણી વાર આવે છે તથા પાછળથી વૈષ્ણવ અને શાકત સંપ્રદાયોએ જેનો વિકાસ કાંતદર્શનની સધનતાપૂર્વક કર્યો છે તે તત્ત્વનું અહીં આપણને ઇંગિત મળે છે. એ તત્ત્વ એટલે જગતના અસ્તિત્વની અંદર રહેલા પ્રભુદર્શનમાં માનવને થતો આનંદ, — વિશ્વવ્યાપી આનંદમાં, મહાશક્તિરૂપ માની લીલામાં, ઈશ્વરની લીલાની મધુરતા અને સુંદરતામાં માનવને મળતો આનંદ.

દિવ્ય ગુરુ શ્રીકૃષ્ણ પોતાના શિષ્યની માગણી સ્વીકારે છે, પરંતુ શરૂઆતમાં જ એને યાદ રાખવા કહે છે કે સંપૂર્ણપણે વિગતવાર પ્રત્યુત્તર આપવો શકય નથી, કારણ કે પ્રભુ અનંત છે, અને એનો આવિર્ભાવ પણ અનંત છે. એનો આવિર્ભાવ કરનારાં રૂપો પણ અસંખ્ય છે. પ્રત્યેક રૂપ પોતાનામાં ગુમ પડેલી એવી કોઈ દિવ્ય શકિતનું પ્રતીક છે, વિભૂતિ છે, અને જે દૃષ્ટિ જ્ઞાનીની છે તેને તો પ્રત્યેક સાંત વસ્તુ પોતે પોતાની અંદર રહેલ અનંતનું દર્શન કરાવે છે. શ્રીકૃષ્ણ કહે છે : "હા, હું તને મારી દિવ્ય વિભૂતિઓ વિષે કહીશ, પરંતુ એમાંની પ્રધાન એટલે મુખ્ય મુખ્ય છે તેમના વિષે અને ઉદ્દેશત: — કેવળ ઇંગિત તરીકે તથા ઉદાહરણ તરીકે કહીશ. જે વસ્તુઓમાં તું સહેલાઈથી પ્રભુની શકિતના આવિર્ભાવને જોઈ શકે તેમના વિષે કહીશ. કારણ કે વિશ્વમાં થતા પ્રભુના આત્મપ્રકાશના અનંત પ્રકારોનો અને સંખ્યાનો, — એના વિસ્તારનો, કોઈ અંત નથી. — નાસ્તિ અંતો વિસ્તરસ્ય મે । (૧૦.૧૯)" આ ચેતવણીથી વિભૂતિની ગણતરીનો આરંભ થાય છે અને જ્યારે તે પૂરી થાય છે ત્યારે વધારે અને ન ભૂલાય એવો ભાર આપવા માટે ફરીથી એનો ઉલ્લેખ કરવામાં આવે છે. ત્યાર પછી, આખા અધ્યાયમાં આપણને એ મુખ્ય ઇંગિતોનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવે છે. એટલે કે પદાર્થોમાં અને માનવોમાં જે દિવ્ય શકિત રહેલી છે તેનાં પ્રધાન લક્ષણો રજૂ કરવામાં આવે છે. પ્રથમ દૃષ્ટિએ આપણને એમ લાગે છે કે એ વર્ણન કોઈ પણ અનુક્રમ વગર ગમેતેમ આપવામાં આવ્યું છે. પરંતુ એ ગણતરીની પાછળ અમુક સિદ્ધાંત રહેલો જણાય છે. એક વાર આપણે એ સિદ્ધાંતને છૂટો પાડી શકીએ તો તે આપણને એ વિચારની અંદર રહેલા ગૂઢ અર્થનું અને તેનાં પરિણામોનું જ્ઞાન મેળવવામાં સહાયક બનશે. આ અધ્યાયનું નામ વિભૂતિયોગ છે. એ યોગ અનિવાર્ય છે, કારણ કે પ્રભુના વૈશ્વિક દિવ્ય આવિર્ભાવના સમગ્ર વિસ્તાર સાથે આપણે નિષ્પક્ષપાતપણે આપણી જાતનું તાદાત્મ્ય પ્રાપ્ત કરવું જોઈએ, એટલે કે એમાં જે શુભ અને અશુભ, પૂર્ણતા અને અપૂર્ણતા, પ્રકાશ અને અંધકાર રહેલાં છે તેમની સાથે સમાનપણે એકતા અનુભવવી જરૂરની છે. તો એ અનુભૂતિની સાથે સાથે જ આપણે એ વસ્તુ પણ અનુભવવી જોઈએ કે એ વૈશ્વિક આવિર્ભાવમાં આરોહણ કરનારી સમુત્ક્રાંતિની શકિત રહેલી છે, અને તે પોતાનો પ્રકાશ વધારે ને વધારે સઘનતાપૂર્વક કરે છે.

અર્થાત્, આ વિશ્વરચનામાં કોઈ ગૂઢ ચડતાઊતરતી શ્રેણીની યોજના કાર્ય કરી રહેલી છે જે આપણને પ્રકૃતિના પરદા નાખી ઢાંકનારાં બાહ્ય દૃશ્ય સ્વરૂપોમાંથી વધારે ને વધારે ઉચ્ચ સ્વરૂપો પ્રત્યે અને તેમાંથી વિશ્વમય પ્રભુની કોઈ મહાન આદર્શ પ્રકૃતિના પ્રાકટય પ્રત્યે દોરી જાય છે.

વિશ્વસમસ્તમાં આવિર્ભાવ કરનારી જે શક્તિ છે તેના પાયામાં રહેલા મૂળ સિદ્ધાંતની વ્યાખ્યા આપીને વિભૂતિની આ સંક્ષિપ્ત ગણતરીનો આરંભ થાય છે. એ સિદ્ધાંત એ છે કે પ્રત્યેક પ્રાણીમાં અને પ્રત્યેક પદાર્થમાં પ્રભુ ગુપ્તપણે રહેલો છે અને તેને શોધી કાઢી શકાય તેમ છે, પ્રગટ કરી શકાય તેમ છે. પ્રત્યેક વસ્તુના અને પ્રત્યેક પ્રાણીનાં મનમાં અને હૃદયમાં, જાણે ગુફામાં હોય તેમ, પ્રભુ નિવાસ કરી રહ્યો છે. પ્રત્યેક પ્રાણીની આત્મલક્ષી અને વસ્તુનિષ્ઠ અભિવ્યકિતના કેન્દ્રમાં અંતરાત્મા તરીકે તે રહેલો છે, જે કાંઈ છે, હતું અને થશે તે સર્વનો આદિ, મધ્ય અને અંત એ પ્રભુ પોતે જ છે. કારણ કે જે મનમાં અને હૃદયમાં તે વસે છે તેનાથી છુપાયેલો રહેતો એ દિવ્ય અંતરાત્મા છે, પ્રકૃતિમાં પ્રગટ થયેલા પુરુષની દૃષ્ટિથી ગુપ્ત રહેલો એવો એ જ્યોતિર્મય અંતરવાસી વાસુદેવ પોતે જ પ્રકૃતિને વશ એવા પુરુષને પોતાના પ્રતિનિધિ તરીકે આગળ મૂકે છે. અને કાલના પ્રવાહમાં આપણી વ્યકિતતાનાં વિવિધ સ્વરૂપોનો, તથા દિશામાં આપણા ઇન્દ્રિયસંસ્કાર પર આધાર રાખનારા અસ્તિત્વનો ક્રમેક્રમે વિકાસ કરે છે. કાલ અને દિશા એ બન્ને આપણી અંદર પ્રભુની સ્વકલ્પનાની ક્રિયાનાં અને વિસ્તારનાં સ્વરૂપો છે. જે કાંઈ છે તે સઘળું આ આત્મદ્રષ્ટા અંતર્યામી છે, આ આત્માના પ્રતિનિધિરૂપ બ્રહ્મ છે. સર્વ પ્રાણીઓના અંતરમાંથી, સર્વ સચેતન અને અચેતન સત્-તાઓના અંતરમાંથી આ સકલ ચેતનામય પ્રભુ પોતાના વ્યકત થયેલા આત્માનો ગુણ પરત્વે અને શકિત પરત્વે વિકાસ સાધે છે, એ જ વ્યકત આત્માનો વસ્તુઓના સ્વરૂપોમાં વિકાસ કરે છે, આપણા સ્વાનુભવ કરનાર કરણ-સમૂહમાં તેનો વિકાસ કરે છે, જ્ઞાનમાં, વાણીમાં અને ચિંતનમાં, મનનાં સર્જનોમાં, કર્મ કરનાર કર્તાનાં આવેશ અને કર્મોમાં, કાલનાં પરિમાણોમાં, વિશ્વની શકિતઓમાં અને દેવોમાં, પ્રકૃતિની શકિતઓમાં, વનસ્પતિના જીવનમાં, પ્રાણીઓના જીવનમાં,માનવ અને માનવોત્તર સત્-તાઓમાં તે પોતાનો વિકાસ કરે છે.

ગુણના અને પરિમાણના એટલે કે માયાના ભેદોથી, અથવા તો પ્રકૃતિનાં જુદાં મૂલ્યોથી અને તેમાં રહેલા વિરોધોથી, આપણી દૃષ્ટિને અંધ થવા નહિ દેતાં ઉપર જણાવી તે જ્ઞાનદૃષ્ટિ વડે જોઈશું તો સઘળી વસ્તુઓ હકીકતમાં પ્રભુના આ આવિર્ભાવની જ શકિતઓ છે, બીજું કાંઈ તે હોઈ જ શકતી નથી. સઘળા પદાર્થો વૈશ્વિક પુરુષની, પરમની વિભૂતિઓ છે, મહાયોગી રૂપ પ્રભુનો યોગ છે, પોતાની જાતનું સર્જન રકનાર એ ચમત્કારી સર્જકનાં આત્મ-સર્જનો છે. એ પોતે અજ

અને વિભુ છે, એટલે કે જન્મ લીધા વગરનો, અને વિશ્વમાં એના પોતાના અસંખ્ય આવિર્ભાવોનો સર્વવ્યાપી ઈશ છે — સ્વામી છે. સઘળી વસ્તુઓ એની શક્તિ છે, અને એની સ્વ-પ્રકૃતિનાં સફળ મૂર્ત સ્વરૂપો છે, — એની વિભૂતિઓ છે. પદાર્થો જે કાંઈ છે તે સર્વનું આદિકારણ પ્રભુ છે. સદા વિકાસશીલ એવો એમની સ્થિતિમાં એ પોતે જ તેમનો આધાર અને મધ્યમાવસ્થા છે. વળી એમનો અંત પણ એ જ છે, — અંત એટલે ઉત્કૃષ્ટ અવસ્થા અથવા તો પ્રત્યેક સર્જિત પદાર્થનો વિલય. પ્રભુ સર્વ પદાર્થોને પોતાની ચેતનામાંથી બહાર લાવે છે અને પોતે તેમનામાં લુપ્ત થઈ જાય છે, અને પાછો એ સર્વને પોતાની ચેતનામાં પાછાં લઈ લે છે. અને એ બધાં તેના અંતરમાં થોડા સમય માટે કે સદાને માટે લીન રહે છે. આપણને તો એક બ્રહ્મની આવિર્ભાવ કરનારી શક્તિ દેખાય છે. આપણી ઇંન્દ્રિયો અને આપણી દૃષ્ટિ સામેથી જે અદૃશ્ય થઈ જાય છે તે એક પરમની આવિર્ભાવ કરનારી શક્તિની અસર છે. બધા વર્ગો, જાતિઓ, વિશિષ્ટ જાતિઓ અને વ્યક્તિઓએ સર્વ એની વિભૂતિઓ છે. પરંતુ એનો આવિર્ભાવ કરનારી શક્તિ દ્વારા પ્રભુ આપણો આગળ દૃશ્ય સ્વરૂપ લઈને આવે છે. આમ હોવાથી જે કોઈ પદાર્થમાં આગળપડતી શક્તિ હોય, અથવા જે કોઈ વસ્તુ સમર્થ અને પ્રધાનપણે બળપૂર્વક કાર્ય કરતી હોય તેનામાં પ્રભુ વધારે પ્રત્યક્ષ બને છે. એટલે પ્રત્યેક પ્રકારના સત્‌માં એ સત્‌ની પ્રકૃતિની શક્તિ જેમનામાં સૌથી વધારે આગળપડતી હોય, જેમનામાં એનો મુખ્ય અને સૌથી વધારે સફળતાપૂર્વક આત્મપ્રકાશ કરનારો આવિર્ભાવ થતો હોય, તેમનામાં પ્રભુની દિવ્ય શક્તિ એટલે વિભૂતિ આપણે જોઈ શકીએ છીએ. આવી વ્યક્તિઓને ખાસ અર્થમાં 'વિભૂતિઓ' કહેવામાં આવે છે. અને છતાં સૌથી વધારે કે ઊંચામાં ઊંચી શક્તિ અને આવિર્ભાવ અનંતની કાંઈક ખંડિત અને આંશિક અભિવ્યક્તિ હોય છે. આ સમસ્ત વિશ્વ પ્રભુના મહિમાના એક અંશ વડે, એની ભવ્યતાના એક જ કિરણ વડે આલોકિત થયેલું છે, એના આનંદની અને સૌંદર્યની એક ઝાંખી ઝલક એને મહિમાવાન અને વર્ચસ્વી બનાવી મૂકે છે. આ અધ્યાયમાં વિભૂતિની જોંધ આપવામાં આવી છે તેનો ટૂંકો સાર આ પ્રમાણેનો છે, એમાંથી નીપજતું પરિણામ છે, એના અર્થનું રહસ્ય છે.

પ્રભુ અવિનાશી, અનાદિ, અનંત કાલરૂપ છે. પરમાત્માની આવિર્ભાવ કરવાની શક્તિમાંની અનંત કાલરૂપ થવાની શક્તિ સૌથી આગળપડતી છે, અને સમગ્ર વૈશ્વિક ગતિનો એ સાર છે, — अहमेव अक्षयः कालः । (૧૦.૩૩). કાલની અને આવિર્ભાવની એ ગતિમાં પ્રભુનાં કર્યોની જે સાબિતી વડે આપણા મનમાં એનો ખ્યાલ કે અનુભવ બંધાય છે તે પ્રમાણે જોતાં પ્રભુ એટલે સર્વ વસ્તુઓનું વિધાન નક્કી કરનાર, વિશ્વની ગતિમાં સઘળી વસ્તુઓને પોત-પોતાને યોગ્ય સ્થાને મૂકી આપનાર દિવ્ય શક્તિ એમ આપણને લાગે છે. દિશાનાં

એનાં સ્વરૂપોમાં પ્રત્યેક દિશામાં આપણને એ પરમાત્મા જ સામો મળે છે, — સહસ્ર કોટિ દેહોને ધારણ કરનારો, સહસ્રાવધિ મનવાળો, પ્રત્યેક સત્‌માં એ પ્રગટ થયેલો છે. આપણે ચારે બાજુએ એનાં જ મુખનાં દર્શન કરીએ છીએ, यताऽऽवृत्तं विश्वतोमुखः । (૧૦.૩૩) અનંત કોટિ માનવોમાં અને પદાર્થોમાં — सर्व भूतेषु — એના આત્માનું, વિચારનું અને શક્તિનું રહસ્ય એકીવખતે કાર્ય કરી રહેલું છે. એ સર્વમાં એની દિવ્ય સર્જક પ્રતિભા, તથા રૂપ ઘડવાની એની ચમત્કારી કલા, તથા સર્વ વસ્તુઓ વચ્ચેના સંબંધો, શક્યતાઓ અને અનિર્વાય પરિણામોનું અફર નિર્માણ વગેરે કરનારી વ્યવસ્થાશક્તિ એકીવખતે કાર્ય કરતી હોય છે. વળી, આ વિશ્વમાં એ પ્રભુ આપણને વિશ્વસમસ્તના વિનાશક — કાલ — સ્વરૂપે પણ દેખા દે છે. એ સર્જન કરે છે તે જાણે કે આખરે એની સૃષ્ટિને પાછી વિલય પમાડવા માટે. "હું સર્વનું હરણ કરનાર મૃત્યુ છું" — अहं मृत्युः सर्वहरः । (૧૦.૩૪) અને છતાં આવિર્ભાવ કરનારી એની દિવ્ય શક્તિ પોતાના ક્રમમાંથી અટકતી નથી, કારણ કે મૃત્યુ અને વિનાશની શક્તિની સાથે પુનર્જન્મ અને નવસર્જન કરનારી શક્તિ કદમ મિલાવીને ગતિ કરે છે. — "અને ભવિષ્યમાં જે અસ્તિત્વમાં આવનાર છે તે સર્વનો જન્મ પણ હું છું." વસ્તુઓમાં રહેલ દિવ્ય આત્મા વર્તમાનને ટકાવી રહેલો, ભૂતમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેતો, અને ભાવિમાં સર્જન કરનાર ચિન્મય વસ્તુ છે.

આમ સઘળું પ્રભુનો જ આવિર્ભાવ છે એ સ્વીકાર્યા પછી સર્વ જીવંત પ્રાણીઓમાં, વિશ્વના દેવોમાં, અતિ-માનવ, માનવ અને અધો-માનવ એવાં સર્વ પ્રાણીઓમાં, આ સર્વે ગુણો અને શક્તિઓ પદાર્થોમાં જે મુખ્ય, આગળપડતાં, પ્રત્યેક વર્ગમાં સૌથી મહાન પ્રમાણમાં જેનામાં પ્રગટ થયાં હોય એ બધાં પ્રભુની ખાસ વિભૂતિઓ છે. શ્રીકૃષ્ણ કહે છે કે આદિત્યોમાં હું વિષ્ણુ છું, રુદ્રોમાં શિવ છું, દેવતાઓમાં હું ઇન્દ્ર છું, અસુરોમાં હું પ્રહ્લાદ છું, પુરોહિતોમાં બૃહસ્પતિ છું, યુદ્ધમાં નેતાઓનો નેતા એવો દિવ્ય સેનાપતિ સ્કંદ હું છું, મરુતોમાં હું મરીચિ છું, યક્ષ અને રાક્ષસોમાં હું કુબેર છું, નાગલોકોમાં હું અનંત છું, વસુઓમાં હું અગ્નિ છું, ગંધર્વોમાં ચિત્રરથ છું, સૃષ્ટાઓમાં હું કંદર્પ છું, સમુદ્રમાં વસતાં પ્રાણીઓમાં વરુણ છું, પિતૃઓમાં હું અર્યમા છું, દેવર્ષિઓમાં હું નારદ છું, નિયમોનું પાલન કરનારાઓમાં હું યમ છું, ઝંઝ્રની શક્તિઓમાં હું મરુત છું, અસ્તિત્વના સમકેન્દ્રે સામે છેડે જ્યોતિર્મય પદાર્થોમાં હું પ્રકાશ આપનાર સૂર્ય છું, રાત્રે પ્રકાશનારાં નક્ષત્રોમાં હું ચંદ્રમા છું, જલના પ્રવાહોમાં હું મહાસાગર છું, પર્વતોના શિખરોમાં હું મેરુ છું, પર્વતોમાં હિમાલય, નદીઓમાં ગંગા, શસ્ત્રોમાં વજ્ર હું છું. વનસ્પતિમાં હું અશ્વત્થ છું, અશ્વોમાં ઇન્દ્રનો ઉચ્ચૈશ્રવસ્‌ છું, હાથીઓમાં ઐરાવત છું, પક્ષીઓમાં ગરુડ છું, સર્પોમાં વાસુકિ છું, ચોપગાં પ્રાણીઓમાં સર્વ કામનાઓ

પૂરી કરનાર કામધેનુ હું છું, મત્સ્યવર્ગમાં હું મગર છું, વનનાં પ્રાણીઓમાં સિંહ છું, માસોની અંદર પહેલો માસ મૃગશીર્ષ છું અને ઋતુઓમાં સૌથી સુંદર એવી વસંત ઋતુ છું.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે સચેતન પ્રાણીઓમાં રહેલી ચેતના જેના વડે એમને પોતાનું અને પોતાની આજુબાજુના પદાર્થોનું જ્ઞાન થાય છે તે હું પોતે છું. ઇન્દ્રિયોમાં હું મન છું, — વસ્તુઓના સંસ્કારો જેના વડે પ્રાણી ઝીલે છે તથા તેમના પ્રત્યે પ્રતિકાર્ય કરે છે તે મન હું છું. માનવના મનની શક્તિઓ, શીલની તથા શરીરની અને કર્મની શક્તિ પણ હું છું, હું કીર્તિ છું, વાચા છું, સ્મૃતિ અને બુદ્ધિ હું છું. ધૃતિ અને ક્ષમા, શક્તિવાનોની શક્તિ અને બળવાનોનું બળ હું છું. હું સંકલ્પ છું, ખંત અને વિજય પણ હું છું, સાધુઓનો સાત્ત્વિક ગુણ હું છું, છલ કરનારાઓમાં દ્યુત છું, જેઓ શાસન કરે છે, હરાવે છે, વિજય મેળવે છે, તેમની શક્તિ પણ હું છું, અને સફળ થનારા અને જીતનારાઓની રાજનીતિ પણ હું છું. ગૂઢ વસ્તુઓનું મૌન હું છું, જ્ઞાનીનું જ્ઞાન, તર્ક કરનારાઓની તર્કશક્તિ હું છું. અક્ષરોમાં પહેલો અક્ષર અ છું, પવિત્ર મંત્રોમાં ૐ, છંદોમાં ગાયત્રી, ઋચાઓમાં સામ હું છું. જે લોકો ગણતરી કરનારા છે તેમનામાં સૌથી ઉત્તમ એવો કાલ હું છું, શાસ્ત્રો અને દર્શનોમાં હું અધ્યાત્મવિદ્યા છું. માનવપ્રાણીનો, વિશ્વની અને એમાંના સર્વ પ્રાણીઓની સઘળી શક્તિઓ હું છું.

જે લોકોની અંદર મારી શક્તિઓ માનવતાની ઊંચામાં ઊંચી ટોચે પહોંચી છે તે બધા હમેશ હું પોતે છું, તે લોકો મારી ખાસ વિભૂતિઓ છે. માનવોમાં હું તેમનું શાસન કરનાર રાજા છું, નેતા છું. સમર્થ અને વીર નર હું છું. યોદ્ધાઓમાં રામચંદ્ર અને વૃષ્ણીઓમાં કૃષ્ણ, પાંડવોમાં અર્જુન હું પોતે છું. જ્ઞાનના પ્રકાશ-વાળો વિપ્ર — ઋષિ મારી વિભૂતિ છે, — મહર્ષિઓમાં ભૃગુ હું છું. મહાન ઋષિ, પ્રેરણાવાળો કવિ જે વિચારની જ્યોતિ વડે અને વાચાના શબ્દો — સ્વર વડે સત્યનો પ્રકાશ કરે છે એ માનવોમાં પ્રકાશનું મારું પોતાનું સ્વરૂપ છે; કવિઓમાં હું ઉશનસ છું. માનવોમા પ્રગટતો મહર્ષિ, મીમાંસક, મનીષી એ સઘળા મારી શક્તિ છે — મારી અસીમ બુદ્ધિ-સ્વરૂપ છે. મુનિઓમાં હું વ્યાસ છું. પરંતુ આવિર્ભાવના અંશમાં ગમે તેટલા ભેદો હોય તોપણ સર્વ પ્રાણીઓ પોતાની રીતે અને પોતાની પ્રકૃતિમાં પ્રભુની જ શક્તિઓ છે. આ સમગ્ર સૃષ્ટિમાં ચર કે અચર, અને નિર્જીવ કે સજીવ એવું કાંઈ પણ મારા વિના અસ્તિત્વમાં રહી શકતું નથી. સર્વ સત્-તાઓનું દિવ્ય બીજ હું છું, અને એ બધા પદાર્થો એ બીજની ડાળીઓ અને પુષ્પો છે. આત્મારૂપી બીજમાં જે કાંઈ હોય તેને જ એ પદાર્થો પોતાની પ્રકૃતિમાં વિકસાવી શકે છે. મારી દિવ્ય વિભૂતિઓની ગણતરી થઈ શકે તેમ નથી અથવા તો એનો કોઈ અંત નથી. અહીં હું જે તને કહું છું તે ટૂંકમાં વિકસાવીને થોડાં

આગળ પડતાં સૂચનો વડે જ્ઞાન આપવા માટે, તથા સત્યોની અનંત શ્રેણી પ્રત્યે સમર્થ દ્વાર ખોલી આપવા માટે કહું છું. આ સૃષ્ટિમાં તને જે કોઈ સુંદર અને મહિમાવાન પ્રાણી — માનવ — જણાય, જે કોઈ વિભૂતિવાળું અને સમર્થ, માનવથી પર અને તેનાથી અધો હોય તે તે વ્યક્તિને મારી ભવ્યતા, જ્યોતિ અને શક્તિનું સ્વરૂપ, મારા તેજના સમર્થ અંશમાંથી — મારા પ્રકાશના કિરણમાંથી ઉદ્‌ભવેલા એક કિરણરૂપે, મારી સત્-તાની એક સઘન શક્તિરૂપે જાણ. પણ આ જ્ઞાનનો આ પ્રમાણે વિસ્તાર કરવાની યે શી જરૂર છે? એમ જ સમજી લે કે હું આ સૃષ્ટિમાં છું અને સર્વત્ર છું, હું સર્વમાં છું અને સર્વરૂપ બનું છું: હું ન હોઉં એવું કાંઈ જ નથી, મારા વિનાનું હોય એવું કાંઈ છે નહીં. મારી અસીમ શક્તિના એક કિરણ માત્રથી, મારા અગાધ આત્માના એક અતિ સૂક્ષ્મ અણુ વડે હું આ સમગ્ર વિશ્વને ધારણ કરી રહ્યો છું. "હું છું"નાં, — મારા શાશ્વત અસીમ અસ્તિત્વનાં આ બધાં વિશ્વો ફક્ત સ્ફુલિંગો છે, ઇંગિતો છે, આછેરા પ્રકાશ છે.

પ્રકરણ નવમું

વિભૂતિવાદ

ગીતાના આ અધ્યાયની અગત્ય પહેલી નજરે દેખાય છે તેના કરતાં ઘણી જ વધારે છે. વળી પરાત્પર પરબ્રહ્મમાં આખરી આરોહણ કરવા માટેના તથા જગતથી વિમુખ થઈને, અનાસકત બનીને સુદૂર એવા નિરપેક્ષ માને કેવલ પ્રત્યે માનવના આત્માએ અભિમુખ થવું જોઈએ એવા મતનું સમર્થન કરનારા શ્લોકો શોધવા માટે ગીતાના પાઠનું અવલોકન કરનાર પૂર્વગ્રહવાળી દૃષ્ટિને પણ આ અધ્યાયની જે અગત્ય દેખાય છે તેના કરતાં ઘણી વધારે છે. માનવમાં દેવત્વ રહેલું છે એ દિવ્ય જ્ઞાન ગીતાનો સંદેશ છે. એ દેવની સાથે અદ્વૈત સ્થાપન થતાં એની દિવ્ય શકિત આપણી અધી પ્રકૃતિના આવરણમાંથી પોતાની જાતને મુકત કરીને પ્રગટ થાય છે, માનવના અંતરાત્માને તેનો પોતાનો વિશ્વાત્મા પ્રગટ કરી બતાવે છે તથા દિવ્ય શકિતની વિશ્વાતીત, પરાત્પર એવી ભૂમિકાઓનો આવિર્ભાવ કરે છે, માનવમાં તથા સર્વે પ્રણીઓમાં પોતાને પ્રગટ કરે છે. એ પ્રકારના અદ્વૈતના અનુભવનું ભાવિ પરિણામ — એટલે કે દિવ્ય યોગના પરિણામ તરીકે માનવનો દિવ્યતામાં વિકાસ થાય છે, તથા માનવના અંતરાત્મામાં, તથા તેની આંતરદૃષ્ટિમાં પ્રભુનો આવિર્ભાવ થાય છે, તથા મર્યાદિત અહંમાંથી માનવ મુકિત પામે છે, અને દિવ્ય માનવતા માટેની પરા પ્રકૃતિમાં આરોહણ કરે છે. કારણ કે એ વધારે મહાન આધ્યાત્મિક પ્રકૃતિની, એટલે કે પરા શકિતની, ભૂમિકામાં વસતો માનવ જ્ઞાન, પ્રેમ અને સંકલ્પશકિત વડે પ્રભુ સાથે અદ્વૈત સાધે છે. પ્રભુ સાથે અદ્વૈત સાધીને તેને પોતાનું સમસ્ત જીવન સમર્પણ કરી દે છે ત્યાર પછી તે માનવતામાંથી કેવળ પરાત્પરતામાં આરોહણ કરી શકે છે એટલું જ નહિ, પરંતુ જગતના ઉપર પણ તે ઊર્ધ્વ ચેતનામાંથી કાર્ય કરી શકે છે. અલબત્ત, એ કાર્ય અજ્ઞાનમાં રહીને નહિ, પોતાની અહંતાને ખાતર નહિ, પરંતુ પ્રભુ સાથે વ્યકિતનો સાચો સંબંધ સ્થાપન કરીને, આત્માના સત્યમાં પ્રતિષ્ઠિત થઈને, અમરતાની ચરિતાર્થતા માણીને તથા જગતમાં રહેલા પ્રભુને ખાતર તે કરે છે. આ પ્રકારનું કાર્ય કરવા માટે અર્જુનને સાદ કરવો, એ પોતે જે દિવ્ય સત્ અને દિવ્ય શકિતનો આવિર્ભાવ છે તેનું ભાન એનામાં જાગ્રત કરવું, તથા એની અંદર જે દિવ્ય સત્ અને દિવ્ય શકિતની સંકલ્પશકિત કાર્ય કરી રહી છે તેનું એને ભાન કરાવવું એ દેહધારી પ્રભુનો, શ્રીકૃષ્ણનો ઉદ્દેશ છે. પ્રભુ શ્રીકૃષ્ણ એના સારથિ

થયા છે તે આ ઉદ્દેશ માટે. અર્જુનના અંતરમાં જે મહા વિષાદ અને પોતાના કાર્યની પાછળ રહેલા ઊતરતા પ્રકારના માનવ-ઉદ્દેશો હતા તેમના પ્રત્યે જે ઊંડો અસંતોષ થયો તે પણ આ ઉદ્દેશને ખાતર હતો. એ માનવ-ઉદ્દેશોને ઠેકાણે વધારે વિશાળ એવો આધ્યાત્મિક હેતુ સ્થાપન કરવા માટે આ વિભૂતિઓનું જ્ઞાન એને માટે જે કાર્ય નિર્માણ થયેલું છે તે સિદ્ધ કરવામાં, અત્યંત અગત્યને પ્રસંગે એને આપવામાં આવે છે. વિશ્વરૂપનું દર્શન અને કર્મ કરવાનો પ્રભુનો દિવ્ય આદેશ એ ચરમ બિંદુ પ્રત્યે અત્યાર સુધીમાં અર્જુનને ક્રમેક્રમે આરોહણ કરાવવામાં આવ્યું છે. એ જ્ઞાન ક્યારની આવી ચૂકેલી છે, પરંતુ અહીં વિભૂતિ-યોગ દ્વારા અર્જુનને જે જ્ઞાન આપવામાં આવે છે તેના વિના એનો પૂરેપૂરો રહસ્યાર્થ પ્રગટ થાત નહીં.

આ વિશ્વ-જીવનનું રહસ્ય થોડા અંશમાં ગીતા ઉકેલી આપે છે, જ્ઞાનથી પ્રકાશિત કરી આપે છે. 'થોડે અંશે' એમ કહ્યું કારણ કે આ વિશ્વરૂપી ચમત્કારની અતલ ગંભીરતાઓ અશેષપણે — કોણ શોધી શકે તેમ છે? અથવા તો, કયો ધર્મ એમ કહી શકે તેમ છે કે પોતાના સંકુચિત પટમાં એ ચમત્કારની સર્વ અર્થઘનતા પર પોતે સંપૂર્ણ પ્રકાશ નાખ્યો છે, અથવા તો કયું દર્શન પોતાની ટચૂકડી પદ્ધતિમાં એ સઘળી અર્થઘનતા સમાવવાનો દાવો કરી શકે તેમ છે? પરંતુ ગીતાના પોતાના ઉદ્દેશ પૂરતું આવશ્યક છે તેટલા અંશમાં આપણે માટે વિશ્વ-જીવનના રહસ્ય ઉપર તે પ્રકાશ નાખે છે. પ્રભુમાંથી વિશ્વની ઉત્પત્તિની ક્રિયાનું રહસ્ય તે આપણને બતાવે છે, વિશ્વમાં પ્રભુની વ્યાપક સન્નિધિ અને વિશ્વનો પ્રભુમાં સમાવેશ, સત માત્રની મૌલિક એકતાનું જ્ઞાન તે આપે છે. પ્રકૃતિમાં તમોગ્રસ્ત થયેલા માનવ-આત્માનો પ્રભુ સાથે સંબંધ, આત્મજ્ઞાન પ્રત્યે એની જાગ્રતિ, કોઈ વધારે મહાન ચેતનામાં એનો જન્મ, એનાં પોતાનાં આધ્યાત્મિક શિખરો પર એનું આરોહણ આ સઘળું જ્ઞાન તે આપણને આપે છે. પરંતુ જ્યારે અસલ અજ્ઞાનને ઠેકાણે આ નવું આત્મદર્શન અને નવી ચેતનાને માનવ પ્રાપ્ત કરશે ત્યાર પછી એ પ્રમાણે મુક્ત થયેલા માનવનું પોતાની આજુબાજુ રહેલા જગત પ્રત્યે કેવું દૃષ્ટિ-બિંદુ હશે? અને પોતાને જે વિશ્વ-જીવનના આવિર્ભાવનું મુખ્ય રહસ્ય પ્રાપ્ત થયું છે તેના પ્રત્યે એનું વલણ કેવું હશે — એ કેવું વલણ ધારણ કરશે? એ વિચારવાનું છે. પ્રથમ તો, સર્વ જીવનમાં રહેલા અદ્વૈતનું એને જ્ઞાન હશે અને એ જ્ઞાનની દૃષ્ટિ વડે તે સઘળું જોશે. એની આજુબાજુ જે કાંઈ આવેલું હશે તે સર્વને તે એક દિવ્ય સત્‌ના આત્માઓ તરીકે, સ્વરૂપો અને શક્તિઓ તરીકે જોશે. ભાવિમાં એની ચેતનાની સર્વે અંતર્મુખ અને બહિર્મુખ ક્રિયાઓનો એ જ્ઞાન-દર્શનથી આરંભ થશે. એ દર્શન એનું મૌલિક દર્શન બની રહેશે, અને એનાં સર્વે કર્મોનો એ આધ્યાત્મિક પાયો હશે. સર્વ પદાર્થોને, પ્રત્યેક પ્રાણીને તે એકમેવાદ્વિતીય પ્રભુમાં

ગતિ કરતું અને ક્રિયા કરતું જોશે, — સર્વને તે દિવ્ય અને શાશ્વત સત્-તામાં સમાઈ રહેલાં જોશે. સાથે સાથે તે એકને સર્વમાં વાસ કરી રહેલા — વાસુદેવ — તરીકે, સર્વના આત્મા તરીકે, સર્વમાં વ્યાપી રહેલા તાત્ત્વિક આત્મા તરીકે પણ તે જોશે. પ્રભુની એવી ગુપ્ત સન્નિધિ વગર એ બધાં જીવી શકતાં નથી, ગતિ કે ક્રિયા કરી શકતાં નથી, એનાં સંકલ્પશક્તિ, અનુમતિ કે સહિષ્ણુતા વગર એ બધાંની એક પણ ક્રિયા લેશમાત્ર પણ શક્ય નથી. એ બધી વસ્તુઓને વસ્તુ તરીકે, એમના આત્માને, મનને, પ્રાણને તથા શરીરના ઘાટ વગેરેને પણ તે જોશે તો ખરો, પરંતુ તે ફક્ત એ એક આત્મા અને બ્રહ્મની શક્તિના, સંકલ્પના પરિણામ તરીકે. સઘળું એને એક જ વૈશ્વિક સત્તાના આવિર્ભાવ તરીકે દેખાશે. એ સર્વની ચેતના વૈશ્વિક ચેતનામાંથી આવેલી છે એવું તેને જ્ઞાન થશે, એમની શક્તિ અને સંકલ્પ એ વિશ્વાત્માની શક્તિ અને સંકલ્પ ઉપર આધાર રાખનારાં જણાશે, પ્રકૃતિમાં સાકાર બનતી એમની અપૂર્ણ બાહ્ય વાસ્તવિકતા વૈશ્વિક આત્માના વધારે મહાન દિવ્ય પ્રકૃતિના પરિણામરૂપે તે દેખશે. વસ્તુનો એ પ્રકારનો બાહ્ય આવિર્ભાવ મનને પ્રભુની અભિવ્યક્તિ તરીકે, એને ઢાંકનાર વેશ તરીકે, એને પ્રગટ કરનાર કે એને વિરૂપ બનાવનાર સ્વરૂપ તરીકે ભલે દેખાતો હોય, પરંતુ તેથી પેલા મૌલિક દર્શનમાં કશો ફેર પડતો નથી. વસ્તુનો બાહ્ય દેખાવ ગમે તેવો અભદ્ર કે ભ્રમ ઉપજાવે તેવો હોય, પરંતુ તેને લઈને આ જ્ઞાનદર્શનની સંપૂર્ણતા જરા પણ ઓછી નહિ થાય અથવા તો એનો વિરોધ નહિ કરે. જે વધારે મહાન ચેતનામાં ઉત્થાન કરેલું છે તેનો એ દર્શન આવશ્યક, મૌલિક પાયો છે, એ જ્ઞાનદૃષ્ટિ એની આજુબાજુ પ્રગટ થયેલી અનિવાર્ય જ્યોતિરૂપ છે તથા જગત પ્રત્યે જોવાની એકમાત્ર અને સંપૂર્ણ દૃષ્ટિ છે, — તે એક સત્ય છે જે અન્ય સર્વે સત્યોને શક્ય બનાવે છે.

પરંતુ આ વિશ્વ પ્રભુનો અપૂર્ણ, આંશિક આવિર્ભાવ છે, વિશ્વ પોતે કાંઈ પ્રભુસ્વરૂપ નથી, તે દિવ્ય નથી. પ્રકૃતિના કોઈ પણ, ગમે તેટલા મહાન આવિર્ભાવ કરતાં પ્રભુ પોતે અનંતગુણ મહાન છે. એની પોતાની અનંતતાને લઈને, એની પોતાની નિરપેક્ષ સ્વતંત્રતાને પરિણામે, બ્રહ્માંડોની કોઈ પણ યોજનામાં યા તો વિશ્વની પ્રકૃતિના કોઈ વિસ્તારમાં સમગ્રપણે સાકાર થવાની સઘળી શક્યતાથી પ્રભુ પોતે પર રહેલો છે — नास्ति मंतो विस्तरस्य मे । (૧૦.૧૯) એટલે મુક્તાત્માની દૃષ્ટિ વિશ્વથી પાર પ્રભુના કેવળ સ્વરૂપને જોશે, પ્રભુના નર્યા સ્વરૂપને જોશે. સર્વ રૂપોથી પર એવા પ્રભુમાંથી પ્રક્ષેપ વડે ઉત્પન્ન થયેલા એક મૂર્તસ્વરૂપ તરીકે તે આ વિશ્વને જોશે, પ્રભુના નિરપેક્ષ અસ્તિત્વમાં આ વિશ્વને તે સદા હાજર એવી એક ગૌણ વાસ્તવિકતા તરીકે તે જોશે. પ્રત્યેક સાપેક્ષ અને સાંત વસ્તુને તે દિવ્ય સ્વરૂપ નિરપેક્ષ અને અનંતના મૂર્તસ્વરૂપ તરીકે જોશે. સર્વે સાંત પદાર્થોથી પર તથા પ્રત્યેક સાંત પદાર્થની અંદર પણ તે એક અનંતને પ્રાપ્ત

કરશે. તથા પ્રત્યેક દૃશ્ય વાસ્તવિકતા અને પ્રાકૃતિક પ્રાણીના બાહ્ય સ્વરૂપથી પર, પ્રત્યેક સાપેક્ષ કર્મ અને પ્રત્યેક ગુણ, પ્રત્યેક ઘટનાથી પેલે પાર. તે એક નિરપેક્ષ અનંતને જોશે. એ બધી વસ્તુઓમાંની પ્રત્યેકને જોતાં તથા તેનાથી પેલે પાર દૃષ્ટિ કરીને, એમ બન્ને પ્રકારે, પ્રભુને તેની આધ્યાત્મિક સાર્થકતામાં તે જાણી લેશે.

આ વસ્તુઓ એના મનને બુદ્ધિના વહેલા વિચારો નહિ લાગે, અથવા તો, જગત પ્રત્યેનું તેનું દૃષ્ટિબિન્દુ કેવળ ચિંતનનો — પ્રવૃત્તિનો — એક પ્રકાર કે વ્યવહારલક્ષી માન્યતા માત્ર નહિ હોય. કારણ કે એ પ્રમાણે એનું જ્ઞાન જો કેવળ વિચારપ્રધાન હોય તો એ તો એક દર્શનનું બૌદ્ધિક જ્ઞાન, બુદ્ધિનું એક ઘડતર ગણાય, એને આધ્યાત્મિક જ્ઞાન કે ક્રાંતદર્શન, કે ચેતનાની આધ્યાત્મિક સ્થિતિ કહી શકાય નહીં. પ્રભુનું તથા જગતનું આધ્યાત્મિક દર્શન કેવળ વિચાર પૂરતું, વિચાર-પ્રધાન નથી હોતું, એટલે કે પ્રધાનપણે કે મુખ્યત્વે કરીને પણ વિચારને લગતું નથી. એ વસ્તુ તો પ્રત્યક્ષ અનુભૂતિ છે. અને ઇન્દ્રિયોનું કરેલું દર્શન, તેઓનું દર્શન, આકારો, વસ્તુઓ અને વ્યક્તિઓ વિષેનું ભાન આપણા મનને જેટલું વાસ્તવિક, તાદૃશ્ય, સમીપ, સતત અને સચોટ તથા ગાઢ લાગે છે, તેવું એ જ્ઞાન ચેતનાને પ્રત્યક્ષ હોય છે. માનવનું સ્થૂલ મન ભગવાન, બ્રહ્મ વગેરે વસ્તુઓને વિવિક્તસાર એવા કેવળ વિચાર તરીકે ગ્રહે છે અને એમ માને છે કે શબ્દ, નામ તથા પ્રતીકનાં રૂપો વગેરેનો આશ્રય લીધા સિવાય એ વસ્તુઓને પોતે પ્રત્યક્ષ કરી શકે નહીં, અથવા તો રજૂ કરી શકે નહીં. આત્મા આત્માને જોઈ લે છે; સ્થૂલ, શારીરિક ચેતના જડ તત્ત્વને જેટલી પ્રત્યક્ષતાપૂર્વક તથા જેટલી ગાઢ પરિચિતતાની લાગણીપૂર્વક જોઈ શકે છે તેટલી જ અને તેનાથી વધારે પ્રત્યક્ષતાપૂર્વક, અને વધારે પરિચિતતાની લાગણીપૂર્વક દિવ્ય બનેલી ચેતના પ્રભુને જોઈ શકે છે. આધ્યાત્મિક ચેતના આવિર્ભાવ પામેલા સઘળા અસ્તિત્વને જડ પદાર્થનું બનેલું, જીવન સમગ્રનું બનેલું કે માનસિક ચેતનાનું પણ બનેલું જુએ છે એમ નથી હોતું — એ તો સમગ્ર આવિર્ભાવને આત્માનો, બ્રહ્મનો જ બનેલો જુએ છે. સઘળી વસ્તુઓ તેને પ્રભુ-સ્વરૂપે, પ્રભુની શક્તિ અને તેની દિવ્ય મનીષા તરીકે દેખાય છે. ગીતા જ્યારે વાસુદેવમાં જીવવાનું અને વર્તવાનું — મયિ વર્તતે — કહે છે ત્યારે તે ઉપર જણાવેલા અર્થમાં કહે છે. ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થનું જે ગ્રહણ ઇન્દ્રિયો કરે છે, અથવા તો, વિચારગ્રાહ્ય વિષયનું માનસિક જ્ઞાન મનને થાય છે — એ બન્નેના કરતાં આધ્યાત્મિક ચેતના તાદાત્મ્ય વડે ઈશ્વરનું જે જ્ઞાન મેળવે છે તે કેટલાયે ગણું વધારે વાસ્તવિક હોય છે. એ જ પ્રમાણે આ વિશ્વ-જીવનની પાછળ અને તેનાથી પર જે કેવલ શાશ્વત આવી રહેલો છે, જે આ વિશ્વને સર્જે છે અને પોતે તેને વટાવીને ઊર્ધ્વમાં વ્યાપી રહે છે, અને એ વિશ્વના સર્વે વારાફેરીઓથી જે સદા મુક્ત છે, તે પરાત્પર વિષે પણ આપણી

આધ્યાત્મિક ચેતના સચેતન બને છે. વળી, એ જ ઈશ્વરના અક્ષર-બ્રહ્મસ્વરૂપ વિષે પણ આપણી ચેતના અદ્વૈત વડે સચેતન બને છે. શાશ્વતનું એ અક્ષરસ્વરૂપ જગતના સર્વે વિકારોમાં વ્યાપીને રહે છે તથા પોતાની અવિકારી શાશ્વતી વડે તેમને ટકાવી રાખે છે. આપણા પોતાના કાલથી અતીત, અવિકારી અને અમર આત્મસ્વરૂપ સાથે એ અક્ષરબ્રહ્મની એકતા થાય છે અને આપણી આધ્યાત્મિક ચેતના એના વિષે સચેતન થાય છે. એ જ રીતે એ ચેતના પ્રભુની દિવ્ય વ્યક્તિતાનો, એના પરમ વ્યક્તિસ્વરૂપનો પણ સાક્ષાત્કાર કરે છે. વિશ્વના સઘળા પદાર્થોમાં તે પોતાની જાતને જુએ છે, સર્વ વ્યક્તિઓમાં પોતાને જ અનુભવે છે, તથા એ દિવ્ય વ્યક્તિતત્વ સર્વ પદાર્થ અને સર્વ વ્યક્તિરૂપ બને છે. એ જુદાંજુદાં વ્યક્તિત્વવાળાં સ્વરૂપોના વિચારોને તથા ક્રિયાઓને પોતે આકાર આપે છે, તથા પોતાના સર્વવ્યાપી સંકલ્પ વડે એમનું શાસન કરે છે. આધ્યાત્મિક ચેતના પ્રભુને એના કેવળ સ્વરૂપમાં, પ્રભુને આત્મા તરીકે, પ્રભુને બ્રહ્મ તરીકે, પુરુષ અને પ્રકૃતિ તરીકે જાણે છે. આ સ્થૂલ બાહ્ય પ્રકૃતિને પણ એવી ચેતના આત્મસાક્ષાત્કાર વડે જાણે છે. પણ એ અદ્વૈત એવું હોય છે કે તે વિવિધતાને છૂટથી સ્વીકારે છે, વિવિધ સંબંધોને પણ આવકારે છે, અસ્તિત્વમાં કાર્ય કરી રહેલી એક જ દિવ્ય શક્તિનાં અનંત કાર્યોમાં તે ચડતાઊતરતી શ્રેણીનો સ્વીકાર કરે છે, કારણ કે પ્રકૃતિ એટલે વિવિધ સ્વરૂપ બનવાની પ્રભુની દિવ્ય શક્તિ — આત્મવિભૂતિ.

માનવનું સામાન્ય માનસ પ્રકૃતિને અજ્ઞાનમાં રહેલી જુએ છે, યા તો અજ્ઞાનને પરિણામે તે જેવી દેખાય છે તેવી જુએ છે. પરંતુ વિશ્વ-જીવનને ઉપર જણાવી તે આધ્યાત્મિક ચેતના દ્વારા જોનાર વ્યક્તિની દૃષ્ટિ પ્રકૃતિને એ પ્રમાણે જોતી નથી. એને તો આ પ્રકૃતિમાં અજ્ઞાનમાંથી આવેલું છે તે સઘળું, જે કાંઈ અપૂર્ણ છે, દુઃખપૂર્ણ છે, વિકૃત છે તથા ધૂણા ઉપજાવનારું છે તે સઘળુ પણ, પ્રભુની દિવ્ય પ્રકૃતિના નિરપેક્ષ વિરોધી તત્ત્વ તરીકે નથી દેખાતું. એ સઘળાના બાહ્ય સ્વરૂપોની પાછળ કાંઈક રહેલું છે તેને તે પહોંચે છે, — બ્રહ્મની રક્ષા કરનારી શક્તિ, પ્રભુની દિવ્ય કરુણા એ સર્વની પાછળ રહેલી છે તેનાં તે દર્શન કરે છે અને એમાં એ સર્વ વસ્તુઓનું અસલ સ્વરૂપ તથા ઉદ્ધાર પણ તે જુએ છે. એક આદ્યા અને સર્જક એવી પરા શક્તિ ઊર્ધ્વમાં છે એમાં અસ્તિત્વ ધારણ કરનારી પ્રભુની દિવ્ય શક્તિ અને સંકલ્પ પોતાના નિરપેક્ષ ગુણને અને વિશુદ્ધ આવિર્ભાવને પ્રગટ કરે છે. આપણે વિશ્વમાં જે શક્તિઓ કાર્ય કરી રહેલી જોઈએ છીએ તે બધીમાં સૌથી ઉચ્ચ પ્રકારની, અને સૌથી વધારે પૂર્ણ શક્તિ ત્યાં એ પરા પ્રકૃતિમાં રહેલી છે. એ પરા પ્રકૃતિ આપણી આગળ પ્રભુની આદર્શ પ્રકૃતિ તરીકે પ્રગટ થાય છે — નિરપેક્ષ જ્ઞાન, નિરપેક્ષ શક્તિ અને સંકલ્પ, નિરપેક્ષ પ્રેમ અને આનંદ-સ્વરૂપે તે પ્રભુમાં દેખાય છે. અને એ પરા શક્તિના અનંત પ્રકારો અને ગુણ

તથા શક્તિના વિશિષ્ટ આવિર્ભાવો — અનંત ગુણ, અગણન શક્તિ — આશ્ચર્ય-કારક વિવિધતાવાળાં હોય છે, તથા પ્રભુનાં એ નિરપેક્ષ જ્ઞાન, સંકલ્પ અને શક્તિનાં, આનંદનાં અને પ્રેમનાં મુક્ત આત્મનિર્માણો હોઈ આપોઆપ અને હસ્તામલકવત્ સંવાદી બનેલાં હોય છે. પરા શક્તિમાં જે હોય છે તે સર્વ અનેક શાખાવાળા એવી નિર્બાધ અનંતતાઓમાં રહેલી એકતા હોય છે. પ્રત્યેક શક્તિ, પ્રત્યેક ગુણ, દિવ્ય આદર્શ પ્રકૃતિમાં વિશુદ્ધ, સંપૂર્ણ, આત્મવાન અને એના કાર્યમાં સંવાદી હોય છે. ત્યાં કોઈ વસ્તુ પોતાની મર્યાદિત અને જુદી એવી અંગત સાર્થકતા પ્રાપ્ત કરવા માટે મંથન કરતી નથી, સઘળી વસ્તુઓ — સર્વ — અનિર્વચનીય એકતાપૂર્વક કાર્ય કરતી હોય છે. ત્યાં સર્વે ધર્મો, અસ્તિત્વના નિયમો, એક અને મુક્ત તથા નમનીય ધર્મ બની રહે છે. ધર્મ એટલે સત્માં રહેલો નિયમ, પ્રભુની શક્તિ અને ગુણના કાર્યનું એ ફક્ત લક્ષણ છે, ચિહ્ન છે. એક દિવ્ય ચિત્-શક્તિ અમેય યુક્તિપૂર્વક કાર્ય કરે છે, કોઈ સાંકડા એકમાત્ર નિયમથી બંધાયા વિના, — કોઈ એક પદ્ધતિમાં પુરાયા વિના વર્તે છે — પોતાની અનંતતાની લીલાનો આનંદ માણે છે, તથા પોતાના સદા સંપૂર્ણ આવિર્ભાવના સત્યથી લેશ પણ ચલિત થતી નથી.

પરંતુ આપણે જે વિશ્વમાં જીવી રહ્યા છીએ તેમાં પસંદગીનું, અને ભેદનું જુદાઈ ઉત્પન્ન કરનારું તત્ત્વ રહેલું છે. એમાં પોતાનો આવિર્ભાવ કરવાને આગળ આવનાર પ્રત્યેક શક્તિ, પ્રત્યેક ગુણ કેવળ પોતાના જ ઉદ્દેશને ખાતર પ્રયત્ન કરતાં દેખાય છે, યેનકેન પ્રકારેણ પોતાનો વધારેમાં વધારે આવિર્ભાવ કરવાનો પ્રયત્ન કરે છે. અને એ પ્રયત્નમાં બીજી શક્તિઓ અને બીજા ગુણો પોતાના જુદા આવિર્ભાવ કરવાને જે સહગામી કે પ્રતિસ્પર્ધી એવા પ્રયત્નો કરી રહ્યા હોય છે તેમની સાથે સારામાં સારી કે ખરાબમાં ખરાબ રીતે સમાધાન કરી લે છે. આ પ્રમાણે મથામણ કરી રહેલ વિશ્વપ્રકૃતિમાં પણ બ્રહ્મ રહેલો છે, પ્રભુ વસે છે તથા એ બધી શક્તિઓનું કાર્ય પ્રચ્છન્ન એવી આંતર એકતાના અવિચ્છેદ્ય નિયમને વશ હોવાથી એ કાર્યના ઉપર એક પ્રકારની સંવાદિતા — ફરજિયાતપણે લાદે છે. પરંતુ એ સુમેળ કોઈ અસલ ભેદમાંથી પરિણમતો લાગે છે, ભેદોના પરસ્પર આઘાતમાંથી ઉદ્ભવતો અને એ આઘાતને લઈને ટકી રહેલો દેખાય છે. મૂળમાં રહેલી કોઈ એકતામાંથી તે જન્મતો દેખાતો નથી, અથવા તો, બીજું કાંઈ નહિ, તો, એ એકતા જાણે દબાઈ રહેલી હોય, અપ્રગટ અવસ્થામાં હોય એવી લાગે છે, — તે પોતાને પૂર્ણપણે શોધી શકતી નથી, એના આપણને હંફાવે એવા વેશ-પલટાઓ સંપૂર્ણપણે કદી દૂર કરી દેતી નથી. અને હકીકતમાં, એમ જ બને છે કે દિવ્ય પ્રકૃતિમાંથી આ ઊતરતા પ્રકારની પ્રકૃતિની ક્રિયા ઊતરી આવી છે તેને આ વિશ્વપ્રકૃતિમાં રહેલી વ્યક્તિ (સત્-તા) જ્યાં સુધી પોતાના અંતરમાં ખોળીને પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી એ સંવાદિતા પણ પોતાને પ્રગટ કરી શકતી નથી. આમ

હોવા છતાં, આ જગતમાં જે જે ગુણો અને જે જે શક્તિઓ માનવમાં, પશુમાં, વનસ્પતિમાં, અચેતન પદાર્થમાં એમ સર્વમાં જુદે જુદે સ્વરૂપે કાર્ય કરી રહેલાં છે તેમનું બાહ્ય સ્વરૂપ ગમે તેવું હોય તોપણ તે બધા ગુણો અને બધી શક્તિઓ હમેશાં દિવ્ય છે. સઘળી શક્તિઓ અને ગુણો ભગવાનની શક્તિઓ છે. એમાંની પ્રત્યેક ઊર્ધ્વમાં રહેલાં દિવ્ય પરા પ્રકૃતિમાંથી આવે છે, અહીં આ જગતની નિમ્ન પ્રકૃતિમાં પોતાનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરે છે, અધો પ્રકૃતિની બાધા કરનારી પરિસ્થિતિમાં રહીને પોતાના ભાવાત્મક પ્રાકટયની શક્યતા તથા પ્રગટ સ્વરૂપમાં વૃદ્ધિ કરે છે. અને એમ કરતાં જેમજેમ તે પોતાની આત્મશક્તિની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરે છે તેમતેમ દિવ્યતાના દેખી શકાય એવા આવિર્ભાવની વધારે ને વધારે સમીપ આવી પહોંચે છે. એ ઊર્ધ્વ ગતિ પરમ પ્રભુમાં રહેલી પોતાની નિરપેક્ષતા પ્રત્યે આદર્શ, દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરે છે. કારણ કે પ્રત્યેક શક્તિ પ્રભુની સત્-તા છે, એની જ શક્તિ છે, અને શક્તિનો પ્રસાર અને એનો આવિર્ભાવ તે પ્રભુનો પોતાનો વિસ્તાર અને એની પોતાની અભિવ્યક્તિ છે.

એમ પણ કહી શકાય કે આપણી અંદર રહેલી પ્રત્યેક શક્તિ, — જ્ઞાનની શક્તિ, સંકલ્પશક્તિ, પ્રેમની શક્તિ, આનંદની શક્તિ — એની એકાગ્રતાના અને સઘનતાના અમુક બિંદુએ જ્યારે પહોંચે છે ત્યારે તેમાંથી એક પ્રકારનો ધડાકો થાય છે, અને એ ધડાકો, પ્રકૃતિના અધોગામી બંધારણની કાચલીને તોડી નાખે છે અને વ્યક્તિની શક્તિને એના ભેદભાવવાળા કાર્યમાંથી મુક્ત કરે છે, તથા દિવ્ય સત્-તાની અનંત મુક્તિ અને શક્તિ સાથે એકતા કરવાને તેને પ્રેરે છે. ઈશ્વર-પ્રાપ્તિ માટે વધારેમાં વધારે ખેંચાણ સક્રિય થાય છે ત્યારે નિરપેક્ષ જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થાય છે અને મન મુક્ત બને છે, નિરપેક્ષ પ્રેમ અને આનંદની પ્રાપ્તિ થાય છે અને તેથી હૃદય મુક્તિને પામે છે, વધારે ઉચ્ચ જીવનની પ્રાપ્તિને માટે સમગ્ર સંકલ્પ-શક્તિની નિરપેક્ષ એકાગ્રતા થતાં આપણું સમગ્ર જીવન મુક્ત થઈ જાય છે. પરંતુ ધડાકાનો આરંભ કરનાર જામગરી તથા મુક્તિ આપનાર ધડાકો આપણી પોતાની પ્રકૃતિને જ્યારે પ્રભુનો સ્પર્શ થાય છે ત્યારે શરૂ થાય છે. એ સ્પર્શ આપણી અંદરની શક્તિને તેના સામાન્ય, મર્યાદિત અને ભેદભાવવાળા કાર્યમાંથી અને હેતુઓમાંથી દૂર હઠાવી દઈને તેને શાશ્વત, વિશ્વમય અને પરાત્પરતા પ્રત્યે દોરે છે, તથા અનંત અને કેવળ એવા પ્રભુની દિશામાં તેને મૂકી આપે છે, અભિમુખ કરી આપે છે. સત્માં દિવ્ય શક્તિ રહેલી છે, અને તે સર્વવ્યાપી હોઈ ક્રિયાત્મક પણ બને છે એ સત્ય વિભૂતિવાદના પાયામાં રહેલું છે.

પ્રભુની અનંત દિવ્ય શક્તિ સર્વત્ર હાજર છે અને આ અધો પ્રકૃતિના ઘડતરને ગુપ્તપણે એ જ ટેકો આપી રહેલી છે — परा प्रकृतिः मे यया धार्यते जगत् । પરંતુ સામાન્ય પ્રકૃતિમાં એ પરા શક્તિ પોતાની જાતને પાછળ રાખે

છે, પ્રત્યેક સ્વાભાવિક સત્-તાના હૃદયમાં તે ગુપ્તપણે રહે છે — सर्वभूतानां हृद्देशे જ્ઞાનના પ્રકાશ વડે પ્રભુની એ યોગમાયાનું આવરણ ચિરાય ત્યાં સુધી એ પરાશક્તિ એ પ્રમાણે ગુપ્ત રહે છે. માનવનું પોતાનું આધ્યાત્મિક સત એટલે કે એનો જીવ દિવ્ય પ્રકૃતિવાળો છે, પરા પ્રકૃતિને ધારણ કરે છે. પરા પ્રકૃતિમાં પ્રભુનો આવિર્ભાવ એ જીવ છે, परा प्रकृतिर्जीवभूता. પ્રભુનો સઘળી દિવ્ય શક્તિઓ અને ગુણો જીવમાં અપ્રગટ રૂપમાં પડેલાં હોય છે, એનામાં જ્યોતિ, શક્તિ, પ્રભુની સત્-તાની શક્તિ રહેલાં છે. પરંતુ આપણે જે અધો પ્રકારની પ્રકૃતિમાં જીવીએ છીએ તેમાં જીવ, અમુક શક્યતાઓમાંથી પસંદગી અને મર્યાદિત સાંત નિર્ણયો કરવાનો સિદ્ધાંત અનુસરે છે. અને ત્યાં શક્તિની કોઈ પણ ગ્રંથિ, જૂથ, ગમે તે ગુણ કે આધ્યાત્મિક તત્ત્વ તે પોતાની સાથે જન્મથી લાવે છે, અથવા તો પોતાની જાતના આવિર્ભાવના બીજ તરીકે (તેને) આગળ કરે છે, તે એના સ્વભાવનો સક્રિય ભાવ બને છે. સ્વભાવ એટલે આત્માના આવિર્ભાવનો નિયમ; એ સ્વભાવ વ્યક્તિના સ્વધર્મનું એટલે કે કર્મના નિયામક ધારણનું નિર્માણ કરી આપે છે. અને આટલું જ જો હોત તો કશી ગૂંચવણ કે મુશ્કેલી રહેત નહીં; માનવનું જીવન પ્રભુની જ્યોતિર્મય અભિવ્યક્તિ રૂપ જ બની રહેત. પરંતુ આપણા જગતમાં જે નિમ્ન સ્વરૂપની પ્રકૃતિ રહેલી છે તે અજ્ઞાનની, અહંની, ત્રિગુણની બનેલી છે. આ પ્રકૃતિ અહંની પોતાની છે તેથી કરીને જીવ પોતાની જાતને ભેદભાવ કરનાર "અહં"ના રૂપમાં કલ્પે છે. પોતે જાણે સર્વથી જુદો હોય એ પ્રમાણે અહંપ્રધાન એવી સર્વથી જુદી સંકલ્પશક્તિ તરીકે તે જીવનમાં પોતાની અભિવ્યક્તિ કરે છે અને એમ કરતાં બીજા માણસોમાં પણ જે જીવનની સંકલ્પ-શક્તિ રહેલી છે તેની સાથે અથડામણ કરીને તેમજ સહકાર કે સુમેળ સાધીને વર્તે છે. આ જગતને તે એકતા અને સંવાદ વડે નહિ, પરંતુ ખેંચાખેંચ કરીને પોતાનું બનાવવા માગે છે. અહં-કેન્દ્રિત વિસંવાદના ઉપર તે ભાર મૂકે છે. આ પ્રકૃતિ અજ્ઞાનની શક્તિ છે, અંધની દૃષ્ટિના જેવી છે, તથા આત્માની અપૂર્ણ અથવા તો ખંડિત અભિવ્યક્તિરૂપ છે તેને લઈને જીવ પોતાને જાણતો નથી, પોતાના જીવનના ધર્મને તે જાણતો નથી, પરંતુ પોતાનામાં થતા વિશ્વશક્તિના દબાણને અનુસરે છે, — એ દબાણને તે સમજતો નથી — ખોટી રીતે સમજે છે અને તેથી એનું અનુસરણ કરવામાં તેને ખેંચતાણ કરવી પડે છે, અંતરમાં મંથન થાય છે, અને સાચા માર્ગથી દૂર જતા રહેવાની ઘણી મોટી, સબળ શક્યતા પણ રહે છે. એ પ્રકૃતિ ત્રણ ગુણોની બનેલી છે તેને લઈને એ ચેષ્ટાવાળો અને ગૂંચવણભર્યો માનવનો પોતાનો આવિર્ભાવ જુદીજુદી અશક્તિઓ, વિકૃતિઓ અથવા તો અપૂર્ણ આત્મશોધનું રૂપ ધારણ કરે છે. તમોગુણનો, એટલે અંધકાર અને જડતાના ગુણનો પ્રકૃતિ પર દોર ચાલતો હોય ત્યારે સત્-ની શક્તિ, નિર્બળ અવસ્થામાં,

સર્વવ્યાપી અશક્તિના ભાનમાં, તથા અજ્ઞાનની શક્તિઓની અંધ યાંત્રિકતાની અભીપ્સાહીન ગુલામીમાં વર્તે છે. રજોગુણનો, એટલે કે કર્મ, કામના અને પરિગ્રહના ગુણનો અમલ ચાલતો હોય છે ત્યારે એવી પ્રકૃતિમાં ખેંચતાણ હોય છે, ભારે ચેષ્ટા થતી હોય છે, શક્તિ અને સામર્થ્યની વૃદ્ધિ થાય છે. પરંતુ એની પ્રકૃતિની ક્રિયા ખોડંગતી, દુઃખપૂર્ણ, આવેગવાળી, ખોટા ખ્યાલો, ખોટી પદ્ધતિઓ અને ખોટા આદર્શોથી આડે રસ્તે દોરાઈ જનારી, અને ખરા ખ્યાલો, પદ્ધતિઓ અને સાચા આદર્શો હોય ત્યારે પણ તેમનો દુરુપયોગ કરવાને, એમની દુર્ગતિ તથા વિકૃતિ કરવાને પણ તે પ્રેરાય છે. અને ખાસ કરીને તો રજોગુણવાળી પ્રકૃતિ અહંતાની મહાન, અને ઘણી વાર તો પ્રચંડ અતિશયોક્તિમાં સરી પડે એવી હોય છે. સત્ત્વગુણ, એટલે જ્ઞાન, સમતા, શાંતિ વગેરે ગુણો પ્રધાન હોય છે ત્યારે પ્રકૃતિમાં વધારે સુમેળવાળું કાર્ય થતું જોવામાં આવે છે; એમાં પ્રકૃતિ સાધેનો વ્યવહાર "સાચો" એટલે કે વ્યક્તિના જ્ઞાનના પ્રકાશ અનુસાર તથા માનવના માનસના અધોમુખ સંકલ્પ અને જ્ઞાનનાં સારાં સ્વરૂપોથી પર થવાને અશક્ત એવી શક્તિની મર્યાદામાં સાચો હોય છે. આ ગૂંચમાંથી છુટકારો મેળવવો, અજ્ઞાન, અહં અને ગુણોથી પર ઉર્ધ્વમાં આરોહણ કરવું, એ દિવ્ય પૂર્ણતા પ્રાપ્ત કરવા પ્રત્યેનું પહેલું સાચું પગથિયું છે. એ પ્રમાણે પરાત્પરતામાં જવાથી જીવ પોતાની દિવ્ય પ્રકૃતિને અને પોતાના સાચા જીવનને પ્રાપ્ત કરે છે.

આધ્યાત્મિક ચેતનામાં રહેલી મુક્ત એવી જ્ઞાનદૃષ્ટિ જ્યારે જગત પ્રત્યે જુએ છે ત્યારે ઉપર જણાવી તે (અજ્ઞાનમાં) મથામણ કરતી અધોમુખ પ્રકૃતિને જ કેવળ જોતી નથી. આપણી પોતાની કે બીજા લોકોની પ્રકૃતિની કેવળ બાહ્ય અને દેખીતી ઘટના જ માત્ર આપણે જોઈએ તો આપણે અજ્ઞાનની દૃષ્ટિ વડે જગતને જોઈએ છીએ. એ દૃષ્ટિ વડે આપણે પ્રભુને સર્વમાં સમાનપણે રહેલો જોઈ શકતા નથી. એટલે કે સાત્ત્વિક, રાજસિક અને તામસિક પ્રાણીમાં, દેવમાં અને અસુરમાં, સંતમાં અને પાપીમાં, જ્ઞાની અને અજ્ઞાનીમાં, મહાન અને લઘુમાં, માનવમાં, પશુમાં, વનસ્પતિમાં અને અચેતન વસ્તુમાં આપણે ઈશ્વરને સમાનપણે જોઈ શકતા નથી પ્રકૃતિમાં પ્રગટેલ સત્‌ના સંપૂર્ણ ગૂઢ સત્ય તરીકે મુક્ત આત્માની જ્ઞાનદૃષ્ટિ ત્રણ વસ્તુઓને એકીવખતે જુએ છે. સૌથી પ્રથમ, અને મુખ્યત્વે કરીને સર્વની અંદર તે પરા પ્રકૃતિને, દિવ્ય પ્રકૃતિને, સર્વમાં રહેલી જુએ છે — ગુપ્ત, પરંતુ હાજર, પોતાને પ્રગટ કરવાની વાટ જોતી. સઘળી વસ્તુઓમાં રહેલી સાચી શક્તિ તરીકે તે એ પરા શક્તિને જુએ છે. વળી વિવિધ ગુણો અને શક્તિઓનાં આ સર્વે દેખી શકાય તેવાં સઘળાં કાર્યો પરા શક્તિને લીધે પોતાનું મૂલ્ય પ્રાપ્ત કરે છે, — પરા શક્તિના હોવાથી મૂલ્યવાન બને છે. વળી એ દૃશ્ય કાર્યોના તત્ત્વાર્થને એ એમની પોતાની 'અહં'ની અને અજ્ઞાનની ભાષામાં નહિ, પરંતુ એ દિવ્ય પ્રકૃતિના

પ્રકાશમાં લાવીને તેમને જુએ છે. એટલે બીજી રીતે, તે દેવ અને અસુર, માનવ અને પશુ તથા પંખી સર્વ, પુણ્યવાન અને પાપી, અજ્ઞાની અને પંડિત વગેરેના કર્મમાં સ્પષ્ટ દેખાતા ભેદોને જુએ છે તો ખરો, પરંતુ તેમને એ સ્થિતિમાં અને એ કપટવેશમાં, કોઈ દિવ્ય ગુણના અને શક્તિના કાર્ય તરીકે જુએ છે. એ દૃષ્ટિ છળવેશથી છેતરાતી નથી, ભ્રમમાં પડી જતી નથી, પરંતુ પ્રત્યેક વેશની પાછળ રહેલી પ્રભુતાને તે શોધી કાઢે છે. અપૂર્ણતા, અથવા તો, વિકૃતિને તે બરાબર જુએ છે, પરંતુ એની પાછળ પણ પોતે પહોંચી જાય છે અને ત્યાં રહેલા આત્માના સત્યને જુએ છે, અને એ વિકૃતિમાં અને અપૂર્ણતામાં પણ તે એ આધ્યાત્મિક સત્યને અંધ સ્થિતિમાં અસલ સ્વરૂપને શોધવાને મથામણ કરતું, તથા પોતાના આવિર્ભાવનાં અને અનુભૂતિનાં જુદાં જુદાં સ્વરૂપોનો આશ્રય લઈને સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રત્યે, પોતાના અનંત અને કેવળ સ્વરૂપ પ્રત્યે, ગતિ કરવાને ફાંફાં મારતું જુએ છે. મુક્તાત્માની દૃષ્ટિ એ વિકાર અને અપૂર્ણતાની ઉપર જોઈએ તે કરતાં વધારે ભાર મૂકતી નથી, પરંતુ સર્વ વસ્તુઓને તે પોતાના હૃદયમાં સંપૂર્ણ પ્રેમ અને ઉદારતાપૂર્વક, બુદ્ધિમાં સંપૂર્ણ સમજણપૂર્વક, આત્મામાં સંપૂર્ણ સમતાપૂર્વક જુએ છે. છેવટે સત્‌માં પ્રગટ થયેલ સંકલ્પની પ્રયત્નશીલ શક્તિઓમાં એવી મુક્ત દૃષ્ટિ પ્રભુ પ્રત્યે ઊર્ધ્વગામી પ્રેરણાને પણ જુએ છે. શક્તિના અને ગુણના સર્વ પ્રકારના ઉચ્ચ આવિર્ભાવોને તે માન આપે છે, આવકારે છે અને ઉત્તેજન આપે છે. એમાં એ પ્રભુની ઊર્ધ્વગામી અગ્નિશિખાની જિહ્વાઓ જુએ છે, આત્માની આરોહતી મહત્તાઓ તથા મનની તથા પ્રાણની સાધન ક્રિયાઓ તેમને અધોગામિ પ્રકૃતિની કક્ષામાંથી ઊર્ધ્વમાં લઈ આવે છે, અને જ્યોતિર્મય જ્ઞાન અને સ્થિતપ્રજ્ઞતાનાં પ્રચંડ શક્તિ અને સામર્થ્ય, અને હિંમત, વીરતા તથા પ્રેમની અને આત્મસમર્પણની કલ્યાણકારી મધુરતા, આતુરતા અને ભવ્યતા, આગળપડતા સદ્‌ગુણો, ઉદાત્ત કર્મ, મનોહારી સુંદરતા અને સંવાદ, સુંદર દૈવી સર્જન — વગેરેનાં શિખરો પ્રત્યે લઈ જાય છે, અને તેમને તે જુએ છે. આત્મજ્ઞાનવાળી દૃષ્ટિ માનવમાંથી આરોહણ કરતી દિવ્યતાને વિભૂતિમાં જુએ છે અને સર્વથી જુદી પાડે છે.

પ્રભુ સક્રિય શક્તિ તરીકે કાર્ય કરે છે તેનો આ સ્વીકાર છે, તેનું અભિજ્ઞાન છે, પણ "શક્તિને" તેના સૌથી વિશાળ અર્થમાં આપણે લેવાની છે. એટલે કે શક્તિ એટલે કેવળ બળ નથી, સામર્થ્ય માત્ર નથી, પરંતુ જ્ઞાનની, સંકલ્પની, પ્રેમની, કર્મની, વિશુદ્ધિની, મધુરતાની અને સૌન્દર્યની પણ શક્તિ આપણે સ્વીકારવાની છે. પ્રભુ સત્‌-સ્વરૂપ છે, ચૈતના છે, આનંદસ્વરૂપ છે, અને આ જગતમાં સઘળી વસ્તુઓ સત્‌ની શક્તિ વડે, ચૈતન્યની શક્તિ વડે, આનંદની શક્તિ વડે પોતાની જાતનો પ્રક્ષેપ કરે છે અને એ શક્તિઓ વડે જ પાછી તે પોતાની જાતને શોધી

કાઢે છે. આ જગત પ્રભુની દિવ્ય શક્તિના કાર્યનું બનેલું જગત છે. એ શક્તિ અહીં અસંખ્ય પ્રકારનાં પ્રાણીઓમાં અનંત સત્-તાઓમાં પોતે સાકાર બને છે અને એમાંના પ્રત્યેકમાં એ દિવ્ય શક્તિની વિશિષ્ટ બનેલી શક્તિ રહેલી છે. પ્રત્યેક શક્તિ એટલે તે તે સ્વરૂપમાં રહેલ પ્રભુ પોતે. સિંહમાં અને સસલામાં, અસુરમાં અને દેવમાં, આકાશમાંથી પ્રચંડ અગ્નિના ગોળા પેઠે પસાર થઈ રહેલ અચેતન સૂર્યમાં તેમ પૃથ્વી ઉપર ચિંતન કરનાર માનવમાં એમ પ્રત્યેક સ્વરૂપમાં પ્રભુ રહેલો છે. એના આવિર્ભાવમાં ગુણો જે વિકૃતિ ઉત્પન્ન કરે છે તે ખરું જોતાં એની મુખ્ય નહિ પરંતુ ગૌણ બાજુ છે. મુખ્ય વસ્તુ તો પોતાનો આવિર્ભાવ કરી રહેલી પ્રભુની દિવ્ય શક્તિ છે. મહાન વિચારકમાં, વીર પુરુષમાં, માનવોના નેતામાં, મહાન ગુરુમાં, જ્ઞાનીમાં, પૈગંબરમાં, ધર્મના પ્રવર્તકમાં, સંતમાં, માનવને ચાહનારમાં, મહાકવિમાં, મહાન કલાકારમાં, મહાન ભૌતિકશાસ્ત્રવેત્તામાં, જાતનો સંયમ કરનાર તપસ્વીમાં, વસ્તુઓને, ઘટનાઓને અને શક્તિઓને વશ કરીને જેર કરનારમાં — એ સર્વમાં પ્રભુ પોતાનો આવિર્ભાવ કરે છે. સ્વયં કર્મ, મહાન કવિતા, સંપૂર્ણ સુંદરતાવાળું સ્વરૂપ, ગહન પ્રેમ, ઉદાત્ત કર્મ, કોઈ દિવ્ય સિદ્ધિ વગેરે ક્રિયાઓ એ છે; આવિર્ભાવમાં દેખા દેતો એ પ્રભુ છે.

બધી પ્રાચીન સંસ્કૃતિઓ આ સત્યનો સ્વીકાર કરતી હતી અને તેને માન આપતી હતી. પરંતુ આજકાલના માનસની એક બાજુ આ વિચાર પ્રત્યે અજબ જેવી ઘૃણા સેવે છે; એને એમાં કેવળ શક્તિની અને બળની પૂજા દેખાય છે, એને એ અજ્ઞાની, અથવા તો આત્માની અવનતિ કરનારી, વીરપૂજા ગણે છે અથવા તો, આસુરી અતિમાનવતાનો સિદ્ધાંત એમાં એને દેખાય છે. અલબત્ત, એ ખરું છે કે આ સત્યને અજ્ઞાની રીતે લઈ શકાય તેમ છે, — જેમ સર્વ સત્યોને અજ્ઞાની રીતે લેવાનો માર્ગ રહેલો છે, — પરંતુ પ્રકૃતિના દિવ્ય અર્થશાસ્ત્રમાં આ સત્યનું પોતાનું સ્થાન રહેલું છે, એનો પોતાનો અનિવાર્ય ધર્મ પણ છે. ગીતા આ સત્યને એને યોગ્ય સ્થાને, અને યોગ્ય દૃષ્ટિબિન્દુમાં સ્થાપન કરી આપે છે. સર્વ માનવોમાં અને સર્વ પ્રાણીઓમાં દિવ્ય આત્મા રહેલો છે, એ મહાન અનુભૂતિના સ્વીકાર ઉપર એ સત્ય પ્રતિષ્ઠિત હોવું જોઈએ. એ સત્ય મહાન તથા લઘુ બન્ને પ્રત્યે, પ્રખ્યાત અને અજ્ઞાત બન્ને પ્રકારના આવિર્ભાવો પ્રત્યે સમદૃષ્ટિ સાથે મેળમાં બેસે એવું જોઈએ. અજ્ઞાનીમાં, નમ્ર લોકોમાં, નિર્બળમાં, પતિતમાં, પાપીમાં અને બહિષ્કૃતમાં આપણે પ્રભુનાં દર્શન કરવાં જોઈએ અને તેના ઉપર પ્રેમ રાખવો જોઈએ, તેની ભક્તિ કરવી જોઈએ. વિભૂતિમાં પોતાનામાં પણ, આપણે સ્વીકારવાની અને ઉચ્ચ ગણવાની વસ્તુ છે તે એનું બાહ્ય વ્યક્તિત્વ — સિવાય કે એક પ્રતીક તરીકે — નથી, પરંતુ એ શક્તિમાં પોતાનો આવિર્ભાવ કરનાર

એકમેવાદ્વિતીય પ્રભુ છે. પ્રભુના આવિર્ભાવમાં ચઢઊતર શ્રેણી હકીકતરૂપે રહેલી છે તેનો આ અનુભૂતિથી લોપ થઈ જતો નથી. તથા પોતાનાં ફાંફાં મારતાં, અંધકારમય કે અવચેતનામાં ડૂબી ગયેલાં પ્રતીકોમાંથી પ્રકૃતિ પોતાનો આવિર્ભાવ કરવામાં પગથિયે પગથિયે ઊર્ધ્વમાં ઊંચે ચડે છે, અને પ્રભુના આવિર્ભાવોને એ શ્રેણીનો આશ્રય લઈને પહોંચે છે. પ્રત્યેક મહાન વ્યકિત, પ્રત્યેક મહાન સિદ્ધિ પ્રકૃતિમાં રહેલી પોતાની જાતથી પર થઈ જવાની શકિતની નિશાની છે, અને એનામાં આખરી ઉત્થાન કરીને જાતથી સંપૂર્ણપણે પર થઈ જવાની શકિત રહેલી છે, તેની એ આગાહી છે. માનવ પોતે પશુથી અને સર્વ યોનિથી ચડિયાતા પ્રકારનો પ્રકૃતિનો આવિર્ભાવ છે, જોકે એ બન્ને પ્રકારોમાં વ્યાપી રહેલો બ્રહ્મ એક અને સમ છે. પરંતુ માનવ પોતે પોતાનાથી પર રહેલાં ઉચ્ચતાનાં શિખરોને હજી સુધી પ્રાપ્ત થયો નથી. અને એ ઉચ્ચતમ શિખરોને પહોંચે તે પહેલાં સત્‌માં રહેલ દિવ્ય સંકલ્પશકિતમાં વધારે મહાન પ્રકારની સૂચના કે ઇંગિત મળે તેનો એક ભાવિના વચન તરીકે અને ઇશારા તરીકે સ્વીકાર થવો જોઈએ. એ પ્રમાણે મહાન દિવ્યતા પ્રત્યેના માર્ગમાં પહેલ કરનારા આદ્ય પુરુષોની શ્રેણી પ્રત્યે આપણી દૃષ્ટિ ઊંચી કરવાથી માનવમાં રહેલી દિવ્યતા માટેની માનવવૃત્તિ ઓછી થતી નથી. એવા પુરુષો પોતપોતાની સિદ્ધિના માર્ગ વડે માનવને અતિમાનવતા પ્રત્યે દોરે છે, અથવા તો દિશા દર્શાવે છે.

અર્જુન પોતે એક વિભૂતિ છે; આધ્યાત્મિક વિકાસમાં એ ઉચ્ચ કક્ષાને પ્રાપ્ત થયેલ છે, પોતાના સમકાલીનોમાં આગળ પડતી વ્યકિત છે, નારાયણે, માનવમાં પ્રગટેલ પ્રભુએ પસંદ કરેલ એ કરણ છે, નિમિત્ત છે. ગીતામાં એક ઠેકાણે શ્રીકૃષ્ણ સર્વથી પરમ અને સૌને માટે સમાન આત્મ તરીકે પોતાને વિષે બોલે છે ત્યારે એમ કહે છે કે મને કોઈ પ્રિય નથી, કોઈ અપ્રિય, ગર્હ્ય નથી. પરંતુ બીજી જગાએ કહે છે કે અર્જુન મને પ્રિય છે. પોતાનો ભકત પ્રિય છે, અને તેથી પોતે તેને દોરે છે અને તેની રક્ષા કરે છે; પોતે જ્ઞાન માટે અને ક્રાંતદર્શન માટે તેમને પસંદ કરેલા છે. અહીં જે પરસ્પર વિરોધ જણાય છે તે દેખાવ પૂરતો જ છે. પ્રભુની દિવ્ય શકિત વિશ્વમાં વ્યાપી રહેલ આત્મા તરીકે સર્વ પ્રત્યે સમાન છે, અને તેથી પ્રત્યેક સત્‌-તામાં તે તેની પ્રકૃતિનાં કાર્ય અનુસાર પોતાની જાતનું અર્પણ કરે છે. પરંતુ પુરુષોત્તમનો માનવ સાથે અંગત સંબંધ પણ રહેલો છે અને એ સંબંધમાં ખાસ કરીને ખાસ અર્થમાં જે માનવ એની સમીપ જાય છે તેની સમીપ પુરુષોત્તમ પણ હોય છે. કુરુક્ષેત્રના મેદાન ઉપર જે વીર પુરુષો અને સમર્થ યોદ્ધાઓ ભેગા થયા છે તે બધા ય પ્રભુની દિવ્ય સંકલ્પશકિતના આજ્ઞાધીન નાયકો છે, અને એમાંના પ્રત્યેકની અંદર તેની પ્રકૃતિ પ્રમાણે પ્રભુની શકિત કાર્ય કરી

રહી છે, પરંતુ તેના અહંના પરદા પાછળ રહીને તે કરે છે. અર્જુન પોતાના વિકાસની એવી કક્ષાને પહોંચ્યો છે જ્યારે એ પરદો ચીરી શકાય તેમ છે, તથા દેહધારી પ્રભુ પોતાના કાર્યના ગહન રહસ્યને પોતાની વિભૂતિ આગળ પ્રગટ કરી શકે તેમ છે. એ પ્રમાણેનો જ્ઞાનપ્રકાશ — પ્રભુનો આવિર્ભાવ — થાય તે આવશ્યક પણ છે. અર્જુન એક મહાન કાર્ય સાધવાનું કરણ છે, એ કાર્યનો બાહ્ય દેખાવ ભયંકર છે, છતાં તે આવશ્યક બનેલું છે. માનવજાતિની આગેકૂચમાં એક લાંબી મજલ કાપવા માટે, ધર્મરાજ્યની એટલે કે જીવનમાં સત્યના અમલની સ્થાપના માટેની લડાઈમાં નિશ્ચયાત્મક પગલું ભરવા માટે એ કાર્ય જરૂરી છે. માનવનાં યુગચક્રોનો ઇતિહાસ એટલે માનવજાતિના આત્મામાં અને તેના જીવનમાં પ્રભુને પ્રગટ કરવામાં તેણે કરેલી પ્રગતિ. એમાંની પ્રત્યેક મહાન ઘટના અને અંતરાવસ્થા પ્રભુનો આવિર્ભાવ છે. માનવમાં કાર્ય કરી રહેલ એ પ્રચ્છન્ન દિવ્ય સંકલ્પશક્તિનું કરણ અર્જુન છે, તે એનું મુખ્ય પાત્ર છે, એણે દિવ્યતાવાળા માનવ બનવું જોઈએ. એટલે કે પોતાનું કાર્ય પ્રભુના કાર્ય તરીકે સચેતનપણે કરવાની શક્તિ એણે પ્રાપ્ત કરવી જોઈએ. એ પ્રમાણે થાય તો જ એ કાર્ય ગહન અને ચોક્કસ પ્રકારે જીવંત બને, એના સંપૂર્ણ આધ્યાત્મિક અર્થને, અને તેના ગુપ્ત હેતુની જ્યોતિ અને શક્તિને પ્રાપ્ત કરી શકે. અર્જુનને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સાદ થયો છે. એણે પ્રભુને વિશ્વના સ્વામી તરીકે, જગતના પ્રાણીઓના અને જીવનની ઘટનાઓના આદિમૂળ તરીકે જોવાનો છે, — એણે સઘળી વસ્તુઓને પ્રકૃતિમાં થતા પ્રભુના આત્મપ્રકાશ તરીકે જોવી જોઈએ, એણે સર્વમાં પ્રભુનાં દર્શન કરવાનાં છે, એક માનવ તરીકે અને વિભૂતિ તરીકે એણે પોતાની અંદર પ્રભુને જાણવાનો છે, જીવનની અધમતાઓમાં અને ઉચ્ચતાઓમાં, એનાં ઉચ્ચોચ્ચ શિખરો પર, — અને એ શિખરો પર ઊભેલી માનવવિભૂતિમાં — એણે પ્રભુને જોવાનો છે. જીવનની આખરી ટોચો પર આરોહણ કરીને પરમ મુક્તિ અને દિવ્ય અદ્વૈત પ્રત્યે ગતિ કરતા માનવમાં પણ એણે પ્રભુને જોવાનો છે. સર્જન અને સંહારની ક્રિયા કરનાર કાલને અર્જુને પ્રભુના ગતિમાન સ્વરૂપ તરીકે જોવાનું છે — એની ગતિમાં એ જે ડગલાં ભરે છે તે આ વિશ્વનાં યુગચક્રોના કાર્યને સિદ્ધ કરતાં જાય છે. એ કાળચક્રના ઊંચાંમાં ઊંચાં શિખરો — ટોચ ઉપર માનવદેહમાં રહેલો દિવ્ય આત્મા જગતમાં પ્રભુનાં કર્યો કરતો એની વિભૂતિ તરીકે પરમ પરાત્પર પ્રત્યે આરોહણ કરે છે. આ જ્ઞાન અર્જુનને આપવામાં આવ્યું છે. હવે પ્રભુનું વિશ્વરૂપ પ્રગટ કરવાનું રહે છે અને એ વિશ્વરૂપનાં સહસ્રાવધિ મુખોમાંથી મુક્ત થયેલી વિભૂતિને એનું નિર્મિત કાર્ય કરવા માટેનો આદેશ આપવામાં આવશે.

પ્રકરણ દસમું

વિશ્વરૂપદર્શન : કાલ-સંહારક

પરમાત્માનું વિશ્વરૂપદર્શન એ ગીતાનો એક સૌથી વધુ જાણીતો અને સમર્થ કવિત્વમય ભાગ છે, પરંતુ ગીતાની તત્ત્વવિચારણામાં એનું જે સ્થાન છે તે એકદમ નજરે ચડે એવું સપાટી પર નથી. એ તો સ્પષ્ટ છે કે એ ભાગ કાવ્યમય અને જ્ઞાનદૃષ્ટિ આપનાર એક પ્રતીક તરીકે ઈરાદાપૂર્વક યોજાયો છે, અને એને ગીતાના ચાલુ વિષયમાં કેવી રીતે અને શા માટે લઈ આવવામાં આવ્યો છે તે આપણે જાણવું જોઈએ. વળી એનો અંતરનો અર્થ શેનો નિર્દેશ કરે છે તે પણ આપણે શોધી કાઢવું જોઈએ. ત્યાર પછી જ, આપણે તેના ખરા રહસ્યને પામી શકીશું. પરમાત્માના વિશ્વરૂપનું દર્શન કરવાની માગણી અર્જુન તરફથી આવે છે; એને પૂર્વે કદી નહિ જોયેલું એવું પ્રભુના મહિમાનું પ્રત્યક્ષ સ્વરૂપ જોવું છે, આ વિશ્વનું શાસન કરનાર ઈશ્વર અને મહાશક્તિના સ્થૂલરૂપ બનેલા મૂર્ત સ્વરૂપને સાક્ષાત્ જોવું છે. જીવનના પરમ, આધ્યાત્મિક રહસ્યનું જ્ઞાન એણે શ્રવણ કર્યું છે: એ જાણે છે કે સઘળું પ્રભુમાંથી ઉદ્ભવે છે, સઘળું ઈશ્વર પોતે છે, સઘળું દિવ્ય છે, સઘળી વસ્તુઓમાં પરમાત્માનો નિવાસ છે, અને સર્વમાં તે ગુપ્ત રહેલો છે, તથા પ્રત્યેક સાંત પદાર્થમાં તેનો આવિર્ભાવ થઈ શકે છે. સામાન્ય માણસનાં મન અને ઈન્દ્રિયોને આગ્રહપૂર્વક વળગી રહેનારો ભ્રમ એ છે કે વિશ્વમાં વસ્તુઓ પોતાની અંદર અને પોતાને ખાતર — પ્રભુથી સ્વતંત્ર રીતે — અસ્તિત્વ ધારણ પણ કરી શકે છે; અથવા તો, પ્રકૃતિ પ્રભુથી સ્વતંત્રપણે ગતિમાન થઈ શકે છે તથા જગનું સંચાલન કરવાને સમર્થ છે. અર્જુનના મનમાંથી હવે એ ભ્રમ દૂર થઈ ગયો છે. એ ભ્રાંતિને લીધે જ અર્જુનના મનમાં શંકા અને વિષાદ પ્રગટ થયાં હતાં અને એણે કાર્ય કરવાનો ઇનકાર કર્યો હતો. હવે જન્મ અને મરણનો અર્થ અર્જુન જાણે છે. એ જાણે છે કે જગતના પદાર્થોના આભાસોની પાછળ રહેલું ખરું રહસ્ય તો પરમાત્માનો સચિત્ અવિનાશી મહિમા છે. આ સઘળું વિશ્વ પ્રત્યેક વસ્તુમાં રહેલા પ્રભુનો યોગ છે: સમગ્ર વિશ્વ શાશ્વત પરબ્રહ્મનો યોગ છે, — સમસ્ત વિશ્વ અને એમાં જે કંઈ બને છે તે સઘળું પરમાત્માના યોગનું પરિણામ છે, તેના યોગનો આવિર્ભાવ છે. પ્રકૃતિસમસ્ત નિગૂઢ એવા પરમાત્મ-તત્ત્વથી ભરેલી છે, અને પરમાત્મ-તત્ત્વને

પોતાનામાં પ્રગટ કરવા તે મથી રહી છે. પરંતુ, શક્ય હોય તો, અર્જુનને એ પરમાત્માનાં પોતાનાં રૂપ અને કલેવર જેવાં છે તેવાં જોવાની ઇચ્છા છે. પરમાત્માના ગુણો કયા કયા છે, એમની શક્તિઓ કઈ કઈ છે એ વિષેના જ્ઞાનનું એણે શ્રવણ કર્યું છે, અને કઈ રીતે અને કેવા ક્રમમાં એમની અભિવ્યક્તિ થાય છે તે એ સમજે છે. પરંતુ હવે યોગેશ્વર ગુરુ પાસે પોતાનાં જ્ઞાનચક્ષુ સમક્ષ તેનું વિશુદ્ધ અવિનાશી આત્મસ્વરૂપ પ્રગટ કરવાની માગણી તે કરે છે. અલબત્ત પરમાત્માની કર્મરહિત અક્ષર સ્થિતિનો અરૂપ નીરવતા પ્રગટ કરવાને નહિ, પરંતુ તે પરમ, પરાત્પર સ્વરૂપ જેમાંથી સર્વ શક્તિઓ અને સર્વ કર્મ પ્રગટે છે, સર્વે રૂપો જેનો વેશ માત્ર છે, જે પરમાત્મા વિભૂતિમાં પોતાની દિવ્ય શક્તિનો આવિર્ભાવ કરે છે તેનાં દર્શન અર્જુનને કરવાં છે. એટલે કે જે પરમાત્મા સર્વ કર્મોનો સ્વામી છે, જ્ઞાનનો અને ભક્તિનો મહેશ્વર છે, પ્રકૃતિનો અને તેણે સર્જેલાં સર્વ પ્રાણીઓનો જે ઈશ છે, તેનાં દર્શન કરવાની એને ઇચ્છા થઈ છે. વિશ્વવ્યાપક અને વિશ્વધારક એવા પરમાત્માના સ્વરૂપનાં દર્શન માટે શ્રીકૃષ્ણ પરમ ગુરુએ અર્જુન પાસે માગણી કરાવી છે, કારણ કે એ રીતે જ, વિશ્વમાં પ્રગટ થયેલ પ્રભુ પાસેથી, વિશ્વકર્મમાં જે કામ કરવાનું એને ભાગે આવેલું છે તે સ્વીકારવાનો આદેશ મળવો જોઈએ.

" જે સ્વરૂપ તું જોવા માગે છે તે માનવનાં ચર્મચક્ષુ વડે તું જોઈ શકે તેમ નથી." એમ અવતાર શ્રીકૃષ્ણ અર્જુનને ઉત્તર આપે છે. કારણ કે, એ ચક્ષુઓ તો વસ્તુઓના ફક્ત આભાસોને જ જોઈ શકે છે, અથવા તો, એ આભાસોમાંથી તે જુદાંજુદાં પ્રતીકાત્મક સ્વરૂપો ઉપજાવી લઈ શકે છે અને એમાંનું પ્રત્યેક શાશ્વતની રહસ્યમયતાનાં ફક્ત થોડાં પાસાં જ રજૂ કરતાં હોય છે. પરંતુ એક દિવ્ય ચક્ષુ રહેલું છે, એક અંતરતમ દૃષ્ટિ છે જે પરમ પરાત્પરને એના વિશ્વયોગમાં જોઈ શકે છે. હું તને હવે એ દિવ્ય ચક્ષુ આપું છું, એના વડે તું મારાં સેંકડો અને સહસ્રાવધિ દિવ્ય સ્વરૂપોને જોઈ શકશે. એ બધાં નાના પ્રકારનાં, વિવિધ આકારનાં અને અનેક વર્ણનાં હશે. એમાં તું આદિત્યોને અને રુદ્રોને, મરુતોને અને અશ્વિનોને આવી રહેલા જોશે. કોઈ પૂર્વે નહિ જોયેલાં એવાં અનેક આશ્ચર્યો તું એમાં જોઈ શકશે. આજે સમગ્ર સચરાચર જગતને મારા દેહમાં પરસ્પર સંબદ્ધ થયેલું તથા એકરૂપ થયેલું તને દેખાશે. ઉપરાંત, અન્ય પણ જે કાંઈ જોવાની તું ઇચ્છા કરશે તે એ સ્વરૂપમાં જોઈ શકશે. આ દર્શનનો રહસ્ય-ધ્વનિ, એનો કેન્દ્રસ્થ અર્થ આ પ્રમાણેનો છે : આ દિવ્ય દૃષ્ટિ એક પરમાત્માનું અનેકમાં, અનેકનું એકમાં, તથા અખિલ વિશ્વ તે એક પરમાત્માનું સ્વરૂપ છે, એનું દર્શન

કરાવનારી દૃષ્ટિ છે. આ પરમ સત્યનું દર્શન દિવ્ય યોગદૃષ્ટિ કરાવે છે. એ દૃષ્ટિમાં જે કાંઈ છે, હતું અને થશે તે સર્વની સમજૂતી આપણને મળી રહે છે, સઘળું મુકત બને છે, સકારણતા પ્રાપ્ત કરે છે, — તર્કની સંવાદિતા પ્રાપ્ત કરે છે. એક વાર એ દર્શન થાય અને ચેતનામાં એને ધારણ કરવામાં આવે ત્યાર પછી સર્વ સંશયો અને ગૂંચવણોના મૂળમાં તે પ્રભુના તેજસ્વી કુઠારનો ઘા કરે છે, તથા સઘળા ઇનકારોને તથા વિરોધોને નિર્મૂળ કરી નાખે છે. એ દર્શન જગતમાં સર્વત્ર સુમેળ સાધી આપે છે અને એકતા સ્થાપન કરે છે. આ દર્શનમાં જે પ્રભુનાં દર્શન થાય છે તેની સાથે માનવનો આત્મા એકતા કરી શકે તો પછી આ જગતમાં જે રુદ્ર, ભયાનક વસ્તુઓ છે તે સઘળીની રુદ્રતા, ભયાનકતા દૂર થઈ જાય છે. હજી સુધી અર્જુને એવી એકતા પ્રાપ્ત કરી નથી એટલે જ્યારે તે વિશ્વરૂપને જુએ છે ત્યારે એને ભય લાગે છે. વિશ્વરૂપમાં આપણે જોઈ શકીએ છીએ કે રુદ્ર પણ પ્રભુનું જ એક સ્વરૂપ છે, અને એક વાર સમગ્ર વિશ્વરૂપમાં એ રુદ્ર સ્વરૂપનો સંકેત તથા એની સાર્થકતા દેખાશે, અને આપણે એ રુદ્ર સ્વરૂપને છૂટું પાડીને એકલું નહિ જોઈએ તો સમગ્ર અસ્તિત્વનો સર્વગ્રાહી આનંદ અને સમર્થ હિમતપૂર્વક આપણે તેનો સ્વીકાર કરી શકીશું, તથા આપણા પ્રભુનિર્મિત કાર્યને પાર પાડવા માટે દૃઢ પગલે ગતિ કરી શકીશું, તથા એ કાર્યથી પર, ભાવિમાં રહેલી એની ચરિતાર્થતાને, પરિપૂર્ણતાને પણ જોઈ શકીશું. વિશ્વની સઘળી વસ્તુઓને એક જ દૃષ્ટિમાં સમાવે એવા દિવ્ય જ્ઞાનમાં જે આત્માનો પ્રવેશ થયો છે, એટલે કે જેની દૃષ્ટિ ભેદપ્રધાન, ખંડિત અને તેથી ભ્રમિત, મૂઢ થયેલી હોતી નથી તેવા આત્માને જગત જાણે નવી શોધ કરી હોય તેવું તદ્દન નવા સ્વરૂપે જ દેખાવા લાગે છે, તથા એ દર્શનમાંથી બીજું પણ જે કાંઈ એને જેવું હોય છે તે એને જોવા મળે છે—यच्चान्यत् दृष्टुमिच्छति. એવો માનવ એ સર્વની એકતા કરી આપનાર અને સર્વ સાથે સંબંધ સ્થાપી આપનાર દૃષ્ટિનાં મંડાણ ઉપર આત્મસાક્ષાત્કારની એક અભિવ્યક્તિથી વધારે પૂર્ણતાવાળી અભિવ્યક્તિ પ્રત્યે ગતિ કરી શકે છે.

ત્યાર પછી અર્જુનને પ્રભુના પરમ સ્વરૂપનાં, વિશ્વરૂપનાં દર્શન થાય છે. એ દર્શન અનંત પરમાત્માનું દર્શન છે. તેનાં મુખ સર્વ બાજુએ છે, એ સર્વતોમુખ છે. એનામાં વિશ્વનાં સઘળાં આશ્ચર્યો આવી રહેલાં છે. પોતાની સત્-તાના અદ્‌ભુત આવિર્ભાવોને એ પ્રભુ અંત વગર અસંખ્ય રૂપોમાં પ્રગટાવ્યા જ કરે છે. એ વિશ્વવ્યાપી દેવ અસંખ્ય ચક્ષુઓ વડે જુએ છે, અનેકાનેક મુખો દ્વારા બોલી રહ્યા છે, અને દિવ્ય આયુધો ઉગામીને યુદ્ધ માટે તે સજ્જ થયેલા છે, દિવ્ય આભુષણોથી તે દેદીપ્યમાન છે, દિવ્ય વસ્ત્રો ધારણ

કરેલાં છે, અને દિવ્ય માળાઓ વડે મનોહર લાગે છે, અને દિવ્ય સુગંધી દ્રવ્યોની સુરભિવાળા છે. એ દેવના શરીરનું તેજ એટલું બધું છે કે જાણે આકાશમાં હજારો સૂર્યો એકીવખતે ઉદય પામ્યા ન હોય ! અનેક પ્રકારે વિભક્ત થયેલું અને છતાં એકતાવાળું આ સમગ્ર જગત એ દેવાધિદેવ વિશ્વરૂપના દેહમાં એકતાને પ્રાપ્ત થયેલું દેખાય છે, એકસ્થ જોઈ શકાય છે. અર્જુન એ ભવ્ય, સુંદર અને ભીષણ એવા પ્રભુનાં દર્શન કરે છે. સર્વ જીવાત્માનો ઈશ્વર જેણે પોતાનાં મહિમા અને આશ્ચર્ય દ્વારા દિવ્ય શક્તિમાંથી આ અસંયત, ઉગ્ર અને રાક્ષસી તથા વ્યવસ્થિત અને અદ્‌ભુત, મધુર અને ભયાનક એવું આ જગત પ્રગટાવ્યું છે, અભિવ્યક્ત કર્યું છે, તેને અર્જુન જુએ છે; અને આશ્ચર્ય અને આનંદની તથા ભયની લાગણીથી વિવશ થઈને તે હાથ જોડીને નમસ્કાર કરે છે, તથા વિસ્મયની લાગણી સહિત સ્તુતિનાં વચનો વડે ભક્તિ કરે છે : "હે દેવ, તારા દેહમાં હું સર્વ દેવોને જોઉં છું, અન્ય ભૂતોના સંઘોને, કમળ પર વિરાજેલા વિધાતા બ્રહ્માને, ઋષિઓને તથા દિવ્ય નાગલોકોને હું જોઉં છું. હું તારા સંખ્યાતીત બાહુઓ, વક્ષો, ઉદરો, ચક્ષુઓ તથા મુખોને જોઉં છું, હું તને સર્વ સ્થળે અનંતરૂપે જોઉં છું; પરંતુ હે વિશ્વેશ્વર, હે વિશ્વરૂપી તારાં અંત, મધ્ય કે આદિને હું જોઈ શકતો નથી. હું તને કિરીટ, ગદા અને ચક્ર ધારણ કરેલાં છે, એવો જોઉં છું. તારા અતુલ પ્રભાવ વડે મારી ચારે બાજુ આવી રહેલા એવા તને હું જોઈ શકતો નથી — તારી સામે દૃષ્ટિ કરવી, તારા સ્વરૂપને નિહાળવું દુષ્કર છે, તું ચારે બાજુ વીંટાઈ રહેલા તેજસ્વી સમૂહ જેવો, સૂર્ય સમાન, પ્રજ્વલિત અગ્નિ પેઠે અમિત પ્રભાવવાળો છે. તું પરમ છે, તું અક્ષર છે, તું જ્ઞાતવ્ય છે; તું વિશ્વસમસ્તનો ઉચ્ચ આધાર અને તેનો નિવાસ છે, તું શાશ્વત ધર્મોનો અવિનાશી રક્ષણહાર છે, તું જીવનમાત્રને ટકાવનાર શાશ્વત પુરુષ છે."

પરંતુ વિશ્વરૂપ-દર્શનના મહિમાની અંદર સંહારક એવા કાલનું સ્વરૂપ પણ રહેલું છે. આ આદિ, મધ્ય કે અંત વગરનો અપ્રમેય પરમાત્મા એ પણ છે જેમાં સર્વ વસ્તુઓનો આરંભ થાય છે, જેમાં તેઓ ટકી રહે છે, તથા અંતને પામે છે. અનેક સૃષ્ટિઓને એ પ્રભુ પોતાના અસંખ્ય બાહુઓ વડે ભેટીને રહે છે તથા સહસ્રાવધિ બાહુઓ વડે તેનો વિનાશ કરી રહેલો છે. સૂર્યો અને ચંદ્રો એનાં ચક્ષુઓ છે, એનું મુખ જ્વલંત અગ્નિનું બનેલું છે, તથા એની શિખાના તાપથી સમસ્ત વિશ્વને તે સદા બાળી રહ્યાં છે. એનું રૂપ ઉગ્ર છે, અદ્‌ભુત છે, સઘળી દિશાઓને એકલો જ વ્યાપી રહેલો છે, તથા પૃથ્વી અને આકાશ વચ્ચેનો સઘળો પ્રદેશ કેવળ એનાથી ભરાઈ રહેલો છે. દેવના સંઘો એ વિશ્વદેવના સ્વરૂપમાં ભયભીત થઈને પ્રાર્થના કરતા

પ્રવેશે છે. ઋષિઓનાં અને સિદ્ધોનાં ટોળાં નમસ્કાર કરીને "સ્વસ્તિ હો" — "શુભ થાઓ" એમ ઉચ્ચાર કરતા પ્રવેશ કરે છે અને અનેક સ્તુતિઓથી તેનું સ્તવન કરે છે. દેવો, અસુરો એને રાક્ષસોની દૃષ્ટિ એ વિશ્વરૂપના ઉપર વિસ્મયથી જડાઈ ગયેલી છે. વિશ્વરૂપનાં ચક્ષુઓ વિશાળ અને ધગધગતા અગ્નિથી ભરેલાં છે, એનાં મુખ ભક્ષણ કરી જવાને પહોળાં થઈ રહ્યાં છે અને તેમાં વિનાશકારો, કરાલ, તીક્ષ્ણ દાઢો દેખાય છે. એનાં મુખ કાલ અને અગ્નિ જેવાં લાગે છે. આ વિશ્વયુદ્ધરૂપી કુરુક્ષેત્રમાં ભાગ લેનારા બન્ને બાજુના રાજાઓ, સેનાપતિઓ અને યોદ્ધાઓ એ કાલરૂપ દેવનાં ભયંકર દાઢોવાળાં મુખમાં પ્રવેશ કરવાને વેગપૂર્વક ધસી રહેલા જણાય છે, અને એમાંના કેટલાકનાં મસ્તકો કચડાઈ ગયેલાં, લોહી નીગળતાં અને વિશ્વરૂપની સમર્થ દાઢોમાં જકડાઈ ગયેલાં છે. અસહાયપણે વેગપૂર્વક સમુદ્ર પ્રત્યે ધસતી નદીઓ પેઠે, અથવા તો, સળગતા અગ્નિમાં જાતને ઝંપલાવનાર પતંગિયા પેઠે કાલસ્વરૂપ ભગવાનના અગ્નિ-મુખમાં અનેક પ્રજાઓ ધસી રહેલી છે. એ જ્વલંત શિખાઓવાળાં મુખ વડે એ ભયાનક રૂપ સર્વ દિશાઓને સ્પર્શી રહ્યું છે, ચાટી રહેલું છે. સમગ્ર જગત એની સંતાપકારી શક્તિઓથી ભરપૂર છે, અને એની જ્વાલાઓની ઉગ્રતામાં શેકાઈ રહ્યું છે. જગત અને એમાં વસતી બધી પ્રજાઓ કાંપી રહી છે અને વિનાશના ભયથી શોકાકુલ બની વ્યથા પામી રહી છે. અર્જુનને પણ પોતાની ચારે તરફ જે દુ:ખ અને ત્રાસ પ્રવર્તી રહેલાં છે તેની અસર થાય છે; એનો આત્મા પણ શોકાર્ત અને દુ:ખી છે, એને શાંતિ કે હર્ષ નથી. એ ભયાનક દેવને તે સંબોધે છે: "આ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવાવાળા તમે કોણ છો તે મને કહો. હે દેવાધિદેવ! આપને નમસ્કાર હો! પ્રસન્ન થાઓ. વિશ્વના આદિકાળથી વિદ્યમાન એવા તમે કોણ છો? કારણ કે તમારી પ્રવૃત્તિમાં રહેલા તમારા સંકલ્પને હું જાણી શકતો નથી."

અર્જુનના આ છેલ્લા ઉદ્‌ગારમાં આપણે જોઈ શકીએ છીએ કે વિશ્વરૂપ—દર્શનમાં બેવડો ઉદ્દેશ રહેલો છે. એ વિશ્વરૂપ પરમ એવા સનાતન પુરાણ પુરુષનું સ્વરૂપ છે; સનાતન કાળમાં સર્જન કર્યે જનાર એ છે, કારણ કે આપણી સૃષ્ટિના સર્જક બ્રહ્મા એના વિશ્વરૂપમાં રહેલા બીજા દેવોમાંના એક દેવ તરીકે જોવામાં આવે છે. આ જગતને અસ્તિત્વમાં લાવનાર, એની સ્થિતિમાં એને ટકાવી રાખનાર પણ એ પરમાત્મા છે, કારણ કે શાશ્વત ધર્મોનું રક્ષણ કરનાર એ પોતે છે. પરંતુ એ પરમાત્મા સદા સંહાર પણ કરતો રહે છે જેથી કરીને પોતે નવસર્જન કરી શકે. એ વિશ્વરૂપ ભગવાન પોતે મૃત્યુરૂપ કાલ છે, શાંત અને ભયાનક તાંડવનું નૃત્ય કરનાર રુદ્ર પણ એ જ છે, નગ્ન વેશે સંગ્રામમાં ખેલતી નરમુંડની માળાધારી, હણેલા રાક્ષસોના રુધિરથી નીગળતી કાલી પણ

તે જ છે. સ્થૂલમાં પ્રગટતા વિનાશક ઝંઝાવાતો, આગ અને ધરતીકંપ, આપત્તિ-દુઃખ અને દુષ્કાળ, ક્રાંતિ અને વિનાશ તથા ગ્રાસ કરી જતો મહાસાગર પણ એ જ છે. થોડા સમય માટે વિશ્વરૂપની આ સંહારક બાજુ પ્રભુ આગળ ધરે છે. આ કાલસ્વરૂપ પ્રત્યેથી માનવોનાં મન આપોઆપ પાછાં ફરે છે, એના પ્રત્યેથી તે પોતાની દૃષ્ટિ પાછી હઠાવી લે છે, અને શાહમૃગ પંખી જેમ પોતાનું માથું જમીનમાં સંતાડીને પોતે શિકારીને જોતું નથી તેથી શિકારી પણ પોતાને જોતો નથી એમ માને છે તેવી રીતે માનવ પણ પોતે કાળને ન જુએ તો કદાચ એ રુદ્ર પણ તેને નહિ જોઈ શકે એમ માને છે. માનવહૃદયની દુર્બળતા હમેશાં સારાં લાગતાં અને આશ્વાસન આપે એવાં સત્યોની જ માગણી કરે છે. અથવા એની ગેરહાજરીમાં, પોતાને ગમે તેવી મજાની કલ્પિત કથાઓ તે માગે છે. સત્યને એના સમગ્ર રૂપે જોવાને તે તૈયાર નથી, ચાહતો નથી. કારણ કે એ સમગ્ર-સ્વરૂપમાં સ્પષ્ટ નથી હોતું એવું, પોતાને પસંદ ન હોય અને આશ્વાસન ન આપે એવું ઘણું રહેલું હોય છે; એટલું જ નહિ પરંતુ સમજવું કઠણ હોય અને ઝીલવું અને સહન કરવું એથી યે વધારે વિકટ હોય એવું પણ ઘણું હોય છે. અપકવ ધાર્મિકતાવાળો માણસ, ઉપરછલ્લો આશાવાદી વિચારક, ઊર્મિલ આદર્શવાદી, પોતાની ઇન્દ્રિયોના સંસ્કારો અને લાગણીઓને વશ એ બધા ય વિશ્વજીવનનાં વધારે કઠોર તત્ત્વો અને નિર્ણયોથી, તેનાં વધારે સખ્ત અને ભયાનક સ્વરૂપો પ્રત્યેથી પોતાનાં મુખ ફેરવી લેતા હોય છે. હિંદનો ધર્મ સંતાકૂકડીની આ રમતમાં ભાગ લેતો નથી તે માટે એને ખોટી રીતે દોષિત ઠરાવવામાં આવે છે; કારણ કે હિંદુ ધર્મે તો એનાથી સામી દિશાએ ગતિ કરીને પ્રભુનાં રુદ્ર તથા મધુર અને સુંદર એવાં બન્ને સ્વરૂપોનાં પ્રતીકોને પોતાની સમક્ષ રાખ્યાં છે. પરંતુ એણે જે દીર્ઘ ચિંતન અને આધ્યાત્મિક સાક્ષાત્કારો કર્યા છે તે એટલા ગહન અને એટલા વિશાળ છે કે એ પ્રકારની નિર્બળ ધૂણનો અનુભવ કે એનો સ્વીકાર તે કરી શકે તેમ નથી.

હિંદની આધ્યાત્મિકતામાં પ્રભુ પ્રેમસ્વરૂપ છે, શાંતિસ્વરૂપ છે, તે પ્રશાંત શાશ્વતી છે એનું જ્ઞાન રહેલું છે. વળી પરમાત્માના રુદ્ર સ્વરૂપને આપણી આગળ રજૂ કરનાર ગીતા પોતે કહે છે કે એ રૂપોમાં મૂર્ત થનાર પરમાત્મા સર્વ પ્રાણીઓનો સખા છે, પ્રેમી છે. પરંતુ આ વિશ્વના શાસનની વધારે સખ્તાઈવાળી, ઉગ્ર બાજુ પણ રહેલી છે જેમાં પરમાત્માનું સંહારક સ્વરૂપ આદિકાળથી રહેલું છે, અને જો આપણે એના પ્રત્યે આંખમીંચામણાં કરીશું તો પેલાં દિવ્ય પ્રેમ, શાંતિ અને શાશ્વતીનાં સ્વરૂપની પણ સંપૂર્ણ વાસ્તવિકતા આપણે ગુમાવીશું; એટલું જ નહિ પરંતુ એ સ્વરૂપોને પણ આપણે ખંડિત, એકપક્ષીય અને મિથ્યા જેવાં બનાવી

મૂકીશું. કારણ કે, જે આશ્વાસક અને એકપક્ષીય સ્વરૂપમાં આપણે તેને મૂકીએ છીએ તે આ આપણા પાર્થિવ જગતમાં જોવા મળતું નથી, — આ જગતનું બંધારણ જોતાં વાસ્તવિક ઠરતું નથી. આપણું જગત ક્રૂર, આપત્તિઓથી ભરેલું, સર્વનો ગ્રાસ કરી જનારું જગત છે, જેમાં જીવન મહા જોખમો વચ્ચે જેમતેમ ટકી રહેલું જણાય છે, તથા માનવનો આત્મા અને તેનો દેહ પ્રચંડ જોખમો વચ્ચે ગતિ કરતો જણાય છે. એ જગત એવું છે કે એમાં પ્રગતિનું પ્રત્યેક ડગલું ભરતાં, આપણી મરજી હોય કે ન હોય તોપણ, કોઈ ને કોઈ વસ્તુ કચરાઈ જાય છે, ભાંગી જાય છે, — એ જગતમાં જીવનનો એકેએક શ્વાસ મરણનો પણ શ્વાસ બની રહી છે. આપણને જે સઘળું અશુભ અથવા તો ભયાનક જણાય છે તેની જવાબદારી કોઈ લગભગ સર્વશક્તિમાન જેવા સેતાનના ઉપર નાખવામાં આવે છે; અથવા તો, એવી અશુભ વસ્તુઓને પ્રકૃતિનો જ એક ભાગ ગણીને બાજુએ મૂકવામાં આવે છે, — જાણે કે વિશ્વ-પ્રકૃતિ અને પ્રભુથી સ્વતંત્ર હોય નહિ ! અને એ રીતે વિશ્વ-પ્રકૃતિ અને પ્રભુની પ્રકૃતિ વચ્ચે ન પુરાય એવો વિરોધ સ્થાપન કરવામાં આવે છે. પરંતુ એ બરાબર નથી. માનવ અને એનાં પાપોના ઉપર જગતનાં અશુભની જવાબદારી નાખવામાં આપણે સ્વીકારી લઈએ છીએ કે આ જગતની રચનામાં માનવનું ધાર્યું થાય છે, અથવા તો, પ્રભુની ઇચ્છા વિરુદ્ધ જઈને માનવ કશું પણ સર્જન કરી શકે તેમ છે ! આ બધી આપણા મનને આશ્વાસન આપવાની કઠંગી યુક્તિઓ છે. અને હિંદના ધાર્મિક ચિંતકોએ એમનો આશ્રય કદી લીધો નથી. આપણે સત્યના મુખ પ્રત્યે હિંમતપૂર્વક મીટ માંડવાની છે અને આપણે એ સત્યનો સ્વીકાર કરવાનો છે કે આ જગત પ્રભુએ, નહિ કે બીજા કોઈએ, પોતાની અંદર સરજેલું છે અને તે જેવું છે તેવું તેણે બનાવેલું છે. પોતાનાં બાળકોનું ભક્ષણ કરી જતી પ્રકૃતિ, સર્વ પ્રાણીઓનાં જીવનનો વિનાશ કરતો કાલ, સર્વવ્યાપી અને અનિવાર્ય મૃત્યુ તથા માનવમાં અને પ્રકૃતિમાં રહેલી વિનાશક શક્તિઓની હિંસા, એ સઘળું પણ પરમાત્માના વિશ્વરૂપનું જ એક સ્વરૂપ છે, એ સત્ય આપણે સ્વીકારવાનું છે. આપણે સમજવાનું છે તે એ છે કે જે પરમાત્મા ઉડાઉ અને ઉદાર એવો સર્જક છે, જે સહાયક છે, સમર્થ છે, અને કલ્યાણ કરનાર પાલક છે, તે જ પરમાત્મા સર્વનું ભક્ષણ કરનાર તથા વિનાશ કરનાર સંહારક રુદ્ર પણ છે. સુખ અને મધુરતા તથા વિનોદમાં પ્રભુનો સ્પર્શ જેટલો હોય છે તેટલો જ દુ:ખની શય્યામાં જે યાતના આપણે ભોગવીએ છીએ તેમાં પણ એ જ સ્પર્શ રહેલો છે. જ્યારે સંપૂર્ણ અદ્વૈતની દૃષ્ટિ વડે આ સત્ય આપણે જોઈએ છીએ તથા આપણા અંતરનાં ઊંડાણમાં જ્યારે તેને અનુભવીએ છીએ ત્યારે એના એ વેશની પાછળ પણ સર્વાનંદમય એવા પરમાત્માનું શાંત અને સુંદર મુખ પૂરેપૂરું જોવા મળે છે. વળી આપણી અપૂર્ણતાની કસોટી કરનાર પરમાત્માના સ્પર્શમાં પણ

આપણા મિત્રનો અને માનવના અંતરમાં આધ્યાત્મિક જીવન-આત્મા(નું આધ્યાત્મિક જીવન)ને ઘડનાર(ગુરુ)નો સ્પર્શ જાણવા મળશે. જગતના જે વિસંવાદો છે તે પ્રભુની અંદર રહેલા વિસંવાદો છે અને તેમનો સ્વીકાર કરવાથી તથા તેમની મારફત આગળ પ્રગતિ કરવાથી જ આપણે પરમાત્માના પરમ સંવાદને પહોંચી શકીશું, એના પરાત્પર સ્વરૂપના તથા વિશ્વરૂપનાં આનંદનાં શિખરોને, ટોચને, તથા આનંદપુલકિત વિશાળ ચેતના-વિસ્તારોને આપણે પ્રાપ્ત કરી શકીશું.

ગીતાએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે અને એનો જે ઉકેલ ગીતા આપે છે તે પ્રમાણે તો વિશ્વરૂપદર્શન ઉપર જણાવ્યું તે પ્રકારનું હોવું જોઈએ. સર્વસંચાલક દિવ્ય સંકલ્પશક્તિએ ઉપસ્થિત કરેલો એક મહાયુદ્ધનો — સંગ્રામનો, વિનાશનો અને ખૂનામરકીનો એ કોયડો છે. અને એમાં સનાતન અવતારરૂપ પ્રભુ પોતે યુદ્ધના નેતાના રથના સારથિ બન્યા છે. આ વિશ્વરૂપદર્શન કરનાર પોતે જ એ યુદ્ધનું મુખ્ય પાત્ર છે, એ માનવમાં રહેલા ક્ષત્રિયત્વનો, — યુદ્ધ કરનાર આત્માનો પ્રતિનિધિ છે, એના પ્રતીકરૂપે છે. એણે પોતાના વિકાસના માર્ગમાં બાધા તરીકે ઊભેલા જુલમી અને જાલિમ સત્તાધારીઓને હરાવવાના છે તથા વધારે ઉચ્ચ પ્રકારના અને ઉદાત્ત ધર્મનું રાજ્ય સ્થાપીને તેનો ભોગ કરવાનો છે. જેમાં સગાં સગાંનો સંહાર કરનાર છે, પ્રજાઓનો જેમાં વિનાશ થવાનો છે, અને સમાજ આખો ય જેમાં અવ્યવસ્થા અને સંકરના અધોગામી ખાડામાં ઊતરી પડવાનો નિર્માણ થયો લાગે છે, એવી મહાન આપત્તિના ઘોર સ્વરૂપથી વ્યગ્ર થઈને અર્જુન ધ્રૂજી પામી ગયો હતો અને ભાવિએ એને માટે નિર્માણ કરેલું કાર્ય કરવાની એણે ના પાડી. અને પોતાના દિવ્ય સુહૃદ અને ગુરને એણે પૂછ્યું કે તમે મને આવા ઘોર કર્મના આચરણમાં શા માટે યોજો છો ? किं कर्मणि घोरे मां नियोजयसि ? એના ઉત્તરમાં, ગમે તે કાર્ય કરતાં પણ અંગત રીતે એ કાર્યથી પર કેવી રીતે થઈ જવું, — તેના બાહ્ય સ્વરૂપથી કેવી રીતે પર થઈ જવું — તેની પ્રક્રિયા અર્જુનને બતાવવામાં આવે છે. અર્જુને પ્રથમ તો એ જોવાનું છે કે કર્મનું નિર્વહન કરનાર — કાર્યવાહક — શક્તિ પ્રકૃતિ છે અને તે જ કર્મોનો કર્તા છે, એનો પોતાનો સ્વભાવ એ પ્રકૃતિનું કરણ છે, અને એ પ્રકૃતિનો અને કર્મનો સ્વામી પ્રભુ છે અને સર્વ કર્મો એણે કામનારહિત થઈને અને અહંની પસંદગી સિવાય યજ્ઞ તરીકે પ્રભુને અર્પણ કરવાં જોઈએ. અર્જુનને એ સત્ય પણ દર્શાવવામાં આવ્યું છે કે પ્રભુ પોતે આ સર્વે વસ્તુઓથી પર ઊર્ધ્વમાં રહેલા છે, તથા એમાંથી અસ્પૃષ્ટ છે તોપણ માનવમાં અને પ્રકૃતિમાં તથા એમનાં કાર્યોમાં તે પોતાનો આવિર્ભાવ કરે છે, અને વિશ્વમાં છે તે સઘળું પ્રભુના દિવ્ય આવિર્ભાવમાં કાલના યુગોની ગતિ છે. પરંતુ હવે એ મહાન સત્યના મૂર્તસ્વરૂપની સામે તે મીટ માંડીને ઊભો છે ત્યારે પ્રભુની મહત્તાના સ્વરૂપને લઈને — ઐશ્વર્યના મહિમાને લીધે —

આ રુદ્ર અને વિનાશક સ્વરૂપને પણ તે અતિ મહાન સ્વરૂપમાં જુએ છે, અને એનાથી ભયભીત થઈ જાય છે, એ સ્વરૂપનાં દર્શનને તે સહન પણ કરી શકતો નથી. શા માટે વિશ્વ-આત્મા આવા સ્વરૂપે પ્રકૃતિમાં પોતાનો આવિર્ભાવ કરે છે? સર્જક અને સંહારક અગ્નિશિખા રૂપ માનવના મર્ત્ય જીવનનો, આ વિશ્વવ્યાપી સંગ્રામનો — કલહનો, આ વારેવારે થયા કરતી આપત્તિકારક ક્રાંતિઓ, પ્રાણીઓની આ મહા મહેનત, દુઃખ-સંતાપ અને એમનો વિનાશ — એ બધાંનો શો અર્થ હશે? અર્જુન એ જગજ્જૂનો પ્રશ્ન કરે છે — પૂછે છે અને શાશ્વત પ્રાર્થનાના ઉદ્‌ગાર એના મુખમાંથી નીકળે છે: "આ ભયાનક રૂપમાં અમારી પાસે આવનાર, એવા તમે કોણ છો? વિશ્વના આદિકાળથી હતા એવા તમને હું ઓળખી શકતો નથી, કારણ કે તમારાં કર્મોનો શો હેતુ છે — એમાં તમારા શો સંકલ્પ છે, કઈ પ્રવૃત્તિ છે તે હું જાણતો નથી. તમે પ્રસન્ન થાઓ."

"આ ધર્મના કાર્યનું ક્ષેત્ર એવું જે કુરુક્ષેત્ર છે — માનવના કર્મનું ક્ષેત્ર છે, તેના ઉપર હું સંહારનો સંકલ્પ લઈને ઊભો છું. આપણે ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રનો પ્રતીકાર્થ એ પ્રમાણે લઈ શકીશું. કાલપુરુષના કાર્યપ્રવાહમાં એક જગદ્‌વ્યાપી સંહારક કાર્ય આવશ્યક બન્યું છે. ભાવિનું દર્શન કરનાર એવો મારો ઉદ્દેશ સર્વ કાળમાં રહેલો છે, અને તે અનિવાર્યપણે, અમોઘપણે, પોતાની સાર્થકતા સાધે છે, તથા કોઈ માનવનો એમાં સહકાર કે અસહકાર એ નિશ્ચિત પરિણામને અટકાવી, બદલી કે ઊલટાવી શકતો નથી. પૃથ્વી ઉપર માનવ કોઈ કર્મનો આરંભ પણ કરી શકે તે પૂર્વે સઘળું મારી શાશ્વત, સનાતન સંકલ્પરૂપી દૃષ્ટિએ આગળથી કરી રાખેલું હોય છે. કાલરૂપે મારે જૂનાં થઈ ગયેલાં બંધારણોનો અને ઘડતરોનો વિનાશ કરવાનો છે, નવું સમર્થ અને ભવ્ય સામ્રાજ્ય ઊભું કરવાનું છે. તું એક દિવ્ય શક્તિ અને જ્ઞાનસ્વરૂપનું કરણ માત્ર છે, અને માનવ-કરણ તરીકે જેને તું અટકાવી તો શકવાનો નથી એવા આ સંગ્રામમાં તારે ધર્મને ખાતર યુદ્ધ કરવાનું છે, અને ધર્મના વિરોધીઓનો સંહાર કરી વિજય મેળવવાનો છે. તું પ્રકૃતિમાં પ્રગટ થયેલ માનવ-આત્મા છે, તારે પણ હું જે ફળ આપું તે પ્રકૃતિમાં ભોગવવાનું છે, એ ફળ એટલે ધર્મનું અને ન્યાયનું સામ્રાજ્ય. તારે માટે આટલી વસ્તુ પૂરતી છે: અંતરાત્મામાં પરમાત્મા સાથે એકતા કરવી, એની આજ્ઞા શી છે તે જાણવું, એની ઇચ્છા પ્રમાણે વર્તવું, અને સ્થિર મન રાખીને પ્રભુના પરમ ઉદ્દેશને જગતમાં સિદ્ધ કરવો. 'હું લોકનો વિનાશ કરનાર કાલસ્વરૂપ અહીં પ્રવૃદ્ધ થયો છું અને લોકોનો વિનાશ કરવો એ અત્યારે મારી પ્રવૃત્તિ છે. તારા વિના પણ આ બધા યોદ્ધાઓ અહીં લશ્કરની સામસામી હારોમાં ઊભા છે તે નાશ પામવાના છે. એટલા માટે, ઊઠ, યશને પ્રાપ્ત કર, શત્રુઓને જીતી લે અને સમૃદ્ધ રાજ્ય ભોગવ. એ બધા અન્ય કોઈથી નહિ પણ મારાથી હણાઈ ચૂકેલા છે, હે સવ્યસાચી, તું એનું

નિમિત્ત માત્ર થા. મેં જેમને મારી મૂકેલા છે એવા આ દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા અન્ય યોદ્ધાઓને તું માર; શોકાર્ત કે દુ:ખિત થા નહીં. યુદ્ધ કર, તું રણમાં શત્રુઓ પર વિજય મેળવશે." આ મહાન અને ભયંકર કાર્યનું ફળ ઉપર પ્રમાણે થશે એમ આગળથી ભાખવામાં આવે છે અને વચન આપવામાં આવે છે. અલબત્ત, વ્યકિત તરીકે અર્જુન એ ફળને માટે ભૂખ્યો છે તેટલા માટે તે આપવામાં આવે છે એવું મુદ્દલે નથી, કારણ કે ફળને માટે કશી આસકિત એણે રાખવાની નથી, — તે પ્રભુની ઇચ્છાના પરિણામરૂપ છે, એ તો કર્તવ્ય-કર્મ સિદ્ધ થવાને પરિણામે પ્રાપ્ત થતી કીર્તિ અને સફળતા છે, એ યશ પોતાની વિભૂતિમાં રહેલા પોતાના જ સ્વરૂપને ભગવાન આપે છે. આ રીતે વિશ્વસંગ્રામના મુખ્ય નેતાને કર્મ કરવાનો છેવટનો અને ફરજ પાડે એવો — આજ્ઞાકારી — આદેશ આપવામાં આવે છે.

કર્મ કરવાનો આદેશ કાલરૂપે અને વિશ્વપુરુષરૂપે પ્રગટ થયેલ કાલાતીત શાશ્વત પરમાત્મા તરફથી અર્જુનને મળે છે. કારણ કે જ્યારે પરમાત્મા કહે છે, "હું પ્રાણીઓનો વિનાશ કરનાર કાલ છું," ત્યારે એનો અર્થ એવો નથી કે પરમાત્મા કેવળ કાલ-પુરુષ જ છે અથવા તો કાલ-પુરુષનો સમગ્ર સાર કેવળ વિનાશ છે. પણ અત્યારની પ્રવૃત્તિમાં વિનાશ કરવાનો એનો સંકલ્પ છે. વિનાશની અને સર્જનની ક્રિયા હમેશાં બન્ને એકીવખતે, અથવા તો, એક પછી એક — અનુક્રમે — આવે છે, અને પરસ્પર ગતિનો મેળ રાખે છે. જીવનનો સ્વામી પરમાત્મા વિનાશ કરીને તથા નવનિર્માણનું વિધાન કરીને પોતાનું સંગ્રહનું યાને સ્થિતિરક્ષાનું દીર્ઘ કાર્ય પાર પાડે છે. વળી વધારામાં, વિનાશ એ પ્રગતિની પહેલી શરત છે. આંતર જીવનમાં પણ, જે માણસ પોતાની અંદરનાં અધો પ્રકારની પ્રકૃતિનાં ઘડતરોનો, — બંધારણોનો, — વિનાશ કરતો નથી, તે વધારે મહાન જીવનમાં આરોહણ કરી શકતો નથી. બહારના જીવનમાં પણ, જે પ્રજા, જે સમાજ, કે જે જાતિ પોતાના જીવનના ભૂતકાળનાં બંધારણોનો વિનાશ કરતાં ઘણા લાંબા સમય સુધી ખંચાયા કરે છે તે પોતે જ વિનાશ પામે છે, — અવનતિમાં જઈ પડે છે અને મરણ પામે છે તથા એનાં રોડાંમટોડાંમાંથી બીજી પ્રજાઓ, સમાજો અને જાતિઓ રચાય છે. પ્રાચીન, રાક્ષસી કદનાં પ્રાણીઓનો વિનાશ કરીને માનવે પોતાને માટે પૃથ્વી ઉપર સ્થાન જમાવ્યું છે. રાક્ષસોનો નાશ કરીને દેવતાઓ વિશ્વમાં પ્રભુના ધર્મનું સાતત્ય ટકાવી રાખે છે — જાળવે છે. સંગ્રામ અને વિનાશના આ નિયમને જે કોઈ માણસ અકાળે — એના સમય પહેલાં — દૂર કરી દેવા પ્રયત્ન કરે છે તે વિશ્વ-પુરુષના વધારે મહાન સંકલ્પની સામે નિરર્થક બાથ ભીડે છે. જે કોઈ વ્યકિત પોતાની નિમ્ન પ્રકૃતિની નિર્બળતાને લીધે, એ નિયમથી વિમુખ થાય છે, — જેમ શરૂઆતમાં અર્જુન થયો હતો — તે ખરી સાધુતા નહિ, પરંતુ પ્રકૃતિનાં, કર્મનાં અને જીવન

સમગ્રનાં ઉગ્ર સત્યોની સામે મીટ માંડે એવી આધ્યાત્મિક હિંમતની ખામી પ્રગટ કરે છે. એટલા માટે તો અર્જુનની ધૂંસરાને ક્ષુદ્ર અને ખોટી દયા તરીકે, અકીર્તિકર, અનાર્ય અને સ્વર્ગમાં ન લઈ જનારી એવી હૃદયની દુર્બળતા તરીકે, આત્માની નપુંસકતા તરીકે વખોડી કાઢવામાં આવી હતી. જ્યારે માનવ પોતાની અંદર રહેલી અમરતાના વધારે મહાન ધર્મની શોધ કરશે ત્યારે જ તે સંગ્રામના અત્યારના નિયમથી પર થઈ શકશે. વિશુદ્ધ આત્માની વધારે ઉચ્ચ ભૂમિકાઓમાં, જ્યાં તે સદાકાળ પ્રવર્તે છે અને જ્યાં તે સ્વાભાવિક રીતે પ્રાપ્ત થવું જોઈએ ત્યાં, એ અમૃતત્વની શોધ કરે છે, અને એની શોધ કરવા માટે મૃત્યુના નિયમના શાસનમાં રહેલા આ જગતથી તેઓ વિમુખ થઈ જાય છે. એ ઉકેલ વ્યક્તિગત છે અને માનવજાતિની કે જગતની સ્થિતિમાં એથી કશો ફેર પડતો નથી. અથવા એમ કહી શકાય કે એમને પોતાની સમુત્ક્રાંતિની મુશ્કેલીભરેલી કૂચમાં, પ્રગતિ કરવામાં સહાય કરી શકત એવી આધ્યાત્મિક શક્તિથી તેઓ વંચિત રહે છે, એટલો એમની સ્થિતિમાં ફેર પડે છે.

તો પછી જ્યારે વિશ્વપુરુષ કોઈ પ્રચંડ વિધ્વંસ કરવાની પ્રવૃત્તિ તરફ વળે અને મહાપુરુષની એટલે કે દિવ્ય કર્મના કરનારની સમક્ષ સંહારક કાલને સ્વરૂપે લોકોનો વિનાશ કરવાને પોતે ઉપસ્થિત અને પ્રવૃદ્ધ થાય અને એ પરિસ્થિતિમાં એને (મહાપુરુષને) મોખરે ઊભા રહેવાનું થાય, — અને એની પ્રકૃતિના પોતાના કાર્ય વડે એ નેતા થયા વિના રહેવાનો નથી — **સ્વભાવજેન સ્વેન કર્મણા** — (૧૮.૬૦) એટલે કે સ્થૂલ હથિયારોથી સજ્જ યોદ્ધા તરીકે, અથવા તો નેતા અને માર્ગદર્શક કે પછી લોકોને પ્રેરણા આપનાર તરીકે કાર્ય કરવાનું એને માથે આવે ત્યારે વૈશ્વિક સંકલ્પના વાહક તરીકે એણે શું કરવું જોઈએ ? પાછા પડવું, શાંત થઈને બેસી રહેવું, દખલ-ગીરી ન કરીને એ રીતે વિરોધ કરવો ? પરંતુ એ કર્મમાંથી પાછા પડવાથી કશો લાભ નહિ થાય, એથી કાંઈ વિનાશ કરનાર સંકલ્પનો સાક્ષાત્કાર થતો અટકાવી શકાશે નહીં, એટલું જ નહિ પરંતુ પોતે જે કર્મશૂન્યતા ઉત્પન્ન કરશે તેને લઈને ઊલટું અવ્યવસ્થામાં વધારો કરી આપશે. પરમાત્મા વિશ્વરૂપે જાહેર કરે છે કે "તારા વિના પણ" — **ઋતેઽપિ ત્વામ્** — (૧૧.૩૨) વિનાશનો મારો સંકલ્પ પાર પડવાનો જ છે. અર્જુન કુરુક્ષેત્રમાંથી વિરત થઈ જાય — લડે જ નહીં, અથવા તો, કુરુક્ષેત્રનું યુદ્ધ જ ન થાય, તો એ પ્રકારે એ પ્રસંગ ટાળવાથી જે અંધાધૂંધી, અવ્યવસ્થા અને પાયમાલી અનિવાર્યપણે આવવાનાં છે તે ફક્ત લંબાશે અને વધારે ખરાબ બનશે. કારણ કે આ બધી વસ્તુઓ કાંઈ એક અકસ્માત રૂપે નથી બનતી, પરંતુ અનિવાર્ય એવાં

વાવેલાં બીજનો આવેલો એ ફરજિયાત લણવાનો હોય છે. જેમણે કણ વાવ્યો છે તેમણે મણ લણવું જોઈશે. તેમ અર્જુનની પોતાની પ્રકૃતિ એને ખરેખરી રીતે યુદ્ધમાંથી વિરત થવા દેશે નહિ **प्रकृतिस्त्वां नियोक्ष्यति** (૧૮.૫૯) — "તારા અહંકારને લઈને તું જે એમ માને છે અને કહે છે કે 'હું નહિ લડું' એ તારો વ્યવસાય મિથ્યા છે : પ્રકૃતિ તને તારા કામમાં જોતરશે. સ્વભાવમાંથી જન્મેલાં તારાં કર્મને લઈને તું બંધનમાં પડેલો છે એટલે મોહને લઈને તું જે કરવાને ઇચ્છતો નથી, (નથી માગતો) તે કાર્ય બળ વડે દબાઈને કરવાની તને ફરજ પડશે — બળના દબાણમાં આવીને તું ફરજિયાત કરશે." તો પછી, એ કર્મને નવો પલટો આપવો, — કોઈ એક પ્રકારના આત્મબળનો, આધ્યાત્મિક પદ્ધતિનો અને શક્તિનો પ્રયોગ કરવો — પણ સ્થૂલ હથિયારો ન જ વાપરવાં એ કેવું ? પરંતુ એ તો એ જ યુદ્ધના કર્મનું ફક્ત બીજું સ્વરૂપ થયું કહેવાય. વિનાશ તો એ પદ્ધતિમાં પણ થવાનો અને એ કર્મમાં પલટો થશે. તે પણ વ્યક્તિનો અહં ઇચ્છશે તે પ્રકારનો નહિ પરંતુ વિશ્વ-પુરુષ જેવો ઇચ્છશે તેવો આવશે. એવું પણ બને કે વિનાશની શક્તિ પોતે આ નવી શક્તિના ઉપર વૃદ્ધિ પામે, — એને વધારે પ્રચંડ પ્રકારનો આવેગ મળે અને જગતને પોતાના ભયંકર અટ્ટહાસથી ભરી દેતી કાલી એમાંથી ઉદય પામે. જ્યાં સુધી માનવનાં અંતર શાંતિને માટે અધિકારી બન્યાં નથી ત્યાં સુધી સાચી શાંતિ કદી સ્થાપન નહિ થાય. રુદ્રનું દેવું ચૂકવ્યા વગર વિષ્ણુનો ધર્મ પ્રવર્તી શકતો નથી. તો પછી, શું કરવું ? યુદ્ધના માર્ગને એક બાજુ પર મૂકી દઈને હજી સુધી અણ-વિકસિત રહેલી એવી માનવજાતિને પ્રેમ અને એકતાના ધર્મનો બોધ આપવો ? પ્રેમ અને એકતાનો ઉપદેશ આપનારા આવશ્યક છે કારણ કે એ માર્ગે આ પ્રશ્નનો આખરી ઉકેલ આવનાર છે. પરંતુ માનવમાં રહેલો કાલ-પુરુષ જ્યાં સુધી તૈયાર નથી ત્યાં સુધી અંતરની અને આખરી વાસ્તવિકતા બાહ્ય અને તુરતની એવી વાસ્તવિકતાના ઉપર વિજય મેળવી શકતી નથી. ક્રાઇસ્ટ અને બુદ્ધ આવ્યા અને ગયા તોપણ અત્યારે આ જગતને રુદ્ર પોતાની હથેળીમાં રાખી રહ્યા છે. દરમિયાન, અહંકારી શક્તિઓનો લાભ લેનારાં સત્ત્વોના અને તેમના ગુલામોના જુલમ તળે પીડાતી માનવજાતિની પ્રગતિ પ્રત્યેની કઠણ મહેનત સંગ્રામના વીરની તલવારને માટે અને ભાવિના દ્રષ્ટાના આદેશ માટે આતુરતાપૂર્વક માગણી કરી રહી છે

આ પરિસ્થિતિમાં અર્જુન માટે નિર્માણ થયેલો ઉત્તમોત્તમ માર્ગ એ છે કે પ્રભુના સંકલ્પને એણે અહંતારહિત થઈને પાર પાડવો, જે ઘટના બનવાની નિર્માણ થઈ ચૂકેલી છે એમ તે જાણે છે તેના માનવ-નિમિત્ત તરીકે, તેના હથિયાર તરીકે વર્તવું અને પોતાની અંદર અને માનવમાં રહેલા

પ્રભુના સ્મરણનો સતત આધાર લઈને તથા પ્રભુ એને જે માર્ગે ચલાવે તે માર્ગે ચાલીને એણે એ કાર્ય કરવું **निमित्तमात्रं भव सव्यसाचिन्** । (૧૧.૩૩) અર્જુન એના મનમાં અંગત વૈરભાવ, ક્રોધ, તિરસ્કાર, તથા અહંપ્રધાન કામના કે રાગ નહિ રાખે, અસુરની પેઠે અધીર થઈને યુદ્ધમાં નહિ ઝંપલાવે યા તો હિંસા તથા વિનાશ માટે આતુર નહિ થાય. પરંતુ તે પોતાનું કાર્ય — લોકસંગ્રહનું કાર્ય — કરશે. કર્મના સ્વરૂપથી પર જેના પ્રત્યે તે કર્મ નિર્દેશ કરે છે તેના પર, જેને માટે તે યુદ્ધ કરે છે તેના પ્રત્યે તે દૃષ્ટિ માંડશે. કારણ કે કાલપુરુષ તરીકે પરમાત્મા જે વિનાશ કરે છે તે કેવળ વિનાશને ખાતર નહિ પરંતુ યુગચક્રના પરિવર્તનમાં વધારે સમૃદ્ધ સામ્રાજ્ય અને પ્રગતિમાન આવિર્ભાવ કરવાનો માર્ગ તૈયાર કરવા માટે તે વિનાશ કરે છે. **राज्यं समृद्धम्** (૧૧.૩૩) છાપછપું — સપાટી ઉપર જ રહેનારું મન આ યુદ્ધની પાછળ રહેલા ગંભીર અર્થને જોઈ શકતું નથી તેનો, એટલે કે આ સંગ્રામના કાર્યની મહત્તાનો અને વિજયની કીર્તિનો — અને જરૂર હોય તો, પરાજયના વેશમાં આવનાર વિજયનો પણ — અર્જુન સ્વીકાર કરશે. અને એ સમૃદ્ધ રાજ્યનો ઉપભોગ કરવામાં તે માનવનો નેતા બનશે. રુદ્રરૂપી સંહારકના મુખનાં દર્શનથી તે ગભરાઈ ગયા — સ્તબ્ધ થયા વિના તેના મુખની પાછળ આ સર્વ નાશવંત દેહોની અંદર રહેલા અવિનાશી શાશ્વત આત્માને તે જોશે અને એની પાછળ માનવના નેતા દિવ્ય સારથિનું અને સર્વ ભૂતોના સુહૃદનું મુખારવિંદ પણ તે જોઈ શકશે. આ સમર્થ વિશ્વરૂપનાં એક વાર દર્શન થાય છે પછી અને તેનો સ્વીકાર કરવામાં આવે ત્યાર પછી અધ્યાયનો બાકીનો ભાગ પ્રભુના આ આશ્વાસક સ્વરૂપના સત્યનું નિરૂપણ કરે છે; અધ્યાયનો છેલ્લો ભાગ શાશ્વત પરમાત્માના વધારે પરિચિત ચહેરાને અને દેહને પ્રગટ કરે છે.

*વિશ્વરૂપદર્શન : સ્વરૂપની બે બાજુ

અર્જુનના માનસના ઉપર આ ભયાનક રુદ્રસ્વરૂપનાં દર્શનની પડેલી છાપ જાગ્રત છે તે દરમિયાન પણ ભગવાનની વાણી સાંભળ્યા પછી જે શબ્દો અર્જુન પહેલવહેલા ઉચ્ચારે છે તેમાં વિશ્વરૂપના આ વિનાશ અને મૃત્યુના મુખની પાછળ રહેલું એના કરતાં વધારે મહાન અને આત્માને ઊર્ધ્વમાં લઈ જનારું તથા મનને સાંત્વન આપનારું એવું એક બીજું વાસ્તવિક સ્વરૂપ રહેલું છે એમ એની વાણીની છટા ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. તે ઉચ્ચારે છે : "હે કૃષ્ણ, તારા ઐશ્વર્યનું કીર્તન કરતાં જગત હર્ષ પામે છે તે બરાબર છે, યોગ્ય સ્થાને છે; રાક્ષસો ભયભીત થઈને ચારે દિશામાં દોડી રહ્યા છે, અને સિદ્ધ લોકોના સંઘો તારી આગળ ભક્તિપૂર્વક નમસ્કાર કરતા ઊભા છે. હે મહાન આત્મા ! તને તેઓ શા માટે નમસ્કાર ન કરે ? કારણ કે તું જ જગતનો આદિસૃષ્ટા અને કર્મોનો આદિ-કર્તા છે, સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર બ્રહ્માથી પણ તું મહાન છે. હે અનંત ! હે દેવેશ ! હે જગન્નિવાસ ! તું જ અક્ષર છે, તું જ સત્ અને અસત્ બન્ને છે, તથા એ બન્નેથી પર એવો પરાત્પર પણ તું જ છે. તું જ આદિ દેવ છે, તું જ સનાતન પુરાતન પુરુષ છે તથા આ સકલ વિશ્વનું આરામ લેવાનું પરમ ધામ છે. હે અનંતરૂપ ! આ સકલ વિશ્વનો વિસ્તાર કરનાર તું જ છે. તું વેત્તા એટલે જાણવાવાળો છે, તું જ વેદ્ય એટલે જાણવા જેવું જે કાંઈ છે, તે પણ છે, તથા પરમ ધામ પણ તું જ છે. તું યમ છે, વાયુ છે, વરુણ, અગ્નિ અને સોમ પણ તું છે. તું સર્વનો પિતા પ્રજાપતિ છે અને તું જ પ્રપિતામહ છે. તને નમસ્કાર હો ! હજારો વાર નમસ્કાર, — ફરીફરીને — આગળથી, પાછળથી તથા સર્વ દિશામાંથી તને નમસ્કાર હો ! કારણ કે પ્રત્યેક વસ્તુરૂપ તથા સર્વરૂપ પણ તું જ છે. અનંત પરાક્રમવાળો અને અનંત શક્તિશાળી એવો તું સર્વને વ્યાપીને રહેલો છે અને સર્વરૂપ છે." — (૧૧.૩૬-૪૦)

પણ એ પરમ વિશ્વરૂપ પરમાત્મા અત્યાર અગાઉ માનવરૂપે, મર્ત્ય દેહ ધારણ કરીને, દિવ્ય પુરુષ તરીકે, દેહધારી પ્રભુ એટલે કે અવતાર તરીકે

---

*અધ્યાય ૧૧. શ્લોકો ૩૫-૫૫

અર્જુનની સાથે રહેતા આવ્યા છે, અને અત્યાર સુધી અર્જુન એમને ઓળખી શકયો ન હતો. એણે તો શ્રીકૃષ્ણની માનવતા જ જોઈ છે તથા એણે પ્રભુ સાથે કેવળ માનવ-પ્રાણી તરીકે જ વ્યવહાર કર્યો છે. પાર્થિવ તત્ત્વોનું આવરણ ભેદીને જે દિવ્યતાનું એ માનવના એક પાત્ર તથા એક પ્રતીકરૂપ હતી તેને તે પહોંચી શકયો નથી અને હવે વિશ્વરૂપ-દર્શન કર્યા પછી પોતાની અજ્ઞાનભરી બેદરકારી માટે અને પ્રમાદી અજ્ઞાનના માટે તે એ પ્રભુ પાસે ક્ષમા યાચે છે: "તમને કેવળ મારા માનવ-મિત્ર ગણીને ધૃષ્ટતા-પૂર્વક પ્રમાદને લઈને કે પ્રેમને લઈને તમારો આ મહિમા જાણ્યા વગર, 'હે કૃષ્ણ,' 'હે યાદવ,' 'હે સખા,' — એ પ્રમાણે હું જે કાંઈ બોલ્યો હોઉં, વિહાર કરતાં કે શય્યા કે આસનના ઉપર કે ભોજન કરતાં મશ્કરીમાં મેં જે કાંઈ અવિનય એકલા કે તમારી સમક્ષ, તમારા પ્રત્યે દર્શાવ્યો હોય તે સર્વને માટે, હે અપ્રમેય! હું તમારી પાસે ક્ષમા માગું છું. આ ચરાચર લોકસમસ્તનો તું પિતા છે, તું સૌનો પૂજ્ય ગુરુ છે, સૌથી મહાન ભક્તિનો મહાન ઉદ્દેશ છે, લક્ષ્ય છે. તારા સમાન હોય એવો કોઈ નથી તો પછી હે અપ્રતિમ પ્રભાવવાળા પ્રભો! આ ત્રણે લોકમાં તારાથી અધિક હોય એવો તો હોય જ કોણ? એટલા માટે હું તમને પ્રણામ કરું છું, સાષ્ટાંગ નમસ્કાર કરું છું, અને હે સર્વ પ્રકારે ઈષ્ટ પ્રભો! હું તમારી કૃપા યાચું છું. જેમ પિતા પુત્રને, સખા પોતાના સખાને, પ્રિય પોતાના પ્રિયજનને સહન કરી લે છે તેમ હે દેવ! તારે મને ક્ષમા કરીને નભાવી લેવાનો છે. પૂર્વે અદૃષ્ટ એવું દર્શન મને પ્રાપ્ત થયું છે, તેથી હું આનંદ પામ્યો છું, પણ મારું મન ભયથી ઘણું વ્યથા પામી રહ્યું છે. હે દેવ! તમારું પહેલાંનું જે સ્વરૂપ હતું તે મને પાછું બતાવો. તમને મસ્તક પર કિરીટ અને હાથમાં ગદા અને ચક્રવાળા જોવા હું ઇચ્છું છું, માટે હે વિશ્વમૂર્તિ! હે સહસ્રબાહુ વિશ્વરૂપ! એ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરો." (૧૧.૪૧-૪૬)

અર્જુનના શરૂઆતના શબ્દો પરથી આપણે સમજી શકીએ છીએ કે પરમાત્માના એ ભયાનક સ્વરૂપોની પાછળ જે સત્ય પ્રચ્છન્ન રહેલું છે તે આશ્વાસક છે, ઉત્સાહ આપનારું અને આનંદપૂર્ણ સત્ય છે. એવું કાંઈક ગૂઢ તત્ત્વ છે જે જગતના હૃદયને પ્રભુના નામસ્મરણમાં અને તેની સમીપતામાં આનંદ આપે છે, આપણને કાલીના શ્યામ મુખમાં વિશ્વજનનીનું મુખ જોવાને પ્રેરે છે, તથા ભયંકર વિનાશની વચ્ચોવચ્ચ પણ આપણને સર્વ પ્રાણીઓના સખાના રક્ષણકારી બાહુઓનું ભાન કરાવે છે, અશુભની અંદર પણ શુદ્ધ અવિકારી કલ્યાણતત્ત્વનાં અને મૃત્યુની અંદર પણ અમૃતત્વના સ્વામીનાં દર્શન કરાવે છે, તે પ્રભુના સાન્નિધ્યની સહજ અનુભૂતિ છે. દિવ્ય કર્મના

કર્તા આ રાજરાજેશ્વરના ભયથી રાક્ષસો, અવિદ્યાની ઉગ્ર રાક્ષસી શક્તિઓ, વિનાશ પામતી નાસભાગ કરે છે, પરાજય પામે છે, અભિભૂત થાય છે. પરંતુ સિદ્ધ લોકો પરમાત્માના પ્રત્યેક સ્વરૂપને નમસ્કાર કરે છે, અર્થાત્ જે લોકો પૂર્ણતાને પ્રાપ્ત થયા છે તે લોકો પ્રભુના નામનો મહિમા ગાય છે તથા તેના સત્યમાં પોતાના ચૈતન્યને ધારણ કરે છે. તેઓ પ્રભુના પ્રત્યેક સ્વરૂપની પૂજા કરે છે, તથા પ્રભુના પ્રત્યેક સ્વરૂપની પાછળ કઈ વસ્તુ રહેલી છે, તેનું શું રહસ્ય છે તેનું તેમને જ્ઞાન હોય છે .પરમાત્માનો ભય કોઈને લાગવાની જરૂર નથી. જે માત્ર અશુભ અને અજ્ઞાનનાં તત્ત્વો છે, જેઓ નિશાચરો અને રાક્ષસો છે, જેમનો નાશ થવો જરૂરી છે તે જ માત્ર પ્રભુથી ડરે છે. રુદ્ર-સ્વરૂપ ઉગ્ર છે, પરંતુ તેની સર્વે પ્રવૃત્તિઓનો અને કર્મોનિ ઉદ્દેશ પૂર્ણતા પ્રાપ્ત કરાવવા માટે તથા જગતને દિવ્ય જ્ઞાન અને પરિપૂર્ણના પ્રત્યે લઈ જવા માટે જ હોય છે.

એ વિશ્વરૂપ, પરમાત્માનું એ સ્વરૂપ કેવળ બાહ્ય સ્વરૂપમાં જ સંહારક લાગે છે, આ સર્વે સાંત સ્વરૂપોનો અંત લાવનાર કાલરૂપ દેખાય છે; પરંતુ એના અસલ સ્વરૂપમાં એ વિશ્વરૂપ અનંત છે, વિશ્વના દેવોનો દેવ છે, અને એનામાં સમસ્ત જગત અને તેનાં સર્વ કર્મો સલામતપણે સ્થાપન થયેલાં છે. એ પરમાત્મા આદિ સૃષ્ટા છે, તથા સદા સર્જન કરી રહેલ વિધાતા છે. આપણે જે સર્જક શક્તિના સ્વરૂપને બ્રહ્મા કહીએ છીએ તેનાથી પણ એ પોતે મહાન છે. કારણ કે એ બ્રહ્મા એના વિશ્વરૂપમાં રહેલી ત્રિમૂર્તિમાંનું, સ્થિતિ અને સંહાર એ બેની વચ્ચે સમતુલા જાળવીને સ્થિતિને ટકાવી રહેલ સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે. વાસ્તવિક દિવ્ય સૃષ્ટિ સનાતન છે — શાશ્વત છે; એ સૃષ્ટિ એટલે સાંત પદાર્થોમાં આવિર્ભાવ પામેલી પરમાત્માની અનંતતા છે, જીવોની અસંખ્ય અનંતતાઓમાં તથા એમનાં કર્મોનાં અદ્‌ભુતમાં, એમનાં સ્વરૂપોની સુંદરતામાં શાશ્વત કાળથી પોતાની જાતને આચ્છાદિત અને છતાં અભિવ્યકત કરનાર તે શાશ્વત છે, અક્ષર છે; સત્ અને અ-સત્‌નું બેવડું સ્વરૂપ ધારણ કરનાર તે છે, આવિર્ભાવને પ્રાપ્ત થયેલ એવો વ્યકત, અને કદી પણ પ્રગટ નહિ થયેલ એવો અવ્યકત, જે વસ્તુઓ એક કાળે હતી અને અત્યારે નથી એમ આપણને લાગે છે, જે પદાર્થો આજે છે અને નાશ પામવાને સરજાયેલા છે એમ લાગે છે, જે વસ્તુઓ ભાવિમાં થવાની છે અને થઈને વિનાશ પામી જવાની છે — એ સઘળાંનું સ્વરૂપ ધારણ કરનાર પણ એ શાશ્વત પરમાત્મા જ છે. પરંતુ આ બધાં સ્વરૂપોથી પર એનું પોતાનું સ્વરૂપ "તે", "પરમ" એવા શબ્દોથી જ વર્ણવી શકાય છે; એ પરમ તત્ સર્વ ક્ષર પદાર્થોને પોતાની એકલ શાશ્વતીમાં ધારણ કરી રહ્યો છે, જેમાં

સઘળું સદા વર્તમાન જ હોય છે. એ પરમ પોતાના અક્ષર સ્વરૂપને કાલથી અતીત શાશ્વતીમાં ધારણ કરી રહેલ છે અને આ કાલ અને સૃષ્ટિ એ અક્ષર શાશ્વતીનાં સદા વિસ્તાર પામી રહેલાં સ્વરૂપો છે.

પરમાત્માના ઉપર જણાવેલા સત્યમાં વિશ્વનાં સઘળાં તત્ત્વો સમાધાનને પ્રાપ્ત કરે છે; એક પરમ વાસ્તવિક છે તેમાંથી પરસ્પર આધાર રાખનારાં અને એકીવખતે અસ્તિત્વમાં આવનારાં સત્યોની સંવાદિતાનો આરંભ થાય છે અને આખરે એ બધી તે એકમાં જઈ મળે છે. એક પરમ આત્માનું સ્વરૂપ છે જેની પરા પ્રકૃતિમાંથી આ સૃષ્ટિ ઊતરી આવી છે, જેની અનંતતાનું આ સૃષ્ટિ એક ગૌણ પ્રકારનું સ્વરૂપ છે, મૂર્તસ્વરૂપ છે. એ સત્યસ્વરૂપ પરમાત્મા પોતે પુરાણ પુરુષ છે, જે કાલના દીર્ઘ વિસ્તારમાં થતી સમુત્ક્રાંતિનું સદા સંચાલન કરે છે, એ પરમાત્મા આદિદેવ પોતે છે, અને દેવતાઓ અને મનુષ્યો તથા જીવંત સઘળાં પ્રાણીઓ એનાં સંતાન છે, એનાં જ શક્તિસ્વરૂપો છે, એના જ જીવો છે; અને એ પરમાત્માના અસ્તિત્વને લઈને એ બધાંનું અસ્તિત્વ આધ્યાત્મિક રીતે સાર્થ બને છે. એ પ્રભુનું જ્ઞાતા તરીકેનું સ્વરૂપ છે : એ 'વેત્તા' જ માનવના અંતરમાં એના પોતાના, જગતના અને ઈશ્વરના જ્ઞાનનો વિકાસ કરી આપે છે. એ પરમાત્મા જ્ઞેય એટલે કે 'વેદ્ય' છે : સર્વ જ્ઞાનનો એ પોતે જ વિષય હોઈ માનવનાં હૃદય, મન તથા આત્મા સમક્ષ તે પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. એટલે કરીને આપણા જ્ઞાનનું પ્રત્યેક નવું સ્વરૂપ પરમાત્માનું પોતાનું ઉન્મિલન બને છે, — અને જ્યારે તે સૌથી વધારે ખીલે છે ત્યારે તેના વડે પરમાત્માનું જે દર્શન થાય છે, એની જે ઉપલબ્ધિ થાય છે તે ગાઢ પરિચિતતાવાળી, ગહનતાભરી અને સર્વાંગીણ હોય છે. એ પરમાત્મા પરમ સ્થિરતાવાળું ધામ છે; આ વિશ્વમાં જે કાંઈ છે તે સર્વને એ ઉત્પન્ન કરે છે, તથા તે જ ટકાવી રાખે છે તથા પોતાનામાં પાછું સ્વીકારી લે છે. એ પરમ સત્યસ્વરૂપ પરમાત્માએ પોતાના સર્વશક્તિમાનપણાથી, પોતાના ચમત્કારિક આત્મ-વિભાવન વડે, તથા અસ્ખલિત સર્જનક્રિયાના આનંદ અને શક્તિ વડે આ વિશ્વને પોતાના જ અંતરમાં વિસ્તારેલું છે. જે કાંઈ છે તે સઘળું એનાં પાર્થિવ અને આધ્યાત્મિક સ્વરૂપોનો અનંત વિસ્તાર છે. નાનામાં નાનાથી મોટામાં મોટા સુધીના સૌ દેવો પણ એ પરમાત્મા છે, સર્વ પ્રાણીઓનો એ પિતા છે અને બધાં જ એનાં સંતાનો અને એની પ્રજા છે. આ જીવંત પ્રાણીઓની જુદી જુદી જાતિઓના દિવ્ય પિતૃઓના પ્રથમ પિતાના પણ એ પિતા છે, બ્રહ્માના પણ એ સર્જનારા છે. આખા અધ્યાયમાં આ સત્યના ઉપર ફરીફરીને ભાર દેવામાં આવે છે. ફરીને પાછું "એ સર્વ છે," "પ્રભુ એકેએક વસ્તુ છે," સર્વ: છે એમ

કહેવામાં આવે છે. તે પરમાત્મા અનંત વિશ્વરૂપ છે તથા પ્રત્યેક વ્યક્તિ-સ્વરૂપ અને જે કાંઈ છે તે પ્રત્યેક પદાર્થ પણ તે જ છે. આપણા પ્રત્યેકના અંતરમાં રહેલ એકમાત્ર શક્તિ અને એક સત્ તે છે, તે જ અનંત શક્તિ-સ્વરૂપે આ અસંખ્ય જાતિઓમાં પોતાનો પ્રકાશ કરે છે, તે અમિત સંકલ્પ-શક્તિ અને પ્રચંડ ગતિનું અને કર્મનું બળ છે જેમાંથી કાલના આ બધા પ્રવાહો અને પ્રકૃતિમાં બનતી પુરુષની ઘટનાઓનો ઉદય થાય છે.

ગીતાના એ આગ્રહ ઉપરથી સ્વાભાવિક રીતે જ માનવમાં રહેલી આ મહાન ઈશ્વરની સન્નિધિ ઉપર આપણી દૃષ્ટિ જાય છે. એમાં વિશ્વરૂપ દર્શન કરનાર દ્રષ્ટાના આત્મા ઉપર ત્રણ સૂચનાની છાપ એક પછી એક પડે છે. સૌથી પ્રથમ, અર્જુનના મન ઉપર અતિશય બળપૂર્વક એ સત્ય પ્રકાશે છે કે એની સાથે એક મર્ત્ય માનવ તરીકે વ્યવહાર કરનાર શ્રીકૃષ્ણમાં, આ માનવના પુત્રમાં કોઈ મહાન વસ્તુ આખો ય વખત રહેલી હતી, કોઈ પરમ દિવ્ય વસ્તુ કાર્ય કરતી હતી. એટલે કે અર્જુન સાથે બેસનાર-ઊઠનાર, એક શય્યા પર સૂનાર, સાથે ભોજન લેનાર આ શ્રીકૃષ્ણ જેનો એણે ઉપહાસ પણ કરેલો, જે કૃષ્ણ સંગ્રામમાં અને રાજનીતિમાં અને જીવનના સામાન્ય કાર્યોમાં એની જ પેઠે એક કાર્યકર્તા હતા એમની અંદર કોઈ મહાન અર્થઘન તત્ત્વ, એક દેવ, વિશ્વરૂપની એક શક્તિ, પરમ વાસ્તવિકતા, પરાત્પરતા-વાળો એક પરમ રહેલો હતો. આ ગૂઢ દિવ્યતામાં માનવનું તથા તેની માનવતાનું સમગ્ર રહસ્ય આવી રહેલું છે. અને એ ગૂઢ દિવ્યતામાંથી આખા વિશ્વનું અસ્તિત્વ એની અનિર્વચનીય મહત્તા ભરેલા કોઈ ગૂઢ મર્મને પ્રાપ્ત કરે છે. પરંતુ તેના પ્રત્યે અત્યાર સુધી અર્જુન અંધ રહ્યો હતો. હવે જ અર્જુન એક વ્યક્તિના કલેવરમાં વિશ્વાત્માને જુએ છે, માનવતાના દેહને ધારણ કરનાર પ્રભુને જુએ છે, પ્રકૃતિના આ પ્રતીકમાં નિવાસ કરનાર પરાત્પર વાસુદેવને જુએ છે. જગતના આ બધા દેખીતા સ્થૂલ પદાર્થોમાં એક અસીમ, અમેય, અનંત અને પ્રચંડ વાસ્તવિકતા રહેલી છે, આ અનંત વિશ્વરૂપ છે તે પણ હવે જ તે જોઈ શકે છે. એ વિશ્વરૂપ પોતે પ્રત્યેક વ્યક્તિસ્વરૂપથી તો ક્યાં યે મહાન છે, છતાં પ્રત્યેક વસ્તુ તેના નિવાસ માટેનું સદન છે. કારણ કે એ મહાન વાસ્તવિકતા પ્રત્યેક વ્યક્તિમાં તેમજ વિશ્વમાં સમાન અને અનંત હોય છે, એક જ કોટિનું હોય છે. એટલે શરૂઆતમાં અર્જુનને પોતાનો અંધાપો, પ્રભુ પ્રત્યે તેને કેવળ સ્થૂલ માનવ તરીકે ગણીને કરેલો વર્તાવ, પોતે કેવળ માનસિક અને સ્થૂલ શારીરિક સંબંધને રાખ્યો હતો તે વસ્તુ પ્રભુની મહિમાવાન દિવ્યતા આગળ કરેલા અપરાધ જેવી એને લાગે છે. કારણ કે જેને તે "કૃષ્ણ", "યાદવ", "સખા" કહીને બોલાવતો હતો તે પોતે જ આ

"અમિત પ્રભાવ," "અતુલવીર્ય", — સર્વમાં એકરૂપે વ્યાપી રહેલો અને સર્વનું સર્જન કરનાર આ વિશ્વરૂપ પરમાત્મા પોતે હતો. એણે એ અંતરની દિવ્યતા, નહિ કે એને ઢાંકનાર બાહ્ય માનવતા — **અવજાનન્ માનુષીં તનું આશ્રિતમ્** (૯.૧૧) — જોવી જોઈતી હતી, વિસ્મય, સમર્પણ અને ભક્તિપૂર્વક એણે તેનાં દર્શન કરવાં જોઈતાં હતાં.

બીજું સૂચન એ છે કે માનવસ્વરૂપના આવિર્ભાવમાં અને માનવ-સંબંધમાં જે વસ્તુ પ્રગટ થતી હતી તેમાં પણ એક સત્ય રહેલું હતું. પરમાત્માના વિશ્વરૂપ સાથે એનું એ માનવસ્વરૂપ પણ હોય છે અને તે એ વિશ્વરૂપની પ્રચંડતાને મનુષ્યના માનસને માટે સહ્ય બનાવી આપે છે, તેની માનવતા ઝીલી શકે એવી બનાવે છે. આપણે પરમાત્માનાં પરાત્પર તથા વિશ્વરૂપને જાણવાનાં છે. કારણ કે તે વિના માનવતાની મર્યાદાઓને આપણે ઓળંગી જઈ શકીશું નહીં. સર્વનો એકતામાં લય કરનાર એ પરાત્પર અને વિશ્વ-રૂપના અદ્વૈતમાં આપણે સઘળી વસ્તુઓનો સમાવેશ કરવાનો છે. પરંતુ એ પરાત્પર કે વિશ્વરૂપ ઉપર જ આધાર રાખવાથી એ શાશ્વત પરમ અને અધમ પ્રકૃતિના બંધનમાં પડેલો માનવનો પુરુષ એ બેની વચ્ચે ઘણો મોટો ભેદ ઉપસ્થિત થાય. નિમ્ન પ્રકૃતિને વશ, તથા વ્યક્તિત્વની મર્યાદાઓને પ્રાપ્ત થયેલો મનુષ્ય અતિ ક્ષુદ્ર શક્તિવાળું પ્રાણી છે, એટલે પરમાત્માનો અમિત પ્રભાવ કાંઈક ઓછો અને સહ્ય કર્યા વગરની તેના અનંત સ્વરૂપની સન્નિધિને તે સહન કરી શકતો નથી, જીરવી શકતો નથી. એવી કોઈ જોમ આપનારી કોઈ કડીની જરૂર છે જેના વડે મનુષ્ય પોતાના વ્યક્તિગત અને પ્રકૃતિ તરફથી મળેલા સ્વરૂપમાં એ વિશ્વરૂપ પરમાત્માને પોતાની સમીપ જોઈ શકે, અનુભવી શકે. અર્થાત્, એની પોતાની વૈશ્વિક અને અમેય શક્તિ વડે સર્વશક્તિમાનપણે સઘળી સત્-તાનું સંચાલન કરે છે તે શાસક-સ્વરૂપે જ કેવળ નહિ, પરંતુ માનવતાના રૂપમાં, એની સાથે ગાઢ અંગત સંબંધ સ્થાપન કરીને તેના વડે પરમાત્માની જોડે એકતા કરવામાં, એને આધાર આપવા માટે, એની ઊર્ધ્વ ગતિમાં સહાય કરવા માટે, એવી કડીની આવશ્યકતા રહે છે. જે ઊંડી ભક્તિપૂર્વક સાંત માનવ અનંતના આગળ પ્રણિપાત કરે છે તેનો જ્યારે વધારે ઊર્ધ્વ પ્રકારની ભક્તિમાં વિકાસ થાય છે ત્યારે ભક્ત પ્રભુને પોતાના પિતા તરીકે, સખા તરીકે અનુભવે છે. આમ માનવ-આત્મા અને તેની પ્રકૃતિ તથા દિવ્ય પરમાત્મા વચ્ચે પરસ્પર મીઠો પ્રેમનો સંબંધ પ્રગટે છે. એવી વધારે ઉચ્ચ પ્રકારની ભક્તિમાં પ્રભુ સાથે મૈત્રીનો ગાઢ અને નિકટનો સંબંધ જન્મે છે ત્યારે અહોભાવની ભક્તિમાં પ્રેમનો અતિ મધુર ભાવ ઉમેરાય છે. માનવના આત્મામાં અને તેના દેહમાં પ્રભુ વસે છે. પરમાત્મા પોતાની

આજુબાજુ એક આવરણ તરીકે, એક વસ્ત્ર તરીકે, માનવતાનાં મન અને સ્વરૂપસમસ્તને ઓઢી લે છે. આમ હોવાથી મર્ત્ય શરીરમાં રહીને જે સંબંધો આત્મા અનુભવે છે તે બધા માનવ-સંબંધોનો પરમાત્મા સ્વીકાર કરે છે, તથા એ માનવ-સંબંધોનું સંપૂર્ણ રહસ્ય, એમનો ઊંચામાં ઊંચો સાક્ષાત્કાર પરમાત્મામાં પ્રાપ્ત થાય છે. આ ભક્તિ વૈષ્ણવ પ્રકારની છે અને એનું બીજ અહીં ગીતાના શબ્દોમાં રહેલું છે. પરંતુ ગીતા પછીના યુગોમાં એ ભક્તિનો વધારે ગભીર, આનંદરસોદ્રેકવાળો અને અર્થઘન વિસ્તાર કરવામાં આવ્યો છે.

આ બીજી સૂચનામાંથી એક ત્રીજી આપોઆપ જ એકદમ પ્રગટે છે. મુક્ત આત્મામાં એટલું સામર્થ્ય હોય છે કે તેને આ પરાત્પર વિશ્વરૂપનું દર્શન એક અતિ પ્રભાવશાળી, ઉત્સાહપ્રેરક અને મહારક્ષણ કરનારી વસ્તુ લાગે છે. એ સ્વરૂપમાં તે સર્વ શક્તિઓનું મૂળ જુએ છે તથા એ સમગ્ર દર્શન તેને સમદૃષ્ટિ આપનારું નીવડે છે, તેને ઉન્નતિકારક અને સર્વ વસ્તુના રહસ્યને પ્રગટ કરી આપનારું લાગે છે. પરંતુ સાધારણ મનુષ્યને એ સ્વરૂપ દિગ્મૂઢ કરી નાખે એવું, ગભરાવી નાખે તેવું, ભયભીત કરી મૂકનારું અને અવ્યવહાર્ય જેવું લાગે છે. વળી, એ વિશ્વરૂપ-દર્શનનું આશ્વાસન આપનારું સત્ય જાણવામાં આવ્યા પછી પણ સર્વસંહારક ભીષણ કાલના અને અંકલિત સંકલ્પશક્તિના તથા એક વિશાળ, અમેય અને અતિ સંકુલ એવા કાર્યસમૂહના પ્રચંડ સ્વરૂપની પાછળ તે આવી રહેલું હોવાથી એનું ગ્રહણ કરવામાં, એને આત્મસાત્ કરવામાં મુશ્કેલી પડે છે. પરંતુ પરમાત્માનું દિવ્ય નારાયણ-સ્વરૂપ પણ છે. એનું એ કૃપાળુ સ્વરૂપ છે જે ઉપરનાં બે સ્વરૂપો વચ્ચે સંબંધ સ્થાપન કરી આપે છે. એ સ્વરૂપે નારાયણ માનવની સમીપ આવે છે, એના અંતરની સમીપમાં પણ આવીને વસે છે. નારાયણ-સ્વરૂપે માનવને સહાયક એવી શક્તિઓ અને શસ્ત્રોથી સજ્જ ચાર હસ્ત સહિત તે માનવના સંગ્રામનો અને તેની જીવનયાત્રાનો સારથિ બને છે, તેનો રથ હાંકે છે. માનવતાને ધારણ કરેલ એ સ્વરૂપ માનવને માટે પરમાત્માનું પ્રતીક બની રહે છે, — નહિ કે પેલું સહસ્ર બાહુવાળું વિશ્વરૂપ. વિશ્વરૂપમાં જે આશ્વાસક તત્ત્વ રહેલું છે તેનું પ્રતીક નારાયણનું સ્વરૂપ છે. પરમાત્માના એ વિશ્વરૂપની અંદર જે સઘળી મહાકાય, વમળના જેવી, ચક્રગતિઓ, પ્રતિગતિઓ અને પ્રગતિના પ્રવાહો રૂપે ચાલી રહેલા વ્યાપારોની વિજયશાળી પરિણતિ, આ બધી વૈશ્વિક ક્રિયાઓનો અદ્‌ભુત અને કલ્યાણકારી અંત, માનવના આત્માને માટે તથા તેના અંતરના જીવનને માટે, એક પ્રકારનો વિશાળ આધ્યાત્મિક આનંદ છે. વિશ્વચેતનાનાં વિરાટ કાર્યોમાં રહેલા આ વિશાળ આધ્યાત્મિક આનંદને નારાયણનું મંગલ સ્વરૂપ માનવની સમીપ લઈ આવે છે, તેને જીવંત

અને પ્રત્યક્ષ તથા માનવથી ગ્રાહ્ય થાય એવો બનાવી આપે છે. માનવદેહને ધારણ કરેલા આત્માને માટે એ વૈશ્વિક વિરાટ વ્યાપારોનો આકાર લઈને અહીં પાર્થિવ ભૂમિકામાં નારાયણ પોતાની અને માનવની વચ્ચે એક પ્રકારની ગાઢ નિકટતા સ્થાપન કરવા માગે છે, મૈત્રીનો અખંડ સહચાર પ્રગટાવે છે, અને તેથી પ્રભુને ખાતર જગતમાં માનવ જીવતાં શીખે છે, જીવવા લાગે છે. એ વૈશ્વિક વ્યાપારો દ્વારા પ્રભુ માનવના અંતરમાં પોતે નિવાસ કરી રહ્યો છે તેનો અનુભવ માનવને કરાવે છે, તથા આ વિશ્વની રહસ્યમય પ્રક્રિયાને માનવની અંદર પ્રયોજીને પોતાનું દિવ્ય લક્ષ્ય એ વ્યાપારો દ્વારા પાર પાડે છે. અને છતાં, વિશ્વવ્યાપારોના આ અંતિમ ઉદ્દેશ્યની પેલી તરફ — એથી પણ વધારે અદ્‌ભુત પ્રકારની એકતા પ્રભુ સાથે થઈ શકે છે જેમાં શાશ્વતની ચેતનામાં છેવટનું રૂપાંતર પામીને માનવ પોતાનું જીવન તેમાં ધારણ કરે છે.

અર્જુનની પ્રાર્થનાનો સ્વીકાર કરીને વિશ્વરૂપ પરમાત્મા પોતાનું નારાયણ-સ્વરૂપ, — **स्वकं रूपम्** (૧૧-૫૦) — જેમાં એની કૃપા, પ્રેમ, મધુરતા અને સૌન્દર્ય મૂર્તિમંત છે તે ફરીને ધારણ કરે છે. પરંતુ એ સ્વરૂપ પાછું ધારણ કરતાં પહેલાં જે વિશ્વરૂપને પોતે સંકેલી લે છે તેની પરમ રહસ્યમયતા અને અપાર અર્થવત્તા કહી સંભળાવે છે: "તેં જે આ સ્વરૂપ જોયું છે તે મારું પરમ સ્વરૂપ છે, જ્યોતિર્મય શક્તિનું બનેલું વિશ્વરૂપ છે, એ મારું આદિરૂપ છે. માનવોમાં તારા સિવાય બીજા કોઈએ એનું દર્શન કર્યું નથી. મારા આત્મયોગ વડે મેં તને તે બતાવ્યું છે. મારા અંતરતમ અને પરમ એવા આત્માનું એ સ્વરૂપ છે, પરમ શાશ્વતનું, મારું પોતાનું જ, વિશ્વરૂપ બનેલું સ્વરૂપ છે તથા જે માનવનો આત્મા મારી સાથે યોગમાં અદ્વૈત પામેલો હોય છે તે એ વિશ્વરૂપને જુએ છે છતાં એને ભય, કંપ, ભ્રમ કે ક્ષોભ થતો નથી. કારણ કે તે કેવળ ભયાનક અને વિવશ કરી મૂકે એવું કાલસ્વરૂપ જ નથી જોતો; પરંતુ વિશ્વરૂપમાં રહેલું ઉચ્ચ અને આશ્વાસક તત્ત્વ તથા લક્ષ્ય પણ જોઈ શકે છે. તારે પણ ભય પામ્યા વગર, મનમાં વ્યગ્ર થયા વિના, તથા ઇન્દ્રિયોના ક્ષોભ વગર એ સ્વરૂપનું એ જ પ્રકારે દર્શન કરવું જોઈએ. પરંતુ તારી પ્રકૃતિનાં નિમ્ન કરણો હજી સુધી એ વિશ્વરૂપ પ્રત્યે ઉચ્ચ સામર્થ્ય અને શાંતિપૂર્વક જોઈ શકે તેવાં તૈયાર નથી. એટલા માટે હું મારું નારાયણ-સ્વરૂપ ફરીને ધારણ કરું છું. એ સ્વરૂપમાં માનવ એની પોતાની માનવતાના માપને અનુકૂળ એવું પ્રભુનું મૈત્રીવાળું, સ્થિર, સહાયક અને આનંદદાયક સ્વરૂપ જુએ છે." વળી જ્યારે એ મહાન વિશ્વરૂપ અદૃશ્ય થઈ ગયું છે ત્યારે ફરીને શ્રીકૃષ્ણ કહે છે : "એ વધારે મહાન, વિરાટ વિશ્વરૂપ તેં જોયું તે તો વિરલ મહાત્માઓને માટે છે. દેવતાઓ પોતે પણ એ સ્વરૂપનાં દર્શન

કરવાની નિત્ય આકાંક્ષા રાખે છે. વેદ, તપ, દાન કે યજ્ઞ વડે એ સ્વરૂપનું દર્શન થઈ શકે તેમ નથી. કેવળ અનન્ય ભક્તિ વડે, અર્થાત્ એવી ભક્તિ જે સર્વ પદાર્થમાં કેવળ મને જ જુએ, ચાહે અને ભજે તેના વડે, મારું એ વિશ્વરૂપ જોઈ શકાય તેમ છે, જાણી શકાય છે તથા એમાં પ્રવેશ પણ કરી શકાય છે." (૧૧.૪૭-૫૪)

તો પછી, આ વિશ્વરૂપની અસાધારણતા કે વિલક્ષણતા શી છે કે સામાન્ય માનવના જ્ઞાનથી તે એટલું બધું પર રહે છે, અકલ્પિત અને દુર્ગમ બને છે ? એવું એનામાં શું છે કે માનવના જ્ઞાનપ્રાપ્તિના સામાન્ય પ્રયત્નો, તથા ઉગ્ર તપસ્યા પણ એકલાં, આપમેળે, એનું દર્શન કરવા માટે અધૂરાં સાધનો નીવડે છે ? એ વિશિષ્ટ વસ્તુ એ છે કે જ્ઞાનપ્રાપ્તિનાં બીજાં સાધનો વડે માણસ, જે એક અસ્તિત્વ છે તેની એક કે બીજી બાજુ, એનું એક કે બીજું પાસું, તેનું વ્યક્તિગત વૈશ્વિક સ્વરૂપ જોઈ શકે છે; પરંતુ આ સૌથી મહાન વિશ્વરૂપને એકીવખતે, અને એક જ દર્શનમાં, જેમાં સઘળું આવિર્ભાવ પામેલું છે, સઘળાને ઓળંગી જવામાં આવે છે, જેમાં સઘળું સાર્થકતાને પ્રાપ્ત કરે છે, એવું પરમાત્માનાં સર્વ સ્વરૂપોનો સમન્વય કરી આપનારું, જે એક પરમ અદ્વૈત છે તેનું દર્શન પામવું અતિ વિષમ છે. આ વિશ્વરૂપમાં પરમાત્માનું પરાત્પર, વૈશ્વિક અને વ્યક્તિતાવાળું સ્વરૂપ સમાય છે એટલું જ નહિ, પરંતુ પુરુષ અને પ્રકૃતિ, અનંત અને સાંત, દિશા, કાલ અને કાલથી અતીત અવસ્થા, સત્-તા અને આવિર્ભાવ, -- ઈશ્વર વિષે આપણે જે કાંઈ વિચારી કે જાણી શકીએ તે સઘળું — એટલે કે એના નિરપેક્ષ કેવળ તત્ત્વનું કે એના આવિર્ભાવ પામેલા અસ્તિત્વનું — સ્વરૂપ આ વિશ્વરૂપની અનિર્વચનીય એકતામાં અદ્‌ભુત રીતે પ્રગટ થયેલું જણાય છે. એ દર્શન તો કર્મ અને જ્ઞાનની સંપૂર્ણતાને શિખરે પહોંચવાથી પ્રભુ સાથે જે અનન્ય ગાઢ અદ્વૈત, પરમ ભક્તિ અને પ્રેમ પ્રગટ થાય છે, તેના વડે જ પ્રાપ્ત થઈ શકે છે. પરમાત્માના એ દિવ્ય વિશ્વરૂપને જાણવું, જોવું અને એમાં પ્રવેશ કરવો, પરમાત્માના એ પરમ સ્વરૂપની સાથે એક થઈ જવું શક્ય છે અને પોતાની યોગસાધના માટે ગીતા એ લક્ષ્ય પોતાની આગળ મૂકે છે. એવી એક પરમ ચેતના છે જેના વડે પરાત્પરની ઐશ્વર્યશક્તિમાં પ્રવેશ કરી શકાય છે, તથા એ પરાત્પરમાં અક્ષર પુરુષ અને ક્ષર આવિર્ભાવને ધારણ કરી શકાય છે. સર્વ સાથે એક થવું અને છતાં સર્વથી પર રહેવું, જગતથી પર રહેવું છતાં સમગ્ર પ્રકૃતિને, એટલે કે પરમાત્માની વૈશ્વિક અને વિશ્વાતીત એવી બન્ને પ્રકારની પ્રકૃતિને એકીવખતે સ્પર્શ કરવો એ પણ શક્ય છે. પોતાનાં મન અને દેહના કારાવાસમાં પડેલા માનવ માટે આ કાર્ય ખરેખર

મુશ્કેલ તો છે જ. પરંતુ શ્રીકૃષ્ણ કહે છે : "મારાં કર્મોનો કરનારો થા, મને પરમ ઈશ્વર અને લક્ષ્ય તરીકે સ્વીકાર, મારો ભકત બન. સર્વ ભૂતો પ્રત્યે આસકિત તથા વૈર વગરનો થઈ જા; કારણ કે એવો માણસ જ મને પ્રાપ્ત કરે છે."(૧૧.૫૫) અર્થાત્, અધો પ્રકૃતિનો ત્યાગ કરીને તેનાથી પર થવું, સર્વ ભૂતો સાથે અદ્વૈત સ્થાપન કરવું, વિશ્વરૂપ અને પરાત્પર પરમાત્મા સાથે એકતા કરવી તથા આપણાં સર્વે કર્મોમાં પ્રભુના સંકલ્પ સાથે એકતા સાધવી, એકમેવાદ્વિતીય પરમાત્મા માટે તથા સર્વમાં રહેલા વાસુદેવ માટે અનન્ય પ્રેમ ધારણ કરવો, — એ અંતિમ આધ્યાત્મિક આરોહણ કરીને પોતાના સ્વરૂપથી પર થઈ જવાનો તથા કલ્પનાતીત એવું પ્રકૃતિનું રૂપાંતર સાધવાનો માર્ગ છે.

પ્રકરણ બારમું

ગીતાનો માર્ગ અને ભક્ત

ગીતાના અગિયારમા અધ્યાયમાં એના ઉપદેશનો જે મૂળ ઉદ્દેશ હતો તે સિદ્ધ થાય છે અને તે અમુક પ્રકારની પૂર્ણતાએ પણ પહોંચે છે. જગતને ખાતર તથા જગતમાં તથા તેનાં સર્વ પ્રાણીઓમાં જે પ્રભુ નિવાસ કરી રહ્યો છે તથા જે પરમાત્માની અંદર એનાં સર્વે કર્મો બની રહ્યાં છે તેની સાથે યોગ સાધીને, દિવ્ય કર્મ કરવાનો આદેશ વિભૂતિને આ અધ્યાયમાં અપાય છે અને વિભૂતિ તેનો સ્વીકાર પણ કરે છે. આમ, સાધારણ માણસના માનસથી તથા અજ્ઞાનમાં રહેતી અહંપ્રધાન ચેતના, તેનાં ધોરણો, હેતુઓ અને દૃષ્ટિબિંદુથી એટલે કે એના જૂના વલણથી, અર્જુનને ગુરુ ઘણો દૂર લઈ ગયા છે : જીવનની આધ્યાત્મિક કટોકટીને પ્રસંગે જે વસ્તુઓ તદ્દન નિષ્ફળ નીવડી હતી તેમનાથી શિષ્યને તેઓ ઘણો દૂર દોરી ગયા છે. એના માનસના જૂના ધોરણ ઉપર જે કર્મ કરવાનો એણે ઇનકાર કર્યો હતો, તે જ ઘોર કર્મનો, તે જ ભયંકર ધર્મનો હવે સ્વીકાર કરવાની સ્થિતિમાં તે આવ્યો છે અને અંતરના એક નવા જ ધોરણ ઉપર એ કર્મનો અંગીકાર કરે છે. કર્મ કરવાનું એ નવું અંતરનું ધોરણ જેને પરિણામે જૂનું અજ્ઞાની કર્મ રૂપાંતર પામી જવાનું છે તે આ છે : એક મહત્તર પ્રકારનું જ્ઞાન, એક દિવ્યતર ચેતના, કર્મમાં ઉચ્ચ નિર્વૈયક્તિક હેતુ તેણે પ્રાપ્ત કરવાનો છે, તથા પ્રભુનો જે સંકલ્પ તેની અસલ જ્ઞાનજ્યોતિમાંથી અને તેની દિવ્ય પ્રકૃતિની સક્રિય શક્તિ વડે જગતના ઉપર કાર્ય કરી રહેલ છે તેનાં સાથે સતત એકતા સાધવાનું ધોરણ તેણે સ્થાપન કરવાનું છે. આ વસ્તુઓમાં કર્મ કરવાનો નવો સિદ્ધાંત રહેલો છે, જેને લઈને જૂનાં અજ્ઞાનનાં કર્મો રૂપાંતર પામી જવાનાં છે. એ જ્ઞાન પરમાત્મા સાથે અદ્વૈત પ્રાપ્ત કરીને પરમાત્મા દ્વારા સર્વ પદાર્થો અને પ્રાણીઓ સાથે સચેતન એકતા સ્થાપન કરી આપે છે. એ સંકલ્પશક્તિ અહંતા વિનાની બની ગયેલી હોય છે તથા સર્વ કર્મોના સ્વામી પરમાત્માના આદેશ વડે તથા એના કરણ તરીકે જ તે કર્મમાં પ્રવૃત્ત થતી હોય છે. એ રૂપાંતરમાં દિવ્ય પ્રેમ પણ જાગૃત હોય છે જેની એકમાત્ર અભીપ્સા પરમાત્મા સાથે ગાઢ નિકટતા સાધવા માટેની હોય છે. જ્ઞાન, સંકલ્પ અને ભાવ એ ત્રણે પૂર્ણતાને પામેલી શક્તિઓના અદ્વૈત વડે સર્વનો પોતાનામાં સમાવેશ કરે એવી અંતરની એકતા પરાત્પર

સાથે તથા વિશ્વપુરુષ અને વિશ્વપ્રકૃતિ સાથે તથા સર્વ પ્રાણીઓ સાથે સાધવાથી એવી અનન્ય ભક્તિ મળે છે. મુક્ત આત્માને પોતાની પ્રવૃત્તિના પાયા તરીકે ઉપર જણાવી તે વસ્તુઓ શ્રીકૃષ્ણ આપે છે. એ પાયા ઊપર સ્થિર થઈને અર્જુનનો આત્મા કરણોની બનેલી પોતાની પ્રકૃતિને, પોતે સલામત રહીને, કાર્યમાં પ્રવૃત્ત થવા દઈ શકે છે. અર્થાત્ એ રીતે કાર્ય કરતાં ભૂલ થવાનાં સર્વ કારણોથી તે પર થઈ જાય છે, અહંતા અને તેની મર્યાદાઓથી તે મુક્ત થાય છે, તથા પાપના, અનિષ્ટના અને પરિણામના ભયથી છૂટી જાય છે. વળી બાહ્ય પ્રકૃતિનાં બંધનમાંથી તથા અજ્ઞાનની ગ્રંથિરૂપ મર્યાદિત કર્મમાંથી પણ તે પર થઈ જાય છે. એવો માણસ દિવ્ય જ્ઞાનજ્યોતિની શક્તિમાં સ્થિત થઈને,—એટલે કે અર્ધ અંધકાર કે પૂર્ણ અજ્ઞાનમાં રહીને નહિ, પરંતુ જ્ઞાન સહિત, કર્મ કરી શકે છે, તથા એના વર્તનનાં એકેએક પગલાંની પાછળ પ્રભુની દિવ્ય અનુમતિનો ટેકો રહેલો હોય છે. આત્માની મુક્તિ અને પ્રકૃતિમાં રહેલા પુરુષનું બંધન, એ બેની વચ્ચે જે વિરોધ રહેલો છે એનું, પુરુષ અને પ્રકૃતિ એ બેના જ્યોતિર્મય અદ્વૈત રૂપે સમાધાન આગળ આપવામાં આવ્યું છે. એ વિરોધ અજ્ઞાનમાં રહેલા મનને માટે અસ્તિત્વમાં છે; આત્માના જ્ઞાનમાં એ વિરોધ મટી જાય છે.

પરંતુ જે મહાન આધ્યાત્મિક રૂપાંતર ઉપર જણાવ્યું તેનો સંપૂર્ણ ભાવાર્થ પ્રગટ કરવા માટે કાંઈક વધારે કહેવાની જરૂર રહે છે. ગીતાનો બારમો અધ્યાય એ બાકી રહેલા જ્ઞાન વિષેનો છે અને ત્યાર પછી જે છ અધ્યાયો આવે છે તે એ જ વિષયને વિકસાવીને તેને છેવટના મહાન નિર્ણય પર્યંત લઈ જાય છે. જે મુદ્દો હજી સ્પષ્ટ કરવાનો બાકી રહે છે તે, આધ્યાત્મિક મુક્તિ વિષેનું વેદાંતનું સામાન્ય પ્રચલિત દૃષ્ટિબિંદુ અને ગીતાનો ઉપદેશ, જે વધારે વિશાળ પ્રકારની મુક્તિ માનવના આત્મા સમક્ષ ખુલ્લી મૂકે છે, એ બે વચ્ચેના ભેદનો છે. અહીં એ બે પ્રકારની મુક્તિ વચ્ચે જે ભેદ છે તેનો ઘણો જ સ્પષ્ટ અને નજરે ચડે એ પ્રકારે ઉલ્લેખ કરવામાં આવે છે. વેદાંતના પ્રચલિત વિચાર પ્રમાણે મુક્તિ મેળવવા માટે માણસે જ્ઞાનના કઠણ અને એકમાર્ગી રસ્તાનો આશ્રય લેવાનો છે. 'યોગ', એટલે કે અદ્વૈત, જેને આધ્યાત્મિક મુક્તિનું સાધન અને એકમાત્ર સાર તરીકે સ્વીકારવામાં આવે છે તેનો અર્થ જ્ઞાનયોગ સમજવાનો છે; તથા એ અદ્વૈત એટલે કોઈ પરમ અક્ષર સાથે, કેવળ અનિર્દેશ્ય સાથે — એટલે કે, અનંત, નીરવ, અસ્પર્શ્ય, અલગ, આ સંબંધોવાળા જગતથી તો કયાં યે પર એવા અવ્યક્ત બ્રહ્મ સાથે — એકતા. ગીતા જે રસ્તો દર્શાવે છે તેમાં પણ જ્ઞાન અનિવાર્ય પાયા તરીકે રહેલું છે, પરંતુ તે જ્ઞાન સમગ્ર પ્રકારનું છે, અખિલાઈવાળું છે. ગીતાના માર્ગમાં

વ્યક્તિત્વથી પર થઈને સમગ્રતાવાળાં કર્મો કરવાં એ શરૂઆતનું અનિવાર્ય સાધન છે. પરંતુ એક પ્રકારનો ગહન અને વિશાળ પ્રેમ અને ભક્તિ પણ મુક્તિ તથા આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તથા અમર આનંદની અનુભૂતિ માટે સૌથી સમર્થ અને ઊંચામાં ઊંચી શક્તિઓ છે, એમ ગીતા પ્રતિપાદન કરે છે. અને એ તો સ્પષ્ટ છે કે અક્રિય અને અલગ એવો બ્રહ્મ એ શક્તિઓને પોતાના તરફથી કશો પ્રત્યુત્તર આપી શકે નહીં, કારણ કે એ શક્તિઓ સંબંધની અને ગાઢ અંગત નિકટતાની અપેક્ષા રાખે છે. આ પ્રમાણે માનવનો આત્મા સૌથી ગાઢ સંબંધ જે વસ્તુ જોડે બાંધે છે તેનું પરમ પદ પરાત્પર, અચિન્ત્ય અને એટલું તો મહાન હોય છે કે કોઈ પણ પ્રકારના આવિર્ભાવમાં તે સમાઈ શકતું નથી — એ પરબ્રહ્મનું પદ છે. પરંતુ એ જ પરબ્રહ્મ સર્વ વસ્તુઓનો જીવંત પરમ આત્મા પણ છે. એ જ પરમેશ્વર છે, કર્મોનો અને વિશ્વ-પ્રકૃતિનો સ્વામી છે. એ જ પ્રાણીના અંતરાત્મા, મન અને દેહમાં તેના આત્મા તરીકે નિવાસ કરે છે અને એકીવખતે તેનાથી પર પણ રહે છે. આમ એ પુરુષોત્તમ છે, પરમેશ્વર છે, પરમાત્મા છે. અને એ બધાં સ્વરૂપોમાં તે એકમેવ અને શાશ્વત પ્રભુ છે. આ અખિલાઈવાળું અને સર્વનું સમાધાન પોતાનામાં કરનાર એવું જ્ઞાન જ્યારે વ્યક્તિમાં જાગ્રત થાય છે ત્યારે આત્માની સંપૂર્ણ મુક્તિ અને પ્રકૃતિની અકલ્પનીય પૂર્ણતા પ્રાપ્ત કરવાનું વિશાળ દ્વાર એને હાથ લાગ્યું છે એમ ગણી શકાય. એનાં સર્વ સ્વરૂપોની એકતા કરી આપનાર સમગ્ર અદ્વૈતવાળા શાશ્વત પ્રભુ પ્રત્યે આપણાં કર્મો, આપણી ભક્તિ તથા આપણું જ્ઞાન એક સતત ચાલુ યજ્ઞની પેઠે વહેવાં જોઈએ. એ પુરુષોત્તમમાં, એટલે કે આ વિશ્વથી જે અતીત છે પરંતુ જે આ વિશ્વને પોતાનામાં ધારણ કરે છે, આ વિશ્વમાં પોતે નિવાસ કરે છે તથા એનો માલિક છે — કુરુક્ષેત્રના વિશ્વરૂપ-દર્શનમાં એનું જે ભવ્ય સુંદર સ્વરૂપ વર્ણવ્યું છે તેમાં — મુક્ત આત્માએ પ્રવેશ કરવાનો છે. અર્થાત્, એનાં મૂળ તત્ત્વોનું અને એની સત્-તાની સર્વ શક્તિઓનું એક વાર તેને દર્શન તથા જ્ઞાન થાય, એક વાર તે એની અરાંધ્ય પ્રકારની એકતાને ગ્રહણ કરી શકે અને તેનો આનંદ લઈ શકે ત્યાર પછી, —જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ — (૧૧.૫૪) એનામાં પ્રવેશ કરવો શક્ય બને છે.

ગીતા જે મુક્તિની હિમાયત કરે છે તે માનવની અંગત સત્-તાનો એક અનંતમાં આત્મ-વિલય કરીને સાધેલો નિર્વાણ નથી, — એટલે કે તે સાયુજ્ય મુક્તિ નથી. એ મુક્તિ એટલે સર્વ પ્રકારના યોગ એકીવખતે અનુભવવા તે. એમાં આપણી સત્-તાના અસલ તત્ત્વમાં ચેતનાની ગાઢ નિકટતામાં અને આનંદના અદ્વૈતમાં પ્રભુ સાથે સંપૂર્ણ એકતા હોય છે એટલે

કે સાયુજ્યની અનુભૂતિ થાય છે, કારણ કે ગીતાના યોગનો એક ઉદ્દેશ "બ્રહ્મભૂત" થવું – બ્રહ્મસ્વરૂપ બનવું એવો પણ છે. વળી, પરમ શાશ્વતની ઊંચામાં ઊંચી ભૂમિકામાં માનવનો આત્મા સનાતન આનંદોદ્રેકની અવસ્થામાં વસે છે, એટલે કે તે સાલોકય મુકિત અનુભવે છે, કારણ કે ગીતા કહે છે **निवसिष्यसि मय्येव** (૧૨.૮) —"તું મારામાં જ નિવાસ કરશે." બીજી પણ અવસ્થા છે જેમાં સનાતન પ્રેમ અને ઊંડા ભકિતભાવમાં માનવનો આત્મા અને પ્રભુ એકરસ કરનારી એવી ગાઢ નિકટતા અનુભવે છે, — મુકત થયેલા આત્માને એનો દિવ્ય પ્રણયી પ્રભુ પોતાના આશ્લેષમાં રાખે છે તથા પોતાના આનંદોના આત્મા વડે એને આવરી લે છે. આ છે સામીપ્ય મુકિત. વળી, માનવના આત્માની મુકત બનેલી પ્રકૃતિનું પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે તાદાત્મ્ય પણ અનુભવાય છે, — એટલે કે સાદૃશ્ય મુકિત પ્રાપ્ત થાય છે. મુકત થયેલા આત્માની પોતાની પૂર્ણતા પ્રભુ જેવા થવામાં રહેલી છે — **मद्भावमागताः** —"મારા જેવી જ આવિર્ભાવની પ્રકૃતિને તેઓ પ્રાપ્ત કરે છે." આનું જ નામ **साधर्म्यम् आगताः** (૧૪.૨),—એટલે કે પોતાની સત્-તાના અને પોતાની પ્રકૃતિના તથા પોતાના કર્મોના ધર્મમાં નિયામક પ્રભુ સાથે એક થઈ જવું તે. જે પ્રાચીન જ્ઞાનમાર્ગ છે તેમાં તો એક અનંત સત્‌માં અગાધ નિમજ્જન કરવાનો ઉદ્દેશ રહેલો હોય છે, એટલે કે તે સાયુજ્ય વાંછે છે. એની દૃષ્ટિએ એ જ માત્ર સંપૂર્ણ મુકિત છે. ભકિતનો યોગ પ્રભુમાં સનાતન નિવાસ અથવા તો એની સમીપતાને વધારે ઉચ્ચ પ્રકારની મુકિત ગણે છે,— સાલોકય અને સામીપ્ય એને વધારે ઇષ્ટ હોય છે. કર્મયોગની સાધનાને પરિણામે સાધકની પ્રકૃતિમાં પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે એકતા પ્રગટે છે,— અર્થાત્ તેને સાદૃશ્ય મુકિત મળે છે. પરંતુ ગીતા પોતાની સર્વગ્રાહી સમગ્રતામાં એ બધાનો સમાવેશ કરી લે છે તથા એ બધાને કોઈ મહત્તમ, અને સૌથી વધારે ઐશ્વર્યશાળી એવી દિવ્ય મુકિત અને પૂર્ણતામાં એકરસ કરી મૂકે છે.

આ બે પ્રકારની મુકિતમાં શો ભેદ છે એ પ્રશ્ન અર્જુન તરફથી ઉપસ્થિત કરવામાં આવે છે. આપણે યાદ રાખવાનું છે કે એક બાજુ વ્યકિતત્વથી સ્વતંત્ર એવો અવ્યય અને અક્ષર પુરુષ છે અને બીજી બાજુ એકીવખતે નિર્વ્યકિતકતા અને દિવ્ય વ્યકિત પણ છે એવો પુરુષોત્તમ છે. આ બે — અક્ષર અને પુરુષોત્તમ — વચ્ચેના ભેદની વ્યાખ્યા સ્પષ્ટપણે અને સમજણપૂર્વક હજી સુધી કરવામાં આવી નથી. ગીતાના છેલ્લા અધ્યાયોમાં અને શ્રીકૃષ્ણ વારેવારે જે દિવ્ય "અહં", "મામ્" એવાં સર્વનામો વાપરે છે તેમાં એ ભેદ ગર્ભિતપણે રહેલો આપણને દેખાય છે. આ ભેદ સ્પષ્ટ થવો જોઈએ એવી આશા અત્યાર સુધીમાં આપણે રાખતા આવ્યા છીએ, જેથી કરીને શરૂઆતથી જ આપણે

ગીતાના સંદેશનો અર્થ પૂરેપૂરો સમજી શકીએ. નહિ તો, આપણે છેલ્લા અધ્યાયોમાંથી એ ભેદ સમજવા માટે પાછા ફરવું પડત. પરંતુ અહીં જે વધારે મહાન સત્યની ભૂમિકા નજરે પડી છે અને જેનો વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો છે તે આપણને એ ભેદ સ્પષ્ટ કરી આપે છે. અર્જુનને પહેલવહેલી આજ્ઞા એ કરવામાં આવી હતી કે એક, શાશ્વત, અક્ષર બ્રહ્મની નિર્વ્યક્તિકતામાં તારે તારી જુદી વ્યક્તિતાનો લય કરવાનો છે. એ આજ્ઞા અર્જુનના પોતાના જૂના વિચારો હતા તેની સાથે બંધબેસતી હતી એટલે એ સમજવામાં અને સ્વીકારવામાં એને કશી મુશ્કેલી નડી ન હતી. પરંતુ હવે એણે સૌથી મહાન અને પરાત્પર એવા વિશ્વરૂપનું દર્શન કર્યું છે, અને શ્રીકૃષ્ણ હવે એને એવી આજ્ઞા આપે છે કે તારે જ્ઞાન, કર્મ અને ભક્તિ વડે આ વિશ્વરૂપ સાથે એકતા કરવાની છે. એટલે હવે પોતાના મનમાં શંકા ઊઠવાનો સંભવ દેખાય છે તેનું સમાધાન આગળથી જ કરી લેવા માટે અર્જુન પ્રશ્ન પૂછે છે કે "જે ભક્તો તારી જોડે સતત યુક્ત થઈને ત્વામ્ તારી ઉપાસના કરે છે, તથા જે લોકો અવ્યક્ત એવા અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે — એ બેમાં યોગનું જ્ઞાન કોનામાં સમજવું?" (૧૨.૧) અહીં જે ભેદ અક્ષર અવ્યક્ત અને "ત્વામ્" વચ્ચે છે તે આપણને આરંભમાં વપરાયેલા શબ્દો જેવા કે "ઞાત્મનિ ઞથો મયિ" (૪.૩૫) "આત્માની અંદર અને પછી મારામાં," — વગેરેનું આપણને સ્મરણ કરાવે છે. ત્વામ્ અને અક્ષર અવ્યક્ત એ બે વચ્ચેનો ભેદ અર્જુન પોતે ખુલ્લો કરી બતાવે છે. એના પ્રશ્નનો ભાવાર્થ એ છે કે "તમે, શ્રીકૃષ્ણ, સર્વ પ્રાણીઓનું સનાતન મૂળ અને આદિ છો, સર્વ વસ્તુઓમાં વ્યાપીને રહેલી સન્નિધિ તમે છો, તમારાં અનેક સ્વરૂપો વડે વિશ્વમાં વ્યાપી રહેલ શક્તિ તમે છો, વિભૂતિઓમાં, પ્રાણીઓમાં, પ્રકૃતિમાં સર્વત્ર પ્રગટ થતી વ્યક્તિતા તમે છો, જગતમાં થતાં સર્વ કર્મોના સ્વામી તરીકે તમે ઉપસ્થિત છો, અને તમારા સમર્થ વિશ્વયોગની માયા વડે તમે અમારા હૃદયમાં બિરાજો છો. મારે તમને આ પ્રકારે જાણવાના છે, ભજવાના છે, અને મારી સમગ્ર સત્-તા, ચેતના, વિચારો, ભાવો, અને કર્મ વડે તમારી સાથે એકતા કરવાની છે. પણ, તો પછી આ અક્ષર બ્રહ્મનું શું, જે કદી પણ વ્યક્ત થતો નથી, કદી રૂપ ધારણ કરતો નથી, સર્વ કર્મમાંથી જે પોતે અલગ અને તટસ્થ રહે છે, વિશ્વ સાથે કે એમાંની કોઈ વસ્તુ સાથે, જે કદી કોઈ પ્રકારનો સંબંધ રાખતો નથી, જે સદા નીરવ, એક, નિર્વ્યક્તિક અને અક્રિય જ રહે છે? પ્રચલિત વિચાર પ્રમાણે તો એ સનાતન આત્મા વધારે મહાન પ્રકારનું, વધારે ઉચ્ચ પ્રકારનું તત્ત્વ છે અને આવિર્ભાવમાં જે પ્રભુ રહેલો છે તે ઊતરતા પ્રકારનું તત્ત્વ છે. એટલે કે આવિર્ભાવ પામેલ પરમાત્મા નહિ પણ અવ્યક્ત જ સનાતન શાશ્વત બ્રહ્મ છે.

તો પછી, જે યોગમાં આવિર્ભાવનો સ્વીકાર કરવામાં આવે છે, અને જે ઊતરતા પ્રકારના પ્રભુના સ્વરૂપનો સ્વીકાર કરે છે તે યોગને વધારે જ્ઞાનવાળો કેવી રીતે ગણી શકાય?

આ પ્રશ્નનો ઉત્તર ભારપૂર્વક નિશ્ચયાત્મકતા સહિત શ્રીકૃષ્ણ આપે છે: "જેઓ પોતાના મનને મારામાં મૂકે છે, મારી સાથે જેઓ નિત્ય યુકત છે, મારામાં પરમ શ્રદ્ધાવાળા છે, મારી જ ઉપાસના કરે છે તેઓને હું સૌથી સંપૂર્ણપણે યોગની એકતાને પ્રાપ્ત થયેલા માનું છું." (૧૨.૨) એ પરમ શ્રદ્ધા એવી છે જે સર્વમાં પ્રભુને જુએ છે, અને એની દૃષ્ટિએ આવિર્ભાવ કે આવિર્ભાવનો અભાવ બન્ને એક જ પ્રભુતાવાળી સ્થિતિઓ દેખાય છે. સંપૂર્ણ યોગવાળો તે માણસ છે જે પ્રતિક્ષણ પ્રભુને ભેટે છે, પોતાના પ્રત્યેક કર્મમાં તથા પોતાની પ્રકૃતિની સમગ્રતામાં પ્રભુ સાથે એકતાને સાધે છે. પરંતુ જે લોકો આત્માના આરોહણનો વધારે કઠણ માર્ગ સ્વીકારે છે અને અનિર્દેશ્ય, અવ્યકત એવા અક્ષરની જ ઉપાસના કરે છે તેઓ પણ, શ્રીકૃષ્ણ કહે છે કે, મને જ પ્રાપ્ત કરે છે. કારણ કે એમનો ઉદ્દેશ ખોટો છે એવું નથી. પરંતુ એમનો માર્ગ વધારે કઠણ છે, તથા ઊતરતા પ્રકારની પૂર્ણતાને પ્રાપ્ત કરાવનારો છે. અવ્યકત, શાશ્વતને પહોંચવું હોય તો તેને માટે સહેલામાં સહેલો માર્ગ એ છે કે અહીં જે વ્યકત અક્ષર બ્રહ્મ છે તેનો આકાશ લઈને સાધકે આરોહણ કરવું. આ વ્યકત અક્ષર તે મારી પોતાની જ સર્વવ્યાપી નિર્વ્યકિતતા અને નીરવતા છે; એ વિશાળ, અચિન્ત્ય, અક્રિય, સ્થિર અને સર્વવ્યાપક છે, તથા વ્યકિતના કર્મને આધાર આપીને ટકાવી રાખે છે ખરી, પરંતુ પોતે તેમાં ભાગ લેતી નથી. અક્ષર બ્રહ્મ પોતાના તરફથી માનવ-મનને કશો ટેકો કે ગ્રહણ કરવાનું સાધન આપતું નથી; એની પ્રાપ્તિ માટે સાધકે સ્વપ્રયત્ન જ કરવાનો રહે છે. વળી જે લોકો અક્ષર અવ્યકતની જ ઉપાસના કરે છે તેમણે પોતાનાં મન અને ઇન્દ્રિયોનો સંપૂર્ણપણે સંયમ કરવાનો હોય છે અને કેટલીક વાર તો મન અને ઇન્દ્રિયોના કાર્યને સંપૂર્ણપણે અંતરમાં ખેંચી લેવું પણ આવશ્યક બને છે. પરંતુ એમ હોવા છતાં, એ સાધકો સર્વ પદાર્થોમાં સમબુદ્ધિવાળા હોઈ સર્વમાં એક આત્માને જુએ છે તથા પ્રાણીમાત્રના કલ્યાણ માટે પ્રશાંત સંકલ્પવાળા હોય છે, તેઓ પણ સર્વ પદાર્થમાં અને પ્રાણીઓમાં મને જ પ્રાપ્ત કરે છે, એટલે કે જે લોકો પ્રભુ સાથે સર્વભાવેન — પોતાના અસ્તિત્વના સર્વ પ્રકારો વડે — એકતા કરે છે અને અચિન્ત્ય રૂપ એવા સર્વ વૈશ્વિક પદાર્થોના જીવંત મૂળરૂપ દિવ્ય પુરુષમાં વિશાળતા અને સંપૂર્ણતાપૂર્વક પ્રવેશ કરે છે તેમની પેઠે આ એકમાર્ગી અર્જુનનો કઠણ માર્ગ પસંદ કરી નિરંજન, અવ્યકત, અવ્યવહાર્ય, એવા

કેવલના ઉપાસકો પણ આખરે તો એ જ શાશ્વત પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. પરંતુ એ માર્ગ આડકતરો અને વધારે ક્લેશ આપવાવાળો છે; આધ્યાત્મિક રૂપાંતરને પ્રાપ્ત થયેલ માનવ-પ્રકૃતિની એ સંપૂર્ણ અને સાહજિક ગતિ નથી.

પણ એ વધારે કઠણ છે એટલા માટે વધારે ઊંચા પ્રકારની છે તથા વધારે અસરકારક સાધના છે એમ સમજવાનું નથી. ગીતાનો માર્ગ વધારે સહેલો છે, તે વધારે વેગપૂર્વક સાહજિકતાથી અને સામાન્ય સ્થિતિને જાળવીને એ જ કેવળ મુક્તિ અપાવે છે. કારણ કે એ માર્ગમાં પ્રભુના વ્યક્તિસ્વરૂપનો સ્વીકાર કરવામાં આવે છે, એનો અર્થ એમાં દેહધારી પ્રકૃતિની માનસિક અને ઇન્દ્રિયોની મર્યાદાઓ પ્રત્યે આસક્તિ રહેલી છે એવો કરવાનો નથી. ઊલટું, વિશ્વની દૃશ્ય વાસ્તવિકતામાં જે જન્મ અને મૃત્યુનું બંધન રહેલું હોય છે તેમાંથી એ માર્ગ શીઘ્ર અને સફળતાપૂર્વક મુક્તિ આપે છે. પ્રાચીન એકમાર્ગી જ્ઞાન-યોગનો સાધક પોતાની પ્રકૃતિની અનેક પ્રકારની માગણીઓ હોય છે તેમની સાથે કષ્ટદાયક ખેંચતાણ કરવાની સ્થિતિ નોતરે છે. પ્રકૃતિની માગણીઓનો ઊંચામાં ઊંચા પ્રકારનો, સાચો સંતોષ આપવાનો પણ તે ઇન્કાર કરે છે તથા પોતાની પ્રકૃતિમાં જે ઊર્ધ્વગામી વૃત્તિઓ હોય છે તેમને લઈને જો વિશ્વ સાથેના સંબંધોનો સ્વીકાર કરવાની પોતાને ફરજ પડતી હોય, અથવા તો, સર્વ વસ્તુઓનો જેમાં અભાવ છે એવા કેવલથી જે વસ્તુ જરા પણ ઓછી હોય તો એવી વૃત્તિઓનો તે ઉચ્છેદ કરી નાખે છે. એનાથી સામી બાજુએ ગીતાનો જીવંત માર્ગ આપણી અંદર જે સૌથી વધારે સમર્થ એવી ઊર્ધ્વગામી વૃત્તિ હોય છે તેને શોધી કાઢીને તેને ઈશ્વરાભિમુખ કરે છે. અને જ્ઞાન, સંકલ્પ, ભાવ તથા પૂર્ણતા પ્રાપ્ત કરવાની ધગશ વગેરે વસ્તુઓનો ઊર્ધ્વગામી મુક્તિ પ્રાપ્ત કરવા માટેની સમર્થ પાંખો તરીકે ઉપયોગ કરે છે. દેહધારી માનવ અવ્યક્ત બ્રહ્મની અનિર્દેશ્ય એકતાને પહોંચી તો શકે છે, પરંતુ એ માટે તેને સતત દમનનો આશ્રય લેવો પડે છે, પોતાની પ્રકૃતિનાં કરણોનો વિરોધ કરવો પડતો હોવાથી એ કરણો ક્લેશ પામતાં હોય છે, તથા સમગ્ર પ્રકૃતિને કઠણ મુશ્કેલીઓ અને દુઃખ વેઠવું પડે છે — दुःखं अवाप्यते, — क्लेशोऽधिकतरस्तेषाम्. (૧૨.૫) અવ્યક્ત બ્રહ્મની અનિર્દેશ્ય એકતા જે લોકો એના પ્રત્યે આરોહણ કરતા હોય છે તે સઘળાનો સ્વીકાર કરે છે, પરંતુ કોઈ પણ પ્રકારના સંબંધનો સ્વીકાર કરીને આરોહણ કરનાર વ્યક્તિને કશી મદદ તે કરતી નથી તથા પોતાના ચઢાવ ઉપર પગ ટેકવવા માટે પગથી તે આપતી નથી. આરોહણનું સઘળું કાર્ય ઉગ્ર તપસ્યા વડે તથા કઠણ અને એકલ એવા વ્યક્તિગત પ્રયત્ન વડે સાધવું પડે છે. ગીતાનો માર્ગ સ્વીકારીને જે લોકો પુરુષોત્તમની ઉપાસના કરતા હોય છે તેમનું કાર્ય કેટલું બધું જુદું હોય છે! જ્યારે તેઓ અન્યગામી

ન થાય એવા અનન્ય મન વડે યોગ કરી પુરુષોત્તમનું ધ્યાન કરે છે, ત્યારે તેમને પ્રત્યેક બિંદુએ, પ્રત્યેક ક્ષણે, સર્વ સમયે, અસંખ્ય રૂપો અને વદનો ધારણ કરીને એ પુરુષોત્તમ મળે છે, કારણ કે એની દૃષ્ટિએ સઘળું વાસુદેવ-સ્વરૂપ હોય છે. એ પુરુષોત્તમ આપણા અંતરમાં જ્ઞાનનો દીપક પ્રગટાવે છે અને એનો દિવ્ય અને સુખદ પ્રકાશ આપણા સમગ્ર જીવનમાં રેલાવે છે. એના જ્ઞાનદીપથી પ્રકાશિત થઈને એ યોગીઓ પ્રત્યેક રૂપ અને પ્રત્યેક મુખમાં પરમાત્માને જુએ છે તથા સાથેસાથે સર્વ પ્રકારની પ્રકૃતિ દ્વારા પ્રકૃતિના નાથને પ્રાપ્ત કરે છે. વળી, સર્વ પ્રકારનાં સત્ દ્વારા સર્વ સત્-ના અંતરાત્માને પહોંચે છે, તથા પોતાના દ્વારા પણ પોતાના સમગ્ર સ્વરૂપની પાછળ જે જીવાત્મા છે તેને પ્રાપ્ત કરે છે. જેમાં સઘળી વસ્તુઓનું મૂળ રહેલું છે એવી દિવ્ય વાસ્તવિકતામાં એ યોગીઓ સેંકડો ખુલ્લાં થતાં દ્વારો વડે નિર્મુક્ત-પણે પહોંચે છે. બીજો મુશ્કેલીઓ ભરેલો માર્ગ સર્વ સંબંધોનો જેમાં અસ્વીકાર હોય છે એવી નીરવતા પ્રાપ્ત કરવા માટે સર્વ કર્મોથી દૂર જવાનો પ્રયત્ન કરે છે, જોકે દેહધારી માનવપ્રાણીને માટે એવો કર્મનો સર્વતર ત્યાગ અશક્ય છે. ગીતાના માર્ગમાં સર્વ કર્મોના સ્વામી પ્રભુને યોગી પોતાનાં સર્વે કર્મો સમર્પણ કરે છે અને પુરુષોત્તમ પણ યોગીમાં યજ્ઞરૂપે કર્મ કરવાનો જે સંકલ્પ હોય છે તેને પોતે દિવ્ય સંકલ્પ તરીકે આવીને મળે છે, વ્યક્તિના સંકલ્પનો સઘળો ભાર પોતે લઈ લે છે તથા તેની અંદર દિવ્ય પ્રકૃતિનાં કાર્યોની જવાબદારી સંભાળી લે છે. એથી પણ વધારે એ છે કે જ્યારે પ્રેમ અને ભક્તિના ઉચ્ચ ભાવાવેશમાં માનવના તથા સર્વ પ્રાણીઓના ઈષ્ટ અને મિત્ર રૂપ પરમાત્માને ભક્ત પોતાની ચેતનાની આરજૂ અને આનંદની ઝંખનાસહિત સમર્પણ કરે છે ત્યારે એ પરમ શાશ્વત એકદમ એની સમીપ એના રક્ષક અને ઉદ્ધારક તરીકે આવે છે અને પોતાના સુખદ આશ્લેષ વડે એનાં મન અને હૃદયને અને દેહને આ મર્ત્ય પ્રકૃતિના બનેલા સંસારરૂપી મૃત્યુસાગર-માંથી તારે છે અને શાશ્વતના અંતરમાં એને સલામત સ્થાપે છે.

આમ ગીતાનો માર્ગ સૌથી વધારે ઝડપી, સૌથી વિશાળ, સૌથી મહાન છે. અહીં માનવના આત્માને પરમાત્મા કહે છે : "તારું મન મારા ઉપર એકાગ્ર કર, તારી બુદ્ધિ મારા ઉપર પ્રતિષ્ઠિત કર : દિવ્ય પ્રેમ, સંકલ્પ અને જ્ઞાનની કોઈ પરમ જ્યોતિ એમના પર પ્રસારીને જે અસલ મૂળમાંથી એ વસ્તુઓ ઉદ્ભવેલી છે તેમાં હું એમને ઊંચકીને મૂકી આપીશ. આ મર્ત્ય જીવનથી પર થઈને તું મારામાં નિવાસ કરશે એ વિષે સંશય કરીશ નહીં. શાશ્વત પ્રેમ, શાશ્વત સંકલ્પ અને જ્ઞાનની જ્યોતિ અને શક્તિ તથા એના તીવ્ર, સઘન આવેશને પરિણામે માનવમાં રહેલો અમર આત્મા ઊર્ધ્વમાં ગતિ કરે છે તેને

પાર્થિવ પ્રકૃતિની મર્યાદાઓમાં જકડી રાખનારી સાંકળ બંધનમાં રાખી શકતી નથી. આ માર્ગે પણ મુશ્કેલીઓ રહેલી છે એમાં શંકા નથી; કારણ કે ઉગ્ર રજોગુણી, અથવા તો, તમોગુણી ગુરુત્વાકર્ષણવાળી અધોગામી પ્રકૃતિ સર્વમાં રહેલી છે તે ઊર્ધ્વ ગતિનો વિરોધ કરે છે અને તેની સામે ઝઘડે છે તથા ઊર્ધ્વ ગતિ અને દિવ્ય આનંદની પ્રાપ્તિ કરાવનારી પાંખોને ઊઘડતી અટકાવે છે. પ્રભુની દિવ્ય ચેતના કોઈ મહાન દિવ્ય ક્ષણે, અથવા તો, પ્રશાંત અને ભવ્ય કાલના અંતરાલમાં એક આશ્ચર્ય પેઠે પ્રાપ્ત થઈ જાય તોપણ એકદમ કે સંપૂર્ણપણે, તેને ધારણ કરી શકાતી નથી, અથવા તો, ઇચ્છા પ્રમાણે તેને પાછી જાગૃત કરી શકાતી નથી. વળી પ્રભુના ઉપર ઘણી વાર સ્થિરતાપૂર્વક પોતાની ચેતનાને વ્યક્તિ એકાગ્ર પણ કરી શકતી નથી, એકાગ્ર કરીને સ્થિર રાખી શકતી નથી. પ્રભુની દિવ્ય જ્યોતિમાંથી દેશવટો ભોગવવાની લાંબી રાત્રિઓ હોય છે; કોઈ સમય, અથવા તો, કોઈ ક્ષણો એવી આવે છે જ્યારે વિદ્રોહ, શંકા અથવા તો નિષ્ફળતા સાધકની પ્રકૃતિમાંથી જાગે છે. પરંતુ તે છતાં, પ્રભુ સાથે યોગ કરવાના અભ્યાસ વડે અને અનુભૂતિને ફરીફરીને જાગ્રત કરવાથી સૌથી ઉચ્ચ સ્થિતિ,—બ્રહ્મની પરાત્પર સ્થિતિ,—સાધકમાં ધીમેધીમે વિકાસ પામે છે અને એની પ્રકૃતિને સ્થાયી ભાવે આવિષ્ટ કરે છે. પરંતુ મનની બહિર્મુખ ગતિમાં અતિ આગ્રહ અને સામર્થ્ય હોવાથી એ પ્રકારનો અભ્યાસ અતિશય મુશ્કેલી ભરેલું કાર્ય લાગે નહિ શું ? તો એ સિવાય પણ સાદો માર્ગ રહેલો છે : બધાં જ કર્મો કર્મના સાચા સ્વામી પ્રભુને ખાતર કરવાનો અભ્યાસ પાડવો. આથી કરીને બહાર જતી મનની પ્રત્યેક વૃત્તિ સાધકના અંતરમાં આધ્યાત્મિક સત્ય જોડે સંકળાશે અને ગતિની છેક વચ્ચોવચ પણ તેને શાશ્વત વાસ્તવિકતાનું સ્મરણ રહેશે અને પોતાના આધ્યાત્મિક મૂળ સાથે તેનો સંબંધ સ્થાપન થશે. ત્યાર પછી પ્રકૃતિને વશ માનવના અંતરમાં પુરુષોત્તમની સન્નિધિ ધીમેધીમે વધશે અને આખરે માનવની ચેતના તેની સન્નિધિથી પરિપૂર્ણ બનશે અને તે પોતે એક દેવતા તથા બ્રહ્મસ્વરૂપ થશે. સમગ્ર જીવન પ્રભુના સતત સ્મરણ રૂપ બની રહેશે તથા પૂર્ણતા પણ ધીમેધીમે વધશે તથા માનવ-આત્માના સમગ્ર પાર્થિવ અસ્તિત્વની પરમ શાશ્વત સાથે એકતા પણ સ્થાપન થશે.

પરંતુ એમ પણ બને કે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રભુનું સતત સ્મરણ કરવાનું તથા સર્વે કર્મોને તેના પ્રત્યે યજ્ઞરૂપે અર્પણ કરવાનું કાર્ય મર્યાદિત માનવ-મનની શક્તિને માટે અતિશય મુશ્કેલ નીવડે. કારણ કે વિસ્મરણ થતાં તે કેવળ કર્મ અને તેના બાહ્ય ઉદ્દેશ પ્રત્યે જ જુએ છે અને અંતરમાં જોવાનું તથા આપણી પ્રત્યેક ક્રિયાને આત્માની દિવ્ય વેદીના ઉપર અર્પણ કરવાનું ભૂલી જ જાય છે. એવી સ્થિતિ હોય તો એનો ઉપાય એ છે કે કર્મ કરતાં કરતાં

પોતાના નિમ્ન પ્રાકૃતિક સ્વરૂપના ઉપર સંયમ રાખીને ફલની આશા વિના કર્મો કરવાં; એટલે કે સર્વ પ્રકારનાં ફળોનો અંતરથી ત્યાગ કરવો, તથા જે દિવ્ય શક્તિ કર્મનું સંચાલન ખરેખર કરતી હોય છે તેને કર્મનું ફળ અર્પણ કરી દેવું. અને છતાં એ શક્તિએ સાધકની પ્રકૃતિના ઉપર જે કર્મ કરવાની ફરજ મૂકી હોય છે તે તો કરવાનું હોય છે. કારણ કે એ ઉપાય વડે પ્રકૃતિમાં રહેલી બાધા મક્કમતાપૂર્વક ઓછી થતી જાય છે અને સહેલાઈથી દૂર પણ થઈ જાય છે. ત્યાર પછી પરમાત્માનું સ્મરણ કરવા માટે મન મુક્ત બને છે, અને પ્રભુની દિવ્ય ચેતનાની મુક્તિમાં તે સ્થાપિત થઈ શકે છે. આ અધ્યાયમાં ગીતા ક્રમેક્રમે ચડતા સામર્થ્યવાળી સાધનાની શ્રેણી આપે છે અને તેમાં એ નિષ્કામ કર્મયોગને સૌથી ઉચ્ચ સ્થાને મૂકે છે. યોગનો અભ્યાસ, એટલે સાધનાની અમુક પદ્ધતિને અમલમાં મૂકવી, અમુક પ્રયત્ન અને અનુભૂતિનું પુનરાવર્તન કરવું, એ એક મહાન અને સમર્થ વસ્તુ છે. પરંતુ અભ્યાસ કરતાં જ્ઞાન ચડિયાતું છે. એ જ્ઞાન એટલે જગતના દૃશ્ય સ્વરૂપની પાછળ જે સત્ય આવી રહેલું છે તેના પ્રત્યે ચિતનશક્તિની સફળ અને જ્યોતિર્મય અભિમુખતા. એ ચિતનાત્મક જ્ઞાનના કરતાં સત્યના ઉપર નીરવ અને સંપૂર્ણ એકાગ્રતા, એટલે કે ધ્યાન, ચડે છે. એને પરિણામે સાધક આખરે એ સત્યમાં પોતાનું જીવન ધારણ કરે છે તથા પોતે સદા તેની સાથે એક થઈને રહે છે. કર્મનાં ફલનો ત્યાગ કરવો એ ધ્યાન કરવા કરતાં પણ વધારે સમર્થ સાધના છે, કારણ કે પ્રકૃતિમાં જે અશાંતિ અને ખળભળાટ થતો હોય છે તેનાં સર્વે કારણો એ અભ્યાસ દૂર કરી નાખે છે તથા આપોઆપ એક પ્રકારની અંતરની સ્થિરતા અને શાંતિ તે લઈ આવે છે અને સ્થાપન કરે છે. એ સ્થિરતા અને શાંતિ આધ્યાત્મિક જીવનના પાયા રૂપ છે જેના ઉપર પ્રતિષ્ઠિત થઈને પ્રશાંત આત્મા પોતાની આધ્યાત્મિક સંપત્તિમાં સંપૂર્ણ અને સલામત બને છે. ત્યાર પછી સાધકની ચેતના આરામ અનુભવે છે, સુખપૂર્વક પ્રભુમાં પોતાની એકાગ્રતા કરી શકે છે તથા કશી પણ અશાંતિ અનુભવ્યા વિના પૂર્ણતાની સીડી પર આરોહણ કરી શકે છે. એમ થાય ત્યારે જ જ્ઞાન, સંકલ્પ અને ભક્તિ એ ત્રણે ચેતનાની નક્કર સ્થિરતાની ભૂમિ ઉપર શાશ્વતીના આકાશમાં પોતાનાં શિખરોને ઊર્ધ્વમાં લઈ જઈ શકે છે.

તો પછી, દિવ્ય પ્રકૃતિનું સ્વરૂપ શું છે ? આ માર્ગ જે ભક્ત ગ્રહણ કરે તથા શાશ્વત પરમની ભક્તિ કરતો હોય તેની ચેતનાની અને સત્-ની વધારે ઉચ્ચ સ્થિતિ કેવી હશે ? આ પ્રશ્નનો ઉત્તર થોડા શ્લોકોમાં ગીતા આપે છે, તેમાં આરંભમાં જે આગ્રહી માગણી કરી હતી તેનું પુનરુચ્ચારણ કરે છે : સમતા, નિષ્કામતા અને આત્માની મુક્તિના ઉપર તે ભાર દે છે. આ ત્રણ યોગસાધનાના પાયા તરીકે હમેશાં આવશ્યક છે, એટલા માટે જ આરંભમાં

એ વસ્તુઓના ઉપર એટલો બધો ભાર દેવામાં આવ્યો હતો. એ સમતાની સ્થિતિમાં પુરુષોત્તમ સ્વરૂપ પરમાત્મા માટે પ્રેમ અને ભક્તિ જાગ્રત થતાં સાધકનો આત્મા કોઈ ઊંચામાં ઊંચી અને મહાનમાં મહાન એવી પૂર્ણતાની કોટિએ પહોંચે છે જેનો વિશાળ પાયો એ સ્થિર સમતા બની રહે છે. એ સમતાવાળી મૂળની ચેતનાનાં અહીં જુદાં જુદાં સ્વરૂપો, જુદાં જુદાં સમીકરણો ગીતા આપે છે. પહેલું તો એ છે કે એવી સમતામાં અહંતાનો, હું-પણાનો અને "મમ"ત્વનો અભાવ હોય છે,— निर्ममो निरहंकारः । (૨.૭૧) પુરુષોત્તમનો સાચો ભક્ત તે છે જેનું હૃદય વિશ્વ-વિશાળ હોય તથા જેણે પોતાના મનના અહંકારની સાંકડી ભીંતોને તોડીને જમીનદોસ્ત કરેલી હોય. એના હૃદયમાં વિશ્વ પ્રત્યેનો પ્રેમ નિવાસ કરે છે, એના હૃદયમાંથી વિશ્વ પ્રત્યે કરુણાનો પ્રવાહ સમુદ્ર પેઠે ચારે તરફ ફરી વળતો વહેતો હોય છે. એનામાં સર્વ પ્રાણીઓ માટે મૈત્રી અને દયા હોય છે, તથા કોઈ પણ પ્રાણી માટે દ્વેષની લાગણી તેનામાં હોતી નથી; કારણ કે તે ધીર, સહનશીલ, ક્ષમાનો ઝરો હોય છે. એની ચેતના કામનારહિત થયેલી હોઈ સુખ અને દુઃખ, હર્ષ અને શોક બન્ને પ્રત્યે તેનામાં પ્રશાંત સમતા હોય છે, તે "સંયતાત્મા,"—પોતાના ઉપર સંયમવાળો હોય છે. એના સંકલ્પ અને નિશ્ચય દૃઢ હોય છે. એવો ભક્ત પોતાનું મન અને બુદ્ધિ પરમાત્માને અર્પણ કરી દે છે,— પરમાત્મા જ એની ચેતના અને જ્ઞાનનો માલિક હોય છે. અથવા તો, એ ભક્ત નિમ્ન પ્રકૃતિની અશાંત અને દુઃખિત સ્થિતિમાંથી, હર્ષ, શોક અને ભય તથા ચિંતા, ક્રોધ અને કામના વગેરેની વૃત્તિઓથી મુક્ત થયેલો હોઈ સ્થિર આત્માવાળો બનશે. એવો આત્મા આ લોકને કોઈ પ્રકારનો ઉદ્વેગ કરાવતો નથી તથા આ જગત તેને કશું દુઃખ આપી શકતું નથી. એટલે કે તેનો આત્મા શાંતિનો બનેલો હોઈ એની સાથે સઘળું જગત પણ શાંતિભર્યો સંબંધ અનુભવશે.

અથવા તો, એ ભક્ત પોતાના અંતરના સ્વામી પરમાત્માને પોતાની સર્વ કામનાઓ અને સર્વ કર્મો સમર્પણ કરી દેશે, પોતે શુદ્ધ, શાંત અને ઉદાસીન, કોઈ પણ ઘટના કે પરિણામથી દુઃખ ન પામનારો એવો હશે. એવો ભક્ત "सर्वारंभपरित्यागी" હોય છે,— એટલે કે પોતાના અંતરમાંથી અહંપ્રધાન, અંગત અને માનસિક આરંભને તે દૂર કરી દેશે તથા પોતાના સંકલ્પો, પૂર્વગ્રહો અને કામનાઓથી જરા પણ ચલિત થયા વિના તે પોતાની અંદર પરમાત્માની દિવ્ય શક્તિને અને તેના દિવ્ય જ્ઞાનને પ્રગટ થવાનો માર્ગ કરી આપશે. પરંતુ એ પ્રમાણે કરતો હોવાથી જ પોતાની પ્રકૃતિનાં સર્વ કર્મોમાં તે ત્વરાવાળો અને કુશળ હોય છે. કારણ કે પરમ શાશ્વતના સંકલ્પ સાથે અસ્ખલિત એકતા સ્થાપન થવા દેવી, અને એ પ્રમાણે પોતે વિશુદ્ધ કરણભાવ પ્રાપ્ત કરવો એ

કર્મ કરવામાં મોટામાં મોટી કુશળતા છે. વળી, એવો ભક્ત પ્રિય વસ્તુઓને માટે કામના કરતો નથી, તથા એમનો સ્પર્શ થતાં હર્ષ પામતો નથી. અથવા, અપ્રિયની પ્રાપ્તિ થતાં તેમનો દ્વેષ કરતો નથી તથા તેને માટે શોક કરતો નથી. શુભ અને અશુભ ઘટનાઓ વચ્ચેનો ભેદ તેણે દૂર કરી દીધેલો હોય છે, કારણ કે સર્વ વસ્તુઓ શાશ્વત પ્રભુથી અને પ્રભુ પ્રત્યેથી આવે છે એમ જાણતો હોવાથી એની ભક્તિ સમતાપૂર્વક એ સૌનો સ્વીકાર કરે છે. પ્રભુને પ્રિય એવો ભક્ત વિશાળ સમતાવાળો હોઈ શત્રુ તથા મિત્ર પ્રત્યે, માન તથા અપમાન પ્રત્યે, સુખ અને દુઃખ પ્રત્યે, નિંદા અને સ્તુતિ પ્રત્યે, હર્ષ અને શોક પ્રત્યે, શીત અને ઉષ્ણ પ્રત્યે — એટલે કે સામાન્ય પ્રકૃતિને જે વસ્તુઓ પોતાના વિરોધી ભાવથી અશાંત કરી મૂકે છે તે સર્વ પ્રત્યે તે સમભાવવાળો હોય છે. એનામાં કોઈ વ્યક્તિને માટે, વસ્તુને માટે, સ્થાન કે નિવાસ માટે આસક્તિ હોતી નથી. ગમે તે પ્રકારની પરિસ્થિતિમાં, માનવની ગમે તેવી વૃત્તિ એના પ્રત્યે હોય તેમાં પણ,— એની સાથે ગમે તે પ્રકારનો સંબંધ આજુબાજુનાં માણસો ધારણ કરે, જીવનમાં પોતાને ગમે તે સ્થાન કે ગમે તેવું પ્રારબ્ધ મળે, તોપણ એ તો હમેશાં સંતુષ્ટ અને સુખી રહે છે. એવો ભક્ત પોતાના મનને સ્થિર અને દૃઢ રાખી શકે છે, કારણ કે એનું મન સતત પોતાના આત્માના ઊંચામાં ઊંચા સ્વરૂપમાં સ્થાપન થયેલું હોય છે; તથા પોતાનાં પ્રેમ અને ભક્તિના એકમાત્ર વિષયના ઉપર, — એટલે કે પ્રભુના ઉપર, — તેનું મન સદા સ્થિર થયેલું હોય છે. આ મહાન પ્રકારની મુક્તિ પ્રાપ્ત કરવા માટે તેના સંપૂર્ણ પાઠ તરીકે ગીતા હમેશાં સમતા, નિષ્કામતા તથા નિમ્ન પ્રકૃતિને વશ એવી અહંપ્રધાન પ્રકૃતિ અને તેની આગ્રહી માગણીઓમાંથી મુક્તિ, એ ત્રણ વસ્તુઓની માગણી કરે છે. ગીતાના છેવટના અધ્યાયોમાં એણે શરૂઆતમાં જે મૌલિક ઉપદેશ આપ્યો હતો તેનું તથા મૂળ ઈષ્ટ વસ્તુનું તે પુનરાવર્તન કરે છે. એટલે કે સઘળી વસ્તુઓમાં એક જ આત્માને જુએ એવી સ્થિર જ્ઞાનીની અવસ્થા, તથા એ આત્મજ્ઞાનમાંથી આપોઆપ ફલિત થતી પ્રશાંત, અહં વિનાની સમતા, એ સમતામાં સ્થિર થઈને સર્વ કર્મોના સ્વામી પ્રભુને પોતાનાં નિષ્કામ ભાવે કરેલાં કર્મો આહુતિ રૂપે અર્પણ કરવાનો અભ્યાસ, તથા પોતાના અંતરમાં નિવાસ કરી રહેલ સમર્થ દિવ્ય પરમાત્માને પોતાની સમગ્ર માનસિક પ્રકૃતિનું સંપૂર્ણ સમર્પણ — એ આધ્યાત્મિક અનુભૂતિઓ પર જ ગીતા ફરીફરીને ભાર દે છે. આ સમતાનું સૌથી ઉન્નત શિખર જ્ઞાનના ઉપર પ્રતિષ્ઠિત ભક્તિ છે અને કરુણભાવને ધારણ કરીને કરેલાં કર્મોમાં એ ભક્તિ પોતાની સાર્થકતાને પ્રાપ્ત કરે છે. વળી એ ભક્તિ સર્વ પ્રાણીઓ તથા સઘળા પદાર્થો પ્રત્યે વિસ્તાર પામે છે, આખા વિશ્વનો જે મહેશ્વર છે, સર્જક છે, તે દિવ્ય

પરમાત્મા પ્રત્યે એક વિશાળ, સર્વગ્રાહી, સર્વને પોતાનામાં સમાવે એવા પ્રેમનું સ્વરૂપ તે ધારણ કરે છે — सुहृदं सर्वभूतानाम् सर्वलोकमहेश्वरम्. (૫.૨૯)

સૌથી ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક પૂર્ણતા યાને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ઉપર જણાવી તે સ્થિતિ મૂળનો પાયો છે, તેને પ્રાપ્ત કરવાની શરત છે, ઉપાય છે. અને શ્રીકૃષ્ણ કહે છે કે કોઈ પણ પ્રકારે જેમનામાં એ પાયો સ્થાપન થયેલો છે તે બધા મને પ્રિય છે : भक्तिमान् मे प्रियः । (૧૨.૧૯) પરંતુ એનાથી પણ વધારે જેમના આત્મા ભગવાનની અત્યંત નિકટ હોય છે તથા શ્રીકૃષ્ણે સૌથી મહાન અને વધારે વિશાળ એવી સિદ્ધિનો જે માર્ગ અને પદ્ધતિ ઉપર બતાવ્યાં છે તેની પ્રાપ્તિને લઈને જેમની ભક્તિ સંપૂર્ણતાને પ્રાપ્ત થયેલી છે, એવા ભક્તો શ્રીકૃષ્ણને અતીવ પ્રિય (૧૨.૨૦) છે. એ ભક્તો પરમાત્માના પુરુષોત્તમ સ્વરૂપને પોતાના પરમ ધ્યેય તરીકે ગણે છે, અને ગીતાના ઉપદેશમાં જે ધર્મામૃત આપ્યું છે તેની સંપૂર્ણ શ્રદ્ધા અને ચોકસાઈ-પૂર્વક ઉપાસના કરે છે. ગીતાની ભાષામાં "ધર્મ" એટલે સદ્ વસ્તુમાં રહેલો સાહજિક અંતર્હિત નિયમ, અને તેનાં કર્મો, તથા અંતરના સ્વભાવમાંથી ઉદ્ભવતું અને સ્વભાવ વડે નિયત થતું કર્મ — स्वभावनियतं कर्म. (૧૮.૪૭) મન, પ્રાણ અને દેહની બનેલી નિમ્ન પ્રકૃતિમાં ઘણા ધર્મો, ઘણા નિયમો, ઘણાં ધોરણો હોય છે, કારણ કે એમાં માનસિક, પ્રાણમય અને શારીરિક પ્રકૃતિના પ્રકારો અને બંધારણો અનેક જાતનાં હોય છે. પરંતુ અમર એવો શાશ્વત ધર્મ એક જ છે : એ ધર્મ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક દિવ્ય ચેતનાનો અને તેની શક્તિઓનો — પરા પ્રકૃતિનો ધર્મ છે. એ ધર્મ ત્રિગુણાતીત છે. એ પરા પ્રકૃતિને પહોંચવા માટે આ બધા નિમ્ન પ્રકૃતિના ધર્મોને વટાવી જવાના છે. — सर्वधर्मान् परित्यज्य. (૧૮.૬૬) એ બધા ધર્મોને ઠેકાણે શાશ્વત પરમની પોતાના મુક્તિદાયી અદ્વૈતમાં સૌને એકરસ કરનારી એવી ચેતનાને અને શક્તિને એકલીને આપણાં સર્વ કર્મોના આદિ મૂળ તરીકે, એના ઢાળ તરીકે, એના નિર્માતા અને નમૂના તરીકે સ્થાપન કરવાની છે. આ યોગની પહેલી આવશ્યકતા એ છે કે સાધકે પોતાના અધોગામી, અંગત અહંકારની વૃત્તિમાંથી ઊર્ધ્વમાં આરોહણ કરવું જોઈએ. ત્યાર પછી અવ્યય, સનાતન અને સર્વવ્યાપી એવા અક્ષર પુરુષની વ્યક્તિત્વથી પર અને સંપૂર્ણ સમતાવાળી સ્થિતિમાં તેણે પ્રવેશ કરવો જોઈએ. અને એ સ્થિતિમાં પ્રતિષ્ઠિત થઈને પોતાની પ્રકૃતિનું અને જીવન-સર્વસ્વનું સંપૂર્ણ આત્મ-સમર્પણ કરી દઈને અક્ષરથી પણ પર જે પુરુષોત્તમ છે તેની પ્રાપ્તિ માટે તેણે ઝંખના કરવી જોઈએ: એ અભીપ્સાના બળ વડે સાધક શાશ્વત ધર્મ પ્રત્યે આરોહણ કરી શકે છે. ત્યાં, પોતાની સત્-તા, ચેતના અને

દિવ્ય આનંદમાં તે ઉત્તમ પુરુષ જોડે એક થઈ રહે છે તથા પુરુષોત્તમની પોતાની પ્રકૃતિ સાથે પણ તે એકતાને પામે છે. એ પ્રમાણેની મહાન મુક્તિને પામનાર આત્મા અનંત પ્રકારે જ્ઞાન પ્રાપ્ત કરે છે, અસીમ ભાવે ભક્તિ કરે છે તથા અક્ષોભપણે કર્મ કરી શકે છે. કારણ કે ઊંચામાં ઊંચી અમરતા અને સંપૂર્ણ મુક્તિની મુદ્રાવાળી શક્તિમાંથી તે જીવન ગાળતો હોય છે. ગીતાના બાકીના અધ્યાયો આ શાશ્વત ધર્મના ઉપર વધારે પ્રકાશ નાખવા માટે રચાયેલા છે.